ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૧૯

બુધવાર, તા. ૮મી માર્ચ, ૨૦૦૬
ફાલ્ગુન ૧૭, ૧૯૨૭ શાકે

થી

ગુરૂવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૦૬
ફાલ્ગુન ૨૫, ૧૯૨૭ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**અગિયારમી ગુજરાત વિધાનસભા**

**નવમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

પુસ્તક: ૧૧૯ ત્રીજી શ્રેણી

# અ નુ ક્ર મ ણિ કા

**વિષય** **પાના નંબર**


**બુધવાર, તા. ૮ મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૧૭, ૧૯૨૭ શાકે**

તારાંકિત પ્રશ્નો ૧ - ૧૩

અતારાંકિત પ્રશ્નો ૧૪ - ૫૬

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) ૫૭ - ૮૭

**ગુરૂવાર, તા. ૯ મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૧૮, ૧૯૨૭ શાકે**

તારાંકિત પ્રશ્નો ૮૮ - ૯૩

અતારાંકિત પ્રશ્નો ૯૪ - ૧૩૯

પોઈન્ટ ઓફ ઓર્ડર ૧૪૦ - ૧૪૧

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (નિયમ-૫૨) ૧૪૨ - ૧૪૩

પૉઈન્ટ ઑફ ઑર્ડર ૧૪૪ - ૧૪૪

મુખ્યમંત્રીશ્રીનું નિવેદન ૧૪૫ - ૧૪૫

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો ૧૪૬ - ૧૪૬

અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) ૧૪૭ - ૧૬૫

બિન સરકારી સંકલ્પો ૧૬૬ - ૧૭૩

**શુક્રવાર, તા. ૧૦ મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૧૯, ૧૯૨૭ શાકે**

ટૂંકી મુદતનો પ્રશ્ન ૧૭૪ - ૧૭૫

તારાંકિત પ્રશ્નો ૧૭૬ - ૧૮૫

અતારાંકિત પ્રશ્નો ૧૮૬ - ૨૫૩

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો ૨૫૪ - ૨૫૪

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) ૨૫૫ - ૨૮૫

## અ નુ ક્ર મ ણિ કા


| **વિષય** | **પાના નંબર** |
| --- | --- |
| **ગુરૂવાર, તા. ૧૬ મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૨૫, ૧૯૨૭ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૮૬ - ૨૯૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૯ - ૩૩૯ |
| વિશેષાધિકાર ભંગનો મુદ્દો | ૩૪૦ - ૩૪૬ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૩૪૭ - ૩૪૯ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૩૫૦ - ૩૫૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૫૧ - ૩૭૫ |
| બિન સરકારી વિધેયકો | ૩૭૬ - ૩૮૨ |


***

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૮ મી માર્ચ, ૨૦૦૬.**
**ફાલ્ગુન ૧૭, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# અધ્યક્ષશ્રીની પ્રાર્થના

**અધ્યક્ષશ્રી** : હું સભાગૃહ વતી ઈશ્વરનું ૠણ સ્વીકારું છું. ગઈ કાલની ભૂકંપની ઘટનાથી ગુજરાતના કરોડો નાગરિકોના જીવ પડીકે બંધાયા હતા. ઈશ્વર કૃપાથી અને કરોડો ગુજરાતીઓની પુણ્યાઈથી ઘાત ગઈ. પ્રભુને પ્રાર્થના કરું છું.

# તારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પગાર કેન્દ્રોમાં કારકુનો અને પટાવાળાની ભરતી**

***૧૫૦૯૦ શ્રી અનિલકુમાર મો.પટેલ (બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓની કેન્દ્ર શાળા (પગાર કેન્દ્રો)માં સરકાર કલાર્ક અને પટાવાળાની ભરતી કરવા માગે છે કે કેમ, અને

(૨) આ ભરતી પ્રક્રિયા હાલ કયા તબકકે છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ના.જી. પગાર કેન્દ્ર સહિત અન્ય કોઈપણ શાળામાં બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક કરવાની સરકારની નીતિ અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે કેન્દ્રની કોઈપણ ચાલુ સહિત અન્ય કોઈપણ પ્રાથમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક કરવાની સરકારી નીતિ અમલમાં નથી. તો સરકારશ્રી પાસેથી પ્રાથમિક શાળામાં, કેન્દ્ર શાળામાં બિન શૈક્ષણિક કામ કોણ કરે છે, કયા સમય દરમિયાન કરે છે અને મુખ્ય શિક્ષક આ કામ કરતા હોય તો કામગીરી ઉપર અસર પડે છે. કેટલાક મુખ્ય શિક્ષકો શિક્ષણનું કામ કરતા નથી. અગાઉ પ્રાથમિક શાળામાં બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક કરવાની પ્રથા હતી કે કેમ?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પગાર કેન્દ્રની શાળા છે અને પ્રાથમિક શાળા છે એમાં શિક્ષકો, પટાવાળા અને કારકુનો કામગીરી કરતા હોય છે. આમ તો શિક્ષકોએ પગારપત્રક તૈયાર કરવાનું હોય છે. પગાર બીલ પણ બનાવવાનું હોય છે અને અન્ય વહીવટી કામગીરી કરવાની હોય છે એટલે શિક્ષકો દ્વારા જ આ કામગીરી કરવામાં આવે છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું જાણવા માગું છું કે દિનપ્રતિદિન પ્રાથમિક શાળાનું ભારણ વધી રહ્યું છે અને મુખ્ય શિક્ષક, પે સેન્ટરના મુખ્ય શિક્ષક સતત વહીવટી કામગીરી કરે છે. તાલુકા લેવલની મિટિંગમાં જવું, પત્ર વ્યવહાર ચલાવવવાનો, તાલુકા સાથે સંપર્ક રાખવાનો અને ટ્રેનિંગના આયોજનમાં રસ લઈને કામ કરવાનું એટલે હું પૂછવા માગું છું કે આવા સાત ધોરણની જે શાળા હોય એમાં એક વધારાનો શિક્ષક મૂકવાની કામગીરી હાથ પર લેવા માગો છો કે કેમ?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો ૨૦૦ થી ૫૦૦ વિદ્યાર્થીઓ હોય તો એક શિક્ષક વધારાનો મૂકવામાં આવે છે. ૫૦૦ થી ૧૦૦૦ વિદ્યાર્થીઓ હોય તો બે શિક્ષકો વધારાના મૂકવામાં આવે છે અને વધારાના શિક્ષકો દ્વારા આ કામગીરી થાય છે. એને કારણે મુખ્ય શિક્ષક છે એમના ઉપર કામનો બોજો ઓછો રહે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષકોને આ કામગીરી કરવાને લીધે શિક્ષકો બાળકોને ભણાવી શકતા નથી. ગામડાંમાં ખાસ કરીને ૧ થી ૩ ધોરણ કે ચોથા ધોરણના બાળકો એક જ વર્ગમાં ભણતા હોય છે. શિક્ષકોની અછત છે ત્યારે આ કામગીરીથી ખૂબ જ મુશ્કેલી પડે છે. પરિણામ ખરાબ આવતું જાય છે, મિટિંગો પણ બહુ થતી હોય છે ત્યારે જાણવા માગું છું કે આવું કામ કરવા માટે વિદ્યા સહાયક ભરવામાં આવે છે તેમ સહાયક કલાર્કની નિમણૂક કરવા માગો છો કે કેમ?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો રાજય સરકાર વિદ્યાર્થીઓની શિક્ષણની કવોલીટી માટે ખૂબ ચિંતિત છે અને વિદ્યા સહાયકોની અને અન્ય શિક્ષકોની ભરતીથી શિક્ષણની ગુણવત્તા સુધરે એ માટે સરકાર પ્રયત્ન કરી રહી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને પગાર કેન્દ્ર હોય છે, એના મારફત એક વખત પગાર પત્રક તૈયાર થયા પછી એના પેમેન્ટની જે પદ્ધતિ છે, એમાં તાલુકા કક્ષાએથી સીધો એના ખાતામાં પગાર જમા થાય એમ એકાઉન્ટ પે મારફત ચેક મારફત જમા થાય તેવી પદ્ધતિ રાજ્ય સરકાર દાખલ કરવા માગે છે કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : રાજ્યમાં મુખ્ય તાલુકા મથકોએ બૅન્કો છે, નેશનલાઈઝ બૅન્ક છે, એ બૅન્કમાં શિક્ષકોનો પગાર ડાયરેક્ટ જમા થતો હોય છે એ પ્રમાણેનું આયોજન સરકારે કર્યુ છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : સરકાર આ બાબતમાં ચિંતિત હોય તો ક્લાર્ક અને પટ્ટાવાળાની ભરતી કરવા માગે છે કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : રાજ્યમાં વર્ષોથી પટ્ટાવાળાની, કારકુનોની શરૂઆતથી જ ભરતી કરવામાં આવતી નથી.

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક પાસે જે કારકુનનું કામ લેવામાં આવે છે. માત્ર પગાર બિલ જ નહિ. મારા જિલ્લામાં તાજેતરમાં એક કિસ્સો ધ્યાન ઉપર આવ્યો એ લોકોને મધ્યાહન ભોજનની કામગીરી, મતદાર યાદીની કામગીરી આને કારણે મારા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાની કામગીરીમાં મોટા પ્રમાણમાં શિક્ષકોને નોટિસ આપવામાં આવે છે. નાની નાની બાબતોને કારણે સાહેબ આપ તો પ્રોફેસર છો અને જાણો છો કે શિક્ષકો પાસે એ રીતનું કામ લેવાનું ચાલે છે. ગયા અઠવાડિયે મારી પાસે પ્રતિનિધિ મંડળ આવ્યું. કલેક્ટર સાથે એ મુદ્દાનો બીજી રીતે સોલ કરવા પ્રયાસ કર્યો. આ રીતે પ્રાથમિક શિક્ષકોમાં કામનું ભારણ છે એ સંદર્ભમાં રાજ્ય સરકાર વહીવટી કોઈ પોસ્ટ ઊભી કરવા માગે છે કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : સૂચન છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે એક પ્રાથમિક શાળા હોય એમાં પગાર કેન્દ્રની શાળા છે, એની અંદર અને પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે શૈક્ષણિક એટલે પગાર બિલ એ સમજી શકાય, રૂટીન કામ છે, પણ એના સિવાયનાં બીજા કયા કયા વહીવટી કામો મહિને એક વાર કરવા પડતાં હોય, અથવા વર્ષમાં એક વાર એવાં કયા કયા જુદાં જુદાં વહીવટી કામો એ એમના માથેની જવાબદારી હોય છે, એ હોય તો મંત્રીશ્રી જણાવે? ન હોય તો ટેબલ ઉપર મૂકે વાંધો નથી.

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : આચાર્યની જે કામગીરી છે, એમાં ખાસ કરીને હાજરી પત્રકની સાથે શાળા અને મિલકતની સંભાળ, ઓરડાની સંભાળ, ચોગાનની સફાઈ, સેનિટેશનની જવાબદારી, વાલીઓ સાથેના સંપર્કની આ રીતે અનેક કામગીરી શાળાના આચાર્યની હોય છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : અત્યારે જે પગાર કરવાની પદ્ધતિ છે, એમાં જ્યારે બૅન્કમાં ચેક વટાવવા જાય છે, ત્યારે શિક્ષકોના પગારમાંથી મોટા ભાગની રાષ્ટ્રીયકૃત બૅન્ક હોવા છતા કમિશન લે છે, તો એ બંધ કરવા માગો છો કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : રાષ્ટ્રીયકૃત બૅન્ક કમિશન નથી લેતી.

## ગાંધીનગર જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બૉન્ડ યોજનાનો અમલ

***૧૫૮૩૬ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ગાંધીનગર જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૦૬ માં તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં " વિદ્યા-લક્ષ્મી" બૉન્ડ યોજના માટે કુલ કેટલી રકમની ફાળવણી કેટલી કન્યાઓ માટે કરવામાં આવી છે,

(૨) તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે અને

(૩) કુલ કેટલી કન્યાઓને લાભ આપવાનો બાકી છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) ૫૨૩ કન્યાઓ માટે રૂપિયા ૫,૨૩,૦૦૦ ની રકમ.

(૨)

| | |
|---|---|
| ગાંધીનગર | ૦૦ |
| દહેગામ | ૭૬ |
| માણસા | ૩૬ |
| કલોલ | ૧૨૦ |

(૨) હાલની સ્થિતિએ કોઈ કન્યાને લાભ આપવાનો બાકી નથી.

**શ્રી જગદીશ ઠાકોર** : આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે "વિદ્યા-લક્ષ્મી" બૉન્ડ લેવાપાત્ર ધોરણ ૫ અને ૬ માં કેટલી કન્યાઓ હતી અને આ વિદ્યા લક્ષ્મી બૉન્ડના ધારા ધોરણ શું છે?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : વિદ્યા-લક્ષ્મી બૉન્ડમાં ધારા ધોરણમાં આમ તો ગ્રામ્ય વિસ્તારમાં ૩૫ ટકા કરતાં સાક્ષરતા ઓછી હોય એ ગામડામાં કન્યાઓને બૉન્ડ આપવામાં આવે છે.

**શ્રી જગદીશ ઠાકોર** : મારો પ્રશ્ન છે કે આ ધારાધોરણમાં જે ૩૫ ટકા કરતાં ઓછી કન્યાઓને બૉન્ડ આપવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં ૨૦૦૫-૦૬ માં કેટલી આવી કન્યાઓને લાભ લેવાપાત્ર હતો તે માનનીય મંત્રીશ્રી કહે તો સારું.

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં કન્યાઓની સાક્ષરતામાં ગાંધીનગર તાલુકાની વાત કરું તો કન્યાઓની સાક્ષરતાનું પ્રમાણ ૩૫ ટકા કરતાં વધારે છે એટલે ત્યાં ૦૦ સંખ્યા છે. પણ દહેગામ, માણસા અને કલોલમાં જોઈએ તો દહેગામમાં ૭૬, માણસામાં ૩૬ અને કલોલમાં ૧૨૦ કન્યાઓને આ બોન્ડનો લાભ આપવામાં આવ્યો છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં ૫૨૩ કન્યાઓને બોન્ડ આપવાનો લક્ષ્યાંક હતો. તેમાંથી માત્ર ૨૩૨ કન્યાઓને લાભ આપવામાં આવ્યો છે તો આ મોજણી કેવી રીતે થઈ? અને આપવા પાત્ર હતી તેમાં કોઈ બાકી રહી ગઈ છે કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે કન્યા પ્રવેશોત્સવ નિમિત્તે સામાન્ય રીતે જુન મહિનામાં કન્યા પ્રવેશોત્સવનું કામ થતું હોય તે ટાઈમે નોંધણી થતી હોય છે. આ વર્ષે નોંધણી ઓગસ્ટ અને સપ્ટેમ્બર પછી થઈ છે એટલે જે કન્યાઓને બોન્ડ આપ્યા છે તે આફટર જાન્યુઆરી આપ્યા છે અને તેમાં ૨૩૨ કન્યાઓને બોન્ડની રકમ ચુકવી શકયા છીએ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વિદ્યાલક્ષ્મી બોન્ડની વાત કરી. તેમાં ૫૨૩ કન્યાઓ પાછળ ગાંધીનગરમાં ૫,૨૩,૦૦૦/- ની જોગવાઈ કરી છે અને તેમાં આપણે ૨૩૨ કન્યાઓને આપણે આ વિદ્યાલક્ષ્મી બોન્ડ આપી શકયા છીએ. આજે મહિલા દિન નિમિત્તે કેન્દ્ર સરકારે ત્રણ હજાર રૂપિયા આઠમા ધોરણમાં ભણતી તમામ કન્યાઓને આપવા માટેની જાહેરાત કરી છે. તો હું માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું કે આ ત્રણ હજાર રૂપિયા કેન્દ્ર સરકારે જે જાહેર કર્યા છે તેમાં વધારો કરી આજે મહિલા દિન નિમિત્તે મુખ્યમંત્રીશ્રી તેમાં વધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમ દ્વારા જાણવું છે કે સરકારે શહેરી વિસ્તારોમાં બીપીએલથી નીચેની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાનો નિર્ણય લીધો અને આ યોજનાનો લાભ લીધા પછી કેટલી કન્યાઓ શાળા છોડીને જતી રહી છે?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારમાં રાજય સરકારે આ વર્ષે બીપીએલ કાર્ડ ધરાવતી કન્યાઓને લાભ આપવાનું નકકી કર્યુ છે અને જેમને બોન્ડ આપવામાં આવ્યા છે તેમાંથી કોઈએ શાળા છોડી નથી.

## ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના મકાનની મરામત

***૧૩૯૮૧ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં ભરૂચ જિલ્લામાં

તાલુકાદીઠ પ્રાથમિક શાળાના મકાનોની મરામત માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) કેટલી પ્રાથમિક શાળાના મકાનોની મરામત કામગીરી પૂર્ણ થઈ, અને

(૩) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી શાળાના મકાનોની મરામત કામગીરી બાકી છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) રકમની ફાળવણીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૦૪-૦૫ | ૦૫-૦૬ |
|---|---|---|---|
| ૧ | આમોદ | ૬૭,૦૦૦ | ૨,૫૩,૨૭૫ |
| ૨ | અંક્લેશ્વર | ૨,૦૦,૦૦૦ | ૯,૨૨,૧૨૫ |
| ૩ | ભરૂચ | ૪૨,૦૦૦ | ૧૩,૯૫,૮૬૩ |
| ૪ | હાંસોટ | ૧,૫૪,૪૦૦ | ૪,૧૧,૮૨૫ |
| ૫ | જંબુસર | -- | ૩,૮૪,૩૭૫ |
| ૬ | વાગરા | ૩૩,૦૦૦ | ૯,૩૦,૬૭૫ |
| ૭ | વાલીયા | -- | ૧૩,૦૯,૦૫૦ |
| ૮ | ઝઘડીયા | ૧,૫૩,૬૦૦ | ૧૨,૬૫,૬૨૫ |
| | કુલ : | ૬,૫૦,૦૦૦ | ૬૮,૭૨,૮૧૩ |

(૨) ૧૨.

(૩) ૧૫૫

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભરૂચ જિલ્લાની આપેલી માહિતી મુજબ ૧૬૭ પ્રાથમિક શાળાઓના મકાનોની મરામતના કામો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા છે. બે વર્ષમાં સાહેબ ૧૨ કામ પૂર્ણ થયા છે એટલે આ પ્રગતિ ધીમી કહી શકાય. હું માનનીય

મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૫૫ શાળાઓના મકાનની મરામતની કામગીરી પૂર્ણ નહીં થવાના કયા કારણો છે? અને તે કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શાળાના મકાનોની મરામત માટેની આર્થિક જોગવાઈ પૂરતી કરેલી છે. ટૂંક સમયમાં મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે ઓરડાઓની મરામતના કામ ચાલુ છે તે કેટલી સાલ જૂના છે?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ ટેબલ ઉપર મૂકવાની રજા માગું છું.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં ૮૮૦ પ્રાથમિક શાળાઓમાં ૪૬૦૦ જેટલા શિક્ષકોની સંખ્યા છે. તો આના પ્રમાણમાં મરામતની ગ્રાન્ટની ઓછી ફાળવણી કરી છે તો નવા વર્ષમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, નવા વર્ષમાં પણ આપણે ૨૦૦૫-૦૬ માં જે આયોજન કર્યુ હતું તેટલી જ એક કરોડ જેટલી ફાળવણી નેકસ્ટ યર પણ કરવાના છીએ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા હું એ જાણવા માગું છું કે, જે ૧૫૫ શાળાના ઓરડાઓની મરામતની કામગીરી બાકી છે એ પૈકી ૨૦૦૪ના કેટલા બાકી છે અને ૨૨૦૫ના કેટલા બાકી છે અને ગ્રાન્ટ ફાળવવાના ધોરણો શું છે ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ ૧૫૫ ઓરડાની મરામત બાકી છે પણ બે વર્ષના ફીગર મારી પાસે નથી એ હું ટેબલ ઉપર મૂકીશ.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે શાળાના ઓરડાઓની મરામત કરવાના છીએ તે પ્રાથમિક શાળાના આચાર્ય મારફત થાય છે કે પંચાયત વિભાગ કે બાંધકામ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, મરામતની કામગીરી વી.સી.ડબલ્યુ.સી. સંસ્થા દ્વારા થાય છે અને સાથે ગ્રામ્ય બાંધકામ સમિતિ છે એના દ્વારા પણ મરામતની કામગીરી થાય છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાઓના ઓરડાઓના રીપૅરીંગની વાત છે એમાં એલ એન્ડ ટી ના ઓરડાઓ ઘણા મોટા પ્રમાણમાં દરેક જિલ્લામાં થયેલા છે અને છૂટા બ્લૉક ગોઠવીને એલ એન્ડ ટી ના ઓરડા બનાવવામાં આવે છે. એટલે ઘણી વખત એની અંદર ક્રેક થઈ જાય છે તો એને રીપૅરીંગ કરવાનું શકય બનતું નથી તો એવા એલ એન્ડ ટીના ઓરડાના રીપૅરીંગ માટે માનનીય મંત્રીશ્રી શું વિચારણા કરવા માગે છે ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો એલ એન્ડ ટીના ઓરડાની કામગીરી બિફોર ભૂકંપ કરવામાં આવી હતી અને એની પાસેથી જે કંઈ અમારી પાસે રિપોર્ટ આવે છે એ પ્રમાણે મરામતની કામગીરી અમે કરાવીએ છીએ.

## બાવળા ખાતે પોલીસ આવાસો

***૧૫૨૧૬ શ્રી કાંતિભાઈ રા. લકુમ (બાવળા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

(૧) બાવળા ખાતે પોલીસ આવાસો બનાવવા માટે જમીન ફાળવી આપેલ છે તે જમીનમાં કેટલા પોલીસ આવાસો બનાવવાની યોજના છે,

(૨) આ આવાસો પાછળ કેટલો ખર્ચ થનાર છે, અને

(૨) આ આવાસોની કામગીરી ક્યારે શરૂ થશે અને ક્યારે પૂરી થશે ?

**પોલીસ આવાસો મંત્રીશ્રી** ( રાજ્યકક્ષા) :

(૧) ૪૮

(૨) અંદાજિત રૂા. ૧૮૦ લાખ.

(૩) માર્ગ અને મકાન વિભાગની નિયમ અનુસાર મંજૂરી મળ્યેથી જેમ બને તેમ વેળાસર.

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, બાવળા તાલુકામાં ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ દરમિયાન કેટલી રકમના ખર્ચે પોલીસ આવાસો બનાવવાનું આયોજન છે, આ જમીન કઈ જગ્યાએ, કેટલી જમીન અને ક્યારે અને કોના દ્વારા ફાળવવામાં આવી છે, આ જમીનનો કબજો પોલીસ ખાતાએ સંભાળેલ છે કે કેમ? અમદાવાદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં અને ચાલુ નાણાકીય વર્ષમાં કયા કયા કામો હાથ ધરવામાં આવ્યા છે અને એ કેટલી કિંમતના છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદમાં નિભાવણી અને મરામત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષે બાવળા તાલુકામાં રૂપિયા ૧૮૦ લાખના ખર્ચે ૪૮ મકાનો હાથ ધરવામાં આવવાના છે અને બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ જે જમીન અંગેનો પૂછ્યો છે એમાં

બાવળા અને સાણંદ હાઈવે ઉપર આ જમીન ફાળવવામાં આવી છે, બાવળા અને સાણંદ હાઈવે ઉપર ૩૦૩૫ ચોરસ મીટર જમીન ફાળવી છે અને આ જમીન રહેણાંકના મકાનો બાંધવા આ જે ૪૮ મકાનો બાંધવાના છે એના હેતુ માટે જમીન ફાળવી છે અને જમીન કલેકટરશ્રી દ્વારા ફાળવી છે અને પોલીસ ખાતાએ એનો કબજો લઈ લીધો છે, અમદાવાદ જિલ્લામાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં (અંતરાય) અમદાવાદ જિલ્લામાં ટોટલ ૨૦૦૨-૨૦૦૩માં કણભામાં ૧૯ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે, માંડલમાં ૮૧ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૦૩-૨૦૦૪માં માંડલમાં સાડાચાર લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૦૪-૨૦૦૫માં કોઠમાં ૧૮ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ધોળકામાં ૫૭ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૦૫-૨૦૦૬માં રાણપુરમાં ૧૪ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને રાણપુરમાં જ બીજા ૯૩ લાખ રૂપિયાના ખર્ચે આવાસના કામો કરવામાં આવ્યા છે. જયાં સુધી અમદાવાદ જિલ્લામાં એમણે નિભાવણીની અને મરામતના ખર્ચની વાત કરી તો છેલ્લા ત્રણ વર્ષમાં લગભગ ૧ કરોડ રૂપિયાના નિભાવણી અને મરામત માટે ખર્ચ્યા છે અને ચાલુ નાણાકીય વર્ષમાં ૩૦ લાખ રૂપિયાનું આયોજન છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આપે જે જવાબ આપ્યો છે કે વાહન-વ્યવહાર વિભાગ દ્વારા સંમતિ મળ્યેથી આ મકાન બાંધવામાં આવશે. તો મારે એ જાણવું છે કે, વાહન-વ્યવહાર વિભાગ દ્વારા જમીન સંપાદન માટે કયારે માગણી કરવામાં આવી છે, અને વાહન-વ્યવહાર વિભાગ દ્વારા કયા સ્થળ માટે આવી અરજી કરીને માગણી કરવામાં આવી છે અને નહીં તો ગોધરા શહેરનું જૂનું બસ સ્ટેન્ડ અને વર્કશોપ બન્નેની જમીન પડતર છે એ જમીનમાં શું કરવા માગો છો?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઈ જગ્યાએ જવાબમાં એવું કહ્યું જ નથી કે વાહન-વ્યવહાર વિભાગ દ્વારા માગણી કરવામાં આવી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય હરેશભાઈ, આપ પ્રશ્ન અને એનો જવાબ સમજી અને પછી પ્રશ્ન પૂછો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાના મહેકમમાં આવાસોની સેટીસ્ફેકશનની ટકાવારી કેટલી છે અને એમાં દેશમાં ગુજરાત કયા ક્રમે છે?

**શ્રી અમિત અ. શાહ** : સમગ્ર રાજયમાં હાજર મહેકમની સામે પોલીસ આવાસોના સેટીસ્ફેકશનની ટકાવારી ૭૪ ટકા કરતાં વધારે છે અને ગુજરાત આખા દેશમાં પહેલા નંબરે છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નના પેટા પ્રશ્ન ત્રણના જવાબમાં આવાસોની કામગીરી કયારે શરૂ થઈ છે અને, કયારે પૂરી થશે? એના જવાબમાં માર્ગ-મકાન વિભાગની નિયમ અનુસાર મંજૂરી મળ્યેથી જેમ બને તેમ વેળાસર. એમ જણાવ્યું છે. ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ મારો ખ્યાલ છે ત્યાં સુધી આ કામગીરી કરી રહી છે તો માર્ગ અને મકાન વિભાગને આ કામગીરી સોંપવામાં આવી છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : એવું નથી. આ જમીન બાબતમાં, જે જમીન ફાળવવામાં આવી છે એ બાબતમાં માર્ગ અને મકાન વિભાગની મંજૂર મેળવવાની છે અને એ મંજૂરી ટૂંક સમયમાં મળી જવાની પ્રોસેસ ચાલુ છે.

## રાજયમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા

***૧૫૮૨૮ શ્રી અમિત અ. ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ગત ત્રણ વર્ષમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં કેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને કેટલા ઉત્તીર્ણ થયા,

(૨) વિજ્ઞાન પ્રવાહ પ્રત્યે બાળકોમાં ઘટતી રૂચિ બાબતે સરકાર સજાગ છે, અને

(૩) આ બાબતે શાં પગલાં લેવામાં આવ્યા છે?

શિક્ષણમંત્રીશ્રી

(૧) ધોરણ-૧૦

| વર્ષ | ઉપસ્થિતિ | ઉત્તીર્ણ |
|---|---|---|
| ૨૦૦૩ | ૪૯૧૯૫૧ | ૨૪૩૯૪૪ |
| ૨૦૦૪ | ૬૩૪૧૨૦ | ૩૩૪૦૯૯ |
| ૨૦૦૫ | ૫૧૩૮૧૨ | ૩૧૨૮૫૪ |

ધોરણ-૧૨

| વર્ષ | ઉપસ્થિતિ | ઉત્તીર્ણ |
|---|---|---|
| ૨૦૦૩ | ૭૨૮૭૫ | ૩૧૧૯૭ |

| | | |
|---|---|---|
| ૨૦૦૪ | ૭૦૦૩૬ | ૩૫૮૩૧ |
| ૨૦૦૫ | ૫૮૯૭૯ | ૩૨૪૧૭ |
| | | |

(૨) હા,

(૩) ૧, સંતુલીત પ્રશ્નપત્રનો અમલ,

૨. બોર્ડના પરિણામથી ઓછું પરિણામ મેળવેલ હોય તેવી બિનસરકારી અનુદાન સહાય લેતી શાળાઓને નિયમ અનુસાર ગ્રાન્ટ કાપ આપવામાં આવે છે.

૩. નબળા પરિણામ ધરાવતી શાળાઓની સમીક્ષા

૪. શાળા વિકાસ સંકુલ દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવાના કાર્યક્રમ

૫. સ્કુલ કાઉન્સલીંગ કાર્યક્રમ હેઠળ શિક્ષણની ગુણવત્તા સુધારવાના કાર્યક્રમ

૬ .પ્રશ્ન બેન્ક દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન

૭. કર્મયોગી યોજના અંતર્ગત શૈક્ષણિક કર્મચારીઓને સઘન તાલીમ,

૮. વિજ્ઞાન પ્રવાહમાં સંખ્યા વધારવા માટે શિક્ષણ વિભાગ દ્વારા ઝુંબેશ,

૯. છેલ્લાં ત્રણ વર્ષથી ધોરણ ૧૧માં બોર્ડ તરફથી પ્રશ્નપત્ર પુરા પાડવામાં આવે છે,

૧૦. નવા અભ્યાસક્રમ મુજબ નવા પરીરૂપો આપવામાં આવ્યા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળે તે હેતુથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ પ્રિલીમીનરી પરીક્ષાના પ્રશ્નપત્રો બોર્ડ દ્વારા પુરા પાડવામાં આવેલ છે.

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સાયન્સ પ્રવાહમાં ઘટતી વિદ્યાર્થીઓની સંખ્યા આ રાજય માટેનો ગંભીર પ્રશ્ન છે. જયારે રાજયમાં વિદ્યાર્થીઓ સાયન્સ પ્રવાહમાં જોડાતા અટકે ત્યારે રાજય કયારેય પ્રગતિ ન કરી શકે. અહીંયા આપેલ જવાબ છે એના ઉપરથી જોઈએ તો ધોરણ ૧૦માં ૨૦૦૪ કરતાં ૧,૨૦,૩૦૮ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે, ધોરણ ૧૨માં ૨૦૦૩ કરતાં ૨૦૦૪માં ૨૮૩૯ વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી છે અને ૨૦૦૪ કરતાં ૨૦૦૫માં ૧૧૦૫૭ની સંખ્યા ઘટી છે. મારી દૃષ્ટિએ આ સંખ્યા ઘટવાના કારણો ગ્રામ્ય વિસ્તારમાં સાયન્સ શાળાની ઓછી ઉપસ્થિતિ અને યોગ્ય સુવિધા ન હોવી, વિદ્યાર્થીઓમાં સાયન્સ પ્રવાહ બાબત માનસિક ડર વગેરે છે. ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જે વિદ્યાર્થીઓ સાયન્સ પ્રવાહમાં જવાથી ડરે છે અને સંખ્યામાં ઉત્તરોતર ઘટાડો થતો જાય છે ત્યારે એ માનસિક ડર દૂર કરવા માટેના કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ સરકાર દ્વારા ફી માફી કે અન્ય આર્થિક સુવિધા આપીને સાયન્સ પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધે એ માટે કોઈ પ્રયત્નો કરવામાં આવ્યા છે કે કેમ? રાજયમાં કયા કયા જિલ્લામાં સોથી ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ સાયન્સ પ્રવાહમાં જોડાય છે? આટલી માહિતી આપવા વિનંતી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા પાછલા ત્રણ-ચાર વર્ષથી ઘટી છે એ હકીકત છે. એ આપણા સૌની ચિંતાનો વિષય હોવો જોઈએ. પરંતુ આ વર્ષે ધોરણ ૧૧માં વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહ લીધો છે એમાં સંખ્યા છે એના કારણે હું માનુ છું કે, હવેના વર્ષમાં વિજ્ઞાન પ્રવાહમાં સંખ્યા વધતી જશે અને અત્યારે સંખ્યા ૫૨૮૭૭ સુધી અમે પહોંચાડી શકયા છીએ અને આનું કારણ રાજય સરકાર અને શિક્ષણ વિભાગે પ્રયાસો કર્યા છે એમાં વિદ્યાર્થીઓને કેમેસ્ટ્રી, ફિઝિકસ, બાયોલોજી અને મેથેમેટિકસ આ ચાર વિષય લેવાના હતા અને પછી એન્જીનીયરીંગમાં જાય તો પણ ચાર વિષય લેવાના, મૅડિકલમાં જાય તો પણ ચાર વિષય લેવાના, આ વર્ષોથી ચાલતું હતું એમાં આપણે બદલ કર્યુ અને જેમને એન્જીનીયરીંગમાં જવું છે એ મેથેમેટિક્સ, ફીજીક્સ અને કેમેસ્ટ્રી લે અને જેમને મૅડિકલમાં જવું છે એ બાયોલોજી, ફીજીક્સ અને કેમેસ્ટ્રી લે, મતલબ કે એક વિષયનું બર્ડન વિદ્યાર્થીઓ પરથી આપણે ઓછું કર્યુ છે, એક આ થયું પછી વિજ્ઞાન કેન્દ્રની સ્થાપના આપણે જિલ્લા કક્ષાએ કરી છે, જેના કારણે વિદ્યાર્થીઓ પણ આવા કેન્દ્રો પર જઈને પોતાના પ્રયોગ વિગેરે કરી શકે, વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ અને રુચિ લેતા થાય એટલા માટે છેક પ્રાથમિક શાળાથી માંડીને બારમા ધોરણ સુધીના એટલે કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ આપણે વિજ્ઞાન મેળાઓનું આયોજન છેલ્લાં ચાર વર્ષથી કરી રહ્યા છીએ. આ આયોજન પહેલાં થતું જ નહોતું. માત્રને માત્ર જિલ્લા કક્ષાએ થતું હતું પરંતુ આપણે પગાર કેન્દ્રોથી માંડીને સી.આર.સી. કક્ષાએથી આ વિજ્ઞાન મેળાનું આયોજન કરીએ છીએ અને કમ્પલસરી પ્રાથમિક શાળાઓએ પણ આની અંદર ભાગ લેવાનો, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પણ આમાં ભાગ લે છે. આપણે નેશનલ કક્ષા સુધી વિજ્ઞાન મેળાઓનું આયોજન કરીએ છીએ. એ ઉપરાંત જે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ તાલુકા દીઠ મળવી જોઈએ એ પણ ૧૯૯૮-૯૯માં આપણે ત્યાં ૧૮૪ તાલુકાઓ હતા એ સમયે અને વિજ્ઞાન પ્રવાહની શાળાઓ એ ૭૨ તાલુકાઓમાં નહોતી અને ૧૧૨ તાલુકાઓમાં હતી, ૨૦૦૪-૦૫ની આજની સ્થિતિએ હું આપને કહેવા માગું છું કે, ૨૨૫ તાલુકાઓ છે એમાંથી ૧૫૯ તાલુકાઓમાં આપણે વિજ્ઞાન પ્રવાહની શાળાઓ ઉભી

કરી શક્યા છીએ. ૬૬ તાલુકાઓ એવા છે કે જેમાં હજી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ આપણે આપી નથી, પરંતુ ૨૦૦૫-૦૬ આ ચાલુ વર્ષે જે ૩૦ શાળાઓ આપવાની છે, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, એની અંદર પણ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ આપણે આવરી લેવાના છીએ. ૨૦૦૬-૦૭નું જે બજેટ છે એમાં લગભગ ૩૫ જેટલી શાળાઓ આપણે આપવાના છીએ. સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ એમાં પણ જે તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ નથી એવા તાલુકાઓને પણ આપણે એમાં પ્રાધાન્ય આપીશું જે ૬૬ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ નથી એની યાદી મારી પાસે છે આપ કહેતા હો તો વાંચી જઉં અથવા ટેબલ પર મૂકી દઈશ,

રાજયના મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોના કારણે ગુજરાતની અંદર જે કરોડો રૂપિયાનું મૂડીરોકાણ ઉદ્યોગક્ષેત્રે આવ્યું છે એના માટે પણ ઉદ્યોગ, શિક્ષણ વિભાગ, સાયન્સ ટૅક્નૉલૉજી, આઈ.ટી. એ બધાની એક કમિટી બની છે અને એ કમિટી વારંવાર કયા પ્રકારના સિલેબસ યુનિવર્સિટીઓમાં જોઈએ એની માહિતી આપણને આપે છે અને એ પ્રમાણે યુનિવર્સિટીઓમાં એના પ્રયાસો કરીએ છીએ આના માટે વિદ્યાર્થીઓને પણ આપણે માર્ગદર્શન આપવું જોઈએ, ૧૦માં અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓને માર્ગદર્શન એ રીતે આપણે આપીએ છીએ કે માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ નામનું જે માસિક આવે છે એનો આખો વિશેષાંક માત્રને માત્ર આના પર તૈયાર કરી અને રાજયની નવ હજાર માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આપણે મોકલી આપેલ છે અને એના આધારે શાળાઓની અંદર પણ પ્રદર્શન ગોઠવવા, ઉદ્યોગપતિઓને બોલાવીને એના વિશે માહિતી આપવી, એ માટેના પ્રયાસો કરવા, ક્યાંક ઉદ્યોગ બતાવવા અથવા કારખાના બતાવવા જેથી વિદ્યાર્થીઓને પણ એમ લાગે કે મારે પણ રોજગારી મેળવવી હશે તો આવા વિષયને ચોઈસ કરીને આપણે એમાં જવું પડશે આવા અનેક પ્રયાસો કરીને વિજ્ઞાન પ્રવાહની અંદર વિદ્યાર્થીઓની સંખ્યા વધે એના માટે પ્રયાસો આપણે આરંભ કર્યા છે અને મેં કહ્યું તેમ બાવન હજાર જેટલા વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં અગિયારમાં ધોરણમાં આજે પ્રવેશ પામી ચૂક્યા છે.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે એના માટે સરકાર સતત ચિંતિત છે, ૨૨૫ તાલુકાઓમાંથી જે તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ નહોતી એવા તાલુકાઓમાં રાજય સરકારે આમંત્રણ આપ્યું હતું કે સારા ટ્રસ્ટો આ તાલુકાઓમાં જો શાળા ખોલવા માગતા હોય તો રાજય સરકાર મંજૂરી આપવા માટે સહમત થશે તો આ મુદ્દા ઉપર જે તાલુકાઓમાંથી માગણી આવી એ તાલુકાઓમાં સારા ટ્રસ્ટોએ શાળાઓ ચાલુ કરી, બાકીના ઘટતા પચાસ તાલુકાઓ કે જે પછાત તાલુકાઓ છે તો આવા તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત ઘટાડો થાય છે તો એવા તાલુકાઓમાં રાજય સરકાર પોતે જ આવી શાળાઓ ચાલુ કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર આ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ નથી તેનો સર્વે કરાવશે કારણકે દશમા ધોરણમાં વિદ્યાર્થીઓ જો આપણને ઉપલબ્ધ થાય તો અગિયારમા ધોરણમાં વિજ્ઞાન પ્રવાહની શાળા સરકાર ચાલુ કરી શકે અને જ્યાં આવા વિદ્યાર્થીઓ આપણને ઉપલબ્ધ થશે ત્યાં જે બજેટમાં જોગવાઈ છે તેને આધારે સરકાર વિજ્ઞાન પ્રવાહની શાળા કરશે તેમાં કોઈ શંકા નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે વિજ્ઞાન પ્રવાહમાં ઘટાડો થઈ રહ્યો છે બહેનશ્રીએ જે પ્રમાણે કહ્યું મારે એટલું જ કહેવું છે કે જે ત્રણ વર્ષની અંદર જે સ્કૂલોનું પરિણામ ઓછું આવ્યું છે દિન-પ્રતિદિન તેની શું આપણે ગ્રાન્ટ કાપીએ છીએ અને કાપીએ છીએ તો કેટલી ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, નિભાવ ગ્રાન્ટ ૨૫ ટકા આપણે કાપીએ છીએ તેનો ઉકેલ નથી. ઉકેલ તો વિદ્યાર્થીઓને માહિતગાર કરવા, શિક્ષકોને ટ્રેઈનીંગ આપવી, રસ રૂચિ લેતા વિદ્યાર્થીઓ થાય તે પ્રકારે પ્રયત્નો કરવા તે તેનો ઉકેલ છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, જ્યારે અભ્યાસક્રમ બદલાતો હોય ત્યારે તેના પુસ્તકો વહેલાસર મળતાં નથી. તેને માટે વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે તો વહેલાસર પુસ્તકો મળે તેને માટે પ્રયત્ન કરવા માગો છો કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે માત્ર દશમાં ધોરણના જ પુસ્તકો નવા છપાઈ રહ્યાં છે અને અત્યારે માર્ચ મહિનાના અંત સુધીમાં શાળાઓમાં અને તેમાં ખાસ કરીને શાળા વિકાસ સંકુલ સુધી મહિનાના અંત સુધીમાં પુસ્તકો પહોંચી જશે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે, આ દશમા અને બારમા ધોરણનો જે હાઉ છે અને તેને કારણે વાલીઓનું જે Concentration વધ્યું છે તેમાં કોઈ ફેરફાર કરવા માગો છો કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓ પરીક્ષાથી ના ડરે તેને માટે શાળા કક્ષાએ પણ વ્યવસ્થાઓ ઉભી કરી છે. એટલું જ નહીં કાલે મેં દરેક જિલ્લાઓની વિડિઓ કોન્ફરન્સ લીધી. તો આ વિડિઓ કોન્ફરન્સમાં પણ ડી.એસ.પી., કલેકટર આ બધીજ સ્વયંસેવી સંસ્થાઓ આ બધાજ કાઉન્સિલિંગ કરી રહ્યાં છે તાલુકા કક્ષાએ વિદ્યાર્થીઓનો કે જેથી તેમને ડર ના લાગે, શાંતિથી પરીક્ષા આપે અને સારી રીતે પરીક્ષા આપે તે પ્રકારની વ્યવસ્થાઓ શાળાઓમાં પણ ગોઠવાય છે. તાલુકા લેવલે પણ ગોઠવાય છે. અધિકારીઓ પણ આની અંદર લાગ્યા છે

અને સારી સંસ્થાઓ પણ આની અંદર મદદરૂપ બની રહી છે અને વાલીઓને આપણે સૌ શુભેચ્છાઓ પાઠવીએ કે ૧૬મી તારીખે પરીક્ષાઓ શરૂ થાય છે ત્યારે વિદ્યાર્થીઓ શાંતિથી પરીક્ષા આપે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે, દિન-પ્રતિદિન આ રાજયમાં જે શહેરીકરણ થઈ રહ્યું છે તેને કારણે શહેરોની અંદર ગણિત અને અંગ્રેજીના શિક્ષકો ગ્રામ્ય વિસ્તારમાંથી તરતજ નવા ઈન્ટરવ્યૂ મળે એટલે શહેરી વિસ્તારમાં ટ્યુશનની લાલચે  શીફટ થાય છે. મારે એટલું જ પૂછવું છે કે કેટલીક વખતે તો મેરીટવાળા શિક્ષકો બે-ત્રણ જગ્યાએ ઈન્ટરવ્યૂ આપવા જાય અને બીજા નંબર સાથેનું કમિટમૅન્ટ કરાવે એવા પ્રયત્નો પણ મેં મારા ધ્યાન ઉપર લોકો લાવેલા છે. પણ મારે એટલું જ જાણવું છે કે, જે શિક્ષક ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીનો જે શાળામાં સિલૅક્ટ થાય છે તેમાં કમસે કમ પાંચ સાત વર્ષનું રાજય સરકાર બૉન્ડ લેવા માગે છે કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : આમ તો આ તેમનું સૂચન છે પરંતુ માલજીભાઈએ વાત કરી તેમ બે-ત્રણ દ ટનાઓ મારા ધ્યાન ઉપર આવી અને જે શિક્ષકોએ આ પ્રમાણે કર્યુ હતું એવા શિક્ષકોને પણ ડી.ઓ.ની ઓફિસમાં બોલાવીને હવે પછી એ આ રીતે તેઓ ફરી અરજીઓ કરશે તો તે જે શિક્ષક સહાયક તરીકે કામ કરે છે તેમાંથી તેમને ડિબાર્ડ કરવામાં આવશે તે પ્રકારનું કામ પણ રાજય સરકારે કર્યુ છે પરંતુ શિક્ષક કોઈ બીજી જગ્યાએ અરજી કરી શકે જ નહીં એવું તો  આપણે લોકશાહીમાં ના નહીં પાડી શકીએ કે તમે બીજે અરજી ના કરી શકો.

## કચ્છ જિલ્લામાં કેરોસીનની ફાળવણી

***૧૪૭૭૧ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લાના ગાંધીધામ, મુન્દ્રા, અંજાર અને ભચાઉ તાલુકામાં સન ૨૦૦૫ના વર્ષમાં કેટલો કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવેલ છે.
(૨) આ જથ્થો નિયત કરેલા જથ્થા કરતાં કેટલો ઓછો ફાળવાયેલ છે, અને
(૩) નિયત કરેલ જથ્થો નાગરિકોને કાયમી રીતે મળી રહે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી છે.

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧)

| તાલુકાનું નામ | ફાળવેલ જથ્થો ( કે.એલ. ) |
|---|---|
| (૧) ગાંધીધામ | ૩૫૧૬ |
| (૨) મુન્દ્રા | ૨૩૮૦ |
| (૩) અંજાર | ૩૭૦૪ |
| (૪) ભચાઉ | ૨૭૮૧ |

(૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી કેરોસીનની ફાળવણી પેટેનો જથ્થો જિલ્લાઓને નિયત વિતરણ પ્રમાણને અનુલક્ષી સપ્રમાણ ફાળવવામાં આવે છે. પરંતુ પ્રતિકાર્ડ ૧૦ લીટરના પ્રમાણને ધ્યાનમાં લેતાં કેન્દ્ર સરકારશ્રી તરફથી ઓછી ફાળવણી મળવાના લીધે નીચે મુજબ કેરોસીનનો ઓછો જથ્થો ફાળવાયેલ છે.

| | |
|---|---|
| (૧) ગાંધીધામ | ૪૯૬ |
| (૨) મુન્દ્રા | ૩૨૪ |
| (૩) અંજાર | ૫૧૪ |
| (૪) ભચાઉ | ૩૮૭ |

(૩) પાત્ર કાર્ડ ધારકોને નિયમિત રીતે સરળતાથી પૂરતુ કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યાન્વિત રાખવામાં આવી છે. તેમજ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પૂરેપૂરું કરાવવાનું આયોજન કરેલ છે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, કેન્દ્ર સરકાર તરફથી જે કેરોસીનનો જથ્થો ઓછો ફાળવવામાં આવેલ છે તે જથ્થો વધુ ફાળવવા માટે રાજય સરકાર તરફથી પ્રયત્ન કરવામાં આવેલ છે કે કેમ ? બીજું કેન્દ્ર સરકાર તરફથી કેરોસીનનો જથ્થો ઓછો ફાળવવાના કારણો શાં છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર તરફથી જે જથ્થો ફાળવવાની પ્રક્રિયા ચાલી રહી છે તેમની વાત બહુ સાચી છે કે આપણે ૧૯૯૭-૯૮માં માસિક કેરોસીનની જરૂરિયાત હતી ૯૧૨૦૪ કિલોલીટરની. હાલમાં આપણને એનો જથ્થો મળી રહ્યો છે ૭૯૬૪૪ કિલોલિટર. આમ ૧૧૫૬૦ કિલોલિટરની ફાળવણી કેન્દ્ર સરકાર તરફથી ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે. આની પાછળ બીજું કારણ એ પણ છે કે જે કાર્ડધારકો છે, એની

સંખ્યા પણ વધી રહી છે. આમાં કચ્છ જિલ્લાની વાત કરું તો કાર્ડની જે સંખ્યા છે, એ ૩૧/૧૨/૦૫ ની સ્થિતિએ ૩,૯૩,૨૧૬ હતી. ૨૮/૨/૨૦૦૬ની છેલ્લી સ્થિતિ મુજબ ૩,૯૪,૨૩૮ એટલે કે ૧૦૨૨ કાર્ડની સંખ્યા વધી છે. નોન-ગેસ કાર્ડ છે એમાં પણ સંખ્યામાં વધારો થયો છે. ૬૪૭૫ કાર્ડ વધ્યાં છે. કેરોસીનની જે વાત કરી છે, એમાં કેન્દ્ર સરકાર તરફથી ૨૦૦૩-૦૪ માં ૮૧૪૪૧, ફીશરીઝનું જે ૧૨૦૦ લિટર કેરોસીન મળે છે એની સાથે ૮૧૪૪૧ લિટર મળતું હતું. આગલા વર્ષના સંદર્ભમાં ૨૨૧૦ એટલે ૨.૬૪ ટકા ઘટાડો થયો છે. ૨૦૦૪-૦૫ માં ૭૯૬૪૪ કિલોલિટર આપણને મળે છે, એમાં ૧૭૯૭ કિલોલિટર ઓછું મળે છે, એટલે એમાં ૨.૨૧ ટકાનો ઘટાડો થાય છે. આ ઘટાડાની જે પ્રક્રિયા ચાલે છે, તેના માટે અવારનવાર અમારા અગ્ર સચિવ અને માનનીય મંત્રીશ્રી, કેન્દ્ર સાથે પણ પૂરતા પ્રમાણમાં ૧૦ લિટરના પ્રમાણમાં કેરોસીન મળે એના માટે સરકાર ચિંતિત છે અને ઘણીવાર રજૂઆતો થાય છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : આ કેરોસીનની જે વાત અહીંયા લખી છે કે ગાંધીધામમાં ૩૫૧૬ કે.એલ. અને બાકીના જે શહેરો છે એનું લિસ્ટ આપેલ છે, તો ગાંધીધામની વસતિ ખૂબ જ વધારે છે. હું એ જાણવા માગું છું કે એક તો ગાંધીધામની કાર્ડની સંખ્યા કેટલી? બીજું કે જે ઈન્ડસ્ટ્રીના હિસાબે, કંડલા પોર્ટ, ફ્રી ટ્રેડ ઝોન અને આવી રહેલા ઉદ્યોગોના કારણે ફલોટીંગ પોપ્યુલેશન વધ્યું છે. મજદૂરોની સંખ્યા વધી છે. આને લીધે કેરોસીનનો જથ્થો વધારે જોઈએ. એના હિસાબે કેરોસીનનો જથ્થો ખૂબ જ ઓછો છે. વિવિધ ઉદ્યોગોમાં મજદૂરો કામ કરી રહ્યા છે અને પ્રાઈવેટ ઉપર પણ કામ કરી રહ્યા છે ત્યારે એ મજદૂરો માટે રોમીંગ રેશન કાર્ડ આપીને કેરોસીન કે જે જીવન જરૂરિયાતની પ્રાથમિક વસ્તુ છે, એના માટે સરકાર કંઈક કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પું. મોરી**: માનનીય સભ્યશ્રીએ કીધું કે કુલ કાર્ડ કેટલા, તો કુલ કાર્ડ ૬૦૧૨૯ છે અને ગેસ જોડાણવાળા ૨૫૯૦૩ છે. કેરોસીન લેવા પાત્ર ૩૪૧૬૬ કુલ કાર્ડની સંખ્યા છે. એમનો બીજો પ્રશ્ન છે કે કચ્છ જિલ્લાની અંદર કુલ કેરોસીન ૧૦ લિટર પ્રમાણે મળવું જોઈએ તે મુજબ આજે આખા જિલ્લામાં ૩૭૨૭૬ની જરૂરિયાત છે તેની સામે કેન્દ્ર સરકાર તરફથી જે આવે છે, નિયમ મુજબ જે ફાળવણી થાય છે તે મુજબ ૩૨૭૫૫ કિલોલિટર આપણે ત્યાં આપીએ છીએ. એટલે ૪૫૨૧ ની ફાળવણી આપણને ઓછી મળે છે. છતાં સભ્યશ્રીનો બીજો મુદ્દો છે કે અન્ય રાજયમાંથી કેટલાક લોકો અહીંયા રોજગારી મેળવવા માટે આવે છે અને ઘણા વર્ષોથી રહે છે અને એમની પોતાની કેરોસીનની જરૂરિયાત છે. બહેનનું સૂચન છે કે આવા ૫ વર્ષથી કે ૧૦ વર્ષથી વધારે અન્ય રાજયમાંથી આવીને રહેતા હોય છે, એ લોકોને નવી યોજનાથી રેશન કાર્ડ આપવા માટે સૂચન ધ્યાને લઈશું.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પહેલા નાગરિકોને કેરોસીન પૂરું પાડવા માટે ડીલરો નીમેલા, પરંતુ હવે સરકાર દ્વારા જ જે જિલ્લાને કેરોસીન પૂરું પાડવા એક જ એજન્ટ નીમે છે. પહેલાં ફેરિયાઓ હતા એનાથી લોકોને વ્યવસ્થિત રીતે કેરોસીન મળતું હતું, પરંતુ આ ડિલર પ્રથા નાબૂદ કરવાથી એક જ એજન્ટ અત્યારે છે એનાથી પેટ્રોલ પંપ ઉપર કેરોસીન જતું રહે છે. તો નાગરિક પુંરવઠા મંત્રીશ્રીને ફરીથી વિનંતી છે કે આ ડિલર પ્રથા શરૂ કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : આવું કાંઈ સરકારશ્રીએ વિચાર્યુ નથી. કેન્દ્ર સરકારે હમણાં એક નવી યોજના પાયલોટ પ્રોજેકટ બનાવેલ છે. આપણા આખા રાજયમાં ૨૪ તાલુકાઓમાં આપણે એનો અમલ કર્યો છે એમાં આદિવાસી વિસ્તાર, પછાત વિસ્તાર અને પહાડી વિસ્તાર અને જે જગ્યાએ જયાં કેરોસીન પહોંચાડવા માટે બહુ ઓછી વ્યવસ્થા હતી એવી જગ્યાઓ ઉપર વ્યવસ્થા માટે આ પાયલોટ પ્રોજેકટ કરેલ છે. એના આધારે આ નવી યોજના છે એમાં ડિલર સીધા વિક્રેતા હોય છે એ સબ ડિલર નકકી કરીને આપે છે, બાકીની રાજય સરકારની વ્યવસ્થા સીધી જ કંપનીઓને વિક્રેતાથી સીધા ડિલર સુધી જે આપણા દૂકાનદારો હોય છે એને અથવા ફેરિયા હોય છે એને આપણે પહોંચાડીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક:૧૧ (અંતરાય) આમાં કેટલી બધી મિનિટ થઈ છે, બીજા પ્રશ્નો પછી રહી જાય છે.બેસો, પ્લીઝ, બધાને પોતાના પ્રશ્ન મહત્વના લાગે છે..(અંતરાય) નેકસ્ટ.

**ભાવનગર તાલુકામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં રિપેરિંગ કામ**

***૧૫૮૩૯ શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભાવનગર તાલુકાના સીધસર ગામ ખાતે આવેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના બેડમીંગ્ટન કોર્ટના ઈન્ડોર હોલમાં વુડન કલારિંગ તથા અન્ય રિપેરિંગ કરવાની માગણી સરકારે કયારે મળી છે, અને

(૨) આ રિપેરિંગ માટે સરકારે શું આયોજન કરેલ છે.

**રમતગમત મંત્રીશ્રી:**

(૧) તા. ૮-૮-૨૦૦૩, તા. ૨૮-૪-૨૦૦૫ અને તા.૧૫-૭-૨૦૦૫ ના પત્રોથી મળી છે.

(૨) ઈન્ડોર હોલનું વૂડન ફલોરિંગ બદલીને સિન્થેટિક ફલોરિંગ કરાવવા માટે ૨૦૦૬-૦૭ ના અંદાજપત્રમાં રૂા. ૩૩-૦૦ લાખની તથા અન્ય રિપેરિંગ કામ માટે રૂા. ૮-૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવી છે.

**શ્રી સુનીલ બા. ઓઝા:** માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર તાલુકાના સીધસર ગામે આ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ આવેલ છે ભાવનગર જે રીતે યોગમાં પ્રથમ ક્રમે છે નેશનલ અને ઈન્ટર નેશનલ કક્ષાએ એવી રીતે જ બેડમિંગ્ટન બાસ્કેટ બોલમાં છે. અહીંના ખેલાડીઓ અને સ્પોટર્સ કોમ્પ્લેક્ષના ખેલાડીઓ નેશનલ અને ઈન્ટર નેશનલ કક્ષાએ રમવા પણ જાય છે અને અહીંયાં નેશનલ અને ઈન્ટર નેશનલ કેમ્પ પણ યોજાય છે. હું રાજય સરકારનો આભાર માનું છું કે આટલા અગત્યના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષને ધ્યાને લઈને ૩૩ લાખ રૂપિયા ઈન્ડોર હોલમાં વૂડન ફલોરિંગ બદલીને સિન્થેટિક ફલોરિંગ કરાવવા માટે તથા અન્ય રિપેરિંગ માટે રૂા. ૮ લાખની ફાળવણી કરી છે એના માટે હું તેમનો આભાર માનું છું. હું માનું છું કે આ એક અદ્યતન સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બન્યું છે અને હવે દેશમાં જેટલી જરૂરિયાત નેશનલ અને ઈન્ટર નેશનલ કક્ષાની રમતો રમાઈ શકે એ માટે થાય એના માટે ફાળવણી કરવાની થાય તો કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ડોર હોલમાં વૂડન ફલોરિંગ બદલીને સિન્થેટિક ફલોરિંગ કરાવવા માટે અંદાજપત્રમાં ૨૦૦૬-૦૭ માં ૩૩ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે અને અન્ય કામ માટે બીજા ૮ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમ છતાં જરૂર પડશે તો રાજય સરકાર બીજા પૈસા આપવા માટે તૈયાર છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : આભાર, માનનીય મંત્રીશ્રી.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ સ્પોર્ટસ હોસ્ટેલમાં જે વિદ્યાર્થીઓ પ્રવેશ લે છે એમની પાસેથી કોઈ ફી લેવાય છે કે કેમ અને બીજું કે આ વિદ્યાર્થીઓને આ હોસ્ટેલમાં શું શું સુવિધા આપવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : આ સ્પોર્ટસ હોસ્ટેલમાં અત્યારે ૩૫ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે તેમાં નિવાસ, ભોજન અને ગણવેશની સુવિધા વિના મૂલ્યે આપવામાં આવે છે, એના માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી. આ ઉપરાંત દરેક વિદ્યાર્થીને ૧ લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે અને કોચ જે છે એ એમને પૂરેપૂરી તાલીમ આપે છે.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર ખાતેના આ સ્પોર્ટસ સંકુલમાં રિપેરિંગની બાબત ચર્ચા હેઠળ છે ત્યારે આ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ કયારે બનાવવામાં આવ્યું અને અત્યારસુધીમાં એનો કેટલો ખર્ચ થયો અને આ ખર્ચ શામાં કરવામાં આવ્યો છે. મારો બીજો પ્રશ્ન એ છે કે આવાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બીજા જિલ્લાઓમાં પણ બનાવવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : આ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ૧૯૯૫ માં તૈયાર કરવામાં આવ્યું હતું ને ત્યારથી માંડીને અત્યારસુધીમાં ૬,૮૨,૬૪૪ રૂપિયાનો મેન્ટેનન્સ માટે ખર્ચ કરવામાં આવ્યો છે. હોલના બાથરૂમ, સંડાસ, પાણીની પાઈપલાઈન બારી બારણા વગેરે રિપેરીંગ પાછળ ૧ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે, હોલના લાઈટ, પંખા વગેરે રિપેરીંગ પાછળ ૧૭૭૫૩ રૂપિયાનો ખર્ચ થયો છે, વિદ્યુતની કામગીરી કરવા માટે ૬૦૯૨ રૂપિયાનો ખર્ચ થયો છે, સબમર્સીબલ પંપ અને અન્ય કામગીરી માટે ૮૫૩૮૬ રૂપિયાનો ખર્ચ થયો છે, હોલની લાઈટીંગ તથા છત રિપેરીંગ પાછળ ૭૮૯૦૫ રૂપિયાનો ખર્ચ થયો છે, હોલની છત રિપેરીંગ માટે ૩ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. હોલના કાચ, બારી બારણા વગેરે માટે ૮૭૮૦ રૂપિયાનો ખર્ચ થયો છે, હોલની લાઈટ રિપેરીંગ પાછળ ૫૭૬૫ રૂપિયાનો ખર્ચ થયો છે. સોડીયમ લાઈટના કામ અંગે ૧૬૮૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે. એમ કુલ મળીને ૧૯૯૭ થી ૨૦૦૫ સુધીમાં કુલ ૬,૮૨,૬૪૪ રૂપિયાનો ખર્ચ થયો છે.

### બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ

***૧૫૮૪૬ શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પ્રાથમિક શિક્ષકો અને કેટલા પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છે, અને

(૨) આ ઘટ પૂરી કરવા સરકારે શું કાર્યવાહી કરી?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| **તાલુકો** | **શિક્ષકોની ઘટ** | **ઓરડાની ઘટ** |
|---|---|---|
| અમીરગઢ | ૪૦ | ૧૨૧ |
| ભાભર | ૫૯ | ૧૩૨ |
| દાંતા | ૭૦ | ૧૩૪ |
| દાંતીવાડા | ૧૮ | ૫૯ |

| | | |
|---|---|---|
| ડીસા | ૧૫૭ | ૪૧૪ |
| દીયોદર | ૭૧ | ૧૨૫ |
| ધાનેરા | ૬૩ | ૧૦૫ |
| કાંકરેજ | ૪૫ | ૧૫૦ |
| પાલનપુર | ૩૨ | ૪૮ |
| થરાદ | ૯૪ | ૨૫૯ |
| વડગામ | ૧૮ | ૩૧ |
| વાવ | ૪૨ | ૨૨૭ |

(૨) નવી જગ્યાઓ મંજુર થયેથી શિક્ષકોની ઘટ પૂર્ણ કરવામાં આવશે. જ્યારે ૫૨૧ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. અને બાકી રહેતા ૧૨૮૪ ઓરડાઓ તબક્કાવાર આયોજન કરી બાંધવામાં આવનાર છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે બનાસકાંઠામાં ૧૮૦૫ જેટલા ઓરડાઓની ઘટ છે, અને ૬૭૪ શિક્ષકોની ઘટ છે. ગામડાંના વિદ્યાર્થીઓની શહેરના વિદ્યાર્થીઓ સાથે આપણે સરખામણી કરીએ છીએ, ગામડાંના છોકરાઓ ઝાડ નીચે બેસીને ભણવા વાળા કેવી રીતે ભણતા હોય છે તે આ આંકડો જ કહે છે. આમાં જવાબમાં જણાવેલ છે કે ૫૨૧ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન છે અને શિક્ષકોની જગ્યાઓ મંજૂર થયે ભરવામાં આવશે. તો એ કયારે મંજૂર થશે અને આ ઓરડાઓ ૨૦૦૫-૦૬ માં ૨૦૦૬-૦૭માં કે ૨૦૦૭-૦૮માં એમ કઈ સાલમાં બનાવવાનું આયોજન છે? જેથી ખ્યાલ આવે. કારણ કે છોકરાઓ ઝાડ નીચે બેસીને ભણે છે. એક જ તાલુકામાં મારા વિસ્તારમાં ૪૧૪ ઓરડાઓની ઘટ છે. તો જે ઓરડાઓ બનાવવાના છે તે ઘટ પ્રમાણે બનાવવાના છે કે ત્યાંના માણસો અમુક મળે તેના પ્રમાણમાં બનાવવાના છે? તેની સ્પષ્ટતા મંત્રીશ્રી કરે તેવી વિનંતી છે.

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ટોટલ ઓરડાઓ બાંધવા માટે ૨૬ કરોડનું આયોજન કરેલ છે, તેના સંદર્ભમાં જુદી જુદી સંસ્થાઓને ઓરડાઓની મરામત અને બાંધકામની કામગીરી સોંપવામાં આવેલી છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ નથી મળ્યો, આ જગ્યાઓ કયારે મંજૂર કરવામાં આવશે? આમાં જગ્યાઓ મંજૂર થયે ભરતી કરવામાં આવશે તેવો જવાબ આપેલો છે, અને ૫૨૧ ઓરડાઓનું આયોજન છે તે કયા વર્ષનું આયોજન છે? ચાલુ વર્ષમાં બનવાના છે કે આવતા વર્ષમાં બનવાના છે? અને શહેરની નજીક ઓરડાઓ બનાવે છે તો જે ગામમાં ઘટ છે ત્યાં બનાવવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓમાં શિક્ષકોની સંખ્યા હોય તે પ્રમાણે આજે ઓરડાઓ પૂરતા પ્રમાણમાં છે, પરંતુ રાજય સરકારે એવું નકકી કર્યુ છે કે ૧ થી ૭ ધોરણની શાળા હોય ત્યાં ૭ શિક્ષકો હોવા જોઈએ, અને ૭ ઓરડાઓ પણ હોવા જોઈએ. એના પ્રમાણમાં જેમ જેમ શિક્ષકોનો ઉમેરો થતો જાય છે તેમ તેમ શાળાઓમાં ઓરડાઓની ઘટ ઉભી થતી હોય છે, એટલા માટે રાજય સરકારે આ નિર્ણય કર્યો છે. એટલા માટે વાસ્તવમાં આ ઓરડાઓની ઘટ દેખાય છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું તે ૫૨૧ ઓરડાઓનું આયોજન ચાલુ વર્ષનું જ છે અને કામગીરી ચાલુ થઈ ગઈ છે અને બે-એક મહિનામાં ૫૨૧ ઓરડાઓ પૂરા કરવામાં આવશે. ૧૭ કરોડ રૂપિયા આ વખતના ૨૦૦૬-૦૭ના બજેટમાં મૂકવામાં આવેલ છે અને તેની અંદરથી પણ છ-એક હજાર ઓરડાઓ થશે. અને આવતા વર્ષે બંધાશે. અને આ જે ઓરડાઓની ઘટ છે તે ઓરડાઓ પૂર્ણ કરવા માટે રાજય સરકારનું આયોજન છે અને ૫૬ હજાર ઓરડાઓ અત્યાર સુધીમાં પહેલીવાર આ રાજય સરકારે પાંચ વર્ષમાં બાંધ્યા છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, એક ખુલાસો જોઈએ છે, કદાચ એમને ખ્યાલ હોય કે ન હોય, મારું એ કહેવું છે કે જયાં ઘટ છે ત્યાં બાંધવાની મેં વાત કરી છે, એક શાળામાં પાંચ ઓરડાની ઘટ છે અને બીજી એક શાળામાં બે ઓરડાની ઘટ છે તો બે ઓરડાની ઘટ છે ત્યાં બની જાય છે અને પાંચ ઓરડાની ઘટ છે ત્યાં નથી બનતા એટલે ઘટ છે તેના પ્રમાણમાં બને એવું મારું સૂચન છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર જે ઓરડાઓ ફાળવે છે તે જિલ્લાઓને ટોટલ ફાળવે છે, કે એક જિલ્લામાં ૨૦૦, બીજા જિલ્લામાં ૨૫૦ એ પ્રમાણે આપણે ઓરડાઓ ફાળવીએ છીએ. જિલ્લામાં જે કમિટી બનેલી છે જિલ્લા શિક્ષણ સમિતિ અને ડી.પી.ઓ. કચેરી છે તેઓ કયા ગામમાં કેટલા ઓરડાઓ બનાવવા તેનો નિર્ણય જિલ્લા કક્ષાએ કરે છે. એટલે આપણે જિલ્લા કક્ષાએ આનું ધ્યાન રાખીએ તો એ પ્રમાણે થઈ શકે, અમારી તો સૂચના રહેલી જ છે કે પાંચ ઓરડાઓ ખૂટતા હોય તેમને પહેલી પ્રાયોરીટી આપવી, અને ક્રમશઃ

ઓરડાઓ આપવા, એટલે ધારાસભ્યશ્રીઓ ત્યાં ધ્યાન આપીને ડી.પી.ઓ.ની સાથે બેસીને આનું ધ્યાન આપશે તો હું માનું છું કે ઝડપથી ઓરડાઓની ઘટ પૂરી કરી શકીશું.

**શ્રી જગદીશ ઠાકોર** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે બનાસકાંઠા જિલ્લાનું શિક્ષણ ખૂબ નબળું છે અને આપે કહ્યું કે રાજય સરકાર જિલ્લા શિક્ષણ સમિતિને ઓરડા ફાળવી દે છે. ત્યારે આપ એમાં કોઈ ફેરફાર કરવા માગો છો? અહીંયા થાય છે એવું કે જિલ્લા શિક્ષણ સમિતિમાં પાંચ ઓરડામાં એક ઓરડાની ઘટ હોય એ પૂરી થઈ જાય છે પરંતુ પાંચ ઓરડાની ઘટ હોય એ એમને એમ રહે છે. એટલે રાજય સરકાર તરફથી કોઈ સૂચના આપવા માગે છે કે જ્યાં વધુ ઘટ હોય જે ઈન્ટિરીયર વિસ્તાર હોય, અંતરિયાળ ગામો છે, જ્યાં કોઈ માણસ આવતું નથી, પરંતુ તમારા દફતરે વધારે ઘટવાળા ગામોને પ્રાયોરિટી આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : રાજય સરકારની સ્થાયી સૂચના છે જ્યાં ઘટ છે ત્યાં આપવા તેમ છતાં આપણે થોડીક કાળજી લઈશું તો એ થઈ શકશે. બીજું કે આ ઘટ આ રાજય સરકાર આવી ત્યારથી નથી. તમે ઓરડાઓ બાંધ્યા અને અમે ઉખેડીને ફેંકી દીધા એવું નથી. ૧૯૯૮માં હું આવી એની આગળના ચાર વર્ષના ઓરડા નહોતા બાંધ્યા એ ઘટ અમારે પૂરી કરવી પડી છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સાક્ષરતા ૨૦૦૧ના આંકડા એવું કહે છે કે રાજયના દસ તાલુકામાંથી ચાર તાલુકા બનાસકાંઠાના એવા છે કે જ્યાં ૪૦ ટકાથી ઓછી સાક્ષરતા હતી. એટલે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જ્યારે બનાસકાંઠા જિલ્લાના ચાર તાલુકાની આવી સાક્ષરતા ઓછી હોય તો એને રાજય સરકાર તરફથી બીજા જિલ્લાની ફાળવણી કરતાં કોઈ વિશેષ આયોજન કરીને ત્રણેક વર્ષમાં આ ઘટ પૂરી થાય તેવું કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : સૌથી વધારે જ્યાં શિક્ષકોની ઘટ હતી એમાં બનાસકાંઠા, કચ્છ અને સૌરાષ્ટ્રના ભાગો હતાં. જ્યાં વધારેમાં વધારે શિક્ષકો અને ઓરડા આપીને આ કામ પૂર્ણ કર્યુ છે. શિક્ષણ સમિતિમાં ટ્રેનિંગ શિક્ષકોએ આવીને કામ કર્યુ છે અત્યારે મને કહેતા આનંદ થાય છે કે બનાસકાંઠા જિલ્લાનો ૨૦૦૧માં સાક્ષરતા દર હતો એ જેટલો હતો એને છેલ્લા ચાર-પાંચ વર્ષમાં બમણો કરી શક્યા છીએ.

## જામનગર જિલ્લામાં પોલીસ આવાસોના કામો

***૧૪૧૪૩ શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : **માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં જામનગર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**પોલીસ આવાસો મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧) રૂા. ૪૧૮.૭૬ લાખ.

(૨) રૂા. ૪૧૮.૭૬ લાખ.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા** : જામનગર જિલ્લામાં આગામી નાણાકીય વર્ષમાં કેટલી રકમ કયા કયા પોલીસ આવાસો રહેણાંક/બિન રહેણાંકના કાયા કયા સ્થળે નિગમ દ્વારા હાથ ધરવામાં આવનાર છે અને તે પૈકી કેટલો ખર્ચ થવાનો છે?

**શ્રી અમિત અ. શાહ** : આગામી વર્ષમાં જામનગરની અંદર પોલીસ ભવન બાંધવાનું આયોજન છે અને એ પૈકી ૧ કરોડ ૧૧ લાખનો ખર્ચ કરવાની ધારણા છે.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં જામનગર જિલ્લાની અંદર કામો થયેલાં છે જેમાં જામજોધપુર અને લાલપુર તાલુકામાં રહેણાંકના કેટલાં કામો થયેલાં છે. બીજો મારો પ્રશ્ન એ છે કે જામજોધપુર પોલીસ સ્ટેશન મંજૂર થયેલ છે એનું કામ કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે?

**શ્રી અમિત અ. શાહ** : છેલ્લા ત્રણ વર્ષની અંદર જામનગર જિલ્લાની અંદર ત્રણ કરોડના ખર્ચે રહેણાંકના ૮૦ આવાસો બાંધ્યા છે. બીજું પોલીસ સ્ટેશનની વાત કરી એ આ નાણાકીય વર્ષમાં પૂરું કરવાનું આયોજન છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં પોલીસ આવાસો માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, જે આવાસોની જરૂરિયાત છે એના પ્રમાણમાં પરિપૂર્ણ ખર્ચ છે કે હજી આવાસો બાંધવાની ઘટ છે એ માહિતી આપે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લાની અંદર અત્યારે સેટીસફેકશન રેશિયો રાજયની એવરેજ કરતાં વધારે છે. રાજયનો ૭૪ ટકા છે. જામનગરમાં ૭૬ ટકા છે. તેમ છતાં પણ રાજય સરકારે ૯૦ ટકા સેટીસફેકશન રેશિયોનું લક્ષ્યાંક રાખ્યું છે અને એ એવરેજ લાવવા માટે જામનગરમાં ૯૫ ટકા રાખ્યું છે એટલે લગભગ ૧૦૦ ટકા પોલીસ કર્મચારીઓને આવાસ આપવાનું આગામી નાણાકીય વર્ષમાં આયોજન છે.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજયના પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને આવાસ આપવા માટે પોલીસ મેન્યુઅલ, અન્ય કોઈ કાયદાઓમાં કે નિયમોમાં જોગવાઈ

થયેલ છે કે કેમ અને જો જોગવાઈ થયેલ હોય તો આ જોગવાઈ શેમાં કરવામાં આવેલ છે? તેની વિગતો શું છે? મારો બીજો પ્રશ્ન એ છે કે પોલીસ આવાસ નિગમ દ્વારા કોઈ પ્રવૃત્તિ અથવા કામો આ સંદર્ભે હાથ ધરવામાં આવ્યાં છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : રાજયના પોલીસ અધિકારી-કર્મચારીઓને આવાસ આપવા માટે ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ના વોલ્યુમ-રના ચેપ્ટર-રમાં ગુજરાત સિવિલ સર્વિસ રૂલ ૨૦૦૨ના નિયમ-૧૯માં જોગવાઈ કરવામાં આવેલ છે. એ અંતર્ગત રાજય આ બધા કામો હાથ ધરે છે. જ્યાં સુધી પોલીસ આવાસ નિગમનો સવાલ છે ત્યાં સુધી તેની અંદર પોલીસ વિભાગના પોલીસ કર્મચારીઓના રહેણાંકના બધા જ પ્રકારના મકાનો, પોલીસની ઑફિસના ઉપયોગમાં આવતા બધા જ પ્રકારના મકાનો, આ સિવાય એફ.એસ.એલ. અને જેલનું કામકાજ પણ હમણાં ગયા વર્ષે રાજય સરકારે પોલીસ આવાસ નિગમ હસ્તક મુકેલ છે. આથી પોલીસ વિભાગને લગતી લગભગ બધા જ પ્રકારની કન્સ્ટ્રકશનની જવાબદારી રાજય સરકાર દ્વારા પોલીસ આવાસ નિગમને સોંપવામાં આવી છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા મકાનો બાંધવાનો લક્ષ્યાંક રાખેલો છે અને કેટલા મકાનો બાંધવામાં કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ વર્ષનો લક્ષ્યાંક ન હોય કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે એ પૂછવું જોઈએ.પરંતુ ખર્ચનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી ૨૦૦૨-૦૩માં ૭૪ લાખ, ૨૮ લાખ અને ૧૯ લાખ. ૨૦૦૩-૦૪માં ૨ કરોડ, ૯૬ લાખ અને આ વર્ષે ૧ કરોડ ૧૧ લાખનું લક્ષ્યાંક રાખેલ છે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં હાજર મહેકમના પ્રમાણમાં કેટલા આવાસોનું બાંધકામ કરવામાં આવ્યું છે અને વર્ષ ૨૦૦૬-૦૭ના અંતે ઘટ હોય તો ઘટ પૂર્ણ કરવામાં આવશે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે પ્રમાણે હાજર મહેકમના પ્રમાણમાં સૌથી વધારે જામનગરમાં સેટીસફેકશન રેશિયો છે અને આ વર્ષે ૯૫ ટકા સુધી પહોંચવાનો લક્ષ્યાંક રાખેલ છે.

## સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કૉમ્પ્યુટર વર્ગો

***૧૫૮૪૨ શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં કઈ કઈ પ્રાથમિક શાળાઓ સરકારી ગ્રાન્ટથી કૉમ્પ્યુટરના વર્ગો ચલાવે છે,
(૨) કઈ કઈ શાળાઓ વિદ્યાર્થીઓ પાસેથી વધારાની ફી લઈ કૉમ્પ્યુટરના વર્ગો ચલાવે છે,
(૩) આ બન્ને પ્રકારની શાળાઓમાં ખરેખર કૉમ્પ્યુટરની પૂરતી સગવડતા છે, અને
(૪) જો આવી શાળાઓ અપૂરતી સગવડતા ધરાવતી હોય તો તેની સામે શું કાર્યવાહી કરવામાં આવનાર છે

**શિક્ષણમંત્રીશ્રી:**

(૧) એક પણ નહીં. આમ છતાં રાજય સરકાર દ્વારા કૉમ્પ્યુટર દાન યોજના તળે સુરત જિલ્લાના પંચાયતની પ્રાથમિક શાળાઓને ૫૮ તથા સુરત મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાઓને ૮ ફાળવેલ કૉમ્પ્યુટરનો શૈક્ષણિક ઉપયોગ કરવામાં આવે છે.
(૨) પત્રક-ક મુજબ. (*** પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**
(૩) હા,જી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના થકી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હવે પછી અન્ય કોઈ શાળાઓને કૉમ્પ્યુટરના વર્ગો માટે મંજૂરી આપવામાં આવનાર છે કે કેમ? મારો બીજો પ્રશ્ન છે કે વધારાની ફી લેતી શાળાઓ સામે પગલાં લેવામાં આવેલ છે? કૉમ્પ્યુટરના વર્ગો ચલાવવા માટે મંજૂરી ન મળવા અંગે કોઈ ફરિયાદ કરવામાં આવેલ છે કે કેમ?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કૉમ્પ્યુટરના વર્ગો આમ તો રાજય સરકાર આઈ.ટી. અને શિક્ષણમાં કૉમ્પ્યુટર હોવું જોઈએ એ સાથે પ્રાથમિક શાળાઓને પરમીશન આપેલ છે. ઘણી પ્રાથમિક શાળાઓમાં તો અનુદાનથી પણ કૉમ્પ્યુટરના કલાસીસ શરૂ થયા છે અને જે સ્કૂલો છે કે જ્યાં આગળ ફીનું ધોરણ છે. કદાચ કોઈ સ્કૂલમાં કૉમ્પ્યુટર ચાલતું હોય અને ફીના ધોરણમાં રાજય સરકારે અમુક ચૅકીંગ સાથે કે ફી ૧૦ રૂપિયાથી ૫૦ રૂપિયાની અંદર જ લઈ શકે એ પ્રમાણેનું ધોરણ અખત્યાર કરીને કામગીરી આરંભી છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સુરત જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળાઓમાં ૫૮ અને સુરત મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાઓમાં ૮. જવાબમાં તેમણે જણાવ્યું છે કે રાજય સરકાર દ્વારા કૉમ્પ્યુટર દાન યોજના તળે, તો ૫૮ અને ૮માં.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**મહેસાણા જિલ્લાની માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને અનુદાનિત કરવા અંગે**

૧૪૫૩૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ના અંતે છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાની કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવાની દરખાસ્તો રાજ્ય સરકારમાં પડતર છે, અને | (૧) માધ્યમિક શાળા-૨<br>ઉચ્ચતર માધ્યમિક શાળા-૩ |
| (૨) કેટલી મંજૂર કરવામાં આવી છે ? | (૨) માધ્યમિક-૧ અને ઉચ્ચતર માધ્યમિક શાળા-૧. |

-------------

**ખેડા જિલ્લામાં પોલીસ આવાસના કામો**

૧૪૧૪૬ **ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૬૫.૨૦ લાખ. |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૬૫.૨૦ લાખ. |

-------------

**જુનાગઢ જિલ્લામાં વારસાઇથી વાજબી ભાવની દુકાન મેળવવા અંગે**

૧૫૮૨૦ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વારસાઇથી વાજબી ભાવની દુકાન મેળવવાની જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ કુલ કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) ૯. |
| (૨) તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવા સરકારની ગણતરી છે ? | (૨) પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લાની જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા**

૧૫૬૪૬ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની જેલોમાં જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ કેટલા કેદીઓને રાખવાની ક્ષમતા છે,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની ૬ (છ) તાલુકા સબ જેલોમાં નીચે મુજબની કેદીઓ રાખવાની ક્ષમતા છે.

| અ.નં. | જેલનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર સબ જેલ | ૧૨૫ |
| ૨ | લીંબડી તાલુકા સબ જેલ | ૭૦ |
| ૩ | મુળી તાલુકા સબ જેલ | ૨૧ |

| | | |
|---|---|---|
| ૪ | બજાણા તાલુકા સબ જેલ | ૨૦ |
| ૫ | ચોટીલા તાલુકા સબ જેલ | ૧૦ |
| ૬ | ધ્રાંગધ્રા તાલુકા સબ જેલ | ૪૦ |
| | **કુલ :** | **૨૮૬** |

(૨) તેની સામે કેટલા કેદી રાખવામાં આવ્યા છે, અને

(૨) સુરેન્દ્રનગર સબ જેલમાં ૫૨ (બાવન) કેદીઓ રાખવામાં આવેલ છે. જિલ્લાની અન્ય ૫ (પાંચ) તાલુકા સબ જેલમાં કોઇ કેદીઓ રાખવામાં આવેલ નથી.

(૩) જેલોની ક્ષમતા વધારવા શી વ્યવસ્થા વિચારાઇ છે ?

(૩) તાલુકાની ૫ (પાંચ) સબ જેલો રીપેરીંગ કામ સબબ બંધ કરવામાં આવેલ છે. તે પૈકી લીંબડી, મુળી અને ધ્રાંગધ્રા તાલુકા સબ જેલનું રીપેરીંગ તથા સુધારા-વધારા કામ ગતિમાં છે. જે કામગીરી પૂર્ણ થયા બાદ તાલુકા સબ જેલો ચાલુ કરવામાં આવશે જેનાથી ઓવરક્રાઉડીંગની સમસ્યા હલ થશે.

-------------

**પોષના ડોડાની પરમીટો એક વર્ષને બદલે ત્રણ વર્ષની કરવા બાબત**

૧૪૩૮૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે પોષડોડા (પોપી-૧) ની પરમીટો એક વર્ષને બદલે ત્રણ વર્ષની આપવા મંજૂરી આપેલ તે સાચું છે,

(૨) જો હા, તો સુરેન્દ્રનગર જિલ્લામાં માત્ર એક વર્ષની જ પરમીટ રીન્યુ કરવામાં આવે છે તે હકીકત ખરી છે, અને

(૩) જો હા, તો જવાબદાર અધિકારી સામે સરકારી ઠરાવના અનાદર સબબ શા પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) પરમીટ ધારકો દ્વારા એક વર્ષની ફી ભરવામાં આવતી હોવાથી પરમીટ એક વર્ષ માટે રીન્યુ કરવામાં આવે છે, જેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જૂનાગઢ જિલ્લામાં નવા પોલીસ આવાસો બાંધવા અંગે**

૧૫૮૪૫શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) :**માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ આવાસો ૩૧-૧-૦૬ની સ્થિતિએ છે,

**જવાબ**

(૧)

| તાલુકો | આવાસોની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૫૪૭ |
| બીલખા | ૨૫ |
| **તાલુકો** | **આવાસોની સંખ્યા** |
| બાટવા | ૩૨ |
| વંથલી | ૨૧ |
| માણાવદર | ૬૦ |
| શીલ | ૦૭ |
| ચોરવાડ | ૨૧ |
| પ્રભાસપાટણ | ૩૪ |

| | |
|---|---|
| પ્રભાસપાટણ | ૩૪ |
| ગીરગઢડા | ૨૧ |
| કેશોદ | ૪૦ |
| માંગરોળ | ૪૨ |
| માળીયા | ૧૯ |
| મેંદરડા | ૩૨ |
| વિસાવદર | ૫૧ |
| ભેસાણ | ૩૦ |
| વેરાવળ | ૭૪ |
| સુત્રાપાડા | ૨૬ |
| કોડીનાર | ૬૭ |
| ઉના | ૭૮ |
| તલાળા | ૭૭ |
| **કુલ** | **૧૩૦૪** |

(૨) પોલીસ આવાસોની સંખ્યા વધારવા સરકારે શું પગલાં લીધા છે, અને

(૨) આ હેતુ માટે જરૂરી જમીન સંપાદન કરવા તથા ગ્રાન્ટની રકમ ઉત્તરોત્તર વધે તેવા પગલા લીધા છે.

(૩) નવા આવાસો કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

(૩) વહીવટી અનુકુળતા મુજબ.

-------------

**દાંતા અને અમીરગઢ તાલુકાઓની મુખ્ય મથકોએ રાંધણ ગેસ વિતરણ વ્યવસ્થા**

૧૫૮૫૫ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના મુખ્ય મથકોએ ગેસ એજન્સીના અભાવે ગ્રાહકોને રાંધણ ગેસના સીલીન્ડરો મેળવવા પાલનપુર જવા-આવવામાં ભારે હાડમારી વેઠવી પડે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ હાડમારી ટાળવા સ્થાનિક વ્યવસ્થા ઉભી કરવા સરકારે કરેલ આયોજનની શું વિગતો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (અ) દાંતા તાલુકાના અંબાજી મુકામે આવેલ ગેસ એજન્સીમાંથી દાંતા તાલુકાના ગ્રાહકોને રાંધણગેસ મળી રહે તે માટે અંબાજી ખાતેની ગેસ એજન્સીનું કાર્યક્ષેત્ર વધારવા ઓઈલ કંપનીને જણાવેલ છે.

(બ) અમીરગઢ મુકામે નવી ગેસ એજન્સી મંજૂર કરવા અંગે વિચારણા કરવા ઓઈલ કં.ને જણાવેલ છે.

(ક) પાલનપુર તેમજ અંબાજી મુકામે આવેલ ગેસ એજન્સીના સંચાલકશ્રીઓને દાંતા મુકામે ગેસ સીલીન્ડરનું વિતરણ સરળ પદ્ધતિથી કરવા બેઠક યોજીને સુચનાઓ આપેલ છે.

-------------

**દાહોદ જિલ્લામાં પોલીસ આવાસોના કામો**

૧૪૧૪૦ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં દાહોદ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના

**જવાબ**

(૧) રૂા. ૮૦૭.૪૪ લાખ.

| | |
|---|---|
| રહેણાંક/બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | |
| (૨) આ કામો પેકી તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૮૦૭.૪૪ લાખ. |

-------------

## કન્યા કેળવણી નિધિ દ્વારા થયેલ પ્રવૃત્તિઓ

૧૫૦૭૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા રચેલ કન્યા કેળવણી નિધિમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલું ભંડોળ એકત્રિત થયું છે, અને | (૧) રૂા. ૫,૧૨,૯૨,૦૩૬/-. |
| (૨) આ ભંડોળમાંથી વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન કઇ કઇ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી ? | (૨) વર્ષ દરમ્યાન કન્યા કેળવણી નિધિ અંતર્ગત નીચેની પ્રવૃત્તિઓ કરેલ છે.<br>--ઉત્તમ શૈક્ષણિક કારકિર્દી ધરાવતી દિકરીઓનું સનામાન કરવા, પ્રોસ્તાહન આપી લેપટોપ (કોમ્પ્યુટર) આપવામાં આવેલ છે.<br>--ડાઁ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. મારફતે એઆઈઈઈઈ તેમજ કેટ જેવી ઉચ્ચ સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વ તેયારી અને માર્ગદર્શન માટે સેટેલાઈટ દ્વારા તાલીમ કાર્યક્રમો યોજેલ છે.<br>-- ડાઁ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. મારફતે સીવીલ સર્વિસીસ તાલીમ કાર્યક્રમ હેઠળ એક વર્ષનો તાલીમ કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. |

-------------

## રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની બદલીઓ

૧૫૮૩૧ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની બદલીના જે હુકમો થયેલ તે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે હુકમો રદ કરવાના કારણો શું છે, અને | (૨) રાજ્ય સરકાર દ્વારા હુકમો કરવામાં આવ્યા ન હોવાથી રદ કરવામાં આવ્યા છે. |
| (૩) જો હુકમો નિયમ વિરુધ્ધના કરવામાં આવેલ હોય તો જવાબદાર અધિકારી સામે સરકાર પગલાં લેવા માંગે છે કે કેમ ? | (૩) જવાબદાર અધિકારીની બિન સંવેદનશીલ જગ્યાએ બદલી કરી દેવામાં આવી છે. અને ખાતા રાહે પગલાં લેવામાં આવી રહેલ છે. |

-------------

## ઉચ્ચ શિક્ષણમાં સુધારણા માટે રચાયેલ સમિતિની ભલામણોનો અમલ

૧૪૭૬૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉચ્ચ શિક્ષણમાં સુધારણા માટે રચાયેલ સમિતિની ભલામણો અંગે રાજ્ય સરકારે શું પગલાં લીધા, અને | (૧) સરકારને સમિતિની કોઈ ભલામણો મળેલ નથી. |
| (૨) તેનો સરકાર ક્યારથી અમલ કરવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કચ્છ જિલ્લામાં પેટ્રોલપંપો પર દરોડાઓ**

૧૫૦૮૫ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા પેટ્રોલપંપ ઉપર દરોડા પાડી ચેકીંગ કરવામાં આવ્યું, | (૧) ૨૮. |
| (૨) તેમાં કેટલી ગેરરીતિ અને ભેળસેળ પકડવામાં આવી, અને | (૨) ૧૨ પેટ્રોલપંપની ગેરરીતિ જણાયેલ હતી. |
| (૩) કસૂરવાર ક્યા ક્યા પેટ્રોલપંપો સામે શા શા પગલાં ભરવામાં આવ્યા ? | (૩) * પત્રક-અ મુજબ.<br>કસુરવારને ૧૨ પંપો સામે નીચે મુજબ પગલાં લીધાં.<br>(૧) રૂા. ૨૦,૨૩,૨૪૪/-કિંમતનો પેટ્રોલ-ડીઝલનો જથ્થો કબજે કર્યો તે પૈકી.<br>(૨) રૂા. ૮૨,૬૯૦/-કિંમતનો પેટ્રોલ-ડીઝલનો જથ્થો રાજ્યસાત કર્યો.<br>(૩) (અ) ૨ કિસ્સામાં ૩ ઈસમો સામે પોલીસ કેસ.<br>(બ) ૨ કિસ્સામાં ૩ ઈસમોની અટકાયત<br>(ક) ૩ પરવાના મોકુફ.<br>(ડ) ૨ પરવાના રદ.<br>(ઈ) રૂા. ૫,૦૦૦/- અનામત રાજ્યસાત.<br>* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. |

-------------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડા બાંધવા અંગે**

૧૫૮૩૩ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ગામડાઓમાં પ્રાથમિક શાળાના ઓરડા બાંધવા માટેની જમીન નથી તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગે સરકાર શું કરવા માંગે છે, અને | (૨) કેટલાક ગામોમાં શાળાના ઓરડાઓ બનાવવા જમીન ઉપલબ્ધ નથી. આવા ગામોનો સર્વે કરાવીને બીજામાળે ઓરડાઓ બનાવવા અંગેની કામગીરી કરવામાં આવશે. |
| (૩) જમીનની અછતવાળા ગામોને શાળાનું મકાન પુરૂં પાડવા માટે બહુમાળી મકાનની યોજના સરકાર કરવા માંગે છે કે કેમ ? | (૩) સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ આ અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે. |

-------------

**જૂનાગઢ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વર્ગો વધારવા અંગે**

૧૪૬૩૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષણના વર્ગો વધારવા માટેની કેટલી દરખાસ્તો સરકારને મળી, અને

**જવાબ**

(૧) **વર્ષ ૨૦૦૪-૦૫**

| ક્રમ | તાલુકો | માધ્યમિક | ઉ.મા. | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૬ | ૦૯ | ૨૫ |
| ૨ | માણાવદર | ૦૧ | -- | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | કેશોદ | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૪ | માંગરોળ | ૦૪ | ૦૧ | ૦૫ |
| ૫ | તલાલા | ૦૩ | ૦૧ | ૦૪ |
| ૬ | વિસાવદર | ૦૪ | ૦૧ | ૦૫ |
| ૭ | મેંદરડા | ૦૧ | -- | ૦૧ |
| ૮ | માળીયા હાટીના | ૦૨ | -- | ૦૨ |
| ૯ | વેરાવળ | ૧૦ | -- | ૧૦ |
| ૧૦ | સુત્રાપાડા | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૧૧ | ઉના | ૦૫ | ૦૧ | ૦૬ |
| ૧૨ | કોડીનાર | ૦૪ | -- | ૦૪ |
| | **કુલ** | **૫૬** | **૧૭** | **૭૩** |

**વર્ષ ૨૦૦૫-૦૬**

| **ક્રમ** | **તાલુકો** | **માધ્યમિક** | **ઉ.મા.** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૭ | ૦૬ | ૨૩ |
| ૨ | માણાવદર | ૦૨ | -- | ૦૨ |
| ૩ | કેશોદ | ૦૨ | ૦૨ | ૦૪ |
| ૪ | માંગરોળ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૫ | તલાલા | ૦૫ | ૦૩ | ૦૮ |
| ૬ | વિસાવદર | ૦૩ | -- | ૦૩ |
| ૭ | મેંદરડા | ૦૧ | ૦૩ | ૦૪ |
| ૮ | માળીયા હાટીના | ૦૩ | ૦૧ | ૦૪ |
| **ક્રમ** | **તાલુકો** | **માધ્યમિક** | **ઉ.મા.** | **કુલ** |
| ૯ | વેરાવળ | ૧૦ | ૦૩ | ૧૩ |
| ૧૦ | સુત્રાપાડા | ૦૬ | ૦૩ | ૦૯ |
| ૧૧ | ઉના | ૦૭ | ૦૧ | ૦૮ |
| ૧૨ | કોડીનાર | ૦૮ | ૦૭ | ૧૫ |
| | **કુલ** | **૬૬** | **૩૦** | **૯૬** |

(૨) તાલુકાવાર કેટલી દરખાસ્તો માન્ય રાખવામાં આવી?

**વર્ષ ૨૦૦૪-૦૫**

| **ક્રમ** | **તાલુકો** | **માધ્યમિક** | **ઉ.મા.** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૦ | ૦૮ | ૧૮ |
| ૨ | માણાવદર | ૦૧ | - | ૦૧ |
| ૩ | કેશોદ | - | - | - |
| ૪ | માંગરોળ | ૦૨ | - | ૦૨ |
| ૫ | તલાલા | ૦૧ | ૦૧ | ૦૨ |
| ૬ | વિસાવદર | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૭ | મેંદરડા | - | - | - |
| ૮ | માળીયા | ૦૧ | - | ૦૧ |
| ૯ | વેરાવળ | ૦૭ | - | ૦૭ |
| ૧૦ | સુત્રાપાડા | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૧૧ | ઉના | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૧૨ | કોડીનાર | ૦૧ | - | ૦૧ |
| | **કુલ** | **૩૦** | **૧૩** | **૪૩** |

**વર્ષ ૨૦૦૫-૦૬**

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | માણાવદર | ૦૧ | - | ૦૧ |
| ૩ | કેશોદ | - | ૦૧ | ૦૧ |
| ૪ | માંગરોળ | - | ૦૧ | ૦૧ |
| ૫ | તલાલા | ૦૪ | ૦૩ | ૦૭ |
| ૬ | વિસાવદર | - | - | - |
| ૭ | મેંદરડા | - | ૦૨ | ૦૨ |
| ૮ | માળીયા હાટીના | - | ૦૧ | ૦૧ |
| ૯ | વેરાવળ | ૦૨ | ૦૩ | ૦૫ |
| ૧૦ | સુત્રાપાડા | ૦૩ | ૦૨ | ૦૫ |
| ૧૧ | ઉના | ૦૫ | ૦૧ | ૦૬ |
| ૧૨ | કોડીનાર | ૦૩ | ૦૪ | ૦૭ |
| | **કુલ** | **૨૮** | **૨૩** | **૫૧** |

-------------

**મહેસાણા જિલ્લામાં પોલિસ આવાસના કામો**

૧૪૧૪૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય પોલિસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલિસ ખાતાના રહેણાંક/ બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૯૫૧.૯૩ લાખ. |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૯૫૧.૯૩ લાખ. |

-------------

**ભચાઉ તાલુકાની ભૂકંપથી ધ્વસ્ત થયેલ પ્રાથમિક શાળાના ઓરડા બનાવવા અંગે**

૧૪૬૪૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ભચાઉ તાલુકાના લાકડીઆ ગામની પ્રાથમિક કુમાર શાળાના ભૂકંપથી ધ્વંશ થયેલ ચૌદ ઓરડાઓની જગ્યાએ પૂરા ઓરડા બનાવ્યા નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) ભૂકંપથી ધ્વંશ થયેલ ઓરડાઓ નવેસરથી બનાવવા કેટલા ઓરડાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી, અને | (૨) ૯. |
| (૩) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ લાકડીઆ પ્રાથમિક કુમાર શાળાનાં કેટલા ઓરડાઓનું કામ પૂર્ણ થયું ? | (૩) ૯. |

-------------

## કચ્છ જિલ્લામાં માધ્યમિક શિક્ષકોની ખાલી જગાઓ

૧૫૮૨૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : તા. ૨૮-૨-૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૯૯૮૪ (અગ્રતાક્રમ-૬૬)ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૪ની સ્થિતિએ પાંત્રીસ માધ્યમિક શાળામાં ૯૬ શિક્ષકોની જગ્યાઓ ખાલી હતી તે પૈકી તા.૩૧ જાન્યુઆરી-૨૦૦૬ સુધીમાં કેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી છે, | (૧) ૭૬ શિક્ષણ સહાયક. |
| (૨) બાકી રહેલા શિક્ષકોની ભરતી ન થવાના શા કારણો છે, અને | (૨) વિષયવાર, અનામતની કેટેગરી અને વર્કલોડ અનુસારના ઉમેદવારો ઉપલબ્ધ ન થતાં રોજગાર કચેરીમાંથી ફરીથી નામો મંગાવવાના થવાના કારણે. |
| (૩) તે ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૩) જે બને તેમ જલદી. |

-------------

## ગાંધીધામ રમતગમત સંકુલ માટે નાણાની ફાળવણી

૧૫૦૭૪ **ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર) : માનનીય રમત-ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીધામ સ્પોર્ટસ સંકુલ માટે ગત બજેટમાં કેટલી રકમ ફાળવવામાં આવેલ, અને | (૧) રૂા. ૧૮૧-૦૦ લાખ |
| (૨) તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૯.૩૨-૦૦ લાખ |

-------------

## રાજ્યમાં રાંધણગેસની તંગી નિવારવાનાં પગલાં

૧૪૦૨૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાંધણગેસની જિલ્લાવાર કેટલી જરૂરિયાત છે,<br>(૨) જરૂરિયાત સામે કેટલો પુરવઠો છેલ્લા છ માસમાં માસવાર ઉપલબ્ધ થયો છે, અને | (૧) અને (૨) : તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં રાંધણગેસની જીલ્લાવાર/માસવાર જરૂરિયાત અને ઉપલબ્ધ થયેલ સીલીન્ડરોની માહિતી દર્શાવતું પત્રક-૧ સામેલ છે. |
| (૩) તંગી નિવારવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં છે ? | (૩) (અ) ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથે અવાર-નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની પૂરતી ઉપલબ્ધિ માટે બેકલોગ ઘટાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સુચના આપી તેનું જીલ્લાઓમાં સતત મોનીટરીંગ કરવામાં આવે છે.<br>(બ) રાંધણગેસનો દુરુપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, વાહનો, હોટલો-રેસ્ટોરન્ટ જેવા વેપારી અને ઓદ્યોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવેલ છે. અને કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. |

## પ ત્ર ક - ૧
## તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં રાંધણગેસની જિલ્લાવાર/માસવાર જરૂરીયાત અને ઉપલબ્ધ થયેલ જથ્થાની વિગતો

| અ.નં. | જિલ્લાનું નામ | ઓગષ્ટ-૦૫ | | સપ્ટેમ્બર-૦૫ | | ઓક્ટોમ્બર-૦૫ | | નવેમ્બર-૦૫ | | ડીસેમ્બર-૦૫ | | જાન્યુઆરી-૦૬ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ઉપલબ્ધ થયેલ જથ્થો | જરૂરીયાત | ઉપલબ્ધ થયેલ જથ્થો | જરૂરીયાત | ઉપલબ્ધા થયેલ જથ્થો | જરૂરીયાત | ઉપલબ્ધ થયેલ જથ્થો | જરૂરીયાત | ઉપલબ્ધ થયેલ જથ્થો | જરૂરીયાત | ઉપલબ્ધ થયેલ જથ્થો |
| ૧ | અમદાવાદ શહેર | ૬૩૦૩૨૩ | ૫૧૩૧૮૨ | ૬૩૮૯૮૬ | ૫૧૮૨૮૭ | ૬૪૯૮૮૨ | ૫૪૦૨૫૭ | ૬૩૩૯૮૮ | ૫૧૭૩૯૪ | ૬૬૧૫૩૮ | ૫૪૪૦૮૮ | ૬૭૧૫૮ | ૫૭૦૮૨૦ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૧૯૫૦૧૨ | ૧૮૫૧૮૭ | ૧૯૪૪૧૮ | ૧૭૯૯૧૯ | ૨૦૬૧૫૫ | ૧૯૨૦૭૫ | ૨૨૧૭૯૦ | ૧૭૩૦૭૨ | ૨૧૨૬૩૭ | ૧૯૭૩૧૮ | ૨૧૬૨૩ | ૨૦૧૮૭૫ |
| ૩ | અમરેલી | ૭૫૯૬૯ | ૪૬૯૫૩ | ૭૭૭૬૧ | ૪૫૫૯૪ | ૭૭૮૧૫ | ૪૯૬૩૬ | ૭૭૮૧૫ | ૪૮૦૬૬ | ૭૭૮૧૫ | ૫૪૦૨૧ | ૭૮૬૪૨ | ૪૯૩૩૦ |
| ૪ | આણંદ | ૧૧૯૨૫૦ | ૧૧૧૧૧૨ | ૧૧૯૨૫૦ | ૧૧૨૧૮૪ | ૧૧૯૨૫૦ | ૧૨૬૪૩૩ | ૧૧૯૨૫૦ | ૧૦૫૯૭૦ | ૧૧૯૨૫૦ | ૧૨૬૧૪૪ | ૧૧૯૨૫૦ | ૧૧૭૭૯૫ |
| ૫ | બનાસકાંઠા | ૫૦૧૩૦ | ૪૯૦૮૨ | ૫૧૭૫૪ | ૪૯૫૪૩ | ૫૨૩૬૫ | ૫૦૫૯૫ | ૫૦૦૬૧ | ૪૮૪૦૦ | ૫૫૩૭૭ | ૫૪૨૪૨ | ૫૫૧૯૪ | ૫૩૧૫૦ |
| ૬ | ભાવનગર | ૧૩૭૮૦૩ | ૧૩૨૬૨૨ | ૧૩૩૯૦૨ | ૧૨૪૫૬૮ | ૧૩૮૩૮૧ | ૧૩૭૬૬૮ | ૧૩૮૦૧૫ | ૧૨૮૫૬૧ | ૧૪૨૫૬૭ | ૧૪૧૯૨૬ | ૧૪૮૦૬૬ | ૧૪૬૬૫૬ |
| ૭ | ભરૂચ | ૬૭૩૬૧ | ૬૧૬૦૦ | ૬૬૪૬૩ | ૬૦૮૫૧ | ૬૮૯૮૪ | ૬૫૪૯૦ | ૭૦૩૩૩ | ૫૭૧૦૪ | ૭૨૬૭૫ | ૬૨૩૬૫ | ૬૮૦૮૬ | ૬૧૩૫૯ |
| ૮ | દાહોદ | ૩૭૧૨૫ | ૨૪૭૩૨ | ૩૭૧૨૫ | ૨૩૫૦૮ | ૩૭૧૨૫ | ૨૭૯૫૨ | ૩૭૧૨૫ | ૨૪૨૫૨ | ૩૭૧૨૫ | ૨૬૯૬૨ | ૩૭૧૨૫ | ૨૫૯૯૨ |
| ૯ | ડાંગ | ૧૭૦૦ | ૧૫૦૦ | ૧૮૦૦ | ૧૫૦૦ | ૧૯૦૦ | ૧૮૦૦ | ૧૬૦૦ | ૧૫૦૦ | ૧૭૦૦ | ૧૫૦૦ | ૧૮૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | ગાંધીનગર | ૧૫૬૧૫૩ | ૧૦૯૭૩૧ | ૧૫૬૧૫૩ | ૧૦૫૯૬૦ | ૧૫૬૧૫૩ | ૧૧૭૫૫૩ | ૧૫૬૧૫૩ | ૧૦૫૩૭૮ | ૧૫૬૧૫૩ | ૧૧૬૭૧૦ | ૧૫૬૧૫૩ | ૧૧૬૭૧૦ |
| ૧૧ | જામનગર | ૧૧૦૫૮૭ | ૯૫૦૬૪ | ૧૧૦૨૮૭ | ૯૧૫૪૫ | ૧૧૧૦૧૪ | ૯૩૮૧૭ | ૧૧૦૮૯૧ | ૯૦૦૯૯ | ૧૧૩૭૬૭ | ૯૯૮૮૭ | ૧૧૫૦૧૬ | ૧૦૩૯૧૨ |
| ૧૨ | જુનાગઢ | ૧૦૭૯૮૦ | ૯૭૦૯૨ | ૧૦૭૦૬૫ | ૯૮૧૪૧ | ૧૦૬૩૮૯ | ૧૦૧૧૫૦ | ૧૦૫૩૯૪ | ૮૯૮૩૯ | ૧૦૭૯૨૫ | ૧૦૮૩૪૩ | ૧૦૫૬૩૧ | ૧૦૪૪૮૩ |
| ૧૩ | ખેડા | ૯૩૪૪૪ | ૭૯૨૩૨ | ૯૩૭૧૭ | ૭૯૯૧૪ | ૯૯૮૧૭ | ૮૮૫૩૫ | ૯૨૩૮૧ | ૭૬૩૭૯ | ૧૦૩૪૧૪ | ૯૦૭૦૬ | ૧૦૩૧૩૫ | ૮૮૬૦૬ |
| ૧૪ | કચ્છ | ૯૫૭૬૪ | ૮૪૭૦૨ | ૯૫૦૮૧ | ૮૬૫૨૫ | ૯૫૧૪૭ | ૮૪૩૧૩ | ૯૩૦૩૭ | ૭૮૧૨૫ | ૧૦૩૭૧૩ | ૯૦૮૩૧ | ૧૦૨૬૮૯ | ૮૮૫૩૦ |
| ૧૫ | મહેસાણા | ૧૧૧૬૦૫ | ૧૧૦૬૧૭ | ૧૦૯૬૭૫ | ૧૦૮૫૦૯ | ૧૧૩૦૩૬ | ૧૧૦૯૩૧ | ૧૦૩૭૬૫ | ૧૦૩૪૪૧ | ૧૧૪૭૭૨ | ૧૧૫૩૧૮ | ૧૦૯૫૨૦ | ૧૦૪૨૨૮ |
| ૧૬ | નવસારી | ૧૩૯૫૮૭ | ૮૭૯૩૧ | ૧૪૦૫૬૨ | ૮૭૯૬૧ | ૧૪૧૦૦૬ | ૯૧૨૫૪ | ૧૪૧૩૧૩ | ૮૪૪૯૪ | ૧૪૧૪૭૨ | ૯૩૩૭૧ | ૧૪૧૮૬૩ | ૯૨૬૭૮ |
| ૧૭ | નર્મદા | ૧૧૭૪૮ | ૯૦૮૪ | ૧૧૭૪૮ | ૮૫૭૩ | ૧૧૭૪૮ | ૮૮૨૬ | ૧૧૭૪૮ | ૮૬૭૮ | ૧૧૭૪૮ | ૯૩૬૪ | ૧૧૭૪૮ | ૯૨૦૭ |
| ૧૮ | પંચમહાલ | ૫૧૦૫૭ | ૪૭૫૩૮ | ૪૭૮૧૧ | ૪૫૭૯૦ | ૪૮૫૨૬ | ૪૯૬૪૪ | ૪૬૦૩૫ | ૪૪૫૧૯ | ૪૯૨૪૪ | ૪૭૬૦૩ | ૪૯૩૮૧ | ૪૬૮૯૦ |
| ૧૯ | પાટણ | ૪૮૮૨૨ | ૪૭૦૨૮ | ૪૯૦૩૬ | ૪૭૩૨૦ | ૫૩૫૭૬ | ૫૧૧૫૨૦ | ૫૦૫૮૫ | ૪૭૯૨૮ | ૫૩૭૯૦ | ૫૧૮૪૯ | ૫૩૦૭૮ | ૨૮૪૨૫ |
| ૨૦ | પોરબંદર | ૪૩૩૫૭ | ૩૯૩૯૦ | ૪૩૩૫૭ | ૪૦૩૦૦ | ૪૩૩૫૭ | ૩૯૯૯૦ | ૪૩૩૫૭ | ૩૯૯૯૦ | ૪૩૩૫૭ | ૪૦૪૫૦ | ૪૩૩૫૭ | ૪૦૫૯૦ |
| ૨૧ | રાજકોટ | ૨૪૧૦૯૦ | ૨૩૩૪૧૮ | ૨૩૪૭૮૨ | ૨૩૮૪૧૫ | ૨૪૫૪૭૫ | ૨૪૧૨૯૬ | ૨૩૩૮૯૩ | ૨૩૯૦૧૦ | ૨૪૨૨૬૬ | ૨૪૫૨૬૯ | ૨૩૬૫૮૩ | ૨૩૯૭૮૮ |
| ૨૨ | સાબરકાંઠા | ૬૪૭૩૯ | ૫૯૦૧૨ | ૬૪૯૩૧ | ૫૮૧૦૦ | ૬૪૯૨૦ | ૫૯૨૩૧ | ૬૪૯૭૨ | ૫૪૪૯૬ | ૬૫૦૮૪ | ૬૧૬૯૯ | ૬૫૪૩૬ | ૫૯૮૫૯ |
| ૨૩ | સુરત | ૫૧૨૦૦૦ | ૫૦૪૫૨૨ | ૫૧૨૩૪૦ | ૪૮૩૧૬૨ | ૫૧૨૨૨૦ | ૪૯૯૧૩૧ | ૫૧૨૨૩૦ | ૪૩૭૦૪૫ | ૫૧૨૨૩૫ | ૪૮૦૩૨૧ | ૫૧૨૨૧૦ | ૫૦૩૫૭૭ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૫૬૦૦૦ | ૪૯૭૫૧ | ૫૬૩૨૫ | ૫૧૧૩૭ | ૫૮૦૫૦ | ૫૪૧૦૨ | ૫૫૯૦૦ | ૪૭૪૨૫ | ૫૮૩૫૦ | ૫૨૬૪૬ | ૫૯૭૭૫ | ૫૦૭૦૯ |
| ૨૫ | વડોદરા | ૩૧૦૦૦૦ | ૨૫૪૪૦૦ | ૩૧૦૦૦૦ | ૨૫૩૨૦૦ | ૩૧૦૦૦૦ | ૨૭૫૧૦૦ | ૩૧૦૦૦૦ | ૨૩૯૪૦૦ | ૩૧૦૦૦૦ | ૨૮૨૦૦૦ | ૩૧૦૦૦૦ | ૨૮૪૭૦૦ |
| ૨૬ | વલસાડ | ૯૭૪૮૨ | ૯૧૪૯૮ | ૯૬૩૦૭ | ૯૧૧૧૩ | ૧૦૨૦૫૧ | ૯૭૭૨૫ | ૯૧૯૧૪ | ૮૭૯૮૩ | ૧૦૨૩૭૯ | ૯૭૭૩૦ | ૧૦૦૩૪૮ | ૯૪૫૭૬ |

-------------

## રાજ્યમાં પી. બી. એમ. ના કેસો

૧૫૦૯૪ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-જાન્યુઆરી, ૨૦૦૬ ની સ્થિતિએ વર્ષ : ૨૦૦૫-૦૬ દરમ્યાન પી.બી.એમ. હેઠળ કેટલા કેસો નોંધવામાં આવેલ છે, | (૧) ૬૩ કેસો. |
| (૨) તે પેકી બોર્ડ ધ્વારા અને કોર્ટ ધ્વારા કેટલા ઈસમોને છોડવામાં આવેલ છે, અને | (૨) બોર્ડ દ્વારા છોડેલ ઈસમો... ૧૦ અને કોર્ટ દ્વારા છોડેલ ઈસમો... ૪૭ |

(૩) તેમજ કેટલા ઈસમોને સજા થઈ ?

(૩) પી.બી.એમ. એકટ હેઠળ કરવામાં આવતી અટકાયત સજા તરીકે ગણવામાં આવતી નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગાઓ

૧૪૪૫૨ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર, પ્રાથમિક શાળામાં શિક્ષકોની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબની જગ્યાઓ ખાલી છે.

| | |
|---|---|
| જુનાગઢ | ૦૫ |
| વંથલી | ૦૨ |
| માણાવદર | ૧૨ |
| કેશોદ | ૦૧ |
| માગરોળ | ૪૪ |
| માળીયા હાટીના | ૨૦ |
| વેરાવળ | ૫૮ |
| સૂત્રાપાડા | ૧૧૧ |
| કોડીનાર | ૬૪ |
| ઉના | ૪૦૦ |
| તલાલા | ૫૪ |
| મેંદરડા | ૦૩ |
| વિસાવદર | ૦૧ |
| ભેંસાણ | ૦૦ |
| **કુલ :-** | **૭૭૫** |

(૨) શિક્ષકોની ખાલી જગ્યાઓ ઉપર કેટલા સમયમાં નિમણૂંક કરવામાં આવનાર છે ?

(૨) જેમ બને તેમ જલ્દી.

## ગાંધીનગર તાલુકામાં વિદેશી દારૂ અંગે દરોડા અને કેસો

૧૫૦૮૮ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર તાલુકામાં તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદેશી દારૂનો વ્યવસાય કરતાં કેટલા લોકો સામે કેસ થયા, અને

(૨) ક્યા ક્યા સ્થળે દરોડા પાડવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૧૩૩

(૨) નીચેના સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા

| | |
|---|---|
| મોટા ચિલોડા ચાર રસ્તા | ગાંધીનગર ટાઉન |
| ઘ-૫ સર્કલ, ગાંધીનગર | મહુન્દ્રા |
| ઈન્દ્રોડા સર્કલ | રણાસણ |
| રાજધાની હોટલ સામે | પેથાપુર |
| સેકટર-૩૦ સર્કલ, ગાંધીનગર | પીપળજ |
| પાર્શ્વનાથ સોસાયટી ચાંદખેડા | ઉનાવા |
| ઝુંડાલ ચાર રસ્તા પાસે | વાવોલ |

| | |
|---|---|
| ચરેડી ફાટક, ગાંધીનગર | ચાંદખેડા |
| ચિલોડા સર્કલ | ઝુંડાલ |
| પ્રેસ સર્કલ, ગાંધીનગર | કોબા |
| જી.આઈ.ડી.સી., ગાંધીનગર | અડાલજ ચોકડી |
| વાસણીયા મહાદેવ, રાંધેજા રોડ | સિહોલી ગામ |
| કેનાલ પાસે, કોબા સર્કલ | અડાલજ સર્કલ |
| ડભોડા ત્રણ રસ્તા પાસે | સેકટર-૨૮, ગાંધીનગર |
| ચંદ્રાલા ગામની સીમમાં | કોઠા ગામ |
| ઝુંડાલ બસ સ્ટેન્ડ પાસે | સીઆરપી કેમ્પ સામે, ચીલોડા |
| નર્મદા કેનાલ પાસે, રાયપુર | રાંધેજા ચાર રસ્તા પાસે |
| ચાંદખેડા બસ સ્ટેન્ડ પાસે | સેકટર-૧૬, |
| અડાલજ ટોલ નાકા પાસે | શાલીમાર સીનેમા સામે |

## ડાંગ જિલ્લામાં પોલીસ આવાસના કામો

૧૪૧૪૧ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ડાંગ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૪૩૭.૪૨ લાખ |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૪૩૭.૪૨ લાખ |

-------------

## અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોને પ્રશિક્ષણ

૧૪૨૨૧ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ દરમ્યાન અમરેલી જિલ્લાના કેટલા પ્રાથમિક શિક્ષકોને બી.આર.સી, સી.આર.સી અને શિક્ષણની નવી તરાહ અંગેના સેમીનારમાં પ્રશિક્ષણ આપવામાં આવેલ, અને | (૧) જિલ્લામાં કુલ ૫૧૭૧ શિક્ષકોને ૬૩૮૯૭ માનવદિનનું પ્રશિક્ષણ આપવામાં આવેલ. |
| (૨) આ અંગે કેટલું ખર્ચ કરેલ છે ? | (૨) રૂા. ૧૭,૬૨,૧૪૦/- |

-------------

## કચ્છ જિલ્લામાં પોલીસ આવાસના કામો

૧૪૧૪૫**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય પોલિસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કચ્છ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૫૮૧.૮૬ લાખ |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૫૮૧.૮૬ લાખ |

## રાજ્યમાં રાંધણગેસના બાટલાની તંગી

૧૫૮૪૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલમાં રાજ્યમાં ઘરવપરાશનાં ગેસનાં સીલીન્ડરોની ખૂબજ તંગી વર્તાઇ રહી છે તે સરકાર જાણે છે, | (૧) જી, હા. |
| (૨) જો હા, તો આ તંગી નિવારવા સરકારે કેવા પ્રકારનાં પગલાં લીધાં છે, અને<br>(૩) ગેસના સીલીન્ડરોની તંગી કેટલા સમયમાં દૂર થાય તેમ છે ? | ખંડ-(૨) અને (૩)<br>(અ) ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથે અવાર-નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ માટે બેંકલોગ દ ટાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સુચના આપી અને તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.<br>(બ) રાંધણગેસનો દુરુપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, હોટલ જેવા વ્યાપારી અને ઓદ્યોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવે છે અને કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેના પરિણામે હાલમાં મહદઅંશે રાંધણગેસની પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. |

-------------

## શિક્ષણ વિભાગના નિવૃત નાયબ નિયામક સામે ફરિયાદો છતાં પુનઃ નિમણૂંક

૧૫૦૮૧ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શિક્ષણ વિભાગના નાયબ નિયામક તરીકે નિવૃત થયેલ અધિકારીની સેવાઓ તેમની નિવૃત પછી પણ રાજ્ય સરકાર લઇ રહી હોવાની હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) તેઓ સેવામાં ચાલુ હતા તે દરમ્યાન તેમની સામે રાજ્ય સરકારને કરોડો રૂપિયાનું નુકસાન કરાવ્યાની વિગતો જાહેર થઇ હોવા છતાં નિવૃત્તિ પછી પણ તેમની સેવાઓ લેવાના કારણો શાં છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નિવૃત્તિ પછી તેમની સેવાઓ લેવામાં સરકારી નિયમોનો ભંગ કરવામાં આવ્યો હોવાની હકીકત સાચી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો તેના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## રાજ્યમાં બોગસ ડિગ્રી ધારકોને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક

૧૪૬૪૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય બહારની યુનિવર્સિટીઓના બોગસ પ્રમાણપત્રો લઇ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કેટલા શિક્ષકોને નિમણુંક | (૧) ૯૦ |

આપ્યાનું રાજ્ય સરકારના ધ્યાને આવ્યું, અને

(૨) તે દરેક સામે સરકારે શાં શાં પગલાં લીધા ?

(૨) આ પૈકી ૮૯ શિક્ષકોને નોકરીમાંથી છુટા કરેલ છે. ૧ ને છુટા કરવાની કાર્યવાહી ચાલુ છે.

૨. નિમણૂંક તારીખથી ચુકવેલ પગાર વસુલ કરવાની કાર્યવાહી કરેલ છે.

૩. આ અંગેની તપાસ સી.આઈ.ડી. (ક્રાઈમ)ને સોંપેલ છે.

-------------

## રાજ્યમાં રાંધણગેસના ગેરકાયદે વપરાશ સામે સરકારની ઝુંબેશ

૧૫૦૭૨ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યભરમાં પુરવઠા તંત્ર દ્વારા રાંધણગેસના ગેરકાયદે વપરાશ સામે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા બે માસ દરમ્યાન કેટલા આવા કિસ્સા ઝડપાયા, અને

(૩) સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા,

(૨) ૧૮૦૭ તપાસોમાં ૨૧૯૯ નંગ ગેસ સીલીન્ડર તથા ૯ વાહનો ઝડપાયા.

(૩) નીચે મુજબ.

(૧) રૂા. ૩૧,૩૭,૭૦૮/-કિંમતનો જથ્થો જેમાં ૨૧૯૯ નંગ ગેસ સીલીન્ડરો -ા- ૩૬૮.૬ કિ. ગ્રામ ગેસ
૮ મારૂતિ વાન
૧ રીક્ષા કબ્જે કર્યા.

(૨) રૂા. ૪,૩૯,૬૪૬/-ની કિંમતનો જથ્થો જેમાં ૩૧૦ ગેસ સીલીન્ડરો અને ૨૪૧ કિલો ગેસ રાજ્યસાત કર્યો

(૩) ૨ પોલીસ કેસ કર્યા.

-------------

## રાજ્યમાં કન્યા કેળવણી

૧૪૨૭૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્યમાં ૨૦% કરતા વધારે ડ્રોપઆઉટ દર ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતી કન્યાઓમાં હોય તેવા જિલ્લાવાર કુલ કેટલા ગામો છે,

(૨) જૂન-૨૦૦૫થી કન્યા કેળવણી રથ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને લીધે જિલ્લાવાર કુલ કેટલા ગામોમાં એનરોલમેન્ટ દરમાં વધારો થયો, અને

(૩) આ કાર્યક્રમ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ડિસેમ્બર-૦૫ અંતિતે ડ્રોપ આઉટ રેટ નક્કી થતો નથી પરંતુ વાર્ષિક પરીક્ષાના પરિણામ બાદ આ રેટ ગણવામાં આવે છે.

(૨) એનરોલમેન્ટ દરમાં વધારો કે ઘટાડો વર્ષાન્તે નક્કી થાય છે. તેથી હાલ માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કુલ ખર્ચ રૂા. ૬૩,૩૪,૨૦૦/-

-------------

### ડાંગ અને વલસાડ જિલ્લામાં નિરાધાર વિધવાઓને સહાય

૧૩૯૩૦ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ અને વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં નિરાધાર વિધવાઓની સહાય મેળવવા કેટલી અરજીઓ પડતરમાં છે, અને | (૧) ડાંગ જિલ્લામાં, ૩૮ અને વલસાડ જિલ્લામાં ૨૧૩. |
| (૨) આ પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રાંત કચેરીઓ દ્વારા ચકાસણી કરીને સત્વરે નિકાલ કરવામાં આવશે. |

-------------

### જૂનાગઢ જિલ્લામાં પોલીસ આવાસના કામો

૧૪૧૪૪ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાંકિય વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક-બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૭૮૫.૩૪ લાખ. |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૭૮૫.૩૪ લાખ. |

-------------

### સાબરકાંઠા જિલ્લામાં પેટ્રોલ ડીઝલમાં ભેળસેળ

૧૫૮૫૨ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં પેટ્રોલ-ડીઝલમાં ભેળસેળ બાબતે કેટલા દરોડા પાડવામાં આવ્યા, | (૧) ૬૮ દરોડા. |
| (૨) દરોડા દરમિયાન કેટલા પેટ્રોલ પંપો પર નિયત ડેન્સીટીમાં ફેરફાર જણાયો, | (૨) કોઈ નહી. |
| (૩) આ પંપો સામે શાં પગલાં લેવામાં આવ્યા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) નિયત ડેન્સીટી ન મળવાથી વાહનો પર વિપરીત અસર થાય છે, તેની સરકારને કોઈ ફરિયાદ મળેલ છે કે કેમ ? | (૪) ના, જી. |

-------------

### ખેડા અને આણંદ જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને ફાળવેલ કેરોસીન

૧૩૯૨૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં માસવાર રેશનકાર્ડ ધારકો માટે કેટલું કેરોસીન ફાળવવામાં આવ્યું, અને | (૧) પત્રક-૧ મુજબ. |

(૨) રેશનીંગ દુકાનો ઉપરથી સમયસર પુરતો જથ્થો કેરોસીનનો ગ્રાહકોને મળતો નથી તે અન્વયે સરકાર તરફથી શી કાર્યવાહી થઈ ?

(૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી રાજ્યને મળતી ફાળવણી જરૂરીયાત સામે અપુરતી છે. દુકાનદારોને સમયસર તેઓની ફાળવણી પેટેનો જથ્થો ઉપલબ્ધ થાય તે માટે પુરતુ આયોજન કરી સતત મોનીટરીંગ રાખવામાં આવે છે, અને કોઈ કેરોસીનના વિક્રેતા દ્વારા ગેરરીતિ કરવામાં આવે નહિ તે માટે તપાસણી તંત્ર દ્વારા અવાર-નવાર તપાસો કરાવવામાં આવે છે કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

**ખેડા અને આણંદ જિલ્લામાં સને૨૦૦૫ માં માસવાર ફાળવેલ કેરોસીનના જથ્થાની વિગત દર્શાવતું પત્રક**

**(અંકડા કિ.લી. માં)**

| **અ.નં.** | **માસનું નામ** | **ખેડા જિલ્લો** | **આણંદ જિલ્લો** |
|---|---|---|---|
| ૧ | જાન્યુઆરી | ૨૯૨૨ | ૨૩૨૫ |
| ૨ | ફેબ્રુઆરી | ૨૯૨૩ | ૨૩૨૬ |
| ૩ | માર્ચ | ૨૯૨૨ | ૨૩૨૬ |
| ૪ | એપ્રિલ | ૨૯૨૨ | ૨૩૨૩ |
| ૫ | મે | ૨૯૧૩ | ૨૩૨૩ |
| ૬ | જુન | ૨૯૬૪ | ૨૩૪૫ |
| ૭ | જુલાઈ | ૨૯૭૭ | ૨૩૬૮ |
| ૮ | ઓગષ્ટ | ૨૯૫૬ | ૨૩૫૫ |
| ૯ | સપ્ટેમ્બર | ૨૯૨૭ | ૨૩૩૩ |
| ૧૦ | ઓકટોબર | ૨૯૪૯ | ૨૩૫૧ |
| ૧૧ | નવેમ્બર | ૨૯૪૮ | ૨૩૫૦ |
| ૧૨ | ડીસેમ્બર | ૨૯૨૨ | ૨૩૨૯ |

-------------

**શિહોર પોલીસ સ્ટેશનની હદમાં વિદેશી દારૂ પકડવા અંગે**

૧૫૬૯૪ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૬ની સ્તિથિએ છેલ્લા બે વર્ષમાં શિહોર પોલીસ સ્ટેશન હેઠળ રૂા. ૧૫૦૦૦/- હજાર કે તેથી વધારે કીંમતનો વિદેશી દારૂ કેટલીવાર પકડાયેલ છે, અને

(૨) આ અન્વયે સ્થાનિક અધિકારી સામે શું પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ત્રણ (૩) વાર.

(૨) ૧ કેસમાં સ્થાનિક પોલીસ સબ ઈન્સ્પેકટર વિરુધ્ધ પ્રાથમિક તપાસ ચાલે છે જ્યારે નશાબંધી ખાતાના જવાબદાર અધિકારી વિરુધ્ધ બે (૨) કેસોમાં શિક્ષા કરવામાં આવેલ છે. અને એક (૧) કેસમાં શિક્ષા અંગેની કાર્યવાહી ચાલુ છે.

------------

## વલસાડ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

૧૪૦૯૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય માટેની કેટલી અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી, અને

**જવાબ**

(૧) તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓ | સહાય ચુકવેલ અરજીઓ | સહાય ચુકવવાની કાર્યવાહી ચાલુ છે તેવી અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૧૫ | ૧૮૩ | ૩૨ |
| ૨ | પારડી | ૭૯ | ૭૦ | ૯ |
| ૩ | ઉમરગામ | ૫૧ | ૩૫ | ૧૬ |
| ૪ | ધરમપુર | ૨૯ | ૧૫ | ૧૪ |
| ૫ | કપરાડા | ૧૪ | ૧૨ | ૨ |
| | કુલ | ૩૮૮ | ૩૧૫ | ૭૩ |

(૨) હાલ કેટલી અરજીઓનો નિકાલ બાકી છે ?

(૨) ૨૧૩.

-------------

## રાજ્યમાં સ્વનિર્ભર બી.એડ. અને પી.ટી.સી. કૉલેજો માટે ના-વાંધા પ્રમાણપત્ર

૧૪૩૨૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે નવી સ્વનિર્ભર બી.એડ. કે પી.ટી.સી. કોલેજો શરૂ કરવા ક્યા વિસ્તારની કઈ કઈ સંસ્થાઓને કેટલી એન.ઓ.સી. આપી ?

**જવાબ**

(૧) પુરતી પી.ટી.સી. અને બી.એડ. કોલેજો હોવાથી રાજ્ય સરકારે એન.ઓ.સી. આપી ન હતી. પરંતુ એન.સી.ટી.ઈ. ની મંજૂરી અને હાઈકોર્ટના આદેશો અન્વયે આ સાથેના પત્રક-અ મુજબની સંસ્થાઓને મંજૂરી/એન.ઓ.સી. આપી છે.

**પત્રક--અ**

| ક્રમ | સંસ્થાનું નામ. |
|---|---|
| ૧ | શ્રી એચ.એમ. શાહ તથા એમ.પી. સંઘવી ચેરીટેબલ ટ્રસ્ટ, ધ્રાંગધ્રા |
| ૨ | પંચશીલ એજ્યુ. ટ્રસ્ટ, રાજકોટ |
| ૩ | સરદાર પટેલ કેળવણી મંડળ, રાજકોટ |
| ૪ | ભગવતસિંહજી ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ |
| ૫ | યદુનંદન એજ્યુ. ટ્રસ્ટ, રાજકોટ |
| ૬ | સ્વ. સોનાબેન વેલજીભાઈ ચોધરી ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ |
| ૭ | શ્રી સરદાર પટેલ વિશ્વ વિદ્યા સંસ્થાન, રાજકોટ |
| ૮ | સ્વ. માતૃશ્રી શાંતાબેન જીવરાજભાઈ કોરાટ એજ્યુ. ટ્રસ્ટ, જી. રાજકોટ |
| ૯ | શ્રી ગ્રામ સાર્વજનિક એજ્યુ. ટ્રસ્ટ, જનડા, જી. રાજકોટ |
| ૧૦ | શ્રી સરદાર પટેલ કન્યા કેળવણી મંડળ, જી. રાજકોટ |
| ૧૧ | હરસિધ્ધી સાર્વજનિક ટ્રસ્ટ, જી. બનાસકાંઠા |
| ૧૨ | મેધરજ તાલુકા ગ્રામ વિકાસ મંડળ, જી. સાબરકાંઠા |
| ૧૩ | સરદાર એજ્યુ. ટ્રસ્ટ, વિજાપુર, જી. મહેસાણા |
| ૧૪ | લોક નિકેતન મહાવિદ્યાલય, જી. બનાસકાંઠા |
| ૧૫ | નિરંજન એજ્યુ, ટ્રસ્ટ, જી. રાજકોટ |

| | |
|---|---|
| ૧૬ | બાયડ કેળવણી મંડળ, જી. સાબરકાંઠા |
| ૧૭ | શિવશક્તિ એજ્યુ. ચેરીટેબલ ટ્રસ્ટ, જી. પંચમહાલ |
| ૧૮ | જ્ઞાન યોગ એજ્યુ. એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, જી. સાબરકાંઠા |
| ૧૯ | પંચમહાલ જીલ્લા ખેડૂત કેળવણી મંડળ, જી. દાહોદ |
| ૨૦ | આનંદ એજ્યુ. ટ્રસ્ટ, અમદાવાદ |
| ૨૧ | શ્રી વિવિધ લક્ષી યુવા વિકાસ ટ્રસ્ટ, જી. બનાસકાંઠા |
| ૨૨ | શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ, વિસનગર |
| ૨૩ | શ્રી વ્રજલાલ જેશંકર ઓઝા ટ્રસ્ટ, લખતર, જી. સુરેન્દ્રનગર |
| ૨૪ | સંતોષ ફાઉન્ડેશન, ભાન્ડુ, જી. મહેસાણા |
| ૨૫ | સ્વ. દેવશી બાપા સ્મારક એજ્યુ. ટ્રસ્ટ, જી. જુનાગઢ |
| ૨૬ | શ્રી નીલકંઠ એજ્યુ. એન્ડ સોશ્યલ વેલફેર ટ્રસ્ટ, જી. સાબરકાંઠા |
| ૨૭ | શ્રી આરાધના એજ્યુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, જી. ભાવનગર |
| ૨૮ | એક્તા ટ્રસ્ટ, નવી મેત્રાલ, તા. ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા |
| ૨૯ | વિશ્વમંગલમશારદા ગ્રામ કેળવણી મંડળ, હિંમતનગર, જી. સા.કાં. |
| ૩૦ | રાજપુર કેળવણી મંડળ, રાજપુર, તા. વિજયનગર, જી. સાબરકાંઠા |
| ૩૧ | સર્વોદય વિવિધ વિકાસ મંડળ, છાપી, તા. ઈડર, જી. સાબરકાંઠા |
| ૩૨ | સ્વામી એજ્યુ. ટ્રસ્ટ, ગાંધીનગર |
| ૩૩ | વર્ધમાન ભારતી ટ્રસ્ટ, વઢવાણ, જી. સુરેન્દ્રનગર |
| ૩૪ | આનંદ નિકેતન એજ્યુ. ટ્રસ્ટ, મુ. હીરપુરા, તા. વિજાપુર, જી. મહેસાણા |
| ૩૫ | શ્રી એમ. ડી. મહેતા એજ્યુ. ટ્રસ્ટ, જી. જામનગર |
| ૩૬ | સંસ્કાર એજ્યુ. ટ્રસ્ટ, જી. વડોદરા |
| ૩૭ | શ્રી વિદ્યાધન ચેરીટેબલ ટ્રસ્ટ જી. સુરત |
| ૩૮ | મોનાર્ક એજ્યુ. ટ્રસ્ટ, જી. અમદાવાદ |
| ૩૯ | આનંદ નિકેતન એજ્યુ. ટ્રસ્ટ, જી. અમદાવાદ |
| ૪૦ | શ્રી શ્રેયસ એજ્યુ. ટ્રસ્ટ,સુરત |
| ૪૧ | હીરાબા કેળવણી મંડળ, અમદાવાદ |
| ૪૨ | મહેસાણા પાટણ જીલ્લા કેળવણી મંડળ, ગાંધીનગર |
| ૪૩ | સરદાર પટેલ ટ્રસ્ટ, વિસનગર, જી. મહેસાણા |
| ૪૪ | ખાંભલ્યા પરિવાર એજ્યુ. ટ્રસ્ટ, અમદાવાદ |
| ૪૫ | શ્રી અરવલ્લી સદ્ભાવના ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.પો.તા. વિજયનગર, જી. સાબરકાંઠા |
| ૪૬ | શ્રી કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ, ટંકારા, જી. રાજકોટ |
| ૪૭ | શ્રી કન્યા કેળવણી મંડળ, ઉંઝા, જી. મહેસાણા. |
| ૪૮ | શ્રી મહાત્મા ગાંધી એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ. |
| ૪૯ | અમર ભારતી ટ્રસ્ટ, મોટી પાવથી, જી. ગાંધીનગર. |
| ૫૦ | શ્રી ઓડ એજ્યુકેશન સોસાયટી, ઓડ, તા. જી. આણંદ. |
| ૫૧ | જનકલ્યાણ ઉત્કર્ષ મંડળ, મુ. નાનાપોંઢા, તા. કપરાડા, જી. વલસાડ. |
| ૫૨ | શ્રીનાથ વિદ્યોત્તેજક મંડળ, ઘાટલોડીયા, અમદાવાદ |
| ૫૩ | તક્ષશિલા એજ્યુ. એન્ડ ચોરીટેબલ ટ્રસ્ટ, બોટાદ, જી. ભાવનગર. |
| ૫૪ | હાર્વર્ડ ઈન્ડિયા સોસાયટી, નવી દિલ્હી (ગાંધીનગર ખાતે બી.એડ. કોલેજ શરૂ કરવા) |

-------------

## મહેસાણા જિલ્લામાં રાંધણગેસના વિક્રેતાઓ

૧૪૩૭૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ગ્રાહકોને નિયમિત ગેસ પુરવઠો મળતો થાય તે બાબતે સરકારે શું પગલાં ભર્યા ?

**જવાબ**

(અ) ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથે અવાર-નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની પૂરતી ઉપલબ્ધિ

કરવા તથા વિતરણ પ્રમાણ સુવ્યવસ્થિત કરવા સુચના આપી અને તેનું જીલ્લાઓમાં સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણગેસનો દુરપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, વાહનો, હોટલ, રેસ્ટોરન્ટો જેવા વ્યાપારી અને ઓધોગિક એકમોની સઘન તપાસણી કરવામાં આવેલ છે અને કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------------

**મહેસાણા જિલ્લાની આંગણવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવા અંગે**

૧૪૬૪૩ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર મહેસાણા જિલ્લાની આઈ.સી.ડી.એસ. સંચાલિત આંગણવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓના હવાલે મૂકવા માગે છે કે કેમ, | (૧) હા. જી. રાજય સરકારની નિતી મુજબ સંચાલન સોંપવામાં આવે છે. |
| (૨) મહેસાણા જિલ્લાના ક્યા ક્યા તાલુકાના કેટલા ઘટકોને કઈ કઈ સંસ્થાઓને સોંપવામાં આવેલ છે, અને | (૨) મહેસાણા જિલ્લાના ખેરાલુ ઘટકના સતલાસણા તાલુકાના સુદાસણા સેજાની ૨૦ આંગણવાડીઓ, વિકાસ ભારતી, ખેરાલુને સોંપવામાં આવેલ છે. |
| (૩) આ સંસ્થાઓ અંગે સરકારને કોઈ ફરિયાદો મળેલ છે કે કેમ? | (૩) હા, જી. |

-------------

**અમદાવાદ જિલ્લામાં અકસ્માતે મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓને જૂથ વીમા સહાય**

૧૪૨૪૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ના વર્ષ દરમ્યાન ધો. ૧ થી ૭, ધો. ૮ થી ૧૨ તથા કોલેજમાં અભ્યાસ કરતા કેટલા બાળકોના અકસ્માતે મૃત્યુ થયા છે,

(૧)

| વર્ષ | ધોરણ | અકસ્માતે મૃત્યુ થયેલ વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧ થી ૭ | ૯ |
| | ૮ થી ૧૨ | ૬ |
| | કોલેજ | ૧૧ |
| ૨૦૦૪-૦૫ | ૧ થી ૭ | ૨૮ |
| | ૮ થી ૧૨ | ૮ |
| | કોલેજ | ૯ |

(૨) આવા અકસ્માતે મૃત્યુ પામેલા બાળકોના પરિવારમાંથી આ વર્ષ દરમ્યાન કેટલા પરિવારોને જૂથ વિમા સહાય હેઠળ રકમની ચુકવણી કરવામાં આવી છે, અને

(૨)

| વર્ષ | ધોરણ | મંજૂર કરેલ સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૧ થી ૭ | ૭ |
| | ૮થી ૧૨ | ૨ |
| | કોલેજ | ૯ |
| ૨૦૦૪-૦૫ | ૧ થી ૭ | ૧૭ |
| | ૮ થી ૧૨ | ૫ |
| | કોલેજ | ૩ |

(૩) બાકી લાભાર્થી પરિવારોને કેટલા સમયમાં આ રકમ ચુકવવામાં આવશે. ?

(૩) વિમા કંપની દ્વારા ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયેથી પાત્રતા ધરાવતા કેસોની ચૂકવણી જેમ બને તેમ જલ્દીથી કરવામાં આવશે.

-------------

**કેદીઓ માટે ઈલેક્ટ્રોનિક વિડીયો લીન્ક સીસ્ટમ ધ્વારા કોર્ટમાં રજૂ કરવા અંગે**

૧૪૬૦૮**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય જેલ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેદીઓને ઈલેક્ટ્રોનીક વિડીયો લીન્કેઝ સીસ્ટમ ધ્વારા કોર્ટમાં રજૂ કરવાની યોજના સંદર્ભે કેટલી જેલોને ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ જોડવામાં આવી,

(૨) મહેસાણા જિલ્લામાં આ પધ્ધતિ અમલમાં મૂકવાની છે, અને

(૩) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧) અમદાવાદ મધ્યસ્થ જેલને ભદ્ર કોર્ટ સંકુલ સાથે.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**જિલ્લા કક્ષાએ રમત-ગમત પ્રવૃત્તિને વેગ આપવા અંગે**

૧૫૮૨૨ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય રમત ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રમત ગમતની પ્રવૃત્તિને વેગ આપવા જિલ્લા કક્ષાએ હાલ સરકાર ધ્વારા કઈ કઈ સગવડતાઓ આપવામાં આવે છે, અને

(૨) વિદ્યાર્થીઓ યુવાન ખેલાડીઓમાં શારીરિક સૌષ્ઠવ વિક્સાવવા આ યોજનાને વિસ્તારવાની સરકાર કોઈ વિચારણા કરે છે કે કેમ ?

**જવાબ**

(૧) રમતગમતની પ્રવૃત્તિને વેગ આપવા પ્રશિક્ષણ ઉપરાંત પ્રતિભાશાળી ખેલાડીઓ માટે ત્રણ સ્પોર્ટસ હોસ્ટેલની સગવડ આપવામાં આવે છે.

(૨) હા, જી.

-------------

**સુરત જિલ્લામાં વિદ્યાસહાયકોની ભરતી**

૧૫૦૯૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાસહાયકોને નિમણૂંક આપવામાં આવી ?

**જવાબ**

૪૨૯.

**ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ**

૧૫૮૩૭ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓના ઓરડાની કુલ કેટલી ઘટ છે, અને

(૨) આ ઘટ સરકાર કેટલા સમયમાં પૂરી કરવા માંગે છે ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **ઓરડાની સંખ્યા** |
|---|---|
| દહેગામ | ૮૯ |
| ગાંધીનગર | ૮૨ |
| કલોલ | ૮૨ |
| માણસા | ૪૦ |

(૨) જેમ બને તેમ જલદી

**ભરૂચ જિલ્લામાં નિરાધાર વિધવાઓને પેન્શન સહાય**

૧૩૯૮૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિરાધાર-વિધવાઓની પેન્શન સહાય માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી બાકી છે, અને | (૧) -- ૧૨૬ મંજૂર,<br>-- ૧૧૪ બાકી |
| (૨) જે અરજીઓ મંજૂર થયેલ છે તેમને પેન્શન આપવાનું ચાલુ કરવામાં આવ્યું છે કે કેમ ? | (૨) હા, જી |

-------------

**કચ્છના રક્ષિત સ્મારકોનું મરામત અને પુનઃ નિર્માણ કાર્ય**

૧૪૭૭૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લાના મુન્દ્રા, ગાંધીધામ, અંજાર, ભચાઉ તથા ભૂજ તાલુકામાં ભૂકંપને કારણે કેટલા પ્રાચીન એતિહાસીક તથા રક્ષિત સ્મારકોને ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ પુનઃનિર્માણની કે રીપેરીંગની જરૂર છે, | (૧) ૮ (આઠ) રાજ્ય રક્ષિત સ્મારકોને રીપેરીંગની જરૂર છે. |
| (૨) આ કામગીરી માટે સરકારે કેવા પ્રકારનું આયોજન હાથ ધર્યુ છે, અને | (૨) તે પૈકી બે સ્મારકોનું રીપેરીંગ કામ પ્રગતિમાં છે, ચાર સ્મારકોનું કામ હાથ ધરવામાં આવેલ છે, અને બાકીના બે સ્મારકોનું રીપેરીંગ કામ માટે આયોજન હાથ ધરેલ છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) તબક્કાવાર બેથી ત્રણ વર્ષમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ભાવનગર ખાતે રમતગમત સંકુલ બાંધવા અંગે**

૧૫૩૦૬ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગરના જવાહર મેદાનમાં સ્પોર્ટ કોમ્પ્લેક્ષ અથવા સ્ટેડીયમ બાંધવા રાજ્ય સરકારને તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરખાસ્ત મોકલવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ અંગે રાજ્ય સરકારે શો નિર્ણય લીધો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ચોટીલા અને સાયલા તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની સંખ્યા**

૧૪૩૯૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા અને સાયલા તાલુકામાં જુન-૨૦૦૫થી શરૂ થયેલ શૈક્ષણિક વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થિઓની કુલ સંખ્યા કેટલી, | (૧) ચોટીલા--૩૫૮૯૨<br>સાયલા--૨૨૬૧૯ |

અને

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૨) વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ કુલ કેટલા શિક્ષકો અને કેટલા ઓરડા છે ? | (૨) **તાલુકો** | **શિક્ષકો** | **ઓરડાઓ** |
| | ચોટીલા | ૮૭૨ | ૭૯૬ |
| | સાયલા | ૫૬૫ | ૫૩૭ |

-------------

**સુરત જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૧૫૮૪૩ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની જગ્યા ખાલી છે, અને | (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ માધ્યમિક શિક્ષકોની ખાલી જગ્યા ૬૦ અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ખાલી જગ્યા ૨૪. |
| (૨) તે પૈકી આ સમય દરમ્યાન કેટલા શિક્ષકોની ભરતી કરવામાં આવી ? | (૨) તે પૈકી આ સમય દરમ્યાન માધ્યમિક શિક્ષકોની કરવામાં આવેલી ભરતી ૩૭ અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની કરવામાં આવેલી ભરતી ૧૪. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ આપવા અંગે**

૧૫૮૫૬ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગરીબી રેખા હેઠળ જીવતાં કુટુંબોને બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ન થતાં એવાં કુટુંબો સરકારે જાહેર કરેલ રાહતોથી વંચિત રહે છે તે વાત સરકાર જાણે છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કુલ કેટલાં બી.પી.એલ. કાર્ડ કાઢી આપવામાં આવ્યા | (૨) ૭૯૫ |
| (૩) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ એવા કાર્ડ માટેની કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) શૂન્ય |
| (૪) પડતર અરજીઓના નિકાલ માટે સરકારે કરેલ આયોજનની વિગતો શું છે ? | (૪) હયાત બી.પી.એલ. કાર્ડની ચકાસણી કરતાં બી.પી.એલ.ની પાત્રતા ધરાવતા ન હોય તેવા કાર્ડ રદ કરી તેની સામે પાત્રતા ધરાવતા કુટુંબોને નવા બી.પી.એલ. કાર્ડ આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. |

-------------

**અમદાવાદમાં કાર્ડદીઠ કેરોસીનનો જથ્થો**

૧૫૦૭૬ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષ દરમ્યાન કાર્ડદીઠ કેટલો કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો, | (૧) કાર્ડદીઠ માસિક સરેરાશ ૧૩.૧૦ લીટર |
| (૨) વિતરક ઓછો જથ્થો ફાળવે છે એવી કેટલી | (૨) ૭ (સાત) |

ફરિયાદો મળી છે, અને

(૩) તપાસ પછી કેટલા વિતરકો પર શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ૩(ત્રણ) વિતરકો ઉપર નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી છે.
(અ) રૂા. ૬૭૧૧/-ની કિંમતનો કેરોસીનનો જથ્થો કબજે લઈ રાજ્યસાત કરવામાં આવ્યો, અને
(બ) રૂા. ૨૮૦૦/-ની ડીપોઝીટની રકમ રાજ્યસાત કરવામાં આવી છે.

-------------

**ઇજનેરી કોલેજો અને પોલિટેકનિકો શરૂ કરવા અંગ**

૧૪૭૬૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર ધ્વારા ટેક્નિકલ ક્ષેત્રે ખોલવામાં આવનાર પોલીટેક્નિકો અને એન્જિનીયરીંગ કોલેજો અંગે છેલ્લા ૩-વર્ષમાં શું જોગવાઇ કરવામાં આવી હતી,

(૨) અને તે અંગે શું કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) જો આ અંગે કાર્યવાહી પૂરી થઇ ન હોય તો તે માટે રાજ્ય સરકારનું આગામી શું આયોજન છે ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં આઠ ઈજનેરી અને બે સરકારી પોલીટેક્નીકો નવી શરૂ કરવામાં આવી, જેમાં અનુક્રમે ૧૫૦૦ બેઠકો અને ૩૬૦ બેઠકો મળીને કુલ ૧૮૬૦ બેઠકોનો વધારો થયેલ છે. આ માટે રૂા. ૪૧૪૫.૬૮ લાખની કુલ જોગવાઈ કરવામાં આવી છે.

(૨) ઉપર મુજબ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

**કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાની ઘટ**

૧૫૦૮૬ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની ઘટ અને કેટલા ઓરડાઓની ઘટ છે, અને

(૨) શિક્ષકોની તથા ઓરડાઓની ઘટ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **શિક્ષકોની ઘટ** | **ઓરડાની ઘટ** |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૧૫ | ૧૮ |
| ૨ | અંજાર | ૧૭ | ૩૩ |
| ૩ | ભચાઉ | ૫૬ | ૭૫ |
| ૪ | ભૂજ | ૧૦૨ | ૧૨૯ |
| ૫ | ગાંધીધામ | ૨૮ | ૯૬ |
| ૬ | લખપત | ૧૮ | ૨૨ |
| ૭ | માંડવી | ૧૪ | ૮૦ |
| ૮ | મુન્દ્રા | ૪ | ૫૧ |
| ૯ | નખત્રાણા | ૧ | ૩૪ |
| ૧૦ | રાપર | ૧૧૧ | ૭૪ |
| | **કુલ...** | **૩૬૬** | **૬૧૨** |

(૨) ઘટ નિવારવા ૧૪૫ નવી જગ્યાઓ મંજુર કરવામાં આવી છે. બાકી ઘટ નવી જગ્યાઓ મંજુર થયેથી પૂર્ણ કરવામાં આવશે. જ્યારે ૧૫૮ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. બાકી રહેતા ૪૫૪ ઓરડાઓ તબક્કાવાર આયોજન કરી ઘટ દૂર કરવામાં આવશે.

-------------

**ઉના તાલુકામાં નવી સસ્તા અનાજની દુકાનો શરૂ કરવા અંગે**

૯ ૧૪૬૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી સસ્તા અનાજની દુકાનો કાર્યરત છે, અને | (૧) ૯૦ વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે. |
| (૨) પ્રજાજનોને એક ગામેથી બીજા ગામે અનાજ લેવા જવુ પડતું હોય, સરકાર વધારાની સસ્તા અનાજની દુકાનો ફાળવી સરકાર સમસ્યા હલ કરવા માંગે છે કે કેમ? | (૨) હા જી, |

-------------

**ભૂજની ઇજનેરી કોલેજ કે પોલિટેકિનકના પ્રિન્સિપાલની ભૂજ ઉપરાંત ગાંધીનગર કામગીરી બજાવવા બાબત**

૧૪૬૫૦ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભુજની સરહદી વિસ્તારની પોલીટેકનીક કે એન્જિનિયરીંગ કોલેજમાં પ્રિન્સિપાલ કે નિયામક ભૂજ ઉપરાંત ગાધીનગર ફરજ બજાવે છે તે હકીકત સાચી છે, અને | (૧) ના |
| (૨) જો હા, તો ગાંધીનગર ખાતે ભૂજની ૩૦૦ કિ.મી.ના અંતરની ઓફીસની એકી સાથે કામગીરીમાં વિલંબ અને વિસંગતતા નિવારવા સરકાર એક જ્ગ્યાની કામગીરી નક્કી કરવા માગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કચ્છ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબુદી ઝુંબેશ**

૧૫૮૨૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય-કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલમાં ચાલી રહેલી ભૂતીયા રેશન કાર્ડ નાબુદી ઝુંબેશ અન્વયે કચ્છ જિલ્લામાં તાલુકાવાર જાન્યુ-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ભૂતીયા કાર્ડ નાબુદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) જાન્યુ.-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન તા. ૧૬-૧-૦૬ થી તા. ૩૧-૧-૦૬ના સમય દરમ્યાન સ્વેચ્છિક રીતે બોગસ રેશનકાર્ડ નાબૂદી ઝૂંબેશ શરૂ કરાયેલ જેમાં તાલુકાવાર ૨૯૦૯ કાર્ડ નાબૂદ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકો** | **કાર્ડસંખ્યા** |
|---|---|---|
| ૧ | ખાવડા | ૨૫ |
| ૨ | માંડવી | ૦ |
| ૩ | મુંન્દ્રા | ૨૧ |
| ૪ | અંજાર | ૪૪૬ |
| ૫ | ગાંધીધામ | ૫૪૨ |
| ૬ | રાપર | ૧૮૩ |
| ૭ | નખત્રાણા | ૧૦૬૨ |
| ૮ | અબડાસા | ૬૩૦ |
| | **કુલ** | **૨,૯૦૯** |

(૨) ભૂતીયા રેશન કાર્ડ ઈશ્યુ કરનાર અધિકારી

(૨) જવાબદારો સામે યોગ્ય પગલાં લેવામાં

સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ભૂતીયા કાર્ડ દ્વારા સરકારનું અનાજ હડપ કરનારા ઇસમો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

આવશે.

(૩) જવાબદારો સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

-------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ

૧૪૦૨૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓ માટે ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાંથી તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા ઓરડા બાંધ્યા છે,

(૨) તાલુકાવાર કેટલા ઓરડા બાંધવાના બાકીમાં છે,

(૩) ઓરડા ઓછા બાંધવાના શું કારણો છે, અને

(૪) બાકીની ઘટ ક્યારે પુરી થનાર છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ઓરડાની સંખ્યા | ક્રમ | તાલુકો | ઓરડાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૩૫ | ૬ | લીંબડી | ૦૪ |
| ૨ | ચુડા | ૦૨ | ૭ | મૂળી | ૦૪ |
| ૩ | ધાંગધ્રા | ૦૭ | ૮ | પાટડી | ૨૨ |
| ૪ | હળવદ | ૧૭ | ૯ | સાયલા | ૩૮ |
| ૫ | લખતર | ૦૨ | ૧૦ | વઢવાણ | ૧૬ |

(૨)

| ક્રમ | તાલુકો | ઓરડાની સંખ્યા | ક્રમ | તાલુકો | ઓરડાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ચોટીલા | ૨૫૩ | ૬ | લીંબડી | ૫૬ |
| ૨ | ચુડા | ૪૯ | ૭ | મૂળી | ૧૦૯ |
| ૩ | ધાંગધ્રા | ૧૨૮ | ૮ | પાટડી | ૪૫ |
| ૪ | હળવદ | ૧૨૦ | ૯ | સાયલા | ૧૩૮ |
| ૫ | લખતર | ૩૪ | ૧૦ | વઢવાણ | ૨૪૧ |

(૩) તબક્કાવાર બાંધકામ કરવામાં આવે છે.

(૪) જેમ બને તેમ જલ્દી.

-------------

## ખાદ્યતેલમાં વિટામીન "એ" અને "ડી" ભેળવવા અંગે

૧૫૦૯૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખાદ્યતેલમાં વિટામીન "એ" અને "ડી" નું મિશ્રણ કરવાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો, અને

(૨) ખાદ્યતેલોમાં વિટામીન ભેળવવા માટે કેન્દ્ર સરકારે રાજ્યને કોઇ સૂચના આપી છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૨૮-૯-૨૦૦૫

(૨) ના જી,

-------------

## જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ બનાવવા અંગે

૧૪૪૫૩ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી પ્રાથમિક શાળાનાં નવા ઓરડા બનાવવા આયોજન કરેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં નવા |
|---|---|---|

| | | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૦૩ |
| ૨ | જૂનાગઢ | ૨૯ |
| ૩ | કેશોદ | ૨૫ |
| ૪ | કોડીનાર | ૮૪ |
| ૫ | માળીયા-હાટીના | ૨૪ |
| ૬ | માંગરોળ | ૨૨ |
| ૭ | માણાવદર | ૦૬ |
| ૮ | મેંદરડા | ૧૦ |
| ૯ | સુત્રાપાડા | ૧૫ |
| ૧૦ | તલાલા | ૭૨ |
| ૧૧ | ઉના | ૭૫ |
| ૧૨ | વંથલી | ૦૨ |
| ૧૩ | વેરાવળ | ૪૧ |
| ૧૪ | વિસાવદર | ૧૪ |
| | **કુલ** | **૪૨૨** |

(૨) આ પેકી ક્યા ક્યા તાલુકાની કેટલી દરખાસ્તો આવેલ છે,

(૨) તાલુકા કક્ષાએથી દરખાસ્તો મંગાવવામાં આવતી નથી. પરંતુ નવા ઓરડાઓની જરૂરિયાત હોય તેવી શાળાઓમાં જે તે વર્ષમાં ઓરડાઓ બનાવવા માટે થયેલ જોગવાઈને ધ્યાને લઈ તાલુકાવાર ફાળવણી કરી નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવે છે.

(૩) કેટલી દરખાસ્તોને મંજૂરી આપેલી છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકીની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૪) ૪૨૨ શાળાઓમાં ૮૩૪ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. તે પેકી ૪૧૦ ઓરડાઓના કામો પૂર્ણ કરેલ છે. જ્યારે ૪૨૪ ઓરડાઓના કામો હવે પછી હાથ ધરવામાં આવશે. બાકી રહેતા ૧૧૪૧ ઓરડાઓ તબક્કાવાર આયોજન કરી બાંધવામાં આવશે.

-------------

## સ્વનિર્ભર ઇજનેરી કોલેજોમાં ફીનું ધોરણ

૧૫૦૮૯ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સ્વનિર્ભર એન્જીનીયરીંગ કોલેજોમાં છેલ્લે ફીનું ધોરણ ક્યારે નક્કી કરવામાં આવ્યું,

(૨) અલગ અલગ કેટેગરીમાં કેટલી ફીનું ધોરણ હાલ અસ્તિત્વમાં છે, અને

(૩) ફી વધારા માટે કોઇ દરખાસ્ત સરકાર પાસે વિચારણા હેઠળ છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૪માં

(૨) દરેક કેટેગરી માટે ફી નું ધોરણ એકસરખુ નક્કી કરવામાં આવેલ છે.

(૩) ના જી.

-------------

## નવસારી જિલ્લામાં કેરોસીનની ફાળવણી

૧૫૮૪૮ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ ધારકોને તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક

**જવાબ**

(૧) પત્રક : ૧ સામેલ છે.

વર્ષમાં માસવાર કેટલું કેરોસીન આપવામાં આવેલ છે, અને

(૨) નિયત કરેલ કેરોસીન કરતાં ઓછું કેરોસીન ફાળવવાના કારણો શા છે ?

(૨) રાજ્યના તમામ જિલ્લાઓના નોન ગેસ ધારકોના કાર્ડની સંખ્યા તેમજ નિયત કરાયેલ વિતરણ પ્રમાણને અનુલક્ષીને સમગ્ર રાજ્યની કેરોસીનની થતી જરૂરીયાત સામે કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી કેરોસીનની ફાળવણી અપૂરતી છે.

**પત્રક-૧**

**નવસારી જિલ્લામાં સને ૨૦૦૫માં તાલુકાવાર રેશનકાર્ડ ધારકોને માસવાર આપવામાં આવેલ કેરોસીનની વિગતો દર્શાવતું પત્રક**

(જથ્થો કિલોલીટરમાં)

| અ.નં. | માસનું નામ | તાલુકાનું નામ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નવસારી (શહેરી) | નવસારી (ગ્રામ્ય) | જલાલપોર | ગણદેવી | ચીખલી | વાંસદા |
| ૧ | જાન્યુઆરી | ૧૫૫ | ૨૦૧ | ૩૫૧ | ૨૯૬ | ૪૦૨ | ૨૯૩ |
| ૨ | ફેબ્રુઆરી | ૧૫૨ | ૨૦૫ | ૩૫૧ | ૨૯૩ | ૪૦૨ | ૨૯૫ |
| ૩ | માર્ચ | ૧૫૪ | ૨૦૩ | ૩૪૭ | ૨૯૬ | ૪૦૪ | ૨૯૪ |
| ૪ | એપ્રિલ | ૧૫૫ | ૨૦૨ | ૩૪૯ | ૩૦૩ | ૩૯૮ | ૨૯૫ |
| ૫ | મે | ૧૫૭ | ૨૦૫ | ૩૪૮ | ૨૯૯ | ૪૦૪ | ૨૯૪ |
| ૬ | જુન | ૧૫૭ | ૨૦૮ | ૩૬૧ | ૨૯૮ | ૪૦૩ | ૨૯૬ |
| ૭ | જુલાઈ | ૧૫૯ | ૨૧૦ | ૩૫૬ | ૩૦૧ | ૪૦૨ | ૩૦૪ |
| ૮ | ઓગષ્ટ | ૧૫૭ | ૨૦૫ | ૩૫૧ | ૩૦૧ | ૩૯૮ | ૩૦૪ |
| ૯ | સપ્ટેમ્બર | ૧૫૮ | ૨૦૫ | ૩૫૨ | ૩૦૦ | ૩૯૭ | ૨૯૫ |
| ૧૦ | ઓક્ટોબર | ૧૬૨ | ૨૦૭ | ૩૪૮ | ૩૦૦ | ૪૦૪ | ૨૯૯ |
| ૧૧ | નવેમ્બર | ૧૫૮ | ૨૦૭ | ૩૪૯ | ૩૦૫ | ૪૦૧ | ૨૯૯ |
| ૧૨ | ડિસેમ્બર | ૧૬૧ | ૨૦૬ | ૩૪૯ | ૨૯૫ | ૩૯૬ | ૨૯૭ |

-------------

## ગુજરાતમાં મોલાસીસના પરવાના આપવા અંગે

૧૪૨૨૨**શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય નશાબંધી મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૫માં ગુજરાતમાં મોલાસીસની વપરાશ કુલ કેટલી થયેલ છે,

(૨) ગુજરાતમાં ડીસેમ્બર ૦૫ની સ્થિતિએ મોલાસીસના કેટલા પરવાનેદારો છે,

(૩) જુના પરવાનેદારોએ વધુ ક્વોટાની માગણી કરેલ હોય તેવા કેટલા કેસો છે અને કેટલા સમયથી પેન્ડીંગ છે, અને

(૪) ગુજરાતમાં મોલાસીસનો પુષ્કળ જથ્થો હોવા છતાં ગુજરાતના પરવાનેદારોને વધુ ક્વોટા ન આપવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) ૩,૫૪,૪૦૪ મેટ્રીક ટન

(૨) મોલાસીસના ઉત્પાદનના (એમ-૧) પરવાના-૩૨
મોલાસીસના વપરાશના (એમ-૨) પરવાના-૧૪૪૮
મોલાસીસના વેચાણના (એમ-૩)પરવાના-૧૭

(૩) મંજુર કરેલ જથ્થો વધારવાની કોઈ અરજી પેન્ડીંગ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## અમદાવાદમાં પોલીસ આવાસો

૧૫૮૫૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલા પોલીસ આવાસો આવેલા છે,

**જવાબ**

(૧) ૬૨૪૯.

(૨) અમદાવાદ શહેરની પોલીસની સંખ્યાના પ્રમાણમાં કેટલા પોલીસ આવાસોની જરૂરિયાત છે,

(૩) આ જરૂરિયાતવાળા આવાસો બાંધવા સરકારે કેવા પ્રકારની યોજના વિચારી છે, અને

(૪) આ આવાસો કેટલા સમયમાં બાંધવાનું આયોજન છે ?

(૨) ૩૮૦૨.

(૩) અને (૪) : આગામી વર્ષમાં ૬૭૨ આવાસો બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે, અને બાકીના આવાસો વહીવટી અનુકૂળતા મુજબ.

-------------

**રાજ્યમાં સ્ત્રીઓમાં ઘટતો શિક્ષણ દર**

૧૫૦૮૨ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સ્ત્રીઓમાં શિક્ષણ દર સતત ચિંતાજનક ઘટતો જતો હોવાની હકીક્ત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) જો, હા તો આ પ્રકારની નબળી કામગીરી રહેવા પાછળ ક્યા પરિબળો જવાબદાર છે, અને<br>(૩) આ મુશ્કેલી દૂર કરવા સરકારે ક્યા પ્રકારના પગલા લીધા છે ? | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ જિલ્લામાં રાંધણગેસની હોમ ડીલીવરી**

૧૪૬૪૮ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાંધણગેસ સીલીન્ડરની હોમ ડીલીવરી કેટલી એજન્સીઓ દ્વારા થાય છે, | (૧) અમદાવાદ શહેર ૬૧<br>અમદાવાદ જિલ્લો ૨૫ |
| (૨) આ એજન્સીઓ દ્વારા રહીશોને પૂરતો રાંધણગેસ સીલીન્ડરમાં આપવામાં આવે છે કે કેમ ? | (૨) ૧૨ કિસ્સામાં સીલીન્ડરોમાં અપૂરતો રાંધણગેસ આપેલ હોવાનું જણાયુ છે. |
| (૩) આ એજન્સી દ્વારા કોઇ ગેરરીતિઓ આચરવામાં આવેલ છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો તે એજન્સીઓ સામે શું કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે ? | (૪) **(અ)** અપૂરતો રાંધણગેસ આપેલ હોવાના કિસ્સામાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.<br>(૧) ૧૨ પ્રોસીક્યુશન કેસ કર્યા.<br>(૨) રૂા.૨૫,૫૦૦-૦૦ની માંડવાળ ફી વસુલ કરી.<br>**(બ)** ગેરરીતી જણાયેલ કેસોમાં નીચે મુજબની કાર્યવાહી કરી.<br>(૧) રૂા.૮,૮૪,૩૬૧-૦૦નો જથ્થો કબજે કર્યો.<br>(૨) રૂા.૯૪,૫૫૫-૦૦નો જથ્થો રાજ્યસાત કર્યો.<br>(૩) ૧ પરવાનો રદ કર્યો.<br>(૪) ખાતારાહે રૂપિયા ૧૯૬૨૫-૦૦ની ડીપોઝીટ રાજ્યસાત કરી.<br>(૫) રૂપિયા ૩૫૦૦ ની માંડવાળ ફી વસુલ કરી પ્રોસીક્યુશન કેસ કરવામાં આવેલ છે. |

-------------

**રાજ્યમાં ટ્યુશનીયા અધ્યાપકો સામે ઝુંબેશ**

૧૫૦૭૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| સરકાર દ્વારા ટ્યુશન કરતા અધ્યાપકોને ઝડપી લેવા માટે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ ઝુંબેશ ચલાવવામાં આવેલી કે કેમ ? | ના, જી. |

-------------

**રાજ્યમાં જાહેર પુસ્તકાલયો**

૧૪૨૭૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ગામ વિસ્તારોમાં જિલ્લાવાર કુલ કેટલા જાહેર પુસ્તકાલયો જાન્યુ. ૦૬ની સ્થિતિએ આવેલા છે,<br>(૨) આ પુસ્તકાલયોમાં હાલ ગ્રંથપાલોની સંખ્યા જિલ્લાવાર કેટલી છે, અને<br>(૩) જિલ્લાવાર ગ્રંથપાલોની ઘટ કેટલી છે ? | (૧), (૨) અને (૩) આ સાથે સામેલ પત્રક મુજબ જાન્યુ-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કુલ ૩૮૨૪ ગ્રામ જાહેર પુસ્તકાલયો અને કુલ ૩૮૨૪ ગ્રંથપાલો છે, જેમાં કોઇ ઘટ નથી. |

**ગ્રંથાલય ખાતા હસ્તક ગામ વિસ્તારોમાં જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ જિલ્લાવાર જાહેર પુસ્તકાલયો, ગ્રંથપાલોની સંખ્યા દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | જાહેર ગ્રામ પુસ્તકાલયોની સંખ્યા | ગ્રંથપાલોની સંખ્યા | નોંધ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬૨ | ૬૨ | |
| ૨ | અમદાવાદ | ૫૦ | ૫૦ | |
| ૩ | મહેસાણા | ૪૬૬ | ૪૬૬ | |
| ૪ | બનાસકાંઠા | ૩૬૬ | ૩૬૬ | |
| ૫ | પાટણ | ૩૨૨ | ૩૨૨ | |
| ૬ | સાબરકાંઠા | ૫૩ | ૫૩ | |
| ૭ | ભાવનગર | ૮૭ | ૮૭ | |
| ૮ | અમરેલી | ૬૯ | ૬૯ | |
| ૯ | જુનાગઢ | ૦૨ | ૦૨ | |
| ૧૦ | પોરબંદર | ૦૦ | ૦૦ | ગ્રામ પુસ્તકાલય નથી. |
| ૧૧ | રાજકોટ | ૦૨ | ૦૨ | |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૦૫ | ૦૫ | |
| ૧૩ | કચ્છ-ભુજ | ૦૦ | ૦૦ | ગ્રામ પુસ્તકાલય નથી. |
| ૧૪ | જામનગર | ૦૦ | ૦૦ | ગ્રામ પુસ્તકાલય નથી. |
| ૧૫ | ખેડા | ૪૩૭ | ૪૩૭ | |
| ૧૬ | આણંદ | ૧૮૬ | ૧૮૬ | |
| ૧૭ | વડોદરા | ૬૩૯ | ૬૩૯ | |
| ૧૮ | ભરૂચ | ૧૨૫ | ૧૨૫ | |
| ૧૯ | નર્મદા | ૭૬ | ૭૬ | |
| ૨૦ | દાહોદ | ૭૬ | ૭૬ | |
| ૨૧ | પંચમહાલ | ૪૪૭ | ૪૪૭ | |
| ૨૨ | સુરત | ૨૫૪ | ૨૫૪ | |
| ૨૩ | નવસારી | ૪૮ | ૪૮ | |
| ૨૪ | વલસાડ | ૫૨ | ૫૨ | |
| ૨૫ | આહવા | ૦૦ | ૦૦ | ગ્રામ પુસ્તકાલય નથી. |
| | કુલ : | ૩૮૨૪ | ૩૮૨૪ | |

-------------

**ડાંગ જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનો**

૧૩૯૩૧ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલી સસ્તા અનાજની દુકાનો છે,

(૨) તે પૈકી કેટલી કાર્યરત છે, અને

(૩) જરૂરિયાત કરતા ઓછી સસ્તા અનાજની દુકાનો સામે વધારાની દુકાનો ફાળવવા સરકારે કોઈ વ્યવસ્થા કરી છે કે કેમ ?

**જવાબ**

(૧) ડાંગ એકજ તાલુકા/જિલ્લાનો બનેલ છે. ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કુલ-૭૨ (બોતેર) સસ્તા અનાજની દુકાનો છે.

(૨) તમામ ૭૨ (બોતેર) દુકાન કાર્યરત છે.

(૩) ડાંગ જિલ્લામાં કુલ-૬૦ (સાંઇઠ) સસ્તા અનાજની દુકાનો કાર્યરત હતી પરંતુ સરકારશ્રીના તા.૨-૮-૨૦૦૪ના ઠરાવની જોગવાઇ આધીન વધુ ૧૪ દુકાનોની જાહેરાત આપી ૧૨ દુકાનો મંજૂર કરેલ છે. અને ૨ દુકાનો માટે ફેર જાહેરાત આપવાની કાર્યવાહી કાર્યરત છે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં દારૂ પીવાના કેસો**

૧૫૮૫૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૦૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં કેટલા કેસો દારૂ પીવાના નોંધાયા, અને

(૨) દારૂ સાથે પકડાયેલ અથવા પીધેલી હાલતમાં પકડાયેલ કેસોમાં શિક્ષા થઈ ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દારૂ પીવાના કરેલ કેસોની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | કુલ કેસો |
|---|---|
| હિંમતનગર | ૩૬૧ |
| પ્રાંતિજ | ૨૭૪ |
| તલોદ | ૧૧૪ |
| ઇડર | ૧૪૩ |
| વડાલી | ૮૭ |
| ખેડબ્રહ્મા | ૧૯૫ |
| વિજયનગર | ૪૧ |
| ભીલોડા | ૧૨૧ |
| મોડાસા | ૧૨૦ |
| મેઘરજ | ૫૩ |
| માલપુર | ૫૧ |
| ધનસુરા | ૬૫ |
| બાયડ | ૧૫૮ |
| **કુલ :** | **૧૭૮૩** |

(૨) ૪૩૬ કેસોમાં.

-------------

## ખેડા અને આણંદ જિલ્લામાં પકડાયેલ દારૂ

૧૩૯૨૨ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ખેડા અને આણંદ જિલ્લામાં કેટલો દારૂનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૨) ક્યા પોલીસ સ્ટેશન હેઠળ દસ હજાર કે તેથી વધુ કિંમતનો દારૂ પકડાયો ?

**જવાબ**

(૧) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં ખેડા અને આણંદ જિલ્લામાં પકડાયેલ દારૂના જથ્થાની માહિતી નીચે મુજબ છે.

| | ખેડા | આણંદ |
|---|---|---|
| દેશી દારૂ લી. | ૫૭૦૯૬ | ૨૧૦૧૭ |
| વિદેશી દારૂ (બોટલ) | ૫૧૫૫૭૫ | ૧૨૯૫૧ |

(૨) પોલીસ સ્ટેશન

| ખેડા | આણંદ |
|---|---|
| નડીયાદ ટાઉન | આણંદ ટાઉન |
| નડીયાદ રૂરલ | આણંદ રૂરલ |
| માતર | વિદ્યાનગર |
| કપડવંજ ટાઉન | વાસદ |
| કપડવંજ રૂરલ | ખંભોળજ |
| ખેડા | પેટલાદ ટાઉન |
| મહેમદાવાદ | પેટલાદ રૂરલ |
| બાલાસીનોર | મહેલાવ |
| ચકલાસી | ઉમરેઠ |
| ખેડા ટાઉન | બોરસદ |
| વિરપુર | આંકલાવ |
| કઠલાલ | વિરસદ |
| | સોજીત્રા |

-------------

## વલસાડ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો અને વર્ગોની ઘટ

૧૪૦૯૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકો તેમજ પ્રાથમિક વર્ગોની તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલી ઘટ છે, અને

(૨) આ ઘટ પૂરી કરવા સરકારે શું વ્યવસ્થા કરી

**જવાબ**

(૧)

| તાલુકો | શિક્ષક ઘટની સંખ્યા |
|---|---|
| વલસાડ | -- |
| પારડી | -- |
| ઉમરગામ | ૧૨ |
| ધરમપુર | ૪૭ |
| કપરાડા | ૧૦૧ |

પ્રાથમિક વર્ગોની ઘટનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ વર્ગખંડોની ઘટ નીચે મુજબ છે.

| તાલુકો | વર્ગ ખંડોની ઘટ |
|---|---|
| વલસાડ | ૧૮ |
| પારડી | ૪૯ |
| ઉમરગામ | ૫૫ |
| ધરમપુર | ૪૧ |
| કપરાડા | ૨૮૪ |

(૨) ૧૨ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.

| | |
|---|---|
| છે ? | બાકીની જગ્યાઓ નાણાંકીય જોગવાઇ થયેથી ફાળવવામાં આવશે. ૨૫૨ નવા વર્ગખંડ બાંધવાનું આયોજન કરેલ છે. |

-------------

## રાજ્યમાં બોગસ ડિગ્રી વડે શિક્ષકની નોકરી મેળવવાના કિસ્સા

૧૪૩૨૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસમ્બર-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન અન્ય યુનિવર્સિટીમાંથી બોગસ ડિગ્રી મેળવી શિક્ષકની નોકરી મેળવવાના જિલ્લાવાર કેટલા કિસ્સા રાજ્ય સરકારના ધ્યાને આવ્યા, અને | (૧) કુલ : ૩૪ કિસ્સા. |

| | જિલ્લાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ (શહેર) | ૦૪ |
| ૨. | અમરેલી | ૦૨ |
| ૩. | સાબરકાંઠા | ૦૧ |
| ૪. | ખેડા | ૦૨ |
| ૫. | જુનાગઢ | ૧૪ |
| ૬. | રાજકોટ | ૦૯ |
| ૭. | વડોદરા | ૦૨ |

| | |
|---|---|
| (૨) તે માટે સંચાલક મંડળ અને ભરતી કરનાર જવાબદાર અધિકારીઓ સામે શા પગલાં લેવાયા ? | (૨) નિમણૂંક સંસ્થાનું સંચાલક મંડળ આપે છે. છતાં બોગસ પ્રમાણપત્રોની વિગતો ધ્યાને આવતાં સંબંધિત યુનિવર્સિટી ખાતે અધિકારીને રૂબરુ મોકલી ચકાસણી થઇ રહી છે. |

------------

## #SB/અમદાવાદ શહેરમાં શાળા છોડી ગયેલા બાળકોને પુનઃ પ્રવેશ

૧૪૨૪૩ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ૫ થી ૧૪ વર્ષના શાળાએ ન જતાં અને શાળા છોડી ગયેલા કેટલા બાળકોને વર્ષ ૨૦૦૫-૦૬માં મ્યુનિસિપલ પ્રાથમિક શાળાઓમાં નવો પ્રવેશ આપવામાં આવ્યો, | (૧) નવો પ્રવેશ મેળવેલા બાળકો - ૩૮૧૮૦<br>પુનઃપ્રવેશ મેળવેલા બાળકો - ૬૩૧૦ |
| (૨) કેટલાક બાળકો ખાનગી શાળામાં ભણતા હોય પરંતુ ફી ન ભરી શકવાના કારણે મ્યુ. શાળામાં જવા ઇચ્છતા હોય તેવા બાળકોને જે તે ધોરણમાં પ્રવેશ આપી શકાય તે માટે સરકાર નિયમમાં કોઇ છૂટ છાટ મૂકવા માગે છે કે કેમ, અને | (૨) બાળકને શાળા છોડ્યાના પ્રમાણપત્રના આધારે જે તે ધોરણમાં દાખલ કરવાની જોગવાઇ અમલમાં હોવાથી, છુટછાટ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) અમદાવાદ શહેરમાં પ્રવેશ આપ્યા પછી સ્ત્રી અને પુરુષ સાક્ષરતા દર કેટલો છે ? | (૩) ૨૦૦૧ની વસ્તી ગણતરીના આધારે<br>પુરુષ - ૮૯.૬૦<br>સ્ત્રી - ૭૬.૭૬ |

## બારડોલી અને માંડવી તાલુકાઓમાં રાંધણગેસની ઉપલબ્ધતા

૧૫૦૯૨ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ બારડોલી અને માંડવી તાલુકામાં કેટલી ગેસ એજન્સી આવેલી છે, | (૧) (અ) બારડોલી - ૫<br>(બ) માંડવી - ૧ |

(૨) આ ગેસ એજન્સીઓ તરફથી પૂરતા પ્રમાણમાં ગેસના બાટલા અને નવા ક્નેક્શનો ગ્રાહકોને ત્વરિત મળે છે કે કેમ, અને

(૨) બારડોલી તથા માંડવી તાલુકાના રાંધણગેસ ધારકોને પૂરતા પ્રમાણમાં ગેસ સીલીન્ડરોનું વિતરણ કરવામાં આવે છે. આ ગેસ એજન્સીઓ દ્વારા સબંધિત ઓઇલ કંપનીના નીતિ નિયમોનુસાર ગ્રાહકોને નવા ક્નેક્શનો આપવામાં આવે છે.

(૩) ગ્રાહકોને પડતી મુશ્કેલી નિવારવા સરકાર શું પગલા ભરવા માગે છે ?

(૩) (અ) ઓઇલ કંપનીઓના અધિકારીઓ સાથે અવાર-નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની પૂરતી ઉપલબ્ધિ માટે બેકલોગ ઘટાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સુચના આપી તેનું જિલ્લાઓમાં સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણગેસનો દુરુપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, વાહનો, હોટલો-રેસ્ટોરન્ટ જેવા વેપારી અને ઔધોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવેલ છે. અને કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. હાલ રાંધણગેસની પરિસ્થિતિ સામાન્ય છે.

-----------

**ભરૂચ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની ઘટ**

૧૩૯૮૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકા દીઠ પ્રાથમિક શાળાઓમાં વર્ગ ખંડોની ઘટ કેટલી છે,

**જવાબ**

(૧) તાલુકાવાર પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | આમોદ | ૧૭ |
| ૨ | અંક્લેશ્વર | ૬૪ |
| ૩ | ભરૂચ | ૯૫ |
| ૪ | હાંસોટ | ૮ |
| ૫ | જંબુસર | ૯૮ |
| ૬ | વાગરા | ૫૬ |
| ૭ | વાલીયા | ૧૦૯ |
| ૮ | ઝઘડીયા | ૧૦૬ |
| | **કુલ :** | **૫૫૩** |

(૨) આવા વર્ગ ખંડો સત્વરે બનાવવા છેલ્લા બે વર્ષમાં કેટલી રજૂઆતો સરકારને મળી, અને

(૨) કોઇ રજૂઆત મળેલ નથી.

(૩) આ ખૂટતા વર્ગ ખંડો સત્વરે બનાવવા સરકારે શું કાર્યવાહી કરી ?

(૩) ૧૨૯ નવા ઓરડા બનાવવાનું આયોજન કરેલ છે. જ્યારે બાકીના ૪૨૪ ઓરડાઓ તબક્કાવાર આયોજન કરી બાંધવામાં આવશે.

-------------

**કચ્છ જિલ્લામાં પેટ્રોલપંપો દ્વારા પેટ્રોલમાં ભેળસેળ**

૧૪૭૭૩ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા પેટ્રોલપંપો આવેલા છે,

**જવાબ**

(૧) નીચે મુજબ.

| તાલુકાનું નામ | પંપોની સંખ્યા |
|---|---|
| ભૂજ | ૩૬ |
| માંડવી | ૧૦ |

| | |
|---|---|
| મુન્દ્રા | ૬ |
| અંજાર | ૧૬ |
| ગાંધીધામ | ૧૯ |
| ભચાઉ | ૧૭ |
| રાપર | ૮ |
| નખત્રાણા | ૧૨ |
| અબડાસા | ૬ |
| લખપત | ૧ |
| **કુલ :** | **૧૩૧** |

(૨) આ પેટ્રોલ પંપો ઉપર સને ૨૦૦૪-૦૫માં કેટલીવાર ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ૨૦૦૪ના વર્ષમાં ૮૪ પંપોની ૧૦૩ તપાસો. ૨૦૦૫ના વર્ષમાં ૨૧ પંપોની ૨૫ તપાસો.

(૩) ચેકીંગ દરમ્યાન પેટ્રોલમાં કેરોસીન ભેળવવામાં આવ્યું હોય તેવા કેટલા ક્સ્સિા પકડાયા, અને

(૩) પેટ્રોલમાં કેરોસીન ભેળવવાનો કોઇ ક્સ્સિો નથી.

પરંતુ ૨ (બે) ક્સ્સિામાં પેટ્રોલના નમુનાનું પ્રવાહી (આઇ.એસ-૨૭૯૬-૨૦૦૦ સ્પેશીફીકેશન ફોર મોટર ગેસોલીન) મુજબ ""મોટર ગેસોલીનની લાક્ષણિક્તાઓની જરૂરીયાતને સંતોષતું નથી"". એટલે કે, ધોરણસરના નમુના જોવા મળેલ નથી.

(૪) ક્સૂરદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

(૪) બન્ને ક્સ્સિામાં પેટ્રોલપંપના ૪ ઇસમો સામે પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

### રાજ્યમાં ખંડ સમયના વ્યાખ્યાતાઓને પૂર્ણ સમય માટે નીમવા અંગે

૧૫૮૪૦ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૧૦ થી ૨૦ વર્ષથી સેવા બજાવી રહેલા ખંડ સમયના અધ્યાપકો જરૂરી લાયકાતો ધરાવે છે તેમ છતાં તેમને પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે પસંદ કરવા રાજ્ય સરકાર કોઇ પગલાં લેતી નથી તે વાત ખરી છે, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) જો હા, તો તેના શા કારણો છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### શાળાઓમાં નોકરી મેળવતા શિક્ષકોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી

૧૫૮૪૪ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

શાળાઓમાં નોકરી મેળવતા શિક્ષકોના અસલ સર્ટિફિકેટોની ચકાસણી માટે હાલ કેવા પ્રકારની વ્યવસ્થા અમલમાં છે ?

**જવાબ**

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણુંક બાદ એકથી ત્રણ માસની સમય મર્યાદામાં અસલ પ્રમાણપત્રોની ચકાસણી સંબંધિત બોર્ડ/યુનિવર્સિટી સાથે કરવાની વ્યવસ્થા હાલ અમલમાં છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નોકરી મેળવતા શિક્ષકોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૧૯-૫-૦૪ના ઠરાવ ક્રમાંક : ૧૫૭/૦૪ મુજબ ગુજરાત રાજ્ય બહારની માર્કશીટનું ફરજીયાત વેરીફીકેશન કરવાનું ઠરાવેલ છે. તેમજ બોર્ડે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર મુજબ શાળા મંડળે જે તે યુનિવર્સિટી/સંસ્થામાં રૂબરૂ

જઇ અસલ સર્ટીફિકેટોની ચકાસણી કરાવી લેવાની રહેશે. તેવો પરિપત્ર કરેલ છે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં અન્યાય થયા અંગે**

૧૫૮૫૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન, બનાસકાંઠા જિલ્લામાં દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર યોજના અંતર્ગત દુકાનોની પરવાનાઓની ફાળવણીમાં માંગણીદારો અન્યાયના ભોગ બન્યાની દ ાણી ફરીયાદો સરકારને મળેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેવી ફરીયાદોના નિકાલ માટે સરકારે લીધેલ પગલાંની વિગતો શું છે ? | (૨) સરકારશ્રીના તા.૨-૮-૦૪ના ઠરાવની જોગવાઇ અંતર્ગત તમામ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ યોગ્યતા અને ગુણવત્તાના આધારે દુકાનોની ફાળવણી કરવામાં આવેલ છે. ફાળવણીના હુકમથી નારાજ થયેલ અરજદારોને સરકારશ્રીના તા.૨-૮-૦૪ના ઠરાવની જોગવાઇ મુજબ જો તેઓ નારાજ થયેલ હોય તો સક્ષમ અપીલ ઓથોરીટી સમક્ષ અપીલ કરવા જણાવેલ છે. તેથી કોઇ અલગ પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી. |

-------------

**અમદાવાદમાં આંગણવાડીઓ**

૧૫૮૧૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેર વિસ્તારમાં તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ કેટલા આંગણવાડી યુનિટો કાર્યરત છે, અને | (૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ૯૭૮ આંગણવાડી યુનિટો કાર્યરત છે. |
| (૨) કઇ કઇ સંસ્થા ક્યા ક્યા વિસ્તારમાં આંગણવાડીઓ ચલાવે છે ? | (૨) પત્રક મુજબ. |

**પ ત્ર ક**

| અ.નં. | સંસ્થાનું નામ | આંગણવાડીના વિસ્તારો |
|---|---|---|
| ૧ | લોક સેવા મંડળ | મણીનગર, અમરાઇવાડી, ખોખરા મહેમદાવાદ, ભાઇપુરા, ગોમતીપુર, રખિયાલ. |
| ૨ | સંગીની મહિલા સેવા | વાડજ, અસારવા, નરોડા, સૈજપુર, કાંકરીયા, બહેરામપુરા, અમરાઇવાડી. |
| ૩ | સાથ ચેરીટેબલ ટ્રસ્ટ | સરદાર પટેલ સ્ટેડીયમ સાબરમતી, જુનાવાડજ, ગાંધીગ્રામ, રાયખડ, ખાનપુર, જમાલપુર, ખાડીયા, કાંકરીયા, સરસપુર, અમરાઇવાડી, બાપુનગર, રાજપુર, બહેરામપુરા, મણીનગર, અસારવા, નરોડા, સરસપુર, પોટલીયા, સરદારનગર, ઓઢવ, ગીરધરનગર, માધુપુરા, નવાવાડજ, સરસપુર, દાણીલીમડા, ઇસનપુર, રખિયાલ, ભાઇપુરા, હાટકેશ્વર, નિકોલ, ખોખરા મુઠીયા, વટવા, સાબરમતી. |
| અ.નં. | સંસ્થાનું નામ | આંગણવાડીના વિસ્તારો |
| ૪ | પટણીશેરી સેવા સંઘ | દાણીલીમડા, ઇસનપુર |
| ૫ | સખીસદન | નિકોલ |
| ૬ | ભારતીય ગ્રામીણ મહિલા સંઘ | વટવા, અમરાઇવાડી, બાગેફીરદોશ |
| ૭ | ધ્રૃવ ચેરીટેબલ ટ્રસ્ટ | ભાઇપુરા, હાટકેશ્વર, અમરાઇવાડી |
| ૮ | જય શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ | બાપુનગર |
| ૯ | શ્રી સંગીની મહિલા બાળસેવા | વાસણા, જુનાવાડજ, અસારવા, નરોડા, સરસપુર, સરદારનગર નરોડા, મુઠીયા, બહેરામપુરા, રાજપુરા, બાપુનગર, રાજપુર, અમરાઇવાડી, ઓઢવ, ખોખરા, શાહપુર, ગીરધરનગર. |
| ૧૦ | સુલોચના મેમોરીયલ ટ્રસ્ટ | કાલુપુર, દરિયાપુર, શાહપુર, જમાલપુર, રાયખડ |
| ૧૧ | વાત્સલ્ય ટ્રસ્ટ | નારણપુરા, નવરંગપુરા, ગાંધીગ્રામ, વાસણા, ગોમતીપુર, રાજપુર |
| ૧૨ | માનવ સાધના | જુનાવાડજ, નવાવાડજ |
| ૧૩ | કે.એચ.જાની ચેરીટેબલ ટ્રસ્ટ | શાહપુર, જમાલપુર |
| ૧૪ | જનહિત ચેરીટેબલ ટ્રસ્ટ | માધવપુરા, ગીરધરનગર |
| ૧૫ | કર્ણાવતી ચેરીટેબલ ટ્રસ્ટ | દુધેશ્વર |

| | | |
|---|---|---|
| ૧૬ | ભારતીય ગ્રામીણ મહિલા સંઘ | નરોડા મઢીયા |
| ૧૭ | અખંડ જ્યોત ફાઉન્ડેશન | નરોડા સેજપુર |
| ૧૮ | સમર્થન ટ્રસ્ટ | નરોડા રોડ |
| ૧૯ | કર્ણાવટી મહિલા સ્વાસ્થ | કુબેરનગર |
| ૨૦ | શક્તિ પ્રતિષ્ઠાન | સરસપુર |
| ૨૧ | ઉન્નત ગ્રામ સમાજ | સરદારનગર, હાંસોલ, જાદ્રેશ્વર, નોબલનગર, કોતરપુર. |

-------------

## રાજ્ય મહિલા આયોગની રચના અને કામગીરી

૧૪૭૬૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય મહિલા આયોગની ક્યારે રચના કરવામાં આવી,

(૨) આયોગ દ્વારા શું કાર્યવાહી તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ મહિલાઓના હિતમાં કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા.૧૬-૨-૦૫ના જાહેરનામાથી

(૨) ૧. વિગતો નીચે મુજબ છે.

(૧) રાજ્ય સરકારની કચેરીઓ રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસોની કચેરીઓમાં ભરતીમાં મહિલાઓ માટે કરાયેલ અનામતની જોગવાઇનું પાલન કરવામાં આવે તે જોવા તમામ સબંધિત વિભાગોને જણાવેલ છે.

(૨) રાજ્ય સેવા સંવર્ગો માટે મહિલા કર્મચારીઓની જાતીય સતામણી સંદર્ભમાં નિયમોમાં જોગવાઇ કરી છે. તે પ્રમાણે રાજ્ય સરકાર હેઠળના અન્ય સંવર્ગો/જાહેર સાહસોમાં જોગવાઇ કરવા વિભાગોને જણાવ્યું છે.

(૩) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન્સ, નગર-પાલિકાઓ વગેરે સંચાલિત બસ સેવામાં મહિલા મુસાફરો માટે અનામત બેઠકોની જોગવાઇનો અમલ કરાવવા અને જોગવાઇ ન હોય ત્યાં જરૂરી જોગવાઇ કરી તેનો અમલ કરાવવા સબંધિત વહીવટી વિભાગને જણાવ્યું છે.

(૪) વિધાર્થીનીઓની રેગીંગ/છેડતી જેવી પ્રવૃત્તિ કરનાર સામે દાખલો બેસે તેવા કડક પગલાં માટેની જોગવાઇ કરવા ઉપરાંત વિધાર્થીનીઓ આ પ્રકારના દૂષણનો સામનો કરી શકે તે માટે તેમને માધ્યમિક કક્ષાએથી જુડો/કરાટે પ્રકારની વિશેષ તાલીમ આપવા વિચારણા કરવા શિક્ષણ વિભાગને ભલામણ કરી છે.

૨. આયોગને તા.૩૧-૧૨-૦૫ સુધીમાં મળેલ કુલ ૧૬૦ અરજીઓ પર જરૂરી કાર્યવાહી હાથ ધરી સબંધિતોને સૂચના આપવામાં આવી છે.

૩. આયોગે ડિસેમ્બર-૦૫ સુધીમાં રાજ્યના અમદાવાદ, વડોદરા, નડિયાદ (ખેડા) આણંદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, જામનગર જિલ્લાની કુલ-૩૫ નારી સંસ્થાઓ/જેલ/મહિલા/પોલીસ સ્ટેશન/કચેરીની મુલાકાત લીધી છે.

૪. અન્ય રાજ્યોના આયોગની કાર્યરીતિનો અભ્યાસ કરવાના હેતુથી તા.૨૫-૫-૦૫ થી ૨૮-૫-૦૫ દરમ્યાન રાજસ્થાન મહિલા આયોગ અને જુલાઇ-૦૫

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| | માં દિલ્હી રાજ્ય મહિલા આયોગની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીય મહિલા આયોગ, દિલ્હી દ્વારા જુલાઇ-૦૫ તથા નવેમ્બર-૦૫ માં યોજાયેલ સેમિનારમાં આયોગના માન. અધ્યક્ષાશ્રીએ હાજરી આપી હતી અને બહેનોના પ્રશ્નોની ચર્ચામાં સિનિયર સીટીઝન બહેનોના મિલ્કતના કેસોનું જલદી નિરાકરણ થાય અને ન્યાય મળે તો જ તેઓ પોતાની હયાતીમાં મિલ્કતનો સદઉપયોગ કરી શકે તેવી રજુઆત સેમિનારમાં કરી હતી.<br>૫. આયોગના સભ્યશ્રીએ પણ મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાની સંસ્થા/જેલની મુલાકાત લીધી હતી. |
| (૩) આ આયોગ પાછળ રાજ્ય સરકારે અત્યાર સુધીમાં કેટલો ખર્ચ કર્યો ? | (૩) તા.૨૨-૨-૦૬ સુધીમાં રૂા.૧૨.૧૯ લાખ. |

-------------

## જૂનાગઢ જિલ્લામાં કેરોસીનની ફાળવણી

૧૪૬૪૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લાના દરેક તાલુકા માટે દર માસે કેરોસીનના જથ્થાની કેટલી આવશ્યક્તા હતી, | (૧) અને (૨) પત્રક-૧ મુજબ. |
| (૨) તે અન્વયે માસવાર રેશનીંગ કાર્ડ માટે કેટલું કેરોસીન ફાળવ્યું, અને | |
| (૩) જરૂરીયાત કરતા ઓછું કેરોસીન ફાળવવામાં આવે છે તે અંગે સરકારે વધુ કેરોસીન ફાળવવા શું વ્યવસ્થા કરી ? | (૩) પાત્ર કાર્ડ ધારકોને નિયમિત રીતે સરળતાથી પુરતું કેરોસીન ઉપલબ્ધ થઇ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યાન્વિત રાખવામાં આવી છે, તેમજ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પુરેપુરુ કરાવવાનું આયોજન કરેલ છે.<br>૧. કેન્દ્ર સરકારની જરૂરીયાત સામે ઓછી ફાળવણી.<br>૨. તમામ કાર્ડ ધારકોને પ્રમાણ મુજબ કેરોસીન મળે તે અંગે સરકારશ્રી નવી નિતી અંગે સક્રિય વિચારણા હેઠળ છે. |

### પ ત્ર ક - ૧

સને ૨૦૦૫ના જૂનાગઢ જિલ્લાના દરેક તાલુકાની માસવાર કેરોસીનના જથ્થાની આવશ્યક્તા અને ફાળવણીની વિગત દર્શાવતું પત્રક (જથ્થો કિલીમાં)

| અ.નં. | તાલુકાનું નામ | જાન્યુઆરી | | ફેબ્રુઆરી | | માર્ચ | | એપ્રિલ | | મે | | જુન | | જુલાઇ | | ઓગષ્ટ | | સપ્ટેમ્બર | | ઓક્ટોબર | | નવેમ્બર | | ડિસેમ્બર | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી | આવશ્યક્તા | ફાળવણી |
| ૧ | જૂનાગઢ | ૫૬૬ | ૪૯૨ | ૫૭૩ | ૪૯૩ | ૫૭૩ | ૪૯૩ | ૫૭૩ | ૪૯૯ | ૫૭૩ | ૫૦૧ | ૫૭૩ | ૫૦૩ | ૫૭૩ | ૫૦૫ | ૫૮૬ | ૫૧૩ | ૫૮૮ | ૫૦૩ | ૫૮૮ | ૫૦૬ | ૫૮૮ | ૫૦૫ | ૫૮૮ | ૫૦૦ |

| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | વિસાવદર | ૨૮૦ | ૨૪૪ | ૨૭૯ | ૨૪૦ | ૨૭૯ | ૨૪૦ | ૨૭૯ | ૨૪૩ | ૨૭૯ | ૨૪૪ | ૨૭૯ | ૨૪૫ | ૨૭૯ | ૨૪૬ | ૨૮૪ | ૨૪૮ | ૨૮૪ | ૨૪૩ | ૨૮૪ | ૨૪૫ | ૨૮૪ | ૨૪૪ | ૨૮૪ | ૨૪૧ |
| ૩ | વંથલી | ૨૨૯ | ૧૯૯ | ૨૩૫ | ૨૦૨ | ૨૩૫ | ૨૦૨ | ૨૩૫ | ૨૦૪ | ૨૩૫ | ૨૦૬ | ૨૩૫ | ૨૦૬ | ૨૩૫ | ૨૦૭ | ૨૪૪ | ૨૧૩ | ૨૪૪ | ૨૦૯ | ૨૪૪ | ૨૧૦ | ૨૪૪ | ૨૧૦ | ૨૪૪ | ૨૦૭ |
| ૪ | મેંદરડા | ૧૬૨ | ૧૪૧ | ૧૫૯ | ૧૩૭ | ૧૫૯ | ૧૩૭ | ૧૫૯ | ૧૩૮ | ૧૫૯ | ૧૩૯ | ૧૫૯ | ૧૪૦ | ૧૫૯ | ૧૪૦ | ૧૫૮ | ૧૩૮ | ૧૫૮ | ૧૩૫ | ૧૫૮ | ૧૩૬ | ૧૫૮ | ૧૩૬ | ૧૫૮ | ૧૩૪ |
| ૫ | ભેંસાણ | ૧૬૫ | ૧૪૪ | ૧૬૮ | ૧૪૪ | ૧૬૮ | ૧૪૪ | ૧૬૮ | ૧૪૬ | ૧૬૮ | ૧૪૭ | ૧૬૮ | ૧૪૮ | ૧૬૮ | ૧૪૮ | ૧૬૮ | ૧૪૭ | ૧૬૮ | ૧૪૪ | ૧૬૮ | ૧૪૫ | ૧૬૮ | ૧૪૪ | ૧૬૮ | ૧૪૩ |
| ૬ | વેરાવળ | ૪૦૦ | ૩૪૮ | ૪૦૦ | ૩૪૪ | ૪૦૨ | ૩૪૬ | ૪૦૨ | ૩૫૦ | ૪૦૨ | ૩૫૨ | ૪૦૨ | ૩૫૩ | ૪૦૨ | ૩૫૪ | ૪૦૨ | ૩૫૨ | ૪૦૩ | ૩૪૫ | ૪૦૩ | ૩૪૭ | ૪૦૩ | ૩૪૬ | ૪૦૩ | ૩૪૩ |
| ૭ | સુત્રાપાડા | ૨૩૧ | ૨૦૧ | ૨૩૧ | ૧૯૯ | ૨૩૧ | ૧૯૯ | ૨૩૧ | ૨૦૧ | ૨૩૧ | ૨૦૨ | ૨૩૧ | ૨૦૩ | ૨૩૧ | ૨૦૪ | ૨૩૩ | ૨૦૪ | ૨૩૩ | ૧૯૯ | ૨૩૩ | ૨૦૧ | ૨૩૩ | ૨૦૦ | ૨૩૩ | ૧૯૮ |
| ૮ | ઉના | ૬૨૩ | ૫૪૨ | ૬૨૯ | ૫૪૧ | ૬૨૯ | ૫૪૧ | ૬૨૯ | ૫૪૭ | ૬૨૯ | ૫૫૦ | ૬૨૯ | ૫૫૨ | ૬૨૯ | ૫૫૪ | ૬૩૯ | ૫૫૯ | ૬૩૯ | ૫૪૭ | ૬૩૯ | ૫૫૦ | ૬૩૯ | ૫૪૯ | ૬૩૯ | ૫૪૩ |
| ૯ | તાલાલા | ૨૪૧ | ૨૧૦ | ૨૪૮ | ૨૧૩ | ૨૪૮ | ૨૧૩ | ૨૪૮ | ૨૧૬ | ૨૪૮ | ૨૧૭ | ૨૪૮ | ૨૧૮ | ૨૪૮ | ૨૧૯ | ૨૫૧ | ૨૨૦ | ૨૫૧ | ૨૧૫ | ૨૫૧ | ૨૧૬ | ૨૫૧ | ૨૧૬ | ૨૫૧ | ૨૧૩ |
| ૧૦ | માળિયા | ૨૮૯ | ૨૫૧ | ૨૯૧ | ૨૫૦ | ૨૯૧ | ૨૫૦ | ૨૯૧ | ૨૫૩ | ૨૯૧ | ૨૫૫ | ૨૯૧ | ૨૫૬ | ૨૯૧ | ૨૫૭ | ૨૯૯ | ૨૬૨ | ૨૯૯ | ૨૫૬ | ૨૯૯ | ૫૫૭ | ૨૯૯ | ૨૫૭ | ૨૯૯ | ૨૫૪ |
| ૧૧ | કેશોદ | ૩૩૨ | ૨૮૯ | ૩૩૪ | ૨૮૭ | ૩૩૪ | ૨૮૭ | ૩૩૪ | ૨૯૩ | ૩૩૪ | ૨૯૨ | ૩૩૪ | ૨૯૩ | ૩૩૪ | ૨૯૪ | ૩૪૩ | ૩૦૦ | ૩૪૩ | ૨૯૩ | ૩૪૩ | ૨૯૫ | ૩૪૩ | ૨૯૫ | ૩૪૩ | ૨૯૨ |
| ૧૨ | માણાવદર | ૩૩૧ | ૨૮૮ | ૩૩૧ | ૨૮૫ | ૩૩૧ | ૨૮૫ | ૩૩૧ | ૨૮૮ | ૩૩૧ | ૨૯૦ | ૩૩૧ | ૨૯૧ | ૩૩૧ | ૨૯૨ | ૩૪૫ | ૩૦૨ | ૩૪૫ | ૨૯૫ | ૩૪૫ | ૨૯૭ | ૩૪૫ | ૨૯૭ | ૩૪૫ | ૨૯૩ |
| ૧૩ | માંગરોળ | ૩૨૩ | ૨૮૧ | ૩૩૪ | ૨૮૭ | ૩૩૪ | ૨૮૭ | ૩૩૪ | ૨૯૦ | ૩૩૪ | ૨૯૨ | ૩૩૪ | ૨૯૩ | ૩૩૪ | ૨૯૪ | ૩૫૬ | ૩૧૧ | ૩૫૬ | ૩૦૫ | ૩૫૬ | ૩૦૭ | ૩૫૬ | ૩૦૬ | ૩૫૬ | ૩૦૩ |
| ૧૪ | કોડિનાર | ૩૩૪ | ૨૯૧ | ૩૩૪ | ૨૮૭ | ૩૩૪ | ૨૮૭ | ૩૩૪ | ૨૯૦ | ૩૩૪ | ૨૯૨ | ૩૩૪ | ૨૯૩ | ૩૩૪ | ૨૯૪ | ૩૪૪ | ૩૦૧ | ૩૪૪ | ૨૯૪ | ૩૪૪ | ૨૯૬ | ૩૪૪ | ૨૯૬ | ૩૪૪ | ૨૯૨ |
| | **કુલ :** | **૪૫૦૬** | **૩૯૨૧** | **૪૫૪૬** | **૩૯૦૯** | **૪૫૪૮** | **૩૯૧૧** | **૪૫૪૮** | **૩૯૫૮** | **૪૫૪૮** | **૩૯૭૯** | **૪૫૪૮** | **૩૯૯૪** | **૪૫૪૮** | **૪૦૦૮** | **૪૬૫૨** | **૪૦૭૦** | **૪૬૫૫** | **૩૯૮૩** | **૪૬૫૫** | **૪૦૦૮** | **૪૬૫૫** | **૪૦૦૧** | **૪૬૫૫** | **૩૯૫૬** |

----------

## કચ્છી સાહિત્ય અકાદમીમાં સભ્યોની નિમણૂંક બાબત

૧૫૮૨૬ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં કચ્છી સાહિત્ય અકાદમીમાં સભ્યોના નિમણૂંકની કાર્યવાહી ગતીમાં હતી તે પૂર્ણ કરવામાં આવી છે કે કેમ,

(૨) આ અકાદમીમાં કોને કોને સભ્યો તરીકે નિમવામાં આવ્યાં છે, અને

(૩) આ અકાદમીની કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ અકાદમીમાં કુલ ૨૬ સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ છે. પત્રક સામેલ છે.

(૩) તા.૨૬-૫-૦૫ ના રોજથી.

### કચ્છી સાહિત્ય અકાદમીના સભ્યોની યાદી

**પ્રમુખ** : શ્રી કીર્તિ ખત્રી-ભૂજ

**ઉપપ્રમુખ** : શ્રી જયંતિ જોષી ! શબાબ ! ભૂજ

**: કારોબારી સમિતિના સભ્યો :**

(૧) શ્રી નારાયણ જોષી !કચાયલ! નખત્રાણા.

(૨) શ્રી માધવ જોષી !અશ્ક! નારાયણ સરોવર
(૩) શ્રી હરેશ દરજી !ક્સભી! નલીયા
(૪) શ્રી વ્રજ ગજકંધ-ભૂજ
(૫) શ્રી ઝવેરીલાલ સોનેજી-ભૂજ

**: સામાન્ય સભાના સભ્યો :**

(૧) શ્રી ગોતમ જોષી-ભૂજ
(૨) શ્રી શ્રી તેજપાલ ધારશી નાગડા ! કવિ તેજ ! નલીયા
(૩) શ્રી બાબુલાલ ગોર-ભૂજ
(૪) શ્રી રાજેશ ગઢવી-મોરઝર
(૫) શ્રી ધનજીભાઇ ભાનુશાલી-ભૂજ
(૬) શ્રી હિરજીભાઇ શાહ-અમદાવાદ
(૭) ડૉ. ઉમરભાઇ સમા-ભૂજ
(૮) ડૉ. દિનેશ જોષી-માંડવી
(૯) ડૉ. રમેશ ભટ્ટ ! રશ્મિ !-ભૂજ
(૧૦) ડૉ. ક્રાન્તિ ગોર-મુંદ્રા
(૧૧) શ્રી ઉમીયાશંકર અજાણી-ભૂજ
(૧૨) શ્રી અબ્દ એસ.તુરિયા-ભૂજ
(૧૩) શ્રી મદનકુમાર અંજારિયા-ભૂજ
(૧૪) શ્રી હસમુખ અબોટી-શિરવા
(૧૫) શ્રી જયંતિ ગોર ! જખમી !-ભૂજ
(૧૬) શ્રી પ્રભાશંકર ફડકે-અંજાર
(૧૭) શ્રી રવિ પેથાણી ! તિમિર !-ભૂજ
(૧૮) શ્રી નેણશી ભાનુશાલી ! જાની !-નલીયા
(૧૯) ડૉ. વિશનજી નાગડા-મુંબઇ

-------------

**ગાંધીનગર શહેરની સ્વનિર્ભર હાઇસ્કુલોમાં કન્યાઓ પાસેથી લેવાતી ફી**

૧૪૨૫૧ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગાંધીનગર શહેરમાં સરકારી ગ્રાન્ટ ન લેતી હોય તેવી હાઇસ્કુલોમાં કન્યાઓ પાસેથી ફી લેવાય છે, તે હકીકત સાચી છે ?

**જવાબ**

ગ્રાન્ટ ન લેતી હોય તેવી હાઇસ્કુલોમાં કન્યાઓ પાસેથી નિયમોનુસાર ફી લેવામાં આવે છે.

-------------

**જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વિધવા સહાયના પડતર કેસો**

૧૪૪૫૪ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ વર્ષવાર આવેલ છે,

**જવાબ**

(૧) તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૪માં આવેલ અરજીઓ | વર્ષ ૨૦૦૫માં આવેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧૨૩ | ૮૦ |
| ૨ | ભેંસાણ | ૧૧ | ૯ |
| ૩ | વિસાવદર | ૨૭ | ૧૮ |
| ૪ | વંથલી | ૧૩ | ૧૧ |
| ૫ | માણાવદર | ૨૬ | ૩૫ |
| ૬ | વેરાવળ | ૮૫ | ૯૬ |

| | | | |
|---|---|---|---|
| ૭ | ઉના | ૬૫ | ૧૨૦ |
| ૮ | કોડીનાર | ૪૦ | ૫૮ |
| ૯ | સુત્રાપાડા | ૧૫ | ૨૦ |
| ૧૦ | તલાલા | ૧૧ | ૨૭ |
| ૧૧ | કેશોદ | ૨૭ | ૩૪ |
| ૧૨ | માંગરોળ | ૩૫ | ૬૨ |
| ૧૩ | માળીયા | ૪૧ | ૨૬ |
| ૧૪ | મેંદરડા | ૧૩ | ૧૧ |
| | **કુલ :-** | **૫૩૨** | **૬૦૭** |

(૨) તે પેકી મહિલાઓને વિધવા સહાય ચૂકવવાની કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) તે સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવનાર છે ?

(૨) અને (૩) : મંજૂર થયેલી ૫૫૩ પેકી પડતર ૧૬૨ ને સહાય ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે.

-------------

**અમદાવાદમાંથી દારૂ પકડવા અંગે**

૧૫૮૫૧ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા અસારવા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરના ક્યા પોલીસ સ્ટેશનની હદમાંથી તા. ૧/૧/૦૫ થી તા. ૩૧/૧/૦૬ સુધીમાં નશાબંધી સ્ટાફે કેટલો દારૂ પકડ્યો છે,

**જવાબ**

(૧)

| પોલીસ સ્ટેશન | પકડાયેલ દારૂની કિંમત | |
|---|---|---|
| નરોડા | રૂા. | ૬૮૧૮૪૦ |
| શહેરકોટડા | રૂા. | ૨૮૨૪૨૦ |
| બાપુનગર | રૂા. | ૮૨૨૪૦ |
| ગોમતીપુર | રૂા. | ૨૩૭૮૦૫ |
| રખીયાલ | રૂા. | ૪૦૬૮૦ |
| અમરાઈવાડી | રૂા. | ૯૭૩૫૩૨ |
| ઓઢવ | રૂા. | ૭૮૦૭૧૦ |
| એલીસબ્રિજ | રૂા. | ૧૪૭૨૦૦ |
| નવરંગપુરા | રૂા. | ૨૮૪૦૦ |
| વેજલપુર | રૂા. | ૧૫૮૬૮૦ |
| સેટેલાઈટ | રૂા. | ૪૭૫૧૪૨ |
| સોલા | રૂા. | ૧૫૨૬૫૦ |
| ઘાટલોડિયા | રૂા. | ૧૫૯૮૨૦ |
| નારણપુરા | રૂા. | ૫૫૮૨૯૦ |
| સાબરમતિ | રૂા. | ૬૦૭૭૪૦ |
| કારંજ | રૂા. | ૩૬૧૬૦ |
| દરીયાપુર | રૂા. | ૩૩૮૦૦ |
| માધુપુરા | રૂા. | ૨૦૦૯૨૦ |
| શાહપુર | રૂા. | ૧૨૭૫૪૦ |
| મેઘાણીનગર | રૂા. | ૧૧૨૧૯૦ |
| કાલુપુર | રૂા. | ૬૯૬૦ |
| સરદારનગર | રૂા. | ૧૦૬૦૫૧૫ |
| શાહીબાગ | રૂા. | ૧૬૫૦૮૦ |
| ગાયકવાડ હવેલી | રૂા. | ૯૮૧૦૦ |
| કાગડાપીઠ | રૂા. | ૯૭૪૦૦ |
| દાણીલીમડા | રૂા. | ૧૫૯૭૪૦ |
| મણીનગર | રૂા. | ૬૨૫૨૮ |
| ખાડીયા | રૂા. | ૨૨૪૮૨૦ |
| વટવા | રૂા. | ૭૮૮૧૨૦ |
| વટવા જી.આઈ.ડી.સી. | રૂા. | ૩૧૫૬૦ |
| **કુલ** | **રૂા.** | **૮૫૭૨૫૮૨** |

(૨) આ દરોડાઓમાં કેટલા લોકો પકડાયા છે અને તેમની સામે શું પગલાં લેવામાં આવ્યા છે, અને

(૨) ૯૮૩૨ લોકો, જેમાંથી ૪૪૧ સામે પ્રોહીબીશન કલમ ૯૩ મુજબ અને ૨૧ સામે પાસા હેઠળ અટકાયતી પગલાં લેવાયેલ છે.

(૩) જે પોલીસ સ્ટેશનની હદમાંથી દારૂ પકડાયો છે તે પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ ઈન્સ્પેક્ટર સામે શું પગલાં લીધાં છે ?

(૩) ૫૨ (બાવન) જવાબદાર અધિકારીઓના ખુલાસા મેળવેલ જે પેકી ૪૦ કેસોની તપાસ ચાલુ છે, ત્રણ અનિર્ણિત છે, અને નવ કેસોમાં તપાસ બંધ કરેલ છે.

**રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓ સાથે શારીરિક છેડછાડના બનાવો**

૧૫૦૮૩ **શ્રી રાકેશ રાવ માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્યની પ્રાથમિક માધ્યમિક શાળાઓમાં છેલ્લા ૨ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીનીઓ સાથે શારીરિક છેડછાડ થતી હોવાની ફરિયાદો સરકારને મળેલ છે, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો સરકારે આ અંગે શું કાર્યવાહી હાથ ધરી છે, અને | (૨) જવાબદારો સામે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. |
| (૩) વિદ્યાર્થીનીઓમાં સલામતીની ભાવના ઉભી કરવા માટે કેવા પગલાં ભરવામાં આવેલ છે ? | (૩) -- ગ્રામ શિક્ષણ સમિતિઓ, માતૃ શિક્ષક મંડળ અને પિતૃ શિક્ષક મંડળની બેઠકો યોજીને વાલી સંપર્ક દ્વારા વિદ્યાર્થીનીઓમાં સલામતીની ભાવના ઉભી કરવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે. તથા<br>-- કાઉન્સલીંગ સ્કાઉટ એન્ડ ગાઈડ, કરાટે, એન.સી.સી., નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને નારી તું નારાયણી જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે.<br>-- અસામાજિક તત્વો શાળાના દરવાજે કે રોડ ઉપર ઉભા ન રહે અને વિદ્યાર્થીનીઓ નિર્ભય થઈ શાળામાં આવે-જાય તેવું વાતાવરણ ઉભું કરવામાં આવેલ છે. તેમજ શાળાની સ્ત્રી શિક્ષિકાઓને આ અંગે જાગૃત કરવામાં આવેલ છે. |

-------------

**ડાંગ જિલ્લામાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ અને ખર્ચ**

૧૩૯૩૨ **શ્રી માધુભાઈ જે. ભોયે ડાંગ-વાંસદા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ડાંગ જિલ્લામાં રમતગમત, યુવા સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ હેઠળ કેટલી રકમ ફાળવી, અને | (૧) રૂા. ૭,૭૮,૭૫૭ = ૦૦ |
| (૨) આ કાર્યક્રમ હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) રૂા. ૬,૯૩,૭૯૫ = ૦૦ |

-------------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાં બી.એસ.સી.બી.એડ. શિક્ષકોની ભરતી**

૧૫૮૫૪ **ડૉ. અનિલ જોષીયારા ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધોરણ-૫, ૬ અને ૭ નું શિક્ષણ સુધારવા | (૧) બી.એસ.સી.બી.એડ શિક્ષકોની નહિ પરંતુ |

સરકારે બી.એસ.સી.બી.એડ. શિક્ષકોની ભરતી કરવાનો ૨ વર્ષ અગાઉ નિર્ણય લીધેલ તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં જિલ્લાવાર કેટલા બી.એસ.સી.બી.એડ. શિક્ષકોની ભરતી કરવામાં આવી ?

તાલીમી સ્નાતક શિક્ષકોની ભરતી અંગેનો નિર્ણય સરકારે લીધો છે.

(૨) ૨૦૦૪-૦૫ પત્રક (અ) મુજબ
૨૦૦૫-૦૬ એકપણ નહિ

**પત્રક--"અ"**

**બી.એસ.સી.બી.એડ. શિક્ષકોની જિલ્લાવાર ભરતીની વિગતો :**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **ભરતી કરેલ બી.એસ.સી.બી.એડ. શિક્ષકોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯ |
| ૨ | વડોદરા | ૧૨૯ |
| ૩ | રાજકોટ | ૫૫ |
| ૪ | સુરત | ૪ |
| ૫ | ખેડા | ૧૬ |
| ૬ | આણંદ | -- |
| ૭ | પંચમહાલ | ૬ |
| ૮ | દાહોદ | ૯૪ |
| ૯ | સાબરકાંઠા | ૩ |
| ૧૦ | જુનાગઢ | ૪૨ |
| ૧૧ | પોરબંદર | ૫૧ |
| ૧૨ | મહેસાણા | ૧૮ |
| ૧૩ | પાટણ | ૨૧ |
| ૧૪ | ભાવનગર | ૧૧૭ |
| ૧૫ | જામનગર | ૧૩૬ |
| ૧૬ | અમરેલી | ૪૭ |
| ૧૭ | કચ્છ | ૧૦૧ |
| ૧૮ | ભરૂચ | ૫૪ |
| ૧૯ | નર્મદા | ૬૯ |
| ૨૦ | વલસાડ | ૧ |
| ૨૧ | નવસારી | -- |
| ૨૨ | બનાસકાંઠા | ૯૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૭૪ |
| ૨૪ | ગાંધીનગર | ૨ |
| ૨૫ | ડાંગ | -- |
| | **કુલ :** | ૧૧૪૦ |
| | નગર પાલિકા | ૪૭ |
| | **એકંદર કુલ** | ૧૧૮૭ |

-------------

**ખેડા અને આણંદ જિલ્લાની જેલોમાં ક્ષમતા કરતા વધુ કેદીઓ**

૧૩૯૨૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં આવેલ જેલોમાં કેદીઓને રાખવાની ક્ષમતા કરતા વધુ કેદીઓને રાખવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો જેલોમાં વધુ કેદીઓને સમાવવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારે નીચે મુજબ આયોજન કરેલ છે.

(અ) ખેડા જિલ્લાની નડીયાદ સબ જેલને અપગ્રેડ કરીને જીલ્લા જેલ બનાવી તા. ૧-૫-

૯૯ થી કાર્યરત કરવામાં આવી છે.

(બ) તાલુકા સબ જેલમાં ક્ષમતા કરતા વધુ કેદીઓનો ઉમેરો થાય ત્યારે તેઓને જિલ્લા જેલ નડીયાદ ખાતે તબદીલ કરવામાં આવે છે.

(ક) આણંદ તાલુકા સબ જેલને નવી જેલ બનાવવા જમીનને લગતી કાર્યવાહી અલગ રીતે વિચારણા હેઠળ છે.

-------------

**કપરાડા તાલુકામાં જનપરી કેરોસીન યોજનાના સબડીલરની નિમણૂંક**

૧૪૦૯૨**શ્રી જીતુભાઈ હ. ચૌધરી મોટાપોંઢા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં જનપરી કેરોસીન યોજના (પાયલોટ યોજના) ના સબડીલરની નિમણૂંક ક્યારે કરવામાં આવી, અને | (૧) કેન્દ્ર સરકારશ્રીની સૂચનાઓ અન્વયે ઓઈલ કંપનીઓના ડીલરો દ્વારા સબડીલરોની નિમણૂંક કરવા માટે આઈ.ઓ.સી.ના તા.૨૬/૯/૦૫ અને એચ.પી.સી.એલ.ના તા.૩૦/૯/૦૫ ના નિયુક્તિ પત્રોના આધારે તા.૧/૧૦/૦૫ થી પરવાનાઓ આપવામાં આવેલ છે. |
| (૨) બહારના ઈસમની સબડીલર તરીકે નિમણૂંક કરવાના કારણો શા છે ? | (૨) કેન્દ્ર સરકારની સૂચનાઓ અનુસાર ઓઈલ કંપનીઓ દ્વારા જે ડીલરોની નિમણુંક કરવામાં આવી તે ડીલરોએ સુચવ્યા મુજબના સબડીલરોને પરવાના આપવામાં આવ્યા છે. |

-------------

**રાજકોટ જિલ્લામાં રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

૧૪૩૨૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા જસદણ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિને લગતા ક્યાં અને ક્યારે ક્યારે શું કાર્યક્રમો રાખવામાં આવેલા, | (૧) સામેલ * પત્રક-અ મુજબ ૨૦૯ કાર્યક્રમો રાખવામાં આવેલા. |
| (૨) તે દરેક પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) સામેલ * પત્રક-બ મુજબ |
| (૩) યુવાનો, વિદ્યાર્થીઓને ક્યા ક્યા પ્રકારની મદદ કરવામાં આવેલ ? | (૩) (૧) સામેલ * પત્રક- ક મુજબ **(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)** |

-------------

**અમદાવાદમાં ગેસ સીલીન્ડરોની તંગી**

૧૪૨૪૪ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં હાલમાં એલ.પી.જી. ગેસના સીલીન્ડરોની તંગી અંગે સરકાર જાણે છે, | (૧) હા, જી |
| (૨) આ તંગી નિવારવા સરકાર દ્વારા શું પગલાં લેવામાં આવેલાં છે, અને | (૨) (અ) ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથે અવાર-નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી |

સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ માટે બેક્લોગ ઘટાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સુચના આપી અને તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણ ગેસનો દુરુપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, હોટલ જેવા વ્યાપારી અને ઓદ્યોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવે છે અને કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) આ પ્રકારની તંગી હોવાથી કેરોસીન વિતરણમાં કોઈ જથ્થો વધારવા માંગે છે કે કેમ ?

(૩) ગેસ જોડાણ ધરાવનારને કેરોસીન આપવામાં આવતુ ન હોઈ પ્રશ્ન રહેતો નથી.

-------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૩-૦૪નો રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો વાર્ષિક વહિવટી અહેવાલ**

**શ્રી અમિત અ. શાહ (રાજ્ય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક વહિવટી અહેવાલ, સન ૨૦૦૩-૨૦૦૪ના સુધારેલા અને સન ૨૦૦૪-૨૦૦૫ના અંદાજો તથા સન ૨૦૦૪-૨૦૦૫ના સુધારેલા અને ૨૦૦૫-૨૦૦૬ના અંદાજો તેમજ સન ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક વહિવટી અહેવાલ અને સુધારેલા અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૪-૨૦૦૫નો સ્પૉર્ટસ ઓથોરિટી ઑફ ગુજરાતનો વાર્ષિક અહેવાલ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પૉર્ટસ ઓથોરિટી ઑફ ગુજરાતનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**માહિતીના અધિકાર બાબતના અધિનિયમની ગૃહ વિભાગની અધિસૂચના**

**શ્રી અમિત અ. શાહ (રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫ના માહિતીના અધિકાર બાબતના અધિનિયમ અન્વયેની ગૃહ વિભાગની તા.૨૫-૧૦૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: એસબી.૧/૧૦૨૦૦૧/૮૨૦૩/જીઓઆઈ/૬૨/(પાર્ટ ફાઇલ) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગની અધિસૂચના**

**શ્રી અમિત અ. શાહ (રાજ્ય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બદરો અને વાહન વ્યવહાર વિભાગની- સન ૧૯૮૮ના મોટર વાહન અધિનિયમ અન્વયેની-

(ક) તા.૨૯-૧૧-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક- જીજી/૨૦૦૫/૧૬/એમવીઆર/૧૧૨૦૦૫/૬૬૧/ખ

(ખ) તા.૧૩-૧૨-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક- જીજી/૨૦૦૫/૧૮/એમવીઆર/૧૦૯૯/૧૩૪૨/ખ

(ગ) તા.૩૧-૧-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક- જીજી/૨૦૦૬/૩/એમવીડી/૧૦૨૦૦૪/૪૨૨૪/ખ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

**બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત**

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો બારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખનો પ્રસ્તાવ**

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

**અધ્યક્ષશ્રી** : તા.૭મી માર્ચ, ૨૦૦૬ના રોજ અધૂરી રહેલી ચર્ચા હવે આગળ ચાલશે. માનનીય સભ્યશ્રી બળવંતસિંહ રાજપૂત.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે ગુજરાતનું બજૅટ રજૂ કરતા હોય અને એને ઐતિહાસિક ઘટના ગણાવતા હોઈએ ત્યારે ચોક્કસ એક વાત યાદ દેવડાવવાનું મન થાય કે, હંમેશાં સરકાર અને બજૅટ એ કોઈપણ પાર્ટી, કોઈપણ વિચાર, કોઈપણ વાત જે ૫ કરોડની જનતાને કહ્યું હોય એ હંમેશાં પૂર્ણ કરવા માટેની અપેક્ષા રાખી એમને સત્તા આપતા હોઈએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે મુખ્યમંત્રીશ્રીએ બજૅટ રજૂ કર્યું છે અને જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારને સત્તા મળી છે ત્યારે મને એટલા માટે વાત યાદ કરાવવાનું મન  થાય છે કે, એમણે ચૂંટણી ઢંઢેરા વખતે એમાં ૩૭૭ વચનો આપવામાં આવ્યા હતા અને એમાં ખાસ કરીને એક સૂત્ર હતું. "ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર અમે દૂર કરીશું." આજની તારીખે જે પરિસ્થિતિ છે, અને જે પ્રમાણે બજૅટની વાત છે એમાં ભય માટે એમ કહી શકાય કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે એના આંકડા આજે પણ આપણે જોઈ શકીએ છીએ. ભૂખ માટે એવું કહી શકાય કે, ભૂખ આજે જે સ્ટેજે પહોંચી છે જેના કારણે ગુજરાતની અંદર સામૂહિક આત્મહત્યાઓ થાય છે. ભ્રષ્ટાચારની વાત એટલા માટે યાદ કરી શકાય કે ૫ હજારથી પણ વધારે કેસો આજે ગુજરાત સરકારમાં પેંન્ડિંગ પડયા છે એવી સ્થિતિ થઈ છે.  બીજા અનેક વસ્તુઓના વચનો આપ્યા હતા એ એટલા માટે યાદ અપાવું છું કે વંચિતો માટેની પ્રતિભા વિકાસની યોજના, સંસ્કૃત અને રાષ્ટ્રવાદ અને ઈન્દ્રપથ શહેરી વિકાસની યોજના, રિદ્ધિ સિધ્ધીની યોજના, ગોપી ઘરની યોજના આવા અનેક વચનો આપ્યા હતા અને વાત કરી હતી. આ વચનોમાંથી એક પણ વચન આજે પણ પાળવામાં આવ્યું નથી.  મુખ્યત્વે બજૅટમાં જે વાત કરવામાં આવી છે જનશકિત, જ્ઞાનશકિત, ઉર્જાશકિત અને રક્ષાશકિત એના વિશે પણ ભૂતકાળની અંદર એની પરિસ્થિતિ માટે મેં વાત કરી છે. મારે બજૅટ ઉપર એટલા માટે વાત કરવી છે કે ગયા વખતે બજૅટની અંદર જેમ વાત કરવામાં આવી હતી અને એની અંદર જે યોજનાઓ બનાવવામાં આવી હતી એની અંદર પણ જે રહી ગયું હોય, જેની અંદર અંશમાત્ર પણ ન થયું હોય, ઘ ણામાં નાનું મોટું કામ થયું હોય, ગાંધીનગરને સોલર સીટી બનાવવાનું, સુરક્ષા દળમાં ૪૦૦૦ જગ્યાઓ ભરવાની, ડિઝલ બસો માટેની પણ વાત કરી છે.  આ વખતે પણ વાત કરી છે.  સો ટકા શિક્ષકોની ભરતીની વાત કરી હતી. હોસ્પિટલમાં રોગી કલ્યાણ કમિટી બનાવવાની, જેલ અદાલતોમાં (અંતરાય) ચોક્કસ બધા નથી થયા એમ નથી કહેતો, અમુકમાં થવાની શરૂઆત થઈ છે.  નળસરોવર આગળ ટુરીઝમ માટેની અને એક લાખ ગરીબોના આવાસ બનાવવા માટેની વાત કરી હતી.   આ બધી વસ્તુઓ ગયા બજૅટમાં પણ હતી.   આ બજૅટમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પાન નં. ૨૦ ઉપર બહુ મહત્ત્વની વાત કરી છે કે અર્થતંત્રને પ્રગતિલક્ષી બનાવવાની, આજે રાજયનો વિકાસ દર ઘટયો છે.  આજે પ્રગતિ વિકાસલક્ષી હોત તો ચોક્કસ આનંદ થાય પણ કૃષિ ઉદ્યોગ જેવા સૅકટરોની પ્રગતિ રૂંધાઈ રહી છે અને સામાજિક સેવાઓમાં આ બજૅટની અંદર મોટો કાપ મૂકવામાં આવ્યો છે.  ત્રીજી સૂચના આપી છે વિકાસ રોજગારલક્ષી અને રોજગાર ઉત્પાદનલક્ષી, દર વર્ષે ૧ લાખ ૨૫ હજારથી વધારે લોકો બેકાર થાય છે માટે ખૂન અને આત્મહત્યાના બનાવો આજે ગુજરાતમાં બની રહ્યા છે. ઉત્પાદન ગુણવત્તાલક્ષી એ ચોથી વાત કરી હતી. આજે કર્મયોગીના નામે અભિયાન ચાલે છે.

ગ્રામસભાના ૩૨હજારથી પણ વધુ પ્રાણપ્રશ્નોનો નિકાલ થતો નથી. ગુણવત્તા નિકાસલક્ષી અને નિકાસ સમૃધ્ધિલક્ષીની વાત કરી હતી.  માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રમાણે નંબર-૧ આપણે ગયા છીએ એમ કહે છે પણ કેટલીએ સિસ્ટમમાં  આજે આપણે પાછળ છીએ.  એમના પ્રવચનની અંદર એક વાત કરી હતી.  પાન નં. ૧ ક ઉપર, એમાં એવું નહોતું લખ્યું કોંગ્રેસ પક્ષ, પણ એમણે વાત કરી છે કે ભૂતકાળની અંદર માત્ર પીવાના હેડપંપ બનાવવા અને માટીકામ થાય એને લોકો વિકાસ ગણતા હતા.  મારે નરોતમકાકા એક વાત યાદ કરાવવી છે કે આ દેશમાં જ્યારે ટાંકણી નહોતી બનતી, ત્યારે ૪૦ વર્ષમાં ૨૦૦૦ મિસાઈલ બનાવવાથી માંડીને અનેક કામ ભૂતકાળની

અંદર કર્યા છે. એ વખતે આપણો સમય એવો હતો કે એ વખતે આપણે પીવાના પાણીની તકલીફ હતી. ઘરમાં નળ આવે તો આપણે રાજી રાજી થઈ જતા હતા. એટલા માટે કે આપણી પરિસ્થિતિ એવી હતી (અંતરાય) વરસાદ તો બેન એ વખતે પણ થતો હતો. આજે ઓછો થયો છે. કયા સંજોગોમાં ઓછો થયો છે ભગવાન જાણે પણ ભૂતકાળની પરિસ્થિતિમાં જ્યારે રોડ અને નહેર બનાવવા માટે ત્યારે માટીકામથી શરૂઆત થતી હતી છતાં એણે વિકાસના અનેક કામો ર્ક્યા છે. આજે જે સ્થિતિ છે એ એટલા માટે હું ૩ વર્ષના આંકડા મૂકું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારે બજેટ મૂકયું છે ત્યારે ૩ વર્ષના આકડા સાથે વાત કરું, વિકાસનો દર ઘટયો છે, મહેસૂલી ખાધ આજે વધી છે. વિકાસલક્ષી ખર્ચ છે એ ઘટયો છે. માથાદીઠ દેવું અને વ્યાજ વધ્યું છે. ગુનાનું પ્રમાણ વધ્યું છે એટલા માટે વિકાસના આંકડા જે રીતે મૂકવામાં આવ્યા છે એ સિસ્ટમ આખી જૂદી છે. ભા.જ.પ.ની સરકાર એમ કહે કે અમારો વિકાસ છે. ૨૦૦૨-૦૩ની અંદર ૧૦.૫૦ હતો, ૨૦૦૩-૦૪માં ૫ થી ૧૦ એનો અંદાજ રહ્યો છે અને એ આ વખતે નવ ટકા વિકાસલક્ષી બતાવ્યો છે. આ વર્ષે સીધો જ્યારે ૧૦ ટકાનો ઘટાડો થયો હોય ત્યારે ૯ ટકા કેવી રીતે થઈ શકે એ માનવામાં આવતું નથી. ગયા વખતે પણ મેં કહ્યું હતું કે ગુજરાત સરકાર ઓવર ડ્રાફ્ટ લે છે ત્યારે નાણા મંત્રીશ્રીએ કહ્યું હતું કે અમે ઓવર ડ્રાફ્ટ લેતા નથી. આ હિસાબોમાં એકાઉન્ટન્ટ જનરલનો રિપોર્ટ છે એમાં સ્પષ્ટ લખ્યું છે કે સરકાર યોજનાનો લાભ લે છે એના અંદર ઓવર ડ્રાફ્ટ લે છે. આ સ્પષ્ટ કહ્યું છે. (અંતરાય) ૨૦૦૪-૦૫નો છે. ૪૩,૩૦૦ કરોડ રૂપિયા એડવાન્સના નામે લીધા એ સરકારના ઓવર ડ્રાફ્ટના છે. નાની બચતની વાત કરીએ તો ભલે ૧૬૦૦ કરોડ લીધા હોય પણ સ્થિતિ જુદી હોય છે. ગુજરાતના દેવા વિશે જણાવીશ કે, ૧૯૯૧-૯૨ યાદ કરાવતા હતા ત્યારે ૧૯૯૩-૯૪ દરમિયાન ૧૧,૪૬૬ કરોડ હતું તે આજે ૨૦૦૫-૦૬માં ૮૧,૪૯૨ કરોડ રૂપિયા એટલે કે ગુજરાતના દેવામાં માત્ર ૧૨ વર્ષમાં ૭૦ હજાર કરોડ જેટલો જબરદસ્ત વધારો થયો છે. માથાદીઠ દેવું એ જમાનામાં ૯૦૦૦ રૂપિયા હતું એ આજે વધીને ગુજરાતમાં એક માણસ જન્મે એ ૧૫,૦૦૦ના દેવા સાથે જન્મે એવી ગુજરાતની પરિસ્થિતિ થઈ ગઈ છે. કોઈપણ રાજ્યમાં આવક વધવી જોઈએ તો ચોક્કસ એનો વિકાસ થાય. પરંતુ ઘટાડો થાય તો મને લાગે છે કે આ વિકાસ થઈ રહ્યો છે કે આપણે ગુજરાતને પાછળ પાડી રહ્યા છીએ? ૨૦૦૩-૦૪માં ૪૨,૪૫૦ કરોડ રૂપિયા આવક હતી એમાં છેલ્લા પાંચ વર્ષમાં ઘટતી ઘટતી ૨૦૦૬-૦૭માં ૩૭,૧૩૧ કરોડ રૂપિયા એટલે છેલ્લા પાંચ વર્ષમાં ૫૩૧૯ કરોડ રૂપિયાની આવકો ઘટી છે. આપણે ગુજરાતની કેવી કેવી વાતો કરતા હોઈએ છીએ. આંકડાની માયાજાળની પરિસ્થિતિ ઊભી થઈ છે. વાસ્તવ પરિસ્થિતિ એવી છે કે પાંચ વર્ષમાં ઘટાડો થયો છે. માથાદીઠ આવક હતી એ ૨૦૦૪-૦૫માં ૫.૩૦ કરોડની વસ્તી હતી ત્યારે ૮૦૧૯ રૂપિયા હતી જે ઘટીને ૬૫૪૯ વ્યકિતગત થઈ છે. ૧૪૭૦ રૂપિયાનો ઘટાડો થયો છે અને ૧૪૧૧ રૂપિયાનો ખર્ચમાં ઘટાડો થયો છે. ઘણી વાર એવું કહેવામાં આવે કે કેન્દ્ર સરકારની કોઈ મદદ મળતી નથી. કેન્દ્ર સરકારના બજેટમાં એની વિચારણા ન કરવામાં આવે. ગુજરાતનો વિકાસ કરવો હોય તો સામાન્ય રીતે કેન્દ્ર અને રાજયના સંબંધો સારા રહે. કેન્દ્ર સરકારની દરેક યોજનાનો લાભ ગુજરાતમાં કેવી રીતે લાવી શકાય એના માટેનું મહત્ત્વ હોય છે. પાંચ વર્ષના આંકડા એટલે આપું છું કે રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થયો છે જ્યારે કેન્દ્ર સરકારની આવકમાં વધારો થયો છે. ૨૦૦૫-૦૬માં ૭.૫૮ હતા એની સામે ૨૦૦૬-૦૭માં ૧૪.૩૨ એટલે ડબલ કરતાં વધારે કેન્દ્ર સરકારની આવકમાં દિન પ્રતિદિન વધારો થયો છે. આ કરવામાં જે કેન્દ્ર સરકારની પરિસ્થિતિ છે અને રાજ્ય સરકારની જે આવકમાં વધારો થાય એમાં પણ રાજય સરકાર કેન્દ્ર સરકારનો સહયોગ લેતી હોય છે. ત્યારે કેન્દ્ર સરકારે પણ રાજય સરકાર માટે ચોક્કસ ઉકેલ કરવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મહેસૂલી આવક ઘટી છે. ૨૦૦૫-૦૬માં ૩૮૦ કરોડ હતી એની સામે ૨૦૦૬-૦૭માં ૨૫૦ કરોડ રૂપિયા થઈ એટલે ૧૩૦ કરોડ રૂપિયાનો જમીન મહેસૂલમાં ઘટાડો થયો છે. સ્ટેમ્પ ડયૂટીની આવકમાં પણ ઘટાડો થયો છે. રાજય સરકાર બીન કરની આવકો કહેવાય, સિંચાઈ માટે, ખેડૂતો માટે લેવાતી ફી, શિક્ષણ હોય, આરોગ્ય કે ખાણ ફેકટરી હોય એમાં કોઈ રાજ્યમાં વધારો થાય. મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હીમાં વાંચ્યું તો દરેક રાજ્યમાં વધારો થયો છે. જેમાં વધારો થયો છે એની વાત કરું છું. ગુજરાતની અંદર અશોકભાઈ સાહેબ ખરેખર આપણે ચિંતન કરવાની જરૂર છે હું પક્ષાપક્ષીની વાત નથી કરતો. ૬૬૨ કરોડ રૂપિયાનો આજે આમાં ઘટાડો થયો છે. આપની બુકના આંકડા છે. ૬૬૨ કરોડ રૂપિયા આપણા રાજ્યની બિનકર આવકોની અંદર આજે ઘટાડો થયો છે, એ ખરેખર ચિંતાની વાત છે કે કોઈપણ સંજોગોની અંદર બીજા રાજ્યોએ જે રીતે પગલાં લીધાં છે એ રીતે આપણે પગલાં લઈએ તો આપણને પણ ચોક્કસ એ પ્રમાણેની આવકો થાય. ડિસેમ્બર ૨૦૦૫ની સ્થિતિની અંદર આપણા ૩૧ સરકારી બોર્ડ-નિગમો છે એના આજે ૨૯ કરોડ અને ૩૫ લાખ જે એના વેરો, મહેસૂલી આવક બાકી છે એવી પરિસ્થિતિ આજે નિગમોની છે. કોઈપણ સરકાર એનો વિકાસ માટે એ હંમેશા કાંઈ ને કાંઈથી પૈસા આવે, વ્યાજ ઓછું ભરવું પડે એ વેપારીની દૃષ્ટિએ કહી શકાય. આપણે બેંકોમાં લોન લેવાની ઈચ્છા ઓછી રાખીએ કે આપણા પૈસાથી જે આવકો થાય એ આવકમાંથી આપણે ચલાવીએ. આજે ભા.જ.પ.એ છેલ્લા ૬ વર્ષમાં વ્યાજની ચૂકવણીમાં ૭૦ ટકા વધારો. ૨૦૦૧-૦૨ની અંદર ૪૨૦૬ કરોડ રૂપિયા હતો, એ આજે દિન-પ્રતિ-દિન વધીને ૨૦૦૬-૦૭ની અંદર ૭૧૫૪ કરોડ ૭૪ લાખ અને ૨૯૫૦ કરોડ ૬ વર્ષની અંદર, આ વ્યાજ નરોત્તમકાકા દિન-પ્રતિ-દિન આપણે આપતા જઈએ છીએ. આનાથી એક મોટી યોજના બની જાય, સૂજલામ્ સૂફલામ્ જેવી યોજનામાં

દર વર્ષે ૫૦ ટકા આમાં બની જાય છે, વ્યાજની અંદર જે રીતે આપણે વધારો આપીએ છે, એ આખી સિસ્ટમના કારણે આપણો વિકાસ રુંધાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાર્ષિક યોજનાના જુદા જુદા હેડોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. વાયબ્રન્ટ ગુજરાતની વાત કરીએ તો એની અંદર ભલે અનિલભાઈ સાહેબ ના બોલી શકે, એની અંદર પણ આ વખતે ૪ કરોડથી વધારે ઘટાડો કરવામાં આવ્યો છે. માર્ગ-પરિવહન રસ્તાના વિકાસ માટે ૪૬૦૦ કરોડ રૂપિયાનો આની અંદર ઘટાડો કરી એક બાજુ આપણે વિજ્ઞાન અને ટેકનોલોજીની ચિંતા કરતા હોય. વિજ્ઞાન અને ટેકનોલોજીથી ૨૧મી સદીમાં જવા જાપાન અને ચીનના લોકો સાથે બરાબરી કરવી છે તે સંજોગોની અંદર ખરેખર બજેટની અંદર વાત કરીએ તો આજે ૧૮ કરોડ રૂપિયાનો એની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક સેવાઓ છે એ સેવા ખરેખર આમ કોઈપણ રાજ એનો વિકાસ થતો હોય તો લોકોની સેવાઓમાં વધારો કેમ કરવો? લોકો સુખી થાય તેનું ચિંતન કરે, એની અંદર પણ ૩૬ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે એવી પરિસ્થિતિ આજે થઈ છે અને આ ફેર માનનીય મુખ્યમંત્રીશ્રીએ બજેટની અંદર પુરાંતવાળું બજેટ જે બતાવવાની વાત કરી છે. છેલ્લા ૩ વર્ષના આંકડાની અંદર મને લાગતું હતું કે દિન-પ્રતિ-દિન ૧૦૦૦ કરોડ રૂપિયાથીયે આપણી રકમ આજે વધતી ગઈ છે. દિન-પ્રતિ-દિન મહેસૂલી ખાદ્યની અંદર આ ફેર જે રીતે પુરાંતવાળુ બતાવ્યું છે અંતે ૫૦૦૦કરોડ રૂપિયાથીય વધારે મહેસૂલી આવક વધશે એવું મને લાગી રહ્યું છે. જે પ્રમાણે ઉત્પાદનનો જે રેશિયો છે ગુજરાતની અંદર ઉદ્યોગ પર, ઉદ્યોગ વિભાગની માગણી પર આપણે ઘણું બધું કહી શકાય. એકવાર ઉદ્યોગની અંદર આવડા મોટા એમ.ઓ.યુ. થાય અને ઉત્પાદન આપણે એમ કહીએ કે ૧૦૦ ટકા એમ.ઓ.યુ. થયા હોય અને ઉદ્યોગમાં ૨૦ ટકા વધારો થાય? અનિલભાઈ સાહેબ જાણે છે કે ૨૦ ટકા ઉત્પાદનની અંદર આજે પણ છે નહિ અને વિદેશી મૂડીરોકાણ થાય એ માટે આપણે લોકોને આવકારવા અનેક પ્રકારના ખર્ચ કરીએ છીએ, ગુજરાતમાં ૨.૭૦ ટકા મૂડીરોકાણ થાય એમાંથી આજે માત્ર એટલા જ પ્રોજેક્ટ ચાલુ થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કરીને જ્યોતિગ્રામ માટેની જે યોજના છે અને ઊર્જા માટે જે વાત કરવામાં આવી છે. કાલે અમે માનનીય મંત્રીશ્રીને એ વિનંતી કરતા હતા કે તત્કાલ યોજનાની અંદર ખેડૂતોના એવા પ્રશ્નો છે. આજે પણ મારા મત વિસ્તારની અંદર એવા પ્રશ્નો છે. જે લોકોએ વર્ષ-બે વર્ષથી ખરેખર બોર બનાવી દીધા હોય અને ૫૦૦ રૂપિયા ભર્યા હોય છતાં ટેકનિકલ કારણોસર એને ના મળતું હોય, વર્ષ-બે વર્ષથી બોર બન્યા પછી એ યોજનાના પૈસા ભર્યા હોવા છતાં એ અરજી આજે ધ્યાને ન લેવાતી હોય. માનનીય મંત્રીશ્રીએ એક વાત ચોક્કસ ખૂલ્લા દિલથી કબુલી લીધી કે અમને ખબર નથી કે આટલી બધી અરજીઓ આવશે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ખરેખર અરજી આપી છે અને આટલી અરજીનો નિકાલ કર્યો છે અને અરજીઓ આપના સમયમાં પેન્ડિંગ પડી રહી છે. એનો નિકાલ થાય એ ખરેખર મહત્વનું છે અને જે પ્રમાણેની આપણી ખાધની અંદર પડતર છે, વીજળીમાં એ એક રૂપિયો અને ૯૪ પૈસા છે. ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૧૪૭૫ મેગાવોટની ખાધ હતી એને પહોંચી વળવા માટે આપણો પોતાનો ઉત્પાદન ખર્ચ એક રૂપિયો અને ૯૪ પૈસે યુનિટ હોય અને દુ:ખ સાથે કહેવું પડે કે ૩ રૂપિયા ૨૩ પૈસે કોઈ મોટા ગૃપ પાસેથી વીજળી ખરીદીએ એટલે એક યુનિટે એક રૂપિયો અને ૩૦ પૈસા વધારે આપીએ છીએ. એ દુ:ખદ છે.

મારે ખાસ કરીને કહેવું છે સુજલામ સુફલામની વાત ચાલતી હતી (સમય સૂચક ઘંટડી) હજી ૨૦ મિનિટ કયાં થઈ છે સાહેબ, મારી પાસે ઘણા બધા મુદ્દા છે. કાલે નરોત્તમભાઈ બોલતા હતા, કાલે એમની પ્રશ્નોત્તરીમાં જે રીતે કહ્યું કેન્દ્રએ સુજલામ સુફલામ માટે કાંઈ આપ્યું નહીં. સરકાર બદલાતી રહે, બાજપાઈજીએ આ યોજનામાં મુખ્યમંત્રીશ્રીને કીધું હશે અને સ્વીકાર્યું હશે, એમણે આપવાની વાત કરી હશે પણ ચોકકસ જો સહયોગ લેવામાં આવે, એકબીજાને પૂછવામાં આવે, સંસદ સભ્યો આપણા છે, વિપક્ષના નેતા, મુખ્યમંત્રીશ્રી બધા ભેગા થઈને કહે પણ કેન્દ્રએ કશું નથી આપ્યું એમ કહે એટલે મારે સુજલામ સુફલામની એટલા માટે વાત કરવી છે કે આ યોજનાની જે પરિસ્થિતિ છે (અંતરાય) તૈયાર છીએ અમે.અમારી ટિકિટે આવીશું. અમે સંમત પણ અમને કહો તો ખરા તો અમને આનંદ થાય. સુજલામ સુફલામ યોજનાની અંદર જે રીતે વાત કરવામાં આવે છે. આજે પણ કેન્દ્ર પાણી માટે કરોડો રૂપિયા ખર્ચવા તૈયાર છે. પણ યોજના એવી હોવી જોઈએ કે વિકાસલક્ષી યોજના હોય. કાલે પ્રશ્નોત્તરીમાં એક જવાબ જોયો કે ૨૨ કલાક પાણી રાખવાનું રૂટીન કરવા માટે દોઢલાખ ખર્ચ થાય. ૨૪ કલાકનો દોઢ લાખ ખર્ચ લાગે તો આ યોજનામાં ગુજરાતની જનતા ઉપર અને ગુજરાત સરકાર ઉપર કેવા પ્રકારની યોજના મૂકવામાં આવે છે એ આશ્ચર્ય છે. આપે પ્રશ્નોત્તરીનો કાલે જવાબ આપ્યો છે કે દોઢલાખ એક દિવસનો ખર્ચ ૨૪ રૂપિયે લિટર પાણી પડે. (અંતરાય) ૨૪ રૂપિયે લિટર સુધીની. વાત કરું ત્યારે મને ચોક્કસ ખાતરી હોય. લાંબાગાળાના ફાયદા થાય એવી યોજના બનાવવી જોઈએ. જેને કારણે કામ પૂરું ન થઈ શકે, સિસ્ટમ જુદી થઈ જતી હોય છે.

નર્મદા યોજનાની વાત છેલ્લે એટલા માટે કરું છું કે નર્મદા ગુજરાતની જીવાદોરી ગણાય છે. ૧૯૪૭ થી માંડીને કેટલાયે લોકોએ નર્મદા માટે જે મદદ થતી હશે એ કરી. નર્મદા માટે જયારે વાત આવી છે ત્યારે વિધાનસભાની હોય કે કોઈપણ ક્ષેત્રમાં હોય એકતરફી વાત થઈ છે. ૪૫૦૦ કરોડ ગયા વર્ષે અંદાજ કર્યો હતો. માત્ર ૧૪૬૦ કરોડ વાપર્યા.નર્મદાની જો વાસ્તવિક ચિંતા કરતા હોઈએ અને નર્મદા માટે સાચી લાગણી હોય તો બજેટમાં

જે પૈસા મુકાય એ પૂરેપૂરા પૈસા કેવી રીતે વપરાય એ માટેનું આયોજન કરવું જોઈએ. ૨૬૦૦ કરોડ રૂપિયા મૂક્યા છે. અમને ચિંતા છે વહીવટ કરવાવાળા લોકો વાસ્તવિકતામાં નર્મદા યોજનાને પૂરી કરે તો ચોક્કસ આનંદ થાય. નર્મદાની નહેરનું કામ ૮૫૦૦૦થી વધારે જ્યારે મોટી લાઈનો માટે વાત થતી હોય ત્યારે ૧૨.૮૯ટકા તો ૫-૧૦ વર્ષે પૂર્ણ કરી શકીશું. તેર હજાર કરોડની યોજના આજે અઢાર હજાર કરોડે પહોંચી છે. તો કેટલી ગતિએ પહોંચશે એવી પરિસ્થિતિ છે. મારે એટલું કહેવું છે ૪૮લાખ ખેડૂતો, ૩૩ લાખ ગરીબો. દોઢ લાખ વિધવા બહેનો, ૭૫ લાખ આદિવાસી ભાઈઓ, ૧૨ લાખ બેરોજગાર લોકો બધાને આની અંદર બજેટની અંદર કોઈને કોઈ યોજનાકીય રીતે, કોઈને કોઈ રીતે પૂર્ણ કરવામાં આવતી હોત તો મને ચોક્કસ લાગત, આજની પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે વિકાસ એ વિસરાઈ ગયો છે. કલ્યાણકારી યોજના અભરાઈએ ચડી ગઈ છે. ગુજરાત ગાઈબ્રન્ટ, વાઈબ્રન્ટના ચિત્રના નામે ૨૦૦૬-૦૭ ની અંદર મુખ્યમંત્રીશ્રીએ રજૂ કર્યુ છે, માટે એ વાત સાથે સંમત થઈ શકતો નથી.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે, એને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપે જેમ કહ્યું તેમ પ્રભુનો આભાર માનીએ કે ગઈકાલે આપણે એક ભીષણ, ભયાનક ધરતીકંપમાંથી બચી ગયા. સાથે સાથે આપણે એ રજૂ કરીએ કે વારાણસીની અંદર નિર્દોષ લોકોની આતંકવાદીઓ દ્વારા હત્યા થઈ. આ સમગ્ર ગૃહ એમના પ્રત્યે સંવેદના પ્રગટ કરીએ. માનનીય બલવંતસિંહજી જે બોલી રહ્યા હતા, એ કાલે અર્જુનભાઈ ભૂલી ગયા એ તો નથી બોલ્યાને, હૈદરાબાદનું વર્ણન તો કરતા નથી ને, કારણ કે જે કઈ આંકડા છે, એ આંકડા સાથે સહમત થઈ શકતો નથી. ઋગ્વેદની એક ઋચા છે કે ' આનો ભદ્રા કૃતયો યંતુ વિશ્વત: ' અમને દરેક દિશાથી શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાવ.' આ એ સરકાર છે ભારતીય જનતા પાર્ટીના ૧૦ વર્ષના શાસનની અંદર સવિશેષ કરીને આ છેલ્લા બજેટની અંદર વાત કરીએ ત્યારે, અરવલ્લીના પહાડની તળેટીની અંદર રહેલા મા અંબાના આશીર્વાદ થકી ખેડૂતના મોઢા ઉપર રહેલા પ્રસ્વેદ બિન્દુને લૂછવાની એક કોશિશ કરી છે. નર્મદાની પવિત્ર નદી, નર્મદાની પવિત્ર ધારા કે જે અનેક શિવાલયોમાંથી પગ ધોતી ધોતી આવે છે એ પવિત્ર ધારાઓને બનાસકાંઠાની એ વંચિત પ્રજા કે જ્યાં મે મહિનાના ધોમધખતા તાપની અંદર એક ૯ વર્ષની બાળકી ખુલ્લા પગે પોતાના માથા ઉપર એક બેડું લઈ પોતાના પરિવારની તૃષ્ણાને મિટાવવા જઈ રહી છે, એ બાળકીના ભવિષ્યને માટે લઈને આવેલું આ બજેટ છે. માનનીય અધ્યક્ષશ્રી, ડાંગના ઘટાટોપ જંગલમાંથી પ્રેરણા લઈ અને સમગ્ર ગુજરાતની અંદર પરિવારની રક્ષા કરવા માટે લઈને આવેલું આ બજેટ છે. એક માના પેટની અંદર એક નિર્દોષ બાળકી ઊછરતી હોય અને એના કટકા કટકા કરીને કાપી નંખાતી હોય, એનો ચિત્ત્કાર સાંભળી એને બચાવવાની કોશિશ સાથે આવેલું આ બજેટ છે. આ ૧૭૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો અને ઊછળતા કૂદતા સાગરના મોજામાંથી પ્રેરણા લઈ એ મરીન ડૅવલપમૅન્ટના વિકાસની સાથે આવેલું આ બજેટ છે. આ બજેટ એ વંચિતોની વેદનાને સમજનારું બજેટ છે. નિરાધારનો આધાર બનવાનું છે, પાંગળાના પગ બનવાનું છે, આંધળાની આંખો બનવાનું છે, ભૂખ્યાને અન્ન આપવાનું છે, તૃષ્ણાને પાણી આપવાનું છે અને એના દ્વારા સમુદ્ર મંથન માટે જેટલો સમય લાગે તેવા એક સેંકડો કલાકોના મનોમંથન પછી એક અમૃતની ધારા જેવું ગુજરાતના સ્વાભિમાનને રજૂ કરતું અને ગુજરાતની અસ્મિતાને પ્રાણ આપતું, ગુજરાતની વિકાસ ગાથા તરફ લઈ જતુ આ બજેટ છે. આ બજેટ અમને ગુજરાતની અસ્મિતામાંથી મળ્યું છે, ઈટાલીથી કે મામા ક્વોટ્રોચી તરફથી પ્રેરણા મળી નથી. આ રામ રાજ્યનું બજેટ છે, રોમ રાજ્યનું બજેટ નથી. ગઈકાલે માનનીય વિરોધ પક્ષના નેતા અર્જુનભાઈ લીલો ઝભ્ભો પહેરીને આવેલા.

એમણે હરિયાળી ક્રાંતિ. મારી આંખો સારી છે. હું નૅગેટિવ નથી વિચારતો. પરંતુ ખેડૂતોની વેદનાને વાચા આપવાની કોશિશ કરી અને ખેડૂતોની વેદનાને વાચા આપતાં આપતાં તેમના અનેક સભ્યોએ ટેકો આપ્યો છે ત્યારે એમ કહેવું છે, ત્યારે મારા હ્દયના ઊંડાણની અંદર ઘણા વર્ષોથી જે દાવાનળ હતો તેને કંઈક શાંતિ મળી છે. આપ યાદ કરો કે ૧૯૮૫ના ગાળામાં મહેસાણામાં એક મેદાનની અંદર પોતાના પ્રશ્નો માટે નિર્દોષ ખેડૂતો ભેગા થયા હતા ત્યારે જલિયાવાલા બાગને પણ શર્મનાક કરાવે અને જનરલ ડાયરની ઘટનાને યાદ અપાવે તેવું હજારો ખેડૂતોને ચારે બાજુથી ઘેરી તેમને ગોળીઓથી વીંધી નાંખવાનું કૃત્ય આ કોંગ્રેસ સરકારે કર્યુ હતું. તેમણે કોઈપણ સંજોગોમાં ખેડૂતોનો વિચાર કરવાની જરૂર નથી. તે દિવસે મહેસાણા જિલ્લાની અંદર કોઈના ઘરમાં ચૂલા જલ્યા ન્હોતા. હરેકની આંખમાંથી આંસુ આવતાં હતાં. ગંગા અને જમના, શ્રાવણ અને ભાદરવો વહેતો હતો. ખેડૂતોની વાત કરવાનો આ કોંગ્રેસને કોઈ અધિકાર નથી. ૪૦-૪૦ વર્ષનું શાસન ગયું છે. ૪૦-૪૦ વર્ષના કોંગ્રેસના શાસનના પરિપાકરૂપે આજે ખેડૂતોની પરિસ્થિતિ શું છે?

**અધ્યક્ષશ્રી** : બધા સાચું બોલે છે, ગૃહમાં કોઈ ખોટું બોલતું નથી. એકપણ સભ્યશ્રી ખોટું બોલતા નથી.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૪૦-૪૦ વર્ષ પછી પોતાના પરસેવાના પ્રત્યેક બિંદુથી દુનિયાને ધન્યદાન પેદા કરતા આ કિસાનપુત્રો ભૂખ્યા સૂઈ રહેતા હતા અને આ કિસાનપુત્રો ભૂખ્યા ન સૂઈ જાય તેના માટે બહુહેતુક જળસંચય યોજનાઓ આ સરકારે શરૂ કરી છે. જલ હી તો જીવન હૈ. આપણી માનવ સંસ્કૃતિનો વિકાસ નદીઓના કિનારે થયો છે. એટલે જ નદીઓને લોકમાતાનું સ્વરૂપ મળ્યું છે અને આ નદીઓના લોકમાતાના સ્વરૂપથી આપણે આમ આદમીના પીવાના પાણીની તૃષ્ણા છિપાવવા માટે એક ભગીરથ પ્રયાસ કર્યો છે.

જળસંચય ક્ષેત્રે, સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા ઉત્તર ગુજરાતની કાયાપલટ કરવાનો આ સરકારે નિર્ધાર કર્યો છે અને તે દિશાની અંદર આ સરકારે એટલી પ્રગતિ કરી છે કે આવનારા બે-ત્રણ વર્ષની અંદર ગુજરાતના પાણીનો પ્રશ્ન સમગ્રતયા ઉકલી જવાનો છે. અનેક યોજનાઓ ઉપર આકાશમાંથી એક-એક બિંદુ સાચવી અને ધરતીના પેટાળમાં નાંખી એક લાખ જેટલા અને આજે ગોરધનભાઈ છે અને અત્યારે નીતિનભાઈ પણ છે ખેત તલાવડીઓ, નાના ચેકડેમો, અનેક મોટા ડેમો સાથે એક એક બિંદુ સાચવી તેને ધરતીના પેટાળમાં સાચવી આ ગુજરાતને એક હરિયાળી ક્રાંતિ તરફ લઈ જવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે. અત્યાર સુધીમાં ૨૨૯ જેટલા ચેકડેમોના આયોજન સામે ૭૯ મોટા ચેકડેમો પૂરા થયા છે અને ૭૦ ના કામ પ્રગતિમાં છે. સમગ્રતયા ગુજરાતના વિકાસની અંદર આ બજેટ એક હરણફાળ ભરશે. આ બહુહેતુક અને દીર્ઘકાલીન અને લાંબા ગાળાની યોજનાઓવાળું બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવિણભાઈ મારૂ કહેતા હતા કે ભાવનગરની અંદર કેટલા ભાઈ થાંભલા પડયા? ૫૦ હજાર થાંભલામાંથી ૫૦૦ પડયા. અંધેરે કો કયુ ધિક્કારે ચલો એક દીપ જલાયે. આ ૫૦૦ થાંભલા જે પડયા એ તો ઉભા થશે ભાઈ સાંભળો. જે પડયા એ તો ઊભા થશે પણ તેના કરંટથી આખીને આખી કોંગ્રેસ હેઠી પડી છે તેના માટે કોઈ સંજીવની મળવાની નથી. આખી કોંગ્રેસ આવનારા વર્ષો સુધી બેહોશ રહેવાની છે. કોઈ હનુમાન આવવાના નથી. આજે ૧૮ હજાર ગામડાઓમાંથી ૧૬ હજાર ગામડાઓને ૨૪ કલાક વીજળી આપી અને આ યોજના દ્વારા અનેક વિદ્યાર્થીઓ સારી રીતે ભણી શકે છે, અનેક કુટિર ઉદ્યોગને પ્રોત્સાહન મળે છે, હીરાના કારખાનાવાળો હોય, કોઈ ચપ્પલ બનાવનારો મોચી હોય તે દરેકના જીવનની અંદર એક ચેતનાનો સંચાર થયો છે અને આવનારા કેટલાક વર્ષોની અંદર હરેકના ઘરની અંદર ઘટાટોપ અમાવાસ્યામાં પણ દિવાળીની રોશની આપણે જોઈ શક્વાના છીએ. આ બહુહેતુક યોજનાઓ ગુજરાતનો આધાર અને ગુજરાતના વિકાસની જે દૃષ્ટિ છે તે મહદ્અંશે સહકારી માળખા સાથે જોડાયેલી દૃષ્ટિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયાની અંદર જેનો જોટો ના મળે એવું સહકારી આંદોલન આ ગુજરાતની ધરતી પર ઉપરથી થયું છે અને એટલે જ ગમે તેટલી એ માનવસર્જિન અથવા તો કુદરતી આફતો આવી છે ત્યારે ગુજરાત અડીખમ રીતે ઉભું થયું છે એનો આધાર એ ગુજરાતની સહકારી પ્રવત્તિની ધરોહર છે. આ સહકારી પ્રવૃત્તિની અત્યારે કેડ ભાંગી છે, માનનીય અધ્યક્ષશ્રી, હમણાં દિલ્હીમાં પહેલવાનો ભેગા થયા હતા, અને એક લીંબુ એક પહેલવાને નીચોવી નાખ્યું, અને પછી બાકીના નવ પહેલવાનો એક પછી એક આવ્યા એમણે લીંબુ નિચોવવાની કોશીશ કરી, એક પણ ટીપું અંદરથી ન નીકળ્યું, પછી એક મહાશય આવ્યા, આમ તો એ સુકલકડી હતા પછી એમણે લીંબુ પકડયું અને એમણે એ નીચોવ્યું તો એની અંદરથી દશ ટીપા નીકળ્યા, આ મહાશય હતા એ કેન્દ્રના નાણા મંત્રીશ્રી. ઓલરેડી સહકારી બેંકો જયારે આ પ્રવૃત્તિમાં પસાર થઈ રહી હોય ત્યારે એના ઉપર જે પ્રકારનો ટેકસ નાખવામાં આવ્યો છે એ ગુજરાતની પ્રજાએ અને સમગ્રતયા આખા ગુજરાતે એનો વિરોધ કરી અને એ ટેક્સ પાછો ખેંચાવવા માટેની કોશીશ કરવી જોઈએ. ત્યારે માનનીય બલવંતસિંહ, એના અંગે કોઈ કેમ વિચાર નથી કરતા? હજી સુધી આપે એ અંગે એક પણ નિવેદન નથી આપ્યું. કેન્દ્ર સરકાર દ્વારા સહકારી બેંકો ઉપર આકરા કરવેરા નાખવાની કોશીશ થઈ રહી છે એની સામે કોઈ કેમ કોઈ અવાજ ઉઠાવતા નથી ? જયારે ૫૮૦૦૦ જેટલી સહકારી સંસ્થાઓ આ ગુજરાતમાં કાર્યરત હોય અને ૩૦ ટકા જેટલી પ્રજા જયારે સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલ હોય ત્યારે આ સહકારી ક્ષેત્ર તૂટી ન પડે, એની કેડ ભાંગી ન જાય એ અંગેની સહિયારી જવાબદારી સમગ્ર ગૃહની અને સમગ્ર પ્રજાની છે અને એની સાથે આપણે સૌએ રહેવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષ એ શહેરી વિકાસ વર્ષ તરીકે પસાર થયું અને શહેરી વિકાસ વર્ષ તરીકે પસાર થયું ત્યારે ગુજરાતની ૪૦ ટકા પ્રજા એ નગરો અને શહેરોમાં રહે છે અને એ નગરો અને શહેરોમાં રહેતી પ્રજાની ચાલીસ -ચાલીસ વર્ષ સુધી કોઈએ ચિંતા ન કરી, એ પ્રજા માટે રસ્તાઓની ચિંતા ન કરી, પાણીની ચિંતા ન કરી, એના વિકાસની ચિંતા ન કરી, ગઈ વખતે ૧૧૦૦ કરોડ રૂપિયાની માતબર રકમ સાથે, સૌ પ્રથમ વખત આઝાદીના ઈતિહાસમાં ગુજરાત સરકારે શહેરી વિકાસ વર્ષ તરીકે શહેરોના વિકાસ માટે અનેક પૈસા ફાળવ્યા. આપ શહેરોમાં આવો અને આપ શહેરોમાં ગયા હશો ત્યારે એનો વિકાસ પણ આપને દેખાતો હશે. (અંતરાય) ગામડાંનો પણ વિકાસ થયો છે, શહેરોના વિકાસની સાથે ગામડાંનો વિકાસ સહજરીતે જ રીતે થાય છે. શહેરમાં જે લોકો આવે છે એના કુટુંબમાંથી એક ભાઈ ગામડામાં રહેતો હોય છે અને એક ભાઈ શહેરમાં રહેતો હોય છે ત્યારે એ શહેરોના વિકાસ સાથે ગામડાનો વિકાસ થાય છે અને ગામડાના વિકાસ સાથે શહેરોનો પણ વિકાસ થતો હોય છે અને શહેરોના વિકાસની સાથેસાથે સમગ્ર ગુજરાતના વિકાસની નેમ આપણા સૌની છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના માનનીય પ્રમુખ પહેલાં તો હેલિકોપ્ટર દ્વારા પ્રચાર કરતાં હતાં અને હવે રોડ-શો કરે છે ત્યારે એમને કોઈએ ૨૦૦૪ની સાલમાં ગુજરાતમાં પૂછયું કે, તમે રોડ-શો પહેલાં કેમ નહોતાં કરતાં, તો એમણે કહયું કે, 'પહેલે રાસ્તે અચ્છે નહીં થે, અભી રાસ્તે અચ્છે હૈ ઈસલિયે રોડ-શો કરતે હૈ'.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ માર્ગનો વિકાસ એ રાજયના વિકાસ સાથે જોડાયેલ એક અંગ છે અને એટલે જ આ વર્ષે ૧૨૦૦ કરોડ જેટલી માતબર રકમ ત્રણ ધોરી માર્ગોના વિકાસ માટે ફાળવી છે અને સાથેસાથે અનેક નાના માર્ગો માટે ૪૩૨ કરોડ જેટલા રૂપિયાનો ખર્ચ આપણે કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદને આપણે નાબૂદ કરવાનો છે, આ આતંકવાદની નાબૂદી કરવાની હોય ત્યારે અને ગુજરાત સરહદી રાજય હોય ત્યારે ગુજરાતની જવાબદારી સવિશેષ હોય છે અને ગુજરાતની જવાબદારી સવિશેષ હોવાના કારણે પોટાનો કાયદો રદ થયો છે એટલે રાષ્ટ્રની સુરક્ષાને લઈ અને ગુજરાતની સરકારે ગુજકોક નામનો કાયદો આ માનનીય સભાગૃહમાંથી બનાવ્યો અને આ માનનીય સભાગૃહે બનાવેલો ગુજરાતની સુરક્ષાની સાથે સાથે રાષ્ટ્રની સુરક્ષા સાથે આ સંકળાયેલો કાયદો છે એ કાયદાને હજી સુધી કેન્દ્ર સરકારે માન્યતા આપી નહીં, એની સાથે સાથે આ રાષ્ટ્રીય સુરક્ષા સાથે ચેડાં થઈ રહ્યાં છે. આ રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈ ચેડાં ન કરે એ આપણા સૌની લાગણી હોવી જોઈએ. સાનિયા મિર્ઝા એ આ દેશની દિકરી હોઈ શકે એનો સ્વીકાર કરું છું. પણ ઈસરત બાનુને પનાહ આપનારા અંતર-દર્શન કરે. એ પણ આપણી માગણી છે. આતંકવાદીઓ સાથે સંર્પક ન હોઈ શકે, કયારેય આતંકવાદીઓ સાથે ઘરોબો ન હોઈ શકે, કયારેય રાષ્ટ્રની સુરક્ષા સાથે ચેડાં ન હોઈ શકે, રાષ્ટ્રીય સ્વાતંત્ર્યતા સાથે ચેડાં ન થઈ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક યોજનાઓને લઈને ઘણી વાત થઈ કે વંચિતોનો વિકાસ થવો જોઈએ. એ વંચિતોનો વિકાસ કેમ નથી થયો? માનનીય પ્રવીણભાઈ મારુ અને માધુભાઈ ભોયે એની સવિશેષ ચિંતા કરતા હોય છે. આ દેશમાં અને સવિશેષ કરીને ગુજરાત રાજયમાં જે લોકો આદિવાસી વિસ્તારમાં રહે છે એમના માટે ૪૦ વર્ષના કોંગ્રેસના શાસન દરમ્યાન આરોગ્ય અને શિક્ષણની સેવાઓ ઉપલબ્ધ ન થવાના કારણે ૧૯૪૮માં ૫૦૦ લોકોએ જે ધર્મ પરિવર્તન કર્યું હતું, એની સામે થોડી આરોગ્યની સેવાઓ અને થોડી શિક્ષણની સેવાઓ લઈને ૧ લાખ અને ૩૫ હજારમાંથી ૪૦ હજાર લોકોનું ધર્મ પરિવર્તન થયું એનું પાપ કોંગ્રેસે કર્યું છે કારણ કે પુરતા પ્રમાણમાં આરોગ્ય અને શિક્ષણની સેવાઓ નહોતા આપી શકયા એના કારણે ધર્મ પરિવર્તન થયું છે એના માટે આ રાજય સરકાર ચિંતિત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીની દુહાઈ દેવામાં આવે છે, મહાત્મા ગાંધીજીનો ઈજારો માત્ર કોંગ્રેસનો જ છે એમ એમ કહેવામાં આવે છે ત્યારે મારે ધર્મ પરિવર્તન અંગે કહેવું છે કે, આ શબરી કુંભ શેના માટે હતો? એ શબરી કુંભ એ નાની ઘટના ન હતી. જે લોકો નાની નાની લાલચો આપીને આ દેશની પ્રજાની ગરીબીનો જેમણે લાભ લીધો છે. એ લાભ ન લઈ શકે અને ધર્મ પરિવર્તન અટકે અને દેશની સંસ્કૃતિનું જતન થાય એના માટે આ શબરી કુંભનું આયોજન એન.જી.ઓ. કરતી હોય છે. એના માટે આપણને ગૌરવ હોવું જોઈએ. પણ, અહીંયા તો એના બદલે એ લોકો કેન્દ્રમાં ફરિયાદ કરે છે કે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પેદા થવાની છે, ભીષણ પરિસ્થિતિ પેદા થવાની છે. પણ દુનિયાએ જોયું છે, ૧૧-૧૨ અને ૧૩મીના રોજ એક પણ ઘટના કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિથી વિપરીત બની નથી. આ ગુજરાતની તાકાત છે. ગાંધીજીને એક વખત ધર્મ પરિવર્તન માટે કોઈએ પૂછેલું ત્યારે ગાંધીજીએ કહેલું કે, 'જો સત્તા મારા હાથમાં હોય અને હું કાયદો બનાવી શકું તો હું ધર્માન્તરનો આ બધો ધંધો બંધ કરાવી દઉં, મિશનરીઓના પ્રવેશથી એ હિન્દુ પરિવારોમાં જયાં મિશનરી પેઠા છે, વેશભૂષા, રીત-રિવાજ અને ખાનપાન સુધ્ધાંમાં પરિવર્તન થઈ ગયું છે, આજે પણ હિન્દુ ધર્મની નિંદા ચાલુ છે, ખ્રિસ્તી મિશનોની દુકાનોમાં મરડોકના પુસ્તકો વેચાય છે એ પુસ્તકોમાં હિન્દુ ધર્મની નિંદા સિવાય કાંઈ જ નથી. મોહનલાલ કરમચંદ ગાંધી.' એશ્ચિન્સ મિશન્સ, ધેર પ્લેસ ઈન ઈન્ડિયા, નવ જીવન-૧૯૪૧ના રોજ ગાંધીજીએ આપેલો આ ઈન્ટરવ્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વામી વિવેકાનંદે પણ એ જ કહેલું ધર્મ પરિવર્તન વિશે કે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે જાગૃત થવાની જરૂર છે. ધર્મ પરિવર્તનને અટકાવા માટે આ આદિવાસીઓના વિકાસ સાથે આપણે રાજયના બજેટને જોડયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ વર્ષમાં તમે શિક્ષણની સેવા પૂરી ન કરી શકયા, આરોગ્યની સેવા ન કરી શકયા એટલે ધર્મ પરિવર્તન થયું છે. આ સરકારની નેમ છે કે, આદિવાસી વિસ્તારોમાં જઈ, વંચિતો વચ્ચે જઈ શિક્ષણનો વ્યાપ વધારવો છે. એટલે જ આરોગ્યની સેવા માટે એક હજાર કરોડ રૂપિયા જેટલું માતબર આયોજન આ બજેટમાં કરી અને આ પ્રકારનું ધર્મ પરિવર્તન આપણે અટકાવવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક દાખલો આપું કે આ ધર્મ પરિવર્તન કેમ થયું છે? અને એ ધર્મ પરિવર્તન અટકાવી અને આપણે ગુજરાતની પ્રજાને બચાવવી છે. Evangelical Church of India known as ECI. Specific policies and programmes to focus the evangelistic efforts on the responsive people of India, the oppressed and suppressed are very responsive. જે લોકો કચડાયેલા, દબાયેલા છે એ લોકો ધર્મ પરિવર્તન માટે તૈયાર થઈ જાય છે. ECI multiplied the churches by hundreds in slums. આ સ્લમ્સની અંદર અનેકગણા ચર્ચો બનાવ્યા છે. Among the Scheduled Castes and Scheduled Tribes in the cities and villages of India શિડ્યુલ કાસ્ટ અને શિડ્યુલ ટ્રાઈબ જ્યાં ગામડાઓની અંદર અથવા તો ઝુંપડપટ્ટીમાં રહે છે ત્યાં એ લોકોએ એનો વ્યાપ કર્યો છે....The people who are responsive today may not be responsive tomorrow.એમણે એમ કહયું કે ૧૯૫૦-૫૧ની અંદર કે આજે જે લોકો ધર્મ પરિવર્તન કરવા માટે તૈયાર થાય છે એ ભવિષ્યમાં નહિ થાય. આ ગુજરાતની સરકારે આદિવાસી, પછાત, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની આ યોજનાઓને લઈને હવે responsive રહેવાના નથી. We must go where the fish

are found.જ્યાં માછલીઓ મળે ત્યાં જવું. Go where the fish bite the bait of the hook.જયાં પેલો રોટલો પડ્યો હોય ત્યાં જાઓ, Harvest the harvestible and win the winnable.આ ધર્મ પરિવર્તન વંચિતોમાં થાય છે એને અટકાવવું છે તો આરોગ્યના ક્ષેત્રે, શિક્ષણના ક્ષેત્રે આનંદીબેને વિશેષ કરીને આદિવાસી વિસ્તારની અંદર શિક્ષણનો વ્યાપ વધે એના માટે અને આ રાજયના મુખ્યમંત્રીશ્રી સહિત દરેક ધારાસભ્યશ્રીઓને અને દરેક મંત્રીશ્રીઓ એ વિસ્તારની અંદર કન્યા કેળવણીનો વ્યાપ વધે એના માટે સવિશેષ કોશિષ કરી રહ્યા છે, આવું કંઈ કહેવાનો ઈરાદો નથી કે રાતોરાત આ પૂરું થઈ જશે, રાતોરાત કંઈ પરિવર્તન થશે એવું કહેવાનો કોઈ ઈરાદો નથી આપણે પહેલું પગલું ભર્યુ છે, એક ફિલોસોફરે કહયું છે કે the seed that we sow in the soil one day transcending earth, grows as a gigantic tree. That tree never sounds for its magnanimity, greatness and achievement. All these are well-reflected in the sweet melody of cooing birds taking shelter on the extended branches of the tree. અર્થાત એક ભૂમિની અંદર આપણે બી રોપીએ છીએ તો એક દિવસ એ બી આ ધરતીને ભેદીને વિશાળ વટવૃક્ષ બને છે અને આ વિશાળ વૃક્ષ ક્યારેય પોતાની મહાનતા, પોતાની વિશાળતા અને પોતાના એચીવમેન્ટ વિશે બોલતું નથી એ તો એની વિશાળ ડાળીઓ પર જે આશરો લઈ રહ્યા છે એ પક્ષીઓને સંગીતની અંદર રેલાય છે આપણે વિધવાઓના આંસુ લુછવાના છે, ખેડૂતોને પાણી આપવું છે, શિક્ષણ આપવું છે, કન્યા કેળવણી વધારવી છે, આરોગ્યની સેવાઓ વધારવી છે, આવનારા વર્ષોની અંદર આપણે પરિણામો પણ આ બજેટ દ્વારા મેળવી શકીશું. આભાર, ભારત માતાકી જય.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી સન ૨૦૦૬-૦૭નું જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અભ્યાસુ એવા મારા ડોકટર મિત્રએ ઘણી બધી સારી વાતો કરી. ધર્મ પરિવર્તનની વાત કરી અને એનું વિશ્લેષણ ખૂબ લંબાણપૂર્વક કર્યુ, તેની તમામ બાબતોનો તમામ જવાબ આપવામાં હું નહિ જાઉં. પણ મારા મિત્રને હું કહેવા માગું છું કે સ્વામી સચ્ચિદાનંદજીએ એક પુસ્તક લખ્યું છે કે ભારતની અધોગતિનું જો કોઈ મુળ હોય તો એ વર્ણ વ્યવસ્થા છે, મારા ડોકટર મિત્રએ આ પુસ્તક વાંચ્યું જ હશે અને ન વાંચ્યું હોય તો એકવાર આ પુસ્તક વાંચી લેવા વિનંતી છે. હું એમ માનું છું કે એમણે જે અહીંયા વાત કરી છે આ તમામ વાતો આમાં આવી જશે, એટલે વિશેષ અંમાં લાંબુ મારે કંઈ કહેવાનું નથી.

માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે અને એ બજેટની અંદર જે શબ્દ પ્રયોગો કરવામાં આવ્યા છે, તે શબ્દ પ્રયોગો મારફત ગુજરાતની પ્રજાનો સર્વાંગી વિકાસ, રાજયનો સર્વાંગી વિકાસ અને તે વિકાસે એક મોટી હરણફાળ ભરી છે એવું એક ચિત્ર ઉપસાવવા માટેના પ્રયાસો કર્યા છે. તેમણે પોતાના બજેટની અંદર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગેની અહીંયા ઘણા બધા મિત્રોએ વાત કરી છે. ગુજરાતની પ્રજાએ મહોર મારી છે.આ ગુજરાતની પ્રજા છે તે શાણી અને સમજુ છે. મારે આ મિત્રોને યાદ કરાવવું છે કે ૧૯૯૫માં તમારી પહેલી વખત રાજય સરકાર બની અને કેશુભાઈ મુખ્યમંત્રી બન્યા ત્યારે આ જ ગુજરાતની પ્રજાએ તમને ખોબે અને ધોબે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોમાં મતો આપી અને તમને વહીવટ કરવા સોંપ્યો હતો. ત્યાર પછી ૨૦૦૦ની તાલુકા પંચાયત જિલ્લા પંચાયતોની ચૂંટણી આવી ત્યારે પણ તમારી જ સરકાર હતી અને તમારા વહીવટ નીચે આ રાજયની અંદર તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ થઈ ત્યારે આ ગુજરાતની શાણી અને સમજુ પ્રજાએ ખોબે અને ધોબે કોંગ્રેસને મત આપી અને સમગ્ર રાજયમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનો વહીવટ કોંગ્રેસના હાથમાં સોંપવામાં આવ્યો એટલે તમારે હરખાઈ જવાની કોઈ જરૂરિયાત નથી કે આજે મંજૂરીની મહોર મારી છે એટલે(અંતરાય) અમારા વિકાસના કામમાં મંજૂરીની મહોર મારી છે. વારા ફરતી વારો અને મે પછી ગારો. એટલે તમે રાહ જુઓ પાછું આવશે ત્યારે આ જ પ્રજા તે પાછી સત્તા કોંગ્રેસને આપશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી અને તે તમારા કર્મોને કારણે. બીજી વાત એ કરી મુખ્યમંત્રીશ્રીએ " ઓમ સહના વવતુ સહનૌ ભૂનકતુ, સહવીર્ધ્યં કરવા વહૈ, તેજસ્વીના વધી તમસ્તુ મા વિદ્દવિષા વહૈ " તેમાં નીચે એમ કહ્યું છે કે આપણે સાથે મળીને કામ કરીએ, સાથે મળીને શકિત પ્રાપ્ત કરીએ, સાથે મળીને વિકાસ કરીએ આપણી સૌની તેજસ્વિતામાં વૃદ્ધિ થાય. તે વાક્ય સાથે અંશતઃ સંમત થઈ શકાય પણ ઉપરના વાકયમાં જરા પણ સહમત ના થઈ શકાય. મારે બધા મિત્રોને પૂછવું છે કે તમને બધાને સાથે લઈને ચાલે છે ખરા? તમે સાથે મળીને કામ કરો છો ખરા ? તમે કહેવા ખાતર આ ગૃહની અંદર તમે વાત કરો છો, વખાણ કરવા ખાતર વખાણ કરો છો પણ અંદરની જે લાગણીઓ છે, અંદરની જે વાત છે તે વાત તમે કહી શકતા નથી, કે વ્યક્ત કરી શકતા નથી. વાસ્તવિકતા જાણવા છતાં તમારે નાછૂટકે અહીંયા વખાણ કરવા સિવાય તમારી પાસે બીજો વિકલ્પ નથી. એટલે અહીંયા જે શબ્દ પ્રયોગો કરવામાં આવ્યા છે તેની સાથે સહમત થઈ શકાય તેમ નથી.

એમ કહેવામાં આવ્યું છે કે જ્યારે નીતિ સ્પષ્ટ હોય અને નિયત સાફ હોય ત્યારે ઈશ્વરનો પણ આપણને સાથ મળતો હોય છે. ઈશ્વર તો જ્યારે જ્યારે સારું કાર્ય થતું હોય છે અને જ્યારે સારું કાર્ય થાય ત્યારે ઈશ્વર મદદ કરતો હોય છે અને કહેવત છે કે જ્યારે પાપનો ઘડો ભરાય જાય છે ત્યારે આ જ ઈશ્વર પાછો તે ફોડી પણ નાખે છે. એટલે તમારો પાપનો ઘડો ધીરે ધીરે ભરાતો જાય છે અને તે આવનારા દિવસોની અંદર ફૂટવાનો છે, ફૂટવાનો છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. નીતિ સ્પષ્ટ છે આંબેડકરે જે બંધારણમાં જોગવાઈ કરી તેમાં બંધારણ આપ્યું છે.

તેમાં નીતિ અને નિયમો તો સ્પષ્ટ છે નિયત પણ સાફની જે વાત કરી છે આ સરકારની નિયત સંપૂર્ણપણે સાફ નથી અને તેને કારણે રાજયના ગરીબ લોકો, રાજયના ખેડૂતો તેમને સહન કરવાનું આવે છે. કૃષિ, ખેડૂતોની ચિંતા ગઈકાલે પણ અહીંયા ખેડૂતોની ઘણી બધી વાત કરવામાં આવી. માનનીય નાણામંત્રીશ્રીએ વાત કરી. નાનપણની અંદર જ્યારે ભૂગોળ ભણયાં ત્યારે કુદરતી રીતે જે પ્રદેશો છે તે રીતે જો આયોજન કરવામાં આવે તો વ્યવસ્થિત રીતે આયોજન થઈ શકે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આ વાતાવરણથી વિરૂદ્ધ પ્રતિકૂળ રીતે કોઈ આયોજન કરવામાં આવે તો એના માઠા પરિણામો ભોગવવાના આવે છે. આજે જે પરિસ્થિતિ છે, જયાં માનવસર્જીત હસ્તક્ષેપ છે, કુદરતે નિર્માણ કરેલી પરિસ્થિતિમાં માનવ સર્જીત હસ્તક્ષેપ છે, ત્યાં કુદરતે આ વાતનો કયાંય પણ સ્વીકાર કર્યો નથી. એમ કૃષિમાં જે પરિસ્થિતિ પ્રમાણે સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા, જમીનનું પૃથ્થકરણ કર્યુ. આ પાક વાવવા આપવામાં આવ્યા. આજે ખેડૂતો સંશોધન કરીને ટૂંકા સમયમાં ઓછા ખર્ચે વધારે ઉત્પાદન મેળવવાની આપણી માનસિકતા બદલવામાં નહીં આવે તો આવતા દિવસોમાં આપણે વધુ સહન કરવાનું આવશે. આજે ખરેખર ખેતીની અંદર રોગ, દવાઓ અને જંતુનાશકોનો વપરાશ (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ૩, ૪ મિનિટ થઈ છે.

**અધ્યક્ષશ્રી .** : આપને ૭ મિનિટ ફાળવી છે, આપને ૮ મિનિટ આપી, જલદી કરો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : પર્યાવરણને અનુકૂળ આયોજન અને પ્લાનિંગ નહીં કરીએ તો મોટી તકલીફ થવાની છે. ખાસ કરીને સિંચાઈની વાત કરું. માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ હાજર નથી, પણ કરોડો રૂપિયાની પીવાના પાણીની પાઈપલાઈન અમે નાંખી એમ કહે છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે મારી સાથે મારા વિસ્તારમાં આવે. વ્યવસ્થા ઉભી કરી છે અને કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે, પણ ત્રણ ત્રણ દિવસ સુધી પાણી મળતું નથી. મારા પોતાના ગામની વાત કરું તો ૧૦૦ ટકા ખારું પાણી છે. એકાંતરા નહીં, પણ ત્રણ દિવસે પાણી મળે છે. પાઈપલાઈન તૂટે તો આઠ આઠ દિવસ પાણી મળતું નથી. કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. આ ખર્ચના કારણે આપણે પીવાના પાણીની વ્યવસ્થા સંપુર્ણપણે થઈ ગઈ છે એ જે જોરશોરથી કહેવામાં આવે છે એ વાત સાથે સંમત થઈ શકાતું નથી.

સૌરાષ્ટ્રની અંદર ચેકડેમ દ્વારા સરદાર સહભાગી સિંચાઈ યોજના દ્વારા આટલા તળાવો, આટલા ચેકડેમો કર્યા, જમીનમાં પાણીના લેવલ ઉંચા આવ્યા. મારે રાજય સરકારને કહેવું છે કે જૂના પ્રોજેકટ જે ઉભા કરવામાં આવ્યા છે, એની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને એના દ્વારા જે સિંચાઈ યોજનાઓ છે અને ખેડૂતોને સિંચાઈના પાણી આજે જે મળે છે, એને જાળવવા માટે બજેટમાં જોગવાઈ કરવામાં ન આવે તો એ ચિંતાનો વિષય છે. એટલા માટે ચિંતાનો વિષય છે કે એની જાળવણી માટે બજેટ ફાળવણી કરવામાં આવશે નહીં, તો એનું રીપેરીંગ, એનું મેન્ટેનન્સ કરવા માટે અત્યારે જોગવાઈ નહીં થાય તો તકલીફ થવાની છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, હંમેશા પ્રણાલિકા મુજબ વિરોધ પક્ષને અંદાજપત્ર પર પહેલા બોલવાનો સમય આપવામાં આવે છે. ગઈકાલે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી અર્જુનભાઈ બોલતા હતા. આજે બળવંતભાઈ બોલ્યા. આંકડાની માયાજાળ એમણે રજૂ કરી કે સરકારનું દેવું આટલું વધી ગયું. અરે, ભાઈ. તમે મોટા ઉદ્યોગગૃહો ધરાવો છો. ત્રણ ત્રણ ઉદ્યોગગૃહના માલિક તમે પણ બેંકમાંથી લોન અને વ્યાજે પૈસા લાવીને તમારા ઉદ્યોગગૃહો ચલાવતા હશો. એમ સરકારને વિકાસ કરવો હોય, પ્રજાનું કલ્યાણ કરવું હોય અને પ્રજાની સુખાકારી જોવી હોય તો વ્યાજે પૈસા લાવવા પડે. આ દેવું પ્રજાના કલ્યાણ માટે કરતા આવ્યા છીએ, નહીં કે પોતાના માટે. બીજું કાલે વિરોધપક્ષના નેતા અર્જુનભાઈ બોલતા હતા કે આપણે કેળવણીમાં આંધ્રની પાછળ છીએ. જયારથી માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલે શિક્ષણ ખાતું સંભાળ્યું છે ત્યારથી પ્રાથમિક કેળવણી ઉપર એમણે પાયા ઉપર ખૂબ જ ધ્યાન આપ્યું છે. કન્યા કેળવણી માટે પણ એમણે વિશેષ ચિંતા કરી છે. વિદ્યાલક્ષ્મી બોન્ડ અને એ સિવાય જૂન, જુલાઈ મહિનાના ખરેખરા ધોમધખતા તાપમાં પણ એ અધિકારીઓ અને ધારાસભ્યો સાથે એક એક ગામને કન્યા કેળવણી માટે, કેમ એમની કેળવણી વધે અને લક્ષ્યાંક ઓછો થાય એના માટેના પ્રયત્નો કર્યા છે. સન ૨૦૦૧-૦૨ માં આપણો લક્ષ્યાંક ૩૧.૧૭ નો હતો અને એના માટે ઝૂંબેશ ચલાવીને આપણે આ લક્ષ્યાંક ૧૧.૮૨ ઉપર લાવી શકયા છીએ. અમે તો કન્યા કેળવણીનો રથ કાઢયો હતો, પરંતુ તમે પ્રજા વચ્ચે જઈને આ રથ કાઢવાની હિંમત તો કરો.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે વિશેષ ચિંતા એ વાતની કરી કે સૂરતમાં ૧૫ લાખ અમારા પાટીદારો ભેગા થયા. તો અમે તો સમાજનું ઉત્થાન કેમ થાય એની ચિંતા કરતા હતા અને ભ્રૂણ હત્યા જે થાય છે અને એનાથી સામાજિક જે અસમાનતાનો સ્ત્રી અને પુરુષની સંખ્યા વચ્ચે જે અસમાનતાનો દર વધતો જાય છે એના માટે ચિંતા કરવા માટે ભેગા થયા હતા અને ભવિષ્યમાં કોઈ આવી ભ્રૂણ હત્યા ના કરે અને આ રીતે સામાજિક કામ માટે અમે ભેગા થયા હતા. સરકારને ઉથલાવવા માટે ભેગા થયા ન હતા (અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે કોઈ સરકારને ઉથલાવવા માટેની વાત જ નહોતી કરી (અંતરાય)

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો પાટીદાર સમાજના તેજસ્વી તારલાઓ કે જે આર્થિક ક્ષેત્રે પછાત હોય તેવા વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ભણાવવા માટેની વ્યવસ્થા કરવા માટે અને સામાજિક ક્રાંતિ

માટે ભેગા થયા હતા અને એમાં તમારી દ્રષ્ટિ હંમેશાં વગ્રવિગ્રહની રહી છે, એકબીજાને લડાવવાની રહી છે, આપસમાં ટકરાવવાની રહી છે અને એ તમારી વાત પ્રજા હવે સમજી ગઈ છે, પ્રજા હવે તમારી આવી વાતોથી ગુમરાહ થાય તેમ નથી. તમે ૪૫ વર્ષ સુધી શાસન કર્યુ છતાં તમે આટલું પણ કરી શકયા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા વૈજ્ઞાનિક એવા ડો. સી.જે. ચાવડા જેમને વહીવટી અનુભવ છે, પણ તેમણે કહયું કે અમે તો બંધો બાંધ્યા અને અમે તો કોંગ્રેસી રાજયમાં બધું આયોજન કર્યુ છે અને તેમણે મારા મિત્ર શ્રી શંકરસિંહજીનાં વખાણ કર્યા છે. હું માનું છું કે તમે કર્યુ છે એની હું ના નથી પાડતો, પરંતુ એમાં આયોજનનો અભાવ હતો અને ભ્રષ્ટાચારની બૂ હતી. જેથી અમારા વિસ્તારની ધરોઈ યોજનામાં..(અંતરાય) માલજીભાઈ, બેસો, અમારા વિસ્તારમાં ધરોઈ યોજનાની નહેરો કરી તો એમાં સિમેન્ટ વેચાઈ ગયો અને બિલ્ડરો સુખી થયા અને ભ્રષ્ટાચારીઓનાં ખિસ્સાં ભરાયાં છે, એ સિવાય તમે કાંઈ કર્યુ નથી. આજે આટલો સારો વરસાદ થયો છે અને ધરોઈ ડેમ ભરાયેલો છે અને જયારે પાણી છોડવામાં આવે છે ત્યારે આ જે નહેરો તમે બનાવેલી છે એ તૂટી જાય છે. તો અમારા લાખો ખેડૂતોની બરબાદીનો ધંધો તો તમે કર્યો છે, એ સિવાય તમે તમારા રાજમાં કાંઈ કર્યુ નથી અને ગોવાભાઈ બોલતા હતા કે ખાતરના ભાવ વધી ગયા...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જુઓ, પ્લીઝ, બધા સભ્યો દરેકના પ્રવચનનો અલગ અલગ અર્થ સમજે છે, એટલે એમાં કાંઈ કરવું નહીં. બધા અલગ અલગ સમજે છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : શાંતિ રાખો, તમે બધાએ કાંઈ કર્યુ નહોતું, પણ અમે તો જે ગામોમાં લોકો ફલોરાઈડવાળું પાણી પીતા હતા અને ૧૨૦૦ ફૂટ નીચેથી ટયુબવેલમાંથી નીકળેલું ફલોરાઈડવાળું પાણી પીતા હતા એની જગ્યાએ ધરોઈ બંધમાંથી અને નર્મદા નહેરમાંથી પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડીને લોકોના આરોગ્યનું જતન કર્યુ છે અને આ ફલોરાઈડવાળું પાણી પીને યુવાન લોકો રોગોથી ત્રસ્ત હતા એમાંથી એમને મુકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ કે જેઓ મારા મિત્ર છે તેમણે ખેડૂતોની ચિંતા કરી અને એના માટે હું તેમને અભિનંદન આપું છું, પરંતુ સાથે સાથે તેમને મારે કહેવું છે કે તેમણે વાત કરી કે ઘઉંના ભાવ ઘટી ગયા છે, પરંતુ એના માટે તેઓ તેમની યુ.પી.એ. સરકારને કહેવા ગયા કે જયારે આ ઘઉંની સીઝન પાકની આવી છે ત્યારે જ તમે કેમ ૧૦ લાખ ટન ઘઉંની આયાત કરવાનો નિર્ણય કરીને મહાપાપ કર્યુ છે અને ખેડૂતોને મારી નાંખવાનું કામ કર્યુ છે? એટલી તાકાત તેઓ બતાવી શકયા હોત તો હું તેમને ધન્યવાદ આપત.

માનનીય અધ્યક્ષશ્રી, અમે તો કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને એક કૃષિ ઉત્પાદન બજાર સમિતિના ચેરમેન તરીકે અને એક વેપારી તરીકે જીરૂ અને રાયડાની ખરીદી કરવા માટે કેન્દ્ર સરકારને ભલામણ કરવા માટેનો પત્ર લખ્યો છે અને શ્રી શરદ પવારજીને પણ ફેકસ કરીને જણાવેલ છે.

રસ્તાઓ બાબતમાં હું ફોર વે અને નેશનલ હાઈવેમાં પડવા માગતો નથી. પણ ઘણી ટીકાઓ થઈ છે કે ગામડાંના રસ્તાઓનું શું? પણ સાહેબ, ગામડાંના રસ્તા માટે આપણે ૪૩૨ કરોડ રૂપિયાના ખર્ચે ૩૦૪૪ કિલોમિટરના ધોરી માર્ગો તાલુકા કક્ષાએ જવા માટે બાંધ્યા છે અને આ કામ કરાવી શકયા છીએ. પણ ખરી આંખે તેમને આ કામો ન દેખાય, કારણ કે તેઓ હંમેશા બીજું જોવા વાળા માણસો છે. એટલે અમારે તમને કહેવાય નહીં.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બીજું શું? તે જાણવું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય નારાયણભાઈ, આ બીજું એટલે શું એ જાણવું છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : બીજું એટલે નેગેટીવ, એ સમજદાર છે, સમજી જાય, માનનીય અધ્યક્ષશ્રી, મારે મહેસૂલ વિભાગની વાત કરવી છે. તમે લોકો જ કહેતા હતા કે આ તલાટીઓ બેફામ થઈ ગયા છે, ગેરરીતિઓ કરે છે, ૭/૧૨ અને ૮(અ) ના ઉતારા આપવામાં ગરબડ કરે છે. અમારી સરકારે કોમ્પ્યુટરાઈઝેશન કરી અને ૯૮ લાખ ઉતારાઓ ૭/૧૨ ના અને ૫૪ લાખ ઉતારાઓ ૮(અ) ના કોમ્પ્યુટરાઈઝ કરાવ્યા છે, એટલે સુધી કે તાલુકા પંચાયતમાં જાય અને મામલતદારની ઓફિસમાં જાય ત્યારે તેને કોપી મળી શકે, ગ્રામ પંચાયતમાં પણ તેમને નકલ મળી રહે તેવી વ્યવસ્થા અમારી સરકારે કરાવી છે. એ સિવાય ૨૬-૧-૨૦૦૪ના રોજ ઈ-ધરા લેન્ડ રેકોર્ડ મેનેજમેન્ટ હેઠળ રાજયના તમામ તાલુકાઓને ઓન લાઈનથી જોડયા છે. નવી જૂની શરતમાં એક મહાન પ્રોજેકટ લીધો છે, ખેડૂતો એમાં હેરાન થતા હતા અને નવી શરતમાં જયારે ભાઈઓ વચ્ચે ભાગ વહેંચાય ત્યારે મિલકતોની વહેંચણી કરી શકતા નહોતા, ઘેર ઘેર કંકાશ થતા હતા. ત્યારે નવી શરતમાંથી જૂની શરત કરવા માટેનું ભગીરથ કહી શકાય તેવું કામ અમારી સરકારે કર્યુ છે. તેના માટે તાલુકા લેવલ સુધી ઝૂંબેશ કરી અને ખેડૂતોને રાહત અપાવી છે. એ સિવાય હું ચેકડેમોની વાત કરુ તો....

**અધ્યક્ષશ્રી .** : બસ હવે પૂરું થયું, માનનીય માલજીભાઈ.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : સાહેબ, હજુ પાંચ મિનિટ જ થઈ છે. હું સુઝલામ સુફલામ ઉપર આવ્યો છું.

**અધ્યક્ષશ્રી .** : દસ મિનિટ થઈ ગઈ, બસ પ્રવચન પૂરું થયું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી જયારે બજેટ લઈને આવ્યા છે ત્યારે આ એક ઐતિહાસિક બીના છે, કદાચ ડોકટર જીવરાજ મહેતાએ મુખ્ય મંત્રી તરીકે બજેટ પોતે રજૂ

કર્યુ હતું અને તેના પછી આ નરેન્દ્રભાઈ મોદીએ બજેટ રજૂ કર્યુ છે. આ બજેટ અંગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં રસ્તાઓનો જે વિકાસ થયો છે તેમાં પાલનપુરથી લઈને વાપી પહોંચીએ અને મુંબઈ પહોંચીએ તો નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને કેટલાક સારા ગ્રામ્ય રસ્તાઓ, બહારથી આવનાર માણસને એમ લાગે કે ગુજરાત ઘણું રૂપાળું અને ખૂબ સારું દેખાય છે, માનનીય અધ્યક્ષશ્રી, આપણી જૂની સાંસ્કૃત્તિક વિરાસત એટલી મોટી છે, અને આ હાઈવે ઉપરના પૂર્વના ૨૦ કિલોમિટર અને પશ્ચિમના ૨૦ કિલોમિટરનો જે વિકાસ થયો છે, ગુજરાતમાં જેને સોનેરી પટ્ટી કહેવામાં આવે છે તે ઉપરાંત આપણા ગુજરાતમાં દ્વારકા, સોમનાથ, ધોળાવિરા, લોથલ, મોઢેરા એવા ઐતિહાસિક સ્થળો પણ આવેલા છે, તેના કારણે પણ લોકો ગુજરાતને બરાબર ઓળખે છે. આ રાજય પોતાને નંબર વન કહેવડાવે છે. પરંતુ મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે આ દેશની અંદર સરદાર પટેલ સાહેબે આપણને નંબર વન બનાવ્યા હતા. જ્યારે દુનિયાની અંદર આપણને મહાત્મા ગાંધીજીએ નંબર વનનું સ્થાન અપાવ્યું હતું એ આ ગુજરાત છે. એટલું જ નહિ ગાંધીના રસ્તે અહિંસાના રસ્તાનું ધ્યાન દોરીને વિશ્વના અનેક દેશો એની વિચારધારાને લીધે સ્વતંત્ર પણ થયા પણ એની સામે આ ગુજરાતનું એક બીજું ચિત્ર પણ છે. એના તરફ આ સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું.

આજે પણ ગામડાંની અંદરથી જે શહેરીકરણ તરફ ઘસારો થઈ રહ્યો છે એમાં આપણે ૩૮ થી ૪૦ ટકાએ પહોંચવા આવ્યા છીએ. રાજય ઉપરનું દેવું દિન પ્રતિદિન વધતું જાય છે. આજે પણ ૩૦ લાખ પરિવારો ગરીબીની રેખા નીચે આ રાજયની અંદર જીવી રહ્યાં છે. ૧૨ લાખ યુવાનો આજે બેકારીના ચોપડા ઉપર નોંધાયેલા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સાત વર્ષથી ઉપરની અને ૧૦ વર્ષથી નીચેની દીકરીઓનું સાક્ષરતાનું પ્રમાણ આજે માંડ ૫૦ ટકાએ પહોંચ્યું છે. ૫૦ ટકા દીકરીઓ અભણ રહી જાય છે એટલું જ નહિ આપણી સાક્ષરતામાં આપણા પડોશી રાજયો પછાત ગણાતા હતા એ રાજસ્થાન કરતાં પણ આપણે પાછળ આવી ગયા છીએ. આપણે કેટ કેટલામાં પાછળ આવ્યા છીએ. અમારા વિરોધપક્ષના નેતાએ રેકોર્ડ ઉપર મૂકયું છે એટલા માટે હું આ વાતને દોહરાવવા માગતો નથી.

રાજયમાં ગ્રામ્ય વિસ્તારના બે મુખ્ય પાયાના ધંધા છે. આપણી નાની ખેતી અને આપણું પશુધન. ઉત્તર ગુજરાતનો ખેડૂત માનનીય નારાયણકાકા સાંભળજો. ઉત્તર ગુજરાતનો ખેડૂત જીવવા માટે મહેનત કરી રહ્યો છે. પુરુષાર્થ કરી રહ્યો છે. પોતે દેવું કરીને પણ ૧૦ થી ૧૫ લાખનો ટયુબવેલ કરે છે ત્યારે એને સમયસર વીજળી મળતી નથી. એટલું જ નહિ આજે પણ આટલા ઊંડાણથી પાણી મેળવવા માટે જે કોશિશ થાય છે એના કારણે જે વીજળીના ભાવો વધ્યા છે. મને બરાબર યાદ છે કે આ રાજયના ખેડૂત મંડળો સાથે એગ્રીમેન્ટ થયા, દસ થી ૧૪ કલાક વીજળી આપવા સુધીના થયા. માનનીય કેશુભાઈની સરકાર સુધી અને અમે ૧૨ થી ૧૪ કલાક વીજળી આપી હતી પરંતુ દસ કલાક તો મિનિમમ વીજળી મળતી હતી. આજે ફક્ત આઠ કલાક થઈ ગઈ છે. એક ખેડૂત ટયુબવેલ ચલવતો હોય, માનનીય નારાયણકાકા ટયુબવેલ ચલાવે છે એને પૂછો કે ખરેખર કેટલા ટકા મળે છે? તમે ભાવમાં કેટલો વધારો કર્યો એ વાત તરફ ધ્યાન દોરવા માગું છું.

બીજું પશુપાલન આ રાજયનો મુખ્ય ધંધો છે. ગ્રામ્ય વિસ્તારના લોકો એના ઉપર ખૂબ આધારિત રીતે જીવે છે. આપ પણ એના સાક્ષી છો. દૂધ સાગર ડેરી થઈ એના કારણે ખેડૂતોને પૂરક આવક થઈ એ એકસેસાઈઝ માટે ચલાવવું પડે છે. આપણા જૂના રાજયોમાં દા.ત. વડોદરા રાજયના રહીશ હશે આપ પણ હતા. એ વખતે ૧૬ પશુએ ૪૦ એકર જમીન ગૌચર માટે નક્કી કરી જે ગામડાંના રેકર્ડ ઉપર હતી. આજે એ જ જમીનોને આપણે સાહેબ ઉદ્યોગગૃહોને, મોટા ખેડૂતોને અને માલેતુજારોને બે હજાર એકર ફાર્મિંગ કરવાનો નિર્ણય કરીએ છીએ. બીજી બાજુ આપણે ગૌ વંશની ચિંતા કરીએ છીએ ત્યારે આ ગાયો કયાં જાય? એ ગાયોને રોડ ઉપર બાંધવાની, ખેડૂતોના ઘરમાં બાંધવાની? એને ફરવા માટેની જગ્યા રાખશો કે નહિ. આ એક આત્મઘાતી પગલું છે. ગામડાંના યુવાનો છે એને કામ કરવાની કોઈ વસ્તુ હાથમાં નહિ આવે એની પાસે નાની ખેતી અને પશુધન છે. એને થોડી જમીન ટકવા નહિ આપો તો નકસલવાદના એ નાના માણસમાં બીજ રોપાશે. એને તમે અન્યાય ના કરો, આજે ભણેલો જુવાન માણસ સહન નહિ કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પેઢીના જૂના માણસો એમ કહેતા હતા કે દુ:ખ છે તો કહે કે કોણે, કહે કે ભગવાને નાખ્યું છે. ભગવાન ઉપર ચાલતા હતા. આજે તો ભગવાનની પણ સૅકટર-૧૨માં બલરામ મહારાજનું મંદિર કિસાન સંઘ ચલાવે છે તેમાં એક લાખ રૂપિયાની લૂંટ થઈ. આજે રેકર્ડ ઉપર તેની ફરિયાદ થઈ છે. ભગવાનને પણ ભૂખ્યો માણસ છોડવા તૈયાર નથી. અમિતભાઈના ચોપડે તપાસ કરાવજો. બીજી વાતો જવા દઈએ પણ આજે મંદિરોની લૂંટો કેટલી થઈ રહી છે એ આપણે ધ્યાન ઉપર લાવવું પડશે.

બીજી વાત મારે નારણકાકાને કરવી છે કે જયોતિગ્રામ યોજનાની સ્કીમ લાવ્યા. ઉત્તર ગુજરાતના ખેડૂતો પોતાનો સમય અને શકિત બચાવવા માટે પોતાના ફાર્મ ઉપર રહેવા માંડયા છે. પોતાની મજૂરીનો સમય બચે એટલા માટે પોતાની જમીન ઉપર, પોતાના ટ્યુબવેલ ઉપર રહેવા માગે છે. તેનો દીકરો આજે ૧૬ કલાક સુધી અંધારામાં રહે છે. (સમયસૂચક ઘંટડી) પ્લીઝ, અધ્યક્ષશ્રી, પાંચ મિનિટ મને થોડું બોલવા દો. મને થોડું કહેવા દો.

મૂળ વાત કરવી છે એ હજુ આવી નથી. એટલે એ જયોતિગ્રામ યોજનામાં આવા ખેડૂતોને આમેજ કરો. એટલી મારી વિનંતી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી અહીં બેઠાં છે, ત્યારે એક બીજી મહત્ત્વની વાત મારે કરવી છે કે ` વિકસતી જાતિ વિભાગે બે કામો બહુ સારા કર્યા છે. એક કામ તો બજાણીયા-નટ લોકો અને અતિ પછાત લોકો જે રજળતું જીવન જીવતા હતા, તેમની વસાહતોની શરૂઆત કરી છે. બહુ સારી બાબત છે. બીજો મુખ્ય મુદ્દો કે જે ખોટા સર્ટિફિકેટ બક્ષી પંચના નામે લઈ જતાં હતા એ લોકોને અટકાવવાનું કામ આ વિભાગે કર્યું છે. એ માટે અભિનંદનને પાત્ર છે. પણ ૧૩૭ કોમો બક્ષી પંચની કોમોમાં આવી રહી છે અને તેના વિકાસ માટે આ રાજયની અંદર સૌ પ્રથમ બક્ષી પંચ નીમાયું. પછી માંકડ પંચ આવ્યું, પછી રાણે પંચ આવ્યું અને આજે શોભનાબેનનું પંચ કામ કરી રહ્યું છે. દિનપ્રતિદિન આજે પણ બક્ષીપંચની સંખ્યા વધી રહી છે. તેની પાછળ આજે એસ.સી., એસ.ટી. જ્ઞાતિઓને જે જાતની સગવડો બજૅટમાં થઈ રહી છે, ૬૦ ટકા પછાત વર્ગોની સામે ૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યું છે. એસ.ટી.માં ૧૫૦૦ કરોડનું આયોજન કર્યું છે અને જેની ૭૨ ટકા વસતિ થાય છે, ૫૩ ટકા બક્ષી, ૧૦ ટકા લઘુમતિ અને ૧૦ ટકા આર્થિક પછાત. આવી ૭૨ કોમો માટે બે કરોડનું આયોજન છે. એટલું જ નહીં, આર્થિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત તાલુકાઓ, આવડી મોટી અફાટ પ્રજા તેના માટે સરકાર ધ્યાન નહીં આપે તો આવતા દિવસોમાં ઘણાં મોટા પ્રશ્નો ઉભા થવાના છે. એટલે મારી આપના દ્વારા આ સરકારને વિનંતી છે કે જેને જેને આટલા પંચો નીમીને, તારણો કાઢીને વિકાસ માટેની પથરેખા દોરી છે ત્યારે રાજય તેમાં પોતાનું ભંડોળ વધારે એવું કહેવા માગું છું. આ જો વધાર્યું હોત તો મારા જેવાને વધારે આનંદ થાત. હું તો એક કહું કે ૧૦૦૦ કરોડ રૂપિયા પણ ઓછા પડે આ બધી કોમો માટે.

બીજું પણ ધ્યાન ઉપર લાવવું છે કે ગુજરાતનું પશુધન અવ્વલ નંબરનું છે. ગીરની ગાય, કાંકરેજી ગાય, મહેસાણી ભેંસ અને જાફરાબાદી ભેંસ. એ વિશ્વમાં જેની ઓલાદો પ્રખ્યાત છે એ ઓલાદોની પશુ સંવર્ધન યુનિવર્સિટી આ રાજયમાં થાય એવું જો આ બજૅટમાં સામેલ થયું હોત તો વધારે આનંદ થાત.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ૨૦૦૬-૦૭નું બજૅટ લઈને આવ્યા છે તેના સમર્થન માટે મારા વિચારોની અભિવ્યકિત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માતૃભૂમિના વિકાસની કેડી કંડારતી નેમ સાથે લોંગ ટર્મ પ્લાનીંગ અને ઈન્ટીગ્રેટેડ એપ્રોચવાળું આ બજૅટ એક પ્રબળ રાજકીય ઈચ્છાશકિત અને દીર્ઘદૃષ્ટિવાળું છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદીના આ બજૅટથી ગુજરાતના વિકાસની ક્ષિતિજોના નવા આયામો ઉભા થવાના છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીથી અને પંચાયત સુધીના પરિણામોમાં જે ઐતિહાસિક જન સમર્થન મળ્યું છે તેનાથી હવે જન વિકાસ માટે સૌનો ભરોસો અને સૌની અપેક્ષા પરિપૂર્ણ કરવાની દિશામાં આ રાજય આગળ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર હવે ૨૦૧૦માં ગુજરાત રાજયની સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાની છે. એનું આયોજન રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી પોતાની દિર્ઘદૃષ્ટિથી કરી રહ્યા છે. હું નાણા વિભાગને આ બજૅટ જોઈને ખાસ અભિનંદન આપું છું. કેમ કે, છેલ્લા ૪ વર્ષમાં બજૅટમાં પુરાંત ઉપરાંત રેવન્યૂ સરપ્લસ, દર્શાવીને નાણાકીય શિસ્ત, વિવેકપૂર્ણ આયોજન અને મહેસૂલી ખર્ચમાં કરકસરથી નાણા વિભાગે પોતાની આંતરિક સૂઝબૂઝનો પરિચય કરાવ્યો છે. કેન્દ્ર સરકાર જ્યારે માત્ર ૩૦ ટકા નાણા વિકાસમાં વાપરે છે, જ્યારે ગુજરાત છેલ્લા ૩ વર્ષથી ૬૦ ટકા નાણા વિકાસ માટે પ્લાન એકસપેન્ડીચર તરીકે વાપરે છે. દેશના કોઈપણ રાજયમાં પ્લાન ખર્ચ ૬૦ ટકા નથી. તેથી ગુજરાત માટે આ પ્રશંસનીય ઘટના છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા છેલ્લા ૪ વર્ષમાં ૧૦૦૦ કરોડથી વધારે કર રાહતો આપી છે. ચાલુ વર્ષે તો કર રાહતોનો વરસાદ વરસાવીને ૩૭૧ કરોડની માતબર રાહતો આપી છે. વીજ ડ્યૂટી, વીજ ઉપર સેલ્સ ટેક્સ, સ્ટૅમ્પ ડ્યૂટી, મનોરંજન કર, વાહન કર એવા તમામ પ્રકારના ટેક્સમાં રાહતો આપી અને સાથોસાથ આ ૪ વર્ષમાં કોઈ કરનો વધારો કર્યો નથી. ચેમ્બર ઑફ કૉમર્સ, સી.આઈ.આઈ., ફિક્કીનું ગુજરાત યુનિટ એ બધાએ ગુજરાતના આ બજૅટને સર્વાંગી લક્ષી અને વિકાસલક્ષી ગણ્યું છે. ગ્રૉસ ડોમેસ્ટીક પ્રોડકટનો વિકાસ દર જે કેન્દ્ર સરકાર તથા રાજય સરકારોમાં ગણવામાં આવે છે એ ચાલુ ભાવે જે જી.ડી.પી. થાય એના ઉપર ગણવામાં આવે છે. ગુજરાતનો ૮.૩ છે જે કેન્દ્ર અને અન્ય રાજયોના જી.ડી.પી. કરતાં વધારે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં સત્યથી કેટલીક વેગળી વાતો મૂકવામાં આવી છે. સ્થિર ભાવે એટલે કે, જૂના બેઈઝ વર્ષ ઉપર ગણાતો દર, જેને અત્યારના સમયમાં કોઈ ગંભીરતાથી નોંધ નથી લેતા એને આ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારનો જી.ડી.પી. ૭.૫ છે એ પણ ચાલુ ભાવે જ ગણતરી કરી છે. આ જી.ડી.પી.ની દૃષ્ટિએ ગુજરાત સમગ્ર દેશની અંદર આગળ છે. દેશમાં સૌથી વધારે દેવાદાર રાજય હોય તો એ મહારાષ્ટ્ર છે. જેનું દેવું ૧ લાખ કરોડથી વધારે છે. જ્યારે ગુજરાત એ દેવામાંથી તેનો ૭૩ ટકા હિસ્સો છે એ વિકાસના ખર્ચ પેટે વપરાય છે. કેન્દ્ર સરકાર પોતાના ૧ લાખ ૭૨ હજાર કરોડ રૂપિયા જે વિકાસમાં વાપરે છે એમાંથી તો ૧ લાખ ૫૦ હજાર કરોડ ઉધાર લઈને વાપરે છે અને કૉંગ્રેસ પ્રેરિત અન્ય રાજયોમાં વહીવટી ખર્ચ માટે જેમ દેવું કરવું પડે છે એમ ભારતીય જનતા પાર્ટીની સરકારને દેવું કરવું પડતું નથી. આ કૉંગ્રેસના મિત્રો દેવાની

વ્યાખ્યા સમજ્યા નથી. ગુજરાત એ સમૃદ્ધ રાજય છે અને નાની બચતમાં સૌથી વધારે નાણાં એકત્રિત થાય છે. જે કેન્દ્ર સરકારના ૯ ટકાના ઊંચા દરે કમ્પલસરી લોન તરીકે આપવામાં આવે છે. રાજયના દેવામાં આ નાની બચતની લોન જ મુખ્ય હોય છે. જ્યારે એ રકમના ઊંચા વ્યાજ પેટે જાય છે, એ તો કેન્દ્ર સરકારમાં પાછા જમા કરાવવા પડે છે. જો આપનું કેન્દ્રમાં ઉપજતું હોય તો આ વ્યાજમાં ઘટાડો થાય એવું કાંઈક થાય તો વધારે સારું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને કોઈ નવી ટ્રેન આપવાની દિશામાં બજેટમાં કોઈ ફાળવણી નથી કરતા અને બેનરજી જેવી કમિટી રચી અને ગુજરાતને વિકૃત રીતે મૂકવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. તાજેતરમાં એક નેશનલ સરવે થયો અને છેલ્લા ૫૦ રાઉન્ડના તારણો આવ્યા. એમાં દેશમાં સૌથી વધારે દેવાદાર જો કોઈ કિસાન હોય તો એ આંધ્રપ્રદેશનો છે, ૮૩ ટકા ખેડૂતો આંધ્રપ્રદેશના છે, આંધ્ર આની અંદર પ્રથમ નંબરે છે. ત્યારબાદ બીજી કૉંગ્રેસ પ્રેરિત સરકારો છે. ૨૦૦૪-૦૫ના આંકડા પ્રમાણે દેશમાં જગતનો તાત એવા ખેડૂતની કુલ ૪૦૦૦ જેટલી આત્મહત્યાઓ થઈ. જેમાં લગભગ ૬૦ ટકા એટલે કે, ૨૩૦૦ ખેડૂતોએ એકલા આંધ્રની અંદર આપઘાત કર્યો છે. આવી પરિસ્થિતિમાં શરમથી માથું ઝૂકવાને બદલે ગુજરાતને આંધ્રપ્રદેશ સાથે સરખાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે આંધ્રપ્રદેશમાં સાક્ષરતા દર ૬૦ ટકા છે જ્યારે ગુજરાતમાં સાક્ષરતા દર એ ૬૯ ટકા છે. આમ સાક્ષરતા દરમાં પણ ગુજરાત આંધ્ર કરતાં આગળ છે. મૂડીરોકાણના સંદર્ભમાં રિઝર્વ બેંકના એન્યુઅલ રિપોર્ટ પ્રમાણે ઓલ ઈન્ડિયા ફાઈનાન્સીયલ સંસ્થાઓના આંકડા છે એ પ્રમાણે આઈ.ડી.બી.આઈ. જેવી ફાઈનાન્સીયલ સંસ્થાઓએ આંધ્ર કરતા ગુજરાતમાં અનેકગણું રોકાણ કર્યુ છે. ભારતીય જનતા પક્ષની સરકારે ટેકસમાં ઘટાડો કર્યો છે. કેંન્દ્રમાં કોંગ્રેસની સરકારે સર્વિસ ટેકસ જે ૧૦ ટકા હતો એ વધારીને ૧૨ ટકા કર્યો છે. દેશમાં મધ્યમવર્ગની કમર તોડવા માટેનું આ પગલું વીજળી, ટેલિફોન, કેબલ બેંક સુવિધા ઉપર ખર્ચ વધશે. દેશના મમ્ધ્યમ વર્ગના ખીસામાંથી રુ. ૩૭ હજાર કરોડ જેટલા રૂપિયા ખંખેરી નાખવાની નેમ આ યુ.પી.એ.ની કેન્દ્ર સરકારની છે. રાજય સરકારે વીજ પરનો વેરો ઘટાડીને મોંઘવારી ઘટાડવાનો પ્રયત્ન કર્યો જ્યારે બીજી બાજુ કોંગ્રેસે એક ઈકોનોમીક સર્વે પ્રમાણે બટાકામાં ૫૮ ટકા, કૉફીમાં ૩૪ ટકા, મગમાં ૨૦ટકા, અડદમાં ૩૯ટકા, સ્ટીલમાં ૩૭ ટકા અને ઈંટોમાં ૭૭ટકા અને પેટ્રોલ, ગેસ અને ડિઝલનો ભાવવધારો સતત ચાલુ રાખીને મોંઘવારીમાં સામાન્ય માણસનું જીવન દોહ્યલું કર્યુ છે.

સહકારી સંસ્થાઓનો હંમેશા ગુજરાતમાં દબદબો રહ્યો છે પણ કેટલાક નિશ્ચિત હિતજૂથો દ્વારા આ સહકારી તંત્રના આત્માને પીંખવા માટેનું કામ કેટલાક તત્ત્વો કરી રહ્યા છે. ગુજરાતમાં જુનાગઢની અંદર એન.ડી.ડી.બી.ના માધ્યમથી બંધ પડેલી મિલ શરૂ કરવામાં આવી. એ.પી.એમ.સી. એકટની અંદર સુધારો કરવામાં આવ્યો, જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા શહેરી સહકારી બેંકો ઉપર ઈન્કમટેકસની કરમુકિત પાછી ખેંચી ગુજરાતના સહકારી માળખાને રફેદફે કરવાની માનસિકતા સ્પષ્ટ થાય છે. આપણે સૌ જાણીએ છીએ કે the new emerging issue of India આતંકવાદ, પર્યાવરણ અને સ્થળાંતર જેવી ઘટનાઓ છે. ૫૦ વર્ષના કોંગ્રેસના અધકચરા વિકાસને કારણે આજે ૪૦ ટકા જેટલી વસ્તી સ્થળાંતર થઈને શહેરમાં આવી છે. ગુજરાત અર્બન મિશન અને એના દ્વારા આ શહેરીજનોને સુવિધા આપવાનું પ્રશંસનીય કામ કરવામાં આવ્યું. આપણે સૌ જાણીએ છીએ કે પર્યાવરણ એ વૈશ્વિક સમસ્યા છે. પ્રકૃતિનું દોહન કરીને માનવજાત સામે ખતરો ઉભો થયો છે. આજે global warning situation ઉભી થઈ છે જેની સામે દીર્ઘદૃષ્ટિથી સી.એન.જી. આધારિત એક લાખ વાહનો સાથે ૧ વર્ષમાં ૧૦૦ સ્ટેશનોનો લક્ષ્યાંક આ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. The world is a global village અને ૨૧મી સદીના સ્પર્ધાત્મક યુગની અંદર ટકવા માટે માત્ર શિક્ષણ નહીં પણ qualitative education અનિવાર્ય છે એટલા માટે શાળામાં થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન અને એના દ્વારા ગ્રેડીંગ કરીને ગુણવત્તા સુધારવાનો પ્રયત્ન કર્યો છે. સાક્ષરતા દીપ યોજના હેઠળ ૧૫ લાખ નાગરિકોને સાક્ષર બનાવ્યા. હમણાં હૈદ્રાબાદમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન થયું એમાં જુદા જુદા સામાજિક શૈક્ષણિક અને આર્થિક ઠરાવો થયા પણ મને એવું લાગે છે કે આની અંદર દેશની ચિંતા કરવા કરતાં તો માત્ર • * (XXX) (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : એનો ઉલ્લેખ કરી શકાય નહીં, એ શબ્દો હું રદ કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યુ.પી.એ.ની સરકાર શિક્ષણ સાથે detoxification ના ઓઠા હેઠળ ભયંકર ખેલ ખેલી રહી છે. શાળાઓ અને વિશ્વ વિદ્યાલયોના અભ્યાસક્રમોમાં ભયંકર વિકૃતિઓ પેદા કરી રહી છે અને યુવાનોને ભારતીય રાષ્ટ્રીત્વ અને ઐતિહાસિક વારતાને વિકૃત રીતે તસવીર કરવાનો પ્રયત્ન કર્યો છે. ગુજરાતએ ટુરીઝમ વર્ષ ઉજવે છે અને ગુજરાત Narmada tourism, desert tourism, ગઈકાલે જેમ વારાણસીની અંદર બૉમ્બ ધડાકો થયો અને હવે કેન્દ્રનું નેતૃત્વ riot ટુરીઝમના નામે વારાણસીની ગલીઓમાં ઉતરી પડયું છે. એની જગ્યાએ ગુજરાતે પોતાની પરંપરાગત ઓળખના આધારે ટુરીઝમ વર્ષના માધ્યમથી રોજગારી નિર્માણ કરવાનું કામ કર્યુ છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

---

• * (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો કાર્યવાહીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

વિરામ - બપોરના ૨-૩૦ થી ૩-૧૫

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતા ગૃહમાં જે બજૅટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવાની આપની પાસેથી રજા લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર કોના માટે હોય, કેવા લોકો માટે હોય, સમગ્ર ગુજરાતની ભૌગોલિક પરિસ્થિતિ જોઈને કયા વિસ્તારને કયાં શું જરૂરિયાત છે એનો સંપૂર્ણ અભ્યાસ કરીને સરકાર કંઈક પગલાં લેતી હોય તો ચોક્કસ આ બજૅટમાં હું સંમત થઈ શક્યો હોત. વંચિતોના વિકાસની વાત આ બજૅટમાં મને ક્યાંય દેખાતી નથી. જે ગુજરાતમાં બેરોજગારીનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે એ બેરોજગારીને કારણે કેટલાય યુવાનો ક્યાંકથી બેંકની લોન લેવા માટે જાય છે. બેંકની લોન જ્યારે મળતી નથી ત્યારે એના પરિવારનું ગુજરાન ચલાવવા માટે ક્યાંક ઊંચા વ્યાજના પૈસા યુવાન લે છે. એ ઊંચા વ્યાજના પૈસા એ ભરી શકતો નથી ત્યારે એ પૈસાની ઉઘરાણી માટેના જે બનાવો બની રહ્યા છે. વર્તમાન પત્રોમાં આપણે જોઈ રહ્યા છીએ કે ૫૦ રૂપિયાની લોન માટે ક્યાંક એક દીકરાનું ખૂન કરવામાં આવે, ૫૦ હજાર રૂપિયા વેપારીને આવા માણસે આપ્યા હતા એ સમયસર એણે ન આપ્યા તો એને ત્રણ ત્રણ જગ્યાએ મારીને એનું મૃત્યું કરવામાં આવ્યું. આવા બનાવો આ બેરોજગારીના હિસાબે બની રહ્યા છે. જ્યારે બંધારણ ઘડાયું અને બંધારણ સભામાં ડૉ. બાબા સાહેબ જેવા વંચિતોના એક પ્રતિનિધિ તરીકે અને સમગ્ર ગરીબ જાતિના પ્રતિનિધિ તરીકે એ બંધારણની સભામાં બેઠા હતા ત્યારે એણે એ ચિંતા કરી હતી. કેટલીક વખત અહીં ચિંતા થતી હોય ત્યારે માનનીય સભ્યશ્રીઓ એકબીજાને સૂચક વાત કરતા હોય છે. હું જ્યારે રવિ શંકર મહારાજની વાત કરતો હતો ત્યારે નરોત્તમ કાકાએ કહ્યું કે, જગદીશ, ગુનેગારો કોણ હતા? મારે કહેવું પડ્યું કે મારા સમાજના હતા. ડૉ. દિનેશભાઈ જ્યારે કોઈ એવી વાત કરતા હોય તો કહે કે સમાજની વાત કરે છે. બંધારણમાં લખેલી વાત આવે છે. બાબા સાહેબે બંધારણમાં કલમો ટાંકી એનો અભ્યાસ કરી એ વંચિતોને માટે આ સરકારે જે એની પ્રાથમિક ફરજ બને છે એના તરફીનું કામ કરવાનું આવે છે, માત્ર આશયો યાદ કરાવવાના છે. સમરસતાની વાત છે, સામૂહિક વિકાસની વાત છે. સામૂહિક વિકાસ મને આમાં ક્યાંય દેખાતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી અહીં બેઠા છે ત્યારે આપના થકી મારા બે-ત્રણ સૂચનો મૂકું છું. ૧૯૯૫ પહેલાના પંચાયતના વારિગૃહોના જે બિલો બાકી છે એ બિલોમાં કંઈક એવી રાહત જાહેર કરો એવી વિનંતી કરું છું. એટલા માટે કે ૧૯૯૫ પછી તમામ પાણીના બોર અને વારિગૃહોના બિલ સરકારે લેવાના બંધ કરી દીધાં છે. એ વખતે પણ રજૂઆત થઈ, એ રજૂઆતના હિસાબે પંચાયતના બિલ લેવાનું બંધ કર્યું પણ ૧૯૯૫ પહેલાના બિલો બાકી છે. મુરબ્બી નરોત્તમકાકા બેઠા છે, ક્યાંક પીવાના પાણીના બોર બન્યા છે એનું ઇલેક્ટ્રિકનું એસ્ટિમેટ ૫૦ હજારથી લઈ ત્રણ લાખ રૂપિયા આવે છે અને એ ભરવા માટેની વ્યવસ્થા કરવા જાય છે પણ ૧૯૯૫ પહેલાના બે-ત્રણ લાખના બિલો બાકી હોય તો પંચાયતની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે એ પૈસા ભરી શકાતા નથી. આવા સંજોગોમાં પાણી પુરવઠા વિભાગ અને ઉર્જા વિભાગ વચ્ચે સંકલન કરીને આ બોર ચાલુ થાય એવી વ્યવસ્થા કરવા માનનીય સૌરભભાઈને વિનંતી કરું છું. તાલુકાઓ અને જિલ્લાઓનું વિભાજન થયું. આ કયાંનો ન્યાય? પાંચ કરોડ ગુજરાતીઓના ગુજરાતની પ્રગતિની વાતો કરવાવાળી સરકારને પૂછવા માગું છું કે,
એક તાલુકામાં તમે ૨૦લાખ રૂપિયા આપો છો, બીજા તાલુકામાં એક કરોડ રૂપિયા આપો છો, ત્રીજા તાલુકાને દોઢ કરોડ રૂપિયા આપો છો, કોઈ તાલુકાને ૧૦ લાખ રૂપિયા આપો છો અને આ આવા તાલુકા છે ૮લાખ, ૧૦લાખ, ૫ લાખ કે ૨૦ લાખવાળા એવા તાલુકા છે કે જે તાલુકાઓને સરકારે અતિ પછાત જાહેર કર્યા છે. એના માટે આ ત્રણ-ત્રણ વર્ષથી સરકાર બેઠી છે. આયોજનમાં બૂમો પાડીએ, વિધાનસભામાં બૂમો પાડીએ સમરસતાની વાતો કરવાવાળી આ સરકાર, પાંચ કરોડ ગુજરાતીઓનો વિકાસ કરવાવાળી સરકારને અમારો પ્રશ્ન છે કે તમે તમારા બધા જ મનગમતા નિર્ણયો ૨૪ કલાકમાં લેવડાવવાની આવડત છે તો તાલુકાનો વિકાસ કરવાની આવડત તમને કયાંય નથી દેખાતી? અનિલભાઈ સાહેબ બેઠા છે ત્રણ-ત્રણ વર્ષથી આયોજનમાં એ કહે છે કે, આ વખતે તો જી.એ.ડી. સાથે બેસીને આનો આપણે નિકાલ કરાવીશું. મારે વિનંતી કરવી છે કારણ કે તાલુકાઓની ચિંતાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, કયાંય સરકાર કશું આપતી નથી ત્યારે સાહેબ સવાલ ઊભો થાય છે. આ વખતે જે કેગનો રિપોર્ટ છે એ મહેસૂલી રિપોર્ટ આવ્યો એ પણ ગત વર્ષનો આવ્યો અને વાણિજ્ય અને મુલ્કીનો રિપોર્ટ મુકતા નથી તેના શું કારણો છે? શું આપણે છુપાવવા માગીએ છીએ? કેમ વર્ષો વર્ષ રિપોર્ટ આવવા જોઈએ એ આવતા નથી?

માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીપંચ વિષે મારે થોડીક વાતો કરવી છે. ચૂંટણીપંચ આખું ગુજરાતનું સ્વાયત છે. એ ચૂંટણીના સમય દરમિયાન એણે જે બૂથોની રચના કરવાની હોય એની ફુરસદ છે? ચૂંટણીપંચ પાસે જે બૂથો જુદા પાડવાની વ્યવસ્થા છે એની ચિંતા કરવાની એની પાસે કોઈ તૈયારી છે? જે કામ કરવા જોઈએ, સમય મર્યાદામાં

ચૂંટણી થવી જોઈએ એ નથી થતી એટલે લોકો હાઈકોર્ટમાં જાય છે ત્યારે હાઈકોર્ટ ન્યાય કરે છે અને કોમેન્ટ કરે છે અને ચૂંટણી વિભાગ એમ કહે છે કે અમારી પાસે મતદારયાદી તૈયાર નથી ત્યારે હાઈકોર્ટ, નામદાર વડી અદાલત એમ કહે છે કે તમારી પાસે જૂની જે મતદારયાદી હોય તે મુજબ તમે ચૂંટણી કરો આ પરિસ્થિતિ કયાં જઈને અટકશે?

માનનીનય અધ્યક્ષશ્રી, એક ગરીબ વિધવાનો એકનો એક દીકરો અતિવૃષ્ટિમાં મૃત્યું પામે અને ત્રણ-ત્રણ દિવસ સુધી એ અધિકારી ગામનો સંપર્ક ના કરી શકે, અમારા વિસ્તારમાં અમે પણ સંપર્ક ના કરી શકીએ એવા ગામમાં વરસાદના એક વેળામાં જ્યારે મૃત્યુ થયું હોય ત્યારે એના મામલતદાર, પી.એસ.આઈ. કાગળો કરે અને આ રાજ્ય સરકાર પાસે જ્યારે મોકલવામાં આવે ત્યારે એ કાગળો પાછા આવે છે કે આને મૃત્યુ સહાય મળશે નહિ, અને આ કાગળો કરવાવાળા અધિકારીઓ સામે ખાતાકીય તપાસની વાત કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદરમાં સરસ મજાનું ગાંધી સ્મૃતિ મંદિર ઊભું થાય એના માટેની આ સરકારે વાત કરી છે એના માટે આ સરકારને અભિનંદન આપું છું. સાહેબ, એક ભિખારી કયાંક જતો હતો અને હાથ લાંબો ધરીને ઊભો હતો અને કોઈએ માટી નાખી. એટલે સાહેબ, એ ભિખારી ખડખડાટ હસ્યો અને પેલાએ પૂછ્યું કે મેં તારા હાથમાં માટી નાખી તું હસે છે શું કામ? ત્યારે પેલા ભિખારીએ એમ કહયું કે આ વખતે તમે કાંઈ નાંખવાની શરૂઆત કરી છે. માટી તો માટી પણ માટી નાંખીને પણ તમે દાન કરવાની શરૂઆત કરી છે એવું સાહેબ આ સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વાત એટલા માટે કરવી જોઈએ કે આ સરકાર કર્મચારીઓને કર્મયોગી બનાવવાની વાત, પોલીસ અધિકારીઓને તાલીમ આપવાની વાત ગુજરાતના જેટલા જેટલા મુખ્યમંત્રી બન્યા તેમની પરંપરા રહી છે. આ સરકારી કર્મચારીઓ માટેની વાત કરી છે. જે જે સરકારો આવી એના કોઈ નીતિ-નિયમો આજે હાથ-પગ કહેવાય, સરકારનું જે તંત્ર કહેવાય, ગુજરાતની જે બિલકુલ કરોડરજ્જૂ કહેવાય એવા અધિકારીઓનો જ્યારે જ્યારે પણ આ સરકારે નિર્ણયો લીધો છે પોતાના તંત્રને સાચવવા માટે ત્યારે સાહેબ એને રાહતો આપી છે. ૫૦ ટકા મોંઘવારી ભથ્થું એને કેન્દ્રના ધોરણે કેમ આપવામાં આવતું નથી? કેટલી માગણીઓ કરી, કેટલી નાણાકીય સમિતિઓની મિટિંગો થઈ, કેટલી કમિટીની બેઠકો થઈ? કર્મયોગી બનાવવો છે. કર્મયોગી એ તો કોઈકને લાભ કરાવવા માટેની યોજના છે. સાચી યોજના તો કેન્દ્રના ધોરણે જે કેન્દ્રના કર્મચારીઓ આ ગુજરાતમાં પગાર લઈ રહ્યા છે એને પગાર પૂરતો આપીએ તો વાત થાય. સાહેબ, આ ગૃહમાં આપણે વાતો બહુ કરીએ પણ તેનો અમલ કરવાની પણ કાંઈ ચિંતા કરવી પડશે. પોલીસ પરિવાર જે ચિંતા કરે છે સમગ્ર ગુજરાતની સુરક્ષાની. મુખ્યમંત્રીશ્રીએ પોલીસ સ્ટેશનના ઉદઘાટનમાં કહ્યું કે સંતના બંદોબસ્તમાં પોલીસ જાય છે ત્યારે એને વંદન કરે છે અને રાજકીય નેતાના બંદોબસ્તમાં પોલીસ જાય છે ત્યારે પોલીસ ગાળો બોલે છે આવું કેમ બને છે એની ચિંતા ક્યાંક ને ક્યાંક કરશે એવી મારી વિનંતી છે.

**શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં રાજયના મુખ્યમંત્રીશ્રી ૨૦૦૬-૦૭નું બજેટ લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ બજેટની અંદર ૧૨૫૦૩.૫૦કરોડની જે જોગવાઈ કરી છે એની સાથે ૩૪૧કરોડની રાહતો પણ આપી છે. સમગ્ર ગુજરાતના તમામ વિસ્તારોને ધ્યાનમાં લઈને આગામી દિવસોમાં ગુજરાત વિકાસની દિશામાં આગળ વધે, સમગ્ર ક્ષેત્રે આગળ વધે એ દિશાનું આ રાજયના મુખ્યમંત્રીશ્રી બજેટ લાવ્યા છે. મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આ રાજયનો ઘરગથ્થુ ઉત્પાદન તેમજ માથાદીઠ ઉત્પાદનનો દર ૧૯૯૫ થી આજ દિન સુધી વધતો રહ્યો છે. ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી ૪૭૦૦૦કરોડની જોગવાઈ હતી. ૯મી પંચવર્ષીય યોજનાની અંદર ૨૮૦૦૦કરોડની જોગવાઈ હતી, એના કરતાં ૬૭.૮૬ ટકા વધારે જોગવાઈ કરી હાલનો જે પંચવર્ષીય યોજનાનો દર ૮ પોઈન્ટનો છે એને આગળ વધારીને ૧૦ પોઈન્ટ બે સુધી લઈ જવાની રાજય સરકારની નેમ છે. ગુજરાતના ગામડાંની વાત ભૂતકાળમાં અને આજે પણ સભાગૃહમાં થાય છે. સાચી દિશામાં રાજય સરકારનો વિકાસ કરવા માટે ભા.જ.પા. સરકારે જે વિચાર કર્યો છે, પહેલ કરી છે. ગોકુળ ગ્રામ યોજના, જયોતિ ગ્રામ યોજના, ઈગ્રામ, વિશ્વ ગ્રામ, સમરસ ગ્રામ, તીર્થ ગ્રામ આ તમામ પાસાંને ધ્યાનમાં લઈને સરકારે વિચાર કર્યો છે. વિકાસની સાથે વિકાસની નવી દિશા બતાવવા માટે પૂર્વજોની સૃષ્ટિની ઉત્પત્તિના આદિકાળથી ઋષિમુનિઓના વખતથી તહેવારો હતા. તહેવારોને પણ ઉત્સવ સાથે જોડીને રાજયે વિકાસમાં જોતરવાનો પ્રયત્ન કર્યો છે. અત્યાર સુધી એ વિચાર થયો નહોતો. વિચાર કરવાનો સમય પણ નહોતો પણ આજે સમય આવ્યો છે ત્યારે ગુજરાતને નવી દિશા અને વિકાસની નવી કેડી કંડારવાનો અવસર મળે છે. એને જોવા માટે પણ નવી એક દ્રષ્ટિ જોઈએ છે. ચર્મદ્રષ્ટિથી દેખાય નહીં દિવ્યદ્રષ્ટિ જોઈએ અને રાજયના મુખ્યમંત્રીશ્રીની દિવ્યદ્રષ્ટિના કારણે આ રાજયમાં દુનિયામાં અને દેશમાં પ્રથમ હરોળનું મોખરાનું સ્થાન મેળવવા માટે આગળ વધી રહ્યું છે ત્યારે રાજય સરકારે કૃષિ રથના માધ્યમથી ત્રીજી હરિયાળી ક્રાંતિ તરફ લઈ જવાનો વિચાર મૂકયો છે. કૃષિ રથની શરૂઆત કરી છે એનો દિવસ પસંદ કર્યો છે અખાત્રીજ. આ તહેવાર તો વર્ષોથી હતો પણ ઉત્સવને અવસરમાં ફેરવવાનો પ્રયત્ન કર્યો છે. તે દિવસે સમગ્ર ગુજરાતમાં ૧૮૦૦૦ ગામડાંમાં કૃષિ રથના માધ્યમથી આદિવાસી સમાજ, ગરીબ સમાજ, દલિત સમાજ, અજ્ઞાન સમાજના ખેડૂતોને કૃષિ માટે સાચા અર્થમાં જ્ઞાન મળે એ માટે ૭૫૦ જેટલા વૈજ્ઞાનિકોને

લેબોરેટરીમાંથી બહાર કાઢીને ગામડાંના ખેડૂતોના ખેતર સુધી પહોંચાડવાનું બીડું ઝડપ્યું હોય તો આ રાજય સરકારે આ દેશમાં પ્રથમ વાર કર્યું છે. તે દિવસે ધરતી માતાનું પૂજન થયું, ખેતીના ઓજારોનું પૂજન થયું સાથોસાથ ખેતી કરતા બળદનું પણ પૂજન કર્યું. બીનું પૂજન કર્યુ, સાથે બી નાખનાર સ્ત્રી બાઈ હોય એનું પણ પૂજન કરવાનો આ દુનિયાની અંદર પહેલો દાખલો બતાડ્યો છે. લક્ષ્મીબાઈનું પૂજન ધનતેરસના દિવસે કરીએ. આપણી ધર્મપત્નીનું પણ પૂજન કરીએ આ નવો રાહ, અભિગમ અપનાવ્યો છે, એના માધ્યમથી પૂરતું નથી. કૃષિ રથયાત્રાની અંદર ગામડાની અંદર જે અતિ પછાત, શ્રમજીવી હતા એને આપણા કૃષિ રથ અન્વયે મફત ૨,૭૧,૮૯૫ જેવા શ્રમયોગીઓને મફત કીટ આપી છે. સોઈલ હેલ્થ કાર્ડ ૧૨,૨૮,૦૦૦ જેવા આપ્યા છે. ૧,૫૪,૮૨૦ ક્રેડિટ કાર્ડ પણ આપણે આપ્યા છે. કૃષિ શિબિરની અંદર લગભગ ૨૮ લાખ ઉપરાંતના ખેડૂતોને સાચા અર્થની અંદર કૃષિ માટેની સમજ આપી છે, એની સાથે સાથે વિકાસનાં કામની શરૂઆત થાય, તેવાં ૬૩,૮૩૪ ગામોમાં પણ પાણી રોકવા માટેનું આયોજન કર્યુ છે, એના પરિણામે ગુજરાતની કૃષિની આવક જે ૯,૦૦૦ કરોડની હતી, એને આગળ વધારીને ૨૫,૦૦૦ કરોડ સુધી આપણે લઈ ગયા છીએ. ચાલુ વર્ષે કૃષિ માટે ૨૦૫.૯૧ કરોડની જોગવાઈ કરી છે.

સુજલામ સુફલામ યોજનાની વાત પણ થઈ. હજુ સુધી એને સ્વીકારવા માટે કેટલાક સાથી મિત્રો તૈયાર નથી. સુજલામ સુફલામ યોજનાના માધ્યમથી લગભગ ૧ લાખ ઉપરાંત ચેકડેમો બનાવ્યા. ૧,૬૭,૦૦૦ ખેત તલાવડી બનાવી, ૨૮૦ મોટી નદીઓ રોકી. કુદરતના વહી જતા પાણી ગામના પાણી ગામની અંદર રહે, ધરતીના પેટાળની અંદર ઊતરે એ દિશાની અંદર રાજ્ય સરકારે કામગીરી કરી છે. મારા સાથી મિત્રોને માત્ર એટલું જ કહેવું છે કે આ નદીઓ, આ નાળા, કોતરો, વાંકળા આ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારે હતા કે માત્ર ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી આ નદીઓ નવી ઉત્પન્ન થઈ છે? એને બાંધવાનું, રોકવાનું, ગામડાં માટે નજર ફેરવવાનો વિચાર ન થયો, એના કારણે ગામડાની કૃષિ અને ગામડાનો ખેડૂત બીચારો, બાપડો કહેવાયો, અમે એની ચિંતા કરી. એના માટેનો વિચાર કર્યો. પાણી નથી મળતું, વીજળી નથી મળતી, પાણીના તળ ખૂબ ઊંડા ગયા છે એવી વાતો કરીએ અને માત્ર વાતો કરવાથી જ વંચિતોનો વિકાસ થવાનો નથી. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ જે વિચાર કર્યો છે, એ વિચારના માધ્યમથી આવતીકાલનું ગુજરાત વિકસાવવાની રાહ સાથે વિશ્વના દેશો સાથે એની હરોળમાં આવે અને ગામડાનો ખેડૂત સુખી-સંપન્ન થાય, ગામડાની અંદર રોજગારી ઊભી થાય, શિક્ષણની સુવિધા ઊભી થાય એ દિશામાં રાજ્ય સરકારનો પૂરો પ્રયત્ન છે, એના માટેની જોગવાઈ પણ પૂરી કરવામાં આવી છે. શિક્ષણની બાબતની અંદર પણ અગાઉ ચર્ચા પણ થઈ, પણ સાચા અર્થમાં પાયાના શિક્ષણની જરૂરિયાત અમારા આદિવાસી, દાહોદ જિલ્લાની અંદર પાયાનું શિક્ષણ ન મળવાના કારણે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રચવન પૂરું થાય છે.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે બજેટ રજૂ કર્યુ છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિકાસની હરણફાળ ભરવાની વાત કરી છે, પણ મારે કહેવું છે કે હરણફાળ ભરવાની વાત કરી છે. પગ પાછા પડીને ગાંધીનગર અને અમદાવાદ સુધી સીમિત રહે છે, એ એટલા માટે કહું છું કે ગુજરાતના જુદા જુદા પછાત વિસ્તારોને ધ્યાનમાં રાખીને બજેટ બનાવવામાં આવ્યું હોત, એ વિસ્તારની ચિંતા કરવામાં આવી હોત તો હું ચોક્કસ સમર્થન આપત. બજેટ લાવીને દેવું ભલે કરો ૧૦,૬૩૬ કરોડનું દેવું ભલે કરો, પણ પછાત વિસ્તારોનું, આદિવાસી વિસ્તારોનું ધ્યાન રાખવામાં આવ્યું હોત તો આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વખતે જે બજેટ રજૂ કર્યુ હતું ત્યારે નાણામંત્રી માનનીય વજુભાઈ હતા. તેમણે જ્યારે બજેટ રજૂ કર્યુ ત્યારે કહ્યું હતું કે ગુજરાતના આદિવાસી વિકાસ વિભાગના બજેટ માટે ૧૩૮૭ કરોડ રજૂ કરું છું અને ગુજરાત પેટર્ન માટે ૪૧૪ કરોડ રજૂ કરું છું. આજે સાહેબ તે પૈસા વપરાયા નથી. ગુજરાત પેટર્નમાં જે ૪૧૪ કરોડ હતા તેમાંથી આ વર્ષે ૨૬૨ કરોડ સુધી આવી ગયા છે એટલે સાહેબ તેમાં ૧૫૧ કરોડ ઓછા ફાળવ્યા છે. અમારી તો સાહેબ મુશ્કેલી એ છે કે અમારા વિભાગના જે મંત્રી છે, ટ્રાયબલ વિભાગના જે મંત્રી છે તે મંત્રીશ્રીના હવાલે ગુજરાત પેટર્ન સિવાય કંઈ બજેટ જ હોતું નથી. તેમના બીજા જુદા જુદા વિભાગોની વાત કરવાની હોય તો બીજા વિભાગોને જાણ કરવી પડે છે કે અમારા વિભાગનું શું થયું? મોનિટરીંગની કોઈ વ્યવસ્થા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દસમી પંચવર્ષીય યોજનાની અંદર ૪૭ હજાર કરોડ રૂપિયાનું ટોટલ આયોજન હતું તેમાંથી ગયા વર્ષે ૧૧ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા હતા. આ વખતે ૧૨૫૦૩ કરોડ ફાળવ્યા છે. ટોટલ પૈસા વાપરે તો પણ તેઓ ૪૭ હજાર કરોડ રૂપિયા વાપરી શકવાના નથી. ટોટલ વિકાસ કાર્યક્રમની જોગવાઈ પ્રમાણે ટ્રાયબલ વિસ્તાર માટે ૧૭.૫૭ ટકા બજેટ ફાળવવાનું હોય છે, તેમાં અત્યારે સાહેબ જે બજેટ ફાળવ્યું છે તે સાહેબ ફક્ત ૪ ટકા જ ફાળવ્યું છે. આ એક મશ્કરી સમાન છે. ૧૫૯૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. મારી તો નાણામંત્રીશ્રીને વિનંતી છે કે આદિવાસીઓની વસ્તીને ધ્યાનમાં રાખીને થોડુંક વધારે બજેટ ફાળવો તો વિકાસ થાય. આદિવાસી વિસ્તારોની મૂળભૂત જરૂરિયાતો તેમની માગણીઓ પ્રમાણેનું આયોજન કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા નીચે એક મિટીંગ રાખવામાં આવી હતી. તેના માટે પછી એક એક્ઝિકયુટિવ કમિટીની રચના કરવામાં આવી હતી. આજે સાહેબ આઠ વર્ષ થયા છે અને માનનીય નાણામંત્રીશ્રી તેના અધ્યક્ષ છે કે જેથી આદિવાસી વિસ્તારોમાં જુદા જુદા વિભાગોના હવાલે કેટલું કેટલું બજેટ કારણકે સાહેબ તેની ભૌગોલિક પરિસ્થિતિ

જોવી પડે છે. રસ્તાઓ માટે કેટલું બજેટ જોઈએ, પાણી માટે કેટલું બજેટ જોઈએ તેના માટેની કમિટિ હોય છે તે છેલ્લે સાહેબ ૧૪-૧૨-૯૮ના રોજ મળી હતી તે પછી એકપણ વખત કમિટિ મળી નથી. એટલે તેના લીધે અમારી શી જરૂરિયાત છે, કયા વિસ્તારો માટે કેટલું બજેટ ફાળવવું તેવું કોઈ આયોજન થતું નથી.

મારા સાથી મિત્ર માનનીય જીતુભાઈ વાત કરતા હતા ધર્મ પરિવર્તનની. આજે સાહેબ આદિવાસીઓ માટે તેમને લાગણી થઈ. આ તો સાહેબ મલમ લગાડવાની વાત છે તે બંધ કરો. અમારે આ વર્ણ વ્યવસ્થામાં નથી પડવું. અમારે જાગવું છે. અમારે તો શિક્ષણ જોઈએ છે. અમારા બાળકોને ભણાવવા છે. તેના માટે કંઈક બજેટની જોગવાઈ કરો. આજે સાહેબ પ્રશ્નોત્તરી વખતે આપને ખબર હશે કે મોટાભાગના વિધાર્થીઓ સાયન્સ પ્રવાહમાં જતા નથી. આદિવાસી વિસ્તારમાં તો ખાસ જતા નથી. છેલ્લા બે-ત્રણ વર્ષમાં જે પરિણામ આવ્યા છે તે ખરાબ આવ્યા છે. દસમા અને બારમામાં અમારા વિસ્તારમાં તો ઝીરો પરિણામ આવે છે, તે એક ચિંતાનો વિષય છે. આજે તે પાયાની જરૂરિયાત છે. તેમની જરૂરિયાતો સાહેબ પહેલા ધોરણમાં બાળક ભણે છે તેમાં એક ધોરણ એક શિક્ષક રાખો. ૨૧મી સદીમાં જવા માટે આજે ગામડાઓમાં પરિસ્થિતિ જુદી છે. આજે એક ધોરણમાં ૨-૩ ધોરણના છોકરાં ભરે છે. તેના લીધે તે છોકરાં ભણી શકતાં નથી. તેને શિક્ષણ મળતો નથી. આની સાહેબ જરૂરિયાત છે. આજે સાહેબ ડોનેશન પ્રથા એટલી બધી ખરાબ થઈ ગઈ છે કે જે પૈસા વધારે આપે તેને શિક્ષક તરીકે રાખે છે. આજે સાહેબ શિક્ષણ કથળતું જાય છે. અગાઉની સરકારોમાં, કોંગ્રેસની સરકારમાં જે સરકારી શાળાઓ હતી તે શાળાઓ પ્રાઈવેટ સંસ્થાઓને આજે આપી દીધી છે. આજે તેની જમીન હતી, તેના મકાનો હતા તેનું શું? તેના સાધનોનું શું? કોઈ હિસાબ આ સરકાર પાસે નથી. સરકારમાં પૈસા જમા કરાવ્યા છે કે નહીં તેની ખબર નથી. સાથે સાથે આરોગ્યની સંસ્થાઓનું પણ આમ જ કર્યુ. પીએચસી અને સીએચસી જે ગામમાં હતા તે પ્રાઈવેટ સંસ્થાઓને આપી દીધા. તો મારે જાણવું છે કે જે પ્રકારની જરૂરિયાતો છે, પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત છે, આરોગ્યની સુવિદ્યા આ બધું આપવાનું આ સરકારે માંડી વાળ્યું છે. શિક્ષણનું આજે વ્યાપારીકરણ થઈ ગયું છે. આજે ગામડામાં બાળક ભણી શકતો નથી. આજે પીટીસીમાં દાખલ થવું હોય તો ત્રણ લાખ રૂપિયા ભરવા પડે છે, બી.એડમાં દાખલ થવું હોય તો બે લાખ ભરવા પડે છે. કયા આદિવાસી બાળક સાહેબ ભણી શકવાનો છે? આદિવાસીઓને પછાત રાખવાનું વ્યવસ્થિત આયોજન હોય તેવું દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એમ કહેવું છે કે, જિલ્લા લેવલે શિક્ષકોની ભરતી માટે એક બોર્ડ હોવું જોઈએ જેથી કરીને ગુણવત્તાયુકત શિક્ષકો ભરી શકાય. ગઈ કાલે એક માનનીય સભ્યશ્રી વાત કરતા હતા કે કોંગ્રેસની સરકારોએ ટૂંકાગાળાનું આયોજન કર્યુ, જ્યારે અમે લાંબાગાળાનું આયોજન કરીએ છીએ. અત્યારે એ માનનીય સભ્યશ્રી ગૃહમાં હાજર નથી પણ મારે એમને કહેવું છે કે, કોંગ્રેસની સરકારોએ ગુજરાતમાં આ બધા ડૅમો બનાવ્યા છે, તમારી સરકારે એક પણ ડૅમ બનાવ્યો હોય તો બતાવો. આપની સરકારોએ તો ચેકડેમો બનાવ્યા છે, અને એ ચેકડેમો તૂટીને આજે અમારા ડૅમોમાં જતા રહ્યા છે એ ચેકડેમોની આજે શું સ્થિતિ છે એ આપણે જાણીએ છીએ અને એટલે મારી વિનંતી છે કે, આ પાઈપ લાઈન નાખવાનું તમને ત્યારે યાદ આવ્યું કે અમે જ્યારે આ ચેકડેમો બનાવ્યા હતા એટલે તમને આ પાઈપ લાઈન બનાવવાનો મોકો મળ્યો છે, નહીં તો એ પણ તમે નહીં કરી શક્યા હોત પણ મારી વિનંતી છે કે, ઉત્તર ગુજરાતમાં, ખાલી મહેસાણાનો ખ્યાલ નહીં રાખો આ તળાવો ઊંડા કરવા માટે મહેસાણાને ધ્યાને નહીં રાખો, તમે સ્પ્રેડિંગ કેનાલો અને તેમાં ચેકડેમો બનાવો છો એમાં પણ ફક્તને ફક્ત અમુક વિસ્તારને સીમિત રાખો છો ત્યારે મારી વિનંતી છે કે, અમારા વિસ્તારમાં, આદિવાસી વિસ્તારોમાં પાણી નથી તો અમારા ત્યાં તળાવો તો ભરો. લિફ્ટ ઈરીગેશન કરીને પાણી ભરો તો જ આદિવાસી વિસ્તારને પાણી મળી શકે. સરદાર સરોવરમાંથી જે પાણી મળવાનું છે અત્યારે તમે ૧૮૮૩૧ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. સુજલામ સુફલામ યોજનામાં ૬૨૩૭ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો છે આટલું મોટું આયોજન કરવાના છો ત્યારે ફક્ત અત્યારે તો જે પાઈપ લાઈન નાખી છે. સરદાર સરોવરની એ દશ હજાર કિલોમીટરની, એનાથી ૧.૦૧ લાખ હેકટરને જ પાણી મળે છે. બીજો વિસ્તાર એમને એમ છે, અને કોણ જાણે કેટલા રૂપિયાનો ખર્ચ થશે ત્યારે અમારા ખેતર સુધી પાણી આવશે. આટલો મોટો ખર્ચ કરવાના છો તો અમારા વિસ્તારનો પણ ખ્યાલ રાખો અને એના માટે ચોક્કસ કોઈક આયોજન થાય અને ખાસ કરીને આ જે સ્પ્રેડિંગ કેનાલોની આજુબાજુ ચેકડેમો બનાવવાના છો તો એ પણ અમારા વિસ્તારમાં આવે એવું જો આપ કરશો તો ચોક્કસ મને લાગે છે કે અમારા વિસ્તારનો વિકાસ થશે. (સમયસૂચક ઘંટડી)

**શ્રી શીવાભાઈ જે. ગોહિલ (તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય નેતાશ્રી અને મુખ્ય મંત્રીશ્રી સને ૨૦૦૬-૨૦૦૭નું અંદાજપત્ર લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયનું બજૅટ, જ્યાં જ્યાં અગાઉના બજેટોમાં અને અગાઉના વર્ષોમાં જે કોઈ સરકારો હતી એ સરકારોમાં જે જે વિસ્તારોના વિકાસમાં, સામાજિક ઉત્થાનના વિકાસમાં અને સામાજિક ઉત્થાનના વિકાસમાં જ્યાં જ્યાં ઊણપો રહી છે એ ધ્યાને રાખીને આ બજૅટમાં સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે એટલે સને ૨૦૦૬-૨૦૦૭ના બજૅટમાં ખાસ કરીને જે વિકાસથી વંચિત વિસ્તારો હતા જેનો વધારે વિકાસ, અને ખાસ કરીને આ રાજયના જે આદિવાસી જિલ્લાઓ, ટ્રાયબલ એરિયા છે

એમના વિકાસની ખાસ જરૂરિયાત હતી. રાજયના સર્વાંગી વિકાસ માટે અને ઉત્થાન માટે, રાજયની સમૃદ્ધિ માટે જે જે પાસાઓની જરૂરિયાત હતી એ પાસાઓને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ બજેટ લઈને આવ્યા છે એ માટે આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

સાથે સાથે જે અવિકસિત વિસ્તારો છે, જ્યાં જ્યાં શિક્ષણનો વ્યાપ સાવ ઓછો હતો, ત્યાં શિક્ષણનો વ્યાપ વધે, ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારમાં અને સૌરાષ્ટ્રનો અમુક ભાગ ત્યાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધારવા માટે અગાઉની સરકારોએ ખૂબ જ જોરશોરથી જાહેરાતો કરી કે શિક્ષણ ઉપર ભાર દેવો જોઈએ, પ્રાથમિક શિક્ષણ સુધારવું જોઈએ પણ ૧૯૯૫ની અંદર ગુજરાતમાં ભાજપની સરકાર સત્તા ઉપર આવી ત્યારે પ્રાથમિક શિક્ષણની સ્થિતિ ગામડાંઓમાં કેવી હતી એ સ્થિતિનું વર્ણન નહીં કરતાં, ખૂબ જ હાલત ગંભીર હતી, પ્રાથમિક શિક્ષણનું સ્તર એકદમ તળિયે પહોંચ્યું હતું, સાતમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીને સો સુધીના આંક લખતાં કે વાંચતાં ન આવડે એવી વિદ્યાર્થીની સ્થિતિ હતી, આ શિક્ષણની સ્થિતિ સુધારવા માટે આમેય ખાસ કરીને ૧૯૯૮થી આ માનનીય શિક્ષણ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે જ્યારથી આ શિક્ષણ વિભાગનો હવાલો સંભાળ્યો ત્યારથી પ્રાથમિક શિક્ષણમાં ધરમૂળથી ફેરફારો લાવીને, ગામડાંમાં જ્યાં જયાં જાગૃતિ લાવવાની જરૂરિયાત હતી ત્યાં જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો યોજીને આ રાજયના મંત્રી મંડળના તમામ માનનીય મંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીઓ, સચિવશ્રીઓ અને માનનીય ધારાસભ્યશ્રીઓ સાથે રહીને સાથે રહીને ગામડાંમાં પ્રવેશ ઉત્સવ, પાંચ વર્ષ પૂરા કરતા હોય એવા દરેક બાળકને પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અપાવવું એ આ દેશના અને આ રાજયના કાયદાની અંદર જોગવાઈ છે. વાલીઓની પણ એ નૈતિક જવાબદારી છે કે, પોતાના સંતાનને પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અપાવવું જોઈએ આ સમજાવવા માટે ગામડાંમાં પ્રવેશ ઉત્સવના રૂપમાં એક જન આંદોલન કર્યું અને એને ખૂબ જ લોકોએ આવકાર આપ્યો છે. બાળકને પણ આ પ્રવેશ ઉત્સવમાં બળદ ગાડા શણગારી એમાં બાળકને બેસાડીને ઢોલ-નગારા અને શરણાઈઓ સાથે સમગ્ર ગામના વાલીઓ અને જનતા સાથે આવીને નિશાળ સુધી પ્રવેશ અપાવવા માટે જાય ત્યારે જીવનની અંદર બાળકને માટે પણ એ એક યાદગાર દિવસ બની રહે કે જ્યારે અમે પ્રાથમિક શિક્ષણમાં પ્રવેશ મેળવ્યો ત્યારે ગામમાં એક ઉત્સવ થયો હતો. આ રીતે ઉત્સવના રૂપમાં આપણે વેકેશન ખુલતાંની સાથે સમગ્ર રાજયમાં જે આ પ્રયોગ કર્યો છે એ ખૂબ જ સફળ થયો છે અને પ્રાથમિક શિક્ષણની લોક-જાગૃતિ આવી છે અને ખૂબ જ સારું પરિણામ મેળવ્યું છે. એવી જ રીતે શિક્ષણનો વ્યાપ વધારવા માટે અસંખ્ય પગલાંઓ રાજય સરકારે લીધા છે. આ બજેટમાં તમામ ક્ષેત્રોનું વિગતવાર આયોજન કરવામાં આવ્યું છે અને તમામ સદરે પૂરતા પ્રમાણમાં નાણાંની જોગવાઈ પણ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણની અંદર આ રાજયમાં પ્રાથમિક શાળાના ઓરડાની ખૂબ જ તંગી હતી ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં ૫૦ થી ૫૫ હજાર જેટલા નવા ઓરડાઓ બનાવ્યા છે અને ચાલુ વર્ષે ૬ હજાર નવા ઓરડાઓ બાંધવા માટે ૧૧૭ કરોડનું પ્રાથમિક શિક્ષણના ઓરડાઓ માટેનું આયોજન પણ આ બજેટમાં કરવામાં આવ્યું છે. આગામી વર્ષે પણ આ સિલસિલો ચાલુ રાખવાની વાત કરી માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ આ ગૃહને આજે જ વાકેફ કરેલ છે કે દર વર્ષે ૬-૬ હજાર નવા ઓરડાઓ પ્રાથમિક શિક્ષણમાં રાજયમાં જ્યાં જ્યાં જરૂરત હશે ત્યાં બાંધવામાં આવશે. એજ રીતે માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષકોની પણ ખૂબ જ ઘટ હતી. છેલ્લા ઘણાં વર્ષોથી અગાઉની સરકારોએ પ્રાથમિક શિક્ષણની અંદર ભરતી માટે બાન મૂકયો હતો. એકથી સાત ધોરણમાં પ્રાથમિક શિક્ષણમાં બે-બે શિક્ષકો સાત સાત ધોરણ સાથે ચલાવતા હતા. શિક્ષકોનો આટલો અભાવ હતો. શિક્ષણનું સ્તર કથળવાનું મુખ્ય કારણ આ શિક્ષકોનો અભાવ જ હતો. પૂરતા પ્રમાણમાં શિક્ષકો જોઈએ તો જ એ સારી રીતે શિક્ષણ આપી શકે, એટલા માટે આ રાજય સરકારે બાન ઉઠાવીને વિદ્યા-સહાયકોના રૂપમાં આપણી આર્થિક સ્થિતિ શિક્ષણ વિભાગની સારી ન હોવા છતાં પણ આપણે ફિકસ પગારે વિદ્યા-સહાયકોના રૂપમાં લગભગ આ રાજયમાં ૭૦ હજાર થી પણ વધારે વિદ્યા-સહાયકોની ભરતી કરી છે. પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધારવાનું ખૂબ ઊંચામાં ઊંચું અને ઉમદા પગલું પ્રાથમિક જીવનને ઊંચું લાવવાનું જે ભર્યું છે એ માટે આ રાજયના શિક્ષણ વિભાગ અને માનનીય શિક્ષણ મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત કરું તો આ ગૃહમાં છેલ્લા કેટલાય દિવસથી સામાન્ય ચર્ચામાં એક જ અવાજ આવે છે કે, ટ્રાયબલ વિસ્તારને અન્યાય થાય છે. આ રાજયની સૌથી મોટી વસતિ ઓ.બી.સી.અને બક્ષીપંચની છે. બક્ષીપંચમાં આવરી લેવાયેલી ૧૩૭ જ્ઞાતિઓનો મોટો સમૂહ છે જે કુલ રાજયની વસતિના ૫૨ ટકા જેટલો થવા જાય છે. એમના માટે, ટ્રાયબલ વિસ્તાર માટે છેલ્લા પાંચ વર્ષમાં તમામ બજેટના આંકડા મેં જોયા છે એમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. ૨૦૦૦-૨૦૦૧ થી ૨૦૦૬-૨૦૦૭ સુધીના બજેટમાં ૧૧૦ ટકાનો વધારો ટ્રાયબલ વિસ્તારના વિકાસ માટે કરવામાં આવ્યો છે. ઓ.બી.સી., અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન-જાતિના વિકાસ માટે પણ આ રાજયમાં નિગમો દ્વારા પણ રોજગારીની તકો ઊભી થાય અને લોકો સ્વાવલંબી બને એ માટે પણ યોજનાઓ અમલમાં છે. દરેક નિગમ માટે પણ પૂરતી આર્થિક વ્યવસ્થા આ બજેટમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઓ.બી.સી. હેઠે સમાજ કલ્યાણ વિભાગમાં ગયા વર્ષે ૧૨૨ કરોડના બજેટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે ચાલુ બજેટમાં સૌથી મોટા વસતિના સમૂહને ધ્યાનમાં રાખીને ૧૯૦ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે, એ અભિનંદનને પાત્ર છે. સમગ્ર રાજયમાં ઓ.બી.સી.ના ભાઈ-બહેનો સ્વાવલંબી

બને, પોતાનો રોજગાર ધંધો કરી શકે અને દરિયા કિનારના વિસ્તારમાં વસતા ઓ.બી.સી.ની મોટી જન સંખ્યા વધારેમાં વધારે લાભ લે એ માટે બજેટમાં પૂરતી જોગવાઈ કરવામાં આવી છે, એ બદલ પણ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં તમામ ક્ષેત્રે કૃષિ ઉત્પાદન વધે એના માટે ખેતીવાડી ખાતા દ્વારા અસંખ્ય પગલાંઓ લેવામાં આવ્યા છે અને સાથે સાથે આ બજેટમાં પણ કૃષિના વિકાસ માટે પૂરતા પ્રમાણમાં બજેટનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં નાની મોટી રોજગારી ઊભી થાય અને ગામડાંમાં ઉત્પાદન વધે અને યુવાનો સ્વાવલંબી થઈ શકે એ માટે પાયાની સગવડ ઊભી કરવા માટે જ્યોતિ ગ્રામ યોજના જેવી યોજનાઓ પણ બનાવવામાં આવી છે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી અને મુખ્યમંત્રીશ્રી જે ૨૦૦૬-૦૭નું બજેટ લઈને આવ્યા છે તેમાં મારા કેટલાક વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થઈ છું. રાજયનું કુલ મહેસૂલી ખર્ચ રૂપિયા ૨૬૭૨૮ કરોડ ૨૪ લાખ, ૮૫ હજારનું છે, એમાંથી સામાજિક સેવાઓના વિકાસ માટે ૩૧.૯૬ ટકા રકમ ખર્ચવાની છે. મહેસૂલી આવકમાંથી ૪૫.૩૫ ટકા રકમ ખર્ચાશે, બાકીની કર આવક, વ્યાજ ચૂકવણી માટે ખર્ચાવાની છે. રાજયની ૧૪.૭૬ ટકા જેટલી આદિવાસીઓની વસતિ માટે માત્ર ૪.૨ ટકા જ રકમ ફાળવવામાં આવી છે. આટલી રકમમાં વિકાસ અને કલ્યાણકારી કામો કરવાના છે. એકંદરે જોતાં આ બજેટ મારી દૃષ્ટિએ સમ દૃષ્ટિ અને સમતોલ નથી. ચીલાચાલુ દર વરસે આવે છે એવું જ બજેટ આ વખતે પણ આવેલ છે. એમાં કોઈ નવી વાત જોવા મળતી નથી. મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૬-૦૭ ના અંદાજપત્રમાં ભાવિ આયોજન અને સંકલ્પનાઓનો એક આલેખ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો છે આવી વાત કરી છે. સાથે સાથે ગુજરાતનો વિકાસ એકવીસમી સદીમાં સમૃદ્ધિનો પાયો રચનારું છે એમ પણ કહ્યું છે એના માટે વાર્ષિક યોજનાનું કદ ૧૨૫૦૩.૫૦ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવેલ છે.

આજે વિશ્વમાં મહિલા દિન ઉજવાઈ રહ્યો છે. મહિલાઓ માટેનો આજે કાર્યક્રમ છે આપણા મંત્રીશ્રી આનંદીબેન અને અમારા આગેવાન ડો. ચંદ્રિકાબેન કાર્યક્રમો કરવા માટે ગયા છે. ત્યારે સમગ્ર મહિલાઓને હું અભિનંદન આપું છું અને મહિલાઓ માટે ઘણી યોજનાઓ દાખલ થાય અને મહિલાઓને આગળ વધારવા માટે પ્રયત્ન થાય એવા કંઈક કામો થાય એવી હું અપેક્ષા રાખું છું ત્યારે આપણે ત્યાં નિરાધાર, વિધવા પેન્શન માટે ૫૯.૪૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે પણ મારે કહેવું છે કે બહેનોને આ પેન્શન લેવા જવા માટે મામલતદાર ઑફિસ અને કલેક્ટર કચેરીમાં એક ફોર્મ ભર્યા પછી કેટલા બધા ધક્કા ખાધા પછી પણ કેટલીક બહેનોને પેન્શન મળતું નથી અને મળે છે તો સમયસર મળતું નથી આ બહેનોને અરજી કર્યા પછી પંદર દિવસમાં એનો જવાબ મળી જવો જોઈએ એવી જોગવાઈ કરવી જોઈએ, જરૂર પડે તો કાયદાની જોગવાઈમાં પણ સુધારો કરીને આ બહેનોને વહેલામાં વહેલી તકે પેન્શન મળે એવી જોગવાઈ કરવી જોઈએ. મહિલા ત્યક્તાનું પેન્શન બંધ કરવામાં આવ્યું છે તે પણ ચાલુ કરવું જોઈએ. આજે ગરીબ, આદિવાસી બહેનો પોતાના બે-ત્રણ બાળકો સાથે વિધવા થતી હોય અને દ ણીવાર છૂટાછેડા પણ લેતી હોય છે ત્યારે એને ભરણપોષણ કરવાની ખૂબજ તકલીફ પડતી હોય છે. બે વર્ષમાં બંધ કરી દે અને એના બાળકોને ભણાવવા જાય કે મજૂરી કરવા જાય કે એનું પોતાનું ગુજરાન ચલાવવા જાય ત્યારે એને આનંદીબેને એવી યોજના દાખલ કરેલી છે કે, આ બે વર્ષ પછી ત્રણ હજાર રૂપિયા આપી દેવાના એટલે એ સ્વયં પોતે કમાતી થાય, પણ એવું શકય જ નથી. જે બહેનોને બે - ત્રણ બાળકો છે અને મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવવાનું છે ત્યારે એ કઈ રીતે ધંધો શીખીને પોતાનું ગુજરાન ચલાવી શકે ત્યારે મહિલા, ત્યકતાઓનું પેન્શન જે બંધ કરવામાં આવ્યું છે એને ફરીથી ચાલુ કરવું જોઈએ.

નર્મદા યોજના માટે ૨૬૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવી છે. સુજલામ્-સુફલામ્ યોજના માટે ૧૬૧૯.૭૧ કરોડ રૂપિયાની રકમની ફાળવણી કરેલ છે પરંતુ કોંગ્રેસની સરકારમાં લાંબા ગાળાનું આયોજન કરીને કાકરાપાર અને ઉકાઈ ડેમની જે કેનાલ છે એના મારફતે ખેડૂતોને પાણી મળે છે એ કેનાલો હવે સાફ કરવાની જરૂર છે. એની શાખાઓ, પ્રશાખાઓ જે પૂરાઈ ગઈ છે એને ફરીથી ચાલુ કરવા માટે અને ખેડૂતોને પાણી આપવા માટે આ સરકારે કોઈ આયોજન કર્યુ છે ખરું? ગઈકાલે પણ મારો પ્રશ્ન હતો. ખેર ગામની આવી યોજના છે, વાવની આવી યોજના છે આખા રાજયમાં ઘણી બધી પ્રશાખાઓ છે, અમારા દક્ષિણમાં પણ છે તો આ શાખાઓ જે પૂરાઈ ગઈ છે એને ફરીથી ચાલુ કરીને ખેડૂતોને પાણી આપવાથી ઘણા બધા ખેડૂતોને એનો લાભ થવાનો છે ત્યારે આવા નાના, ગરીબ, આદિવાસી ખેડૂતોને આર્થિક ફાયદો થાય અને કંઈક પાક પકવે એના માટે આ શાખાઓ, પ્રશાખાઓ પણ તૈયાર કરવાની જરૂર છે એટલે એના માટે પણ પૈસાની ફાળવણી કરવી જોઈએ. લોકભાગીદારીવાળા ચેકડેમ જે આપે બનાવ્યા છે દરવાજા વગરના. અમારા વિસ્તારમાં તો સો ઈંચ કરતાં પણ વધારે વરસાદ પડે છે ત્યારે આ દરવાજા વિનાના ચેક ડેમ અમારે ત્યાં બિલકુલ અનુકૂળ નથી. આ યોજના બંધ કરવી જોઈએ. આમાં એકલો ભ્રષ્ટાચાર થાય છે. તેની સાથે બોરી બંધ એક વરસાદ પડે એટલે તે ગુણમાં રેતી ભરીને ગોઠવેલો બોરીબંધ ધોવાઈ જાય. બે દિવસ પછી પાછો પુષ્કળ વરસાદ પડે એટલે તે ગોઠવેલી બોરીબંધ ત્યાં રહેતી નથી. એટલે ખરેખર તેમાં પૈસાનો બગાડ થાય છે અને તેમાં પુષ્કળ ભ્રષ્ટાચાર પણ થયો છે ત્યારે આ યોજના છે તેને બંધ કરવી જોઈએ. તેના તે જે પૈસા છે તે આપણે કાંકરાપાર, ઉકાઈ જેવી મોટી નહેરો છે તે નહેરોમાં ત્યાં

પૈસાની જરૂર છે ત્યાં તે પૈસા ફાળવીને આ કામો કરીને ખેડૂતોને પાણી મળે એવા પ્રયત્નો કરવા જોઈએ. ગ્રામ વિકાસની વાત કરું તો ૫૧૯.૯૧ કરોડ રૂપિયા (સમય સૂચક ઘંટડી) સાહેબ, મને બે મિનિટ આપજો આજે કોઈ બોલવાવાળા છે નહીં. આ ગ્રામ વિકાસમાં ગ્રામ વિકાસ એજન્સીઓ મારફત જે કામ કરવામાં આવે છે તેની ઉપર કોઈ અંકુશ નથી. બી.પી.એલ.લાભાર્થીઓના જે મજૂરો છે તે મજૂરોને રોજી આપવા માટેનો આ કાર્યક્રમ છે. આ કામો ડિપાર્ટમેન્ટ દ્વારા થાય છે. ૪૦ ટકા પણ કામ સારા થતાં નથી. આપ તપાસો સાહેબ, એન્જીનીયર, એસ.ઓ આપના આઠ-આઠ, દશ-દશ વર્ષથી એક જ જગ્યાએ કામ કરીને, તેના ઘરે તપાસો. ગાડી, બંગલા અને જમીન ખરીદીને આજે માલેતુજાર થયા છે ત્યારે આવા લોકોને બી.પી.એલ.નો લાભ આપવો જોઈએ તેને બદલે ખાતામાં તમારા માણસો આ રીતે કામ કરી રહ્યાં છે. તપાસો સાહેબ. તાલુકાઓમાં અને જિલ્લાઓમાં જાવ. તમારા એન્જીનીયરો, એસ.ઓ. દશ-દશ વર્ષથી કામ કરી રહેલાં છે તેને તપાસો તો તમને ભ્રષ્ટાચાર ખબર પડશે. તેની સાથે કૃષિક્ષેત્રે આપણે ખૂબ મહોત્સવો ઉજવ્યાં છે. રકમ પણ આપણે ૨૦૫.૯૧ જેવી ફાળવી છે પણ તેમાં આદિવાસી ખેડૂતો માટે ૧૬.૧૩ ટકા અને હરિજન આદિવાસી માટે ૮.૧૫ ટકાની રકમ ફાળવેલ છે. જુદી જુદી યોજનાઓ લાવ્યા છો, મહોત્સવો ઉજવો છો પણ ગામડાંના ખેડૂતોની, હું એક મહત્ત્વની વાત કરવા માગું છું કે, ગામડાંનો ખેડૂત છે તેની જમીન બચાવવા માટે આપે કંઈ કર્યુ છે ? તેની જમીન ખેડૂત પાસે રહે તેને માટે આપે કંઈ કર્યુ છે ? આપે કંઈ કર્યુ નથી. માનનીય અમારા પૂર્વ મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરી હતા તેમણે આઠ કિલોમીટરનો કાયદો બનાવીને ખેડૂતોની જમીન રક્ષિત રહે તેને માટે તેમણે મહેનત કરી હતી. આજે તમે મારા ગામડામાં જાવ તો દરેક ખેડૂત પોતાની લાચારીના લીધે, પોતાની પાસે પૈસા નથી, ગરીબ છે એટલે એ જમીન વેચવા માટે ફરે છે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનું બજેટ આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપુ છું અને તે અંગે મારા વિચાર વ્યક્ત કરું છું. ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર છેલ્લા અગિયાર વર્ષથી શાસનમાં આવી છે. આ પહેલાં મોટાભાગે કોંગ્રેસનું શાસન હતું. ભારતીય જનતા પાર્ટીના શાસનકર્તાઓએ જે અગિયાર વર્ષના બજેટ ગુજરાતની પ્રગતિ માટે આપ્યા છે તેને ઉત્તરોત્તર ચડતાં ક્રમમાં ગોઠવી શકાય તે સ્થિતિમાં આપ્યાં છે. ગુજરાતની અપેક્ષા અને આકાંક્ષા સંતોષતું આ વર્ષનું બજેટ રજૂ કર્યુ છે. રાજયની પ્રગતિનો મુખ્ય આધાર જો કોઈ હોય તો મુખ્ય ત્રણ બાબતો પર છે અને તે છે રસ્તા, પાણી અને વીજળી, સ્વભાવિક છે કે ઉદ્યોગોને જો આકર્ષવા હોય તો રસ્તા અને વીજળી મુખ્ય તેમની જરૂરિયાત છે. રાજય સરકાર કરોડિયાની જાળની જેમ આખાય ગુજરાતની અંદર રસ્તાઓને ગુંથીને ફોરટ્રેકના રસ્તા બનાવ્યા છે અને તેને કારણે ઉદ્યોગો ગુજરાતની અંદર પોતાનો વિકાસ કરવા માટે ગ્લોબલ્સ મીટની અંદર પોતાનું મૂડી રોકાણ કરવા માટે ખૂબ જ આકર્ષણ છે.આ વર્ષે પણ રાજયના બજેટની અંદર ગ્લોબલ મીટનું આયોજન છે. એ જ રીતે રાજયની સરકારે ખેતીને સૌથી વધારે મહત્વ આપ્યું છે. ગુજરાતની અંદર સૌથી વધારે રોજગારી પૂરી પાડી શકતો કોઈ ઉદ્યોગ હોય તો તે ખેતી છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી જયારે એમના પ્રવચનની અંદર વાત કરી રહ્યા હતા, ત્યારે એમણે એમ કીધેલું કે આ સરકાર મેળા અને ઉત્સવો દ્વારા પૈસાનું પાણી કરી રહી છે. મારે એમને કહેવું છે કે ઉત્સવો છે એ સંગઠનનું એક પર્વ છે. લોકમાન્ય તિલકે ઉત્સવો દ્વારા લોકોને આઝાદીની લડતમાં સામેલ કરેલા. મહારાષ્ટ્રમાં ગણેશોત્સવના માધ્યમથી લોકોને આઝાદીની લડતમાં સામેલ કરેલા. લોકોત્સવોથી પૈસાનું પાણી થતું નથી. ખેતીવાડીના મહોત્સવને કારણે ખેડૂતોમાં જાગૃતિ આવી અને એના ફળ સ્વરૂપે આપણે જોઈ શકીએ છીએ કે ખેત ઉત્પાદન ૨૫ હજાર કરોડથી વધુ મળી શકયું છે.

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીનું મારે ધ્યાન દોરવું છે કે પૈસાનું પાણી થતું નથી, પણ ગુજરાતની સરકારે પૈસાથી પાણી ઉત્પન્ન કર્યુ છે. એ કઈ જગ્યાએ ઉત્પન્ન થયું છે તે આપ સાંભળો. નર્મદાનો ડેમ એ પૈસામાંથી બનાવ્યો અને પાઈપલાઈન, ચેકડેમ, બોરીબંધ અને ખેતતલાવડી એ પાણી પાછળ પૈસા ખર્ચ્યા ન હોત તો આ ૨૫ હજાર કરોડ રૂપિયાની આવક ખેતી દ્વારા રાજયને થઈ અને ઉત્પાદન મળી શકયું એ મળી શકત નહીં. ખેતીના ઉત્પાદનને કારણે આપણે જોઈ શકીએ છીએ કે રાજયની સમૃદ્ધિ વધી. રાજયને વેચાણવેરામાંથી આવક જે ૫ વર્ષ પહેલાં થતી હતી તે અત્યારે ડબલ થઈ ગઈ. આપણે જાણીએ છીએ કે ખેતી એ ગુજરાતનો મુખ્ય પાયો છે. એને માટે સરકાર જે કંઈ બજેટ ફાળવે છે તેને હું ખૂબ સારી રીતે આવકારું છું અને અભિનંદન આપું છું.

સાથે સાથે મારે એ પણ કહેવું છે કે રાજયની ખેતીની સાથે મુખ્ય ધંધો પશુપાલનનો છે. પશુપાલનના વિકાસ માટે રાજય સરકારે પશુપાલન નિગમની રચના કરવાનું આયોજન કર્યુ છે. તે માટે ૫ કરોડ રૂપિયા જેવી માતબર રકમ ફાળવી છે. આપણે જોઈ શકીએ છીએ કે પશુપાલન દ્વારા રાજયના ખેડૂતોએ જે હરિયાળી ક્રાંતિ કરી બતાવી અને આ જ રીતે પશુપાલન દ્વારા આજે શ્વેત ક્રાંતિ તરફ ગુજરાતના ખેડૂતો અને માલધારીઓ જઈ રહ્યા છે. દૂધાળા પશુઓની માવજત થાય એ માટેના સાધનો વસાવવા માટે પણ બજેટમાં ૩ કરોડની જોગવાઈ કરી છે. રાજયમાં આજે જોઈ શકીએ છીએ કે કયારેય નહોતું આવ્યું એટલું ૮૦ લાખ ગાંસડીનું ઉત્પાદન થયું હોય તો એનો મુખ્ય આધાર ચેકડેમ, બોરીબંધ અને જળસંચયને આભારી છે. બહેને હમણા કીધું કે આ યોજના બંધ કરવી જોઈએ. હું એમ કહું કે સૌરાષ્ટ્રમાં આનાં સારા પરિણામો આવ્યાં હોય તો ચેકડેમોને કારણે આવ્યાં છે. સૌરાષ્ટ્રમાં જે મગફળી એ રાજયનો મુખ્ય પાક છે, એ વધુમાં વધુ ઉત્પાદન આ વખતે મળી શકયું હોય તો એને આભારી છે. મારે

રાજયની અંદર બાકીના પાકોની પણ વાત કરવી છે, કે સૌરાષ્ટ્રમાં તલ, તેલિબિયાં એ મુખ્ય પાક છે. અને એ પાક ખેતીવાડીના પાણીને આભારી છે. વિશેષ પાણીની સગવડ હોય તો હું કહું કે પંજાબના ખેડૂતોને પણ ગુજરાતના ખેડૂત પાછળ રાખી શકે તેમ છે. આ ગૃહમાં આ પહેલાં પણ મેં પાણી માટે ધ્યાન દોર્યું હતું. (અંતરાય) ધ્યાન તો ઘ ણું આપવામાં આવે છે, પરંતુ ગુજરાતના ખેડૂતોની ભૂખ ઉઘડી છે, ૪૫ વર્ષમાં કોંગ્રેસે તેમની આ ભૂખ સંતોષી નહોતી, એટલે જેટલું આપો એટલું એમને ઓછું દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિપક્ષી મિત્રો સવારે ખેડૂતોની ચિંતાની વાત કરતા હતા. હું તેમને પૂછું છું અને તેમનું ધ્યાન દોરવા માગું છું કે આજે ડુંગળી પકવતા ખેડૂતોની શું સ્થિતિ છે ? ખેડૂતો ડુંગળી પકવે છે તેમનો પાક આજે બજારમાં આવ્યો છે તો એ ૧ાા રૂપિયે કિલોના ભાવે વેચાય છે. ૫ લાખ ટન ડુંગળીની તમારી યુ.પી.એ. સરકારે ચીન અને પાકિસ્તાનમાંથી આયાત કરી જેના પરિણામે આજે ડુંગળીના ભાવ ગગડી ગયા છે. હું માત્ર એટલું જ સૂચન કરું છું કે ખેડૂતોનું હિત તમારા હૈયે હોય તો તમારી યુ.પી.એ. સરકારને એટલું કહો કે ડુંગળીની આયાત કરીને જેટલું હુંડિયામણ વેડફી નાંખ્યું છે,

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, માનનીય મનહરભાઈ મકવાણા.

**શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટ જોતાં દુનિયાની ત્રણ મહાન વ્યકિતની મને યાદ આવે છે એમાં એક તો પ્લુટો કે જે મહાન વૈજ્ઞાનિક હતા, બીજા એક રવિન્દ્રનાથ ટાગોર અને ત્રીજા સેકસપીયર કે જે સારા કથાકાર અને નાટયકાર હતા. જયારે એમનું મૃત્યુ થયું ત્યારે એમના મગજનો સરવે કર્યો ત્યારે એ ૭ ટકા જ વપરાયું હતું એમ માલૂમ પડયું, પરંતુ આ બજેટ બનાવવામાં ગુજરાતનું ૮૧,૦૦૦ કરોડ કરતાં વધારે રૂપિયાનું દેવું હોય ત્યારે• * (એક ટકો પણ મગજ વપરાયું ના હોય) એમ મને લાગે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મનહરભાઈ, આ શબ્દો આપ પાછા ખેંચી લો.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચી લઉં છું. એટલા માટે કે સામાજિક ખર્ચમાં ઘટાડો કરીને બજેટમાં એક સરખું બનાવવામાં આવ્યું હોય ત્યારે મારે આ વાત કરવી પડે છે. (અંતરાય) એ તો હું હમણાં એનો જવાબ આપું છું. હમણાં જ ખેડૂતોની ચિંતાની વાત માનનીય ટપુભાઈ કરતા હતા. તો ખેડૂત આજે એટલો દુ:ખી છે કે એ એક ટ્રેકટર કાલાં ભરીને બજારમાં જાય તો એમાંથી એક તોલો સોનું પણ આવતું નથી. આજની તારીખનો જ દાખલો આપું તો લખતરમાંથી ખેડૂતોએ અત્યારે અહીંયાં આવીને માનનીય મંત્રીશ્રી પાસે રજૂઆત કરી છે કે અમારા ખેડૂત ટ્રેકટરમાં કાલાં ભરીને જતા હતા અને પી.એસ.આઈ. ટ્રાફિક ઈન્સપેકટર શ્રી જાડેજા આ ટ્રેકટરને જપ્ત કરીને એમાં જે મજૂરો બેઠા હતા તેમને પણ એરેસ્ટ કરીને આ કાલાં ભરેલું ટ્રેકટર પોલીસ સ્ટેશને લઈ ગયા છે અને એ ટ્રેકટર આજે પણ કાલ રાતનું ત્યાં પોલીસ સ્ટેશનમાં સડે છે. તો આ રીતે આ ખેડૂતોની ચિંતા કરવાવાળી આ સરકાર ખેડૂતોની કેવી ચિંતા કરે છે એ વાત હું કહેવા માગું છું. માનનીય મંત્રીશ્રી અહીં બેઠા છે તેમની પાસે પણ રજૂઆત કરવા માણસો ગયા હતા. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, જળસંચયની વાત થઈ, કલ્પસરની વાત થઈ અનો ખેત તલાવડીઓની વાત થઈ. રાજય સરકારનું ૮૧ હજાર કરોડ કરતાં વધારે દેવું હોય ત્યારે પતંગોત્સવ અને નવરાત્રીના ઉત્સવ કરીને એમાં ૧૦-૧૦ કરોડ રૂપિયા આ સરકારે વાપર્યા છે. પ્રવેશ નિયંત્રણ પાછળ જે ખર્ચ કર્યો છે એમાં એકસ પ્લોટો કંપનીને વગર ટેન્ડરે કરોડો રૂપિયાનું કામ આપી દીધું છે, રાજય સરકારે કર્મયોગી શિબિર કરી અને આઈ.સી.એફ.એસ. કંપનીને ૧૨.૫૦ કરોડ રૂપિયાનું વગર ટેન્ડરે કામ આપીને એ પૈસા ચૂકવી દીધા છે ત્યારે તપાસ કરનાર અધિકારી પાસેથી મને એમ પૂછવામાં આવે કે તમારી પાસે શું સાબિતી છે ? તો હું કહું છું કે આ પૈસા ચૂકવ્યા છે કે નહી એની તપાસ કરે. તો આના માટેનું ટેન્ડર બહાર પાડવું જોઈએ, જાહેર નિવિદા બહાર પાડવી જોઈએ, એનું કમ્પેરેટિવ સ્ટેટમેન્ટ કરીને પછી જ કોઈ એજન્સીને એ કામ આપવું જોઈએ. (અંતરાય) એ પછી હું કહીશ કે રાતના ૧૨ વાગ્યા સુધી જે મિનિસ્ટરે, જે અધિકારીઓના ફોન ગયા છે એના ફોન મંગાવી લો અને એ ફોન દબાણ કરીને કરવામાં આવ્યા છે એ અધિકારીઓએ પણ સ્વીકાર્યુ છે એટલે એ વાત જવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહેવા માગું છું કે અહીંયાં કેગના અહેવાલની રજૂઆત થઈ, પરંતુ બીજા અહેવાલ મૂકવા માગતા નથી. સરકારી ખાતા દ્વારા, સરકારી અધિકારીઓ દ્વારા...

**અધ્યક્ષશ્રી** : મારો એવો વિચાર છે કે આ ગૃહ નકકી કરે કે આમાં સૌથી વધારે ખોટું કોણ બોલે છે. તે ગૃહ શોધી કાઢે તેને પહેલો નંબર આપીએ.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, તો એ બાજુ જ ઈનામ મળશે, આમાં સરકાર નંબર વન છે. માનનીય અધ્યક્ષશ્રી, કેગની વાત કરવામાં આવી (અંતરાય) કેગના રિપોર્ટની વાત કરવામાં આવી, (અંતરાય) કેગનો રિપોર્ટ રજૂ કરવાની વાત કરવામાં આવી પણ તેનો પૂરો રિપોર્ટ હજુ પણ નથી આવ્યો, આની પહેલાં પણ હું

---

• * ( ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

આ વાત કહી ગયો છું પણ અધિકારીઓની સાંઠગાંઠના હિસાબે ૨૫૧૭ કરોડ રૂપિયાનું આ ગુજરાત સરકારને નુકસાન કરવામાં આવ્યું, વેચાણવેરાના ૫૩૪ કેસો, જમીન મહેસૂલના ૩૪૧ કેસો, વાહન વ્યવહારના ૮૫ કેસો, દસ્તાવેજ ફીના ૨૦૪ કેસો અને અન્ય કરના ૧૬૧ કેસો, આમ આ રકમ ૨૫૧૭ કરોડ જેટલી થવા જાય છે. એટલે આ સરકાર કઈ રીતે વિકાસની વાતો કરે છે એ જ મને સમજાતું નથી. ડી.આર.ડી.માં વોટર શેડના કામો કરવામાં આવ્યા, મેં આ અગાઉ પણ રજૂઆત કરી હતી કે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ઢાંકી અને અણીયારી ગામમાં વોટર શેડના કામોમાં જે ડેમ અને કૂવા બનાવવામાં આવ્યા છે તેની લંબાઈ હયાત છે તેના કરતાં દોઢી લંબાઈ કરીને તેના બિલો આપવામાં આવ્યા છે અને કૂવો આજની તારીખે ચોરાઈ ગયો છે. આ સરકાર તેની તપાસ નથી કરતી. કિસાન સંઘ મંડળી છે, તેના પ્રમુખ આજે તાલુકા પંચાયતમાં પ્રમુખ થઈને બેઠા છે અને તપાસ કરાતી નથી. ચાલીસ લાખ રૂપિયાનું તેણે કૌભાંડ કર્યુ છે એમાંથી ૧૨ લાખ રૂપિયા એમણે રીફંડ કર્યા છે. આ સરકારની પારદર્શકતા વાળો વહીવટ છે, ડી.આર.ડી.માં ૩ કરોડ રૂપિયાના કામો કર્યા વગરના પૈસા ઉપડી ગયા છે, જે સમાજ કલ્યાણ ખાતાએ ૫૦ લાખ રૂપિયા મુળી તાલુકાના પાછા સરકારને જમા કરાવ્યા છે. આવી રીતે વહીવટ ડી.આર.ડી.નો ચાલે છે, ૧૯૯૮ પછી ગરીબોની ચિંતા કરવા વાળી આ સરકારે બી.પી.એલ.ના કાર્ડ ૧૯૯૮ પછી એક પણ ઈસ્યુ કર્યા નથી, જાહેરાતો કરે છે પણ નીચે લખેલ હોય છે કે બી.પી.એલ.ના લાભાર્થી છો? જો એ બી.પી.એલ.નો લાભાર્થી ન હોય તો દરવાજે તાળું મારી દીધું છે, એટલે એક પણ યોજનાનો લાભ તેમને મળતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, કિસાન રથ કાઢયા, શ્રમિક કાર્ડ આપ્યા, પણ આ શ્રમિક કાર્ડની પાછળ લખેલ છે કે આ પાંચ યોજનાઓનો લાભ શ્રમિકોને મળશે, પણ આ કાર્ડની નીચે લખેલ છે કે ૩૧-૧૨-૦૫ સુધીમાં આ કાર્ડનો ઉપયોગ કરવામાં આવશે, આજની તારીખે એક પણ કાર્ડમાં લખેલ યોજનાનો લાભ એક પણ કિસાનને કે એક પણ શ્રમિકને મળતો નથી અને કોઈ પણ ફાયદો આપ્યો નથી, આવી રીતે પોકળ જાહેરાતો કરીને પ્રજાને ગેરમાર્ગે દોરવામાં આવે છે.

પંચવટી ગાર્ડનની યોજના કરવામાં આવી, લખતર તાલુકામાં આજની તારીખમાં સરકારને કહું છું કે એક પણ ગાર્ડન બનાવવામાં આવ્યો નથી અને ગાર્ડન બનાવ્યા વગર ૪ લાખ ૨૩ હજાર રૂપિયા એક ટી.ડી.ઓ.એ ઉપાડી લીધા છે, તેમના અંગે રજૂઆત કરવામાં આવી અને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેની પાછળ મજૂરી ખર્ચ એક એક ની પાછળ ૨૭ હજાર કરવાનો આવે તેના પણ વાઉચર બનાવીને ૩ લાખ ૨૩ હજાર રૂપિયા લખતર તાલુકાના ટી.ડી.ઓ.એ ઉપાડી લીધા છે, તેને પણ આજે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આવો આ સરકારની પારદર્શકતા વાળો વહીવટ છે, આવો આ સરકારના કર્મચારીઓનો વહીવટ છે, એટલા માટે મારે આ વાત કરવી પડે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્ગો તેલનો બિઝનેશ ચાલે છે. કોલસાની અનઓથોરાઈઝડ લીઝમાં ત્યાંના માણસો કોલસો કાઢે છે અને આજની તારીખે હજારો માણસો કોલસાની ખાણની નીચે દટાઈ ગયા છે, તેના ઉપર ફકત અગરબતી કરીને ૨૦-૨૫ હજાર રૂપિયામાં તેના કુટુંબીજનોને સમજાવી દેવામાં આવે છે. ચાર દિવસ પહેલા રાણીપાટમાં સર્વે નંબર ૯૧ માંથી અનઓથોરાઈઝડ રીતે ૩ કરોડનું ખનિજ કાઢી લીધું છે, અને પરમ દિવસે સાંજે પાંચ અનઓથોરાઈઝ માણસો એ ખાણમાં મૃત્યુ પામ્યા છે અને તેની પાછળ પોલીસ કે ખાતા વાળા કોઈ તપાસ કરતાં નથી. અનઓથોરાઈઝડ રીતે બેરોકટોક અમારા તાલુકામાં અને અમારા જિલ્લામાં કરોડો રૂપિયાના ખનિજની ચોરી આજની તારીખમાં થઈ રહી છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી જે અંદાજપત્ર સને ૨૦૦૬-૨૦૦૭નું લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

વિશ્વના ફલક ઉપર ભારત અને તેમાં પણ ગુજરાત અત્યારે મહત્ત્વના પરિબળ તરીકે ઊભરી રહ્યું છે. જે રીતે ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે તેની સ્પર્ધા બીજા રાજયો સાથે નહિ ચાઈના અને જાપાન સાથે છે. આ ગુજરાતની પવિત્ર ભૂમિ છે, જેણે અનેક સંતો પેદા કર્યા છે. આ ગુજરાતની પવિત્ર ભૂમિ જેના ઉપર મહાત્મા ગાંધીજી

અને સરદાર પટેલનો જન્મ થયો. એવા ગુજરાતનો વિકાસ દિન પ્રતિદિન પ્રગતિ કરી રહ્યો છે. એનું શ્રેય જો કોઈને જતું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આદરણીય નરેન્દ્રભાઈને જાય છે.

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરુ અધ્યક્ષસ્થાને**

અમે એવા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરીએ છીએ કે જે વિસ્તારની અંદર અમારા ગામડાંના લોકોને લાઈટ, પાણી, રસ્તા અને શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધા મળી જાય તો બીજી કોઈ સુવિધાની અમારા વિસ્તારના લોકોને જરૂરિયાત નથી. આ ગુજરાતના વહીવટમાં ભૂતકાળના ૪૫ વર્ષ જે લોકોએ વહીવટ કર્યો જેમાં કોંગ્રેસની સરકારો હતી એણે અમારા વિસ્તારના લોકોને ધોળે દિવસે તારા બતાવ્યા. અમારા વિસ્તારમાં ૪૫ વર્ષ કોંગ્રેસે વહીવટ કર્યો એમાં ન ગામડાંને રસ્તાની સુવિધા આપવામાં આવી, ન પીવાના પાણીની સુવિધા આપી. જ્યારે ઘણા ગામડાંની અંદર તો વીજળીકરણ પણ થયું નહોતું. ઘણા ગામડાંની અંદર તો પ્રાથમિક શિક્ષણ પણ આપી શકતા નહોતા. અમે એ દિવસો જોયા છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકાર અસ્તિત્વમાં આવી ત્યારપછી વિકાસના કામો શરુ કર્યા છે. જે ગામડાંમાં રસ્તા નહોતા ત્યાં રસ્તા કર્યા. એના માટે સરકારે કિસાનપથ યોજના બનાવી. બીજી યોજનાની અંદર ગામડાં સુધી પાકા ડામર સપાટીના રસ્તા ભારતીય

જનતા પાર્ટીની સરકારે બનાવ્યા છે. છતાંય અમુક એવા રસ્તા છે કે જે જંગલમાંથી પસાર થતા હોય એની દરખાસ્તો ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને મોકલી છે. જો કોંગ્રેસના આગેવાનોનું ઉપજતું હોય તો મંજૂરી અપાવી દે. અમારા પંચમહાલ જિલ્લાના હાલોલ જાંબુઘોડા તાલુકાના ગામડાંના લોકો કહે છે કે અમને આ રસ્તો બનાવી આપો. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવા રસ્તાઓ કરવા તત્પર છે પરંતુ અમને એક મુશ્કેલી પડે છે. વન વિભાગમાંથી રસ્તાઓ પસાર થાય છે એની મંજૂરી માટેની દરખાસ્તો કેન્દ્ર સરકારમાં પડી છે. ત્યારે કોંગ્રેસના મિત્રોને કહીશ કે ત્યાં તમારુ થોડું ઘણું ઉપજે તો અમને એ રસ્તાઓની મંજૂરી અપાવશો તો અમારી સરકાર એ તાત્કાલિક કરી આપશે.

અમને એ દિવસો પણ યાદ છે કે અમારા વિસ્તારમાં પીવાના પાણી માટે કોઈ સુવિધા આપી નહોતી. હા ચોક્કસ એમણે હેન્ડપંપ કર્યા હતા. પરંતુ એ હેન્ડપંપો આજે પણ શોભાના ગાંઠિયા જેવા ઊભા છે. ત્યાં પાણી મળતું નથી. અમારી સરકારે નક્કી કર્યું કે એ વિસ્તારમાં ૧-૨ કિલોમીટર દૂર પીવાનું પાણી ભરવા જવું પડે છે. ત્યાં નર્મદાની મુખ્ય કેનાલમાંથી નર્મદાનું પવિત્ર પાણી અમારા ગામડાં સુધી પહોંચાડવાની યોજના અમારી સરકારે અને અમારા પાણીદાર મંત્રી નરોત્તમકાકાએ કરવાની ખાતરી આપી છે. એનો અમલ કરવાની વિચારણા હેઠળ છે. અમને એ દિવસો પણ યાદ છે કે ૧૯૯૫ના એ દિવસે કે જ્યારે વિધાનસભાની ચૂંટણી નજીક આવતી હતી. હાલોલ તાલુકાના ૩૨ ગામોની પાવાગઢ જૂથ પાણી પુરવઠા યોજના બનાવી. આ વિસ્તારમાં પીવાના પાણીની ઘણી મુશ્કેલી હતી, ચૂંટણીઓ નજીક આવતી હતી એટલે કોંગ્રેસના લોકોએ નાયબ મુખ્યમંત્રીશ્રીને લઈ આવ્યા અને ત્યાં ખાતમુહૂર્ત કરાવ્યું. એ કરવા માટે હજારો લોકોને ભેગા કર્યા અને કહ્યું કે આ ચૂંટણીમાં કોંગ્રેસને મત આપો અમે જેવા ચૂંટાઈને જઈશું એટલે આ યોજના ચાલુ કરી દઈશું. અમારા વિસ્તારના ગરીબ માણસોને પટાવીને મત લઈ ગયા અને હાલોલની સીટ ઉપર ખોબે ને ખોબે મત લઈ જીતી ગયા. એ પછી એ યોજના અભરાઈએ ચડાવી દેવામાં આવી. આ યોજના માટે ગ્રાન્ટ ન આપવામાં આવી પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫ પછી બની. જ્યારે અમારી સરકાર અસ્તિત્વમાં આવી પાવાગઢ જૂથ પાણી પુરવઠા યોજના માટે પૈસા આપ્યા અને આ યોજનાને પૂરી કરી. આ યોજનાથી ૩૨ ગામના લોકોને લાભ થવાનો છે. અત્યારે ૧૮ થી ૨૦ ગામોના લોકોને પીવાનું પાણી મળવાની શરૂઆત થઈ ગઈ છે.

અમે એ દિવસો પણ જોયા છે કે અમારા વિસ્તારનો ખેડૂત ખેતરમાં કામ કરીને થાકીને સાંજના ઘેર આવે અને રાત્રે સાત વાગ્યાની આજુબાજુ જમવા બેસે તો લાઈટ ન હોય. ૪૫ વર્ષ સુધી જે લોકોએ વહીવટ કર્યો એણે આની ચિંતા ન કરી.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર આવી અને આદરણીય નરેન્દ્રભાઈ મોદી અને આપણા નાણા મંત્રી અને ઉર્જા મંત્રી માનનીય સૌરભભાઈ પટેલ, તેઓ જયોતિગ્રામ યોજના અમલમાં લાવ્યા. મારા વિસ્તારમાં ૨૪ કલાક લાઈટ મળતી થઈ ગઈ. ૭૫ ટકા ગામોને, ગુજરાતના ૧૮,૦૦૦ ગામોમાંથી ૧૪,૦૦૦ ગામોને ૨૪ કલાક લાઈટ મળવાની શરૂઆત થઈ ગઈ. હું કોંગ્રેસના મિત્રોને પૂછવા માગું છું કે તમારું એક રાજય બતાવો કે ગામડાંમાં ૨૪ કલાક લાઈટ અપાતી હોય, પછી અમારી ટીકા કરવા નીકળો. અમારી સરકારે કામગીરી કરી છે. આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમની ટીમે કામગીરી કરી. વિકાસના કામો કર્યા. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં કોંગ્રેસની દશા જૂઓ, આપણને દયા આવે. કોંગ્રેસના સૂપડા સાફ કરી નાખ્યા. કોંગ્રેસના લોકો નગરપાલિકાની ચૂંટણીમાં સીમ્બોલ ઉપર ઉમેદવાર ઉભો રાખવાની કોશિશ ન કરો. ગુજરાતના વિકાસમાં અમને સહકાર આપો, નહીં તો વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં તમને કોઈ ઉમેદવાર નહીં મળે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા વર્ષ-૨૦૦૬-૦૭નું બજેટ લાવવામાં આવ્યું છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ, આદિવાસી સમાજ પ્રત્યે આ બજેટમાં બિલકૂલ ઉદાસીન વલણ અપનાવ્યું છે. એ બજેટ જોતાં સ્પષ્ટ માલૂમ પડે છે. રાજયની કુલ ૧૪.૭૬ ટકા જેટલી આદિવાસી વસતિ માટે માત્રને માત્ર ૪.૨૨ ટકા જેટલી રકમ અંદાજવામાં આવી છે. પરંતુ એ આદિવાસીઓ માટે જે કંઈ રકમ ફાળવાય છે, વર્ષાન્તે એ રકમનો પણ પૂરેપૂરો ઉપયોગ કરવામાં આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગરીબ આદિવાસી વિરોધી છે એમ કહું તો ખોટું નથી. ગરીબલક્ષી અનેક યોજનાઓ બંધ કરી દીધી છે અને લાભોથી ગરીબ આદિવાસીઓને વંચિત રાખવા માટે પ્રયત્નો થયા છે. અત્યારે ડો. જીતુભાઈ અહીં હાજર નથી, નહીં તો મારે તેમને જવાબ આપવો હતો. ગરીબ આદિવાસી લોકોને માટે અલંકારિત ભાષામાં જીતુભાઈએ વાતો કરી હતી. તેમને મારે કહેવું છે. આદિવાસી સમાજમાંથી ઉંડાણના જંગલમાંથી આવે છે એ આદિવાસી ભાઈઓ શાસક પક્ષે બેઠાં હોય કે અહીં બેઠાં હોય, એ આદિવાસી ભાઈઓ પોતાના આત્માના અવાજને પૂછી જૂઓ. આત્માનો અવાજ શું કહે છે? આદિવાસી સમાજને, મૂળ સમાજને હું એમ કહું તો ખોટું નથી. આદિવાસી સમાજ એ સૃષ્ટિનું સર્જન થતાં આદિવાસી સમાજે જન્મ લીધેલો છે. મૂળ જ્ઞાતિ જો હોય તો આદિવાસી સમાજ છે. પરંતુ કહેતા દુ:ખ થાય છે કે આદિવાસી સમાજને ફરી પાછો આ સરકાર દ્વારા એ જગ્યા ઉપર મૂકવા માટેનો પ્રયત્ન થઈ રહ્યો છે એવું સ્પષ્ટ દેખાઈ આવે છે. મારે ગ્રામ વિકાસની વાતો કરવી છે. બજેટની અંદર ગામડાંને ભારતનો આત્મા કહેવામાં આવ્યો છે. ત્યારે મારે એ કહેવું છે કે જ્યાં સુધી ગામડાંનો ગરીબ ખેડૂત,

ગરીબ લોકો જ્યાં સુધી સુખી નહીં હશે, જ્યાં સુધી તેનો આત્મા સુખી નહીં હશે ત્યાં સુધી હું એમ માનું છું કે ભારતનો આત્મા ગામડાંમાં સમાયેલો છે એવું કહેવાનો આપણને અધિકાર નથી.

સરકાર વિવિધ યોજનાઓની વાત કરે છે. ગોકુળ ગામ, જયોતિગ્રામની વાતો કરે છે, ઈ-ગ્રામની વાતો કરે છે. મારે કહેવું છે, આજની પરિસ્થિતિ જેમ કહેવામાં આવ્યું કે ૧૮,૦૦ ગામડાંમાં વીજળીકરણ થઈ ગયું. ૨૪ કલાક થ્રી ફેઝ લાઈન દ્વારા લાઈટ મળે છે. મારે ચેલેન્જ સાથે આ તબક્કે કહેવું છે. આખા ગુજરાતમાં ફર્યો નથી એટલે નહીં કહી શકું પણ વલસાડ જિલ્લામાં આવો, વલસાડ, વાંસદા, ધરમપુર, કપરાડા, પાટડી, ઉમરગામમાં આવો, ત્યાં કયાં ૨૪ કલાક વીજળી મળે છે? હજુ લાઈટ કયાં મળે છે એનો અભ્યાસ થાય તો હું માનું છું કે આ સાર્થક ગણાશે. ઈ-ગ્રામ સાથે જોડવાની વાત થઈ છે. ગામડાની આજની પરિસ્થિતિ શું છે? બસો મળતી નથી. આપણે નવા નવા નામો આપીએ, આલંકારિક ભાષાની અંદર નામો આપીએ અને " વધુ બસ, સારી બસ" પણ અમે તો એવું ઇચ્છીએ છીએ કે "હાથ ઊંચા કરો અને મારો ધક્કા" ગામડાની અંદર આવી બસો આપો તો તેને અમારા ગામડાનો આદિવાસીભાઈ એને ધક્કા મારીને પણ શહેરમાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું જ્યારે આજની પરિસ્થિતિમાં લોકોને ૭-૧૨ અને ૮-અના ઉતારા જોઈએ. એ કપરાળાથી, ધરમપુરથી મામલતદારની કચેરીમાં માણસોને ૪૦-૪૦ કિલોમીટરનું અંતર કાપીને આવવાનું થાય છે. જીપોની અંદર ૧૫-૧૫, ૨૦-૨૦ માણસો બેસીને આવતા હોય છે, એવા સમયે બસો મળવાનો તો સવાલ જ નથી. એ મામલતદાર ઑફિસમાં ૯ વાગ્યે આવે છે એ પછી સાંજે ઘેર પાછા જતાં-જતાં રાતના ૯-૧૦ વાગી જાય છે. અમારા મંત્રીશ્રી આ વાત સારી રીતે જાણે છે, તેઓ એ વિસ્તારમાંથી જ આવે છે. આવી પરિસ્થિતિ આ બિચારા ખેડૂતોની છે. ૭૩(એએ)ની કલમ હેઠળ એમને બિન આદિવાસી તરીકે ૭-૧૨ની અંદર કમ્પ્યુટરની અંદર ચડાવી દીધા છે. આ ૭-૧૨માં ૭૩(એએ) કલમમાં કેવી રીતે ચડી ગયા? તેઓ એવું કહે છે કે હવે આમાં કાંઈ નહીં થાય. એ જોવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે શિક્ષણની વાતો થાય છે, શિક્ષણની મોટી મોટી વાતો થાય છે. હું સીધા શબ્દોમાં કહેવા માગું છું કે, આજે શિક્ષણનું સીધેસીધું વ્યાપારીકરણ થયું છે. આજની તારીખે આદિવાસી કયાં ગયો છે. આદિવાસીઓની શું હાલત થઈ છે? સારી સ્કૂલની અંદર ડોનેશન આપીને કોઈપણ આદિવાસી વિદ્યાર્થી ભણી શકવાનો નથી. આજે પ્રશ્નોત્તરી ઉપર સારી એવી ચર્ચા થઈ. વિજ્ઞાન પ્રવાહની અંદર વિદ્યાર્થીઓની સંખ્યા ઘટતી જાય છે. એનું જો કોઈ કારણ હોય તો તે આ છે. આજે યોજનાબદ્ધ રીતે આદિવાસીઓને વિજ્ઞાન પ્રવાહની અંદર જતા રોકવા માટેનું આ એક ** (XXX) એવું હું સ્પષ્ટપણે કહેવા માગું છું. હું માનનીય ધારાસભ્યશ્રીઓને જણાવવા માગું છું કે, હવે પછી તમારા કોઈપણ છોકરાઓ ડૉક્ટર નથી બનવાના, એન્જિનિયર નથી બનવાના, કોઈપણ સારી ઑફિસમાં, કોઈ સારી પોસ્ટ ઉપર નથી બેસવાના એવી આ સરકારી સ્પષ્ટપણે નીતિ બનાવી છે એવું ગંભીરપણે કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડુંક બંદરોની બાબતમાં કહેવા માગું છું.

**સભાપતિશ્રી .** : * (XXX) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ બજૅટના સમર્થનમાં હું ઊભો થયો છું. આ ગૃહના બધા જ સન્માનનીય સભ્યોએ ખાસ એ વાત જોવી જોઈએ કે, આ કેડરબેઈઝ પાર્ટીનું બજૅટ છે અને કેડરબેઈઝ પાર્ટીમાં વ્યકિતનું નહીં પણ વિચારોનું માહાત્મ્ય હોય અને આ વિચાર મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ અને માનનીય દિન દયાળજીના એકાત્મ માનવવાદને પ્રાણ પૂરતા, પ્રોત્સાહન આપતા વિચારોને મહત્ત્વ આપવાનું છે. કોઈ વ્યકિતની મહત્ત્વાકાંક્ષા છોડીને, આ વિચારને મૂર્તિમંત કરવા માટે આ યોજનામાં ખરેખર રચનાત્મક ક્યાંક સૂચન છે. કયાં સૂચન છે એ જો આપે તો બહુ મજા આવે. ખાસ કરીને આ વિચારો ગામડા માટે છે. છેવાડાના માનવી માટે છે. છેવાડાના ગામડા માટે છે. એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. આ ત્રણ સમાજ જે છે એ સમાજને શ્રમ અને રોજગાર, રસ્તા અને મકાન, એને અન્ય સુવિધાઓ કેવી રીતે પૂરી પાડવી, પીવાનું શુદ્ધ પાણી એના માટે ૨૪ કલાક થ્રીફેઈઝ વીજળી એને ખેતી કરવા માટે ૫૦ ટકા સબસીડી અને ખરેખર આ બધી યોજનાઓ માટે આ સરકારે કેટલું બજૅટ ફાળવ્યું છે એનો અત્યાર સુધીમાં કોઈએ ઉલ્લેખ કર્યો નથી એ દુ:ખની બાબત છે પણ ખરેખર જૂનું બજૅટ આપણે જોવા જઈએ તો પણ છેલ્લા ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ આના જો આપણે આંકડા જોઈએ તો પણ ખ્યાલ આવે કે છેવાડાના માનવી માટે જે ખરેખર દરેક રીતે જેને ભૂખ છે એ પૂરી પાડવા માટે આ બજેટમાં પૂરતી જોગવાઈ કરવામાં આવી છે એટલું જ નહીં પણ ઉત્તરોતર વધારો કરવામાં આવ્યો છે. તબીબી અને જાહેર આરોગ્યમાં ૨૦૦૨-૦૩માં ૭૨૨કરોડ ૫૦લાખ હતા, ૨૦૦૩-૦૪માં ૭૬૩ કરોડ ૨૨ લાખ જેટલો એમાં વધારો થયો અને આ બજૅટમાં ૮૨૯ કરોડ ૨૭ લાખ જેટલી રકમની જોગવાઈ થઈ છે. આવાસ એમાં પણ ૨૦૦૨-૦૩માં જૂના સમયમાં તો બધું શૂન્ય હતું. છેલ્લા ૩ વર્ષની આપણે સરખામણી કરીએ છીએ કે જેમાં ઉત્તરોત્તર છેવાડાના માનવી માટે ખાસ કરીને હમણાં વાત કરી એમ ૫૨ ટકા જેટલો ઓ.બી.સી. વર્ગ જે

*** * (XXX) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ગામડામાં વસે છે એના માટે આ સુવિધાઓ કેવી રીતે પ્રાપ્ત થાય એની ચિંતા કરી છે. એમાં ૧૯૮ કરોડ આવાસ ૨૦૦૨-૦૩માં, ૨૦૦૩-૦૪માં ૩૫૭ કરોડ ૬૯ લાખ કર્યા છે. ૨૮૫ કરોડ ૨૬ લાખ આ વર્ષનું આયોજન છે. એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી. આના કલ્યાણ માટે ૨૦૦૨-૦૩માં ૩૯૭ કરોડ ૯૭ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે. આ ૨૦૦૩-૦૪માં ૫૦૨ કરોડ ૭૨ લાખ હતી. ૨૦૦૨-૦૩ની સાલમાં ૩૯૭ કરોડ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં ૬૩૦ કરોડ અને ૮ લાખની જોગવાઈ છે. આ બજૅટની આ જોગવાઈ છે એવી જ રીતે સામાજિક સુરક્ષા અને કલ્યાણમાં ૨૫૪ કરોડ થી ૨૮૪ કરોડ સુધી આપણે પહોંચ્યા છીએ. આ બજૅટમાં જોગવાઈ કરી છે. શ્રમ અને રોજગારમાં ૧૨૩ કરોડમાંથી આપણે ૧૨૧ કરોડથી આગળ વધી ૧૧૯ કરોડ ૧૫ લાખ સુધી પહોંચ્યા છીએ. કુલ સામાજિક સેવાઓમાં એકંદરે બજૅટ જો આપણે જોઈએ તો ૬૭૪૮ કરોડ ૬ લાખ ૨૦૦૩નું હતું. ૨૦૦૩-૦૪નું ૭૨૮૭ કરોડ હતું. ૬૭૪૮માંથી ૭૯૯ કરોડ અને ૬૪ લાખ આ આપણી છેલ્લી સામાજીક સેવાની બજૅટમાં આ પ્રમાણે જોગવાઈ કરી છે.

શ્રમ અને રોજગારની વાત કરી છે એ એમ કહે છે કે જાહેરમાં પાટિયા મૂક્યા છે. વ્યકિતની પ્રસિદ્ધિ થાય છે પણ કેન્દ્ર સરકારે ટી.વી. ઉપર અને બધી જગ્યાએ એમણે શરૂ કર્યુ છે કે અમે તો પૂરતી રોજગારી આપીશું. ન મળે એને રોકડ આપીશું, દુ:ખની વાત છે કે આપણા ગુજરાતમાં ફક્ત છ જિલ્લાઓને જ આનો લાભ મળશે અને છતાં પણ એની પ્રસિદ્ધિ તમે જુઓ. ગ્રામ વિકાસ મારફતે આજે રોજગારીનું આપણને પ્રલોભન મળ્યું છે એ ગુજરાતને ફક્ત છ જિલ્લાને અને એનો અમલ ક્યારે થશે એ જુદી વાત છે પણ થશે ત્યારે ફક્ત છ જિલ્લાને જ લાભ મળવાનો છે. એવું જ માર્ગ અને મકાન બાબતે રસ્તાઓનું છે. એમણે એવી વાત કરી છે કે અમે વડોદરાથી મુંબઈ સુધીના એક્સપ્રેસ હાઈ વે માટે આ બજૅટમાં જોગવાઈ કરી છે. અમદાવાદથી વડોદરા એક્સપ્રેસ હાઈ વે માટે પાયો એમણે નાખેલો અને રોડ પૂરો કોણે કર્યો? બાજપાઈજીની સરકારે પૂરો કર્યો છે. આજે એ બોલે છે એ કદાચ પાયો નાખશે પણ રોડ નહિ કરી શકે. પૂરો કરવો હતો અને એક્સપ્રેસ હાઈ વેની લાણી કરવી હતી અને સારું દેખાવું હતું તો અમદાવાદ થી ભુજ, અમદાવાદથી પોરબંદર આવા બીજા બે-ત્રણ એક્સપ્રેસ હાઈ વે કહેવાની જરૂર હતી. તો એમ લાગતું કે ગુજરાત માટે ભલે તમે કરી નહિ શકો પણ આવનારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરશે, પણ એમને કહેવામાં શું વાંધો હતો? આવા બે-ત્રણ મોટા હાઈ વેની લાણી કરીને વિચારોની ક્ષમતા બતાવી શક્યા હોત. એમણે વાત કરી છે કે જ્યાં ચૂંટણીમાં ગયા ત્યાં જે શહેરોમાં ગયા ત્યાં જામનગર નંબર વન, રાજકોટ નંબર વન બનાવવું છે, પાણીથી જોડાતું ભારત એક બને, રસ્તાથી જોડાઈને ભારત એક બને, એવી જ રીતે મનથી પણ ભારત એક બને. એમાં ગુજરાત પણ આવે, જામનગર પણ આવે, વડોદરા પણ આવે અને રાજકોટ પણ આવે. એટલે આ બધા શહેરો જો એક બનશે, આ બધી જ યોજનાઓ એક બનશે, માણસોના મન એક બનશે તો જ જામનગર નંબર વન, રાજકોટ નંબર વન, સુરત નંબર વન, ભાવનગર નંબર વન બનશે. ગુજરાત પણ એક બનશે અને ભારત પણ નંબર વન બનશે. એ વિચારને આપણે પ્રાણ પુરવાના હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ ક્ષેત્રે વઢવાણ ભોગાવોમાં ૯૦ લાખના ખર્ચે ચેકડેમ બાંધી ધોળીધજા ડેમમાં પીવાના પાણીની યોજના ૫૦ ટકા ખર્ચ કરી ૬૦ ટકાનું કામ પૂરું કર્યું છે. શામળાજી-જંબુસર જ્યાં પછાત લોકો વસે છે ત્યાં ચેકડેમ દ્વારા સિંચાઈ અને પીવાના પાણીની પૂરતી યોજનાઓ. આપણે જાણીએ છીએ કે દરેક ગામને શુદ્ધ પાણી મળે એ માટે પૂરતા વેગથી કામ ચાલી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બે-ત્રણ સૂચનો છે એ સરકારશ્રીના ધ્યાને મૂકું છું. બગોદરાથી નળ સરોવર હાઈ વે એ ખૂબ જ અગત્યનો રસ્તો છે અને અકસ્માત ઝોન આગળ પાછળ નિવારવા હોય તો રસ્તાને પહોળો કરવાની જરૂર છે. બજૅટમાં એની જોગવાઈ કરવામાં આવે તો સારું. અમારા વિરમગામનું મુનસર તળાવ એ ઐતિહાસિક અને પુરાતત્ત્વ વિભાગની ઉદાસિનતાના કારણે અત્યારે દુર્ગંધ મારતું તળાવ બન્યું છે ત્યાં શિલારોપણ પથ્થર ઘણા વર્ષ પહેલા મૂકેલ છે એનો વિકાસ થાય એવી પ્રવાસન વિભાગને વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજકોટને પૂર્વે ગ્રાન્ટ આપી હતી. ખેડૂતોના હિત માટે ગુજકોટને બાકીની ગ્રાન્ટ મળે તો અનેક ખેડૂતોને ખૂબ જ પ્રોત્સાહન મળે તેમ છે. તો મારા સૂચનો બજૅટમાં સ્વીકારે એવી નમ્ર વિનંતી છે અને બજૅટને સમર્થન આપી વિરમુ છું. આભાર, ભારત માતા કી જય.

**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર બધાજ સન્માનનીય સભ્યશ્રીઓ બોલતા હતા કે ૫૦ વર્ષની આઝાદીમાં કોંગ્રેસે કશુંજ કર્યુ નથી એ હું નિરાંતે બેઠા બેઠા સાંભળતો હતો. કોંગ્રેસે જ્યારે ૪૦ વર્ષ રાજ કર્યુ હોય ત્યારે કશુંજ ના કર્યુ હોય એવું બને ખરું? આવું ખોટું બોલવાથી કાંઈ ખોટું થવાનું નથી. જ્યારે ૧૦ વર્ષના એમના શાસનમાં આ બધાં કામો થઈ ગયાં, એવું કોઈ માને નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા કહેવા માગું છું કે જ્યારે આપણે આ બજેટની અંદર ખેડૂતલક્ષી, મજૂરલક્ષી, આદિવાસીલક્ષી કે કોઈપણ ગરીબવર્ગલક્ષી કોઈ બજેટ ફાળવવામાં આવ્યું નથી, એટલે હું સમર્થન આપી શકતો નથી. આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓને કહેવા માગું છું કે જ્યારે કોઈ કહેતું હતું કે શિક્ષણ નહોતું તો હું આપ સૌને પૂછવા માગું છું કે તમે જ્યારે ૫૦ વર્ષની આઝાદીમાં આ શિક્ષણ તમે કોંગ્રેસની સરકારમાં લીધું કે તમે

કોના પાસેથી શિક્ષણ લીધું? એ હું તમને પૂછવા માગું છું કે તમે શિક્ષણ કયાંથી લાવ્યા? મારા જેવા વડીલને ૫૦ વર્ષ હજુ સુધી થયા નથી તો આ શિક્ષણ કોંગ્રેસ સિવાય બીજન કોને તમને આપ્યું? એટલે મારે તમને કહેવું છે કે આ જ્યારે થોડા થોડા સમયની અંદર જે જે કામો ચાલતા આવે છે, એ જેની જેની સરકાર હશે એણે એટલા પ્રમાણમાં કામો કર્યા હશે. કોઈએ ૧૦૦ ટકા કામો કર્યા હશે કે ના કર્યા હોય, મારે માત્ર એટલું જ કહેવું છે કે અમરસિંહભાઈ વખતે ૧૨ કલાક સિંગલફેઈઝ અને ૧૨ કલાક થ્રીફેઈઝ વીજળી ખેડૂતોને આપતા હતા. ખેડૂતોને જ્યારે અંડરલોડ કર્યા ત્યારે ૬૦૦ રૂપિયા નક્કી કર્યા અને શંકરસિંહ વાધેલાની સરકાર આવી ત્યારે ખેડૂતોએ આજીજી કરીને માગણી કરી ત્યારે એકઝાટકે ૧૦૦ રૂપિયા ઘટાડો કર્યો અને ૫૦૦ રૂપિયા હોર્સપાવરના નક્કી કરવામાં આવ્યા અને ૧૨ થી ૧૪ કલાક વીજળી ખેડૂતોને આપવામાં આવતી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા કહેવા માગું છું કે આવડા કપરા સંજોગોમાં બનવાકાળ બને એ બરાબર છે, પણ એના પછી ભા.જ.પ.ની સરકાર આવી ત્યારે ભા.જ.પ.ની સરકારે કહ્યું હતું કે અમે ૨૪ કલાક લાઈટો આપીશું. ૧૨ કલાક સિંગલફેઈઝ એજ ભાવે આપીશું એ માયલું કાંઈ વર્તન આ સરકારે કર્યું નથી. ૨૪ કલાક લાઈટો ગામડાના લોકોને આપીશું એમાં વાંધો નથી, પણ ખેડૂતલક્ષી લાઈટો મળતી નથી. ખેડૂત બિચારો એક ધંધો કરતો હોય જ્યારે રાત્રીના સમયમાં કામ કરવું પડતું હોય, ઉનાળાનો સમય હોય એરુ, સાપ જેવા ઝેરી પદાર્થો નીકળતા હોય અને આ બધું રાતના સમયે કામ કરવું પડતું હોય ત્યારે એમનો ભગવાન સિવાય કોઈ ઘણી હોતો નથી ત્યારે મારા વડીલ મિત્રો અને માનનીય મંત્રીઓને કહેવા માગું છું કે આઠ કલાક લાઈટો આપે છે એ ટુકડે ટુકડે એમાં કાંઈ ખેડૂતનું વળતું નથી, માટે તમે ૧૦ થી ૧૨ કલાક વધારી આપો તો જ ખેડૂતોનું ભલું થઈ શકે, સાથે સાથે એ કહેવા માગું છું કે શિયાળામાં જ્યારે કડકડતી ઠંડી પડતી હોય, આટલો બધો ઠંડો વાયરો વાતો હોય ત્યારે તમારા જેવા મંત્રીશ્રી પગ વિટોળીને ઊના ઊના ગાદલામાં સૂઈ રહ્યાં હોય. ખેડૂતોને આવું ભોગવવું પડતું હોય ત્યારે એક દાખલો આપું છું કે -

" શિયાળો આવ્યો સુખીયા તણો, ડોલો દાદરીયા,
અડધો લીધો જુગ્યા તણો અને પૂરો પણબીયા"

બિચારો ખેડૂત ક્યાં જાય? ખેડૂતની રાત બગડતી હોય છે, આઠ કલાક વીજળી મળતી હોય એમાં ચાર કલાક પહેલા અને પછી ચાર કલાક એટલે આખી રાત એને ઉજાગરો કરવો પડતો હોય છે. ઉનાળામાં પણ ઉજાગરો કરવો પડતો હોય છે એટલે આપ સૌને બે હાથ જોડીને વિનંતી કરું છું કે ખેડૂતને વધારે પ્રમાણમાં લાઈટ આપો તો જ એમનું જીવન સારી રીતે નભી શકે. ખેડૂત એટલે જગતનો તાત કહેવાય, પણ આપણી ભા.જ.પ. સરકાર ખેડૂતોને મારે છે લાત. એવું કહેવાનો મતલબ એ છે કે ઉદ્યોગો લાઈટ વાપરે છે, ગામડામાં ઉદ્યોગ થાય છે એના માટે વેલકમ છે, એમાં કાંઈ વિરોધ નથી પણ ખેડૂતનું એમાં શું? કહેવતમાં એક દાખલો દીધો છે કે-

"ડુંગરા દૂરથી રળિયામણાં, ઠેઠ પહોંચે પહોળા,
સકાલે સજ્જન સાંભળે, દકાને બાપ ધોળા"

દાણા પેટમાં ભર્યા હોય ત્યારે સુજે છે જયાં સુધી પેટમાં ખાવાનું ન હોય ત્યાં સુધી કોઈ કામ સુજતું નથી. કરોડો રૂપિયાની સાહેબી હોય, અબજો રૂપિયાની સાહેબી હોય પણ કાંઈ દાન ન કરે તો જે વખતે ખાવાનો સમય આવ્યો તે વખતે કહ્યું તમે કાંઈ દાન કર્યું નથી. વડીલ મિત્રો, કાંઈ કામ કરો તો ભાથું મળશે, વાતો કરવાથી ભાથું મળવાનું નથી. આપના દ્વારા કહેવા માગું છું કે જયારે ખેડૂતો આટલી મજૂરી કરીને અનાજ પેદા કરતા હોય ત્યારે ગામડાંમાં કે બજારમાં વેચવા જાય ત્યારે એ એકલો વેચાઈને આવે. કોઈ દુકાન લઈને બેઠો હોય તો આપણે કોઈ ચીજવસ્તુ લેવા જઈએ તો એને પૂછીએ કે આ વસ્તુનું શું લેશો? એટલે એ કહે કે આટલા રૂપિયા મારે લેવાના છે પણ જયારે અમે ગાડુ ભરીને જઈએ છીએ ત્યારે અમારા ગાડા સોતુ એને લઈ લેવાનું હોય એવા ભાવ થાય છે. વડીલ મિત્રો, મંત્રી સાહેબોને હું નમ્ર વિનંતી કરું છું. ખેડૂતોનું કાંઈક કરો. આ મારો પ્રશ્ન છે સાથેસાથે કહેવા માગું છું કે જયારે પાણી પુરવઠાની વાત કરું તો આપણા વિસ્તારમાં સુજલામ સુફલામની વાત ઘણા લોકોએ કરી પણ જે જે અંતરિયાળ વિસ્તાર છે ત્યાં કોઈ ચેકડેમ બનાવવામાં આવતો નથી. અંતરિયાળ વિસ્તારમાં ૬-૭ તળાવોના પૈસા ફાળવવામાં આવ્યા છે પણ હજુ સુધી એનો ઉદ્ધાર થયો નથી. એટલું કરી આપજો.આનો રિપોર્ટ મેં આપ્યો છે. એક પણ તળાવ ખોદ્યુ નથી અને જે જે ગામડાંમાં મારા વિસ્તારની લગભગ ૫૦ટકા વસ્તી ધરોઈ જુથ યોજનાના પાણીથી વંચિત છે. એટલે વહેલી તકે પાણી મળે એવું આયોજન કરજો.

આરોગ્યની વાત કરું તો મારો વિસ્તાર છેવાડાનો વિસ્તાર છે. ૫૦ કિલોમીટર કે ૪૪ કિલોમીટરના અંતરે મારું ગામ છે. ત્યાં કોઈ નાનુ મોટું દવાખાનું કે પી.એચ.સી. નથી. પ્રસુતિ ગૃહ પણ નથી. આથી બાળમરણ કે સ્ત્રીનું મરણ થાય છે તો ૧૦ કે ૧૫ કિલોમીટરના અંતરે પી.એચ.સી. કે દવાખાનું કરવામાં આવે તો ગામડાંની વસ્તીને પૂરેપૂરી સગવડ મળશે. મારા વિસ્તારમાં ૮૦ થી ૯૦ ટકા વસ્તી બક્ષીપંચની આવેલી છે. જાડેજા સાહેબ, મારા ગામમાં રસ્તા બધા એમને એમ પડયા છે. મોટા મોટા રોડ થઈ ગયા છે પણ મારા વિસ્તારમાં કોઈ મોટો રોડ નથી ત્યારે રોડનું આયોજન કરી આપજો એવી વિનંતી કરું છું. આપ સૌને કહેવા માગું છું કે જયારે શિક્ષણની વાત કરું ત્યારે મારા વિસ્તારમાં કોઈ મોટી માધ્યમિક શાળા કે ઉચ્ચ માધ્યમિક શાળા આવેલી નથી. તો બહેન દીકરીઓ

ભણવા જઈ શકતી નથી. જયારે કન્યા શાળાની વાત કરતા હોઈએ ત્યારે મારા અંતરિયાળ વિસ્તારમાં ઉદ્ધાર થતો નથી. ૨૫ કે ૫૦ કિલોમીટરના અંતરે કોઈ માધ્યમિક શાળા કે ઉચ્ચતર માધ્યમિક શાળા આવેલ નથી તો એ સગવડ પણ આપજો એવી વિનંતી કરું છું. જય હિન્દ. જય ભારત.

**શ્રી મોહનભાઈ ધ. ઢોડિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી બજેટ લઈને સન્માનનીય ગૃહમાં આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું. છેલ્લા ૧૦ વર્ષથી ભા.જ.પા.ની સરકારે ગુજરાતમાં પારદર્શક વહીવટ આપી રહી છે. ગોકુળ ગ્રામથી સમરસ ગામ, જયોતિ ગ્રામથી ઈગ્રામ, વિશ્વ ગ્રામ સુધીની આ બજેટમાં જોગવાઈ થયેલ છે. ગામડાંના સર્વાંગી વિકાસના ધ્યેય સાથે અને પંચામૃત શકિતથી વંચિતોના વિકાસ સુધીના વિવિધ ક્ષેત્રે આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. માના ગર્ભમાં બાળક હોય ત્યારથી. માણસ મૃત્યુ પામે ત્યાં સુધીની યોજના બનાવવામાં આવેલ છે અને ખાસ કરીને ગરીબ આદિવાસીઓના ઘર ઘર સુધી જ્ઞાનની જ્યોત પ્રગટી શકે તેવા પ્રકારની આ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલી છે. મને કહેતાં દુ:ખ થાય છે કે આ સન્માનનીય ગૃહમાં માનનીય સભ્યશ્રીઓ એવું કહેતા હતા કે આદિવાસી માટે બજેટની અંદર કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. આદિવાસી વિસ્તારોની અંદર આદિવાસી સન્માનથી જીવી શકે એવી રીતની યોજના દ્વારા આ બજેટની અંદર જોગવાઈ કરવામાં આવેલ છે. પહેલાના કોંગ્રેસના રાજમાં માત્રને માત્ર પાદરીઓ મારફત યોજનાનું વિતરણ થતું હતું, એના કારણે યોજનાની ખબર પડતી નહોતી.

કૃષિ રથ ગામડાની અંદર આવ્યો, એની અંદર આ કૃષિ રથના માધ્યમથી આ છેવાડાના આદિવાસી, સીમાંત ખેડૂતોને આનો લાભ મળ્યો છે. છેલ્લા ૧૦ વર્ષ પછી આ કૃષિ ક્ષેત્રે, સિંચાઈ ક્ષેત્રે, ટ્રાયબલ પેટર્ન ક્ષેત્રે જે સિંચાઈની યોજના બનાવવામાં આવી એનો આ નાના સીમાંત ખેડૂતોને લાભ મળ્યો છે, તેઓ ઉન્નત મસ્તકે જીવન જીવી શકે તેવી દિશા તરફ આપણે જઈ રહ્યા છીએ. મને કહેતાં આનંદ થાય છે કે આ સરકારે મહેસૂલ વિભાગમાં જે નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવાની પ્રથા અપનાવી, એમાં અમારા વિસ્તારમાં તો ખેડૂતના પોતાના ભાઈ ભાઈના ઝઘડા ચાલતા હતા. એમના નામે જમીન નહોતી થતી. આ આદિવાસીના નામે ખેડૂતના નામે જમીન થાય, તેના માટે નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાના કારણે લોકો ઝઘડા મુક્ત થઈ ગયા છે એમ કહું તો ખોટું નથી. આ બજેટની અંદર આદિવાસીઓની ખૂબ મોટી આરોગ્ય વિભાગમાં ચિંતા કરવામાં આવી છે. સીકલશેલ એનિમિયા એ જીવલેણ રોગ છે, એની ચિંતા કરી આ બજેટની અંદર જોગવાઈ કરવામાં આવી છે. સમગ્ર આદિવાસી સમાજ આને આવકારી રહ્યો છે. અહી બેઠેલા મારા સાથી સભ્યો પણ આદિવાસી સમાજના છે. હું આદિવાસી સમાજમાંથી નેતૃત્વ કરું છું એ સીકલશેલ એનિમિયા નામનો જીવલેણ રોગ આદિવાસીઓ માટે ખૂબ ગંભીર રોગ કહેવાય છે, એની જે જોગવાઈ કરી, એ માટે અભિનંદન હું સમગ્ર આદિવાસી સમાજ વતી માનનીય મુખ્યમંત્રીશ્રીને આપું તો ખોટું નથી. કૃષિ અને સિંચાઈ ક્ષેત્રે આ બજેટની અંદર જે જોગવાઈ કરવામાં આવી છે અને આગામી કૃષિ રથ ગામડાની અંદર જવાનો છે, તેમાં અનુસૂચિત જનજાતિના અને અનુસૂચિત જાતિના ૩ લાખ ખેડૂતો માટે અગાઉ કૃષિ મહોત્સવ માટે ૩૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. એ જ પ્રમાણે કૃષિ, બાગાયત માટે રૂપિયા ૨૦૫.૯૧ કરોડની કુલ બજેટની જોગવાઈ સામે ૧૬.૧૩ કરોડ અનુસૂચિત જનજાતિ માટે અને ૮.૧૫ કરોડ રૂપિયા અનુસૂચિત જાતિના ખેડૂતો માટે જોગવાઈ કરવામાં આવેલી છે. એ જ રીતે વંચિતોના વિકાસ માટે દરેક યોજનાની આ બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે. આદિવાસીનો વિચાર અહીયાં કેટલાક સભ્યશ્રીઓએ રજૂ કર્યો, પરંતુ અહીયા છેલ્લા ૧૦ વર્ષથી આદિવાસી વિસ્તારની અંદર આ વિસ્તારના લોકો આ ભારતીય જનતા પાર્ટીની દરેક યોજનાને સારી રીતે આવકારી રહી છે, તે આજે આપણે જોઈએ છીએ. સરકારની કામગીરીને આવકારીએ છીએ. એ જ બતાવી આપે છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે, એમાં આદિવાસી સમાજનો ખૂબ મોટો સર્વાંગી વિકાસ થવાનો છે, ખૂબ મોટો ફાયદો થાય એ પ્રકારનું આયોજન આ બજેટમાં થયું છે, એને આવકારી અભિનંદન પાઠવીને વિરમું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર ઘણા બધા સભ્યોએ આ સરકારની કામગીરીનાં વખાણ કર્યા. આ સરકારના ગયા વખતના બજેટ કરતાં આ વખતના બજેટમાં જે વધારો કરવામાં આવ્યો છે તેની વાતો કરી. ત્યારે મારે માનનીય અધ્યક્ષશ્રી એક વાત ઉપર આપનું ધ્યાન દોરવું છે કે જીવન ધોરણ દિવસે દિવસે વધતી જતી મોંઘ ાવારી અને દરવર્ષે લોકોની વધતી જતી જરૂરિયાતો આ બધાને ધ્યાનમાં રાખીએ ત્યારે એક સરવેની અંદર ૧૯૪૦ની અંદર જીવન નિર્વાહ પાછળ એક કુટુંબનો જે ખર્ચ થતો હતો તે દસ રૂપિયામાં કુટુંબનું જીવન ધોરણ ચાલતું હતું. આ જીવન નિર્વાહ પાછળ વીસ વર્ષના રેસિયાની વાત કરીએ તો ૧૯૬૦માં સો રૂપિયામાં તે કુટુંબનું ભરણપોષણ થતું હતું. ૧૯૮૧માં એક હજાર રૂપિયામાં કુટુંબનું ભરણપોષણ થતું હતું. ત્યારે ૨૦૦૦માં દસ હજાર રૂપિયામાં કુટુંબના જીવન નિર્વાહ પાછળ ખર્ચ થાય છે. વીસ વર્ષ આગળની વાત કરીએ ત્યારે આજે એક લાખ રૂપિયાની કુટુંબના ભરણપોષણ માટે જરૂરિયાત ઉભી થવાની છે. અહીંયાં બતાવવામાં આવ્યું છે કે બજેટમાં વધારો સૂચવ્યો છે. પરંતુ જે અત્યારની વધતી જતી મોંઘવારી અને તેમાં જે કંઈ વધારો આવે છે તે વધારો જરૂરિયાત કરતાં ઘણો આછો હોય છે. મારા પહેલાંના ધારાસભ્યશ્રી વાત કરતા હતા. તેમના પિતાશ્રી સ્વ. ધનજીભાઈ માનનીય

સ્વ.અમરસિંહભાઈની સરકારમાં વિધાનસભાના સભ્ય હતા. ત્રણ-ત્રણ વખત વિધાનસભાના સભ્ય રહી ચૂકયા હતા. એમણે જયારે પોતાના મત વિસ્તારનો વિકાસ કર્યો છે. તેમણે અત્યારે આ ટ્રેઝરી બૅન્ચ ઉપરથી બોલવું પડે છે, બોલવાની ફરજ પડે છે, તેમાં અત્યારે અમે તેમના પિતાશ્રીને યાદી કરીએ છીએ કે જેઓ અમરસિંહભાઈ ચૌધરીની સરકારમાં ત્રણ ત્રણ વખત જે વ્યકિત વિધાનસભામાં આવી હોય તે વિસ્તારના વિકાસ વગર તે શકય બનતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એક મારબલની ખાણની અંદરથી એક પથ્થર કાઢવામાં આવે છે. આ પથ્થરમાંથી એક સરસ મૂર્તિ બનાવવામાં આવે છે અને વધારાનો જે પથ્થર હતો તેને સીડીના પગથિયા ઉપર જડવામાં આવે છે. જ્યારે મૂર્તિ હતી તેની લોકો પૂજા કરતા હતા, નમન કરતા હતા અને તેની ઉપર સાહેબ ફૂલ ચઢાવતા હતા. ત્યારે જે આ પગથિયાનો પથ્થર હતો તેને વિચાર આવે છે કે અમે બંને એક ખાણમાંથી નીકળ્યા તેમછતાં આ મૂર્તિની પૂજા થાય છે અને મારા પર લોકો પગ મૂકીને ચાલે છે. ત્યારે આ પગથિયાનો પથ્થર છે તે મૂર્તિને સવાલ કરે છે. તે પગથિયાનો પથ્થર મૂર્તિને પૂછે કે તુમ ભી પથ્થર મેં ભી પથ્થર તુ સુમિરન મેં પાવ. ત્યારે તે કહે છે કે તારી બધા પૂજા કરે છે અને મારા પર પગ મૂકીને ચાલે છે આનુ કારણ શું? ત્યારે તે મૂર્તિ જવાબ આપે છે " તૂ તૂટીયો મેં શનીયો, વોહી સમતા કો પાવ . તુ તો માત્ર તૂટયો છે અને મેં તો ટાંકણા અને હથોડાથી ટીપાઈ ટીપાઈને આ સ્વરૂપ ધારણ કર્યુ છે ત્યારે લોકો પૂજા કરે છે અને તે આ કોંગ્રેસ છે અને આ પગ મૂકીને જે લોકો ચાલે છે અને જે તૂટેલો પથ્થર છે તે ભાજપ છે. તે માત્ર તૂટ્યો છે. સો વર્ષની કોંગ્રેસનો ઈતિહાસ છે. આ ગુજરાતમાં, હિન્દુસ્તાનમાં જે મોટા મોટા ચેકડેમ થયા પછી તે ભાખરાંનાંગલ હોય અને નર્મદાના ૯૦ મીટર સુધીની ઊંચાઈ હોય આ કોંગ્રેસની સરકારે કરી છે. આને રૂપરોગાન આપવાથી નંબર વન બની શકાતું નથી, એના માટે તો ટાંકણાથી અને હથોડાથી ટીપાવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગરીબીની વાત કરી છે ત્યારે આ સરકાર ગરીબી દૂર કરવાને બદલે ગરીબોને દૂર કરવાની પ્રવૃત્તિ કરી રહી છે એના તરફ હું આપનું ધ્યાન દોરવા માગું છું. વિકેન્દ્રિત આયોજન હેઠળ ખૂબ જ ઓછી રકમ આ બજૅટમાં ફાળવવામાં આવી છે. મારા મત વિસ્તારનો મેં જે પ્રશ્ન ઊભો કર્યો હતો કે જયોતિગ્રામનના થાંભલા પડી જવા બાબત, તો માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામમાં જે પોલ નાખવામાં આવ્યા છે એ માટે મેં એક અધિકારીને પૂછયું કે આ જયોતિગ્રામની લાઈનના અલગ કેમ થાંભલા નાખવામાં આવ્યા છે, એના કોઈ કારણો ખરા? ત્યારે એ અધિકારીએ કહ્યું કે, જૂના થાંભલા એ કોંગ્રેસે નાખ્યા છે એમાં જો તાર જોડવામાં આવે તો આ યોજનાનું કોઈ મહત્ત્વ ન રહે અને જે કોઈ ભ્રષ્ટાચાર કરવો છે એ આમાં ન થઈ શકે, એટલા માટે આ જુદી લાઈન છે. ( સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ..

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : (મુખ્ય દંડકશ્રી) : હું સભાગૃહની બેઠકનો સમય માનનીય મંત્રીશ્રી, નરોત્તમભાઈનું વક્તવ્ય પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર પાંચ મિનિટ વધારો તો વાંધો નથી.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : કુલ મળીને ૨૫ મિનિટ.... અને આમાંથી તો આપને મટિરિયલ્સ મળશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ મિનિટ સમય ભલે વધારો.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી,.....

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** :પાંચ મિનિટ લંબાવો. માનનીય સભ્યશ્રી પ્રવિણભાઈએ પાંચ મિનિટ લીધી છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, વીસ મિનિટ જોઈશે. માનનીય બલવંતસિહ, આપે પંદર મિનિટની જગ્યાએ ૨૨ મિનિટ ,એમણે લીધી તો પણ અમે બોલ્યા નથી.

**સભાપતિશ્રી**: સભાગૃહ સંમત છે? (થોડીવાર બાદ ) સભાગૃહનું કામકાજ માનનીય મંત્રીશ્રી, નરોત્તમભાઈનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી લંબાવવામાં આવે છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠો, જળસંપત્તિ :કલ્પસર પ્રભાગ સિવાય: મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતનું સને ૨૦૦૬-૨૦૦૭નું અંદાજપત્ર સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કર્યુ છે તેને હું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ અંદાજપત્ર એ કોઈ સામાન્ય જાહેરાત નથી પરંતુ આ ગૃહમાં રજૂ કરેલું પાંચ કરોડ ગુજરાતીઓના વિકાસનો દસ્તાવેજ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પાંચ કરોડની પ્રજાને ધ્યાને રાખી કેવી રીતે વિકાસની ગતિ આપવી તેનો ચિતાર એમાં તૈયાર કર્યો છે. નાણાકીય આંકડાઓ સાથે અને કંઈક જગ્યાએ ગૃહ સમક્ષ વર્ણનાત્મક રીતે જે ખાતરી માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આપી છે એની જાહેરાતો પણ કરી છે. સરકારનો ઇરાદો છે કે આ શકિતશાળી ગુજરાત શા માટે હરણફાળ ન ભરી શકે. સારા અને સાચા નેતૃત્વએ અંદાજપત્રમાં નીચેના ઉલ્લેખો કરીને ગુજરાતની પ્રજાને સંદેશો આપ્યો છે અને આ તમામ સંદેશાનો સાકાર પ્રતિભાવ મળશે એવી મને ખાતરી છે અને આથી હું પણ એમના આહ્‌વાન સાથે જોડાવા માટે ઊભો થયો છું. તેમણે હિંમતથી અંદાજપત્રમાં લખ્યું છે, માનનીય અધ્યક્ષશ્રી, કવિ શ્રી નર્મદે કહયું છે તેમ, " તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત,
શુભ શકુન દીસી મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત."

માનનીય અધ્યક્ષશ્રી, હવે કોંગ્રેસની રાત વીતી ગઈ છે એનો પણ ઉલ્લેખ, આમ નર્મદે ઉલ્લેખ એ વખતે કર્યો હતો. (અંતરાય) આવો, આપણે સાથે મળીને.... (અંતરાય) ડીસ્ટર્બ નહીં કરો તો જલદી પૂરું થશે, માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કરીને વિરોધપક્ષના નેતાશ્રીને યાદ કરવા છે. તેઓએ પોતાની ઉંચાઈ બતાવવા માટે અને એક શકિતશાળી ગુજરાતના નેતૃત્વને આંબવા માટે પ્રયત્ન કર્યો છે. ઘણી વખત એમના સાથી મિત્રોએ પણ ઉંચાઈને આંબવા માટે પ્રયત્નો કર્યા છે. પરંતુ નેતા જન્મે છે નેતા બનતા નથી એનો ખ્યાલ મારા સામેના સાથી મિત્રોએ રાખવો જોઈએ. મારા સામેના મિત્રોએ નેતૃત્વને આંબવાનો જે પ્રયત્ન કર્યો છે એ હિમાલયને આંબવા જેવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રચનાત્મક ભૂમિકા અદા કરીને એમણે વાત કરી હોત અને જવાબદારી ઉભી કરી હોત વિરોધ પક્ષના નેતાશ્રીએ અને કોઈ સૂચનો દ્વારા ગુજરાતની પ્રજાને ન્યાય આપવા પ્રયત્ન કર્યો હોત તો લેખે લાગત. પણ ફકત રાજકીય અવલોકનો કરીને આ આખા અંદાજ પત્રની મૂલવણી કરી છે અને પોતે નેતૃત્વ બતાવવા માટે થઈને માનનીય મુખ્યમંત્રીશ્રીની ઉંચાઈને અડકવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે કહેવું છે કે ગુજરાતની પ્રજાએ એમનું નેતૃત્વ જોયું છે. ગયા વખતે બન્ને નેતાઓની ચૂટણી ગુજરાતમાં આવી ત્યારે બન્ને નેતાઓએ પોત પોતાના વિભાગમાં કામ કર્યું પણ આ લોકશાહીમાં અગર કોઈ માપદંડ હોય તો ફકત અને ફકત પ્રજા છે અને એનો કોઈ તબક્કો આવે છે ત્યારે ગમે એટલી પ્રેકિટશ મેચ કરી હોય પણ જયારે રીયલ મેચ આવે છે ત્યારે રિઝલ્ટ આવે છે અને ગુજરાતમાં પણ એવો મોકો આવ્યો બન્ને બાહુ બળિયાઓ વચ્ચે અને હમણાં થોડા સમય પહેલાં ગુજરાતની ભૂમિ ઉપર લોકશાહી પધ્ધતિએ ચૂંટણીઓ આવી અને એમાં લોકો સમક્ષ ગયા ત્યારે ઘણા વિવાદો ઉભા કર્યા, ઘણાં મિત્રોએ સાથ આપ્યો, કોંગ્રેસે ખૂબ કર્યું, બળવંતસિંહે ખૂબ કર્યું અને અમરસિંહભાઈએ પણ ખૂબ કર્યું, અમને કોઈ વાંધો નથી. અમે એમ નથી કહેતા કે કોંગ્રેસે કશું કર્યું નથી. પણ શું કર્યું, શેના માટે કર્યું, કેવી રીતે કર્યું? એ બધા પાસાંઓના પેરેગ્રાફ હોય છે. અમે જયારે નાના હતા અને ભણતા હતા ત્યારે એમ થતું કે કેમ આ લોકો આવું કરે છે? એમાંથી નેતૃત્વ લોકોનું આવે છે અને અમારા પક્ષના શાસનમાં બેઠેલા આ લોકો છે એ એમાંથી આવેલા છે. રાષ્ટ્રને નુકસાન કરનારા લોકો આમ કેમ કરે છે? ગુજરાતના વિકાસની વાત કેમ કરી શકતા નથી? માનનીય અધ્યક્ષશ્રી, મારે ધ્યાન દોરવું હતું કે, ગુજરાતમાં ગઈ ચૂંટણીમાં તેઓને બરાબર પરચો મળ્યો છે અને પ્રજાએ માપદંડથી માપી બતાવ્યું છે. સાઈઝ પ્રમાણે વેતરી નાંખ્યા છે અને છતાં પણ આટલો અવાજ કરે છે ત્યારે મને એમ થાય છે કે હજુ બીજી વખત ઠેકાણે લાવવાનું હજુ બાકી છે. અમને કોઈ વાંધો નથી. લોકશાહી પધ્ધતિમાં લડી લઈશું.

માનનીય અધ્યક્ષશ્રી, મારું કહેવું એ હતું કે, મહા-નગરપાલિકામાં જયારે પ્રજાએ અમને ચૂંટણીમાં જીતાડયા ત્યારે એમણે એમ કહ્યું કે, ગામડાંઓમાં આવજો, નગરપાલિકાઓમાં આવજો. મહા-નગરપાલિકામાં તો શહેરી વિસ્તારના લોકો હોય છે એ તો તમારા જેવા ભણેલા છે. ત્યાંથી નગરપાલિકાઓમાં ગયા અને નગરપાલિકાઓમાં જયારે ચીત થઈ ગયા ત્યારે કહ્યું કે નહીં, ગામડાઓમાં આવજો. જિલ્લા પંચાયતોમાં તમારી ખબર લઈ નાંખીશું. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ કારણસર અગાઉના વખતમાં અમારી પીછેહઠ થઈ હતી પણ, આ વખતે એમાં પણ ૮૫ ટકા સીટો ભારતીય જનતા પાર્ટીએ મેળવી લીધી છે અને અમારા નેતાઓએ બતાવી આપ્યું છે કે, કોંગ્રેસ કઈ જગ્યાએ બેઠી છે? અને છતાં પણ ફૂંફાડા મારવામાં બાકી રાખતા નથી. જયારે માણસ ખોટું બોલવાનું શરુ કરેને ત્યારે એનું પૂરું થતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડુંક યાદ કરાવવું છે કે, દરેક વખતે અમારી સાથે સરખામણી કરવા જાય છે. મારી સાથે મારા વિભાગનું રેકર્ડ હું લઈને આવ્યો છું. એમનું બજેટ હું જયારે મંત્રી બન્યો એ પહેલા ૬૦ કરોડ હતું પીવાના પાણી માટેનું. કોંગ્રેસના કોઈ મિત્ર મને કહે કે, ૬૦ કરોડમાં ગુજરાતની પીવાના પાણીની યોજના બને? (અંતરાય) તમે કહેશો તો રેકર્ડ આપીશ. ૪૭ કરોડ, ૧૯૮૫ થી શરુ કરું તો આજ સુધીનો ઈતિહાસ લઈને આવ્યો છું. છેલ્લે ૧૯૯૬-૯૭માં જયારે તમે રોજ શંકરસિંહ વાઘેલાના નામનો ઉલ્લેખ કરો છોને? તો એ વખતે ૧૩૦ કરોડે આવીને અટકી ગયા હતા, એની સામે અમારું આજનું આ બજેટ ૧૫૦૦ કરોડ એકલા પેવાના પાણી માટેનું લઈને આવ્યા છીએ. એ લોકો પાઈપ લાઈન નાંખી શકે. કચ્છની ધરતી સુધી પાણી પહોંચાડનારા અમે લોકો છીએ, સૌરાષ્ટ્રને પાણી આપ્યું હોય તો અમે આપ્યું છે. રાજકોટ અને જામનગરની ટ્રેન બંધ કરી હોય તો એ આ સરકારે બંધ કરી છે. આ માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે ગુજરાતમાં પાઈપો પથરાઈ છે. તમારા સિદ્ધપુરમાં પાણી પીતા કર્યા હોય તો આ સરકારે કર્યા છે. તમારી મારી સામે બેઠેલા તમામ લોકોના ઘરમાં પાણી આવતું હોય તો આ સરકારનું પાણી આવે છે (અંતરાય) બીજું તો ઠીક છે પણ આ કટ ટુ સાઇઝ એટલા માટે એમનું થાય છે કે હમણાં ચાર દિવસ અગાઉ અમારા બળવંતસિંહજી ઉલ્લેખ કરતા હતા, અમારા દિનેશ પરમાર વ્યંગ કરતા હતા કે આ સરસ્વતી- નર્મદાના સંગમમાં પાણી નથી ટકતું છોકરાઓ ક્રિકેટ રમે છે અમારી ડોક નીચી નમી જાય છે હું કહું છું કે ઊઠીને મારી સાથે ત્યાં આવો સરસ્વતી નદીના કિનારે અગર ત્યાં પાણી બે કાંઠે ના ભરેલું હોય તો હું રાજીનામું આપવા તૈયાર છું (અંતરાય) આજે બળવંતસિંહ મારી જોડે આવો ત્યાં બે કાંઠે પાણી વહે છે (અંતરાય) આજે બળવંતસિંહ જે સ્મશાનગૃહના ટ્રસ્ટી છો એના કિનારા પર પાણી ભરેલા પડ્યા છે. તમને સાચું અને સારું દેખાતું ન હોય તો એમાં અમારો કોઈ દોષ નથી. દોષ એમની જોવાની પદ્ધતિનો છે, પણ લોકશાહીમાં તો લોકો જૂએ છે અને કટ ટુ સાઇઝ કરે છે. એનો ઇતિહાસ, ભૂતકાળના ટૂંક સમય પહેલાં એમણે જોયો છે અને હજી પણ

વધારે અનુભવ કરવો હોય તો થોડીક રાહ જૂઓ. આ સરકારનો અભિગમ સામાન્ય માણસને ઉપર લાવવાનો છે એમાં કોઈ મીનમેખ નથી. અમારા સામાન્ય માણસ માટે ટીકા કરી, અમારા આદિવાસી વિસ્તારના ભાઈઓ ટીકા કરતા હતા કે સમાજ કલ્યાણ માટે અગર તો આદિવાસીઓ માટે કંઈ કર્યુ નથી. આ સરકારે લગભગ ૪૦ ટકા જેટલું બજૅટ સમાજ કલ્યાણમાં વાપરેલ છે. સામાન્ય ગરીબ લોકોને માટે અમે ૪૪૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ વાપરીએ છીએ.

નર્મદા યોજના અને સુજલામ્-સુફલામ્ યોજના, પાણી પુરવઠાની યોજના ફક્ત સુખી લોકો નથી વાપરતા, ગરીબ ખેડૂતો પણ વાપરે છે એમાં ૪૦૧૯ કરોડ રૂપિયાનું પાણી માટેનું આ બજૅટ બનાવ્યું છે. ૩૩ ટકા બજૅટ ફક્ત સિંચાઈના માટે વાપરવાના છીએ. આ સરકારે એવો નિર્ણય કર્યો છે, અમારા મુખ્યમંત્રીશ્રીએ પંચામૃત પદ્ધતિએ આ ગુજરાતનો વિકાસ હાથમાં લીધો છે. આમાં જળ ક્રાંતિ એ એમનો મેઈન વિષય છે અને હું એનું ગૌરવ લઉં છું. જ્યાંસુધી ગુજરાતના ખેડૂતના અને ગામેગામમાં પીવાના પાણી ઉપરાંત સિંચાઈનું પાણી નહિ પહોંચાડીએ ત્યાંસુધી કોઈ દિવસ વિકાસનો દર ઊંચો થવાનો નથી એ વાત આ સરકારે સ્વીકારી લીધેલી છે અને એટલા માટે અનેક ક્ષેત્રની રીતે અમે ફક્ત નર્મદાનો ડેમ નથી બાંધતા, એકલા નર્મદા ડેમ બંધની પ્રક્રિયા કરવાથી છેક કચ્છની ધરતી સુધી પાણી ન જાય અથવા સૌરાષ્ટમાં બધી જગ્યાએ પાણી ન પહોંચે અને એટલા માટે હરિયાળી ક્રાંતિ કરવા માટે કૃષિ વિસ્તારનો વિકાસ કરવા માટે સિંચાઈ વિભાગે સહયોગ કરવાનો નિર્ણય કર્યો છે. બીજું હરિયાળી ક્રાંતિનો જે મુદ્દો અમે આપ્યો છે એને ગુજરાત સરકારના આ બજૅટની અંદર અમે આમેજ કર્યુ છે એનું હું અનુમોદન કરું છું અને અમારો નિર્ણય છે કે નર્મદા યોજના દ્વારા પાણી આપવું છે એનો વિકાસ કરવો છે એના પણ ચારેબાજુથી કામ હાથમાં લીધા છે. સુજલામ્-સુફલામ્ યોજના દ્વારા આપ અમને એન્કરેજ કરો યા ન કરો આ યોજના દ્વારા કડાણાની અંદરથી વહેતું વધારાનું દરિયામાં જતું પાણી બનાસકાંઠાના છેલ્લા છેવાડાના વિસ્તાર સુધી લઈ જવાનો નિર્ણય આ સરકારે કર્યો છે. દરિયામાં વહી જતા આ નર્મદાના પાણીને આજસુધી તો જવા દીધું એ તો અમારી સામે બેઠેલા મિત્રોને કોઈ દિવસ યાદ નહિ આવ્યું કે આ નર્મદાનું પાણી દરિયામાં જાય છે એને કેનાલમાં વહેતુ કરીને લિફ્ટ ઈરીગેશન કરીને ઉત્તર ગુજરાતના સૂકા ભઠ્ઠ પડેલા નવ નવ ડેમમાં ભરવાની યોજના કરી તો એમ કહ્યું કે એ તો મોઘું પડે છે. મિત્રો હું તમને એમ કહું છું કે આ પીવાનું પાણી જો મોંઘું પડતું હોય અગર કચ્છની ધરતી ઉપર આપેલું પાણી હું પાંચ વખત પંપ મારીને મોકલતો હોઉં તો એ પાણી એ મોંઘુ પડતું હોય તો એ પાણી પીવાનું માંડી વાળો અને આગળ જો ખેડૂતોના ખેતરમાં પહોંચતા પાણી જો એ પણ મોંઘું પડતું હોય તો એ પણ મોંઘું પાણી પણ લાવીને કિસાનનો (અંતરાય) આ પાણી આપવા માટેનું બજેટનું જે આયોજન છે તે આયોજન અમે હાથમાં લીધું છે. (અંતરાય) તમારું પણ આવશે બહેન. સુકકી ભઠ્ઠ ગુજરાતની તમામ નદીઓ ઉપર બધે નર્મદા નદી ના પહોંચે તો સુકકી ભઠ્ઠ પડેલી નદીઓ ઉપર અમે ચેક ડેમ બાંધવાનું નક્કી કર્યુ છે. બધા જ તળાવો ઉંડા કરવાનું નક્કી કર્યુ છે. હયાત નહેરોની મરામત પણ કરવી છે તે બાબતમાં પણ હું સહમત છું અને તેને માટે પણ આ સાલે પૂરતું બજેટ કરીને હયાત કેનાલો પણ સાફ કરાવવી છે. સિંચાઈ વિસ્તારને વધારવા માટે અને નહેરોને એકસ્ટેન્શન કરી રહ્યાં છીએ. ગઈ સાલે પ્રયત્ન કરીને પાંચ લાખ હેકટર જમીન અમે વધારે સિંચાઈ કરી, પાણી લાવ્યા એટલું જ નહીં પાણીનું વિતરણ પણ કર્યુ અને ત્યાર પછી સરકારે એ નિર્ણય કર્યો કે આ પાણી પણ ગુજરાતની પૂરી ધરતીના ખેડૂતોને પહોંચી નહીં વળે માટે તેને માટે ટપક સિંચાઈની પદ્ધતિએ ડેવલપમેન્ટ કરવા માટે ૧૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન, માનનીય મુખ્યમંત્રીશ્રીએ તે મંજૂરી આપી છે (અંતરાય) બળવંતભાઈ આ સાચે જ ગંભીર મુદ્દો છે. સામે બેઠેલા મિત્રોનો સહયોગ અમે માગીએ છીએ પરંતુ સાચા અર્થમાં તમને જો એમ લાગે કે આ મુદ્દાઓ સાચા છે તો આપે તેમાં સહયોગ કરવો જોઈએ. ૧૫૦૦ કરોડ રૂપિયાની માતબર રકમ ફાળવી છે તેનો પૂરો ઉપયોગ કરીને ગામડાંના ખેડૂતો સુધી ટપક પદ્ધતિએ લઈ જવું જોઈએ. દરિયામાં જતા પાણી, દરિયામાં પાણી જાય છે તેને ટાઈડલ રેગ્યુલેટર કરીને ખારા પાણીને રોકવાની એક પદ્ધતિ પણ એક બીજી પદ્ધતિ છે, સ્પ્રેન્ડીંગ કેનાલ કરીને દરિયા કિનારે આ પાણીને રોકીને તેને લાવવાનું છે. પી.આઈ.એમ.પદ્ધતિ ખેડૂતોને આ કામગીરીની જવાબદારી સોંપીને સિંચાઈને પી.આઈ.એમ. પદ્ધતિએ અમે સિંચાઈ કરવાનું શરૂ કર્યુ. ૧૬ હજાર હેકટર જમીન ધરોઈમાં અમે કોઈ દિવસ એક સિંચાઈ કરી શકયા નહોતા. આ વખતે ૩૫ હજાર હેકટર અમે સિંચાઈ કરી શકયા. પી.આઈ.એમ.પદ્ધતિએ આ સમગ્ર ગુજરાતમાં અને સમગ્ર દેશમાં આ એક મોડેલ પદ્ધતિએ આપણે ખેતી કરવા માગીએ છીએ. ખેડૂતો ખેતી કરી શકે ઘેડ વિસ્તારની મેં મુલાકાત કરી. ઘેડ વિસ્તારને પણ ઘણું બધું કરવાની જરૂર છે અને તેમાં પણ તેના તળાવોમાં પાણી ભરવાની આવશ્યકતાને મેં સમજી લીધી છે અને તે રીતે કરીને તે દૂરના વિસ્તારોને પણ અમારે પાણી આપવું છે. જળ સંચય, જળ સિંચન, ટપક સિંચાઈ, સોઈલ હેલ્થ કાર્ડ, એગ્રો પ્રોસેસીંગ આ બધા જ દ્વારા આપણે ગુજરાતનો વિકાસ કરવાનો છે અને જે રીતે આ હરિયાળી ક્રાંતિની દિશામાં અમારી સરકાર આગળ વધી રહી છે. એક ખૂબ પવિત્ર પ્રસંગ બની ગયો નર્મદા મહાસંગમનો. સરસ્વતી મહાસંગમ તેની અંદર પાણીને ખૂબ સારી રીતે લાવ્યા પછી ધાર્મિક એક લાગણી લોકોની આવી. તદ્‌ઉપરાંત ઉત્તર ગુજરાતના સૂકા વિસ્તારને ૨૦૦ ફૂટ રેતીના થરમાં રીચાર્જીંગ થયું, કૂવો રીચાર્જ થાય, ખેડૂતોના ખેતરમાં પાણી આવ્યા, ટયુબવેલ રીચાર્જ થયા લોકોમાં આનંદ છવાયો. તેની ઉપર કાલીમા છવાવાનું કામ (અંતરાય) બલવંતસિંહ આપ તો તે વિસ્તારના પ્રતિનિધિ છો. કમસે કમ આપના દ્વારા પ્રયત્ન ના થાય એવી અપેક્ષા રાખું છું.

મારે હજુ તમને થોડી પીવાના પાણી માટેની વાત કરી જ દેવી છે. અમારા મિત્રો કહે છે કે અમે બધુ બહુ કર્યુ છે. ૧૯૯૨-૯૩ થી એક થોડો નાનો ટૂંકો ઇતિહાસ તમને આપવો છે. ૧૯૯૨-૯૩માં તેમણે જૂથ યોજનાઓ કરી હતી. ૫૦ વર્ષથી ૨૫૯૦ કરી હતી, ગામો જોડ્યા હતા ૨૭૯ એટલે પાંચ પાંચ, સાત સાત ગામડાંઓને જોડીને એમણે પ્રયત્ન કર્યો તો બીજા વર્ષે ૫૫ ગામ જોડ્યાં, ત્રીજા વર્ષે પછી ૯૫-૯૬માં ત્રણ ગામ જોડ્યા. બીજા આ ત્રણ ગામ, બે ગામ અને પાંચ ગામ એમ કરવાથી ગુજરાતની પાણીની સમસ્યાનો ઉકેલ ના આવે. ૧૯૯૬-૯૭ પછી આ સરકારે હાથમાં લીધું ૮૩૭૨ ગામોને જોડી દીધા અને તેને કારણે આજે સૂકા પ્રદેશોને પાણી પહોંચી શક્યું છે. આટલી કામગીરી કર્યા પછી આ સરકાર પીવાનું પાણી આપે છે તેમ કહે છે તો તેમા કંઈ ખોટું નથી અને ગુજરાતની પ્રજા કહે છે અને સમગ્ર દેશના લોકો કહે છે કે જળક્રાંતિમાં અને જળ વિષયક ગુજરાત સરકારે ઘણું કામ કર્યુ છે.

ઊર્જા વિષયમાં લોકોને કહેવું છે મને પણ કલ્પના નહોતી આવતી જેના વખતે જયોતિ ગ્રામની યોજના હાથમાં લીધી. કે આ કેવી રીતે શકય બને? હમણા મારા મિત્ર ઉલ્લેખ કરતા હતા કે અમે ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપતા હતા. આપ થ્રી ફેઈઝ, એક વાયરમાંથી થ્રી ફેઈઝ બનાવતા હતા, એ કામ આપે સંભાળી લીધું હતું. એક ફેઈઝમાંથી થ્રી ફેઈઝ કેવી રીતે કરવું અને સરકારની સંપત્તિ કેવી રીતે લૂંટવી, લૂંટાવવી એવું કામ કરનારા લોકોને તકલીફ પડી છે. ૨૪ કલાક આપતા હતા, લેનારા ૨૪ કલાક લેતા હતા. સુરતમાં પણ ૨૪ કલાક લેતા હતા. એ બધા જેલ ભેગા થઈ ગયા. અમારા મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે એમને જેલ ભેગા અને ઘર ભેગા કર્યા અને તે બાજુ આવી ગયા. ઉર્જા વિભાગે ક્રાંતિ કરી છે. ૧૬ હજાર ગામડાને થ્રી ફેઈઝ આપવાનું અદ્‌ભૂત કાર્ય કર્યુ છે. આ કામ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને મંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછાં છે. માત્ર પાવર આપવાનો જ નથી, પણ પાવર જનરેટ કરવાની દિશામાં પણ આ વિભાગ ઘણો આગળ વધી રહ્યો છે. પાનંધ્રો, ધૃવારણ, સરદાર સરોવર અને માંગરોળ, સુરત વિભાગમાંથી ૧૬૫૧ મેગાવોટ પાવર જનરેટ કરવાનું આયોજન કર્યુ. લિગ્નાઈટ આધારિત સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતમાં ૨૦૦૦ મેગાવોટ જનરેટ, પીપાવાવ ગાતે ગેસ આધારિત વીજમથક દ્વારા ૭૦૦ મેગાવોટ જનરેટ કરવાનું આયોજન કર્યુ. કેન્દ્ર સરકાર સાથે મળી કચ્છ જિલ્લાના મુંદ્રા ખાતે ૪ હજાર મેગાવોટનું આયોજન કર્યુ છે. આવતા દિવસોમાં માત્ર પૂરતો જ નહીં, પણ સારો એવો પાવર અવેલેબલ થાય એનું પણ આયોજન આ સરકારે કર્યુ છે અને એ ગૌરવ લેવાનો આ સરકારને પૂરો અધિકાર છે.

શહેરી વિકાસની વાત કરી. ઘણી વખત એમ થાય કે માત્ર શહેરોમાંથી અમે આવ્યા છીએ, તો શહેરોમાંથી પણ જીત્યા, ગામડાઓમાંથી પણ જીત્યા, વચગાળાના નગરોમાંથી પણ જીત્યા. હવે અમને કયાં મોકલવાના છે એ પણ તમે વિચારી લેજો. મારે ધ્યાન એ દોરવું હતું કે શહેરી વિકાસ વર્ષ તરીકે આપણે ગયા વર્ષને ઉજવ્યું. મેં જોયું કે શહેરી વિસ્તાર, નગરપાલિકાઓ હેન્ડ ટુ માઉથ હતી. પગાર આપવાના પણ પૈસા નહીં, કોઈ વ્યવસ્થા નહીં. અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેજા નીચે અમારા શહેરી વિકાસ મંત્રીશ્રીએ જે રીતે કામ હાથમાં લીધું, અને તમામ નગરોની અંદર જે વ્યવસ્થા કરી. એના નીતિ નિયમો સુધાર્યા. આજે દરેક ગામોમાં, દરેક શહેરી વિસ્તારોમાં જાઓ તો....

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, ૫ મિનિટ બીજી થઈ ગઈ.

**સભાપતિશ્રી** : માનનીય નરોત્તમભાઈ..

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)** : શકય એટલું જલદી પૂરું કરીશ. ૧ લાખ કરતાં વધારે દબાણો દૂર કર્યા. મિલકતો ખુલ્લી કરી. (સતત અંતરાય) શકય એટલું વહેલું પૂરું થઈ જશે. અમદાવાદનો વિકાસ કરવામાં સાબરમતી રીવર ડ્રાઈવ કરી. સુરતમાં તાપી રીવર ડ્રાઈવ કરવાનું આયોજન થઈ ગયું છે. શિક્ષણ વિભાગમાં પણ બજેટમાં શિક્ષણનો જે ઢાંચો હતો, એને સદંતર બદલાવીને જે પદ્ધતિએ શિક્ષણ આગળ વધતું જાય છે, એ આંતરરાષ્ટ્રિય કક્ષાએ ગુજરાતના વિદ્યાર્થીને કેવી રીતે પહોંચાડવો અને એ પહોંચી વળે એ માટેનું આયોજન થાય છે અને ધીરે ધીરે એ દિશામાં આપણે પગરણ કરી રહ્યા છીએ.

શિક્ષણમાં ગુણવત્તાના ધોરણે ગ્રાન્ટ આપવાનો નિયમ કર્યો. આ સરકારનો એ એક નવો અભિગમ છે. શિક્ષકો પણ બેજવાબદાર ન રહે અને ગુણવત્તાની કસોટી રહે તે માટે શિક્ષણનું થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન અને શાળાઓના ઘડતરની નવી આગવી પદ્ધતિ કરીને શિક્ષણમાં પરિવર્તન લાવી રહ્યા છીએ. પ્રવાસન વર્ષ તરીકે ચાલુ વર્ષને લઈ ગરીબ લોકોને રોજીરોટી મળી રહે એના માટે આખું આયોજન કર્યુ છે. ૧૦૦ કરોડ રૂપિયા જેટલું માતબર બજેટ આપીને એની શુભ શરૂઆત કરી છે. ગૌ-રક્ષા, ગૌવંશના રક્ષણનો કાયદો કર્યો છે અને એને લીધે ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. સમગ્ર દેશના બીજા રાજયો પણ આનું અનુસરણ કરશે એવી આશા રાખીએ છીએ.:માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં પણ સામાન્ય લોકોને ૩૪૧ કરોડ રૂપિયાની રાહત આપી છે. આ બજેટ ખૂબ આવકારદાયક એટલા માટે છે કે એમાં રાહત આપી છે. સ્ટેમ્પ ડયુટીમાં ૧૯૫ કરોડ રૂપિયાની રાહત આપી છે એનાથી સામાન્ય માણસને પણ મદદ મળી છે, વીજળીના દરમાં ૧૨૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે, શૈક્ષણિક સંસ્થાઓને ૬૫ કરોડ રૂપિયાની રાહત આપી છે. જી.આઈ.ડી.સી.નું સાંભળવા જેવું છે કે નાના નાના ઉદ્યોગપતિઓ માટેની જે લિઝિંગ સિસ્ટમ હતી અને ૯૯ વર્ષના પટ્ટે આવા નાના ઉદ્યોગકારો જે જી.આઈ.ડી.સી. પાસેથી લીઝ ઉપર

જમીન લેતા હતા અને આજે એ ઉદ્યોગોને ફ્રી હોલ્ડ જમીન મળે એટલા માટે ક્રાંતિકારી નિર્ણય જાહેર કરેલ છે, વેઈટ લાગુ પાડીને ગુજરાતનું હિત જોયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારી પાસે ઘણીબધી માહિતી છે, પરંતુ જયારે વિભાગવાર માગણીઓ આવશે ત્યારે એના ઉપર વધુ બોલીશું. આ બજેટને હું સમર્થન આપું છું અને મિત્રોને ખાસ કરીને સહયોગ કરવા માટે પણ અપીલ કરું છું.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૨૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તાઃ ૯ મી માર્ચ, ૨૦૦૬ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે મુલવતી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૯મી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૧૮, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી, પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય**

***૧૪૨૮૬ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય માટે જીલ્લાવાર કેટલી અરજીઓ મળી, અને

(૨) આ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ કયા કારણોસર નામંજૂર કરવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૪,૧૩૮ |
| ૨. | મહેસાણા | ૭૦૭ |
| ૩. | પાટણ | ૪૨૨ |
| ૪. | ખેડા/નડિયાદ | ૭૭૦ |
| ૫. | આણંદ | ૨૦૬ |
| ૬. | સાબરકાંઠા | ૮૨૧ |
| ૭. | બનાસકાંઠા | ૧,૬૫૫ |
| ૮. | રાજકોટ | ૩૮૪ |
| ૯. | જામનગર | ૨૮૮ |
| ૧૦. | જુનાગઢ | ૭૯૨ |
| ૧૧. | પોરબંદર | ૧૬૩ |
| ૧૨. | સુરેન્દ્રનગર | ૮૫૫ |
| ૧૩. | ભાવનગર | ૫૩૪ |
| ૧૪ | અમરેલી | ૫૩૫ |
| ૧૫. | કચ્છ-ભુજ | ૧૫૫ |
| ૧૬. | સુરત | ૨૦૧ |
| ૧૭. | વડોદરા | ૪૬૮ |
| ૧૮. | ભરૂચ | ૩૩૨ |
| ૧૯. | નર્મદા | ૧૮૫ |
| ૨૦. | વલસાડ | ૧૫૪ |
| ૨૧. | નવસારી | ૪૦ |
| ૨૨. | ડાંગ | ૦૦ |
| ૨૩. | પંચમહાલ | ૩૧૬ |
| ૨૪. | ગાંધીનગર | ૩૯૨ |
| ૨૫. | દાહોદ | ૬૪ |
| | કુલ | ૧૪,૫૭૭ |

(૨)

| ક્રમ | નામંજૂર અરજીઓની સંખ્યા | નામંજૂરના કારણો |
|---|---|---|
| ૧. | ૫૧૮ | અરજદારની ઉંમર ૫૦ વર્ષ કરતાં વધુ હોવાથી |
| ૨. | ૩૩૭ | રૂા.૨૪,૦૦૦/-કરતાં આવક વધારે હોવાથી. |
| ૩. | ૪,૬૪૫ | પોતાના નામે જમીન ન હોવાથી |
| ૪. | ૧,૯૦૪ | સાધનિક આધાર પુરાવા રજૂ ન કરવાથી |
| ૫. | ૮૧૭ | સ્થળ તપાસમાં પાકું મકાન ધરાવતા હોવાથી. |
| ૬. | ૩૩૪ | અન્ય યોજના હેઠળ સહાય મેળવેલ હોવાથી |
| ૭. | ૧,૦૫૧ | તા. ૮-૬-૨૦૦૫ના ઠરાવની જોગવાઈ મુજબ જુની અરજીઓ રદ થઈ છે. |
| કુલ | ૯,૬૦૬ | |

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ ૭૦ ટકાથી વધારે અરજીઓ નામંજૂર કરવાનું બતાવ્યું છે. માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે સરકારે ૨૦૦૪-૦૫ ના બજેટમાં શું ફાળવણી કરેલી અને એની અંદર કેટલો ખર્ચો થયેલો? બીજો પ્રશ્ન જે ૯,૬૦૬ અરજીઓ નામંજૂર કરી એની અંદર સાતમા મુદ્દામાં તા. ૮-૬-૨૦૦૫ ના ઠરાવની જોગવાઈ મુજબ જૂની અરજીઓ રદ કરી તો એ ઠરાવ શું છે અને મંજૂરીના નિયમો શું છે?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫-૦૬ ના વર્ષ દરમ્યાન જાન્યુઆરી ૨૦૦૬ અંતિત ૧૦૬૨.૬૮ ની જોગવાઈ રાજ્ય સરકારે કરેલી, એમાંથી ખર્ચ ૩૦૫.૫૫ થયો. આ ખર્ચ ઓછું થવાનું કારણ એ છે કે ગુજરાત પંચાયત પરિષદ રાજ્ય સરકારે જે નવો જી.આર. બહાર પાડ્યો, એની સામે એ હાઈકોર્ટમાં ગયા. હાઈકોર્ટમાં સ્ટે નથી. હાઈકોર્ટમાં આ મેટર હોવાના કારણે જે તે વખતે જે કામો થવાં જોઈતાં હતાં, તે કામો થયાં નહિ, એના કારણે આ ગ્રાન્ટ પૂરેપૂરી વપરાઈ શકી નથી. રાજ્ય સરકારે ૮-૬-૨૦૦૫ ના રોજ નવો પરિપત્ર કર્યો. આ પરિપત્રમાં આ સરકારની પારદર્શિકતા આવે, એટલા માટે નિયમો કર્યા અને જે પ્રમાણે લેખિતમાં આવે છે, એ પ્રમાણે ૯,૬૦૬ જેટલી અરજીઓ આપણે રદ કરી છે, એટલા માટે રાજ્ય સરકારના નીતિનિયમો છે, એ નીતિનિયમો પ્રમાણે જે અરજીઓ આપણે મંજૂર કરી છે અને સામાન્ય રીતે જ્યારે આટલી અરજીઓ મંજૂર થાય છે,

છેલ્લા ૩ વર્ષના સમયગાળા દરમ્યાન રાજ્ય સરકારે એ અભિગમ અપનાવ્યો કે ક્યાંક અધૂરાં મકાન છે. આ ૩ વર્ષના ગાળા દરમ્યાન ૧૭૪૪૫ અધૂરાં મકાનો હતાં. આ ૩ વર્ષ દરમ્યાન ૧૭,૨૩૪ મકાનો પૂરાં કરવામાં આવ્યાં. જ્યારે આ પરિપત્ર બહાર પાડ્યો, એ વખતે એમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે જે પણ અધૂરાં મકાનો તા. ૩૧-૩-૨૦૦૫ સુધીમાં છે, તે બધાં મકાનો પૂર્ણ કરવાં અને છતાં જે મકાનો અધૂરાં એટલે કે પૂર્ણ નથી થયાં, તેને નવા વર્ષમાં ગ્રાન્ટ આપીને અધૂરાં મકાનો પૂરાં કરવામાં આવશે, એટલું પૂરતું નથી. રાજ્ય સરકારે જે તે જિલ્લાના અધિકારીઓને વહીવટી મંજૂરી આપી છે, તે વહીવટી મંજૂરીવાળાં મકાનોને પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવેલ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : પહેલો પ્રશ્ન પૂછયો હતો આની અંદર ૬૦ લાખ રૂપિયાથી વધારે વિનિયોગ પાના નં. ૧૮૯ ઉપર ૨૦૦૪-૦૫ ની અંદર વધી છે. સરકાર આટલી મોટી ગ્રાન્ટ ફાળવતી હોય અને નામંજૂર કરવાના કારણે વાલ્મિકી સમાજના અને બધા અનુસૂચિત જનજાતિના એની અંદર ફાળવેલ પૈસા પડ્યા રહે. ૭ માંની અંદર વસ્તુ બતાવી છે કે સરકારશ્રી આટલા મોટા બજેટની ફાળવણી કરતી હોય, પૈસા પડ્યા રહેતા હોય, એમાં જે મહત્ત્વનો મુદો છે, જેના નામે જમીન નથી, જેની પાસે ચોક્કસ જમીન નથી, તો સરકાર જમીન ફાળવવાના પૈસા આ રીતે આપે. ૪,૬૦૦ થી વધારે અરજીઓ જમીન માટેની છે. સરકારને વિનંતી છે કે જમીન ફાળવણી માટે સરકાર આ પૈસા આપવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું તે પ્રમાણે ૧૭૪૪૫ મકાનો બાકી હતા. તેમાંથી રાજય સરકારે ૧૭૨૩૪ મકાનો પૂર્ણ કર્યા છે. આ પ્રક્રિયા જ્યારે લગભગ પૂર્ણ થવામાં છે ત્યારે મેં આગળ કહ્યું તે પ્રમાણે અધૂરા મકાનો પૂર્ણ કરીશું, વહીવટી મંજૂરી આપેલી છે તે મકાનો પૂર્ણ કરીશું. જૂની અરજીઓ પેન્ડિંગ રહેવાની આવશ્યકતા રહેતી નથી. ૮-૬-૨૦૦૫નો પરિપત્ર કહ્યુ તે પ્રમાણે વધારે પડતર અરજીઓ રહેતી નથી. રાજય સરકાર તરફથી કોઈ જમીન આપવાની જોગવાઈ આ પરિપત્રમાં કરવામાં આવી નથી.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે, ડો. આંબેડકર આવાસ યોજના કયારે શરૂ કરવામાં આવી હતી? આ યોજના અમલમાં આવ્યા પછી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે? મારો બીજો પ્રશ્ન છે કે આ યોજના સિવાય બીજી કઈ કઈ આવાસ યોજનાઓ થકી મકાન સહાય લોકોને આપી શકીએ છીએ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૬માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ડો.આંબેડકર આવાસ યોજના અસ્તિત્વમાં આવી હતી. ઘણા બધા મકાનો અત્યારે ૧૯૯૬ના આંકડા ઉપલબ્ધ નથી પરંતુ લગભગ દરવર્ષે આપણે ત્રણ થી ચાર હજાર મકાનો બાંધી આપવામાં આવે છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભામાં આવાસ યોજનામાં ડો. આંબેડકર આવાસ યોજના નામની એક જ યોજના છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૪ હજારની આવક મર્યાદામાં મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે જ્યારે અધિકારીશ્રી દ્વારા બીપીએલ કાર્ડની આવશ્યકતા છે તેવું કહેવામાં આવે છે તો આ બીપીએલ કાર્ડ દૂર કરવા માગો છો કે કેમ? આમાં દરેક જિલ્લાને કેટલો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. દરેક જિલ્લામાંથી જે અરજીઓ આવી છે અને પાસ થઈને પડતર છે તે તમામે તમામ અરજીઓને લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું તે પ્રમાણે તમામને પૂરેપૂરો લાભ આપવામાં આવશે. ૨૪ હજારની આવક મર્યાદા છે પણ બીપીએલ કાર્ડ ધારકનો નિયમ રાજય સરકારે અમલમાં રાખ્યો નથી.

### પંચવટી તરીકે જાહેર કરેલ ગામો

***૧૬૦૧૪ શ્રી રણજિતસંહ ન. ચાવડા (હિંમતનગર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

પંચવટી યોજના હેઠળ તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા ગામોને પંચવટી તરીકે જાહેર કરવામાં આવ્યા છે, પંચવટી ગ્રામ પંચાયતને કેટલું અનુદાન મળે છે?

**પંચાયત મંત્રીશ્રી:**

૮૯૨ ગામો, પંચવટી ગ્રામ પંચાયતને રૂા.૧,૦૦,૦૦૦/- નું અનુદાન મળે છે.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** :માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ગુજરાત રાજયમાં પંચવટી યોજના હેઠળ ૮૯૨ જેટલા ગામો જાહેર કરીને અને તેમાં પણ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં જે બાળકો અને મહિલાઓ છે તેઓને સારી જગ્યામાં ફરવા મળે, આનંદ પ્રમોદ મળે તે માટેની યોજના છે. હું રાજય સરકાર પાસેથી જાણવા માગું છું કે આ યોજનામાં અત્યાર સુધીમાં કેટલી પંચાયતોને અનુદાન ચુકવવામાં આવ્યું છે? અને આવી કોઈ યોજના બીજા રાજયમાં અમલમાં છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ થી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે મહાત્મા ગાંધીનું સ્વપ્ન સાકાર કરવા માટે ગામડાઓને પ્રોત્સાહન આપવાનું નક્કી કર્યુ. ગામ તે દેશનો આત્મા

છે. વર્ષો સુધી જે ભૂલ્યા હતા. તેને મધ્યબિંદુ બનાવીને વિકાસના સંદર્ભને ધ્યાને રાખીને વિવિધ યોજનાઓ રાજય સરકારે હાથ પર લીધી છે. તેમાં માત્ર ધ્યાન નથી આપ્યું. તેમાં લોકોને જોડીને લોકભાગીદારી સાથે કર્યુ છે. પંચવટી યોજનામાં ગામના ૫૦ હજારના અનુદાન સાથે રાજય સરકારના એક લાખનું અનુદાન હોય છે. આમાં મેં જવાબમાં કહ્યું તે પ્રમાણે ૯૯૨ ગામો લીધાં છે અને તેમાં ૮૮૮ ગામોને અનુદાન રૂપિયા એક-એક લાખ આપવામાં આવ્યું છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે ગ્રામ પંચાયતો ૫૦ હજાર રૂપિયાનું અનુદાન ન આપે, નાની નાની ગ્રામ પંચાયતો હોય તો એના માટે સરકારની કોઈ યોજનાઓ છે. નાના ગામમાં ૫૦ હજારનું ફંડ ન હોય તો ત્યાં વસ્તીના પ્રમાણમાં અનુદાન આપવા રાજય સરકાર વિચારે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચન છે અને આ લોકભાગીદારીની યોજના છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચવટી યોજના નીચે સરકારે ૯૮૨ ગામોને આવરી લીધા છે. તેમાં ૮૮૮ ગામોને આ યોજનાનો લાભ આપ્યો છે. બાકીના ચાર ગામોને આ યોજનાનો લાભ એટલે કે અનુદાનની રકમ મળેલ નથી તો તે નહીં મળવાનું કારણ શું?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, તે ગામના લોકોએ લોકભાગીદારી આપી નથી એટલે બાકી છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, ઘણું મોટું ગામ હોય અને જેની વસતિ દશ હજાર કરતાં વધારે છે એવા મોટા ગામોમાં એક એકના બદલે પચાસ હજારના બદલે વધારે લોક ભાગીદારી કરવા આ ગામ તૈયાર હોય તો આવા ગામને એકના બદલે બે પ્રોજૅકટ એટલે કે પંચવટીના બે પ્રોજૅકટના સ્વરૂપમાં રાજય સરકાર આપવા માગે છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ યોજના ગુજરાતના અઠાર હજાર ગામડાંમાં લઈ જવા માગીએ છીએ, એટલે એક ગામમાં એકની પ્રાયોરિટી છે અને છતાં પણ એમનું સૂચન છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ઘણા બધા જિલ્લાઓમાં ૮૯૨ ગામો પંચવટી તરીકે જાહેર કરવામાં આવ્યાં છે તો આ કયા જિલ્લામાં કેટલા કેટલા ગામોમાં આ જાહેર થયેલ છે ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, યાદી લાંબી છે, આપ કહો તો ૮૯૨ ગામોની યાદી વાંચી જાઉં.

**અધ્યક્ષશ્રી** : ના, ના. કોઈ જરૂર નથી.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : લખતર તાલુકામાં આસિસ્ટંટ ડીડીઓએ ભ્રષ્ટાચાર કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : નો, નો, પ્લીઝ. આ શાની વાત ચાલે છે?

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : આ પ્રશ્નમાં એ આવે છે.

**અધ્યક્ષશ્રી** : નો, નો, પ્લીઝ.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : એને સસ્પૅન્ડ કર્યા તો એને સજા શું કરી એ હું જાણવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : બેસો, નેકસ્ટ.

## કચ્છ જિલ્લાની જૂથ ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત

***૧૪૭૭૪ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લાની કેટલી અને કઈ કઈ જૂથ ગ્રામ પંચાયતોના વિભાજન અંગેની દરખાસ્તો સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના બે નાણાકીય વર્ષમાં સરકારને મળી,

(૨) તે પૈકી કઈ કઈ જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૩) કઈ કઈ જૂથ ગ્રામ પંચાયતોનું વિભાજન કરવાનું બાકી છે ?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) વિભાગ કક્ષાએ એક પણ દરખાસ્ત મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, વિભાગ કક્ષાએ દરખાસ્ત મળેલ નથી, એ વાત સાચી છે. પણ કચ્છ જિલ્લા પંચાયતની જૂથ ગ્રામ પંચાયતોના વિભાજનની કેટલી દરખાસ્ત પેન્ડિંગ છે અને વિભાજન અંગેના નિયમો શું છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એક તો ડીલીમીટેશન કમિશને જ્યાં સુધી વિધાનસભાના અને લોકસભાના સીમાંકનો પૂરા ન થાય ત્યાં સુધી ગ્રામ પંચાયતોના વિભાજન ઉપર પ્રતિબંધ મૂક્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના જવાબમાં જ લખ્યું છે કે, એક પણ દરખાસ્ત અમારા વિભાગ સુધી બાકી નથી અને જે વિભાજનના માપદંડો છે એ પ્રમાણે એક તો વસતિનું ધોરણ છે. એક હજાર માણસોની વસતિ, કરવેરા તથા અન્ય સાધનોના માપદંડ, વાર્ષિક આવક રૂપિયા દશ પ્રતિ વ્યકિત, બે ગામોનું અંતર બે કિલોમિટર અને માપદંડ હળવા કરી શકાય કે જ્યારે ગામની વાર્ષિક આવક રૂપિયા પચ્ચીસ પ્રતિ વ્યકિત હોય.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, રાજય સરકારના ગ્રામ પંચાયતના અલગ કરવાના નોમ્સ છે, ધોરણો છે, નીતિ છે પણ ખરેખર અમુક ગામમાં આ નીતિ મુજબ ક્રાઈટેરિયામાં આવતાં ગામો જ્યારે એ સામેથી ગ્રામ પંચાયત એને અલગ ગ્રામ પંચાયતની માન્યતા ન આપે અને ઠરાવ ન કરે તો એમાં ખરેખર મુશ્કેલી પડે છે અને એના આધારે નથી કરવામાં આવતી તો જો આ ક્રાઈટેરિયામાં ગ્રામ પંચાયત આવતી હોય તો અલગ ગ્રામ પંચાયતનો ઠરાવ હોય કે ન હોય તો પણ રાજય સરકાર કોઈક નીતિવિષયક નિર્ણય લઈને આવી કોઈ નીતિ લાગુ કરવા માગે છે કે કેમ ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત એકટના ચોક્કસ એકટ છે એના પ્રમાણે નિયમો છે, પંચાયતમાં થાય, તાલુકામાં થાય, જિલ્લામાં થાય એ ત્રણેની દરખાસ્ત ગ્રામ વિકાસ વિભાગમાં આવે, માનનીય અધ્યક્ષશ્રી, આ એકટ સુધારવો પડે.

**અધ્યક્ષશ્રી** : ગ્રામ પંચાયતનો ઠરાવ ન આવે તો ચાલે કે કેમ ? એવું માનનીય સભ્યશ્રીનું કહેવું છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, વિચારીશું.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, જિલ્લા કક્ષાએ ઘણા લાંબા સમયથી ગ્રામ પંચાયતના વિભાજનની આવી દરખાસ્તો પડેલી છે. માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે વિભાગમાં આવી કોઈ દરખાસ્ત પેન્ડિંગ નથી પણ જિલ્લા કક્ષાએ ઘણા લાંબા સમયથી આવી દરખાસ્તો પેન્ડિંગ પડેલી છે તો એનો તાત્કાલિક નિવેડો લાવવા માટે રાજય સરકાર શું કરવા માગે છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ જ્યાં સુધી ડીલીમીટેશન કમિશનના સંદર્ભમાં એ પૂરેપૂરી આપણને છૂટ ન આપે ત્યાં સુધી ન કરી શકાય.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ડી-લિમિટેશનના હિસાબે પંચાયતોનું વિભાજન થતું નથી. ડી-લિમિટેશન તરફથી કયારે પંચાયત વિભાગને આ બાબતની જાણ કરવામાં આવી અને, ડી-લિમિટેશન કયાં સુધી આ બાબતને ઉઠાવી લેશે? આની કોઈ સ્પષ્ટતા કરે એવી વિનંતી છે.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૭-૮-૨૦૦૨ ના પત્રથી આપણને જાણ કરી છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો માનનીય નરેન્દ્રસિંહજીએ સવાલ પૂછી લીધો. એમાં જવાબમાં કહ્યું છે કે, દરખાસ્ત ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં મળી જ નથી. વિભાગ કક્ષાએ નથી મળી પણ કઈ કઈ કક્ષાએ કેટલી પેન્ડીંગ છે? ભલે વિભાગ કક્ષાએ અહીંયા ન આવી હોય આપણા સચિવાલયમાં પણ કઈ કઈ કક્ષાએ બીજે કેટલી દરખાસ્ત પેન્ડીંગ છે? કે પછી કોઈ દરખાસ્ત શરૂ જ નથી થઈ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આના માટે અલગ નોટિસ આપે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, ગ્રામ પંચાયતોનું વિભાજન કરવા માટે ધારા-ધોરણો શું છે? એમાં કેટલા કિલોમિટરનું અંતર, કેટલી વસતિ? આના માટે માનનીય મંત્રીશ્રીએ બીજો જવાબ આપ્યો છે કે, આવી કોઈ દરખાસ્ત પેન્ડીંગ નથી. તો મારા મત વિસ્તારના પાંચ ગામોની માગણી ઘણા સમયથી વિભાગમાં પડી છે, એ હું આપ સાહેબ દ્વારા મંત્રીશ્રીને જણાવવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : પેન્ડીંગ નથી એવું નથી કહ્યું, પેન્ડીંગ છે પણ પેલાને લીધે મંજૂર કરી શકાતી નથી.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, વસતિનું ધોરણ છે એમાં એક હજાર માણસોની વસતિએ, કરવેરા તથા અન્ય સાધનોનું માપદંડ વાર્ષિક આવક રૂપિયા ૧૦ પ્રતિ વ્યકિતએ, આ બન્ને માપદંડ હળવા કરી શકાય. જયારે વ્યકિત દીઠ ગામની આવક રૂપિયા ૨૫ હોય મહેસૂલી આવક સિવાય ગ્રામ પંચાયત ચલાવવા પ્રજાજનોએ લેખિત બાયંધરી આપવી પડે. જંગલ વિસ્તારના ગામો માટે અલગ અલગ નક્કી કરી શકાય. આવા જુદા જુદા માપદંડો છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ડી-લિમિટેશન કમિશનના કારણે આપણે પંચાયતોનું વિભાજન કરી શકીશું નહીં, તો માનનીય સભ્યશ્રી નરેન્દ્રસિંહે જણાવ્યું એ પ્રમાણે જિલ્લા કક્ષાએ આવી કોઈ દરખાસ્ત પેન્ડીંગ છે? માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું અને સૂચન કરવા માગું છું કે, જે જિલ્લા કક્ષાએથી આવી દરખાસ્ત વિભાજનની પેન્ડીંગ પડી છે એ વિભાગે માગી ડી-લિમિટેશન કમિશનની મંજૂરી મેળવી અને આ પંચાયતોનું વિભાજન કરવા માગો છો કે કેમ? એટલા માટે કે ડી-લિમિટેશન કમિશનનું બાન નથી, એમણે ના નથી પડી. ઘણી નગરપાલિકાઓ ત્યાર પછી અપગ્રેડ કરી છે તો વિભાગે માગી અને કમિશનની મંજૂરી લઈને વિભાજન કરવા માગો છો કે કેમ?

### થરાદ તાલુકામાં નાથવાદી ભટકતી જાતિના લોકોને મકાનો આપવાની કાર્યવાહી

***૧૫૯૬૭ શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

થરાદ તાલુકામાં ૧૦૦ જેટલા કુટુંબો નાથવાદી ભટકતી જાતિના વર્ષોથી વસવાટ કરે છે. તેમને મકાનો આપવા સરકારે તા.૩૧-૧૨-૦૫ સુધીમાં શી કાર્યવાહી કરી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

આ કુટુંબો પૈકી મકાન બાંધકામ સહાય યોજનાના ધોરણો મુજબ પ્લોટ ધરાવનાર કોઈની અરજી મળેલ ના હોઈ મકાન સહાયનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ છાપ્યા મુજબ એમ કહ્યું છે પણ મારો પ્રશ્ન એ છે કે થરાદ ગામમાં ૧૦૦ કુટુંબો છેલ્લા ૩૦ વર્ષથી રહે છે એમને પાણી આપીએ છીએ, એ લોકો ઝૂંપડામાં રહે છે, એને લાઈટ આપીએ છીએ. એમના તરફથી રજૂઆત પણ થઈ છે પણ અરજી મળી નથી એમ કહ્યું છે. સરકારમાં મેં જાતે આવીને માનનીય મંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરી છે, દસ જગ્યાએ કાગળો ચાલે છે તો આપ એમને મકાનો આપવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પરિપત્રમાં જેની પાસે જમીન હોય એને જ મકાન આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ લેખિતમાં નિયામકશ્રીને પત્ર લખ્યો હતો ત્યારે નિયામકશ્રીએ આ અંગે જિલ્લા કલેકટરશ્રીને જમીન ફાળવવા માટે વિનંતી કરી છે. જો જિલ્લા કલેકટરશ્રી માગણી સ્વીકારશે તો મકાન આપવા માટે અમે તૈયાર છીએ.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મહત્વનો પ્રશ્ન છે અને ખૂબ, અતિ પછાત લોકોનો પ્રશ્ન છે કે આવા કુટુંબો તાલુકામાં આઈડેન્ટીફાઈ કરીને કેમ કે થોડાક કુટુંબો હોય છે તો એમની પાસે જમીન હોતી નથી ત્યારે સરકાર પોતે કલેકટરશ્રી પાસેથી જમીન માગીને કેમ કે, કલેકટરશ્રી પાસે જમીન માગવાની પ્રક્રિયામાં એ લોકો કંઈ કરી શકે નહીં, અને ખાતાના કેટલાક અધિકારીઓ ખૂબ સારું કામ કરી રહ્યા છે વિભાગમાં ત્યારે મંત્રીશ્રીને વિનંતી કરું છું અને પૂછવા માગુ છું કે, સમગ્ર ગુજરાતમાં વાદી, વણઝારા, સરાણીયા જેવી અતિ પછાત કોમો છે, એ ગુજરાતમાં આપ જોવા જશો તો એવા ૨૦૦ સ્પૉટસ છે, એવા ૨૦૦ સ્પૉટસને આઈન્ડેન્ટીફાય કરીને આ યોજના કે બીજી કોઈ યોજના નીચે સરકારી જમીનો આપીને એને નિયમબદ્ધ ઝૂંપડું કે મકાન મળે એવા પ્રકારની સરકાર કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વંચિતોના વિકાસને વરેલી સરકાર છે અને એટલા માટે તારીખ ૨૮-૧-૨૦૦૪ના દિવસે જે લોકો વિચરતી અને વિમુક્ત જાતિના લોકો છે એને આઝાદીના ૫૮ વર્ષ પછી પહેલી વખત મકાનો આપવાની અમે શરૂઆત કરી છે, અત્યારસુધી અમે ૮૫ વસાહતો પૂર્ણ કરી છે અને ૨૪ વસાહતોનું કામ ચાલુ છે, પરંતુ આ બધીજ પ્રક્રિયા જો અમે કરવા જઈએ તો એમાં ખૂબ લાંબો સમય જાય તેમ છે અહીંયા જે પણ મત વિસ્તારના ધારાસભ્યશ્રીઓ છે એ મને લાગે છે કે એ લોકો પોતે પોતાના મત વિસ્તારમાં આ પ્રમાણેની કાળજી લે તો રાજય સરકાર ચોક્કસ એમને મદદરૂપ થશે.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, એમને પાણી અપાય છે, એમને લાઈટ અપાય છે, મતદાર યાદીમાં ૩૦ વર્ષથી નામ છે ત્યાં એ લોકો મતદાન કરે છે, રેશન કાર્ડ પણ છે એ ભટકતી કોમ છે સવારમાં ઊઠીને ભટકવા જતી રહે છે ભીખ માગવા માટે જાય છે આવા ૧૦૦ કુટુંબો માટે રાજય સરકારમાં મેં જાતે આવીને રજૂઆત કરેલ છે તો એમને જ્યાં બેઠા છે ત્યાં મકાનમાં વસવાટ કરવા, મકાન કરી આપવા કે જમીનના પ્લોટ આપવા માગે છે કેમ એ મારે જાણવું છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં ફરીથી કહ્યું કે આ વસાહતો પર જે લોકો રહે છે એ અત્યારે ગેરકાયદેસર બીજી જમીનમાં રહે છે, એવું કહીએ તો જરાય ખોટું નથી, મેં કહ્યું એ પ્રમાણે માનનીય ધારાસભ્યશ્રીએ જ્યારે નિયામકને પત્ર લખ્યો ત્યારે એમના પત્રના આધારે અમે કલેકટરશ્રીને વિનંતી કરી કે આ જમીન તમે રેગ્યુલરાઈઝ કરો અને જો અમને આપો તો આ જમીન પર અમે મકાન બાંધવા તૈયાર છીએ. માનનીય ધારાસભ્યશ્રીને ફરીથી વિનંતી કરું કે તમારો મત વિસ્તાર છે તમે આમાં થોડોક રસ લેશો તો રાજય સરકાર આ ૫૬ લોકોને મકાન આપવા માટે તૈયાર છે.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, લાલવાદી, ફુલવાદી, નાથવાદી આ બધી ભટકતી અને વિચરતી કોમો છે, એમના બાળકોના શિક્ષણના પણ પ્રશ્નો હોય છે, હવે આવા લોકો માટે જ્યારે માનનીય ધારાસભ્યશ્રી ગૃહની અંદર ગંભીરતાપૂર્વક માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરે ત્યારે માનનીય ધારાસભ્યશ્રી આમ કરશે તો આમ થશે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહિ નહિ, પ્રશ્ન પર આવી જાઓ,

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું એમ કહેવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ સ્પષ્ટ જવાબ આપવો જોઈએ, આ બાબતે આપ શું કરવા માગો છો, આ લોકોને જમીન આપવા માગો છો કે નહિ, એમના માટે મકાન બનાવવા માગો છો કે નહિ એક પણ વસ્તુ કરી નથી અને વંચિતોના વિકાસની મોટી વાતો કરો છો.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં ૫૮ વર્ષ સુધી તમે કશું ન કરી શક્યા એટલા માટે આ પંડિત દીનદયાળ આવાસ યોજના અમે રાજય સરકારમાં અમલમાં મૂકી છે. મારા વિભાગમાં એટલે કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં જમીન આપવાનું કાર્યક્ષેત્ર આવતું નથી. માનનીય દિનેશભાઈ સિનિયર મંત્રી તરીકે રહી ચૂક્યા છે એ કૌશિકભાઈને વિનંતી કરશે તો મને લાગે છે કે આમાં પરિણામ આવી શકશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે મારા વિભાગનું કામ જમીન આપવાનું નથી, એ વાત સાચી છે કે માનનીય મંત્રીશ્રીના વિભાગનું એ કામ નથી પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પણ સરકારનો એક ભાગ છે અને એ સરકારના ભાગ તરીકે મહેસૂલ વિભાગને એટલે કે મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈને આપના તરફથી કહેવામાં આવે અને માનનીય મંત્રીશ્રી કૌશિકભાઈ કલેકટરશ્રીને સૂચના આપે અને એ જમીન એમને વહેલામાં વહેલી તકે આ લોકોને મળે કે પછી એમને રાહતના મકાનો મળે એવી વ્યવસ્થા આપ કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ ઈ. વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીથી ત્રીજી વખત કહું છું કે, નિયામકશ્રીને પત્ર લખ્યો એના અનુસંધાનમાં અમે કલેકટરશ્રીને વિનંતી કરી કે આ જમીન તમે રેગ્યુલરાઈઝ કરીને અમને આપો આવા અમે પ્રયત્નો કર્યા છે અને ફરીથી ત્રીજી વખત દિનેશભાઈ, જે તે વિસ્તારના ધારાસભ્યશ્રીએ કશું જ ન કરવાનું હોય અને માત્ર સરકારે જ કરવાનું હોય તો હવેના જે પરિણામો છે આટલાથી તમને સંતોષ નથી? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ, નહિ નહિ પ્રશ્ન ક્રમાંક-૮, બેસી જાઓ, જગદીશભાઈ પ્લીઝ બેસી જાઓ, પ્રશ્ન ક્રમાંક:૮, માલજીભાઈ, માલજીભાઈ,..(અંતરાય)

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી,

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

(આ તબક્કે માનનીય સભ્યશ્રી જગદીશભાઈએ ટ્રેઝરી બેન્ચ સામે હાથ લાંબો કરી આક્ષેપાત્મક ઉચ્ચારણો કર્યા)

**શ્રીનરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, આઈ એમ એબસોલ્યુટલી સોરી સર, આ રીતે કોઈપણ આરોપો કરવા ઊભા થઈ જાય અને આ હાઉસ કોઈ રક્ષણ ન આપે, આ કઈ પ્રકારની પદ્ધતિ છે, આ ફૅશન થઈ ગઈ છે માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, જગદીશભાઈ નો, નો બેસો. (અંતરાય) પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : I am on point of order, કોઈપણ પ્રકારનો આક્ષેપ કરવો હોય તો એમણે નિયમોનો આશરો લેવો જોઈએ. સાહેબ, ગમે તે (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** બેસો, પ્લીઝ.

(આ તબક્કે શ્રી પરેશભાઈ ધાનાણીએ મંત્રીશ્રી આઈ.કે.જાડેજાને ઉદ્દેશીને આક્ષેપાત્મક ઉચ્ચારણો કરતાં તેમજ સામસામે આક્ષેપબાજી થઈ અને સભ્ય શ્રી જગદીશભાઈ ઠાકોર, શ્રી પરેશભાઈ ધાનાણી, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી છબીલદાસ પટેલ, શ્રી મનીષભાઈ ગીલીટવાલા, શ્રી પુંજાભાઈ વંશ, વેલમાંથી ટ્રેઝરી બેંચ તરફ ધસી ગયા.) ( અંતરાય..) ( વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી કંઈક બોલતાં )

**શ્રી નરેન્દ્રભાઈ મોદી :** નહીં સહન થાય ખોટી વાતો, થાય તે કરી લેવાનું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નેઈમ કરવાનો પ્રસ્તાવ લાવું છું.

**અધ્યક્ષશ્રી** : પુંજાભાઈ, (અંતરાય) હું ગૃહને અડધો કલાક માટે મુલતવી રાખું છું. (**સભાગૃહ બપોરના ૧૨-૨૮ વાગ્યે મુલતવી રહ્યું**)

## મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧૨-૫૮ વાગ્યે ફરી મળ્યું
## સભાપતિશ્રી મહેન્દ્ર લી.મશરૂ અધ્યક્ષસ્થાને

**સભાપતિશ્રી** : પ્રશ્ન ક્રમાંક: ૮, (અંતરાય) પ્રશ્નોત્તરીમાં પોઈન્ટ ઓફ ઓર્ડર નથી હોતો, માનનીય અર્જુનભાઈ આપ નિયમ જોઈ લો. પ્રશ્નોત્તરી વખતે પોઈન્ટ ઓફ ઓર્ડર હોતો નથી. પ્રશ્નોત્તરી ચાલુ છે પ્રશ્નોત્તરી પછી આપ કંઈ કહી શકો. પ્રશ્ન ક્રમાંક: ૮ (સતત અંતરાય) પ્રશ્નોત્તરી પૂરી થઈ જવા દો. મારી આપ સૌ ગૃહના સભ્યશ્રીઓને વિનંતી છે કે પ્રશ્નોત્તરી પૂરી થવા દો.(સતત અંતરાય.) પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યમાં વિકસતી જાતિ માટે મકાન બાંધકામ પેટે સહાય

૧૬૦૦૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા રાજ્યમાં વિકસતી જાતિ માટે મકાન બાંધકામ પેટે કુલ કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, | (૧) ૩૧૬૫ લાભાર્થી. |
| (૨) આ યોજનામાં ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં કેટલી જોગવાઇ કરી હતી, અને | (૨) રૂા. ૬૦૦.૦૦ લાખ. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ તેમાંથી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂા. ૫૩૮.૮૫ લાખ. |

-------------

### ગોકુલ ગ્રામ યોજના હેઠળ સુવિધાઓ પૂર્ણ કરવાનું આયોજન

**૧૫૯૭૨ શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ""ગોકુલ ગ્રામ યોજના"" અંતર્ગત બનાસકાંઠા જિલ્લાનાં ગામોમાં ઊભી કરવાની થતી સુવિધાઓની જાહેરાત કરવા છતાં પુરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી નથી તે હકીકત સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એ સુવિધાઓની પૂર્ણતા માટે સરકારે કેવું આયોજન કરેલ છે ? | (૨) જે ગામોમાં સુવિધાઓ પુરી પાડવાની બાકી છે તેવા ગામોમાં સુવિધાઓ પુરી પાડવા માટે ગોકુળ ગ્રામ યોજનાનું અમલીકરણ સને ૨૦૦૭-૦૮ સુધી લંબાવવામાં આવેલ છે. |

-------------

### રાજ્યમાં એસ.જી.આર. યોજના દ્વારા માનવદિન રોજગાર

૧૫૯૭૬ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ(રાજગઢ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે રાજ્ય કક્ષાએ એસ.જી.આર. યોજના હેઠળ કુલ કેટલા કામો કર્યા, તે અંગે કુલ કેટલો ખર્ચ કર્યો, અને | (૧) કેન્દ્ર પુરસ્કૃત ""સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના"" હેઠળ રાજ્યમાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ ૪૩૧૭૩ કામો કર્યા અને રૂા. ૧૨૩૯૯.૦૪ (રૂા. લાખમાં) રોકડ નાણાંકીય ખર્ચ થયેલ છે. |
| (૨) આ કામો પેકી કેટલા લોકોને કેટલા માનવદિનની રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) રાજ્યમાં ૧૩૫.૬૦ (લાખ) માનવદિન રોજગારી ઉત્પન્ન થયેલ છે. |

-------------

**થરાદ તાલુકામાં નાથવાદી ભટકતી જાતિના લોકોને મકાનો આપવાની કાર્યવાહી**

૧૫૯૬૭**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

થરાદ તાલુકામાં ૧૦૦ જેટલા કુટુંબો નાથવાદી ભટકતી જાતિના વર્ષોથી વસવાટ કરે છે. તેમને મકાનો આપવા સરકારે તા.૩૧-૧૨-૦૫ સુધીમાં શી કાર્યવાહી કરી ?

**જવાબ**

આ કુટુંબો પૈકી મકાન બાંધકામ સહાય યોજનાના ધોરણો મુજબ પ્લોટ ધરાવનાર કોઇની અરજી મળેલ ના હોઇ મકાન સહાયનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં પછાતવર્ગોની જનસંખ્યા પ્રમાણે છાત્રાલયો**

૧૫૯૯૬ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની જનસંખ્યાની ટકાવારી ૫૦% ઉપરાંતની છે, તેના પ્રમાણમાં ધો.૧૧-૧૨ ના કુમાર-કન્યા છાત્રાલયોની સંખ્યા ખૂબ જ ઓછી છે, તો રાજ્ય સરકાર દ્વારા છાત્રાલયોની સંખ્યા વધારવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

છાત્રાલયોની સંખ્યા વધારવાનું આયોજન નથી.

-------------

**ભાવનગરમાં એસ.જી.આર. યોજના અન્વયે ઘઉંનો જથ્થો ન આપવા અંગે**

૧૩૯૬૩**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં એસ.જી.આર. યોજના અન્વયે શ્રમીકોને આપવાના થતા ઘઉં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા એક વર્ષથી આપવામાં આવ્યા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને કેટલા સમયમાં બાકી રહેતા લાભાર્થીઓને આપવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકાર પાસે માંગણી કરેલ વધારાના અનાજના જથ્થા સામે કેન્દ્ર સરકાર દ્વારા અનાજના જથ્થાની ઓછી ફાળવણી થતાં અનાજની ઉણપની પરિસ્થિતિ ઉભી થવાના કારણે ઘઉંનો જથ્થો આપી શકાયેલ નથી. તેના ઉપાય તરીકે યોજના અન્વયે શ્રમિકો/લાભાર્થીને સંપૂર્ણ વેતન અનાજને બદલે રોકડમાં ચુકવવા માટે રાજ્ય સરકાર દ્વારા સુચના આપવામાં આવેલ છે અને તે મુજબ અનાજને બદલે રોકડમાં ચૂકવણાં કરવાની કાર્યવાહી ચાલુ છે.

-------------

**રાજ્યમાં બક્ષીપંચ જાતિના લોકોને મકાન સહાય**

૧૫૮૬૫ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં

**જવાબ**

(૧) રૂા. ૧૧૨૫.૬૮ લાખ.

બક્ષીપંચ જાતિના લોકો માટે વ્યક્તિગત મકાન સહાય યોજના હેઠળ કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ, અને

(૨) તે સામે જિલ્લાવાર મકાન બાંધકામ માટે કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ?

(૨) રૂા.૧૧૨૫.૬૮ લાખ (પત્રક સામેલ છે.)

**પ ત્ર ક**

**રાજ્યમાં બક્ષીપંચ જાતિના લોકોને મકાન સહાય યોજના અન્વયે જિલ્લાવાર મકાન બાંધકામ પેટે ચુકવવામાં આવેલ રકમની વિગત (વર્ષ ૨૦૦૪-૦૫)**

| ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાંટ (રૂા.લાખમાં) | ચુકવવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) | ક્રમ | જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાંટ (રૂા.લાખમાં) | ચુકવવામાં આવેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩૭.૯૮ | ૧૩૭.૯૮ | ૧૩ | મહેસાણા | ૯૮.૮૦ | ૯૮.૮૦ |
| ૨ | અમરેલી | ૧૭.૫૦ | ૧૭.૫૦ | ૧૪ | નવસારી | ૪.૦૨ | ૪.૦૨ |
| ૩ | આણંદ | ૪૯.૬૫ | ૪૯.૬૫ | ૧૫ | પંચમહાલ | ૫૯.૮૬ | ૫૯.૮૬ |
| ૪ | બનાસકાંઠા | ૯૮.૦૫ | ૯૮.૦૫ | ૧૬ | પોરબંદર | ૪૬.૫૬ | ૪૬.૫૬ |
| ૫ | ભરૂચ | ૭.૮૦ | ૭.૮૦ | ૧૭ | પાટણ | ૭૨.૬૦ | ૭૨.૬૦ |
| ૬ | ભાવનગર | ૪૫.૪૬ | ૪૫.૪૬ | ૧૮ | રાજકોટ | ૬૪.૧૩ | ૬૪.૧૩ |
| ૭ | દાહોદ | ૧૮.૮૦ | ૧૮.૮૦ | ૧૯ | રાજપીપળા | ૭.૫૦ | ૭.૫૦ |
| ૮ | ગાંધીનગર | ૧૬.૫૦ | ૧૬.૫૦ | ૨૦ | સાબરકાંઠા | ૯૦.૧૧ | ૯૦.૧૧ |
| ૯ | જામનગર | ૬૬.૨૫ | ૬૬.૨૫ | ૨૧ | સુરત | ૧૮.૬૦ | ૧૮.૬૦ |
| ૧૦ | જુનાગઢ | ૬૦.૩૯ | ૬૦.૩૯ | ૨૨ | સુરેન્દ્રનગર | ૫૧.૪૩ | ૫૧.૪૩ |
| ૧૧ | ખેડા | ૨૧.૭૪ | ૨૧.૭૪ | ૨૩ | વલસાડ | ૮.૯૫ | ૮.૯૫ |
| ૧૨ | કચ્છ | ૬.૯૦ | ૬.૯૦ | ૨૪ | વડોદરા | ૫૬.૧૦ | ૫૬.૧૦ |
| | | | | | **કુલ :** | **૧૧૨૫.૬૮** | **૧૧૨૫.૬૮** |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લાની બી.પી.એલ. યાદી પ્રસિધ્ધ કરવા અંગે**

૧૫૪૬૭**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની બી.પી.એલ. યાદી છેલ્લી ક્યારે પ્રસિધ્ધ કરવામાં આવી, અને

(૨) નવા બી.પી.એલ. લાભાર્થીનો ક્યારે સમાવેશ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નવમી પંચવર્ષીય યોજના અન્વયે તેયાર કરેલ બી.પી.એલ. કુટુંબોની યાદીઓ છેલ્લે વર્ષ ૨૦૦૧-૦૨ના સમયગાળા દરમ્યાન પ્રસિધ્ધ કરાયેલ છે.

(૨) ૧૦મી પંચવર્ષીય યોજના માટે નવી બી.પી.એલ. યાદીમાં લાભાર્થીઓનો (કુટુંબોનો) સમાવેશ ભારત સરકારની સુચના મુજબ અને વહીવટી પ્રક્રિયા પુર્ણ કરી કરવામાં આવશે.

-------------

**રાજ્યમાં જિલ્લાવાર સહકારી મંડળીઓ**

૧૫૧૦૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧ જાન્યુઆરી-૨૦૦૬ અંતિત જિલ્લાવાર કુલ કેટલી વિવિધ સહકારી મંડળીઓ નોંધાયેલી છે, અને

(૨) તે પૈકી કેટલી કાર્યરત છે ?

**જવાબ**

(૧) ૬૧૪૬૨
જિલ્લાવાર પરિશિષ્ટ-૧ સામેલ છે.

(૨) ૫૪૩૨૧
જિલ્લાવાર પરિશિષ્ટ-૨ સામેલ છે.

## પરિશિષ્ટ - ૧

| અ.નં. | જિલ્લાનું નામ | નોંધાયેલ ઓદ્યોગિક સહકારી મંડળીની સંખ્યા | રજીસ્ટ્રાર, સ. મં. હસ્તકની મંડળીઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૩૪ | ૧૦૦૨૩ | ૧૦૮૫૭ |
| ૨ | અમરેલી | ૧૮૧ | ૧૦૩૭ | ૧૨૧૮ |
| ૩ | આણંદ | ૬૭ | ૧૭૨૧ | ૧૭૮૮ |
| ૪ | બનાસકાંઠા | ૧૩૦ | ૩૪૫૧ | ૩૫૮૧ |
| ૫ | ભરૂચ | ૧૧૨ | ૨૩૨૨ | ૨૪૩૪ |
| ૬ | ભાવનગર | ૧૮૨ | ૨૨૩૩ | ૨૪૧૫ |
| ૭ | દાહોદ | ૨૪૪ | ૯૨૮ | ૧૧૭૨ |
| ૮ | ડાંગ | ૬૩ | ૩૪૭ | ૮૧૦ |
| ૯ | ગાંધીનગર | ૯૮ | ૨૧૦૧ | ૨૧૯૯ |
| ૧૦ | જામનગર | ૧૭૩ | ૯૪૦ | ૧૧૭૩ |
| ૧૧ | જુનાગઢ | ૩૪૨ | ૨૨૧૩ | ૨૫૫૫ |
| ૧૨ | ખેડા | ૭૧ | ૧૯૭૪ | ૨૦૪૫ |
| ૧૩ | કચ્છ-ભૂજ | ૧૪૮ | ૧૦૮૨ | ૧૨૩૦ |
| ૧૪ | મહેસાણા | ૧૦૬ | ૨૨૩૯ | ૨૩૪૫ |
| ૧૫ | નર્મદા | ૪૮ | ૬૬૪ | ૭૧૨ |
| ૧૬ | નવસારી | ૮૩ | ૧૬૩૦ | ૧૭૧૩ |
| ૧૭ | પંચમહાલ | ૨૩૫ | ૧૯૭૭ | ૨૨૧૨ |
| ૧૮ | પાટણ | ૭૬ | ૧૩૯૫ | ૧૪૭૧ |
| ૧૯ | પોરબંદર | ૧૧૫ | ૪૨૦ | ૫૩૫ |
| ૨૦ | રાજકોટ | ૩૫૮ | ૨૦૩૬ | ૨૩૯૪ |
| ૨૧ | સાબરકાંઠા | ૨૪૦ | ૨૯૦૭ | ૩૧૪૭ |
| ૨૨ | સુરત | ૨૮૮ | ૪૨૯૯ | ૪૫૮૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૪૪૯ | ૧૧૬૫ | ૧૬૧૪ |
| ૨૪ | વડોદરા | ૨૦૨ | ૫૬૬૮ | ૫૮૭૦ |
| ૨૫ | વલસાડ | ૯૮ | ૧૭૪૭ | ૧૮૪૫ |
| | **કુલ :** | **૪૯૪૩** | **૫૬૫૧૯** | **૬૧૪૬૨** |

## પરિશિષ્ટ - ૨

| અ.નં. | જિલ્લાનું નામ | ઓદ્યોગિક કાર્યરત મંડળીઓ | રજીસ્ટ્રારશ્રી, સ. મં.ના કાર્યક્ષેત્રની મંડળીઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૨૨ | ૯૯૩૪ | ૧૦૩૫૬ |
| ૨ | અમરેલી | ૮૭ | ૮૨૪ | ૯૧૧ |
| ૩ | આણંદ | ૩૩ | ૧૬૦૨ | ૧૬૩૫ |
| ૪ | બનાસકાંઠા | ૪૩ | ૩૧૯૭ | ૩૨૪૦ |
| ૫ | ભરૂચ | ૪૪ | ૨૦૧૬ | ૨૦૬૦ |
| ૬ | ભાવનગર | ૫૨ | ૧૮૯૧ | ૧૯૪૩ |
| ૭ | દાહોદ | ૮૧ | ૬૮૭ | ૭૬૮ |
| ૮ | ડાંગ | ૨૦ | ૨૦૮ | ૨૨૮ |
| ૯ | ગાંધીનગર | ૨૩ | ૨૦૫૫ | ૨૦૭૮ |
| ૧૦ | જામનગર | ૧૨૪ | ૯૨૭ | ૧૦૫૧ |
| ૧૧ | જુનાગઢ | ૭૬ | ૧૮૨૨ | ૧૮૯૮ |
| ૧૨ | ખેડા | ૩૭ | ૧૮૬૩ | ૧૯૦૦ |
| ૧૩ | કચ્છ-ભૂજ | ૧૦૩ | ૯૩૩ | ૧૦૩૬ |
| ૧૪ | મહેસાણા | ૬૪ | ૨૦૧૭ | ૨૦૮૧ |
| ૧૫ | નર્મદા | ૧૭ | ૫૫૧ | ૫૬૮ |
| ૧૬ | નવસારી | ૩૦ | ૧૫૭૨ | ૧૬૦૨ |
| ૧૭ | પંચમહાલ | ૩૪ | ૧૭૧૯ | ૧૭૫૩ |
| ૧૮ | પાટણ | ૨૧ | ૧૨૨૬ | ૧૨૪૭ |
| ૧૯ | પોરબંદર | ૩૭ | ૩૮૦ | ૪૧૭ |
| ૨૦ | રાજકોટ | ૭૧ | ૧૯૪૦ | ૨૦૧૧ |
| ૨૧ | સાબરકાંઠા | ૮૨ | ૨૬૮૯ | ૨૭૭૧ |
| ૨૨ | સુરત | ૨૩૮ | ૪૧૩૬ | ૪૩૭૪ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૦૦ | ૯૪૮ | ૧૧૪૮ |
| ૨૪ | વડોદરા | ૧૪૨ | ૫૩૦૭ | ૫૪૪૯ |
| ૨૫ | વલસાડ | ૫૩ | ૧૭૪૩ | ૧૭૯૬ |
| | **કુલ :** | **૨૧૩૪** | **૫૨૧૮૭** | **૫૪૩૨૧** |

----------------

## ગાંધીનગર જિલ્લામાં એસ.જી.આર. યોજનાના કામોને મંજૂરી

૧૬૦૦૯ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં એસ.જી.આર. યોજનાના ક્યા ક્યા કામોને તાંત્રિક મંજૂરી - વહીવટી મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬માં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના (એસ.જી.આર.વાય.) હેઠળ નીચે દર્શાવ્યા મુજબના કામોને તાંત્રિક / વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

| ક્રમ | કામનો પ્રકાર | તાંત્રિક/વહીવટી મંજૂરી આપેલ કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સિંચાઈના કામોની સંખ્યા | ૫૪ |
| ૨ | રસ્તાના કામોની સંખ્યા | ૨૩૭ |
| ૩ | જમીન સંરક્ષણના કામોની સંખ્યા | ૨૦ |
| ૪ | ખેત તલાવડીના કામોની સંખ્યા | ૧૯ |
| ૫ | બોરીબંધના કામોની સંખ્યા | ૫૦૯ |
| ૬ | અન્ય કામોની સંખ્યા | ૭૨ |
| | કુલ.............. | ૯૧૧ |

**પ્રશ્ન**

(૨) વહીવટી મંજૂરી ક્યા ક્યા કામોને આપવામાં આવી નથી, તેના કારણો શાં છે, અને

(૩) વહીવટી મંજૂરી આપ્યા છતાં ક્યા કામો શરુ કરવામાં આવ્યા નથી તેના કરાણો શાં છે ?

**જવાબ**

(૨) તમામ કામોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

(૩) વહીવટી મંજૂરી આપેલ પણ નીચે મુજબના કામો શરૂ કરી શકાયેલ નથી.

| ક્રમ | કામનો પ્રકાર | વહીવટી મંજુરી આપેલ પણ શરૂ ન કરેલ કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સિંચાઈના કામોની સંખ્યા | ૨૦ |
| ૨ | રસ્તાના કામોની સંખ્યા | ૬૮ |
| ૩ | જમીન સંરક્ષણના કામોની સંખ્યા | ૧૨ |
| ૪ | ખેત તલાવડીના કામોની સંખ્યા | ૭ |
| ૫ | બોરીબંધના કામોની સંખ્યા | ૨૫૦ |
| ૬ | અન્ય કામોની સંખ્યા | ૫૧ |
| | કુલ.............. | ૪૦૮ |

આ કામો શરૂ ન થવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

૧. સ્થાનિક શ્રમિકો ન મળવાને કારણે.

૨. કામની આજુબાજુમાં ખેડૂતો દ્વારા માટીકામ ન કરવા દેવાના કારણોસર અમલીકરણ સંસ્થા દ્વારા કામો શરૂ ન કરતાં.

-------------

**વલસાડ જિલ્લામાં સોઇલ હેલ્થકાર્ડ આપવા પાછળ ખર્ચ**

૧૪૦૯૩**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં તાલુકાદીઠ સોઇલ હેલ્થ કાર્ડ કુલ કેટલા ખેડૂતોને આપવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાદીઠ નીચે મુજબ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૬૨૫૦ | ખેડૂતો |
| ૨ | પારડી | ૧૩૫૧૦ | ખેડૂતો |
| ૩ | ઉમરગામ | ૯૪૦૪ | ખેડૂતો |
| ૪ | ધરમપુર | ૯૩૫૨ | ખેડૂતો |
| ૫ | કપરાડા | ૧૦૬૬૨ | ખેડૂતો |
| | કુલ..... | ૫૯૧૭૮ | ખેડૂતો |

(૨) રૂા. ૫.૦૩ લાખ.

-------------

**જૂનાગઢ જિલ્લામાં માછીમારના કુટુંબીજનોને આર્થિક સહાય**

૧૪૪૫૭ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા):માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સુત્રાપાડા, તાલાળા અને વેરાવળ તાલુકામાં માચ્છીમારોને પાકિસ્તાન દ્વારા પકડી જેલમાં રાખેલ છે. તેમના કુટુંબીઓને છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સરકાર તરફથી દૈનિક રૂા.૫૦/-ની આર્થિક સહાય બંદરવાર કેટલા કુટુંબને ચૂકવવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા કુટુંબોને આર્થિક સહાયની રકમ ચૂકવવાની બાકી છે, અને

(૩) કેટલા સમયમાં આ રકમ ચૂકવવામાં આવશે ?

**જવાબ**

| **(૧)** | **તાલુકાનું નામ** | **ચૂકવેલ સહાય** |
|---|---|---|
| (૧) | સુત્રાપાડા | રૂા. ૧,૪૫,૦૦૦/- |
| (૨) | તલાળા | - |
| (૩) | વેરાવળ | રૂા. ૧,૭૬,૦૦૦/- |
| | | **રૂા. ૩,૨૧,૦૦૦/-** |

(૨) બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યના ડેમોમાં આદિવાસી જિલ્લાઓમાં માછીમારીનું કામ**

૧૫૮૮૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યના આદિવાસી જિલ્લાઓમાં આવેલ ડેમોમાં મોટા ભાગે માછીમારીનું કામ વિસ્થાપીતોની મંડળીઓને આપવામાં આવ્યું નથી એ હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આવી મંડળીઓને માછીમારી માટે પ્રોત્સાહિત કરવા સરકાર શું કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સરકારી છાત્રાલય તેમજ સંસ્થાઓના છાત્રાલયોમાં નિભાવ ખર્ચનો તફાવત**

૧૪૨૯૦ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સરકારી પછાત વર્ગના છાત્રાલયો અને સંસ્થાઓ દ્વારા ચાલતા છાત્રાલયમાં વિધાર્થી વચ્ચે નિભાવ ખર્ચનો મોટો તફાવત છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

**જવાબ**

(૧) સરકારી છાત્રાલયોમાં અલગ નિભાવ ખર્ચ હોતો નથી, જ્યારે ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓને ભોજન ખર્ચમાં મદદરૂપ થવા માટે સહાયક અનુદાન તરીકે આ રકમ આપવામાં આવે છે.

| | |
|---|---|
| (૨) જો હા, તો આવો તફાવત કેટલો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સુરત જિલ્લામાં પંચાયત ઘર બનાવવા અંગે**

૧૫૧૦૦ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં બારડોલી અને માંડવી તાલુકામાં ક્યા ક્યા ગામોમાં પંચાયત ઘર તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાવવામાં આવ્યા, | (૧) બારડોલી તાલુકામાં-૪ અને માંડવી તાલુકામાં-૧ પંચાયત ઘર કમ મંત્રી ઘર બનાવવામાં આવ્યા છે. |
| (૨) કેટલા પંચાયત ઘર બાંધવાના બાકી છે, અને | (૨) બારડોલી તાલુકામાં-૧ અને માંડવી તાલુકામાં-૫. |
| (૩) આ બાંધેલ મકાનોમાં કેટલા તલાટી કમ મંત્રી રહે છે ? | (૩) પાંચ પૈકી ચાર પંચાયત ઘરોમાં તલાટી-કમ-મંત્રીઓ રહે છે. |

-------------

**ખેડૂત ખાતેદારને અકસ્માત વીમા યોજનાનો લાભ**

૧૪૬૫૮ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને અકસ્માત વીમા યોજનાનો લાભ મળતો નથી તે હકીકત સાચી છે, | (૧) હા જી, યોજનાની હાલની જોગવાઈ મુજબ ૫ હેક્ટરથી વધુ જમીન ધરાવતા ખાતેદાર ખેડૂતોને આ યોજનાનો લાભ મળતો નથી. |
| (૨) જો હા, તો બાકાત રહેતા ખાતેદાર ખેડૂતોનો સમાવેશ કરવા સરકારને સન ૨૦૦૪ તથા ૨૦૦૫માં કોઇ ફરિયાદ મળેલ છે કે કેમ, અને | (૨) વર્ષ-૨૦૦૪માં આવી કોઈ રજૂઆત મળેલ નથી. જ્યારે વર્ષ ૨૦૦૫ના વર્ષમાં ૧ (એક) રજૂઆત મળેલ છે. |
| (૩) આવા બાકી રહેતા ખાતેદાર ખેડૂતોને ક્યાં સુધીમાં આ યોજનાનો લાભ સરકાર આપવા માંગે છે ? | (૩) હાલમાં આવી કોઈ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં પશુ આરોગ્ય મેળાઓ**

૧૫૮૮૪ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા પશુ આરોગ્ય મેળાઓ કરવામાં આવ્યા, અને | (૧) રાજ્યમાં તા. ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કરવામાં આવેલ પશુ આરોગ્ય મેળાઓની માહિતી નીચે કોઠામાં આપવામાં આવેલ છે. |

| અ. નં. | જિલ્લાનું નામ | યોજેલ પશુ આરોગ્ય મેળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અમદાવાદ | ૧૭૧ |
| ૨. | ગાંધીનગર | ૮૦ |
| ૩. | પાટણ | ૭૬ |
| ૪. | મહેસાણા | ૧૬૬ |
| ૫. | સાબરકાંઠા | ૨૦૪ |
| ૬. | બનાસકાંઠા | ૧૩૨ |
| ૭. | ખેડા (નડીયાદ) | ૧૧૩ |
| ૮. | આણંદ | ૧૨૦ |
| ૯. | રાજકોટ | ૧૪૭ |
| ૧૦. | ભાવનગર | ૧૩૭ |

| | | |
|---|---|---|
| ૧૧. | જુનાગઢ | ૧૮૨ |
| ૧૨. | પોરબંદર | ૬૩ |
| ૧૩. | સુરેન્દ્રનગર | ૧૪૨ |
| ૧૪. | કચ્છ | ૧૮૭ |
| ૧૫. | જામનગર | ૧૧૪ |
| ૧૬. | અમરેલી | ૧૩૧ |
| ૧૭. | વડોદરા | ૧૬૬ |
| ૧ | ૨ | ૩ |
| ૧૮. | ગોધરા | ૧૪૫ |
| ૧૯. | દાહોદ | ૧૨૩ |
| ૨૦. | ભરૂચ | ૧૦૭ |
| ૨૧. | નર્મદા | ૮૦ |
| ૨૨. | સુરત | ૧૩૧ |
| ૨૩. | નવસારી | ૬૮ |
| ૨૪. | વલસાડ | ૯૧ |
| ૨૫. | ડાંગ | ૫૮ |
| | કુલ | ૩૧૩૪ |

:

(૨) આ મેળામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવેલ છે ?

(૨) આ મેળાઓમાં કુલ : ૪,૪૩,૬૧૫ પશુઓને રસીકરણ કરવામાં આવેલ છે.

-------------

## વલસાડ જિલ્લામાં ગ્રામ સેવકની ઘટ

૧૪૬૫૪ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા અને ક્યા વર્ષથી ગ્રામ સેવકોની ઘટ છે, અને

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઘટ

| તાલુકાનું નામ | ખાલી જ્ગ્યા | વર્ષ ૨૦૦૨ | વર્ષ ૨૦૦૩ | વર્ષ ૨૦૦૪ | વર્ષ ૨૦૦૫ |
|---|---|---|---|---|---|
| વલસાડ | ૪ | - | ૧ | ૨ | ૧ |
| પારડી | ૧ | - | - | ૧ | - |
| ઉમરગામ | ૧ | - | ૧ | - | - |
| ધરમપુર | ૪ | - | ૪ | - | - |
| કપરાડા | ૩ | ૩ | - | - | - |
| **કુલ** | **૧૩** | **૩** | **૬** | **૩** | **૧** |

(૨) આ ઘટ પૂરવા સરકારનું શું આયોજન છે?

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૫-૧-૦૬ના ઠરાવથી ગ્રામ સેવકોની કામગીરી અંગે નવેસરથી જોબ ચાર્ટ નક્કી કરી ગ્રામ સેવક તાલીમ/મુલાકાત અને આઇ.આર.ડી. ના સેજાઓ અલગ કરવા નક્કી થયેલ છે તે મુજબ સેટઅપ નક્કી થયે જગ્યાઓ ભરવા કાર્યવાહી હાથ ધરી શકાશે.

-------------

## સહકાર વિભાગમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂઆત

૧૪૩૩૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સહકાર વિભાગમાં સહકારને લગતા પ્રશ્નો અંગે તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલા ધારાસભ્યોએ છેલ્લા એક વર્ષમાં રજૂઆતો કરી, અને

**જવાબ**

(૧) ૧૭૭

(૨) આ રજૂઆતો મળ્યા પછી તેના અમલીકરણ

(૨) ૬૯

માટે અને સત્વરે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેવાય તે માટે કેટલા પ્રશ્નો હલ થયા ?

-------------

**ડીસા ખાતેની બક્ષીપંચની નિવાસી શાળા પુનઃ ચાલુ કરવા**

૧૫૮૭૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસા ખાતે બક્ષીપંચની નિવાસી શાળા જે મંજૂર થયેલ આ નિવાસી શાળા જિલ્લા બહાર ચલાવવામાં આવે છે તે હકીકત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે, પુનઃ ડીસા ખાતે ચાલુ થાય તે માટે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ડીસા ખાતે નિવાસી શાળાને અનુરૂપ સરકારી મકાન તથા ભાડાનું મકાન ઉપલબ્ધ થયેલ ન હોઇ તેમજ આદર્શ નિવાસી શાળા માટે પૂરતી સંખ્યા ન મળવાને કારણે વચગાળાની વ્યવસ્થા તરીકે ડીસા ખાતેની આદર્શ નિવાસી શાળા ખેચલુ ખાતેના અદ્યતન સરકારી મકાનમાં ચલાવવામાં આવે છે. ડીસા ખાતે સુવિધાયુક્ત મકાન મેળવવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

-------------

**ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર**

૧૫૯૫૯ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર નથી, અને

(૨) તે પૈકી જૂનાગઢ જિલ્લામાં બાકી રહેતી ગ્રામ પંચાયતોને ક્યાં સુધીમાં પંચાયત ઘર આપવાનું રાજ્ય સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૪૦૫

(૨) તા. ૩૧-૩-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**રાજ્યમાં નોંધાયેલ વિકલાંગોની સંખ્યા**

૧૫૮૭૨ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં વિકલાંગોની કુલ કેટલી સંખ્યા નોંધાયેલી છે, અને

(૨) વિકલાંગો પૈકી કેટલા વિકલાંગોને અભ્યાસ માટે કેટલી શિષ્યવૃતિ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૩,૦૦,૬૧૦

(૨) ધોરણ ૧ થી શરૂ કરીને ઉચ્ચ અભ્યાસ કરે ત્યાં સુધી વાર્ષિક રૂા. ૫૦૦/- થી રૂા. ૩૪૦૦/- સુધીની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ ૭૧૬૩ વિકલાંગોને રૂા. ૪૯.૦૨ લાખની શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.

-------------

## અમદાવાદ શહેરમાં નિરાધાર વૃધ્ધોને ચૂકવેલ સહાય

૧૫૯૮૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિરાધાર વૃધ્ધોને પેન્શન આપવાની યોજના અન્વયે અમદાવાદ શહેરમાં ૨૦૦૫ના કેલેન્ડર વર્ષમાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી છે, | (૧) ૮,૬૭૭ લાભાર્થીઓને રૂા. ૧૬૫.૧૮ લાખની સહાય ચૂકવવામાં આવી. |
| (૨) કુલ કેટલી અરજી આવી હતી, અને | (૨) ૭૭૧ અરજીઓ. |
| (૩) રદ કરેલ અરજીના કારણો શાં છે ? | (૩) રદ કરેલ અરજીઓના કારણો નીચે મુજબ છે.<br>(૧) પુખ્ત વયનો પુત્ર હોવાથી<br>(૨) નિયત મર્યાદા કરતાં આવક વધુ હોવાથી<br>(૩) અરજદારની ઉંમર નિયમ મુજબ ન હોવાથી<br>(૪) પુરાવા રજુ કરલ ન હોવાથી<br>(૫) અપંગતાની ટકાવારી ૭૫ ટકા કરતાં ઓછી હોવાથી<br>(૬) જિલ્લા ફેર થવાથી તેમજ અરજીમાં ડુપ્લીકેશન થવાથી. |

-------------

## ધારી અને બગસરા તાલુકાઓમાં અકસ્માત વીમાની અરજીઆ

૧૪૧૯૮ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે ધારી તથા બગસરા તાલુકામાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન અકસ્માત વીમા અંગે કુલ કેટલી અરજી થયેલ છે, અને | (૧) ધારી-૧૯<br>બગસરા-૧૦. |
| (૨) તે પૈકી કેટલા કેસનો નિકાલ થયેલ છે, કેટલા કેસ પડતર છે, અને ક્યા કારણોસર ? | (૨) તાલુકા / નિકાલ / પડતર<br>ધારી / ૧૪ / ૫<br>બગસરા / ૯ / ૧<br>પડતર રહેવાના કારણો પત્રક-૧ મુજબ છે. |

**પત્રક-૧**

ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ધારી અને બગસરા તાલુકામાં પેન્ડીંગ રહેલ દાવાઓના કારણોની વિગત દર્શાવતું પત્રક.

| અ. નં. | નામ | ગામ | તાલુકા | પેન્ડીંગ રહેવાનું કારણ |
|---|---|---|---|---|
| ૧. | સ્વ. કેશુભાઈ ગોકુળભાઈ ઠુમર | દેરડી પીપળીયા | બગસરા | સોગંદનામું, એમ.એ.સી.ટી. ક્લેઈમ પેપર મંગાવવામાં આવેલ છે. |
| ૨. | સ્વ. શામજીભાઈ કેશવભાઈ ભુવા | ખીમા | ધારી | એફ.એસ.એલ. રીપોર્ટના અભાવે. |
| ૩. | સ્વ. મંજુલાબેન લાલજીભાઈ વડોરીયા | નાલાપરા | ધારી | હક્ક પત્રક, ૮-અ, અને ૭/૧૨ રજુ કરેલ નથી.. |
| ૪. | સ્વ. મનસુખભાઈ અરજણભાઈ ચદડીયા | ગોવિંદપુર | ધારી | સ્થળ પંચનામું, ઈન્કવેસ્ટ પંચનામું, સોગંદનામું રજુ કરેલ નથી. |
| ૫. | સ્વ. દયાબેન કિશોરભાઇ ગજેરા | ભાડેર | ધારી | ચાર્જશીટ મંગાવવામાં આવેલ છે. |
| ૬. | સ્વ. મનહરભાઈ છગનભાઈ ગઢીયા | ભાડેર | ધારી | એફ.એસ.એલ. રીપોર્ટ, પંચનામું, સોગંદનામું મંગાવવામાં આવેલ છે. |

-------------

## હળવદ અને મૂળી તાલુકામાં ગોચરની જમીન ઉપર દબાણ

૧૫૮૬૭ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ અને મૂળી તાલુકામાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ ગામવાર ગોચરની જમીન કેટલા હેકટર છે, | (૧) સામેલ પત્રક-૧ અને ૨ મુજબ. |
| (૨) આવી જમીનો ઉપર ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ કેટલાક ગામોમાં કેટલાક ઇસમો દ્વારા દબાણ કરવામાં આવ્યું છે તે સરકાર જાણે છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો સરકાર શાં પગલાં ભરવા માંગે છે? | (૩) દબાણદારોને ગ્રામપંચાયત દ્વારા દબાણ દૂર કરવા નોટીસ આપવાની કાર્યવાહી ચાલુ છે. |

પત્રક-૧

ગોચરની જમીનું પત્રક (તાલુકો :-હળવદ)

| અ.નં. | ગામનું નામ | ગોચરની જમીન (હે.આરે) |
|---|---|---|
| ૧ | નવા અમરાપર | ૬૬-૩૬-૮૮ |
| ૨ | જુનાઅમરાપર | ૨૦-૨૩-૪૪ |
| ૩ | અજીતગઢ | ૮૦-૯૩-૭૬ |
| ૪ | અંજાર | ૮૦-૮૩-૭૬ |
| ૫ | ઇસનપુર | ૧૪૦-૬૦-૯૫ |
| ૬ | ઈંગોરાળા | ૫૯-૦૬-૪૨ |
| ૭ | કડીયાણા | ૧૫૧-૭૫-૪૦ |
| ૮ | ક્વાડીયા | ૯૩-૮૮-૮૦ |
| ૯ | કોયબા | ૧૭૦-૧૭-૧૩ |
| ૧૦ | કીડી | ૮૯-૩૧-૪૬ |
| ૧૧ | કેદારીયા | ૫૨-૭૯-૧૮ |
| ૧૨ | ખેતરડી | ૭૬-૮૯-૧૧ |
| ૧૩ | ખોડ | ૮૭-૦૦-૭૯ |
| ૧૪ | ગોલાસણ | ૫૪-૨૨-૮૨ |
| ૧૫ | ઘણો | ૧૬-૧૮-૭૫ |
| ૧૬ | ઘનશ્યામપુર | ૧૦૭-૨૪-૨૩ |
| ૧૭ | નવાઘાટીલા | ૨૪-૨૮-૧૩ |
| ૧૮ | નવા ઘનશ્યામગઢ | ૯૫-૧૦-૧૭ |
| ૧૯ | ચંદ્રગઢ | ૨૪-૨૮-૧૩ |
| ૨૦ | ચિત્રોડી | ૫૦-૯૪-૦૧ |
| ૨૧ | ચૂંપણી | ૧૦૧-૫૭-૭૧ |
| ૨૨ | ચાડધ્રા | ૨૪-૨૮-૧૩ |
| ૨૩ | ચરાડવા | ૧૫૩-૨૯-૫૮ |
| ૨૪ | જોગડ | ૭૭-૭૦-૦૪ |
| ૨૫ | ટીકર (રણ) | ૨૦૬-૩૯-૦૯ |
| ૨૬ | ડુંગરપુર | ૭૬-૦૮-૧૩ |
| ૨૭ | ઢવાણા | ૧૩૧-૧૧-૮૯ |
| ૨૮ | દિઘડીયા | ૧૮૩-૩૨-૩૭ |
| ૨૯ | નવાદેવળીયા | ૪૭-૪૩-૯૭ |
| ૩૦ | જુનાદેવળીયા | ૭૦-૮૮-૧૪ |
| ૩૧ | દેવીપુર | ૪૭-૯૯-૬૨ |
| ૩૨ | ધનાળા | ૭૦-૮૧-૬૪ |
| ૩૩ | ધુળકોટ | ૨૪-૩૦-૧૬ |
| ૩૪ | પલાસણ | ૧૨-૧૪-૦૬ |
| ૩૫ | પાંડાતીરથ | ૫૪-૬૩-૨૯ |

| અ.નં. | ગામનું નામ | ગોચરની જમીન (હે.આરે) |
|---|---|---|
| ૩૬ | પ્રતાપગઢ | ૨-૨૩-૭૫ |
| ૩૭ | બુટવડા | ૫૨-૬૦-૯૪ |
| ૩૮ | ભલગામડા | ૩૮-૪૪-૫૫ |
| ૩૯ | માનસર | ૧૨-૯૫-૦૦ |
| ૪૦ | મેરૂપર | ૪૦-૪૬-૮૮ |
| ૪૧ | માથક | ૨૭૩-૧૬-૦૪ |
| ૪૨ | મંગળપુર | ૪૨-૮૯-૭૧ |
| ૪૩ | માણેક્વાડા | ૪૧-૨૭-૮૨ |
| ૪૪ | માલણીયાદ | ૧૫૦-૧૩-૭૭ |
| ૪૫ | મીયાણી | ૩૯-૨૫-૪૭ |
| ૪૬ | મયાપુર | ૨૨-૧૮-૭૧ |
| ૪૭ | મયુરનગર | ૧૧૧-૨૮-૫૨ |
| ૪૮ | માનગઢ | ૨૭-૧૮-૫૦ |
| ૪૯ | રાણેકપુર | ૫૩-૦૧-૪૧ |
| ૫૦ | રણમલપુર | ૧૨૧-૪૦-૪૬ |
| ૫૧ | રાતાભે | ૧૨૦-૧૯-૨૩ |
| ૫૨ | રાયધ્રા | ૬૦-૯૨-૫૮ |
| ૫૩ | રણછોડગઢ | ૫૨-૬૦-૯૪ |
| ૫૪ | રાયસંગપુર | ૭૦-૮૨-૦૭ |
| ૫૫ | રણજીતગઢ | ૩૨-૩૭-૫૨ |
| ૫૬ | વેગડવાવ | ૬૪-૭૫-૦૦ |
| ૫૭ | વાંકીયા | ૩૧-૫૬-૫૭ |
| ૫૮ | શિરોઇ | ૧૭૧-૧૮-૩૦ |
| ૫૯ | શિવપુર | ૧૨-૧૪-૦૬ |
| ૬૦ | સુંદરગઢ | ૯૯-૧૪-૯૦ |
| ૬૧ | સાપકડા | ૧૨૧-૦૬-૨૪ |
| ૬૨ | સુંદરી | ૧૦૯-૬૭-૦૪ |
| ૬૩ | સરંભડા | ૬૮-૭૯-૭૦ |
| ૬૪ | સમલી | ૪૭-૧૬-૬૪ |
| ૬૫ | સુખપર | ૬૩-૧૩-૧૩ |
| ૬૬ | સુરવદર | ૧૬-૧૮-૭૫ |
| ૬૭ | સુસવાવ | ૫૧-૩૯-૬૪ |
| ૬૮ | ઇશ્વરનગર | સુસવાવ-ઇશ્વરનગર બંને ગામનો રેવન્યુ રક્બો એક છે. |
| | કુલે.. | ૫૦૪૬-૮૪-૯૮ |

**પત્રક-૨**

ગોચરની જમીનું પત્રક (તાલુકો :-મુળી)

| અ.નં. | ગામનું નામ | ગોચરની જમીન (હે.આરે) |
|---|---|---|
| ૧ | મુળી | ૨૦૧-૮૩-૮૦ |
| ૨ | સિધ્ધસર | ૮-૩૦-૬૨ |
| ૩ | નવાણીયા | ૪૨-૪૯-૨૪ |
| ૪ | નળીયા | ૨-૨૨-૫૮ |
| ૫ | હેમતપર | ૧૦-૬૫-૩૪ |
| ૬ | ચાણપર | ૪૭-૬૦-૧૭ |
| ૭ | કુકડા | ૨૯-૧૩-૭૪ |
| ૮ | જશાપર | ૧૬-૩૧-૯૦ |
| ૯ | લીમલી | ૯૦-૪૦-૭૭ |
| ૧૦ | શેખપર | ૪૩-૨૮-૧૬ |

| અ.નં. | ગામનું નામ | ગોચરની જમીન (હે.આરે) |
|---|---|---|
| ૧૧ | ગોદાવરી | ૭૮-૯૧-૪૪ |
| ૧૨ | દાણાવાડા | ૪૮-૮૬-૬૩ |
| ૧૩ | દિગસર | ૬૩-૫૩-૫૮ |
| ૧૪ | ગોતમગઢ | ૮૩-૩૬-૬૧ |
| ૧૫ | ટીકર (પર) | ૧૭૯-૧૧-૭૭ |
| ૧૬ | પાંડવરા | ૨૩-૭૭-૫૦ |
| ૧૭ | સુજાનગઢ | ૩૨-૫૩-૬૯ |
| ૧૮ | સરલા | ૨૧૩-૦૫-૮૧ |
| ૧૯ | કળમાદ | ૨૮-૪૫-૯૫ |
| ૨૦ | કુંતલપુર | ૧૫૧-૩૫-૩૫ |
| ૨૧ | દૂધઇ | ૧૧૮-૬૧-૪૫ |
| ૨૨ | રામપરડા | ૨૮-૫૨-૦૨ |
| ૨૩ | ધોળીયા | ૨૪-૬૮-૫૭ |
| ૨૪ | ખાટડી | ૧૩૫-૧૨-૫૬ |
| ૨૫ | ઉમરડા | ૨૫૫-૯૬-૩૬ |
| ૨૬ | ધર્મેન્દ્રગઢ | ૨૩-૬૧-૨૦ |
| ૨૭ | ટીડાણા | ૩૩-૬૭-૦૦ |
| ૨૮ | સોમાસર | ૯-૨૨-૬૯ |
| ૨૯ | ગઢાદ | ૫૧-૮૯-૧૪ |
| ૩૦ | સરા | ૨૪૪-૧૦-૮૦ |
| ૩૧ | આંબરડી | ૧૧૯-૭૮-૮૧ |
| ૩૨ | ક્રશનગઢ | ૩૦-૩૫-૧૪ |
| ૩૩ | રામપર | ૫૦-૫૮-૬૪ |
| ૩૪ | નાડધ્રી | ૧૦૨-૮૭-૧૭ |
| ૩૫ | ભેટ | ૧૧૬-૦૨-૪૧ |
| ૩૬ | દાધોલીયા | ૧૩૯-૬૧-૭૪ |
| ૩૭ | સાગધ્રા | ૧૫૫-૫૬-૨૧ |
| ૩૮ | રાણીપાટ | ૧૭૫-૨૨-૯૭ |
| ૩૯ | જેપર | ૪૮-૫૬-૩૦ |
| ૪૦ | ભવાનીગઢ | ૧૬૬-૦૪-૩૩ |
| ૪૧ | આસુદ્રાણી | ૩૮-૯૦-૪૮ |
| ૪૨ | રાયસંગપર | ૯૫-૧૦-૧૪ |
| ૪૩ | ખંપાળીયા | ૬૮-૭૯-૭૦ |
| ૪૪ | ગઢડા | ૭૩-૯૮-૭૨ |
| ૪૫ | વડધ્રા | ૧૭૧-૯૯-૨૨ |
| ૪૬ | લીયા | ૧૬૯-૯૬-૮૮ |
| ૪૭ | વેલાળા-ધ્રા. | ૧૩૦-૩૦-૯૪ |
| ૪૮ | વિરપર | ૬૦-૨૯-૮૨ |
| ૪૯ | મહાદેવગઢ | ૪૨-૬૫-૪૩ |
| ૫૦ | ખાખરાથળ | ૪૧-૬૦-૨૧ |
| ૫૧ | વેલાળા-ધ્રા. | ૧૨૨-૫૩-૯૧ |
| ૫૨ | ચાંદ્રેલીયા | ૨૨-૬૬-૨૫ |
| ૫૩ | દેવપરા | ૧૪-૫૬-૮૮ |
| ૫૪ | નળખંભા | ૩૩-૩૪-૬૩ |
| ૫૫ | માનપર | ૬૪-૫૧-૭૧ |
| ૫૬ | ખાખરાળા | ૩૪-૮૦-૩૭ |
| ૫૭ | પલાસા | ૬૪-૫૧-૭૧ |
| ૫૮ | વગડીયા | ૩૮-૪૪-૭૬ |
| | કુલ્લે.. | ૪૭૪૪-૩૧-૯૨ |

-------------

**ખેડા જિલ્લા પંચાયતોના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૩૯૩૩ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં પંચાયતને સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ના રોજ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) પંચાયતોને સમયસર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી જેથી વિકાસના કામોને અસર થાય છે. તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો આ અંગે નિયમિત સમયસર ગ્રાન્ટ મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લા પંચાયતને સને ૨૦૦૪-૦૫માં રૂા. ૯૧૩.૪૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી પરંતુ નાણાં વિભાગના તા. ૨૩-૧૨-૦૫ના પત્રથી કેન્દ્ર સરકાર દ્વારા ૧૨માં નાણાંપંચના પ્રથમ હપ્તાના રૂા. ૯૩.૧૦ કરોડ ફાળવતા વિભાગ દ્વારા તા. ૩-૧-૦૬ના રોજ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જેમાંથી ખેડા જિલ્લા પંચાયતને રૂા. ૨૩૫.૦૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) પંચાયતોને સમયાંતરે સમયસર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને વિકાસના કામોના અમલીકરણની કામગીરી સમયસર કરવામાં આવે છે જેથી વિલંબથી ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અમદાવાદ શહેરમાં સમૂહ લગ્ન યોજના હેઠળ યુગલોને લાભ**

૧૫૯૯૦ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા યુગલોને સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો,

(૨) આ યોજનામાં યુગલોને શા લાભ આપવામાં આવે છે, અને

(૩) આ યોજના અંગે લોક જાગૃતિ લાવવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) **(અ)** અનુસૂચિત જાતિના ૫૨ યુગલોને
**(બ)** સા. શૈ.પ. વ. ના ૨૭ યુગલોને.

(૨) સાતફેરા સમૂહ લગ્ન યોજનામાં જોડાનાર દરેક યુગલને રૂા. ૫૦૦૦/- ના નર્મદા શ્રી નીધિ બોન્ડ આપવામાં આવે છે.

(૩) **(અ)** યોજનાનું સાહિત્ય પેમ્ફલેટ સ્વરૂપે વિના મૂલ્યે પુરૂ પાડવામાં આવે છે.
**(બ)** જાગરૂક્તા શિબિર, સમાજ શિક્ષણ શિબિર, સેમિનારમાં લોકોને યોજનાની જાણકારી આપવામાં આવે છે.
**(ક)** પ્રચારકો દ્વારા યોજનાનો પ્રચાર કરવામાં આવે છે.

-------------

**રાજ્યમાં એગ્રો એક્ષપોર્ટ ઝોન**

૧૪૨૪૫ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં એગ્રો એક્ષપોર્ટ ઝોન ક્યા ક્યા સ્થળે સ્થાપવામાં આવ્યા છે, અને

(૨) કૃષિ પેદાશની નિકાસના વિવિધ પાકોમાં

**જવાબ**

(૧) ૧) કેરી અને શાકભાજી માટે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત.
૨) મૂલ્યવર્ધિત ડુંગળી માટે સૌરાષ્ટ્ર.
૩) તલ માટે સૌરાષ્ટ્ર.

(૨) કૃષિ પેદાશની નિકાસમાં વિવિધ પાકો પૈકી

ક્યા ક્યા પાકો નક્કી કરેલ ઝોનમાં રાખવામાં આવે છે ?

કેરી અને શાકભાજી, મૂલ્યવર્ધિત ડુંગળી અને તલ એગ્રી એક્ષપોર્ટ ઝોનમાં રાખવામાં આવ્યા છે.

-------------

**ગોળના કોલાના કાયદા અંગેની નીતિ**

૧૪૦૪૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના ગોળ કોલાના કાયદા અનુરૂપ રાજ્ય સરકારે તે અંગે કોઇ નીતિ નક્કી કરી છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે ? | (૨) ગુજરાત ગોળ અને ખાંડસરી (રેગ્યુલેશન ઓફ પ્રોડકશન) ઓર્ડર ૧૯૭૭ તા.૧૧-૭-૧૯૭૭ થી જાહેર કરેલ છે. જે અમલમાં છે. |

-------------

**જૂનાગઢ જિલ્લામાં એસ.જી.આર. યોજના હેઠળ રસ્તાઓ**

૧૫૮૦૧**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના રાજેસરથી દેવગઢનો રસ્તો એસ.જી.આર. યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો, આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) મેંદરડા તાલુકાના "" રાજેસર ગામથી દેવગઢનાં રસ્તાના મેટલ રોડ "" નું કામ કરેલ છે. આ કામ ઉપર કુલ રૂા. ૯૦૬૦૯ નો ખર્ચ (અનાજ સહિત) કરવામાં આવેલ છે. આ કામ પુર્ણ થયેલ છે. |
| (૨) રસ્તાનું કામ પૂર્ણ થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

-------------

**રાજ્યમાં પછાત જ્ઞાતિના વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે સાયકલ**

૧૫૮૬૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિની કેટલી વિદ્યાર્થીનીઓને વિના મૂલ્ય સાયકલ આપવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૦૪-૦૫માં ૪૨૦૨૧<br>અને<br>વર્ષ ૨૦૦૫-૦૬ માં ૧૩૯૬૦ |
| (૨) તે પેકી સુરત જિલ્લામાં કેટલા તાલુકામાં આપવામાં આવી ? | (૨) ૧૪ |

-------------

**ભરૂચ જિલ્લામાં રદ થયેલ સહકારી મંડળીઓ**

૧૫૮૮૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સહકારી કાયદા અન્વયે નોંધાયેલી પરંતુ કામકાજ ન કરતી હોય તેવી સહકારી મંડળીઓની સંખ્યા કેટલી, | (૧) ૪૫૯ |
| (૨) આવી મંડળીઓના રજીસ્ટ્રેશન રદ કરવા માટેની ફરિયાદો સરકાર પાસે આવી છે કે કેમ, અને | (૨) ના જી. |

(૩) જો હા, તો આવી મંડળીઓના રજીસ્ટ્રેશન રદ નહીં કરવાના કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં મેડીકલ કોલેજોમાં અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ**

૧૪૦૨૮ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં રાજ્ય સરકાર સંચાલિત મેડીકલ કોલેજોના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ ફી, સ્કોલરશીપ તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી ચૂકવાઈ છે,

(૧) શિક્ષણ ફી રૂા. ૩,૫૩,૦૨૨/-અને સ્કોલરશીપ રૂા. ૬,૭૦,૭૬૭/- ચુકવાઈ છે.

(૨) આ ગ્રાન્ટ સમયસર ફાળવાતી નથી તે સરકાર જાણે છે, અને

(૨) માંગણી મુજબ સમયસર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

(૩) પ્રશ્ન રહેતો નથી.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં સો ચોરસવારના પ્લોટ ફાળવવા અરજીઓ**

૧૬૦૧૫ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૪-૦૫ અને સને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં ૧૦૦ ચોરસવારના દ ારથાળના ગાળા મેળવવા અનુસૂચિત જાતિના લોકોની કેટલી અરજીઓ આવી છે,

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર અનુ. જાતિના લોકોની અરજીઓ બંને વર્ષમાં નીચે મુજબ મળેલ છે.

| તાલુકો | સને ૨૦૦૪-૦૫ | સને ૨૦૦૫-૦૬ |
|---|---|---|
| પાલનપુર | ૩૨ | ૩૩ |
| અમીરગઢ | ૦૦ | ૦૦ |
| દાંતા | ૨૧ | ૦૬ |
| વડગામ | ૪૬૪ | ૨૫ |
| ડીસા | ૧૮૬ | ૧૪૬ |
| ધાનેરા | ૦૧ | ૦૦ |
| દાંતીવાડા | ૪૦ | ૦૦ |
| દિયોદર | ૧૪૮ | ૧૬૯ |
| ભાભર | ૦૧ | ૦૦ |
| થરાદ | ૧૩ | ૧૨ |
| વાવ | ૩૧ | ૨૨ |
| કાંકરેજ | ૫૮ | ૪૪ |
| **કુલ :** | **૯૯૫** | **૪૫૭** |

(૨) કેટલા લોકોને તાલુકાવાર ઘરથાળના ગાળા ફાળવવામાં આવ્યા છે અને કેટલાને ફાળવવાના બાકી છે, અને

(૨) તાલુકાવાર અનુ.જાતિના લોકોને નીચે મુજબ દ ારથાળના ગાળા ફાળવેલ છે.

| તાલુકો | સને ૨૦૦૪-૦૫ | | સને ૨૦૦૫-૦૬ | |
|---|---|---|---|---|
| | ફાળવેલ પ્લોટ | ફાળવવાના બાકી પ્લોટ | ફાળવેલ પ્લોટ | ફાળવવાના પ્લોટ |
| પાલનપુર | ૦૦ | ૩૨ | ૦૦ | ૩૩ |
| અમીરગઢ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દાંતા | ૦૦ | ૨૧ | ૦૦ | ૦૬ |
| વડગામ | ૦૦ | ૪૬૪ | ૦૦ | ૨૫ |
| ડીસા | ૨૯ | ૧૩ | ૦૦ | ૧૪૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ધાનેરા | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| દાંતીવાડા | ૨૭ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દિયોદર | ૫૭ | ૦૦ | ૦૦ | ૧૬૯ |
| ભાભર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| થરાદ | ૦૦ | ૧૩ | ૦૦ | ૧૨ |
| વાવ | ૦૦ | ૩૧ | ૦૦ | ૨૨ |
| કાંકરેજ | ૦૦ | ૫૮ | ૦૦ | ૪૪ |
| **કુલ :** | **૧૧૩** | **૬૩૪** | **૦૦** | **૪૫૭** |

(૩) પડતર અરજીઓનો કેટલા સમયમાં સરકાર દ્વારા નિકાલ કરવામાં આવશે.

(૩) બનતી ત્વરાએ.

-------------

## ભાવનગર જિલ્લામાં વોટરશેડની પૂર્ણ થયેલ યોજનાઓ

૧૫૯૮૦ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં પૂર્ણ થતી વોટરશેડની યોજનાઓ કેટલી છે ?

**જવાબ**

ભાવનગર જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ના વર્ષના સમયગાળામાં વોટરશેડ યોજનાનો કોઈ પ્રોજેક્ટ તા. ૩૧-૧-૦૬ સુધીમાં પૂર્ણ થયેલ નથી. પરંતુ આ યોજના હેઠળના અગાઉના કુલ ૧૨૧ પ્રોજેક્ટ પૂર્ણ થયેલ છે.

-------------

## સમાજ સુરક્ષા વિભાગ ધ્વારા વિકલાંગોને ઓળખપત્રો

૧૫૧૦૩ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સમાજ સુરક્ષા વિભાગ ધ્વારા વિકલાંગ લાભાર્થીઓને નવા ઓળખપત્રો આપવાની યોજના હેઠળ નવા ફોર્મ નહીં મળતા હોવાથી ધક્કા ખાવા પડતા હોવાની હકીક્ત ખરી છે,

(૨) વિકલાંગોને ગુંચવાડાભરી વ્યવસ્થા કાર્યવાહીના બદલે સરળમાં સરળ રીતે પ્રમાણપત્રો મળી જાય તે માટે વિભાગ શું આયોજન કરવા માંગે છે, અને

(૩) વિકલાંગો સાથે માનવીય વ્યવહાર કરવા કર્મચારીઓને કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) આ હેતુસર કમિશ્નરશ્રી, આરોગ્ય સેવાઓ (તબીબી વિભાગ), ગાંધીનગર દ્વારા સર્વે જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જનશ્રીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૩) હા, જી.
કર્મયોગી તાલીમ આપવામાં આવેલ છે.

-------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૪૩૯૯ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૦૧-૪-૨૦૦૫ થી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી સહાય ચૂકવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે તે કેટલા સમયમાં સહાય ચૂકવવામાં આવશે ?

**જવાબ**

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | મંજુર અરજીઓ | | ચુકવેલ સહાય | |
|---|---|---|---|---|---|---|
| | સા.અને શે.પ.વ. | અ.જા. | સા.અને શે.પ.વ. | અ.જા. | સા.અને શે.પ.વ. | અ.જા. |
| ચોટીલા | ૨૪ | ૨૮ | - | ૧૫ | - | રૂા. ૭૫,૦૦૦ |
| સાયલા | ૧૭ | ૧૩ | ૨ | ૪ | રૂા ૧૦,૦૦૦ | રૂા. ૨૦,૦૦૦ |
| | | | | | | |

(૧) અને (૨)

(૩) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ૨૨ અરજીઓ પડતર છે જેમાં શક્ય તેટલું જલ્દી સહાય ચૂકવવામાં આવશે.

-------------

**પાલીતાણા ગ્રામપંચાયત જુદી પાડવાની દરખાસ્ત**

૧૬૨૨૨ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા):માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલીતાણા તાલુકામાંથી ગ્રામપંચાયતો જુદી પાડવા અંગેની કોઈ દરખાસ્ત સરકારને મળી છે કે કેમ,

(૨) જો હા, તો આ દરખાસ્ત ક્યાં તબક્કે છે, અને

(૩) ક્યારે પંચાયતો જુદી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) વિધાનસભા મતવિસ્તારની સિમાંકનની કાર્યવાહી દરમિયાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની છે.

-------------

**રાજ્યના ખેડૂત ખાતેદારોને અકસ્માત યોજનાનો લાભ**

૧૫૯૬૪**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને અકસ્માત વિમા યોજનાનો લાભ મળતો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, બાકાત રહેતા ખાતેદાર ખેડૂતોને યોજનામાં સમાવવા સરકારને સન ૨૦૦૪ અને ૨૦૦૫માં કેટલી ફરિયાદ મળેલ છે,

(૩) બાકી રહેતા ખાતેદાર ખેડૂતોને આ યોજનાનો લાભ આપવા સરકારે શું આયોજન કરેલ છે, અને

(૪) આ જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા જી, યોજનાની હાલની જોગવાઇ મુજબ ૫ હેકટરથી વધુ જમીન ધરાવતા ખાતેદાર ખેડૂતોને આ યોજનાનો લાભ મળતો નથી.

(૨) વર્ષ ૨૦૦૪માં આવી કોઇ રજુઆત મળેલ નથી જ્યારે વર્ષ ૨૦૦૫ના વર્ષમાં ૧(એક) રજુઆત મળેલ છે.

(૩) હાલમાં આવી કોઇ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં નવા બનાવેલ માર્કેટયાર્ડ**

૧૩૯૩૬ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા માર્કેટયાર્ડ બનાવવામાં આવ્યા, અને | (૧) ૪ (ચાર) |
| (૨) તે પૈકી ડાંગ અને નવસારીમાં નવા માર્કેટયાર્ડ બનાવવામાં આવ્યા છે કે કેમ ? | (૨) ના. |

-------------

**રાજ્યમાંથી ડુંગળીની નિકાસો વધારવા કોલ્ડ સ્ટોરેજ**

૧૬૦૦૩ ડૉ. **ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ક્યા ક્યા જિલ્લામાં ડુંગળીનું ઉત્પાદન થાય છે, | (૧) મુખ્યત્વે ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, જામનગર, સુરેન્દ્રનગર અને પોરબંદર જિલ્લાઓમાં ઉત્પાદન થાય છે, જ્યારે અન્ય જિલ્લાઓમાં છુટુ છવાયું વાવેતર કરવામાં આવે છે. |
| (૨) આમાથી ક્યા ક્યા જિલ્લામાંથી ડુંગળીની નિકાસ કેટલી થાય છે, અને કંઈ કંઈ જગ્યાએ, | (૨) કેટલા જથ્થાનો નિકાસ થયો છે, તેની વિગતો આધાર પુરાવા સાથે હજુ રજુ થઇ નથી. |
| (૩) રાજ્ય સરકાર ધ્વારા ડુંગળીની નિકાસો વધારવા માટે કોલ્ડ સ્ટોરેજની કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ, | (૩) ડુંગળી નાશવંત ચીજ હોવાથી સંગ્રહ માટે હવા ઉજાસવાળા મેડાની જરૂર હોઇ કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો ક્યાં ક્યાં અને કેટલા ખર્ચે, અને | (૪) ખંડ ૩ મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) રાજ્ય સરકાર ધ્વારા કોલ્ડ સ્ટોરેજો વધારવા માટે શું આયોજન છે ? | (૫) ૨૦૦૦ મેટ્રીક ટનની ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજના બાંધકામ માટે, રૂા. ૧૨.૫૦ લાખની મર્યાદામાં સહાય આપવાની નેશનલ હોર્ટીકલ્ચર બોર્ડ તથા રાજ્ય સરકારની યોજનાઓ અમલમાં છે. |

-------------

**રાજ્યના જળાશયોમાં મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ પર પ્રતિબંધ**

૧૫૯૯૩ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લા અને વિસ્તારોમાં ડેમો જળાશયોમાં મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ છે, | (૧) કચ્છ જિલ્લાના તમામ જળાશયો, ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં આવેલ શેત્રુંજી ડેમ. |
| (૨) આ પ્રતિબંધના કારણો શા છે, | (૨) આ વિસ્તારોમાં જૈન તીર્થસ્થાનો છે. જૈન લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તે હેતુ ધ્યાને લઇ પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. |
| (૩) ચોક્કસ જિલ્લાઓમાં જ પ્રતિબંધ લગાવવાના કારણો શા છે, અને | (૩) ભાવનગર જિલ્લાના પાલીતાણા ખાતે જૈનોનું પવિત્ર તીર્થસ્થાન આવેલ હોવાથી તેમજ કચ્છ જિલ્લામાં જૈન તીર્થ હોવાથી જૈન યાત્રાળુઓ તથા સ્થાનિક જૈન રહીશોની ધાર્મિક લાગણી ન દુભાય તે ધ્યાને લઇ માછીમારી માટે પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. |
| (૪) આ પ્રતિબંધ હટાવવાનું સરકાર વિચારે છે કે કેમ ? | (૪) ના, જી. |

-------------

## ભરૂચ જિલ્લામાં પશુ દવાખાનામાં ખાલી જગ્યાઓ

૧૩૯૮૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) :માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પશુ દવાખાનાઓ છે, અને કેટલા કાર્યરત છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાઓની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧. | ભરૂચ | ૧ |
| ૨. | અંકલેશ્વર | ૧ |
| ૩. | હાંસોટ | ૧ |
| ૪. | વાલીયા | ૨ |
| ૫. | ઝઘડીયા | ૨ |
| ૬. | વાગરા | ૧ |
| ૭. | આમોદ | ૧ |
| ૮. | જંબુસર | ૨ |
| | કુલ : | ૧૧ |

ઉપરોક્ત તમામ કુલ - ૧૧ પશુ દવાખાના હાલ કાર્યરત છે.

(૨) આ દરેક પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, તે કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| **અ. નં.** | **પશુ દવાખાનાનું સ્થળ** | **ખાલી જગ્યાની વિગત** | | |
|---|---|---|---|---|
| | | **પશુ ચિકિત્સા અધિકારી** | **ડ્રેસર** | **પટાવાળા** |
| ૧. | વાલિયાા | ૧ જગ્યા તા. ૧-૪-૦૩થી ખાલી | - | - |
| ૨. | ઝઘડીયા | ૧ જગ્યા તા. ૩-૧-૦૫થી ખાલી | - | - |
| ૩. | ઉમલ્લા | - | ૧ જગ્યા તા.૧૯-૪-૦૧ થી ખાલી | - |
| ૪. | ટંકારી બંદર | ૧ જગ્યા તા. ૧-૬-૦૨થી ખાલી | - | - |
| ૫. | ચાસવડ | - | ૧ જગ્યા તા.૧૯-૪-૦૧ થી ખાલી | - |
| ૬. | જંબુસર | - | ૧ જગ્યા તા. ૨૧-૪-૦૨થી ખાલી | ૧ જગ્યા તા.૩૦-૬-૦૧ થી ખાલી |
| | **કુલ** | **૩** | **૩** | **૧** |

ઉમેદવારો ઉપલબ્ધ થયે ભરવામાં આવશે.

-------------

## ગાંધીનગર જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીની સંખ્યા

૧૫૯૮૭ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા કેટલી છે ? | ગાંધીનગર જિલ્લામાં ૯મી પંચવર્ષીય યોજના અંતર્ગત બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા ૩૫૪૫૭ની છે. |

-------------

**કડી તાલુકામાં ગોચર જમીનમાં દબાણ અંગે ફરિયાદ**

૧૫૯૮૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કડી તાલુકાના કેટલા અને ક્યા ક્યા ગામોએ ગોચર જમીનમાં કેટલું દબાણ કરવામાં આવેલ છે, | (૧) સામેલ પત્રક - ૧ મુજબ |
| (૨) ગોચર જમીન ઉપર કરવામાં આવેલ દબાણો દૂર કરવા સંબંધી કોઈ ફરિયાદ સરકારને મળેલ છે, | (૨) હા, જી. ૧૨, ફરિયાદો મળેલ છે. |
| (૩) ગોચર જમીનમાંથી માટી ઉપાડી લઈ ગોચર બિન ઉપયોગી થવા સંબંધી સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને | (૩) કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૪) ફરિયાદો સંદર્ભે સરકારે શાં પગલાં ભર્યા ? | (૪) ૧૨ ફરિયાદો પેકી ૭ કિસ્સામાં દબાણો દૂર કરાવેલ છે અને બાકીના પાંચ દબાણો દૂર કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

**પત્રક-૧**

કડી તાલુકાના ગોચર જમીન પરના દબાણવાળા ગામો અને દબાણના ક્ષેત્રફળની વિગતો દર્શાવતું પત્રક

| અ. નં. | ગામના નામ | ગોચર જમીન પરના દબાણનો વિસ્તાર | અ. નં. | ગામના નામ | ગોચર જમીન પરના દબાણનો વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧. | અગોલ | ૦.૫૯.૪૬ | ૨૬ | વલાવડી | ૦.૦૩.૦૫ |
| ૨. | આદરેજ | ૮.૧૭.૫૬ | ૨૭. | ફતેપુરા | ૦.૪૪.૨૪ |
| ૩. | આણંદપુરા | ૦.૩૫.૪૧ | ૨૮. | ઈશ્વરપુરા | ૦.૦૩.૩૪ |
| ૪. | ટાંકીયા | ૦.૩૨.૭૫ | ૨૯. | બલાસર | ૧.૯૦.૧૪ |
| ૫. | આદુંદરા | ૪.૭૪.૩૪ | ૩૦. | સુજાતપુરા | ૦.૨.૩૨ |
| ૬. | લક્ષ્મીપુરા (આ) | ૦.૪૦.૦૦ | ૩૧. | બાવલું | ૫.૯૧.૧૫ |
| ૭. | ઉટવા | ૦.૯૪.૭૬ | ૩૨. | ધોળાસણ | ૧૪.૦૮.૩૧ |
| ૮. | કરણનગર | ૨.૯૧.૩૮ | ૩૩. | માથાસુર | ૨.૬૦.૪૮ |
| ૯. | કાસ્વા | ૦.૫૩.૩૯ | ૩૪. | મોકાસણ | ૧.૭૬.૩૬ |
| ૧૦. | ઘુઘલા | ૦.૮૯.૩૬ | ૩૫. | રાજપુર | ૧.૬૩.૨૨ |
| ૧૧. | ખાવડ | ૧.૬૬.૦૨ | ૩૬. | રંગપુરડા | ૦.૨૦.૫૦ |
| ૧૨. | ચારોલ | ૮.૭૬.૦૦ | ૩૭. | લ્હોર-રોઝાપુરી | ૫.૫૮.૩૦ |
| ૧૩. | નારણપુરા | ૧.૩૯.૯૨ | ૩૮. | લક્ષ્મણપુરા | ૪.૩૩.૪૭ |
| ૧૪. | ચંદ્રાસણ | ૧૩.૨૭.૭૦ | ૩૯. | વણસોલ | ૦.૫૫.૮૯ |
| ૧૫. | યશવંતપુરા | ૦.૧૩.૬૯ | ૪૦. | વરખડીયા | ૨.૩૫.૩૪ |
| ૧૬. | દિગડી | ૦.૭.૯૦ | ૪૧. | વાઘરોડા | ૦.૯૫.૫૬ |
| ૧૭. | જાસલપુર | ૧.૧૦.૮૦ | ૪૨. | દેલ્લા | ૪.૦૫.૮૨ |
| ૧૮. | ડાંગરવા | ૧.૬૩.૬૦ | ૪૩. | જમીયતપુરા | ૫.૨૨.૭૧ |
| ૧૯. | હરીપુરા | ૦.૦.૧૮ | ૪૪. | વામજ | ૫.૪૫.૦૪ |
| ૨૦. | દેઉસણા | ૪.૭૫.૪૧ | ૪૫. | વેકરા | ૩.૫૬.૯૦ |

| અ. નં. | ગામના નામ | ગોચર જમીન પરના દબાણનો વિસ્તાર | અ. નં. | ગામના નામ | ગોચર જમીન પરના દબાણનો વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૨૧. | ગણેશપુરા | ૦.૧.૮૨ | ૪૬. | શિયાપુરા | ૦.૫૮.૧૨ |
| ૨૨. | નગરાસણ | ૯.૩૪.૫૪ | ૪૭. | દુધઈ | ૧.૦૯.૪૨ |
| ૨૩. | નદાણ | ૨.૫૯.૦૪ | ૪૮. | સેંદરડી | ૦.૮૯.૨૬ |
| ૨૪. | ગોવિંદપુરા | ૨.૫૯.૨૦ | ૪૯. | સુરજ | ૩.૫૭.૦૮ |
| ૨૫. | નાની કડી | ૨.૪૩.૯૦ | ૫૦. | મોયણ | ૦.૨૭.૦૦ |
| | | | | કુલ : | ૧૩૬.૮૧.૧૫ |

-------------

**બક્ષીપંચના પ્રમાણપત્રો મેળવવામાં વિદ્યાર્થીઓને પડતી હાલાકી**

૧૬૦૦૦ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બક્ષીપંચના સર્ટીફિકેટો મેળવવા માટે જે તે વિદ્યાર્થીઓના પિતા તથા દાદાના સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટમાં સંબંધિત બક્ષીપંચની જ્ઞાતિનો નિર્દેશ થયો હોવો જોઈએ, તેવો આગ્રહ સબંધીત સત્તાવાળાઓ ધ્વારા રાખવામાં આવે છે, તે હકીકત સરકાર જાણે છે,

(૨) જો હા, તો શું આને પરિણામે સંબંધકર્તા વિદ્યાર્થીઓને હાલાકી ભોગવવી પડે છે, સરકાર આ અંગે કોઈ સ્પષ્ટ નિર્દેશો આપવા માંગે છે, અને

(૩) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧) હા, જી. કેટલાક શંકાસ્પદ કિસ્સાઓમાં જાતિ પ્રમાણપત્રો આપતાં પહેલાં આ રીતે ખરાઈ થઈ શકે તે માટે આવી જોગવાઈ રાખવામાં આવી છે.

(૨) અને (૩) જાતિ પ્રમાણપત્ર મેળવવામાં અરજદારને હાલાકી ના પડે તે માટે વિગતવાર સ્પષ્ટતા કરતી સૂચનાઓ બહાર પાડવામાં આવેલી છે.

-------------

**શિહોર અને ગારીયાધાર તાલુકામાં સો ચોરસવારના પ્લોટો**

૧૫૯૯૮**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૬ની સ્થિતિએ શિહોર અને ગારીયાધાર તાલુકા પંચાયત ધ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કેટલીવાર લેન્ડ કમીટી મળેલી છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ૧૦૦(સો) ચોરસવારના પ્લોટ આ બંને તાલુકામાં કેટલા ફાળવેલ છે, અને

(૩) ફાળવેલ ૧૦૦ (સો) ચોરસવારના પ્લોટોની સનદો અરજદારને આપવામાં આવેલ છે કે નહીં ?

**જવાબ**

(૧) તા. ૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં શિહોર તાલુકા પંચાયત દ્વારા ૧ (એક) લેન્ડ કમીટી તથા ગારિયાધાર તાલુકા પંચાયત દ્વારા ૩ (ત્રણ) લેન્ડ કમીટી મળેલ છે.

(૨) આ બંન્ને તાલુકામાં ૧૦૦ ચો. વાર. પ્લોટ નીચે મુજબ ફાળવેલ છે.

(૧) શિહોર ૫૨૫

(૨) ગારિયાધાર એકપણ નહિ.

(૩) ૧૦૦ ચો. વારના ફાળવેલ પ્લોટની શિહોર તાલુકામાં ૨૦૪ સનદો આપેલ છે.

-------------

**બક્ષીપંચના છાત્રાલયોમાં પ્રવેશ આપવાની નીતિ**

૧૬૦૦૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા બક્ષીપંચના બાળકોના છાત્રાલયોમાં પ્રવેશ આપવાની શી નીતિ છે, | (૧) રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતા બક્ષીપંચના (સાશૈપવ) સરકારી છાત્રાલયોમાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશની હાલ નીચે મુજબની નીતિ છે.<br>- એસ.એસ.સી. પછી ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ મેરીટના ધોરણે પ્રવેશને પાત્ર છે.<br>- વિદ્યાર્થીઓ માટે વાર્ષિક રૂા. ૨૪,૦૦૦/- અને વિદ્યાર્થીનીઓ માટે ગરીબી રેખાની આવક મર્યાદાથી પાંચ ગણી આવક મર્યાદા છે.<br>- સામાન્ય રીતે નવા વિદ્યાર્થીઓ માટે ૬૦ ટકા, જુના વિદ્યાર્થીઓ માટે ૫૫ ટકા અને વિદ્યાર્થીનીઓ માટે ૫૦ ટકા ગુણનું ધોરણ છે.<br>- સંખ્યાની આંતરિક ટકાવારી અભ્યાસક્રમવાર નીચે મુજબ છે.<br>- મેડીકલ એન્જીનીયરીંગ ૧૦ ટકા<br>- પોલીટક્નીક/ફાર્મસી/ડિપ્લોમાં ૧૦ ટકા<br>- અનુસ્નાતક કક્ષા ૧૫ ટકા<br>- અન્ય સ્નાતક કક્ષા ૪૫ ટકા<br>- ધોરણ ૧૧, ૧૨ ૨૦ ટકા<br>૧૦૦ ટકા |
| (૨) આ નીતિ અનુસાર ચાલુ નાણાકીય વર્ષમાં કેટલી જગ્યાઓ હતી અને કેટલી જગ્યાઓ ભરાઈ, અને | (૨) ૨૫૯૪ જગ્યાઓ હતી તે સામે ૨૦૭૮ જગ્યાઓ ભરાઇ છે. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂા. ૧,૭૮,૮૬,૦૦૦/- |

-------------

## બનાસકાંઠા જિલ્લામાં શરાફી સહકારી મંડળીઓમાં ગેરરીતિઓ

૧૫૯૭૩ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં ચાલતી શરાફી સહકારી મંડળીઓ તથા મોટા કદની શરાફી સહકારી મંડળીઓમાં મોટા પ્રમાણમાં ગેરરીતિઓ થયાની, જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા છ માસ દરમ્યાન રાજ્યના સહકારી મંડળીઓના રજીસ્ટ્રારને માસદીઠ કુલ કેટલી ફરિયાદો મળવા પામી છે ?

**જવાબ**

જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ છ માસ દરમ્યાન કુલ છ ફરિયાદો મળેલ છે.

| માસનું નામ | શરાફી સહકારી સહકારી મંડળીઓ | મોટા કદની શરાફી સહકારી મંડળીઓ |
|---|---|---|
| ડિસે-૦૫ | ૧ | ૧ |
| જાન્યુ.-૦૬ | ૧ | ૩ |
| **કુલ** | | **૨ ૪** |

-------------

## સ્વર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ ખર્ચ

૧૫૯૭૭ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના અંતર્ગત રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા સ્પેશીયલ પ્રોજેક્ટસ ક્યાં ક્યાં કાર્યરત છે, | (૧) સ્વર્ણ જ્યંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ : ૮ સ્પેશયલ પ્રોજેક્ટસ ખેડા, કચ્છ, વડોદરા, સુરેન્દ્રનગર, ગાંધીનગર, અમદાવાદ, ભરૂચ, મહેસાણા, પાટણ, રાજકોટ, |

ભાવનગર, જામનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અમરેલી, જુનાગઢ, વલસાડમાં કાર્યરત છે.

(૨) આ સ્પેશિયલ પ્રોજેક્ટસ હેઠળ કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે,

(૨) ખાસ પ્રોજેક્ટ દ્વારા પ્રોજેક્ટ હેઠળ આવરી લેવાયેલ જિલ્લાઓમાં ગરીબી રેખા હેઠળનાં કુટુંબોના સામાજિક આર્થિક બાબતોના ઉત્થાનની દિશામાં પ્રયો કરવાની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

(૩) આના પાછળ કેટલી રકમ મંજૂર થઈ છે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) આ આઠ પ્રોજેક્ટો માટે રૂા. ૫૫૨૭.૮૯ લાખની જોગવાઇ નિયત કરેલ છે. અને જાન્યુઆરી-૨૦૦૬ સુધીમાં રૂા. ૨૩૭૧.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૪) લાભાર્થીઓને આ પ્રોજેકટસ હેઠળ શો ફાયદો થયો છે ?

(૪) જે જિલ્લાઓમાં આ ખાસ પ્રોજેક્ટો કાર્યરત છે તે જિલ્લાઓના ગરીબી રેખા હેઠળના કુટુંબો જુદા જુદા પ્રોજેક્ટો હેઠળ ચોક્કસ તાલીમ, કાર્યનિપૂણતા વધારવી, આર્થિક ધિરાણ, માળખાકીય સુવિધાઓ અને રોજગારીની તકો મેળવી શક્યા છે.

-------------

### કચ્છ જિલ્લામાં બક્ષીપંચના લાભાર્થીઓની મકાન સહાયની અરજીઓ

૧૪૭૭૫ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૧-૪-૦૩ થી ૩૧-૩-૦૫ સુધીમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા લાભાર્થીઓની પંડિત દિનદયાલ આવાસ યોજના હેઠળ સહાય માટેની અરજી મળી,

(૨) તે પૈકી કેટલા ઈસમોની અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી સહાય તાલુકાવાર ચૂકવવામાં આવી, અને

(૩) બાકી રહેલા અરજદારોને કેટલા સમયમાં સહાય ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) કચ્છ જિલ્લામાં ફક્ત ભચાઉ તાલુકાની ૨૨ અરજીઓ મળી હતી જે પૈકી ૨૧ અરજીઓ મંજૂર કરી રૂા. ૮.૪૦ લાખ સહાય ચૂકવવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### ઉમરાળા તાલુકા વિકાસ અધિકારી સામે ફરિયાદ

૧૩૯૬૪ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી સામે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

### એસ.જી.આર. યોજનાનો ગ્રાન્ટનો હપ્તો ચૂકવવા અંગે

૧૫૮૫૯ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાની એસ.જી.આર. યોજનાનો જિલ્લાની ગ્રાન્ટનો

**જવાબ**

(૧) હા, જી.

બીજો હપ્તો ચૂકવવાનો બાકી છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો સરકાર ક્યારે ચૂકવવા માંગે છે ?

(૨) આ કેન્દ્ર પુરસ્કૃત યોજના હોઇ કેન્દ્ર સરકાર તરફથી બીજા હપ્તાની કેન્દ્રીય સહાય છુટી કરવામાં આવતી હોય છે. અને તેની સામે રાજ્ય સરકાર રાજ્યના ફાળાનો હપ્તો છુટો કરે છે. હવે કેન્દ્ર સરકાર તરફથી માહે ફેબ્રુઆરી-૦૬ થી રૂા. ૧૪૯.૮૩ લાખ છુટા કરેલ છે. તથા તેની સામે રાજ્ય સરકારે રાજ્યના ફાળાની ગ્રાન્ટ રૂા. ૪૯.૯૪૩ લાખ સામે એડવાન્સ ગ્રાન્ટ રૂા. ૭.૬૬ લાખ સરભર કરતાં રૂા. ૪૨.૨૮૩ લાખ કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૦૬માં ફાળવી આપેલ છે.

-------------

## રાજ્યમાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ

૧૫૧૦૬ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત જિલ્લાવાર કેટલી અરજીઓ મળેલ છે, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩) તે અંગે કુલ કેટલી રકમ અકસ્માત વિમા પેટે ચૂકવવામાં આવેલ છે ? | (૩) ૪૪.૫૦ લાખ રૂા. |

**પત્રક-૧**

રાજ્યમાં તા. ૩૧-જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત જિલ્લાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪ |
| ૨ | અમરેલી | ૩૬ |
| ૩ | આણંદ | ૩૨ |
| ૪ | બનાસકાંઠા | ૨૭ |
| ૫ | ભરૂચ | ૧૧ |
| ૬ | ભાવનગર | ૫૮ |
| ૭ | દાહોદ | ૫ |
| ૮ | ગાંધીનગર | ૧૬ |
| ૯ | જામનગર | ૧૯ |
| ૧૦ | જુનાગઢ | ૫૦ |
| ૧૧ | ખેડા | ૪૩ |
| ૧૨ | કચ્છ | ૧૧ |
| ૧૩ | મહેસાણા | ૧૭ |
| ૧૪ | પંચમહાલ | ૧૮ |
| ૧૫ | નવસારી | ૧૨ |
| ૧૬ | પાટણ | ૧૨ |
| ૧૭ | પોરબંદર | ૫ |
| ૧૮ | રાજકોટ | ૫૬ |
| ૧૯ | સાબરકાંઠા | ૬૨ |
| ૨૦ | સુરત | ૧૮ |

| | | |
|---|---|---|
| ૨૧ | સુરેન્દ્રનગર | ૨૭ |
| ૨૨ | વડોદરા | ૩૭ |
| ૨૩ | વલસાડ | ૬ |
| ૨૪ | નર્મદા | ૯ |
| ૨૫ | ડાંગ | ૦ |
| | **કુલ** | **૬૦૧** |

**પત્રક-૨**

રાજ્યમાં તા. ૩૧-જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન ખેડૂત અકસ્માત વિમા યોજના અંતર્ગત જિલ્લાવાર મંજૂર કરવામાં આવેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧ |
| ૨ | અમરેલી | ૧ |
| ૩ | આણંદ | ૪ |
| ૪ | બનાસકાંઠા | ૦ |
| ૫ | ભરૂચ | ૦ |
| ૬ | ભાવનગર | ૪ |
| ૭ | દાહોદ | ૦ |
| ૮ | ગાંધીનગર | ૧ |
| ૯ | જામનગર | ૨ |
| ૧૦ | જુનાગઢ | ૫ |
| ૧૧ | ખેડા | ૩ |
| ૧૨ | કચ્છ | ૦ |
| ૧૩ | મહેસાણા | ૧ |
| ૧૪ | પંચમહાલ | ૧ |
| ૧૫ | નવસારી | ૧ |
| ૧૬ | પાટણ | ૦ |
| ૧૭ | પોરબંદર | ૦ |
| ૧૮ | રાજકોટ | ૧૦ |
| ૧૯ | સાબરકાંઠા | ૬ |
| ૨૦ | સુરત | ૦ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૨ | વડોદરા | ૪ |
| ૨૩ | વલસાડ | ૦ |
| ૨૪ | નર્મદા | ૦ |
| ૨૫ | ડાંગ | ૦ |
| | **કુલ** | **૪૫** |

-------------

**વલસાડ જિલ્લામાં નિવાસી શાળામાં ફાળવેલ ગ્રાન્ટ**

૧૪૦૯૫**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં ધરમપુર-પારડી અને વાપી વલસાડમાં ચાલતી નિવાસી શાળામાં ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં ધરમપુર-પારડી અને વાપી વલસાડ ખાતે અનુસૂચિત જાતિની તેમજ વિકસતી જાતિની કોઇપણ આદર્શ નિવાસી શાળા ચાલતી ન હોવાથી ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના નાણાકીય

વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગ્રાન્ટ ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

(૨) બાળક દીઠ કેટલો ખર્ચ આવે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં એસ.જી.આર. યોજના અન્વયે રોડના કામો**

૧૪૨૯૬ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ.જી.આર. યોજના અન્વયે સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા-લખતર અને સાયલા તાલુકામાં રોડના ક્યા ક્યા કામો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં હાથ પર લેવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા-લખતર અને સાયલા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૫ અંતિત કુલ-૪૨ રસ્તાના કામો હાથ પર લેવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | હાથ ધરવામાં આવેલ રસ્તાના કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસાડા | ૬ |
| ૨ | લખતર | ૨૨ |
| ૩ | સાયલા | ૧૪ |
| | **કુલ..** | **૪૨** |

રસ્તાના કામોની વિગતો દર્શાવતું પરિશિષ્ટ-(૧) સામેલ છે.

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨) તેની પાછળ કુલ રૂા. ૪૩.૬૨ લાખનો રોકડ ખર્ચ થયેલ છે અને ૨૪૨.૧૧૩ મે.ટન અનાજના જથ્થાનો વપરાશ થયેલ છે.

**પરિશિષ્ટ-૧**

**હાથ ધરવામાં આવેલ રસ્તાનાં કામોની વિગત**

| ક્રમ | તાલુકો | કામનું નામ | નોંધ |
|---|---|---|---|
| ૧ | દસાડા | જીવણગઢ-મજેઠી રસ્તાનું કામ | |
| ૨ | દસાડા | માલણપુર ગામે ચોકથી ભરવાડવાસના નાકાસુધી સી.સી. રોડનુ કામ | |
| ૩ | દસાડા | કોચાડા ગામે ઝાપાથી કોઝવે સુધી સી.સી. રોડનું કામ | |
| ૪ | દસાડા | આદરીયાણા રોઝવા રસ્તા પર નાળાનું માટી કામ | |
| ૫ | દસાડા | દસાડા સ્ટેટ હાઇવેને જોડતો કઠાડા એપ્રોચ રોડ | |
| ૬ | દસાડા | મેરા-ધનારા રોડ જિલ્લા સુધી | |
| ૭ | લખતર | કેશરીયા ગામે ધનજી લવજીના ઘરથી ઝાંપા સુધી સી.સી. રોડનું કામ | |
| ૮ | લખતર | લીલાપુર ગામે વિભા ભરવાડના ઘરથી ભરતસિંહના ઘર સુધી સી.સી.રોડનું કામ | |
| ૯ | લખતર | લીલાપુર ગામે નારાયણ કુંભારના ઘરથી કાળકા માતાના મંદિર સુધી સી.સી.રોડનું કામ | |
| ૧૦ | લખતર | લખતર ગામે સ્ટેશન રોડથી રાજા પગીના ઘર સુધી સી.સી.રોડનું કામ | |
| ૧૧ | લખતર | લખતર મુકામે છોટાલાલ પરભુદાસના ખાંચામાં સી.સી.રોડનું કામ | |
| ૧૨ | લખતર | લખતર મુકામે શ્રીનાથ સોસાયટીમાં સી.સી.રોડનું કામ | |
| ૧૩ | લખતર | લખતર મુકામે ખોડીયાર માતાના મંદિર પાસે સી.સી.રોડનું કામ | |
| ૧૪ | લખતર | લખતર મુકામે બોરોડવાસમાં સી.સી.રોડનું કામ | |
| ૧૫ | લખતર | લખતર મુકામે ભુતના ચોરા પાસે સી.સી.રોડનું કામ | |
| ૧૬ | લખતર | લખતર મુકામે હકીમવાળી ગલીમાં સી.સી.રોડનું કામ | |
| ૧૭ | લખતર | લખતર મુકામે શ્રેયાંસ સોસાયટીમાં સી.સી.રોડનું કામ | |
| ૧૮ | લખતર | તલસાણા ગામે મેટલ રોડનું કામ ભાગ-૧ | |
| ૧૯ | લખતર | તલસાણા ગામે મેટલ રોડનું કામ ભાગ-૨ | |
| ૨૦ | લખતર | તાવી ગામે ફતેસિંહના ઉતારાથી સી.સી.રોડનું કામ | |
| ૨૧ | લખતર | તલસાણા ગામે સી.સી.રોડનું કામ ભાગ-૧ | |
| ૨૨ | લખતર | તલસાણા ગામે સી.સી.રોડનું કામ ભાગ-૨ | |
| ૨૩ | લખતર | તલસાણા ગામે સી.સી.રોડનું કામ ભાગ-૩ | |
| ૨૪ | લખતર | તલસાણા ગામે સી.સી.રોડનું કામ ભાગ-૪ | |
| ૨૫ | લખતર | ક્ન્સ્ટ્ર. ઓફ ભડવાણા વસ્સાણી રોડ કિ.મી. ૦/૦ થી ૩/૦ | |
| ૨૬ | લખતર | ક્ન્સ્ટ્ર. ઓફ ભડવાણા વસ્સાણી રોડ કિ.મી. ૩/૦ થી ૬/૦ | |
| ૨૭ | લખતર | કલ્યાણપરા વનથળ રોડ | |

| ક્રમ | તાલુકો | કામનું નામ | નોંધ |
|---|---|---|---|
| ૨૮ | લખતર | સવલાણા નાગડકા રોડ કિ.મી. ૦/૦ થી ૩/૦ | |
| ૨૯ | સાયલા | સુદામડા-મોટાકેરાળા રસ્તાનું કામ | |
| ૩૦ | સાયલા | શીરવાણીયા-મોટાભડલા રસ્તાનું કામ | |
| ૩૧ | સાયલા | ગોસળ-મદારગઢ રસ્તાનું કામ | |
| ૩૨ | સાયલા | ભાડુકા-કાનપર રસ્તાનું કામ | |
| ૩૩ | સાયલા | ખીટલા-લીબાળા રસ્તાનું કામ | |
| ૩૪ | સાયલા | ગુંદીયાવાડા-ધમરાસળા રસ્તાનું કામ | |
| ૩૫ | સાયલા | ધજાળા-ધમરાસળા રસ્તાનું કામ | |
| ૩૬ | સાયલા | સુદામડા-નથુપુરા-વડીયા રસ્તાનું કામ | |
| ૩૭ | સાયલા | કસવાળી-ગો સીમ રસ્તાનું કામ | |
| ૩૮ | સાયલા | ગરાંભડી-ગોયા રસ્તાનું કામ | |
| ૩૯ | સાયલા | ધારાડુંગરી-થાન રસ્તાનું કામ | |
| ૪૦ | સાયલા | સોરીભડા પ્રવેશમાર્ગનું કામ | |
| ૪૧ | સાયલા | કંસાળા-ઇશ્વરીયા રસ્તાનું કામ | |
| ૪૨ | સાયલા | ટીટોડા રસ્તાનું કામ | |

-------------

## બારડોલી અને માંડવી તાલુકા માટે બારમા નાણાંપંચમાં કરવામાં આવેલ જોગવાઈ

૧૪૮૧૮ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બારમા નાણાંપંચ હેઠળ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં આયોજન હેઠળની કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે,

(૨) દશમા નાણાંપંચ અને અગીયારમાં નાણાંપંચમાં જે ગામોને લાભ મળેલ છે તે ગામનો સમાવેશ બારમાં નાણાંપંચની યોજનામાં ન કરવાનું કારણ શું છે, અને

(૩) બારમા નાણાંપંચની ગાઈડ લાઈન્સમાં તમામ ગામોને લાભ મળે એ મુજબની કાર્યવાહી સરકાર કરવા માટે શાં પગલાં ભરવા માગે છે ?

**જવાબ**

(૧) બારમા નાણાંપંચની કેન્દ્ર સરકાર તરફથી મળેલ ફાળવણી આધારે સુરત જિલ્લાને રૂા.૮૭૨.૩૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. બારડોલી અને માંડવી તાલુકાને ગ્રાન્ટની ફાળવણીની કાર્યવાહી સુરત જિલ્લા પંચાયત કક્ષાએ નક્કી કરવાની રહે છે.

(૨) દશમા નાણાંપંચ અને અગીયારમા નાણાંપંચના અનુદાનનો લાભ જે ગામોને એકપણ વખત ના મળ્યો હોય તેવા વંચિત ગામોને બારમા નાણાંપંચની યોજનામાં પ્રથમ અગ્રિમતા આપવા સરકારશ્રીએ ઠરાવેલ છે.

(૩) બારમા નાણાંપંચની ભલામણોના સંદર્ભમાં રાજ્ય સરકારે બહાર પાડેલ માર્ગદર્શક સૂચનાઓ મુજબ દર વર્ષે દરેક જિલ્લાની કુલ ગ્રામ પંચાયતના ૧/૫ ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. જેથી બારમા નાણાંપંચના સને ૨૦૦૫-૨૦૧૦ ના પાંચ વર્ષના સમય ગાળામાં જિલ્લાની તમામ ગ્રામ પંચાયતને આવરી શકાય.

-------------

## કચ્છ જિલ્લામાં કૃષિ ખાતાની વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી રહેતી જગ્યાઓ અંગે

૧૪૬૫૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં કૃષિ ખાતાની નાયબ ખેતી નિયામક વર્ગ-૧, મદદનીશ ખેતી નિયામક, વર્ગ-૨ તથા ખેતીવાડી અધિકારી વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ મંજૂર થયેલી છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ૨૦૦૩, ૨૦૦૪, અને ૨૦૦૫માં વર્ષવાર ખાલી રહેલી છે,

**જવાબ**

(૧) ૧. નાયબ ખેતી નિયામક, વર્ગ-૧ની મંજૂર થયેલ જગ્યા-૩

૨. મદદનીશ ખેતી નિયામક, વર્ગ-૨ની મંજૂર થયેલ જગ્યા-૧૪

૩. ખેતી અધિકારીની વર્ગ-૨ની મંજૂર થયેલ જગ્યા-૫.

(૨)

| અ.નં | સંવર્ગ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|---|
| ૧. | ના.ખે.નિ. | ૨ | ૨ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨. | મ.ખે.નિ. | ૬ | ૮ | ૧૦ |
| ૩. | ખે. અધિ. | ૧ | ૧ | ૧ |

(૩) આ જગાઓ લાંબા સમયથી વારંવાર ખાલી રાખવા માટે કોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે, અને

(૩) આ જગાઓ વયનિવૃત્તિ/સ્વે. નિવૃત્ત તથા બદલી થવાના કારણે ખાલી રહેલ છે. ખાતાની આ સંવર્ગની ૫૦ ટકા ઉપર જગાઓ ખાલી છે. આમ આ બાબતે કોઈની જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(૪) મંજૂર થયેલી જગાઓ વધુને વધુ ભરાયેલી રહે તે માટે સરકારે શાં વિશેષ પગલાં લીધા છે ?

(૪) મંજૂર થયેલ જગાઓ ભરાયેલી રહે તે માટે સીધી ભરતી/બઢતીની કાર્યવાહી ગતિમાં છે.

-------------

**અનુસૂચિત જાતિ અને બંક્ષીપંચની આશ્રમ શાળાઓમાં ગેરરીતિની ફરિયાદો**

૧૪૬૫૫ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અનુસૂચિત જાતિ તેમજ બક્ષીપંચની રાજ્યમાં આવેલી આશ્રમશાળાઓમાં વ્યાપક પ્રમાણમાં વહીવટી ભ્રષ્ટાચાર કરી નાણાંકીય ગેરરીતીઓ આચરવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) તે અંગે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ૫૩.

(૨) નિયમોની જોગવાઈ અન્વયે ઘટતી કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------------

**બી.ટી. કપાસનું નકલી બિયારણ**

૧૪૩૩૧ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ બી. ટી. કપાસના બોગસ બનાવટી બિયારણ વેચવાના કેટલા કિસ્સા રાજ્ય સરકારના ધ્યાને છેલ્લા એક વર્ષમાં આવ્યા, અને

(૨) બી.ટી. કપાસનું શુધ્ધ બિયારણ તેયાર કરી સરકાર ખેડૂતોને પુરું પાડવા માગે છે કે કેમ ?

**જવાબ**

(૧) એક.

(૨) હા, જી.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં એક કરતાં વધુ સહકારી મંડળીઓ ચાલુ કરવા અંગે**

૧૫૮૭૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દરેક ગામમાં સરકારી નિયમ વિરુધ્ધ એક સહકારી મંડળીના બદલે અનેક મંડળીઓ રજીસ્ટ્રેશન કરવામાં આવી છે તે હકીકત સાચી છે ?

**જવાબ**

ના, જી.

------------

**રાજ્યમાં મત્સ્ય બંદરો ઉપર વધેલું ભારણ**

૧૫૯૬૦ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલમાં રાજ્યમાં આવેલાં મત્સ્ય બંદરો ઉપરનું ભારણ વધ્યું હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ભાર ઓછો કરવા સરકાર નવા મત્સ્ય બંદરો વિકસાવવા માંગે છે કે કેમ ? | (૨) હા, જી. |

-------------

**કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય**

૧૫૮૭૪ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓને કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કેટલી રકમની સહાય આપવામાં આવી ? | ૧૦,૯૧૯ કન્યાઓને રૂા. ૫૪૫.૯૫ લાખ. |

-------------

**અનુસૂચિત જાતિ માટેની બાલવાડી, છાત્રાલય અને આશ્રમશાળાઓ ફાળવવા અંગે**

૧૫૯૮૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિ માટેની બાલવાડી, છાત્રાલય અને આશ્રમશાળાઓ વર્તમાનપત્રોમાં જાહેરાત આપ્યા સિવાય કેટલી સસ્થાઓએ ક્યાં ક્યાં મંજૂર કરી આપવામાં આવી છે, અને | (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ ૪૩ સંસ્થાઓને નીચે જણાવેલ સ્થળોએ મંજૂરી આપવામાં આવી છે.<br>**૧. બાલવાડી** : સંતરામપુર, બોરડી, કમોડ, અમદાવાદ, નવસારી, ભાટ, વાવોલ, મોટેરા, ચાંદખેડા, ડભોડા, સઇજ, કલોલ, ગાંધીનગર, વડોદરા, સદાતપુરા, રામનગર પરા વિસ્તાર (વડાલી), ફેદરા, અરસામઢા છાવણી, રંધોળા.<br>**૨. છાત્રાલય** : ભાટ, સાદરા, ડભોડા, રાજકોટ કસલાવટી, તા. વિરપુર (જિ. ખેડા) અમદાવાદ.<br>૩. **આશ્રમશાળા** : ઝાંઝરકા, ભાટ, ખેરપુર, મહુડી. |
| (૨) વર્તમાનપત્રોમાં જાહેરાત આપ્યા સિવાય અનુસૂચિત જાતિની બાલવાડી, છાત્રાલયો અને આશ્રમશાળાઓ ફાળવવાના શા કારણો છે ? | (૨) રદ થયેલી સંસ્થાઓ સામે આ ફાળવણી કરવામાં આવી છે. |

-------------

**ખેતીવાડી ગ્રામ વિકાસની કામગીરિમાં વિપરિત અસર**

૧૪૨૦૯ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારે ખેતીવાડી ગ્રામ વિકાસની કોમન કેડર કરેલ છે, જેના પરિણામે ગ્રામ વિકાસની કામગીરીમાં વિપરીત અસર પડેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) આ પ્રકારની રજુઆત થયેલ હતી. |
| (૨) આ કોમન કેડરથી થયેલ અસરને પહોંચી વળવા સરકારનું શું આયોજન છે ? | (૨) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૪-મ-૧૯૨-ક-૭, તા. ૨૫-૧-૦૬ થી ગ્રામ સેવક આઇ.આર.ડી. ની કેડરો અલગ કરી અને કેડર મુજબ અલગ જોબ ચાર્ટ બનાવ્યા છે, જેથી કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગની કામગીરી અસરકારક રીતે થઇ શકશે. |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ફીમેલ હેલ્થ વર્કરની ખાલી જ્ગ્યાઓ

૧૫૭૨૨ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ફીમેલ હેલ્થ વર્કરની કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | લીંમડી | ૦૧ |
| ૨. | ચુડા | ૦૧ |
| ૩. | સાયલા | ૦૧ |
| ૪. | ચોટીલા | ૦૫ |
| ૫. | ધ્રાંગધ્રા | ૦૩ |
| ૬. | હળવદ | ૦૪ |
| ૭. | પાટડી | ૦૫ |
| | **કુલ :** | **૨૦** |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) ખાલી જ્ગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, | (૨) સરકારશ્રીએ જ્ગ્યાઓ ભરવા મંજૂરી આપેલ છે. |
| (૩) જો ના, તો તાલુકાવાર ઘટને સમાંતર કરવા માગે છે કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં તાલુકાવાર સમાંતર કરવા માંગો છો ? | (૪) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિને ધ્યાનમાં લઈ લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી. |

-------------

## રાજ્યમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશના બદલે રોકડ રકમ

૧૩૯૩૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની સુવિધા હતી તે રદ કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. ગણવેશને બદલે રૂા. ૧૫૦ની ગણવેશ સહાય આપવામાં આવે છે. |

(૨) જો હા, તો ગણવેશની જ્યાએ રોકડ રકમ આપવા બાબતે ખેડા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી રકમ ચૂકવાઇ ?

(૨) સને ૨૦૦૪-૦૫મા ખેડા જિલ્લાના બક્ષીપંચના તમામ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે, અને ચાલુ નાણાંકીય વર્ષમાં ૨,૪૨,૮૭૮ વિદ્યાર્થીઓને
રૂા. ૩,૬૪,૩૧,૭૦૦ની સહાય ચૂકવવાનું આયોજન છે.

-------------

## કૃષિ ક્ષેત્રે બાયો ટેક્નોલોજીનો વ્યાપ વધારાવા આયોજન

૧૫૯૯૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ ક્ષેત્રે બાયો ટેક્નોલોજીનો વ્યાપ વધારવા સરકારે શું આયોજન કરેલ છે, | (૧) કૃષિ ક્ષેત્રે બાયો ટેક્નોલોજીનો વ્યાપ વધારવા માટે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સંશોધનની કામગીરી હાથ ધરવામાં આવે છે. અને જૈવીક કિટ નિયંત્રણ, જૈવીક ખાતર વર્મી કંપોસ્ટ વગેરેનો ઉપયોગ કરવા સરકારની સહાય યોજનાઓ અમલમાં છે. ઉપરાંત સરકારશ્રી દ્વારા બાયો ટેક્નોલોજીનો પ્રચાર-પસાર પણ કરવામાં આવે છે. |
| (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ પધ્ધતિથી ખેતીના ક્યા ક્યા પાકો થાય છે, અને | (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ પધ્ધતિથી ખેતીમાં કેળ, ખજૂર, શેરડી જેવા પાકોની ખેતી થાય છે, જ્યારે જૈવિક કિટ નિયંત્રણ, જૈવિક ખાતરનો ઉપયોગ ખેતી હેઠળના તમામ પાકોમાં થઈ શકે છે. |
| (૩) આ ટેક્નોલોજીથી શા લાભ થાય છે ? | (૩) આ ટેક્નોલોજીનાં થતા લાભ નીચે મુજબ છે.<br>(૧) બાયો ટેક્નોલોજીનાં ઉપયોગથી પર્યાવરણને નુક્સાન ન થાય તે રીતે અનાજ, બળતણ અને રેસાઓ તેમજ અન્ય આડ પેદાશો પરંપરાગત પધ્ધતિથી ઉત્પાદન કરી શકાય.<br>(૨) બાયો ટેક્નોલોજીનાં ઉપયોગથી કૃષિ ક્ષેત્રે સજીવ ખેતીને પ્રોત્સાહન આપી શકાશે, તેમજ દુષિત પર્યાવરણથી બચાવી શકાશે.<br>(૩) ગુણવત્તા યુક્ત વધુ કૃષિ ઉત્પાદન મેળવી શકાશે જેથી વિશ્વ બજારમાં ટકી શકાશે.<br>(૪) ગુણવત્તા સારી હોવાથી ખેડૂતોને વધુ ભાવ મળશે. |

-------------

## અમદાવાદ શહેરમાં પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ

૧૪૨૪૬ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા ૩ શૈક્ષણિક વર્ષમાં અનુસૂચિત જાતિ અને બક્ષી પંચના પ્રાથમિક શાળાના બાળકોને વર્ષ પ્રમાણે ક્યા ક્યારે અમદાવાદ શહેરમાં ગણવેશ આપવામાં આવ્યા, | (૧) છેલ્લા ૩ શૈક્ષણિક વર્ષમાં અમદાવાદ શહેરમાં પ્રાથમિક શાળાના બાળકોને નીચે મુજબ ગણવેશ સહાય આપવામાં આવી<br><br>**<u>અનુસૂચિત જાતિના બાળકોને :</u>**<br>ગણવેશ સહાય શાસનાધિકારીશ્રી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન મારફ્ત રોકડમાં ચૂકવવામાં આવેલ છે. |

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૨-૦૩ | ૩૩,૭૦૯ |
| ૨૦૦૩-૦૪ | ૨૬,૬૧૩ |
| ૨૦૦૪-૦૫ | ૫૮,૦૫૨ |

**અમદાવાદ શહેરના બક્ષીપંચના બાળકોને નીચે દર્શાવ્યા મુજબ :**

એલીસબ્રીજ મ્યુનિ. શાળા નં. ૨-૨૪ ખાતે તા.૪-૨-૦૫ના રોજ યોજેલા જાહેર કાર્યક્રમમાં ગણવેશ સહાય રોકડમાં આપવામાં આવી.

| વર્ષ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૨-૦૩ | કોઈને સહાય આપેલ નથી. |
| ૨૦૦૩-૦૪ | ૩૫,૭૭૮ |
| ૨૦૦૪-૦૫ | ૨૭,૪૬૬ |

(૨) ગણવેશ આપવા માટે અનુસૂચિત જાતિ કે બક્ષીપંચના પ્રમાણપત્ર ઉપરાંત ગરીબી રેખાનું કાર્ડ હોવું જરૂરી છે તેવો પરિપત્ર આ વર્ષ દરમ્યાન સરકારે કરેલ કે કેમ, અને

(૨) હા જી, પરંતુ તેમાં સુધારો કરીને ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોના અનુ. જાતિ/સા. શૈ. પ. વર્ગના તમામ બાળકોને લાભ આપવાનું ઠરાવેલ છે.

(૩) જો હા, તો આ પરિપત્રના આધારે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં ધો-૧ થી ધો-૭ માં ભણતા અનુસૂચિત જાતિ તથા બક્ષીપંચના બાળકોને ક્યાં સુધીમાં ગણવેશ આપવા અથવા તેના વિકલ્પે કેટલી રકમ આપવાનું આયોજન છે ?

(૩) ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન અમદાવાદ શહેરમાં ધો. ૧ થી ૭માં ભણતા અનુસૂચિત જાતિના કુલ ૩૭,૫૫૧ વિદ્યાર્થીઓને કુલ રૂા. ૫૬,૩૨,૭૩૦/- ગણવેશ સહાય પેટે રોકડ રકમના વિતરણની કામગીરી ચાલુ છે. જ્યારે બક્ષીપંચના કુલ ૨૮,૯૬૦ બાળકોને રૂા. ૪૩.૪૪ લાખ ગણવેશ પેટે સહાય આપવાનું આયોજન છે.

-------------

## માછીમારોને સેલ્સટેક્ષ મુક્ત ડીઝલની રકમની ચૂકવણી

૧૪૦૪૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય મત્સ્યદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સૌરાષ્ટ્ર ગુજરાતના માછીમારોને સેલટેક્ષ મુક્ત ડીઝલની રકમ છેલ્લા એક વર્ષથી ચૂકવાઇ નથી તેવી કેટલી ફરિયાદો સરકારને તા. ૩૧-૧-૦૬ સુધીમાં મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) આ રકમની ક્યારે ચૂકવણી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી. ૭ (સાત) ફરિયાદો મળેલ છે.

(૨) ચૂકવણી માટે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ચૂકવવાપાત્ર તમામને તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં ચૂકવી આપવામાં આવશે.

-------------

## રાજ્યમાં ગ્રામ વિકાસના કામો પાછળ ખર્ચ

૧૫૮૭૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૪-૨૦૦૫ના તથા ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં ગ્રામ વિકાસના કામો માટે કેટલી રકમનું આયોજન કર્યું હતું અને કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકારે સને ૨૦૦૪-૦૫ના તથા ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષમાં ગ્રામ વિકાસના કામો માટે અનુક્રમે રૂા. ૨૪૫૯૫.૫૬ લાખ અને રૂા. ૩૧૫૯૬.૦૦ લાખનું આયોજન કર્યુ હતુ અને રાજ્ય સરકારે સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષમાં ગ્રામ વિકાસના કામો માટે અનુક્રમે

રૂા. ૨૦૯૯૪.૪૩ લાખ અને જાન્યુઆરી ૨૦૦૬ સુધીમાં રૂા. ૧૮૫૪૬.૭૬ લાખનું ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) જે પૈકી સુરત જિલ્લામાં તાલુકાવાર ગ્રામ વિકાસના કામો પાછળ તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) જે પૈકી સુરત જિલ્લામાં તાલુકાવાર ગ્રામ વિકાસના કામો પાછળ વર્ષ ૨૦૦૪-૦૫ માટે રૂા. ૭૯૨.૨૪ લાખનું ખર્ચ થયેલ છે. અને વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માટે તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં રૂા. ૯૩૯.૮૬ લાખનું ખર્ચ કરવામાં આવેલ છે. (પત્રક સામેલ છે.)

પત્રક

ગ્રામ વિકાસના કામો પાછળ સુરત જિલ્લામાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો

રૂા. લાખમાં

| ક્ર. નં. | તાલુકા | એસ.જી.એસ.વાય | | સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના | | ઇન્દિરા આવાસ યોજના (નવા) | | ઇન્દિરા આવાસ યોજના (સુધા.) | | વોટર શેડ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | બારડોલી | ૧.૭૨ | ૨.૪૩ | ૧૪.૭૮ | ૧૪.૯૦ | ૯.૫૭ | ૮.૯૦ | ૧.૧૫ | ૦.૮૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | ચોર્યાસી | ૧.૫૬ | ૩.૦૩ | ૧૯.૬૧ | ૧૪.૫૮ | ૧૧.૬૮ | ૮.૯૦ | ૧.૫૦ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | કામરેજ | ૧.૬૨ | ૨.૨૯ | ૧૪.૨૪ | ૧૪.૨૦ | ૨.૨૫ | ૫.૯૩ | ૦.૫૦ | ૦.૬૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | મહુઆ | ૩.૩૫ | ૪.૨૨ | ૧૬.૯૮ | ૧૪.૫૧ | ૫.૦૦ | ૧૬.૦૭ | ૪.૩૨ | ૧.૦૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | માંડવી | ૭.૧૫ | ૪.૯૯ | ૨૫.૦૭ | ૨૦.૫૩ | ૫.૦૦ | ૧૭.૭૯ | ૧.૩૦ | ૧.૫૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | માંગરોલ | ૨.૯૨ | ૨.૮૬ | ૧૩.૮૨ | ૧૪.૧૮ | ૧૧.૦૩ | ૧૬.૧૩ | ૧.૮૨ | ૧.૦૮ | ૦.૦૦ | ૧.૫૩ |
| ૭ | નિઝર | ૩.૧૫ | ૩.૭૪ | ૯.૯૦ | ૧૧.૩૬ | ૩.૫૦ | ૨૦.૨૮ | ૩.૭૮ | ૦.૯૭ | ૦.૦૦ | ૦.૮૩ |
| ૮ | ઓલપાડ | ૧.૪૮ | ૨.૨૬ | ૧૩.૬૯ | ૧૮.૨૬ | ૧૪.૪૬ | ૧૦.૪૭ | ૩.૨૧ | ૦.૮૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | પલસાણા | ૧.૨૬ | ૧.૮૯ | ૭.૯૬ | ૯.૪૬ | ૩.૬૯ | ૭.૭૧ | ૦.૫૦ | ૦.૬૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | સોનગઢ | ૧૨.૮૭ | ૬.૦૯ | ૨૧.૫૬ | ૨૦.૬૦ | ૧૫.૧૫ | ૨૧.૨૬ | ૫.૦૮ | ૧.૩૪ | ૭.૯૪ | ૧.૭૦ |
| ૧૧ | ઉચ્છલ | ૨.૯૮ | ૨.૯૮ | ૮.૧૩ | ૧૦.૨૬ | ૪.૩૫ | ૧૯.૬૯ | ૦.૮૫ | ૦.૯૩ | ૦.૩૫ | ૪.૭૧ |
| ૧૨ | ઉમરપાડા | ૩.૨૧ | ૩.૩૨ | ૮.૨૯ | ૯.૦૪ | ૪.૫૩ | ૧૩.૩૪ | ૩.૦૨ | ૦.૭૭ | ૦.૦૦ | ૧.૨૧ |
| ૧૩ | વાલોડ | ૨.૬૧ | ૨.૨૯ | ૮.૫૪ | ૮.૬૧ | ૭.૬૦ | ૬.૨૩ | ૦.૪૦ | ૦.૪૮ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૪ | વ્યારા | ૧૦.૭૭ | ૫.૫૮ | ૨૬.૨૯ | ૩૦.૪૨ | ૧૮.૦૫ | ૨૪.૦૫ | ૨.૧૧ | ૧.૫૮ | ૦.૦૦ | ૧.૩૭ |
| | જિ.ગ્રા.વિ.એ. | ૬.૧૧ | ૪.૩૯ | ૩.૪૦ | ૬.૧૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૨.૬૫ | ૧.૭૩ |
| | ટી.ડી.ઇ.ટી. | | | | | | | | | ૦.૯૫ | ૨.૨૮ |
| | **કુલ** | **૬૨.૭૩** | **૫૨.૩૫** | **૨૧૨.૨૪** | **૨૧૭.૦૧** | **૧૧૫.૮૬** | **૧૯૬.૭૫** | **૨૯.૫૪** | **૧૩.૧૮** | **૧૧.૮૯** | **૧૫.૩૬** |

જિ. ગ્રા. વિ. એ. = જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી

ટી. ડી. ઇ. ટી. = ટેક્નોલોજી ડેવલપમેન્ટ, એક્સટેન્સન એન્ડ ટ્રેનીંગ

ગ્રામ વિકાસના કામો પાછળ સુરત જિલ્લામાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો

રૂા. લાખમાં

| ક્ર. નં. | તાલુકા | ડીઆરડીએ એડમીનીસ્ટ્રેશન | | ઇન્દિરા આવાસ રાજ્ય પુરસ્કૃત | | સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન | | ખાસ રોજગાર યોજના | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
| ૧ | બારડોલી | ૦.૪૦ | ૦.૩૭ | ૧૭.૭૮ | ૧૭.૩૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૬ | ૦.૦૦ | ૪૫.૫૬ | ૪૪.૭૪ |
| ૨ | ચોર્યાસી | ૦.૭૬ | ૦.૫૭ | ૨૯.૯૦ | ૧૫.૧૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૨ | ૦.૦૦ | ૬૫.૧૩ | ૪૨.૭૬ |
| ૩ | કામરેજ | ૦.૫૦ | ૦.૩૭ | ૧૪.૯૭ | ૧૯.૦૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૭ | ૦.૦૦ | ૩૪.૧૫ | ૪૨.૪૪ |
| ૪ | મહુઆ | ૦.૩૪ | ૦.૩૫ | ૧૫.૮૪ | ૨૭.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૭ | ૦.૦૦ | ૪૫.૯૯ | ૬૩.૨૩ |
| ૫ | માંડવી | ૦.૪૫ | ૦.૪૧ | ૨૯.૩૮ | ૪૯.૧૨ | ૦.૪૯ | ૦.૦૦ | ૦.૬૮ | ૦.૦૦ | ૬૯.૫૨ | ૯૪.૪૨ |
| ૬ | માંગરોલ | ૦.૪૭ | ૦.૫૯ | ૨૧.૬૭ | ૨૯.૦૪ | ૦.૦૫ | ૦.૦૦ | ૦.૨૦ | ૦.૦૦ | ૫૧.૯૮ | ૬૫.૪૧ |
| ૭ | નિઝર | ૦.૩૮ | ૦.૩૩ | ૨૦.૩૩ | ૫૫.૩૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૧૯ | ૦.૦૦ | ૪૧.૨૩ | ૯૨.૮૧ |
| ૮ | ઓલપાડ | ૦.૪૬ | ૦.૩૫ | ૪.૮૭ | ૧૧.૩૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૬ | ૦.૦૦ | ૩૮.૪૨ | ૪૩.૫૩ |
| ૯ | પલસાણા | ૦.૪૬ | ૦.૩૪ | ૧૪.૩૧ | ૧૪.૮૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૯ | ૦.૦૦ | ૨૮.૨૬ | ૩૪.૮૯ |
| ૧૦ | સોનગઢ | ૦.૫૯ | ૦.૪૨ | ૨૫.૫૭ | ૩૦.૮૦ | ૦.૨૫ | ૦.૦૦ | ૦.૭૧ | ૦.૦૦ | ૮૯.૭૨ | ૮૨.૨૧ |
| ૧૧ | ઉચ્છલ | ૦.૪૧ | ૦.૩૫ | ૨૩.૨૫ | ૪૨.૭૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૨૭ | ૦.૦૦ | ૪૦.૫૮ | ૮૧.૬૧ |
| ૧૨ | ઉમરપાડા | ૦.૪૩ | ૦.૧૮ | ૨૭.૯૭ | ૨૪.૦૦ | ૦.૭૨ | ૦.૦૦ | ૦.૦૪ | ૦.૦૦ | ૪૮.૨૧ | ૫૧.૮૭ |
| ૧૩ | વાલોડ | ૦.૪૬ | ૦.૩૮ | ૯.૦૫ | ૧૨.૦૭ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૩૧ | ૦.૦૦ | ૨૮.૯૭ | ૩૦.૦૬ |
| ૧૪ | વ્યારા | ૦.૪૧ | ૦.૫૯ | ૬૪.૫૦ | ૪૮.૦૦ | ૦.૧૧ | ૦.૦૦ | ૦.૭૭ | ૦.૦૦ | ૧૨૩.૦૧ | ૧૧૧.૫૮ |
| | જિ.ગ્રા.વિ.એ. | ૧૨.૨૭ | ૧૦.૮૮ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૧૬ | ૨૧.૯૧ | ૯.૨૧ | ૧૦.૬૪ | ૩૪.૮૦ | ૫૫.૬૭ |
| | ગ્રા.વિ.નિ. | | | | | ૫.૭૭ | ૦.૩૭ | | | ૬.૭૨ | ૨.૬૫ |
| | **કુલ** | **૧૮.૭૯** | **૧૬.૪૮** | **૩૧૯.૩૯** | **૩૯૫.૮૧** | **૮.૫૫** | **૨૨.૨૮** | **૧૩.૨૫** | **૧૦.૬૪** | **૭૯૨.૨૪** | **૯૩૯.૮૬** |

ગ્રા. વિ. નિ. = ગ્રામ વિકાસ નિગમ

ટી. ડી. ઇ. ટી. = ટેક્નોલોજી ડેવલપમેન્ટ, એક્સટેન્સન એન્ડ ટ્રેનીંગ

-------------

**સમાજ કલ્યાણ હસ્તકની વર્ગ-૧ અને વર્ગ-૨ની બઢતીથી ભરવાની જગાઓ**

૧૪૦૨૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમાજ કલ્યાણ નિયામકના તાબાના વર્ગ-૩ના કચેરીના સ્ટાફને વર્ગ-૨માં તથા વર્ગ-૨ના અધિકારીઓને વર્ગ-૧માં પ્રમોશન આપવાની કાર્યવાહી તા. ૩૧-૧-૦૬ના રોજ ક્યા તબક્કે છે,

(૨) વર્ગ-૨ તથા વર્ગ-૧ની કેટલી જગાઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખાલી છે, અને

(૩) આ જગાઓ ક્યારે ભરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) વિચારણા હેઠળ છે.

(૨) વર્ગ-૨માં ૦૩ અને વર્ગ-૧માં ૧૮.

(૩) શક્ય તેટલી વહેલી તકે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના ખેડૂતને જમીન ખરીદવા સહાય**

૧૬૦૧૬ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના ખેડૂતોને જમીન ખરીદવા નાણાંકીય સહાય આપવાની યોજના હેઠળ સને ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના નાણાંકીય વર્ષમાં કેટલા ખેડૂતોની અરજીઓ આવી હતી અને તે પેકી કેટલી મંજૂર કરી હતી તેમજ કેટલી ના મંજૂર કરી હતી, અને

(૨) કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય વર્ષવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| | તાલુકો | મળેલ અરજીઓ | તે પેકી મંજૂર કરેલ અરજીઓ | તે પેકી ના મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|
| વર્ષ ૨૦૦૩-૨૦૦૪ | | | | |
| | ડીસા | ૧ | -- | ૧ |
| | થરાદ | ૩ | -- | ૩ |
| | વાવ | ૨ | -- | ૨ |
| | દીયોદર | ૧ | -- | ૧ |
| | કુલ | ૭ | -- | ૭ |
| વર્ષ ૨૦૦૪-૨૦૦૫ | | | | |
| | વડગામ | ૧ | ૧ | -- |
| | ડીસા | ૧ | ૧ | -- |
| | થરાદ | ૨ | ૧ | ૧ |
| | વાવ | ૨ | ૨ | -- |
| | ધાનેરા | ૧ | ૧ | -- |
| | કુલ. | ૭ | ૬ | ૧ |

(૨)

| વર્ષ | અરજદારોની સંખ્યા | આપવામાં આવેલ સહાયની રકમ |
|---|---|---|
| ૨૦૦૩-૨૦૦૪ | શૂન્ય | શૂન્ય |
| ૨૦૦૪- | ૬ | ૭૯,૦૦૦/- |

| ૨૦૦૫ | | |
|---|---|---|

-------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં વૃધ્ધાવસ્થા સહાય**

૧૪૪૦૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં વૃધ્ધાવસ્થા સહાય તા. ૩૧-૩-૦૫ સુધી કેટલા કિસ્સામાં ચૂકવવાની બાકી છે,

(૨) આ નાણા ચૂકવવાના બાકીના કારણો ક્યા ક્યા છે, અને 2005-1-972-12

(૩) બાકી સહાયના નાણાં ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પછાતવર્ગ કલ્યાણ માટેની બંધ યોજનાઓ પુનઃ ચાલુ કરવાની કામગીરી**

૧૫૯૬૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે કેલેન્ડર વર્ષ ૨૦૦૫માં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ માટે કઇ કઇ યોજના બંધ કરી છે,

(૨) તેના શા કારણો છે, અને

(૩) લાંબા સમયથી ચાલતી આ યોજનાઓ પુનઃ ચાલુ કરવા સરકારે શી કામગીરી હાથ ધરી છે ?

**જવાબ**

(૧) ઉંટ સાંઢણી ખરીદવા માટેની નાણાંકીય સહાયની યોજના.

(૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમની સીધા ધિરાણની યોજના હેઠળ આવરી લેવાની વિચારણા હેઠળ હોવાથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ડાંગ અને વલસાડ જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જ્ગ્યાઓ**

૧૩૯૩૭ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ અને વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગ્રામ સેવકોની કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લા | ખાલી | ક્યારથી જગ્યા |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૩ | ૧-૪-૦૨ (૧ |
| | | | ૧-૪-૦૩ (૩ |
| | | | ૧-૧૦-૦૩ (૪ |
| | | | ૧-૧૨-૦૩ (૧ |
| | | | ૧-૪-૦૪ (૧ |
| | | | ૧-૬-૦૪ (૨ |

| | | | |
|---|---|---|---|
| | | | જગ્યા) |
| | | | ૧-૪-૦૫ (૧ જગ્યા) |
| ૨ | ડાંગ | ૦૨ | ૧-૫-૦૪ (૧ જગ્યા) |
| | | | ૧-૩-૦૫ (૧ જગ્યા) |

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૫-૧-૦૬ના ઠરાવથી ગ્રામ સેવકોની કામગીરી અંગે નવેસરથી જોબ ચાર્ટ નક્કી કરી ગ્રામ સેવક તાલીમ અને મુલાકાત અને આઈઆરડીના સેજાઓ અલગ કરવા ઠરાવેલ છે. તે મુજબ સેટઅપ નક્કી થતાં જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

-------------

**જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને પાક વીમાની ચૂકવવાની બાકી રકમ**

૧૬૦૦૪ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને પાક વિમાની રકમ ચૂકવવાની બાકી છે, કેટલા સમયથી આ રકમ ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મંજુર થયેલી પાક વિમાની કોઈ રકમ ખેડૂતોને ચૂકવવાની બાકી નથી.

-------------

**પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના કેસો**

૧૫૯૯૪ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરી આપવાનાં કેટલા કેસો કેટલા સમયથી પડતર છે,

(૨) તે પૈકી કચ્છ જિલ્લાનાં કેટલા કેસો ક્યા ક્યા પડતર છે, તેના કારણો શા છે, અને

(૩) આ કેસોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કુલ-૩૫૧ કેસો જુદા જુદા સમયથી પડતર છે.

(૨)

| | | |
|---|---|---|
| સને ૨૦૦૨ | - | ૦૨ |
| સને ૨૦૦૩ | - | ૦૧ |
| સને ૨૦૦૪ | - | ૦૧ |
| સને ૨૦૦૫ | - | ૦૩ |
| સને ૨૦૦૬ | - | ૦૩ |
| કુલ | | ૧૦ કેસો |

વહીવટી કારણોસર પડતર છે.

(૩) બનતી ત્વરાએ.

-------------

**ભરૂચ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે સહાય**

૧૩૯૮૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સન ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને મફ્ત ગણવેશ આપવાની યોજના અન્વયે તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવી ? | જરૂરી ગ્રાન્ટ ફાળવી દેવાઈ છે અને સહાયની કાર્યવાહી પણ ચાલુ છે. |

-------------

**પશુ સારવાર અને કૃત્રિમ બીજદાનના દરમાં વધારો**

૧૫૯૮૯ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં પશુ સારવાર અને કૃત્રિમ બીજદાનના ક્યા દર છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ રાજ્યમાં પશુ સારવાર અને કૃત્રિમ બીજદાનના દર નીચે મુજબ છેઃ

| | | |
|---|---|---|
| ૧. | પશુ સારવાર મોટા પશુઓ માટે | **રૂા. ૩.૦૦** -સામાન્ય વિસ્તાર માટે **રૂા. ૨.૦૦** ટ્રાયબલ તાલુકા માટે |
| ૨. | પશુ સારવાર નાના પશુઓ માટે | **રૂા. ૩.૦૦** -સામાન્ય વિસ્તાર માટે **રૂા. ૨.૦૦** ટ્રાયબલ તાલુકા માટે |
| ૩. | પાલતુ પશુઓ માટે | **રૂા. ૧૦.૦૦** |
| ૪. | હડકવા પોસ્ટ બાઈટ રસી | **રૂા. ૭૫.૦૦** |
| ૫. | એક્સરે ફી | **રૂા. ૫૦.૦૦** |
| ૬. | વીઝીટ ફી (વેટ પોલીક્લીનીક) | **રૂા. ૪૦.૦૦** |
| ૭. | કૃત્રિમ બીજદાન ફી (બીજો ડોઝ મફ્ત નથી) | **રૂા. ૩૦.૦૦** -સામાન્ય વિસ્તાર માટે **રૂા. ૨૦.૦૦** ટ્રાયબલ તાલુકા માટે |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ દરમાં વધારો કઇ તારીખથી કરવામાં આવ્યો, | (૨) આ દરમાં વધારો કરવામાં આવેલ નથી. પરંતુ તા.૪-૬-૦૪ થી ઘટાડો કરવામાં આવેલ છે. |
| (૩) કૃત્રિમ બીજદાનની ફી વધાર્યા પછી સંખ્યામાં ઘટાડો થયેલ છે કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો કેટલો ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મહેસાણા જિલ્લામાં બિયારણ વૃધ્ધિ કેન્દ્રો**

૧૫૯૮૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તક મહેસાણા જિલ્લામાં કેટલા બિયારણ વૃધ્ધિ કેન્દ્રો ચાલુ છે, | (૧) ૪ (ચાર). |

(૨) તે પેકી કેટલા બિયારણ વૃધ્ધિ કેન્દ્રો ચાલુ છે,

(૨) ૧ (એક) સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને સોંપવામાં આવેલ બિયારણ વૃધ્ધિ કેન્દ્ર પર સંશોધનની પ્રવૃત્તિ કાર્યરત છે.

(૩) કડી ખાતેના બિયારણ વૃધ્ધિ કેન્દ્રને સરકાર ખેતીવાડીના હેતુ માટે જ વિક્સાવવા માગે છે, કે કેમ, અને

(૩) ના.જી.

(૪) કડી બિયારણ વૃધ્ધિ કેન્દ્રને ખાનગી માલિકોને સોંપવા સંદર્ભે કોઇ માગણી થયેલ છે ?

(૪) ના.જી.

-------------

**મહેસાણા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૬૦૦૧ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વૃધ્ધ પેન્શન યોજના હેઠળ સને ૨૦૦૪-૨૦૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી વૃધ્ધ પેન્શન માટેની અરજીઓ આવેલ,

**જવાબ**

(૧) વૃધ્ધ પેન્શન હેઠળ સને ૨૦૦૪-૨૦૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નીચે મુજબની અરજીઓ આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧. | મહેસાણા | ૧૦૨ |
| ૨. | વિજાપુર | ૭૩ |
| ૩. | કડી | ૪૬ |
| ૪. | બેચરાજી | ૯ |
| ૫. | વિસનગર | ૮૨ |
| ૬. | વડનગર | ૪૭ |
| ૭. | ખેરાલુ | ૪૬ |
| ૮. | સતલાસણા | ૧૨ |
| ૯. | ઉંઝા | ૫૧ |

(૨) તેમાંથી કેટલી માન્ય રાખેલ અને કેટલા સમયમાં વૃધ્ધ પેન્શન ચૂકવવામાં આવેલ, અને

(૨) ૨૧૧ માન્ય રાખેલ અને ૪ માસમાં વૃધ્ધ પેન્શન ચૂકવવામાં આવેલ છે.

(૩) ખેરાલુ તથા સતલાસણા તાલુકામાં કેટલા લોકોને આ પેન્શન યોજનાનો લાભ આપવામાં આવેલ છે?

(૩) ખેરાલુ તાલુકામાં -૨૬
સતલાસણા તાલુકામાં -૯

-------------

**ભાવનગર જિલ્લામાં ખેડૂતોના અકસ્માતે મૃત્યુ વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૫૯૯૯ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં અકસ્માતે મૃત્યુ પામેલ ખેડૂતોની વીમા માટેની તાલુકાવાર કેલ કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧) તાલુકાવાર ૨૩૭ અરજીો મળેલ છે જે અરજીઓની વિગત પત્રક-૧ મુજબ છે.

(૨) મળેલ અરજીઓમાંથી કેટલા અરજદારોના પરિવારોને સહાય ચૂકવવામાં આવેલ છે અને કેટલા પરિવારોને ચૂકવવાની બાકી છે, અને

(૨) ૮૨ પરિવારોને સહાય ચુકવેલ છે. જ્યારે ૩૯ અરજીઓ ચકાસણી હેઠળ છે.

(૩) બાકી રહેલ અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) વીમા કંપની કેસોની ચકાસણી પૂર્ણ કર્યે મળવાપાત્ર દાવાઓની ચુકવણી કરશે.

પત્રક : ૧

ખાતેદાર ખેડૂત અકસ્માત મૃત્યુ વીમા યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૦ |
| ૨ | બોટાદ | ૨૩ |
| ૩ | ગારીયાધાર | ૧૧ |
| ૪ | ગઢડા | ૩૫ |
| ૫ | ઘોઘા | ૧૧ |
| ૬ | પાલીતાણા | ૧૬ |
| ૭ | મહુવા | ૪૬ |
| ૮ | વલ્લભીપુર | ૧૨ |
| ૯ | શિહોર | ૧૭ |
| ૧૦ | તળાજા | ૩૬ |
| ૧૧ | ઉમરાળા | ૧૦ |
| | કુલ : | ૨૩૭ |

-------------

**રાજ્યમાં બક્ષીપંચની જાતિની બાલવાડીઓના કર્મચારીઓના વેતન**

૧૪૭૭૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં બક્ષીપંચ જાતિની ચાલતી બાલવાડીના કર્મચારીઓના વેતનમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવ્યો છે,

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તેમને કેટલું વેતન ચૂકવવામાં આવે છે, અને

(૩) આ કર્મચારીઓના વેતન વધારવા માટેની વિચારણા ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) બક્ષીપંચ જાતિની બાલવાડીઓના કર્મચારીઓના વેતનમાં છેલ્લે તા. ૧-૪-૧૯૯૧થી વધારો કરવામાં આવેલ છે.

(૨) તાલીમી સંચાલીકાને માસિક રૂા. ૭૫૦/- બિન તાલીમી સંચાલિકાને માસિક રૂા. ૬૦૦/- તેડાગર બેનને માસિક રૂા. ૩૦૦/- માનદવેતન ચૂકવવામાં આવે છે.

(૩) કોઈ વિચારણા ચાલતી નથી.

-------------

**ભાવનગર જિલ્લામાં સહકારી મંડળીઓની માન્યતા**

૧૫૮૬૪ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) :માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લારજીસ્ટ્રાર દ્વારા ભાવનગર જિલ્લાની કેટલી સહકારી મંડળીઓની તાલુકાવાર માન્યતા રદ કરવામાં આવી, અને

(૨) કેટલી નવી સહકારી મંડળીઓને માન્યતા આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૦૬ (એકસો છ). પરિશિષ્ટ-૧ સામેલ છે.

(૨) ૬૧ (એકસઠ). પરિશિષ્ટ-૨ સામેલ છે.

-------------

**પરિશિષ્ટ-૧**

**માન્યતા રદ**

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૪ થી તા. ૩૧-૧-૦૫ સુધી | તા. ૧-૨-૦૫ થી તા. ૩૧-૧-૦૬ સુધી |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૧ | ૦૮ |
| ૨ | શિહોર | ૦૪ | ૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | તળાજા | ૧૨ | ૦૩ |
| ૪ | મહુવા | ૦૬ | ૦૯ |
| ૫ | વલ્લભીપુર | ૦૦ | ૦૧ |
| ૬ | બોટાદ | ૦૩ | ૦૭ |
| ૭ | ગઢડા | ૦૯ | ૦૪ |
| ૮ | ઉમરાળા | ૦૫ | ૦૧ |
| ૯ | ગારીયાધાર | ૦૨ | ૦૫ |
| ૧૦ | ઘોઘા | ૦૦ | ૦૧ |
| ૧૧ | પાલીતાણા | ૦૪ | ૦૭ |
| | **કુલ** | **૫૬** | **૫૦** |

**પરિશિષ્ટ-૨**
**નવી નોંધાયેલ**

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૪ થી તા. ૩૧-૧-૦૫ સુધી | તા. ૧-૨-૦૫ થી તા. ૩૧-૧-૦૬ સુધી |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૦૯ | ૦૫ |
| ૨ | શિહોર | ૦૨ | ૦૧ |
| ૩ | તળાજા | ૦૫ | ૦૭ |
| ૪ | મહુવા | ૦૩ | ૦૫ |
| ૫ | વલ્લભીપુર | ૦૩ | ૦૬ |
| ૬ | બોટાદ | ૦૨ | ૦૩ |
| ૭ | ગઢડા | ૦૨ | ૦૧ |
| ૮ | ઉમરાળા | ૦૦ | ૦૧ |
| ૯ | ગારીયાધાર | ૦૦ | ૦૦ |
| ૧૦ | ઘોઘા | ૦૦ | ૦૨ |
| ૧૧ | પાલીતાણા | ૦૧ | ૦૩ |
| | **કુલ** | **૨૭** | **૩૪** |

-------------

**બારડોલી તાલુકામાં એસ.જી.આર. યોજના હેઠળ થયેલ કામો**

૧૬૩૩૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**જવાબ**

(૧) બારડોલી તાલુકામાં એસ.જી.આર. યોજના હેઠળ કેટલા ગામે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા કામો થયા,

(૧) સંપૂર્ણ ગ્રામિણ રોજગાર યોજના (એસ.જી.આર.વાય.) હેઠળ સુરત જિલ્લાના બારડોલી તાલુકાના ૭૯ ગામોમાં વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ (તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ) થયેલ કામોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં | કામનો પ્રકાર | ૨૦૦૪-૦૫માં થયેલ કુલ કામો | ૨૦૦૫-૦૬માં થયેલ કુલ કામો | કુલ |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | રસ્તા | ૧૬૩ | ૮૫ | ૨૪૮ |
| ૨ | નાળાનું કામ | ૦ | ૩ | ૩ |
| ૩ | ગટર ખોદકામ | ૬ | ૧ | ૭ |
| ૪ | મકાન સુધારણા | ૧૯ | ૨૨ | ૪૧ |
| ૫ | ક્ચિન ગાર્ડન | ૯૬ | ૨૫ | ૧૨૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | તળાવ | ૨ | ૧ | ૩ |
| ૭ | વાડી યોજના | ૨૧ | ૦ | ૨૧ |
| ૮ | મકાનમાં પી.સી.સી. ફ્લોરીંગ | ૭૬ | ૦ | ૭૬ |
| | કુલ | ૩૮૩ | ૧૩૭ | ૫૨૦ |

(૨) ક્યા ગામે કેટલી રોકડ રકમ અને અનાજની કૂપન આપવામાં આવી,

(૨) ઉપરોક્ત કામોની તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ચુકવેલ રોકડ રકમ અને અનાજની કુપનની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | કામનો પ્રકાર | ગામોની સંખ્યા | કામોની સંખ્યા | અપાયેલ રોકડ રકમ રૂા. લાખમાં | અપાયેલ કુપન અન્વયે થતો અનાજનો જથ્થો મે. ટન |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | રસ્તા | ૭૯ | ૧૮૬ | ૭૩.૫૯ | ૭૪૪.૭૮ |
| ૨ | નાળા કામ | | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | ગટર ખોદકામ | | ૬ | ૦.૯૨ | ૬.૯૦ |
| ૪ | મકાન સુધારણા | | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | ક્ચિન ગાર્ડન | | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૬ | તળાવ | | ૨ | ૨.૬૭ | ૭૭.૬૦ |
| ૭ | વાડી યોજના | | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | મકાનમાં પી.સી.સી. ફ્લોરીંગ | | ૭૬ | ૧.૬૯ | ૯.૪૦ |
| | **કુલ** | | **૨૭૦** | **૭૮.૮૭** | **૮૬૮.૬૮** |

(૩) અનાજની કૂપનના બદલે રોકડ રકમ કેટલા કિસ્સામાં આપવામાં આવી, અને

(૩) અનાજની કુપનોના બદલે રોકડ રકમ નીચે જણાવેલ કામોના કિસ્સામાં આપવામાં આવેલ છે.

| ક્રમ | કામનો પ્રકાર | ગામોની સંખ્યા | કામોની સંખ્યા | ચૂકવેલ રોકડ રકમ |
|---|---|---|---|---|
| ૧ | રસ્તા | ૬૫ | ૬૨ | ૩૩.૨૫ |
| ૨ | નાળા કામ | | ૩ | ૧.૯૦ |
| ૩ | ગટર ખોદકામ | | ૧ | ૦.૧૦ |
| ૪ | મકાન સુધારણા | | ૪૧ | ૫.૧૩ |
| ૫ | ક્ચિન ગાર્ડન | | ૧૨૧ | ૧.૫૭ |
| ૬ | તળાવ | | ૧ | ૦.૫૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | મકાનમાં પી.સી.સી. ફ્લોરીંગ | | ૦ | ૦ |
| | **કુલ** | **૬૫** | **૨૫૦** | **૪૩.૦૦** |

(૪) અનાજની કૂપન ક્યા કારણસર ન આપવામાં આવી ?

(૪) કેન્દ્ર સરકાર પાસે માંગણી કરેલ વધારાના અનાજના જથ્થા સામે કેન્દ્ર સરકાર દ્વારા અનાજના જથ્થાની ઓછી ફાળવણી થતાં અનાજની ઉણપની પરિસ્થિતિ ઉભી થવાથી તેના ઉપાય તરીકે યોજના અન્વયે શ્રમિકો/લાભાર્થીને સંપૂર્ણ વેતન રોકડમાં ચૂકવવા માટે જરૂરી સૂચના રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

-------------

**વલસાડ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ**

૧૪૬૫૬ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તાલુકાવાર ખાલી જગ્યાઓ

| તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ | એક વર્ષ સુધીની | ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી વધુ સમયથી |
|---|---|---|---|---|
| વલસાડ | ૧૧ | ૧ | ૬ | ૪ |
| પારડી | ૭ | ૧ | ૪ | ૨ |
| ઉમરગામ | ૭ | - | - | ૭ |
| ધરમપુર | - | - | - | - |
| કપરાડા | ૩ | ૧ | ૧ | ૧ |
| **કુલ** | **૨૮** | **૩** | **૧૧** | **૧૪** |

(૨) આ ખાલી જગાઓ ભરવા સરકારનું શું આયોજન છે ?

(૨) ખાલી જગ્યાઓ પંચાયત સહાયકની ભરતી દ્વારા તથા રહેમરાહે નોકરીની નિમણૂંકમાં તલાટી કમ મંત્રીનો વિકલ્પ મેળવી ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

-------------

**રાજ્યમાં ખેડૂતોના પાક વીમાની બાકી રકમ**

૧૫૮૬૮ **શ્રી જયંતિલાલ ર઼ા. કવાડિયા (હળવદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ખેડૂતોના પાક વીમાની રકમ જીલ્લાવાર કેટલી ચૂકવવાની બાકી છે,

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ખેડૂતોની પાક વીમાની મંજુર થયેલ રકમ પેકી દિવેલા પાક્ના બનાસકાંઠા જિલ્લાની રૂા. ૫,૬૪,૬૯૩/- કચ્છ જિલ્લાની રૂા. ૨,૩૬,૫૬૬/- અને સાબરકાંઠા જિલ્લાની રૂા. ૨,૩૫,૭૧,૧૪૯/ એમ મળી કુલ રૂા. ૨,૪૩,૭૨,૪૦૮/-ના દાવાઓની ચુક્વણી બાકી હતી. જે રકમ તા. ૨૩-૧-૦૬ના રોજ ચૂક્વાયેલ છે.

(૨) આ રકમનો કેન્દ્ર સરકારનો હિસ્સો રાજ્ય સરકારને મળેલ છે કે કેમ,

(૨) સદર રકમ પાક વીમા પ્રિમિયમની મર્યાદામાં હોઇ કેન્દ્ર સરકારશ્રી કે રાજ્ય સરકારશ્રીએ કોઇ હિસ્સો ચૂક્વવાનો થતો નથી.

(૩) જો ના, તો રાજ્ય સરકારે આ બાબતે કેન્દ્ર સરકારને રજૂઆત કરેલી છે કે કેમ, અને

(૩) કેન્દ્ર સરકારશ્રી પાસેથી હિસ્સો મેળવવાનો ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) રજૂઆતના અંતે કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને શો પ્રતિભાવ મળેલ છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પંચાયત વિભાગમાં રહેમરાહે આશ્રિતોને નોકરીના કેસો**

૧૪૬૫૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પંચાયત વિભાગમાં રહેમરાહે આશ્રીતોને નોકરી આપવાના કેટલા કેસો કેટલા સમયથી પડતરમાં છે, અને

**જવાબ**

(૧) કુલ-૪૫૩ કેસો જુદા જુદા સમયથી પડતર છે.

(૨) આવા કેસોનો સત્વરે નિવેડો લાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) નિયમાનુસાર નિકાલ કરવામાં આવે છે.

-------------

**રાજ્યમાં ગ્રામ પંચાયતો જુદી કરવાની દરખાસ્ત**

૧૫૮૭૧ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ૨૦૦૪-૨૦૦૫ના નાણાકીય વર્ષમાં ગ્રામ પંચાયતો જુદી પાડવા માટેની કેટલી દરખાસ્તો મળેલ છે,

**જવાબ**

(૧) વિભાગ કક્ષાએ મળેલ દરખાસ્ત ૨૭.

(૨) જે પેકી સુરત જિલ્લામાં કેટલી દરખાસ્તો મળેલ છે, અને

(૨) વિભાગ કક્ષાએ એકપણ નહિ.

(૩) કેટલી ગ્રામ પંચાયતોને જુદી કરવામાં આવેલ છે ?

(૩) વિધાનસભા મતવિસ્તારની સિમાંક્નની કાર્યવાહી દરમ્યાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની છે.

-------------

**રાજ્યમાં ડૉ. આંબેડકર ભવન બાંધવાનું આયોજન**

૧૪૦૩૬ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં ડૉ. આંબેડકર ભવન બાંધવા જિલ્લાવાર કેટલી ગ્રાંટ વપરાઇ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | વપરાયેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | પાટણ | ૩૭,૯૯,૪૦૧ |
| ૨ | અમદાવાદ | ૩,૩૩,૬૨૩ |
| ૩ | ભાવનગર | ૨૦,૫૦,૨૦૦ |
| ૪ | પોરબંદર | ૧૬,૬૯,૦૦૦ |
| ૫ | પાલનપુર | ૨૨,૧૬,૨૯૭ |
| ૬ | અમરેલી | ૧૭,૩૫,૦૦૦ |
| ૭ | રાજકોટ | ૨૧,૫૦,૦૦૦ |
| ૮ | સુરેન્દ્રનગર | ૨૪,૨૬,૯૫૦ |
| ૯ | જુનાગઢ | ૩૭,૧૭,૦૦૦ |
| ૧૦ | વલસાડ | ૧૨,૬૭,૦૦૦ |

(૨) ક્યા ક્યા જિલ્લામાં આંબેડકર ભવનના બાંધકામ પૂર્ણ થયા છે, અને

(૨) હાલમાં કુલ - ૮ (આઠ) જિલ્લાઓમાં ભવનોનું બાંધકામ પૂર્ણ થયેલ છે.
(૧) ગાંધીનગર (૨) સુરત (૩) મહેસાણા (૪) પાલનપુર (૫) જામનગર (૬) પાટણ (૭) જુનાગઢ (૮) સુરેન્દ્રનગર.

(૩) બાકીના જિલ્લામાં ક્યારે પુરા કરવાનું સરકારનું આયોજન છે ?

(૩) શક્ય તેટલી ત્વરાએ.

-------------

## અનુસૂચિત જાતિ માટે આશ્રમશાળાઓને મંજૂરી

૧૬૦૧૭ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિઓ માટે નવી આશ્રમશાળાઓ ખોલવાની કેટલી જોગવાઇ સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કરવામાં આવી છે,

**જવાબ**

(૧) કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.

(૨) અનુસૂચિત જાતિની આશ્રમશાળાઓ આપવા માટે ખંડ-૧માં જણાવેલ વર્ષમાં વર્તમાનપત્રોમાં જાહેરાત નહીં આપવાના શાં કારણો છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં અનુસૂચિત જાતિ માટે કેટલી આશ્રમશાળાઓ મંજુર કરવામાં આવી છે,

(૩) ૪ (ચાર)

(૪) આ અંગે કેટલી દરખાસ્તો આવી હતી અને કેટલી નામંજૂર કરવામાં આવી છે, અને

(૫) નામંજૂર કરવાના સામાન્યતઃ શાં કારણો છે ?

(૪) અને (૫) : કુલ મળેલ ૨૩ દરખાસ્તો પેકી ગુણદોષના આધારે ઉપર જણાવ્યા મુજબ ૪ (ચાર) દરખાસ્તો મંજુર કરાયેલ છે.

-------------

## ચોટીલા અને સાયલાની આશ્રમશાળા અને છાત્રાલયોની તપાસણી

૧૪૪૦૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલાની તા. ૦૧-૧-૦૫ થી તા. ૩૧-૧-૦૬ સુધીમાં ખાનગી ટ્રસ્ટ સંચાલિત કુલ કેટલી આશ્રમશાળાઓ અને છાત્રાલયોની તપાસણી કરવામાં આવી,

(૨) કેટલા કિસ્સાઓમાં અનિયમિતતાઓ ધ્યાને આવી,

(૩) જવાબદારો સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૪) કેટલી આશ્રમશાળા અને છાત્રાલયોમાં તપાસણી થઇ નથી ?

**જવાબ**

(૧) બક્ષીપંચની કુલ ૪ આશ્રમશાળાઓ અને ૯ છાત્રાલયોની તપાસણી કરવામાં આવી.

- અનુસૂચિત જાતિની ૧ આશ્રમશાળા અને ૩ છાત્રાલયોની તપાસણી કરવામાં આવી.

(૨) બક્ષીપંચના એક પણ કિસ્સામાં અનિમિયતાઓ ધ્યાને આવેલ નથી.

- અનુસૂચિત જાતિની ૧ આશ્રમશાળા અને ૨ છાત્રાલયોમાં અનિયમિતતાઓ ધ્યાને આવી.

(૩) ધ્યાને આવેલ અનિયમિતતાઓ અન્વયે સંસ્થાએ કરેલ પૂર્તતા ધ્યાને લઈ જવાબદારોને તાકીદ આપી તેમજ કાળજી લેવા સૂચનાઓ આપી.

(૪) એક પણ બાકી નથી.

-------------

**ગોળ કોલા ઉપર હાઇકોર્ટનો નિર્દેશ**

૧૬૦૦૫ ડૉ**. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગોળ કોલા ઉપર નામદાર હાઇકોર્ટ દ્વારા કોઇ નિર્દેશ ક્યારે આપેલ છે, આ નિર્દેશની વિગતો કઇ કઇ છે, અને

(૨) રાજ્ય સરકારે તેનો અમલ ક્યારથી શરૂ કરેલ છે ?

**જવાબ**

(૧) હા, તલાલા સુગરે નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરેલ સ્પેસીએનં. ૧૫૬૩૪/૨૦૦૪માં નામ. હાઇકોર્ટના તા. ૨૪-૧૨-૨૦૦૪ના હુકમ અને એમસીએ નં. ૨૨/૨૦૦૫ ઇન સ્પે. સી.એ નં. ૧૫૬૩૪/૦૪માં નામદાર હાઇકોર્ટના તા. ૧૦-૨-૦૫ના હુકમથી કાયદાની જોગવાઇ મુજબ લાયસન્સ વગર ચાલતા અનધિકૃત ગોળના કોલાવાળાઓ સામે કાર્યવાહી કરવા આદેશ કરેલ છે.

(૨) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્યના તા. ૧૭-૧૧-૦૫ના જાહેરનામાથી તા. ૧૬-૧૨-૦૪ના જાહેરનામા અંગે તથા ગોળ અને ખાંડસરીના અનધિકૃત એકમો સામે સુગરકેન (કન્ટ્રોલ) ઓર્ડર-૧૯૬૬ અને ગુજરાત ગોળ અને ખાંડસરી (રેગ્યુલેશન ઓફ પ્રોડકશન) ઓર્ડર ૧૯૭૭ અંતર્ગત નિયંત્રણ કરી શકાય અને તેનો સક્ષમ રીતે અમલ કરી શકાય તે હેતુથી જિલ્લા અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે. નિમણૂંક આપવામાં આવેલ અધિકૃત અધિકારીઓની કામગીરીનો સમયાંતરે રીવ્યુ લેવામાં આવે છે.

-------------

**રાજ્યમાં ખેતીવાડી એન્જીનીયરીંગ કોલેજને મંજૂરી**

૧૫૯૯૫ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલી ખેતીવાડી એન્જીનીયરીંગ કોલેજોને મંજૂરી આપવામાં આવી,

(૨) નવીન કોલેજોના ખર્ચની કેટલી જોગવાઇ

**જવાબ**

(૧) કોઇ જિલ્લામાં મંજૂરી આપવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| | |
|---|---|
| કરવામાં આવેલ છે, | |
| (૩) કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે પેકી કચ્છ જિલ્લામાં ખેતીવાડી એન્જીનીયરીંગ કોલેજ શરૂ ન કરવાનાં કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મહેસાણા જિલ્લામાં ""કુંવરબાઇનું મામેરું"" યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૬૦૦૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ""કુંવરબાઇનું મામેરું"" યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લાભાર્થીઓની કુલ કેટલી અરજીઓ આવી, | (૧) : |

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૭૦ |
| ૨ | ખેરાલુ | ૩૨ |
| ૩ | વડનગર | ૧૮ |
| ૪ | સતલાસણા | ૦૭ |
| ૫ | વિસનગર | ૪૬ |
| ૬ | વિજાપુર | ૨૨ |
| ૭ | કડી | ૫૪ |
| ૮ | બેચરાજી | ૦૬ |
| ૯ | ઉંઝા | ૨૭ |
| | **કુલ :** | **૨૮૨** |

| | |
|---|---|
| (૨) તે પેકી કેટલાને સહાય ચૂકવવામાં આવી, અને | (૨) ૧૦૩ લાભાર્થીઓને |
| (૩) બાકી રહેતા અરજદારોને ક્યારે સહાય ચૂકવવામાં આવશે ? | (૩) શક્ય તેટલી જલ્દી. |

-------------

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પ્રશ્નોત્તરીકાળના બનાવ અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. (સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જયારે પ્રશ્નોત્તરી કાળ...(સતત અંતરાય)

**સભાપતિશ્રી** : બેસો. બધા બેસો, પ્લીઝ, પ્લીઝ. બધા બેસો. આપે સહુએ કહેવાનું છે. પ્લીઝ, બેસો. પ્લીઝ, મારે તો આ સભાગૃહના સર્વે સન્માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરવાની છે કે જયારે પ્રજાએ અહીંયા ચૂંટીને એમના કામો માટે, છેવાડાના માનવીને આપણે કંઈ ઉપયોગી બની શકીએ, એમના માટે કાયદા બનાવી શકીએ, એમને માટે ઉપયોગી નિયમો બનાવી શકીએ અને એમનું જીવનધોરણ સુધારી શકીએ, રાજયનો સર્વાંગી વિકાસ થાય એવી લોકોની આપણા પ્રત્યે એક જબરજસ્ત અપેક્ષા છે. એટલા માટે આપણને અહીં મોકલ્યા છે. એને બદલે આ ગૃહની અંદર, કે જેને આપણે બધા જ લોકોએ પોતાના પ્રવચનમાં મંદિર સાથે સરખાવ્યું છે. વિધાનસભા ગૃહને મંદિર સાથે સરખાવીએ છીએ, ત્યારે આ ગૃહની અંદર ગૃહનું અવમાન થાય, ન બોલવા જેવા શબ્દો બોલાય, અસંસદીય શબ્દોના ઉચ્ચારણો થાય અને પછી પાછા એમ કહેવામાં આવે કે અમે અમારી વાત સાચી હતી માટે આ બોલ્યા છીએ. આપની લાગણી, આપની વાત ગમે તેટલી સાચી હોય, આપની માન્યતાઓ પણ ગમે તેટલી સાચી હોય, પરંતુ જયારે ગૃહની અંદર આવ્યા છીએ ત્યારે આપણે બધાએ વિધાનસભાના નિયમોના નિયમને આધારિત રહીને આપણી ફરજ બજાવવી જોઈએ. આજના બનાવ ઘણા દુ:ખદ છે. આમાં કોઈનું સારું નથી લાગતું અને આવા દુ:ખદ બનાવો ભવિષ્યમાં ન બને એની પણ આપણે બધાએ કાળજી રાખવી જોઈએ. કારણ કે આપણે બધા અને આપ બધા ૩, ૩ લાખ લોકોના પ્રતિનિધિ છો. આપની પણ એક જવાબદારી છે. આ વિધાનસભા ગૃહ છે. આ જાહેરસભા નથી.

વિધાનસભા છે. અહીંયા જાહેરસભા જેવું વાતાવરણ અને વ્યવહાર નહીં કરવો જોઈએ. આ ગૃહની ગરિમા જાળવવી એ આપણા તમામે તમામ સભ્યશ્રીઓની પવિત્ર ફરજ છે. મારી તો આ એક લાગણી વ્યકત કરું છું. મારી આ લાગણી સાથે મને લાગે છે કે આપ બધા સંમત હશો જ અને ભવિષ્યમાં આવા દુ:ખદ બનાવો, આવી દુ:ખદ બીનાઓ ન બને એની પૂરેપૂરી કાળજી રાખશો તેટલી વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે અને મારે પણ આપને દુ:ખ સાથે જણાવવાનું છે કે જયારે કોઈ સભ્યશ્રી બોલતા હોય, જૂનિયર હોય કે સિનિયર હોય. વારંવાર ટ્રેઝરી બેન્ચની પહેલી લાઈન ઉભી થઈ જાય છે. અમારી આ પહેલી લાઈનમાં અમારા સભ્યશ્રીઓ પણ બેસે છે, પણ કોઈપણ પ્રકારે આ પ્રકારનો વ્યવહાર કયારેય થતો નથી. એટલું જ નહીં, ૨ થી ૩ વખત તો માનનીય મુખ્યમંત્રીશ્રી પણ ઉભા થઈ ગયા. આજે પણ આપ જોઈ શકો છો કે પહેલી લાઈન ઉભી થઈ જાય છે. આ બરાબર નથી. ટ્રેઝરી બેન્ચ...

**સભાપતિશ્રી** : આપ મુદ્દા ઉપર આવી જાઓ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : પહેલી લાઈન ઉભી થઈ જાય છે. કોમેન્ટ કરે, ડિસ્ટર્બ કરે ત્યાં સુધી બરાબર છે, પરંતુ પરેશ ધાનાણી જેવા એક યુવાન, આ ગૃહના કેટલાક લોકો એવા છે કે તેમના દીકરા જેવડી ઉંમરનો માણસ છે, તેમને ગાળો બોલે (અંતરાય) એ કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં, એમાં પણ માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર બોલતા હોય ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના દરજજાના વ્યકિત ઉભા થઈ જાય , એટલે જયાં સુધી ટ્રેઝરી બેંચના સભ્યશ્રીઓ માફી ના માંગે. ત્યાં સુધી ચાલી શકે નહીં. એટલું જ નહીં, પરંતુ ગૃહની બહાર માનનીય અધ્યક્ષશ્રીની હાજરીમાં એને મારી નાંખવાની ધમકી અપાય છે એ કોઈપણ સંજોગોમાં ચલાવી શકાશે નહીં (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૫૨ નીચે આપનું ધ્યાન દોરું છું કે...(સતત અંતરાય,)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ મારી વાત પૂરી થઈ નથી (સતત અંતરાય, ઘોંઘાટ ચાલુ)

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ, મેં આપની વાત સાંભળી છે (અંતરાય) આપે જે કહયું એ મેં સાંભળી લીધું છે. આપની લાગણી હું સમજી ગયો છું (અંતરાય) હું બીજા સભ્યશ્રીઓને પણ સાંભળી લઉં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, અમારી હાજરીમાં, માનનીય અધ્યક્ષશ્રીની હાજરીમાં આ ઘટના બને છે અને એમાં સામાન્ય સભ્ય કોઈ બોલ્યા હોય તો એ ક્ષમ્ય ગણી શકાય, પરંતુ વારંવાર હમણાં એકબીજાને માનનીય મુખ્યમંત્રીશ્રીથી શરૂ કરીને સામાન્ય મંત્રીશ્રી સુધી એકબીજાને ચિઠ્ઠી મોકલીને કયાં કોને ડિસ્ટર્બ કરવા એની કાયમી પ્રવૃતિત થતી હોય છે, અમારી નજર સમક્ષ થતી હોય છે. (સતત અંતરાય-ઘોંઘાટ)

(આ તબકકે બધા મંત્રીશ્રીઓ અને શાસક પક્ષના મોટાભાગના સભ્યશ્રીઓ ઉભા થઈ ગયા)

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ, કાયમની વાત જવા દો, અત્યારની વાત કરો, આ મુદ્દા ઉપર વાત હોય તો કહો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દા ઉપર કહું કે અમારા સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી અને જગદીશભાઈ ઉપર જે ગાળાગાળી થઈ છે એ માટે ગાળાગાળી કરનાર મંત્રીશ્રી જયાં સુધી માફી ના માંગે ત્યાં સુધી ગૃહ ચાલી શકશે નહીં (સતત અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ .(સતત અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય નરોત્તમભાઈ, પ્લીઝ, આપના મંત્રીશ્રી બોલે છે. (સતત અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવના ઉપર આવું છું. નિયમોના નિયમ ૫૦, ૫૧ અને ૫૨ એ ત્રણ નીચે હું નિયમ ૫૨ ઉપર આવવા માગું છું કે આ સભાગૃહમાં જયારે પ્રશ્નોત્તરીની કાર્યવાહી ચાલતી હતી ત્યારે આ સભાગૃહના નિયમ ૩૭ તરફ પહેલાં આપનું ધ્યાન દોરું છું કે કોઈપણ સભ્યે કયારેય પણ કોઈ આક્ષેપ કરવાનો હોય ત્યારે એની લેખિત જાણ સંબંધિત મંત્રીશ્રીને કરવી જોઈએ અને એની લેખિત જાણ માનનીય અધ્યક્ષશ્રીને પણ કરવી જોઈએ. માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે જે પ્રકારનો આક્ષેપ કર્યો એ હાઉસના રેકર્ડ ઉપર છે અને ત્યાંથી આની શરૂઆત થઈ છે. જે પ્રશ્નનો જવાબ મળતો હતો એ પ્રશ્નને રિલેવન્ટ પણ નથી, છતાંય આક્ષેપ થયેલ છે અને જે આપના રેકર્ડ ઉપર છે, એ આપ જોઈ શકો છો. ત્યાર પછી પાંચ સભ્યો ઘસી આવ્યા છે, એ પાંચ સભ્યો વેલમાં ઘસી આવીને આવ્યા છે અને વેલમાં આવીને તેઓ જે પ્રકારના બિભત્સ શબ્દો બોલ્યા છે એ પ્રકારના બિભત્સ શબ્દો તો ગલીઓમાં પણ બોલાતા નથી, એવા શબ્દો એ વેલમાં આવીને બોલ્યા છે, બહેનોની હાજરી હતી ત્યારે બોલ્યા છે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહને ગેરમાર્ગે દોરે છે (સતત અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય અર્જુનભાઈ, આ બરાબર નથી, આપ જયારે બોલતા હતા ત્યારે બધાએ આપને શાંતિથી સાંભળ્યા છે, આપ જયારે વિરોધપક્ષના નેતા તરીકે બોલતા હતા ત્યારે અશોકભાઈએ આપને શાંતિથી સાંભળ્યા છે (સતત અંતરાય) સાંભળવું પડે, પ્લીઝ, સાંભળવું પડે, (સતત અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ પર નીચે (સતત અંતરાય) ત્યારપછી બનેલા (અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આખું ગૃહ એનું સાક્ષી છે (સતત અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય ભૂપેન્દ્રસિંહ, પ્લીઝ, આપ જવાબ ન આપો, પ્લીઝ(સતત અંતરાય)

# માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ (નિયમ-પર)

## સભ્યશ્રીઓને નેઈમ કરવા બાબતનો પ્રસ્તાવ

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું, નિયમ -પર નીચે નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ, માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, પરેશભાઈ ધાનાણી, બળદેવભાઈ ઠાકોર, છબીલભાઈ પટેલ, મનિષભાઈ ગીલીટવાલા અને પુંજાભાઈ વંશ, ગૃહ ચાલતું હતું ત્યારે જે પ્રકારનું વર્તન કરી અને વેલમાં ઘસી આવ્યા છે અને બિભત્સ ગાળો બોલીને ગૃહની ગરીમા ગુમાવી છે માટે સત્ર સમાપ્તિ સુધી એમને નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કરું છું.(અંતરાય) માનનીય જગદીશભાઈ ઠાકોર, માનનીય પરેશભાઈ ધાનાણી, બળદેવભાઈ ઠાકોર, છબીલભાઈ પટેલ, મનિષભાઈ ગીલીટવાળા અને પુંજાભાઈ વંશ.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ(મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોકભાઈએ જે સભ્યશ્રીઓને નેઈમ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું મારો ટેકો આપું છું.

**ડૉ. દિનેશ પરમાર(જામનગર (રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ પોઈન્ટ ઓફ ઓર્ડરમાં પ્રસ્તાવ ન આવે, પોઈન્ટ ઓફ ઓર્ડરની જ ચર્ચા થવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન, જે સમય ગુજરાતના લોકો માટે અતિ મહત્વનો સમય છે. (અંતરાય) હું એક પણ બાબત એવી નથી બોલતો કે જેથી મારા મિત્રોને દુ:ખ અનુભવું પડે, પણ મને બોલવા ન દેવા માગતા હોય તો યોગ્ય નથી. પ્રશ્નોત્તરીનો કાળ એ અતિ મહત્વનો છે. સભ્યશ્રીઓને પોતાને મળેલા અધિકારનો ઉપયોગ કરવાનો સમય છે. આ સમય દરમિયાન સભ્યશ્રીઓ પોતાના અધિકારની રૂએ સરકાર પાસે અમુક માહિતી મેળવવા માટેના પ્રયત્નો કરતા હોય છે. તે પ્રસંગની અંદર ઘણી વખત રજૂઆતમાં આક્ષેપોની દૃષ્ટિએ વાતચીત થતી હોય કે કોઈ વખત ભ્રષ્ટાચારને લગતી વાત થતી હોય તો ટ્રેઝરી બેન્ચ તરફથી એવો વળતો જવાબ, પોલીટીકલ હોય તો પોલીટીકલ અને આંકડાકીય હોય તો આંકડાકીય આપીને સામેના સભ્યોને સંતોષ આપવા માટેના પ્રયત્નો કરવા જોઈએ, તે દિશામાં પ્રયત્નો થતા હોય ત્યારે હું બોલવા ઉભો થયો ત્યારે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો તે યોગ્ય હતો પોલીટીકલી અને પક્ષની દૃષ્ટીનો હતો, છતાં અમે સાંભળ્યો અને એમાં બન્ને બાજુ સહનશીલતા હોવી અતિ મહત્વની છે. વિરોધપક્ષના સભ્યશ્રીઓ સરકારનું દરેક કાર્ય સારું છે અને શિરોમાન્ય છે એમ ગણીને ચાલે તેવી અપેક્ષા રાખવામાં આવતી હોય તો તે હરગિજ યોગ્ય નથી અને તે લોકશાહી માટે પણ ખતરારૂપ છે. જયારે હાઉસમાં ન બોલવાના શબ્દો બોલાતા હોય તેના માટે પણ હાઉસમાં વિધાનસભાના નિયમોના નિયમો પ્રમાણે (અંતરાય) કોણ બોલ્યું તેમાં હું પડવા માગતો નથી. પણ બોલાતા હોય ત્યારે. (અંતરાય)

**સભાપતિશ્રી** : આપે કહ્યું તે હું સમજી ગયો છું. મારે નિર્ણય આપવાનો છે. (અંતરાય)

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બોલવાનો અધિકાર છે, બધા બોલી શકે છે. આઈ.કે.જાડેજા સાહેબ પણ બોલે, પરેશભાઈ પણ બોલે. પોતે શું કહેવા માગે છે તે વાત પણ થવી જોઈએ.માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં જે કંઈ બોલ્યા તેના માટે પણ ઈલાજ છે. એ પ્રશ્ન માટે પણ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે ચર્ચા થઈ શકે છે. તે શબ્દો રેકોર્ડ ઉપર રાખવા કે નહીં રાખવા તેના માટે પણ ચર્ચા થઈ શક્તી હોય છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**ડૉ. દિનેશ પરમાર** : પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર ન હોય.

**સભાપતિશ્રી .** : આપે જે કહી દીધું તે પુરું કરો. માનનીય અર્જુનભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે તેના સમર્થનમાં આપે વાત કરી છે તે મેં સમજી લીધી છે. મારે બીજા સભ્યોને સાંભળવા છે. માનનીય આઈ. કે. જાડેજા.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડર વિરોધપક્ષના નેતાશ્રીએ ઉઠાવ્યો છે, પ્રશ્નોત્તરીના સમય દરમિયાન બનાસકાંઠા જિલ્લાના એક ગામમાં જે ૫૦ જેટલાં લોકોએ દબાણ કરીને મકાનો બનાવ્યા છે એને વધુ સુવિધા યુકત બનાવવા માટે પ્રશ્ન પૂછયો. માનનીય મંત્રીશ્રીએ સરકારનું હકારાત્મક વલણ રાખીને એને યોગ્ય સ્વરૂપ આપવા માટેની મંજૂરી આપવા માટેની પણ વિધાનસભામાં કયારેય ન અપાઈ હોય તેવી ખાતરી આપી. કેટલાક વિરોધપક્ષના મિત્રોએ આ ખાતરીને સારા સ્વભાવ તરીકે સ્વીકારી અને સારી રીતે સ્વીકૃત કરી તેના સંદર્ભમાં માનનીય દિનેશભાઈએ જે પ્રશ્ન કર્યો અને નકારાત્મક બાબત ઊભી થઈ એવા સ્વરૂપમાં જ્યારે બનાસકાંઠા જિલ્લાના ગામડામાં દબાણ થયું છે એને રેગ્યુલરાઈઝ કરી દેવાની સરકાર ખાતરી

આપે છે. તેવા સ્વરૂપે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોરે બિલ્ડરોને લાભ કર્તાની વાત કરી અને જેવા માનનીય મુખ્યમંત્રીશ્રી પોતાની વાત કરવા ઊભા થયા. છેલ્લા ત્રણ-ચાર દિવસથી અમે જોઈએ છીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહના નેતા છે. એ ગૃહના નેતા તરીકે બહુ જ ઓછી વખત બોલવા માટે ઉપસ્થિત થતા હોય છે. જ્યારે બોલતા હોય ત્યારે આ પક્ષની કે સામા પક્ષની સંયુક્ત જવાબદારી છે કે ગૃહના નેતાને સાંભળવા જોઈએ. એટલા માટે સાંભળવા જોઈએ કે નીતિ વિષયક બાબત એમના મોઢેથી આવતી હોય તો એ સમગ્ર ગુજરાતને માટે હિતકારી બનતી હોય છે. હજુ મુખ્યમંત્રીશ્રી જેવા બોલાવા ઊભા થયા ત્યારે માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર છેલ્લા ચાર-પાંચ દિવસથી જોઈએ છીએ કે ગમે ત્યારે મુખ્યમંત્રીશ્રી જ્યારે પણ બોલવા ઊભા થાય ત્યારે કોઈપણ સહન ન કરી શકે તેવા શબ્દો, વર્તણૂક શ્રી જગદીશભાઈ ઠાકોરની રહેલી હોય છે. એવા સ્વરૂપમાં માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર જે પ્રકારનું બોલ્યા એના કારણે બાકીની સ્થિતિ જે ઉત્પન્ન થઈ તરતજ પરેશભાઈ ધાનાણી અને બાકીના મિત્રો આ ગૃહમાં કયારેય ન સાંભળી હોય તેવી બીભત્સ ગાળો જે પ્રકારે જાહેરમાં બોલ્યા અને એના કારણે સમગ્ર ગૃહમાં જે પ્રકારની સ્થિતિ ઊભી થઈ એના તરફ આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે આપણે સૌ આ ગૃહની પ્રણાલિકાઓને માનવા માટે બંધાયેલા છીએ. વિપક્ષના હોય કે સત્તાધારી પક્ષના હોય. હું ગૃહનું ધ્યાન એ તરફ દોરવા માગું છું કે આ બાબતે જ્યારે પણ જવાબ અપાય, માનનીય દિનશભાઈએ કોમેન્ટ કરી, માનનીય જગદીશભાઈ ઊભા થયા ત્યાં સુધી સત્તાપક્ષના સભ્યો ઊભા થયા નથી. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી જેવા બોલવા ઊભા થયા અને અપ શબ્દો સામેથી બોલવાની શરૂઆત થઈ ત્યારે અહીંથી અમારા ધારાસભ્યશ્રીઓ ઊભા થયા છે. તેવી સ્થિતિમાં સવાલ એ રહ્યો કે વરસોથી પ્રણાલિકા પરંપરા રહી છે કે જ્યારે પણ ગૃહના નેતા બોલવા માટે ઊભા થાય ત્યારે કોઈપણ રીતે અટકાવવામાં આવતા હોતા નથી. છેલ્લા ત્રણ-ચાર દિવસથી જે પ્રકારની પરિસ્થિતિ વિપક્ષના મિત્રોને સરકારની કોઈ બાબત મળતી નથી કે જેના માટે ટીકા કરી શકે અને એ બાબત મળતી ન હોવાથી આવા નાના નાના નુસખા અપનાવીને કયા પ્રકારે હાઈલાઈટ થઈ શકાય તેવી ટૂંકી દૃષ્ટિથી આ પ્રકારનું કાર્ય કરે છે

માનનીય અશોકભાઈ જે પ્રકારનો પ્રસ્તાવ લઈને આવ્યા છે એને ગૃહે સ્વીકારવો જોઈએ, અને આ પ્રકારની ગૃહની પ્રણાલિકાઓને નુકસાન કરતી, ગૃહના સભ્યશ્રીના દરજજાને નુકસાન કરતી બાબત જો કોઈ કરતું હોય તો તે કયારેય આ ગૃહે ચલાવી લેવી ન જોઈએ. ( આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી બોલવા ઊભા થતાં)

**સભાપતિશ્રી .** : માનનીય અર્જુનભાઈ, હવે મારે નિર્ણય આપવો છે.

( આ તબક્કે સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર વેલમાં આવી જતાં) (અંતરાય)

**સભાપતિશ્રી** : એ વાજબી નથી. ન્યાય મારે આપવાનો છે તમારે નહિ. થોડીવાર પહેલા જે બનાવ બન્યો અને કેટલાક વિપક્ષના સભ્યશ્રીઓ વેલમાં આવી આ ગૃહનું અવમાન કર્યુ છે તેવા માનનીય સભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, સભ્યશ્રી પરેશભાઈ ધાનાણી, સભ્યશ્રી બળદેવજી ઠાકોર, સભ્યશ્રી મનીષ ગીલીટવાલા, સભ્યશ્રી છબીલભાઈ પટેલ અને સભ્યશ્રી પુંજાભાઈ વંશને હું નેઈમ કરુ છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે, મેં જે ૬ સભ્યશ્રીઓને નેઈમ કરવાનો પ્રસ્તાવ મૂકયો છે, શ્રી જગદીશભાઈ ઠાકોર, પરેશભાઈ ધાનાણી, છબીલભાઈ પટેલ, બલદેવજી ઠાકોર, મનીષ ગીલીટવાલા અને પુંજાભાઈ વંશને સત્ર સમાપ્તિ સુધી આ સભાગૃહમાંથી નેઈમ કરીને બહાર કાઢવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાપતિશ્રી .** : સસ્પૅન્ડ કરેલા સભ્યશ્રીઓને આદરપૂર્વક ગૃહની બહાર લઈ જવામાં આવે. (આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ વેલમાં આવી જતાં) તેમને વિનયપૂર્વક ગૃહની બહાર લઈ જવામાં આવે. (અંતરાય) આ તો કાયદાની મર્યાદામાં કરવું પડે. આદરપૂર્વક સભ્યશ્રીઓને બહાર લઈ જવામાં આવે. (અંતરાય) હવે સભાગૃહ અડધા કલાક માટે મુલતવી રાખવામાં આવે છે. **(સભાગૃહ બપોરના ૧-૨૨ વાગ્યે મુલતવી રહ્યું.)**

**મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧-૫૨ વાગ્યે ફરી મળ્યું.**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : હજી તો શરૂઆત થઈ નથી, કયાંથી પૉઈન્ટ ઑફ ઑર્ડર લો છો?

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે કાર્યવાહી છે તેના અંગે પૉઈન્ટ ઑફ ઑર્ડર લેવાનો છે.

**અધ્યક્ષશ્રી** : હું જોઈ લઉં.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર
## સંસદીય બાબતોના મંત્રીશ્રીના પ્રસ્તાવ અંગે

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૫૧ પ્રમાણે અધ્યક્ષશ્રીના મત પ્રમાણે જે સભ્યશ્રીની વર્તણૂંક યોગ્ય ન હોય એ બાબતમાં નિયમ-૫૨માં પેટા નિયમ(૧)માં બતાવવામાં આવ્યું છે કે અધ્યક્ષ તેમને જરૂરી જણાય તો જે સભ્ય અધ્યક્ષના અધિકારની અવગણના કરે અથવા સભાગૃહના નિયમોનો દુરુપયોગ કરીને કે અન્યથા સભાગૃહના કામકાજમાં સતત અને જાણીબુઝીને ખલેલ પહોંચાડે તેમને નામથી સંબોધી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, એ પહેલાંની જે કાર્યવાહી થઈ તેમાં નેઈમ કરવાનું કામ ટ્રેઝરી બેંચે કર્યું છે અને અધ્યક્ષશ્રીએ જે નેઈમ કરવાની આપની જે સત્તા છે, કારણ કે આપના જે વિશેષાધિકાર છે અને આપ બધું જાણો છો. ગૃહની અંદર ચાલતી કાર્યવાહીથી પણ વાકેફ છો. એટલે આપ સતત જાગૃત છો. તેમ માનીને આપે નિર્ણય લેવાનો છે. તેના બદલે ટ્રેઝરી બેંચ તરફથી એ નેઈમ કરવામાં આવતું હોય તો આ આપના અધિકાર ઉપર તરાપ બરાબર છે. એટલે ટ્રેઝરી બેંચે જે પ્રસ્તાવ લાવીને ટ્રેઝરી બેંચે જે નેઈમ કર્યા તેના બદલે અધ્યક્ષશ્રીએ પહેલાં નેઈમ કરવા જોઈએ અને પછી ટ્રેઝરી બેંચે જે ઠરાવ લાવવો જોઈએ, પ્રસ્તાવ લાવવો જોઈએ આ જાતની કોઈ કાર્યવાહી થઈ નથી.

બીજી બાબત ઉપર મારે એ ધ્યાન દોરવું છે કે પૉઈન્ટ ઑફ ઑર્ડર ચાલુ હતો તેમાં જે કોઈ પણ સભ્યશ્રીઓ બોલતાં હોય તેમાં કોઈ પણ સભ્ય સામે આક્ષેપાત્મક વાત થતી હોય ત્યારે એ સભ્યશ્રીને તક આપવામાં આવતી હોય છે. તમે શું કહેવા માગો છો? જગદીશભાઈ ઠાકોર અને પરેશભાઈ ધાનાણીના નામના ઉલ્લેખ થયા તો એ રેકર્ડ યોગ્ય રહે, તે શું કહેવા માગે છે એ કાર્યવાહી પણ રેકર્ડ ઉપર રહે માટે તેમને બોલવા દેવા માટેની તક આપવી જોઈએ. એ તક પણ નથી અપાઈ. અધ્યક્ષશ્રીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડરનો નિર્ણય જાહેર કરવો જોઈએ એ જાહેર કરે તે પહેલાં પ્રસ્તાવ વચ્ચે લાવવામાં આવ્યો. સામાન્ય રીતે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બીજો પૉઈન્ટ ઑફ ઑર્ડર આવી શકતો નથી. પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર આવો પ્રસ્તાવ પણ આવી શકતો નથી. માનનીય અધ્યક્ષશ્રી નિર્ણય જાહેર કરે અથવા તો નિર્ણય મોકૂફ રાખે ત્યાર પછી જ આ જાતનો બીજો પ્રશ્ન આવી શકતો હોય છે. માટે આ જે પ્રસ્તાવ આવ્યો છે એ આ વિધાનસભાના નિયમોના નિયમની વિરુદ્ધ, ગેરબંધારણીય અને સંપૂર્ણ રીતે લોકશાહી વિરુદ્ધનો છે તેમ હું માનું છું. આ પ્રસ્તાવ રદ બાતલ થવો જોઈએ એવું મારું પોતાનું માનવું છે. મને પોતાને આશા છે કે અધ્યક્ષશ્રીના જે અધિકારો છે તેની સામે જો તરાપ મારવામાં આવે એ કોઈ દિવસ ચલાવી શકાય નહીં. અમે જ્યારે જાગૃત સભ્યો બેઠા હોય ત્યારે અમારી ફરજ છે કે આપનું ધ્યાન દોરવું, આપને નેઈમ કરવાની જે સત્તા છે એને બદલે સરકાર નેઈમ કરે અને નેઈમ કર્યા પછી અધ્યક્ષશ્રી નિર્ણય કરે તો આપ આ સરકારના ઇશારે ચાલતા હોય એવી આપની છાપ ઊભી ન થાય અને ભૂતકાળની અંદર આ ગૌરવશાળી ગૃહની અંદર પ્રણાલિકાઓ પ્રસ્થાપિત થઈ છે એમાં કલંકરુપ ટપકું ન મુકાય જેના લીધે આવો ઉતાવળે નિર્ણય ન લેવાય અને એના માટે આના ઉપર પુન:વિચારણા કરવામાં આવે અને એ બાબતની અંદર નિયમ વિરુદ્ધ થયેલી કાર્યવાહીને રદબાતલ કરવામાં આવે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, દિનેશભાઈએ જે મુદ્દો ઉઠાવ્યો એ માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ રૂલિંગ સામેનો મુદ્દો છે. માનનીય અધ્યક્ષશ્રીની ચેરમાં મુદ્દો ગમે તે હોય, પૉઈન્ટ ઑફ ઑર્ડર બાબતનો પ્રસ્તાવ હોય કે કોઈ નિયમ હેઠળના પ્રસ્તાવ હોય એ બાબતમાં એકવાર આપે નિર્ણય આપ્યા પછી એ બાબતને ફરીવાર ચર્ચામાં લાવી શકાય એવી આપણા વિધાનસભાના નિયમોમાં કોઈ જોગવાઈ નથી. એટલે હું ચોક્કસ માનું છું કે, હવે એ વાત ઉપરની ચર્ચા સમાપ્ત થવી જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : આપની વાત છે એમાં જે સભ્ય તરફથી માત્ર પ્રસ્તાવ મુકાયો છે. એટલા માટે સભ્યોને નેઈમ કરવા એવું સ્પીકરને કહેવામાં આવ્યું છે અને એ કહ્યા પછી સ્પીકરે એ સભ્યોને નેઈમ કર્યા છે. પ્રસ્તાવ તો લાવી શકે, પછી સ્પીકરે નેઈમ કર્યા છે, પતી જાય છે. (અંતરાય) એટલે પ્રસ્તાવ મૂકી શકાય પછી સ્પીકર નેઈમ કરી શકે અને પ્રસ્તાવ ઉપર મતદાન થાય. (અંતરાય) નેઈમ કરવા માટે પ્રસ્તાવ મૂક્યો છે. (અંતરાય) નો, નો, બસ પૂરું થયું. કલીયર થઈ જાય છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપની મુળ વાત એ હતી કે, પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપરની ચર્ચા ચાલતી હતી.

**અધ્યક્ષશ્રી** : નો, નો, હવે ચર્ચાનો મુદ્દો રહેતો નથી. (અંતરાય) એ હું જોઈ લઈશ. હું કાર્યવાહી જોઈ લઈશ. (અંતરાય) નો, નો, બેસો, પ્લીઝ, નો, નો, કોઈ સવાલ નથી.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આ રેકર્ડ સુધારવું જોઈએ, આ ગૃહની પ્રણાલિકા જોવી જોઈએ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : આવી વાત ન કરવી જોઈએ, આપ જવાબદાર માણસ છો, આવી વાત ન કરવી જોઈએ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આવી પ્રણાલિકાઓ નહીં પાડવી જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ** : ભાઈ, કશું થયું નથી, પ્રણાલિકા પ્રમાણે જ થયું છે, પ્રણાલિકાનું અજ્ઞાન એ તમારી જવાબદારી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : નેઈમ કરવાનો અધિકાર આપનો છે. આપે પોતે કહ્યું છે.

**અધ્યક્ષશ્રી** : નેઈમ કરવાનો પ્રસ્તાવ મૂકી શકે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : એવું થયું નથી. આપે ગૃહનું રેકર્ડ જોવું જોઈએ. જે લોકોને નેઈમ કર્યા છે એમને સાંભળવાની તક આપવી જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કોઈ ચર્ચા નહીં, હવે એ પતી ગયું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : એ નથી થયું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું કાર્યવાહી જોઈ લઈશ. (અંતરાય) હું કાર્યવાહી જોઈ લઈશ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : નેઈમ કરવાનો અધિકાર આપનો છે.

**અધ્યક્ષશ્રી** : દરખાસ્ત આવી છે, સ્પીકરે નેઈમ કર્યા છે. (અંતરાય)

**ડૉ. દિનેશ પરમાર** : સરકારના ઇશારે અધ્યક્ષશ્રી કામ કરે છે તે કેમ ચાલે?

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : આપે આ ગંભીરતાથી લેવું જોઈએ. (અંતરાય)

**(આ તબક્કે સભાગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)**

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષના અગત્યના નિર્ણયોમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષના અયત્યના નિર્ણયોમાં અધ્યક્ષના રૂલિંગના વિરોધમાં સભાત્યાગ કરવો એ સભાગૃહના તિરસ્કારરૂપ છે અને અધ્યક્ષના અગત્યના નિર્ણયોમાં ૧૯૬૦ થી ૮૪ દરમિયાન...

**અધ્યક્ષશ્રી** : એ મને ખબર છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : એટલે આ ગૃહનો તિરસ્કાર કર્યો કહેવાય એટલે એ નોંધ આ ગૃહના રેકર્ડ ઉપર રહે એટલા માટે હું આપને જણાવું છું.

**અધ્યક્ષશ્રી** : ઓ. કે. ઓ. કે.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### ઓલપાડ તાલુકામાં દોઢ વર્ષની બાળકીનું અપહરણ અને ઘાતકી હત્યા કરવા બાબત

સચિવશ્રી: તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬ ) માનનીય સભ્યશ્રી ધનસુખભાઈ ના. પટેલ (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

# મુખ્યમંત્રીશ્રીનું નિવેદન

### નર્મદા બંધની ઉંચાઈ વધારવા અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના માધ્યમથી ગુજરાતમાં અને ગુજરાત બહાર વિશ્વભરમાં પથરાયેલ ગુજરાતના ભાઈ બહેનો અને ગુજરાત પ્રેમીઓને આનંદવર્ધક સમાચારમાં ભાગીદાર બનાવવા માટે હું ઉભો થયો છું. આ સભાગૃહમાં આગામી નાણાકીય વર્ષનું અંદાજપત્ર રજૂ કરતી વખતે મેં મારા વકતવ્યમાં જણાવ્યું હતું તેમ સરદાર સરોવર યોજના કોઈ સરકારની કે કોઈ એક પક્ષની નથી. ગુજરાતની જનતાની યોજના છે અને તે યોજના આગળ ધપે, આગળ વધારવા માટે તમામ પક્ષોએ જે તે સમયે પ્રયત્નો પણ કર્યા છે.

મને આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે સરદાર સરોવર બંધની ઉંચાઈ ૧૧૦.૪૬ મિટરથી વધારીને ૧૨૧.૯૨ સુધી જઈ જવાની મંજૂરી ગઈકાલે સાંજે મળેલ નર્મદા કંટ્રોલ ઓથોરીટીની ૭૬મી બેઠકમાં મળી ગયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભગીરથ કાર્યમાં રાજયની તથા દેશની અનેક વ્યકિતઓ અને સંસ્થાઓએ સંનિષ્ઠ સહકાર આપી આ બહુહેતુક યોજનાના લાભો ગુજરાતની જનતાને વહેલામાં વહેલા મળે એ માટે દાખવેલ સૌજન્ય માટે હું ગુજરાતની જનતા, આ સભાગૃહ તથા સરકાર વતી સૌ કોઈ માટે આભાર વ્યકત કરુ છું.

મંજૂરી મળતા તુર્તમાં જ બંધનું કામ એનું બાંધકામ શરૂ કરી દેવામાં આવી રહ્યું છે. ગણતરીની મિનિટોમાં જ બાંધકામનું કામ આગળ ધપશે. આ યોજના હેઠળ પુર્નવસન અને પર્યાવરણ અંગેની તમામ જવાબદારી પૂરી કરવા માટે હું ગુજરાત સરકારનો દૃઢ નિર્ધાર વ્યકત કરુ છું. આ બાંધકામ પૂરું થતા આશરે ૧૨.૮૦ લાખ એકર ફુટ ૧૫૬૫૦ લાખ ઘનમિટર પાણીનો જથ્થો સરદાર સરોવરમાં સંગ્રહ કરી શકાશે. જે ગુજરાતની ૩.૫ લાખ હેકટર જેટલી વધારાની જમીનને ખેતી માટે સિંચાઈનું પાણી પૂરું પાડી શકાશે. આ ઉપરાંત આશરે વાર્ષિક ૩૦૦ કરોડ વીજ યુનિટનું વધારાનું ઉત્પાદન પણ કરી શકીશું.

સરદાર સરોવર બંધને ૧૨૧.૯૨ મિટર સુધી લઈ જવા માટે ૧.૭૫ લાખ ધન મિટર કૉંક્રિટનો જથ્થો ઉપયોગમા ં લેવામાં આવશે જે માટે આશરે રૂા.૧૨૫ કરોડનો ખર્ચ થશે.

આ યોજનાને આ તબકકા સુધી પહોંચાડવા માટે જે જે વ્યકિતઓએ, સંસ્થાઓ તથા સરકારોએ જે તે સમયે સંનિષ્ઠપણે પ્રયત્ન કરીને આ યોજના સાકાર કરવામાં યોગદાન આપેલ છે તે તમામનો આ તકે આભાર માનવામાં આ સન્માનનીય સભાગૃહ મારી સાથે છે, તેનો મને વિશ્વાસ છે અને ભવિષ્યમાં પણ ગુજરાતની જીવાદોરી સમાન આ યોજનામાં સૌનો સહકાર મળતો રહેશે એવી મને પૂરી શ્રદ્ધા છે.

આજની આ ઉમદા પળે શ્રી રામ નારાયણ પાઠકના "ભાવવિશ્વ"માં તરબોળ થવાનું સૌને ગમશે.

"તુજ વારિ વિશાલ મહીથી ઉડે,
લઘુ પામરતા બધી માંહી ડૂબે,
જલ એ ઉભરી અ-ભર્યું જ ભરે,
પ્રભુ, એ જલમાં ઝીલવાનું જ દે.
પછી દર્દુર દીર્ઘ રવે જ ભલે,
દિનરાત ડરાઉં ડરાઉં કરે,
પણ નિર્ભય મુકત અસીમ જલે,
ઝીલતાં જનશું મળવાનું જ દે.
પ્રભુ ચેતન દે, નવચેતન દે,
પ્રભુ જીવન દે."
નર્મદે સર્વદે
નર્મદે સર્વદે

## નર્મદા બંધની ઉંચાઈ વધારવામાં સફળતા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપતો પ્રસ્તાવ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગૃહ વતી, ગુજરાતની પ્રજા વતી માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ભગીરથ કામમાં સફળતા મેળવી છે એ માટે હાર્દિક અભિનંદન આપું છું.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતા વતી અભિનંદનનો પ્રસ્તાવ છે એ અનૌપચારિક પ્રસ્તાવ તરીકે મૂકીએ અને સર્વાનુમતે પસાર કરીએ.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સન ૨૦૦૪-૦૫નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પથ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહ મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### સન ૨૦૦૪-૦૫નો ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ભરત બારોટ (રાજય કક્ષાના ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### સન ૧૯૯૬-૯૭ થી ૨૦૦૦-૦૧ના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના વાર્ષિક અહેવાલો

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના સન ૧૯૯૬-૯૭, ૧૯૯૭-૯૮, ૧૯૯૮-૯૯, ૧૯૯૯-૨૦૦૦ અને સન ૨૦૦૦-૦૧ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**તા. ૨૬-૯-૨૦૦૫ની ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળની અધિસૂચના**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ અન્વયેની માહિતી અને પ્રસારણ વિભાગની તા. ૨૬-૯-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: (જીએચટી/૨૦૦૫/૧૬) ઈપીટી/૧૦૨૦૦૪/૬૦૦૪-એ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ અંદાજપત્ર પરની ચર્ચા અને મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને બિન-સરકારી સંકલ્પોની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થયા પછી બિન-સરકારી સંકલ્પોને ફાળવેલ બે કલાક્નો સમય પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી** : હવે તા.૮મી માર્ચ,૨૦૦૬ ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલશે. માનનીય મંત્રી શ્રીમતીઆનંદીબેન પટેલ.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય વિધાનસભામાં આ રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમય એવો હતો કે ગુજરાતનું નામ લેવા માટે સંકોચ અનુભવતા હતા. આજે ગુજરાત એ સ્થિતિમાં મૂકાયું છે કે માત્ર ગુજરાતની પાંચ કરોડની જનતા નહિ, પરંતુ સમગ્ર વિશ્વની અંદર વસતા ગુજરાતીઓ પણ ગુજરાત માટે ગૌરવ અનુભવી રહ્યા છે અને ગુજરાત માટે સ્વાભિમાન પ્રાપ્ત કરનાર છે. છેલ્લા ત્રણ દિવસથી બજેટ પરની ચર્ચામાં વિરોધપક્ષો તરફથી જે કાંઈ બજેટ અંગે પોતાના વિચારો કે ટીકાઓ વ્યકત કરી છે તેનો જવાબ પણ મારે આજે આપવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વિરોધપક્ષના નેતા અર્જુનભાઈ મોઢવાડિઆનું એક કલાકનું પ્રવચન હતું એમાં ગુજરાતની ટીકાઓ સિવાય એમણે કાંઈજ કર્યુ નથી. ગુજરાત જે રીતે વિકાસની પગદંડી પર ચાલી રહ્યું છે તેવું તેમને કયાંય દેખાતું નથી. એ સ્વાભાવિક છે એમને પીડા થાય, દર્દ થાય ત્યારે એટલું જ કહેવું છે કે આજે ઘોર પરાજય થયો હોય, રજવાડા લૂંટાઈ ગયા હોય, સ્વપ્નો રોળાઈ ગયાં હોય, હાથમાં આવેલ કોળિયો રફેદફે થઈ ગયા હોય, પ્રજાએ વીણી વીણીને તગડી મૂક્યાં હોય અને એવા સમયે પડોશમાં કોઈ દીકરીના લગ્ન ઊજવાતા હોય, મંડપ બંધાયો હોય, શરણાઈઓ વાગતી હોય, બહેનો ગીતો ગાતી હોય, ઢોલ-નગારાં વાગતા હોય, ઉત્સવ મનાવતા હોય એ એમના પેટમાં દુ:ખ છે. કારણ એ હતું કે જનતાએ જ્યારે તગડી મૂક્યા હોય અને બીજી બાજુ ઉત્સવ મનાવતા હોય ત્યારે સ્વાભાવિક છે કે એમને ગુસ્સો આવે, એ હું સમજી શકું છું એમને પીડા થાય, ઢોલ-નગારાંનો અવાજ એમને ના ગમે એ સ્વાભાવિક છે. સતત ત્રણ દિવસ સુધી ઉત્સવો ગુજરાતની અંદર ઊજવાય છે. ગુજરાતની પાંચ કરોડની જનતા જે રીતે ઉત્સવો મનાવી રહી છે એ એમને પીડાકારક દેખાય છે. ગુજરાત ઉત્સવ પ્રિય રાજ્ય છે. અમે જે ઉત્સવો ઊજવીએ એ ઉત્સવ મનોરંજન માટે નથી. ઉત્સવ શાના માટે કરીએ છીએ? ઉત્સવ કોના માટે કરીએ છીએ? ગુજરાતની પાંચ કરોડની જનતાએ એ જાણી લેવું પડશે. આ રાજ્ય સરકાર પ્રવેશોત્સવ મનાવી રહી છે, અમે પ્રવેશોત્સવ મનાવી રહ્યાં છીએ. ગુજરાતની માતાએ, બહેનોએ કોંગ્રેસ જ્યારે શાસનમાં હતું ત્યારે માત્ર ૫૯ ટકા બહેનોને ભણાવી, ૪૭ વર્ષ સુધી શાસન કર્યુ અને ૪૨ ટકા બહેનોને અભણ રાખી. આ સરકાર ઇચ્છે છે કે અમારી ગુજરાતની એકેએક મહિલા ભણેલી-ગણેલી હોય, શિક્ષિત હોય અને એટલા જ માટે દીકરીને ભણાવવા માટે કન્યા-કેળવણી રથયાત્રા લઈને ગુજરાતના મુખ્યમંત્રી, ગુજરાતનું મંત્રીમંડળ, આઈ.એ.એસ., આઈ.પી.એસ. અને સમગ્ર ગુજરાતના ટોપ લેવલવાળા અધિકારીઓ આ કાર્યક્રમની અંદર જોડાયા. ૯૦૦ જેટલા અધિકારીઓ, મંત્રીઓ અને મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતના ૧૦૦૦ ગામડામાં જઈને ગલીએ ગલી ફરીને ધોમધખતા તાપની, અંદર ૪૫ ડીગ્રી તપામાનની અંદર જે સમયે ગુજરાતની અને દેશભરની વ્યકિતઓ હવાખાવાના સ્થળ પર જઈને મોજ માણતી હોય છે એવા સમયે આ બધા જ ૯૦૦ વ્યકિતઓ ગામડાની અંદર ધૂળ ફાકવા માટે ગયા. ઘરે ઘરે જઈને ૬ વર્ષની ઉંમરની દીકરી-દીકરાંને લઈને શાળાની અંદર દાખલ કર્યા અને એની સાથે ૧૦૦૦ રૂપિયાનું નર્મદા બોન્ડ આપીને ગુજરાતની ૧૦૦ ટકા બહેન-દીકરીઓ શિક્ષિત થાય એના માટે આ રાજ્ય સરકાર ઉત્સવ ઉજવે છે અને આ ઉત્સવ ઊજવવાથી એમના પેટની અંદર પીડા થાય છે. એમની જવાબદારી તો દીકરીઓને ભણાવવા માટેની હતી. પોતાની જવાબદારી તે નિભાવી ન શકયા એ જવાબદારી જયારે ભા.જ.પા.ની સરકાર નિભાવી રહી છે ત્યારે એમના પેટમાં શા માટે દર્દ થાય છે એ સમને સમજાતું નથી. એ વાત સાચી છે કે ગુજરાતના આદિવસીઓ, ગરીબો ભણવા જશે તો કોંગ્રેસના કરતૂતો જાણી જશે અને વોટ બેંક એમની નહીં રહે એટલા માટે ભણાવતા નહોતા પરંતુ આ

રાજય સરકાર માને છે કે મારી દીકરી, બાળક ભણેલા ગણેલા હોવા જોઈએ. શિક્ષિત અને સંસ્કારી હોવા જોઈએ એટલા માટે પ્રવેશોત્સવ મનાવીને આપણું રાજય આગળ વધી રહ્યું છે.

બીજુ, કૃષિ મહોત્સવ કર્યો એમાં પણ એમને પીડા થાય છે. ગુજરાતના ૭૫૦ કરતાં પણ વધારે કૃષિ વૈજ્ઞાનિકો ગામડે ગામડે પહોંચ્યા. એમણે કરેલા સંશોધન એ ગુજરાતના વિકાસની સમક્ષ મૂકયા એમને માર્ગદર્શન આપ્યું અને કૃષિક્ષેત્રે નવી આશા જન્માવી છે. જળસંચય, જળસિંચન, ટપક સિંચાઈ, સોઈલ હેલ્થ કાર્ડ, એગ્રો પ્રોસેસીંગ દ્વારા બીજી હરિયાળી ક્રાંતિનું નેતૃત્વ કરવા ગુજરાતના કિસાનોને તૈયાર કરવામાં આવી રહ્યા છે એ પણ એમને પસંદ નથી. તો અમારે કરવાનું શું? ગુજરાતમાં માત્ર ૩૦ દિવસના સમયમાં ૬૩૮૩૪ જેટલા જળસંચયના કામો થયાં છે. ચીલાચાલુ પાકની અંદરથી કિસાનોને માર્ગદર્શન આપીને દ્રાક્ષ, કેરી, શાકભાજી, ફળફળાદિ વાવતા થાય અને એમાંથી વધારે કમાણી કરે એ પ્રકારનું માર્ગદર્શન આપવા માટે કૃષિ મહોત્સવ ઊજવાયો હતો. રાજયની ઈચ્છા છે કે કિસાનો આવતા પાંચ વર્ષોમાં એમની આવક બમણી કરી શકે એ માટે રાજય સરકાર કૃષિ મહોત્સવ ઉજવી રહી છે. રતન જયોતિની ખેતીમાં કિસાન જોડાય, એમની ભાગીદારી થાય અને રતન જયોતમાંથી બાયોફયુઅલ પેદા થાય અને બાયોફયુઅલનો ઉપયોગ કરીને વાહન ચલાવીએ જેને કારણે વિદેશી હૂંડિયામણ બચાવી શકીએ. નાના ખેડૂત, આદિવાસી વાડી પ્રોજેકટ પણ સફળ થયો છે. ગુજરાતે કૃષિ મહોત્સવનું આયોજન કર્યું અને સતત એક મહીના સુધી ૧૮૦૦૦ ગામડાંઓમાં કાર્યક્રમનો આરંભ કર્યો છે. જેનો લાભ આવતા દિવસોમાં કિસાનોને થવાનો છે. દેશની અંદર બે રાષ્ટ્રીય તહેવાર ૧૫ મી ઓગષ્ટ અને ૨૬ મી જાન્યુઆરી. પહેલા કોંગ્રેસના લોકો ગાંધીનગરની અંદર ૫૦ લોકો વચ્ચે આ બે રાષ્ટ્રીય તહેવારો ઉજવતા હતા આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં ઊજવાતા બે રાષ્ટ્રીય તહેવારોને એના દાયરામાંથી બહાર કાઢીને આ રાજયના જિલ્લા મથકે કાર્યક્રમ થાય, ત્રિરંગાનું સન્માન થાય એ પ્રકારનું આયોજન કર્યું. ૫૦ લોકોની વચ્ચે ઊજવાતો આ કાર્યક્રમ જિલ્લા કક્ષાએ ૫૦૦૦૦ લોકો વચ્ચે આ કાર્યક્રમ ઊજવાય છે. ત્રિરંગાનું સન્માન થાય છે. એટલું જ નહીં પરંતુ આ દેશની આઝાદી અપાવવામાં જેમણે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું છે. જેઓએ હસતા મોઢે વંદે માતરમ ભારત માતાની જય બોલીને ફાંસીના માંચડે ચડી ગયા છે એવા શહીદોને શ્રદ્ધાંજલિ આપું છું. એમના જીવનમાંથી પ્રેરણા લઈને ૨૧ મી સદીના બાળકો આગળ વધે એવો અમારો પ્રયાસ છે. આ ઉજવણી દ્વારા શહેરમાં સફાઈ થાય છે. લોક ભાગીદારીથી જિલ્લા મથક ઉપર અને જિલ્લામાં અનેક પ્રકારના કામો થાય છે. એ ઉપરાંત રાજયકક્ષાના કાર્યક્રમો કરવાના હોય ત્યારે રાજયના અધિકારીઓ મુખ્ય અધિકારી એ કામમાં લાગતા હોય છે, પરંતુ જિલ્લા કક્ષાના અધિકારીઓ રાજયકક્ષાના કાર્યક્રમ કરે છે ત્યારે એમનામાં ક્ષમતા પેદા થાય છે. એમનામાં ટીમ વર્ક ઊભું થાય છે અને કર્મયોગીની ભાવનાથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરે છે. આ ઉજવણી સમયે ૩કરોડના બજૅટની માનનીય મુખ્યમંત્રીશ્રી જાહેરાત કરે છે. જેના કારણે જિલ્લામાં અનેક લોકભાગીદારીથી અને લોકોપયોગી કામો આ બજૅટ જાહેર થાય છે એમાંથી કરવામાં આવે છે. આ પ્રજાસત્તાક દિને આ સ્વાતંત્ર દિનની ઉજવણી પણ કોંગ્રેસના લોકોને કઠે છે. શુકામ કઠે છે એ મને સમજાતું નથી. આઝાદી પછી તરત જ લોકોમાં દેશભક્તિ જાગે, રાષ્ટ્રભાવના જાગે એના માટેના પ્રયાસો કરવા જોઈતા હતા, પરંતુ તેઓ ઉણા ઊતર્યા, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને ગુજરાતની ૫ કરોડની જનતાએ જ્યારે આ કાર્યનો આરંભ કર્યો છે, ત્યારે સહકાર આપવાના બદલામાં અહી બેસીને ટીકા કરે છે,

આપણો સ્થાપના દિન ૧લી મે જે દિવસે ગુજરાત મુંબઈ રાજની અંદરથી છૂટું પડ્યું. આ ૧લી મેની ઉજવણીની વાત કરીએ છીએ, ત્યારે કોંગ્રેસના ધારાસભ્યના પેટની અંદર પીડા થાય છે. પીડા થાય એ સ્વાભાવિક છે. એમની પીડા અમે સમજીએ છીએ, કારણ મહા ગુજરાતના આંદોલનકાર્યો ઉપર કોંગી કાર્યાલયમાંથી ગોળીઓ છોડી હતી, એ સમય એમને યાદ આવે છે અને આ સમયે અને જ્યારે જ્યારે આંદોલનો થયાં છે, ત્યારે ૪૭ લોકોને મોતને આ કોંગ્રેસના લોકોએ મોતને ઘાટ ઉતાર્યા છે અને એટલા માટે સ્થાપના દિનની ઉજવણી ન થાય, કારણ કે એમને એમના કરેલા પાપ યાદ આવે છે, એટલા માટે સ્થાપના દિનની ઉજવણી જ્યારે રાજ્ય સરકાર કરી રહી છે, ત્યારે દુ:ખ થાય છે, દર્દ થાય છે, પીડા થાય છે. આ પાપ જેમણે આંદોલનકારીઓના કર્યા છે, એમના આંસુ ઉજવવાના નથી દેવાના. હું એ કહેવા માગું છું કે આવતી ૧ લી મે પૂજ્ય મહાત્મા ગાંધીના જન્મ સ્થળે ઉજવવાની છે અને તે પણ પોરબંદરમાં ઉજવવાની છે. અર્જુનભાઈ મોઢવાડિયાનું કાર્યક્ષેત્ર છે. હું આજથી એમને નિમંત્રણ આપું છું કે આપ પોરબંદરના કાર્યક્રમની અંદર ઉપસ્થિત રહો અને જે પણ પ્રકારના કાર્યક્રમો થાય છે, એની અંદર ભાગીદાર બનો. લોકોનો ઉત્સાહ, ઉમંગ તાદ્દશ્ય તમે જુઓ. લોકભાગીદારીથી કામો થાય છે, એને સત્કારો અને જે બાળકો કાર્યક્રમ કરે છે અને પોતાની જાતને ઘડે છે, રાષ્ટ્રભાવના પેદા કરે છે, એની અંદર ભાગીદાર બનીશું તો મને લાગે છે કે વધારે ફાયદો થશે. ઉત્સવો દ્વારા રોજગારી પ્રાપ્ત થાય છે. વસ્તુઓનું વેચાણ થાય છે, એનાથી ગરીબોને લાભ પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં ઉત્સવો ઉજવીશું. તમે અમને નહિ રોકી શકો, મિત્રો, આ વર્ષને ટુરિઝમ ઈયર તરીકે જાહેર કરીને આના કરતાં વધારે ઉત્સવો અમે ભવિષ્યમાં ઉજવીશું. ગરીબોએ બનાવેલા દાંડિયા નવરાત્રિ સમયે લોકો ખરીદે અને ગરીબોને એની અંદરથી રોજીરોટી મળે એનોય વિરોધ કરવાનો. નવરાત્રિ સમયે અનેક પ્રકારની ચણિયાચોળી, કપડાં તૈયાર થાય છે. ગરીબો તૈયાર કરે છે. મારી વિધવા બહેનો તૈયાર કરે છે એ જ્યારે લોકો ખરીદે એનો પણ વિરોધ કરવાનો. આપણા નવરાત્રિ મહોત્સવની અંદર બાળકો, યુવકો, મહિલાઓ ભાગ લે છે ત્યારે રોજગારી મળે છે અને એ રોજગારી અમારી બહેનોને મળે છે, એ પણ પેટમાં

દુખે છે. હું પૂછું છું કે કહો તો ખરા ભાઈ, ગુજરાતમાં આવા ઉત્સવોનો વિરોધ કરો છો, પરંતુ તમારું શાસન જે રાજ્યની અંદર છે એ રાજ્યની અંદર કેટલા ઉત્સવો ઊજવાય છે, એ તમને ખબર છે ખરી? પ્રજાને મૂર્ખ બનાવો છો. પ્રજા હવે તમને અને તમારા કરતૂતોને અને તમારા કાર્યોને બરાબર સમજી ગઈ છે. બીજાં રાજ્યો ઉત્સવો ઉજવે ત્યારે પીડા નથી થતી. ગુજરાત ઉત્સવ ઉજવે ત્યારે પીડા થાય છે. બીજાં રાજ્યો ઉત્સવો ઉજવે ત્યારે પૈસાની બરબાદી નથી થતી, ગુજરાત ઉત્સવ ઉજવે ત્યારે એમને પૈસાની બરબાદી દેખાય છે. આ સન્માનનીય ગૃહની અંદર કહેવા માગું છું કે ગુજરાત સિવાય અન્ય રાજ્યો કેટલાં ઉત્સવ ઉજવે છે, એની આંકડાકીય માહિતી મારી પાસે છે, એટલું જ નહિ પરંતુ કયા કયા પ્રકારના ઉત્સવો ઉજવે છે, તેની સંપૂર્ણ માહિતી મારી પાસે છે, એટલા માટે ગોવા કે જ્યાં એમનું પોતાનું શાસન છે, ત્યાં ૫૯ ઉત્સવો ઉજવાય છે. હિમાચલ પ્રદેશ જ્યાં કોંગી શાસનમાં ૪૧ ઉત્સવો ઉજવાય છે. સિક્કિમ ૨૩ ઉત્સવો ઉજવે છે. ઉત્તર પ્રદેશમાં ૧૭, વેસ્ટ બંગાલમાં ૧૫, કેરાલામાં ૧૫, કર્ણાટકમાં ૧૪ અને ગુજરાતમાં ૨૦ ઉત્સવો ઉજવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને બતાવો તો ખરા કયું રાજય એવું છે કે જ્યાં ઉત્સવો નથી ઉજવાતા? ગુજરાત ઉત્સવો ઉજવે ત્યારે તેમને પીડા થાય છે. અન્ય રાજયોમાં ઉત્સવો ઊજવાય ત્યારે તેમને પીડા નથી થતી. વિરોધપક્ષના નેતા માનનીય અર્જુનભાઈના પ્રવચનની અંદર નકારાત્મકતા સિવાય કશું જ દેખાતું નથી. વારંવાર તેઓ કહેતા હતા કે ગુજરાતનો પહેલો નંબર ન અપાવો તો વાંધો નથી પરંતુ ત્રીજો નંબર અપાવો, ચોથો નંબર અપાવો અરે, દસમો નંબર તો અપાવો એવી ટીકાઓ કરતા હતા અને અમને ઉદેશીને કહેતા હતા કે ગુજરાતને પહેલો નંબર ન અપાવો તો વાંધો નથી પણ દસમો નંબર તો અપાવો. આજે ગુજરાતને જે એવોર્ડસ મળ્યા છે તેમાં ગુજરાત પ્રથમ ક્રમે રહ્યું છે. તેની વાત ડંકાની ચોટ પર મારે આ સભાગૃહની અંદર કહેવી છે. ગુજરાતને નંબર વન બનાવવામાં અમે પરિશ્રમ કરી રહ્યા છીએ, મથામણ કરી રહ્યા છીએ અને જે પરિશ્રમ કર્યો છે તેના ફળ પણ અમને પ્રાપ્ત થવાના છે. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોની વાત આપણે કરીએ છીએ. કોંગ્રેસના લોકો ગરીબોની વાતો કરે છે, વંચિતો પ્રત્યે આ સરકાર કરુણા નહીં, દયાભાવ નહીં પણ કર્તવ્ય ભાવના સાથે ચાલી રહી છે. વંચિતોનો સર્વાંગી વિકાસ થાય, આત્મવિશ્વાસ જાગે તે માટે અમે કાર્ય કરી રહ્યા છીએ અને વીસ મુદ્દાના કાર્યક્રમમાં ૨૦૦૧-૦૨ થી માંડીને ૨૦૦૪-૦૫ ના વર્ષ સુધી છેલ્લા ચાર વર્ષમાં ગુજરાતનો ક્રમ સમગ્ર દેશમાં પ્રથમ રહ્યો છે. ભારત સરકારના આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા આંકડા બહાર પાડવામાં આવ્યા છે. તેમાં ૨૦૦૧-૦૨માં સો ટકા સિદ્ધિ સાથે સૌથી પહેલો ક્રમ ગુજરાત ધરાવે છે. જેની દુહાઈ તેઓ કરતા હતા તે આંધ્રપ્રદેશ ત્રેવીસમા ક્રમે છે. માત્ર ૫૪ ટકા સિદ્ધિ સાથે. ૨૦૦૨-૦૩ માં પહેલો નંબર સો ટકા સિદ્ધિ સાથે ગુજરાત રહ્યું છે. જયારે મહારાષ્ટ્ર એકવીસમા ક્રમે અને આંધ્રપ્રદેશ ૨૧મા ક્રમે છે. ૨૦૦૩-૦૪ માં ગુજરાત સો ટકા સિદ્ધિ સાથે પહેલો ક્રમ ધરાવે છે. જયારે મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ ચૌદમા ક્રમે રહ્યું છે. ૨૦૦૪-૦૫માં ફરીથી ચોથીવાર ગુજરાત પહેલા ક્રમે રહ્યું છે. સો ટકા સિદ્ધિ સાથે જયારે મહારાષ્ટ્ર બારમા ક્રમે અને આંધ્રપ્રદેશ દસનો ક્રમ ધરાવે છે. આ ગરીબોની વાતો અમે કરીએ છીએ. ઉદ્યોગો માટે સતત કહેતા હતા કે ઉદ્યોગમાં ગુજરાત પાછળ છે. ઉદ્યોગોમાં ગુજરાત પાછળ છે. ગુજરાતમાં ઉદ્યોગો આવતા નથી. ગુજરાતમાં ઉદ્યોગોને અનુકૂળ વાતાવરણ નથી. કયાંથી બધી માહિતી લાવ્યા તે મને સમજાતું નથી. પરંતુ ગુજરાત નંબર વન ઉપર છે. તેની વાત મારે તમને આજે કરવી છે. ઉદારીકરણ પછી આર્થિક સુધારણાની પ્રક્રિયા ૧૯૯૧થી શરૂ થઈ. હમણાં ભારત સરકારની સંસ્થા નેશનલ ઈન્ફર્મેટીક સેન્ટર(એનઆઈસી) દ્વારા આંકડાઓ પ્રસિદ્ધ થયા છે. ઑગસ્ટ-૧૯૯૧ થી ઑકટોબર-૨૦૦૫ સુધીમાં ગુજરાત ૮૦૦૯ કેસોમાં ૨,૯૯,૯૮,૬૦૦ કરોડ સાથે પ્રસ્તાવિત મૂડી રોકાણમાં સૌથી પ્રથમ ક્રમે છે. આખા દેશમાં જે પ્રસ્તાવિત મૂડી રોકાણ આવ્યું છે તેમાં ૧૬.૪૮ ટકા સાથે ગુજરાત પ્રથમ ક્રમે છે. જ્યારે મહારાષ્ટ્ર બીજા ક્રમે છે. આંધ્રપ્રદેશ ચોથા ક્રમે ધકેલાઈ ગયું છે. આંધ્રપ્રદેશની વાતો અહીં કરતા હતા. મારે એમને કહેવું છે કે જે કર્ણાટક હમણાં એમની પાસે છે નહી અને કર્ણાટકની જનતાએ તો કોંગ્રેસને ખસેડી દીધા છે તે કર્ણાટક પાંચમા ક્રમે ધકેલાઈ ગયું છે. જયારે અમે ૧૯૯૧થી ૨૦૦૫ની વાત કરીએ ત્યારે એમ કહેવામાં આવે કે એ વખતે તો તમે ન હતા, તે વખતે તો બીજા મુખ્યમંત્રી હતા. બીજાનું શાસન હતું. ત્યારે મારે એ જ કહેવું છે કે ભારત સરકારની સંસ્થા એનઆઈસી દ્વારા પ્રગટ થયેલા અહેવાલ પ્રમાણે જાન્યુઆરી-૨૦૦૫ થી ઑકટોબર-૨૦૦૫ના ગાળામાં ગુજરાત ૫૯,૮૦૪ કરોડ જેટલું ઔદ્યોગિક મૂડી રોકાણ લાવ્યું છે તે આખા દેશમાં ૨૧.૩૧ ટકા સાથે સૌથી પ્રથમ ક્રમે રહ્યું છે. ૨૧.૩૧ ટકા સાથે દેશના સૌથી શ્રેષ્ઠ મૂડી રોકાણ ગુજરાતની અંદર આવ્યા છે. જયારે મહારાષ્ટ્ર ૫.૩૮ ટકા સાથે. તો કયાં ૨૧.૩૧ અને કયાં ૫.૩૮ ટકા? ચારગણું મૂડી રોકાણ ગુજરાતમાં આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલનું પ્રવચન ચાલુ રહેશે.

## વિરામ ૨.૩૦ થી ૩.૧૫

## અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં મૂડી રોકાણ ક્ષેત્રે ગુજરાત નંબર વન છે એની વાત હું સન્માનનીય સભાગૃહ સમક્ષ કરતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની સંસ્થા એન.આઈ.સી. દ્વારા પ્રગટ થયેલા અહેવાલ પ્રમાણે જાન્યુઆરી, ૨૦૦૫ થી ઑકટોબર, ૨૦૦૫ના ગાળામાં ગુજરાતે ૫૯૮૦૪ હજાર

કરોડ રૂપિયા ઔદ્યોગિક પ્રસ્થાવિત મૂડી રોકાણ મેળવ્યું છે અને દેશમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે, નંબર વન રહે છે. આખા દેશનું જે મૂડી રોકાણ છે એમાં ૨૧.૩૧ ટકા માત્રને માત્ર ગુજરાતમાં છે. બીજા નંબરે મહારાષ્ટ્ર છે પણ મૂડી રોકાણ કેટલું તો માત્ર ૫.૩૮ ટકા છે, વિરોધપક્ષના મિત્રો આંધ્રની વાહ વાહ કરતા હતા, વિરોધપક્ષના નેતાશ્રી આંધ્ર પ્રદેશનું બજૅટ અહી રજૂ કરતા હતા એ આંધ પ્રદેશમાં ૫.૨૦ ટકાનું મૂડી રોકાણ થયું છે, જ્યારે ગુજરાત ૨૧.૩૧ ટકા રોકાણ સાથે નંબર વન પ્રાપ્ત કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આનાથી આગળ ઔદ્યોગિક મૂડીરોકાણ આવે પણ કોંગ્રેસ એમ કહે હંમેશાં કે, અમલીકરણમાં તમે પાછળ છો, ઉદ્યોગો જતા રહે છે, ઉદ્યોગો માટે અનુકૂળતા નથી, ગુજરાતમાં શાંતિ નથી એવી વાતો કરીને ફરી એકવાર ગુજરાતની નામોશી દેશમાં અને વિશ્વમાં થાય એવા પ્રયાસો એમના દ્વારા થતા રહ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અમલીકરણ કેટલું થયું છે એની પણ વાત આ માનનીય સભાગૃહને કહેવા માગું છું. ભારત સરકારની સંસ્થા એન.આઈ.સી.ના અહેવાલ પ્રમાણે તા. ૧.૮.૯૧ થી તા.૩૧.૧૨.૦૫ સુધીમાં ૧૦૮૨ કેસોમાં ૬૬૫૪૨ કરોડનું અમલીકરણ કરી ફરી એકવાર ગુજરાત નંબર વન ઉપર રહે છે. મહારાષ્ટ્ર અમલીકરણમાં ત્રીજા ક્રમે રહે છે જ્યારે આંધ્ર પ્રદેશમાં તો મારી પાસે મને જે માહિતી આપવામાં આવી છે એમાં એનું સ્થાન કયાંય દેખાતું નથી. આ મૂડીરોકાણ એમને એમ નથી આવતું. નિયત સાફ હોય, નીતિ સ્પષ્ટ હોય તો જ મૂડી રોકાણ આવતું હોય છે એ ઉપરાંત ગુજરાતમાં ગુણાત્મક સુધારા, વહીવટી પારદર્શિકતા અને કાર્યક્ષમતાને કારણે, સાથે સાથે નીતિઓના સરલીકરણના કારણે ગુજરાતમાં આટલું મોટા પ્રમાણમાં મૂડી રોકાણ આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર છે, એમની સરકાર છે, લોકસભામાં એક પ્રશ્ન પુછાયો, ઉદ્યોગો માટે, ત્યારે રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે. જવાબમાં એમણે એમ કહ્યું છે કે, તા.૧.૪.૨૦૦૦ થી તા. ૩૧.૩.૨૦૦૫ સુધીના પાંચ વર્ષના ગાળામાં પ્રસ્થાવિત મૂડી રોકાણ ૯૪૩૫૭ કરોડ મેળવીને સમગ્ર દેશમાં ગુજરાત નંબર વન પર રહ્યું છે. આધ્ર પ્રદેશ બીજા નંબર ઉપર રહે છે, માહિતી મારી પાસે ઉપલબ્ધ છે અને ભારત સરકારની સંસ્થા એન.આઈ.સી.એ જે અહેવાલ રજૂ કર્યો એના આધારે ઉદ્યોગોમાં ગુજરાત નંબર વન ધરાવે છે. એની વાત હું કરી રહી છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નંબર વન રાજય તો બન્યું છે પણ એક વાત મારે અહીયાં કરવી છે કે, એક બાબત માટે મારે આજે કચ્છને સલામ કરવી છે, કચ્છી દુનિયાના કોઈપણ ભાગમાં વસતા હોય, એ ગમે તેવી પરિસ્થિતિમાં હોય તો પણ કચ્છના લોકો કચ્છ માટે ગૌરવ અનુભવતા હોય છે, કચ્છ માટે એમને સ્વાભિમાન હોય છે અને કચ્છ શબ્દ સાંભળતાંની સાથે એમની આંખમાં ચમક આવે છે, એમની આંખમાં તેજી આવે છે , કચ્છ ઉપર કોઈપણ પ્રકારની આપત્તિ આવી હોય તો પણ ખભેખભા મિલાવીને વિશ્વના કચ્છીઓ આવી અને કચ્છને મદદરૂપ થતા હોય છે. આટલું એમનું સ્વાભિમાન છે. એક કચ્છી ભાઈએ વિધાનસભામાં એવું નિવેદન કર્યું, કચ્છના જ નામાંકિત પંડિત શામજીકૃષ્ણ વર્મા કે જેમણે પોતાની સમગ્ર જિંદગી આ દેશની આઝાદી માટે ખપાવી દીધી, સમગ્ર જીવન આ દેશની આઝાદી માટે સમર્પિત કરી દીધું. એવા આ શામજીકૃષ્ણ વર્માની આ જ ગૃહમાં ઠેકડી ઉડાડવામાં આવી, આ ગૃહમાં એમની મીમીક્રી કરવામાં આવી. આટલી નીચી હદ સુધી રાજનીતિ ગઈ છે એનો આ ઉત્તમ પુરાવો છે. આનાથી બીજુ દુર્ભાગ્ય શું હોઈ શકે કે જેનું સન્માન કરવું જોઈએ એની ઠેકડી ઉડાડવામાં આવી. આમ કરીને તેઓએ કચ્છનું અને કચ્છીઓનું અપમાન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧માં આવેલો ભૂકંપ આપણે સૌએ જોયો છે. પરંતુ આપત્તિને અવસરમાં પરિવર્તિત કરવાની શકિત ગુજરાતની પાંચ કરોડની જનતામાં પડેલી છે. ખભે ખભા મીલાવીને લોક-ભાગીદારીનું ઉત્તમ કાર્ય કરીને કચ્છ અને જયાં ભૂકંપ આવ્યો છે એમને બેઠા કરવાનું કામ કર્યું છે. વિશ્વના અનેક દેશોમાં ભૂકંપ આવ્યો પણ સૌથી ભયાનક ભૂકંપ આવ્યો હોય તો એ ગુજરાતમાં આવ્યો છે. અનેક ભાઈઓ-બહેનો અને બાળકો સફેદ ચાદર ઓઢીને સદાયને માટે આપણી વચ્ચેથી ચાલ્યા ગયા, ધરતી ધ્રુજી અને મોતનું એક તાંડવ આપણે સૌએ નિહાળ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે દેશોમાં આ ભૂકંપ આવ્યો છે એમને ફરી બેઠા થતાં વર્ષો લાગ્યાં છે, દસ-દસ વર્ષ લાગ્યા છે. કેટલાય દેશો તો આજે પણ બેઠા નથી થઈ શકયા, પરંતુ ગુજરાતની ખમીરવંતી પ્રજાએ લોક-ભાગીદારીથી, સરકાર અને લોકોએ ભેગા મળીને માત્ર ત્રણથી ચાર વર્ષના ગાળામાં કચ્છ અને બીજા જિલ્લાઓને બેઠા કર્યા છે. એટલું જ નહીં પણ, ગુજરાતને દોડતું કર્યું છે અને એટલા જ માટે લોક ભાગીદારીથી પુનઃવસનનું કામ જે કચ્છમાં થયું એના માટે ૧૬મી ઓકટોબર, ૨૦૦૩ના દિવસે જર્મનીના 'બોન' નામના શહેરમાં 'સાસાકાવા' એવોર્ડ ગુજરાતને આપવામાં આવ્યો છે. એવોર્ડો નથી મળ્યા, એવોર્ડો નથી મળ્યા એમ કહીને ગુજરાત અને ગુજરાની પ્રજાને ગુમરાહ કરવાનું કામ કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ અહીંયા કરતા હતા. હું આપને બતાવવા માગું છું કે, સર્ટિફિકેટ જે આપવામાં આવ્યું છે એ સર્ટિફિકેટ-એવોર્ડ સ્વીકારવા માટે ગયેલા આપણા અધિકારીનો ફોટો મારી પાસે છે. એનાથી વિશેષ પૂરાવો શું હોઈ શકે. ફરી એક બીજો. Commonwealth Association for Public Administration નામનો એવોર્ડ ગુજરાતને મળ્યો છે. ગુજરાતમાં ૨૦૦૧માં આવેલ ભૂકંપમાં લોક-ભાગીદારીથી ગુજરાતે કરેલી સારી કામગીરી માટે Public Administration and Management for Innovative Governance નામનો ગોલ્ડ મેડલ ગુજરાતને મળ્યો છે. ગોલ્ડ મેડલ મળ્યો એનો પણ વિવાદ ઉભો કર્યો. મારે એટલું જ પૂછવું છે કે, કોંગ્રેસનું શાસન ૪૭ વર્ષ સુધી ગુજરાતમાં રહ્યું એક પણ વિશ્વ કક્ષાનો એવોર્ડ નહીં, સ્ટેટ

કક્ષાનો એવોર્ડ નહીં, એકેય જિલ્લા કક્ષાનો એવોર્ડ પણ જીતી બતાવ્યો હોય સારી કામગીરી કરીને તો બતાવે? એક પણ એવોર્ડ ૪૭ વર્ષમાં પ્રાપ્ત નહીં કરી શકેલ આ કોંગ્રેસના લોકો ગુજરાત માટે આટલા બધા એવોર્ડો પ્રાપ્ત થયા છે ત્યારે એમને આનંદ થતો નથી, એમને ગુજરાત માટે ગૌરવ થતું નથી, એમને ગુજરાત માટે સ્વાભિમાન થતું નથી. એમને તો આંધ્રપ્રદેશ માટે સ્વાભિમાન થાય છે. એમને આંધ્રપદેશમાં જવું ગમે છે. પણ એનો પણ ફોટોગ્રાફ અને એનું સર્ટિફિકેટ મારી પાસે ઉપલબ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્લ્ડ બેન્ક, એક સમય એવો હતો કે નર્મદા યોજના માટે પર્યાવરણના મુદ્દે વર્લ્ડ બેન્ક આપણી સામે હતી. વર્લ્ડ બેન્કે આપણને લોન આપવાની હતી એ લોન આપવા માટે પણ રોક લગાવ્યો હતો પર્યાવરણના મુદા ઉપર. એજ વર્લ્ડ બેન્કે ભૂકંપમાં પુનઃવસનની કામગીરી માટેની પર્યાવરણની જાળવણીના કામ માટે જે પ્રયત્નો રાજય સરકારે કર્યા છે, લોકોએ કર્યા છે એના કારણે વર્લ્ડ બેન્ક દ્વારા 'ગ્રીન એવોર્ડ' પ્રાપ્ત થયો છે. આ એવોર્ડ આપનારી જે સંસ્થાઓ છે એ વિશ્વ કક્ષાની સંસ્થાઓ છે, સામાન્ય સંસ્થાઓ નથી. અને જે એવોર્ડો અપાય છે એ પણ આડેધડ આપવામાં આવતા નથી. એના માટે પ્રોસિજર છે, વિશ્વ કક્ષાના માણસો બેસીને, એના તજજ્ઞો બેસીને, એની જ્યૂરી બેસીને આ કોણે સારું કામ કર્યુ છે એ શોધી શોધીને આ એવોર્ડ અપાતો હોય છે, ગમે તેવી વ્યકિતઓને યા ગમે તેવા દેશોને એવોર્ડ નથી અપાતા. ઈ-ગવર્નન્સ, આખુંય ગુજરાતની અંદર એશિયા ખંડની અંદર પ્રથમ નંબરે છે અને એટલે તો ૨૦૦૧ થી માંડીને ૨૦૦૫ સુધીમાં ગુજરાતને ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ૧૯-૧૯ એવોર્ડ પ્રાપ્ત થયા છે. ડેટા ક્વેસ્ટ દ્વારા વૅસ્ટર્ન રિજિયનનો બૅસ્ટ ઈ-ગવર્નન્સનો સ્ટેટનો એવોર્ડ પણ આ મહિનામાં હમણાં જ પ્રાપ્ત થયો છે. ૧૯-૧૯ એવોર્ડ સમયના અભાવે હું કહેવા નથી માગતી પરંતુ વન ડે ગવર્નમૅન્ટ ૨૦૦૩નો એવોર્ડ આપણને પ્રાપ્ત થયો છે, ગુજરાત ઇન્ડિયા પોર્ટલ ૨૦૦૩નો બૅસ્ટ વેબસાઈટ માટે આપણને એવોર્ડ પ્રાપ્ત થયો છે. સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ જે આખા દેશની અંદરથી લોકો જોવા માટે આવે છે, જેમાં પ્રશ્ન ઉકેલવા માટે પારદર્શકતા એની અંદર રહેલી છે એ ૨૦૦૪માં ટ્રાન્સપરન્સી માટેનો એવોર્ડ પણ આપણને મળેલો છે. પ્રગતિ જી.આઈ.એસ. સોફટવેર માટે બાયસેકને બૅસ્ટ પ્રોડક્ટ માટેનો એવોર્ડ આપણને પ્રાપ્ત થયો છે. એ જ રીતે જ્ઞાન ગંગા પ્રોજૅકટને પણ એવોર્ડ પ્રાપ્ત થયો છે. આવા ૧૯ એવોર્ડ સાથે ગુજરાત નંબર વન પર જઈ રહ્યું છે. પાવર સૅક્ટરની અંદર રિફોર્મ કરવા માટે પણ ગુજરાતને એવોર્ડ પ્રાપ્ત થયો છે. ઇન્ડિયા ટેઈક એકસલન્સી એવોર્ડ આ પૅનલ જે બની એ પૅનલની અંદર અધ્યક્ષ તરીકે જસ્ટીસ એ. એમ. અહેમદી હતા અને જે રીતે આ એવોર્ડ પ્રાપ્ત થયો છે એની પણ પ્રોસીજર હોય છે એ પૅનલની અંદર પણ જે વ્યકિતઓ છે એ વર્લ્ડ નોન વ્યકિતઓ છે અને ચાર ચાર વ્યકિતઓની સામે, ચાર પૅનલોની સામે સેકટર રિફોર્મનું પ્રેઝન્ટેશન થયું અને અંતે ગુજરાતને ઇન્ડિયા ટેઈક એકસલન્સી એવોર્ડ પ્રાપ્ત થયો છે અને રિફોર્મ કરીને ગુજરાતના પ્રજાજનોને ચોવીસ કલાક થ્રીફેઝ વીજળી મળે એ જયોતિગ્રામ યોજના પણ આ એવોર્ડમાં રહેલી છે, એ જ રીતે હૅરીટેજ એવોર્ડ પણ ગુજરાતને પ્રાપ્ત થયો છે. ૪૦૦ વર્ષ પહેલાં ગુરુ નાનક લખપતની અંદર આવેલા અને ત્યાં ગુરુદ્વારાની અંદર રાત્રી વિશ્રામ કરેલો હતો, ભૂકંપ સમયે આ ગુરુદ્વારા ક્ષતિ ગ્રસ્ત બન્યું. સરકારે આ ગુરુદ્વારાનું રીપેરીંગનું કામ કર્યુ અને એટલું સુંદર કામ કર્યુ કે જેને કારણે યુનેસ્કો દ્વારા એશિયા હૅરીટેજ એવોર્ડ ગુજરાતને પ્રાપ્ત થયો છે અને ગુજરાત એમાં પણ નંબર વન પુરવાર થયું છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશન જેના અધ્યક્ષ બહેન શ્રી સોનિયાબહેન છે, આ રાજીવ ગાંધી ફાઉન્ડેશન દ્વારા આર્થિક સ્વતંત્રતાની બાબતોમાં ગુજરાતને પ્રથમ નંબર આપ્યો છે. રાજયમાં ગુનાખોરીનું ઓછું પ્રમાણ, લેબર પીસ અને ભ્રષ્ટાચારનું નહિવત્ પ્રમાણ આ ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને આ એવોર્ડ ગુજરાતને આપવામાં આવ્યો છે અને એમ કરીને ગુજરાતના ગૌરવમાં વધારો કર્યો છે. ગુજરાતને નંબર વન બનાવવામાં ગુજરાતના બાળકો પણ પાછળ નથી રહ્યા ગુજરાતના બાળકોએ પણ રમતગમત ક્ષેત્રે ગુજરાતને ગૌરવ અપાવવાનું કામ કર્યુ છે એનો ઉલ્લેખ પણ મારે અહીંયા કરવો જોઈએ નાના ભૂલકાંઓ હજી તો ચૌદ પંદર વર્ષની ઉંમરના બાળકો છે એવા બાળકોએ સ્કેટિંગ, યોગાસન અને ટેનીસમાં ભાગ લીધો, ૧૦૫ મેડલો મેળવીને ગુજરાતને પ્રથમ સ્થાન અપાવી નંબર વનનું બિરુદ અપાવવાનું કામ આ મારાં નાનાં ભૂલકાંઓએ કર્યુ છે જેમને ગઈકાલે વિશ્વ મહિલા દિન નિમિત્તે આ બાળકોને એવોર્ડ આપી પ્રશસ્તિ પત્ર આપી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ એમનું સન્માન કર્યુ છે.

સરકારી જિલ્લા પુસ્તકાલય એમાં પણ ભારત સરકારે એવોર્ડ આપ્યો છે. સરકારી કામ હોય એટલે એમાં ગણવામાં આવે કે નકામું કામ અને એન.જી.ઓ. કામ કરે તો કહે કે સુંદર કામ.. અહીંયાં સરકારી જિલ્લા પુસ્તકાલય છે અને એને પણ ભારત સરકારના સાંસ્કૃતિક, કેન્દ્ર સરકાર હસ્તકમના રાજા રામ મોહનરાય લાયબ્રેરી ફંડ ફાઉન્ડેશન, કલકત્તા દ્વારા બેસ્ટ ડિસ્ટ્રિક્ટ લાયબ્રેરી એવોર્ડ તાજેતરમાં કલકત્તા ખાતે એનાયત કરવામાં આવ્યો છે. લાયબ્રેરી, રમત-ગમત, ભૂકંપનું કામ, હેરીટેજનું કામ આમ વિવિધ પ્રકારના એવોર્ડ મેળવીને ગુજરાતનું નંબર વનનું સ્થાન અપાવવાનું કામ કરવામાં આવ્યું છે. આવા અનેક કામો કરીને રાજયમાં ગુજરાત આખાય દેશની અંદર નહીં પરંતુ સમગ્ર વિશ્વની અંદર પ્રથમ સ્થાને પહોંચ્યું છે અને તેને પહોંચાડવા માટે અમે સતત પ્રયત્ન કરી રહ્યાં છીએ. બાકીની વિગતો અમારા મંત્રીશ્રી આપશે. જ્યારે ગુજરાત વિશ્વકક્ષાએ તેમની હરોળમાં ઉભા રહેવા માટેનો પ્રયત્ન કરી રહ્યું છે, તેના માટે મથામણ કરી રહ્યું છે એવા સમયે વિરોધપક્ષોએ સહકાર કરવો જોઈએ. જ્યારે વિકાસનો પંથ પાંચ કરોડની જનતાએ પકડ્યો હોય, ઝડપ આવી હોય પ્રગતિની અંદર , તેના મીઠાં ફળ જ્યારે ગુજરાતની પાંચ કરોડની જનતા ચાખી રહી હોય એવા સમયે ગુજરાતની પ્રગતિની અંદર હાડકા નાંખવાનું કામ

કોંગ્રેસના મિત્રો કરી રહ્યા છે. ગુજરાતની પાંચ કરોડની જનતા તેમને કદી પણ માફ નહીં કરે. આજે એક સુંદર કાર્ય થયું છે. નર્મદા યોજનાનું, તેની ઉંચાઈ વધારવાનું. ગુજરાતની જનતા વર્ષોથી પાણી માટે વલખાં મારતી હતી. ૧૯૬૦ની અંદર ભાખરા નાગલ બંધ અને નર્મદા યોજનાનું લગભગ એકસાથે ખાતમુહૂર્ત થયુ હતું. ભાખરા નાગલ બંધ જોતજોતામાં તૈયાર થઈ ગયો અને તેનું પાણી પૂરા પંજાબને મળ્યું અને તેને કારણે આજે પંજાબની સમૃદ્ધિ આપણે જોઈ શકીએ છીએ. તે નર્મદા બંધ ભાખરા નાગલ તૈયાર થઈ જાય પરંતુ નર્મદા બંધ તૈયાર ના થાય. અનેક વ્યકિતઓએ તેની અંદર પ્રયાસ કર્યો અને આજે મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોને કારણે, પાંચ કરોડની જનતાના પ્રયાસોને કારણે અનેક એન.જી.ઓ.ના પ્રયાસોને કારણે આજે તેની ઉંચાઈ વધારવા માટેની ઇજાજત મળી છે અને આવતા થોડાંક જ સમયની અંદર નર્મદા બંધની ઉંચાઈ વધારીને ૩૦૦ મેગાવોટ વીજળી વધારે પ્રાપ્ત થશે અને કરોડો ઘન લિટર પાણી ગુજરાતની પ્રજાને પીવા માટે અને સિંચાઈ માટે પ્રાપ્ત થશે. ઉત્તર ગુજરાતના જિલ્લાઓની અંદર જ્યારે પાણી ભૂગર્ભની અંદર ઉંડા જતા જાય છે એક હજાર ફૂટે પાણી, બારસો ફૂટ પાણી અને સો હોર્સ પાવરની મોટર મૂકીએ તો પણ પાણી બહાર ન લાવે. જે કંઈ પાણી હતું તે પણ ખારું થઈ ગયુ અને તેને કારણે રોગના ભોગી ઉત્તર ગુજરાતના લોકો બન્યા અને એટલે જ રાજયના મુખ્યમંત્રીશ્રીએ પ્રયાસ કરીને સુજલામ સુફલામ યોજના દ્વારા અને નર્મદાના પાણી ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં લઈ જઈને સિંચાઈ માટે આપવામાં આવ્યા. સાથે સાથે આજે હું તો પાટણની અંદરથી જીતીને આવી છું. અમારા નરોત્તમભાઈ પટેલ અને મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોને કારણે આજે ઉત્તર ગુજરાતની અંદર આવેલાં તળાવોને નર્મદાના પાણીથી છલોછલ ભરી દેવામાં આવ્યાં છે અને ઉત્તર ગુજરાતનું એકપણ ખેતર આજે બાકી નથી કે જેની અંદર શિયાળુ પાક ના થતો હોય. જે શિયાળુ પાક માટે ખેડૂતો વલખાં મારતા હતા તેને આજે વલખાં મારવાની જરૂરિયાત નથી પરંતુ પાણીનો સહી ઉપયોગ કરીને આજે ખેડૂતો પોતાની ખેતીનું કામ કરી રહ્યાં છે. સિંચાઈ માટે તો કામ કર્યુ પરંતુ ટપક સિંચાઈ પણ ખેડૂતો અપનાવે તેને માટે પ્રયત્ન કરવામાં આવ્યો. કેન્દ્રની સરકારે પોતાના બજેટની અંદર સિંચાઈ, ટપક સિંચાઈ તેને માટે પૂરા દેશ માટે ૪૦૦ કરોડ રૂપિયા મૂક્યા સમગ્ર દેશ માટે ૪૦૦ કરોડ રૂપિયા મૂકયા. જ્યારે માત્ર ગુજરાતની સરકારે ગુજરાતના કિસાનો પોતાના ખેતરની અંદર ટપક સિંચાઈનો વધારે ઉપયોગ કરે તેને માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઈ કરી છે. આ જ સંકલ્પ છે કે ગુજરાતના કિસાનોને અમારે આગળ લાવવા છે અને ગુજરાતનો કિસાન સમૃદ્ધ બને તેના માટે સરકાર જ્યારે પ્રયાસ કરી રહી છે ત્યારે તેની અંદર સહકાર આપવાના બદલામાં વાંધા વચકા ઉભા કરી ખોટી ખોટી બાબતો અહીંયા વિધાનસભા ગૃહની અંદર મૂકવી અને ગુજરાતની પ્રજાને ગુમરાહ કરવાના પ્રયાસો ગુજરાતની પ્રજા કદી પણ સાંખી નહીં લે. ગુજરાતની જનતાએ થોડાક જ સમય પહેલા ગુજરાત સારું કામ કરી રહ્યું છે, વિકાસના સારા ફળ ચાખી રહ્યું છે, એટલા માટે તો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આજસુધી કદી પણ ૩૦ ટકાથી વધુ મત મળ્યા નથી. પહેલીવાર ભારતીય જનતા પાર્ટીને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૫૦ ટકા કરતાં પણ વધારે મતદાન આપીને સર્વશ્રેષ્ઠ પાર્ટી તરીકે પ્રસ્થાપિત કરી છે અને એટલા માટે જ માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજેટ ગૃહમાં લઈને આવ્યા છે એમને હું સંપુર્ણ ટેકો આપીને મારું વકતવ્ય અહીં પુર્ણ કરું છું. આભાર.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આ ગૃહની અંદર જે બજેટ લઈને આવ્યા છે તેને એટલા માટે આવકારું છું કે આ બજેટની અંદર શિક્ષિત અને સામર્થ્યવાન ગુજરાતના દર્શન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત એવું લાગે છે કે દુનિયાની અંદર આપણા ગુજરાતનું કંઈક અલગ સ્થાન છે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત એવું લાગે છે કે દુનિયાના દેશો જે પ્રમાણે આગળ વધ્યા એ પ્રમાણે આપણું ગુજરાત આગળ વધી રહ્યું છે. એટલા માટે તમામ ગુજરાતીઓ આ સરળ, સહજ અને સામાન્ય લોકો સમજી શકે તેવી ભાષામાં મૂકેલા આ બજેટને દરેક સમજી શકયા છે અને આપણું પણ ભવિષ્ય ઉજ્જવળ છે એવી નવી આશાઓ બંધાણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમુક વખત આપણા મનમાં વિચાર આવે છે કે યુરોપના દેશો, નાનકડા ૪, ૫, ૭ દેશો આટલા બધા આગળ કેવી રીતે વધી ગયા? કુદરતે વધારે કંઈ આપ્યું? ઈંગ્લેન્ડની જન સંખ્યા અને આપણી જનસંખ્યા જોઈએ તો આપણી સવાપાંચ કરોડ અને એમની પોણા છ કરોડની છે. આપણી અને એમની જનસંખ્યા વચ્ચે મોટો ડિફરન્સ નથી. આપણું ક્ષેત્રફળ ૨ લાખ ચોરસ કિલોમિટર અને એમનું સવાબેથી અઢી લાખ ચોરસ કિલોમિટરની આસપાસ છે. કુદરતે એમને વિશેષ આપ્યું છે અને આપણને નથી આપ્યું એવું નથી. અહીંયા એમને ન આપ્યું હોય એવું એમનાથી અનેકગણું આપણને કુદરતે આપ્યું છે. આપણને આખા પૂર્વના વિસ્તારમાં પર્વતો અને જંગલો આપ્યાં. પશ્ચિમમાં ૧૬૦૦ કિલોમિટરનો વિશાળ સમુદ્ર કિનારો આપ્યો. પર્વતો અને સમુદ્રની વચ્ચે સવા લાખથી વધારે ચોરસ કિલોમિટર, સવાબે લાખ ચોરસ કિલોમિટર જેટલો ફળદ્રુપ મેદાની વિસ્તાર આપ્યો છે, જે યુરોપની પાસે જોઈએ તો આપણા કરતાં બહુ ઓછો છે. એ ફળદ્રુપ મેદાની વિસ્તારમાં ૫૦ ટકા વિસ્તાર એવો છે કે ખેતી થઈ શકે. જે ઈંગ્લેન્ડ જેવા દેશો પાસે માત્ર ૧૦ ટકા જ વિસ્તાર એવો છે કે ખેતી થઈ શકે. કુદરતે આપણને ૩ ઋતુનું ઋતુચક્ર આપ્યું છૈ. જે યુરોપના કોઈ દેશોની અંદર નથી. ત્યાં બારેમાસ બરફ છવાઈ જતો હોય અને મોટા ભાગનું બજેટ બરફ હટાવવામાં જતું હોય. ટુરિઝમની દૃષ્ટિથી વિચાર કરીએ તો ઐતિહાસિક વિરાસતો, દુનિયામાં ન હોય એવા ગીરના સિંહો, કચ્છના રણની અંદર ઘુડખર અભ્યારણ્ય. એની અંદર ઘૂડખર. જંગલો,

પર્વતો, રણપ્રદેશ બધું વિવિધતાપુર્ણ કુદરતે ઘણું આપ્યું. બારેમાસ વહેતી નર્મદા નદી આપી, છતાં પણ ૪૦, ૪૦ વર્ષ સુધી આપણે બીજા પાસે માગવા જવું પડે એવી સ્થિતિ. દુનિયાના બધા દેશો આગળ વધી ગયા. ખૂટતું શું હતું? દૃષ્ટિવાળી વ્યકિત શાસન ઉપર આવે અને નવા વિઝન સાથે કુદરતી સંપદાનો ઉપયોગ કરીને ગુજરાતને બેઠું કરે. ગુજરાતને આગળ વધારે. વિધાતાએ ગુજરાતની પ્રજાનો અવાજ સાંભળીને માનનીય નરેન્દ્રભાઈ મોદીને ગુજરાતના ભાગ્ય વિધાતા તરીકે, મુખ્યમંત્રી તરીકે અહીંયા મૂકયા છે. ગુજરાતની પ્રજાને મળેલી આ એક અણમોલ ભેટ છે.

અત્યારે ગુજરાત જ નહીં પણ આખા દેશના લોકો વિચારે છે કે હવે ગુજરાત દુનિયામાં અલગ પોતાનું સ્થાન ઉભું કરશે એ એક નવી આશા બંધાઈ છે. અમે એક એક પગલું લઈશું એવો વિચાર આપણા મનમાં આવે છે. ૧૬૦૦ કિલોમિટર લાંબા દરિયાકિનારો એમને એમ પડી રહયો હતો એનો ઉપયોગ થાય નહીં અને એના ડેવલપમેન્ટ માટે ૪૦ કિલોમિટરના અંતરમાં કેવી રીતે એનો વિકાસ કરી શકાય એના માટે એક અલગ સ્વતંત્ર બોર્ડ બનાવ્યું અને આખા સમુદ્ર કિનારાનો એની મારફત વિકાસ કરવાનો છે, કચ્છનું રણ એ માત્ર ખારો પ્રદેશ, બિન ઉપજાઉ જમીન એવું નહીં, પરંતુ એનો વિકસિત તરીકે કેવી રીતે ઉપયોગ કરીને બનાવાય, કચ્છના રણને હિન્દુસ્તાનનું તોરણ બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોની દ્રષ્ટિએ કલ્પના કરીએ તો આપણે આપણી ખેતીવાડીને વધારે ને વધારે પાણી આપીને, તૈયાર થયેલ વસ્તનું વૈશ્વિક માર્કેટ ઉભું કરવા, ગામડાંને બેઠાં કરીને, ગામડાંમાં ઉદ્યોગો વધે એટલા માટે જયોતિ ગ્રામ યોજના થકી ગૃહ ઉદ્યોગો ઉભા થાય, ગુજરાતનું ગામડું એ બહારના લોકો માટે ત્યાં આગળ માલ પહોંચાડવા માટે નહીં, પરંતુ એક માલ તૈયાર કરીને દુનિયાને પહોંચાડવા માટેનું બને એટલા માટે માઈક્રો લેવલ ઉપરનું મેનેજમેન્ટ, એના ઉપરથી લાગે છે કે ૫ કરોડ ગુજરાતના માનવબળના આધાર ઉપર ગુજરાત શ્રેષ્ઠ રાજયની દિશામાં આગળ વધી રહયું છે એવું આ બજેટમાં દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિરોધપક્ષના સભ્યશ્રી બલવંતસિહજીએ એમ વાત કરી હતી કે આ ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ યોજના મૂકી છે એનું લાઈટનું બિલ આટલું બધું વધારે આવશે અને એના કારણે બહુ મોટા પ્રમાણમાં ખર્ચ થશે ત્યારે મારા મનમાં થતું હતું કે શું દૂદર્શા અમારા ઉત્તર ગુજરાતની છે? કે એક વખત ઉત્તર ગુજરાત એવું હતું કે દુનિયાના કોઈપણ દેશના લોકો અહીં શીખવા માટે આવતા હતા. માત્ર ગુજરાત જ રાજધાની નહીં, પરંતુ લાટ અને માંડવા સુધીના લોકો અહીં આવીને ખંડણી ભરતા હતા એવું ગુજરાતનું પાટણ હતું એવી સમૃદ્ધિ પાટણે પ્રાપ્ત કરી હતી. સરસ્વતી અને બીજી બધી નદીઓ બે કાંઠે વહેતી હતી, ઉત્તર ગુજરાતમાં પાણી હતું એના કારણે લીલાલહેર હતી. એ વખતે પાટણમાં સિધ્ધરાજ જયસિંહના વખતમાં એક હજાર કરતાં પણ વધારે તો કરોડપતિઓ હતા એટલી સમૃદ્ધિવાળું અમારું ઉત્તર ગુજરાત હતું. આજે એ સૂકુંભઠ્ઠ શેના કારણે થયું? કારણ કે આજે પાણી નથી અને પાણી ના હોય તો શું થાય? ૧૦ હજાર વર્ષ પહેલાં ધરતીમાં ધરબાયેલું જે પાણી હતું એ અત્યારના વર્ષોમાં આપણી ખેંચી લીધું છે અને એને ફરી રિચાર્જ કરવાનું કાર્ય કોઈએ કરાવ્યું નહીં, બહારથી લાવીને પાણી નાખંવાની કોઈ વ્યવસ્થા કરી નહીં અને એના હિસાબે આજે પોણા બે કરોડ જેવી ઉત્તર ગુજરાતની જનસંખ્યા એને ૮-૧૦ વર્ષમાં એના માટે કાંઈ ના કરીએ તો હિજરત કરીને બહાર લઈ જઈને વસાવવી પડે એ સ્થિતિ આજે આખા ઉત્તર ગુજરાતની થઈ હતી. આજે ઉત્તર ગુજરાતમાં મોટાભાગે લોકો ખેતી અને પશુપાલન ઉપર પોતાનું જીવન જીવી રહયા છે અને આ બન્ને વ્યવસાય એ પાણી આધારિત છે અને એ પાણી માટે આ સુજલામ્ સુફલામ્ યોજના ના થાય તો કેટલો ખર્ચ થાય? જયારે જયારે દુષ્કાળનાં વર્ષ આવે છે તો ઉત્તર ગુજરાતને નિભાવવા માટે ગુજરાતનું બજેટ એ ૧૦૦૦ થી ૧૫૦૦ કરોડ રૂપિયા થાય અને આપણે આંતરા વર્ષે દુષ્કાળ જોયો છે તો આ રીતે ખર્ચ થાય તો કેટલા કરોડ રૂપિયા ખર્ચ આ રીતે થાય? તો આ રીતે થતા કરોડો રૂપિયા આ પ્રમાણે પ્લાનિંગ બનાવીને ઉત્તર ગુજરાતની ધરતીમાં પાણી નાંખ્યું હોત અને એની અંદર આ વ્યવસ્થા છે કે સાંતલપુરથી કરીને કચ્છના રણના કિનારેથી કરીને પૂર્વનો પહાડી વિસ્તાર છે એ બન્ને વિસ્તારોનો આખો જમીન પ્રદેશ છે એ કુદરતી ખૂબી સારા સંજોગોમાં આ વિસ્તાર નિર્માણ કર્યો છે એટલા માટે કહું છું કે એમાં જેટલું પાણી આપણે નાંખીએ એ બધું પાણી અંદર ઉતરી જાય છે અને અત્યારે હાલ નર્મદાનું આખા બંધનું પાણી નાંખીએ તો પણ ત્રણ સરદાર સરોવર ડેમની ક્ષમતા આ ઉત્તર ગુજરાતના આ પેટાળની છે. આનાથી ૭૦૦ થી ૮૦૦ કિલોમિટરનો વિસ્તાર રિચાર્જ થઈ શકે એવા નિતારની ક્ષમતાવાળું આ જમીનનું લેયર છે. તો આ જો એ ભરી દેવામાં આવે તો કેટલો બધો ફાયદો થાય તેમ છે. અત્યારે હાલ ૮૦૦ થી ૯૦૦ અને એક હજાર ફૂટ ઉંડે પાણી છે અને પંપથી એ બહાર લાવવાં પડે છે એ ૧૫૦ થી ૨૦૦ ફૂટે પાણી આવી જાય તેમ છે. અત્યારે હાલ જે ઈલેકટ્રીસીટીના બિલો આવે છે, એમાં જે ૮૦-૯૦ ટકા ખર્ચ થાય છે તેમાં ઘટાડો થઈ અને ૨૦-૨૫ ટકા ખર્ચે પાણી કાઢી શકાય, રાજયને મોટા પ્રમાણમાં ફાયદો થઈ શકે. ઈલેકટ્રીસીટી બચે એટલું જ નહીં પણ ઉત્તર ગુજરાતની ઈન્કમ છે તેમાં બે કરોડ ઉત્તર ગુજરાતીઓના આધારે આખા ગુજરાતને બેઠું કરી શકાય તેવી ક્ષમતા છે અને આ યોજનાના આધારે આ કામ થઈ શકે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ રૂા. ૬૨૦૦ કરોડના ખર્ચે સુઝલામ સુફલામ યોજના મૂકી, કેન્દ્ર સરકારે કહ્યું કે અમે પૈસા આપીશું, તમે આગળ વધો, ત્યારે અમારા ઉત્તર ગુજરાતના લોકોને મનમાં હતું કે બસ આપણા બાળકને જે રોજગારી મળવાની છે તેનો નવો સૂરજ ઉગશે. આપણા લોકોનું જીવન નવી દિશામાં પ્રગતિ કરશે અનેક આશાઓ જન્મી, કેન્દ્ર સરકારનો આભાર માન્યો, ઉત્તર ગુજરાતના લોકોને એ ખબર નહોતી કે કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર

આવશે અને ઉત્તર ગુજરાતના ખેડૂતોના બાળકને જે નવો રોટલો મળવાનો છે તે તેના હાથમાંથી ઝૂંટવી લેવાનું કામ કરશે તેની તેમને કલ્પના નહોતી. અને એક પણ રૂપિયો આ યુ.પી.એ.ની સરકાર આવ્યા પછી ઉત્તર ગુજરાતને નથી આપ્યો અને સ્થિતિ તો એવી થઈ કે આટલું આટલું પ્લાનિંગ બનાવ્યા પછી, આટલી મહેનત કર્યા પછી આખી યોજના પડી ભાંગે એ સ્થિતિ ઉભી થઈ, અમારા અરમાનો માત્ર અરમાનો જ રહી જાય એવી સ્થિતિ નિર્માણ થઈ, ત્યારે મારે ઉત્તર ગુજરાતની બે કરોડની પ્રજા વતી અભિનંદન આપવાં છે મુખ્ય મંત્રીશ્રી અને સિંચાઈ મંત્રીશ્રીને, કે તેમણે અમારી વાત સાંભળી, ભલે કેન્દ્ર સરકાર આપે કે ન આપે, પણ તેમણે કહ્યું છે કે, અમે ઉતતર ગુજરાતની સુઝલામ સુફલામ યોજના પૂર્ણ કરીશું. અહીં વાત કરીએ ત્યારે કોંગ્રેસના મિત્રો નાના નાના રોડા નાખવાનું કામ કરે છે, આમ નહીં થઈ શકે, તેમ નહીં થઈ શકે, આમ કરવાથી આમ થશે પણ આજે વાવ તાલુકાના વિસ્તારો હોય કે સાંતલપુર તાલુકાના વિસ્તારો હોય, તેના ખેડૂતોના ઘરમાં આજે લાડુ બનશે, ગામડાંમાં આજના દિવસે મીઠાઈ વહેંચાશે, એટલા માટે આ મીઠાઈ વહેંચાશે કે લાડુ ખવાશે કે વર્ષોથી પાણી, પાણી, પાણી, અને અમારા જીવતા જીવ આ નર્મદાનું પાણી પહોંચે તેવું સ્વપ્ન સેવતા હતા. નર્મદાની ૧૨૧.૯૨ મિટરની ઉંચાઈની મંજૂરી મળી છે અને આદેશ થયો છે અને એ સારા સમાચાર મુખ્ય મંત્રીશ્રીએ આપ્યા છે એટલે અમારા આખા વિસ્તારમાં લાડુનું જમણ થશે. પાણીની ખબર જેમને પાણી નથી તેમને પડે, બે થી ચાર કિલોમિટર સુધી પાણી ભરવા માટે અમારી બહેનોને જવું પડતું હતું, ત્યાંના લોકો બિલકૂલ યુવાન હોય અને ૨૫ વર્ષની ઉમરે તે વાંકા વળી ગયો હોય અને ઘરડો થઈ જાય, કારણ કે ફ્લોરાઈડ વાળું પાણી પીવા મળતું હતું. આજે તેની જગ્યાએ નર્મદાનું પાણી જે જે વિસ્તારોમાં, બનાસ નદી અને કચ્છના રણ સુધી પહોંચ્યું છે અને છેક પાકિસ્તાનની સરહદ સુધી પહોંચ્યું છે ત્યારે આજુબાજુના વોટર લેવલ પણ બધા વિસ્તારોના ખૂબ અપ થશે. એક નવી આશા એમને જન્મી છે, એમને લાગે છે કે અમારી સરકાર છે, સામાન્ય, ગરીબ માણસને એવું લાગે છે કે આ એવી સરકાર છે કે આપણું સ્વપ્ન આજે નહીં તો કાલે પૂર્ણ થશે. આજના સમયે ૧૨૧ મિટરની ઉંચાઈના શુભ સમાચાર માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આપ્યા છે તે માટે મુખ્ય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. નરેન્દ્રભાઈ મોદી એક એવું વ્યકિતત્વ છે કે કોઈ પણે તે સ્વીકારવું પડે. અહીં ભલે અલગ અલગ વાતો થતી હોય, હમણાં માનનીય પ્રધાન મંત્રીશ્રીએ એન.ડી.સી.નું એક સબ ગૃપ છે એમાં પાણીના વ્યવસ્થાપનનો પ્રશ્ન છે એમાં આખા દેશની જે કમિટી બનાવી છે તેના ચેરમેન નરેન્દ્રભાઈ મોદીને બનાવ્યા છે. કેન્દ્ર સરકાર એમની, ચેરમેન નરેન્દ્રભાઈને બનાવ્યા, એમણે પાછળથી એમ કહ્યું કે ના એમની કોઈક ભૂલ થઈ ગઈ હશે. પણ એમના હાથ નીચે ૨૦ જેટલા તજજ્ઞો કામ કરે છે. ગયા મહિને ગુજરાતમાં એક મિટીંગ થઈ છે અને સંશોધન થઈ રહ્યું છે, લોકલ લેવલ ઉપર કામ કઈ રીતે થઈ શકે, વરસાદી પાણી કેવી રીતે રોકી શકાય તેના માટે આખા દેશની કમિટીના ચેરમેન નરેન્દ્રભાઈ મોદીને બનાવ્યા છે અને આ રીતે આટલું વિશાળ વ્યકિતત્વ હોય, બહારના લોકો આટલી ટીકા કરતા હોય તો પણ આટલા નિરપેક્ષ ભાવે તેઓ એમ કહે છે કે મારું કંઈ નથી, આ તો જે છે તે ગુજરાતની પ્રજાનું છે.

***"ન તાતો, ન માતા, ન બન્ધુ, ન દાતા,***
***ન પુત્રો, ન પુત્રી, ન ભ્રાતો, ન ભ્રાતા,***
***ન જાયા, ન વિદ્યા, ન વૃત્તિ, મમૅવ, ગતિ સ્ત્વં, ગતિ સ્ત્વં,***
***ત્વમે કા ભવાની"***

હે, મા હું તમારા શરણે છું તારો દીકરો છું, આ ભાવનાથી ગુજરાતની પ્રજાના ચરણમાં એમણે પોતાના જીવનને મૂક્યું છે.

પહેલી વખત ગુજરાત પોતાના ઈતિહાસ ઉપર ગૌરવ લઈ શકે તેવો નિર્ણય થયો છે. ગુજરાતના ૫૦ વર્ષને સુવર્ણ જયંતિ વર્ષ તરીકે ઉજવવા માટે આ બજેટની અંદર એક કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. કોઈપણ પ્રજાને પોતાના ઈતિહાસનું ગૌરવ નથી હોતું, એ પ્રજા કોઈ રીતે આગળ વધી શકતી નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવતી ૨૦૧૦ની સાલમાં ગુજરાત પોતાની સુવર્ણ જયંતિની ઉજવણી એના માટેનું પ્લાનિંગ બનાવ્યું છે. આજે જ નહિ પરંતુ અગાઉના જેણે જેણે ગુજરાત માટે યોગદાન આપ્યું છે એનું ગૌરવ લઈ શકે એટલા માટે એના વિવિધ કાર્યક્રમો બને અને ગુજરાતમાં એ તૈયાર થઈને દુનિયા સમક્ષ મૂકવામાં આવે કે આ અમારું ગુજરાત છે. ગુજરાત માટે જેણે જેણે યોગદાન આપ્યું છે એનો ઈતિહાસ તૈયાર કરીને ગુજરાત એને વિશ્વ ફલક ઉપર મૂકવાનું કામ ૨૦૧૦માં કરવાની છે, એના માટે ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે એના માટે અભિનંદન આપું છું.

આપણે ત્યાં કેવી ભૂલ થાય છે એ આપની સમક્ષ મૂકવા માગું છું. ગુજરાતની સ્થાપના કરનાર પૂજય રવિશંકર મહારાજ કે જેમના હાથે ગુજરાતનો પાયો નાખ્યો છે એ માણસે કરેલું કામ એમના માટેનું પુસ્તક કયાંય દેખાતું નથી. મારા વિસ્તારમાં આવે ત્યારે એ મારે ત્યાં આવતા. હું ત્યારે સાવ નાનો બાળક હતો. મેં એમનું કામ જોયું છે. એ ભેખધારી માણસ ખભે થેલો હોય અને એક લોટો હોય અને ગામડે ગામડે ફરનાર માણસ એનો કોઈ ઈતિહાસ નથી, એની કોઈ નોંધ નથી. આવનાર સમયમાં ૨૦૧૦ની સાલમાં પ્લાનિંગ કર્યુ છે કે આવા મહાન પુરુષને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ આપીશું.

અહીંયા માનનીય ધારાસભ્યશ્રી છબીલભાઈ પટેલે વાત કરી હતી ત્યારે તો આપણા રૂવાંટા ઊભા થઈ જાય તેવી હરકત હતી. કોઈપણ સ્વાભિમાન નાગરિક આ વાતને કઈ રીતે બરદાસ્ત કરી શકે. જે માણસે આ સમગ્ર ભૂમિ માટે આ દેશ છોડ્યો, પરિવાર છોડ્યો અને બહાર જઈને મારો દેશ સ્વતંત્ર બનશે, મારો દેશ આઝાદ થશે ત્યારે જ આ ધરતી ઉપર પાછો આવીશ. કેટલીય યાતનાઓ વેઠી અને આખા જગતના ક્રાંતિકારી ગુરુ ગણાયા. હું ફક્ત હિન્દુસ્તાનના નથી ગણતો પરંતુ આખા જગતના ક્રાંતિકારી શ્યામજી કૃષ્ણ વર્મા ક્રાંતિકારીઓના આદર્શ ગુરુ બને છે તેવા વ્યકિત ૭૩-૭૩ વર્ષ સુધી સ્વીઝરલેન્ડના જીનેવા શહેરમાં રહ્યા. એમનો અસ્થી ત્યાં પોકાર પાડીને કહે કે મારો દેશ આઝાદ થશે ત્યારે મને કોઈ લઈ જશે. જવાહરલાલ નહેરુએ સૌથી પહેલું કામ આ કરવાનું હતું. આવા ક્રાંતિકારી કે જેણે દેશ માટે બલિદાન આપ્યું છે એના અસ્થિને સ્વમાનપૂર્વક હિન્દુસ્તાનની ધરતી ઉપર લાવવાનું નહિ થયું. પરંતુ ૭૩ વર્ષે ગુજરાત ગૌરવ લઈ શકે તેવી ઘટના ઘટી. આપણા મુખ્યમંત્રીશ્રીએ જીનેવા જઈને શ્યામજી કૃષ્ણ વર્માની પોકાર પાડતી અસ્થિ જેને આ ધરતી ઉપર આવીને ગંગાજળમાં પધરાવું હતું, કચ્છની ધરતીમાં પહોંચવું હતું આ એમનો અંતરનાદ સંભળાયો અને અહીંયા લાવ્યા અને એનું ગૌરવ માત્ર ભાજપે જ નહિ, માત્ર કોંગ્રેસે જ નહિ આખી હિન્દુસ્તાનની પ્રજા ગૌરવ લે તેવું શ્રેષ્ઠ વ્યકિત એના માટે ચેનચાળા કરીને શ્યામજી કૃષ્ણ વર્માનું અપમાન થાય ત્યારે સહન ન કરી શકાય તેવી ઘટના છે. આ કોઈ સામાન્ય વ્યકિત નહોતા આ એક એવી હરોળના ક્રાંતિકારી હતા-

" સરફરોશીકી તમન્ના આજ હમારે દિલમેં હૈ, દેખતે હે જોર કિતના બાજુએ કાંતિલ મેં હૈ.

સાહેબ એવા ક્રાંતિકારી હતા -

" તેરા વૈભવ અમર રહે મા, હમ દિન ચાર રહે ન રહે.

એવું કહેવાવાળા ક્રાંતિકારીઓના પણ ગુરુ તરીકેનું વ્યકિતત્વ માટે અહીંયા અપમાનજનક શબ્દ કહેવાયા એમના માટે ચેનચાળા કરે આ કયારેય બરદાસ ન કરી શકાય તેવી ઘટના છે. જેણે દેશ માટે બલિદાન આપ્યું હોય તેને ખબર પડે. હમણાં સૈનિક સ્કૂલના વિદ્યાર્થીઓ રાધનપુરના હતા, એમણે બહાર જઈને પૂછયું.અહીં જે ઘટના ઘટી. તેના ઉપરથી તેના કર્નલ હતા તેમણે પૂછયું કે હરરોજ ઐસા હોતા હૈ? શું કહેવું? જેને દેશ માટે મરી જવું છે, દેશ માટે આખું જીવન આપી દેવું છે આવા લોકોની અપેક્ષાઓ અલગ હોય છે. તેમને માત્ર અહીં વિધાનસભામાં ચૂંટાવાનું કે બાકીની કલ્પનાઓ નથી હોતી. આવા લોકોની જ્યારે લાગણી દુભાતી હોય છે ત્યારે અનર્થ થતો હોય છે. આજે શ્યામજી કૃષ્ણ વર્મા સરહદી વિસ્તારમાં બેઠાં છે. માંડવીની અંદર હોય ત્યાં આગળ ધીણોધર પર્વત હોય, કાળો ડુંગર હોય ત્યાં આગળ કોઈ પણ દેશદ્રોહી ન આવી શકે તેના માટે પ્રજા જાગૃત થાય તેવી પ્રેરણા લેવી જોઈએ. તેના બદલે અહીં આગળ ત્યાંના ચૂંટાયેલા પ્રતિનિધિ આ રીતના ચેનચાળા કરીને શ્યામજી કૃષ્ણ વર્માનું જ નહીં, કચ્છની પ્રજાનું માત્ર નહીં, આખા ગુજરાતનું અને હિંદુસ્તાનની દેશપ્રેમી પ્રજાનું, દેશભકતોનું અપમાન કર્યું છે. હમણાં એક વાત આવી થતી હતી. બે દિવસ પહેલાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને બાકીના બધાએ વોકઆઉટ કર્યો. વોકઆઉટ શેના આધાર ઉપર કર્યો? કોને સારું લગાડવા માટે કર્યો મને ખબર નથી પરંતુ બેનરજી કમિટીનો જે રિપૉર્ટ આવ્યો તેના અનુસંધાને વાત કરતા હતા કે ના,ના. આવું આપણને ન ગમે. આવી કોઈ ઘટના થતી હોય, એન્ટી નેશનલ એકટીવીટી કરવાવાળી કોઈ પણ પ્રવૃત્તિ તેમણે જોઈ હોય તો તેમને બચાવવા માટે કૂદી પડે છે. એ રઘુનાથજી મંદિર ઉપરનો હુમલો હોય, ગોધરાનો ટ્રેનનો હત્યાકાંડ હોય, અક્ષરધામ મંદિર પરનો હુમલો હોય કે કાલુપુર રેલ્વે સ્ટેશનનો બૉમ્બ વિસ્ફોટ હોય. તેમને આની અંદર કંઈક બીજું જ દેખાય છે. ના, અમને તો આમાં બીજી કોઈક દુર્ગંધ આવે છે. દેશદ્રોહીઓ આ દેશની પ્રજાને રંજાડવા માટે આ દેશના માનબિંદુઓ પર ઘાત કરવા માટે આવી પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેમના હોંસલા બુલંદ ન થાય. તેમને લાગવું જોઈએ કે ગુજરાતની પ્રજા નહીં, આખા દેશની પ્રજા આ ઘટનાના વિરોધમાં છે. તેની જગ્યાએ તેમને સમર્થન આપવું, આવું એક વખત નહીં અનેક વખત બન્યું છે. જેના કારણે દેશદ્રોહીઓનો હોંસલો બુલંદ બનતો હોય છે. બીજી વખત આવું દુષ્કૃત્ય કરવા માટેની હિંમત બનતી હોય છે. મને તો એ વાતની બીક છે કે આજે જો સામે પક્ષે બધાં બેઠાં હોત તો કદાચ આજે એ પણ કહેત કે વારાણસીની અંદર હુમલો થયો છે તેમાં કોઈની સાંઠ-ગાંઠ લાગે છે. એમાંય ગુજરાતવાળાએ જઈને કંઈક કર્યું લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં પણ આવી ઘટના ઘટતી હોય ત્યાં તેમને બીજું જ દેખાય છે. દેશદ્રોહી હોય, દેશની સાથે ગદ્દારીવાળા હોય તેને હિંદુસ્તાનની ધરતી ઉપર સ્થાન હોઈ જ ન શકે. તેના વખાણ કરવાના હોય જ નહીં. તેના માટે તેની ભાષામાં જ જવાબ હોય. અહીં આગળ એન્ટી નેશનલ એકટીવીટી કરવા માટે, ગુજરાતની પ્રજાને રંજાડવા માટે ફરીથી આતંકવાદીઓ આવે અને તેને કદાચ ગુજરાતની પોલીસ એન્કાઉન્ટર કરીને મારી નાખે તો તેના માટે થઈને તેમના નવલોહિયા દીકરા મરી ગયા હોય તેમ રોકકળ ચાલુ કરી દે. શા માટે તમારે આવું કરવું પડે? શાને કારણે તમે આવું કરો છો? તમારા શું સગા-સંબંધી થાય છે? હું માનું છું કે આવી ઘટનાઓને કારણે બાકીના લોકોને બળ મળતું હોય છે. આવી ઘટના ન થાય એવી અપેક્ષા રાખું છું.

છેલ્લે તો આજે મિત્રો પણ નથી. એટલે ખાસ કહેવાનો વિષય રહેતો નથી. પરંતુ ઘણી વખત કોંગ્રેસના મિત્રો એ વાત કરતા હોય છે કે અમને પ્રજાએ પાછા મૂકી દીધા. પણ પ્રજાને નિચોવી નાખી છે. તેમણે ૪૦-૪૦ વર્ષ સુધી શાસન કર્યું તેમાં પ્રજાનો દમ કાઢી નાખ્યો. ડૅવલપમેન્ટની વાત તો અલગ રહી, માત્ર સગા-સંબંધી, માત્ર તેમના

કાર્યકર્તાઓ અને તેમના જે સંસ્કારો હતા તેના આધારે કામ કર્યું. પ્રજામાં ફૂલમાંથી રસ કાઢી નાખે તે પ્રમાણે તેમને નિચોવી નાખ્યા છે. પ્રજા તેમને માટે કહેતી હોય છે કે ભાઈ, આ તો ઠીક કર્યું, તમને ઠીક જગ્યા ઉપર બેસાડ્યા, નહીં તો તમે અમને ગાંઠો તેમ નહોતા. તમારી યોગ્ય જગ્યાએ મૂક્યા છે અને એટલા માટે કહું છું-

કોણ ભલાને પૂછે છે, અહીં કોણ બુરાને પૂછે છે,
મતલબ તણી આ દુનિયા છે, અહીં કોણ સારાને પૂછે છે.
સુગંધને નિચોવીને પછી, ફૂલોની દશાને કોણ પૂછે છે,
આ તો સંજોગ ઝૂકાવે છે નહીં તો હવે કયાં ભગવાનને પૂછે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના પ્રસંગે માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે તેને ખૂબ ખૂબ આવકારું છું અને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ ગૃહમાં આ જે બજૅટ લઈને આવ્યા છે એના સમર્થનમાં, આવકારવા માટે હું ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ આખા ગુજરાત માટે ઐતિહાસિક દિવસ છે, આપણે સૌએ ગૌરવ લેવાનો દિવસ છે, જેના માટે વર્ષોથી આ ગુજરાતની ૫ કરોડની જનતા રાહ જોતી હતી, એ નર્મદા બંધની ઊંચાઈનો ઐતિહાસિક ચુકાદો આજે આપણને મળ્યો છે. એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને એમની ટીમને અને આ ગુજરાતની ૫ કરોડની જનતાને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. હવે ગુજરાતને પંજાબ, મહારાષ્ટ્ર, હરિયાણા સાથે સરખામણી કરવાનો સમય નથી, હવે ગુજરાતની સરખામણી સ્વિટ્ઝરલૅન્ડ, અમૅરિકા, જાપાન, યુ.કે. સાથે સરખામણી કરતાં કોઈ રોકી શકે તેમ નથી. કારણ કે, ગુજરાતના ગામે ગામ પાણી પહોંચશે અને ગુજરાતના ગામડે ગામડે વીજળી પહોંચશે એટલા માટે આપણા સૌના માટે આનંદનો દિવસ છે. આપણે સૌએ સાથે મળીને આ આનંદનો ઉત્સવ હરખભેર ઉજવીએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બજૅટની ચર્ચા કરવા માટે ઉપસ્થિત થઈ છું એ માનનીય મુખ્યમંત્રીશ્રીએ પહેલી વખત, ગુજરાતનું બજૅટ રજૂ કર્યું, એમાં કયાંય આંકડાની ગૂંથણી દેખાઈ નહીં, સાચા અર્થમાં વાસ્તવિકતા દેખાઈ, પારદર્શકતા દેખાઈ, પ્રામાણિકતા દેખાઈ, દૂરંદર્શિતા દેખાઈ, વિકાસની દિશા દેખાઈ અને ખાસ કરીને એમાં લોકો પ્રત્યેની સંવેદના દેખાઈ, સિદ્ધિઓ પણ દેખાઈ, એક કવિએ કહ્યું છે કે,

" અસફલતા કે વ્યવધાનો મેં રહી, સફલતા કી યે જીત,
વહી સફલ હોતા હૈ જગ મેં, જીસે કામ મેં સચ્ચી પ્રિત."

જેને કામ કરવું છે, કામ પ્રત્યે સાચી લગન છે એની આ જગતમાં જીત થાય છે, એ જ આગળ વધે છે અને એ જ સફળ થાય છે. અને એ જ કવિના શબ્દોમાં દેખાય છે. સાચા અર્થમાં મુખ્યમંત્રીશ્રીની કામ પ્રત્યેની જે લગન છે એ એમાં દેખાઈ આવે છે, એમની સફળતા પાછળના કારણો આ જ છે. આપણે ૨૧મી સદીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ અને આ ૨૧મી સદી સ્પર્ધાની સદી છે અને આ સ્પર્ધામાં ટકી રહેવા માટે આપણે પોતાની જાતને વધુને વધુ ધારદાર બનાવવી પડે અને વધુને વધુ કામ કરી બતાવવું પડે. તો જ એ લક્ષાંકને આપણે પ્રાપ્ત કરી શકીએ. એક સદી એવી હતી કે, જેમાં મસલ પાવરનો જમાનો હતો. મસલ જેના મજબૂત હોય એટલે કે શકિત વધારે હોય એની જીત થતી. એના પછી ૨૦મી સદીનો એવો સમય આવ્યો કે જે મની પાવરનો જમાનો હતો. જેની પાસે પૈસા વધુ હોય તો એ જ વિશ્વની ઉપર રાજ કરી શકે. આ ૨૧મી સદી જ્ઞાન અને કૌશલ્યની સદી છે. જેનો માઈન્ડ પાવર વધારે હોય, જેનું મન નહીં, મસલ નહીં, માઈન્ડ પાવર વધારે હશે એ જ લોકો જીતી શકશે એ જ વિશ્વમાં રાજય કરી શકશે અને ગુજરાતની ૫ કરોડની જનતાનું માઈન્ડ ડેવલપ થાય એવા પ્રયાસો એમાં સ્પષ્ટ દેખાય છે. જેમાં એક વ્યકિતના માઈન્ડના વિકાસની વાત નથી. પણ આ ગુજરાતની ૫ કરોડની જનતા વિકસિત થાય, ગુજરાતની પ્રજા સમૃદ્ધ થાય, સંપત્તિવાન થાય, એવું આ બજેટ લઈને આવ્યા છે. એટલા માટે ખૂબ ખૂબ અભિનંદનને પાત્ર છે અને એટલું જ નહીં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૫ કરોડની પ્રજાને આહ્‌વાન કર્યું છે કે,

"સેનાની કરો પ્રયાણ અભય, ભવિષ્ય તુમ્હારા હય,
નક્ષત્ર, અમાત્ય ધૂમતે હય, સારા આકાશ તુમ્હારા હય."

આ આખું આકાશ તમારું છે. આ આકાશને આંબવાની શકિત કેળવો અને આકાશને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરો. આ આખું બજૅટ વૈશ્વિક ફલક ઉપર ગ્લોબલ પરસ્પેકટ સાથેનો પ્રયત્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે બજૅટ રજૂ થતું હોય ત્યારે મને મનમાં એક વિચાર આવ્યો કે મને બજૅટ જોઈ લેવા દો, એટલે હું ગઈકાલે જયારે બજૅટ વાંચવા બેઠી ત્યારે મને લાગ્યું કે સામાન્ય પ્રજા, સામાન્ય એક ગૃહિણી એ બજૅટ માટે શું વિચારતી હશે? જયારે કોઈપણ રાજયનું બજૅટ રજૂ થાય કે જયારે કોઈપણ દેશના નાણામંત્રીશ્રી પોતાનું બજૅટ રજૂ કરે તો એક સામાન્ય ગૃહિણી કે લે મેન એના માટે શું વિચાર કરતો હશે? એ લેમેનના મનમાં એક જ વિચાર આવતો હશે કે આમાં મને શું ફાયદો? આ બજૅટ રજૂ કર્યુ છે રાજય સરકારે એમાં મને કયાં કયાં ફાયદો થવાનો છે? મારા માટે કર રાહતો કેટલી મળી છે, કયાં કયાં નવી યોજનાઓ કે ગુજરાતના વિકાસ માટે કઈ કઈ નવી યોજના લઈને સરકાર આવી છે આ બે વસ્તુ જ પર સામાન્ય વ્યકિતનું ધ્યાન હોય છે ત્યારે આ ૨ વિષયે કઈ કર રાહતો સરકારશ્રી, માનનીય નાણામંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આ બજૅટ લઈને આવ્યા છે એ

જ્યારે હું વાંચતી હતી ત્યારે મને ખૂબ આનંદ થયો કે ૩૪૧ કરોડની રાહત, આટલી બધી રાહતો કેવી રીતે આપી શકી? ક્યાંય પાછો ગ્રોથરેટમાં ઘટાડો નહીં, વિકાસલક્ષી યોજનાઓમાં ક્યાંય ઘટાડો નહીં, વાર્ષિક ગ્રોથ રેટ ૯.૭ ટકા, ભારત સરકારના આયોજન પંચ દ્વારા ગુજરાત માટે જે લક્ષ્યાંક મૂકવામાં આવ્યો છે ૧૦.૨ અને જયારે ભારત સરકારનો પોતાનો જે ગ્રોથરેટ મૂકાયો છે એ ૬.૯ એ આપણા સૌ માટે ખરેખર ગૌરવનો વિષય છે. પશ્ચિમના દેશો અમેરિકા, યુ.કે., જર્મની એના કરતા ગ્રોથ રેટ બમણો, આ સામે સાથી પક્ષના લોકો બેઠા નથી ત્યારે ખરેખર પૂછવાનું મન થાય કે શું આ ગ્રોથરેટ તમારી નજરમાં નથી આવતો? અર્થતંત્રને ચેતનવંતુ બનાવવા અર્થતંત્રને વાઈબ્રંટ બનાવવા માટે, વિકાસલક્ષી યોજના માટે ૫૬.૭ ટકાનો ખર્ચ કરવાનો અને બીન વિકાસલક્ષી ખર્ચમાં ઘટાડો કરતા કરતા માત્ર ૩૨.૨ ટકાનો ખર્ચ મૂકવાનો આ એક બહુ મોટી સિદ્ધિ છે. ક્યાંય કરબોજ નહીં અને સતત ત્રીજી વખત પુરાંતવાળુ બજૅટ રજૂ કરવું એ જ પોતાનામાંજ એક મોટી સિદ્ધિ છે. ઈરફાન પઠાણ જ્યારે પાકિસ્તાન સામે રમતો હોય અને સતત ત્રીજા બોલમાં પાકિસ્તાનના ૩ બૅટ્સમૅનને આઉટ કરે, એની ગિલ્લી ઉડાડી દે તો આપણને કેટલો આનંદ થાય એટલો જ આનંદ સતત પૂરાંતવાળું બજૅટ લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે ત્યારે એટલો જ આનંદ આપણને સૌને આ વખતે થયો છે. મહેસૂલની ખાધ એ બજૅટની સૌથી મોટી ચિંતા હોય છે. ૪હજાર કરોડની ખાધમાંથી ધીરેધીરે ખાધ ઘટાડીને ૬કરોડની પૂરાંત સુધી લઈ આવવું એ કરી શકે તો એ એક માત્ર વીઝનવાળા, દૃષ્ટિવાળી લીડરશીપ જ કરી શકે બીજું કોઈ કરી શકે નહીં. ૫ કરોડની પ્રજા એ અમારા સૌના માટે આરાધ્ય દેવો છે અમારા માટે. આ સત્તા એ કોઈ અંતિમલક્ષ્ય નથી. સત્તા એ તો માત્ર એક સાધન છે લોકોની સેવા કરવા માટેનું, એટલા જ માટે લોકોની તકલીફો સમજીને લોકોની વ્યથાઓ સમજીને એ વ્યથાને વ્યવસ્થામાં બદલવી એનું આયોજન કરીને આ બજૅટમાં મૂકવામાં આવ્યું છે અને એટલા જ માટે કરની રાહતોમાં સરલીકરણ અને લૉજિકલ પોઈન્ટ પર લઈ જઈને આખું બજૅટ બનાવવામાં આવ્યું છે. વીજના કરમાં ૬૨૯ કરોડની રાહત સામાન્ય રહેણાક અને શૈક્ષણિક હેતુના વપરાશકારો માટે ૪૦ યુનિટનો વપરાશ હોય તો ૩૫ ટકાથી લઈને ૩૦ ટકા સુધીની

રાહતો જેમાં ૭૦ લાખ ગ્રાહકોને ૬૫ કરોડની રાહત મળવાની છે. અમારા સાથી પક્ષના સૌ સભ્યોના પ્રવચન સાંભળતી હતી. લોકો વારંવાર એક જ વાત કહેતા હતા કે આ બજૅટ ઉદ્યોગપતિઓનું છે, આ બજૅટ માલેતુજારોનું છે. ત્યારે મને એ દેખાયું નહીં કે એ સમજાયું નહીં કે નાના નાના વ્યવસાયકારો માટે અતિ સામાન્ય વર્ગ માટે પણ વીજ કરમાં રાહત લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે.

શાકભાજી વેચવાવાળો, એસ.ટી.ડી.વાળો, પી.સી.ઓ વાળો, ઝેરોક્ષવાળા, દરજી કામવાળો આવા નાના નાના ધોબી કામ, પાનના ગલ્લાવાળો એમની સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા માટે વીજ કરમાં ૩૫ ટકામાંથી ૩૦ ટકા કર્યો. એમને કંઈ ન દેખાયું? ૪૭ કરોડની રાહત એમના માટે લઈને આવ્યા છે. ઉત્સવ પ્રિય જનતા, હમણા માનનીય આનંદીબેનનું પ્રવચન હું સાંભળતી હતી. એમણે ઉત્સવો ઉપર ખૂબ પ્રકાશ ફેંક્યો છે. ગુજરાતની પ્રજા ઉત્સવ પ્રિય છે. એટલા માટે મનોરંજન કરમાં ઘટાડો કર્યો છે. હોલ, પ્રેક્ષકગૃહ, સિનેમા ગૃહ વિગેરેમાં ૩૫ ટકામાંથી ૩૯ ટકા કર્યો છે. આ વિકાસની દિશા દેખાય છે. વીજ કર ઉપરાંત સ્ટેમ્પ ડયૂટીમાં પણ ઘટાડો કર્યો છે. એકત્રિત દર ૮.૪ હતો તે ઘટાડીને ૬ ટકા કરી ૧૯૫ કરોડ જેટલી રાહતો આપવામાં આવી છે. સુખ સુવિધા કરમાં ઘટાડો કર્યો છે. આજે કોઈ હોટલમાં રહેવા જાય તો વ્યક્તિ દીઠ ટેક્સ લાગતો હતો એ ઘટાડીને યુનિટ દીઠ ઉચ્ચક રૂમ દીઠ કરવાની યોજના લઈને આવ્યા છે એ આવકારદાયક છે. આજે એ બેઠા નથી નહિ તો કહેતી કે, ટુ વ્હીલર કોણ ચલાવે છે? દ્વિચક્રી વાહનો કોણ ચલાવે છે? કોઈ માલેતુજાર ઉદ્યોગપતિ ચલાવતા નથી. ગરીબ અને મધ્યમવર્ગના લોકો આવા દ્વિચક્રી વાહન ચલાવે છે. એના ઉપર ટેક્સ વજન ઉપર લેવાતો હતો તે વજનના આધારે ન કરીને એની કિંમતના ૬ ટકાના આધારે કરવાની જે દરખાસ્ત લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે એને અભિનંદન આપીએ એટલા ઓછા છે. સૌથી મહત્ત્વનો વિષય છે કરની બાબતનો એ વ્યવસાય વેરો છે. આ એક ઐતિહાસિક નિર્ણય કહેવાય કે વ્યવસાય વેરો અત્યાર સુધી સેલ્સ ટેક્સ ડિપાર્ટમેન્ટ ઉઘરાવતું હતું. એના બદલે વ્યવસાય વેરો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા ઉઘરાવશે અને પોતાના માટે રાખશે. આના કારણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ નગરપાલિકા, કોરપોરેશનોના બજૅટમાં વૃદ્ધિ થશે અને સારો વિકાસ કરી શકશે. વ્યવસાય વેરો ભરનારા પણ વધારે સારી રીતે સરળતાથી પોતાનો વ્યવસાય વેરો ભરી શકશે. કયાંય કરચોરી નહિ થાય. આ એક ખૂબ ઐતિહાસિક નિર્ણય છે એને પણ આવકારીએ છીએ. મેં કહ્યું એમ સામાન્ય જનતાને એમ લાગતું હોય કે કરમાં શું રાહત? કરમાં ૩૪૧ કરોડની રાહત. સામાન્ય પ્રજાને એમ લાગે કે મારા માટે નવું શું કર્યું છે એની વાત આપના સમક્ષ રજૂ કરું છું. હમણાં અમારા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ માનનીય રાજનાથસિંહજી ગુજરાતના પ્રવાસે આવી ગયા. એમણે પંડિત દિનદયાળ ઉપાધ્યાયનું દર્શન અમારી સમક્ષ મૂક્યું. એકાત્મ માનવતાવાદ, એકાત્મ માનવતાવાદને આધાર બનાવીને છેવાડાના માનવીની આર્થિક રીતે સેવા કરવી અને એ ખૂબ સુંદર રીતે મૂક્યું. એમણે કહ્યું કે છેવાડાના માનવીને મન, બુદ્ધિ, આત્માને સંતોષ આપે એવું અર્થતંત્ર હોવું જોઈએ. તેના મનને સંતોષ આપે, બુદ્ધિને સંતોષ આપે અને એના આત્માને સંતોષ આપે એવી જાતનું અર્થતંત્ર હોવું જોઈએ અને એવી જાતનું બજૅટમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ મૂક્યું છે કે નહિ એ હું અભ્યાસ કરતી હતી ત્યારે લાગ્યું કે ના, સાચા અર્થમાં પંડિત દિન દયાળજીના સિદ્ધાંતોના આધારે પંડિત દિન દયાળજીના દર્શન આધારિત એમના એકાત્મ માનવતાવાદ આધારિત આ આખું બજૅટ

બનાવવામાં આવ્યું છે. તેને સુખ જોઈતું હોય તો એને ધન આપવું પડે. એનો અર્થ એ કે ગુજરાતમાં રહેતા નાગરિકોની પર કેપિટા ઈન્કમમાં વધારો કરવો પડે. ધન વધારેમાં વધારે કમાઈ શકે એનું આયોજન કરવું પડે. દરેક વ્યક્તિની પર કેપિટા ઈન્કમ વધે એના માટે આ બજેટમાં ખૂબ સુંદર જોગવાઈઓ લઈને આવ્યા છે. ખેડૂત, મજૂર, કારીગર, ટેકનોક્રેટ, ઉદ્યોગપતિ, પ્રોફેશનલ આ બધાની સંપત્તિમાં વધારો થાય એવા ક્રાંતિકારી પગલા લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે. કૃષિ ક્ષેત્રે હરિયાળી ક્રાંતિ માટેના બાયો ફ્યુઅલ મિશનની રચના, માઈક્રો ઈરીગેશન માટે ૫૦૦ કરોડની જોગવાઈ છે. એનાથી ખેડૂતોની ઉત્પાદન ક્ષમતા નહિ વધે? માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની ઉત્પાદન ક્ષમતા વધશે અને એના કારણે ખેડૂતોમાં ધન વધશે. સહકારી એ.પી.એમ.સી. એકટમાં સુધારો, નદીઓનું એકીકરણ, ૨૬૦૦ કરોડની જોગવાઈ, ગ્રામવિકાસ માટે ૫૧૯ કરોડની જોગવાઈ, ગામડાઓમાં દેવાલયોને બદલે શૌચાલયનું નિર્માણ આ પણ એક આવકારદાયક યોજના લઈને આવ્યા છે. ઉદ્યોગમાં દેશના કુલ મૂડીરોકાણમાંથી ૨૨.૪૭ ટકા રોકાણ ગુજરાતમાં થાય અને ગુજરાત પ્રથમ સ્થાને હોય તો સાચા અર્થમાં એક વાયબ્રન્ટ ગુજરાત અને બધા લોકોને નોકરી આપનારું ગુજરાત બની રહે.

માનનીય અધ્યક્ષશ્રી, મનના સંતોષની વાત, માન, સન્માન અને સ્વમાન આ ગુજરાતની પ્રજાને મળી રહે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે જોગવાઈ કરી છે. વંચિતોનો વિકાસ, શિક્ષણને ગતિ મળે અને સાક્ષરતા દીપ યોજના આધારે બધાને વધારે ને વધારે શિક્ષણ મળે, ઈન્ફરમેશન ટેકનોલોજી, બાયોટેકનોલોજી, નેનોટેકનોલોજી, અર્બન મિશન અને આવા અનેક મિશનો સાથે આ બજેટમાં નારીનું સ્વમાન જળવાય એના માટે બેટી બચાવો આંદોલન, મહિલા રમતવીરોને એવોર્ડ, બુદ્ધિનો વિકાસ કરવા માટે અને સંતોષ આપવા માટે, બુદ્ધિને જ્ઞાનયુકત બનાવવા માટે આવા અનેક કામો લઈને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે.

છેલ્લે આત્મસંતોષની વાત. તન, મન અને આત્મસંતોષ વાત. આત્મસંતોષ ત્યારે જ મળે જ્યારે એકબીજા પ્રત્યેનો પ્રેમ વધે. છેલ્લે માનનીય મુખ્યમંત્રીશ્રીએ બજેટમાં કહ્યું છે -

"સહના વવતુ, સહનૌ ભુનકતુ, સહવિર્ય કરવા વહૈ,
તેજસ્વીના વધિત મસ્તુ, માવિદ્વષા વહૈ."

એટલે બધા સાથે મળીને કરીએ તો એકબીજા પ્રત્યે પ્રેમ વધે અને આત્મીયતા વધશે તો આ ગુજરાતની પાંચ કરોડની પ્રજા ગુજરાતના વિકાસમાં આગળ વધશે. કારણ કે આપણે સૌ લોકોની માતા ભારતમાતા છે અને ભારત માતા માટે કહીએ -

"તેરા વૈભવ અમર રહે મા, હમ દિન ચાર રહેના રહે."

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી આ હાઉસની અંદર જે બજેટ લઈને આવ્યા તેના પર ઓછામાં ઓછા ૬૦ સભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ઘણા સભ્યોએ ટીકાઓ કરી, ઘણા સભ્યોએ અભિનંદન આપ્યાં પણ આજે જ્યારે આટલી બધી ચર્ચા થઈ છે ત્યારે આ બજેટની અંદર જે સાચી હકીકત શું છે એ હું આ હાઉસને જણાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી પાંચ કરોડની જનતાના વિકાસ માટેનું બજેટ લઈને આવ્યા છે, આ સર્વગ્રાહી વિકાસ કહેવાય. આની અંદર ખેડૂતોનું પણ રક્ષણ છે. ગરીબ વ્યકિતઓ માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઈબનો આવતા દિવસોમાં એમનો વિકાસ કેવી રીતે કરવો એના માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. આવકમાં વધારો, ખર્ચમાં ઘટાડો આ બધી જ વસ્તુઓનો આ બજેટની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાચું પૂછો તો એક ઐતિહાસિક બજેટ કહેવાય. એક વિઝન સાથે આ બજેટ મૂકવામાં આવ્યું છે. ઘણી બધી વહીવટી સુધારણા પણ આ બજેટની અંદર કરવામાં આવી છે. વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઘ ણી બધી વાત કરી. એમના પ્રવચનમાં કહેતા હતા કે અમે ૪૫ વર્ષ રાજ કર્યુ છે તો શું કર્યુ છે એની થોડી તપાસ કરવી જરૂરી છે. થોડો ઊંડાણમાં ગયો અને ઊંડાણમાં જોયું કે ૧૯૬૧-૬૨ની અંદર જ્યારે આ વિધાનસભાની અંદર પહેલી વખત જ્યારે બજેટ રજૂ કરવામાં આવ્યું હતું ત્યારે પ્લાન આઉટલેટ ૩૩.૧૦ કરોડ હતો અને આ ૩૩.૧૦ કરોડના આઉટલેટ સાથે ૧૯૬૦-૬૧, ૧૯૬૧-૬૨ની અંદર આ રાજ્યે વિકાસની પ્રગતિ ચાલુ કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ના દસકાથી ૧૯૭૦નો દસકો ગયો. ૧૯૭૩-૭૪ ના આંકડા જોઈએ તો ૧૦ વર્ષ પછી પ્લાન ખર્ચ ૧૨૭,૨૧,૦૦,૦૦૦ હતો મેં કીધું ચાલો ૧૦ વર્ષ વધારે જઈએ ૧૯૮૧-૮૨માં ૬૩૩કરોડનો પ્લાન ખર્ચ હતો. ૧૯૮૬-૮૭ સુધી એ લોકોએ હજાર કરોડનો આંકડો ક્રોસ નહોતો કર્યો. ૧૯૬૧ થી ૧૯૮૭ સુધી એ લોકોએ ૯૫૦કરોડની અંદર રાજયનો વિકાસ કર્યો હતો. આંકડા મેળવ્યા ૪૫ વર્ષ રાજય કર્યું તો કેટલો કુલ પ્લાન ખર્ચ એમના હાથમાં આવતો હતો. માત્ર ૨૦૦૦૦કરોડ ૪૫ વર્ષમાં ખર્ચ્યા. આ સરકારે મુખ્યમંત્રીશ્રીના નેજા નીચે છેલ્લા બે વર્ષમાં ૨૩૦૦૦કરોડ ખર્ચ્યા. ૪૫ વર્ષના અને બે વર્ષના આંકડા સરખાવીએ તો આપણને સ્પષ્ટપણે ખબર પડશે કે વિરોધ પક્ષના લોકો જે વાત કરતા હતા એ તદ્દન સાચી નહોતી અને જે કાંઈ વિકાસ થયો છે એ ભા.જ.પા.ની સરકાર આવી. ૧૯૯૫ પછી, ૧૯૯૮ પછી વિકાસ કરવામાં આવ્યો છે. બાબુભાઈ મેઘજી શાહ અહીં નથી પણ કયારેક એ ટીકા કરતા હતા કે તમે પ્લાન ખર્ચ બતાવો છો પણ તમે ખર્ચ કયાં કરો છો? તો એ અહીં હોત તો મને આનંદ થાત કે ૨૦૦૪-૦૫માં ૮૩૦૦કરોડ સામે ૮૬૭૦કરોડનો ખર્ચ થયો છે. જે સો ટકા ઉપર

દેખાય છે. એવી જ રીતે ૭૮૬૦કરોડનો ૨૦૦૩-૦૪માં કર્યો હતો. એમાં ૭૬૦૦કરોડનો ખર્ચ કર્યો છે. જે ૯૫ટકા જેટલો ખર્ચ બતાવ્યો છે. એટલે જે વાત કરતા હતા કે તમારી સરકારમાં આયોજન કરવામાં આવે છે પછી આયોજનનો ખર્ચ કરવામાં આવતો નથી એ તદ્દન ખોટી વાત હતી. વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ વિકાસના દરની વાત કરી. વિકાસના દરની વાત કરીએ ત્યારે મારે આ ગૃહને એટલું કહેવું છે કે ૨૦૦૦-૦૧ માં જે જી.ડી.પી. ૧,૦૮,૪૮૪કરોડ હતો. ૨૦૦૫-૦૬માં ૨,૦૪,૫૬૫ થયો. પાંચ વર્ષમાં બમણો થઈ ગયો છે, એમ ચોકકસપણે કહી શકાય. છેલ્લા ચાર વર્ષમાં વિકાસ દર ૯.૭ટકાએ એવરેજ વર્ષનો વધતો જાય છે. આયોજન પંચને પૂછીએ કે તમે વિકાસનો દર સૌથી વધારે કયા રાજયને આપ્યો છે તો કહેશે કે ગુજરાતને આપ્યો છે. કેટલો આપ્યો છે તો ૧૦.૨ટકા આપ્યો છે. આટલો બધો વિશ્વાસ એ લોકોને ગુજરાત ઉપર છે. અત્યારે જે ૨૦૦૫-૦૬ એડવાન્સ ગણાવ્યું છે એ ૧૦.૯૫ટકાના વિકાસ દર ઉપર અમે જઈ રહ્યા છીએ. આ સ્પષ્ટપણે બતાવે છે રાજયના ખર્ચાયેલા રૂપિયાથી રાજયો વિકાસ થાય છે. હું આંકડાની સરખામણી આપું. વિરોધ પક્ષના નેતાને આંધ્રપ્રદેશ ઉપર બહુ લાગણી હતી. એમનું માનવું છે કે આંધ્રપ્રદેશ સૌથી આગળ છે.આંધ્રપ્રદેશ જેવું કોઈ રાજય નથી. ખાલી એન્યુઅલ પ્લાનની વાત કરું તો માથાદીઠ ૨૦૦૫-૦૬ના આંકડા લઈએ તો ગુજરાત ૨૧૭૦નો ખર્ચ કરે છે. આંધ્રપ્રદેશ ૨૦૫૩નો ખર્ચ કરે છે અને મહારાષ્ટ્ર ૧૧૩૫ નો ખર્ચ કરે છે. આ સ્પષ્ટપણે બતાવે છે કે ગુજરાતનું આયોજન મહારાષ્ટ્ર કે આંધ્રપ્રદેશ કરતાં વધારે છે. એમણે આંધ્રની વાત કરી કે આંધ્રપ્રદેશનો જી.ડી.પી. બહુ વધારે છે. મેં આંધ્રપ્રદેશના ચોપડા મંગાવીને જોયા તો ૨૦૦૦-૦૧માં ૧,૪૯,૧૧૯ હતું. ૨૦૦૫-૨૦૦૬ માં ૨,૧૨,૦૦૦ એ પહોંચ્યું છે. એ સ્પષ્ટ બતાવે છે કે આપણે પાંચ વર્ષમાં જી.ડી.પી. ડબલ કર્યો છે, આંધ્રપ્રદેશમાં પાંચ વર્ષમાં જી.ડી.પી.માં ૫૦ થી ૬૦ ટકાનો જ વધારો થયેલ છે. આ બધા આંકડા ઓફિશિયલ ડોક્યુમેન્ટના છે. હું આપને કહું ગવર્નમૅન્ટ ઑફ ઈન્ડિયાની મિનિસ્ટ્રી ઑફ સ્ટેટિસ્ટિક્સ વેબસાઈટ ઉપર આજે છે. ગુજરાતની પર કેપિટા ઈન્કમ ૧૬,૭૭૯ છે, મહારાષ્ટ્રની ૧૬,૪૭૯ છે અને આંધ્રપ્રદેશની માત્ર ૧૧,૭૫૬ છે. આ મારું પ્રિય આંધ્ર બોલનાર વ્યક્તિઓ હોત તો મજા આવી ગઈ હોત. કમનસીબે આંકડા સાંભળવા માટે છે નહીં. બાબુભાઈ મેઘજીભાઈ શાહે શું કહ્યું? રાજ્યના કરવેરા અને નૉન ટેક્સ રેવન્યુ આવકમાં સતત ઘટાડો છે. દુ:ખ થાય મુરબ્બી અર્જુનભાઈ બોલ્યા કે દિલ્હીમાં ૩૨ ટકાનો ટેક્સમાં વધારો થયો છે. આનંદ થાય છે કહેતા કે ૨૦૦૪-૦૫ માં ગુજરાતની સેલ્સટેક્સની આવક ૮,૩૦૯ કરોડ હતી, જે આ વર્ષે ૨૦૦૫-૦૬ ના અંતમાં ૩૧-૫ માં ૧૦,૫૦૦ ને ક્રોસ કરશે. ૨૯ ટકાનો વધારો. એક રાજ્ય એવું બતાવો કે આખા દેશમાં જેણે આખા વર્ષનું ૨૯ ટકા કર્યુ છે. આંધ્રપ્રદેશ વેટમાં ગયું. ૧૦.૯ ટકા, કર્ણાટકનું ૧૬.૨ ટકા, કેરાલાનું ૩.૮ ટકા, મહારાષ્ટ્રનું ૯.૩ ટકા, વેસ્ટ બેંગાલનું ૧૦.૮ ટકા આ ૫ રાજ્યોની વર્ષની આવક જે આવક એમ્પાવર્ડ કમિટીની અંદર મૂકી છે અને એમ્પાવર્ડ કમિટીની મીટિંગમાં આ ટકાવારી બતાવી છે, ત્યારે આપણે કામ કર્યુ. કેવી રીતે કામ કર્યુ એક રૂપિયાનો ટેક્સ નથી વધાર્યો. કાણા હતા એ કાણા પૂર્યા, બીજું કશું કર્યુ નથી, બૂચ બંધ કર્યા. રેશનલાઈઝેશન કર્યુ, જે કોંગ્રેસે ૪૫ વર્ષ રાજ કર્યુ. જે કોંગ્રેસની સરકારમાં હું આપને ચેલેન્જ આપવા તૈયાર છું. તમે ૪૫ વર્ષના પાર્ટ-બીના અહેવાલ જુઓ. કોઈ જગ્યા બતાવો કે તમે સેલ્સટેક્સમાં ઘ ટાડો કર્યો છે. ૪૫ વર્ષ સુધી ટેક્સ વધાર વધાર કર્યો. આપણી સરકાર આવ્યા પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લા ૪ વર્ષની અંદર એવરી યર સેલ્સટેકસની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. બીજું મુખ્ય કારણ મુખ્યમંત્રીશ્રીનું પોલિટિકલ વીલ. પોલિટિકલ વીલ એટલે કોઈ વ્યક્તિ ચોરીમાં પકડાય, આખા સચિવાલયમાંથી ક્યારેય ફોન નથી ગયો કે ગાડી છોડાવાનો. સેલ્સટેક્સનો દરોડો પડ્યો હોય કોઈ મંત્રીશ્રીએ ફોન નથી કર્યો આને છોડાવ. આવક વધવાનું મૂળ કારણ આ એક માત્ર કારણ છે, એના કારણે કર્મચારીઓ કર્મયોગી બન્યા અને ૨૯ ટકાનો વધારો મૂક્યો છે. અગત્યનું છે કે દરેક રાજ્યમાં પેટ્રોલિયમના કારણે આવક વધતી હોય છે. આ વધારાનો દર નૉન પેટ્રોલિયમ સેક્ટર ઉપર વધારો થયો નથી. એ સ્પષ્ટ બતાવે છે કે આવકનો વધારો નાના નાના ઉદ્યોગોના કારણે આવકમાં વધારો થયો છે. સેલસટેક્સની અંદર વધારે ૨૯ ટકાની આવક એ ઉપરાંત આપણે દરેક ક્ષેત્રમાં જોઈએ તો આવકની જે રેવન્યુની વાત કરીએ તો રેવન્યુ રિસીપ્ટની અંદર બધુ આવી જાય. સ્ટેમ્પ ડ્યૂટી, સેલ્સ ટેક્સ, ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી, પ્રોફેસનલ ટેક્સ આવી જાય. ૨૦૦૩-૦૪ ની અંદર ૧૮,૨૪૮ હતો, જે ૨૦૦૬-૦૭ ની અંદર ૨૬૨૮૨ થયો છે. ૪૨ ટકાનો વધારો. એક રાજ્ય બતાવો આટલા ૩-૪ વર્ષની અંદર ૪૨ ટકાનો વધારો થયો હોય.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભાગૃહના ધ્યાન પર મૂકવું છે કે ૧૦,૫૦૦ કે ૧૦,૭૦૦ આ વખતે આપણે સેલ્સ ટેકસ ક્રોસ કરીશું. આવતા બજેટમાં આપણે જે જોગવાઈ કરી છે તે સેલ્સ ટેકસની આવક ૧૦,૯૦૦ નો આપણે એસ્ટીમેટ કર્યો છે. આનું કારણ શું? એસ્ટીમેટ કરવાનું કારણ એક જ કે આપણે કોન્ઝરવેટીવ ગયા છીએ. આપણે થોડી ચિંતા વ્યકત કરીએ છીએ કે કેન્દ્ર કાલે સીએસટી ફેસીંગ આઉટ કરે, સીએસટી કાઢી નાંખે અને આપણી ૧૮૦૦ કરોડ રૂપિયાની આવક લઈ જાય તેનું જે કુશન છે તે કુશન રાખવામાં આવ્યું છે. મારે આ સભાગૃહના સૌ સભ્યશ્રીઓને કહેવું છે કે સીએસટી ફેસીંગ આઉટ કરી કેન્દ્ર નાણાં ન આપે તો પણ આવતા દિવસોમાં આપણા આયોજનમાં એક ટકો કાપ મૂકવામાં નહીં આવે અને કદાચ કેન્દ્ર આપણને આપે તો આપણે સો ટકા આ જે નર્મદાનું જાહેર કર્યુ છે તે સંપૂર્ણપણે વધારાના રૂપિયા આવતા દિવસોમાં પ્લાન એકસપેન્ડીચર કરીને નર્મદાના નીર ગામડે ગામડે પહોંચે તેવા પ્રયત્નો કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચની વાત કરું તો મિત્રો કહેતા હતા કે તમે ખર્ચાઓ વધારો કરો છે. ખર્ચ કંઈ જાતના હોય? પગારનો ખર્ચ, પેન્શન ખર્ચ, સબસીડી ખર્ચ, ઑફિસ ખર્ચ અને વ્યાજ ખર્ચ. આ અગત્યના પાંચ ખર્ચને આપણે મહેસૂલી ખર્ચ કહી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૨૦૦૧-૦૨ નો કુલ મહેસૂલી ખર્ચ ૨૨,૭૧૭ કરોડ હતો અને પાંચ વર્ષ પછી એટલે આ વર્ષના બજેટમાં જે રીતે જોગવાઈ કરી છે તે ૨૬,૨૭૫ કરોડ. એટલે પાંચ વર્ષમાં મહેસૂલી ખર્ચ માત્રને માત્ર ૪૨૩૫ કરોડ વધ્યો છે. કયું રાજય એવું છે? આની અંદર પગાર ખર્ચ આવી ગયો. આજની તારીખમાં વાત કરું તો ૬૬૭૪ કરોડ તો ખાલી પગારમાં થયો છે. પાંચમું પે કમિશન, ડી.એ.મર્જર, ડી.એ.મર્જરનું ફૂલ ઈમ્પલીકેશન આ બજેટની અંદર દેખાય છે. છેલ્લા પાંચ વર્ષની અંદર અને પાંચ વર્ષ પહેલાં સાહેબ ડી.એ.મર્જર ન હતું. તેનો સમાવેશ, તેનો વધારો ૪૦૦૦ કરોડ રૂપિયા વધ્યો છે. તેનો સમાવેશ પણ આમાં થાય છે. ૮૦ હજાર વિદ્યા સહાયકોની ભરતીનો ખર્ચ થયો છે. તલાટી મંત્રીની ભરતી, પોલીસની ભરતી, ડોકટરોની ભરતી જે નવી ભરતીઓ ચાલતી હોય જે બધી નવી ભરતી હોય તે આની અંદર આવે છે. આ ૪૦૦૦ કરોડમાં તેનો સમાવેશ થાય છે. પેન્શન ખર્ચ આપણા હાથમાં નથી. પાંચ વર્ષ પહેલાં ૧૪૦૦ કરોડ હતા અને આ વખતે તે ૧૯૦૦ કરોડ થયા છે. એટલે ૫૦૦ કરોડનો વધારો થયો છે તે પણ આ ચાર હજાર કરોડમાં આવી જાય છે. સબસીડીની વાત કરું તો ખેડૂતોની ચિંતા કરે છે, ખેડૂતોની ચિંતા કરનારા વ્યકિતઓ આની અંદર વધારે ખેડૂતોને વીજળીની સબસીડી આપી છે. તેનો પણ આમાં સમાવેશ થાય છે. એ.સટી.ને પણ આપણે આપીએ છીએ. તેનો સમાવેશ થાય છે. ત્યારે હું માનનીય સભ્યશ્રીઓને કહેવા માગું છું કે એકપછી એક છેલ્લા પાંચ વર્ષથી ૪૨ ટકા આવક વધી છે. ત્યારે બીજી બાજુ ખર્ચ છેલ્લા પાંચ વર્ષમાં ૧૫.૬ ટકા વધ્યો છે અને ખર્ચાઓમાં પણ મોટા ભાગના ખર્ચાઓ વધ્યા છે તેમાં ૧૫૦૦ થી ૨૦૦૦ કરોડ ખર્ચ વ્યાજનો થયો છે. તેના કારણે બધી મહેનત કરીએ તેના કારતે મહેસૂલી ખર્ચ અને મહેસૂલી આવક તે બંને અગત્યના છે. તો હું ચોકકસપણે કહી શકું કે આવતા દિવસોની અંદર મહેસૂલી આવક મહેસૂલી ખર્ચ કરતાં વધારે હશે. ૨૦૦૭-૦૮ માં આયોજન કર્યુ છે કે મહેસૂલી આવક મહેસૂલી ખર્ચ કરતાં વધારે હશે. ચોક્કસપણે આનંદ સાથે કહી શકું કે આ વર્ષે ૧૦,૫૦૦, થી ૧૦,૭૦૦ કે ૧૦,૮૦૦ એટલે ૩૦૦ કરોડ સેલ્સ ટેકસ વધે તો, અમારી જે ઝુંબેશ ચાલે છે તો આ ચાલુ વર્ષની અંદર મહેસૂલી આવક મહેસૂલી ખર્ચ કરતાં વધવાની સંપૂર્ણપણે શકયતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ આ સાંભળવા માટે બેઠા નથી, દુ:ખ થાય છે, એ નીકળી ગયા, જો વિરોધપક્ષના સભ્યશ્રીઓ સાંભળવા માટે બેઠા હોત તો તેઓ પચાવી ન શકત, એ હું ચોક્કસપણે કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું દાખલો આપું છું. વિરોધપક્ષના ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ દેવાની વાત કરી, દરેક સભ્ય દેવા અંગે એક વાક્ય તો બોલે જ. દેવા વિશે થોડીક વિગતો માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને કરું તો, નાની બચત, સૌથી મોટા બજૅટની, રાજયનું બજૅટ છે, દેવું છે, એનો સૌથી મોટો ફાળો નાનીબચતનો છે અને એ નાની બચત આપણા માટે ફરજિયાત છે. કેન્દ્ર સરકારના જે કોઈ નાની બચતના પૈસા ગુજરાત રાજયમાં આવે છે એ સંપૂર્ણપણે રાજયે દેવા તરીકે રાખવા પડે છે. ૨૦૦૦-૨૦૦૧ની સાલમાં નાની બચત ખાલી માત્ર ૬૦૨૩ કરોડનું આપણી પાસે દેવુ હતું, ૬૦૨૩ કરોડનું નાની બચતનું દેવું કુલ, જે ૨૦૦૫-૨૦૦૬માં વધીને ૩૬૮૯૪ કરોડ થયું. આ ફરજિયાત દેવુ રાખવું પડે છે અને જે દેવુ થયું છે, પાંચ વર્ષમાં જે વધ્યું છે એમાં ૩૦૮૭૧ કરોડનું દેવુ નાની બચતનું વધ્યું છે. આ એકલા ગુજરાતનો પ્રશ્ન નથી, આખા દેશનો પ્રશ્ન છે. હું માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે, નાની બચતમાં કઈ જાતની રમત રમાય છે, આપણને દુ:ખ થાય છે કે, આપણી કેન્દ્ર સરકાર, આપણા સાથે આવી રમત રમે છે, નાની બચતમાં જુદા જુદા વ્યાજના દર લોકોને આપવામાં આવે છે. ફીકસ ડિપોઝિટ એક વર્ષની મૂકે તો ૬.૨૫ ટકા અને પંદર વર્ષનું પી.પી.એફ.મૂકે તો ૮ ટકા જેટલા છે. ૬.૨૫ ટકાથી માંડીને ૮ ટકા વ્યાજ ગુજરાતની પ્રજાને કેન્દ્ર સરકાર આપે છે અને એ આપણી પાસે કેટલા લે છે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ૧૪ ટકાથી માંડીને ૯ ટકા લે છે. ૧૪ ટકાથી માંડીને સાડા નવ ટકા લે છે. એટલે જે આજે ગુજરાતની પ્રજાને પોસ્ટ ઑફિસમાં સવા છ ટકા મળે છે એ કેન્દ્ર સરકાર સવા ત્રણ ટકાનો ગાળો રાખીને સાડા નવ ટકાએ ગુજરાત સરકારને આપે છે, આ ચિંતાનો વિષય છે, ગુજરાતની સરકાર ૩૮૦૦૦ કરોડ ઉપર ગુજરાતની પ્રજાનું ઓછામાં ઓછા વર્ષે ૧૩૦૦ કરોડ વધારે વ્યાજ ચૂકવે છે. ૧૩૦૦ કરોડ થી ૧૫૦૦ કરોડ વધારે ચૂકવે છે, અનેક વખત રજૂઆતો કરી, માનનીય મુખ્ય મંત્રીશ્રી અનેક વખત માનનીય વડાપ્રધાનશ્રીને કાગળ લખ્યા, નેશનલ ડૅવલપમેન્ટ કાઉન્સિલની બેઠકમાં આ વિષય ઉપાડ્યો, આદરણીય મનમોહનસિંહે વચન આપ્યું કે આ પ્રશ્ન ગંભીર છે અમે ધ્યાન આપશું અને માનનીય ચિદમ્બરમના અધ્યક્ષસ્થાને એક કમિટી રચી, આજે વર્ષ- દોઢ વર્ષ થયું પણ હજી સુધી કમનસીબે કોઈ નિર્ણય લેવાયો નથી. અને વર્ષે ૧૩૦૦ કરોડ થી ૧૪૦૦ કરોડ વધારે વ્યાજ ગુજરાત ચૂકવે છે. આપ વિચાર કરો તો, એક વર્ષ માટે લે, બે વર્ષ માટે લે, ચાર વર્ષ માટે લોન લે પણ ગુજરાતને કહે છે કે તમારે વીસ વર્ષ માટે ફરજિયાત આ લોન લેવી પડશે, હવે દેવુ વધાર્યું કોણે ? ગુજરાતને નબળું કોણે કર્યુ, તો આ કેન્દ્ર સરકાર, એ એક બાજુ સેન્ટ્રલ ગવર્નમૅન્ટ ગ્રાન્ટ આપે અને બીજી બાજુ એ કાઢી લે, માનનીય અધ્યક્ષશ્રી, હું એ વિષય પર આવું છું કે, આજની તારીખમાં કેન્દ્ર સરકાર ૩૨૦૦ કરોડ ગુજરાતને આપે છે. આમ તો કેટલાય બધાએ ભાષણો કર્યા છે આ તો સેન્ટ્રલની

ગ્રાન્ટમાંથી આવ્યા છે, સેન્ટ્રલની ગ્રાન્ટમાંથી આવ્યા છે. હું આજે સત્ય વાત કરવા માગું છું. આ સેન્ટ્રલના પૈસા ભેગા કયાંથી થાય છે? ઈન્કમ ટેકસ, કસ્ટમ ડયુટી, એકસાઈઝ, કોરપોરેટ ટેકસ આ બધામાંથી વર્ષે કેન્દ્ર ૩ લાખ કરોડ રૂપિયા ભેગા કરે છે. દેશના હિતમાં કરે છે, કરો. રક્ષણ માટે કરે છે, કરો. માનનીય અધ્યક્ષશ્રી, ૧૨માં નાણાપંચે ફોર્મ્યુલા આપી છે કે, આ ૩ લાખ કરોડ રૂપિયા આવે છે એમાં ગુજરાતમાંથી કેટલા જાય છે? દસ ટકાથી વધારે જાય છે. ઓછામાં ઓછા ગુજરાત વર્ષે ૩૦ હજાર કરોડ રૂપિયા કેન્દ્રમાં મોકલે છે. બધું સરસ છે, પણ એમાંથી ૩૦ ટકાના ભાગલા પડે છે. ૩ લાખ કરોડમાંથી ૩૦ ટકા રાજયોમાં વેંચણી થાય છે એટલે ૧ લાખ કરોડ રૂપિયા રાજયોમાં આવવાના એમાં ગુજરાતને હિસ્સે કેટલા આવે ૩.૫૭ ટકા. એનો પણ વાંધો નહીં કે ગુજરાતને ૩૩૦૦ કરોડ વાર્ષિક મળે છે. આ ૩૩૦૦ કરોડ રૂપિયા મળે એમાં એની અંદર ઉંચી લોનના ૧૨-૧૩-૧૪ ટકાની લોનના, સ્મોલ સેવિંગ-નાની બચત યોજનામાં આપે અને ૧૩૦૦ કરોડ બોજો આપે એ ન્યાય કહેવાય? મારે એ લોકો પાસે ન્યાય માગવો હતો કે તમારી શકિત હોય તો માનનીય વડા પ્રધાન શ્રી મનમોહનસિંગ અને શ્રી ચીદમ્બરમજીને કહો. એક બાજુથી ૩૩૦૦ કરોડ આપે છે અને બીજી બાજુથી ૧૩૦૦ કરોડ લઈ લે છે. શું એ ન્યાય કહેવાય? ગુજરાતની પ્રજા માટે ન્યાય કહેવાય? હમણા જ કેન્દ્રનું બજેટ આવ્યું છે. મોટા અક્ષરોમાં આવ્યું કે, ગેસ સિલિન્ડરો ઉપર ભાવ ઘટી જશે. કેન્દ્રએ બજેટ સ્પીચમાં કહ્યું, પણ રૂપિયા કોના ગયા? રાજય સરકારના ગયા. રાજય સરકાર ૧૪ ટકા ટેકસ લેતી હતી એલ.પી.જી.ના ગેસ સિલિન્ડર ઉપર એમાં એક લિટરલી કાયદો કર્યો કે એલ.પી.જી. કાલથી ડિકલેરડ ગુડસમાં ગણાશે. એટલે સીધા ૧૪ ટકાના ૪ ટકા થઈ ગયા. ૧૦ ટકાનો ગાળો એ રાજય સરકારના ખિસ્સામાંથી ગયા અને રાખ્યા કોણે? કેન્દ્ર સરકારે રાખ્યા. હજુ ગ્રાહકને આપ્યા નથી. જો ગ્રાહકને માટે ભાવ નીચા કરે તો એમ થાય કે કંઈ નહીં આપણા છે અને આપણા ગ્રાહકોને જાય છે. પણ કોના માટે આ કર્યું? એની કંપનીઓની સબસીડી ઘટાડવા માટે આપણા ટેકસમાંથી ૧૦૦ કરોડ રૂપિયા ખેંચી લીધા છે. આ કોઈ ન્યાય કહેવાય? આ વિષય ઉપર મારે એ લોકોને જ્ઞાન આપવું હતું પણ કમનસીબી એવી છે કે તૈયાર ન થયા.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક સેવાની વાત કરી, સામાજિક સેવા ઉપર ૨૦૦૨-૨૦૦૩માં ૧૮૪૧ કરોડ હતા જે આ વર્ષે ૪૬૨૬ કરોડ કર્યા છે. એ લોકો કહે છે કે વાપરતા નથી. ૧૮૪૨ કરોડના ૪૨૨૬ કરોડ કર્યા તો પણ એમને ઓછા લાગ્યા, એમના ૪૫ વર્ષનો ટોટલ કરશો તો પણ ૧૮૪૧ કરોડ નહીં થાય. જેટલા બજેટમાં છેલ્લા ત્રણ વર્ષમાં મળ્યાં ૩૫ થી ૩૮ ટકા સામાજિક સેવાઓ માટે આયોજનના એ સામાજિક સેવાઓ માટે વાપર્યા છે અને આવતા દિવસોમા વાપરવાના છીએ. એટલે આવતા દિવસોમાં શિક્ષણ, આરોગ્ય અને પાણી પુરવઠા માટેનું બજેટ છે એ શિડયુલ કાસ્ટ અને શિડયુલ ટ્રાઈબ માટે ચોકકસપણે અમે વાપરવાના છીએ. એવી જ રીતે ડેવલપમેન્ટ ખર્ચની વાત કરી, છેલ્લા પાંચ વર્ષમાં એમાં સાડા પાંચ હજાર કરોડનો વધારો થયો છે. ૨૦૦૨-૨૦૦૩ના વર્ષમાં ૧૫૬૭૮ કરોડ હતા જે અત્યારે વધીને ૨૧૦૫૯ કરોડ થયા છે. નાણાકીય શિસ્ત એના ઉપર પણ આ સરકારે ખૂબ ધ્યાન રાખ્યું છે. ભૂકંપ પછી બે વર્ષ આપણા બહું ખરાબ ગયા અને એના કારણે રાજયને નાણાકીય ઘણી બધી તકલીફ પડી, ઘણું બધું દેવું લેવું પડયું. એ દેવું ચૂકવવું પડશે ત્યારે એના બુલેટ-રી પેમેન્ટ આવશે. બુલૅટ રિપેમેન્ટ, એટલે એકજ વર્ષની અંદર સંપૂર્ણ દેવું ચૂકવવાનું. ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪, આ બે ત્રણ વર્ષની અંદર રાજય સરકારે જે માર્કેટ બોરોઈંગ કર્યુ છે એ સંપૂર્ણપણે ચૂકવવાનું છે એની ચિંતા આ રાજય સરકારે કરી છે. રાજય સરકારે consolidated sinking fund ઊભું કર્યુ છે એની જોગવાઈ કરી છે બજૅટમાં, એની અંદર છેલ્લાં બે વર્ષની અંદર ૧૫૬૦ કરોડ રૂપિયા બાજુ પર મૂક્યા છે. આ સરકારે ૨૦૧૨ની ચિંતા કરવાની જરૂર શું? માનનીય મુખ્યમંત્રીશ્રી ધારત તો આ ૧૫૬૦ કરોડ રૂપિયા અત્યારે ના વાપરી કાઢત?, પણ નહિ, ૨૦૧૨ની સરકારની ચિંતા કરી અને ૧૫૬૦ કરોડ રૂપિયા આપણે સરકારના સિક્યોરિટી, કેન્દ્ર સરકારના સિક્યોરિટીની અંદર બાજુ પર મૂક્યા છે અને દર વરસે આઠસો કરોડ રૂપિયા એમાં ઉમેરતા જઈશું કે જેથી કરીને જ્યારે ૨૦૧૨ની અંદર બુલૅટ રિપેમેન્ટ કરવાનું થાય એટલે એકસાથે સંપૂર્ણપણે આપણે એના પૈસા આપી શકીશું અને એનું ભારણ ન પડે એની તૈયારી અત્યારથી કરી છે. આવો કોઈ વિચાર એ લોકોને આવ્યો? ખર્ચવાનો જ આવ્યો હોય. આપણે ભવિષ્યની ચિંતા કરી છે બીજી વાત કરું. એવી જ રીતે રાજય સરકારે પંદર હજાર કરોડ રૂપિયાની ગૅરન્ટી આપી છે, વિધાનસભાએ રાજય સરકારને વીસ હજાર કરોડ રૂપિયાની ગેરંટી આપવાની છૂટ આપી છે કે તમે વીસ હજાર કરોડ રૂપિયાની ગૅરન્ટી આપો, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આ ગૅરન્ટીઓ આપી આપીને આપણે પૈસા નથી લેવા, આપણે આપણી તાકાત ઉપર લો અને એ ગૅરન્ટી માટે આપણે એક રિડમ્પ્શન ફંડ ઊભું કર્યુ છે, આ પંદર હજાર કરોડ રૂપિયાની ગૅરન્ટીમાં, કોઈ ગૅરન્ટી કાલે ઊઠીને નર્મદાની હોય, જી.ઈ.બી.ની હોય કે કોઈપણ સંસ્થાની ગૅરન્ટી આપણે આપી હોય અને એ સંસ્થા ન આપી શકે તો એના માટે સીન્કીંગ ફંડ ઊભું કર્યુ છે અને આઠસો કરોડ રૂપિયા આપણે ભેગા કર્યા છે. ભવિષ્યની ચિંતા આપણે કરી છે, અત્યારની ચિંતા નહિ તો એ પણ આ બજૅટમાં જોગવાઈ કરી છે. એવી જ રીતે હું આપને કહું આઉટસ્ટેન્ડીંગ જે દેવું છે તે દેવા માટેની વાત કરીએ તો એ દેવા માટેની ઘટાડવાની કોન્સ્ટન્ટ જી.ડી.પી.ના રેશિયાની અંદર નક્કી કર્યુ છે. ૨૦૦૭-૦૮માં ૩૦ ટકાની નીચે લઈ જવું છે. હું આજે આપને કહું કે બીજા રાજયોની સરખામણીમાં આપણે એવા ખરાબ નથી, હું આપને દાખલો આપું કે આંધ્રપ્રદેશનું દેવું આજની તારીખે ૭૬૫૨૦ કરોડ રૂપિયા છે ૩૧-૩-૨૦૦૫ના આંકડા છે. મહારાષ્ટ્રનું દેવું ૮૩૫૦૭ કરોડ રૂપિયાનું છે, જ્યારે ૫૯૩૪૧ કરોડ રૂપિયાનું દેવું ગુજરાતનું છે. આ તારીખ ૩૧-૩-૨૦૦૫ના આંકડા છે અને આ કોઈ

રાજયોએ આવા સિન્કિંગ ફંડ કે રિડમ્પ્શન ફંડ ઊભાં નથી કર્યા, ગુજરાત એકમાત્ર રાજય છે. આંધ્રપ્રદેશની વાત કરે છે મારા મિત્ર, ધ ગોલ્ડન જ્યુબિલી ઑફ આંધ્રપ્રદેશ, પચાસ વર્ષ પૂરા થયાં અને એ પચાસ વર્ષ પૂરા થયા પછી શું કહે છે એ લોકો, સાંભળવા જેવો વિષય છે, "The public debt in the State is most alarming. The public debt is increasing leaps and bounds and stood at ૫૮૭૭૦ by the end of ૨૦૦૩-'૦૪ and further expected to increase to ૭૬૫૨૦, that is, to say, the State is reeling under debt trap." શું કહે છે એ પોતે કહે છે કે અમારું રાજય ડેબ્ટ ટ્રેપમાં જઈ રહ્યું છે. ડેબ્ટ ટ્રેપમાં છે, આવું કયારેય આપણા રાજયને કોઈએ નથી કહયુ અને વિરોધપક્ષના નેતા આંધપ્રદેશના વખાણ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, વધારે તો શું કહે છે કે, "a study of public finance in the State reveals that of the State's own tax revenue the salaries, wages and pension alone works out to ૮૨.૫%. એટલો વિચાર કરો કે આ રાજય ક્યાં જવાનું કે પોતાની આવકનો ૮૨.૫ ટકા હિસ્સો સેલેરી અને વેઈજીસના પૈસામાં જાય છે. "Therefore, there is every need to curtail unproductive expenditure". માનનીય અધ્યક્ષશ્રી આ આંધ્રપ્રદેશના ગોલ્ડન જ્યુબિલી ઈયરમાં કહે છે અને આપણી જૂઓ પરિસ્થિતિ, એ પ્રમાણે સંપૂર્ણપણે રિડમ્પ્શન સીન્કીંગ ફંડ, દેવું, તો દેવું કઈ રીતે ઘટાડવાનું એનો સંપૂર્ણપણે પ્રયાસ. એવી જ રીતે કહું મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ એટલે નાણાંકીય શિસ્તની વાત છે. આપણે ચોક્કસપણે કહી શકીએ. નાણાંકીય શિસ્ત આ બજેટની અંદર આપણે ભારપૂર્વક અને એકે એક વિષય ઉપર ચિંતા વ્યક્ત કરીને ધ્યાન રાખ્યું છે. એક બહુ જ અગત્યની વાત આજે મારે વિધાનસભાના સભ્યશ્રીઓને કહેવી છે. ભૂકંપ થયો ૨૬-૧-૦૧. કરોડો રૂપિયાનું નુકસાન થયું. ઘણું બધુ થયું. ભૂકંપ માટે આપણે લીધું. ૨૬-૧ ભૂકંપ થયો. આદરણીય અટલજીની સરકાર દિલ્હીમાં હતી.૩૦-૧-૦૧માં તેમણે ૫૦૦ કરોડ રૂપિયા ગુજરાતને મોકલ્યા. ત્રણ દિવસની અંદર ૫૦૦ કરોડ તેના બે દિવસ પછી ૩-૨-૦૧ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાએ નોટિફિકેશન ઈશ્યુ કર્યુ કે ૨ ટકા સરચાર્જ ૨૦૦૦-૨૦૦૧ એટલે એ જ વર્ષમાં જેટલી આવક કોર્પોરેશન ટેક્સ, ઇન્કમટૅક્સ જે થશે તેની ઉપર ૨૦૦૦-૨૦૦૧ પર બે ટકા સરચાર્જ લગાડવામાં આવશે અને તે કચ્છના ભૂકંપ પીડિત ગુજરાતને મળશે. ૨૮-૨-૨૦૦૧ એટલે તેના ૨૫ દિવસ પછી નાણાંમંત્રીશ્રીનું હાઉસની અંદર પ્રવચન. તેમાં શું કહે છે "I now propose" એ જ વખતે ખાસ ધ્યાન કરું ૨૦૦૦-૨૦૦૧માં કારગીલ માટેનો સરચાર્જ જુદો ચાલતો હતો. નેશનલ કેલામીટી ફંડનો સરચાર્જ હતો. ૨૦૦૦-૨૦૦૧ની સાલમાં હતો. તેમાં બે ટકા ચડાવ્યો. તેમણે કહ્યું "I now propose to remove all surcharge payable by corporates and non-corporates except the surcharge of ૨% for relief to the quake bit areas of Gujarat." એટલે તેનો અર્થ શું થયો ? ૨૦૦૧-૨૦૦૨ની સાલની અંદર જેટલું કલેકશન કરવામાં આવશે તે સંપૂર્ણપણે બે ટકા સરચાર્જ ગુજરાતના ભૂકંપ માટે ઉઘ ારાવવામાં આવશે. એટલે આનંદનો વિષય હતો. ચાર વર્ષની અંદર કેન્દ્રએ ૧૪૬૭ કરોડ રૂપિયા આપ્યા અને ૧૪૬૭ કરોડ રૂપિયા આપણને મળ્યાં. ૧૭-૮-૦૪એ શ્રી જયંતિભાઈ બારોટ આપણાં સાંસદ સભ્યશ્રીએ લોકસભામાં પ્રશ્ન પૂછ્યો કે કેન્દ્રના ભૂકંપ માટે કેટલાં રૂપિયા છે અને કેટલાં રૂપિયા ઉઘરાવ્યા? બીજો સવાલ ૧-૩-૨૦૦૫માં પૂછવામાં આવ્યો. દુ:ખની સાથે કહેવું પડે છે કે ૩૮૩૦૫ ૨૦૦૦-૨૦૦૧ના બે ટકા ગણીએ તો ૧૩૬૬ કરોડ ૨૦૦૧-૨૦૦૨ના ૬૯ હજારના બે ટકા ગણીએ તો ૧૩૮૩ કરોડ. એમ જ્યારે ગણવામાં આવે તો બે ટકા ૨૭૫૦ કરોડ બે ટકા સરચાર્જમાં આખા દેશની પ્રજા પાસેથી લીધા છે અને આપણને આપ્યાં કેટલાં? ૧૪૬૭. ભૂકંપના પૈસા કેન્દ્ર લઈ ગયું. અનેક વખત મુખ્યમંત્રીશ્રીએ ૧૯-૫-૨૦૦૫ કાગળ લખ્યો, અનેક વખત અને પ્રધાન મંત્રીશ્રીએ જવાબ લખ્યો છે કે તમારી ચકાસણી થાય છે અને વિધાનસભાની અંદર પ્રશ્ન પૂછે છે અને ગેરહાજર રાખે છે. જો આપણે ગુજરાતને મદદ કરવી હોય તો આ ૧૨૦૦ કરોડ રૂપિયા ભૂકંપના લઈ આવો. ઉઘરાવેલા પૈસા. આ પૈસા જે આપણે નર્મદામાં વાપરી શકીએ. આવા પૈસા પણ તે લોકો આપણને આપતાં નથી અને કેન્દ્ર આ કેટલો ગંભીર પ્રશ્ન કહેવાય કે ભૂકંપના પૈસા પણ નહીં આપવાના? ઉત્સવની વાત કરી ઉત્સવો માટે મારે વધારે કહેવું નથી. આનંદીબહેને ઘણી બધી વિગતવાર વાત કરી. પણ ઉત્સવો તો જાણે ઉત્સવમાં બજેટ ના ખર્ચાતું હોય તે પ્રમાણે તે લોકોએ દેખાવ કર્યો રજૂઆત કરી. ૨૦૦૪-૨૦૦૫ની અંદર માત્ર ૪.૬૩ કરોડ ખર્ચ્યા છે અને ૨૦૦૫-૨૦૦૬ની અંદર રિવાઈઝડ એસ્ટીમેટ ૧૧.૨૦ . એટલે વિચાર કરો કે આટલા ૩૬ હજાર કરોડના બજેટની અંદર તે લોકો ચાર કરોડ અને પાંચ કરોડ માટે વિધાનસભાનો આટલો બધો સમય તે લોકોએ વેડફયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની અંદર એક અગત્યનો વિષય છે. ૨૦ વર્ષ પછી પહેલી વખત બધા ૨૨૫ તાલુકાઓનો અભ્યાસ કરવામાં આવ્યો. ઓકટોબર, ૨૦૦૪માં કમિટીની રચના કરવામાં આવી. એમને કહેવામાં આવ્યું કે આપણા જે તાલુકાઓ છે, એમાંથી બેકવર્ડ તાલુકા કયા છે? દરેક તાલુકાના સ્ટાન્ડર્ડ ઓફ લિવિંગ લેવામાં આવ્યા. ગરીબોની માહિતી લેવામાં આવી. ખેતીનું પ્રમાણ, એનિમલ હસ્બન્ડરી, ગાયો, ભેંસો કેટલા છે, ઉદ્યોગો કેટલા છે, રોડ-રસ્તા, ઈન્ફ્રાસ્ટ્રકચરની વિગતો લેવામાં આવી. ૩૦ તાલુકા આઈડેન્ટિફાઈ કર્યા. ઘણા કર્યા છે, પણ સૌથી વધારે બેકવર્ડ ૩૦ તાલુકાને આ બજેટમાં દરેકને એક એક કરોડની જોગવાઈ કરીને ૩૦ તાલુકા માટે ૩૦ કરોડની ફાળવણી કરવામાં આવી. ૧ તાલુકા માટે ૧ કરોડ રાખ્યા છે. વધારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે કે આ તાલુકાને એકલા ઈન્ફ્રાસ્ટ્રકચર નહીં, રોજગારીની તકો કઈ રીતે ઉભી થાય એ વિચાર કરો. બીજા તાલુકાની સરખામણીમાં કેવી રીતે તે આવી શકે એનો વિચાર કરો. આવતા દિવસોમાં ઉદ્યોગ આવે, ગેસની

પાઈપલાઈન આવે, એ તાલુકાની અંદર વધારે વિકાસ કઈ રીતે થાય એના સંપુર્ણપણે પ્રયાસ કરવામાં આવશે. ખેડૂતોની ચિંતા કરી. મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે ૧૨૧ કરોડ રૂપિયાનો ઐતિહાસિક એવોર્ડ જીતીને લાવ્યા. હું સભ્યશ્રીઓને પૂછતો કે નર્મદાની ચિંતા કરે છે. ખાસ કરીને સી.જે.ચાવડાએ કીધું કે નર્મદાના પ્રોજેકટનું કામ કોંગ્રેસની સરકારોએ મોટા ભાગનું પુર્ણ કરેલ છે. જયારે સ્ટેટમેન્ટ આપ્યું ત્યારે હું ધબડ ખાઈ ગયો. હાર્ટ બેસી ગયું. કોંગ્રેસના સભ્ય એમ કહે કે નર્મદાનું કામ અમે કર્યુ છે. મેં આંકડા મંગાવ્યા. ૯૫-૯૬ માં ૫૯૭ કરોડ, ૯૬-૯૭માં ૭૯૧ કરોડ ૫ વર્ષના ભેગા કરીએ તો પણ આપણા એક વર્ષનો આંકડો થતો નથી. આ વર્ષે ૨૬૦૦ કરોડ આપણે જોઈએ તો ૧૮૦૦ કરોડ અને સંપુર્ણપણે કહી શકીએ કે નર્મદા અને સુજલામ્ સુફલામની અંદર સાડાચાર હજાર કરોડ રૂપિયા આપીએ છીએ એના પાણી ખેતરોમાં કેવી રીતે જાય એનો સંપુર્ણપણે પ્રયાસ કરવામાં આવશે. નર્મદા અને ખેડૂતોની વાત કરતા પણ ૨૦૦૪ માં ૧૧૦૦ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. આ વર્ષે ડિસેમ્બર સુધીમાં અમારા નરોત્તમભાઈએ ૯૦૮ કરોડ ખર્ચી કાઢયા અને હજુ ૩ મહિના બાકી છે. આવતા વર્ષે ૧૪૧૯ કરોડ મળી કુલ ૩ વર્ષમાં ૩૬૦૦ કરોડ થઈ ગયા. સુજલામ્ સુફલામ્ યોજનાની એટલી ચિંતા કરી હોત તો લોકનાયક જયપ્રકાશ નારાયણનું ફંડ ઉભું કરવાની વાત કરી હતી, વચન આપ્યું હતું. એના માટે મુખ્યમંત્રીશ્રીએ એટલા બધા કાગળો લખ્યા છે, પણ એકપણ રૂપિયો લાવી શકયા નથી. સુજલામ્ સુફલામ્ યોજનાની ચિંતા કરે છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ખેડૂતોની ખોટી વાત કરનારા આ કોંગ્રેસના સભ્યો છે.

સબસિડીની વાત કરું તો કયારેય ૧૯૦૦ કરોડની સબસિડી કોંગ્રેસે આપી છે? આ સરકારે ૧૯૦૦ કરોડની સબસિડીની જોગવાઈ કરી છે. વીજળી માટે. આટલી મોટી સબસિડી છે. ચોકકસપણે કહી શકાય કે ખેડૂતોની સરકાર અને ખેડૂતો માટેનું બજેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો માટેની વાત કરી લઉં. અર્જુનભાઈ મોઢવાડિયાએ કહ્યું કે ઔદ્યોગિક મૂડીરોકાણમાં ગુજરાતનું સ્થાન ચોથું છે. લોકસભામાં એક પ્રશ્ન રામન્ બર્મન, એમણે મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીને પૂછયો કે the industrial policy decision to set up industries depends upon the commercial judgement of the enterpreneur. જવાબ માગ્યો છે કે સરકારે શું પગલાં લીધાં? વેસ્ટ બેંગાલમાં ઉદ્યોગો વધારવા માટે, એના જવાબમાં કીધું કે ભાઈ, ઉદ્યોગ વધે કયાં? કે enterpreneur નકકી કરે ત્યાં વધે. ઉદ્યોગપતિ જાય કયાં? સારામાં સારું ઈન્વેસ્ટમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રકચર હોય ત્યાં જાય. એની અંદર આંકડાઓ આપીને કહયું છે કે જે આંકડાઓ અમારી પાસે છે. જે આઈ.એમ. ફાઈલ થયું છે, લેટર ઓફ ઈન્ડેન્ટ થયું છે એ પ્રમાણે આંકડા જોઈએ તો ગુજરાત પ્રથમ સ્થાને છે. ગુજરાતમાં ૯૪૩૫૭ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ પ્રપોઝડ ઈન્વેસ્ટમેન્ટ ૩૧-૩-૨૦૦૫ માં છે અને આંધ્ર પ્રદેશની વાત કરીએ તો ૯૧૦૨૭ કરોડ રૂપિયા છે એટલે એ પણ પાછળ છે, મહારાષ્ટ્ર ૭૮૧૭૯ કરોડ સાથે ત્રીજા સ્થાને છે. એટલે ઉદ્યોગની વાત કરીએ તો બીજો જે પ્રશ્ન પૂછયો છે કે છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી સારું મૂડીરોકાણ કયાં થયું તો ગુજરાતમાં ૨ લાખ ૭૧ હજાર કરોડ રૂપિયા જે દેશના ૧૭.૫ ટકા છે. એટલે ઉદ્યોગની વાત કરીએ તો પણ આપણે નંબર વન છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે રોજગારીની વાત કરીએ તો દરેક જગ્યાએ પ્લેસમેન્ટ ફોર લાઈવ રજિસ્ટર થાય છે. તામીલનાડુમાં ૪૫ લાખમાંથી ૧૩,૨૦૦ને રોજગારી આપી શકાઈ છે, એવી રીતે પશ્ચિમ બંગાળમાં ૬૯ લાખમાંથી ૧૦ હજારને રોજગારી આપી શકયા છે અને ગુજરાતમાં આપણે ૯ લાખ ૨૬ હજારમાંથી ૬૪ હજારને રોજગારી આપી શકયા છીએ. એટલે એ રીતે એમાં પણ ગુજરાત પ્રથમ સ્થાને છે. એટલે આપણે ચોકકસપણે કહી શકીએ કે એ જે મજૂર વર્ગની ચિંતા કરે છે અને જે વાતો કરતા હતા એ સ્પષ્ટપણે સત્યથી દૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવાં જોઈએ કે દાઓસમાં એક ઈન્વેસ્ટમેન્ટ સમીટ થયો એમાં દરેક દેશના ઉદ્યોગપતિઓ જતા હોય છે, નાણામંત્રીશ્રીઓ જતા હોય છે અને ઘણી વખત પ્રધાનમંત્રીશ્રીઓ પણ જતા હોય છે. એમાં એમાં જે કહેવાયું છે એ શબ્દો હું વાંચું છું. Gujarat on the other hand is focussing on labour reforms. It is one of the States in the country to have enacted laws providing enterpreneurs with flexibility in the labour matter in the special economic zone."

માનનીય અધ્યક્ષશ્રી, આ એટલી અગત્યની મેટર છે કે બીજા રાજયોને ત્યાં કહેવામાં આવ્યું કે ગુજરાત જે રીતે લેબરમાં રિફોર્મ લાવી રહયું છે તેમ તમે પણ લાવો. તો સ્પષ્ટપણે આવું કહેવામાં આવ્યું એ ગુજરાતની લેબર રિફોર્મમાં પ્રગતિ બતાવે છે કેગુજરાત લેબર રિફોર્મમાં કેટલું મોટું છે?

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ મુદ્દાનો કાર્યક્રમ કેન્દ્ર સરકાર મારફતે કરવામાં આવ્યો હતો અને વર્ષોથી કોંગ્રેસ પાર્ટી એમાં લીડ લેતી હતી એમાં ગુજરાત છેલ્લા ચાર વર્ષથી પ્રથમ સ્થાને છે. ૨૦૦૧-૦૨, ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ એમ દરેક વખતે પ્રથામ સ્થાને રહયું છે. આંધ્ર પ્રદેશની વાત કરીએ તો એ ૨૦૦૪-૦૫ માં છઠ્ઠા સ્થાને, ૨૦૦૩-૦૪ માં ૧૫ મા સ્થાને અને ૨૦૦૨-૦૩ માં ૨૧ મા સ્થાને હતું. ૨૦ મુદ્દાના કાર્યક્રમમાં પણ આપણે સ્પષ્ટપણે સારી રીતે પ્રગતિ કરી રહયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, થોડીક પાર્ટ બી ની પણ વાત કરીએ તો મેં અનેક નાણા મંત્રીશ્રીઓનાં પ્રવચન જોયાં છે. એમાં મેં જોયું, ચોપડીઓ વાંચી તો કયારેક પણ એ પ્રવચનમાં કોઈપણ નાણામંત્રીશ્રીએ આટલા મોટા ધરખમ ફેરફાર કરેલ નથી. દરેક નાણામંત્રીશ્રીએ કોઈને કોઈ જગ્યાએ ટેકસ વધારેલ છે, કોઈએ કોઈ જગ્યાએ રાહત પણ આપી છે, પરંતુ આ પહેલા મુખ્યમંત્રીશ્રી છે કે જેમણે સ્પષ્ટપણે દરેક ઈમ્પોર્ટન્ટ ઈન્સ્ટ્રુમેન્ટમાં ઘટાડો કર્યો છે. સ્ટેમ્પ ડયુટીની વાત કરીએ તો કોંગ્રેસના સમયની વાત કરીએ તો તા. ૪-૪-૯૯ થી જે આ ટેકસ વધાર્યો હતો, ટેકસ ડયુટી ૮ ટકા અને એડિશનલ ડયુટી સાથે ૧૪.૮ ટકા હતી, ૨૦૦૩-૦૪ માં પહેલી વખત ઘટાડો કરવામાં આવ્યો છે અને ૨૦૦૩-૦૪ માં ૧૪.૮ ટકાથી લઈને ૧૧.૨, ૨૦૦૪-૦૫ માં ૧૧.૨ ટકાથી ૮.૦૪ અને ૨૦૦૬-૦૭ માં ૬ ટકા લાવ્યા છે. એક વિચાર કરો કે ૧૪.૮ ટકાથી ૬ ટકા ત્રણ વર્ષમાં ચાર વર્ષમાં લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ૧૯૫ કરોડની રાહત આપણે આમાં આપીએ છીએ, આ રાહત આપવાથી ફાયદો કેટલો થશે? જે ડોકયુમેન્ટ હતા ૨૦૦૧માં એમાં ઘણો બધો વધારો થયો છે, તેના કારણે જે આવક ૫૩૭ કરોડની હતી તે ૯૬૩ કરોડની થશે, દર ઘટાડીએ છીએ અને આવક વધે છે. સાથે સાથે આપણે સરળીકરણ કર્યુ છે રી-ફોર્મ્સ લાવ્યા છીએ, ૨૭ સ્ટ્રકચર હતા તે ઘટાડીને આપણે ૯ ટકા સુધી લાવ્યા છીએ, એવી જ રીતે ઈલેકટ્રીસીટીની વાત કરું, હું કોંગ્રેસના મિત્રોને પૂછત કે તમે તમારા ૪૫ વર્ષના શાસનમાં એક વર્ષ તો એવું બતાવો કે તમે ઈલેકટ્રીસીટી ડયુટી એક વાર ઘટાડી હોય. ૬૫ ટકા સુધી દર લઈ ગયા હતા. ૪ ટકા સેલ્સટેકસ, ૭૫૦ કરોડ રૂપિયા આપણે છેલ્લા ચાર પાંચ વર્ષમાં આપ્યા છે. આજે ૩૦ ટકાનો મેકસીમમ રેટ આપણે લાવ્યા છીએ. પાંચ ટકા ઘર વપરાશમાં આપણે ઓછા કર્યા, પાંચ ટકા નાના નાના પાનના ગલ્લાથી માંડીને ટેલરિંગની દુકાનમાં ઓછા કર્યા, ૮૩ લાખ લોકોને લાભ આપ્યો છે. ૧૨૦ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. એટલે કુલ ધીમે ધીમે ઘટાડીને છેલ્લા ચાર વર્ષમાં ૭૫૦ કરોડની રાહતો આપી છે. મને આનંદ થાય છે કહેતાં કે આ ઘટાડો કરીએ છીએ પણ આવક તો વધતી જ જાય છે, આવક વધે છે તેનો લાભ પ્રજાને મળે છે, એ જ રીતે લકઝરી ટેકસમાં પહેલી જ વખત હોટેલમાં ૨૦૦ રૂપિયાના દર ઉપર માફી હતી, ૨૦૦ રૂપિયાથી ઉપર જાઓ તો ટેકસ લાગે, વર્ષો પછી આખી ફોર્મ્યુલા બદલી નાખી, રૂમ ઉપર જે ટેકસ લાગતો હતો તે ટેરીફમાંથી કાઢી અને ઓકયુપેન્સી રેટ ઉપર લઈ ગયા અને ૫૦૦ રૂપિયા સુધી માફી, તેનો લાભ એ થવાનો જે બિલોમાં ચોરી થતો હતી તે અટકી જવાની, ઓકયુપેન્સી રેટ ઉપર નકકી કર્યુ છે, જે વ્યકિત આખું બિલ બનાવે તેને સંપૂર્ણ લાભ છે, આના કારણે જે હોટેલોમાં ચોરી થતી હતી, કર્મચારીઓનો ભ્રષ્ટાચાર થતો હતો તે આ લકઝરી ટેકસમાં ફેરફાર લાવવાથી બદલાઈ જવાનું છે. એ જ રીતે પ્રોફેસનલ ટેકસની વાત કરું તો એક વિઝન સાથે આવું પગલું માનનીય મુખ્ય મંત્રીશ્રીએ લીધું છે. આપણી પાસે નગરપાલિકાઓ અને કોરપોરેશનોની ફરિયાદો આવતી હતી કે આવકના કોઈક નવા સાધનો અમને આપો. પ્રોફેસનલ ટેકસ એમને આપી દીધો, રાજયની ૧૨૫ કરોડની આવકમાં એમને કહ્યું કે મોટા ભાગનો જેટલો બને એટલો તમને આપી દઈશું. તમે આની ઉઘરાણી કરો અને તમે વાપરો. આજની તારીખમાં સેલ્સટેકસ વિભાગ આ પ્રોફેસનલ ટેકસ ઉઘરાવતું હતું. મારે સભાગૃહને જણાવવું છે કે સેલ્સટેકસ વિભાગના કર્મચારીઓ શું દરેક તાલુકા મથકે છે? દરેક નગરપાલિકાઓમાં છે? નથી. આ પ્રોફેસનલ ટેકસ નગરપાલિકાઓને આપીશું ત્યારે નગરપાલિકામાં આની ઉઘરાણી થશે અને ચોકકસ પણે હું કહી શકું છું કે આવતા બે ત્રણ વર્ષમાં આ ૧૨૫ કરોડની જે આવક છે તે ૨૫૦, ૩૦૦ અને ૪૦૦ કરોડ સુધી થવાની છે. કોરપોરેશન અને નગરપાલિકાઓને મળશે. એટલે આ ઈન્સ્ટ્રુમેન્ટની વાત કરતા હતા કે નગરપાલિકાઓની ચિંતા હતી તે ચોકકસપણે આપણે દૂર કરી છે. એવી જ રીતે સમાધાન યોજના લાવ્યા છીએ. વેટને દાખલ કર્યો છે. સમાધાન યોજના દ્વારા જેટલા પેન્ડિંગ ઈશ્યુ છે, એસેસમેન્ટ બાકી છે તે બને એટલા દૂર કરવા માગીએ છીએ. સભ્યશ્રીઓ હાજર નથી, નહીં નહીંતર હું કહેત કે મહારાષ્ટ્રના વખાણ કરો છો, આંધ્રપ્રદેશના વખાણ કરો છો, પણ પ્લાનિંગ કમિશને હમણાં ૧૦-૦૨-૨૦૦૬ના જે કહ્યું, પ્લાનિંગ કમિશને એમ કહ્યું કે "Maharashtra is a example of a failed State. આ કોંગ્રેસના મિત્રો હોત તો કેવી મજા આવત સાંભળવાની? પ્લાનિંગ કમિશને વધારે એમ કહ્યું છે કે 'none disagreed after scrutinising the vital indices.' એટલે બધા જેટલા બેઠા હતા તે સંમંત થયા છે. એટલે કહે છે કે બધા જેટલા બેઠા હતા એ બધા સંમત થયા છે કે light, power availability the State has not recovered. જે સામાજિક સેવાઓની વાત કરી એ "is abnormally low in comparison to the neighbouring State" શું કહેવા માગે છે. સામાજિક સેવાઓમાં જે ગુજરાત આપે છે એ પ્રમાણે મહારાષ્ટ્ર ખર્ચતું નથી અને "add to this, farmers' suicide and starvation death which can no longer be matched with the glitter of record setting of real estate prices" એટલે કહેવા માગે છે કે એકબાજુ તમારા રીઅલ એસ્ટેટના ભાવ વધે છે, એનાથી તમારે ત્યાં સુસાઈડ થાય છે,જે starvation death થાય છે ભૂખે મરે છે એ ધમકાશે નહિ. આવા શબ્દો પ્લાનિંગ કમિશને વાપર્યા છે. વધુમાં કહ્યું છે કે "Planning Commission has announced the glum faced Chief Minister Vilasrao Desmukh that Gujarat has taken an edge in FDI." આટલું મોટું પ્રમાણપત્ર પ્લાનિંગ કમિશને આપ્યું છે આપણને બોલાવીને નથી આપતા, મહારાષ્ટ્રને કહે છે કે ગુજરાત પાસેથી શીખો અને એ મુખ્યમંત્રીશ્રીને કહે છે, કોંગ્રેસના મુખ્યમંત્રીશ્રીને કહે છે કે જે સોનિયાબહેનની નજીક છે તેવા મુખ્યમંત્રીશ્રીને કહે છે. એટલે મારા પ્રમાણે વિરોધપક્ષના સભ્યશ્રીઓ હોત તો સર્વાનુમતે કહેત કે તમારુ બજેટ સાચું. હું તમને

છેલ્લા બે પેરામીટર્સ કહીશ. ઈલેકિટ્રક વપરાશની અંદર ગુજરાત સૌથી પ્રથમ સ્થાને છે. ગરીબોમાં આપણે શું જોયું કે કેટલાં પાકાં મકાનો છે. Statistics કહે છે કે ગુજરાતમાં પાકાં મકાનો ૬૫.૩ ટકા, મહારાષ્ટ્રમાં ૫૭.૮ ટકા અને આંધ્ર પ્રદેશની અંદર ૫૪.૭ ટકા. પીવાના પાણીમાં ચોખ્ખા પાણીમાં ગુજરાતમાં ૮૪.૧ ટકાએ ગુજરાત સૌથી હાઈએસ્ટ છે. એવી રીતે એમ્પ્લોઈમેન્ટ એકસચેઈંજની અંદર રોજગારીની અંદર આપણને ૭૦.૬ ટકાનો લક્ષ્યાંક એમણે આપ્યો છે ત્યારે મહારાષ્ટ્રમાં ૮.૩ ટકા અને આંધ્ર પ્રદેશમાં ૪.૧ ટકા આપેલ છે. એ બતાવે છે કે રોજગારી કેટલી આપવામાં આવે છે.

એ જ રીતે પોર્ટ મુવમેન્ટની વાત કરી. મુખ્યમંત્રીશ્રીએ એક વિઝનરી બજેટમાં મૂકયું છે. પોર્ટસના ડેવલપમેન્ટ દ્વારા રાજયનો વિકાસ અને આપણે નોર્થ ઈન્ડિયાનું ગુજરાત ગેટ-વે કેવી રીતે બને અને ગુજરાતમાં પોર્ટ દ્વારા ગુજરાતમાં રોજગારી કેવી રીતે મળે એના આંકડા આપ્યા છે.

અંતમાં અમારા ગૃહમંત્રીશ્રીની ટીકા કરી. Ministry of Statistics of Central Government જે આંકડા છે એમાં એવું કહે છે કે incidents of crime against women આ ૧૮૩૮૨ આંધ્રમાં, ૧૧૨૭૩ મહારાષ્ટ્રમાં, અને માત્ર ૫૭૩૫ ગુજરાતમાં છે. આ સ્પષ્ટપણે બતાવે છે કે ગુજરાતની બહેનો રાત્રીના ૧૨-૦૦ વાગ્યે પણ રોડ ઉપર જઈ શકે છે. કોઈ મહારાષ્ટ્રમાં જઈ શકે, કોઈ દિલ્હીમાં જઈ શકે, કોઈ પશ્ચિમ બંગાળમાં જઈ શકે? ત્યાં કોઈ જઈ શકતું નથી તો પણ માનનીય વિરોધપક્ષના નેતા એમ કહે છે કે ગુજરાતની અંદર બધાને ડર છે, તકલીફ છે. રોજગારીની તકો નથી. એમણે ઘણી બધી ટીકાઓ કરી. હું ટીકાઓનો જવાબ ૧૦૦ ટકા આપત. માનનીય અર્જુનભાઈ મોઢવાડીઆએ કહ્યું કે વીજળી ક્ષેત્રે ગુજરાત પછાત છે એવું કોઈ માને ખરું? ગામડાંમાં જાવ અને આવું બોલો તો લોકો હસી મજાક ઉડાવે. ઘરમાં કેરોસીનના ફાનસો ચાલે છે આવું વાકય બોલ્યા છે. માનનીય ગોવાભાઈએ કહ્યું હતું કે કંઈક નવું લઈને આવ્યા હોત તો મજા આવત. આનાથી નવું માનનીય ગોવાભાઈ શું આપત? માનનીય પુંજાભાઈ બોલ્યા કે પાપનો ઘડો ભરાઈ ગયો છે એવું કહ્યું. અહીંયા જો એ હાજર હોત તો એકે એકને મૂહ તોડ જવાબ આપત પરંતુ કમનસીબે અત્યારે કોઈ હાજર નથી.

છેલ્લે માનનીય મુખ્યમંત્રીશ્રી સરસ મજાનું બજેટ લઈને આવ્યા છે ત્યારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો એ બદલ એ સૌનો પણ આભાર માનું છું.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

## કામકાજ સલાહકાર સમિતિના અગિયારમા અહેવાલની રજૂઆત

**અધ્યક્ષશ્રી** :ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક ગુરૂવાર, તા. ૯મી માર્ચ, ૨૦૦૬ના રોજ સભાગૃહના વિરામ સમયમાં મળી હતી. સમિતિ નવમાં સત્રની તારીખવાર યાદી (કામચલાઉ)માં જે કામકાજ દર્શાવ્યું છે, તેમાં નીચે મુજબના ફેરફારો કરવાની ભલામણ કરે છે.

૧. સોમવાર, તા. ૧૩ માર્ચ, ૨૦૦૬ અને મંગળવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૦૬ના રોજ સભાગૃહની બેઠકો રાખવી નહીં.

૨. શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૦૬ના રોજ અને શનિવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ બન્ને દિવસોએ સભાગૃહની બે બેઠકો રાખવી.

૩. સોમવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૦૬ના રોજની બેઠક રદ થતી હોવાથી તે દિવસની પ્રશ્નોત્તરી રદ કરવી અને તે દિવસ માટે નિયત થયેલું બાકીનું કામકાજ શુક્રવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૦૬ના રોજ પહેલી બેઠકમાં હાથ ધરવું અને શુક્રવાર તા. ૧૭મી માર્ચ, ૨૦૦૬ની બેઠક માટે નિયત થયેલ કામકાજ તે દિવસની બીજી બેઠકમાં હાથ ધરવું.

૪. મંગળવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૦૬ની બન્ને બેઠકો માટે નિયત થયેલ કામકાજ શનિવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ રાખવાની બે બેઠકોમાં હાથ ધરવું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ૧૧મા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# બિન સરકારી સંકલ્પો

**રાજયના આદિવાસી વિસ્તારોમાં જોવા મળતો " સીકલસેલ એનિમીયા" જડમૂળથી નાબૂદ કરવા અંગે**

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રી ભૂરાભાઈ કટારા. (થોડીવાર બાદ) ....માનનીય સભ્યશ્રી ગેરહાજર, નેકસ્ટ.

**ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક-૨૦૦૩ને કેન્દ્ર સરકારની મંજૂરી માટે મોકલી આપવા અંગે**

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે-

"રાજ્યની આંતરિક સલામતી માટે, આતંકવાદી પ્રવૃત્તિઓ અને ગુનાખોરીને ડામી દેવા માટે ખાસ કાયદાની આવશ્યકતા રહે છે. આતંકવાદી પ્રવૃત્તિઓ અને ગુનાખોરીને કડક હાથે, અસરકારક રીતે ડામી દેવા માટે સન ૨૦૦૩માં ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવ્યું હતું. જે આ સભાગૃહે તા.૨૬/૩/૨૦૦૩ના રોજ પસાર કર્યું હતું અને રાષ્ટ્રપતિશ્રીના સંદેશાનુસાર ફેરવિચારણા કરીને ગુજરાત વિધાનસભાએ સુધારેલ વિધેયક તા.૨/૬/૨૦૦૪ના રોજ પસાર કર્યું હતું. નામદાર રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી મેળવવા માટે આ વિધેયક તા.૧૯/૬/૨૦૦૪ના રોજ કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવેલ છે, જેની મંજૂરી હજી સુધી મળેલ નથી તો હવે આ વિધેયકને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ સત્વરે મળે તે માટે કેન્દ્ર સરકાર સમક્ષ અસરકારક રજૂઆત કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અંબાલાલ આ. રોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા પોટા કાયદાને રદ કરવામાં આવેલ છે અને તેમાં આતંકવાદ જેવા આર્ગેનાઈઝ ક્રાઇમને નાથવા માટેની વિશાળ જોગવાઈઓ હતી જે હવે દૂર થતાં આવા પ્રકારના ઓર્ગેનાઈઝ ક્રાઇમને અટકાવવા માટે ગુજકોક નીચેના મુદ્દાઓ ઉપર ઘણો જ જરૂરી છે.

(એ) સજાની જોગવાઈ :-

(૧) આ કાયદા નીચે ગુનેગાર દ્વારા કોઈ વ્યકિતનું ખૂન થયેલ હોય તેવા ગુનેગારને સજા માટે ખાસ જોગવાઈ છે જેવી કે, ફાંસીની સજા અથવા આજીવન કેદ અને રૂ.૧૦ લાખથી ઓછી રકમ ન હોય તેવા દંડની જોગવાઈ છે.

(૨) આવા ગુના કરવામાં કાવતરૂ કરનાર તથા મદદગારી માટે ગુનેગારને ઓછામાં ઓછી પાંચ વર્ષની સજા અને વધુમાં વધુ આજીવન કેદની સજાની જોગવાઈ છે. જેની સાથે ઓછામાં ઓછા રૂ.૫ લાખના દંડની જોગવાઈ છે.

(૩) ઓર્ગેનાઈઝ ક્રાઈમ દ્વારા કોઈપણ મિલકત ગુનેગારોએ મેળવેલ હોય તેવા ગુનેગારને ઓછામાં ઓછા ત્રણ વર્ષની સજા તથા વધુમાં વધુ આજીવન કેદની સજા અને ઓછામાં ઓછા રૂ. ૨ લાખના દંડની સજાની જોગવાઈ છે.

ઉપર જણાવ્યા મુજબની સજાની વિશાળ જોગવાઈઓ બીજા કોઈ કાયદામાં નથી.

(બી) સ્પેશિયલ કોર્ટ :-
ગુજકોકની અંદર સ્પેશિયલ કોર્ટ રચવાની સત્તા રાજય સરકારને છે. જેથી આવા ઓર્ગેનાઈઝ ક્રાઈમના આરોપીઓ વિરુદ્ધ ટૂંકા સમયગાળામાં કેસ ચલાવી સજા કરાવી શકાય જેથી આવા પ્રકારનું કાંઈક સત્વરે અંકુશમાં લઈ શકાય.

(સી) ઓર્ગેનાઈઝ ક્રાઈમમાં સંડોવાયેલ ગુનેગારો દ્વારા ગુના માટે ઉપયોગમાં લેવાયેલ સ્થાવર તથા જંગમ મિલકત ડી.જી.પી.શ્રીની મંજૂરી લઈ તપાસ અધિકારી કબજે લઈ શકે તેવી આ કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ છે.

(ડી) ઓર્ગેનાઈઝ ક્રાઈમ માટે વપરાતા કોઈ સંદેશાવ્યવહાર ઈલેકટ્રોનિકસ અથવા મૌખિક સંદેશાવ્યવહારને આંતરીને એકત્ર કરેલ પુરાવો અદાલતમાં કેસની ટ્રાયલમાં આરોપી વિરુદ્ધ ગ્રાહ્ય રાખવાની જોગવાઈ છે.

(ઈ) આ કાયદામાં સાક્ષીની જીંદગીને ખતરો છે તેવું કોર્ટને લાગે તો તેવા સાક્ષીને રક્ષણ આપવાની વિશેષ જોગવાઈ છે.

(એફ) આ કાયદામાં ફાંસી સુધીની આકરી સજા મુખ્ય ગુનેગાર, તેના સાગરીતો તથા તેમાં મદદ કરનારને થતી હોઈ ખૂબજ અસરકારક છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય, વેપાર, વાણિજ્ય અને આર્થિક દૃષ્ટિએ ખૂબજ વિકસિત રાજય છે. ગુજરાત રાજયની પ્રજા વેપારીક વલણ ધરાવતી હોવાના કારણે વેપારના તમામ ક્ષેત્રોમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. રાષ્ટ્રિય તેમજ આંતર રાષ્ટ્રિય કક્ષાએ ગુજરાતની વેપારીક ક્ષમતાના ભારોભાર વખાણ થતા રહ્યા છે. તેથી

રાષ્ટ્રિય તેમજ આંતર રાષ્ટ્રિય કક્ષાના ઉદ્યોગપતિઓએ ગુજરાતને પોતાના વેપાર-ધંધાનું કે ઔદ્યોગિક એકમ સ્થાપવાનું અનુકૂળ સ્થળ તરીકે સ્વીકારેલ છે. આવા સંજોગોમાં કે જ્યારે રાજયની આર્થિક સમૃદ્ધિ ખૂબ સારી હોય ત્યારે વેપારીઓ પાસેથી ડરાવી, ધમકાવી ધંધાને નુકસાન કરવાની, બંધ કરવાની કે મૃત્યુ સુધીની ગુનાહિત ધમકીઓ આપી મોટા પાયે નાણાં પડાવતી, ખંડણી ઉઘરાવતી, પૈસા માટે ખૂન કરતી અને ધંધાઓની અદાવતને કારણે પૈસા લઈ શારીરિક તેમજ આર્થિક નુકસાન કરાવવાની વૃત્તિ ધરાવતી સંગઠિત ગુનાહિત ટોળકીઓ રાજયમાં, રાષ્ટ્રમાં અને આંતરરાષ્ટ્રિય ફલક પર કાર્યરત છે અને તેના કારણે વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને આમ જનતાના મનમાં ઊંડે ઊંડે ભય, ત્રાસ અને આંતકની લાગણી જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની દરિયાઇ તેમજ જમીનની સીમા પાકિસ્તાન સાથે જોડાયેલ છે. આ પોરસ સરહદ આવી સંગઠિત ટોળકીઓ પૈસા મેળવવા ઉપર દર્શાવ્યું તેમ ધાક ધમકીઓ અને ખંડણી ઉઘરાવે છે તે ઉપરાંત દુશ્મન દેશ પાકિસ્તાનની મદદ લઈ શસ્ત્રોની દાણચોરી, માદક પદાર્થોની દાણચોરી બનાવટી ચલણી નોટો ઘુસાડવાના કૌભાંડો તેમજ આઈ.એસ.આઈ.ના ઇશારે વિધ્વંસક પ્રવૃત્તિ આદરવાની યોજનાઓમાં સહભાગી થાય છે. આવા લોકો નાણાં મેળવવા ખાતર તેમજ પોતાની એક અવ્વલ નંબરની ગુનેગાર ટોળકીમાં ગણતરી થાય અને દેશ અને વિદેશમાં, ખૂંખાર ગુનેગાર ટોળકી તરીકે ઓળખાય તેવા આશયથી લોકોમાં આતંક, ભય અને ડર બેસાડે છે અને પૈસા પડાવે છે. ગુજરાત પણ આમાંથી બાકાત રહ્યું નથી. કારણ કે, ઉપર જણાવ્યા મુજબ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજયની સરહદે અને ખાસ કરીને મુંબઇ જેવા મહાનગર કે જેમાં સંગઠિત ગુનેગાર ટોળકીઓ જેવી કે, દાઉદ ઇબ્રાહીમની ગૅન્ગ, અરુણ ગવલીની ગૅન્ગ, અશ્વિન નાયકની ગૅન્ગ, છોટા રાજનની ગૅન્ગ, છોટા શકીલની ગૅન્ગ, ઇકબાલ મુનશી, ટાયગર મેમન તથા મહમંદ ડોસાની ગૅન્ગ વગેરે ગેંગો આવી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલ છે. ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાત અને મહારાષ્ટ્ર એક બીજાને અનુકૂળ હોઈ મહારાષ્ટ્રમાં ખાસ કરીને મુંબઇમાં કાર્યરત આવી ઉપરની ટોળકીઓ ગુજરાતમાં તેમનો પગ પેસારો કરી ચૂકેલ છે. ભૂતકાળમાં પણ આ ગૅન્ગોએ ગુજરાતના રસ્તે શસ્ત્રોની હેરાફેરી, સ્ફોટક પદાર્થોની હેરાફેરી, બનાવટી ચલણી નોટોની હેરાફેરી કરી રાજયની તેમજ દેશની આર્થિક તેમજ સામાજિક વ્યવસ્થાને નુકસાન પહોંચાડવા ગુજરાતના દરિયાઇ તથા જમીન માર્ગનો ઉપયોગ કરેલ છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અંબાલાલ રોહિત જે બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે એ સંકલ્પમાં અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું. ગુજકોકનો કાયદો એ રાજયની આંતરિક સલામતી, આતંકવાદી પ્રવૃત્તિ અને ગુનાખોરી ડામી દેવા માટે પ્રવર્તમાન સમયમાં રાજયની તાતી જરૂરિયાત છે. આ સન્માનનીય સભાગૃહે આ કાયદો ઘડીને કેન્દ્ર સરકાર સમક્ષ મોકલ્યો એમાં જે એમેંડમેંટ કરવાનું હતું એ એમેંડમેંટ કરીને ફરીથી મોકલ્યો તા:૧૯-૬-૨૦૦૪ના દિવસે આ સન્માનનીય ગૃહે સુધારા સાથેનો કાયદો યુ.પી.એ.ની કેન્દ્ર સરકાર સમક્ષ મોકલાવ્યો છતાં કેન્દ્રમાં યુ.પી.એ.ના અધ્યક્ષા સોનીયા ગાંધી અને તેમના ગૃહપ્રધાન શિવરાજ પાટીલે આ કાયદાને રાષ્ટ્રપતિજીની સહી માટે હજી સુધી મોકલ્યો નથી. ૨૬૦ જેટલા દિવસો એટલે નવ નવ મહીના જેટલો સમય થયો હોવા છતાં ગુજકોકના કાયદાને કેમ મંજૂરી નથી આપતા? આ સન્માનનીય સભાગૃહને, સમગ્ર રાષ્ટ્રની જે પરિસ્થિતિ અત્યારે ઉભી થઈ છે એના કારણે ચિંતા છે. નવેમ્બરમાં દેશની રાજધાની દિલ્હીમાં બોંબ ધડાકા થયા, ડિસેમ્બરમાં ઈન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ઉપર બેંગલોર ખાતે હુમલો થયો, ફેબ્રુઆરીમાં અમદાવાદના રેલ્વે સ્ટેશન ઉપર શકિતશાળી બોંબના વિસ્ફોટ થયા અને હમણાં ર દિવસ પહેલાં આ મહારાષ્ટ્રમાં વારાણસીમાં સંકટમોચન હનુમાનજીના મંદિર ઉપર આ આતંકવાદી તત્વોના કારણે સંકટ ઉભું કરવાનું કામ આ આતંકવાદી માનસિકતાવાળા લોકોએ કર્યુ છે. આજે કહેવાયું એમ ગુજરાત ઉત્સવપ્રિય છે. ધમધમતા ગુજરાતમાં ઉત્સવોની સાથે સરકારે અનેક કાર્યક્રમો જોડયા છે. આવા આપણા લોક ઉત્સવ હોય, આપણા તહેવાર હોય, શું કેન્દ્રની યુ.પી.એ. ની સરકાર એ રાહ જોઈને બેઠી છે કે આ લોકઉત્સવની અંદર બૉંબ ધડાકા થાય, આ તહેવારની અંદર બૉંબ ધડાકા થાય, આ ગુજરાતના વિશાળ ઔદ્યોગિક ગૃહોની અંદર બૉંબ ધડાકા થાય, નિર્દોષ બાળકો હણાય, ગુજરાતની શાંતિ હણાય, ગુજરાતની સમૃદ્ધિ હણાય? બધું હણાયા બાદ આપણને કાયદાની મંજૂરી આપવાની માનસિકતા છે? આ દેશની અંદર દેશભકતોની રક્ષા કરવી અને દેશદ્રોહીઓને સજા એ ભારતીય જનતા પાર્ટીની નેમ છે. આ કાયદો એ રામભકતોને બચાવવા માટે કે રહીમભકતોને સજા કરાવવા માટેનો નથી પરંતુ દેશની સરહદ સુરક્ષા અને દેશના સીમાડાઓ સામે ઉભા થતા પ્રશ્નોના નિરાકરણ માટે છે. જે પોટાનો કાયદો આપણે અમલમાં હતો એ કોઈ રાજકીય દ્વેષથી નહીં પરંતુ સલામતીના દ્રઢ સંકલ્પને કારણે હતો. આ પોટાની કલમ જયાં જયાં વાપરી ત્યાં સુપ્રીમ કોર્ટે પણ જામીન નથી આપ્યા ત્યારે કોઈપણ પ્રકારના રાજકીય દ્વેષભાવ વગર આ રાજય સરકારે કાયદાનો અમલ કર્યો છે. હમણાં હું એક પુસ્તક વાંચતો હતો, ભારતીય ગુપ્તચર બ્યુરોના પૂર્વ સંયુકત નિર્દેશક મલેક કૃષ્ણનું આ પુસ્તક જેનું નામ છે Falcon of Evils - ISI, CIA and Al-Qaida Nexus અને આ પુસ્તકમાં એમણે ઉલ્લેખ કર્યો છે કે બાંગ્લાદેશમાં પરોક્ષ રીતે પાકિસ્તાનનું જ ચાલે છે. આઈ.એસ.આઈ. એ ત્યાં પોતાની જાળ બિછાવી છે અને જેહાદીઓની મોટી ફોજનું નિર્માણ થાય છે. ઓસામા બિન લાદેનના ત્રાસવાદી સંગઠન અલકાયદા માટે બાંગ્લાદેશ એ સ્વર્ગ સમાન બની ચૂકયું છે. ત્રાસવાદીઓ માટે અફઘાનિસ્તાન પછી બાંગ્લાદેશની અંદર ૧૭૨ જેટલા આતંકવાદી પ્રશિક્ષણના કેમ્પો ચાલે છે. બાંગ્લાદેશની અંદર ઘૂસણખોરોને નશ્યત કરવા માટે એન.ડી.એ.ની સરકારે લગભગ ઘૂસણખોરોને આવતા અટકાવવા માટે દ્વાર બંધ કર્યા હતા અને હમણાં

સુપ્રીમ કોર્ટે આઈ.એન.ડી.પી. એક્ટ રદ કરી આ ઘૂસણખોરોને લપડાક મારી છે. એમાં કેન્દ્ર સરકારે કેબિનેટ કક્ષાના પ્રધાનોની એક નવી કમિટી બનાવીને આ બાંગ્લાદેશી ઘૂસણખોરોના હિતમાં કોઈ નિર્ણય લઈ રહી હોય એવી ભીતી સેવાઈ રહી છે. આ દેશની અંદર બાંગ્લાદેશી ઘૂસણખોરો તમામ રાજયની અંદર પહોંચીને આવી આતંકવાદી માનસિકતાના આધાર ઉપર અનેક પ્રશ્નો ખડા કરે તેવા સંજોગોમાં ગુજરાતમાં આ ગુજકોક કાયદાનું અતિ મહત્ત્વ છે. એવું કહેવામાં આવે છે કે રાજકીય રાગદ્વેષ રાખશે. કટોકટીનો એ કાળો કાળ અને એ કાળમાં રાજકીય દ્વેષભાવથી આ દેશના સમર્થ નેતૃત્વને જેલના હવાલે કરવાવાળા લોકો કેવી રીતે કહી શકે કે આ રાજકીય દ્વેષના આધારે આ કાયદાનો અમલ થશે? આતંકવાદી, રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ અને સંગઠિત ગુનાખોરી નાથવા માટેનો આ કાયદો આપણે સૌ જાણીએ છીએ કે દંભી બિન સાંપ્રદાયિક્તાના ઓઠા હેઠળ લઘુમતી તૃષ્ટીકરણ અને વોટ બેંકની રાજ નીતિ માટે પોટાનો કાયદો રદ કર્યો છે, જેનાથી આ રાષ્ટ્રની સલામતી માટે અનેક પ્રશ્નો ઊભા થયા છે અને આતંકવાદીઓને મોકળું મેદાન મળ્યું છે. જ્યારે પોટાનો કાયદો રદ કર્યો ત્યારે આ દેશની સર્વોચ્ચ સેનાના ત્રણેય વડાઓએ એકી અવાજે કહ્યું હતું કે આ કાયદો રદ કરવાથી દેશમાં આતંકવાદી પ્રવૃત્તિને પ્રોત્સાહન મળશે. સલામતી સાથે સંકળાયેલા આ દેશના ઉચ્ચ અધિકારીઓ આનાથી ખૂબ વ્યથિત હતા. ઈસ્લામિક કટ્ટરવાદી તત્ત્વો પાકિસ્તાનના ઈશારે ક્રોસ બોર્ડર ટેરરિઝમના માધ્યમથી આ દેશને ખોખલો બનાવવાનું કામ કરી રહ્યા છે. મહારાષ્ટ્રમાં મોકાનો અમલ થાય, મધ્ય પ્રદેશમાં સ્પેશિયલ એરિયા સિક્યોરિટી એક્ટનો અમલ થાય તો ગુજરાતમાં ગુજકોકનો અમલ કેમ કરવા દેતા નથી? આ પોટા આપણે કયાં લગાવ્યો? આપણે સૌ જાણીએ છીએ કે ગોધરા સાબરમતી એક્સપ્રેસમાં, હરેન પંડ્યાના હત્યારાને પકડવામાં, ટિફીન બોમ્બ કાંડ સાથે સંકળાયેલા લોકો કે અક્ષરધામના હૂમલામાં સંડોવાયેલા કાવતરાખોરો સામે પોટાનો કાયદો લગાડ્યો છે. સાબરમતી એક્સપ્રેસના એસ-૬ ડબ્બામાં ૫૯ લોકોને જીવતા ભડથું કરનારા લોકોની શું શેહ દાખવવી જોઈએ? ગુજરાતના સ્વાભિમાનને ચોટ પહોંચાડનારા આનાથી ગુજરાતની વેદના પર એસિડ છાંટે છે. ગુજરાતની ચોટ પર મીઠું ભભરાવે છે. જે નિર્દોષ બાળકોના મોત થયા છે એ મોત પર, તેમની છાતી પર પગ રાખી અટ્ટહાસ્ય કરતા વિકૃત માનસિકતાવાળા માટે ગુજકોકનો કાયદો ખૂબ જરૂરી છે.

માનનીય સરદાર વલ્લભભાઈ પટેલ કે જેમણે આ દેશને એક કર્યું અને અખંડ ભારતનો જેમણે નકશો તૈયાર કર્યો. જો માનનીય સરદાર વલ્લભભાઈ પટેલ આજે જીવતા હોત તો દેશને વિઘટિત કરવાની માનસિકતા જોઈને લોખંડી મનોબળ વાળા સરદાર પટેલ આજે દુઃખી હોત. મા ભારતને પ્રેમના બદલે એને પીંખવાની માનસિકતા વાળા આ રાષ્ટ્ર વિરોધી તત્ત્વો આજે નિર્ભય બન્યા છે. પોટા કયાં કયાં લગાવ્યો એની વિગતો માનનીય અંબાલાલભાઈએ આપના સમક્ષ મૂકી છે. પણ હું એટલું જ કહીશ કે દાઉદ ઈબ્રાહીમની ગેંગ હોય કે લતીફ રસૂલની પાર્ટી હોય કે શરીફ ખાનની ગેંગ હોય તો એ ગેંગ સામે ગુજરાતનું ગૃહ ખાતું કડકાઈથી કામ લે તો શું આ ગુજકોકના વિરોધ કરવાવાળા એમના મામા કાકા થાય છે? આ એમની રાષ્ટ્ર વિરોધી તત્ત્વો સાથેના મેળાપીપણાની માનસિકતા છતી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જો ગુજરાતને સલામત, સમૃદ્ધ અને શકિતશાળી બનાવવું હોય તો આવો 'ગુજકોકનો કાયદો' ઝડપથી અમલીકરણ પર આવે એ અરાષ્ટ્રીય અને રાષ્ટ્ર વિરોધી તત્ત્વોની સામે લાલ આંખ કરવા માટે એ કાયદાની અંદર ફાંસી જેવી સજા છે, એ સજાનો ઉપયોગ થાય, જેના કારણે આગામી દિવસોની અંદર કોઈ આ પ્રમાણેના પગલાં લેવાની હિંમત ના કરે એના માટે ગુજકોકના કાયદાનો ઝડપથી અમલ થાય એવી આ સન્માનીય સભાગૃહ દ્વારા આપ સૌ કેન્દ્ર સરકારને રજૂઆત કરો એવા બિનસરકારી સંકલ્પના સમર્થનમાં મેં મારી વાત કરી છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી અંબાલાલ રોહિત જે બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક સરહદી જિલ્લામાંથી આવું છું અને એ સરહદી જિલ્લો એ કચ્છ જિલ્લો કે જ્યાંથી આઈ.એસ.આઈ. દ્વારા અનેક દેશ વિરોધી પ્રવૃત્તિઓની અંદર દેશ વિરોધી તત્ત્વોએ ત્યાંથી પગપેસારો કર્યો અને એ પગપેસારો કર્યો, એ પછી આર.ડી.એકસ. હોય કે શસ્ત્રો હોય આ દેશની અંદર ઘૂસપેઠ કરીને આ દેશની અંદર આતંકવાદ ફેલાવવાની પ્રવૃત્તિ હોય એની અંદર અનેક દેશદ્રોહી તત્ત્વો આ દેશની અંદર પકડાયા પણ છે. કયાંક કચ્છમાંથી પ્રવેશ કરીને દેશના અન્ય ભાગોની અંદર એ લોકોએ આ દેશની અંદર આતંકવાદ ફેલાવ્યો છે અને એ આતંકવાદી પ્રવૃત્તિના અનેક પુરાવાઓ આ દેશની સમક્ષ આવ્યા છે અને આવી પ્રવૃત્તિઓને ડામવા માટે જો કોઈ કડક કાયદો ના હોય તો સાહેબ આ દેશની અંદર આવી દેશ વિરોધી પ્રવૃત્તિઓ, આવી આતંકવાદી પ્રવૃત્તિઓ ફૂલશે-ફાલશે અને આ દેશને બરબાદ કરી નાખશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે કહેવું છે કે, ગુજકોકનો કાયદો ગુજરાત સરકારે અહીંથી બનાવીને કેન્દ્ર સરકારને મોકલ્યો અને દેશ વિરોધી તત્ત્વો માટે મોકલ્યો અને એની અંદર જો આજે કેન્દ્ર સરકાર વિલંબ કરીને જો રાષ્ટ્રપતિ પાસે ના મુક્તિ હોય તો મારે આજે આ સભાગૃહની અંદર કહેવું પડશે કે આની અંદર કેન્દ્ર સરકારની દાનત પર પણ શંકા જાય એમાં કોઈ શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક આતંકવાદી પ્રવૃત્તિઓ આ દેશની અંદર દિવસે ને દિવસે ફૂલી-ફાલી રહી છે એને ડામવાના પ્રયત્નો સરકારોએ કર્યા છે, નથી કર્યા એમ હું નથી કહેતો. એ પછી અક્ષરધામની આતંકવાદની પ્રવૃત્તિ હોય તો તેને તાત્કાલિક ડામવા માટે આ રાજ્યની સરકાર સફળ રહી છે, એ પછી સંસદ પરનો આતંકવાદી

હુમલો હોય આ તમામ પ્રવૃત્તિઓ આજે આપણી સામે આવી રહી છે ત્યારે આતંકવાદનો ભય ફકત એક ભારત દેશને નથી. આતંકવાદનો ભય આજે સમગ્ર વિશ્વને સતાવી રહ્યો છે. ત્યારે એની સામે કડક હાથે કામ લેવાની વાત જયાં આવતી હોય ત્યાં કેન્દ્ર સરકારે પાછી પાની કરવી જોઈએ નહીં. ગઈકાલે વારાણસીની અંદર શ્રી પ્રદિપસિંહભાઈએ કહ્યું તેમ જે પ્રવૃત્તિ બની એ આ દેશ માટે શરમજનક બાબત છે. આના ઉપરથી કેન્દ્ર સરકારે સબક લેવાની જરૂર છે. ગુજરાત રાજય સરહદી રાજય છે. ગુજરાતનો કચ્છ હોય કે બનાસકાંઠા હોય એ સરહદ ઉપર આવેલો વિસ્તાર છે. અનેકવિધ પ્રવૃત્તિઓ આ દેશ દ્વારા આ દેશની અંદર રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ થાય છે, એન્ટી નેશનલ પ્રવૃત્તિ થાય છે. ઘણી જગ્યાએ મારે કહેવું છે કે હું કચ્છ જિલ્લામાંથી આવું છું. કચ્છ જિલ્લો સરહદી વિસ્તાર છે. એમાં અમુક બી.એસ.એફ.ની ચોકી છે, અમુક જગ્યાએ પોરસબોર્ડર છે, જયાં છિદ્રો છે એ છિદ્રોમાંથી ઘુસપેઠ થાય છે. આ દેશમાં અને આ દેશને નુકસાન પહોંચાડવાની ઘણી કોશિશ થઈ છે. ત્યારે આ રાજયમાં ગુજકોકનો કાયદો અત્યંત જરૂરી, અત્યંત આવશ્યક છે. ત્યારે કેન્દ્ર સરકારે આને ગંભીરતાથી લેવો પડે. આ પોરસબોર્ડર બંધ કરવી પડે કારણકે હું એવા જિલ્લામાંથી આવું છું, આવી પ્રવૃત્તિઓ સામે વર્ષોથી હું લડતો આવ્યો છું. આતંકવાદી પ્રવૃત્તિ સામે દાણચોરીની પ્રવૃત્તિ સામે લડતો આવ્યો છું. હું ઘણી બધી વિગતો જાણું છું. જે સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. એટલા માટે અંબાલાલ જે આજે આ સંકલ્પ લઈને આવ્યા છે ત્યારે હું એના સમર્થનમાં ઊભો થયો છું. કેન્દ્ર સરકારને આપણે અનુરોધ કરવો જોઈએ કે પોરસબોર્ડરના છિદ્રો બંધ કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે. એ જવાબદારી નિભાવે અને આવા કાયદાને તાત્કાલિક અસરથી મંજૂરી આપીને રાજય સરકારને મોકલે જેથી દેશ વિરોધી અને આતંકવાદી પ્રવૃત્તિ અંકુશમાં લાવી શકીએ એટલું કહીને હું અંબાલાલભાઈના બિન સરકારી સંકલ્પને મંજૂરી આપી અને સમર્થન આપું છું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી અંબાલાલભાઈ જે બિન સરકારી સંકલ્પ લાવ્યા છે એના સમર્થન માટે ઊભો થયો છું. આ એક ગંભીર વિષય છે. રાજયની અને દેશની સલામતી માટે કેટલાક કાયદા હોવા જોઈએ એ જરૂરી છે. જયારથી આ દેશમાં અખંડ ભારત હતું ત્યારથી શરૂ કરીને આતંકવાદી જે સમસ્યા પેદા થઈ છે એના મુળમાં જો કયાંય પણ ઉણપ રહી ગઈ હોય તો આવા તત્વોને જેર કરવામાં કાયદો ઘડવામાં અને કાયદાનો કડક અમલ ન કરવાને કારણે આતંકવાદ ફૂલ્યો એટલા માટે જયારે ભારતનું વિભાજન થવાનું હતું ત્યારે પણ કેટલાક કવિના હ્દય દ્રવેલા હતા એમણે કહેલું

" દયા ન ખાકર દુશ્મનોં કા ગલા ફાડ દિયા હોતા, ટુકડે દો  ન કરકે સીધા ઝંડા ગાડ દિયા હોતા,
બદનામી ન હોતી હરેક ઠિકાનોં પર, કશ્મીર મુદ્દા ન હોતા માન ચિત્રો કે પન્નોં પર"

એટલે જે કાયદામાં જે રાજય,  શાસન પોતાના રાજયમાં કડક કાયદાનો  અમલ કરીને દેશને તોડવા મથતા રાષ્ટ્રને તોડવા મથતા આવા કોઈપણ સંગઠિત ગુનાને રોકી ન શકે એ શાસનની નબળાઈ છે. જયારે ગુજરાત વિધાનસભાએ સુધારા સાથે ફરીથી કેન્દ્ર સરકારને આ વિધેયક મોકલ્યું છે ત્યારે. આ બાબતમાં મારે કહેવું છે આ શુકામ લાવવું પડ્યું છે.  ઘણા લોકોને ખબર નથી એટલા માટે કહે છે કે કોઈને પકડવા, પૂરી દેવા માટે લાવ્યા છીએ.  વિરોધ પક્ષ એમ કહે છે કે અમને બધાને રાજકીય રીતે પકડવા માટે લાવ્યા છે. તો ના, ઈન્ડિયન પીનલ કોડ દંડ સહીતામાં એવી કોઈ જોગવાઈ નથી કે જેના કારણે આવું અધમ કૃત્ય કરનાર લોકોને સજા કરી શકીએ, એટલે ગુનાખોર નહિ, પણ આખી ગુનાખોરીને જો કોઈ મદદ પૂરી પાડે, એને કોઈ આશરો આપે, એને કોઈ નાણાકીય સગવડ પૂરી પાડે, હથિયાર પૂરાં પાડે, ત્યારે આ ઓર્ગેનાઈઝડ એક્ટમાં એટલા માટે આવરી લેવામાં આવેલ છે કે બાકીના બધી પ્રવૃત્તિ સદંતર બંધ થઈ જાય, હવાલા પણ બંધ થઈ જાય, હવાલાકાંડ પણ બંધ થઈ જાય, કિડનેપિંગ બંધ થઈ જાય, એટલા માટે આ કાયદાની જો મહારાષ્ટ્રમાં મોકા હોઈ શકે, કર્ણાટકમાં કોકા હોઈ શકે, તો ગુજરાતમાં ગુજકોક કેમ નહિ? ગુજરાતની ૫ કરોડની પ્રજાની સંવેદનશીલતા આ વિધાનસભામાં છે અને આ વિધાનસભા જ્યારે બિલ આ હાઉસમાંથી મોકલે ત્યારે કેન્દ્રની સરકારની નૈતિક જવાબદારી બને છે, જ્યારે આપણો ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો અને પાકિસ્તાનને અડીને સરહદ છે, અનેક ઘટના બની ચૂકી છે. અત્યાર સુધી વિશ્વના દેશો અમેરિકા, જાપાન, જર્મની, યુરોપ કહેતા હતા કે તમે ખાલી બૂમો પાડો છો, પણ જ્યારે ન્યૂયૉર્કનો ટાવર તૂટ્યો, ત્યારે દુનિયાએ આતંકવાદનો અનુભવ કર્યો.  આ કોઈ રાજ્યની સમસ્યા નથી, આ રાષ્ટ્રની સમસ્યા નથી, પરંતુ આ વૈશ્વિક માનવીય સમસ્યા છે અને એટલે આ કાયદાની અંદરનું પ્રાવિધાન એવું છે કે જેમાં કયાંય કોઈને ખોટી રીતે પકડી રાખી શકાય નહિ એવી પણ જોગવાઈ છે. એ પ્રકારના ક્લાસ-૧ ઑફિસર પાસે જઈને પોતે રજૂઆત કરી શકે છે. ઈન્ડરસેક્શન કરતાં પહેલાં પણ  આ બધી જોગવાઈ કરવામાં આવેલ છે.  હું એટલા માટે કહું છું કે આપણે કેન્દ્રની સરકારે જ્યારે આ ઘટના હમણા બની છે ને એ કેન્દ્રની સરકારે પોટાનો કાયદો રદ કર્યો છે, એના કારણે સંકટમોચન મંદિર એ મંદિર ઉપર હુમલાઓ વધ્યા છે. મોકળું મેદાન મળ્યું છે. આ દેશમાં આવા લોકોને પકડવા માટેની કોઈ કાયદામાં પ્રાવિધાન ન હોય જે રાષ્ટ્ર જે પ્રજા વીરત્વ પ્રાપ્ત ન કરે એ પ્રજા દુનિયામાંથી, દેશમાંથી સમાપ્ત થાય છે, એટલા માટે શસ્ત્ર, ધર્મ આ રાજ્ય સરકારની જવાબદારી છે, એની પ્રજાની રક્ષણ કરવાની સંપૂર્ણ જવાબદારી બને છે અને ગુજરાત એ વિશ્વની હરણફાળ ભરતું રાજ્ય છે. અનેક પ્રકારની આર્થિક બહુ મોટી આપણે અસ્કયામતો ઊભી કરી શક્યા છીએ, એની પણ રક્ષણ કરવાની રાજ્યની જવાબદારી છે અને સૌથી વધુ દુ:ખની બાબત એ છે કે જેટલા સૈનિકો આપણે ત્રણ યુદ્ધમાં સરહદ ઉપર નથી ગુમાવ્યા, એનાથી વધારે સૈનિકો આ

ભારતની ધરતીએ એના દીકરાઓને આતંકવાદીને કારણે ગુમાવ્યા છે, જેટલી પ્રજા બંને દેશની લડાઈમાં નથી મરી, એનાથી વધારે નિર્દોષ પ્રજા આ કાયદાની જોગવાઈ ન હોવાના કારણે મતના ઘૂંટણિયા ટેકીને કહેવાતા બિનસાંપ્રદાયિક લોકોએ આ દેશની ધરતીમાં મોતનું તાંડવ ખેલવા દીધું. આ કોઈ એક સીમાડે નથી વધતું. ક્યારેક પંજાબમાં ભિન્દ્રાનવાલા પેદા કરી શકે છે. જમ્મુ કાશ્મીરમાં કરે, ગુજરાતમાં કાલે નહિ કરે એની કોઈ ખાતરી નથી. આવું બને ત્યાં સુધી ગુજરાતને રાહ જોવી? ગળા ઉપર જ્યાં સુધી પાણી ભરાય ત્યાં સુધી કાયદો બનાવવાની રાહ જોવી અને એટલે ગુજરાતે નક્કી કર્યુ છે કે આવી કોઈપણ પ્રવૃત્તિ ગુજરાતની ધરતીમાં વિકસે નહિ, ફુલેફાલે નહિ, એટલા માટે પણ ગુજકોકનો કાયદો જરૂરી છે અને હું આ સન્માનનીય સભાગૃહને વિનંતી કરીશ કે આમ તો બિનસરકારી સંકલ્પ છે. આ સંકલ્પ એવો છે કે પ્રણાલિથી પણ થોડાક પાર ઊઠીને ગુજરાતની પ્રજાનો અવાજ પહોંચે એ માટે બધા સભ્યો એકમત થઈ આપણે હાઉસમાંથી પસાર કરીને કેન્દ્ર સરકારને કહીએ કે અમારા હ્રદયની લાગણી છે. અમે કોઈ આતંકવાદીના ખોળે ગુજરાતની ધરતીને ધરી દેવા માગતા નથી. અમે ગુનાખોરીને સાફ કરવા માગીએ છીએ. આ સંકલ્પ આપણે સૌ સાથે રજૂ કરીએ તેવી અભ્યર્થના.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ (રાવપુરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી અંબાલાલ રોહિત જે બિનસરકારી સંકલ્પ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, થોડાક સમય પહેલાં આતંકવાદીઓએ અમદાવાદના રેલવે સ્ટેશન પર બોમ્બ ધડાકો કર્યો હતો અને તેમાં અનેક લોકો ઘવાયા હતા. તેવી જ રીતે વારાણસીમાં મંદિરમાં બે દિવસ પહેલાં જે ધડાકો થયો તેનાથી લગભગ ચૌદ માણસો મૃત્યુ પામ્યા છે. આપણું ગુજરાત પાકિસ્તાનની બૉર્ડર પર આવેલ છે. પાકિસ્તાનના આતંકવાદીઓ ખાસ કરીને ગુજરાતમાં થોડા થોડા દિવસોએ કોઈકને કોઈક જગ્યાએ બૉમ્બ ધડાકા કરીને આ રાજયમાં આતંક ફેલાવવાનું કામ કરે છે. આતંકવાદીઓ ખાસ કરીને પાકિસ્તાનના નાણાંનો ઉપયોગ કરીને ગુજરાતમાં અને ભારતમાં આતંક ફેલાવવાનું કામ કરી રહ્યા છે. આ પ્રદેશના નાણાંનો ઉપયોગ કરીને ખાસ કરીને રાજયની હોટલોમાં ઊતરીને પ્લાનિંગ કરતા હોય છે. ત્યારે મારે ગૃહ વિભાગના મંત્રીશ્રીને વિનંતી છે કે હોટલોમાં જે એન્ટ્રી થાય છે તેનું ચેકીંગ થાય ત્યાં કૅમેરા મૂકીને ૯૯૦ કલાકનું રેકોડીંગ કરવું જોઈએ. આ કૅમેરા મૂકવાનું ગુજરાતની તમામ હોટલોમાં ફરજિયાત કરવું જોઈએ. તેનાથી ગુનેગારો પકડાઈ શકે. લંડનમાં ટ્રેનમાં અને બસમાં જે બૉમ્બ ધડાકો થયો ત્યારે ત્યાં આગળ મૂકેલા કૅમેરામાં તેનું રેકોડીંગ થયેલ તેનાથી ગુનેગારો તુરત જ પકડાઈ ગયેલા. આ ફરજિયાત બનાવવાની જરૂરિયાત છે. એટલે માનનીય સભ્યશ્રી અંબાલાલભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે તે સમયસરનો છે, ગુનાખોરી નાથવી રાજય માટે અત્યંત જરૂરી છે તેથી ગુજકોકનો કાયદો રાજયની વિધાનસભાએ પસાર કરીને મોકલ્યો છે તેને કેન્દ્ર સરકારે તુરત જ મંજૂરી આપવી જોઈએ તેવી મારી લાગણી છે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ માનનીય સભ્યશ્રી અંબાલાલ રોહિત જે સંકલ્પ લઈને આવ્યા છે અને તેના ઉપર માનનીય પ્રદિપસિંહજી જાડેજા, માનનીય નરેન્દ્રસિંહજી જાડેજા, માનનીય ગોરધનભાઈ ઝડફિયા, માનનીય યોગેશભાઈ પટેલે તેમના જે વિચારો રજૂ કર્યા છે તેમાં સૌ પ્રથમ તો માનનીય સભ્યશ્રી અંબાલાલભાઈને અભિનંદન આપવા માગું છું કે આ સંકલ્પ દ્વારા સાંપ્રત સમયની અગત્યમાં અગત્યની જરૂરિયાત છે. તેની આ ગૃહના પટલ પર ચર્ચા થાય, સભ્યશ્રીઓ લાગણીઓ વ્યકત કરી શકે, ગૃહની બહાર ગૃહની લાગણી પહોંચી શકે તેટલા માટે આ પ્લેટફોર્મનો ઉપયોગ કર્યો છે એટલે ગૃહ વિભાગના મંત્રીશ્રી તરીકે સૌથી પહેલાં અંબાલાલભાઈનો આભાર માનું છું. આજે ફરી એકવાર ગૃહની અંદર ગુજકોકની ચર્ચા થવાની છે, ફરી એકવાર આજે ગુજકોકની ચર્ચા થવાની છે ત્યારે આ મિત્રો વોકઆઉટ કરી ગયા છે. જ્યારે જયારે ગુજકોકની ચર્ચા થાય છે ત્યારે કોઈકને કોઈક કારણસર સવારે ઓર્ડર ઓફ ધી ડે જોઈ સાંજે ગુજકોકની ચર્ચા આવે છે ત્યારે વિરોધપક્ષના મિત્રો ગેરહાજર રહેતા હોય છે. કારણ જયારે જયારે સરકાર, સરકારનો ગૃહ વિભાગ કોઈક એવી વાત લઈ આવે તે વાત દ્વારા આતંકવાદ સામે સુરક્ષાબળોને, પોલીસ જવાનોને બળ આપવાનું કામ હોય, પોલીસ જવાનોના હાથ મજબૂત કરવાના હોય તે વખતે કોઈકને કોઈક બહાના હેઠળ વિરોધપક્ષના સભ્યો ગેરહાજર રહે છે. તેમને ખબર નથી ગુજરાતની જનતા આ વાતને સારી રીતે સમજે છે.

જ્યારે ચૂંટણીના મેદાનમાં તેઓ આવશે ત્યારે ગુજરાતની પ્રજા એમને પૂછવાની છે કે ગુજરાતની પ્રજાની સુરક્ષાની વાત થતી હતી ત્યારે તમે કયાં હતા? એ વખતે બહાર સૂત્રોચ્ચાર કરતા હતા, અને એ જવાબ વિરોધપક્ષના માનનીય મિત્રોને ગુજરાતની પ્રજાને આપવો પડશે, હું આ વાત ખૂબ ખેદ સાથે સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર લાઉં છું.

અત્યારે હાલ સમગ્ર દેશમાં જે રીતે પરિસ્થિતિ આકાર લઈ રહી છે એ પરિસ્થિતિ ચિંતાજનક છે. કોઈક એક રાજયના ચૂંટાયેલા મંત્રી કોઈ કાર્ટુનિસ્ટને જો કોઈ મારીને એમની યોજના પૂરી કરે તો એકાવન કરોડનું ઇનામ જાહેર કરે અને કોઈકની કમિટી એ અઠાવન- અઠાવન લોકોને જીવતા સરગાવી દેનારા આરોપીઓના બચાવમાં એ એમને સજા આપવાની થિયરીને જ કોન્ટ્રાડીકટ કરે, આ દેશમાં આ આતંકવાદને વધતો આપણે નહીં રોકી શકીએ અને પરિણામ સ્વરૂપે ધીરે ધીરે ધીરે જ્યારથી યુ.પી.એ.ની સરકાર કેન્દ્રમાં આવી છે, આ દેશમાં આતંકવાદના હાંસલા વધતા રહ્યા છે. હમણાં જ વારાણસીના સંકટ મોચન મંદિરમાં ધડાકો થયો, એ એ વાતનું દ્યોતક છે કે આતંકવાદીઓની હિંમત કયાં સુધી પહોંચી છે? આ વારાણસીનું સંકટ મોચન મંદિર કેમ પસંદ કરવામાં આવ્યું? આ

જગ્યા એ છે કે જ્યાં આગળ તુલસીદાસજીએ રામચરિત્ માનસની ચોપાઈઓની રચના કરી હતી, જે પવિત્ર જગ્યા ઉપર રામચરિત્ માનસ જેવો ગ્રંથ લખવામાં આવ્યો, જે પવિત્ર જગ્યા ઉપર સમગ્ર વિશ્વને એક નવું માર્ગદર્શન મળ્યું, એક ધર્મની ફિલૉસૉફીને લોકો સમજી શકે એવી ભાષામાં એની અભિવ્યકિત થઈ, એ પવિત્ર જગ્યા પર આતંકવાદીઓએ બૉમ્બ ફોડીને એક એલાર્મીંગ સીચ્યુએશન ઊભી કરી છે અને હું એવું ચોક્કસ માનું છું કે, આ પરિસ્થિતિમાં માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઈને આવ્યા છે એ પ્રાસંગિક છે અને ગુજરાતની જનતાની સુરક્ષાની ચિંતા કરનારો છે,

એક જમાનો હતો કે જ્યારે વિશ્વમાં આતંકવાદ એ રાજકીય ફિલૉસૉફીમાંથી ઊભો થતો હતો, આતંકવાદનું જનક રાજકીય ફિલૉસૉફી હતું, આજે સમય બદલાયો છે અને આતંકવાદ ધર્મઝનૂની ફિલૉસૉફીની અંદરથી ઊભો થાય છે. ધર્મઝનૂની વિચારસરણીની અંદર ઊભો થાય છે. પોતાના ધર્મ સિવાય બીજા કોઈ ધર્મના વિચારો દુનિયા ઉપર અસ્તિત્વ ધરાવતા હોય એ સહન ન કરી શકનારા કેટલા સંગઠનો, કેટલાક વિચારકો અને કેટલીક જે આતંકવાદી ટુકડીઓ થઈ છે એમણે સમગ્ર દુનિયાને આતંકવાદના બાનમાં લીધી છે અને એની સામે સમગ્ર વિશ્વ ધીરે ધીરે લડવા માટે સજજ થઈ રહ્યું છે. એક જમાનો હતો કે ખાલી ભારત એવું કહેતું હતું કે આતંકવાદનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે, આતંકવાદનું જનક રાજકીય જરૂરિયાતો, વ્યકિતની જરૂરિયાતો કે રાજકીય ફિલૉસૉફી નથી રહી, આતંકવાદનું જનક ધાર્મિકઝનુન બન્યું છે, આ વાત સાથે પશ્ચિમના દેશો સહમત ન હતા પણ આજે એમને સહમત થવું પડ્યું છે અને પશ્ચિમના દેશો સમેત સમગ્ર વિશ્વએ આતંકવાદને જોવાનો દૃષ્ટિકોણ બદલવો પડ્યો છે અને ભારત જે વાત વર્ષોથી કહેતું હતું, ૮૦ના દાયકાથી આપણે કહેતા હતા કે કાશ્મીરની અંદર ઊભો થયેલો આતંકવાદ એ કોઈ રાજકીય નથી એ ધર્મઝનુનથી પ્રેરિત કેટલાક લોકોએ ફેલાવેલો આતંકવાદ છે, એને આજે સમગ્ર વિશ્વએ સ્વીકારવો પડ્યો છે પરિણામ સ્વરૂપે હમણાં હમણાં છેલ્લા પાંચ-છ વર્ષમાં યુનાઇટેડ સ્ટેટ ઑફ અમૅરિકાએ Patriot Act ૨૦૦૧માં કર્યો એની અંદર એટલી બધી સત્તાઓ ત્યાંના સુરક્ષા દળોને, ત્યાંની વ્યવસ્થાને આપી છે કે એની ચર્ચા જો અહીંયાં કરવામાં આવે તો કદાચ દશ વર્ષ સુધી આ લોકો વોકઆઉટ કરી જાય એવી સ્થિતિ ઊભી થાય એટલો કડક કાયદો કરીને આ સુરક્ષા દળોને અમેરિકાની સરકારે સમર્થન આપ્યું છે. યુ.કે. ઈંગ્લેંડની સરકારે Anti-Terrorism Crime and Security Act ૨૦૦૧ પસાર કરી ત્યાંના સુરક્ષાદળોના હાથ મજબૂત કરે છે. ઑસ્ટ્રેલિયાએ પણ Security Legislation Terrorism Act ૨૦૦૨ પસાર કરી ત્યાંની security agencyના હાથ મજબૂત કર્યા છે, કૅનૅડાએ`Anti-Terrorism Act બનાવવાની પ્રક્રિયા ચાલુ કરી દીધી છે ૨૦૦૧માં, અને એની પણ હજી ત્યાં ચર્ચા ચાલુ છે. સાર્ક દેશોએ પણ SAARC સંમેલનની અંદર આનો ઉલ્લેખ કરી એ બધા સાર્ક દેશોએ આવો કડક કાયદો બનાવવો જોઈએ એવો ઠરાવ કર્યો છે. ફ્રાન્સે પણ French National Assemblyએ Terorism ને લગતો કાયદો ઘડ્યો છે ઑકટોબર ૨૦૦૧ અને ઈઝરાઈલે જે ૧૯૪૮થી એ કાયદો હતો એ કાયદાની અંદર ૨૦૦૨માં સુધારો કરી કાયદો વધારે કડક બનાવ્યો છે, સમગ્ર વિશ્વના બધા જ દેશો terrorism સામે લડવા માટે પોતાના સુરક્ષા દળોને સજજ કરી રહ્યા છે. એમને કાયદાકીય સમર્થન પૂરું પાડી રહ્યાં છે. ટેરરીઝમની સામે લડવા માટે એક રાજકીય ઈચ્છા શકિત વ્યકત કરી રહ્યા છીએ એ વખતે ભારતની અંદર આ યુ.પી.એ.ની સરકારે જે એન.ડી.એ.ની સરકારે પોટાનો કાયદો બનાવ્યો હતો એ પોટાના કાયદાને રદ કરી નાંખ્યો. પોટાના કાયદાને રદ કરી યુ.પી.એ.ની સરકારે ભારતમાં આતંકવાદીઓ, આતંકવાદી વિચારસરણી અને આતંકવાદ આ ત્રણેય ને આવવા માટે લાલ-જાજમ બિછાવી છે અને પરિણામ સ્વરૂપે જયારથી યુ.પી.એ.ની સરકાર આ દેશના શાસનમાં આવી છે ત્યારથી જુદા જુદા રાજયોની અંદર આતંકવાદ પનપવા માંડયો છે. જયાં આગળ આતંકવાદીઓ જવાનો વિચાર નહોતા કરી શકતા એવા દક્ષિણના રાજયોમાં આપણને આતંકવાદી એકિટવિટિની ખબર પડવા માંડી અને હૈદરાબાદ એ તો આઈ.એસ.આઈ.નું હબ તરીકે ઉપસી આવ્યું છે. હમણાં માનનીય અર્જુનભાઈ, હૈદરાબાદ, હૈદરાબાદ કરતા હતા એમને કદાચ આ પણ પ્રેરણા લીધી હોય તો ખબર નહીં કે આ જયારે કાયદો ચર્ચામાં આવે ત્યારે બહાર જતા રહેવું. ગુજકોક એ ગુજરાતની જનતાના રક્ષણ માટે છે. ગુજરાત એ સરહદી રાજય છે. ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયા કિનારો અને પડોશી દેશ જેણે આ દેશમાં આતંકવાદના બીજ વાવ્યાં છે એ પડોશી દેશની જમીનની સરહદ પણ આપણને અડીને આવેલી છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને દીવ-દમણ, આમાં રાજસ્થાન અને દીવ-દમણ એ બન્ને સરહદી રાજયો છે એના લીધે આ રાજયોની અને બાકીના રાજયોની જે ગુનેગારોની દુનિયા છે એ અંદર અંદર સાંઠગાંઠ ધરાવે એવી પૂરેપૂરી શકયતા છે. આતંકવાદી પ્રવૃત્તિ અને દેશદ્રોહી પ્રવૃત્તિ બન્નેને રોકવા માટે અત્યારે જે ન્યાયીક વ્યવસ્થા છે એને એક નવી તાકાત આપવાની જરૂર છે. એટલા માટે આ ગુજકોક કાયદાને ઘડવામાં આવ્યો હતો. મુંબઈમાં અનેક ગેંગો, દાઉદ ઈબ્રાહીમની ગેંગ હોય, ઈકબાલ મીર્ચીની ગેંગ હોય, છોટા શકીલની ગેંગ હોય કે ટાઈગર મેમણની ગેંગ હોય એ ગેંગોએ મુંબઈને ધમરોળ્યું છે. અનેકવાર સમગ્ર દેશ કંપી જાય એવી ઘટનાઓએ ત્યાં આકાર લીધો છે. જયારે આ મુંબઈને ધમરોળવા માટેના શસ્ત્રો અને આર.ડી.એકસ. જોઈતો હતો ત્યારે એ ગુજરાતની સરહદેથી પહેલા ગયો છે જયારે કોંગ્રેસના મિત્રોનું શાસન હતું ત્યારે, ગુજરાતની સરહદનો ઉપયોગ આર.ડી.એકસ.ના લેન્ડીંગ માટે અને જમીનનો ઉપયોગ આર.ડી.એકસ.ને પસાર કરવા માટે થયો છે. એ વખતે મુંબઈમાં આ ગુજકોક જેવો કાયદો હોય, મહારાષ્ટ્રમાં ગુજકોક જેવો કાયદો હોય અને આપણે ત્યાં ન હોય આ ચલાવી ન લેવાય. મુંબઈ રાજયમાં જયાં ગેંગો

પ્રવૃત છે એ ગેંગો ત્યાં ગુનો કરી આપણે ત્યાં વલસાડ, વાપી અને સુરતમાં આશરો લે તો આપણી પાસે કોઈ એવો કાયદો નથી એમને અટકાવવાનો. ગુનો કરીને અહીંયા આવે, અહીંથી જઈ અને ત્યાં ગુનો કરે અને ગુજરાતને પોતાની સમગ્ર પ્રવૃત્તિનું જો કેન્દ્ર બનાવે તો ગુજરાતની પ્રજાની સુરક્ષા માટે ગંભીર પરિસ્થિતિ ઉભી થાય. મુંબઈમાં કુલ ૨૧૧ કેસોના ૧૦૫૨ આરોપીઓ ઉપર અત્યાર સુધીમાં આ કાયદાની કલમો લગાડવમાં આવી છે અને એના પરિણામો ખૂબ સારા આવ્યા છે. આપણે ત્યાં પોટા નાબૂદ કર્યો પછી આપણી પાસે એકેય એવું શસ્ત્ર નથી કે જેથી આપણે આ સંગઠિત ગુનાખોરી અને આતંકવાદી પ્રવૃત્તિ છે એને આપણે અટકાવી શકીએ. જે પોટાની કલમો રદ કરી એની સામે કોંગ્રેસના મિત્રો જયારે જયારે પણ ચર્ચા આવે, કોઈ પણ જગ્યાએ ચર્ચા આવે, સંસદમાં ચર્ચા આવે કે કોઈ બહાર પ્લેટફોર્મ ઉપર ચર્ચામાં પણ આ વિષય નિકળે ત્યારે એમ કહે છે કે આના માટે પોટાની અવેજીમાં અમે અનલોફુલ એકિટવિટિ એમેન્ડમેન્ટ ઓર્ડિનન્સ ૨૦૦૪ લઈને આવ્યા છીએ. આ તો દેશની જનતા સાથે ધોખો છે, આ દેશની જનતા સાથે છેતરપીંડી છે. જે અનલોફુલ એકિટવિટિ એમેન્ડમેન્ટ ઓર્ડિનન્સ ૨૦૦૪ લઈને આવ્યા છે એની અંદર ત્રાસવાદી કૃત્યો માટે ભંડોળ ઉભું કરવાની પોટામાં સજા હતી એ સજા એમાં નાબૂદ કરી નાંખી છે એટલે ત્રાસવાદીઓને રૂપિયા એકઠા કરતા રોકવાની કોઈ જોગવાઈ નથી. સજા જે હતી એ સજામાં પણ ઘટાડો કર્યો છે. આની અંદર સ્ફોટક પદાર્થો, શસ્ત્રો અને વિસ્ફોટકો લાવવા માટેની જે સજા હતી એમાં પણ બહુ મોટો ઘટાડો કર્યો છે જેનાથી એ લોકોની હિંમત વધવાની છે અને પહેલાં પોટાની કલમ-૩૨ હેઠળ પોલીસ અધિકારી કે એસ. પી. કક્ષાના અધિકારીની સમક્ષ જે કબૂલાત કરવામાં આવતી હતી એને કાયદાના કામમાં સજા કરવામાં ઉપયોગી પૂરાવા તરીકે લેવાની જોગવાઈ હતી. જેને લીધે એ લોકોને સજા કરવાની સહુલિયત રહેતી હતી પ્રોસિકયુશન એજન્સીઝને, એ કલમ આ એકટમાં કાઢી નાંખવામાં આવી છે. રિમાન્ડના દિવસ પણ ઘટાડવામાં આવ્યા છે, સજા પણ હળવી કરી છે અને પુરાવા માટે જે વિગત પોટાની અંદર હતી એ પણ નથી લીધી, એના લીધે તો દુનિયાભરના અને દેશભરના જે તજજ્ઞો છે જે આ ગુનાખોરીને ડામવાના કાયદાઓના જાણકારી ધરાવતા લોકો છે અને જે ડિબેટ થઈ છે એની અંદર સિદ્ધ થયું છે કે નવો બનેલો કાયદો એ પોટાના કાયદાને રિપ્લેસ કરી શકે તેમ નથી અને એના લીધે દેશની અંદર આ આતંક વાદની પ્રવૃત્તિઓમાં ખૂબ વધારો થયો છે. પોટાની અંદર જયાં સુધી ગુજરાતનો સવાલ છે ત્યાંસુધી પોટાની જે કલમો લગાવી છે એ ૧૪ કેસોની અંદર લગાવી છે અને એ બધા દેશવિરોધી કૃત્યોવાળી ઘટનાઓની અંદર લગાડી છે. મારે નામ નથી વાંચવા, કારણકે અનેકવાર આ ગૃહની અંદર હું આનો ઉલ્લેખ કરી ચૂક્યો છું પરંતુ એનો કયાંય રાજકીય ઉપયોગ ગુજરાતની અંદર નથી થયો તો પછી ગુજકોકને મંજૂરી કેમ નથી આપવામાં આવતી? એનું કારણ રાજકીય કારણ છે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે રાજય સરકારને કેન્દ્ર સરકાર મદદ કરવા નથી માગતી અને એના પરિણામ સ્વરૂપે ગુજકોકને મંજૂરી નથી મળતી. આ ગુજકોકનો વિચાર એ કોઈ ગુજરાત સરકારનો વિચાર નથી. તારીખ ૬-૧-૨૦૦૧ના રોજ મહારાષ્ટ્રની સરકારે આ એકટ પસાર કર્યો અને ભારત સરકારે ગુજરાત સરકારને જણાવ્યું કે મહારાષ્ટ્રની અંદર આ એકટ પસાર થાય છે તો તમે પણ આ એકટ પસાર કરો. આ પત્ર ભારત સરકારના ગૃહ ખાતાએ ગુજરાત સરકારના ગૃહ ખાતાને લખ્યો છે અને એ પછી ગુજરાત સરકાર આ બિલ લઈને આવી છે. તારીખ ૨૬-૧૨-૨૦૦૧ના રોજ દિવસે વટહુકમનો મુસદ્દો મંજૂર થયો, તારીખ ૧૯-૩-૨૦૦૨ના દિવસે વટહુકમનો મુસદ્દો આપણે ભારત સરકારને મંજૂરી માટે મોકલી આપ્યો. તારીખ ૧૩-૩-૨૦૦૨ના રોજ કૅબિનૅટની અંદર બિલના સ્વરૂપમાં આને માન્યતા આપવામાં આવી. તારીખ ૪-૭-૨૦૦૨ના દિવસે બિલનો મુસદ્દો પણ ભારત સરકારને વહિવટી મંજૂરી અર્થે મોકલી આપ્યો. તારીખ ૨૩-૭-૨૦૦૨ના રોજ ભારત સરકારે ગુજરાત સરકારના રિમાર્ક મંગાવ્યા. તારીખ ૧૨-૧૧-૨૦૦૨ના રોજ ગુજરાત સરકારે આ બિલની અંદર પોતાના મંતવ્યો રજૂ કર્યા. તારીખ ૧૭-૨-૨૦૦૩ના રોજ આપણને પહેલીવાર કેન્દ્ર સરકારે મંજૂરી આપી કે ભારત સરકાર આ બિલને મંજૂરી આપે છે. તારીખ ૧૭-૩-૨૦૦૩ના દિવસે ગુજરાત વિધાનસભાએ આ બિલ પસાર કરી અને ગેઝેટમાં પ્રસિદ્ધ કરવાની મંજૂરી આપી અને તારીખ ૧-૪-૨૦૦૩ના રોજ નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રીએ આ બિલ નામદાર રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી માટે મોકલી આપેલ અને ત્યારથી આ બિલ માટે જુદી જુદી કક્ષાએ સાત વાર એના રિમાઈન્ડર મોકલવામાં આવ્યા છે પણ કેન્દ્ર સરકારના પેટનું પાણી નથી હાલતું. મારે એટલું જ કહેવું છે આ ગૃહના સભ્યશ્રીઓને કે આપણા સૌ માટે ચિંતાનો વિષય છે. શું ગુજરાતની જનતા આ દેશની અંદર સમાવિષ્ટ થતી નથી? શું ગુજરાતની જનતાને આતંકવાદથી બચાવવાની જવાબદારી કેવળ ગુજરાત સરકારની છે, કેન્દ્ર સરકારની આની અંદર કોઈ જવાબદારી નથી આવતી અને જો કેન્દ્ર સરકારની જવાબદારી આવતી હોય તો કેમ ગુજરાત સરકારને, ગુજરાતના સુરક્ષા બળોને, ગુજરાતની પ્રોસીક્યુશન એજન્સીઓને આ કાયદાકીય સમર્થન પૂરું પાડવામાં આવતું નથી અને જ્યારે પોટા ન હોય ત્યારે જો ગુજકોક હોય તો ગુજકોકની અંદર અનેક એવી જોગવાઈ છે કે જેના લીધે આપણે આ સંગઠિત ગુનાખોરી અને આતંકવાદ આપણને રોકી શકીએ. આ કાયદા નીચે કોઈપણ વ્યકિતની હત્યા થાય અથવા તો એને મારી નાંખવામાં આવે તો એને ફાંસીની સજા કરી છે અને દશ લાખ રૂપિયાનો દંડ કરવાનું નક્કી કર્યુ છે. આવા ગુનામાં કાવતરૂ કરવાવાળાને આજીવન કેદની સજા કરી છે અને પાંચ લાખ રૂપિયાનો દંડ કરવાનું નક્કી કર્યુ છે અને કોઈપણ ઓર્ગેનાઈઝ ક્રાઇમ આચરવાવાળી વ્યકિતની મિલકતો જપ્ત કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે અને એના માટે સ્પેશ્યલ કોર્ટ રચવાની જોગવાઈ છે જેના લીધે આ પ્રકારના ગુનાઓ આચરતા ગુનેગારોને ઝડપથી આપણે દંડ કરી શકીએ અને ઝડપથી સજા કરાવી શકીએ. એના

માટે સ્પેશ્યલ કોર્ટ રચવાની જોગવાઈ છે એ જોગવાઈ પણ આની અંદરથી કાઢી નાંખવામાં આવી છે જો સ્પેશ્યલ કોર્ટ રચવામાં નહિ આવે તો આટલા બધા કેસોના જંગલની અંદર પેલા ગુનેગારને જામીન મળે અને ગુનેગાર છૂટી જાય અને પહેલીવાર ગુન્હા કરે અને એમની હિંમત વધે. આ બધી જ જોગવાઈઓ એ ખૂબ જરૂરી છે, પરંતુ મને ખબર નથી પડતી કે ભારત સરકાર આ પ્રત્યે કેમ ગંભીરતા નથી કેળવતી અને કદાચ ખૂબ ગંભીરતાથી રાજકીય દૃષ્ટિકોણ રાખીને મંજૂરી આપવામાં આવતી નથી એવું મને ચોક્કસ લાગે છે અને હું તો એવું માનું છું કે આમ તો આ બિન સરકારી સંકલ્પ છે પરંતુ આ ગૃહની જે પરંપરા છે એની અંદર સામાન્યતઃ બિન સરકારી સંકલ્પને સભ્યશ્રી પાછા ખેંચતા હોય છે. અત્યાર સુધી સત્તર વખત એવું થયું છે. વિધાનસભાની સ્થાપનાથી કે પ્રજાના હિતના પ્રશ્ન હોય, પ્રજાને સમગ્રતાથી સ્પર્શતા પ્રશ્ન હોય જેનાથી પ્રજાને સીધી અસર થતી હોય એવા પ્રશ્ન હોય તે પ્રશ્ન બાબતનો સંકલ્પ જ્યારે જ્યારે આ વિધાનસભામાં આવ્યો ત્યારે વિધાનસભાએ સર્વાનુમતે તે સંકલ્પને સ્વીકાર્યો છે. હું તો આપના માધ્યમથી આ સમગ્ર ગૃહને કહેવા માગું છું કે જ્યારે ભારતના લશ્કરનું પણ ધર્મના આધારે વિભાજન થાય એવી પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય, કારણ બુશનું હોય કે કોઈ કાર્ટુનીસ્ટનું. એક ધર્મના લોકોને રોડ ઉપર લાવી ધર્મ ઝનૂન ઉભું કરવામાં આવતું હોય એ વખતે આતંકવાદ વધવાનો છે તેમાં કોઈના મનમાં કોઈ શંકા નથી અને જ્યારે આતંકવાદ સમગ્ર દેશમાં વધે એવી પ્રવૃત્તિ ચાલતી હોય તે વખતે ગુજરાતની પ્રજાના રક્ષણ માટે આ ગુજકોક તે ખૂબ પ્રાસંગિક છે. એટલે માનનીય અંબાલાલભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે તેને આ ગૃહના સર્વે માનનીય સભ્યશ્રીઓ સમર્થન કરે અને પસાર કરી આ ગૃહની લાગણી કેન્દ્ર સરકાર સુધી મોકલે અને તેમની આંખ ઉઘાડવાના પ્રયત્નો થાય એવી હું આપના માધ્યમથી વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી . :** માનનીય મંત્રીશ્રી, પહેલાં જે સભ્યશ્રીઓ બોલ્યા એમનો આભાર માનો.

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં ગૃહની અંદર આ સંકલ્પ જે અંબાલાલભાઈએ રજૂ કર્યો તેની અંદર બધાએ પોતાનો સહયોગ આપ્યો છે, વિચારો વ્યક્ત કર્યા છે તે સૌ સભ્યશ્રીઓનો હું પણ આભાર માનું છું.

**અધ્યક્ષશ્રી :** તમે સંકલ્પ મત ઉપર મૂક્યો છે. હવે ચાલો.

**શ્રી અંબાલાલ આ. રોહિત :** માનનીય અધ્યક્ષશ્રી, જે મેં આ સંકલ્પ રજૂ કર્યો તેમાં આદરણીય પ્રદિપસિંહ જાડેજાજી, મારા સાથી નરેન્દ્રભાઈ, મારા સાથી યોગેશભાઈ, ગોરધનભાઈ ઝડફીયાસાહેબ તે બધાએ સહકાર આપ્યો છે તે બધાનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. માનનીય મંત્રીશ્રીનો પણ હું આભાર માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૦મી માર્ચ,૨૦૦૬ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર તા.૧૦મી માર્ચ,૨૦૦૬**
**ફાલ્ગુન ૧૯, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# ટૂંકી મુદતનો પ્રશ્ન

**લખતર તાલુકામાં આર.ટી.ઓ. અને ટ્રાફિક શાખા દ્વારા ખેડૂતોના ટ્રૅક્ટરો ડીટેઈન કરવા અંગે**

**ટૂં.મુ.૨૦૪ શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વાહન વ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા.૨૭-૨-૨૦૦૬ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાં આર.ટી.ઓ. અને ટ્રાફિક શાખા દ્વારા ખેડૂતોના કેટલા ટ્રૅક્ટર ડિટેઈન કરવામાં આવ્યા, ટ્રૅક્ટર ડિટેઈન કરવાનું કારણ શું,

(૨) ટ્રૅક્ટર ખેડૂતનું આધુનિક ગાડું ગણવામાં આવેલ છે તે હકીકત સાચી, અને

(૩) સંબંધિતોએ ખેડૂતોને ખોટી રીતે હેરાન કરેલ હોઈ તેઓની સામે સરકાર શાં પગલાં લેવા માગે છે અને કયાં સુધીમાં?

વાહન વ્યવહાર મંત્રીશ્રી:

(૧) ૨ ટ્રૅક્ટરો ડિટેઈન કરવામાં આવેલ. ટ્રૅક્ટર ચાલકો પોતાના ટ્રૅક્ટરમાં ગેરકાયદેસર પેસેન્જરો બેસાડી નીકળતાં તેઓએ ચેક કરતાં બન્ને ટ્રૅક્ટરના ડ્રાઈવરો પાસે ડાઈવીંગ લાઈસન્સ, વાહન રજીસ્ટ્રેશનના કાગળો ન હોવાના કારણે એમ.વી.એકટ કલમ ૧૯૨, ૬૬(૧), ૧૩૦, ૫૬, ૧૭૭, ૨૦૭ મુજબ બન્ને ટ્રૅક્ટરો ડિટેઈન કરવામાં આવેલ હતાં.

(૨) ગૃહ વિભાગના તા. ૧૮/૩/૧૯૯૬ના ઠરાવ પ્રમાણે ખેતી વિષયક ટ્રૅક્ટર કમ ટ્રેઈલરમાં લગ્ન અથવા બીજા સારા નરસા સામાજિક પ્રસંગોએ અમુક શરતોને આધીન બિન ધંધાદારી વ્યકિતઓને લાવવા લઈ જવાની છૂટ આપેલ છે. આવા પ્રસંગોમાં ધાર્મિક પ્રવૃત્તિઓ જેવી કે પૂજા, મેળા, યાત્રા વ્યાખ્યાનો વિગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સામાન્ય સંજોગોમાં ટ્રૅક્ટર ટ્રેઈલરના માલિક અથવા તેને ભાડે રાખનાર કે નોકરો પણ કામ ઉપરની વ્યકિતઓને કામે લાવવા લઈ જવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધનરાજભાઈ કેલા :** માનનીય અધ્યક્ષશ્રી, આજના ટૂંકી મુદતના પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તેમાં ખરેખર લખતર તાલુકાના ખેડૂતો સવારે કપાસ વીણી પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા અને તે ટ્રૅક્ટરની અંદર ખેતમજૂરો પણ સાથે હતા. તેમાં ટ્રાફિક શાખા દ્વારા ભેગા થઈ ટ્રૅક્ટરોના કેસ કર્યા છે, પરંતુ આ ટ્રૅક્ટરની અંદર સાહેબ કપાસ-કાલા ભરેલા હતા અને મજૂરો પણ હતા અને તેમને બધાને સાથે પોલીસ સ્ટેશન લઈ ગયા. ટ્રૅક્ટર ડિટેઈન કરવામાં આવ્યું છે. મને સમાચાર મળ્યા ત્યારે મેં ટ્રાફિક શાખાના પી.એસ.આઈ. શ્રી જાડેજાને કહ્યું કે આ તો ખેડૂતગાડુ ગણાય, તે ખેતમજૂરો લઈને કપાસ વીણવા ન જાય અને જો ઘેર ન જાય તો કેવી રીતે ચાલે? ત્યારે તે કહે છે કે મને ખબર નથી કે આ ટ્રેકટર એ ગાડુ ગણાય છે. તેઓ કહે છે કે મારી પાસે કોઈ જી.આર નથી અને મને ખબર પણ નથી કે આ ગાડું છે. મેં કહયું કે આ જે ડિટેઈન કર્યુ છે તે ખેડૂત ગાડુ છે અને તેમાં કાલા કપાસ ભરેલા છે તેને છોડી દેવામાં આવે. ત્યારે તે પી.એસ.આઈ. કહે છે કે મેં ડિટેઈન કર્યુ નથી. જેણે ડિટેઈન કર્યુ હોય તેની પાસે જાઓ. સાહેબ મેં કલાક-બે કલાક મહેનત કરી છેવટે એક વ્યકિતએ દંડ ભર્યો. પણ હું કહેવા માગું છું કે આ બધી પરિસ્થિતિમાં ટ્રેકટર ગાડું ગણાતું હોય અને ડિટેઈન કર્યા પછી ખેડૂતો રજૂઆત કરવા માટે ગયા તો તેની સામે પગલાં લેવામાં આવ્યા છે. તેમાં કઈ કઈ કલમો લગાડવામાં આવી? આ કામે જે લોકો રક્ષક છે તે ભક્ષકનું કામ કરે તે કંઈ રીતે ચાલે? મારું કહેવું છે કે જે ખેડૂતો સામે પગલાં લેવામાં આવ્યા છે તે એફ.આઈ.આર. પાછી ખેંચવા માગો છો કે કેમ? બીજું કે તેમાં જે અધિકારીએ ભૂલ કરી છે તેની સામે એકશન લેવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ઘટના માનનીય સભ્યશ્રીએ જે રીતે હાઈલાઈટ કરી છે તેટલી મોટી નથી. એક ટ્રૅક્ટર હતું તેની જોડે જરૂરી કાગળો, ડ્રાઈવીંગ લાઈસન્સ, પીયુસી નહી હોવાના કારણે ડિટેઈન કરવામાં આવેલ છે. યોગ્ય દંડ ભરે તે સાહેબ મુકત કરવામાં આવશે. તાત્કાલિક પગલાં ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રેકટરની અંદર કાલાં કપાસ ભરેલા હતા કે નહીં તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે તે વિગતો અત્યારે નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રીએ આની પહેલાં ચાલુ સત્રમાં એક દિવસના પ્રશ્નના જવાબમાં પ્રત્યુત્તર આપ્યો હતો કે ગ્રામ્ય વિસ્તારમાં ટ્રૅક્ટર, રિક્ષા કે છકડો હોય તેને બે વર્ષ પહેલાં ટ્રૅક્ટરને ગાડાનો દરજ્જો આપી દીધો હતો. સામાન્ય રીતે ખેડૂતો દૂર સુધી વાડી કે ખેતર હોય ત્યાં ટ્રૅક્ટર, છકડા કે રિક્ષામાં મજૂરોને ખેતીકામ કરવા લઈ જતા હોય છે. આમ એકબાજુ માનનીય મંત્રીશ્રી એવું કહે છે કે અમે ગાડાનો દરજ્જો આપ્યો છે અને બીજીબાજુ ખેડૂતો પોતાના કામ ધંધા માટે ટ્રેકટર લઈને જતા હોય તો આ રીતે ડિટેઈન કરી દેવામાં આવતા હોય તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ જે ટ્રેકટરો લઈને જતા હતા તે ધંધાદારી ટ્રેકટરો હતા કે પછી ખેડૂતો પોતાના ખેતરેથી મજૂરો લઈને આવતા હતા તે ટ્રેકટર હતું. જો આવું હોય તો અને જયારે માનનીય મંત્રીશ્રીએ ગાડાનો દરજ્જો આપેલો હોય છતાં ડિટેઈન કર્યા હોય તો તેમાં જવાબદાર અધિકારી સામે પગલાં લેવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ફરી એકવાર ગૃહને જણાવવા માગું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકારે ટ્રૅક્ટરને ગાડાનો દરજ્જો આપ્યો છે અને તેના માટેનો જી.આર.પણ કર્યો છે. આ એક ઈન્ડીવીડયુઅલ ઘટનાને ઉપાડીને, મારો જવાબ તો પૂરો થવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, આ એક ઈન્ડીવીઝ્યુઅલ ઘટનાને ઉપાડીને જો એમ વાત કરતા હોય કે, આખા રાજયમાં ટ્રેકટરવાળાઓને હેરસમેન્ટ અટક્યું નથી તો એ વાત ખોટી છે, મારી પાસે આંકડા છે, સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૦૩માં એક, ૨૦૦૪માં એક, ૨૦૦૫માં પણ એક ડીટેન કરવામાં આવેલ છે અને ૨૦૦૬માં અત્યાર સુધીમાં બે ડીટેન કરવામાં આવેલ છે એનો મતલબ એ થાય કે સમગ્ર રાજયમાં ખેડૂતોનો જે વ્યવહાર ચાલે છે એ સુચારુ રૂપે ચાલી રહ્યો છે કોઈ એકાદ ઘટનામાં કોઈ કાગળો ન હોય કે બીજો કોઈ પ્રશ્ન ઊભો થયો હોય તો એના કારણે ટ્રૅક્ટરને ડીટેન ર્ક્યુ હોય તો ૨૫૦ રૂપિયાનો દંડ છે એ ભરે એટલે તરત ટ્રૅક્ટર છૂટું કરવામાં આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઈન્ડીવીઝ્યુઅલ ઘટના તો સામી આવી છે એટલા માટે કે માનનીય સભ્યશ્રી ધનરાજભાઈ કેલા એક જાગૃત સભ્ય છે એટલે એમણે આ મુદ્દો ઉઠાવ્યો છે, પણ જેના ઉપર કેસ ન થતા હોય અને માત્ર પોલીસ અથવા તો જે તે વિભાગના અધિકારીઓ તોડ કરીને જવા દેતા હોય છે એવી અનેક ઘટનાઓ આખા ગુજરાતમાં બનતી હોય છે અને આમાં પણ એ સ્વીકારેલી વાત છે કે આ ખેડૂતનું ટ્રૅક્ટર હતું તો અધિકારી સામે પગલાં લઈને આખા ગુજરાતમાં એક દાખલો બેસાડવો જોઈએ, એને બદલે દંડ કરવાની વાત છે એ કાયદાકીય વિરુદ્ધની જે પ્રવૃત્તિ થયેલી છે એને પ્રોત્સાહન આપવાની વાત છે તો મારે એ પૂછવું છે કે આ પ્રકારે અધિકારી સામે પગલાં લેવા માગો છો કે કેમ, અને ખેડૂતને એનો આ કેસ બંધ કરીને એને વળતર આપવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કેસના મેરીટમાં ઊંડા ઊતર્યા વગર અત્યારે મારે અધિકારી બાબતમાં કે કેસના મેરીટમાં કંઈ કહેવું અઘરું છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, ટ્રૅક્ટરમાં કપાસ હતો અને સરકારે ખેડૂતના ટ્રૅક્ટર અને છકડાને તો છૂટછાટ આપી છે તેમ છતાં ટ્રૅક્ટરને પકડીને દંડ કરવાની વાત માનનીય મંત્રીશ્રીએ કરી છે તો આને છૂટછાટ કેવી રીતે આપી કહેવાય? અને આવા તો એક ટ્રૅક્ટર નહીં પણ રાજયમાં આવા પ્રશ્નો તો રોજે રોજ બનતા હોય છે અને એની હું વારંવાર રજૂઆત પણ કરું છું કે દરેક જિલ્લામાં આવા પ્રશ્નો બને છે, તો જો આમાં દંડ લેશો તો એને છૂટછાટ આપી છે એનો સવાલ રહેતો નથી, કોઈ ઉદ્યોગપતિની ગાડી પકડી હોય તો બરાબર છે તો જો ટ્રૅક્ટરને છૂટછાટ આપેલી હોય તો એનો દંડ ન લેવો જોઈએ એ ટ્રૅક્ટરને છોડી દેવું જોઈએ અને દરેક જગ્યાએ પરિપત્ર કરીને જાણ કરવી જોઈએ કે ટ્રૅક્ટર અને છકડાને આ રીતે છૂટ આપી છે માટે એને ડીટેન ન કરવા, એવો પરિપત્ર કરીને ધ્યાન દોરવા માગો છો કે કેમ ? અને દંડ કર્યા વગર આ ટ્રૅક્ટરને છોડી દેવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં શરૂઆતમાં જ કહ્યું કે, કાલા લઈ જવા માટે કે કોઈ વ્યકિત, ખેત મજૂરો બેસાડવા માટે ટ્રૅક્ટર ડીટેન નથી કરેલ પણ પૂરતા દસ્તાવેજો ન હોવાના કારણે કલમ હેઠળ ડીટેન થયા છે એટલે સરકયુલર કરવાનો કે બીજો કોઈ પ્રશ્ન આમાં ઊભો થતો નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે જવાબ આપ્યો છે કે આમાં માત્ર કારણ એટલું જ હતું કે એમની પાસે કાગળ ન હતા, જ્યારે આપણે ટ્રૅક્ટરને આ દરજ્જો આપ્યો છે એક ગાડુ ગણીને તો મારી આપને વિનંતી છે કે, કોઈપણ ટ્રૅક્ટર ખેડૂતનું હોય એ કાગળ રાખી શકતા નથી હોતા એ આપણે જાતે સ્વીકારીને ચાલતા હોઈએ છીએ તો મારે એટલું જ કહેવાનું છે કે, તમે જો આટલું બધું કર્યુ હોય તો આવા કેસોમાં અને એ પણ કાગળો નહીં રાખવાના એક નાના નાના પ્રશ્નમાં મને લાગે છે કે, સરકારે આ બાબતમાં કંઈક વિચારવું જોઈએ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ સરકારી દસ્તાવેજો જોડે ન રાખવાના કે કાગળો ન રાખવાનો એવો સરકયુલર તો કેવી રીતે કરી શકે?

# તારાંકિત પ્રશ્નો

**મંત્રી મંડળના મંત્રીશ્રીઓ માટે આવતા અખબારો સામાયિકોના ખર્ચ**

***૧૩૯૯૦ શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) રાજયના મુખ્ય મંત્રી સહિત મંત્રીમંડળના દરેક મંત્રીશ્રીઓ માટે દર માસે આવતા અખબારો, સામાયિકોના બીલ સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રકમના બીલો ચૂકવવામાં આવ્યા, અને

(૨) કરકસરના પગલાં રૂપે સરકાર આ બાબતે કાપ મૂકવા માગે છે કે કેમ ?

**મુખ્ય મંત્રીશ્રી ( સામાન્ય વહીવટ)** :

(૧) સને ૨૦૦૪-૦૫ માટે કુલ રૂા. ૨,૦૭,૨૮૨ અને સને ૨૦૦૫-૦૬ ( તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં) કુલ રૂા. ૧,૮૦,૩૬૧નો ખર્ચ થયેલ છે.

(૨) ખર્ચની વિગતો જોતાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જણાવશે કે રાજયના મુખ્ય મંત્રી સહિત મંત્રીમંડળના દરેક મંત્રીશ્રીઓ માટે દર માસે કેટલા અખબારો અને સામાયિકો આવે છે અને એમાં ગુજરાતી, હિંદી, અંગ્રેજી કેટલા આવે છે અને વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫માં કેટલી રકમ આ માટે ખર્ચવામાં આવી અને આ માટે આજ દિન સુધી ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો હતો અને જે એસ.ટી જે પાછળ લગાવે છે એનો કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, એસ.ટી.નો પ્રશ્ન આમાં નહીં આવે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા:** માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જ લખ્યું છે કે, ૨૦૦૪-૦૫માં અને ૨૦૦૫થી જાન્યુઆરી ૨૦૦૬ સુધીમાં સરકારે કેટલો ખર્ચ કર્યો છે. મંત્રીમંડળ માટે અખબારો માટે કોઈ મર્યાદા સરકારમાં નક્કી થયેલી નથી. સામયિકો માટેની મર્યાદા વર્ષની ૨૦૦૦ રૂપિયાની નક્કી કરેલી છે. મંત્રી દીઠ માસિક અખબારનું બિલ સરેરાશ ૬૨૩ આવે છે અને સામયિકનું માસિક ખર્ચ રૂા.૪૫ આવે છે એટલે જે ખર્ચ આવે છે એ ખર્ચ યોગ્ય મર્યાદામાં જ કરવામાં આવે છે. બીજું માનનીય સભ્યશ્રીએ કહ્યું એ મુજબ ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૦૬ના આંકડા જવાબમાં જ આપવામાં આવેલ છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખર્ચ ઓછો કરે અને એ.સી. રાખે છે બે-બે અને ત્રણ-ત્રણ એ પણ ઓછા કરે તો સરકારને ખર્ચ ઘટે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ બાબત આમાં નહીં આવે.

**સનદી સેવાઓ માટે આપવામાં આવતી તાલીમ**

***૧૪૭૮૦ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ): માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સનદી સેવાઓ માટેના તાલીમ અને તે માટેના પ્રાથમિક અભ્યાસ અને તાલીમ સ્પીપા (સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમીનીસ્ટ્રેશન) ખાતે તાલીમ લઈને કેટલા ઉમેદવારો વર્ગ-૧ અને વર્ગ-૨માં જી.પી.એસ.સી.માં તથા યુ.પી.એસ.સી.માં છેલ્લા ત્રણ વર્ષમાં ઉત્તિર્ણ થયા,

(૨) આ પ્રકારની તાલીમ વ્યવસ્થાને હાલની જરૂરિયાત પ્રમાણે વધારે સક્ષમ બનાવી રાજયના વધુ યુવાનો જી.પી.એસ.સી. તથા યુ.પી.એસ.સી.માં ઉત્તિર્ણ થાય તે માટે સરકાર કોઈ પગલાં ભરવા માગે છે કે કેમ, અને,

(૩) તો શું શું પગલાં ભરીને આ રાજયના વધુ યુવાનો યુ.પી.એસ.સી. અને અન્ય સનદી સેવાઓમાં જોડાય તેવું સરકારનું આયોજન છે?

**મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ):**

(૧) યુ.પી.એસ.સી. દ્વારા લેવાતી સિવિલ સર્વિસીઝ (આઈ.એ.એસ./આઈ.પી.એસ.)પરીક્ષાની તાલીમ સ્પીપા ખાતે આપવામાં આવે છે. આ તાલીમમાં છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ વિદ્યાર્થીઓ ફાઈનલ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ છે.

| | |
|---|---|
| ૨૦૦૧-૨૦૦૨ | ૧ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૩ |

| | |
|---|---|
| કુલ | ૭ |

સંસ્થા દ્વારા જી.પી.એસ.સી.ની વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા્ની તાલીમ આપવામાં આવતી નથી.

(૨) હા, જી.

(૩) સ્પીપા દ્વારા વિદ્યાર્થીઓ માટે ઓરીએન્ટેશન કોર્સ તેમજ શાળા કૉલેજોના વિદ્યાર્થીઓમાં આ અંગે જાગૃતિ આવે તે માટે સૅમિનાર યોજીને સનદી સેવા અને સિવિલ સર્વિસીઝ પરીક્ષા અંગે સમજણ આપવામાં આવે તેવું આયોજન છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, જયારે ગુજરાત રાજયમાં સ્પીપા જેવી ઇન્સ્ટિટ્યૂટ ઘણાં વર્ષોથી કાર્યરત છે, ત્યારે ગુજરાત રાજય સનદી સેવા માટેના યુવાનો પૂરા પાડી શકે એ માટેનો જે જવાબ મળ્યો છે ૨૦૦૧-૨૦૦૨, ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪માં દરેક વર્ષે માંડ માંડ ૧, ૨ કે ૩ લોકો સનદી સેવામાં આપણે ઉત્તીર્ણ કરાવી શકયા છીએ. બિહાર જેવું પછાત ગણાતું રાજય પણ આખા હિંદુસ્તાનમાં પહેલા ક્રમે આવે છે. તો મારી વિનંતી છે કે, આ સંસ્થા દ્વારા ગુજરાત રાજયની ગ્રૅજ્યુએટ કૉલેજોની અંદરથી એકદમ ટેલેન્ટેડ યુવાનો લઈને રાજય સરકાર પોતાના યુવાનો કલાસ-૧ અને કલાસ-૨ બને એ માટે સનદી સેવા માટે કોઈ વિશેષ પ્રકારનું આયોજન કરવા માગે છે કે કેમ? બીજું આમાં મને જવાબ આપ્યો છે કે, વર્ગ-૨નો સમાવેશ થતો નથી. તો આપણી જરૂરિયાત વર્ગ-૨ની એટલી જ રહે છે રાજય સરકારને અને ભવિષયમાં પણ આ કેડરમાંથી આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. કેડરમાં જઈ શકે છે તો એના માટે સ્પીપામાં તાલીમ મળે એવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી ખૂબ સાચી છે કે, આપણે સૌએ પ્રયત્નો કરવા જોઈએ. આ વહિવટી સેવાઓ કેન્દ્રીય જાહેર સેવા આયોગને લગતી છે, એમાં ગુજરાતના વધુમાં વધુ યુવાનો નિપુણતા પ્રાપ્ત કરે. છેલ્લા ત્રણ વર્ષથી સ્પીપાએ અનેક પ્રકારના સુધારા વધારા સાથે ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટની સાથે સાથે આ પ્રકારની ગુજરાતના યુવાનોને લગતી બાબતો અંગે એમને માર્ગદર્શન આપવા માટે ખૂબ સારી પ્રક્રિયા હાથ ધરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૬૦ જેટલા વિદ્યાર્થીઓને દર વર્ષે પ્રવેશ આપીને એમને સંપૂર્ણ વર્ષ દરમ્યાન આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે અને અત્યાર સુધીમાં આ કેન્દ્રીય સેવા આયોગ દ્વારા જે પ્રકારની પરીક્ષાઓ થાય છે એમાં ગુજરાતના જુદા જુદા વિભાગોમાં લગભગ ૩૨ જેટલા યુવાનો પસંદગી પામ્યા છે. સ્પીપા અને બાકીની બધી જ પ્રક્રિયાઓ દ્વારા કૅમ્પસ ઈન્ટવ્યુ માટેના કૅમ્પસ સૅમિનાર માટેના અને અન્ય જ્યાં જ્યાં જરૂરિયાત જણાય એવી સરકારી સંસ્થાઓને સંયુક્ત રીતે સાંકળીને આ પ્રકારની જાગૃતિ આવે વિદ્યાર્થીઓમાં એના માટે પ્રયત્નો કરીએ છીએ. ગત વર્ષમાં કુલ ૪૩૬૫ આવા વિદ્યાર્થીઓએ જુદી જુદી પ્રક્રિયામાં ભાગ લીધો છે. માનનીય સભ્યશ્રીની લાગણી સાથે સંમત છું કે, આ પ્રકારની વ્યવસ્થા હજુ વધુ સઘન બનાવવામાં આવશે. સ્પીપામાં લાયબ્રેરીની વ્યવસ્થા, વાચવા માટેની, રહેઠાણ માટેની વગેરેની વ્યવસ્થા આ કૅમ્પસમાં ઊભી કરેલ છે. આમ છતાં આને વધુ સઘન બનાવવા કાર્યવાહી હાથ ધરાશે ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને વધુ લાભ પ્રાપ્ત થાય એનો વિચાર કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જી.પી.એસ.સી.ને લગતો પ્રશ્ન પણ પૂછયો છે. ફાયદો એ પણ થયાનું જાણવા મળે છે કે આ પ્રકારની કેન્દ્રીય સેવા આયોગની પરીક્ષા માટે જે વિદ્યાર્થીઓ તાલીમ પ્રાપ્ત કરે છે અને એમાં જે કંઈ તૈયારી કરે છે એ કદાચ કેન્દ્રીય સેવા આયોગમાં પોતે પરિણામ લક્ષી પૉઝિટીવ ન હોય, પરંતુ ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષામાં જ્યારે એ ભાગ લે છે ત્યારે એને બાકીના કરતાં ખૂબ સારી સફળતા પ્રાપ્ત થતી હોવાનું જાણવા મળે છે અને એ રીતે પરોક્ષ રીતે ફાયદો થાય છે. અત્યારે ગુજરાતમાં અન્ય સંસ્થાઓ પણ વર્ગ-૧ અને વર્ગ-૨ ની ગુજરાત જાહેર સેવા આયોગની પરીક્ષાઓ માટેની અનેક પ્રકારની તાલીમ યોજે છે. આમ છતાં સ્પીપા માટેનું જે કંઈ એમનું સૂચન છે એ સૂચન જ્યારે પણ સ્પીપા માટેની અન્ય બાબતોની વિચારણા કરીશું ત્યારે ચોક્કસપણે ધ્યાન પર લઈશું.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ત્રણ વર્ષના આંકડા જે આપવામાં આવ્યા છે એમાં જોઈએ તો ઘણા ઓછાં વિદ્યાર્થીઓ આમાં ભાગ લે છે. એટલે રાજયની જેટલી યુનિવર્સિટીઓ અને કોલેજો છે એ દરેક જગ્યાએ માહિતી આપવામાં આવે કે આ પ્રકારના કોર્સ ચલાવવામાં આવે છે તો વિદ્યાર્થીઓ આમાં ભાગ લેવા આવશે અને બીજા રાજયોમાંથી વિદ્યાર્થીઓ આમાં વધારે સનદી સેવામાં આવે છે તો બીજા રાજયોનો અભ્યાસ કરીને આને વધારે સઘન બનાવવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : દરેક કોલેજોમાં અને અન્ય જગ્યાએ પરિપત્રો કરવામાં આવ્યા છે, મેં કહ્યું તેમ ત્યાં રૂબરૂ જઈને પણ આ પ્રકારના તાલીમ કાર્યક્રમમાં ભાગ લે એના માટેના પ્રયત્નો કરવામાં આવે છે. કુલ ૬૦ સીટો આમાં રહેલી છે આ તાલીમ કોર્સ માટેની પરંતુ લગભગ એમાં ૩૦૦ થી ૪૦૦ લોકો ભાગ લેતા હોય છે અને સ્પર્ધાત્મક પરીક્ષા થતી હોય છે અને એમાં એસ.સી., એસ.ટી. ના ક્વોટા, સામાન્ય માટેનો ક્વોટા એમ બધું મળીને કુલ ૬૦ વિદ્યાર્થીઓની આમાં આખરી પસંદગી થતી હોય છે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતે દરેક ક્ષેત્રે હરણફાળ ભરી છે, એ ઉદ્યોગ ક્ષેત્ર હોય, તબીબી ક્ષેત્ર હોય કે વેપાર ક્ષેત્ર હોય અને આપણે એ પણ જાણીએ છીએ કે ડો. બાબાસાહેબ આંબેડકર જેવા એક દલિત આગેવાન પણ એક સ્કોલર બની શકે છે, પરંતુ ગુજરાતમાં અંગ્રેજી અભ્યાસક્રમ પ્રત્યે જે અભિગમ હોવો જોઈએ એ નહિ હોવાના કારણે સનદી સેવાઓમાં જે પ્રકારે ગુજરાતના યુવાનોને તક મળવી જોઈએ એ મળતી નથી એટલે મારે માનનીય મંત્રીશ્રીને એ જ વિનંતી કરવી છે કે એવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે જાગૃતિ લાવવી હોય ત્યારે સમયસર આપણે ગુજરાતની અંદર અંગ્રેજી માધ્યમ અંગે અને અંગ્રેજી વિષય પ્રત્યે રૂચિ કેળવવા માટેના જે કંઈ પ્રયત્નો કરવા જોઈએ એ પ્રયત્ન કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સ્પીપા દ્વારા જે પ્રકારની તાલીમ આપવામાં આવે છે એમાં તો એ વિષયને સાંકળીને એ પ્રકારની તૈયારી ચોક્કસપણે કરાવવામાં આવે છે એની સાથે સાથે રાજય સરકારે શિક્ષણ વિભાગમાં જે પ્રકારનો પ્રયત્ન શરૂ કર્યો છે અને એને કારણે વિદ્યાર્થીઓનું અંગ્રેજી માટેનું જ્ઞાન વધે અને આગામી જે કંઈ કૅરિયર માટેની પરીક્ષા હોય એમાં એ સફળતા પ્રાપ્ત કરે એવી શિક્ષણ વિભાગે પણ ખૂબ સારી દિશામાં આ પહેલ કરી છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં છેલ્લાં ત્રણ વર્ષમાં આ બાબતે સરકારે કેટલો ખર્ચ કર્યો, બીજુ યુ.પી.એસ.સી.ની સનદી સેવાઓમાં જોડાય તે માટે રાજય સરકાર સેમિનારોનું આયોજન કરે છે કેમ અને આવા કોઈ સેમિનારો યોજવામાં આવ્યા ખરા?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સ્પીપાનું સંપૂર્ણ ખર્ચ આ પ્રકારનું અલગ તાલીમ ખર્ચ અત્યારે મારી પાસે ઉપલબ્ધ નથી, પરંતુ એમને સ્ટાઈપન્ડ આપવામાં આવે છે અને એસ.સી., એસ.ટી અને બક્ષીપંચના વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા આપવામાં આવે છે અને બપોરના ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ તાલીમ વર્ગ છે એ જે કોર્સ જે છે એની સમય મર્યાદા, સમયગાળો કેટલો છે અને એ કોર્સની અંદર પ્રવેશ મેળવવાનું બેઝીક ક્વૉલિફિકેશન, મૂળભૂત લાયકાત કઈ કઈ છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા**: માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ગમાં સિવિલ સર્વિસીસની પરીક્ષાઓના તબક્કાઓને ધ્યાનમાં રાખીને અહીંયા તબક્કા મહદઅંશે નક્કી કરવામાં આવતા હોય છે. ત્રણ તબક્કામાં એની તાલીમ હોય છે પ્રથમ તબક્કો સપ્ટેમ્બરથી પ્રિલીમનરી પરીક્ષા સુધીનો હોય છે એટલે કે મે માસ સુધીનો, બીજો તબક્કો પ્રિલીમનરીથી મુખ્ય પરીક્ષા સુધીનો એટલે કે લગભગ ઓગસ્ટથી ઓકટોબર સુધીનો હોય છે અને ત્રીજો તબક્કો મુખ્ય પરીક્ષાના પરિણામથી મૌખિક ઈન્ટરવ્યુ સુધીનો એટલે કે લગભગ માર્ચથી એપ્રિલ સુધીનો હોય છે. તેમણે શૈક્ષણિક લાયકાત માટે વાત કરી સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટે જે ૬૦ શીટ માટેનો તાલીમ વર્ગ છે, તેમાં સામાન્ય કેટેગરીના ઉમેદવારો માટે ગ્રૅજ્યુએટ અને પોસ્ટ ગ્રૅજ્યુએટમાં મિનિમમ ૫૫ ટકાનું ધોરણ છે. અનામત જાતિના ઉમેદવાર માટે ગ્રૅજ્યુએટ અને પોસ્ટ ગ્રૅજ્યુએટમાં ૪૫ ટકાનું ધોરણ છે. માતૃભાષા ગુજરાતી હોવી જરૂરી છે અને વય-મર્યાદામાં સામાન્ય કેટેગરી માટે ૨૧ થી ૩૦ વર્ષ, અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે ૨૧ થી ૩૫ વર્ષ છે અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ૨૧ થી ૩૩ વર્ષનો ક્રાઈટ એરિયા નક્કી કર્યો છે.

## કચ્છ જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ

***૧૬૦૩૪ શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઈ રાજય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો કચ્છ જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) ફરજ બજાવતા તમામ ૧૫૧૭ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે, આ કાર્યક્રમ અંતર્ગત હ્દયરોગ,ટી.બી., રક્તપિત્ત, કૅન્સર, એઈડસ જેવા ગંભીર રોગોની સારવારની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે કે કેમ ? જો હા, તો આ વ્યવસ્થા કોના મારફત અને કેવી રીતે ગોઠવવામાં આવે છે ?

**શ્રી અમિત અ. શાહ**: માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી આ કાર્યક્રમનો સવાલ છે ત્યાં સુધી કાર્યક્રમ તો આરોગ્ય તપાસણીનો અને પ્રાથમિક ચકાસણી રોગોની કરવાની છે, પરંતુ આવા જે ગંભીર રોગો જો કોઈ જગ્યાએ આઈડેન્ટીફાઈ થાય અને ખાસ કરીને પોલીસ જવાનોમાં નથી થતાં પણ તેમના પરિવારજનોમાં જે આરોગ્ય તપાસણી

થાય છે તેની અંદર ઘણી જગ્યાએ વૃદ્ધ મા-બાપમાં અને બાળકોમાં પણ આવા રોગો આઈડેન્ટીફાઈ થાય છે ત્યાં આગળ સિવિલ હૉસ્પિટલની મદદ લઈ અને આની ઈલાજ કરવાની વ્યવસ્થા અમે કરેલી છે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં પોલીસ યુનિટમાં આરોગ્ય તપાસણી વખતે કયા કયા રોગોનું કેટલું પ્રમાણ શોધી શકાયેલ છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૩ પોલીસ અધિકારી કર્મચારીઓમાં ગંભીર પ્રકારના રોગ મળ્યાં છે તેમાં ૧૧ને ડાયાબીટીસ, ૧ને ટી.બી., ૯ને બ્લડપ્રેશર અને ૨ને હ્દયને લગતી તકલીફો ધ્યાનમાં આવી છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, કચ્છ જિલ્લાની અંદર પોલીસ યુનિટમાં સો ટકા આરોગ્ય તપાસ પૂર્ણ થાય તે માટે શું આયોજન કરેલ છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી સાચી છે કે કચ્છ જિલ્લામાં સમગ્ર રાજયમાં જે ટકાવારી છે તે ઓછી છે અને સો ટકા થાય તેના માટે આગામી બે માસની અંદર જ સઘન વ્યવસ્થા કરીને કેમ્પ ગોઠવવામાં આવનાર છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાના પોલીસ તંત્ર દ્વારા આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાલક્ષી કાર્યક્રમ અંગે માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તો સંપૂર્ણ ચકાસણી માટે તમામ પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની ૧૫૧૭ની ચકાસણી કરવામાં આવી છે. આ ચકાસણી કઈ કઈ હૉસ્પિટલો સરકારી કે ખાનગીમાં કરવામાં આવેલી છે અને તે અંગે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ખર્ચનો પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થતો નથી કારણકે તેમાં બધા ડોકટરો, સ્વયંસેવી સંસ્થાઓ અને સિવિલ હૉસ્પિટલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સિવિલ હૉસ્પિટલની અંદર ખર્ચનો હેડ તો સીધે સીધો આરોગ્ય વિભાગ હેઠળ જાય છે પરંતુ જે આરોગ્ય તપાસણી કરવામાં આવી છે તેની અંદર લાયન્સ, જેસીઝ, મૅડિકલ એસોસિએશન અને સિવિલ હૉસ્પિટલ આ બધાનો જ સહયોગ લઈએ છીએ અને જ્યાં આગળ મોટા રોગો આઈડેન્ડીયાઈ થાય તેની આગળની સારવાર માટે સરકારી હૉસ્પિટલનો ઉપયોગ કરવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માગું છું કે, આ સીકલ સેલ તે રોગ ભયંકર રોગ છે.

**અધ્યક્ષશ્રી** : એ આમાં નહીં આવે.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : આ ભયંકર રોગ છે તો તેને માટે પોલીસ કર્મચારીઓ માટે આની કોઈ જોગવાઈ કરવામાં આવી છે કે કેમ ?

**અધ્યક્ષશ્રી** : રોગની તપાસ થાય એટલે બધા રોગની વાત આવી જાય.

**શ્રી અમિત અ. શાહ**: આ રોગની પણ તપાસણી કરવામાં આવે છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : આ આરોગ્ય અંગેની વાત છે, એટલે મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓની ફીટનેસ જળવાઈ રહે એ માટે ખાતા તરફથી કોઈ જોગવાઈ કરવામાં આવે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ**: છેલ્લા બે વર્ષથી પરેડ ઉપર ખૂબ ભાર મૂકવામાં આવે છે. પરેડ ઉપર ભાર મૂકવાની સાથે સાથે જુદી જુદી સંસ્થાઓ દ્વારા યોગના જે કલાસીસ ચલાવવામાં આવે છે એ રીતે યોગ અને ટ્રેસ મેનેજમેન્ટ દ્વારા અને શારીરિક ફીટનેસ દ્વારા એમની ફીટનેસ જળવાઈ રહે એ માટે તમામ પ્રયત્નો કરવામાં આવે છે.

### વડાપ્રધાન રોજગાર યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ અરજીઓ

***૧૫૮૮૮ શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વડાપ્રધાન રોજગાર યોજના તથા બેન્કેબલ યોજના હેઠળ કેટલી અરજીઓ છેલ્લા ત્રણ વર્ષમાં આવી,

(૨) કેટલી અરજીઓ બેંક ધ્વારા મંજૂર કરવામાં આવી,

(૩) ના મંજૂર કરવાના કારણો શાં છે, અને

(૪) બાકી અરજીઓનો સરકાર ક્યારે નિકાલ કરવા માગે છે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉધોગ) :**

(૧)

| અ.નં. | યોજનાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૨૪૩૨ |
| ૨ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૪૪૩૨ |

(૨)

| અ.નં. | યોજનાનું નામ | બેન્ક ધ્વારા મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૭૭૪ |
| ૨ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૧૬૧૩ |

(૩) બેન્ક ધ્વારા નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

૧.ધંધો પોષણક્ષમ ન હોવાથી
૨. અરજદાર તેમજ તેમના કુટુંબની વ્યક્તિ મુદ્દત વીતી બાકીદાર હોવાથી
૩. ધંધાની જાણકારી ન હોવાથી
૪. જરૂરી દસ્તાવેજો રજૂ ન કરેલ હોવાથી
૫. બેન્કો ધ્વારા અગાઉ ધીરાણ કરેલ રકમની વસુલાત ઓછી થવાથી

(૪) બાકીની ૬૫૦ અરજીઓનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : વડાપ્રધાનશ્રીની રોજગાર યોજનામાં ત્રણ વર્ષમાં ૨૪૩૨ અને માનનીય વડાપ્રધાન બાજપાઈ બેંકેબલ યોજના નીચે ૪૪૩૨ કેસો આવ્યા અને ૭૭૪ અને ૧૬૧૩ મંજૂર કર્યા. જે બેકાર યુવાનો ધંધા રોજગાર માટે અરજી કરે અને ૩ વર્ષનું જે રીઝલ્ટ છે તે ખૂબ ઓછું છે. આ બેકાર યુવાનો પોતાને રોજીરોટી મળી રહે એ માટે લોનનો પ્રયત્ન કરતા હોય છે, ત્યારે નેશનલાઈઝ બેન્કો લોન આપવામાં ઠાગાઠૈયા કરતી હોય છે અને અમે ફોન કરીએ ત્યારે પણ પોતાની રીતે લોકોની અરજીઓ ટલ્લે ચડાવવા માટે કાર્ય કરતી હોય છે, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આ નેશનલાઈઝ બેન્કો પાસે આવી લોનની અરજીઓનો યોગ્ય રીતે નિકાલ થાય એ માટે અને એના ઉપર અંકુશ રહે તે માટે કોઈ યોજના કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિકપણે લોનની અરજીઓ આવે ત્યારે બધી જ અરજીઓ મંજૂર થાય એવું અપેક્ષિત નથી. હું આપને લક્ષ્યાંકની વિગતો આપું છું કે ૨૦૦૩-૦૪માં બાજપાઈ બેન્કેબલ યોજના નીચે ૪૮૦નો લક્ષ્યાંક નિર્ધારીત હતો, તેની સામે બેન્કો દ્વારા મંજૂર કરવામાં આવેલ અરજીઓ ૫૩૮ હતી. ૨૦૦૪-૦૫માં લક્ષ્યાંક ૫૭૪નો હતો, તેની સામે ૬૩૪ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. આ એક આકર્ષક યોજના હોવાના કારણે ઘણા યુવાનો આ લોન લેવા માટે અને સબસિડી માટે અરજીઓ કરતા હોય છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો દ્વારા આ અરજીઓની સ્કુટીની કરી નોર્મ્સ મુજબ બેંકોને ભલામણ કરવાની રાજય સરકારની પદ્ધતિ છે. બેંકોને લોન મંજૂર કરવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન્સ, માર્ગદર્શક રેખાઓ મુજબ સામાન્ય રીતે અરજીઓ મંજૂર કરવાની રહેતી હોય છે. બેન્કો આમાં વિશેષ રૂચિ દાખવે અને વધારે ધિરાણ મંજૂર કરે એને માટે રાજય કક્ષાએ બેન્કોની કન્સલ્ટેટીવ કમિટી છે, એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ બેન્કોના અધિકારીઓનું ધ્યાન દોરેલ છે અને જિલ્લા કક્ષાની કમિટીમાં પણ આ અંગે ધ્યાન દોરવામાં આવ્યું છે. આપણે બેન્કો ઉપર આથી વિશેષ કન્ટ્રોલ કરી શકતા નથી.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : સુરેન્દ્રનગર જિલ્લામાં ૩ વર્ષમાં બેન્કેબલ યોજના તથા વડાપ્રધાનશ્રીની રોજગાર યોજનામાં અનુસૂચિત જાતિના કેટલા વ્યકિતઓને લોન આપવામાં આવી?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના ઈસમોને સન ૨૦૦૩-૦૪ના વર્ષમાં બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ ૧૬૩, સન ૨૦૦૪-૦૫માં ૨૧૭, સન ૨૦૦૫-૦૬ માં ૪/૩ સુધી ૯૧ને લાભ આપવામાં આવ્યો છે. વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના નીચે સન ૨૦૦૩-૦૪ માં ૧૯૩, ૨૦૦૪-૦૫માં ૧૯૩ અને ૨૦૦૫-૦૬માં ૭૪ ને લાભ આપવામાં આવ્યો છે. આ રીતે અનુસૂચિત જાતિના બેકાર યુવાનો પણ આ યોજના નીચે આ લોન વગેરે મેળવે અને સ્વનિર્ભર બની પોતાનો રોજગાર શરૂ કરી શકે છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા આ કેસો મંજૂર કરવામાં આવે છે. અને નવ યુવાનો અને શિક્ષિત બેકારો બેંકમાં આંટા મારીને તેમના ચંપલનાં તળિયાં ઘસાઈ જતાં હોવા છતાં પણ એમને લોન મળતી નથી. તો આ બાબતમાં સરકાર કોઈ નકકર કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધયક્ષશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર આ અરજીઓ મંજૂર કરતું નથી, પરંતુ એના માટેની ભલામણ કરે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે આ અરજીઓની સ્કુટીની કરીને બેંકોને લોન માટેની ભલામણ કરવામાં આવે છે અને એમાં પણ કેટલીક અરજીઓ નિયમમાં ના આવતી હોય તો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા નામંજૂર પણ કરવામાં આવે છે. બેંકો દ્વારા એની કમિટી હોય છે એ કમિટી મારફતે અને મેં અગાઉ કહયું તેમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, કારણ કે આ કેન્દ્ર સરકારની સબસિડી આધારિત યોજના હોવાથી એનું નિયમન એ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ગાઈડલાઈન પ્રમાણે બેંકો કરતી હોય છે. આપણે રાજય સરકારે બાજપાઈ

બેંકેબલ યોજના નીચે વધારે આકર્ષક યોજના મૂકીને આપણે આવા યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય એના માટેની આ યોજના બનાવેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩ નંબરના પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે 'અરજદાર તેમજ તેમના કુટુબની વ્યકિત મુદતવીતી બાકીદાર હોવાથી' એમને લોન આપવામાં આવતી નથી, પરંતુ એના સમગ્ર કુટુંબમાં કોઈપણ બાકીદાર ના હોવા છતાં 'તમારું ગામ કાળી લીટીમાં છે' એમ કરીને બેંકોના મેનેજરો ઉડાઉ જવાબ આપતા હોય છે અને જયારે તેમને વધુ પડતું અમારા મારફતે કહેવામાં આવે ત્યારે 'તમે જામીનગીર બનવા તૈયાર છો કે કેમ?' એવો ધારાસભ્યોને જવાબ આપતા હોય તો માનનીય મંત્રીશ્રી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને લખીને આની વિશે ઉદાર નીતિ કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત પણ સાચી છે કે કેટલીક જગ્યાએ બેંકોના મેનેજરો આમાં જરૂરી સહયોગ આપતા નથી અને એની પાછળનું કારણ બેંકોને જે ખરાબ અનુભવ થયેલો હોય કે અગાઉના વર્ષોમાં જે ધિરાણ કરેલ હોય એ પરત ન આવવાને કારણે આ સ્થિતિ નિર્માણ થઈ છે અને તેમાં તેમના ઓડિટ વગેરે પ્રશ્નને કારણે આ વસ્તુ બને છે. કેટલાક કેસોમાં ગેરન્ટીની જરૂર હોતી નથી છતાં પણ બેંકોના મેનેજરો આ પ્રકારની કાર્યવાહી કરવાનો આગ્રહ રાખે છે એની સામે મેં અગાઉ કહયું તેમ રાજયની બેંકોની જે કન્સલ્ટેટિવ કમિટી છે તેમાં રાજય સરકારના અધિકારીઓએ અને રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આ અંગે રજૂઆત કરેલ છે હજુ આપણે જરૂરથી કેન્દ્ર સરકારને આ જે ફરિયાદ માનનીય સભ્યશ્રીની છે એના અંગે કેન્દ્ર સરકારને નિર્દેશ કરવાનું વિચારીશું.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીની મારફતે પૂછવા માગું છું કે જે રીતે સ્વરોજગારી માટે બેંકેબલ લોન અને કેન્દ્ર સરકારની રોજગાર યોજના નીચે અને બીજી યોજનામાં સબસિડી મંજૂર કરીને બેંકોને મોકલવામાં આવે છે, તેમ છતાંય બેંકોને જે લક્ષ્યાંક આપ્યો છે એ પૂરો થતો નથી અને પૂરેપૂરા લાભાર્થીઓને લોન આપતા નથી અને ફીકસ ડિપોઝીટની અપેક્ષા રાખે છે કે બેંકમાં ફીકસ ડિપોઝીટ મૂકે તો લોન આપીએ અને એક જવાબ તો મને નારાયણભાઈના પ્રશ્નમાંથી મળ્યો છે, પરંતુ આ એ.ડી.નો આગ્રહ રાખવામાં આવે છે અને લક્ષ્યાંક પૂરો કરવામાં આવતો નથી. તો રિઝર્વ બેંક ઓફ ઈન્ઠિયાનું ધ્યાન દોરીને લક્ષ્યાંક પૂરો ના કર્યો હોય એ બ્રાન્ચો સામે કાર્યવાહી પૂરી કરીને આ અંગે લક્ષ્યાંક પૂરો કરવાની સરકારની યોજના છે કે કેમ?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લા પૂરતો છે અને સુરેન્દ્રનગર જિલ્લામાં મેં અગાઉ આપને જણાવ્યું તે મુજબ લક્ષ્યાંકની પરિપૂર્ણતા પાછલા બે વર્ષમાં થયેલ છે અને રાજય સરકાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે તે લક્ષ્યાંક પૂર્ણ થાય એના માટેનો આગ્રહ સેવવામાં આવશે.

## અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે પકડેલ પાયરેટેડ સોફટવેર બનાવવાનું કૌભાંડ

***૧૬૨૯૭ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

(૧) અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે તાજેતરમાં અમેરીકન સોફટવેર કંપનીના પાયરેટેડ સોફટવેર બનાવવાનું કૌભાંડ પકડી પાડેલ હોવાની વાત ખરી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કૌભાંડમા કોણ કોણ સંડોવાયેલ છે, અને તેઓ પાસેથી જપ્ત કરાયેલ મુદ્દામાલની વિગત શી છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે પાયરેટેડ સોફટવેર બનાવવાનું આ કૌભાંડ કયારે પકડાયું અને કઈ કઈ કલમો હેઠળ એમાં ગુનાઓ નોંધવામાં આવ્યા છે અને આ કૌભાંડમાં કઈ કઈ અમેરીકન કે અન્ય કંપનીઓના પાયરેટેડ સોફટવેર પકડાયેલ છે, અને તે સોફટવેર કઈ બાબતને લગતા છે, અને તેની બજાર કિંમત કેટલી ગણાય?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તે અમેરીકન કંપનીના પાયરેટેડ સોફટવેર પકડાવા બાબતનો પૂછયો હતો પરંતુ અમેરીકન કંપનીનું બનાવટી સોફટવેર વેંચવાનું કૌભાંડ નથી પકડાયું પરંતુ પાયરેટેડ સોફટવેર બનાવવાનું કૌભાંડ પકડાયું છે અને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ૨૧-૯-૨૦૦૫ના રોજ ઓટો ડેક ઈન કોરપોરેશન નામની બેંગલોરની કંપનીનું એક રજિસ્ટર્ડ કરેલ સોફટવેર હતું તેની પાયરેટેડ કોપી અહીં વેંચાતી પકડી હતી. અને ડી.સી.પી. ગુના નંબર ૩૮/૫ થી કલમ ૪૬૫, ૪૭૧ અને કોપી રાઈટ કલમ ૬૩ અને ૬૩ (બી) મુજબ ગુનો દાખલ કર્યો હતો. અને એમાં ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. અને જયારે માનનીય સભ્યશ્રીએ પૂછયું કે કૌભાંડમાં કોઈ અમેરીકન કંપનીનું સોફટવેર પાઈરેટેડ હોય તેવું પકડાયું છે કે કેમ, તો તેવું પકડાયું નથી, પરંતુ મેં અગાઉ કહ્યું એમ બેંગલોરની એક ઓટો ડેક કંપનીની માલિકી હતી તેવું સોફટવેર પકડાયું છે અને રેડ પાડી છે એમાં કોમ્પ્યુટર સેટ બે, ચાલીસ-ચાલીસ હજારના, સી.પી.યુ. યુનિટ, દોઢ

લાખ રૂપિયાનું અને પાયરેટેડ કોપીની માસ્ટર સી. ડી. દોઢ લાખ રૂપિયાની પકડાઈ છે. તેની ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, જેને નેશનલ રિસોર્સ સેન્ટર તરીકે જાહેર કરવામાં આવી છે તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આવા સાયબર ક્રાઈમના ઉકેલ માટે આ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં સુવિધાઓ ઉપલબ્ધ છે કે કેમ? તેની વિગતો શું છે, અને સાયબર ક્રાઈમ અટકાવવા માટે કોઈ વિશેષ કાયદો બનાવવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સાયબર ક્રાઈમને અકટાવવા માટે કેન્દ્રનો આઈ.ટી. એકટ ૨૦૦૦ અમલમાં છે જે કેન્દ્ર દ્વારા ઘડાયેલ છે, તેની હેઠળ દરેક રાજયમાં કાર્યવાહી થતી હોય છે. જયાં સુધી એફ.એસ.એલ.ની સુવિધાનો સવાલ છે ત્યાં સુધી આપણે ત્યાંની એફ.એસ.એલ. માં સાયબર ક્રાઈમના ગુનાના ઉકેલ માટે તમામ સુવિધા ઉપલબ્ધ છે, દરેક પ્રકારના ડીજીટલ સ્ટોરેજ મીડીયાના પૃથ્થકરણ માટેની સુવિધા, જે ફકત યુ.એસ.એ. માં જ હતી તે પણ આપણે ત્યાં ઉપલબ્ધ છે, નેટવર્ક સંબંધિત ગુનાઓના પૃથ્થકરણ માટેની સુવિધા , ફિલ્ડ ઈન્ટેલીજન્સ મોડેલ માટેની સુવિધા, એ પણ ફકત યુ.એસ.એસ.માં જ છે તે પણ આપણા રાજયમાં ઉપલબ્ધ છે, અને સોફટવેરનું મૂળ નકકી કરવા માટેની સુવિધા જે ફકત ઓસ્ટ્રેલીયામાં ઉપલબ્ધ હતી તે પણ આપણા રાજયમાં ઉપલબ્ધ છે, આપણી પાસે જે સોફટવેર્સ છે તે લગભગ પંદરેક પ્રકારના જુદા જુદા સોફટવેર છે તેના દ્વારા મેલવેર કીટ, નેલથેક એનેલાઈઝર, એડવાન્સ પાસવર્ડ રીકવરી કીટનું સોફટવેર, જેના દ્વારા ઈનક્રીપ્ટ થયેલ છે તેવો પાસવર્ડ રીકવરી ટૂલ કીટ દ્વારા શોધવા માટેનું સોફટવેર આવા લગભગ પંદરેક સોફટવેર જુદા જુદા ઉપલબ્ધ છે જેના દ્વારા સાયબર ક્રાઈમના ગુનાનું એનાલીસીસ કરી શકીએ છીએ. અને હાડર્વવેરનો સવાલ છે તો અદ્યતન હાર્ડવેર મશીનરી એફ.એસ.એલ.એ વસાવેલી છે અને સમગ્ર દેશમાં આ એક માત્ર એફ.એસ.એલ. છે જેમાં આ સુવિધા વસાવવામાં આવી હોય.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ઈન્ફરમેશન ટેકનોલોજી એકટ ૨૦૦૦ અહીં સાયબર ક્રાઈમ માટે છે, તો સરકાર આ એકટમાં નવા સુધારા કરી અને વિચારણા માટે આ ગૃહમાં લાવવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૧મી સદીનો કોઈ સૌથી મોટો વ્યવસાય થવાનો હોય તો એ ઈન્ફરમેશન ટેકનોલોજીનો થવાનો છે. આ ઈન્ફરમેશન ટેકનોલોજીમાં સૌથી મોટી સમસ્યા હોય તો એ પાયરેટેડ સોફટવેર કે પાયરેટેડ સિડી છે એ ચાર લાખનું સોફટવેર ૪૦ હજારની અંદર પાયરેટેડ કરીને વેચવામાં આવે છે. તો સાયબર કાફેમાં જોગવાઈ છે પરંતુ એમાં પોલીસ તંત્રમાં પોલીસ તંત્રના અધિકારીઓ એ ગુના કે ક્રાઈમ પ્રકારના ગુનામાં નિપુણતા ધરાવતા હોય આ સાયબર કાફેને લગતા ગુનાની ઝડપથી પ્રક્રિયા થાય એના માટે કોઈ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે. આ ગુનેગારોના જગતમાં સાયબર ક્રાઈમના એની ટેકનોલોજી ખૂબ ઝડપથી આત્મસાત કરતા જાય છે ત્યારે આ ગુજરાતની પોલીસને સુસજજ કરવા માટે આપણો સાયબર ક્રાઈમનો વિભાગ છે એમાંના પોલીસ કર્મચારીઓની તાલીમનો સમગ્ર કાર્યક્રમ ઘડી કાઢ્યો છે. સન ૨૦૦૮ના અંત સુધીમાં દરેક જિલ્લામાં એના નિષ્ણાંતો ઊભા થાય તેવું આપણું આયોજન છે.

## અમદાવાદમાં એપરલ પાર્ક બનાવવા અંગે

***૧૪૬૭૦ શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકાર દ્વારા અમદાવાદમાં એપરલ પાર્ક બનાવવાનું ક્યારે જાહેર કરાયું હતું,
(૨) આ અંગે ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ પાર્કનું કામ કયા તબક્કામાં પ્રવેશ્યું છે,
(૩) આ પાર્ક અંગે રાજય સરકાર દ્વારા અને કેન્દ્ર સરકાર દ્વારા ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલું ખર્ચ કરવાનું આયોજન છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ):**

(૧) તા. ૩૧-૧૦-૨૦૦૪ના રોજ.
(૨) એપરલ પાર્કને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તરીકેની મંજૂરી મળેલ છે.
(૧) એપરલ પાર્કમાં આતંરમાળખાકીય સુવિધાઓ જેવી કે કંપાઉન્ડ વોલ, સિમેન્ટ કોંન્ક્રીટના રસ્તા, ફૂટપાથ, સ્ટ્રીટ લાઈટ, વરસાદી ગટર, પાણી પુરવઠા વિગેરેની કામગીરી પૂર્ણ થઈ છે.
(૨) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા ઉદ્યોગકારો પાસેથી પલોટની માગણી માટે જાહેરાત આપવામાં આવેલ છે.
(૩) અરજદારોને પ્લોટ ફાળવવાની પ્રક્રિયા પ્રગતિમાં છે.

(૩) અમદાવાદ એપરલ પાર્કના કુલ અંદાજિત રૂા.૪૦ કરોડના પ્રોજેકટ ખર્ચ પૈકી જમીન ખરીદવા માટે રૂા.૧૪.૮૦ કરોડ રાજય સરકારે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને અનુદાન આપેલ છે.
એપરલ પાર્ક ફોર એકસપોર્ટસની કેન્દ્ર સરકારની યોજના હેઠળ રૂા. ૧૭ કરોડની ગ્રાન્ટ માટે ભારત સરકારને નવેમ્બર, ૨૦૦૪માં દરખાસ્ત કરેલ પરંતુ મંજૂરી મળેલ નથી.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેમ જેમ જમાનો બદલાય એમ રહેણીકરણી બદલાય છે. એક જમાનામાં અમદાવાદ એ દુનિયાનું માંચ્એસ્ટર ગણાતું હતું, કાપડ ક્ષેત્રે આગળ હતું. હવે લોકોએ તૈયાર કપડાં પહેરવા માટેનો અભિગમ અપનાવ્યો છે ત્યારે આ ગુજરાતના માંચ્એસ્ટરના કારણે ગુજરાતમાં એપેરલ પાર્ક માટે ૪૦ કરોડ રૂપિયાની જોગવાઈ રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. મારા પ્રશ્નના જવાબમાં એમ જણાવવામાં આવ્યું છે કે લગભગ ૧૪.૮૦ કરોડ રૂપિયાનું રાજય સરકારે ગુજરાત ઔદ્યોગિક નિગમને અનુદાન આપેલ છે. એપરલ પાર્ક ફોર એકસપોર્ટસની કેન્દ્ર સરકારની યોજના હેઠળ ૧૭ કરોડની ગ્રાન્ટ માટે ભારત સરકારને નવેમ્બર, ૨૦૦૪માં દરખાસ્ત મોકલવામાં આવેલ છે. હજુ આપણને એ ગ્રાન્ટ મળી નથી. હું કોઈ રાજકીય અવલોકનમાં નથી પડતો પરંતુ સમગ્ર ગુજરાતનો કાપડ ઉદ્યોગ ક્ષેત્રે એક મોટો પ્રશ્ન છે અને જેમાંથી મોટા પ્રમાણમાં રોજગારી ઊભી થવાની છે તો ૧૭ કરોડ ક્યારે મળશે અને મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે પરિપાટી એવી છે કે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ મળે એ સીધી રાજય સરકારને મળે અને રાજય સરકાર દ્વારા જે તે કોરપોરેશનને મળે. પરંતુ મારી જાણ મુજબ એવું કંઈક થઈ રહ્યું છે કે કેન્દ્ર સરકાર દ્વારા એ નિયમમાં અને ઢાંચામાં ફેરફાર કરીને રાજય સરકારને બદલે કેટલીક ખાનગી વ્યકિતઓને ગ્રાન્ટ મળે તેવી વ્યવસ્થા કરવાનું નિરૂપણ થઈ રહ્યું હોય તે વાત સાચી છે? જો સાચી હોય તો રાજય સરકાર શું કરવા માગે છે?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : અમદાવાદની મિલો બંધ થવાને કારણે જે રોજગારી ઓછી થઈ હતી એમાં ફરીથી ટેકસટાઈલ ક્ષેત્રે રોજગારીનું સર્જન કરવા માટે સરકારે અમદાવાદમાં એપરલ પાર્ક સ્થાપવા માટે નક્કી કર્યુ અને એ સમયે ટેકસટાઈલનો એપરલ પાર્ક બનાવવા માટે જે પ્રકારની નાણાકીય સહાય કેન્દ્ર સરકાર તરફથી આપવામાં આવતી હતી એના અનુસંધાને રાજય સરકારે કેન્દ્ર સરકારને અરજી કરી હતી. સુરતમાં અગાઉ એન.ડી.એ.ની સરકાર વખતે આ પ્રકારનું અનુદાન કેન્દ્ર સરકાર દ્વારા સુરતમાં એપરલ પાર્ક બનાવવા માટે આપવામાં આવ્યું હતું. આ અરજી કરવામાં આવ્યા પછી કેન્દ્રની યુ.પી.એ. ની સરકારે ટેકસટાઈલ પાર્ક માટે નવી નીતિ બનાવી છે. એ ટેકસટાઈલ પાર્કની નીતિમાં એવા ટેકસટાઈલ પાર્કો ખાનગી કંપની દ્વારા કે ઉદ્યોગો દ્વારા સ્થાપવામાં આવે. તો તેને ૪૦ કરોડ રૂપિયા સુધીનું અનુદાન આપવા માટેની જોગવાઈ કેન્દ્ર સરકારે કરેલી છે. પણ ખૂબ જ દુ:ખની વાત એ છે કે અગાઉ રાજય સરકારે જે અરજી કરેલી હતી તેને ધ્યાને લેવામાં આવી નથી, કારણ કે નવી જે નિયમોની જોગવાઈ કરવામાં આવી છે તેમાં એવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે આવા પાર્ક જો રાજય સરકાર કે પબ્લિક સેકટર દ્વારા કરવામાં આવે એટલે કે જી.આઈ.ડી.સી. દ્વારા કરવામાં આવે તો તે અનુદાનને મળવાપાત્ર નથી. એ ખરેખર અજાણી બાબત છે. આશ્ચર્યજનક બાબત છે કે કેન્દ્ર સરકારે આ અંગે આવું વલણ કેમ લીધું છે? કારણ કે અમદાવાદના એપરલ પાર્કને જૂની સ્કીમ પ્રમાણે ૧૭ કરોડ મળવાપાત્ર હતા. એ હજી સુધી કેન્દ્ર સરકારે આપ્યા નથી અને કેન્દ્ર સરકાર દ્વારા જે નવી યોજનાઓ છે તેમાં માત્ર ખાનગી ઉદ્યોગકારો અને ખાનગી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ઉભો કરવામાં આવેલ ખાનગી કંપનીઓને આ પ્રકારનું અનુદાન આપવું અને રાજય સરકારના એકમો દ્વારા આવું કરવામાં આવે તો તો તેને નહીં આપવાની જે નીતિ છે એ કેન્દ્ર સરકારે બદલવી જોઈએ. એવું રાજય સરકાર માને છે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું તે વિસ્તારમાં ૯ મિલો બંધ પડી છે. તે પૈકી અંબિકા મિલને રાજય સરકારના મુખ્યમંત્રી દ્વારા જે એપરલ પાર્ક બનાવવાનું આયોજન કર્યું છે તે બદલ અમદાવાદના બંધ મિલના કામદારો વતી ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. હું જાણવા માગું છું કે આ એપરલ પાર્કના એકમો સ્થાપવાનું આયોજન કરેલ તેમાં પ્લૉટોની ફાળવણી માટે કોઈ કમિટીની રચના કરવામાં આવેલ છે કે કેમ અને કરી છે તો કેટલી અરજીઓનું મૂલ્યાંકન કર્યું? અંબિકા મિલ સિવાયની અમદાવાદની કઈ કઈ બંધ મિલોનો આ એપરલ પાર્કમાં સમાવેશ કરવા માગો છો?

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એપરલ પાર્કમાં અંબિકા મિલ અને ભારત સૂર્યોદય મિલમાં આપણે આ સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન તરીકે એપરલ પાર્કની સ્થાપના કરી છે. બીજી બે જે એડજેસન્ટ મિલોની જમીન છે એ સારંગપુર કૉટન મિલ અને સિલ્વર કૉટન મિલની ૧૭.૫૫ હેકટર જમીન હસ્તગત કરવા સરકાર અને જી.આઈ.ડી.સી. એટલે કે નિગમનું આયોજન છે. તેના ઉપક્રમે આ એકસપાન્શન કરવામાં આવે, કારણ કે આ એપરલ પાર્ક માટે જે લોકોને આમાં પ્લોટ વગેરે જોઈતા હોય તેના માટે રાજય સરકારે તા. ૧૨-૯-૨૦૦૫ના રોજ એક જાહેરાત કરેલી. તેના એસ.ઈ.ઝેડ. માટે જમીન ફાળવણી કરવામાં આવશે, ત્યારે તેમાં જે અરજીઓ આવેલી તેમાંથી ૩૯ અરજીઓની ચકાસણી માટે સ્કુટિની કમિટી બનાવવામાં આવી છે. જેમાં નિગમના અધિકારી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર, એપરલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સભ્ય વગેરે તેમાં સમાવેલા છે અને આ ૩૯ અરજીઓની ચકાસણી સ્કુટિની કમિટીએ કરેલી છે. છેલ્લું જે જાહેરનામું સરકાર દ્વારા કસ્ટમના

નોટિફિકેશન માટે જરૂરી છે એ ટૂંક સમયમાં મળવાની ધારણા છે. એ મળી ગયાથી આ અરજીઓ મુજબ ફાળવણી કરવામાં આવશે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરમાંથી આવું છું. અમદાવાદ શહેરની પરિસ્થિતિ અંગે બેરોજગારીની વાત અગાઉ થઈ ગઈ છે. તેને ધ્યાનમાં રાખીને ભા.જ.પ.ની ગુજરાત સરકારે સમગ્ર ગુજરાતમાંથી બેરોજગારી નાબૂદ થાય તે માટે જે પ્રયત્નો કર્યા અને તેમાં સુરત ખાતે જે પ્રયત્ન થયો એવો જ પ્રયત્ન અમદાવાદ ખાતે પણ શરૂ કરવાની વાત કરવામાં આવી હતી. પરંતુ મારે ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે કે ગુજરાતના ટૅક્સટાઈલ મિનિસ્ટર માનનીય શંકરસિંહ વાઘેલાજી અહીંના હોવા છતાં ગુજરાતની ચિંતા ધ્યાનમાં રાખીને ગુજરાતની બેરોજગારીની સમસ્યાને ધ્યાનમાં રાખીને તેમણે ઝડપથી જે કેન્દ્ર સરકાર પાસેથી ૧૭ કરોડ રૂપિયા ગ્રાન્ટ ગુજરાત સરકારને મળવી જોઈએ એ મળી નથી તો તે અંગે માનનીય ગુજરાત સરકાર અને વિરોધપક્ષને જો ગુજરાતની ચિંતા હોય તો બન્ને સંયુક્ત રીતે પ્રયત્ન કરીને મિનિસ્ટરને મળીને ગ્રાન્ટ મેળવવા માટે બનતી ઝડપે પ્રયત્ન કરવા માગે છે કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં એક જ તરફથી બધા સભ્યો બોલ્યા છે. અહીંથી કોઈને ચાન્સ આપવાનો જ નહીં?

**અધ્યક્ષશ્રી** : ના, એવું નથી. તમારા બાજુથી કોઈના હાથ ઉંચા નથી, તમારા બાજુ કોઈના નામ જ નથીને, ફક્ત બાબુભાઈનું છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાજુથી ઘણાના હાથ ઉંચા થયેલા છે. અત્યારે તો હું ઊભો થયો છું છતાં પણ,..

**અધ્યક્ષશ્રી .** : ઓ.કે. ચાલો.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ મંત્રીશ્રીને મારે એ વાત એટલા માટે પૂછવી છે કે, કેન્દ્રના ટૅક્નૉલૉજી વિભાગ તરફથી ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદની અંદર એક પાર્ક ઊભો થઈ રહ્યો છે, એક યોજના થઈ રહી છે. એનાથી માહિતગાર છે? અને જ્યારે કેન્દ્ર સરકારની નીતિ છે એ મુજબ જ્યારે cluster development યોજના કે પાર્કની યોજના છે એ નીતિ પ્રમાણે નવા પાર્ક ઊભા કરવામાં આવશે કે કેમ? આ માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે આ કેન્દ્ર સરકારની નીતિ છે એ પ્રમાણે આ યોજના છે એ નીતિમાં આવતી નથી. તો એ પ્રકારે અમદાવાદની અંદર બીજી જગ્યાએ રાજય સરકાર હસ્તકની જમીનો ટેકસટાઈલ મીલો બંધ પડેલી છે એની જમીનો પડેલી છે એમાં આ નીતિ મુજબ યોજના બનાવે અને એ નીતિનો લાભ લેવા માગો છો કે કેમ?

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ કમનસીબ વાત એ છે કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે સૂચન કર્યું છે કે કેન્દ્ર સરકારની ટૅક્સટાઈલ પાર્ક બનાવવાની નવી નીતિ છે એ નવી નીતિને અનુરૂપ રાજય સરકાર કોઈ આગળ વધવા માગે છે કે કેમ? કેન્દ્ર સરકારે જે નીતિ બનાવી છે એ નીતિમાં રાજય સરકારનો એકડો કાઢી નાંખ્યો છે. આવા ખાનગી પાર્ક કરવાના હોય, ટૅક્સટાઈલ પાર્ક ખાનગી રાહે કરવાના હોય તો રાજય સરકારની મંજૂરી લેવાની જરૂરિયાત નથી એવા પ્રકારનું નોટિફિકેશન કરીને માત્ર ડાયરેકટલી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક થાય અને આવા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક રાજય સરકારના નિગમ દ્વારા કરવામાં આવે, જી.આઈ.ડી.સી. દ્વારા કરવામાં આવે તો એને અનુદાન ન મળે એવા પ્રકારની આ યોજના છે. એની પાછળનું કારણ સમજાતું નથી. ખાનગી કંપનીઓને ૪૦ કરોડ રૂપિયા સુધીની રકમ સબસિડી સ્વરૂપે આપવી અને રાજય સરકાર કોઈપણ પ્રકારનું એ કરે તો અનુદાન મળી ન શકે. એમ છતાં રાજય સરકારે કાપડ ઉદ્યોગના વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રકચરની જે કામગીરી હાથ ધરી છે એમાં અમદાવાદમાં એપરલ પાર્ક, આમાં કેન્દ્ર સરકારની મદદ ન મળે તો પણ જે ટૅક્સટાઈલના ક્ષેત્રે રોજગારીનું સર્જન થાય એના માટે રાજય સરકારે આયોજન કર્યું છે. એમાં hi-tech textile park ઊભો કરવા માટે રાજય સરકારે જે આયોજન કર્યું છે, એમાં અમદાવાદનો એપરલ પાર્ક જેનું expansion કરવાની વાત છે. સુરતમાં સુરત એપરલ પાર્ક, ડુંગરા ગારમેન્ટ ઝોન વાપીમાં જે અત્યારે હયાત છે. વાપીમાં એક ટેકસટાઈલ પાર્ક કરવાનું આયોજન છે. પાંડેસરામાં weaving park કરવાનું આયોજ છે, અમદાવાદમાં કઠવાડા ખાતે એક hitech weaving park કરવા માટેનું રાજય સરકારે આયોજન કર્યું છે. અમદાવાદમાં લાંભામાં ટેકસટાઈલ પાર્ક કરવાનું આયોજન છે. જેતપુરમાં ખાનગી નિકાસકારો દ્વારા જેતપુરમાં hitech textile park અને અમદાવાદમાં અરવિંદ મિલ મારફતે સાંતેજ ખાતે આવો ટેકસટાઈલ પાર્ક થાય એના માટે રાજય સરકાર પ્રોત્સાહન આપી રહી છે. માત્ર આવા પાર્ક માટેની સુવિધાઓ એટલું જ નહીં પણ આ પાર્કમાં કામ કરવા માટે જે કાદારો છે એને તાલીમ આપવા માટે રાજયના ઉદ્યોગ વિભાગે યોજના બનાવી છે, એ યોજના નીચે અંદાજે છેલ્લા ૨ વર્ષમાં ૯ કરોડ રૂપિયાથી વધારે રકમથી આવી તાલીમ આપીને આઈ.ટી.આઈ., નીફટ, ગારમેન્ટ ઝોનમાં.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે એપરલ પાર્ક માટેની વાત છે ૨૫ એપરલ પાર્કમાંથી ૪ એપરલ પાર્ક ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે એવું આ વખતે પણ કેન્દ્રીય બજેટમાં આપેલું

છે. આ એપરલ પાર્ક ખાનગી ક્ષેત્રે વિકસાવવામાં આવી રહ્યા છે અને આ એપરલ પાર્કની અંદર જે સબસીડી આપવાની છે એમાં જમીન માટે નહીં પણ મશીનરી અને કેપીટલ સ્ટ્રકચર માટે જ આપવાની છે એ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જાણે છે કે કેમ અને જે આ ૧૭ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવેલી છે એ જમીન માટેની માગણી છે કે એની મશીનરી અને એના બાંધકામ માટેની માગણી કરવામાં આવી છે એટલી સ્પષ્ટતા કરે અને કેન્દ્રમાં જયારે માનનીય શંકરસિંહજી વાઘેલા ટેક્ષટાઈલ મંત્રી છે એ પછી સેલવેજ એકસાઈઝ માફી, રેડીમેડ ગાર્મેંટની ઉપર એકસાઈઝની માફી અને આના માટેનો હકારાત્મક અભિગમો છે ત્યારે એના માટે રાજય સરકાર દ્વારા કયારેય એમનો સંપર્ક મુલાકાત દ્વારા કરવામાં આવેલ છે કે કેમ એટલી સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી કરે.

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ કેન્દ્ર સરકારે એની જે સ્કીમ ફોર ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ પાર્ક આગાઉ જે હતી અને બીજી સ્કીમ ધ એપરલ પાર્ક ફોર એકસપોર્ટ એને મર્જ કરીને ધ ટેક્ષટાઈલ્સ સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેંટ સ્કીમ ટી.સી.આઈ.ડી.એસ. પ્રકારની સ્કીમ કેન્દ્ર સરકાર દ્વારા ફલોટ કરવામાં આવી છે અને એના અનુસંધાને ગુજરાતની અંદર જે ખાનગી ડેવલપરો ટેક્ષટાઈલ્સ પાર્ક ઉભા કરવા માગતા હોય એને રાજય સરકાર પ્રોત્સાહિત કરે જ છે પણ આ નવી સ્કીમની અંદર રાજય સરકાર મારફત આ પ્રકારની સ્કીમ જો કોઈ કરવામાં આવે તો એને કોઈપણ પ્રકારની સબસીડી ન મળે આવી જોગવાઈઓને કારણે રાજય સરકાર આમાં ઈનીશીએટીવ લઈ શકતી નથી અને આ જે નવી ટેક્ષટાઈલ્સ સ્કીમ જે બનાવવામાં આવી છે, ટેક્ષટાઈલ સેંન્ટર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેંટ સ્કીમ એની અંદર ૫૦ યુનિટ અને કુલ મૂડીરોકાણ ૭૫૦ કરોડનું હોય , જેમાં ૨૦હજાર લોકોને રોજી આપી શકાય એ પ્રકારની યોજના છે.

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુના

***૧૫૪૬૯ શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તાઃ ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં લૂંટ, ખૂન, ચીલ ઝડપ -છેડતીના કેટલા ગુના નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા,

(૩) કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે, અને

પકડાયેલા ગુનેગારો પૈકી અન્ય ગુનાઓમાં સંડોવાયેલા ગુનેગારો કેટલા?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

**(૧) સુરેન્દ્રનગર જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | નોંધાયેલ ગુના | | | |
|---|---|---|---|---|---|
| | | લૂંટ | ખૂન | ચીલઝડપ | છેડતી |
| ૧ | વઢવાણ | ૫ | ૧૨ | ૮ | ૧૪ |
| ૨ | લખતર | ૧ | ૫ | - | ૪ |
| ૩ | મુળી | ૩ | ૪ | - | ૬ |
| ૪ | લીંબડી | ૫ | ૬ | - | ૧૨ |
| ૫ | ચુડા | -- | ૨ | - | ૩ |
| ૬ | સાયલા | ૩ | ૮ | - | ૩ |
| ૭ | ચોટીલા | ૩ | ૮ | - | ૧૨ |
| ૮ | ધ્રાંગધ્રા | ૫ | ૭ | ૧ | ૧૨ |
| ૯ | હળવદ | ૭ | ૫ | - | ૪ |
| ૧૦ | પાટડી | ૫ | ૩ | - | ૧૩ |
| | કુલ... | ૩૭ | ૬૦ | ૯ | ૮૩ |

**રાજકોટ જિલ્લો**

| અ.નં. | તાલુકાનું નામ | નોંધાયેલ ગુના | | | |
|---|---|---|---|---|---|
| | | લૂંટ | ખૂન | ચીલઝડપ | છેડતી |
| ૧ | મોરબી | ૧૦ | ૯ | ૩ | ૧૪ |
| ૨ | વાંકાનેર | ૪ | ૬ | - | ૩ |
| ૩ | માળીયા(મી.) | ૧ | ૧ | - | ૧ |
| ૪ | ટંકારા | ૨ | ૩ | - | ૬ |
| ૫ | પડધરી | ૪ | ૭ | - | ૪ |
| ૬ | જેતપુર | ૬ | ૧૦ | - | ૧૭ |
| ૭ | ધોરાજી | ૭ | ૫ | ૧ | ૫ |
| ૮ | ઉપલેટા | ૩ | ૨ | ૧ | ૨ |
| ૯ | જામકંડોરણા | ૧ | ૧ | - | ૧ |
| ૧૦ | ગોંડલ | ૧૦ | ૧૧ | ૧ | ૧૦ |
| ૧૧ | કોટડા સાંગાણી | ૩ | ૨ | - | ૩ |
| ૧૨ | લોધીકા | ૧ | ૧ | - | ૧ |
| ૧૩ | જસદણ | ૨ | ૧૪ | - | ૧૬ |
| | કુલ... | ૫૪ | ૭૨ | ૬ | ૮૨ |

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં - ૩૩૩ અને રાજકોટ જિલ્લામાં ૩૨૩ ગુનેગારોને પકડવામાં આવ્યા.

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫ અને રાજકોટ જિલ્લામાં ૫ ગુનેગારોને પકડવાના બાકી છે.

(૪) સુરેન્દ્રનગર જિલ્લામાં ૨ અને રાજકોટ જિલ્લામાં ૪ ગુનેગારો અન્ય ગુનાઓમાં સંડોવાયેલા છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાના ૨૩ પોલીસ સ્ટેશન વાઈઝ લૂંટ, ખૂન, ચીલ્ડ્રન છેડતી એ ગુનાના આંકડા કે લિસ્ટ છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે પોલીસ સ્ટેશનમાં જે ગુનાનું પ્રમાણ વધારે છે એવા પોલીસ સ્ટેશન ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરી અને આવા પોલીસ સ્ટેશનમાં આવા ગુના ઓછા બને એ માટે પ્રયત્ન કરવા માગો છો કે કેમ અને બીજો સવાલ કે જે ગુનેગારોને પકડવાના બાકી છે એના ઉપર ખાસ વોચ રાખીને એ ગુનેગારોને તાત્કાલિક પકડવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જયંતિભાઈએ જે ચિંતા કરી એ ખૂબ વાજબી છે પરંતુ અત્યારે અમારી જે ગુનાની રીવ્યુ કરવાની પદ્ધતિ છે એ પદ્ધતિમાં એમનું સૂચન ઓલરેડી આમેજ થયેલું જ છે. દર ત્રણ મહીને કઈ કઈ રેંજમાં, કયા જિલ્લામાં કયા પોલીસ કમિશ્નરેટની અંદર ગુનાઓ વધ્યા છે અને પછી પોલીસ સ્ટેશનની અંદર ગુના વધ્યા છે એ આઈડેન્ટીફાઈ કરી સુપરવાઈઝરી ઓથોરીટી એ પોલીસ સ્ટેશન અને એ વિસ્તાર એની ઉપર વિશેષ ધ્યાન આપતા હોય છે અને એને સુધારવા માટે પગલાઓ જે જવાબદાર અધિકારીઓ હોય એ અધિકારીઓ માટે પણ યોગ્ય ચિંતા કરવામાં આવી છે અને ભાગતા ફરતા ગુનેગારોનો સવાલ છે ત્યાં સુધી કદાચ કોઈપણ રાજય સરકારે બનાવી હોય એવી ભાગતા ફરતા ગુનેગારો પકડવા માટેની અદ્યતનમાં અદ્યતન વિચારણા ગુજરાત સરકારે કરેલી છે.

**અધ્યક્ષશ્રી:** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જુદા જુદા પ્રકારની લીઝથી રાજ્યને થયેલ આવક

૧૫૮૯૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં જુદા જુદા પ્રકારની લીઝ પરવાનગી આપતા રાજ્ય સરકારને કેટલી આવક પ્રાપ્ત થયેલ છે, અને

**જવાબ**

(૧) વર્ષવાર થયેલ આવક નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | મુખ્ય ખનીજની આવક (રૂ. લાખમાં) | ગોણ ખનીજની આવક (રૂ. લાખમાં) | કુલ આવક (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૧૭૮૦૬.૫૪ | ૬૦૮૯.૩૭ | ૨૩૮૯૫.૯૧ |
| ૨ | ૨૦૦૫-૦૬ (તા. ૩૧-૧-૦૬ | ૧૬૬૭૮.૯૫ | ૬૨૯૧.૦૮ | ૨૨૯૭૦.૦૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી સુરત જિલ્લામાંથી કેટલી આવક પ્રાપ્ત થયેલ છે ? | સુધી<br>(૨) સુરત જિલ્લામાંથી થયેલ આવક નીચે મુજબ છે. |

| અ.નં. | વર્ષ | મુખ્ય ખનીજની આવક (રૂા. લાખમાં) | ગોણ ખનીજની આવક (રૂા. લાખમાં) | કુલ આવક (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૪-૦૫ | ૧૩૨૯.૦૬ | ૫૦૮.૩૦ | ૧૮૩૭.૩૬ |
| ૨ | ૨૦૦૫-૦૬ (તા. ૩૧-૧-૦૬ સુધી | ૧૦૦૪.૫૨ | ૪૪૯.૫૫ | ૧૪૫૪.૦૭ |

-------------

**ધારી અને બગસરા તાલુકામાં પોલીસ કોન્સ્ટેબલ, પી.આઇ. અને પી. એસ. આઇ.ની ખાલી જ્યાઓ**

૧૪૨૨૦**શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ધારી અને બગસરા તાલુકાઓમાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી પોલીસ કોન્સ્ટેબલની કેટલી જ્યાઓ ખાલી છે અને કેટલા પી.આઇ. અને કેટલા પી.એસ.આઇ.ની જ્યા ખાલી છે, | (૧) પો.ઈ. - ખાલી નથી.<br>પો.સ.ઈ. - ખાલી નથી.<br>પો.કો. - ૩૪ જ્યા તે પૈકી<br>૨ જ્યા - ૬ માસથી,<br>૨ જ્યા - ૬ થી ૧૨ માસથી<br>૧ જ્યા - ૧ થી ૨ વર્ષથી અને<br>૨૯ જ્યા - ૨ વર્ષ ઉપરથી ખાલી છે. |
| (૨) આ ખાલી જ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે ? | (૨) વહીવટી અનુકૂળતા પ્રમાણે. |

-------------

**હજીરા ઓદ્યોગિક ગૃહોની વેચાણવેરાની બાકી રકમ અંગે**

૧૬૦૭૭ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નાણા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કાંઠા વિસ્તાર હજીરા ઓદ્યોગિક ક્ષેત્રમાં ચાલતા ક્યા ક્યા ઓદ્યોગિક ગૃહોની સરકારના લેણા પેટે સેલટેક્ષની કેટલી રકમ તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં લેવાની થાય છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | એકમનું નામ | બાકી રકમ |
|---|---|---|
| ૧ | ઓ. એન. જી. સી. | ૨૨૪.૫૯ |
| ૨ | એસ્સાર સ્ટીલ-૧ અને ૨ | ૧૩૧૭.૪૭ |
| ૩ | એસ્સાર પ્રોજેક્ટ લી. | ૧.૪૫ |
| ૪ | લાર્સન ટુબ્રો લી. | ૨૨.૯૧ |

| | | |
|---|---|---|
| ૪ | લાર્સન ટુબ્રો લી. | ૨૨.૯૧ |
| ૫ | ઇન્ડીયન ઓઇલ કોર્પો. લી. | ૧૧.૮૪ |
| ૬ | રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ | ૧૩૯.૪૧ |
| | કુલ... | ૧૭૧૭.૬૭ |

સ્ટે સહિત કાયદાકીય કેસોને કારણે આ વસુલાત બાકી રહેલ છે.

(૨) તે અન્વયે એસ્સાર કંપનીને કેટલા કરોડનો સેલટેક્ષ માફ કર્યો અને તેના કારણો શા છે ?

(૨) કોઇ રકમ માફ કરેલ નથી.

-------------

## ગોવંશ પ્રાણીઓની ક્તલ તથા ક્તલખાના સંબંધમાં મળેલ ફરિયાદો

૧૬૦૨૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગોવંશ પ્રાણીઓને ક્તલખાનામાં લઈ જતા પકડાય તે કિસ્સામાં પોલીસ તરફથી ફરિયાદ ન નોંધાવાના, ઈરાદાપૂર્વક વિલંબ કરવાના, ગોરક્ષકોને સાથ ન આપવાના અને કસાઈઓની તરફદારી કરવાની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને સન ૨૦૦૫ માં મળી છે,

(૨) આવી ગંભીર ફરિયાદો સામે રાજ્ય સરકાર કક્ષાએ શાં પગલાં લેવામાં આવ્યા છે, અને

(૩) ગો રક્ષકો અને સ્વેચ્છાએ ગોવંશને ક્તલ માટે જતી બચાવવા કાર્યકરોને પુરતી સહાય અને મદદ મળી રહે તે માટે કોઈ મોનેટરીંગ ઊભું કરવામાં આવ્યું છે કે કેમ ?

**જવાબ**

(૧) કમિશ્નરેટ વિસ્તાર તથા જિલ્લાઓમાં સન ૨૦૦૫ની સાલમાં ગોવંશ પ્રાણીઓ ક્તલખાનામાં લઇ જતા પકડાય તેવા કિસ્સામાં પોલીસ તરફથી ફરિયાદ ન નોંધવાના, ઇરાદા પૂર્વક વિલંબ કરવાના, ગો-રક્ષકોને સાથ ન આપવાના અને કસાઇઓની તરફદારી કરવા અંગે રાજ્ય સરકારને સન-૨૦૦૫માં કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) આવી ગંભીર ફરિયાદો મળેલ નથી તેમ છતાં જ્યારે પણ આ અંગે ફરિયાદ કે બાતમી મળે છે ત્યારે તેવા કેસમાં પોલીસ દ્વારા કાયદેસરની ત્વરીત કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) ગોવંશને ક્તલ માટે જતી બચાવવા ગોરક્ષકો અને સ્વૈચ્છિક કાર્યકરોને પુરતી સહાય અને મદદ પોલીસ તરફથી ટોચ અગ્રતા ધોરણે આપીને તાત્કાલિક સહાય/મદદ આપવામાં આવે છે.

-------------

## પાલનપુર શહેરના પોલીસ સ્ટેશનની ઈમારતની મરામત અંગે

૧૪૬૬૪ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલનપુર શહેરના હયાત સીટી પોલીસ સ્ટેશનની ઈમારતો જર્જરિત હાલતમાં હોવાની હકીક્ત જાણે છે,

(૨) જો હા, તો તે અંગે સરકારે તા. ૩૧-૧-૦૬ સુધીમાં કરેલ આયોજનની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થતાં પોલીસ સ્ટેશન બાંધવામાં આવશે.

-------------

## ગાંધીનગર જિલ્લાના તાલુકાવાર મોટા અને મધ્યમ કદના ઓદ્યોગિક એકમો

૧૬૨૯૧ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૦-૬-૦૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા મોટા કદના તથા મધ્યમ કદના ઓદ્યોગિક એકમો છે, અને

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૦-૬-૦૫ ની સ્થિતિએ સ્થપાયેલ મધ્યમ/મોટા પ્રોજેકટોની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | કુલ પ્રોજેક્ટ |
|---|---|
| ગાંધીનગર | ૧૦૧ |
| દહેગામ | ૧૨ |
| ક્લોલ | ૨૦૩ |
| માણસા | ૧૬ |
| **કુલ :** | **૩૩૨** |

(૨) આ જિલ્લામાં વધુ ઔદ્યોગિક એકમો સ્થપાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમો સ્થપાય તે માટે નીચે મુજબ આયોજન કરેલ છે.

(૧) યોજનાઓની જાણકારી માટે જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ વિવિધ સેમીનારોનું આયોજન કરવામાં આવે છે.
(૨) ગોળમેજી પરિષદ યોજીને નવું મૂડીરોકાણ મેળવવા માટે પ્રયત્નો કરવામાં આવેલ છે.
(૩) ગાંધીનગર નજીક કુડાસણમાં ગારમેન્ટ ઉદ્યોગોના વિકાસ માટે ગારમેન્ટ પાર્કની સ્થાપનામાં રાજ્ય સરકાર ધ્વારા સહાય આપવામાં આવેલ છે.
(૪) કારીગરોને તાલીમ આપવા માટે એપેરલ ટ્રેનીંગ સેન્ટર શરુ કરવામાં આવેલ છે જેમાં રાજ્ય સરકારે સહાય આપેલ છે.
(૫) ગાંધીનગર ઈલેક્ટ્રોનિક એસ્ટેટમાં એસ.ઈ.ઝેડ સ્થાપવા આયોજન કરી મંજૂરી પણ મેળવેલ છે.
(૬) આઈ.ટી. ક્ષેત્રે પણ જિલ્લામાં એસ.ઈ.ઝેડ સ્થાપવા માટે આયોજન કરવામાં આવી રહેલ છે.

-------------

**નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર થયેલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી અંગે**

૧૬૦૫૧ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને તેની ફોરેન્સીક સાયકોલોજીની નિપુણતાને ધ્યાને લઈ કેન્દ્ર સરકારે ""નેશનલ રીસોર્સ સેન્ટર"" તરીકે જાહેર કરેલ હોવાની વિગત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યના ફોરેન્સીક સાયકોલોજી વિભાગને જાહેર કરેલ ""નેશનલ રીસોર્સ સેન્ટર""નું મુખ્યકાર્ય સાયન્ટીફીક ઈન્ટ્રોગેશન પધ્ધતિ વિષે ન્યાયાલય/પોલીસ/ફોરેન્સીક સાયન્સના અધિકારીઓ જેવી તપાસ સંસ્થાઓને ન્યાયીક પુરાવા તરીકે જાણકારી આપવાનું છે. કેન્દ્ર સરકારે આ માટે રૂા. ૩૮ લાખ મંજુર કરેલ છે. આ સેન્ટર અન્ય રાજ્યોને આ પ્રકારની સવલતો પૂરી પાડશે.

------------

## મહેસાણા જિલ્લામાં ખૂનની કોશિશના નોંધાયેલ ગુના

૧૬૦૪૦**શ્રી વિષ્ણુભાઇ પટેલ (ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ માં મહેસાણા જિલ્લામાં ખૂનની કોશિશના કેટલા ગુના નોંધાયેલ છે, અને | (૧) ૨૦૦૩: ૩૧, ૨૦૦૪: ૨૬, ૨૦૦૫: ૨૧ |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ? | (૨) ૨૦૦૩: ૩૧, ૨૦૦૪: ૨૫, ૨૦૦૫: ૨૧ |

-------------

## ઉર્જા ખાતાના અવસાન પામેલ કર્મચારીના આશ્રિતોને રહેમરાહે નોકરી

૧૪૪૩૫ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)**જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાંથી તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઉર્જા ખાતામાં અવસાન પામેલ કર્મચારીઓના આશ્રિતોને રહેમરાહે નોકરી માટે કેટલી અરજીઓ આવેલ છે, | (૧) કોઈ કર્મચારી અવસાન પામેલ ન હોઈ, અરજી મળેલ નથી. |
| (૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓમાં રહેમરાહે નોકરીના હુકમો કરવામાં આવ્યા, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તાલુકાવાર કેટલી અરજીઓ પેન્ડીંગ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી રહેલ અરજીઓનાં હુકમો ક્યારે કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## આતંક્વાદ વિરોધી દળ સાથેની ઝપાઝપીમાં માર્યા ગયેલ કુખ્યાત ગુનેગાર શોરાબુદ્દીન

૧૬૩૦૦ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)**જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આતંક્વાદ વિરોધી દળ સાથેની ઝપાઝપીમાં કુખ્યાત ગુનેગાર શોરાબુદ્દીન માર્યો ગયેલ હોવાની હકીક્ત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કુખ્યાત ગુનેગાર ક્યા ક્યા ગુન્હાઓમાં સંડોવાયેલ છે ? | (૨) આ સાથે સામેલ પત્રક મુજબ |

**પત્રક**

શોરાબુદ્દિન શેખ અંગે દાખલ થયેલ ગુનાઓની નામાવલી

| અ. નં. | શહેર/જિલ્લો | પોલીસ સ્ટેશન અને ગુ.ર. નં., કલમ અને વિગત |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ડી.સી.બી. ગુ. ર. નં. ૧૧/૯૪ ઇ.પી.કો. ક ૧૨૨,૧૨૩, આર્મ્સ એકટ ૨૫ (એ) ટાડા કલમ ૩,૫ હેઠળ ગુનો દાખલ કરી એ.ટી.એસે તેના વતન ઝરણીયા ગામમાં આવેલ તેના ફાર્મ હાઉસના કુવામાંથી એ.કે. ૫૬ રાયફલ નંગ ૧૪ હેન્ડ ગ્રેનેડ નં. ૨૭ એ.કે. ૫૬ મેગજીન નં. ૮૧ એ.કે. -૫૬ એમ્યુનિશન નં. ૫૨૬૦ કબજે લીધેલ છે. |
| ૨ | અમદાવાદ શહેર | શાહપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૬૯/૯૫ ઇ.પી.કો. ક. ૪૬૭, ૪૬૭, ૪૭૧, આર્મ્સ એકટ ૨૫ (એ) (બી), કસ્ટમ એકટ ૩,૫ મુજબ ગુના દાખલ થયેલ છે. જેમાં શાહપુર વિસ્તારમાં આવેલ બી.ડી. પટેલ અન્ડ સન્સ જે આર્મ્સ એમ્યુનેશન વેચવાની દુકાન છે તેનો માલિક જહાંગીર પટેલ હથિયારો લાવી ખોટા લાયસન્સ ધારકોને તથા અમદાવાદ શહેરની જુદી જુદી ગેંગોને હથિયારો પુરા પાડેલ તેમાં પણ શોરાબુદ્દિન સંડોવાયેલ છે. |

| | | |
|---|---|---|
| ૩ | અમદાવાદ શહેર | વેજલપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૨૩૮/૦૧ ઇ.પી.કો. ક. ૧૨૦બી, ૩૮૬, ૨૦૧, આર્મ્સ એક્ટ ૨૫(૧)એબી, તથા બી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ થયેલ છે. જેમાં ઇબ્રાહીમ ઇમામુદ્દિન ચોહાણે તેના પાટનર રફીક ચેજાર પાસેથી નીકળતા નાણાં બાબતે શરીફખાનના અમદાવાદ સ્થિત એજન્ટ શોરાબુદ્દિન-પ્રફુલ અને વિજય જે મધ્ય પ્રદેશના વોંટેડ ગુનેગારો છે. તથા નુરમહંમદ નથ્થુભાઇ ચોધરી રફીક ચેજારાને મારવા નીકળતાં વાસણા તોલનાકા પાસે હથિયાર સાથે પકડાઇ ગયેલ છે. |
| ૪ | અમદાવાદ શહેર | નવરંગપુરા પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૨૪/૦૪ ઇ.પી.કો.ક. ૩૦૭, ૪૨૭, ૧૧૪, આર્મ્સ એક્ટ ૨૫(૧)બીએ મુજબ સને ૨૦૦૧ ની સાલમાં શોરાબુદ્દિન શેખે બીજા આરોપીઓની મદદથી પાયોનીયર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ના માલીક રમણભાઇ પટેલની ઓફીસમાં ઘુસી જઇ રૂપિયાની ખંડણી બાબતે ફાયરીંગ કરી નાસી જવા બાબત. |
| ૫ | એ.ટીએસ.અમદાવાદ | એ.ટી.એસ. પો.સ્ટે. ગુ.ર.નં. ૫/૦૫ ઇ.પી.કો.ક. ૩૦૭, ૧૨૦બી, ૧૨૧, ૧૨૧એ, ૧૨૨, ૧૨૩, ૧૮૬, ૨૨૪, આર્મ્સ એક્ટ ૨૫(૧બીએ), ૨૭, બી.પી. એક્ટ ૧૩૫(૧) મુજબના ગુનાના કામે આઇ.એસ.આઇ. એજન્ટના ઇશારે ભારત દેશની અખંડીતતાને ભાંગફોડ તેમજ તોડફોડ કરવા માટે આ કામનો મરણ જનાર શોરાબુદ્દિન શેખ ગઇ તા. ૨૬-૧૧-૦૫ ના રોજ વહેલી સવારના ૫:૨૦ વાગે ના સુમારે નારોલ સર્કલથી વિસાલા સર્કલ જતા રોડ ઉપર પોલીસે રોકવાનો પ્રયાસ કરતાં પોલીસ ઉપર ફાયરીંગ કરેલ દરમ્યાન પોલીસ અધિકારીઓ દ્વારા સ્વબચાવમાં ફાયરીંગ કરતાં મરણ ગયેલ છે. |
| ૬ | મધ્યપ્રદેશ ઉજ્જૈન શહેર | મહીદપુરા પો. સ્ટે. ગુ.ર. નં. ૧૬૬/૯૫ ઇ.પી.કો.ક. ૧૨૨, ૧૨૩, આર્મ્સ એક્ટ ૨૫, ૨૭ મુજબ |
| ૭ | મધ્યપ્રદેશ ઉજ્જૈન શહેર | નાગદા પો. સ્ટે. ગુ.ર. નં. ૨૩૭/૯૫ ઇ.પી.કો.ક. ૧૨૨, ૧૨૩, આર્મ્સ એક્ટ ૨૫(૧) મુજબ |
| ૮ | મધ્યપ્રદેશ ઉજ્જૈન શહેર | નાગદા ઉજ્જૈન પોલીસે તા. ૬-૭-૯૯ ના રોજ શોરાબુદ્દિન વિરૂધ્ધ એન.એસ.એ. નો કેસ કરેલ છે. |
| ૯ | મહારાષ્ટ્ર (કોલ્હાપુર) | ચાંદગઢ પો. સ્ટે. ગુ.ર. નં. ૩૦/૨૦૦૦ ઇ.પી.કો.ક. ૩૦૭, ૧૪૭, ૧૪૯, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૩), ૨૦ મુજબ ગુનો દાખલ કરેલ છે. |
| ૧૦ | મહારાષ્ટ્ર (કોલ્હાપુર) | ચાંદગઢ પો. સ્ટે. ગુ.ર. નં. ૫૨/૨૦૦૦ ઇ.પી.કો.ક. ૩૦૭, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૩), ૨૭ મુજબ ગુનો દાખલ કરેલ છે. |
| ૧૧ | મહારાષ્ટ્ર (કોલ્હાપુર) | ચાંદગઢ પો. સ્ટે. ગુ.ર. નં. ૪/૨૦૦૫ ઇ.પી.કો.ક. ૩૦૨, ૧૨૦બી, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(૩), ૨૭ મુજબ ગુનો દાખલ કરેલ છે. |
| ૧૨ | રાજસ્થાન (ઉદેપુર) | હાથીપોલ પો. સ્ટે. ગુ.ર. નં. ૨૧૪/૦૪ ઇ.પી.કો.ક. ૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૨, આર્મ્સ એક્ટ કલમ ૩-૨૫ મુજબ ખંડણીના રૂપિયાની ઉઘરાણી બાબતે ઉદેપુર હાથીપોલ વિસ્તારમાં હમીદલાલા બસીરખાન પઠાણની ઉપર ફાયરીંગ કરી હત્યા કરી ગુનો દાખલ કરેલ છે. |

-------------

**નર્મદા યોજના હેઠળ કચ્છ જિલ્લાને પાણીની ફાળવણી**

૧૬૨૨૬ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાંથી નર્મદા યોજનામાં પાણીની ફાળવણીમાં વધારો કરવા કેટલી માંગણીઓ છેલ્લા ત્રણ વર્ષમાં મળી છે, | (૧) ૪ (ચાર) |
| (૨) આ બાબતે કચ્છ જિલ્લાને કરવામાં આવેલ પાણીની ફાળવણી ઉપરાંત વધારો કરવા સરકારે શા શા આયોજન અને વિચારણા કરી, અને | (૨) મૂળ આયોજન પ્રમાણે કચ્છ જિલ્લાને કરવામાં આવેલ ૦.૨૦૩ મીલીયન એકર ફીટ ફાળવણી વધારીને ૦.૪૯ મીલીયન એકર ફીટ કરવામાં આવેલ છે તેમજ ચોમાસા દરમ્યાન નર્મદા નદીમાં આવનાર વધારાના પાણી પૈકી એક મીલીયન એકર ફીટ પાણીની ફાળવણી કચ્છ માટે કરવામાં આવી છે અને આ |

વધારેલ ફાળવણીને અનુરૂપ કચ્છ શાખા નહેરની વાહનક્ષમતા ઉદગમ સ્થળ પર ૭૭ ઘન મીટર પ્રતિ સેકન્ડ (મૂળ આયોજન મુજબ) થી વધારી ૨૨૦ ઘન મીટર પ્રતિ સેકન્ડ કરવાનું આયોજન કરેલ છે.

(૩) આ અંગે અંતિમ નિર્ણય શો લેવામાં આવ્યો છે?

(૩) ઉપર મુજબ.

-------------

**જૂનાગઢ જિલ્લામાં ઔદ્યોગિક રોકાણની દરખાસ્તો**

૧૬૦૧૯ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ ના નાણાંકીય વર્ષ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ઔદ્યોગિક મૂડીરોકાણની કુલ કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે,

(૧) જૂનાગઢ જિલ્લામાં ઔદ્યોગિક મૂડીરોકાણ માટે મધ્યમ/મોટા ઉદ્યોગોની મળેલ દરખાસ્તો નીચે મુજબ છે.

| **વર્ષ** | **સંખ્યા** |
|---|---|
| ૦૪-૦૫ | ૩ |
| ૦૫-૦૬ (ડીસેમ્બર-૦૫ સુધી) | ૩ |
| **કુલ :** | ૬ |

(૨) કાયમી લઘુ ઉદ્યોગ નોંધણી માટે મળેલ દરખાસ્તો નીચે મુજબ છે.

| **વર્ષ** | **સંખ્યા** |
|---|---|
| ૦૪-૦૫ | ૩૦૫ |
| ૦૫-૦૬ (૩૧-૧-૦૬ સુધી) | ૧૮૩ |

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી,

(૨)(૧) મધ્યમ/મોટા ઉદ્યોગોમાં રાજ્ય સરકાર પાસે કોઇ દરખાસ્ત મંજુર કરાવવાની જરૂર નથી.

(૨) કાયમી લઘુ ઉદ્યોગ નોંધણી તરીકે નોંધાયેલ એકમ નીચે મુજબ છે.

| **વર્ષ** | **સંખ્યા** |
|---|---|
| ૦૪-૦૫ | ૩૦૧ |
| ૦૫-૦૬ (૩૧-૧-૦૬ સુધી) | ૧૮૧ |

(૩) કેટલું મૂડીરોકાણ થશે, અને

(૩) ૧. મધ્યમ અને મોટા એકમો

| | મૂડીરોકાણ (રૂા. કરોડ) |
|---|---|
| ૦૪-૦૫ વર્ષની દરખાસ્તથી | ૪૭૯ |
| ૦૫-૦૬ વર્ષની દરખાસ્તથી | ૭૫૫ |
| કુલ : | ૧૨૩૪ |

૨. લઘુ ઉદ્યોગ એકમો

| | |
|---|---|
| ૦૪-૦૫ | રૂા. ૧૮.૭૬ કરોડ |
| ૦૫-૦૬ | રૂા. ૪.૮૧ કરોડ |

(૪) ક્યા પ્રકારના પ્રોજેક્ટ અમલમાં આવશે ?

(૪) ફુડ પ્રોસેસીંગ, સીમેન્ટ, જીપ્સમ, કેમીકલ, આંતર માળખાકીય તેમજ અન્ય પ્રોજેક્ટો અમલમાં આવનાર છે.

-------------

## સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના

૧૬૦૪૬ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫ માં સાબરકાંઠા જિલ્લામાં ખૂનના કેટલા ગુના નોંધાયેલ છે, અને | (૧) ૨૦૦૩ – ૪૦; ૨૦૦૪ – ૩૫; ૨૦૦૫ – ૨૮ |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ? | (૨) ૨૦૦૩ – ૩૬; ૨૦૦૪ – ૨૮; ૨૦૦૫ – ૨૪ |

-------------

## વડોદરા જિલ્લામાં ફાળવેલ ટી.વી. સેટ

૧૫૯૦૦ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫માં વડોદરા જિલ્લામાં કેટલા ટી.વી. સેટ ફાળવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા ?

**જવાબ**

(૧) કુલ ૧૦૧ ટી.વી. સેટસ.

(૨)

| | | |
|---|---|---|
| (૧) | જેતપુર પાવી | ૨૦ |
| (૨) | વાઘોડીયા | ૦૭ |
| (૩) | છોટા ઉદેપુર | ૦૮ |
| (૪) | નસવાડી | ૧૮ |
| (૫) | ક્વાંટ | ૦૨ |
| (૬) | સંખેડા | ૧૮ |
| (૭) | શિનોર | ૦૪ |
| (૮) | પાદરા | ૦૭ |
| (૯) | વડોદરા | ૦૬ |
| (૧૦) | ડભોઇ | ૦૫ |
| (૧૧) | કરજણ | ૦૩ |
| (૧૨) | સાવલી | ૦૩ |
| | કુલઃ- | |

૧૦૧ ટી.વી. સેટસ.

-------------

## રાજ્યને પેટ્રોકેપીટલ બનાવવા બાબત

૧૪૦૬૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ ગુજરાત રાજ્યને પેટ્રોકેપીટલ બનાવવા માટે છેલ્લા એક વર્ષમાં શું શું પ્રયત્નો કર્યા,

**જવાબ**

(૧) નીચે જણાવેલ વિગતો મુજબ ગુજરાત રાજ્ય પેટ્રોકેપીટલ છે જ.

(૧) રાજ્યમાં બે રીફાઇનરીઓ કાર્યરત છે. અને એક્નું કામ પ્રગતિ હેઠળ છે.

(૨) રાજ્યમાં હજીરા અને દહેજ ખાતે બે એલ.એન.જી. ટર્મીનલ કાર્યરત છે.

(૩) જીએસપીસીએ ૨ મીલીયન મેટ્રીક ટન આરએલએનજી ખરીદવા અગોતરા કરાર કર્યા છે.

(૪) જી.એસ.પી.સી.એ ૨૫૦૦ કિ.મી.ની ગેસ ગ્રીડ પાઇપલાઇનનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે, અને હજીરાથી કલોલ સુધીનું પાઇપલાઇનનું કામ પૂર્ણ કરેલ છે.

(૫) રાજ્યમાં કુલ ૩૧ મીલીયન ક્યુબીક મીટર ગેસ ઉપલબ્ધ કરવામાં આવ્યો છે.
(૬) ક્રિશ્ના-ગોદાવરી બેઝીનમાં જીએસપીસીને મળેલ ગેસ ક્ષેત્રમાં વિપુલ ગેસનો ભંડાર મળી આવેલ છે. જ્યારે ધોળકામાં ઓઇલનો વિશાળ જથ્થો મળવાની શક્યતા છે.
(૭) રાજ્યમાં જમીન પરના ઓઇલ અને ગેસ ક્ષેત્રોમાંથી વાર્ષિક ૫.૭ મીલીયન મે.ટન ઓઇલ અને ૨૫૫૫ મીલીયન ક્યુબીક મીટર ગેસનું ઉત્પાદન થાય છે.

(૨) આ અંગે રાજ્ય સરકારે કુલ કેટલું ખર્ચ કર્યું,

(૨) જુદી જુદી કંપનીઓ દ્વારા કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે. જી.એસ.પી.સી.એલ.એ રૂા. ૧૨૦૦/- કરોડનો ખર્ચ કરેલ છે.

(૩) રાજ્ય સરકારે આ અંગે કોઈ નવી યોજનાઓ ઘડી છે કે કેમ, અને

(૩) ના, જી.

(૪) જો હા, તો કઈ કઈ, અને તેનું તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિનું સ્ટેટસ શું છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં સ્થપાયેલ ઉદ્યોગો**

૧૪૭૮૫ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) :માનનીય મુખ્યમંત્રીશ્રી(ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ઉદ્યોગો ભૂકંપ બાદ સ્થપાયા,

**જવાબ**

(૧) (૧) કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ તારીખ ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કુલ ૫૮૯ મધ્યમ અને મોટા પ્રોજેકટો સ્થાપનાની પ્રક્રિયામાં છે. તાલુકાવાર માહિતી પરિશિષ્ટ-૧માં સામેલ છે.
(૨) કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ કુલ ૧૧૫૪ લઘુ ઉદ્યોગો સ્થપાયા છે. તાલુકાવાર વિગતો પરિશિષ્ટ-૨ મુજબ છે.

(૨) તે ઉદ્યોગોમાં કેટલું મૂડીરોકાણ તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ થયું છે, અને

(૨) ઉપર્યુક્ત પૈકી ૧૮૦ પ્રોજેકટો રૂા. ૭૯૪૬ કરોડના રોકાણ સાથે ઉત્પાદનમાં ગયેલ છે. અને ૪૦૯ પ્રોજેકટો રૂા. ૩૨૦૦૪ કરોડના રોકાણ સાથે અમલીકરણ હેઠળ છે.
વિશેષમાં લઘુઉદ્યોગોમાં કુલ ૪૪.૨૪ કરોડનું રોકાણ થયું છે.

(૩) કુલ કેટલું મૂડીરોકાણ કરવાના કરારો થયા છે ?

(૩) રાજ્ય સરકાર દ્વારા આયોજિત વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ અને ૨૦૦૫ દરમ્યાન કચ્છ જિલ્લામાં ઉપરોક્ત ઉદ્યોગો પૈકી અથવા તે સિવાયના કુલ રૂા. ૩૦૬૪૧.૧૦ કરોડના મૂડીરોકાણ કરવાના ૪૨ એમ.ઓ.યુ/પ્રોજેકટ જાહેરાતો થયા છે.

**પરિશિષ્ટ-૧**

**કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ તાલુકાવાર ઉદ્યોગોની વિગતો (રૂા. કરોડમાં)**

| તાલુકો | અમલીકરણ હેઠળના એકમો | | ઉત્પાદનમાં ગયેલ પ્રોજેકટો | | કુલ પ્રોજકટો | |
|---|---|---|---|---|---|---|
| | પ્રોજેકટો | મુડી રોકાણ | પ્રોજેકટો | મુડી રોકાણ | પ્રોજેકટો | મુડી રોકાણ |
| અબડાસા | ૮ | ૯૨૦ | ૫ | ૧૯૩ | ૧૩ | ૧૧૧૩ |
| અંજાર | ૭૯ | ૪૬૯૪ | ૪૭ | ૧૯૭૮ | ૧૨૬ | ૬૬૭૨ |
| ભચાઉ | ૭૬ | ૪૧૧૪ | ૪૭ | ૯૨૮ | ૧૨૩ | ૫૦૪૨ |
| ભુજ | ૮૭ | ૫૦૪૦ | ૩૪ | ૧૮૪૫ | ૧૨૧ | ૬૮૮૫ |
| ગાંધીધામ | ૧૩૪ | ૨૮૩૯ | ૨૫ | ૧૩૩૨ | ૧૫૯ | ૪૧૭૧ |
| લખપત | ૫ | ૨૮૭ | ૧ | ૩૦ | ૬ | ૩૧૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| માંડવી | ૪ | ૧૦૪૯૪ | ૦ | ૦ | ૪ | ૧૦૪૯૪ |
| મુન્દ્રા | ૧૬ | ૩૬૧૬ | ૨૦ | ૧૫૯૦ | ૩૬ | ૫૨૦૬ |
| નખત્રાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| રાપર | ૦ | ૦ | ૧ | ૫૦ | ૧ | ૫૦ |
| **કુલ** | **૪૦૯** | **૩૨૦૦૪** | **૧૮૦** | **૭૯૪૬** | **૫૮૯** | **૩૯૯૫૦** |

## પરિશિષ્ટ-૨

### કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ તાલુકાવાર લઘુ ઉદ્યોગોની વિગતો

| ક્રમ | તાલુકો | એકમની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભુજ | ૨૬૧ |
| ૨ | અંજાર | ૧૭૧ |
| ૩ | ગાંધીધામ | ૫૦૬ |
| ૪ | અબડાસા | ૧૬ |
| ૫ | મુન્દ્રા | ૩૭ |
| ૬ | ભચાઉ | ૩૭ |
| ૭ | માંડવી | ૬૩ |
| ૮ | નખત્રાણા | ૩૭ |
| ૯ | લખપત | ૦૧ |
| ૧૦ | રાપર | ૨૫ |
| | **કુલ** | **૧૧૫૪** |

-------------

### વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ હેઠળ થયેલ એમ.ઓ.યુ.

**૧૫૧૧૧ શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય):માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમા વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ અન્વયે ૨૦૦૩-૦૪-૦૫ના કેલેન્ડર વર્ષમાં કુલ કેટલા અને કેટલી રકમના એમ. ઓ. યુ. કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ હેઠળ થયેલ એમ.ઓ.યુ. / જાહેરાતોની માહિતી નીચે મુજબ છે.

| **વર્ષ** | **પ્રોજેકટોની સંખ્યા** | **રકમ રૂા. (કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૦૩ | ૭૬ | ૬૬,૦૬૮ |
| ૨૦૦૪ | -- | ----- |
| ૨૦૦૫ | ૨૨૬ | ૧,૦૬,૧૬૦ |
| **કુલ :** | **૩૦૨** | **૧,૭૨,૨૨૮** |

(૨) તે પૈકી કેટલા એમ.ઓ.યુ. તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અમલમાં છે અને કેટલા એમ.ઓ.યુ. પડતા મુકવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ
-- ૨૬૬ પ્રોજેકટો અમલમાં છે.
-- ૩૬ પ્રોજેકટો પડતા મુકવામાં આવેલ છે.

(૩) એમ.ઓ.યુ. પડતા મુકવાનાં કારણો શાં છે અને તે પડતા ન મુકાય તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધા છે ?

(૩) **એમ.ઓ.યુ. પડતા મુકવાના કારણ :**
- કેટલાક ઉદ્યોગકારોના વ્યવસાયિક કારણોના લીધે તેમના તરફથી પ્રોજેકટો શરૂ કરવામાં આવેલ નથી.

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ પગલાં :**

-- સમયાંતરે ઉચ્ચકક્ષાએ પ્રોજેકટોની અમલવારી માટે ઉદ્યોગકારો સાથે સમીક્ષા કરવામાં આવે છે.

-- પડતર પ્રશ્નોની સમીક્ષા કરી પ્રોજેકટો વેળાસર સ્થપાય તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.

-------------

**આંતકવાદ વિરોધી દળે કરેલ કુખ્યાત ગુનેગાર બાબાખાનની ધરપકડ અંગે**

૧૬૨૯૮ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના આંતકવાદ વિરોધી દળે કુખ્યાત ગુનેગાર બાબાખાનની ધરપકડ કરી હોવાની વિગત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે ક્યા ક્યા પ્રકારના ગુન્હાઓમાં સંડોવાયેલ છે, અને | (૨) ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી, હત્યા અને હત્યાનો પ્રયાસ. |
| (૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) આરોપીની ધરપકડ કર્યા બાદ કાયદેસરની કાર્યવાહી ગતિમાં છે. |

-------------

**વરસાદ ખેંચાવાના સંજોગોમાં ખેડૂતોને ૮ કલાક કરતા વધારે વીજળી આપવા અંગે**

૧૬૦૧૮**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ):માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)**જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સિંચાઈ માટે ખેડૂતોને હાલમાં ૮ કલાક ખેતીવાડી માટે વિજળી આપવામાં આવે છે, તેમાં ચોમાસામાં વરસાદ ખેંચાઈ વરસાદ ન હોય અને પિયત તત્કાલ આપવાનું થાય ત્યારે વધારે વિજળી ખેતીવાડી માટે પાક બચાવવા માટે આપવાના છો કે કેમ ? | ચોમાસા દરમ્યાન વરસાદ ખેંચાવાના સંજોગોમાં ખેતીવાડીનો પાક બચાવવા વીજ ઉપલબ્ધતા અને વીજમાંગને ધ્યાનમાં લઈને વધારે કલાક વીજપુરવઠો પૂરો પાડવાનું આયોજન દરવર્ષે કરવામાં આવે છે. |

-------------

**મહેસાણા જિલ્લાની તાલુકાવાર વેચાણવેરાની આવક**

૧૪૬૬૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નાણા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૩૧ ડિસે., ૨૦૦૫ના અંતે છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાની તાલુકાવાર સેલ્સટેક્ષની આવક કેટલી થઈ ?

**જવાબ**

| **તાલુકાનું નામ** | **આવક રૂા. કરોડમાં** |
|---|---|
| મહેસાણા | ૫૫.૨૧ |
| કડી | ૪૫.૪૨ |
| બેચરાજી | ૦૦.૦૨ |
| વિજાપુર | ૧૨.૬૪ |
| વિસનગર | ૦૦.૫૦ |
| ખેરાલુ | ૦૦.૦૭ |
| વડનગર | ૦૦.૩૦ |
| સતલાસણા | ૦૦.૦૪ |
| ઉંઝા | ૧૬.૧૭ |
| **કુલ :** | **૧૩૦.૫૭** |

-------------

**પાલીતાણા તાલુકામાં ખેતી માટે વીજ કનેક્શન ન આપ્યા હોય તેવા ગામો**

૧૬૨૩૪ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પાલીતાણા તાલુકામાં એકપણ ખેતીવાડી વીજ કનેકશન મળેલ ન હોય તેવા ગામોની સંખ્યા કેટલી છે, | (૧) એક, |

(૨) આવા ગામોમાં અગ્રતાના ધોરણે ક્નેક્શન આપવા સરકાર માંગે છે કે કેમ, અને

(૩) જો હા, તો કઈ રીતે આપવા માંગે છે ?

(૨) અને (૩) ખેતીવાડી વીજ ક્નેક્શનો નોંધાયેલ અરજીઓના સપ્રમાણ પ્રતિ વર્ષ આયોજન મુજબ આપવામાં આવતા હોવાથી, પ્રાયોરીટી બાયપાસ કરીને અગ્રતાના ધોરણે ક્નેક્શન આપવા શક્ય નથી.

-------------

## જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના

૧૬૦૪૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં જૂનાગઢ જિલ્લામાં ખૂનના કેટલા ગુના નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|
| ૫૦ | ૪૦ | ૩૩ |

(૨)

| ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|
| ૪૭ | ૩૨ | ૩૦ |

-------------

## રાજ્યના પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન

૧૬૦૩૯**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું નક્કી કરેલ છે તે વાત ખરી છે,

(૨) જો હા, તો તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન ક્યારે પૂરૂં કરવામાં આવશે, અને

(૩) તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા પોલીસ સ્ટેશન કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારના સી.સી.આઈ.એસ. સોફ્ટવેર ઉપરાંત અન્ય સોફ્ટવેર અંગે ટી.એસ.પી.ની નિમણુંક કરી બનતી ત્વરાએ કોમ્પ્યુટરાઈઝેશન પૂરૂ કરવામાં આવશે.

(૩) (૧) તમામ ૪૬૭ પોલીસ સ્ટેશનોમાં પોલીસ સ્ટેશન દીઠ એક કોમ્પ્યુટર અને સંબંધિત સાધનો પૂરા પાડવામાં આવેલ છે અને ચાલુ વર્ષે પોલીસ સ્ટેશન દીઠ વધારાના બે કોમ્પ્યુટર આપવામાં આવનાર છે.

(૨) કુલ ૪૩૫ પોલીસ સ્ટેશનોની જીસ્વાન ક્નેક્ટીવીટી પૂર્ણ થયેલ છે.

(૩) સોફ્ટવેર આધારીત કોમ્પ્યુટરાઈઝેશન માટે ટી.એસ.પી.ની નિમણુંક કરવા ટેન્ડર તૈયાર કરવામાં આવી રહેલ છે.

------------

## ધોલેરા બંદરનો વિકાસ

૧૫૮૯૧ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધોલેરા બંદર વિક્સાવવા માટેનો પ્રોજેક્ટ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, | (૧) કેન્દ્ર સરકારના મીનીસ્ટ્રી ઓફ એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટની કક્ષાએ પર્યાવરણની મંજુરી માટે પડતર છે. |
| (૨) બંદરના વિકાસલક્ષી કામકાજ માટે અગાઉ કઇ કંપની સાથે એગ્રીમેન્ટ થયાં હતાં, અને | (૨) બંદરના વિકાસલક્ષી કામકાજ માટે અગાઉ કોઇ કંપની સાથે એગ્રીમેન્ટ થયેલ નથી. જે.કે.ગૃપ કંપનીને બંદર વિક્સાવવા ઇરાદાપત્ર આપવામાં આવેલ છે. |
| (૩) ધોલેરા બંદર સંપૂર્ણ તેયાર થતા કેટલો સમય લાગશે ? | (૩) કેન્દ્ર સરકારની પર્યાવરણની મંજૂરી મળ્યા બાદ ત્રણ વર્ષનો સમય લાગશે. |

-------------

## ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના મીઠા ઉદ્યોગને ચૂકવાયેલ સહાય

૧૩૯૯૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં પાછલા ચોમાસાની અતિવૃષ્ટિના કારણે ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં મીઠા ઉદ્યોગને નુક્શાન થવાથી આ મીઠા ઉદ્યોગને ઉભા કરવા માટે સરકાર તરફથી મીઠા ઉદ્યોગને કેટલી સહાય ચૂકવવામાં આવી અને કેટલી સહાય તા. ૩૧-૧-૦૬ સુધીમાં ચૂકવવાની બાકી છે, અને | (૧) પાછલા ચોમાસાની અતિવૃષ્ટિના કારણે ૧૦ એકર સુધી જમીન ધરાવતા મીઠા ઉદ્યોગના એક્મો માટે સહાયની યોજના રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે, પરંતુ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ૧૦ એકર સુધી જમીન ધરાવતા મીઠા ઉદ્યોગના એક્મો આવેલ ન હોઇ રાજ્ય સરકારની સહાય ચૂકવવાનો પ્રશ્ન રહેતો નથી.<br>જ્યારે ભારત સરકારની યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા મીઠા એકમોને થયેલ નુકાશાનનો સર્વે ભરૂચ જિલ્લામાં કરવામાં આવેલ છે. જેનો રીપોર્ટ હાલ ભારત સરકારની વિચારણા હેઠળ છે. |
| (૨) કેન્દ્ર સરકાર સમક્ષ સહાય ચૂકવવા કોઇ દરખાસ્ત કરેલ છે કે કેમ ? | (૨) આ બાબતે કેન્દ્ર સરકારે તેની યોજના અંતર્ગત કાર્યવાહી કરી છે. જેથી રાજ્ય સરકાર દ્વારા દરખાસ્ત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## યાત્રાધામોની સુરક્ષા માટે લેવાયેલ પગલાં

૧૬૦૩૭**ડૉ.કનુભાઇ કળસરિયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દ્વારકા, સોમનાથ, અંબાજી, ડાકોર અને પાલીતાણા યાત્રાધામોની (મંદિરોની) સુરક્ષા માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા પગલાંઓ લીધેલ છે ? | (૧) દ્વારકા, સોમનાથ, અંબાજી, ડાકોર અને પાલીતાણા યાત્રાધામોની (મંદિરોની) સુરક્ષા માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ મુખ્ય પ્રવેશ દ્વાર ખાતે એસ. આર.પી. બંદોબસ્ત, ક્માન્ડો, એલ.એમ.જી. પોસ્ટ તથા અન્ય પ્રકારના પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા ગોઠવેલ છે.<br>સોમનાથ મંદિરની સુરક્ષા માટે એસ. આર.પી.ની |

એક કંપની રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવે છે અને એક એલ. એમ.જી. સ્ટેન્ડ બાય રાખવામાં આવેલ છે. મંદિર ખાતે સીસી ટીવી કેમેરા ગોઠવીને કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવેલ છે. વી.એચ.એફ.સ્ટેશન પણ શરૂ કરેલ છે. મંદિરના ૫૦૦ મીટરના વિસ્તારની અંદર મોટા વાહનો પર પ્રવેશબંધી ફરમાવેલ છે તથા વેરાવળ-કોડીનાર-કોટડા સુધી દરિયાઈ રસ્તે જોઈન્ટ કોન્સ્ટલ પેટ્રોલીંગ માટે કોસ્ટ ગાર્ડ બોટથી પેટ્રોલીંગ રાખવામાં આવેલ છે. દરેક પરિસ્થિતિને પહોંચી વળવા માટે પોલીસ દ્વારા અવિરત- પણે ચાંપતી નજર રાખવામાં આવે છે.

અંબાજી મંદિર ખાતે પણ એસ.આર.પી. પ્લાટુર્ન તથા જી. આઈ. એસ.એફ.ના બે સેકશન તથા અન્ય સીક્યુરીટી સ્ટાફ ફરજો બજાવે છે. મંદિરની સુરક્ષા માટે ત્રિસ્તરીય સુરક્ષા માટેની સ્કીમ તૈયાર કરવામાં આવી રહેલ છે.

ડાકોર મંદિરની સુરક્ષા માટે એસ.આર.પી. અને પોલીસનો પુરતો સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં કાયમી ધોરણે હથિયાર બંધી અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરી તેની અમલવારી કરવામાં આવે છે.

પાલીતાણા ખાતે પણ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા ખાનગી સીક્યુરીટીનું આયોજન કરવામાં આવેલ છે. સાથેસાથે પોલીસ પેટ્રોલીંગ ગોઠવવામાં આવેલ છે.

------------

**ઓ.એન.જી.સી. દ્વારા એસ.આર.પી. બટાલીયોનીની માગણી**

૧૬૦૫૩ **શ્રી ભૂરાભાઈ કટારા (ઝાલોદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ઓ.એન.જી.સી. દ્વારા રાજ્ય સરકાર પાસે તેઓના યુનિટો અને ઈન્સ્ટોલેશનની સુરક્ષા માટે એસ.આર.પી. બટાલીયનની માગણી કરવામાં આવી હોવાની હકિક્ત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે. ? | (૨) વિગતો નીચે મુજબ છે :-<br>૧. આ બટાલીયનનો તમામ ખર્ચ ઓ.એન.જી.સી. દ્વારા ભોગવવામાં આવનાર છે,<br>૨. આ બટાલીયનનું મુખ્ય મથક વડોદરા ખાતે રાખવામાં આવનાર છે,<br>૩. આ બટાલીયન દ્વારા ઓ.એન.જી.સી.ના એકમોનું રક્ષણ વધુ સારી રીતે થઈ શકશે,<br>૪. એમ.ઓ.યુ. વિચારણા હેઠળ છે. |

**કુખ્યાત ગુનેગાર છોટા શકીલ ગેંગના સાગરીતોને પકડવા અંગે**
૧૬૨૯૫ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે તાજેતરમાં કુખ્યાત ગુનેગાર છોટા શકીલ ગેંગના સાગરીતો પકડી પાડેલ હોવાની હકિક્ત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સાગરીતો કોણ કોણ છે, અને | (૨) (૧) મહંમદ હનીફ ઉર્ફે બટર સન ઓફ અલીમહંમદ ઘાંચી રહે. ૮/૨૦, ઈસ્માઈલ કર્ન રોડ, મોદ ાલ બિલ્ડીંગ, ૩/૧૪, મુંબઈ,<br>(૨) ફઈમ મચમચ રહે. કરાંચી, પાકિસ્તાન<br>(૩) છોટા શકીલ, રહે. પાકિસ્તાન |
| (૩) તેઓ પાસેથી કેટલા શસ્ત્રો અને દારૂગોળો પકડાયેલ છે ? | (૩) તેઓ પાસેથી રીવોલ્વર નંગ-૧ અને જીવતા કારતુસ નંગ-૫ કબજે કરેલ છે. |

-------------

**ભાવનગર જિલ્લામાં હેલ્મેટ પહેર્યા વિના વાહન ચલાવવા અંગે દંડની વસુલાત**
૧૩૯૬૫ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| ભાવનગર જિલ્લામાં છેલ્લા આઠ માસમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ હેલ્મેટ પહેર્યા વિના વાહન ચલાવતા વાહન ચાલકો પાસેથી કુલ કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ? | રૂા. ૨૩,૦૬,૬૬૫/- |

----------

**માર્ગ અકસ્માતમાં થયેલ મૃત્યુ**

૧૪૮૮૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં ૨૦૦૫ના કેલેન્ડર વર્ષ દરમ્યાન માર્ગ અકસ્માતોના બનાવોમાં કેટલા લોકોએ જાન ગુમાવ્યા, | (૧) ૫૧૨૬. |
| (૨) વધતા જતા માર્ગ અકસ્માતો અટકાવવા સરકાર શાં પગલાં વિચારી રહી છે, અને | (૨) ૧. સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચ કાર્યાન્વિત કરવી<br>૨. સઘન પેટ્રોલીંગ<br>૩. ટ્રાફીક નિયમોના અમલીકરણ ઉપર ભાર |
| (૩) માર્ગ અકસ્માતો વધી રહ્યાના મુખ્ય ક્યા કારણો છે ? | (૩) ૧. વાહનોની સંખ્યામાં વધારો<br>૨. વાહન ચાલકોની બેદરકારી અને સ્વયશિસ્તનો અભાવ<br>૩. વાહનની ગતિમર્યાદાનો ભંગ<br>૪. ટ્રાફીક નિયમોનો ભંગ<br>૫. રસ્તાની ખરાબ સ્થિતિ કે સંજોગો. |

-------------

## થાનગઢ પોલીસ સ્ટેશનમાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના નોંધાયેલ કેસો

૧૪૪૦૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાનગઢ પોલીસ સ્ટેશનમાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા આરોપી પકડાયા,

(૩) કેટલા કેસોમાં આરોપીઓ પકડાયા નથી, અને

(૪) કેટલા કેસોમાં ચાર્જશીટ મુકવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | ગુનાનો પ્રકાર | નોંધાયેલ કેસ |
|---|---|---|
| ૧ | ખૂન | ૧ |
| ૨ | લૂંટ | ૨ |
| ૩ | ધાડ | - |
| ૪ | બળાત્કાર | ૧ |
| | કુલ | ૪ |

(૨) ૧૧ (અગીયાર).

(૩) એક પણ નહીં.

(૪) ૩ (ત્રણ) કેસોમાં.

-------------

## વાવ થરાદમાં મીઠુ લેવા જતી ટ્રકોને રાત્રીના સમયે રોકી રાખવા અંગે

૧૬૦૨૯**શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વાહન વ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ રાજ્ય સરકાર સરહદી વિસ્તાર એવા વાવ-થરાદમાં મીઠા ઉદ્યોગોમાંથી મીઠુ લેવા જતી ટ્રકોને રાતના સમયે રોકી રાખવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨)

સીધાડાથી માવસરી સુધીનો કસ્ટમ રોડ સરહદની નજીક હોઇ અને સલામતીની દ્રષ્ટિએ મહત્વનો હોઇ તા. ૧૧-૦૯-૧૯૯૫થી સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી તમામ વાહનો ઉપર મુંબઇ પોલીસ એકટ, ૧૯૫૧, કલમ-૩૩ મુજબ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ હતો. ત્યારબાદ તેમાં તા.૨૪-૦૫-૨૦૦૫થી ફેરફાર કરીને બનાસકાંઠામાં સમાવિષ્ટ માવસરીથી સુઇગામ સુધીના કસ્ટમ રોડ ઉપર સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી પ્રતિબંધ યથાવત રાખવામાં આવેલ છે.

-------------

## ઓ.એન.જી.સી.ના કાચા તેલની ચોરીનું કૌભાંડ પકડવા અંગે

૧૬૨૯૯**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના આતંકવાદ વિરોધી દળે ઓ.એન.જી.સી.ના કાચા તેલની મોટા પ્રમાણમાં ચોરીના વર્ષ-૨૦૦૫માં કેટલા કૌભાંડો પકડી પાડેલ છે,

(૨) આ કૌભાંડોમાં કોણ કોણ સંડોવાયેલ છે, અને

**જવાબ**

(૧) એક.

(૨) આ કૌભાંડમાં નીચે જણાવેલ વ્યક્તિઓ સંડોવાયેલ છે.

૧ દિપક ચંદ્રકાન્ત શાહ રહે. આણંદ (ઓ.એન.જી.સી. ટ્રાન્સપોર્ટેશનના કોન્ટ્રાકટર અને આરતી રોડવેઝના માલીક)

૨ જગદીશકુમાર નાથાલાલ શાહ રહે. આણંદ (આરતી રોડવેઝના એડમીનીસ્ટ્રેટર)

૩ જાહીદખાન મજીદખાન પઠાણ રહે. ચાંદખેડા, ગાંધીનગર.
૪ ધનજીભાઇ જેઠાજી રાઠોડ રહે. કુબેરનગર, અમદાવાદ.
૫ કાળુસિંહ શ્રીલક્ષ્મીસિંહ રાજપુત રહે. જેઠીપુરા, ગાંધીનગર.
૬ સીરાજ અહમદ અસફાક્હુસેન મન્સુરી રહે. દુધેશ્વર, અમદાવાદ.
૭ પેથાજી ધનાજી રાઠોડ રહે. કુબેરનગર, અમદાવાદ.
૮ અલ્પેશ પ્રહલાદભાઇ પટેલ રહે. શાહીબાગ, અમદાવાદ.
૯ અરવિંદ નિહાલચંદ જૈન રહે. સેટેલાઇટ, અમદાવાદ.
૧૦ નવીન ઉર્ફે બન્ટી અરવિંદભાઇ જૈન રહે. સેટેલાઇટ, અમદાવાદ.
૧૧ રાજુ ઉર્ફે પ્રભુભાઇ વલ્લભભાઇ દક્ષિણી રહે. સુરેન્દ્રનગર.
૧૨ મનીષ ભુપેન્દ્રભાઇ શાહ રહે. થાનગઢ, જિલ્લો સુરેન્દ્રનગર.
૧૩ નરેન્દ્ર બુધાલાલ જૈન રહે. મેમનગર , અમદાવાદ.
૧૪ સત્તુસિંહ સવાસિંહ રહે. ચાંદખેડા, ગાંધીનગર.
૧૫ કિશનસિંહ માલસિંહ શેખાવત રહે. ચાંદખેડા, ગાંધીનગર.

(૩) આ કૌભાંડમાં કેટલી રકમના તેલની ચોરી કરવામાં આવી છે ?

(૩) અંકે રૂા. ૪,૨૦,૦૦૦/- (રૂપિયા ચાર લાખ વીસ હજાર)ની ચોરી કરવામાં આવી છે. (ઓઇલ પકડીને ઓ.એન.જી.સી.ને પરત કરેલ છે.)

-------------

**લાંચ લેતા પકડાયેલ પોલીસ કર્મી / અધિકારીઓ**

૧૬૦૮૩**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગૃહ ખાતા હસ્તકના પોલીસ ખાતામાં લાંચ રુશ્વત વિરોધી બ્યુરો ધ્વારા છટકા ગોઠવી લાંચના કેસમાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૩૧-૧-૦૬ ની સ્થિતિએ કેટલા પોલીસ કર્મી / અધિકારીઓને લાંચ લેતા પકડવાના કેસો છે, અને

**જવાબ**

(૧) કુલ-૧૦૭ કેસોમાં ૧૪૫ પોલીસ કર્મી / અધિકારીઓને લાંચ લેતા પકડવામાં આવેલ છે.
જેની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | કેસોની સંખ્યા | આરોપીઓની સંખ્યા |
|---|---|---|
| વર્ષ ૨૦૦૪ | ૫૪ કેસો | ૭૯ |
| વર્ષ ૨૦૦૫ | ૫૦ કેસો | ૬૨ |
| વર્ષ ૨૦૦૬ | ૦૩ કેસો (૩૧-૧-૦૬ની સ્થિતિએ.) | ૦૪ |

(૨) પકડાયેલા આ પોલીસ કર્મી / અધિકારીઓ સામે સરકારે શા પગલાઓ લીધા ?

(૨) પકડાયેલા આ પોલીસ કર્મી / અધિકારીઓની તાત્કાલિક અસરથી જાહેરહિતમાં દુરના સ્થળે બદલી કરવામાં આવેલ છે તેમજ ફરજમોકુફી હેઠળ મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------------

## સિમેન્ટ કંપનીઓ પાસેથી લેવાની થતી વેચાણવેરાની બાકી રકમ

૧૬૩૦૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નાણા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કઈ સિમેન્ટ કંપની પાસેથી તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં વેચાણવેરા પેટે કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, | (૧) પત્રક મુજબ |
| (૨) કેટલી વસુલાત કરવામાં આવી, અને | (૨) તા. ૧-૪-૦૫ થી ૩૧-૧૨-૦૫ દરમ્યાન રૂ. ૧૭.૦૬ કરોડની વસુલાત કરવામાં આવી. |
| (૩) બાકી વસુલાત સમયસર નહીં કરવાના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં વસુલ કરી લેવામાં આવશે ? | (૩) સક્ષમ અધિકારીઓ, વેચાણવેરા પંચ અને હાઈકોર્ટના મનાઈહુકમના કારણે, ફડચામાં ગયેલ હોવાથી, બી.આઈ.એફ.આર. સીક ઈન્ડ.ના કેસમાં એ.એ.આઈ.એફ.આર.નો એવોર્ડ હોવાથી, સી.ડી.આર. પેકેજ હોવાથી જેવા કારણોસર વસુલાત બાકી છે. કાયદાકીય કેસોને કારણે વસુલાતની ચોકક્સ સમયમર્યાદા આપવાનું શક્ય નથી. |

**પત્રક**

| એકમનું નામ | બાકી રકમ રૂ. કરોડમાં |
|---|---|
| એસોસીએટેડ સીમેન્ટ કું. | ૦.૦૩ |
| એલ.એન્ડ ટી.જે.ડી.આઈ.ઓઈલ ફીલ્ડ પ્રોજેક્ટ | ૦.૦૪ |
| કાશી વિશ્વનાથ સિમેન્ટ | ૦.૦૯ |
| બાલારામ સિમેન્ટ | ૨૨.૮૭ |
| રાધાકિશન સિમેન્ટ | ૨.૧૫ |
| હનુમાન સિમેન્ટ પ્રા. લી. | ૦.૩૬ |
| સોમાની સિમેન્ટ કંપની | ૭.૭૩ |
| મહાકાળી સિમેન્ટ | ૦.૧૫ |
| પંચમહાલ સિમેન્ટ કંપની લી. | ૧૦.૬૨ |
| સેવાલીયા સિમેન્ટ વર્ક્સ | ૪.૫૩ |
| વી. કી. સિમેન્ટ પ્રા. લી. | ૦.૨૧ |
| સંદીપ સિમેન્ટ પ્રા. લી. | ૦.૮૬ |
| અલ્ટ્રાટેક્ષ સિમેન્ટ લી. | ૬૭.૪૫ |
| ગુજરાત અંબુજા સિમેન્ટ લી. | ૧.૬૫ |
| ગુજરાત અંબુજા સિમેન્ટ કંપની | ૯.૫૭ |
| ગુજરાત હાઈટેક ઈન્ડ. | ૫.૦૪ |
| ગુજરાત સિધ્ધિ સિમેન્ટ કંપની | ૮૫.૪૯ |
| કામદાર સિમેન્ટ કંપની | ૧.૨૧ |
| સોરાષ્ટ્ર સિમેન્ટ લી. | ૪૩.૪૪ |
| એચ.એમ.પી. સિમેન્ટ કંપની | ૪૩.૫૯ |
| અજમેરા સિમેન્ટ પ્રા. લી. | ૦.૦૩ |
| સરદાર સિમેન્ટ પ્રા. લી. | ૪.૩૫ |
| કાંગારૂ સિમેન્ટ પ્રા. લી. | ૦.૧૪ |
| પટેલ એન્ડ લાલકા સિમેન્ટ લી. | ૦.૨૧ |
| સુવિન સિમેન્ટ પ્રા. લી. | ૧.૮૪ |
| ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ | ૦.૦૩ |
| શક્તિ સિમેન્ટ પ્રા. લી. | ૦.૦૧ |
| જ્યુપીટર સિમેન્ટ કંપની | ૬.૫૮ |
| ધ્વારકા સિમેન્ટ | ૦.૫૨ |

| **એકમનું નામ** | **બાકી રકમ રૂ. કરોડમાં** |
|---|---|
| જે. કે. સિમેન્ટ પ્રા. લી. | ૦.૦૪ |
| સાંધી ઈન્ડ. લી. | ૦.૦૪ |

**અમદાવાદ શહેરમાં નોંધાયેલ ખૂનની કોશિષના ગુના**

૧૬૦૪૩ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ-૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં અમદાવાદ શહેરમાં ખૂનની કોશિષના કેટલા ગુના નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કેલેન્ડર વર્ષ-૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં અમદાવાદ શહેરમાં ખૂનની કોશિષના નીચે જણાવ્યા મુજબના ગુના નોંધાયેલ છે.

| વર્ષ | ગુનાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૩ | ૬૯ |
| ૨૦૦૪ | ૬૪ |
| ૨૦૦૫ | ૪૭ |

(૨) તે પૈકી વર્ષવાર નીચે જણાવ્યા મુજબના ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે.

| વર્ષ | શોધી કાઢેલ ગુનાની સંખ્યા |
|---|---|
| ૨૦૦૩ | ૬૭ |
| ૨૦૦૪ | ૬૧ |
| ૨૦૦૫ | ૪૫ |

**રાજ્યમાં ""વેટ"" નો અમલ**

૧૬૩૦૩**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા):માનનીય મુખ્ય મંત્રીશ્રી(નાણા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ""વેટ"" નો અમલ સરકાર ક્યારથી કરવા માંગે છે, અને

(૨) ""વેટ"" નો અમલ કરવામાં સરકારને ક્યા પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે,

(૩) ""વેટ"" ના અમલમાં બાબતે વેપારીઓએ ક્યા પ્રકારની રજુઆતો સરકાર સમક્ષ કરી છે, અને

(૪) આ અંગે સરકારશ્રીનો શું પ્રતિભાવ છે ?

**જવાબ**

(૧) તા. ૧-૪-૨૦૦૬ થી

(૨) ""વેટ""નો નવો કાયદો અમલમાં આવતો હોવાથી સ્વાભાવિક રીતે વેપારીઓમાં દ્વિધા ની લાગણી જણાય છે. ઉપરાંત વેરાની આવકમાં થોડી દ્વિધા અને અનિતિતા જણાય છે. વૃધ્ધિદરને પ્રતિકુળ અસર થવાનો પણ સંભવ રહેલ છે.

(૩) વેપારીઓએ મુખ્યત્વે ""વેટ"" ના કાયદા તથા નિયમોમાં સરળીકરણ કરવા અંગેની વિવિધ રજુઆતો કરી છે.

(૪) ""વેટ""નો કાયદો રાજ્ય અને પ્રજા માટે હિતકારી બને તે માટે પુરતો પ્રયાસ કરવામાં આવેલ છે.

**રાજ્યમાં નવા લઘુ ઉદ્યોગોની સ્થાપના**

૧૪૦૩૧ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩-૦૪ની તથા ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં રાજ્યમાં કેટલા લઘુ ઉદ્યોગો નવા

**જવાબ**

(૧) સન ૨૦૦૩-૦૪માં કુલ ૧૦૯૮૦ નવા લઘુ ઉદ્યોગો અને સન ૨૦૦૪-૦૫માં કુલ ૧૦૮૪૭ નવા

| | |
|---|---|
| સ્થપાયા છે, | લઘુ ઉદ્યોગો સ્થપાયા છે. |
| (૨) આ બે વર્ષમાં કેટલા લઘુ ઉદ્યોગ એકમો બંધ થયા છે, | (૨) બંધ થતા લઘુ ઉદ્યોગ એકમોએ તે અંગેની જાણ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રને કરવી ફરજિયાત નથી. તેથી ચોક્કસ કેટલા લઘુ ઉદ્યોગો બંધ થયા છે તે માહિતી ઉપલબ્ધ થઈ શકે નહી. પરંતુ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રોએ દ ણા લાંબા સમયથી બંધ પડ્યા હોય તેવા કુલ ૮૮ એકમોના સન ૨૦૦૩-૦૪માં તેમજ કુલ ૧૦૮ એકમોના સન ૨૦૦૪-૦૫માં રજીસ્ટ્રેશન રદ કરેલ છે. |
| (૩) નાણાંકીય વર્ષમાં ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલા લઘુ ઉદ્યોગો સ્થપાયા છે, અને | (૩) કુલ ૭૬૧૧ નવા લઘુ ઉદ્યોગો એકમો તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સન ૨૦૦૫-૦૬માં સ્થપાયા છે. |
| (૪) બાકીના નાણાંકીય વર્ષમાં કેટલા લઘુ ઉદ્યોગ સ્થપાનાર છે ? | (૪) સન ૨૦૦૫-૦૬ નાણાંકીય વર્ષ તા. ૩૧-૧-૦૬ના રોજ પૂર્ણ થાય ત્યાર બાદ જ આ માહિતી ઉપલબ્ધ થઈ શકે. |

-------------

## કેન્દ્ર સરકારના નાણાપંચ દ્વારા રાજ્યને ફાળવાયેલ રકમ

૧૫૯૦૬ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા):માનનીય મુખ્ય મંત્રીશ્રી (નાણા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કેન્દ્ર સરકારના નાણાપંચ દ્વારા રાજ્ય સરકારને વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને | (૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કેન્દ્ર સરકારના નાણા પંચ દ્વારા રાજ્ય સરકારને વર્ષવાર નીચે મુજબ રકમ ફાળવવામાં આવી છે. |

| વર્ષ | રકમ રૂા. કરોડમાં |
|---|---|
| ૧. ૨૦૦૪-૦૫ | ૩૦૬૪.૨૬ |
| ૨. ૨૦૦૫-૦૬ | ૩૭૨૧.૧૫ |

| | |
|---|---|
| (૨) ફાળવેલ રકમ રાજ્ય સરકારે જીલ્લાવાર ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી ખર્ચ કરી ? | (૨) ફાળવેલ રકમોનો જીલ્લાવાર ખર્ચ કરવામાં આવતો નથી. |

-------------

## અમદાવાદ શહેરમાં યોજાયેલ લોકદરબાર

૧૬૦૩૬**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ, સહકાર અને માહિતીના આદાન પ્રદાનની ભાવના વધે તે માટે તમામ જિલ્લાઓમાં લોક દરબાર યોજવાનું શરૂ કરવામાં આવ્યું છે, તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, અત્યાર સુધીમાં અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૫માં કેટલા લોકદરબાર યોજવામાં આવેલ છે ? | (૨) |

| વર્ષ | યોજાયેલ લોકદરબારની સંખ્યા |
|---|---|
| ૨૦૦૪ | ૨૧૧ |
| ૨૦૦૫ | ૨૩૬ |

-------------

**ભાવનગર બંદર ખાતે કેપીટલ ડ્રેજીંગ કરવાનું આયોજન**

૧૬૦૬૧ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષમાં ભાવનગર બંદર ખાતે કેપીટલ ડ્રેજીંગ કરવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તે દ્વારા કેટલો ટ્રાફિક વધવા સંભવ છે ?

**જવાબ**

(૧) હાલમાં ભાવનગર બંદર માટે કેપીટલ ડ્રેજીંગનું આયોજન નથી. પરંતુ, જરૂરીયાત મુજબનું ડ્રેજીંગ બોર્ડ પાસે ઉપલબ્ધ ડ્રેજરો દ્વારા હાથ ધરવામાં આવશે.

(૨) ટ્રાફીકની વધઘટ માટે ડ્રેજીંગ ઉપરાંત અનેક પરિબળો કામ કરતા હોઇ ચોક્કસ અનુમાન કરી શકાય નહી.

-------------

**વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે મંજુરી**

૧૪૦૯૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી અરજીઓ કુટિર ઉદ્યોગ માટે મંજુર કરી અને કેટલી સબસીડીની રાહતો આપવામાં આવી, અને

(૨) કેટલી અરજીઓ બાકી છે અને તેનો નિકાલ કેટલા સમયમાં થશે ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ નીચે મુજબની અરજીઓ બેન્ક દ્વારા મંજુર કરવામાં આવી

| યોજનાનું નામ | બેન્ક દ્વારા મંજુર થયેલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના | ૧૪૫૨ |
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૯૪૬ |

નીચે મુજબના લાભાર્થીઓને સબસીડીની રાહતો આપવામાં આવી

| યોજનાનું નામ | લાભાર્થીઓને ચુકવેલ સબીસીડીની રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના | ૧૦૫.૮૩ |
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૧૭.૫૯ |

(૨) નીચે મુજબની અરજીઓ બેન્કમાં પડતર રહેવા પામેલ છે.

| યોજનાનું નામ | અરજીપત્રોની સંખ્યા |
|---|---|
| શ્રી વાજપાઇ બેન્કેબલ યોજના | ૨૧૮ |
| વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૧૦૭ |

બેન્ક દ્વારા સત્વરે નિકાલ થાય તે જોવામાં આવશે.

-------------

## ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષા અને સંસ્થાના વહીવટ ખર્ચ

૧૬૦૭૩ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ગ-૩ની કેટલી પરીક્ષા છેલ્લા ત્રણ વર્ષમાં લેવામાં આવી,

(૨) તે પૈકી કેટલી પરીક્ષાના પરિણામ જાહેર કરવામાં આવ્યા,

(૩) જો પરિણામ જાહેર ન કરવામાં આવ્યા હોય તો તેના શા કારણો ?

**જવાબ**

(૧) સીધી ભરતીની-૧૪ અને ખાતાકીય પરીક્ષા-૩૨

(૨) સીધી ભરતીની-૧૨ અને ખાતાકીય પરીક્ષા-૩૨

(૩) (અ) પોલીસ ખાતાની ""લોકરક્ષક"" ની ભરતીમાં શારીરિક તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે મૌખિક કસોટીની કાર્યવાહી ચાલુ હોવાથી, તથા

(બ) આયુર્વેદ કમ્પાઉન્ડરની જગ્યા માટેની પરીક્ષાનું પરિણામ જાહેર કરતાં પહેલાં ઉમેદવારોના પ્રમાણપત્રોની ખરાઈ કરવાની કાર્યવાહી ચાલુ હોવાથી.

-------------

## રાજ્ય સરકાર દ્વારા વિવિધ માધ્યમો દ્વારા આપવામાં આવેલ જાહેરાતનો ખર્ચ

૧૫૧૧૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં ૩૧-જાન્યુઆરી ૦૬ની સ્થિતિએ વર્ષ : ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ દરમ્યાન પ્રિન્ટ મીડીયા, ઇલેક્ટ્રોનીક્સ મીડીયા, હોર્ડીંગ્સ, પત્રીકાઓ તથા મેળાવડાઓ મારફતે જાહેરાત પેટે કુલ કેટલી રકમનું ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા જાહેરાત પેટે થયેલ ખર્ચ :-

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૦૩-૦૪ | રૂા. ૫,૯૩,૫૮,૦૦૦/- |
| ૨૦૦૪-૦૫ | રૂા. ૪,૩૭,૯૪,૩૭૪/- |
| ૨૦૦૫-૦૬ | રૂા. ૪,૧૦,૦૦,૪૨૨/- |
| કુલ : | રૂા. ૧૪,૪૧,૫૨,૭૯૬/- |

-------------

## રાજ્યમાં ફડચામાં ગયેલ ઓદ્યોગિક સહકારી મંડળીઓની બાકી વસુલાત

૧૩૮૭૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના):માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ફડચામાં ગયેલ ઓદ્યોગિક સહકારી મંડળીઓ પાસેથી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી રકમ વસુલવાની બાકી છે

(૨) આવી વસુલાત સમયસર નહી કરવાના કારણો શા છે, અને

**જવાબ**

(૧) રૂા. ૧,૬૬,૧૧,૦૭૯/-

(૨) (૧) મંડળીની સ્થાવર જંગમ મિલ્કત ન હોવાથી
(૨) મંડળીનો ચાર્જ સમયસર ન મળવાથી
(૩) મંડળીના માજી હોદ્દેદારો મળતા ન હોવાથી
(૪) રીક્વરી ઓફીસરની જગ્યાઓ ઓછી હોવાથી
(૫) ફડચા અધિકારીની જગ્યાઓ બે/ત્રણ જિલ્લાઓ વચ્ચે એક હોવાથી

જિલ્લાઓ વચ્ચે એક હોવાથી

(૩) આ રકમ વસુલ કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

(૩) (૧) મંડળીઓની સ્થળ મુલાકાત લઈ વસુલાત માટે પ્રયત્ન કરવામાં આવે છે.
(૨) સહકારી કાયદાની કલમ-૧૧૦ની જોગવાઈ અનુસાર નોટીસ આપવામાં આવે છે.
(૩) જમીન મહેસુલ રાહે વસુલાત માટે આર.આર.સી. ઈસ્યુ કરવામાં આવે છે.

-------------

**તાત્કાલિક વીજ જોડાણ યોજના હેઠળ જામનગર જિલ્લાની તાલુકાવાર મળેલ અરજીઓ**

૧૬૩૧૫ ડૉ. **દિનેશ પરમાર(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાત્કાલિક વિજ-જોડાણ યોજના અંતર્ગત ખેતી વિષયક વિજ-જોડાણો વિલંબમાં પડ્યાની હકીક્ત સરકાર જાણે છે,

(૨) સને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં તાત્કાલિક વિજ-જોડાણ યોજના અંતર્ગત જામનગર જિલ્લાના તાલુકાવાર ખેતી વિષયક વિજ-જોડાણો મેળવવાની કુલ કેટલી માંગણીઓ આવી, અને

(૩) આવેલ માંગણીઓ પૈકી તાલુકાદીઠ કેટલા વિજ-જોડાણો અપાયા અને બાકીના માંગણીદારોને ક્યાં સુધીમાં વીજ-જોડાણો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) સને ૨૦૦૪-૦૫ના વર્ષમાં તાત્કાલિક વિજ-જોડાણ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં ખેતી વિષયક વિજ-જોડાણોની મળેલ માંગણીઓ અને તે પૈકી અપાયેલ ક્નેક્શનની તાલુકાવાર વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | મળેલ માંગણીઓની સંખ્યા | અપાયેલ વિજ-જોડાણોની સંખ્યા |
|---|---|---|
| જામનગર | ૧૦૦૮ | ૩૦૯ |
| લાલપુર | ૫૯૧ | ૧૨૫ |
| ધ્રોળ | ૭૫૪ | ૨૨૧ |
| જોડીયા | ૪૫૩ | ૧૫૫ |
| કાલાવડ | ૧૧૦૮ | ૩૭૧ |
| ક્લ્યાણપુર | ૮૪૨ | ૨૧૧ |
| ઓખા મંડળ | ૧૧૭ | ૧૫ |
| ખંભાલીયા | ૧૨૪૮ | ૩૩૯ |
| જામ જોધપુર | ૧૨૨૭ | ૩૪૩ |
| ભાનવડ | ૭૯૪ | ૨૪૪ |
| કુલ | ૮૧૪૨ | ૨૩૩૩ |

જામનગર જિલ્લામાં ખેતીવાડી વિજ-જોડાણોની ૧૪૯૯ અરજીઓ રદ થયેલ છે, અંદાજપત્રના નાણાં ભરાયેલ ૨૮ અરજીઓમાં વાંધા દુર થયેથી સત્વરે અને બાકીની અરજીઓમાં તબક્કાવાર વીજ ક્નેક્શન આપવાનું આયોજન છે.

## લાંચ રૂશ્વતના છટકામાં રંગે હાથ પકડાયેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ ઉપરના કર્મચારી/અધિકારીઓને ફરજ મોકૂફી હેઠળ મુકવા બાબત

૧૬૩૦૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની આર.ટી.ઓ. ચેક પોસ્ટો પર ફરજ બજાવતાં દરમ્યાન લાંચ રુશ્વતના છટકામાં રંગે હાથ પકડાતા કર્મચારી/અધિકારીઓને ફરજ મોકૂફી પર ઉતારવામાં આવતા નથી તે વાત સાચી, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેનાં શું કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો સને ૨૦૦૫ના જુન માસ દરમ્યાન લાંચ રુશ્વતના છટકામાં રંગે હાથ પકડાયેલ કઈ-કઈ ચેકપોસ્ટના ક્યા-ક્યા કર્મચારી/અધિકારીને, ક્યારે-ક્યારે ફરજમોકૂફી પર ઉતારવામાં આવ્યા, તેમજ એ દરેકની ફરજ મોકૂફી માટે કેટકેટલો વિલંબ થયો, અને એ વિલંબ થવાનાં શું કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------------

## મોરબીની પ્રજા અને ઉદ્યોગો માટે ગેસ સપ્લાય કરવા અંગે

૧૬૬૫૩**શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબીની પ્રજા અને મોરબીના ઉદ્યોગો માટે જે ગેસ સપ્લાય કરવાનો હતો તો તે ગેસ પુરો પાડવા તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ સરકારનું શું આયોજન છે, અને | (૧) ગેસ પાઈપલાઈન પ્રોજેક્ટનો ઈ.પી.સી. કોન્ટ્રાક્ટ જુલાઈ-૨૦૦૫ માં અપાયેલ છે, મુખ્ય પાઈપલાઈનનું આશરે ૩૦ ટકા કામ પૂર્ણ કરેલ છે અને બાકીનું કામ જુલાઈ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.<br>૨૫૨ પાઈપ લાઈન કન્સસ્ટ્રકશનનું ઈજનેરી તથા ટેન્ડર કાર્ય પૂર્ણ થયેલ છે અને તેના કન્સ્ટ્રકશનનું કાર્ય ટૂંક સમયમાં શરૂ કરવાનું આયોજન છે. |
| (૨) કેટલા સમયમાં ગેસ પૂરો પાડવા માંગે છે? | (૨) જુલાઈ-૨૦૦૬ સુધીમાં મુખ્ય પાઈપલાઈનનું કામ પૂર્ણ કરવાનું આયોજન છે. ત્યારબાદ તબક્કાવાર વિવિધ વિસ્તારો અને ઉદ્યોગોને ગેસ પૂરો પાડવામાં આવશે. |

--------------

## દાહોદ જિલ્લાને નર્મદાનું પાણી પિયત વિસ્તારમાં આપવા બાબત

૧૫૧૯૪**શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા):માનનીય મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાને નર્મદા કેનાલના પિયત વિસ્તારમાં સમાવેશ કરી પાણી ક્યારે આપવામાં આવશે ? | (૧) સરદાર સરોવર યોજનાના મૂળ આયોજન પ્રમાણે દાહોદ જિલ્લાને નર્મદા કેનાલના પિયત વિસ્તારમાં સમાવેશ કરવાનું આયોજન નથી. |

-------------

**તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ માંડલ તાલુકાની અરજીઓ**

૧૪૭૭૮ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માંડલ તાલુકામાં ખેતીવાડી માટે ગત તત્કાલ વિજ યોજના હેઠળ કેટલી અરજીઓ આવેલ છે તે પૈકી કેટલા વિજ જોડાણો ચાલુ કરેલ છે, અને

(૨) બાકી રહેલ અરજદારોને ક્યારે વીજજોડાણ આપવા સરકાર માગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : માંડલ તાલુકાની ગત તત્કાલ વીજ જોડાણની વિગત.

| મળેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ | નાણા ભરપાઇ નહિ થવાને કારણે રદ થયેલ અરજીઓ | બાકી રહેતી અરજીઓની સંખ્યા | નિકાલ માટેનું આયોજન |
|---|---|---|---|---|
| ૯ | ૩ | ૫ | ૧ | બીજા તબક્કામાં આપવામાં આવશે. |

-------------

**કલ્પસર યોજનાનો અહેવાલ અને યોજના પાછળ થયેલ ખર્ચ**

૧૫૯૦૨ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજનાના ૬ વિશિષ્ટ રીપોર્ટ મેળવી અભ્યાસ કરવાનો હતો તે પૈકી તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા રીપોર્ટ તૈયાર થયા છે. અથવા આવી ગયા, અને

(૨) બાકીના રીપોર્ટ કેટલા સમયમાં તૈયાર કરવામાં આવશે, અથવા આવવાની ધારણા છે ?

**જવાબ**

(૧) કલ્પસર યોજનાના છ વિષયો પરના વિશિષ્ટ અભ્યાસો વર્ષ-૧૯૯૯માં પૂર્ણ થયેલ છે અને બધા રીપોર્ટો આવી ગયા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

એચબી-૯૭૫-૯

-------------

**પોલીસ કર્મચારીઓ દ્વારા અંદરો અંદર કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કરતી રાજ્ય સરકારને મળેલ અરજીઓ**

૧૫૧૦૮ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત પોલીસના કર્મચારીઓ એકબીજા પાસે ભ્રષ્ટાચાર અને તોડની રકમોના હિસ્સો મેળવવા જાહેરમાં આક્ષેપો કરતા હોવાની કુલ કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળેલ છે,

**જવાબ**

(૧) કુલ-૪ ફરિયાદો મળેલ છે. વર્ષવાર વિગતો નચે મુજબ છે.

| વર્ષ | મળેલ ફરિયાદની સંખ્યા |
|---|---|
| ૨૦૦૩ | ૦૧ |
| ૨૦૦૪ | ૦૨ |
| ૨૦૦૫ | ૦૧ |

ત્રણ અરજીઓ પોલીસ અધિકારીઓ વિરૂધ્ધ મળેલ છે અને એક અરજી ક્ચેરી અધિક્ષક વિરૂધ્ધની મળેલ છે.

**પ્રશ્ન**

(૨) પ્રજાની સુરક્ષાની જવાબદારી જેમના માથે છે તેવા કર્મચારીઓની આવા કિસ્સાઓમાં સંડોવણીઓ જણાયા પછી રાજ્ય સરકારે શું પગલાં ભર્યા છે, અને

**જવાબ**

(૨) જે કિસ્સામાં કર્મચારીઓની સંડોવણી જણાયેલ હોય તેવા કિસ્સાઓમાં તપાસ કરાવી અહેવાલ મંગાવી તેની ચકાસણી કરી જરૂર જણાય ત્યાં પ્રાથમિક તપાસ/ખાતાકીય તપાસ/વીજીલન્સ તપાસ કરાવી

ખાતારાહે શિક્ષાત્મક પગલાં લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) રાજ્યની પોલીસની ગુનાહિત માનસિક્તાને સુધારવા તથા પ્રજાની સુરક્ષા માટે રાજ્ય સરકાર શાં પગલાં લઈ રહી છે ?

(૩) રાજ્યની પોલીસની ગુનાહિત માનસિક્તાને સુધારવા તથા પ્રજાની સુરક્ષા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ સ્થળે કર્મચારી/અધિકારીઓની કાર્યવાહીનું સુપરવીઝન કરવામાં આવે છે. અને સમયાંતરે તેમની બદલી કરવામાં આવે છે. ગુનાહિત પ્રવૃત્તિ જણાય ત્યાં ક્રિમિનલ કેસ દાખલ કરાવી ખાતા રાહે શિક્ષાત્મક પગલાં લેવામાં આવે છે. ભ્રષ્ટાચારના કેસોમાં દુરના બિન સંવેદનશીલ જ્ગ્યાએ બદલી કરી ફોજદારી રાહે પગલાં ભરવામાં આવે છે.

આ ઉપરાંત કર્મચારી /અધિકારીઓમાં નૈતિક મુલ્યોનો તથા માનસિક્તાનો સુધારો થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા કર્મયોગી તાલિમ આપવાની કાર્યવાહી કરવામાં આવે છે.

------------

**ગારીયાધાર તાલુકાને સિંચાઈ માટે નર્મદા આધારિત સોરાષ્ટ્ર કેનાલમાંથી પાણી આપવા બાબત**

૧૫૨૪૨ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર):માનનીય મુખ્ય મંત્રીશ્રી(નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગારીયાધાર તાલુકાને સિંચાઈ માટે નર્મદા આધારિત સોરાષ્ટ્ર કેનાલમાંથી પાણી આપવાનું કોઈ આયોજન સરકારે ક્ર્યુ છે, અને

(૨) જો હા, તો કેવા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા,
આંશિક લાભ મળશે.

(૨) નર્મદાના પુરના વધારાના સોરાષ્ટ્ર વિસ્તારમાં ઉપલબ્ધ થનાર ૧ મીલીયન એકર ફૂટ પાણી પૈકી બોટાદ- પ્રશાખામાંથી લીક કેનાલ દ્વારા કાળુભાર થી શેત્રુંજી થી રાયડી સુધીની સુચિત લીક નહેરની જે સુચિત પથરેખા ગારીયાધાર તાલુકાના ગામડાઓમાંથી પસાર થતી હોઈ આડકતરો આંશિક લાભ મળી શકે તેવું આયોજન છે.

-------------

**પોલીસ દળને અસરકારક બનાવવા જુદા જુદા સંવર્ગમાં ભરતી કરવા અંગે**

૧૬૦૫૫**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ)માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કઇ કઇ સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) (૧) ૩૦૦૦ અને ૧૦૬૪ જેટલા લોક રક્ષકો

(૨) ૧૮૬ સીધી ભરતીના પી.એસ.આઈ.
૧૮૯ ખાસ બઢતીના પી.એસ.આઈ.
૧૯૧ સીનીયોરીટી ક્રમ મેરીટના ધોરણે પી.એસ.આઈ.માં બઢતી માટે કાર્યવાહી ગતિમાં છે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વીજ સબસ્ટેશનો**

**૧૬૨૨૯ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૦૬ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા વીજ સબસ્ટેશનો કેટલા કે.વી.નાં આવેલા છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૦૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વીજ સબસ્ટેશનો

| અનુ.નં. | તાલુકાનું નામ | ૨૨૦ કેવી સબ-સ્ટેશન | ૧૩૨ કેવી સબ-સ્ટેશન | ૬૬ કેવી સબ-સ્ટેશન |
|---|---|---|---|---|
| ૧ | ધનસુરા | ૧ | - | - |
| ૨ | હિંમતનગર | ૧ | - | ૮ |
| ૩ | ઈડર | - | ૧ | ૬ |
| ૪ | તલોદ | - | ૧ | ૨ |
| ૫ | વડાલી | - | - | ૨ |
| ૬ | ખેડબ્રહ્મા | - | - | ૧ |
| ૭ | ભિલોડા | - | - | ૧ |
| ૮ | બાયડ | - | - | ૫ |
| ૯ | મોડાસા | - | - | ૫ |
| ૧૦ | મેઘરજ | - | - | ૨ |
| ૧૧ | પ્રાંતિજ | - | - | ૪ |
| ૧૨ | વિજયનગર | - | - | ૩ |
| ૧૩ | માલપુર | - | - | ૧ |
| | **કુલ :** | **૨** | **૨** | **૪૦** |

**પ્રશ્ન**

(૨) વસ્તીના ધોરણે ક્યા તાલુકામાં સબસ્ટેશનોની ઘટ વધુ છે,

(૩) ઓછા સબસ્ટેશનોના કારણે અને ""લો"" વોલ્ટેજની ફરીયાદો કોઈ મળી છે, અને

(૪) ""લો"" વોલ્ટેજને પહોંચી વળવા કોઈ આયોજન સરકારે કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૨) અને (૩) : વસ્તીનાં ધોરણે સબસ્ટેશન બનાવવાનું આયોજન કરવામાં આવતું નથી, પરંતુ વિજળીનાં લોડની જરૂરિયાતને ધ્યાને લઈને સબસ્ટેશન ઉભા કરવામાં આવે છે. ""લો"" વોલ્ટેજની ફરીયાદો મળેલ નથી.

(૪) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન ૫ નવા ૬૬ કે.વી. સબસ્ટેશન બનાવેલ છે. તથા ૨૦૦૫-૦૬ માં ૨૨૦ કે.વી.નું એક સબસ્ટેશન કાર્યરત થઈ ગયેલ છે, અને ૬૬ કે.વી.નું ૧ (એક) સબસ્ટેશન માર્ચ-૦૬ સુધીમાં કાર્યરત કરવાનું આયોજન કરેલ છે.

-------------

**તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ નવા કનેક્શન આપવા બાબત**

૧૬૦૭૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં હાલ તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ ખેતીવાડી ક્નેક્શન આપવા નવી નીતી નક્કી થઇ છે તે વાત સાચી છે,

(૨) જો હા તો, તત્કાલ વીજ જોડાણ યોજના નીચે તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા ખેતીવાડી ક્નેક્શન આપવામાં

**જવાબ**

(૧) ના, જી.

(૨) ૮૪૭.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આવેલ છે, અને | |
| (૩) બાકી ક્નેક્શન સરકાર ક્યારે આપવા માગે છે? | (૩) બાકી ક્નેક્શન તબક્કાવાર આપવાનું આયોજન છે. |

-------------

**ડાંગ જિલ્લાના વધઇ ચેકપોસ્ટની આવક**

૧૩૯૩૯ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| ડાંગ જિલ્લાના વધઇ ચેકપોસ્ટ ઉપરથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી આવક થઇ ? | **વર્ષ** | **આવક રૂપિયામાં** | |
| | ૨૦૦૪-૦૫ | ૧,૬૮,૦૨,૦૦૦/- | (એક કરોડ અડસઠ લાખ બે હજાર) |
| | ૨૦૦૫-૦૬ (જાન્યુઆરી-૦૬ સુધી) | ૧,૪૬,૬૯,૦૦૦/- | (એક કરોડ છેંતાલીસ લાખ અગણ્યોસિત્તેર હજાર) |

-------------

**ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુના**

૧૫૫૧૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | | |
|---|---|---|---|---|
| (૧) સને ૨૦૦૪-૨૦૦૫ના નાણાકીય વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ખૂન અને બળાત્કારના કેટલા કિસ્સાઓ પોલીસ દફતરે નોંધવામાં આવ્યા, | (૧) તાલુકા | લૂંટ | ખૂન | બળાત્કાર |
| | અંકલેશ્વર | ૨ | ૧૦ | ૩ |
| | ઝઘડીયા | ૨ | ૩ | ૧ |
| | વાલીયા | ૦ | ૪ | ૧ |
| | હાંસોટ | ૦ | ૩ | ૦ |
| | ભ. તાલુકા | ૪ | ૮ | ૬ |
| | વાગરા | ૦ | ૨ | ૧ |
| | જંબુસર | ૨ | ૫ | ૧ |
| | આમોદ | ૨ | ૧ | ૧ |
| (૨) તે અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) ૯૧. | | | |
| (૩) કેટલાની તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ધરપકડ કરવાની બાકી છે ? | (૩) ૫. | | | |

-------------

**રાજ્યમાં ટપક સિંચાઈ પધ્ધતિ**

૧૪૬૫૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ચાલુ વર્ષે ૨૦૦૫-૦૬ માં ટપક પધ્ધતિ અન્વયે ૧૫૦૦ કરોડનું ખર્ચ કરવામાં આડખીલી કે મુશ્કેલી છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો અતિ અપેક્ષીત ટપક પધ્ધતિના સાધનો કીસાનોને ન પહોંચાડવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં બજેટ જોગવાઈ અને / કે અનુદાનીય જોગવાઈ | (૩) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં સુક્ષ્મ સિંચાઈ માટે ફાળવેલ રૂપિયા ૨૨૪૨ લાખ સામે રૂ. ૨૨૨.૨૪ |

બજેટ જોગવાઈ અને / કે અનુસાંગીક જોગવાઈ અન્વયે કેટ કેટલી રકમ ક્યા ક્યા જિલ્લામાં અપાઈ ?

ફાળવેલ રૂપિયા ૨૨૪૩ લાખ સામે રૂા. ૩૩૩.૩૪ લાખ ખેડૂતોને સહાય તરીકે ચૂકવવામાં આવેલ છે જિલ્લાવાર સહાયની માહિતી પત્રકમાં સામેલ છે.

**પત્રક**

માઈક્રો ઈરીગેશન સીસ્ટમ યોજનાનો તારીખ ૧-૪-૨૦૦૫ થી ૩૧-૧૨-૨૦૦૫ સુધી થયેલ પ્રગતિ અંગેનો અહેવાલ

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં જિલ્લાવાર ચૂકવાયેલ સહાય અને લાભાર્થીની વિગત | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | |
| | | સંખ્યા | વિસ્તાર હે. | ચૂકવાયેલ રકમ રૂા. લાખમાં |
| ૧ | અમદાવાદ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૨ | અમરેલી | ૦ | ૦ | ૦.૦૦ |
| ૩ | આણંદ | ૨૫ | ૪૫.૭૦ | ૧૯.૫૬ |
| ૪ | બનાસકાંઠા | ૩ | ૪.૬૪ | ૨.૨૭ |
| ૫ | ભરૂચ | ૧૦ | ૩૧.૬૦ | ૧૦.૮૮ |
| ૬ | ભાવનગર | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૭ | દાહોદ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૮ | ડાંગ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | ગાંધીનગર | ૨૮ | ૮૬.૯૧ | ૪૦.૬૧ |
| ૧૦ | જામનગર | ૨ | ૧.૮૦ | ૦.૬૫ |
| ૧૧ | જુનાગઢ | ૬૪ | ૯૦.૩૩ | ૭.૨૪ |
| ૧૨ | ખેડા | ૧૭ | ૧૦૧.૧૩ | ૪૫.૮૨ |
| ૧૩ | કચ્છ | ૧૮ | ૭૫.૫૯ | ૨૩.૬૪ |
| ૧૪ | મહેસાણા | ૩ | ૫.૦ | ૦.૩૦ |
| ૧૫ | નર્મદા | ૧ | ૧.૪૦ | ૦.૬૦ |
| ૧૬ | નવસારી | ૩ | ૬.૫૫ | ૨.૮૪ |
| ૧૭ | પંચમહાલ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૮ | પાટણ | ૧ | ૧.૫૩ | ૦.૫૦ |
| ૧૯ | પોરબંદર | ૩૯ | ૫૨.૬૯ | ૪.૦૧ |
| ૨૦ | રાજકોટ | ૮ | ૧૬.૩૫ | ૦.૯૭ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૦૦ | ૨૫૧.૮૭ | ૧૦૬.૩૧ |
| ૨૨ | સુરત | ૨૬ | ૪૨.૭૮ | ૧૪.૦૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨૨ | ૫૫.૨૮ | ૧૯.૪૮ |
| ૨૪ | વડોદરા | ૨૩ | ૪૪.૬૩ | ૧૭.૮૬ |
| ૨૫ | વલસાડ | ૧૬ | ૩૪.૨૬ | ૧૫.૭૩ |
| | **કુલ** | **૪૦૯** | **૯૫૦** | **૩૩૩.૩૪ લાખ** |

-----------------

**વિરમગામ ખાતે મોટા ઉદ્યોગો દ્વારા થયેલ મૂડી રોકાણ**

૧૫૯૧૦**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વિરમગામ ખાતે તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ મોટી ઉદ્યોગ કંપનીઓએ કેટલું મૂડી રોકાણ કરેલ છે ?

**જવાબ**

વિરમગામ તાલુકામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ મધ્યમ/મોટા પ્રોજેકટોમાં કુલ ૭૨૫ કરોડનું મૂડી રોકાણ કરેલ છે.

-------------

**નર્મદા યોજના માટે સાથી રાજ્યો પાસેથી લેવાની થતી રકમ**

૧૫૯૦૮ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર):માનનીય મુખ્ય મંત્રીશ્રી(નર્મદા)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ સાથી રાજ્યો પાસેથી નર્મદા યોજના માટે લેણી થતી રકમ ક્યા ક્યા રાજ્યો પાસેથી કેટલી આવી અને કેટલી બાકી છે, અને

**જવાબ**

નર્મદા યોજના પાછળ તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ સાથી રાજ્યો પાસેથી નીચેની વિગતે કુલ રૂા. ૫૨૪૦.૨૦ કરોડની રકમ લેણી થાય છે, જે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ નીચેની વિગતે કુલ રૂા. ૨૭૬૩.૩૪ કરોડની રકમ મળેલ છે. જ્યારે કુલ રૂા. ૨૪૭૬.૮૬ કરોડની રકમ મેળવવાની બાકી છે. જેમાં રૂા. ૨૦૮૫.૫૯ કરોડની રકમ વિવાદિત છે. અને રૂા.૩૯૧.૨૭ કરોડની રકમ બિનવિવાદિત છે. જાન્યુઆરી-૨૦૦૬ના માસિક હિસાબોની એકત્રિકરણની કામગીરી ચાલુ છે. તેની તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ માહિતી રજુ કરેલ છે.

(રૂપિયા કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદિત રકમ | બિન વિવાદિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૪૫૮.૮૩ | ૧૨૬૯.૭૮ | ૧૮૯.૦૫ |
| ૨ | મહારાષ્ટ્ર | ૮૬૨.૭૨ | ૬૦૧.૪૯ | ૨૬૧.૨૩ |
| ૩ | રાજસ્થાન | ૧૫૫.૩૧ | ૨૧૪.૩૨ | (-) ૫૯.૦૧ |
| | કુલઃ | ૨૪૭૬.૮૬ | ૨૦૮૫.૫૯ | ૩૯૧.૨૭ |

(૨) બાકી નીકળતી લેણી રકમ લેવા રાજ્ય સરકારે છેલ્લે ક્યારે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી, અને

(૨) સચિવશ્રી, નર્મદાની કક્ષાએથી તા. ૬-૧૨-૦૫ ના પત્રથી ભાગીદાર રાજ્યોને બાકી શેરફાળાની રકમો ચુકવવા માટે જરૂરી રજુઆત કરવામાં આવેલ છે. સરદાર સરોવર કંસ્ટ્રક્શન એડવાઈઝરી કમિટીની મીંટીંગ નં. ૭૨ (તા.૧૬-૫-૨૦૦૫) માં પણ આ બાબત અંગે જરૂરી રજુઆત કરવામાં આવેલ છે.

(૩) આ રજુઆતનું પરિણામ શું આવ્યું ?

(૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત કરવામાં આવેલ રજુઆતના પરિણામ સ્વરૂપે ભાગીદાર રાજ્યો પાસેથી તા. ૩૧-૧૨-૦૫ સુધીમા નીચે મુજબ કુલ રકમ ૨૭૬૩.૩૪ કરોડ પ્રાપ્ત થયેલ છે.

(રૂપિયા કરોડમાં)

| ક્રમ | ભાગીદાર રાજ્યોનું નામ | તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં મળેલ રકમ |
|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૫૯૪.૦૦ |
| ૨ | મહારાષ્ટ્ર | ૫૮૩.૩૯ |
| ૩ | રાજસ્થાન | ૫૮૫.૯૫ |
| | **કુલ રકમઃ** | **૨૭૬૩.૩૪** |

------------

**અમદાવાદ શહેરમાં યોજાયેલ લોક દરબાર**

૧૬૦૭૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરનાં પોલીસ સ્ટેશન પ્રમાણે વર્ષ દીઠ કેટલા કેટલા લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧)

| ક્રમ | પો. સ્ટે. | વર્ષ-૨૦૦૪ | વર્ષ-૨૦૦૫ |
|---|---|---|---|
| ૧ | વેજલપુર | ૬ | ૧ |
| ૨ | સેટેલાઇટ | ૬ | ૧ |
| ૩ | એલીસબ્રીજ | ૩ | ૧ |
| ૪ | નવરંગપુરા | ૭ | ૩ |
| ૫ | નારણપુરા | ૫ | ૩ |
| ૬ | ઘાટલોડીયા | - | ૧ |
| ૭ | સોલા | ૧ | - |
| ૮ | સાબરમતી | ૩ | ૪ |
| ૯ | માધવપુરા | ૩ | ૫ |
| ૧૦ | શાહપુર | ૨ | ૫ |
| ૧૧ | કારંજ | ૧ | ૫ |
| ૧૨ | શહેરકોટડા | ૧૧ | ૧૩ |
| ૧૩ | કાલુપુર | ૧૨ | ૧૩ |
| ૧૪ | ખાડીયા | ૧૨ | ૧૩ |
| ૧૫ | ગા. હવેલી | ૧૧ | ૧૩ |
| ૧૬ | શાહીબાગ | ૮ | ૯ |
| ૧૭ | દરિયાપુર | ૧૩ | ૧૩ |
| ૧૮ | મેઘાણીનગર | ૯ | ૯ |
| ૧૯ | સરદારનગર | ૧૨ | ૧૩ |
| ૨૦ | નરોડા | ૮ | ૧૦ |
| ૨૧ | ગોમતીપુર | ૧૨ | ૧૮ |
| ૨૨ | રખીયાલ | ૧૨ | ૧૧ |
| ૨૩ | બાપુનગર | ૧૨ | ૧૦ |
| ૨૪ | ઓઢવ | ૧૨ | ૧૧ |
| ૨૫ | અમરાઈવાડી | ૧૨ | ૧૩ |
| ૨૬ | વટવા | ૫ | ૧૦ |
| ૨૭ | જીઆઇડીસી | ૪ | ૯ |
| ૨૮ | મણીનગર | ૫ | ૮ |
| ૨૯ | દાણીલીમડા | ૬ | ૧૧ |
| ૩૦ | કાગડાપીઠ | ૫ | ૧૨ |
| | **કુલ :** | **૨૧૮** | **૨૪૮** |

(૨) આવા લોક દરબારો પાછળનો શો ઉદ્દેશ્ય છે?

(૨) જે તે વિસ્તારના ગુનાઓની સંખ્યામાં ઘટાડો થાય, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ અસરકારક બને અને સલામતીની ભાવના વધુ સુદ્રઢ થાય અને પોલીસના કાર્યક્ષેત્રમાં સ્થાનિક પ્રજાનો વધુમાં વધુ સહયોગ અને સહકાર મળે તથા પોલીસ પ્રજાનો મિત્ર હોવાની ભાવના વધુ સુદ્રઢ બને તે લોક દરબાર યોજવા પાછળનો ઉદ્દેશ છે.

-----------

**વાહન વ્યવહાર ખાતાની છેલ્લા ત્રણ વર્ષની આવક**

૧૬૦૪૯**શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા. ૮૯૩,૫૦,૩૫,૦૦૦/- (આઠસો ત્રાણું કરોડ પચાસ લાખ પાંત્રીસ હજાર) |
| ૨૦૦૪ | રૂા. ૧૨૦૬,૯૧,૯૮,૦૦૦/- (બારસો છ કરોડ એકાણું લાખ અઠ્ઠાણું હજાર) |
| ૨૦૦૫ | રૂા. ૧૩૧૬,૮૬,૮૪,૦૦૦/- (તેરસો સોળ કરોડ છ્યાંસી લાખ ચોર્યાસી હજાર) |

(૨) આવકમાં વધારો થયેલો હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**એસ. ટી. નિગમની સેવાઓ અસરકારક બનાવવા નવી બસોની ખરીદી**

૧૬૦૫૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વાહન વ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ.ટી. નિગમની સેવાઓ વધુ અસરકારક અને વ્યાપક બને તે માટે રાજ્ય સરકાર નવી બસોની ખરીદી કરવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે અને કેટલી બસો ખરીદ કરવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | ખરીદવાની બસો |
|---|---|
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૧૦૦ |
| ૨૦૦૬-૨૦૦૭ | ૧૦૦૦ |

------------

**રાજ્યમાં ઓદ્યોગિક મૂડીરોકાણો માટે થયેલા એમ.ઓ.યુ.**

૧૩૯૭૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ઓદ્યોગિક મૂડીરોકાણો માટે કેટલા સમજૂતી કરારો (એમ.ઓ.યુ) થયા,

(૨) આ પેકી કેટલા પોજેકટો કાર્યરત છે,અને આ કરારો કેટલા મૂડીરોકાણના છે, અને

(૩) જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ કેટલા પ્રોજેક્ટો ચાલુ થયેલ નથી ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૦૫ દરમ્યાન કુલ ૨૨૬ સમજુતી કરારો/જાહેરાતો થઈ.

(૨) આ પેકી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં રૂા.૯૫,૫૭૫ કરોડના મુડીરોકાણના કુલ-૨૦૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવી ગયેલ છે અથવા અમલીકરણના વિવિધ તબક્કામાં છે.

(૩) જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ ૨૩ પ્રોજેક્ટો અમલીકરણ હેઠળ આવેલ નથી.

------------

**અમદાવાદના એસ.આર.પી. ગૃપ-૨ના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૬૦૩૩ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, એસ.આર.પી. ગૃપ-૨, અમદાવાદમાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા કુલ ૯૭૫ કર્મચારી/અધિકારીઓ પૈકી ૯૬૦ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

**આણંદ જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના**

૧૬૦૪૭**શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ - ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં આણંદ જિલ્લામાં ખૂનના કેટલા ગુના નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| | ૨૮ | ૨૧ | ૨૦ |

(૨)

| વર્ષ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| | ૨૬ | ૧૫ | ૧૬ |

-------------

**માનવ અધિકાર પંચની રચના અને અમલ**

૧૪૫૦૨ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં માનવ અધિકાર પંચની રચના કરવા સરકારે વિચારેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે, વિચારણા કરવામાં આવી છે, | (૨) વિચારણા કરીને તા. ૩-૬-૯૮ ના રોજ નિર્ણય કરેલ છે. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સરકાર માનવ અધિકાર પંચની રચના કરવા માગે છે કે કેમ ? | (૪) હા, જી. કાર્યવાહી ગતિમાં છે. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુના**

૧૬૦૮૮**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખૂન, ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી અને બળાત્કારના કેટલા ગુનાઓ નોંધાયા છે,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખૂન | ધાડ | લૂંટ | ઘરફોડ ચોરી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| પાલનપુર | ૬ | ૫ | ૯ | ૭૭ | ૫ |
| વડગામ | ૬ | ૧ | ૩ | ૧૪ | ૩ |
| દાંતા | ૧૩ | ૩ | ૬ | ૫૦ | -- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડીસા | ૨૨ | ૩ | ૫ | ૮૩ | ૬ |
| ધાનેરા | ૩ | -- | ૧ | ૧૭ | -- |
| દાંતીવાડા | ૫ | ૨ | ૩ | ૧૨ | ૩ |
| થરાદ | ૬ | ૧ | ૨ | ૨૪ | ૩ |
| વાવ | ૪ | -- | ૩ | ૧૪ | ૨ |
| ભાભર | ૧ | ૩ | ૪ | ૧૪ | ૨ |
| દીયોદર | ૩ | ૧ | ૨ | ૩૧ | -- |
| કાંકરેજ | ૧૦ | ૨ | ૨ | ૨૩ | ૫ |
| અમીરગઢ | ૧ | -- | ૧ | ૧૨ | ૨ |
| કુલ : | ૮૦ | ૨૧ | ૪૧ | ૩૭૧ | ૩૧ |

(૨) આ ગુનાઓ પૈકી કેટલા ગુના ડીટેક્ટ થયા છે અને કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી છે,

(૨)

| | ખૂન | ધાડ | લૂંટ | ઘર ફોડ ચોરી | બળાત્કાર |
|---|---|---|---|---|---|
| (અ) ગુના ડીટેક્ટેડ | ૭૩ | ૨૦ | ૩૦ | ૧૨૫ | ૩૧ |
| (બ) લોકોની ધરપકડ કરી | ૧૭૬ | ૧૦૬ | ૫૮ | ૩૦૫ | ૪૮ |

(૩) પોલીસે સમયસર ચાર્જશીટ કોર્ટમાં રજુ ન કરવાના કારણે કેટલા ગુનામાં કેટલા આરોપીઓ છૂટી જવા પામ્યા છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

(૪) બનાસકાંઠામાં ગુનાખોરીનું વધતું પ્રમાણ અટકાવવા સરકારે તકેદારીના શાં પગલાં લીધાં છે ?

(૪) જરૂરી કાયદાકીય અટકાયતી પગલા લેવાના પરિણામે એકંદરે ગુનાખોરીનું પ્રમાણ વધવા પામેલ નથી. તેમ છતાં પોલીસ એક્શન પ્લાન મુજબ ગામડાઓના વીલેજ વિઝીટ તેમજ પેટ્રોલીંગ અસરકારક રખાયેલ છે. તેમજ ગુનેગારો પર પુરતું ચેકીંગ રખાવી કાયદાકીય જોગવાઇઓ પ્રમાણે સી.આર.પી.સી. તથા બી.પી. એક્ટ હેઠળ અસરકારક પગલાં લેવામાં આવે છે.

-------------

## કડી તાલુકાના ઓદ્યોગિક એક્મો દ્વારા કરવામાં આવતી કરચોરી

૧૪૩૭૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકાના કુલ કેટલા અને ક્યા ક્યા ઓદ્યોગિક એક્મો દ્વારા વેચાણવેરાની કરચોરી કરવા અંગેની ફરિયાદો સરકારને મળી,

(૨) આ ઓદ્યોગિક એક્મો પૈકી કુલ કેટલા એક્મો વેચાણવેરાની કરચોરી કરતા પકડાયા,

(૩) કરચોરી કરતાં પકડાયેલા એક્મો પાસેથી વેચાણવેરાની કેટલી રકમ વસુલ લેવામાં આવી, અને બાકી વસુલ લેવાની રકમ કેટલી છે, અને

(૪) વેચાણવેરાની કરચોરી કરતાં પકડાયેલા એક્મો પૈકી ક્યા ક્યા એક્મને કેટલી રાહત કે મુક્તિ સરકાર તરફથી આપવામાં આવી ?

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબના કુલ ૩૧ ઓદ્યોગિક એક્મો.

(૨) કુલ ૧૦ એક્મો વેચાણવેરાની કરચોરી કરતા હોવાનું જણાયેલ છે. આ ઉપરાંત વધુ ૨ એક્મોમાં તપાસ બાકીમાં છે.

(૩) રૂા. ૨.૭૯ કરોડની રકમ વસુલ લેવામાં આવી તેમજ આ કેસોમાં આકારણીની કામગીરી ચાલુ છે.

(૪) કોઇપણ એક્મને રાહત કે મુક્તિ આપવામાં આવેલ નથી.

**પત્રક**

| ક્રમ | એકમનું નામ | ક્રમ | એકમનું નામ |
|---|---|---|---|
| ૧ | એન. કે. પ્રોટીન્સ | ૨ | એન. કે. ઇન્ડસ્ટ્રીઝ |
| ૩ | એન. કે. ઓઇલ મિલ્સ પ્રા. લી. | ૪ | અંબુજા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ |
| ૫ | સેન્ડેક પ્લાયવુડ, કડી | ૬ | રેઇનબો પેપર મીલ, કડી |
| ૭ | ગોપાલ ગ્લાસ વર્કસ પ્રા. લી., કડી | ૮ | ઓમ શિવ ડાયસ્ટફ પ્રા. લી., કડી |
| ૯ | ગોપીનાથ કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ, કડી | ૧૦ | કુમકુમ ઇન્ડસ્ટ્રીઝ, રંગપુરડા |
| ૧૧ | ભારત જીનીંગ, રંગપુરડા | ૧૨ | રાજા ઇન્ડસ્ટ્રીઝ, રંગપુરડા |
| ૧૩ | સરદાર કોટન, રંગપુરડા | ૧૪ | તિરૂપતિ ઇન્ડસ્ટ્રીઝ, કડી |
| ૧૫ | રાજેશ્વરી કોટન, કડી | ૧૬ | અમૃત કોટન, થોળ રોડ, કડી |
| ૧૭ | અમુલ કોટન, થોળ રોડ, કડી | ૧૮ | કેશન કોટન, થોળ રોડ, કડી |
| ક્રમ | એકમનું નામ | ક્રમ | એકમનું નામ |
| ૧૯ | જગદીશ કોટન, થોળ રોડ, કડી | ૨૦ | જી. બી. કોટન, થોળ રોડ, કડી |
| ૨૧ | વૈભવ કોટન, નાની કડી રોડ | ૨૨ | મહારાજા કોટન, નાની કડી રોડ |
| ૨૩ | ભાગ્યલક્ષ્મી કોટન, નાની કડી રોડ | ૨૪ | વિવેકાનંદ કોટન, રંગપુરડા |
| ૨૫ | જલારામ કોટન, રંગપુરડા | ૨૬ | કોટ કોટન, દેત્રોજ રોડ, કડી |
| ૨૭ | ત્રિભુવન કોટન, દેત્રોજ રોડ, કડી | ૨૮ | કેનાલ ઓઇલ એન્ડ એક્ષ્પોર્ટસ |
| ૨૯ | પુજા પ્રોટીન્સ | ૩૦ | હાયનુપ ફુડ, કડી |
| ૩૧ | તિરૂપતિ એગ્રો ઓઇલ મિલ્સ | | |

-------------

## લઘુમતિ સમાજના મદ્દેસાઓ ઉપર પાડવામાં આવેલ દરોડા

૧૬૨૮૮**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં લઘુમતિ સમાજના નાગરિકોને લક્ષ બનાવી પોલીસ તંત્ર તરફથી મદ્દેસાઓ ઉપર દરોડા પાડી હેરાન કરવાની વૃત્તિ અંગે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર કેટલા મદ્દેસાઓ ઉપર દરોડા પાડવામાં આવ્યા ?

**જવાબ**

રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એક પણ મદ્દેસા ઉપર દરોડો પાડવામાં આવ્યો નથી.

-------------

## ધારી-બગસરા તાલુકાના વિજચોરીના કેસો

૧૪૨૨૬ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિજચોરીના જે કેસો થયેલ હોય અને તેનું સમાધાન યોજનામાં કેસનો નિકાલ થયેલ હોવા છતાં તેવા કનેકશનને પી.ડી.સી. કરવામાં આવેલ છે આ વાત સાચી છે,

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ધારી-બગસરા તાલુકાના આવા કેટલા કેસો છે, અને

(૩) સમાધાન થયું હોવા છતાં પી.ડી.સી. કરવાના શા કારણો છે, અને આ બાબતે સરકાર શું વિચારે છે ?

**જવાબ**

(૧) વિજચોરીના કેસો સમાધાન હેઠળ આખરી કરવાના રહેતા નથી.

(૨) ધારી-બગસરા તાલુકામાં સમાધાન યોજના હેઠળ નિકાલ થયો હોવા છતાં પી.ડી.સી. કરેલ હોય તેવો એક પણ કેસ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ગુજરાત દિપોત્સવી અંક છપાવવા પાછળ થયેલ ખર્ચ**

૧૩૯૯૧ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં ગુજરાત દિપોત્સવી અંક છપાવવા પાછળ કેટલો ખર્ચ કર્યો અને આ ખર્ચમાં જાહેરાત પેટે કેટલી આવક થઇ, | (૧) (અ) છપાવવાનો ખર્ચ<br>સને ૨૦૦૪-૦૫ રૂા. ૨૯.૬૮ લાખ<br>સને ૨૦૦૫-૦૬ રૂા. ૪૮.૧૯ લાખ<br>કુલ : રૂા. ૭૭.૮૭ લાખ<br><br>(બ) જાહેરાત પેટે થયેલ આવક<br>સને ૨૦૦૪-૦૫ રૂા. ૧૯.૧૫ લાખ<br>સને ૨૦૦૫-૦૬ રૂા. ૨૨.૭૫ લાખ<br>કુલ : રૂા. ૪૧.૯૦ લાખ |
| (૨) બજારમાં વેચાણ પેટે કેટલી આવક થઇ, અને | (૨) સને ૨૦૦૪-૦૫ રૂા. ૨.૧૦ લાખ<br>સને ૨૦૦૫-૦૬ રૂા. ૧.૮૦ લાખ<br>કુલ : રૂા. ૩.૯૦ લાખ |
| (૩) આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધુ હોવાથી આવા બિનજરૂરી ખર્ચાઓ બંધ કરવા માંગે છે કે કેમ ? | (૩) ""ગુજરાત દિપોત્સવી અંક રાજ્યની સાહિત્યિક, સાંસ્કૃતિક, લોક્જીવન અને અસ્મિતાને પ્રગટ કરતું ગુણવત્તાસભર પ્રકાશન હોઇ, આ ખર્ચ આવશ્યક છે."" |

-------------

**રાજ્યનું કુલ દેવું**

૧૪૭૮૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નાણાં) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જાન્યુઆરી-૩૧, ૨૦૦૬ની સ્થિતિએ રાજ્યનું કુલ દેવું કેટલા રૂપિયા છે. | (૧) અંદાજે રૂા. ૬૪૮૫૭.૪૨૮૪ કરોડ. |
| (૨) આ દેવું જો વધ્યુ હોય તો તે વધવાનાં અને ઘટયું હોય તો ઘટવાના શા કારણો છે, અને | (૨) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી નાની બચતના રોકાણો સામે ૧૦૦ ટકા લોન આપવામાં આવે છે. આ રકમ રાજ્ય સરકારે અનેક વખત રજુઆતો કરી હોવા છતાં ફરજિયાત પણે લેવી પડે છે. આ દેવામાં તેનો હીસ્સો રૂા. ૩૬૮૯૩.૮૬ કરોડ છે. આ ઉપરાંત રાજ્યની વિવિધ વિકાસ યોજનાઓ માટે લેવામાં આવતી લોનોના કારણોસર લોનમાં વધોરો થયો છે. |
| (૩) રાજ્યનું દેવું ઘટાડવા રાજ્ય સરકારે આગામી વર્ષમાં શાં પગલાં લેવા ધારેલા છે ? | (૩) લોનોનું પાક્યા તારીખે ચુકવણી કરવામાં આવે છે. |

-------------

**વાહન વ્યવહાર વિભાગની ચેકપોસ્ટો ઉપરની ઘટી રહેલ આવક બાબત**

૧૬૦૨૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યની વાહન વ્યવહારની કઈ કઈ ચેક પોસ્ટો પર સન ૨૦૦૫ની સાલમાં ઉત્તરોત્તર આવક ઘટી રહી છે, | (૧) ઝાલોદ, જામનગર અને છોટાઉદેપુર ચેકપોસ્ટ ઉપર ૨૦૦૫ના વર્ષમાં આવકમાં ઘટાડો થયેલ છે. |
| (૨) આવક ઘટવાના શા કારણો છે, | (૨) <u>**ઝાલોદ ચેકપોસ્ટ**</u><br>૧. ડીમાન્ડ ડ્રાફટની આવક બંધ થવાથી,<br>૨. રાજસ્થાનના ટ્રાન્સપોર્ટરોની હડતાળના કારણે અને<br>૩. અતિવૃષ્ટિના કારણે વાહનોની અવર જવરમાં ઘટાડો થવાથી<br><u>**જામનગર ચેકપોસ્ટ**</u><br>૧. માર્ગ મરામતની કાર્યવાહી અને અતિવૃષ્ટિના કારણે વાહનોની અવર જવર ઘટવાથી<br>૨. ઓવરલોડીંગ વાહનોનું સતત ચેકીંગ થવાથી, ઓવરલોડીંગ વાહનોની સંખ્યા ઘટવાથી<br>૩. આ વિસ્તારના એક ઓદ્યોગિક ગૃહમાં વિસ્તરણની કાર્યવાહી ચાલુ હોવાના કારણે<br><u>**છોટાઉદેપુર ચેકપોસ્ટ**</u><br>૧. મધ્યપ્રદેશમાં છોટાઉદેપુર સરહદ નજીક ચાંદપુર ખાતે ઓગષ્ટ-૦૫ થી મધ્યપ્રદેશ સરકાર ધ્વારા ચેકપોસ્ટ શરૂ કરવામાં આવતાં. |
| (૩) તેને માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, અને | (૩) ખંડ (૧) અને (૨)ના જવાબની વિગતો ધ્યાને લેતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ફરી આવક નિયમિત બને તે માટે શા પ્રયાસો હાથ ધરવામાં આવે છે. | (૪) વાહન વ્યવહાર કમિશ્નરશ્રી ધ્વારા તાબાના અધિકારીઓ સાથેની માસિક બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે અને આવકમાં ઉત્તરોત્તર વધારો થાય તે માટે સૂચનો અને આદેશો આપવામાં આવે છે તેમજ ઓવરલોડ અંગે વાહનોનું ચેકીંગ કરવા, કોન્ટ્રાકટર કેરેજ બસોના ટેક્સની વસૂલાત કરવા તેમજ તમામ પ્રકારનાં વાહનોનું ઘનિષ્ટ ચેકીંગ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. |

-------------

## ભાડાના મકાનમાં કાર્યરત પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીઓ

૧૪૬૬૬ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી પોલીસ સ્ટેશન, ચોકી પોતાના એટલે કે સરકારી માલિકીના બદલે ભાડાના મકાનમાં બેસે છે, અને | (૧) પોલીસ સ્ટેશન - ૦૧<br>પોલીસ ચોકી - ૦૨ |
| (૨) આવા પોલીસ સ્ટેશનો / ચોકીઓને સરકારી મકાનો ક્યાં સુધી ઉપલબ્ધ કરાવી આપવાનું સરકારનું | (૨) વહીવટી અનુકુળતા મુજબ |

આયોજન છે ?

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગોવંશ અને અન્ય પ્રાણીઓને ગેરકાયદેસર ક્તલખાને લઈ જતા પકડવા અંગે**

૧૫૮૮૯ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગોવંશ અને અન્ય પ્રાણીઓને ગેરકાયદેસર રીતે ક્તલખાનામાં લઈ જવાતાં પકડી પાડવામાં આવ્યા,

(૨) કેટલા આરોપીઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૩) સંડોવાયેલ કેટલા ગેરકાનુની ક્તલખાના શોધીકાઢી તે બંધ કરવામાં આવ્યા, અને

(૪) ગો વંશની સંપૂર્ણ સુરક્ષા માટે સરકાર શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ -૧૭૮ ગોવંશ અને અન્ય પ્રાણીઓને ગેરકાયદેસર રીતે ક્તલખાનામાં લઈ જવા અંગે પકડવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. વાછરડા | - | ૧૨૩ |
| ૨. બળદ | - | ૦૪૨ |
| ૩. ગાય | - | ૦૦૧ |
| ૪. પાડા | - | ૦૧૨ |

(૨) આ અંગે કુલ -૫૯ (ઓગણસાઈઠ) આરોપીઓની અટક કરવામાં આવેલ, તે પૈકી કુલ-૫૩ (ત્રેપન) આરોપીઓ સામે કોર્ટમાં ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં કેસો મોકલી આપેલ છે. બાકીના કુલ-૬ (છ) આરોપીઓ વિરૂધ્ધ પુરાવા મેળવીને ચાર્જશીટ કરવાની કાર્યવાહી અંગે તપાસ ચાલુ છે.

(૩) સુરેન્દ્રનગર જિલ્લામાં કોઈ ગેરકાયદેસર ક્તલખાના ચાલતા નથી.

(૪) ગો વંશની સંપૂર્ણ સુરક્ષા માટે પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ અને મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ની સંબંધિત જોગવાઈઓ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

**નર્મદા યોજનાના વિસ્થાપિતોનું પુનઃવસન**

૧૬૨૯૨ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાના વિસ્થાપિતોના પુનઃવસન અન્વયે તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા વિસ્થાપિતોને પુનઃવસન હેઠળ આવરી લેવાના બાકી છે, અને

(૨) કેટલા સમયમાં આ કાર્ય પૂર્ણ થશે અને કેટલો ખર્ચ થવાની ધારણા છે ?

**જવાબ**

(૧) નર્મદા યોજનાના વિસ્થાપિતોના પુનઃવસન અન્વયે તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ ૮૨૮૪ વિસ્થાપિતોને પુનઃવસન હેઠળ આવરી લેવાના બાકી છે.

(૨) આ બાબતમાં ગુજરાત સરકારનું કાર્ય આયોજન સ્પષ્ટ છે. પરંતુ આ યોજનાના ભાગીદાર રાજ્યો વિસ્થાપિતોની વિગતો મોકલે તેના પર આ સમગ્ર બાબત આધારીત છે.

-------------

**પોલીસ દળના આધુનિકરણ માટે થયેલ ખર્ચ**

૧૬૦૫૨ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પોલીસદળના આધુનિકરણ માટે છેલ્લા ત્રણ નાણાકિય વર્ષમાં વર્ષવાર કુલ કેટલી રકમ ખર્ચવામાં આવી છે, અને

**જવાબ**

(૧) (૧) વર્ષ-૨૦૦૩-૨૦૦૪માં
રૂા. ૧,૧૯,૭૦,૪૮,૮૯૯/-

(૨) વર્ષ-૨૦૦૪-૨૦૦૫માં
રૂા. ૧,૩૧,૮૭,૭૨,૪૮૪/-

(૩) વર્ષ-૨૦૦૫-૨૦૦૬(૩૧/૧/૦૬ની

સ્થિતિએ)
રૂા. ૬૧,૪૬,૭૧,૦૧૨/-

(૨) આ રકમ કઈ કઈ બાબતો માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) યાદી આ સાથે સામેલ છે.

**યાદી**

**હોમગાર્ડ અને પોલીસ મહાનિદેશકની કચેરી વર્ષ-૨૦૦૩-૨૦૦૪.**

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| ૧ | વેપનરી | ૯૫,૫૨,૯૫૪ |
| ૨ | મોબીલીટી | ૧૨,૩૪,૬૯,૬૨૨ |
| ૩ | ઈક્વીપમેન્ટ ઓફ ઈન્ટેલીજન્સ | ૩,૫૬,૪૯,૫૭૮ |
| ૪ | ઈક્વીપમેન્ટસ-કોમ્પ્યુટર ઓટોમેશન (હોમગાર્ડ) | ૩,૯૨,૩૧,૦૪૯ |
| ૫ | ઈ.પી.એ.બી.એક્સ. સીસ્ટમ | ૪૮,૭૪,૫૭૫ |
| ૬ | ટ્રેનીંગ ઈક્વીપમેન્ટસ | ૩,૨૫,૭૩,૨૩૧ |
| ૭ | ઈક્વીપમેન્ટસ ફોર પોલીસ સ્ટેશન | ૧,૧૮,૪૮,૫૨૮ |
| ૮ | ચેતક કમાન્ડો (આર્મ યુનિટ) | ૮,૫૮,૬૭૭ |
| ૯ | સી.એમ.સીક્યુરીટી (આર્મ યુનિટ) | ૨,૨૨,૬૭,૦૭૪ |
| ૧૦ | કોમ્યુનીકેશન | ૨૦,૧૮,૬૧૧ |
| | **કુલ :-** | **૨૮,૨૩,૪૩, ૮૯૯** |

**હોમગાર્ડ અને પોલીસ મહાનિદેશકની કચેરી વર્ષ-૨૦૦૪-૨૦૦૫**

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| ૧ | વેપનરી | ૨,૦૪,૨૦,૦૦૦ |
| ૨ | મોબીલીટી | ૧૨,૯૮,૫૯,૫૭૭ |
| ૩ | ઈક્વીપમેન્ટ (ડીજીપી કુલ) | ૧,૨૫,૦૮,૧૧૮ |
| ૪ | ઈક્વીપમેન્ટસ- કોમ્પ્યુટર. ઓટોમેશન (હોમગાર્ડ) | ૧,૫૩,૭૭,૬૧૫ |
| ૫ | ટ્રેનીંગ ઈક્વીપમેન્ટસ | ૩૪,૫૨,૦૭૭ |
| ૬ | કોમ્પ્યુટરરાઈઝેશન | ૧,૭૫,૦૮,૨૪૬ |
| ૭ | કોમ્યુનીકેશન | ૩,૧૦,૨૫,૭૪૮ |
| | **કુલ :-** | **૨૩,૦૧,૫૧,૩૮૧** |

**હોમગાર્ડ અને પોલીસ મહાનિદેશકની કચેરી વર્ષ-૨૦૦૫-૨૦૦૬ (૩૧/૧/૦૬ની સ્થિતિએ)**

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| ૧ | મોબીલીટી | ૬,૧૩,૭૬,૧૫૫ |
| ૨ | કોમ્યુનીકેશન | ૫૦,૯૯,૪૩૨ |
| | **કુલ :-** | **૬,૬૪,૭૫,૫૮૭** |

**પોલીસ હાઉસીંગની કચેરી વર્ષ-૨૦૦૩-૨૦૦૪.**

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| ૧ | રહેણાંક મકાનો | ૬૬,૭૮,૩૧,૦૦૦ |
| ૨ | બિન રહેણાંક મકાનો | ૧૨,૬૦,૦૦,૦૦૦ |
| ૩ | કરાઈ પોલીસ અકાદમીનું બાંધકામ. | ૭,૫૦,૦૦,૦૦૦ |
| | **કુલ :-** | **૮૬,૮૮,૩૧,૦૦૦** |

**પોલીસ હાઉસીંગની કચેરી વર્ષ-૨૦૦૪-૨૦૦૫.**

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| ૧ | રહેણાંક મકાનો | ૭૩,૮૯,૭૦,૦૦૦ |
| ૨ | બિન રહેણાંક મકાનો | ૨૮,૫૯,૩૯,૦૦૦ |
| ૩ | કરાઈ પોલીસ અકાદમીનું બાંધકામ. | ૨,૫૦,૦૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| | **કુલ :-** | **૧,૦૪,૯૯,૦૯,૦૦૦** |

## પોલીસ હાઉસીંગની કચેરી વર્ષ-૨૦૦૫-૨૦૦૬ (૩૧/૧/૦૬ની સ્થિતિ).

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| ૧ | રહેણાંક મકાનો | ૩૬,૯૮,૮૩,૦૦૦ |
| ૨ | બિન રહેણાંક મકાનો | ૧૪,૭૫,૭૪,૦૦૦ |
| ૩ | કરાઈ પોલીસ અકાદમીનું બાંધકામ. | ૨,૯૯,૮૬,૦૦૦ |
| | **કુલ :-** | **૫૪,૭૪,૪૩,૦૦૦** |

## ફોરેન્સીક સાયન્સની કચેરી, વર્ષ-૨૦૦૩-૨૦૦૪.

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| | યાદી સામેલ છે. | ૪,૫૮,૭૪,૦૦૦ |

## ફોરેન્સીક સાયન્સની કચેરી, વર્ષ-૨૦૦૪-૨૦૦૫.

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| | યાદી સામેલ છે. | ૩,૮૭,૧૨,૧૦૩ |

## ફોરેન્સીક સાયન્સની કચેરી, વર્ષ-૨૦૦૫-૨૦૦૬. (૩૧/૧/૦૬ની સ્થિતિ).

| ક્રમ. | સાધનનું નામ | રકમ. |
|---|---|---|
| | યાદી સામેલ છે. | ૭,૫૨,૪૨૫ |

## નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન ખાતા દ્વારા પોલીસદળ આધુનિકરણ યોજના હેઠળ ખરીદાયેલ સાધન-સામગ્રીની યાદી વર્ષ ૨૦૦૩-૨૦૦૪

| ક્રમ. | સાધન સામગ્રીનું નામ તથા જથ્થો | ખર્ચની વિગત |
|---|---|---|
| ૧ | સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન સીસ્ટમ-૧ | ૨૧૮૮૮૨૫ |
| ૨ | કોલ્ડ સ્ટોરેજ-૨ | ૪૨૭૩૫૦ |
| ૩ | કોમ્પ્યુટર એન્ડ લેનસીસ્ટમ અને સર્વર | ૧૬૧૭૦૧૦ |
| ૪ | કોમ્પ્યુટરાઈઝડ ઓટોમેટીક ફીંગર પ્રિન્ટ સીસ્ટમ (સોફ્ટવેર એન્ડ એસોસીએટેડ હાર્ડવેર્સ)-૧ | ૧૧૯૪૨૩૨૮ |
| ૫ | સ્ટેન્ડસ, ઓપરેશનલ ચેર્સ એન્ડ માઈનોર એસેસરીઝ ફોર ઈક્વીપમેન્ટસ અને કોમ્પ્યુટર્સ | ૭૯૯૪૯૫ |
| ૭ | આઈ.સી.પી. એમીસન સ્પેકટ્રોગ્રાફ-૧ | ૨૯૩૫૦૦૦ |
| ૮ | યુ.વી. સ્પેકટ્રોફોટોમીટર-૧ | ૪૩૧૦૦૦ |
| ૯ | એર કોમ્પ્રેસર્સ-૨ | ૨૦૯૭૯૦ |
| ૧૦ | એફ.ટી.આઈ.આર. એસેસરીઝ | ૩૦૯૦૦૦ |
| ૧૧ | ઓટો ડીસ્ટીલેશન એપરેટસ ફોર પેટ્રોલીયમ પ્રોડકટસ-૨ | ૦ |
| ૧૨ | ઝેરોક્ષ ક્મ પ્રિન્ટર-૧ | ૧૬૬૦૭૩ |
| ૧૩ | પ્રોફાઈલર પ્લસ કીટસ ફોર એસટીઆર એનાલીસીસ (૫x૧૦૦) | ૭૩૩૦૦૦ |
| ૧૪ | કોફાઈલર પ્લસ કીટસ ફોર એસટીઆર એનાલીસીસ (૨ x ૧૦૦) | ૦ |
| ૧૫ | ક્વોન્ટી બ્લોટ હયુમન ડી.એન.એ. આઈડેન્ટીફીકેશન (૨ x ૪૮૦) | ૪૬૦૦૦ |
| ૧૬ | ઈલેકટ્રોનીક બેલેન્સ-૧ | ૦ |
| ૧૭ | એસેસરીઝ ફોર એકઝીસ્ટીંગ ડીએમસી ક્મ્પેરીઝન માઈક્રોસ્કોપ | ૬૫૫૦૦૦ |
| ૧૮ | બેલેસ્ટીક ડેટા એક્વીઝીશન સીસ્ટમ (બીડીએએસ)-૧ | ૧૧૪૦૦૦૦૦ |
| ૧૯ | ડીજીટલ (સ્ટીલ) એસએલઆર કેમેરા વીથ કોમ્પ્યુટર સીસ્ટમ-૧ | ૮૧૦૬૨૦ |
| ૨૦ | ડીજીટલ વીડીઓ કેમેરા -૨ | ૦ |
| ૨૧ | એડીશનલ એમ્પ્લીફાયર્સ-૮ | ૨૨૬૭૨૦ |
| ૨૨ | એડીશનલ ઈલેકટ્રોકેપ ક્મ્પલીટ સીસ્ટમ ફોર બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ-૧ | ૯૨૫૬૦ |
| ૨૩ | એમએટી લેબ વીથ વેવલેટ એનાલીસીસ ટુલ બોક્ષ સીસ્ટમ ફોર બ્રેઈન ફીંગર પ્રિન્ટ | ૪૨૨૭૩૯ |
| ૨૪ | ક્લર ઝેરોક્ષ-૧ | ૭૮૩૦૦૦ |
| ૨૫ | તમામ પ્રયોગશાળાઓ માટે જુદી જુદી કેપેસીટીવાળા યુ.પી.એસ. બેટરી સાથે | ૧૨૮૪૬૯૬ |
| ૨૬ | ડીહયુમીડીફાયર-૧ | ૬૪૦૫૦ |
| ૨૭ | એર કોમ્પ્રેસર્સ-૨ | ૪૯૬૦૦ |
| ૨૮ | એન.એ.બી.એલ. તાલીમ અને બુક્સ | ૬૪૮૭૮૫ |
| ૨૯ | નાના સાધન સામગ્રી, એસેસરીઝ તમામ પ્રયોગશાળા માટે | ૬૭૯૧૯૦ |
| ૩૦ | વાહનો | ૪૩૬૫૧૯ |
| ૩૧ | બાકી ચુકવણા | ૬૫૧૫૬૫૦ |
| | **કુલ :-** | **૪૫૮૭૪૦૦૦** |

## ડાયરેકટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
## યુટીલાઈઝેશન સર્ટીફીકેટ-એમ.પી.એફ સ્કીમ ૧૧૫(૨) વર્ષ-૨૦૦૪-૨૦૦૫

| ક્રમ. | આઈટમનું નામ | ખર્ચ રૂા. માં |
|---|---|---|

| ક્રમ. | આઈટમનું નામ | ખર્ચ રૂા. માં |
|---|---|---|
| ૧ | ઓટોમેટીક ફલેશ પોઈન્ટ એપરેટસ | ૫૩૯૩૬.૦૦ |
| ૨ | એસેસરીઝ ફોર એક્ષરે ફ્લ્યુરેસેન્શ સ્પેક્ટ્રો મીટર | ૨૫૭૬૮.૦૦ |
| ૩ | જીસી. ફોર ધી ડેટરમીનેશન ઓફ એરોમેટીક કોન્ટેન ઈન ગેસોલીન | ૧૫૪૦૭૫.૦૦ |
| ૪ | ૬-પેન કોમ્પ્યુટરાઈઝ પોલીગ્રાફ | ૨૨૬૭૨.૦૦ |
| ૫ | કોમ્પ્યુટરાઈઝ સ્પીચ લેબ હાર્ડવેર | ૨૨૯૦૦.૦૦ |
| ૬ | કંપાઉન્ડ ફોરેન્સીક માઈક્રોસ્કોપ વીથ પ્રોઝેક્શન એન્ડ કમ્પેરીઝન ફેસેલીટી | ૨૦૩૮૫૯.૦૦ |
| ૭ | હાઈરીઝોલેશન વીડીયો સ્પેક્ટ્રલ કમ્પેરેટર | ૧૩૯૩૧૦.૦૦ |
| ૮ | સ્ટીરીઓઝુમ માઈક્રોસ્કોપ | ૫૭૦૩૯.૦૦ |
| ૯ | ગેસ ક્રોમેટોગ્રાફ વીથ હેડ સ્પેસ સેમ્પલર | ૯૯૯૮૭.૦૦ |
| ૧૦ | બાઈનોક્યુલર રીચર્સ માઈક્રોસ્કોપ વીથ ફોટોગ્રાફી એટેચમેન્ટ. | ૧૪૪૪૧૪.૦૦ |
| ૧૧ | એલ.સી.એમ.એસ. | ૩૩૧૯૭૨.૦૦ |
| ૧૨ | સ્ટીરીઓ માઈક્રોસ્કોપ વીથ ફોટોગ્રાફી એટેચમેન્ટ | ૩૩૩૮૨.૦૦ |
| ૧૩ | ઓટોમેટીક રીફ્રેક્ટ્રોમીટર. | ૬૭૬૨.૦૦ |
| ૧૪ | ઓરબીટલ શેકર્સ | ૪૦૯૭.૦૦ |
| ૧૫ | યુ.વી. સ્પેક્ટ્રો ફોટોમીટર | ૧૧૦૦૦૦.૦૦ |
| ૧૬ | જી.સી.એમ.એસ. | ૩૮૮૯૭૮.૦૦ |
| ૧૭ | ઓટોમેટીક વીસ્કોસીટી મેઝરમેન્ટ સીસ્ટમ | ૬૧૪૩૪.૦૦ |
| ૧૮ | ટેન્સાઈલ ટેસ્ટીંગ મશીન. | ૪૧૭૬૦.૦૦ |
| ૧૯ | જીસી વીથ કેપેલરી કોલમ્સ એફઆઈડી/એફપીડી (બાયબેક-૧ નંબર) | ૪૮૬૨૫૦.૦૦ |
| ૨૦ | એફ.ટી.આઈ.આર. | ૨૨૯૧૨૦.૦૦ |
| ૨૧ | સોલ્વન્ટ સોલવન્ટ એક્ષસ્ટ્રેશન સીસ્ટમ | ૧૭૦૯૮૫.૦૦ |
| ૨૨ | મોઈસ્ચર બેલેન્શ | ૫૫૫૦.૦૦ |
| ૨૩ | આર્યન એક્ષ્ચેન્જ ક્રોમેટોગ્રાફી | ૯૨૩૦૮.૦૦ |
| ૨૪ | એસેસરીઝ ફોર વોઈસ સ્પેક્ટ્રોગ્રાફ (ડીએસપી સોનોગ્રાફ-૫૫૦૦) | ૧૨૭૭૧.૦૦ |
| ૨૫ | અપગ્રેડેશન ઓફ સ્પેક્ટ્રા ફીઝીક્સ એચ.પી.એલ.સી. વીથ રેપીડ સ્કેન ડીટેકટર એન્ડ બાર સ્પેક સોફ્ટવેર | ૨૩૦૦૦.૦૦ |
| ૨૬ | યુ. વી. સ્પેક્ટ્રો ફોટોમીટર | ૬૭૬૦૦.૦૦ |
| ૨૭ | એફ.ટી. રામન સ્પેક્ટ્રોસ્કોપી સીસ્ટમ | ૫૮૬૨૪૦૦.૦૦ |
| ૨૮ | બેલેસ્ટીક બોરોસ્કોપ | ૫૬૨૬૪.૦૦ |
| ૨૯ | ગેસ ક્રોમેટોગ્રાફ વીથ ડીટેલ હાઈડ્રોકાર્બન એનેલાઈઝર (ડીએચએ) | ૨૧૭૬૦૦૦.૦૦ |
| ૩૦ | કંપાઉન્ડ કમ્પેરીઝન માઈક્રોસ્કોપ. | ૩૩૯૫૦૦૦.૦૦ |
| ૩૧ | ગેસ ક્રોમેટોગ્રાફી વીથ ટીસીડી/એફઆઈડી(બાયબેક) | ૧૧૯૦૫૬૦.૦૦ |
| ૩૨ | કોમ્પ્યુટર પ્રિન્ટર્સ એસેસરીઝ | ૧૩૫૯૨૮.૦૦ |
| ૩૩ | એન.એ.બી.એલ. નીમાન્સઝ એમ.ઓ.યુ. | ૧૧૩૭૩૨.૦૦ |
| ૩૪ | સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન સીસ્ટમ | ૬૦૦૦૦.૦૦ |
| ૩૫ | કોમ્પુટેરાઈઝડ ઓટોમેટીક ફીંગર પ્રીન્ટ સીસ્ટમ (સોફ્ટવેર એન્ડ હાર્ડવેર) | ૩૧૦૦૦૦૦.૦૦ |
| ૩૬ | આઈ.સી.પી. એમીશન સ્પેક્ટ્રોગ્રાફ | ૨૬૦૦૦૦.૦૦ |
| ૩૭ | યુ. વી. સ્પેક્ટ્રોમીટર | ૪૨૦૦૦.૦૦ |
| ૩૮ | એફ.ટી.આઈ.આર. એસેસરીઝ | ૧૯૦૦૦.૦૦ |
| ૩૯ | ઓટો ડીસ્ટેલેશન એપરેર્ટસ ફોર પેટ્રોલીયમ પ્રોડક્ટ | ૧૯૫૦૦૦૦.૦૦ |
| ૪૦ | પ્રોફાઈલર પલ્સ કીટસ ફોર એસટીઆર એનાલીસીસ | ૪૩૦૦૦.૦૦ |
| ૪૨ | કોફાઈલર કીટસ ફોર એસટીઆર એનાલીસીસ | ૨૬૦૦૦.૦૦ |
| ૪૩ | કોન્ટેટી બ્લોટ હયુમન ડીએનએ આઈડેન્ટીફીકેશન | ૩૦૦૦.૦૦ |
| ૪૪ | એસેસરીઝ ફોર એક્ઝીસ્ટીંગ ડીએમસી કમ્પેરીઝન માઈક્રોસ્કોપ | ૩૬૦૦૦.૦૦ |
| ૪૫ | બેલેસ્ટીક ડેટા એક્વીટેશન સીસ્ટમ | ૧૧૩૦૭૩૫.૦૦ |
| ૪૬ | કલર ઝેરોક્ષ | ૮૦૦૦૦.૦૦ |
| ૪૭ | નાની સાધન-સામગ્રી અને એસેસરીઝ | ૨૬૭૨૮.૦૦ |
| ૪૮ | ઈમ્યોનો ઈલેકટ્રોસીસ એપરેટસ | ૪૮૫૦૦૦.૦૦ |
| ૪૯ | બેલેસ્ટીક બોરોસ્કોપ | ૪૦૩૦૦૦.૦૦ |
| ૫૦ | ગેસ ક્રોમેટો વીથ ડીટેલ હાઈડ્રોકાર્બન એનાલાઈઝર | ૨૩૮૭૮૪.૦૦ |
| ૫૧ | અપગ્રેડેશન એકઝીટગ જીસીએમએચ. | ૮૬૬૦૦૦.૦૦ |
| ૫૨ | હાઈડ્રોજન જનરેટરવીથ બાઈબેક | ૬૨૨૦૦૦.૦૦ |
| ૫૩ | એરકોમ્પ્રેશર ફોર ઝીરો એર. | ૮૩૮૭૬.૦૦ |
| ૫૪ | મલ્ટી મીડીયા પ્રોજેક્ટર વીથ લેપટોપ-૨ | ૪૮૪૦૦૦.૦૦ |
| ૫૫ | પોલીગ્રાફ-બાઈબેક-૧ | ૬૩૩૦૦૦.૦૦ |
| ૫૬ | યુપીએસ-૩ | ૪૩૪૧૦૦.૦૦ |
| ૫૭ | ઓટોમેટીક વીસ્કોમીટર-૨ | ૧૯૮૩૦૦૦.૦૦ |
| ૫૮ | ઓટોમેટીક ફલેશપોઈન્ટ મેઝરમેન્ટ એપરેટસ-૨ | ૧૦૧૨૦૦૦.૦૦ |
| ૫૯ | સ્ટીરીઓ માઈક્રોસ્કોપ | ૧૩૦૦૦૦.૦૦ |
| ૬૦ | વીડીયો કેમેરા | ૪૩૫૦૦.૦૦ |
| ૬૧ | કોપી પ્રીન્ટર-૨ | ૬૮૬૧૫૪.૦૦ |
| ૬૨ | માઈક્રો ડીસ મેમ્બરેટર | ૨૫૮૦૦૦.૦૦ |
| ૬૩ | અલ્ટ્રાપ્યોર વોટર પ્યોરીફીકેશન સીસ્ટમ | ૨૨૫૦૦૦.૦૦ |
| ૬૪ | કરન્સી એન્ડ ડોક્યુમેન્ટ વેરીફીકેશન સીસ્ટમ | ૩૯૨૫૦૦૦.૦૦ |
| ૬૫ | ડીજીટલ રીફ્રેકટો મીટર વીથ ડેન્શીટી મેઝરમેન્ટ ફેશીલીટી | ૧૧૯૮૦૦૦.૦૦ |

| ક્રમ. | આઈટમનું નામ | ખર્ચ રૂા. માં |
|---|---|---|
| ૬૬ | ડીજીટલ કેમેરા વીથ ઝુમ ફેસીલીટી-૪ | ૮૧૯૮૦.00 |
| ૬૭ | મોઈર બેલેન્શ | ૧૪૯000.00 |
| ૬૮ | ઝેરોક્ષ/સ્કેનર-૪ | ૪૨૮૪00.00 |
| ૬૯ | લાઈન પ્રિન્ટર-૩ | ૪0૩૨00.00 |
| ૭૦ | કોમ્પ્યુટર વીથ કલર મોનીટર એન્ડ પ્રિન્ટર, એક્ષપેન્ડટર ઓફ કોમ્પ્યુટર લેસર પ્રિન્ટર-૧૮ | ૧૧૧0૫૩૬.00 |
| ૭૧ | એરકન્ડીશનર્સ | ૧૩૨૨૯૭.00 |
| | કુલ :- | **૩૮૭૧૨૧0૩.00** |

**નિયામક, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા ખાતા દ્વારા પોલીસદળ આધુનિકરણ યોજના હેઠળ થયેલ ખર્ચની વિગત (તા. ૧/૪/૨૦૦૫ થી તા. ૩/૧/૨૦૦૬ દરમ્યાન)**

| અ. નં. | વિગત | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧. | બુક્સ-જર્નલ ઈત્યાદી | ૬,૨૬,૨૪૧/- |
| ૨. | એન.એ.બી.એલ. એક્રીટીએશન અને તાલીમ | ૧,૨૬,૧૮૮/- |
| | કુલ રૂા. | **૭,૫૨,૪૨૫/-** |

-------------

**ડાંગ-આહવા જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૬૦૩૫ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો ડાંગ-આહવા જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ફરજ બજાવતા કુલ ૨૬૬ કર્મચારી/અધિકારીઓ પૈકી ૨૨૩ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-------------

**રાજ્યમાં થયેલ વીજ ઉત્પાદન**

૧૪૬૭૧**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)**જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં રાજ્યમાં કુલ કેટલા મેગાવોટ વીજળી ઉત્પાદન કરવામાં આવેલ ,

(૨) આગામી એક વર્ષમાં વીજ ઉત્પાદન વધરવા શું આયોજન કરીને કેટલા મેગાવોટ ઉત્પાદન વધારી શકાશે, અને

(૩) ચાલુ વર્ષે ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ વીજ માંગ તથા ઉત્પાદન કેટલા મેગાવોટ હતું ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ માં સરેરાશ વીજ ઉત્પાદન ૭૫૭૪ મેગાવોટ પ્રતિદિન મહત્તમ થયું.

(૨) આગામી એક વર્ષમાં એટલે કે, માર્ચ-૨૦૦૭ સુધીમાં વધુ ૬૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા વધારવાનું આયોજન છે.

(૩) રાજ્યમાં તા. ૩૧-ડીસેમ્બર ૨૦૦૫ ની સ્થિતિએ કુલ વીજ ઉત્પાદન ૮૧૭૦ મેગાવોટ હતું અને વીજ માંગ ૮૭૧૯ મેગાવોટ હતી.

-------------

**કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની નહેરોના કામમાં થયેલ પ્રગતિ**

૧૬૨૨૭**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નર્મદા યોજનાની નહેરોનું કામ કચ્છ જિલ્લામાં ક્યા ક્યા તબક્કે છે,

**જવાબ**

(૧) કચ્છ જીલ્લામાં કચ્છ શાખા નહેરનું કામ ૨૦.૭૭ કી.મી. લંબાઈમાં પ્રગતિમાં છે. બાકી નહેરોના કામોની બાંધકામ પૂર્વેની કામગીરી ચાલી રહી છે અને વર્ષ ૨૦૦૬-૦૭ થી તબક્કાવાર બાંધકામ હાથ ધરવાનું

| | |
|---|---|
| | આયોજન છે. |
| (૨) મુખ્ય અને શાખા નહેરની કામગીરી માટે વર્ષ-૨૦૦૬-૦૭ માટે શા શા આયોજન કરવામાં આવ્યા છે, અને | (૨) મુખ્ય નહેરનું કામ વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે. કચ્છ શાખા નહેર અને પેટા શાખા નહેરોની ૧૫૦ કી.મી. લંબાઈ માટે વર્ષ ૨૦૦૬-૦૭ માં તબક્કાવાર ટેન્ડરો મંગાવી બાંધકામ હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) ૨૦૦૬-૦૭માં ક્યા ક્યા વિસ્તારોમાં નહેરો, શાખા નહેરોની કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | (૩) કચ્છ જીલ્લામાં રાપર તાલુકામાં કચ્છ શાખા નહેરની ૨૦.૨૭ કી.મી. લંબાઈમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

## નડીયાદના એસ.આર.પી. ગૃપ-૭ના કર્મચારી-અધિકારીઓના આરોગ્યની તપાસ

૧૬૦૩૨**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ.આર.પી. ગૃપ-૭, નડીયાદમાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા ૯૮૫ કર્મચારી/અધિકારીઓ પૈકી ૯૭૫ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

## અમદાવાદ ગ્રામ્યમાં નોંધાયેલ ખૂનની કોશિશના ગુના

૧૬૦૪૨ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | | |
|---|---|---|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં અમદાવાદ ગ્રામ્યમાં ખૂનની કોશિશના કેટલા ગુના નોંધાયેલ છે, અને | (૧) સને- | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
| | | ૧૧ | ૭ | ૭ |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ? | (૨) સને- | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
| | | ૧૧ | ૭ | ૭ |

-------------

## વેચાણવેરાની આવકનો લક્ષ્યાંક

૧૪૦૬૫**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં વેચાણવેરાની આવકનો કેટલો લક્ષ્યાંક હતો, તે અન્વયે વર્ષવાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી વેચાણવેરાની આવક રાજ્ય સરકારને મળી, અને

**જવાબ**

(૧) (રકમ રૂા. કરોડમાં

| વર્ષ | લક્ષ્યાંક | થયેલ આવક |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૮૦૦૨ | ૮૩૭૦.૪૪ |
| ૨૦૦૫-૦૬ | ૯૧૦૦ | ૮૫૯૮.૬૫ |

| | | |
|---|---|---|
| | | સુધી |

(૨) વેચાણવેરાની આવક સમયસર નહીં વસુલાતા સરકાર ધ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા હેઠળના પગલાં લેવામાં આવ્યા.

-------------

**પેરોલ પર છોડવામાં આવેલ કેદીઓ**

**<#M૧૫૧૧૨/શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખૂન, લૂંટ અને બળાત્કારના કુલ કેટલા કેદીઓને પેરોલ આપવામાં આવેલ ?

**જવાબ**

તા.૩૧/૧/૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચેની વિગતે પેરોલ મંજુર કરવામાં આવેલ છે.

| **અ.નં** | **કેસની વિગત** | **કેદી સંખ્યા** |
|---|---|---|
| ૧ | ખૂન | ૩૦૮૪ |
| ૨ | લૂંટ | ૧૧૬ |
| ૩ | બળાત્કાર | ૧૩૯ |
| | **કુલ...** | **૩૩૩૯** |

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ વિસાવદર તથા ભેસાણ તાલુકાના ગામડા**

૧૬૦૬૦**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિસાવદર તથા ભેસાણ તાલુકાના તમામ ગામડાઓ જ્યોતિગ્રામ થઈ ગયેલ છે કે કેમ,

**જવાબ**

(૧) વિસાવદર તથા ભેસાણ તાલુકાની વિગત.

| તાલુકાનું નામ | કુલ ગામ | જ્યેતિ ગ્રામ થયેલ ગામ | વીજ ક્નેકશન ન હોય તેવા ગામોની સંખ્યા | સોલરથી થયેલ ગામની સંખ્યા | બાકી ગામની સંખ્યા |
|---|---|---|---|---|---|
| વિસાવદર | ૮૬ | ૭૪ | ૪ | ૩ | ૫ |
| ભેસાણ | ૪૪ | ૪૦ | -- | ૪ | -- |

(૨) જો ના, તો ક્યા ક્યા ગામ બાકી છે, અને

(૨) વિસાવદર તાલુકાના પાંચ ગામ બાકી છે
(૧) જાંબુડી (૨) જાવલડી (૩) લાલપુર (૪) રવાની (માંડીખા) (૫) વેકરીઆ

(૩) અને કેટલા સમયમાં જ્યોતિગ્રામ થઈ જશે ?

(૩) પાંચ ગામને રેલ્વે મંજૂરીને આધીન ચાલુ નાણાકીય વર્ષમાં આવરી લેવાનું આયોજન છે.

-------------

**જિલ્લા કુટિર ઉદ્યોગ ધ્વારા મહેસાણા જિલ્લાના બેરોજગારોને આપવામાં આવેલ લોન**

૧૪૬૬૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, મહેસાણા ધ્વારા બેરોજગારોની વિવિધ યોજના નીચે કેટલા ઈસમોની

**જવાબ**

(૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા નીચે મુજબની અરજીઓ મંજૂર અર્થે બેન્કને ભલામણ કરવામાં આવી.

| અ. | યોજનાનું નામ | જિલ્લા |
|---|---|---|

લોન મંજૂર થઈ,

| નં. | | ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ભલામણ |
|---|---|---|
| ૧ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૪૬૬ |
| ૨ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૧૩૩૨ |

(૨) કેટલા ઈસમોને બેન્કોએ લોન આપી, અને

(૨)

| અ. નં. | યોજનાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ભલામણ |
|---|---|---|
| ૧ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૨૬૧ |
| ૨ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૮૫૦ |

(૩) ક્યા કિસ્સામાં બેન્કો લોન આપવાનું ટાળે છે?

(૩) બેન્ક દ્વારા નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

૧. અરજદાર તેમજ તેમના કુટુંબની વ્યક્તિ મુદ્દત વીતી બાકીદાર હોવાથી
૨. ધંધાની જગ્યા યોગ્ય ન હોવાથી
૩. ધંધા પોષણક્ષમ ન હોવાથી
૪. અરજદાર દ્વારા બેન્કોએ માંગેલ દસ્તાવેજો સમયસર ન રજૂ કરવાથી
૫. બેન્કો દ્વારા જે તે વ્યવસાય માટે અગાઉ ધીરાણ કરેલ રકમની વસુલાત ઓછી થવાથી.

-------------

**પાલીતાણા તાલુકાના ઠાડચ ગામે ૬૬. કે.વી.નું વીજ મથક સ્થાપવા અંગે**

૧૬૨૩૫**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલીતાણા તાલુકાના ઠાડચ ગામે ૬૬ કે.વી વીજ મથક સ્થાપવાનું રાજ્ય સરકારનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા તો, વર્તમાન સ્થિતિએ કામ ક્યાં તબક્કે છે ?

**જવાબ**

(૧) હા જી,

(૨) આ વીજ મથકમાં સીવીલને લગતા કામો હાથ ધરેલા છે અને જુન-૦૬માં કાર્યરત કરવાનું આયોજન છે.

-------------

**રાજ્યમાં થયેલ વિજ ઉત્પાદન અને માંગ**

૧૩૯૯૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કુલ વીજ ઉત્પાદન કેટલું થયું, તેની સામે કુલ વીજ માંગ કેટલી હતી, અને

(૨) રાજ્ય સરકારે વીજ માંગ સામે વીજ ખાદ્ય અન્વયે વીજળી શા ભાવે ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૭૨૭ લાખ યુનિટ વીજ ઉત્પાદન, ૧૮૨૩ લાખ યુનિટ વીજ માંગ.

(૨) ડીસે. ૨૦૦૫ની સ્થિતિએ નીચે દર્શાવ્યા પ્રમાણે ખરીદી કરવામાં આવી.

| ક્રમ | વેચાણકારનું નામ | ખરીદેલ વીજળી (મી. યુ.) | ભાવ રૂા. યુનિટ |
|---|---|---|---|
| ૧. | પી. ટી. સી | ૧૪૫ | ૩.૨૩ |
| ૨. | એન.ટી.પી.સી. (એન.વી.વી.એલ.) | ૨ | ૨.૫૮ |
| ૩. | અદાણી | ૧૮ | ૩.૩૧ |

-------------

**રાજ્ય અનામત પોલીસ દળની સ્ટ્રેન્થ વધારવા અંગે**

૧૬૦૫૪**શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.)ની સ્ટ્રેન્થ વધારવા, વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની વાત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજ્ય સરકાર આવી કેટલી બટાલીયનો કઈ જગ્યાએ અને ક્યારે સ્થાપવા માંગે છે ?

**જવાબ**

(૧) હા. જી.

(૨)

| નં. | બટાલીયનનું સ્થળ | સ્થાપના |
|---|---|---|
| ૧. | કેવડીયા કોલોની, જિ. નર્મદા | જુથ-૧૪ તરીકે હાલ શરૂ થઈ ગયેલ છે. |
| ૨. | ભુટોડી જિ. દાહોદ | સને-૨૦૦૬-૦૭માં શરૂ કરવામાં આવનાર છે. |
| ૩. | ઓ.એન.જી.સી., વડોદરા | |
| ૪. | મુડેટી જિ. સાબરકાંઠા | ઈન્ડીયા રીઝર્વ બટાલીયન તરીકે શરૂ કરવા વિચારણા હેઠળ છે. |

-------------

**અમદાવાદ ભાવનગર હાઈવે ઉપર નોંધાયેલ અકસ્માતો**

૧૫૮૯૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

અમદાવાદ ભાવનગર હાઈવે વાયા ફેદારા પીપળી-ધોલેરા રોડ ઉપર છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલા વાહન અક્સ્માતો નોંધાયા, કેટલા મૃત્યુ પામ્યા, અને કેટલા ઘવાયા ?

**જવાબ**

૪૬૭ - અક્સ્માતો
૧૫૪ - મૃત્યુ
૬૨૭ - ઘવાયા

-------------

**થાનગઢ પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલ જુગારખાના કેસો**

૧૪૪૦૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાનગઢ પોલીસ સ્ટેશનમાં તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કેટલા જુગારખાનાના કેસો નોંધાયા,

(૨) તે કેસોમાં કેટલા આરોપીઓ પકડાયા કેટલી

**જવાબ**

(૧) ૨ (બે)

(૨) ૧૨ આરોપીઓ પકડાયા, રૂા.૮૬,૮૬૦/-

| | |
|---|---|
| ચોકડ રકમ પકડાયેલ છે, અને | ચોકડ રકમ પકડાયેલ છે. |
| (૩) કેટલી રેડ સ્થાનિક પોલીસે અને કેટલી રેડ બહારની પોલીસે કરી છે ? | (૩) ૧ રેડ સ્થાનિક પોલીસે અને ૧ રેડ બહારની પોલીસે કરી છે. |

-------------

**કેન્દ્રના બારમાં નાણા પંચ ધ્વારા રાજ્યને ફાળવેલ રકમ**

૧૬૦૩૦**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્રના બારમા નાણા પંચ ધ્વારા રાજ્ય સરકારને તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રકમ ફાળવી, અને | (૧) કેન્દ્રના બારમા નાણા પંચ દ્વારા ફાળવવામાં આવતી રકમની માસિક ધોરણે ફાળવણી કરવામાં આવતી નથી, વાર્ષિક ધોરણે ફાળવણી કરવામાં આવે છે. તેથી રાજ્ય સરકારને વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન રૂા.૨૬૫૩.૧૫ કરોડ ફાળવવામાં આવેલ છે. |
| (૨) ફાળવેલ રકમ પૈકી બનાસકાંઠા જિલ્લાને કેટલી રકમ આપી ? | (૨) ફાળવેલ રકમ જિલ્લાવાર વહેંચવામાં આવતી નથી. |

-------------

**રાજ્યમાં મૂડીરોકાણના અભ્યાસ માટે આંતરરાષ્ટ્રીય ડેલીગેશનોએ લીધેલ રાજ્યની મુલાકાત**

૧૬૦૮૪**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં મૂડી રોકાણોના અભ્યાસ માટે આંતરરાષ્ટ્રીય કુલ કેટલા ડેલીગેશનોએ રાજ્યની ક્યારે મુલાકાત લીધી, | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ રાજ્યમાં મૂડી રોકાણોના અભ્યાસ માટે આંતરરાષ્ટ્રીય કુલ-૬ (છ) ડેલિગેશનોએ માર્ચ-૨૦૦૩થી જાન્યુઆરી, ૨૦૦૬ દરમ્યાન રાજ્યની મુલાકાત લીધેલ છે. |
| (૨) આ મુલાકાતીઓ માટે રાજ્ય સરકારે શું શું પ્રેઝન્ટેશન કર્યુ, અને | (૨) ગુજરાતમાં મૂડી રોકાણની તકો, રાજ્યની ઓદ્યોગિક નીતિ તેમજ રાજ્યમાં વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલ પ્રગતિ વિશે પેઝન્ટેશન તેમજ ચર્ચા બેઠકો યોજી હતી. |
| (૩) આ ડેલીગેશન ધ્વારા કુલ કેટલા નવા પ્રોજેક્ટો અંગે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરારો થયા હતા, અને ક્યા ક્યા દેશનાં ? | (૩) આ ડેલિગેશન પૈકી અસ્ટ્રાખાન ડેલિગેશન સાથે રાજ્ય સરકારે વ્યાપાર અને અન્યક્ષેત્રમાં પરસ્પર ભાગીદારી માટે સમજુતી કરાર પર સહીસિક્કા કરેલ. |

-------------

**કલ્પસર યોજના માટે કરવામાં આવેલ જોગવાઈ**

૧૬૩૧૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજના પાછળ રાજ્ય સરકારે નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલી જોગવાઈ કરી છે, | (૧) રૂા. ૧૦.૦૦ કરોડ. |
| (૨) આમાંથી સોરાષ્ટ્રના દરિયાકાંઠા માટે કોઈ ફાળવણી કરવામાં આવી છે કે કેમ, અને | (૨) કલ્પસર યોજનાના પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ બનાવવાની કામગીરીમાં દરિયા કિનારે સર્વેક્ષણની કામગીરીનો સમાવેશ થાય છે. આ કામગીરી પ્રગતિમાં છે. સોરાષ્ટ્રના દરિયાકાંઠા માટે કોઈ અલાયદી ફાળવણી કરવાની થતી નતી. |
| (૩) જો ના, તો આગામી નાણાકીય વર્ષમાં આ માટે શું જોગવાઈ કરવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મોટા ઉદ્યોગોની દ્રષ્ટિએ ગુજરાતનો ક્રમ**

૧૪૦૩૩ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં રાજ્યમાં મોટા ઉદ્યોગોની દ્રષ્ટિએ ગુજરાત રાજ્યનો નંબર સમગ્ર ભારતની સરખામણીએ કેટલામો છે, અને

**જવાબ**

(૧) ઓગષ્ટ-૧૯૯૧ થી ૩૧-૩-૨૦૦૪ અને ઓગષ્ટ-૧૯૯૧ થી તા.૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં મોટા ઉદ્યોગોની મળેલ દરખાસ્તોની દ્રષ્ટિએ સમગ્ર ભારતના રાજ્યોમાં ગુજરાત રાજ્યના ક્રમની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | સમગ્ર ભારતમાં ગુજરાતનો નંબર |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૨ |
| એપ્રિલ-૦૫ | ૨ |
| મે-૨૦૦૫ થી ડીસેમ્બર-૦૫ | ૧ |
| | |

(૨) આ બે વર્ષોમાં કુલ કેટલું મૂડી રોકાણ મોટા ઉદ્યોગોમાં થયું છે ?

(૨) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૫ દરમ્યાન ૨૨૬ એકમો દ્વારા રૂા. ૧,૦૬,૧૬૦ કરોડના મૂડીરોકાણ માટે એમઓયુ થયેલ છે. તે પૈકી અથવા તે સિવાય મોટા અને મધ્યમ કદના ૧૧૮૦ પ્રોજેક્ટ માટે રૂા. ૯૯૮૬૧ કરોડના મૂડીરોકાણની દરખાસ્તો (આઈઈએમ) એપ્રિલ, ૨૦૦૪ થી ડીસેમ્બર-૨૦૦૫ના સમયગાળામાં મળેલ છે.

-------------

**રોજગાર સમાચારના અંકોની છપામણી**

૧૪૦૯૮ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માહિતી વિભાગ ધ્વારા રોજગાર સમાચારના અંકો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી સંસ્થામાં છાપવામાં આવ્યા, અને તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧)

| | છાપકામની સંસ્થા | ખર્ચ |
|---|---|---|
| ૧. | નિયામકશ્રી, સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ. | ૬૪,૮૩,૪૦૫/- |
| ૨. | સાહિત્ય મુદ્રણાલય પ્રા.લી., અમદાવાદ. (માત્ર અંક નં.૪૭ અને ૪૮) | ૦,૨૧,૭૨૪/- |
| | | **કુલ : ૬૫,૦૫,૧૨૯/-** |

(૨) તેના વેચાણ પેટે કેટલી આવક થઈ ?

(૨) રૂા. ૧૪,૨૫,૬૯૦/-

-------------

**કંપનીઓ પાસેથી વિદ્યુત વેચાણથી લેવા અંગે**

૧૬૨૨૪ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ કંપની પાસેથી વિદ્યુત વેચાણથી લેવામાં આવે છે,

(૨) ક્યા ધોરણોથી અને યુનિટ દીઠ શું કિંમત આપીને ખરીદવામાં આવે છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં કઈ કઈ કંપની પાસેથી કેટલી વિદ્યુત ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ.

(૨) જુદા જુદા સાહસો સાથેના વીજ કરાર અને મેરીટ ઓર્ડરના ધોરણે તથા ઉપલબ્ધતા અનુસાર સામેલ પત્રક-અમાં દર્શાવેલ કિંમતે ખરીદવામાં આવેલ છે.

(૩) પત્રક-બ પ્રમાણે.

**પત્રક-અ**

**તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જુદી જુદી કંપનીઓ પાસેથી વિદ્યુત ખરીદીની વિગતો.**

| અ.નં. | એજન્સીનું નામ | ખરીદ ભાવ રૂા./યુનીટ |
|---|---|---|
| (૧) | **કેન્દ્રીય સાહસો** | |
| ૧. | એનપીસી | ૧.૯૫ |
| ૨. | એનટીપીસી | ૧.૬૦ |
| ૩. | એસ.એસ.એન.એલ. | ૨.૦૫ |
| | **કુલ...** | |
| (૨) | **ખાનગી સાહસો** | |
| ૪. | એસ્સાર | ૨.૩૧ |
| ૫. | જીપેક | ૨.૩૮ |
| ૬. | જીએસઈજી | ૨.૨૫ |
| ૭. | જીઆઈપીસીએલ (૧૬૦ મે.વો.) | ૧.૭૩ |
| ૮. | જીઆઇપીસીએલ (એસએલપીપી) | ૨.૦૫ |
| | **કુલ...** | |
| (૩) | **જીસેક :** | |
| ૯. | ગાંધીનગર | ૧.૯૩ |
| ૧૦. | વણાંકબોરી | ૧.૯૧ |
| ૧૧. | ઉત્રાણ | ૧.૯૧ |
| ૧૨. | ધુવારણ | ૧.૫૪ |
| | **કુલ...** | |
| (૪) | **ટ્રેડર્સ :** | |
| ૧૩. | પીટીસીએલ | ૩.૨૩ |
| ૧૪. | સીએસઈલી. | -- |
| ૧૫ | એનવીવીએનએલ-એનટીપીસી | ૨.૫૮ |
| ૧૬ | અદાણી એક્ષપર્ટ | ૩.૩૧ |
| | **કુલ...** | |
| (૫) | **અન્ય** | |

| | | |
|---|---|---|
| ૧૭ | જીઆઈપીસીએલ (૧૪૫ મે.વો.) | ૧.૮૬ |
| ૧૮ | એ.ઈ.કં. | ૨.૨૧ |
| ૧૯ | વીન્ડ ફાર્મ | ૧.૮૮ |
| ૨૦ | કેપ્ટીવ પાવર પ્લાન્ટ | ૧.૮૮ |

**પત્રક-બ**

જુદી જુદી કંપનીઓ પાસેથી છેલ્લા બે વર્ષમાં ખરીદવામાં આવેલ વિદ્યુતની વિગતો.

| અ.નં. | એજન્સીનું નામ | યુનીટ (મી.યુ.) (૨૦૦૩-૦૪) | યુનીટ (મી.યુ.) (૨૦૦૪-૦૫) |
|---|---|---|---|
| (૧) | **કેન્દ્રીય સાહસો** | | |
| ૧. | એનપીસી | ૨૦૦૮ | ૧૮૩૩ |
| ૨. | એનટીપીસી | ૯૧૪૪ | ૯૦૮૩ |
| ૩. | એસ.એસ.એન.એલ. | | ૪૧ |
| | **કુલ...** | **૧૧૧૫૨** | **૧૦૯૫૭** |
| (૨) | **ખાનગી સાહસો** | | |
| ૪. | એસ્સાર | ૬૦૮ | ૧૫૦૯ |
| ૫. | જીપેક | ૩૬૩૦ | ૩૫૭૯ |
| ૬. | જીએસઈજી | ૭૫૫ | ૧૧૨૪ |
| ૭. | જીઆઈપીસીએલ (૧૬૦ મે.વો.) | ૮૨૫ | ૧૧૧૬ |
| ૮. | જીઆઇપીસીએલ (એસએલપીપી) | ૧૪૭૩ | ૧૫૯૯ |
| | **કુલ...** | **૭૨૯૧** | **૮૯૨૭** |
| (૩) | **જીસેક :** | | |
| ૯. | ગાંધીનગર | ૧૫૬૫ | ૧૪૪૫ |
| ૧૦. | વણાંકબોરી | ૧૫૦૩ | ૧૫૭૩ |
| ૧૧. | ઉત્રાણ | ૬૮૭ | ૧૧૨૦ |
| ૧૨. | ધુવારણ | ૧૮૯ | ૬૭૦ |
| | **કુલ...** | **૩૯૪૪** | **૪૮૦૮** |
| (૪) | **ટ્રેડર્સ :** | | |
| ૧૩. | પીટીસીએલ | ૯૮૨ | ૭૫૮ |
| ૧૪. | સીએસઈલી. | ૬૦૪ | ૯૧ |
| ૧૫ | એનવીવીએનએલ-એનટીપીસી | ૨૧૧ | ૧૩૦ |
| ૧૬ | અદાણી એક્ષપર્ટ | ૧ | ૨ |
| | **કુલ...** | **૧૭૯૮** | **૯૮૧** |
| (૫) | **અન્ય** | | |
| ૧૭ | જીઆઈપીસીએલ (૧૪૫ મે.વો.) | ૨૯૦ | ૪૩૧ |
| ૧૮ | એ.ઈ.કં. | ૬ | ૪ |
| ૧૯ | વીન્ડ ફાર્મ | ૬ | ૨૪ |
| ૨૦ | કેપ્ટીવ પાવર પ્લાન્ટ | ૧૩૯ | ૩૮૬ |

| | | | |
|---|---|---|---|
| | **કુલ...** | **૪૪૧** | **૮૪૫** |
| | **સર્વતયા** | **૨૪૬૨૬** | **૨૬૫૧૮** |

-------------

**ખેતીવાડીના વિજ જોડાણો પુનઃ ચાલુ કરવા મળેલ અરજીઓ**

૧૫૧૧૮**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારની ઉર્જા નીતિ અનુસાર તા.૧-૧-૦૫ થી તા.૩૧-૧૨-૦૫ સુધીમાં ખેતીવાડી વિજ જોડાણો પુનઃચાલુ કરવા કુલ કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કુલ કેટલા વિજ ક્નેક્શનો પુનઃજોડવામાં આવેલ છે, અને

(૩) પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૬૮૮૯

(૨) અને (૩) : તે પૈકી ૩૩૮૯ વીજ ક્નેક્શનો પુનઃ જોડવામાં આવેલ છે. પડતર અરજીઓમાં જેમાં મોજણી બાકી હોય તે પુરું કરીને અંદાજપત્ર આપ્યા બાદ નાણાં ભરપાઈ થયા બાદ તથા નાણાં ભરાયેલ અરજીઓમાં નિયત સમયમર્યાદામાં વીજજોડાણ આપવામાં આવશે.

-------------

**સીમેન્ટ કંપનીઓ પાસે વેચાણવેરાની બાકી રકમ**

૧૪૦૪૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આવેલ કઈ કઈ સીમેન્ટ કંપનીઓ પાસે કેટલા વરસોથી કેટલી વેચાણવેરાની રકમ તા.૩૧-૧-૦૬ સુધીમાં વસુલ કરવાની બાકી છે,

(૨) તે અન્વયે બાકી વેચાણવેરાની રકમો અન્વયે કઈ કઈ સીમેન્ટ કંપનીઓએ વેચાણવેરા માફી માટે રાજ્ય સરકારમાં ભલામણ કરી, અને રાજ્ય સરકારે કઈ કઈ સીમેન્ટ કંપનીઓને કેટલી વેરાની રકમોની માફી તા.૩૧-૧-૦૬ સુધીમાં આપી, અને

(૩) આવી રાહતો આપવાથી રાજ્ય સરકારને કેટલી વેચાણવેરાની આવક ગુમાવવાનું થાય છે ?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) સિમેન્ટ કંપનીઓ દ્વારા વેચાણવેરા માફી માટે કોઈ ભલામણ આવેલ નથી. તેમજ કોઈપણ સિમેન્ટ કંપનીની વેરાની રકમ માફ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

| **એકમનું નામ** | **વર્ષ** | **બાકી રકમ રૂા. કરોડમાં** |
|---|---|---|
| એસોસીએટેડ સીમેન્ટ કું. | ૯૫/૯૬, ૯૭/૯૮, ૨૦૦૦/૦૧ | ૦.૦૩ |
| એલ. એન્ટ ટી જે.ડી.આઈ.ઓઈલ ફીલ્ડ પ્રોજેક્ટ | ૯૫/૯૬, ૯૭/૯૮ | ૦.૦૪ |
| કાશી વિશ્વનાથ સિમેન્ટ | ૯૮, ૨૦૦૦ | ૦.૦૯ |
| બાલારામ સિમેન્ટ | ૯૧/૯૨ થી ૦૧/૦૨ | ૨૨.૮૭ |
| રાધાકિશન સિમેન્ટ | ૮૫/૮૬ થી ૯૪/૯૫ | ૨.૧૫ |
| હનુમાન સિમેન્ટ પ્રા. લી. | ૨૦૦૦/૦૧ | ૦.૩૬ |
| સોમાની સિમેન્ટ કંપની | ૯૨/૯૩ થી ૯૬/૯૭ | ૭.૭૩ |
| મહાકાળી સિમેન્ટ | ૯૫/૯૬ થી ૯૯/૦૦ | ૦.૧૫ |
| પંચમહાલ સિમેન્ટ કંપની લી. | ૯૧/૯૨ થી ૯૫/૯૬ | ૧૦.૬૨ |
| સેવાલીયા સિમેન્ટ વર્કસ | ૮૮/૮૯, ૧-૪-૮૯ થી ૩૧-૭-૮૯, ૧-૮-૮૯ થી ૩૧-૩-૯૩ | ૪.૫૩ |

| એકમનું નામ | વર્ષ | બાકી રકમ રૂા. કરોડમાં |
|---|---|---|
| વી. કી. સિમેન્ટ પ્રા. લી. | ૯૨/૯૩ થી ૯૭/૯૮, ૩૧-૮-૯૮ થી ૩૧-૮-૦૩ | ૦.૨૧ |
| સંદીપ સિમેન્ટ પ્રા. લી. | ૯૩/૯૪ થી ૯૯/૦૦, ૩૧-૫-૯૭ થી ૩૧-૫-૦૧ | ૦.૮૬ |
| અલ્ટ્રાટેક્ષ સિમેન્ટ લી. | ૯૬/૯૭ થી ૨૦૦૧/૦૨ | ૬૭.૪૫ |
| ગુજરાત અંબુજા સિમેન્ટ લી. | ૧૯૮૭ થી ૩૦-૬-૨૦૦૦ | ૧.૬૫ |
| ગુજરાત અંબુજા સિમેન્ટ કંપની. | ૯૩/૯૪ થી ૨૦૦૧/૦૨ | ૯.૫૭ |
| ગુજરાત હાઈટેક ઈન્ડ. | ૮૭/૮૮ થી ૮૮/૮૯ | ૫.૦૪ |
| ગુજરાત સિધ્ધિ સિમેન્ટ કંપની | ૯૫/૯૬ થી ૨૦૦૦/૦૧ | ૮૫.૪૯ |
| કામદાર સિમેન્ટ કંપની | ૮૫/૮૬ થી ૮૭/૮૮ | ૧.૨૧ |
| સૌરાષ્ટ્ર સિમેન્ટ લી. | ૯૦/૯૧ થી ૨૦૦૦/૦૧ | ૪૩.૪૪ |
| એચ.એમ.પી. સિમેન્ટ કંપની | ૯૦/૯૧ થી ૨૦૦૦/૦૧ | ૪૩.૫૯ |
| ગુજરાત હિમાલીયા સિમેન્ટ કંપની | ૧૯૮૮ થી ૯૨/૯૩ | ૧.૩૧ |
| અજમેરા સિમેન્ટ પ્રા,લી. | ૯૭/૯૮, ૯૮/૯૯ | ૦.૦૩ |
| સરદાર સિમેન્ટ પ્રા. લી. | ૯૩/૯૪, ૯૫/૯૬ થી ૯૮/૯૯ | ૪.૩૫ |
| કાંગારૂ સિમેન્ટ પ્રા. લી. | ૨૦૦૦/૦૧ | ૦.૧૪ |
| પટેલ એન્ડ લાલકા સિમેન્ટ લી. | ૨૦૦૧/૦૨ | ૦.૨૧ |
| સુવિન સિમેન્ટ પ્રા. લી. | ૯૩/૯૪ થી ૯૬/૯૭ | ૧.૮૪ |
| ગાયત્રી સિમેન્ટ એન્ડ કેમીકલ | ૮૪/૮૫ અને ૯૦/૯૧ | ૦.૦૩ |
| શક્તિ સિમેન્ટ પ્રા. લી. | ૮૫/૮૬ | ૦.૦૧ |
| જ્યુપીટર સીમેન્ટ કંપની | ૮૫/૮૬ | ૬.૫૮ |
| દ્વારકા સીમેન્ટ | ૮૮/૮૯ | ૦.૫૨ |
| જે.કે.સીમેન્ટ પ્રા.લી. | ૧૯૮૪ થી ૨૮-૨-૯૩ | ૦.૦૪ |
| સાંધ્ધી ઈન્ડ. લી. | ૨૦૦૧-૦૨ | ૦.૦૪ |

-------------

**ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુ સાથે થયેલ ચેડા અને કસુરવારોની ધરપકડ**

૧૬૩૧૬**ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસમાં રાજ્યના સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ સિટીમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુ સાથે ચેંડા કરવામાં આવ્યા હતા એ વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારે સ્ટેચ્યુ સાથે ચેડા ક્ર્યા હોય તેવા લોકોની ધરપકડ કરી કે કેમ, | (૨) ના, જી. |
| (૩) જો ધરપકડ કરી હોય તો આ લોકો હાલ જેલમાં છે કે જામીન ઉપર છુટી ગયા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ભવિષ્યમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે સરકારશ્રીએ ખાસ પગલાં લીધા હોયતો તેની વિગતો શું છે ? | (૪) રાત્રી દરમ્યાન સતત પેટ્રોલીંગની વ્યવસ્થા તથા પોલીસ કર્મચારી તથા હોમગાર્ડઝ સભ્યનો નાઈટ પોઈન્ટ રાખવામાં આવેલ છે. |

------------

## નવલખી બંદરના વિકાસ માટે પર્યાપ્ત રકમ

૧૬૬૫૪**શ્રી કાંતિભાઇ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

માળીયા તાલુકામાં આવેલ નવલખી બંદરના વિકાસ પાછળ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલું ખર્ચ થયેલ છે ?

**જવાબ**

રૂા. ૧૮,૭૧,૪૦,૬૭૪/-

-------------

## ટાડામાં સંડોવાયેલ લતીફ ગેંગના આરોપીઓને પકડવા અંગે

૧૬૨૯૬ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે લતીફ ગેંગના અને ટાડામાં સંડોવાયેલા કેટલા આરોપીઓને વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં પકડી પાડેલ છે , અને

(૨) આ આરોપીઓ કોણ કોણ છે અને તેઓ કેવા પ્રકારના ગુન્હામાં સંડોવાયેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫ - ૩
વર્ષ ૨૦૦૬ - ૦

(૨) આરોપીઓ :
૧. મહંમદ ઈક્બાલ અબ્દુલસલીમ ઘોરી
૨. સિરાજુદ્દિન મોયુદ્દિન સૈયદ
૩. નોશાદઅલી દિલદારઅલી સૈયદ

ગેરકાયદેસર હથિયારો અને દારૂગોળા/સ્ફોટક પદાર્થોની હેરાફેરી તેમજ ત્રાસવાદ પ્રવૃત્તિના ગુનામાં સંડોવાયેલ છે.

-------------

## ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન ધ્વારા તેલ તેમજ ગેસના કુવાઓનું સંશોધન

૧૫૯૦૩ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત સરકારે નોડલ એજન્સી તરીકે ગુજરાત સ્ટેટ પટ્રોલીયમ કો.લિ.ને તેલ અને ગેસ સંશોધન માટે નિયુક્ત કરેલ છે, તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ કંપની ધ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલા વધારાના ખનીજ તેલ તેમજ ગેસના કુવાઓનું સંશોધન કરવામાં આવ્યું અને

(૨) સંશોધન કરવામાં આવેલ ગેસ કુવાઓ ધ્વારા હાલમાં વર્ષ દરમ્યાન કેટલા ઘન મીટર ગેસનું ઉત્પાદન થાય છે ?

**જવાબ**

(૧) ઓપરેટર તરીકે ૧૩ કુવા અને નોન ઓપરેટર તરીકે ૧૪ કુવાઓનું સંશોધન કરવામાં આવ્યું.

(૨) ૧૪૧૬.૬ મિલીયન ક્યુબીક મીટર

-------------

## સુરત પોલીસ ધ્વારા નાગરિકને ગોંધી રાખી ત્રાસ ગુજારવા બાબત

૧૫૧૦૯ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર ૨૦૦૫માં સુરત પોલીસે એક નાગરિકને ચાર દિવસ સુધી ગેરકાયદેસર ગોંધી રાખી, તેના ગુપ્તાંગો ઉપર ડામ દઈ, શારિરીક ત્રાસ આપ્યા બાદ નામદાર કોર્ટ ધ્વારા સર્ચ વોરંટ કાઢતાં તેને છોડવામાં આવ્યો તે હકીક્તમાં શું તથ્ય છે, અને

**જવાબ**

(૧) નાગરિક શ્રી રામપ્રસાદ છેદીલાલ ગુપ્તા (મુળ રહેવાસી ઉત્તર પ્રદેશ) હાલ રહે પ્લોટ નંબર ૧૩૬, ક્રિષ્ણાનગર, પાંડેસરા-સુરતને સુરત શહેરના પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર ગોંધી રાખી તેના ગુપ્તાંગો ઉપર ડામ દઈ, શારીરિક ત્રાસ આપ્યા સબબ સુરત શહેર પાંડેસરા પોલીસ વિરૂધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. ક્રિમીનલ

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | એપ્લીકેશન નં. ૧૦૦/૨૦૦૬ થી દાખલ થયેલ છે. આ અંગે નામદાર કોર્ટમાં તા.૮-૨-૨૦૦૬, તા.૧૪-૨-૨૦૦૬ અને તા.૨-૩-૨૦૦૬ની મુદ્દતો પડેલ છે. નામદાર કોર્ટ ધ્વારા સર્ચ વોરંટ કાઢતાં આરોપીને છોડવા અંગેની હકિકત સાચી નથી. |
| (૨) રાજ્ય સરકારે કસુરવાર કર્મચારીઓ સામે કોઈ જવાબદારી નક્કી કરેલ છે કે કેમ ? | (૨) પ્રાથમિક તપાસ દરમ્યાન આ અંગે કોઈ કસુરવાર જણાયેલ નથી. |

-------------

**શામળાજી ચેક પોસ્ટની આવક**

૧૬૦૪૮**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહનવ્યવહાર ખાતાની શામળાજી ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને | (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહનવ્યવહાર ખાતાની શામળાજી ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક. |

| વર્ષ | આવક | |
|---|---|---|
| ૨૦૦૩ | રૂા. ૪૭,૬૯,૯૩,૦૦૦/- | (સુડતાલીસ કરોડ અગણ્યોસિત્તેર લાખ ત્રાણું હજાર) |
| ૨૦૦૪ | રૂા. ૫૪,૧૫,૮૦,૦૦૦/- | (ચોપ્પન કરોડ પંદર લાખ એંશી હજાર) |
| ૨૦૦૫ | રૂા. ૬૧,૧૯,૨૦,૦૦૦/- | (એકસઠ કરોડ ઓગણીસ લાખ વીસ હજાર) |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**એસ.ટી. નિગમની બસો સી.એન.જી. કરવા અંગે**

૧૬૦૫૬ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે એસ.ટી. નિગમની બસો સી.એન.જી. મારફત ચલાવવાની યોજના બનાવી હોવાની વાતમાં તથ્ય છે કે કેમ, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ માટે શું આયોજન વિચારેલ છે? | (૨) એસ.ટી. નિગમે આ માટે ૨૦૦ સી.એન.જી. બસોને સંચાલનમાં મુકવાનું આયોજન હાથ ધરેલ છે તે પૈકી ૧૯૫ સી.એન.જી. બસો સંચાલનમાં મુકવામાં આવેલી છે. |

-------------

## રાજ્યનું જાહેર દેવું

૧૬૨૩૧ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને | (૧) અંદાજે રૂા. ૬,૪૮,૫૭.૪૨૮૪ કરોડ |
| (૨) આ જાહેર દેવા પાછળ પ્રતિ વર્ષ અને માસ કેટલું વ્યાજ ચુકવવું પડે છે ? | (૨) જાન્યુઆરી-૦૬ સુધીમાં ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજે રૂા. ૪૮૩૭.૫૬ કરોડના વ્યાજની ચુકવણી કરવામાં આવી છે. જે સરેરાશ માસીક રૂા. ૪૮૩.૭૫ કરોડ થાય છે. |

-------------

## ડાંગ જિલ્લામાં ખૂન, લૂંટફાટ અને ચોરીના બનાવો

૧૩૯૪૧ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | | |
|---|---|---|---|---|
| | | ખૂન | ચોરી | લૂંટફાટ |
| (૧) ડાંગ જિલ્લામાં સન ૨૦૦૫માં છેલ્લા એક વર્ષમાં કેટલા ખૂન, ચોરી અને લૂંટફાટના બનાવો દફતરે નોંધાયા, | (૧) | ૦૫ | ૦૩ | ૦૧ |
| (૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કરવામાં આવી, અને | (૨) | ૧૧ | ૦૨ | ૦૦ |
| (૩) કેટલા મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો ? | (૩) ચોરીના ગુન્હાઓમાં રૂા. ૩૨૦૦/- લૂંટફાટના ગુન્હાઓમાં રૂા. ૫,૩૨,૧૪૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. | | | |

-------------

## ભરૂચ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં કર્મચારીઓની ઘટ

૧૫૮૪૭ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર ૨૦૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં કર્મચારીઓની ઘટ કેટલી છે, અને | (૧) પો.ઈ.-એકપણ નહિ<br>પો.સ.ઈ.-૧૨<br>એ.એસ.આઈ./હે.કો.-૧૬<br>પો.કો.-૧૬૨ |
| (૨) આ ઘટ પુરવા સરકાર શું આયોજન કરવા માંગે છે ? | (૨) વહીવટી અનુકૂળતા પ્રમાણે |

-------------

## રાજ્યના વેચાણવેરા કમિશ્નરની કચેરીના કોર્પોરેટ વિભાગ તરફથી અપાયેલ કારણદર્શક નોટિસ

૧૬૦૮૬ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યનાં સેલ્સટેક્ષ કમિશ્નરની કચેરીનાં કોર્પોરેટ વિભાગ તરફથી સેલ્સટેક્ષ ઓછો ભરવા કે ન ભરવા સંબંધી અપાયેલ શો કોઝ નોટીસ (કારણ દર્શક નોટીસ) અંગેની કાર્યવાહી સમય મર્યાદામાં પૂરી થઈ નથી તે હકીકત સાચી છે, | (૧), (૨) અને (૩) : રાજ્યના સેલ્સટેક્ષ કમિશ્નર કચેરીના કોર્પોરેટ વિભાગ તરફથી તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સેલ્સટેક્ષ ઓછો ભરવા કે ન ભરવા સંબંધે કુલ ચાર કેસોમાં શો કોઝ નોટીસ પાઠવવામાં આવેલ છે જે પેકી ત્રણ કેસોમાં આખરી નિર્ણય લેવામાં આવેલ છે. જ્યારે એક કેસમાં નોટીસના અનુસંધાને કંપની તરફથી આખરી જવાબ માટે મુદ્દત માંગવામાં આવેલ |

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કોને કોને આવી કારણ દર્શક નોટીસ ક્યારે બજાવવામાં આવી અને ત્રણ મહિના કરતાં વધુ સમયથી આવી નોટીસો અંગે આખરી નિર્ણય ન લેવાયો હોય તો તેની વિગત શું છે, અને

(૩) જો ના, તો તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિ એ છેલ્લા ત્રણ વર્ષમાં અપાયેલ નોટીસ અન્વયે કઈ કઈ વ્યાપારી પેઢી કે કોર્પોરેટ સેકટરની કંપનીને અપાયેલ શો કોઝ નોટીસનો આખરી નિર્ણય ક્યારે ક્યારે લેવામાં આવ્યો ?

છે. જે રજુ થયેથી આખરી નિર્ણય લેવામાં આવશે.

## રાજ્યની ચેક પોસ્ટ ઉપરના અધિકારીઓ સામે થયેલ નાણાકીય ભ્રષ્ટાચારની ફરિયાદો

૧૫૯૦૯ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યની ચેક પોસ્ટો ઉપર ફરજ બજાવતા કેટલા અધિકારીઓ સામે નાણાકીય ભ્રષ્ટાચારની ફરિયાદો સરકારને મળી છે, અને

(૨) આ ફરિયાદો અંગે સરકારે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ કક્ષાના ૧૪ અધિકારીઓ સામે અને સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ કક્ષાના ૪ કર્મચારીઓ સામે ફરિયાદો મળેલી છે.

(૨) નિયમાનુસાર તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

-------------

## રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા અને માંગ

૧૬૦૭૬ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

(૨) રાજ્યની વીજ માંગ કેટલી છે, અને

(૩) વીજ ખાદ્ય પૂરી કરવા રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૮૯૭૪ મે.વો.

(૨) ૯૧૮૫ મે.વો.

(૩) વીજ ખાદ્ય પુરી કરવા અંગેના ટૂંકાગાળાના આયોજન તરીકે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ધ્વારા રાજ્ય બહારના વીજ વેચાણકારો પાસેથી વીજળી ખરીદવા ઉપરાંત માર્ચ-૨૦૦૭ સુધીમાં ૬૦૦ મે.વો. તેમજ ૨૦૧૨ સુધીમાં ૬૯૭૦ મે.વો. ક્ષમતા વધારવાનું આયોજન કરવામાં આવ્યું છે.

-------------

## રાજકોટ જિલ્લાના ઉદ્યોગોને સબસીડી ચૂકવવા અંગે

૧૬૦૮૧**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં ઉદ્યોગોને રેગ્યુલર સબસીડી ચૂકવવાની તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં અરજી બાકી છે, અને

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં ૩૧/૧૨/૨૦૦૫ સુધીમાં અરજી કરેલ હોય તેવા એકમોને નીચે મુજબ તાલુકામાં રેગ્યુલર સબસીડી ચુકવવાની બાકી છે.

**તાલુકા**

| | | | |
|---|---|---|---|
| ૧. | વાંકાનેર | ૨. | પડધરી |
| ૩. | મોરબી | ૪. | લોધીકા |

| | | | |
|---|---|---|---|
| ૩. | મોરબી | ૪. | લોધીકા |
| ૫. | રાજકોટ | ૬. | ટંકારા |
| ૭. | કોટડાસાંગાણી | ૮. | જેતપુર |

(૨) તે સબસીડી ક્યાં સુધીમાં ચૂકવવાનું આયોજન કરવામાં આવેલ છે ?

(૨) શક્ય તેટલી વહેલી તકે.

-------------

**જનસંપર્ક કાર્યક્રમ હેઠળ મળેલ ફરિયાદો**

૧૩૯૭૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મુખ્ય મંત્રીશ્રીને માસ પ્રમાણે કેટલી ફરિયાદ જનસંપર્ક કાર્યક્રમ હેઠળ મળી હતી, અને

(૨) આ ફરિયાદોમાંથી કેટલી ફરિયાદોનું નિરાકરણ માસવાર કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) સાથેના પરિશિષ્ઠ--૧ ના કોલમ--૩ મુજબ.

(૨) સાથેના પરિશિષ્ઠ--૧ ના કોલમ--૪ મુજબ.

**પરિશિષ્ઠ-૧**

| ક્રમ | માસ | મળેલ ફરિયાદો | નિરાકરણ કરેલ ફરિયાદો |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | ફેબ્રુઆરી-૨૦૦૫ | ૧૩૨૧ | ૧૧૫૧ |
| ૨. | માર્ચ-૨૦૦૫ | ૧૫૫૨ | ૧૩૬૬ |
| ૩. | એપ્રિલ-૨૦૦૫ | ૧૫૩૬ | ૧૩૮૧ |
| ૪. | મે-૨૦૦૫ | ૧૪૩૯ | ૧૨૯૨ |
| ૫. | જુન-૨૦૦૫ | ૧૫૭૮ | ૧૩૩૧ |
| ૬. | જુલાઈ-૨૦૦૫ | ૧૫૫૩ | ૧૩૫૨ |
| ૭. | ઓગષ્ટ-૨૦૦૫ | ૧૪૧૬ | ૧૨૨૨ |
| ૮. | સપ્ટેમ્બર-૨૦૦૫ | ૧૪૨૨ | ૧૧૭૬ |
| ૯. | ઓકટોબર-૨૦૦૫ | ૪૯૪ | ૩૭૫ |
| ૧૦. | નવેમ્બર-૨૦૦૫ | ૯૩૨ | ૭૪૦ |
| ૧૧. | ડીસેમ્બર-૨૦૦૫ | ૧૪૭૭ | ૧૦૪૦ |
| ૧૨ | જાન્યુઆરી-૨૦૦૬ | ૮૨૫ | ૧૯૧ |

-------------

**સી.એન.જી. રીક્ષાઓને અપૂરતું ઈંધણ મળવા બાબત**

૧૪૯૬૮ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોટા શહેરોમાં ફરતી સી.એન.જી. રીક્ષાઓને તેનું ઇંધણ પૂરતા પ્રમાણમાં મળતું નથી, એ વાત સાચી છે,

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સરકારે ગુજરાતમાં ક્યા ક્યા શહેરોમાં કઈ કઈ કંપનીઓને કેટલા સી.એન.જી. ફીલીંગ સ્ટેશન ખોલવાની મંજુરી આપેલ છે, તેમાંથી કેટલા સ્ટેશનો પૂર્ણ થયેલ છે, કેટલા બાકી છે અને

**જવાબ**

(૧) ના જી.

(૨) રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ અને ગાંધીનગર ખાતે નીચે દર્શાવેલ કંપનીઓને ના વાંધા પ્રમાણપત્ર આપેલ છે.

(૧) ગુજરાત અદાણી એનર્જી લિ.
(૨) હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.
(૩) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.

(૪) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પો. લિ.

હાલમાં અમદાવાદ અને ગાંધીનગરમાં ૨૮ સી.એન.જી. સ્ટેશનો પૂર્ણ થયેલ છે તથા ૨૦ ની કામગીરી ચાલુ છે.

(૩) જો સંબધિતને તેના કચરનું પાલન ન કરેલ હોય તો તેની સામે શાં પગલાં લીધેલ છે, અથવા લેવા વિચારેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પગાર વિસંગતતા સમિતિની ભલામણો અને અમલ**

૧૫૯૦૪ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પગાર વિસંગતતા સમિતિની જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મંત્રીમંડળની પેટા સમિતિની કેટલી બેઠકો મળી અને ક્યારે ક્યારે મળી ?

**જવાબ**

તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૦૫ દરમ્યાન મંત્રી મંડળની પેટા સમિતિની ૬ બેઠકો મળેલ.

(૧) તા. ૨૮-૩-૨૦૦૫ (૨) તા. ૩-૫-૨૦૦૫
(૩) તા. ૫-૫-૨૦૦૫ (૪) તા. ૧૨-૫-૨૦૦૫
(૫) તા. ૧૬-૫-૨૦૦૫ (૬) તા. ૨૪-૫-૨૦૦૫

-------------

**કડી તાલુકામાં રેતી માટે આપવામાં આવેલ લીઝની પરમીટ**

૧૬૦૬૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં રેતીની કેટલી લીઝની પરમીટ આપવામાં આવી છે, અને

(૨) રેતીની ગેરકાયદેસર હેરાફેરી કરતા કેટલા ઈસમો પાસેથી કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કોઈ લીઝ/પરમીટ આપવામાં આવેલ નથી.

(૨) ૭ (સાત) ઈસમો પાસેથી રૂા. ૧૩,૪૦૦/-નો દંડ વસુલ કરવામાં આવેલ છે.

-

------------

**પાયરસી કેસેટોના ગેરકાયદેસર વેચાણ અંગે પાડવામાં આવેલ દરોડા**

૧૬૨૮૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં પાયરસી કેસેટોના ગેરકાયદેસર વેચાણ અન્વયે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રેડો પાડી ક્યા વિસ્તારમાંથી કેટલી કેસેટો પકડવામાં આવી, અને

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કુલ-૧૧૨ રેડો પાડવામાં આવી છે અને તેમાં ૨,૦૮,૭૧૩ કેસેટો કબજે કરવામાં આવેલ છે.

જેની પોલીસ સ્ટેશન વિસ્તારવાર વિગતો નીચે મુજબ છે.

| વિસ્તાર | કેસેટની સંખ્યા |
|---|---|
| વેજલપુર | ૨૦૯૯ |
| સેટેલાઈટ | ૧૬૧૩૨ |
| નવરંગપુરા | ૯૬૮૬ |
| નારણપુરા | ૧૨૪૩૮ |
| ઘાટલોડીયા | ૮૬૫ |
| સોલા | ૯૦૨ |
| સાબરમતી | ૧૦૩ |

| | |
|---|---|
| સાબરમતી | ૧૦૩ |
| માધવપુરા | ૩૯૩૨ |
| કારંજ | ૧૩૬૮૧ |
| કાલુપુર | ૩૨૧૫૭ |
| શહેરકોટડા | ૨૭૭૦ |
| હવેલી | ૨૪૩ |
| દરીયાપુર | ૩૦૪૧ |
| મેઘાણીનગર | ૨૯૩૭ |
| સરદારનગર | ૧૮૫૦ |
| નરોડા | ૬૦૨૨ |
| ગોમતીપુર | ૧૪૪૦ |
| રખિયાલ | ૧૪૧૧ |
| બાપુનગર | ૧૩૭૫ |
| ઓઢવ | ૧૦૭૩૩ |
| અમરાઈવાડી | ૩૧૬૫ |
| જી.આઈ.ડી.સી. | ૨૮૪૯ |
| વટવા | ૬૯૯૭૮ |
| મણીનગર | ૫૩૩૨ |
| દાણીલીમડા | ૨૫૧૬ |
| કાગડાપીઠ | ૧૦૫૬ |
| **કુલ** | **૨,૦૮,૭૧૩** |

(૨) આ અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

(૨) પાયરસી કેસેટોના ગેરકાયદેસર વેચાણ સંબંધે માહિતી મળ્યેથી રેડો કરી સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ કોપી રાઈટ એક્ટની કલમ-૫૧, ૫૧એ, ૬૩,૬૪, ૬૮એ મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

## રાજ્યમાં ટપક સિંચાઈ પધ્ધતિના ઉપયોગ માટે સ્થપાયેલ કંપની

૧૪૨૪૭ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ટપક સિંચાઈ પધ્ધતિનાં બહોળા ઉપયોગ માટે સ્થપાયેલ ગ્રીનરીવોલ્યુશન કંપની ક્યારે સ્થાપવામાં આવી,

(૨) આ કંપની હેઠળ કુલ કેટલી રકમ કોપર્સ ફંડ તરીકે ફાળવવામાં આવી, અને

(૩) નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન કુલ કેટલા ખેડૂતોને કેટલી રકમની આર્થિક સહાય ક્યા ક્યા નોમર્સ હેઠળ આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં ટપક સિંચાઈ પધ્ધતિના અમલીકરણ માટે તા. ૧-૪-૨૦૦૫ થી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીની સ્થાપના કરવામાં આવી છે.

(૨) રૂા. ૨૯.૯૩ કરોડ.

(૩) બાગાયત નિયામકશ્રી દ્વારા વર્ષ ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન ટપક સિંચાઈ માટે કુલ ૯૪૧ ખેડૂતોને ૫૦ % ની સહાયથી કુલ રૂા. ૨૮૦.૯૮ લાખની સહાય કેન્દ્ર પુરસ્કૃત યોજના AGR-૨૭ અને રાજ્યની AGR-૧૧ યોજના હેઠળ આપવામાં આવેલ છે. અને ખેતી નિયામકશ્રી દ્વારા નાણાકીય વર્ષ-૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન કુલ ૧૫૫૨ ખેડૂતોને રૂા. ૪૨૮.૫૨ લાખની આર્થિક સહાય નીચે મુજબના નોમર્સ મુજબ આપવામાં

આવી.

ટપક સિંચાઈ પધ્ધતિમાં સહાયના દર નીચે મુજબ છે.

| ક્રમ | ખેડૂતોનો પ્રકાર | હેકટર દીઠ સહાયનું ધોરણ |
|---|---|---|
| ૧ | નાના/સીમાંત, અનુ.જાતિ, અનુ. જન જાતિ, અને મહિલા ખેડૂતો | ટપક સિંચાઈ પધ્ધતિ એકમ ખર્ચના ૫૦ % અથવા રૂા. ૨૨૫૦૦/-ની મર્યાદામાં |
| ૨ | અન્ય ખેડૂતો માટે | ટપક સિંચાઈ પધ્ધતિ એકમ ખર્ચના ૩૫ % અથવા ૧૬૦૦૦/-ની મર્યાદામાં. |

-------------

**વઢવાણ તાલુકામાંથી મળેલ બિનવારસી લાશો**

૧૫૮૯૦ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વઢવાણ તાલુકામાંથી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી બિનવારસી લાશો મળી, | (૧) ૩૨ (બત્રીસ) |
| (૨) તે પેકી કેટલા ગુના ડીટેકટ થયા અને કેટલા બાકી છે, અને | (૨) કુલ ૩૧ બનાવોમાં ૩ ગુના દાખલ થયેલ છે. જે પેકી ૨ ગુના ડીટેકટ થયા અને ૧ ગુનો અનડીટેકટ છે. |
| (૩) બાકી કેસો માટે સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૩) બાકી કેસો માટે લાશોના ફોટાઓની ટી.વી. માં તથા સમાચારપત્રોમાં પ્રસિધ્ધી કરવામાં આવેલ છે. આ ઉપરાંત, મળી આવેલ લાશોની જ્યાની આજુબાજુના રહીશોની પૂછપરછ કરી ઉકેલ લાવવાના તમામ પ્રયત્નો કરવામાં આવેલ છે. |

-------------

**બોર્ડ / નિગમના કર્મચારીઓને ૫૦% ટકા મોંઘવારી ભથ્થાના મર્જરનો લાભ આપવા અંગે**

૧૬૨૯૩**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના સરકારી કર્મચારીઓને તેમના મળવાપાત્ર પગારમાં ૫૦ ટકા મોંઘવારી ભથ્થાને મર્જરનો લાભ આપવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આવો લાભ રાજ્યના બોર્ડ/નિગમના કર્મચારીઓને હજુ સુધી નહીં આપવાના કારણો શા છે, અને | (૨) નાણાં વિભાગના તા. ૧-૭-૨૦૦૫ ના પરિપત્ર થી બોર્ડ/નિગમના કર્મચારીઓને ૫૦ ટકા ડી.એ મર્જરના લાભ અંગે હુકમો થયા છે. તેને અધીન રહીને લાભ મળી શકે છે. |
| (૩) કેટલા સમયમાં આવા લાભો આપવામાં | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આવશે. ?

-------------

**રાજ્યની એસ.ટી. બસોને સી.એન.જી. થી કાર્યરત કરવા બાબત**

૧૪૬૭૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી એસ.ટી. બસો છે,

(૨) આ એસ.ટી.બસોને સી.એન.જી. થી કાર્યરત કરવાનું આયોજન છે કે કેમ,

(૩) જો હા, તો આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે, અને

(૪) સમગ્ર એસ.ટી. બસોને સી.એન.જી. થી કાર્યરત કરવાનો અંદાજીત ખર્ચ શું થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૫ના રોજ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ પાસે ૮૧૭૨ બસો હતી.

(૨) આ બસો પેકી ૨૦૦ નવી બસો સી.એન.જી. થી ચાલે છે. બાકી રહેતી ૭૯૭૨ જૂની ડીઝલ બસોને રૂપાંતરિત કરવા કોઈ આયોજન નથી.

(૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અનુસૂચિત જાતિઓના ખેડૂતો પાસેથી ખેતીની જમીન પચાવી પાડવાની ફરીયાદો**

૧૬૨૨૮ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિનાં ખેડૂતો પાસેથી તેઓની ખેતીની જમીન પચાવી પાડવાની છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી ફરિયાદો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પોલીસને મળી,

(૨) આવા ખેડૂતોની ખેતીની જમીન માથાભારે તત્વોએ ક્યા ક્યા વિસ્તારમાં પચાવી પાડી છે, અને

(૩) આવા ખેડૂતોને રક્ષણ પુરું પાડવા શા શા પગલાં ભરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૮ (આઠ).

(૨) કોઈએ પચાવી પાડેલ નથી, ફક્ત પ્રયત્ન થયેલ છે.

(૩) જ્યાં જ્યાં પોલીસ રક્ષણ માટે માંગણી કરવામાં આવેલ છે, ત્યાં ત્યાં પોલીસ રક્ષણ આપવામાં આવેલ છે.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા-આધારિત માળીયા બ્રાન્ચ ઉપર ખેતી માટે પાણી આપવાનું આયોજન**

૧૬૦૬૬ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા-આધારિત માળીયા બ્રાન્ચ ઉપર ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું આ વર્ષે આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા-ક્યા તાલુકામાં કેટલા હેકટર માટે સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે, અને

**જવાબ**

(૧) અને (૨) : આયોજન છે. માળીયા શાખાની વિતરણ નહેરોના કામ ચાલુ સાલથી તબક્કાવાર હાથ ધરી વર્ષ ૨૦૦૭-૦૮ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. દરમ્યાનમાં આગામી ખરીફ સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધિના આધારે જ્યાં જ્યાં ડીસ્ટ્રીબ્યુટરી નીકળનાર છે, ત્યાં ત્યાં આઉટલેટ આપી મંડળીઓને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે.

| | |
|---|---|
| (૩) જો ના, તો કેટલા સમયમાં આપવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## નવસારી જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના

૧૬૦૪૪ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩,૨૦૦૪, અને ૨૦૦૫માં નવસારી જિલ્લામાં ખૂનના કેટલા ગુના નોંધાયેલ છે, અને

(૨) તે પેકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ?

**જવાબ**

| (૧) | વર્ષ | | |
|---|---|---|---|
| | **૨૦૦૩** | **૨૦૦૪** | **૨૦૦૫** |
| નોંધાયેલ ગુના | ૨૬ | ૨૬ | ૧૪ |
| (૨) | | | |
| શોધાયેલ ગુના | ૨૦ | ૨૪ | ૧૧ |

-------------

## નર્મદા યોજનાની ભરૂચ જિલ્લાની નહેરોના કામ બાબત

૧૩૯૯૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નર્મદા યોજનાની ભરૂચ જિલ્લાની નહેરોના કામો શરૂ કરવામાં આવ્યા છે પરંતુ કેટલાક કામો છેલ્લા બે વર્ષથી એજન્સીઓ મંજુર થઈ હોવા છતાં શરૂ થયા નથી તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) આવુ બનેલ નથી તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ભરૂચ જીલ્લાની કુલ ૨૩૮૭ કી.મી. લંબાઈની નહેરો પેકી ૧૫૪૫ કી.મી. લંબાઈમાં કામો પૂર્ણ થયેલ છે. બાકી રહેતી ૮૪૨ કી.મી. લંબાઈની નહેરો પેકી ૫૭૩ કી.મી. લંબાઈમાં કામો પ્રગતિમાં છે. અને ૨૬૯ કી.મી. લંબાઈના કામોના ટેન્ડર હાથ ધરવામાં આવનાર છે. |
| (૨) જો હા, તો આવા કામો સત્વરે શરૂ થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## સાયલા, હળવદ અને મુળી તાલુકાની કાર્બોસેલ ખાણોની ઓચીંતી તપાસ

૧૪૪૦૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, સાયલા હળવદ અને મુળી તાલુકામાં ૨૦૦૫ના કેલેન્ડર વર્ષમાં કાર્બોસેલ (કોલસા)ની ખાણોની કેટલી ઓચીંતી તપાસ કરી રેડો પાડવામાં આવી, | (૧) હળવદ તાલુકામાં કાર્બોસેલ ખનિજ મળી આવતું નથી. જ્યારે સાયલા તાલુકામાં કાર્બોસેલની કોઈ ક્વોરી લીઝ મંજુર કરવામાં આવેલ નથી. ચોટીલા તાલુકાની કાર્બોસેલ ક્વોરી લીઝોમાં **૧૭** વાર અને મુળી તાલુકામાં **૫** વાર મળી કુલ **૨૨** વાર ઓચિંતી તપાસ કરી રેડ પાડવામાં આવેલ છે. |
| (૨) કેટલા આરોપી પકડાયા અને કેટલા પકડવાના બાકી છે, અને<br><br>એચબી-૯૭૫-<br>`^^` | (૨) ખનિજ ખોદકામ ૪૨ અને ખનિજ વહનનાં ૪૫ મળી કુલ-૮૭ કેસો પકડવામાં આવેલ. જેમાં નિયમોનુસાર ખનિજ કિંમત તથા દંડ વસુલ કરવામાં આવેલ છે.<br>૨૩૮૫ મેટ્રીક ટન કાર્બોસેલ ખનિજનો જથ્થો બિનવારસી મળી આવેલ જે જપ્ત કરવામાં આવેલ છે. કોઈ આરોપી પકડવાના બાકીમાં નથી. |
| (૩) પાડેલ રેડોમાં કેટલી કિંમતનો કાર્બોસેલ, માલસામાન, ચરખીઓ, વાહન પકડેલ છે ? | (૩) રૂા. ૧,૦૭,૬૩,૮૦૦/- |

-------------

**કલ્પસર યોજનાની સર્વેની કામગીરી**

૧૬૩૧૧ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કલ્પસર યોજનાની સર્વેની કામગીરી ક્યા તબક્કે છે અને તેના પાછળ કેટલું ખર્ચ થયું, | (૧) કલ્પસર યોજનાની વિસ્તૃત યોજનાકીય શક્યતાદર્શી અહેવાલ બનાવવાની કામગીરી અંતર્ગત રૂા. ૩.૧૧ કરોડને ખર્ચે જમીન સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થઈ છે, તથા રૂા. ૨.૭૧ કરોડના ખર્ચે દરિયાઈ સર્વેક્ષણની આંશિક કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) સર્વે આધારિત ભલામણો સરકારને થયેલ છે, અને કેટલી, અને | (૨) જમીન સર્વેક્ષણ આધારિત કોઈ ભલામણ આવશ્યક ન હતી અને દરીયાઈ સર્વેક્ષણ માટે બંધના સુચિત પરિપથ પર વધુ નજીકના અંતરે વિગતવાર સર્વેક્ષણની ભલામણ થઈ છે. |
| (૩) તેના અમલીકરણ અંગે શું આયોજન છે ? | (૩) વધુ નજીકના અંતરે વિગતવાર દરિયાઈ સર્વેક્ષણની કામગીરી વર્ષ ૨૦૦૬-૦૭માં કરવાનું આયોજન છે. |

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ ગાંધીનગર જિલ્લાના ગામો**

૧૬૨૨૫ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ગામો પૈકી કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. | (૧) તમામ ૨૯૧ ગામો. |
| (૨) પેટા-પરામાં જ્યોતિગ્રામ યોજના અમલમાં મુકી છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેટલા પેટા પરામાં આ યોજનાનો અમલ થયો, અને<br>(૪) કેટલી અરજીઓ પડતર છે ? | (૩) અને (૪) : તમામ ૨૨૪ પેટાપરામાં યોજનાનો અમલ કરેલ છે. કોઈ અરજીઓ પડતર નથી. |

-------------

**રાજ્યમાં સ્થપાયેલ નવા પાવર સ્ટેશનો**

૧૪૦૪૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં નવા સ્થાપવામાં આવેલ પાવર સ્ટેશનો ધ્વારા સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ વર્ષવાર કેટલા મેગાવોટ વધારાની વિજળી ઉત્પન્ન થઈ ? | સને ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં ૨૦૭ મે.વો. અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં ૩૧-૧-૦૬ સુધીમાં ૩૫૮ મે.વો. ઉત્પાદન ક્ષમતા વધારવામાં આવી. |

-------------

**ટોલટેક્ષ ઉઘરાવતા બુથોના કર્મચારીઓ ધ્વારા ધારાસભ્યો ઉપર થયેલ હુમલા**

૧૫૧૧૦**શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ, રાજ્યના ટોલટેક્ષ ઉઘરાવતા બુથોના કર્મચારીઓ દાદાગીરી, ધાકધમકી અને તોછડું વર્તન કરતા હોવાની તથા | (૧) એક ફરિયાદ મળેલ છે. |

કેટલાક ધારાસભ્યો ઉપર હુમલો કર્યાની ફરિયાદો રાજ્ય સરકારને મળેલ છે કે કેમ,

(૨) આ જ બાબતે આણંદ, ઉમરેઠ તથા સારસાના ધારાસભ્ય ઉપર હુમલો કરવાના કેસમાં પોલીસે શી કાર્યવાહી કરેલ છે, અને

(૨) આ કેસમાં સાબરકાંઠા જિલ્લામાં અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે ઉપર ક્તપુર ટોલટેક્ષ બુથના કર્મચારી અજીતસિંહ સોમસિંહ જાટ, રહે. સરાહ, તા.ધર્મશાળા (હિમાચલ પ્રદેશ) વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન ગુન્હા રજીસ્ટર નંબર ૨૬/૦૬ થી પ્રોહીબીશન એકટની ક્લમ ૮૫(૧)(૩), ૬૬(૧)(બી) તથા બી.પી.એકટની ક્લમ ૧૧૦ મુજબનો ગુન્હો દાખલ કરી તેમની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

(૩) રાજ્યના ધારાસભ્યો ઉપર આવા હુમલા ન થાય તે માટે રાજ્ય સરકાર શી કાર્યવાહી / પગલાં લેવા માંગે છે ?

(૩) આ અંગે ટોલ ટેક્ષ નાકા ઉપરના કર્મચારીઓને વ્યવસ્થિત વર્તન કરવા સૂચના આપવામાં આવી છે. તથા પોલીસ પેટ્રોલીંગ રાખવામાં આવેલ છે.

-------------

## રાજ્યના માન. મુખ્યમંત્રીને ઈ-મેઈલથી ધમકી આપનાર ગુન્હેગારને પકડવા બાબત

૧૬૩૦૧ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રીને ઈ-મેઈલ થી ધમકી આપનાર ગુન્હેગારને આતંકવાદ વિરોધી દળે પકડી પાડેલ હોવાની વિગત સાચી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કેસના આરોપીઓ કેટલા છે, અને | (૨) ૧ (એક) |
| (૩) તેઓ સામે શાં પગલાં ભરવામાં આવ્યા ? | (૩) સદર આરોપી શ્રી મોહમદ ઉમર ફારૂક રહેવાસી નવી દિલ્હી વિરૂધ્ધ જ્યુ. ફ. ક. મેજી. કોર્ટ નં. ૪ ગાંધીનગર તરફ તા.૩૦/૧/૦૬ના રોજ ચાર્જશીટ મોક્લી આપવામાં અવેલ અને જેનો સી.સી. નં.૪૧૮/૦૬ તા.૩૦/૧/૦૬ છે.<br>આ કેસ પરત ખેંચવા અંગે સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે અને તે આધારે નામદાર કોર્ટ સમક્ષ રજુઆત કરતાં કોર્ટની સંમતિ અન્વયે આરોપીને તા.૧/૨/૦૬ થી છોડી મુક્વામાં આવેલ છે. |

-------------

## ગેરકાયદેસરના દસ્તાવેજો અને પાસપોર્ટના આધારે લોકોને વિદેશ મોક્લવાના કોભાંડ પકડી પાડવા અંગે

૧૬૨૯૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર દસ્તાવેજો અને ટ્રાવેલ ડોક્યુમેન્ટ બનાવી લોકોને વિદેશ મોક્લવાના કોભાંડ પકડી પાડેલ હોવાની હકીક્ત ખરી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કોભાંડના સૂત્રધારો કોણ કોણ છે, અને | (૨) (૧) સલીમ અલીભાઈ પટેલ, રહે. ફતેગંજ વડોદરા.<br>(૨) હારૂનભાઈ રહે. લંડન (વોન્ટેડ)<br>(૩) યોગેશ, રહે. આણંદ (વોન્ટેડ) |

(૪) મહેન્દ્રભાઈ પટેલ, રહે. મહેસાણા (વોન્ટેડ)
(૫) ક્નુભાઈ મણીલાલ પટેલ, રહે. ઘાટલોડીયા
(૬) ધવલ ભુપેન્દ્ર શાહ, રહે. વડોદરા
(૭) ગભુરભાઈ રહે. જમાલપુર (વોન્ટેડ)
(૮) ધર્મેન્દ્ર નટવરલાલ શાહ (વડોદરા ખાતે ગુડ વિન્ડ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની ઓફીસ ધરાવે છે.)
(૯) મહેન્દ્ર જશવંતલાલ પટેલ, રહે. રાણીપ, સાબરમતી
(૧૦) સૌમ્ય અખિલભાઈ ચોક્સી, રહે. થલતેજ
(૧૧) અમરીશ હસમુખલાલ પ્રજાપતિ, રહે. શાહપુર
(૧૨) વિપુલ વિનોદભાઈ કંસારા, રહે. નારાણપુરા
(૧૩) શૈલેષ ત્રિભોવનદાસ પટેલ, રહે. મેઘાણીનગર

(૩) આ સૂત્રધારો સામે સરકારે ક્યા ક્યા પગલાં લીધા છે ?

(૩) આ સૂત્રધારો સામે ક્રાઈમ બ્રાન્ચમાં ગુન્હા દાખલ કરવામાં આવેલ છે.

-------------

## ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજ સંપાદન અને વિતરણ

૧૬૦૮૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (૨૫૨):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખાનગી વીજ-ઉત્પાદકો પાસેથી વીજ સંપાદન કરી વિતરણ કરવામાં રાજ્યને નુક્સાન થાય છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ક્યા ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી ગત ત્રણ વર્ષમાં વર્ષવાર તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા યુનિટ વીજ શા શા ભાવે ખરીદવામાં આવી, અને ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું અને

(૩) જો ના, તો ગત ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં વીજ ઉત્પાદન સામે વીજ ખપતની વર્ષવાર વિગત અને ખાનગી ઉત્પાદક પાસેથી વીજળી ખરીદી હોય તો વર્ષવાર ખરીદીની ચુક્વણીની વિગતો શું છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વીજ ઉત્પાદન સામે વીજ ખપતની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| | | | ડીસેમ્બર-૦૫ |
| વીજ ઉત્પાદન | ૧૯૨૮૯ | ૨૦૬૭૨ | ૧૭૮૧૯ |

| | | | |
|---|---|---|---|
| (મી. યુનિટ) | | | |
| કુલ વીજ ખરીદ(મી. યુનિટ) | ૨૪૩૫૦ | ૨૫૯૮૨ | ૨૧૭૫૨ |
| વીજ ખપત (મી. યુનિટ) | ૨૮૯૭૭ | ૩૧૦૦૫ | ૨૪૭૬૯ |

છેલ્લા ત્રણ વર્ષમાં ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી ખરીદ કરેલ વીજળીની ચૂકવણીની વિગતો પત્રકમાં આપેલ છે.

**પત્રક**

ખાનગી ઉત્પાદકો પાસેથી વીજળી ખરીદી હોય તો વર્ષવાર ખરીદીની ચૂકવણીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વેચાણકારનું નામ ૨૦૦૩-૦૪ | ૨૦૦૩-૦૪ | | | ૨૦૦૪-૦૫ | | | ૨૦૦૫-૦૬ (ડિસે. ૨૦૦૫ સુધી) (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખરીદેલ વીજળી (મી.યુનીટ) | ખરીદીની ચૂક્વણી રૂા. ક્રોડમાં | ભાવ પ્રતિ યુનિટ રૂા. | ખરીદેલ વીજળી (મી.યુનીટ) | ખરીદીની ચૂક્વણી રૂા. ક્રોડમાં | ભાવ પ્રતિ યુનિટ રૂા. | ખરીદેલ વીજળી (મી.યુનીટ) | ખરીદીની ચૂક્વણી રૂા. ક્રોડમાં | ભાવ પ્રતિ યુનિટ રૂા. |
| | **સ્વતંત્ર વિજ ઉત્પાદકો** | | | | | | | | | |
| ૧. | એસ્સાર પાવર લિ. | ૬૦૮ | ૩૩૭ | ૫.૫૪ | ૧૫૦૯ | ૪૬૫ | ૩.૦૮ | ૧૪૬૯ | ૩૩૯ | ૨.૩૧ |
| ૨. | જીપેક | ૩૬૩૦ | ૧૧૫૮ | ૩.૧૯ | ૩૫૭૯ | ૧૦૩૩ | ૨.૮૯ | ૩૭૪૧ | ૮૯૦ | ૧.૩૮ |
| | **વિજ વેચાણકારો** | | | | | | | | | |
| ૩. | પીટીસી | ૯૮૨ | ૨૧૭ | ૨.૨૧ | ૭૫૮ | ૧૭૫ | ૨.૩૧ | ૧૪૫ | ૪૭ | ૩.૨૩ |
| ૪. | એનવીવીએલ | ૨૧૧ | ૪૪ | ૨.૦૭ | ૧૩૦ | ૩૦ | ૨.૩૨ | ૨ | ૦.૫૯ | ૨.૫૮ |
| ૫. | અદાણી | ૧ | ૦.૧૯ | ૧.૯૨ | ૨ | ૦.૩૭ | ૧.૮૪ | ૧૮ | ૬ | ૩.૩૧ |
| | **અન્ય** | | | | | | | | | |
| ૬. | અ.ઈ.કું. | ૬ | ૨ | ૨.૮૯ | ૪ | ૧ | ૨.૬૦ | ૫૨ | ૧૧ | ૨.૨૧ |
| ૭. | વીન્ડ ફાર્મ | ૬ | ૧ | ૧.૭૫ | ૨૪ | ૪ | ૧.૮૦ | ૨૧ | ૩.૮૮ | ૧.૮૭ |
| ૮. | સી.પી.પી. | ૧૩૯ | ૩૨ | ૨.૩૨ | ૩૮૬ | ૭૨ | ૧.૮૭ | ૩૧૮ | ૬૦ | ૧.૮૮ |

-------------

**ધોળકા તેલ ક્ષેત્રમાંથી મેળવેલ પેટ્રોલિયમ**

૧૩૯૭૪**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર ધ્વારા ધોળકા તેલક્ષેત્રમાંથી કુલ કેટલું પેટ્રોલિયમ ઉત્પાદન મેળવ્યું,

(૨) આ પ્રક્રિયામાં કેટલો ખર્ચ થયો, અને

(૩) આજની સ્થિતિએ આ ગેસક્ષેત્રની સ્થિતિ શું છે?

**જવાબ**

(૧) અંદાજે ૪૬૦૦૦ બેરલ

(૨) રૂા. ૪૬.૫ ક્રોડ

(૩) આ તેલક્ષેત્ર હોઈ, ગેસનું ઉત્પાદન થતું નથી

-------------

**નર્મદા યોજનાની મુખ્ય કેનાલ કડી પાસે તૂટી જવા બાબત**

૧૪૬૬૯**શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ (ખેરાલુ):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની મુખ્ય કેનાલ કડી પાસે તૂટી જવા પામેલ છે, એ વાત સાચી છે,

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય કેનાલમાં કડી પાસેના ભાગમાં પાળામાંથી પાણીના ભરાવાના કારણે ભંગાણ પડ્યું

(૨) જો હા, તો આ કેનાલ તૂટવામાં ક્યા કારણો જવાબદાર જણાયેલ છે,

(૩) આ કેનાલના સ્ટ્રક્ચરોની મજબુતાઈની ખામીને કારણે વારંવાર તૂટી જવાની પરિસ્થિતિનું નિર્માણ થાય છે એ વાત સાચી છે, અને

(૪) જો હા, તો સંબંધિતો અને ગુણવત્તા નિયમન તંત્ર ઉપર શું પગલાં લેવામાં આવેલ છે અથવા શું અને કેવા પ્રકારના પગલાં લેવા માંગો છો ?

હતું.

(૨) ડીઝાઈન અને સ્પેશીફીકેશન મુજબ કામગીરી થઈ નથી.

(૩) ના, જી.

(૪) સ્ટ્રક્ચર્સ માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ ઉપર (૨)માં જણાવ્યું તેમ પરિસ્થિતિ હોઈ સ્થળ તપાસ કરાવી તપાસના નિષ્કર્ષ મુજબ તમામ જવાબદારો-ગુણવત્તા નિયમન તંત્ર સહિતના-સામે શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે અને આ કામ કરનાર એજન્સીને તેમના હિસાબે અને જોખમે નિયત ધોરણ મુજબનું કામ કરી આપવા ફરજ પાડવામાં આવેલ છે.

-------------

## બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વાહન અકસ્માત

૧૬૦૮૯**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૪-૦૫ અને સને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા વાહનોના અકસ્માત નોંધાયા છે,

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **૨૦૦૪-૦૫** | **૨૦૦૫-૦૬** |
|---|---|---|
| પાલનપુર | ૧૭૧ | ૧૭૮ |
| વડગામ | ૭૪ | ૪૯ |
| દાંતા | ૮૧ | ૬૪ |
| ડીસા | ૧૭૩ | ૧૪૫ |
| ધાનેરા | ૩૮ | ૨૫ |
| દાંતીવાડા | ૧૪ | ૧૧ |
| થરાદ | ૪૨ | ૬૧ |
| વાવ | ૨૦ | ૧૫ |
| ભાભર | ૯ | ૨૦ |
| દિયોદર | ૪૭ | ૫૦ |
| કાંકરેજ | ૯૫ | ૬૮ |
| અમીરગઢ | ૩૪ | ૭૨ |
| **કુલ :** | **૭૯૮** | **૭૧૮** |

(૨) આ વાહન અકસ્માતોમાં કેટલા લોકોએ જાન ગુમાવ્યા છે, અને

(૨) ૩૯૦

(૩) વધતા જતા વાહન અકસ્માતો નિવારવા સરકારે તકેદારીનાં શા પગલાં લીધાં છે ?

(૩) આવા બનાવો નિવારવા એમ. વી. એકટ હેઠળ પગલાં લેવામાં આવે છે.

-------------

## કડી તાલુકામાં નર્મદા કેનાલના પાણીમાં ડૂબી જવાથી થયેલ મૃત્યુના કિસ્સા

૧૬૦૬૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તાલુકામાં નર્મદા કેનાલના પાણીમાં ડૂબી જવાથી કેટલા મૃત્યુ થયા,

**જવાબ**

(૧) કડી તાલુકામાં નર્મદા કેનાલના પાણીમાં ડુબી જવાથી કુલ ૨૦ માણસોના મૃત્યુ થયેલ છે.

(૨) કેનાલના પાણીમાંથી મૃતદેહો બહાર કાઢવા પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) ગૃહ વિભાગ સદરે કોઈ ખર્ચ થયેલ નથી.

(૩) અકસ્માતે બનતા આવા બનાવો અટકાવવા સરકારે કેવા પગલા ભરવા માગે, અને

(૩) નર્મદા મુખ્ય નહેરમાં અકસ્માતે ડુબી જવાના બનતા બનાવો અટકાવવા માટે મુખ્ય નહેરના અગત્યના રોડ ક્રોસીંગ ઉપર (૧) સલામતી રક્ષકો મુકવા (૨) નહેરની બંન્ને બાજુ લોખંડની રેલીંગ કરવી, કાંટાળી વાડ લગાવવી (૩) પુલના પેરાપેટ ઉપર વેલમેશ જાળી મુકવી (૪) નહેરમાં ડુબતાને બચાવવા માટે હોડી ફરતી રાખવી (૫) ડુબતા માણસોને બહાર કાઢવા રીંગ બોયા, પ્લાસ્ટીકના દોરડા તેયાર રાખવા (૬) કેનાલમાં પાણીની ઉંડાઈ દર્શાવતાં ચેતવણી દર્શક બોર્ડ મુકવા, નહેરમાં નહાવા/હાથ પગ ધોવા, પાણી પીવા, કપડાં ધોવાનો નિષેધ છે તેવા બોર્ડ મુકવા જેવા પગલાં સરકારશ્રી ભરવા માંગે છે,

(૪) મૃતકના પરિવારજનોને સહાય ચુકવવામાં આવેલ છે, જો હા, તો કેટલી ?

(૪) ના, જી.

-------------

**અમદાવાદ શહેરના સેક્સ ક્યોર ક્લીનીકમાં ચાલતી વેશ્યાવૃત્તિ**

૧૬૨૯૦**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરના નહેરૂબ્રીજ આસપાસ સેક્સ ક્યોર ક્લીનીકના નામે ચાલતા દવાખાનાઓમાં વેશ્યાવૃત્તિ ફુલી ફાલી છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) આવી કોઈ પ્રવૃત્તિ જણાઈ આવેલ નથી. |
| (૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૪-૦૫નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૩ના ઈલેક્ટ્રિસિટી અધિનિયમ અન્વયેના જાહેરનામા અને અધિસૂચના**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સન ૨૦૦૩ના ઈલેક્ટ્રિસિટી અધિનિયમ અન્વયેનું -

(ક) તા. ૨૯-૯-૨૦૦૫નું જાહેરનામું ક્રમાંક -૧૩/૨૦૦૫.
(ખ) તા. ૨૯-૯-૨૦૦૫નું જાહેરનામું ક્રમાંક -૧૪/૨૦૦૫.
(ગ) તા. ૨-૧૦-૨૦૦૫નું જાહેરનામું ક્રમાંક -૧૫/૨૦૦૫.
(ઘ) તા. ૧૪-૧૨-૨૦૦૫નું જાહેરનામું ક્રમાંકઃ ૧૧/૨૦૦૫ (સુરાતો), તેમજ
(ચ) તા.૨૦-૧૦-૨૦૦૫નીઅધિસૂચના ક્રમાંક- જીએચઓ/૨૦૦૫-૧૦૪/૧૦૫/જીઆરસી/૨૦૦૩/૭૯૭૭/ક, સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા અને અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ અન્વયેની ઉદ્યોગ અને ખાણ વિભાગની તા. ૪-૧-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૨૦૦૬-(૦૧)/જીઆઈડી-૧૦૨૦૦૩-૩૩૪૭-જી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

***માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

**સામાન્ય વહીવટ વિભાગ.**

**માગણી નંબર ૩૦**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (સામાન્ય વહીવટમંત્રીશ્રી)**:માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩,૧૦,૮૧,૦૦૦ની માગણી ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂકરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર ૩૩**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ સેવાઓને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨૫,૫૦,૯૪,૦૦૦ની માગણી ક્રમાંક: ૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

**માગણી નંબર ૫૩**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી સેવાઓને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫૬,૭૫,૦૦૦ની માગણી ક્રમાંક: ૫૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા રાજ્ય કક્ષાના નાણા મંત્રીશ્રીએ સને ૨૦૦૬-૦૭ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**માગણી ક્રમાંક : ૮૯**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૩૯,૭૬,૪૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૮૯ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી શુક્રવાર, તા.૧૦–૩–૨૦૦૬ (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ. નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાન્ય અને વહીવટ વિભાગ<br>માગણી નં.૩૦** | | |
| ૧. | ૨૦૧૩ – મંત્રી પરિષદ<br>૧૦૧ – મંત્રીઓ ... પગાર<br>રૂ.૭૨,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૧૨ | ૧૦૦ | રાજયના વિકાસ કામો માટે મળેલ નેશનલ/ ઈન્ટરનેશનલ એવોર્ડનું જાહેર જનતા માટે પ્રદર્શન યોજવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨. | –– " –– | ૧૦૦ | સરકાર ધ્વારા જાહેર કરવામાં આવેલ યોજનાઓનો અસરકારક અમલ કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૩. | –– " –– | ૧૦૦ | વારંવાર રજૂઆતો કરવા છતાં પ્રજાના પ્રશ્નોનો સમયસર ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| **૪ | –– " –– | ૧૦૦ | અર્થઘટન કરવામાં સરળતા રહે તેવી સરળ ભાષામાં પરિપત્રો બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | –– " –– | ૧૦૦ | મંત્રીમંડળ ધ્વારા નિમણૂક પામેલ જિલ્લાના પ્રભારી સચિવો જિલ્લાની નિયત સમયાંતરે મુલાકાત લે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| *૬. | –– " –– | ૧૦૦ | મંત્રીશ્રીઓની સતત ગેરહાજરીના કારણે ધારાસભ્યોને પ્રજાના પ્રશ્નોની રજૂઆત કરવામાં પડતી મૂશ્કેલીઓ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| **૭ | –– " –– | ૧૦૦ | મંત્રીશ્રીઓ સમક્ષ લાંબા સમયથી પડેલા કેસોનો નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮. | –– " –– | ૧૦૦ | ધારાસભ્યોએ લખેલા પત્રોનો યોગ્ય નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| **૯. | –– " –– | ૧૦૦ | મંત્રીશ્રીઓની સૂચનાઓનું વિભાગો મારફતે | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઝડપી પાલન કરાવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૧૦. | -- " -- | ૧૦૦ | પ્રજાના પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ થાય તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧. | ૨૦૧૩ – મંત્રી પરિષદ<br>૧૦૪ – સરભરા ... ખર્ચ<br>રૂા.૧,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૧૨ | ૧૦૦ | વિરોધ પક્ષના નેતાને કેબિનેટ કક્ષાના મંત્રી સમકક્ષનું સ્થાન આપેલ હોવા છતાં તેમને સરભરા આતિથ્ય ખર્ચ મંજૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| * ૧૨. | -- " -- | ૧૦૦ | મંત્રીશ્રીઓ ઘ્વારા કરતા સરભરા ખર્ચ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | | **માગણી નં. ૩૩** | | |
| ૧૩. | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૨–સામાન્ય વહીવટ વિભાગ<br>રૂા. ૮,૭૩,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૩૦ | ૧૦૦ | કેન્દ્રના મંત્રીશ્રીઓ/ અન્ય રાજયના મહાનુભાવોની ગુજરાતની મુલાકાત અંગેની જાણ વિરોધપક્ષના નેતાશ્રીને સમયસર કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૧૪. | -- " -- | ૧૦૦ | વિભાગના ઉચ્ચ અધિકારીઓને પૂરા પાડવામાં આવતાં અખબારો–સાપ્તાહિકોના બિલ ઉપર અંકુશ મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હેમાજી રાજપૂત |
| *૧૫. | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૧– સંલગ્ન કચેરીઓ<br>૦૧–નિવાસી ... દિલ્હી<br>રૂા. ૬૦,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૩૫ | ૧૦૦ | નિવાસી આયુકતની કચેરી, નવી દિલ્હી ખાતેના કર્મચારીઓ ઘ્વારા ટેલિફોન ઉપર ઉડાઉ જવાબો અપાતા રોકવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૬ . | ૨૦૫૨–સચિવાલય...સેવાઓ<br>૦૯૨– બીજી કચેરીઓ<br>૦૯–ખાતાકીય... કચેરી<br>રૂા. ૩૯,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૪૦ | ૧૦૦ | ખાતાકીય તપાસ માટે લેવાયેલ નિર્ણયોનું સમયસર પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૭ . | -- " -- | ૧૦૦ | ખાતાકીય તપાસ માટેના કેસોનો ઝડપી નિકાલ કરાવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં. ૫૩** | | |
| ૧૮. | ૨૦૫૨ –સચિવાલય...સેવાઓ | ૧૦૦ | જિલ્લા કક્ષાની કચેરીઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૯૦ – સચિવાલય<br>૦૧–માહિતી ...વિભાગ<br>રૂા.૫૬,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૧૩–૧૪ | | | |
| **૧૯. | -- " -- | ૧૦૦ | દાંડીયાત્રા જેવા રાષ્ટ્રીય કાર્યક્રમોને યોગ્ય પ્રસિધ્ધિ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૦. | -- " -- | ૧૦૦ | નિમણૂક આપવામાં ચાલતી ગેરરીતિના પરિણામે લાયકાત વિનાના અધિકારી/કર્મચારીઓને ડેપ્યુટેશન ઉપર મૂકવાથી વિભાગની કામગીરીમાં થતી અડચણો નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૧. | -- " -- | ૧૦૦ | સરકારી વાહનોનો દૂર ઉપયોગ થતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૨૨. | -- " -- | ૧૦૦ | વિરોધ પક્ષની રજૂઆતોને યોગ્ય પ્રસિધ્ધિ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૩. | -- " -- | ૧૦૦ | પ્રજાને સરકારની કામગીરીનો વાસ્તવિક ચિતાર આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ<br>માગણી નં. ૮૯** | | | | |
| *૨૪. | ૨૦૫૨ –સચિવાલય...સેવાઓ<br>૦૯૦ – સચિવાલય<br>રૂા.૩૯,૭૬,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પા.નં.૫–૬ | ૧૦૦ | સરકારી ઠરાવો, પરિપત્રો વગેરે વેબસાઈટ ઉપર યોગ્ય સ્વરૂપમાં મૂકવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫. | -- " -- | ૧૦૦ | વિભાગોને લગતી વેબસાઈટમાં સચિવોના નામ અને ફોન નંબરમાં થતી ક્ષતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૨૬. | --"-- | ૧૦૦ | માહિતી શકિતનું ધોરણ ઉચું લાવવામાં અને તેના થકી ગ્રામીણ જોડાણોની કાર્યવાહી ઝડપી અને અસરકારક બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**
**** સભ્યશ્રી સસ્પેન્ડ થયેલા હોવાથી આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓએ જે સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, સાયન્સ અને ટેકનોલોજી વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એ સમગ્ર વહીવટીતંત્ર માટેનું એક ચાલકબળ અને મોનિટરિંગ તંત્ર છે. જે નીતિઓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ઘડાય છે, એ નીતિઓ માત્ર મંત્રીમંડળના સભ્યો દ્વારા લેવાયેલ નીતિઓ અને જે સંચાલન માટેની ભૂમિકાઓ નક્કી કરે છે એટલું નથી હોતું, પરંતુ સમગ્ર વિહીવટીતંત્ર પર એ એક મોનિટરિંગની ભૂમિકા પણ અદા કરતું હોય છે અને એની સાથે સાથે જે તંત્ર છે એ તંત્ર

નિયમો પ્રમાણે, પદ્ધતિઓ પ્રમાણે, પ્રણાલિકાઓ પ્રમાણે ચાલે એ પ્રકારની કામગીરી પણ કરતું હોય છે. ગુજરાતની જે મુલ્કી સેવાઓ છે, ગુજરાતનું જે વહીવટીતંત્ર છે એને માટે એક વખત ગૌરવ લેવાતું હતું. સમગ્ર દેશની અંદર ગુજરાતનું વહીવટીતંત્ર એક નમૂનેદાર વહીવટીતંત્ર ગણાતું હતું અને એમ કહેવાતું હતું કે ગુજરાતના સચિવો, મુખ્ય સચિવો હોય કે ગુજરાતના સનદી અધિકારીઓ હોય એ અધિકારીઓ એ પ્રકારના હતા કે માત્ર મંત્રીશ્રીઓને નહિ, પરંતુ મુખ્યમંત્રીશ્રીનો પણ વિવેકપૂર્ણ રીતે, આદર સાથે એમનો પણ કાન પકડી શકે, એટલું જ નહિ એમને પણ સાચી વાત કહી શકે એ પ્રકારની માનસિકતા વહીવટીતંત્રની અંદર ઊભી થયેલ હતી. અત્યારે જે પરિસ્થિતિ ઊભી થઈ છે એ સામાન્ય વહીવટ વિભાગની આ પ્રકારની ભૂમિકા ના હોવાને કારણે ગમે તેવા ગેરકાયદેસર હુકમ પણ લેવાયા હોય તો પણ એમાં ના પાડવાની અથવા તો વિવેકપૂર્ણ રીતે ધ્યાન ખેંચવાની એ હિંમત આજે વહીવટીતંત્ર ગુમાવી બેઠું છે. લાચારી વ્યકત થાય છે કે ઉપરથી સૂચના આવી છે એટલે અમારે કરવું પડે અને હું તો માત્ર પ્રોટોકોલની બાબતમાં પણ આપની સાથે બે-ત્રણ બાબતો શેર કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર ખાતે રાષ્ટ્રપતિના કાર્યક્રમનું આયોજન થયું, બીજાને ખ્યાલ ના હોય પણ વિરોધપક્ષના નેતા પોરબંદરમાંથી ચૂંટાય છે, ત્યાંના ધારાસભ્ય છે એનો ખ્યાલ હોવો જોઈએ. વહીવટીતંત્ર પણ ગમે તે કારણોસર જ્યાં સુધી મેં ધ્યાન ના ખેંચ્યું ત્યાં સુધી એ કાર્યક્રમની સૂચીની અંદર યોગ્ય જગ્યાએ મારું નામ મૂકવાની ગમે તેણે સૂચના આપી હોય એટલે એની દરકાર રખાય નહિ. કાર્યક્રમો મારા મતવિસ્તારમાં જ્યારે આયોજિત હોય તો અમુક મંત્રીશ્રીઓનો આભાર માનું છું કે એ બાબતની કાળજી રાખે છે, વિવેક દેખાય છે, એનો મને અફસોસ અત્યારે નથી કે અમદાવાદની અંદર ટુરીઝમ વિભાગ તરફથી એક કાર્યક્રમ યોજાયો માનનીય અધ્યક્ષશ્રી એની અંદર પણ •* (XXX) (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એનો ઉલ્લેખ ના થાય તો સારું, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : * (XXX) તેની વાત કરું છું.

**અધ્યક્ષશ્રી** : ના, ના થાય તો સારું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : * (XXX)XXXXXX) એટલું જ નહીં ભારતના ન્યાયાધીશ આવે, બીજા લોકો આવે એનાથી ગુજરાતની જે પ્રણાલી છે, ઔચિત્ય છે, આદર છે, મહેમાનગતિ છે એમાં જે માનસિકતા ઉભી થઈ છે, અપમાન કરવાનું એ વારંવાર થતું હોય છે અને આને કારણે આજે અધિકારીઓ જે રીતે એ પોતે નકકી કરી શકતા નથી કે મારે નિયમ પ્રમાણે ચાલવાનું છે કે રાજકીય રીતે જે સૂચના આપવામાં આવી છે એનો અમલ કરવાનો છે. આને કારણે જે મોરલ કરેજ સંપૂર્ણપણે તોડવામાં આવે છે અને ગુજરાત પાસેથી વિશેષ અપેક્ષા રખાય છે એ વિશેષ અપેક્ષા રખાતી હોય ત્યારે ગુજરાતની અંદર આપણે જે ગતિથી ચાલતા હોઈએ આગળ એના બદલે વિવેક, સૌજન્યતા, પ્રોટોકોલમાં એનાથી પાછળ જતા હોય છે. નેશનલ લો સ્કૂલનું હમણાં ખાતમુહૂર્ત થયું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને ચીફ જસ્ટીસ એક લાઈનમાં બેસે. બહુ સારું કહેવાય. મુખ્યમંત્રીશ્રીને બેસાડવા જોઈએ. સુપ્રીમ કોર્ટના જજ, ગુજરાત હાઈકોર્ટના જજ એમને પાછળ ઊભા રહેવાનું અને મુખ્યમંત્રીશ્રીએ આગળ બેસવાનું આ ખોટા સંકેતો જાય છે. જે હાઈકોર્ટને, સુપ્રીમ કોર્ટને આપણા વિશે નિર્ણય લેવાનો અધિકાર છે એનું અવમાન છે. એ આખા દેશમાં ખોટા સંકેતો મોકલવાના છે અને જો આવા ખોટા સંકેતો જશે અને આ પ્રણાલી તૂટશે તો પરિણામ એ આવવાનું છે કે ગુજરાતમાં નિર્ણય લેનારું જે તંત્ર છે એ તંત્ર ગૂંચવાશે એના કારણે આખા રાજયનો વહીવટ ગૂંચવાશે. માનનીય મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રી મારે ખર્ચમાં એટલા માટે પડવું નથી કે કરજ કરીને ઘી પીવાની વાત આવે છે. ૮૧૦૦૦કરોડનું કરજ હોય ત્યારે આપણે ખર્ચ કેવો કરવો. આપણે આપણાથી શરૂઆત કરવી. સાદાઈની અપેક્ષા હવે ગુજરાતની પ્રજા આ વહીવટીતંત્ર પાસે રાખતી નથી એટલા માટે જે સંકેતો જાય છે કે આ રીતે વહીવટીતંત્ર ચાલવાનું હોય તો કરકસર કરવાની કયાંય જરૂર નથી. બધા જ ક્ષેત્રોમાં મંત્રીશ્રી આવે, મુખ્યમંત્રીશ્રી આવે, જબરજસ્ત દેખાડો કરે, મોટા ઉત્સવો, મોટા મોટા શમિયાણા, એમાં લાવવાના જે માણસો આ બધું જ થઈ શકે. ખર્ચ ગમે ત્યાંથી કરવાનો એવી વાત અહીં થઈ રહી છે. એક જિલ્લાના કલેકટર મને મળ્યા એમણે મને કહ્યું કે સરસ્વતિ સંગમ કાર્યક્રમ થયો, અમને કીધું તમારે તમારા વિસ્તારમાંથી સાધુ સંતો મોકલવાના છે. મારે મોકલવા પડયા હુકમ હતો એટલે પણ એનો ખર્ચ મારે કયાંથી કાઢવો એટલે મેં સસ્તા અનાજની દુકાનવાળાને કહ્યું તમારે ૨૫૦૦૦ આપવા પડશે. સસ્તા અનાજની દુકાનવાળા પચ્ચીસ હજાર કયાંથી લાવશે? પચ્ચીસ હજારની મહિને આવક નથી. પાંચ હજારની માંડ કમાણી થાય છે સરખી રીતે ચલાવનારને. એ ગરીબ માણસોને સસ્તા અનાજની દુકાનેથી પુરવઠો આપતો હશે એ એક, બે કે પાંચ મહિના પૂરતો નહિ મળ્યો હોય. આ પ્રકારના હુકમો વારંવાર અપાતા હોય છે. આનું કારણ વહીવટીતંત્ર છે. એને જે પ્રકારના કોડ અપાય છે. એ વ્યવસ્થામાંથી જ હંમેશા ચૂક થતી હોય છે.

ગુજરાતની પબ્લિક સર્વિસ કમિશન કે ગૌણ સેવા પસંદગી મંડળને ગુજરાતની અંદરથી ટેલેન્ટવાળાને લઈને આવવાનું કામ અત્યાર સુધી સોંપ્યું હતું અને એ પ્રકારની વ્યક્તિઓની નિમણૂકો થતી હતી, જેની સામે આંગળી

---

**•* (XXX) માનનીય અધ્ક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ક્યારેય ન ચીંધી શકાય. પહેલી વખત આવી સંસ્થાઓ સામે ફરિયાદ ઊભી થઈ છે અને ફરિયાદ એ પ્રકારની ઊભી થઈ છે કે ગુજરાતના યુવાનો હલી જાય છે. હમણાં માનનીય સભ્યશ્રી વાત કરતા હતા કે આપણી સ્પીપા જેવી સારી ઇન્સ્ટિટ્યૂટ છે, ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ છે, એ સ્પીપાની અંદર ટ્રેનિંગ આપીને આપણા ગુજરાતના યુવાનોને આઈ.એ.એસ.,આઈ.પી.એસ. માટે ગુજરાતની પબ્લિક સર્વિસ કમિશન દ્વારા એને તૈયાર કરવામાં આવે, તૈયાર યુવાન છે, પણ પસંદગી કરનારા મંડળો છે, એની અંદર એવા લોકોને નિમણૂકો અપાય છે કે, જેના કારણે ગુજરાતની અંદર સાચો યુવાન જે આ રાજ્યની નહિ, પણ દેશની એસેટ બની શકે એમ છે, એની નિમણૂક થતી નથી અને બીજી ગણતરીઓને ધ્યાનમાં લઈ અને નિમણૂક થાય છે. પરિસ્થિતિ એના કારણે એવી આવી છે કે આજે કયા પ્રકારની નિમણૂકો થઈ? મારે વિગતમાં નથી જવું, એની પણ છેલ્લા દિવસોની અંદર જે પ્રકારે પ્રજા પાસે માહિતી પહોંચી એ તો એવી છે કે પોતાના અંગત સ્વાર્થ ખાતર કોઈનું ચારિત્ર ખંડનમાં ઉપયોગ કરનાર પરિવારોનો પણ આની અંદર ઉપયોગ થયો છે અને એવા લોકો જે આજે સમાજની અંદર ક્યાંક મામલતદાર થશે, ડેપ્યુટી કલેક્ટર, કલેક્ટર, ડી.વાય.એસ.પી., પી.એસ.આઈ. પી.આઈ. થશે, એની પાસેથી અપેક્ષાઓ શી રાખવાની? જો આ પ્રકારે વહીવટી તંત્રને દૂષિત કરવાનાં પગલાને પ્રોત્સાહન આપતા રહીશું તો સમાજ માટે આ પ્રશ્ન શેરીમાં લઈ જવા સિવાય બીજો કોઈ ઉપાય નહિ રહે. દેશ અને રાજ્ય માટે જ્યારે લોકોને શેરીઓ વચ્ચે જવાનું થશે એ દિવસ આ દેશ માટે સૌથી દુ:ખદ દિવસ હશે. એ દુ:ખદ દિવસ એવાં પગલાં લેવાઈ રહ્યાં છે કે જેના કારણે એ દિવસ નજીક આવતો રહ્યો છે.

ટ્રેનિંગની વાત આવે છે કે અમે આટલા રૂપિયા ખર્ચ્યા. આ ટ્રેનિંગ અપાઈ, આ કર્યું. તાલીમ અમે સ્વીકારીએ છીએ કે તાલીમ એ સતત જરૂરી પ્રક્રિયા છે અને એ જરૂરી પ્રક્રિયા સતત થતી રહેવી જોઈએ. તાલીમ એ નોકરીનો ભાગ પણ છે. ના ન હોઈ શકે. દુનિયાની અંદર જે પ્રવાહો આવે છે, એ પ્રવાહો એવા છે કે આજે શીખેલું હોય એ આવતીકાલે ઓબસલેટ થઈ જવાનું છે, આજે શીખેલું હશે એને આવતા દિવસોમાં વધારે ઈમ્પ્રુવ્ડ કરવાની જરૂર રહેવાની, પણ આટલો બધો ખર્ચ થાય છે, એમાં ખર્ચનું પ્રતિબિંબ ક્યાંક વહીવટી તંત્ર ઉપર થાય છે ખરું કોઈ જગ્યાએ? માત્ર કર્મચારી પાસે વાહવાહ કરાવવાથી આ કોઈ દિવસ વહીવટી તંત્રની અંદર ખમીર ઊભું થવાનું નથી. એ ખમીર તો સાચી વાત કહેનાર હોય એને પ્રોત્સાહન આપીને કરી શકાય. કોર્ટની અંદર કોઈ કેસીસ સરકારની અંદર ચાલતો હોય, રાજ્ય સરકારની સામેના નહિ, પરંતુ રાજ્ય સરકાર જેમાં ફરિયાદી હોય એવા કેસીસ ચાલતા હોય, ક્રિમિનલ કેસીસ ચાલતા હોય, ખૂન, લૂંટ, ધાડના કેસ, હત્યાના કેસ ચાલતા હોય, એમાં રાજ્ય સરકારની સૂચનાથી જે શાહેદ સાક્ષી આપવા જવાનો હોય એ ઉચ્ચ અધિકારી આઈ.એ.એસ., આઈ.પી.એસ. અધિકારી એને ટ્યૂટર કેવી રીતે કરવા એનું કામ રાજ્ય સરકારમાં બેઠેલા અમુક લોકો કરે છે એ ટ્યૂટર કરવાની સીડીઓ પણ લોકોની સામે જાય, છતાં એની સામે પગલાં ન લેવાય. જેણે ટ્યુટર થવાની ના પાડી હોય તે અધિકારીને, તેને સજા આપવામાં આવે છે. પનીશમેન્ટ આપવામાં આવે છે. કારણ સાહેબ તે સાચી વાત કરે છે. આવા અધિકારીઓને સાચી વાત કરવા માટે પોલીસનું રક્ષણ લેવું પડયું હોય તેવું આ રાજયમાં બને છે અને આવા અધિકારીઓની સામે પાંચ-દસ-પંદર વર્ષ પહેલાંના જૂના કેસો ઉખેડી પ્રમોશનો અટકાવી દેવાય, તેમની પ્રગતિ અટકાવી દેવાય. આ ધંધો થાય છે. કમનસીબે આ રાજયના અધિકારીઓ આવી રાજકીય સૂચનાઓ લઈ આ પ્રવૃત્તિ કરતા હોય છે. આવા અધિકારીઓને પણ સમજી લેવાની જરૂર છે. કોઈનું રાજ યાવચંદ્રદિવાકરૌ ત્યાં સુધી ચાલવાનું નથી અને આ જે ધંધો આજે થાય છે, પોતાના ભાઈને ફસાવવાનો તે ધંધો કોઈક દિવસ બીજા લોકો તેમની ઉપર પણ કરે તે દિવસો ન આવે તેની આપણે ચિંતા કરવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેરાતો ૨૦૦૩-૦૪ માં બહુ સારી થઈ. બુદ્ધિસાગર પરિષદની રચના કરવાની છે તે બહુ સારી વાત છે. ગુજરાતનું ટેલેન્ટ માત્ર ભારતમાં નહીં સમગ્ર વિશ્વમાં તેણે પ્રકાશ પાથર્યો છે. પણ આ સરકારને તેની કયારેય જરૂર છે ખરી? આપણો જ એક ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજી આઈ.ટી. મેગ્નેટ છે. આપણા જ એક ડો.સામ પિત્રોડા ભારતની નહીં વિશ્વની ટેલિકોમ ક્રાંતિ થઈ તેના પિતામહ છે. આફ્રિકાના દેશો આજે તેમને આમંત્રણ આપી વર્લ્ડટેલ મારફતે ટેલિકોમ ક્રાંતિ કરવા માટે આમંત્રણ આપે છે અને ભારત સરકારે તેઓને નોલેજ કમિશનના ચેરમેન બનાવ્યા છે તે જયારે ગુજરાતમાં આવે છે ત્યારે ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ મળવા ન જાય, મંત્રીશ્રીઓ તેમના નોલેજનો લાભ ન લે પણ અધિકારીઓને પણ ત્યાં સુધી પહોંચવા દેવામાં આવે નહીં. કારણકે તેમને ભારતમાં લઈ આવવાનું પ્રોત્સાહન સ્વ.ઈન્દિરા ગાંધી અને સ્વ. રાજીવ ગાંધીએ આપ્યું હતું અને તેનો માત્ર ગુનો એટલો કે મોરબીની બાજુના ટીકર ગામમાં જન્મી અને એક સુથારના કુટુંબની અંદરથી વિશ્વની અંદર જઈ વિશ્વમાં ટેલિકોમ મેગ્નેટ બન્યા ત્યારે ગુજરાતને ગર્વ હોવું જોઈએ પણ ગુજરાતની અંદર આ પ્રકારના મંત્રીમંડળમાં બેઠેલા મિત્રોને માનસિકતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, બુદ્ધિસાગર પરિષદની અંદર આવા લોકો હોવા જોઈએ. કોંગ્રેસની જરૂર નથી. અઝીમ પ્રેમજી ઉદ્યોગપતિ છે. સામ પિત્રોડા છે તેની ઉપર કોઈનું લેબલ લાગેલું નથી. જે સરકાર હોય તેની સાથે આવે અને તેના જેવા તો અદ્દભૂત કહી શકાય તેવા વિશ્વની અંદર બહુ છે. મારી પાસે લીસ્ટ છે તે લાંબું છે. મારે કહેવું નથી. પણ તેમના સુધી આપણે જવું નથી. કારણ કે હું નંબર વન છું મારાથી કોઈ આ રાજયમાં હોંશિયાર હોઈ ન શકે, આ દેશની અંદર હોંશિયાર હોઈ ન શકે અને હોંશિયાર હોય તો તેને મારી આજુબાજું ફરવું જોઈએ. સામી પાટલીમાં બેઠેલા મિત્રોમાં હોંશિયાર હશે તો પણ આ હોંશિયાર તેમની નજરે ન

હોય. શું કરવા? કે મારી સામે તે વાત કેમ કરે છે. આ માનસિકતામાંથી જયાં સુધી બહાર નહીં આવો ત્યાં સુધી તમે ભલે કોઈ નંબર વન બનતું હોય પણ ગુજરાત નંબર વન બની શકવાનું નથી. બુદ્ધિસારગર પરિષદ ૨૦૦૩-૦૪માં જાહેરાત થઈ આજે ગુજરાતની પ્રજા તેની રાહ જુએ છે. કદાચ એવું હોય કે હું માત્ર જ બુદ્ધિસાગર પરિષદમાં આવું, તેનો ચેરમેન હું અને તેનો સભ્ય પણ હું આવી માનસિકતા હોય તો મારે કંઈ કહેવાનું નથી અને તેના કારણે ગુજરાત આજે છેલ્લા નંબરે ગયું છે. મારી ગેરહાજરીમાં ઘણીબધી વાતો થઈ છે. અરે, આજે મારી તો ચેલેન્જ છે. ગુજરાતની પ્રજાને છાપેલા એવોર્ડમાંથી એક એવોર્ડ તો બતાવી જુઓ, બતાવી જુઓ. પરિણામ તો **હિટલર લઈને** આવ્યા હતા. ૯૦ ટકા વોટીંગ મળ્યું હતું. મારે જવાબ તો આપવો પડે. તેમની ભાષામાં નહી મારી ભાષામાં આપવો પડે. સંસ્કારી ભાષામાં જવાબ આપવો પડે, પરિણામ તો **હિટલર** પણ લાવ્યો હતો પણ એ **હિટલરનું** નામ છે એ આજે ઈતિહાસમાં કાળા અક્ષરે લખેલું છે, **હિટલર** જેવું ઘણું બધું છે. એ ગુજરાતના લોકોને આપ પૂછી આવો, બીજા કોઈને ન પૂછવું હોય તો મુરબ્બી શ્રી કેશુભાઈને પૂછી આવો. આ પ્રકારની માનસિકતા છે એ માનસિકતામાંથી બહાર નીકળવાનું છે.

મારે તો સામાન્ય વહીવટ વિભાગે જે જવાબ આપ્યો છે એની વાત કરવી છે. મેં સામાન્ય વહીવટ વિભાગના સચિવને અને વહીવટ વિભાગને, એ બંનેને કાગળ લખ્યો કે આ દશ એવોર્ડ છે એ કઈ સંસ્થાએ આપ્યા, ક્યારે આપ્યા, કેટલા કેશ અપાયા, શું અપાયું, એવોર્ડ અપાયા હોય તો કોઈ મોમેન્ટો અપાયો છે, સર્ટિફિકેટ અપાયું છે એની માહિતી મને આપો, બીજી બધી માહિતીઓ લઈ આવ્યા પણ આ માહિતી ' જા બિલ્લી મોભેમોભ', મને એમ કહ્યું કે આ દશ વિભાગોને લગતી બાબત છે એટલે અમે દશ વિભાગોને લખ્યું છે, સામાન્ય વહીવટ વિભાગને ખબર નથી, માહિતી વિભાગે મને એમ કહ્યું કે, આ સામાન્ય વહીવટ વિભાગની બાબત છે એટલે અમે ત્યાં મોકલ્યું છે, સામાન્ય વહીવટ વિભાગ એમ કહે કે આ દશ વિભાગને લગતી બાબત છે એટલે અમે ત્યાં મોકલ્યું છે, એનો મતલબ એવો છે કે તમે જે એવોર્ડની વાત કરો છો એની તમારા અધિકારીઓને ખબર નથી અને આવેલા હોય તો મારો તમને ખુલ્લો પડકાર છે કે પત્રકારોને હાજર રાખી અને એ એવોર્ડ અમને બતાવો. માનનીય અધ્યક્ષશ્રી, એક વખત વાત કરવાથી કે પાંચ વખત કરવાથી કે પચાસ વખત કરવાથી, જોરથી કરવાથી એ વાત સાચી થઈ જતી નથી. જૂઠું બોલવું, જોરથી બોલવું અને વારંવાર બોલવું એ એક જર્મનીના એક પ્રચાર મંત્રીશ્રીનું સ્લોગન હતું એ પ્રચાર મંત્રીશ્રીનું સ્લોગન અહીયાં રીપીટેશન કરવાની જરૂર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ઈ-ગવર્નન્સ ક્ષેત્રે અમે ક્રાંતિ કરી છે એની વાત કરી, ઈ-ગવર્નન્સ ક્ષેત્રે કયાં ક્રાંતિ થઈ છે, તલાટી મંત્રીઓને એમ કહે છે કે અમે કૉમ્પ્યુટર આપવાના છીએ. (અંતરાય) અરે, મારી જવાબ સાંભળવાની તૈયારી છે, મારો તો પડકાર છે કે આ એવોર્ડ લઈને બહાર આવો, હું તમારી સાથે બેસું પણ ત્યાં કોઈને બતાવવા નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે એમની જોડે બેસવા તૈયાર છીએ, વિરોધપક્ષના નેતાશ્રી પોતાનો ગુજરાત પ્રત્યે પ્રેમ બતાવે એટલે જોડે બેસવા તૈયાર છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ પાસેથી એ શીખવાની વાત નથી કારણ મને આંખમાં નકલી આંસુ લાવતાં આવડતું નથી, મારી ખાડિયાની બહેનો આંસુઓથી લોટ બાંધે છે અને તેલના ડબલા લઈને મામલતદાર ઑફિસોએ જવું કે મારી બહેનોને લોટ બાંધવા તેલ નથી અને ખેડૂતો પાસે જઈને એમ કહેવું કે, ખેડૂતોને મગફળીના ભાવ મળતા નથી એવી વાત કરતાં અમને આવડતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આજે ખેડૂતો રાતે પાણીએ રડે છે. કોઈક દિવસ ત્યાં જાઓ અને જુઓ તો આજે ત્રણસો રૂપિયામાં કોઈ મગફળી રાખતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડામાં જશે તો એ કઈ રીતે ચાલવાનું ઈ-ધારા? ગામડામાં તલાટી મંત્રીઓને કૉમ્પ્યુટર ચલાવતાં આવડતું નથી, એમને તાલીમ આપવાની યોજના નથી કારણ કે તાલીમનો વિચાર કરી શકે એવા કોઈ રહેવા દીધા નથી, સામ પિત્રોડાને નહીં લાવો તો વાંધો નહીં, અઝીમ પ્રેમજીને નહીં લાવો તો વાંધો નહીં, પણ માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બી શ્રી કેશુભાઈ મુખ્યમંત્રીશ્રી હતા, એ ખેડૂત હતા. સાયન્સ એન્ડ ટેકનોલોજીની સ્વાભાવિક બહુ એમને ખબર ન હોય તો એણે મારા ગુરુ એન. વી. વસાણી જેવા એક વિદ્વાન જે નિરમા યુનિવર્સિટીના પ્રોફેસર છે અને સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના એસડવાઈઝર નીમ્યા. એમને તો રાખવા હતા? તો કહેત કે નીનો ટેકનોલોજી શું છે? બાયો ટેકનોલોજી શું છે? પણ એ નથી કરવું કારણ કે, એ માનનીય કેશુભાઈ સાથે કામ કરતા હતા એટલે પ્રોફેસર એન. વી. વસાણી વાઈસ ચાન્સેલર નિરમા યુનિવર્સિટીના થાય, ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજયુકેશનના ચેરમેન ભલે થાય પણ આ ગુજરાત સરકારમાં તો એ નહીં ચાલે અને એટલા માટે આ વાત બુદ્ધિસાગરની થાય પણ બુદ્ધિમાં મારા સિવાય કોઈ નહીં. આ માનસીકતા આ રાજય સરકારની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી આપવાની જવાબદારી આ રાજય સરકારની છે. મારે તો અભિનંદન આપવા છે યુ.પી.એ.ની સરકારના અને આપણા વડા પ્રધાન ડો. મનમોહનસિંગજીને અને યુ.પી.એ. ના ચેરપર્સન શ્રીમતી સોનિયા ગાંધીને કે જેમણે માહિતી અધિકાર બિલ લાવીને જે અધિકારો આ વિધાનસભાના સભ્યો પાસે નથી એ

અધિકારો આ દેશની જનતાને આપ્યા છે. આખા દેશની ૧૦૦ કરોડની જનતાને એણે પાર્લામેન્ટમાં ફેરવી નાંખી. અહીંયા સભ્યશ્રીઓ તરફથી પૂછાતા પ્રશ્નો માનનીય મંત્રીશ્રીઓને કયારેક અનુકૂળ ન હોય તો ઉપર સ્ટીકર લગાવીને પહેલા નિર્ણય થઈ ગયો છે એમ કહે અને પછી સ્ટીકર લગાવીને ફેરફાર કરાવે કે આ વિચારણા હેઠળ છે અને એના પછી એમ પણ કહેવાય કે 'નાજી' પણ આ દેશની પ્રજાને 'નાજી' નહીં કહી શકાય. એટલા માટે કે માહિતી અધિકાર બિલ આવ્યું છે અને દેશની પ્રજા કોઈ પણ માહિતી જે કલાસીફાઈડ ડોકયુમેન્ટમાં ન આવતી હોય એ માગવા અધિકાર મેળવશે અને એ માહિતી આપવા સરકાર બંધાયેલ છે. એ અધિકાર આજે ગુજરાતની પ્રજા મને કમને કયાંક એન્જોય કરી લેશે. પણ માહિતી અને પ્રસારણ વિભાગ છે એની ફરજ છે કે સાચી માહિતી રાજયની એ પ્રજાને આપે. કોઈ જગ્યાએ ક્હ્યું છે કે આપણે વસતિ વધારાના દરમાં ૧૯માં સ્થાને છીએ, આપણે પહેલા નંબરે આવવું છે અને ચાલો આપણે આના માટે સામૂહિક પ્રયત્નો કરીએ? એઈડસ કન્ટ્રોલમાં આપણે આટલું આટલું કામ કર્યું, પણ નહીં, કેન્દ્ર સરકાર કે રાજયના કોઈ પોસ્ટરો જોયા છે એમાં એઈડસમાં મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીના ફોટા. આ આરોગ્યની માહિતીની વાત છે એમાં માનનીય અશોકભાઈ, એ આખા ગુજરાતને ખબર છે કે, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે અને આરોગ્ય મંત્રીશ્રી તરીકે અશોકભાઈ છે. એઈડસના પોસ્ટરોમાં ફોટા ન રાખો તો ચાલે. દર્દીના ફોટા રાખો લોકો દર્દીના ફોટા જોવા ટેવાયેલા છે. પણ કેન્દ્ર સરકાર પૈસા આપે કેમ્પેઈન માટેના એટલે એમાં ફોટા પોતાના જ રાખવાના. આ લાગણી છે ગુજરાતની પ્રજાની તમને સંભળાતી હોય તો બદલી નાખજો. એના ઉપર કરુણા ઉપજે એ પ્રકારની માહિતી પ્રજાને આપો. આના મોહમાંથી થોડાક બહાર નીકળજો.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માહિતી અને પ્રસારણ ખાતામાંથી એક 'ગુજરાત મેગેઝીન' બહાર પડે છે. એ ગુજરાત મેગેઝીનમાં સ્વાભાવિક છે કે, રાજય સરકારને પોતાના મંત્રીશ્રીઓ કયાં ગયા, કયાં ન ગયા એની માહિતી હોવી જોઈએ. ગુજરાતની પ્રજાને ગુજરાતના મંત્રીશ્રીઓ કયાં કામ કરે છે એની માહિતી મળવી જોઈએ એની ના ન હોય પણ, એમાં ગુજરાતના સાચા પ્રશ્નોનું તો નિરુપણ કરવું જોઈએ કે જેથી ગુજરાતની પ્રજા જાણે કે, ગુજરાતમાં આ કાર્યક્રમ હતો એનો આટલો અમલ થયો આટલો બાકી છે. આમાંથી આપણે આગળ વધવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં આપણે ચોથા ક્રમે છીએ, પહેલા ક્રમે આવવાનું છે એટલે મહેનત કરવી પડશે. ગુજરાતના આટલા ગામોમાં પાણી નથી મળતું, એ પાણી માટે આટલું આટલું કામ કરવં પડશે. એ કશું જ નથી કરવું. માત્ર વખાણ કરવાથી જો ચાલતું હોત અને એનાથી પ્રજા માની જતી હોત દરેક વખતે તો એનાથી રાજયનો વિકાસ કોઈ દિવસ થવાનો નથી. રાજયની ચિંતા નથી માત્ર પોતાના પ્રચારની ચિંતા માહિતી અને પ્રસારણ વિભાગ રાખે, માત્ર અખબારોને દબાવી શકાય એટલા માટે એમને જે એક્રેડિશન કાર્ડ આપવાના છે ત્રણ વર્ષથી એને લટકાવે છે. શું કહે છે કે નવી નીતિ આવી રહી છે. આ નવી નીતિ જ્યારે આવશે ત્યારે તમને એક્રેડિશન કાર્ડ મળશે અને એમ કરીને એમના પર લટકતી તલવાર રાખવાની, કારણકે તમે અમારી વિરુદ્ધ લખશો તો તમારું એક્રેડિશન કાર્ડ અમે નહિ આપીએ. અખબારોને જાહેરાત આપવાની આવે તો એમાંય મારા વિશે કોણ સારું લખે છે કોણ ખરાબ લખે છે એના બે ભાગ કરી દેવાના. આપણું જર્નાલિઝમ છે એ આ દેશની લોકશાહીનો ચોથો પાયો છે, એને જો મજબૂત નહિ કરીએ અને એને દબાવવાની માનસિકતામાંથી બહાર નહિ નીકળીએ તો એ રાજયની અને દેશની લોકશાહી માટે સૌથી ઘાતક પરિણામ લાવનારું નીકળશે. આપણા વિરોધીઓની ટીકા સાંભળવાની તૈયારી હોવી જોઈએ અને જો તૈયારી નહિ રાખીએ આપણા વિરોધીઓની ટીકાઓ સાંભળવાની તો લોકશાહીની અંદર એ સંભવી શકે નહિ. અહીંયા બેસવું હોય ત્યારે ખૂબ મોટા પાયે ટીકાઓ કરવાની અને સામે ટીકાઓનો જવાબ ગાળોથી દેવાનો, એ માનસિકતા કયારેય ચાલવાની નથી અને જો એ માનસિકતા હશે તો પરિણામ વિશ્વનો ઇતિહાસ દુનિયાને આપ્યો છે. એનો સામનો કરવાની પણ બધાએ તૈયારી રાખવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી, આ દેશની અંદર રાજીવ ગાંધીએ એક વખત કહેલું કે ઔદ્યોગિક ક્રાંતિની અંદર હરણફાળ ભરવાની જે પ્રક્રિયા હતી એમાં ભારત મોડું આઝાદ થયું એના કારણે આપણે જોડાઈ શક્યા નહિ પરંતુ એ વખતે આઈ.ટી. જેવો શબ્દ નહોતો આવ્યો ત્યારે એમણે એમ કહ્યું હતું કે કમ્પ્યુટર ક્રાંતિની અંદર ભારત આ દેશનું ચાલકબળ બનવાનું છે અને એ ચાલકબળ આપણે બનાવ્યું છે. એ મહાનુભાવને આજે આપણે યાદ કરીએ કે વિશ્વની અંદર આજે આઈ.ટી.ના ક્ષેત્રમાં લીડર છીએ. અમૅરિકા હોય કે બીજી જગ્યા હોય કે બોસ્ટન હોય બધી જ જગ્યાએ આજે ગુજરાત, ભારતના આઈ.ટી. ક્ષેત્રના નિષ્ણાતોની બોલબાલા છે. ૭૦ ટકા લોકો આજે આપણા લોકો ચલાવે છે. ગુજરાતની અંદર આઈ.ટી.નું સ્થાન કયાં છે? બેંગ્લોર હોય, મહારાષ્ટ્ર હોય, દિલ્હી હોય, તામિલનાડુ હોય કે આંધપ્રદેશ હોય બધાના રસ્તાઓ છે આઈ.ટી. માટેના એ ક્યાંક બેંગ્લોર જાય છે, ક્યાંક હૈદરાબાદ જાય છે, પૂના જાય છે, મુંબઇ જાય છે, ચેન્નાઈ જાય છે, દિલ્હી જાય છે પણ અમદાવાદમાં કેમ નથી આવતા? આત્મખોજ કરવાનો સમય છે બધા માટે. એટલા માટે નથી આવતા કે આઈ.ટી.ના ક્ષેત્રની અંદર કે સાયન્સ અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રની અંદર આપણે પાછળ જતા રહ્યા છીએ. હમણાં પ્રશ્ન પૂછાયો હતો અને આંકડા આપ્યા છે કે ૧૦મા અને ૧૨મા ધોરણની અંદર સાયન્સના વિદ્યાર્થીઓની સંખ્યા ચિંતાજનક હદે ઘટે છે, એટલા માટે ઘટે છે કે ઔદ્યોગિક વાતાવરણ યોગ્ય નથી અને આ એક રિસાઈકલીંગ છે કે ૧૦મા અને ૧૨મા ધોરણની અંદર સારા વિદ્યાર્થીઓ નહિ મળે તો સારા સાયન્સના શિક્ષકો મળવાના નથી અને એ નહિ મળે તો સારા વિદ્યાર્થીઓ ઊભા થવાના નથી, આનું પરિણામ ગુજરાતે ભોગવતું રહેવાનું છે અને સાયન્સ ટૅક્નૉલૉજીની ભાષા છે તે અંગ્રેજી

છે. એક નિર્ણય થયો હતો ગુજરાતમાં મેં પણ સ્વીકાર્યો હતો કે પહેલા ધોરણથી ફરજિયાત રીતે અંગ્રેજી વિષય દાખલ કરી અને સાયન્સ અને ટૅક્નૉલૉજીની ભાષા આ ગુજરાતના ગામડાંના વિદ્યાર્થીને પણ શીખવવાની. કમનસીબે ક્યાંકથી હુકમ મેળવીને તે હુકમનો અમલ થઈ શક્યો નથી પરિણામે જે આજે ચિંતા વ્યક્ત થઈ છે કે ગુજરાતનો વિદ્યાર્થી બુદ્ધિની અંદર સૌથી આગળ છે પરંતુ અંગ્રેજીનું જ્ઞાન યોગ્ય રીતે તેની પાસે નહીં હોવાથી તે સાયન્સ અને ટૅક્નૉલૉજીના ક્ષેત્રમાં પ્રવેશ કરી શકતો નથી. અમદાવાદનું આઈ.આઈ.એમ. ઈન્ડિયન ઈન્સ્ટ્રીટયુટ ઓફ મેનેજમેન્ટ તેની અંદર ગ્રૅજ્યુએટ થનારને ૨૦ લાખ રૂપિયાનો મહિનાનો પગાર મળે પણ તે ગુજરાતનો વિદ્યાર્થી એટલા માટે નથી હોતો કે પાયામાંથી તેનું અંગ્રેજી કાચું હોય છે. વૈશ્વિક પ્રવાહો બદલાય તેની સાથે માણસે બદલાવું જોઈએ. એક જમાનો એવો હતો કે અક્ષરજ્ઞાન પૂરતું હતું. તેના પછી જમાનો બદલાયો. હાઈસ્કૂલ સુધીનું જ્ઞાન પૂરતું થયું. ગ્રૅજ્યુએટ, પોસ્ટ ગ્રૅજ્યુએટ, સાયન્સ અને ટૅક્નૉલૉજી અને તેનાથી આગળ હવે અંગ્રેજી વિશ્વની ભાષા બનવાની છે અને તેની અવગણના કરીશું સાયન્સ અને ટૅક્નૉલૉજીની તો આ ગુજરાતના યુવાનોને ખૂબ મોટો અન્યાય થવાનો છે. વિશ્વના જે પ્રવાહ છે તે પ્રવાહ કયાં ચાલે છે મંત્રી મંડળના પરિષદના સભ્યો તેનાથી વાકેફ હોય તે ખૂબ જરૂરી છે. કેશુભાઈની સાથે પ્રોફૅસર એન.વી.વસાણી હતા. તમને માફક ના આવ્યા, વાંધો નહીં. પણ ગુજરાતની અંદર અનેક ટેક્નોક્રેટ જે વિશ્વના પ્રવાહોથી જે સાયન્સ અને ટૅક્નૉલૉજીના પ્રવાહોથી પરિચિત છે એવા લોકોને લઈ આવી અને ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થી ઉપર તે તેના અભ્યાસક્રમ બદલવાથી માંડીને રીસર્ચ ઈન્સ્ટ્રીટયુટ સુધી તે જો તેની અંદર આપણે આગળ નહીં વધીએ તો ગુજરાતનો યુવાન પાછળ રહી જવાનો છે. નોલેજ કોરીડોર કરવાની વાત થઈ છે. હું સ્વીકારીશ. કેટલા વખતથી વાત થાય છે. આ વખતે પણ વાત થઈ છે. વાતને પણ હું તો સ્વીકારું છું. પણ હમણાં જે આપને સમાચાર મળ્યાં હશે કે મુંબઈ અને પૂનાની વચ્ચે ૮૦૦ હેકટર જમીનની અંદર ત્યાં નોલેજ કોરીડોરનું કામ બે વર્ષ પહેલાં શરુ થઈ ગયું છે આપણે હજુ વિચાર કરીએ છીએ. આઈ.ટી.ની અંદર બીજી બધી જ જગ્યાએ દુનિયાના મોટા શહેરો સમકક્ષ બની ગયા આપણે હજુ વિચાર કરીએ છીએ. આ વિચાર કરતા રહીશું અને ગુજરાતનો યુવાન શોષાતો રહેશે કે મને ક્યારે આ રાજયની અંદર સારી ઈન્સ્ટ્રીટયુટમાં ભણવા મળે, મને ક્યારે ઈન્સ્ટ્રીટયુટમાં ભણીને સારી સંસ્થાઓની અંદર નોકરી મળે તે વિચારતો રહેશે કે મારા અમદાવાદની અંદર આવીને બહારનો વિદ્યાર્થી ૨૦ લાખ રૂપિયાનો મહિને પગાર મેળવતો થાય મને ૨૦ હજારના પગારવાળી નોકરી કેમ નથી મળતી, બે હજારના પગારવાળી નોકરી કેમ નથી મળતી. તેનો વિચાર કરીશું સંવેદનશીલ બનીને તો મને લાગે છે કે ગુજરાતનું કલ્યાણ થશે. આ માગણીઓ આવી છે તેની અંદર કોઈ પણ જગ્યાએ સંવેદનશીલતા દેખાતી નથી.

છેલ્લે બે મિનિટમાં મારી વાત હું પૂરી કરવા માગું છું. આ વખતની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં અમે દશ હજાર ફરિયાદો આપી. આ દશ હજાર ફરિયાદોમાં એવી જ ફરિયાદો છે કે જે ફરિયાદો હુમલા કરવાની હોય, મારી નાંખવાની હોય, માર મારવાની હોય આજ સુધી તેના નિર્ણયની રાહ જોઈએ છીએ. સુરતની અંદર ઈલેકટ્રોનીક વોટીંગ મશીને, સરકારે આપેલા અમને જે આંકડા છે તેમાં પડેલા મત કરતાં ગુજરાતમાં જ એવું માત્ર બની શકે કે ૨૯ હજાર મત વધારે પડ્યા. કયાંથી આવ્યા? કોઈ જવાબ નથી. નથી વહીવટીતંત્ર પાસે જવાબ, કે નથી બીજા કોઈ પાસે. રાજય ચૂંટણી પંચને સરકારે રાજયનું ડિપાર્ટમેન્ટ બનાવી દીધું. ચૂંટણી અંગેની સૂચનાઓ તો રાજય ચૂંટણી પંચમાંથી જવી જોઈએ. આ વખતે જે ઈલેકશન પીટીશનો થઈ છે, એ ઈલેકશન પીટીશનો આઝાદીના ઈતિહાસમાં સૌથી વધારેમાં વધારે થઈ છે. કોરપોરેશનોની અંદર આ જવાબ એક વત્તા એક બરાબર બે જ થાય. પણ આ વખતે ચૂંટણી કમિશને જે મતગણતરીઓ કરી અને ઈલેકટ્રોનિક વોટિંગ મશીનમાંથી જે આંકડા નીકળ્યા એ એક વત્તા એક બરાબર ત્રણ કરે છે. એટલા માટે દર વખતે એમ માનતા હોય કે ઈલેકટ્રોનિક વોટિંગ મશીન અને રાજય ચૂંટણી પંચ આપણી મદદે આવવાના છે, તો દર વખતે એ મદદે આવવાના નથી. એટલા માટે આ સુધારા પણ ખૂબ જરૂરી છે. જે જે માગણીઓ આવી છે, એની સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી માગણી ક્રમાંક ૩૦, ૩૩, ૫૩ અને ૮૯ લઈને આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે સામાન્ય વહીવટ વિભાગ એ સમગ્ર વહીવટી તંત્રનું મોનિટરિંગ કરે છે. એના ઉપર નિયંત્રણ રાખે છે. મારે સામાન્ય વહીવટ વિભાગની જે કામગીરી છે, એ કામગીરી જે ભૂતકાળમાં થતી હતી એને બદલે આ સરકાર આવ્યા પછી આ સામાન્ય વહીવટ વિભાગની જે અસામાન્ય કામગીરી થાય છે એ આપના થકી ગુજરાતની પ્રજાને અને માનનીય સભ્યશ્રીઓને જાણ કરવી છે.

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ મોટા ભાગનું એમનું વકતવ્ય તો માનનીય મુખ્યમંત્રીશ્રીને ધ્યાનમાં રાખીને એમની કાર્યશૈલી અને રાજય સરકારની પ્રવૃતિને એમની ભાષામાં જે રીતે વર્ણવી, એમાં એક વાત મારે આપના થકી એમના ધ્યાન ઉપર મૂકવી છે. એમણે વહીવટી તંત્ર વિશે જે વાત કરી. ગુજરાતના સામાન્ય વહીવટ વિભાગના નિયંત્રણ હેઠળના જે ઉચ્ચ અધિકારીઓ છે એ સરકારના કહ્યાગરા છે એવું આડકતરી રીતે એમણે કીધું. મારે ધ્યાન પર મૂકવું છે કે ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી અધિકારીઓને જેટલા ફ્રી હેન્ડ આપવામાં આવ્યા છે, એ ભૂતકાળમાં કોઈ સરકારે આપ્યા નથી. આ વાત હું દાવા સાથે કહી શકું તેમ છું. હું અનુભવના આધાર ઉપર કહી શકું તેમ છું. હું બ્યુરોક્રેટમાંથી આવું છું અને મેં અનેક ખાતાઓનો વહીવટ અનેક

વર્ષો સુધી જોયો છે. એના આધારે હું કહી શકું તેમ છું કે ઘણા અધિકારીઓ સાથે વાત થાય ત્યારે અધિકારીઓ પોતે પણ સ્વીકારે છે. મારા વિસ્તારના કલેકટર સાથે ચર્ચામાં બેસું છું, ત્યારે જે વાત કરે છે કે આ સરકાર આવ્યા પછી જે રીતે વહીવટી તંત્રને કામ કરવાની મોકળાશ મળી છે, એના કારણે ગુજરાત પ્રગતિ નવી દિશા તરફ પ્રયાણ કરી રહ્યું છે. આના કારણે આ મુખ્યમંત્રી આવ્યા પછી એમના વીલના કારણે, એમના વિઝનને આધારે અનેક ખાતાઓમાં નવી નવી યોજનાઓ મૂકી છે. એના આધાર ઉપર એમણે વાત કરી કે તજજ્ઞો, ટેકનોક્રેટ અને બ્યુરોક્રેટ નિષ્ણાતોને પૂછીને આગળ વધવું જોઈએ. મારે આપના થકી એમને કહેવું છે કે મુખ્યમંત્રીશ્રી પોતે ચિંતન અને મનન કરે છે. તેઓ પોતે જે તે વિષયના નિષ્ણાતો સાથે બેસીને યોજનાનું અમલીકરણ કેમ થાય, ગુજરાતનો વિકાસ કેમ થાય એ દિશામાં આગળ વધી રહ્યા હોય ત્યારે એ અંગે કોઈ ટીકા કરવી મારી દૃષ્ટિએ યોગ્ય ગણાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે તાલીમ માટેની વાત કરી કે આ તાલીમમાં જે ખર્ચ થાય છે એમાં વહીવટી તંત્રનું કયાંય પ્રતિબિંબ થતું નથી એવો પણ એમણે ઉલ્લેખ કર્યો છે. તો મારે આપના ધ્યાન ઉપર એક વાત મૂકવી છે કે આ તાલીમમાં જે રીતે કામ થઈ રહયું છે કે આ કર્મયોગી તાલીમનો રાજય સરકારે જે નવો અભિગમ અપનાવ્યો છે અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ૫ કરોડ જનતાની વાત કરે છે ત્યારે ૫ કરોડ જનતામાં ગુજરાતના ૫ લાખ કર્મચારીઓ પણ આવી જાય છે. ગુજરાતમાં પહેલી વખત ગુજરાત રાજયની સ્થાપના થયા પછી એવું બન્યું કે ગુજરાતનો સામાન્ય ત્રીજા વર્ગના કર્મચારીને પણ એમાં સામેલ કર્યો અને ગુજરાતનું વહીવટી તંત્ર જે રીતે ચાલી રહયું છે એ વહીવટી તંત્ર પ્રજાભિમૂખ કેમ બને, એમાં કયા પ્રકારના સુધારાને અવકાશ છે એ સામાન્ય કર્મચારી પોતે જે અનુભવે છે એ એના અનુભવનો લાભ પણ ગુજરાતની પ્રજાને મળે એવું આ પહેલી વખતે બન્યું છે. માત્ર ઉચ્ચ બૌધિક અધિકારી કે આઈ.એ.એસ કે આઈ.પી.એસ. અધિકારીઓ નહીં, પરંતુ જે પાયામાં કામ કરે છે એ નાનામાં નાનો કર્મચારી કે જે શાખા કે વિભાગમાં કામ કરે છે એ એના વિભાગ અને શાખા માટેનો અભિપ્રાય મુકતપણે આપી શકે એના માટેની એને મોકળાશ આપી છે. સેંકડો એવા સ્વતંત્રતાના વિચારો કર્મચારીઓ પાસેથી મળી રહે એના માટે એનું અલાયદી મોનિટરિંગ ચાલી રહયું છે અને એ દિશામાં જુદા જુદા ખાતાંમાં સુધારાત્મક રીતે સુધારઓ કેવી રીતે આવે એ માટેની આગળની કાર્યવાહી થઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ બજેટની ચર્ચા વખતે માનનીય સભ્ઉશ્રી મનહરભાઈ મકવાણાએ જે વાત કરી હતી કે આ તાલીમમાં ૧૨.૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે એમાંએના માટેના ટેન્ડરમાં ગેરરીતિઓ થઈ છે, અત્યારસુધીમાં આ કર્મયોગી તાલીમમાં ૨ લાખ કરતાં વધુ શિક્ષકો અને તા. ૩૧-૧-૦૬ સુધીમાં૧,૮૧,૪૫૦ રાજય સરકારના કર્મચારીઓને આવરી લીધા છે અને એમાં કુલ ખર્ચ ૩૧૫ કરોડ રૂસ્પિયાનો થયો છે તા. ૩૧-૧-૦૬ સુધીમાં અને એ રીતે કર્મચારી દીઠ ૨૫૦ રૂપિયાનો ખર્ચ છે અને આ કર્મચારીઓને જે તાલીમ આપી એ તાલીમનાં જે પરિણામો, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પણ કહી રહયા હતા કે આ તાલીમનો ખર્ચ વ્યર્થ છે, એમાં પોઝિટીવ વિચારોનું પ્રતિબિંબ થતું નથી.તો મારે કહેવું છે કે ૩૧-૧-૦૬ સુધીમાં તાલીમ આપી એ તાલીમમાં જે કર્મચારીઓના અભિપ્રાય લીધા અને એ અભિપ્રાય પણ કોની મારફતે લીધા? તો સરકારી તંત્ર મારફતે નહીં, કોઈ અધિકારી મારફતે નહીં, પરંતુ આ તાલીમનું મૂલ્યાંકન કરવા માટે આઈ.સી.સી.ડી. સંસ્થા દ્વારા એનો જે રિપોર્ટ મંગાવવામાં આવ્યો, એનું જે મૂલ્યાંકન મંગાવવામાં આવ્યું એમાં ૬૩ ટકા કર્મચારીઓએ આ તાલીમને ઉત્તમ ગણાવી છે, ૬૩ ટકા કર્મચારીઓએ એમ કહયું છે કે ખરેખર આ તાલીમ સારી છે. એના પછીનું જે ફીડબેક મળ્યું છે આ તાલીમનો રિપોર્ટ આવ્યો એના આધારે તો એમાં જે ફીડબેક મળ્યું છે એમાં ૮૦.૭ ટકા અંગત, કામકાજ સંબંધી ૮૭.૬ ટકા, નાગરિકો સંબંધી ૮૨.૬ ટકા અને કૌટુંબિક બાબતે ૮૬.૬ ટકાએ આને સમર્થન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગર્વનન્સની વાતમાં અગાઉ આક્ષેપો પણ થયા છે. એના માટેની વાત કરું તો આ જે ગેરરીતિઓના આક્ષેપ થયા એના માટે ગુજરાત રાજય તકેદારી આયોગને એની ફરિયાદ કર્યા પછી એનો જે રિપોર્ટ મળ્યો છે તા. ૨૨-૧૧ એ એમાં આયોગે કાગળો તપાસીને એમ કહયું છે કે આ આક્ષેપમાં કોઈ તાથ્ય નથી અને તકેદારી આયોગને ઈ-ગર્વનન્સમાં કોઈપણ જાતની ગેરરીતિ થઈ નથી એ જાતનો રિપોર્ટ આપ્યો છે અને આ વાતને દફતરે કરવાની વાત કરી છે. આમ સાચી વાત જાણ્યા વિના પ્રજાને માત્ર ગુમરાહ કરવા માટે જે રીતે વિધાનસભામાં રજૂઆતો કરવામાં આવી છે એ મારી દ્રષ્ટિએ યોગ્યું થયું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત પ્રોટોકલની કરીને અમદાવાદમાં માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ અને સી.એમ.ની બેઠક વ્યવસ્થા અંગેનો ઉલ્લેખ કર્યો. મારી પાસે માહિતી છે એ મુજબ પ્રોટોકોલ મુજબ જ બેઠા હતા, અને સન્માન સાથે દરેકને એક લાઈનમાં જ બેસાડવામાં આવ્યા હતા. એટલે એ રીતે બેઠક વ્યવસ્થિત હતી અને કોઈ ખામી નહોતી, કારણ કે પ્રોટોકોલનો નિયમ હોય જ છે કે રાજયપાલ કયાં બેસે, રાષ્ટ્રપતિ કયાં બેસે, કેવી રીતે બેસે, એટલે એ વાતમાં પણ બહુ મને સત્યતા જણાતી નથી. એમણે જે ટેકનોલોજીની વાત કરી, સામ પિત્રોડાનો ઉલ્લેખ કર્યો, તો મારે કહેવું છે કે સામ પિત્રોડાએ કહ્યું છે કે સમગ્ર હિન્દુસ્તાનમાં, ગુજરાત માટે જ નહીં, પણ સમગ્ર હિન્દુસ્તાનમાં જે અત્યારે હાલ વહીવટી ઢાંચો છે કે વહીવટી તંત્ર છે તે ગુજરાતને કે હિન્દુસ્તાનને ૨૧મી સદી તરફ લઈ જવું હશે અને વૈશ્વિક રીતે હરિફાઈમાં ઉતરવું હશે તો હાલના વહીવટી તંત્રના ઢાંચામાં આમૂલ પરિવર્તન નહીં થાય ત્યાં સુધી કયારેય એ દિશામાં કોમ્પીટીશન કરી શકીશું નહીં. આ સામ પિત્રોડાના શબ્દો છે, હમણાં તાજેતરમાં બોલાયેલા શબ્દો છે, એટલે સામ પિત્રોડાના નામે વાત કરે છે પણ જે કોઈ સારું કરતું હોય તેને

આ સરકાર આવકારે છે, આ મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ એમને પોતાના આગવા વિચારો અને તેજસ્વીતા છે, એમનું ઉદ્યમશીલ વ્યકિતત્વ છે અને અનેક ક્ષેત્રોમાં પરિવર્તન લાવવાની વાત છે એમાં એ પરિવર્તન લાવ્યા છે.

ગુજરાતનો સામાન્ય વહીવટ વિભાગ એ બધા ખાતાઓની નીતિ ઘડતરનું મહત્વનું કામ કરે છે, એ વિભાગમાં છેલ્લા વર્ષમાં જે જાતનું પરિવર્તન આવ્યું છે તે પરિવર્તનની અમુક બાબતો હું આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. છેલ્લા વર્ષમાં બદલીઓમાં માર્ગદર્શક સિધ્ધાંતો નકકી કરવામાં આવ્યા છે. સામાન્ય રીતે મોટામાં મોટી ચૂંટાયેલા પદાધિકારીઓની ફરિયાદો કે બદલી કરી નાખો, બદલી કરી નાખો, આ એક વર્ષોથી ટ્રેન્ડ અને પ્રણાલિ ચાલતી હતી. તેના બદલે બદલીઓ માટે માર્ગદર્શક સિધ્ધાંતો નકકી કરી નાખ્યા છે. તેની સાથે સાથે રહેમ રાહે નિમણૂકની યોજના પણ સર્વગ્રાહી બનાવી અને ફેરફાર કરવામાં આવ્યો છે. સાથે સાથે કર્મચારીઓમાં એક નવો ટ્રેન્ડ, વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓની ભરતીમાં એમણે ફિકસ પગારથી ભરતી કરવા માટેની નીતિ પણ બનાવી છે. એ જ રીતે અધિકારીઓને ખાનગી અહેવાલ લખવા માટેની પધ્ધતિ, અને એ ખાનગી અહેવાલ લખવાની પધ્ધતિને અનુરૂપ બઢતીની પ્રક્રિયામાં ગુણવત્તાને મહત્વ આપવાનો નવો અભિગમ પણ સામાન્ય વહીવટ વિભાગે અપનાવ્યો છે. એ પ્રસંશનીય છે. સાથે સાથે કર્મચારીઓનો આટલો મોટો વિશાળ કાફલો તેની જયેષ્ઠતા યાદી, સિનિયોરીટી લીસ્ટ પ્રસિધ્ધ કરવું અને સાથે સાથે તેની સમય મર્યાદા નકકી કરી અને કર્મચારી કલ્યાણની પ્રવૃત્તિનો વ્યાપ વધે તે. દિશામાં પણ સારી પ્રસંશનીય કામગીરી કરી છે. એ જ રીતે સારી કામગીરી કરતાં કર્મચારીઓ જે જુદા જુદા વિભાગોમાં ફરજ બજાવે છે એમને બિરદાવવા માટે પણ સારી કામગીરી એમણે હાથ ધરી છે. આમ સામાન્ય વહીવટ વિભાગ થકી પ્રસંશનીય કામગીરી થઈ રહી છે. વિરોધપક્ષના માનનીય નેતા કહેતા હતા કે આઈ.ટી. માટે ગુજરાતમાં કશું થયું નથી, એકદમ ન થાય, આ નવો અભિગમ રાજય સરકારે અપનાવ્યો છે ત્યારે મારે એક વાત આ ગૃહના ધ્યાન ઉપર મૂકવી છે કે આ ગુજરાતમાં વહીવટમાં અને ખાસ કરીને સચિવાલયના કર્મચારીઓ માટે સ્માર્ટ કાર્ડ અમલમાં મૂકયા છે, અને તેનાથી પરિસ્થિતિ એ નિર્માણ થઈ છે કે જે કર્મચારીઓ ચાલુ કચેરીએ બહાર, રિશેષમાં અને કેન્ટીમાં જતા હતાં, તેમાં આ સ્માર્ટ કાર્ડના કારણે બહાર ફરવાનું અને ગેર હાજરીનું પ્રમાણ ઘટયું છે, બીજી એક મોટામાં મોટી સિધ્ધી એ છે કે બ્રીટીશ શાસન કાળ વખતથી મસ્ટરમાં સહી કરવાની જે પ્રથા હતી તે મસ્ટરમાં સહી કરવાની પ્રથા આ સ્માર્ટ કાર્ડ અમલમાં આવવાને કારણે એ બ્રીટીશ વખતથી ચાલી આવતી પ્રથા બંધ થઈ. આ નવો ફેરફાર થયો છે. બીજું કોમ્પ્યુટર યુગમાં આજે નહીં તો કાલે, હાલ જે કામગીરી ગુજરાતમાં થઈ રહી છે તેની વાત કરું.

**અધ્યક્ષશ્રી .** : વિરામનો સમય થયો છે, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી રણજિતસિંહ ન. ચાવડા (ક્રમશ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા સામાન્ય વહીવટ વિભાગ ઉપરના વિચારો વ્યક્ત કરું એ પહેલાં ગુજરાત સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન આપવાં છે. સરદાર સરોવર યોજનાના બંધની ઊંચાઈ ૧૨૧ મીટર સુધી વધારવાની મંજૂરી મળી છે એ ખૂબ આવકારદાયક છે. ગુજરાતની સમગ્ર પ્રજાએ જેને વધાવી લીધી છે એ માટે રાજય સરકારને અભિનંદન આપું છું.

હું વાત એ કરી રહ્યો હતો કે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા જે એક નવો અભિગમ નવી દૃષ્ટિ લાવવાને કારણે ખાસ કરીને રાષ્ટ્રીય તહેવારો જેવા કે પ્રજાસત્તાક દિનની ઉજવણી હોય કે ગુજરાતના સ્થાપના દિનની ઉજવણી હોય કે પછી ૧૫મી ઓગષ્ટની ઉજવણી હોય. ગુજરાતની સ્થાપના થયા પછીથી અત્યાર સુધીની ઉજવણીઓ માત્ર અમદાવાદ અને ગાંધીનગર પૂરતી જ મર્યાદિત રહેતી હતી. એના લીધે સામાન્ય જનતા આ અંગેના સમાચારો મિડિયાના માધ્યમથી અને સમાચારપત્રોમાં ફોટા જોઈને સંતોષ માનતી હતી. હવે તો ટીવી કવરેજ લાઈવ બ્રોડકાસ્ટીંગ થવાથી આ ઉજવણીની જે ભવ્યતા છે એ સમગ્ર ગુજરાતની પ્રજા માણી શકે છે. જે જિલ્લામાં ઉજવણી હોય ત્યાંના લોકો તો માણી શકે છે સાથે સાથે સમગ્ર ગુજરાતની પ્રજા એ ઉજવણીને ભવ્યતાથી નિહાળી શકે છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પાંચ કરોડ ગુજરાતીઓની વાત કરે છે ત્યારે જે જે જગ્યાએ ઉજવણીઓ થઈ છે. અમારા હિંમતનગરની અંદર ૧૫મી ઓગષ્ટની ઉજવણી થઈ હતી. તે વખતે જે માહોલ સર્જાયો હતો એ આઝાદીના ઈતિહાસ પછી પહેલી વખત સમગ્ર જિલ્લો કોઈ તાલુકો નહિ સમગ્ર સાબરકાંઠા જિલ્લાની પ્રજાની વાત કરુ છું. ૧૫મી ઓગષ્ટના દિવસે ભવ્ય માહોલનું વાતાવરણ સર્જાયું હતું કે હિંમતનગરની સમગ્ર બજારોમાં રાત્રીના ૧૨-૦૦ વાગ્યે પ્રજા સમાતી નહોતી. તે વખતે માનનીય રમણભાઈ પણ હતા. માનનીય મુખ્યમંત્રીશ્રી રોડ ઉપરથી નીકળ્યા ત્યારે હિંમતનગરમાં આપે જોયું હશે. આપે હિંમતનગર જોયું છે. આ શહેરનો એક પણ રસ્તો એવો નહોતો કે એ રસ્તા ઉપર ખીચો ખીચ પ્રજા ભરાયેલી ન હોય. એટલે આ સરકાર અને આ માનનીય મુખ્યમંત્રીશ્રીના આવ્યા પછી પ્રજામાં આવા રાષ્ટ્રીય તહેવારોમાં રસ વધ્યો છે. એ પહેલા સાહેબ પ્રજામાં રાષ્ટ્રીય તહેવારોમાંથી રસ ઓછો થતો જતો હતો. લોકોને એમ હતું કે સ્વતંત્રતા પર્વ એટલે ફક્ત સરકારી ઉજવણી હોય, સ્કૂલના બાળકો એની ઉજવણી કરે અને સરકારી અધિકારીઓ એમાં હોય. એના બદલે પ્રજાને એમાં આમેજ કરીને પ્રજામાં જીવંતતાનું વાતાવરણ ઊભું કર્યુ છે એ ખૂબ જ આવકારદાયક બાબત છે. આગામી વરસોમાં એના પરિણામે પ્રજાને એક અનુભૂતિ થવી જોઈએ લોકશાહી શું છે, સ્વરાજ્ય શું કહેવાય એનો પ્રત્યક્ષ અનુભવ રાષ્ટ્રીય

તહેવારોમાં ભાગ લેવાને કારણે પ્રજાને થાય છે, આ નજરે જોયું છે. ૧૫મી ઓગષ્ટના દિવસે સવારે ૯-૦૦ વાગ્યે હિંમતનગરના નવા સ્ટેડિયમ ઉપર ધ્વજ વંદન થઈ રહ્યું હતું ત્યારે એક લાખ લોકોની હાજરી હતી. જેમાં સમાજનો સામાન્ય વર્ગ, મજૂર વર્ગ, મહિલાઓ તથા સામાન્ય પરિવારના લોકો હતા. એમને એમ થયું કે આ રીતે ઉજવણી થઈ શકે? બીજાને આ ન ગમતું હોય પરંતુ ઉજવણીના કારણે પ્રજાને એક જાતના સ્વરાજ્યનો સાચા અર્થમાં અનુભવ થયો છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી દિર્ઘદ્રષ્ટિવાળા છે, જેની પાસે વિઝન છે, એના લીધે આ વર્ષના બજેટમાં ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થાય છે તે માટેનું આ ૨૦૦૬-૦૭ના વર્ષમાં આયોજન કર્યુ છે. સન ૨૦૧૦ની સાલમાં ગુજરાતનો ઇતિહાસ, વહીવટી ઇતિહાસ અને ગુજરાતની વિકાસયાત્રા છે. તેને માટે અત્યારથી જો આયોજન કરવામાં આવે. એ વખતે ઠરાવ થાય તો સાચી માહિતી ન મળે. એ માટેની ડોકયુમેન્ટ, એવીડન્સ જોઈએ તે ન મળે. તેને બદલે અત્યારથી, ચાર વર્ષ અગાઉથી તેનું આયોજન કરીને તેમણે પોતાની દીર્ઘદ્રષ્ટિનો પરિચય આપ્યો છે. સાથે સાથે ગુજરાતના જે પ્રભારી સચિવો છે તેમને જિલ્લે જિલ્લે મોકલીને ૨૦૦૫ની સાલમાં કુલ ૧૨૬ લોકપ્રશ્નો હાથ ધરીને તે પૈકી ૧૨૦ પ્રશ્નોનો નિકાલ કર્યો છે. ગુજરાતના સચિવોએ ગ્રામસભામાં હાજરી આપી હોય એવો ગુજરાતના ઈતિહાસમાં પહેલો પ્રસંગ છે. ગુજરાતમાં ગ્રામસભામાં સચિવ કક્ષાએ અધિકારીઓ ગયા તેમાં ૧૭,૨૦૨ પ્રશ્નો રજૂ થયા. તે પૈકી ૧૨,૬૦૩ પ્રશ્નોનો એટલે કે ૭૫ ટકા પ્રશ્નોનો તેમણે નિકાલ કર્યો છે. સૌથી અગત્યની વાત સ્વાગત ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ છે. આ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં જે ફરિયાદોનો નિકાલ થયો, ડિસૅમ્બર-૨૦૦૫ના અંત સુધીમાં ૭૨૨ ફરિયાદો મળી, તેમાંથી ૬૨૮ ફરિયાદોનો નિકાલ થયો છે. આનાથી એક વાત હું એ આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે આ ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમથી સરકારના વિવિધ ખાતાના અધિકારીઓને સતત ભય રહે છે. જે પ્રશ્નોનો જિલ્લા લેવલે નિકાલ થતો નથી, અનેક વખત અધિકારીઓને રજૂઆત કરવા છતાં પ્રશ્નોનો નિકાલ ન આવતો હોય તો તે પ્રશ્ન એ અરજદાર આ કાર્યક્રમમાં રજૂ કરે તો અધિકારીને સતત ભય રહે છે કે સી.એમ. લેવલે આ પ્રશ્ન જશે, હું શું જવાબ આપીશ. તેના કારણે વહીવટી તંત્રમાં ગતિશીલતા આવી છે તેમ કહું તો ખોટું નથી. તાલુકા કક્ષાના કાર્યક્રમો, જનસંપર્કના કાર્યક્રમો હોય તેમાં અત્યાર સુધી જિલ્લાના પ્રભારી મંત્રીશ્રીઓ અને પ્રભારી સચિવશ્રીઓએ લગભગ ૯૮ જેટલા તાલુકાઓમાં સપ્ટેમ્બર-૨૦૦૫ સુધીમાં જે જનસંપર્ક કાર્યક્રમનું આયોજન કરે છે તેમાં ૧,૩૦૨ પ્રશ્નો રજૂ થયા. તેમાં ૧,૨૯૬ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો.

સૌથી અગત્યની વાત જ્યારે ચિંતન શિબિર મળી. ત્રણ ચિંતન શિબિરો અત્યાર સુધીમાં મળી છે. સૌથી પહેલી ચિંતન શિબિર કેવડીયા કૉલોની ખાતે મળી, તેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ અધિકારી વર્ગ હતો તેને દર્દભરી અપીલ કરી કે તમે તમારા જિલ્લા અને તાલુકાઓમાં એક શાંતિ સુખાય પ્રોજૅકટ તમને જે અનુકૂળ આવે તે પ્રજાલક્ષી પ્રોજૅકટ હાથ ઉપર લો અને પૂર્ણ કરી બતાવો. તેના ખૂબ સારા પરિણામો આવ્યા છે. તેમાં જિલ્લા કક્ષાના ૮૦ પ્રોજૅકટો અને તાલુકા કક્ષાના ૩૦૭ પ્રોજૅકટો હાથ ધરવામાં આવ્યા હતા અને ૧૦૦ ટકા પૂર્ણ થયા છે. એ એક મોટામાં મોટી સિદ્ધિ છે. આવા પ્રોજૅકટો પૈકી જે સારા પ્રોજૅકટ હોય તે અધિકારીને પ્રથમ, બીજું અને ત્રીજું એવા ત્રણ ઈનામો આપવા. ઉત્તમ કક્ષાના ત્રણ પ્રોજૅકટોને પુરસ્કાર આપવાની યોજના પણ રાજય સરકારે અમલી બનાવી છે. જેમાં ૨૫,૦૦૦ રૂપિયા અને પ્રશસ્તિપત્ર આપવાનું ઠરાવ્યું છે.આ અંગેની દરખાસ્તો પણ જે તે જિલ્લામાંથી માગવામાં આવી છે. આગામી દિવસોમાં આ કામ થશે.

ગુજરાતમાં કર્મચારીઓની સર્વાંગીપણે મોજણી થઈ. તેમાં પહેલી વખત ગુજરાતના બધા કર્મચારીઓની વિગતો એકત્ર કરવામાં આવી છે. તેના આધારે અગાઉ વાત કરી તેમ વહીવટી સુધારણા માટે જે સૂચન કરે, સામાન્યમાં સામાન્ય કર્મચારી પાસેથી સૂચનો લઈને જિલ્લા અને તાલુકા કક્ષાએ તેની વિચારણા થઈ રહી છે. સૌથી ઉત્તમ સૂચનો રાજય સરકારને પ્રાપ્ત થશે તેને પુરસ્કૃત કરવાની યોજના પણ રાજય સરકારે અમલમાં મૂકી છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જે માહિતી આપવાના અધિકારની વાત કરતા હતા, કેન્દ્ર સરકારે કાયદો બનાવ્યો તેને આનુષાંગિક રાજય સરકારે રાજય માહિતી આયોગની રચના કરી છે.તા. ૧૨-૧૦-૨૦૦૫થી ગુજરાતમાં પણ તેનો અમલ કર્યો છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આઝાદીની ચળવળમાં જે સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભાગ લીધો હોય તેમને પણ પેન્શન આપવાની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ તેઓને અને તેમના આશ્રિતોને કુલ ૫૩૭ જેટલા સેનાનીઓને અને ૨૭૯ જેટલા આશ્રિતોને માસિક રૂપિયા ૧૫૦૦નું પેન્શન સમાન દરે અને ૪૪ ટકા મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે. સ્વાતંત્ર્ય સેનાનીઓની માંદગીના પ્રસંગે કે એમની દીકરીના લગ્ન પ્રસંગે એક વખત ૨૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે અને મૃત્યુના પ્રસંગે ૨૦૦૦ની સહાય આપવાની યોજના અમલમાં છે. નવ નિર્માણના આંદોલનમાં જે લોકોએ ભાગ લીધેલો એવા અને એમના ૨૬ જેટલા આશ્રિતોને ૧૦૦૦ રૂપિયાનું પેન્શન સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આપવામાં આવે છે. એ ઉપરાંત દીવ, દમણ અને ગોવાના મુકિત સંગ્રામમાં ભાગ લેનાર સેનાનીઓને અને એમના ૧૨૭ જેટલા આશ્રિતોને ૧૫૦૦ રૂપિયાનું પેન્શન આપવાની યોજના અમલમાં છે. સામાન્ય વહીવટ વિભાગમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ૨૦૦૨-૦૩થી ૨૦૦૫-૦૬ના અંત સુધીમાં જુદા જુદા વિકાસના કામો થયાં છે. એમાં કુલ ૮૧૮૩૬ વિકાસના કામો થયા છે અને આ યોજનાની શરૂઆતથી કુલ ૧ લાખ ૪૩ હજારથી વધુ કામો જુદા જુદા શાળાના વર્ગખંડો બાંધવા, બંધ પડેલી

પાણી પુરવઠાની યોજના, પી.એચ.સી. સેન્ટરની મરામત, પેટા કેન્દ્રની મરામત આ બધા મળીને કુલ ૧ લાખ ૪૩ હજાર જેટલાં કામો થયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે પહેલી વખત અતિ પછાત તાલુકાઓ હતા એનો જે અભ્યાસ કરવા માટેની સમિતિ નીમી છે અને એ સમિતિ દ્વારા ૨૦૦૬-૦૭માં ૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે અને ૩૦ નવા તાલુકા એના નોર્મ્સના આધારે નક્કી કરવામાં આવ્યા છે. મેં વાત કરી એમ કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિમાં સરકારે એક નીતિ નક્કી કરી છે અને કર્મચારીઓની ૩ સમિતિ, જિલ્લા કક્ષાની, તાલુકા કક્ષાની અને રાજય લેવલે રાજય કક્ષાની સમિતિ. આ ૩ સમિતિઓ જેમાં કર્મચારીઓ માટે અખિલ ભારતીય સ્પર્ધાઓ, મુલ્કી રમત-ગમત સ્પર્ધાઓ, આંતર રાજય રમત-ગમત સ્પર્ધાઓ, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક મહત્ત્વની વાત. બિન નિવાસી ભારતીયો જે ગુજરાતની ભાષા અને સંસ્કૃતિ અને એના સંસ્કારો સાથેના સંબંધો જળવાઈ રહે એ માટે બિન નિવાસી ભારતીય પ્રભાગ અને ગુજરાત બિન નિવાસી પ્રતિષ્ઠાનની રચના કરી છે અને સમગ્ર વિશ્વમાં ફેલાયેલા લગભગ ૩૫૦ જેટલા મંડળોનો ડેટા બેઝ બનાવેલ છે અને એને ધ્યાનમાં રાખીને એક વેબસાઈટ પણ તૈયાર કરવામાં આવી છે, જેને ખૂબ સારો પ્રતિભાવ મળ્યો છે. બિન નિવાસી ભારતીયોના એમાં ઈ-મેઈલ આવે છે, એના એને એ જ દિવસે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જવાબ આપવામાં આવે છે. એમની મુશ્કેલીમાં ખાસ કરીને કસ્ટમ અને વિદેશ મંત્રાલયને લગતા પ્રશ્ન છે એ અંગે પૃચ્છા કરવામાં આવે છે અને એનું તાત્કાલિક નિરાકરણ થાય એવા પ્રયત્નો સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવામાં આવે છે. ગુજરાત બહાર વસતા ગુજરાતીઓના સમાજ ભવન બાંધવા માટે આર્થિક સહાય આપવાની યોજના રાજય સરકારે બનાવી છે. જે શહેરની વસ્તી ૧૦ લાખથી વધારે હોય તેમને ૧૦ લાખ રૂપિયા અથવા ૨૫ % જે ઓછું હોય તે અને જે શહેરની વસ્તી ૧૦ લાખથી ઓછી હોય તેમને ૫ લાખ રૂપિયા અથવા ખર્ચના ૨૫ % જે ઓછું હોય તે સહાય આપવામાં આવે છે. ૨૦૦૫માં ગુજરાતી સમાજ ભોપાલને મધ્યપ્રદેશમાં ૧૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે, ગુજરાત સમાજ ઉદેપુર, રાજસ્થાનમાં ૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા છે અને દક્ષિણ ભારતીય ગુજરાતી સેવા ટ્રસ્ટ કન્યા કુમારી, તામિલનાડુને ૧૦ લાખ રૂપિયાની સહાય રાજય સરકારે ચૂકવી છે. એની સાથોસાથ વતન સેવા જે પુસ્તિકા છે, ગુજરાતીઓને રાજયના વિકાસની યોજનાઓની માહિતી સરળ રીતે ઉપલબ્ધ થાય અને પોતાનો ફાળો આપી શકે એવી સંકલિત પુસ્તિકા "વતન સેવા" પ્રકાશિત કરવામાં આવી છે. ગુજરાત કાર્ડ યોજના પણ અમલમાં મૂકી છે. ગુજરાતના વિદેશોમાં વસતા બિન નિવાસી ગુજરાતીઓને વિશેષ અધિકારપૂર્વક ગુજરાત સરકાર સાથેના એમના નિયંત્રણ હેઠળની સંસ્થાઓ, એમાં માહિતી અને વિચારોનું આદાન-પ્રદાન થાય. (સમય સૂચક ઘંટડી) હું ૨ મિનિટમાં મારી વાત પૂરી કરું છું. એક ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિમંડળ અન્ય રાજયોની મુલાકાતે ગયું હતું એના ખૂબ સારા પરિણામો આવ્યા છે. મારે એ કહેવું છે કે માનનીય વિરોધપક્ષના મિત્રે રજૂઆત કરેલી અને ખાસ કરીને મુખ્યમંત્રીશ્રી વિશે જે આડકતરી પરોક્ષ રીતે ટીકા કરી હતી એના માટે મારે એવું કહેવું છે કે આ સરકાર કર્મણ્ય વાધિકારસ્તે મા ફલેષુ કદાચન, એ રીતે જે કામ કરી રહ્યા છે ત્યારે મને કહેવા દો કે-

મુખ્યમંત્રીશ્રી તુમ કહેતે નહીં કેવલ કરતે હો
તુમ ઈચ્છા નહીં જીવન આશ હો,
તુમ આકાંક્ષા નહીં કેવળ પ્રેરણા હો,
તુમ કામના નહીં ત્યાગ કે રાહી હો,
તુમ અશક્તિ નહીં અનાશકત પ્રેમી હો.
આ વાત સાથે મારી વાતને પૂરી કરુ છું. અસ્તુ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર હું સૂચનો કરવા ઉપસ્થિત થયો છું. આજે વિશ્વ એકવીસમી સદીમાં કદમ મિલાવતું હોય, દુનિયાના તમામ દેશો જયારે પ્રગતિ કરતા હોય, ભારતમાં પણ દરેક રાજયોની હરીફાઈથી પ્રગતિ ચાલતી હોય અને આપણે એમ કહેતા હોઈએ કે આજે ગુજરાત નંબર વન છે માટે મારે એ વાત કરવી છે કે વિજ્ઞાન પ્રવાહમાં ટેકનોલોજીમાં જે બજેટ હતું એ ૨૦૦૫-૦૬ની અંદર ૧૩૪ કરોડ હતું અને જયારે કદમ મિલાવવાના હોય, એકવીસમી સદીમાં ત્યારે ચોક્કસ એમાં વધારે આનંદ થાય કે ગુજરાત આગળ વધશે પણ આજે દુ:ખ સાથે કહેવું પડે કે ૨૦૦૬-૦૭ની અંદર ૧૧૭ કરોડ રૂપિયા એટલે ૧૭ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે અને આજે આપણે નંબર-૧ની વાત કરતા હોઈએ અને એમાં ઘટાડો થાય ત્યારે ખરેખર સ્વીકારીને ચાલવું પડે કે આપણે ઘટાડયું છે. તેવી જ રીતે જ્યારે આના દ્વારા જે કાર્યક્રમો કરવામાં આવતા હોય છે, સ્વાગત ઓન લાઈન, ટેલી ફરિયાદ, ઈ ધારા ઈ-ગવર્નન્સ, જીસ્વાન, નેટવર્ક ગામડા સુધી લઈ જવા છે, મોટી મોટી જાહેરાતો થાય આજે ૬૫ થી ૭૦ ટકા લોકો જ્યારે ગામડામાં રહેતા હોય ત્યારે આ લાભ કોને થવાનો છે, કયા લોકોને લાભ થવાનો છે, ગામડામાં શું આજે આપણે સ્વાગત ઓન લાઈનનો ઉપયોગ કરી શકીએ છીએ ખરા? આપણે મોટી મોટી જાહેરાત ચોક્કસ કરતા હોઈએ છીએ પણ ગામડાના નામે એની અંદર પણ ફરિયાદો આવતી હોય છે. હમણાં જ સિનિયર સભ્ય ચાવડા સાહેબ કહેતા હતા કે આની અંદર જે ફરિયાદો આવે છે એમાંથી કેટલા ટકા નિકાલ થાય છે એ એક પ્રશ્ન છે. આજે એમની

બીજી જાહેરાત હતી કે satellite દ્વારા ગુજરાતના દરેક ગામડામાં micro water shed વિસ્તાર અંકિત કરી નકશા અને સી.ડી. દરેક ગામડામાં ઉપલબ્ધ કરાશે. મારે આજે પૂછવું છે કે ગામડાની અંદર આપણે કૉમ્પ્યુટર આપ્યું છે આજે એની અંદર જયાં તલાટીશ્રીઓને આપણે તાલીમ આપી શકયા નથી. અને એની અંદર ગામડામાં ૭-૧૨ અને ૮-અનો ખાલી એક સામાન્ય ઉતારો લેવા જાય છે અને એ ઉતારાની અંદર જ્યારે મુશ્કેલી ઉભી થતી હોય ત્યારે આજે ૬૫ ટકાથી વધારે લોકો ત્યાં આગળ રહેતા હોય અને મેં જે રીતે અનુભવ્યું છે એ પ્રમાણે ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં ૨૦૦ રૂપિયા જ્યારે ખર્ચ આવતો હોય ત્યારે ખરેખર આ કૉમ્પ્યુટર યુગની અંદર જે રીતની ગોઠવણી કરવામાં આવતી હોય છે, જે રીતે ધક્કા ખાવા પડતા હોય છે તો મને લાગે છે કે કૉમ્પ્યુટરની આવી સ્થિતિ છે તો આટલા સમયમાં કેવી રીતે કરાશે? કદાચ એને તાલીમ આપી અને ઉપયોગી થાય તો લાગે કે ખરેખર આપણે એકવીસમી સદી માં ચોક્કસ જવાના છીએ.

ત્રીજો મુદ્દો એમનો એવો છે ઈન્ફરમેશન, ટેકનોલોજી, સ્પેશિયલ ઈકોનોમી ઝોનનું આયોજન અમે કરાવીએ છીએ. આજે મારે પૂછવું છે કે આપણે ચોક્કસ દરખાસ્ત અંદર કરી દેતા હોઈએ છીએ. આ રાજય સરકારને પૂછવાનું મન એટલા માટે થાય કે કમસે કમ આ યોજના આપણે કેન્દ્ર સરકારને મોકલી હોત તો લાગતું કે સરકાર એ કરવા માગે છે. ચૂંટણીઓ આવે એટલે જાહેરાતો થાય અને એનું આયોજન પૂરું કરી શકાય. માત્ર કેન્દ્રમાં મોકલ્યું હોત તો થાત કે મોકલ્યું છે. હમણાં જ બહેનશ્રી પણ વાત કરતાં હતાં, વિપક્ષના નેતાશ્રી પણ વાત કરતા હતા કે, પ્રવાસન ક્ષેત્રને વેગ આપશે. ગુજરાતને પર્યટન સ્થળ બનાવવા માટે રાજય સરકાર દ્વારા ચોક્કસ સારા પ્રયત્નો થયા પણ આપણા તમામ અધિકારીશ્રીઓ વિશ્વ સાથે કદમ મિલાવી ગુજરાતને વેગવંતું બનાવે એનું આયોજન કરે. વર્ષ ૨૦૦૫-૦૬માં ૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે એની જાહેરાત ગમે તેટલી થાય પણ આજે સ્થિતિ એવી છે કે વર્ષ ૨૦૦૬-૦૭ માં ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૨ કરોડ રૂપિયાનો એના અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. ટેકનોલોજીની વાત સાથે હાથ મિલાવવાની વાત કરીએ અને બજેટમાં દરેક યોજનાઓમાં પૈસા ઘટાડતા હોઈએ ત્યારે દુ:ખ થાય. ઈ-ગવર્નન્સ બનાવવા માટે સચિવાલય ડેટા સેન્ટર ઊભું કરવાની વાત થઈ. ૨૦૦૩-૦૪માં જોગવાઈ કરવામાં આવી પણ એક રૂપિયો પણ ખર્ચ કરવામાં આવ્યો નહીં. આજની દ્રષ્ટિએ નાનામાં નાની સી.ડી. કે મોટામાં મોટી સી.ડી. હોય, દુનિયામાં કમ્પ્યુટર અગત્યનું હોઈ ચોક્કસ એમાં ડેટા રાખી શકાય. ૨ કરોડ રૂપિયા ફાળવાય પણ એક પણ રૂપિયો વાપરવામાં આવે નહિ એ બરાબર નથી. વર્ષ ૨૦૦૪-૦૫માં ૪ કરોડનો અંદાજ મૂક્યો હતો તે ઘટાડીને વર્ષ ૨૦૦૬-૦૭ માં માત્ર ૫૦ લાખનો અંદાજ મૂકવામાં આવ્યો છે. શું ગુજરાતમાં ડેટા સેન્ટરની જરૂર નથી? આજની સ્થિતિએ આપણા ડેટા સેન્ટરની બીજા રાજ્યોની મુલવણી કરતા હોઈએ ત્યારે ૨ કરોડ અને ૪ કરોડની જોગવાઈ કરી ત્યાર પછી આજે ૫૦ લાખ કરી દીધા છે. મને લાગે છે કે ગુજરાતમાં ફરીથી જે વાતો થાય છે અને જે સ્થિતિ નિર્માણ થઈ છે એ ગુજરાતને કઈ હદે આ સરકાર લઈ જવા માગે છે એ તો સરકાર જ જાણે. ૬૧ માળનો આઈ.પી. ટાવર, મોટામાં મોટો ટાવર, મોટા મોટા લોકો ફરે. ઘણી વાર એવું થાય કે આપણે જાપાન અને ચીનના સાથે કદમ મિલાવવાની વાત કરતા હોઈએ, આયોજન કરતા હોઈએ ત્યારે આજની સ્થિતિએ રૂપિયા ૮.૨૦ કરોડના ખર્ચે ઊભો કરવા માગીએ છીએ. અગાઉ મેં કહ્યું છે એ રીતે જે રીતે પૈસા મૂક્યા છે એના માટે નિરંતર યોજના થાય તો આ ટાવર થાય અને ક્યારે ઊભો થશે એનો સમય નક્કી કરે તો ચોક્કસ લાગે કે આટલા સમયમાં થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી શક્તિનું ધોરણ ઊંચું લાવવા માટેની સરકાર વાતો કરે છે. ૨ કરોડ રૂપિયાનો અંદાજ કરવામાં આવ્યો છે. પણ આજ સુધીમાં એક પણ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો નથી. ૨ કરોડ ન વાપર્યા પણ આ વખતે ૨ કરોડના બદલે વર્ષ ૨૦૦૬-૦૭માં ૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અમારા ઉત્તર ગુજરાતમાં ૪૦૦ કમ્પ્યુટરો આપવાની વાત થઈ છે એના માટે ચોક્કસ મને આનંદ થાય. હું એને આવકારું છું. એના માટે ૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈઓ માત્ર જોગવાઈઓ જ ન રહે અને કમ્પ્યુટરો ખરા અર્થમાં પૂરા પાડવામાં આવે અને એનો સદુપયોગ થાય, એને તાલીમ અપાય, એવા લોકો પાસે એનો ઉપયોગ કરાય કે જેના કારણે ગામડું વિશ્વ સાથે કદમ મિલાવી શકે. વિશ્વ બજાર સાથે જોડાઈ શકે. ૨૦૦૮માં કેવો વરસાદ પડવાનો છે એનો ડેટા મળી શકતો હોય, પાક અને વેપાર કેવો રહેવાનો છે એનો ડેટા મળવાનો હોય ત્યારે કમ્પ્યુટર યુગમાં ઉત્તર ગુજરાત પણ જોડાય એ જરૂરી છે. ખાલી નમૂના રૂપે પડ્યા ન રહે એ જોવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી કૌશલ્ય નિર્માણ કેન્દ્ર માટે ૨૫ લાખની જોગવાઈ કરી હતી પણ એનો ખર્ચ કરવામાં આવ્યો નથી. ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં વહેંચણી અને ખર્ચ એ આખી સિસ્ટમ જુદી છે. વર્ષ ૨૦૦૪-૦૫માં ૫ કરોડ રૂપિયા ફાળવ્યા હતા એની સામે ૧.૩૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૦૫-૦૬માં ૫ કરોડ ફાળવ્યા હતા એની સામે ૩ કરોડ ખર્ચ કરવામાં આવ્યો અને વર્ષ ૨૦૦૬-૦૭માં ૫ કરોડ રૂપિયા ફરીથી ફાળવ્યા છે. આજની સ્થિતિએ સરકાર આટલા મોટા બજેટની વાત કરતી હોય અને પૈસા ફાળવાતા હોય ત્યારે મારે કહેવું છે કે, માત્ર વાસ્તવિકતાથી આપણે નંબર વન થઈએ?(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ૧૨-૦૫ બંધ કરવાનું છે, તમારી બાજુ ૫-૬ સભ્યશ્રીઓ અને આ બાજુ પણ ૬ સભ્યશ્રીઓ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ૧૨-૦૫ એ કેવી રીતે? સાહેબ, એક કલાક તો તો પછી અમારે કશું બોલવાનું છે જ નહિ? એક કલાક મંત્રીશ્રીઓના ફાળે જાય તો અમારા ભાગે શું આવવાનું છે?

**અધ્યક્ષશ્રી** : બે મંત્રીઓ છે એટલે ૨૫-૨૫ મિનિટ તો જાયને?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : એક વિભાગની અંદર મંત્રીશ્રીએ જવાબ આપવો જોઈએ, તો તો પછી અમે બોલ નથી શકવાના.

**અધ્યક્ષશ્રી** : ચાલુ કરો, બે મિનિટ બાકી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : બાકી બધાના ભાગમાં એવું જ થવાનું, એક મંત્રીશ્રીએ કહેવું જોઈએ. નહિ તો કલાક ત્યાં જાય અને કલાક રજાનો જાય તો આમાં માગણી પર બોલવાનો સમય જ નહિ આવે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : તમે સાંભળતા નથી, એમાં બીજી કોઈ વાત આવતી નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માત્ર મારે ખાસ કરીને સામાન્ય વહીવટ વિભાગની વાત કરવી હતી, અમારા નેતાશ્રી એક વાત ચોક્કસ કરતા ગયા છે અને આ વિભાગ પર ઘણું બધું કહી શકાય પણ સમયના કારણે એકવાત ચોક્કસ કહું છું કે આજના જે અધિકારીઓ મેં પણ આઈ.એ.એસ., આઈ.પી.એસ. અધિકારીઓ જોયા છે કે આજે જે સિસ્ટમ ઊભી થઈ છે પ્રોટોકોલના નિયમો બાબતમાં ના જાણે કઈ સરકારના, ક્યા ડરથી, કઈ પ્રકૃતિથી કામ કરતા હોય છે? અમારા તાલુકામાં, અમારા મત વિભાગમાં પ્રોગ્રામ હોય અને છતાંય મંત્રીશ્રી આવતા હોય, એનું ઉદ્‌ઘાટન થતું હોય, કાર્ડમાં બધા જ લોકોના નામ લખાય અને ધારાસભ્યશ્રીનું નામ ના લખાય એના બાબતમાં મેં ફરિયાદ નોંધાવી. એક નહિ ચાર-ચાર ટપાલો મોકલવામાં આવે અને ચાર-ચાર કાર્યક્રમો થતા હોય તો ખરેખર આનો ઉકેલ ના આવે એ દુ:ખદ બાબત છે. ખરેખર આ વિભાગની અંદર જે સિસ્ટમ છે એ ખરેખર દુ:ખદ છે.

માહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ માટે જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રીઓ જે આવ્યા છે એમાં હું સંમત થઈ શકતો નથી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની આજે માગણીઓ લઈને આવ્યા છે એ માગણીઓના સમર્થનમાં બોલવા માટે હું ઊભો થયો છું.

પ્રથમ તો મા નર્મદાને વંદન કરીએ. મા નર્મદાના નીર આજે ગામડા સુધી પહોંચે. મા નર્મદા ગામડાની જીવાદોરી છે ત્યારે આજે ગામડામાં તો ડેમની ઉંચાઈ વધારવાનો નિર્ણય જે ઓથોરિટીએ લીધો છે તેનાથી ગામડામાં આનંદ-ઉત્સવનું વાતાવરણ છે. મારે વાત કરવી છે સામાન્ય વહીવટ વિભાગ પર હમણાં વિરોધપક્ષના નેતા બોલી રહ્યા હતા અને સામાન્ય વહીવટ વિભાગ પર બે-ચાર આક્ષેપો થયા હતા ત્યારે મારે ખુલાસો કરવો છે. સરસ્વતી મહાસંગમની વાત કરતા હતા. વિરોધપક્ષના નેતાએ આ કાર્યક્રમની અંદર એમણે કહ્યું કે કલેકટરશ્રીઓને ફરજ પાડવામાં આવી હતી કે સાધુ-સંતોને લઈ આવવાના આક્ષેપો કરે ત્યારે મારે એમને કહેવું છે કે આ સરસ્વતી મહાસંગમ કાર્યક્રમ એ ધાર્મિક મહાત્મ્યનું પર્વ હતું. સરકારના આ કાર્યક્રમ સાથે સ્થાનિક વહીવટીતંત્રને તો એવો આદેશ કર્યો હતો કે જે ધાર્મિક સંતોને નિમંત્રણ આપ્યું છે એમને રસ્તે મુશ્કેલી કે અગવડતા ના પડે અને એ રીતે માન-સન્માનપૂવક લાવવા માટેની સૂચના આપી હતી ત્યારે આવી અવળી રીતે રજૂઆત કરે તે વાજબી નથી. હમણાં સ્વ. રાજીવ ગાંધીને યાદ ર્ક્યા, અર્જુનભાઈ સારી વાત છે. ક્રાંતિની વાત કરી, પરંતુ એમણે જે જાહેર ભાષણમાં બોલ્યા હતા એ યાદ ના કર્યુ. દિલ્હીથી એક રૂપિયો મોકલે અને એમના શાસનમાં ૧૫ પૈસા પહોંચતા હતા એની એમણે વાત ના કરી.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટમાં એમણે ચૂંટણીની વાત કરી. ચૂંટણીના મશીનોમાં ગોલમાલ. સરકારના સામાન્ય વહીવટ પર આક્ષેપો કર્યા. મશીનો નહોતા તાલુકા-જિલ્લા પંચાયતમાં તો બેલેટ પેપર હતા, આમાં કયાં ગોલમાલ થાય. મારામારી, ખૂનામરકીની વાત, તો આ સરકારે શાંતિપૂર્ણ રીતે ઈલેશકન પૂરું કર્યુ છે અને હાર ના પચાવી શકતા હોય ત્યારે એમણે તો માત્ર ઈલેકશન પીટીશન કરીને, કોર્ટોની અંદર જઈને સંતોષ માનવા ખાતર કાગળિયા કર્યા માટે આ આક્ષેપો પણ વાહિયાત છે.

બીજી વાત કરી, શેરીઓમાં જે દિવસે જવું પડશે ત્યારે ખબર પડશે. આવા આક્ષેપો અર્જુનભાઈએ કર્યા. મારે એમને કહેવું છે કે તાજેતરમાં સાગમટે બેય પક્ષો શેરીઓમાં જઈ આવ્યાં. ગામડાંમાં જઈ આવ્યા, શહેરમાં જઈ આવ્યા. પરિણામ આખા દેશ અને આખી દુનિયાએ નિહાળ્યું.

સામાન્ય વહીવટ વિભાગની વાત કરું તો ભૂતકાળમાં દરેક સરકારે નાના મોટા વિકાસની વાતો કરી છે પરંતુ વર્તમાન ગુજરાત સરકારે વિકાસની હરણફાળ ભરી છે. ભૂતકાળમાં દુષ્કાળના દિવસો જોયા છે. વાવાઝોડા, ચક્રવાત જોયા છે. ધરતીકંપના મોત અને વિનાશના તાંડવ અને ચોમાસાના પુર પણ જોયાં છે. આવા દિવસોમાં અમારી સરકાર સાંગોપાંગ પાર ઉતરી છે વિઘ્નમાંથી. ગામડામાં અનેક ભાઈ ભાંડુનાં આંસુ લૂછવામાં આ સરકાર પાછી નથી પડી. મારે કહેવું પડે કે જગત આખાને નોંધ લેવી પડે એવું પ્રજાકીય પીઠબળ ગુજરાતને મળ્યું છે. ગુજરાત રાજયની વાત કરું તો ૨૦૦૫ના ગત ચોમાસામાં અભૂતપૂર્વ વરસાદ પડયો. મારે મોનીટરીંગની વાત કરવી છે કે સરકારે કેવું મોનીટરીંગ કર્યું છે. દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાતના ૧૪ જિલ્લા અને ૮૦ તાલુકામાં પુરની અસર થઈ હતી. ચોમાસાનું ભયંકર પુર હતું. મુખ્યમંત્રીશ્રીએ તાબડતોબ દરેક મંત્રીશ્રી અને પ્રભારી સચિવની મિટિંગ

બોલાવી ૪ જિલ્લામાં વ્યવસ્થાનંત્ર ઉભુ કરી રાતોરાત ટીમ બનાવી જે તે જિલ્લામાં પુર રાહત કેન્દ્રો રાતોરાત શરૂ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ પ્રજાજોગ અપીલ કરી હતી ગુજરાતની પ્રજાને, ધાર્મિક સંસ્થાઓને કે આ સેવામાં કામે લાગે. આ પ્રજાજોગ અપીલને કારણે હું ગયો હતો દસ હજાર ફુડ પેકેટ લઈને અમદાવાદના રાહત કેમ્પ ઉપર લાઈન લાગી હતી. અપીલના કારણે કેવી કેવી ધાર્મિક સંસ્થાની વાત કરું. મહુડીમાં કહેવાય છે કે સુખડીનો પ્રસાદ એના મંદિરની બહાર નીકળતો નથી. લોકો કહે છે સાચી વાત છે. પરંતુ મહુડીથી આવેલ સુખડીની ટ્રકની લાઈન લાગી હતી. મેં નજરે જોયું છે. એમને બિરદાવતા આનંદીબેન એ જવાબદારી સંભાળી રહ્યા હતા. એક નાના કેમ્પના કન્ટ્રોલ રૂમની વાત કરું. ગામડાંનો સામાન્ય માણસ પટાવાળો ૩૫ રૂપિયા લઈને મારી નજર સમક્ષ ડોનેશન આપવા આવ્યો હતો. આનંદીબેને એનો સહર્ષ સ્વીકાર કર્યો અને આનંદની લાગણી વ્યકત કરી હતી. સરકાર વતી આભાર માનતા મેં જોયા છે. અમદાવાદના ગરીબમાં ગરીબ કહેવાય એવા વિસ્તારમાં લોકો, પતિ-પત્ની પણ બે બે કિલોની સુખડી લઈને રાહત કેમ્પમાં આપતા અમે જોયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ હૅલિકૉપ્ટરમાંથી નિરીક્ષણ કરી લોકોને કયાં જરૂર છે. મેં પણ ચાર દિવસ કન્ટ્રોલ રૂમમાં સેવા આપી હતી. મારા વિસ્તારમાં એ વખતે આ પુરની અસર નહોતી ત્યારે મને ખબર છે કે ઊભા ઊભા બે બે કલાકમાં રાંધેલા ફુડ પૅકૅટ હેલિકોપ્ટરમાં ભરી લોકો સુધી પહોંચાડતા હતા ગણતરીના કલાકોમાં. ગાંધીનગરથી ફોન આવે કે આ બે ગામમાં જરૂર છે તો તાત્કાલિક સેન્ટ્રલ કન્ટ્રોલ રૂમના આદેશનું પાલન ત્યાંના સ્થાનિક લોકલ વહીવટીતંત્ર તરફથી થતું હતું. મારે કહેવું છે કે જયારે આવી મોનીટરીંગની વ્યવસ્થા કરતા હોય મંત્રીમંડળમાં આની સુરક્ષા પણ થતી હતી. દુષ્કાળની વાત કરું તો દુષ્કાળ ખૂબ જોયા છે. મારા મત વિસ્તાર દેત્રોજમાં દુષ્કાળ પડયો હતો. અછત રાહતના કામ શરૂ થયા હતા. આજે પણ લોકો યાદ કરે છે. કારણકે અત્યાર સુધીમાં ન થયેલા કામો થયાં છે. અત્યાર સુધી પાણીના બોર બનાવવા હોય તો જિલ્લા પંચાયતમાં બે બે મહિના આંટા મારવા પડે. ત્યાં ચાર દિવસમાં બોરની રીંગ આવી છે. એક દિવસે મિટિંગ થઈ અને ચોથા દિવસે રીંગ આવે એવા દાખલા મારી નજર સમક્ષ મારા મત વિસ્તારમાં મેં જોયા છે. સરકારનું પૂરતું આયોજન અને સરકારનું પૂરતું ધ્યાન અપાતું હોય ત્યારે ભૂકંપની વાત કરું. મારા મત વિસ્તારમાંથી ભૂકંપમાં એક ટ્રક કચ્છમાં ગઈ હતી. સત્ય ઘટના સભાગૃહના ધ્યાને મૂકું છું. રાત્રે બે વાગે રોકી અમને એમ કે ચૅકીંગ ચાલે છે ટ્રકનો નંબર લખવા માટે ૨-૪ ભાઈઓ ઊભા હતા. ખાલી નંબર લખીને ટ્રકને જવા દીધી. સવારે આ ટ્રક ઉપર કોંગ્રેસનું સિમ્બોલ લગાડેલું હતું. આવી સેવા કરવાથી આ બાજુ નહીં બેસવા મળે, સાચી સેવા કરો તો જ આ બાજુ બેસવા મળે. (અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, સ્ટીકરો કોણે લગાડયા છે એ પહેલા યાદ કરે. અમે એવા સ્ટીકર નથી લગાડયા.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : સાચી વાત સાંભળવી પડે.

**અધ્યક્ષશ્રી** : બધા સાંભળે છે કહેવાની જરૂર નથી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઓન લાઈન ફરિયાદ નિવારણ સ્વાગત કાર્યક્રમની વાત કરું. ગામડાના છેવાડાના માણસની ફરિયાદ સાંભળવા માટે અને એનો સંતોષકારક નિકાલ થાય એ માટે રાજ્ય સરકારે, મુખ્યમંત્રીશ્રીએ વ્યવસ્થા કરી છે, એનું સંતોષકારક પરિણામ આવ્યું છે. એની વાત કરું તો મારા મત વિસ્તારની અંદર ડાંગરવાની અંદર એક ભાઈએ ગૌચરની અંદર દબાણ થયેલું, એની ફરિયાદ કદાચ તાલુકાના મામલતદારે નહિ સાંભળી હોય અને એણે ઑન લાઈનમાં પ્રશ્ન લઈને આની ફરિયાદ કરી. હજુ તો ફરિયાદ કરીને બસમાંથી નહોતા ઉતર્યા, ત્યાં તો તાલુકાના અધિકારીની ગાડીઓ ગામની અંદર પહેલા પહોંચી હતી. આ ઑન લાઈનની ફરિયાદનું પરિણામ છે. એ તો સ્વીકારવું પડે. ઑન લાઈનમાં ડિસેમ્બર ૨૦૦૫ ની સ્થિતિએ નોંધાયેલ ૭૨૨ ફરિયાદમાંથી ૬૮૮ ફરિયાદનો નિકાલ કર્યો, જે પ્રશંસનીય છે. ગામડાની અંદર જે સગવડતાઓ મળે છે, એટલી સગવડતાઓ માટે છેક છેવાડાના ગામડાં સુધી ગ્રામસભામાં સચિવ હાજરી આપે અને પ્રશંસનીય કામગીરી કરી છે. ઘણી બધી બાબતો કહેવી છે, પણ સમય આપો તો વાત કરું. મારે એટલું કહેવું છે કે સરકાર આટઆટલી કામગીરી કરતી હોય, આટઆટલી વિકાસની વાત, આટલી સત્ય ઘટનાએ વિકાસ થતો હોય તો વિપક્ષના ભાઈઑને વિકાસની વાત ગળે નથી ઉતરતી, તો મારી આપને નમ્ર અપીલ છે કે આપ માર્ગદર્શન આપો અને માર્ગદર્શન ન મળે તો માર્ગ અને દર્શન બંને આપો તેવી વિનંતી કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

સામાન્ય વહીવટ વિભાગ એટલે આ રાજ્યની કરોડ રજ્જુ ગણાય, એનો તમામ વિભાગો ઉપર કન્ટ્રોલ અને નિયંત્રણ ગણો તો આ વિભાગનો હોય છે. આ વિભાગની અંદર એકના એક અધિકારી ખૂબ લાંબા સમયથી એક જ જગ્યા ઉપર હોય અને બીજે જગ્યાએ ૫ વર્ષ કરતાં વધુ સમય હોય અને એની બદલી કરી નાખવા માટેના માહેર હોય તો આ વિભાગની અંદર લાંબા સમયથી જે અધિકારીઓ છે, એના કારણે આ સામાન્ય વહીવટ વિભાગના જે કોઈ સુધારાઓ હોય, એમાં કાંઈ થઈ શકતું નથી. આપના મારફત મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. આપણે ત્યાં

ગુજરાતના જે અધિકારીઓ છે, એને ગુજરાત એડમિનિસ્ટ્રેશન સર્વિસ, સચિવાલય કેડર અને આ બધાના પ્રશ્નો છે. એ વખતે અમે ૧૯૯૭ની અંદર એક ક્રાંતિકારી ગણાય એવો નિર્ણય વ્હાઈટ કૉલર ગણાય, એવા ઉચ્ચ અધિકારીઓને નહોતું ગમતું તેમ છતાં સચિવાલય કેડરના ફિલ્ડ વર્કની અંદર ૪ વર્ષ કામ કર્યું હોય અને સેક્રેટરી પદ સુધી પહોંચે એ સુધારો કર્યો, પણ પગાર ધોરણની અંદર હજુ સ્વીકૃતિ આપવામાં આવી છે ખરી? એ જ રીતે જે ગુજરાત એડમિનિસ્ટ્રેશન સર્વિસના જે અધિકારીઓ છે, મોટા ભાગના ગુજરાતીઓ આપણા છે, એમને વર્ષો સુધી એનો જે ટાઈમ સ્કેલ અન્ય રાજ્યોની અંદર પાંચ વખત વધારવામાં આવે છે. ગુજરાત પ્રગતિશીલ હોવા છતાં શા માટે વધારવામાં નથી આવતો? એના કારણે કેન્દ્રમાં પ્રતિનિયુક્તિ ઉપર આ અધિકારીઓ અન્ય રાજ્યના અધિકારીઓ જેમ જાય છે, એની બદલીમાં જી.એ.એસ. અધિકારીઓ જઈ શકતા નથી. એકી સાથે ૧૯૮૯ ની બૅચમાં ભરતી થયેલ જી.એ.એસ.ના અધિકારી અને જી.પી.એસ. અધિકારી પૈકી એ જી.પી.એસ.ના અધિકારી ડી.આઈ.જી. કક્ષાએ પહોંચી ગયા પણ જી.એ.એસ.ના અધિકારી ડેપ્યુટી કલેક્ટર તરીકે જ ફરજ બજાવે છે. આ જે અધિકારીઓ નિષ્ઠાપૂર્વક કામ કરે છે, એને ક્યાંક પોતાનું યોગ્ય સ્થાન મળે કે નહિ? અધિકારીઓને, જિલ્લા કલેક્ટરને, ડી.ડી.ઓ.ને શ્રેષ્ઠનું પ્રમાણપત્ર આપીએ છીએ. આ રાજ્યનું જે ગૌરવ છે એમને પદ્મશ્રીનો એવોર્ડ મળેલો. આપણી કેડરના એક અધિકારી, આઈ.એ.એસ. અધિકારી શ્રી કોહેલો ને રાષ્ટ્રપતિશ્રીએ પદ્મશ્રીથી તેઓના વહીવટ માટે સન્માનવામાં આવેલા અને આપણે માત્ર પોતાની પસંદગીના રાજય સરકારના કહ્યાગરા અધિકારીઓ હોય તેને જ ઘણી વખત પસંદ કરાય છે, મારે બધાની ટીકા કરવી, તેમાં યોગ્યતાના આધારે જે કલેકટર અને ડી.ડી.ઓ.ને પ્રમાણપત્ર મળ્યા હોય તેઓને હું મારા ધન્યવાદ આપું છું. પણ ઘણી વખત અમને એવો અનુભવ થયો છે કે માત્ર રાજય સરકારના કહ્યાગરા અને પ્રજાકીય જીવનની અંદરના એ અળખામણા અધિકારીને આની અંદર એવોર્ડ અપાઈ જતો હોય છે. આ એવોર્ડ પછી તેની પ્રસ્તુતિ થાય, જાહેરાતો છાપામાં થાય અને કોઈ ગામના સરપંચને જે તેને વખાણવામાં આવે તે રીતે પૈસા ખર્ચીને જાહેરાતો આપીને તેને વખાણવામાં આવે છે. પ્રજા વખાણે અને મેં કહ્યું તે પ્રમાણે આ કોઈ કેડરને નીચે ઉતારવા માટેની વાત નથી કરતો પણ આ મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે અને જે માગણીઓ લઈને આવ્યા છે તેની અંદર વહીવટની અંદર સુધારો થાય તે ખૂબ જરૂરી છે. સામાન્ય વહીવટ વિભાગે તેનો અમલ કરવાનો હોય છે. આજે સાહેબ લોકાયુક્તની જગ્યા કેટલા વખતથી ખાલી છે? જે તપાસ થઈ હોય, તેના રિપોર્ટ થઈ ગયા હોય અને તેની સામે જે પગલાં લેવાના હોય તેમાં કેટલો વિલંબ થાય છે તેની માનનીય મંત્રીશ્રી તપાસ કરે. જે અધિકારીઓ સામે પગલાં લેવા માટે નિર્ણય લેવાઈ ગયો હોય તેમની સામે મહિનાઓ સુધી, વર્ષો સુધી પગલો લેવાઈ ગયા અને તેમને કોઈ છાવરે છે તેની પણ તપાસ થવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આયોજનની અંદર ગયા વર્ષે જેટલી ગ્રાન્ટ હતી તેટલી જ આ વખતે ફાળવવામાં આવે છે. ૧૯૯૪માં જે વખતના તત્કાલિન નાણાંમંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ કહ્યું હતું કે સામાન્ય વહીવટ વિભાગ સૂચન મૂકે તો આયોજનના જે પ્લાનિંગના પૈસા છે તેમાંથી સાત ટકા જેટલી રકમ આપીશું. પણ આ સાત ટકા નહીં પણ આપણે ત્યાં તો બે ટકા પણ ફાળવાતા નથી અને તે વખતે પાંચ લાખ રૂપિયા ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ હતી તેમાં વધારો કરીને ૨૦ લાખ, ૨૫ લાખ મારા વખતે કરેલા તે પછી તેમાં ૫૦ લાખ સુધી થયા છે. આ વખતે જો સાત ટકાનું ધોરણ અપનાવવામાં આવે તો ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ તમે એક કરોડ રૂપિયા સુધીની સ્થાનિક વિકાસના કામોમાં આપી શકો. કારણકે ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટ મારફતે કેટલાક બજેટમાં ન આવી શકતાં કામો થઈ શકે છે. તેની માર્ગરેખા નક્કી કરેલી છે. ધારાસભ્યશ્રીઓ ઇચ્છે તે ઠેકાણે ન ખર્ચી શકતા અને જે માર્ગ રેખા નક્કી કરેલી છે, જે સિદ્ધાંત નક્કી કરેલા છે તે પ્રમાણે ખર્ચી શકાય તો સાચી દિશાની અંદર વિકેન્દ્રીત આયોજનની વ્યાખ્યા છે તે સાકાર થશે.

માનનીય અધ્યક્ષશ્રી સાયન્સ અને ટૅક્નૉલૉજીમાં ગયા વર્ષે ૯૦ કરોડ રૂપિયાની દરખાસ્તો થયેલી. તેમાં સુધારા પછી ૩૨ કરોડ થયેલા. તેમાં કંઈ આઈટમો નીકળી ગઈ છે. કારણકે આ રાજય સરકાર સાયન્સ અને ટૅક્નૉલૉજીને ખૂબ આગળ વધારવાની છે. અમે તેને હકારાત્મક લઈએ છીએ. કારણકે આ રાજયના કેટલાક પનોતા ધરતી પુત્રો વિશ્વભરની અંદર સાયન્સ અને ટૅક્નૉલૉજીની નવી નવી શોધખોળો માટે થઈને માહેર છે. અમારા નેતા માનનીય અર્જુનભાઈને જે કહ્યું તે પ્રમાણે જે જે ક્ષેત્રોના નિષ્ણાતો હોય તેમને બોલાવવા જોઈએ. આપણે ત્યાં બુદ્ધિજીવીઓના બે સંમેલનો થયા. ૧૯૯૭ની અંદર આપણે બે-ત્રણ દિવસનો વર્કશૉપ રાખેલો અને તે વખતના શ્રી એન.વિઠ્ઠલ અને તજજ્ઞોએ એક રિપૉર્ટ તૈયાર કરેલો. તે રિપૉર્ટના આધારે અત્યારે તેનો અમલ થયો છે ખરો? આપણે ત્યાં બુદ્ધિધનને આપણે બોલાવીએ ખરા પણ માત્ર મોટાઈ આપણે મેળવવા માટે. તેઓને મોટાઈ આપતી વખતે જો એમનું બહુમાન થશે તો એમની જે સિદ્ધિ છે તેની નોંધ લેશો તો આવતી પેઢીને તેમાંથી પ્રેરણા મળશે.

આજે એક માગણી આવી છે માહિતી અને પ્રસારણ વિભાગ તરફથી ફિલ્મ અંગેની. ગુજરાતનો ફિલ્મ ઉદ્યોગ આજે મૃત:પાય સ્થિતિમાં જઈ રહ્યો છે. ત્યારે હું અવાર નવાર સૂચન કરતો કે તેને ટકાવવા માટે આપણે પોતાની જે કળા છે, સંસ્કૃત્તિ છે, જે સાહિત્ય છે તેને વાચા મળે તો અન્ય રાજયોની અંદર ખાસ કરીને મહારાષ્ટ્રમાં જે રીતે મરાઠી ફિલ્મો માટેની જે પૉલિસી નક્કી કરવામાં આવી છે તે પ્રમાણે આપણે તેનું અનુસરણ કરવું જોઈએ. આજે આ બે વિભાગમાં છે. માહિતી અને પ્રસારણ. તો માત્ર તેની નોંધ લે છે. આમ તો મનોરંજન અને પ્રવાસન વિભાગ જુદો આવે છે પણ ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગ એક જમાનામાં ૮૦ના દાયકામાં એના શ્રેષ્ઠતમ શિખરે હતો,

જે લોકકલાકારો હતા એ પ્રજાકીય પ્રતિનિધિ બની શકે છે, આ ગૃહમાં માનનીય ઉપેન્દ્રભાઈ, નરેશભાઈ, અને લોકસભામાં અરવિંદ ત્રિવેદી હોય એ રૂપેરી જગતના કલાકારો એમની લોકપ્રિયતાને કારણે, લોક પ્રેમ સંપાદનના કારણે લોકસભા અને ધારાસભામાં ચૂંટાયા છે, ત્યારે આજે ચલચિત્ર જગત એક એવું મિડિયા -માધ્યમ છે એનો ઉપયોગ રાજયમાં એક કળાના પ્રસારણ માટે, એના પ્રસાર મારફતે આપણી સંસ્કૃતિના દર્શન માટે એનો ઉપયોગ કરી શકીએ એ માટે ખૂબ મોટી રકમ ફાળવીશું તો એ સાચી દિશામાં છે, માત્ર સરકારી પ્રચાર નહીં પણ લોકો શું ઇચ્છે છે એ સમાજને, એના જે પ્રોડયુસર હોય, દીધદર્શક હોય, કલાકારો હોય એ આપે એ ખૂબ જરૂરી છે. (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલાક રચનાત્મક સૂચનો કરવાનાં હતાં એ મેં કરેલાં છે આપણું ચૂટણી પંચ છે એનો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મને અનુભવ થયો કે ગુજરાતમાં આપણું ચૂંટણીપંચ છે એના કોણ અધિકારીઓ છે, કોને નિર્ણય લેવાનો છે એ અમને ખબર ન પડે, કેટલાકમાં એમની પાસે માર્ગદર્શન આપણે માગીએ તો આપણને માર્ગદર્શન મળે નહીં અને પરિણામે કેટલાક ઉમેદવારો ચૂંટણી લડવાથી વંચિત રહી ગયા, આ પ્રાથમિક તૈયારી સાથે, જે ભારતીય ચૂંટણી પંચના નોમ્સ છે એને આધારે આપણે જઈ શકીએ, એનાથી પર કેવી રીતે જઈ શકીએ? આપણા નોમ્સ જુદા કેવી રીતે હોઈ શકે? અને એનું અર્થઘટન કરવામાં જે ખામી છે એ સુધારવી જોઈએ, ભારતીય લોક પ્રતિનિધિત્વ ધારો છે એનાથી પર આપણે જઈ શકીએ નહીં, કમસેકમ આપણા રાજય નું જે ચૂટણી પંચ છે એને એ ધારાને બાજુએ મૂકીને પોતાની રીતના નિર્ણય લે છે અને એ મારો પોતાનો અનુભવ છે, એટલું હું આપના દ્વારા કહું છું.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત શરૂ કરતાં પહેલાં પ્રથમ હું નર્મદા બંધની ૩૫ ફૂટ ઊંચાઈની મંજૂરી મેળવવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટ રજૂ થયું ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ બજેટ રજૂ કરતા હતા ત્યારે એમણે કહ્યું હતું કે, " તે રંગ થકી પણ અધિક સરસ રંગ, થશે સત્વરે માત, શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત, જન ધૂમે નર્મદા સાથ, જય, જય, ગરવી ગુજરાત." માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ ફરીથી અભિનંદન આપું છું. આજે માનનીય મુખ્ય મંત્રીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી એ જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે, કોઈપણ રાજય કે રાષ્ટ્ર વિકાસ ઇચ્છતું હોય તો તમામ વિકાસ ઈચ્છતાને સાયન્સ અને ટૅક્નૉલૉજી સાથે કદમ મિલાવવા જ પડે, સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી છે એ શિક્ષણમાં અને શૈક્ષણિક કારકિર્દીમાં વ્યવસાય તરીકે શાસન અને સુશાસન પરિવર્તન લાવવા માટે સાયન્સ અને ટૅક્નૉલૉજી એ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી રહેલ છે ત્યારે મારે કહેવું જોઈએ કે ખેતી, ઊર્જા, શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ દરેક ક્ષેત્રમાં વિજ્ઞાનનો ઉપયોગ એ ખૂબ મહત્ત્વનો રહ્યો છે ત્યારે ગુજરાત એમાં કયાંય પાછળ નથી રહ્યું એનો અનુભવ ગુજરાત રાજયની પાંચ કરોડ જનતા કરી રહી છે, ગુજરાત રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીનું સ્વપનું વિશ્વના વિકાસશીલ દેશોની હરિફાઇમાં ગુજરાત પ્રથમ રહે, એ ચોક્કસ સાકાર થયું છે અને થવાનું છે. ૨૦૦૫-૦૬માં સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી દ્વારા ઘણું બધું કર્યુ છે અને એના સંદર્ભમાં ઘણી બધી વાતો અહીંયાં થઈ છે, માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગવર્નન્સની ટીકા થઈ ત્યારે મને દુઃખ થતું હતું કે ઈ-ગવર્નન્સના કારણે જે કામગીરી થઈ રહી છે એમાં નાગરિકોને જે જરૂરી દસ્તાવેજોની રોજબરોજ જરૂર પડે ત્યારે એને જે હેરાનગતિ થતી હતી એમાંથી એને મુકિત મળી છે, નબળા વર્ગનો કર્મચારીને હંમેશાં એના અધિકારી સાથે ઘર્ષણ થતું ક્યાંક સમજી ન શકતો વાતને તો એમાંથી એને મુકિત થઈ છે વહીવટી પારદર્શિકતા આપવાનું કામ, ઈ-ગવર્નન્સ દ્વારા આપણે કરી શક્યા છીએ, એકયુરેશી આવી છે અને પારદર્શિકતા પણ આવી છે. વિડિયો કોન્ફરન્સ દ્વારા અનેક ગામડાંઓ અને તાલુકાઓ સુધી સીધી સરકાર ગાંધીનગરથી પહોંચી શકી છે. સર્વર ફાર્મ ફેસેલીટી સેન્ટર માટે એમ કહીએ કે ગુજરાત પ્રથમ રાજય છે તો કંઈ ખોટું નથી. અને જેમાં ૧૨ સર્વરો કાર્યરત છે, ૧૩૦ થી વધુ વેબ સાઈટ કાર્યાન્વિત છે આ સિદ્ધિ રાજય સરકારની નાની-સુની સિદ્ધિ નથી. ગાંધીનગરમાં ઈન્ફોસીટી પ્રોજેકટનું માળખું તૈયાર થયું છે. દુનિયાના આઈ. ટી. કે ઈન્ફોસીટી જેવો પ્રોજેકટ છે જેમાં ટેલિકોમ્યુનિકેશન, ઈન્ટરનેટ કક્ષાથી કંઈક અનેક સેવાઓ પૂરી પાડવામાં આવનાર છે. આઈ. ટી. ડિટેકટ, નેનો ટેકનોલોજીના મહન્વના ક્ષેત્રે ઔદ્યોગિક મૂડી રોકાણ ગુજરાતમાં થાય એ માટેના શ્રેષ્ઠ પ્રયત્નો ગુજરાત સરકારના રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ અને ટેકનોલોજી રાજયમાં થાય એના માટેના તજજ્ઞો બહારથી લાવવા ન પડે એટલા માટે શિક્ષણ વિભાગ દ્વારા સંકલન કરીને સંશોધન માટે નવી યુનિવર્સિટીઓની સ્થાપના પણ આ રાજય સરકારે એના કાર્યકાળ દરમ્યાન કરી છે ત્યારે કહેવું જોઈએ કે વિરોધ પક્ષના નેતા કહેતા હતા કે અમદાવાદમાં કશું નથી. અમદાવાદમાં, ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને આ સરકાર દ્વારા અમદાવાદમાં કાંઈ થયું નથી પણ આઈ.આઈ.એમ. છે, નિરમા-અંબાણી અને બીજી યુનિવર્સિટીઓની સ્થાપના સરકારે કરી છે. સાયન્સ સીટી, કલ્પના ન કરી શકાય એવું અને રાજયના લગભગ ૧૫ થી ૨૦ લાખ લોકોએ જેની મુલાકાત લીધી છે એ મુલાકાતીઓએ કહ્યું છે કે, એક અલૌકિક કામ અહીંયા થયું છે. આના કારણે સામાન્ય માણસ પણ સાયન્સનું મહત્વ સમજી શકે છે. આ ક્ષેત્રમાં સાયન્સ સીટીમાં પણ ઘણું કરવાનું બાકી છે. મારે એક વાત ગૌરવ સાથે કહેવી જોઈએ કે આ રાજયનો

વિદ્યાર્થી અહીંયા એન્જીનીયર કે વિશેષ તજજ્ઞ થાય પછીથી કોઈ સંશોધાન કરવું હોય તો એને અમેરિકા જવું પડતું, કેનેડા જવું પડતું, વિદેશમાં જવું પડતું. મારા જામનગર શહેરની દિકરી ચાર્મી છીછીયા, જેણે આજે અમેરિકામાં રોબેટિક ઉપર સંશોધન કર્યું સુનામીની તિવ્રતા માપવા માટેનું સબમરીન આ નાનકડીફ બાળકીએ ડેવલપ કર્યું છે. આ વિકાસ જો પહેલા થયો હોત તો આ દિકરીએ વિદેશમાં જઈને આ સંશોધન ન કરવું પડત. ગુજરાતની આ દિકરીની નોંધ, એમના કામની નોંધ સાન્ટીયાગોના અખબારોએ લીધી છે. હવે વિદ્યાર્થીઓને બહાર ન જવું પડે અને એવા સંશોધનો અહીંયા જ થઈ શકે એવા પ્રયત્નો રાજય સરકાર કરી રહી છે. સાયન્સ અને ટેકનોલોજીનો સુભગ સમન્વય વિકાસ યાત્રાની છડી પોકારે છે. આપણા રાજયની વિકાસ માટેની સરકારની જે દિશા છે મને લાગે છે કે એ એક માર્ગદર્શક બની રહેશે. સૌની નજર આના જ કારણે ગુજરાત રાજય તરફ છે. જે માગણીઓ/ જોગવાઈઓ ૨૦૦૬-૨૦૦૭માં કરવામાં આવી છે એમાં કર્મચારીઓના તાલીમ માટે, કન્સલ્ટન્સ અને એકસ્પર્ટ સર્વિસસ માટે, આઈ.ટી. પ્રમોશન માટે, વેબ સેન્ટર-વેબ કોન્ફરન્સ માટે, ઈ-ડેટાબેંક માટે, આઈ.ટી. માટેના હાર્ડવેર અને સોફટવેર માટે, રાજયના ઈન્ફોકોરીડોર ઈન્ફ્રાસ્ટ્રકચર માટે અને આઈ.ટી. ટાવર ૬૧ મજલાનો આંતર રાષ્ટ્રીય કક્ષાનો સ્થાપવા માટે, સેન્ટર ફોર એકસલન્ટ માટેના ખર્ચની જોગવાઈઓ કરવામાં આવી છે ત્યારે મને લાગે છે કે, આ રકમ નાની છે. વિજ્ઞાનની લોકપ્રિયતા માટેનું વિશાળ પ્લેટફોર્મ આપણા ગુજરાતનું મેં કહ્યું તેમ સાયન્સ સીટી છે અને તેમાં હજુ ઘણું કરવાનું બાકી છે. એમાં જે માગણીઓની જોગવાઈ કરી છે ૨૫૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવી છે, પરંતુ સાયન્સ સીટી કોઈ સરકારી નહીં પણ, કોઈ પ્રાઈવેટ સંસ્થા ચલાવતી હોય એ રીતે ચાલી રહ્યું છે ત્યારે તેમાં વધારો કર્યો હોત તો મને લાગે છે કે એમાં વધારે સારું કામ થઈ શકત. કુલ ૩૯ કરોડ ૭૬ લાખ ૪૦ હજાર મહેસૂલી ખર્ચ મંજૂરી માટે રાખ્યું છે જે વિભાગની કુલ જોગવાઈ છે એમાં ૪૦.૪૯ જેટલી રકમ છે જે માગણીને હું અનુમોદન આપુ છું. ગુજરાત સરકારની જે વિકાસ યાત્રા છે એ જોઈને અને ગુજરાત સરકારે લોક ભાગીદારી, જન ભાગીદારી અને વહીવટી અધિકારીઓને આ વિકાસ યાત્રામાં જોડયા છે ત્યારે મને કવિ ભરત વ્યાસના કાવ્યના મનુષ્ય માટેના એણે જે ભાવો રજૂ કર્યા છે એ ભાવો યાદ આવે છે.

"નિજ કો જાન,
જરા શક્તિ પહેચાન,
તેરી વાણીમેં યુગકા આહ્‌વાન હૈ,
મનુષ્ય તુ બડા મહાન હૈ"

વિરોધપક્ષે અમુક વાતો કરવામાં આવતી હોય ત્યારે હું ભરત વ્યાસની કવિતાના શબ્દો યાદ કરું કે મનુષ્ય ધારે તો તે ઘણું કરી શકે છે. વિરોધપક્ષના નેતાને કહેવાનું કે સરકારના વિકાસને પાંચ કરોડની જનતાએ જોયો છે, અમને સ્વીકાર્યા છે. પરિણામો આપ્યા છે ત્યારે અર્જુનભાઈ સરકારને શેરીઓમાં અને ગલીમાં લઈ જવા માટેની વાત કરતા હતા. એક મહિલા ધારાસભ્ય તરીકે મને દુઃખ થતું હતું કે આ સરકારના કામોને સરકારના વિકાસોને કે જે દૃષ્ટિએ તમને સરકારે જોયા છે એ દૃષ્ટિને તમે સમાજ સુધી લઈ જઈ શકો, કાલે તો શેરીગલીની ગાળ-ગલીચો અહીંયા ગૃહમાં લાવ્યા હતા આ અમારા સૌના માટે શરમજનક ઘટના હતી. મારે એ કહેવું છે વિરોધપક્ષે નંબર વન બનવાની પણ જો મથામણ હોય તો આ મથામણ માટે તો ગૃહની બહાર જવું પડે. આમ ફરી આવું ન થાય એ જોવાની જરૂર છે. મને લાગે છે કે આમાં અમારા સૌની લાગણી દુભાઈ છે. અહીંયા વિકાસની વાતો, સાયન્સ અને ટૅક્નૉલૉજીની વાતો કરી છે એટલે કહું છું કે કૃષિયાત્રામાં સાયન્સ ટૅક્નૉલૉજીની, અહીંયા ધરતીપુત્રની વાતો થઈ છે, ખેડૂતોની વાતો થઈ છે, ખૂબ ચિંતા કરી છે. કૃષિ યાત્રાની અંદર અમે કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, એના વાઈસ ચાન્સેલરો, એના તજજ્ઞોને ગામડા સુધી પહોંચાડ્યા છે અને ખેડૂત પુત્રોને આ ધરતી શું છે, ધરતીમાંથી શું થઈ શકે એની ચિંતા રાજયના મુખ્યમંત્રીશ્રીએ કરી છે. મારે એ કહવું છે કે સરકારે તો કૃષિ યાત્રા કાઢી, આપણે દાંડી યાત્રા કાઢી હતી, આવી યાત્રા ન કાઢજો, દાંડી યાત્રામાં શું થયું હતું મને લાગે છે કે મારે અહીંયા કહેવું મારા માટે શોભશે નહિ.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની જે માગણીઓ રજૂ થઈ છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. વહીવટની સુધારણા માટે ટ્રેનિંગ બહુ જરૂરી હોય છે પરંતુ જે રીતે આ તાલીમનું આયોજન કરવામાં આવે છે અને એમાંય કર્મયોગીઓ માટે જે અધિકારીઓ માટે લગભગ ૫૦૦ લાખ રૂપિયાનો ખર્ચ કરીને તાલીમ આપવામાં આવે છે એમાં ગામડાનો માણસ જ્યારે ઑફિસમાં જાય છે ત્યારે ઑફિસમાં અધિકારીઓ મળતા નથી અને કહેવામાં આવે છે કે, સાહેબ કર્મયોગીની તાલીમમાં છે આ વરસે પણ ૭૧૭ લાખની વધુ જોગવાઈ ફરી કરી છે. આ બધું કોના માથે? આ ગરીબ માણસના માથે હોય છે. એક સભ્યશ્રી વાત કરતા હતા એમણે વાત કરી કે ૬૩ લોકોએ આ આવકાર્યુ એ બહુ જરૂરી છે પણ આ ઑફિસના સમય પછી હોય તો ઘણું સારું. ઑફિસ દરમ્યાન માણસોને તકલીફ પડે એવું ન થવું જોઈએ એટલી મારી વિનંતી છે.

માગણી ક્રમાંક-૩૦માં એક બહુ સારી અને વધારાની એક માગણી આવી છે મંત્રી પરિષદની, હમણાંજ પૂરક માગણી આવી હતી ત્યારે ૮૭ લાખ રૂપિયાની નવી ગાડીઓ ખરીદવામાં આવી હતી અને મારા સભ્યશ્રીઓએ પણ અભિનંદનથી ચાલુ કર્યુ હતું એટલે મને એમ થાય કે આમાં કંઈક કદાચ નવું કોઈ વિસ્તરણ થવાનું હોય કારણકે

૨૦૦૩-૦૪માં જોગવાઈ કરી હતી ૧ કરોડ ૨૭ લાખ ૩ હજારની, ૨૦૦૪-૦૫માં ૯૭ લાખ ૬૪ હજારની અને આ વખતે જોગવાઈમાં વધારો કર્યો છે અને ૩ કરોડ ૧૦ લાખ ૮૧ હજારની કરી છે એટલે આ જોગવાઈને ધ્યાનમાં રાખીને કદાચ મારા સભ્યશ્રીઓ અભિનંદન આપી વખાણ કરતા હશે એવું લાગે છે. ક્યાંકને ક્યાંક કદાચ એમનો અર્થ સરે તેમ તેમને દેખાય છે. આજે ચૂંટણીમાં ગામડા લેવલે જે પરિસ્થિતિ છે તે જોઈએ તો સીમાંકન બરાબર હોતું નથી એના લીધે ગામડામાં દૂરથી માણસોને ચાર થી પાંચ કિલોમીટર ચાલીને આવવું પડે છે જ્યારે એ બુથ પર આવે છે ત્યારે એનું કાર્ડ નથી હોતું અને કાં તો મતદાર યાદીમાંથી એનું નામ નીકળી જાય છે કોઈપણ ઉમેદવાર ઊભો રહે છે ત્યારે એને મતદાર યાદી આપવામાં આવે છે એ મતદાર યાદી જ્યારે પેલા બુથવાળા આવે છે, બુથના સુપરવાઈઝર આવે છે ત્યારે એ મતદાર યાદી એમની પાસે જુદી જ હોય છે એટલે એમાં ફેરફાર કરવામાં આવે છે અને સાથે સાથે ઈ.વી.એમ. મશીન એમાં પણ ઘણા બધા ગોટાળાની જે માહિતી આપને રજૂ કરી છે, ઘણી રજૂઆતો પણ કરી છે પણ છતાં પણ એનું પરિણામ આવતું નથી. મતદાર યાદીની સુધારણામાં મોટો ખર્ચ કરવામાં આવ્યો છે. અગિયાર કરોડ રૂપિયાનું આ વખતે પણ આયોજન છે અને ફોટા- ઓળખ કાર્ડ માટે ૧૦ કરોડ રૂપિયા જેવી જોગવાઈ કરી છે ત્યારે ગામડાના ગરીબ માણસને એમાં ચોકસાઈપૂર્વક જોઈને એમને ઓળખ કાર્ડ મળે તો વધુ સારું. શેડયુલ એરિયામાં આ વખતે એવું કરવામાં આવ્યું કે તાલુકા અને જિલ્લા પંચાયતની જે ચૂંટણીઓ હતી તેમાં શેડયુલ એરિયામાં શેટઅપ હોતું નથી પણ પહેલી વખત ગુજરાતના ઇતિહાસમાં એવું બન્યું છે કે રોટેશન પ્રથા દાખલ કરીને આદિવાસી તાલુકા અને જિલ્લાના ઉમેદવારો આદિવાસી કે જે હોય તેમને બિન આદિવાસી વિસ્તારમાં કે જ્યાં એક પણ વોટ હોતો નથી, તેમનો ઉમેદવાર પણ મળતો નથી એવી જગ્યાએ તેમની શીટો રાખીને પછી આ ચૂંટણીઓ જીતવાનો પ્રયત્ન કર્યો છે તે એક બહુ મોટી શરમજનક ઘટના અમારા માટે છે કારણકે આ બંધારણમાં કોઈ એવી જોગવાઈ નથી આવી રીતે આ શેડયુલ એરિયામાં જીતવા રોટેશનમાં લઈ જઈ શકાય. પ્રમોશનની વાત કરીએ તો વહીવટી શાખામાં પ્રમોશનો માટે જે પરિપત્રો બદલાયા કરે છે હમણાં થોડાક સમય પહેલાં જ એક પરિપત્ર બહાર પાડયો કે છેલ્લા આઠ વર્ષમાં વેરીગુડ અથવા એકસલન્ટ જો સી.આર.હોય તો જ તેને પ્રમોશન મળી શકે. આજે ગુજરાતમાં અધિકારીઓ છે તે ફફડી ઉઠયા છે કે અમારા તો આવા સી.આર. છે નહીં અને અમને કેવી રીતે પ્રમોશન મળશે. એટલે આ રીતે મનસ્વીપણે જે પરિપત્રો કરવામાં આવે છે તેનાથી અધિકારીઓને ખૂબ મોટું નુકસાન જાય છે અને મારી વિનંતી છે કે આવું અને તેની અસર પાછી પાછલાં વર્ષ સુધી લગાડવામાં આવે છે. છેલ્લાં આઠ વર્ષમાં મેં પ્રશ્ન પૂછયો વિધાનસભામાં ત્યારે મને એવો જવાબ આપવામાં આવ્યો કે તેની અસર છેલ્લાં આઠ વર્ષના તેના સી.આર.જોવામાં આવશે. તો આ રીતે જો નિર્ણયો કરવામાં આવે તો જે મોટાભાગનો અધિકારી વર્ગ છે તેમાં ખૂબ મોટી નિરાશા પેદા થશે અને ઘણી જગ્યાએ તો પ્રમોશનમાં એવું થાય છે કે તેમનાં સી.આર.ના મળવાને કારણે તેમને પ્રમોશન મળી શકતા નથી ત્યારે આવું ખાસ જોવામાં આવે.

ગૌણ સેવા પસંદગીમાં ઘણાં વર્ષોથી જે છોકરાઓ છે, સિલેકટ થયેલાં છે આજની તારીખમાં તેમને નોકરીઓ આપવામાં આવતી નથી એટલે આવી રીતે જે નિર્ણયો કરવામાં આવે છે તેમાં ખૂબ મોટી મુશ્કેલી ઉભી થાય છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં મારે વાત કરવી છે. અમારા મંત્રી આઈ.કે.જાડેજા સાહેબ હતા. અમારા આરોગ્ય વિભાગમાં ત્રણ ભાગ હોય છે તબીબી, આરોગ્ય અને કામદાર રાજય વીમા યોજના. બે વિભાગમાં જે કર્મચારીઓ છે તેને ચાલુ રાખ્યા અને એક વિભાગમાં જે બહેનો હતી તેને છુટ્ટી કરી દેવામાં આવી. (સમય સૂચક ઘંટડી) સાહેબ બે મિનિટ.

**અધ્યક્ષશ્રી** : નહીં.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, માગણી ક્રમાંક: ૩૦,૩૩,૫૩ અને ૮૯ લઈને આવ્યા છે તેને સમર્થન કરવા.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટ છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : મારા વિચારો વ્યકત કરતાં પહેલાં ગઈકાલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા ગૃહની અંદર નર્મદા જળાશયના ડેમની ઉંચાઈ ૧૧૦ મીટરથી વધારીને ૧૨૧ મીટર કરવાની જે જાહેરાત કરી છે તેના સંદર્ભમાં સમગ્ર ગુજરાતની અંદર ગુજરાતની જનતામાં જે આનંદની લાગણી છવાઈ રહી છે તે લાગણી સાથે હું પણ મારી લાગણી વ્યકત કરી માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવી અને મારા વિચારો વ્યકત કરું છું. સાયન્સ અને ટેકનોલોજીનો સમય છે. સમય બદલાઈ રહયો છે. એક સમય હતો લોકો ગાડા દ્વારા એક ગામથી બીજા ગામ જતા હતા. લોકો તાલુકા અને જિલ્લા મથકે અને રાજયના વિવિધ ભાગોમાં પહોંચવા માટે વધારેમાં વધારે તે બસનો ઉપયોગ કરતા હતા, પરંતુ અત્યારે સમય એવો છે કે વિશ્વની અંદર શું બની રહ્યું છે તે માત્ર પ્રિન્ટ મિડિયાથી નહીં પરંતુ ઈલેકટ્રોનિક મિડિયાથી વિશ્વના કયા ભાગની અંદર કેવી ઘટનાઓ બને છે તે આપણને મિનિટોમાં ખબર પડે છે ત્યારે આ સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરી ગુજરાત કંઈ પાછળ ના રહી જાય તેને માટે ગુજરાત સરકારે ખૂબ જ પ્રસંશનીય કાર્ય કરી રહી છે. ગુજરાત સરકાર દ્વારા જિસ્વાન એટલે તેને ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક ઉભું કરવામાં આવ્યું છે. આ જિસ્વાનના માધ્યમથી સમગ્ર રાજયના ૨૫ જિલ્લા, ૨૨૫ તાલુકા અને ગુજરાતની ૨૦૦ સરકારી કચેરીઓને સાંકળી લેવામાં આવી છે. કદાચ અત્યારે માહિતીનો અધિનિયમ તે કેન્દ્ર સરકારે થોડાં સમય પહેલાં કદાચ એક કાયદાના રૂપમાં સમગ્ર રાષ્ટ્રની સામે મૂકયું હશે. તેના

પહેલાં ગુજરાત સરકાર દ્વારા આ જિસ્વાનના નેટવર્કથી ગુજરાતના તમામ કર્મચારી, ગુજરાતના કોટી કોટી નાગરિકોને ગુજરાત સરકારની કોઈ પણ માહિતી, ગુજરાત સરકારના કોઈ પણ વિભાગોની અંદર સઘળી માહિતી જોઈતી હોય તો જિસ્વાન નેટવર્કના આધારે પણ તેમને મળી શકતી હતી. આ માધ્યમથી ગુજરાત સરકારમાં કોઈ પણ પ્રકારનું, કોઈ પણ વિભાગનો કોઈ ઠરાવ કે કોઈ પરિપત્ર કો કોઈ અન્ય માહિતી આ જિસ્વાનના નેટવર્કથી ગુજરાતની જનતા મેળવી શકે છે. આ નેટવર્ક જયારે તાલુકા અને જિલ્લા મથક સુધી વિસ્તર્યુ છે ત્યારે ગુજરાતની અંદર ૨૪૭ જેટલાં વિડિઓ કોન્ફરન્સ કરીને સમયનો તકાજો છે કે ગામડાંમાં વસતો કોઈ નાગરિક. એ વધીને પોતાના પ્રશ્નો રજૂ કરવા માટે તાલુકા કક્ષા સુધી જતા હોય છે, એનાથી વધારે દૂર જિલ્લા કક્ષા સુધી જતા હોય છે. પોતાના પ્રશ્નો રજૂ કરવા માટે દરેક નાગરિક કોઈ ઉચ્ચ અધિકારીને મળવા માટે ગાંધીનગર સુધી આવી ન શકે. ગામડાનો નાગરિક તાલુકા અને જિલ્લા કક્ષા સુધી જઈને મુખ્યમંત્રીશ્રી સમક્ષ કે મંત્રીશ્રી સમક્ષ અને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ આ માધ્યમથી પોતાના પ્રશ્નો વ્યકત કરતા થયા છે.

સાયન્સ સીટીની વાત કરું. સાયન્સ સીટી એ વિશ્વ કક્ષાએ ગુજરાતના વિદ્યાર્થીઓ અને ગુજરાતના નાગરિકોમાં એક વિજ્ઞાન પ્રત્યેનો અભિગમ કેળવાય, ગુજરાત વિજ્ઞાનમાં પાછળ ન રહે, ગુજરાતની છાપ એવી છે કે ગુજરાતની જનતા વેપારી જનતા છે. વેપાર કરી જાણે. એટલું જ માત્ર નહીં, પણ ગુજરાતની જનતામાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય અને સાયન્સ પ્રત્યે જાગૃતિ આવે, વિદ્યાર્થીઓ સાયન્સના વિષયો રાખી પોતાનું ભવિષ્ય કંડારી શકે. વિવિધ સંશોધનોમાં રૂચિ રાખે એટલા માટે સાયન્સ સીટીનો કન્સેપ્ટ રાજય સરકારે લીધો છે. આના માધ્યમથી Imagination Acceleration Industries Working Model જેવી virtual reality જેવી પ્રવૃત્તિઓ ચાલે છે અને સાથે સાથે ભવિષ્યમાં Planet Earth and Science Pavallion સ્પેસ એન્ડ સંદેશા વ્યવહાર, ઉર્જા પાર્ક, સાયન્સ હેરિટેઝ વગેરે જેવી વ્યવસ્થા ઉભી થયેલ છે. Institute of Seismology Research નું કામ પણ ગુજરાત સરકારે ૨૦૦૩માં હાથ પર લીધું છે. ૨૬ મી જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ગુજરાતમાં ભૂકંપ આવ્યો અને એના હિસાબે કચ્છ અને સમગ્ર રાજયને સહન કરવું પડયું છે. આવી ઘટનાઓ ગુજરાતના ઈતિહાસમાં વારંવાર બનતી રહી છે. કારણ કે કચ્છ ભૂતળના ૬૦ કિલોમીટરની ઘન પ્લેટ ઉપર ઉભું છે. આવા સેન્સિટિવ પોઈન્ટ ઉપર ગુજરાતનું સ્થાન હોય ત્યારે ભૂકંપ જેવી ઘટનાઓ બનવાની હોય ત્યારે એના માટે સંપુર્ણ અને સઘળી માહિતી મળી શકે એટલા માટે આ સાયન્સ સીટી ઉભું કરવામાં આવ્યું છે.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં હું મારું મંતવ્ય રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારનો અભિગમ કર્મચારીઓને કર્મયોગી બનાવવાનો રહ્યો છે. આચાર, વિચાર અને પરામર્શ સાથે જયારે સરકારમાંના કર્મચારીઓ જોડાય અને એના અનુસંધાને એમની કામગીરી શરુ કરે. પદાધિકારીઓ ૫ વર્ષે બદલાય એટલે એમના વિચારોમાં ફરક આવે. એમના આચારમાં ફરક આવે એ તો સમજી શકાય તેવી બાબત છે. પણ એમના નામ જ બદલાઈ જાય, કર્મચારીમાંથી કર્મયોગી બનાવવાની જે શરૂઆત થાય એ ખરેખર દુ:ખનીય અને નિંદાદાયક બાબત છે. આજે કાર્યકર બનીને એમને કામ કરવાનો વારો આવે, કર્મચારીમાંથી એ કાર્યકર બને અને સાહેબ, એનાથી વિશેષ આગળ કહું કે શરૂઆત કેવી થાય? કે અધિકારીઓ પોતે નીચેના ત્રીજા નંબરના કે પ્રથમ ક્રમાંકના અધિકારીઓ પોતે પોતાની રીતે કર્મયોગીની શિબિરો યોજે છે. પોતે પોતાના ખિસ્સામાંથી આ બધા કાર્યક્રમો કરે છે. બીજી બાજુ ટી.એ.ડી.એ. ના બધા ખર્ચ સરકાર અને પ્રજા ઉપર પડે છે. આ જરા વાજબી લાગતું નથી. ૫ માંથી ૭ કરોડ ઉપર જાય અને ૨ કરોડનો વધારો કરવો પડે. બરાબર છે. એમની કાર્યક્ષમતામાં વધારો થાય તો ૧૦૦ ટકા કરીએ. ગ્રામસભામાં અધિકારી ગામડા સુધી પહોંચે એ આનંદની વાત છે, પણ એમની સાથે વિશેષ પાવર એમને આપવા જોઈએ. ૫ કરોડ સુધીના કામોની જાહેરાત અધિકારી ત્યાંને ત્યાં કરી શકે. પાણીના બોરની જરૂરિયાત છે અને લોકફાળો કરવા માગતા હોય તો વધારાના પૈસા આયોજનમાંથી આપવાના હોય તો એ ગામમાં આપી દે. એ કરે તો કાર્યક્રમ સાર્થક નીવડશે. આજે ગામડામાં પ્રજા એવું કહી રહી છે. અમે એમ નથી કહેતા કે મત તમને વધારે મળ્યા છે અને અમને ઓછા મળ્યા છે, કે અમને વધારે મળ્યા છે અને તમને ઓછા મળ્યા છે. એ કહે છે કે અમે ભાજપને મત આપ્યા નથી, પણ મોદીને મત આપ્યા છે. મેં પૂછયું કે કારણ શુંબન્યું? એટલે કહે કે અમારે ભાજપને મત આપવા હોત તો લોકસભા વખતે ના આપ્યા હોત, અમે કેમ કોંગ્રેસને વધારે સીટ આપી કારણ કે અમે ભાજપમાં માનતા નથી.. તો આવી આત્મશ્લાઘામાં રાચતી આ સરકાર છે અને આવી આત્મશ્લાઘામાં રાચતી આ સરકાર (અંતરાય) એ તો કૌશિકભાઈ, હૈયે હોય એ હોઠે આવે. એટલે એવી ચિંતા ના કરો, પરંતુ આના જે ફોટા, એ ફોટાની વાત માનનીય સભ્યશ્રી રણજીતસિંહજી ચાવડા કરતા હતા. એ પોતે એવી વાત કરતા અને એ પોતે તો મામલતદાર કક્ષાના અધિકારી હતા અને વહીવટમાં એ રહી ચૂકયા છે અને ખૂબ સારી રીતે સંચાલન વહીવટનું કર્યુ છે, પરંતુ જાણે કે આવનાર સમયમાં મારી ટિકિટ કપાઈ જશે એવી ચિંતાથી અને એવા ભયથી જાણે કે બોલતા હતા અને માનનીય વજુભાઈ બેઠાં બેઠાં બધાનું લિસ્ટ બનાવે છે કે કોણ કેવું બોલે છે એ નકકી કરીને એના ઉપરથી કોને ટિકિટ આપવી અને કોને ન આપવી? અને એના લીધે ભય ઉભો થયો છે અને એમાં કેટલાક તો ભાગી ગયા છે. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : હું જેને પણ ટિકિટ આપીશ એ બધા જીતી જવાના છે. (અંતરાય)

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : આજે ખૂબ સુંદર શબ્દોની ગોઠવણ અને શબ્દો ગોઠવીને તો ખૂબ સુંદર થઈ શકે છે એમ મારે કહેવાનું રહેતું નથી, પરંતુ આજની તારીખે ઘણા આઈ.એ.એસ. અધિકારીઓ કે જે એફિશિયન્ટ છે, ગુજરાતના ગેસ કેડરના અધિકારીઓ કે જેઓ એફિશિયન્ટ છે, એમની વહીવટી પકડ છે, પરંતુ એમને •* (XXX) આવડતી નથી એ કારણસર દિલ્હી તરફ જવાની કોશિશ કરી રહયા છે અથવા તો એવી જગ્યાએ બેસવાની કોશિશ કરી રહયા છે કે...

**અધ્યક્ષશ્રી**: માનનીય મુકેશભાઈ, હું * (XXX) શબ્દ યોગ્ય નથી એને કાર્યવાહીમાંથી કાઢી નાંખું છું.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દ પાછો ખેંચી લઉં છું. ખૂબ મોટી વિસંગતતા ઉભી થઈ જશે વહીવટમાં પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે અને એમાં સામાન્ય વહીવટ વિભાગની પરિસ્થિતિ એવી થઈ છે કે આજની તારીખે સામાન્ય વહીવટ વિભાગને તો કોઈ કાંઈ પૂછતું જ નથી. દરેક બધા સીધા જ ઓન લાઈન મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરે છે. એમાં સામાન્ય વહીવટ વિભાગ વચ્ચે આવતું નથી. તો ખરેખર આ વિભાગનું નામ જ કાઢી નાંખો અથવા આ વિભાગ બંધ કરો કારણ કે એ જે કરે છે, જે પરિપત્રો એ કરે છે એ પરિપત્રો અંગેનો એક જ દાખલો આપું કે....(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે, અતુલભાઈ પટેલ આપ પ્રવચન ચાલુ કરો.

(આ તબકકે શ્રી મુકેશભાઈએ પ્રવચન ચાલુ રાખવા દેવાનો આગ્રહ રાખતાં)

**અધ્યક્ષશ્રી** : નો, નો, પ્લીઝ, મેં આપને કહયું છે કે પૂરું કરો. નો, નો, પ્લીઝ, અતુલભાઈ આપ પ્રવચન ચાલુ કરો.

**ડૉ. અતુલ કે.પટેલ (કલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં ગૃહના સન્માનનીય નેતા સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર ૩૩ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલનો દિવસ એ ખૂબ જ ઐતિહાસિક દિવસ હતો અને સાથે સાથે કલંકિત દિવસ પણ હતો, પરંતુ હું ઐતિહાસિક દિવસ તરીકેની વાત કરું તો આખા ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાનું કામ જે વર્ષોથી ખોરંભે પડેલ હતું, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારથી આવી એ પછી ધીમે ધીમે આ ડેમની ઉંચાઈ વધી છે. અત્યારસુધીમાં ૧૧૦ મિટરની ઉંચાઈ હતી અને આપણે જાણીએ છીએ કે ગઈકાલના નિર્ણય પ્રમાણે ૧૨૨ મિટર જેટલી ઉંચાઈ વધારી દેવામાં આવી છે. અમે એક અઠવાડિયા પહેલાં નર્મદા ડેમની ત્યાં આગળ મુલાકાત લીધી હતી ત્યારે અમે જોયું કે અત્યારે પણ ૧૧૦ મિટર હાઈટ છે ત્યારે નર્મદા ડેમમાં પૂરતું પાણી છે અને અત્યારે પણ ત્યાંથી વીજળી પેદા કરવા માટે આ પાણી પૂરતું છે, પરંતુ જો ૧૨૨ મિટરની ઉંચાઈ વધે અને ચોમાસું નજીક આવી રહયું છે અને જેવી મંજૂરી મળી કે તુરત જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કામ ચાલુ કરાવી દીધું છે અને એના લીધે જયારે આ ૧૨૨ મિટરની હાઈટ થશે એ વખતે આખા ગુજરાતમાં ગમે તેટલો દુકાળ પડે, અનાવૃષ્ટિ આવશે છતાં પણ મારું માનવું છે કે આ પાણી ગુજરાતને પહોંચી વળી શકશે અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારની એક મોટામાં મોટી ઉપલબ્ધિ છે અને એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણે વહીવટની વાત કરીએ છીએ, ત્યારે અત્યાર સુધી આપણે જાણીએ છીએ કે કોંગ્રેસના મિત્રોએ પચાસ વર્ષ સુધી અહીં વહીવટ કર્યો છે, જયારે થોડા છેલ્લા વર્ષોથી ભારતીય જનતા પાર્ટીનો વહીવટ છે, પરંતુ આ વહીવટમાં એના એ અધિકારીઓ દ્વારા સારો વહીવટ, પ્રજા લક્ષી વહીવટ આપવો તે ખૂબ જ અગત્યની વસ્તુ છે. તેના લીધે આપણે જાણીએ છીએ કે પારદર્શીતાવાળો વહીવટ આ સરકાર આપી શકી છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા પોતાને ઓન લાઈન દ્વારા જે કાર્યક્રમ અપનાવવામાં આવ્યો છે તેનાથી આપણે જાણીએ છીએ કે ગુજરાતની પ્રજાને ખૂબ જ લાભ મળે છે. અત્યાર સુધી ઘણી જગ્યાએ એવા કામો થઈ શકતા હતા કે જેના લીધે લોકોને શોષાવું પડતું હતું. પરંતુ આ ઓન લાઈન યોજના આપવાથી મુખ્ય મંત્રીશ્રી સાથે ડાયરેકટ સંપર્ક કરવાથી ગામડાના કોઈ પણ માણસ મુખ્ય મંત્રીશ્રી સાથે ઓન લાઈન આવી પોતાની તકલીફ કે પોતાના પ્રશ્નોની છણાવટ કરી શકે છે અને તેના લીધે અધિકારી દ્વારા પ્રશ્નને ગૂંચવવામાં આવતો હોય અથવા બીજા દ્વારા ફેર બદલ થઈ જતું હોય તેવી પરિસ્થિતિ ધીમે ધીમે દૂર થઈ રહી છે, અત્યાર સુધી ગામડાંનો માણસ જયારે કામ કરાવવું હોય તો તેમને કલેકટર અથવા ડી. ડી. ઓ. અને અહીં ગાંધીનગર સુધી આવવું પડતું હતું, એમાં પણ ગામડાંનો અભણ માણસ, ગામડાંનો અભણ ખેડૂત જાણતો ન હોય, એમને કોઈ સાંભળે નહીં એમનું કામ ન થાય એવી સ્થિતિ હતી. એમાં આ સરકારે વહીવટમાં ફેરફાર કરીને તાલુકા જિલ્લા અને ગામડાં સુધી વહીવટકર્તા સચિવશ્રીઓ ગામડાંમાં જાય છે અને ગામડામાં જઈ અને લોકોના પ્રશ્નોનું નિવારણ કરે છે આ સરકારે ગ્રામ સભાઓ યોજના થકી ગામડામાં જઈ અને ખેડૂતોના પ્રશ્નો ઉકેલવાનો અભિગમ પાર પાડયો છે. આ ગ્રામસભા દ્વારા ૧૭ હજાર જેટલા પ્રશ્નો રજૂ થયા છે અને એમાંથી ૧૨૬૦૩ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો છે.

---

**• * (XXX) માનનીય અધ્ક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૩૦, ૩૩, ૫૩ અને ૮૯ લઈને આવ્યા છે એમાં સંમંત થવાનો સવાલ જ નથી. પરંતુ મારે થોડી વાત કરવી છે, ઘણાં મિત્રોએ વાત કરી છે, પણ મને પાંચ જ મિનિટ આપી છે એટલે એટલી જ વાત કરીશ. સામાન્ય વહીવટ વિભાગ એ આજે ફક્ત નામ જ રહી ગયું છે, બાકી વહીવટ મુખ્યમંત્રીશ્રીનો જ ચાલે છે, જયાં જૂઓ ત્યાં બીજી વાત નથી. અધિકારીઓ કે બીજા કોઈ કશું કરતા જ નથી, કર્મયોગીની વાત કરીએ તો (અંતરાય) એમની વાત સાચી છે, અમે માનીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ કર્મયોગીની તાલીમ કોના માટે છે? કે જેને તાલીમ ન લીધી હોય, જેમને ખ્યાલ ન હોય, આ આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓ તો દુનિયાની તમામ તાલિમ લઈને પાસ થઈને પોસ્ટ ઉપર આવતા હોય છે, તાલીમ જેને લેવાની છે એમને આપે, મંત્રીશ્રીઓ તાલીમ લે, એમના ધારાસભ્યો તાલીમ લે, કાર્યકરો તાલીમ લે, એમને કર્મયોગી બનાવવાની જરૂર છે, આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓ તો કર્મયોગી છે ત્યારે તો પોસ્ટ પર બેઠા છે. એમને દુનિયાનું જ્ઞાન છે, એ જ્ઞાન લઈને જ એ પોસ્ટ ઉપર આવ્યા છે, માટે એમને શું, રાજા કહે તે સાચું, તાલીમ લેવાનું કહે એટલે ચાલો બિસ્ત્રા ભરીને તાલીમમાં કર્મયોગી બનવા, પૂછે કે કેવી રહી તાલીમ, તો કહે ખૂબ સારી, એમાં જરા પણ આઘા પાછા કહે તો પતી ગયું, ડિપાર્ટમેન્ટ બદલાઈ જાય, એટલે એમ પણ કહેવાય નહીં, આ આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓ ગ્રાસ રૂટથી દુનિયા આખીનું જ્ઞાન એમને છે એટલે અહીં આવું જ ચાલે છે, સારું, તો કહે સારું જોરદાર સારું, એમને ખરેખર પૂછો તો ખ્યાલ આવે કે ટાઈમ વેસ્ટ થઈ રહ્યો છે. જેમને ખરેખર તાલીમની જરૂર છે એમને આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : તમે સાંભળવા જેવું બોલો છો પણ તમારા મિત્રો સાંભળનારા હાજર નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : શું કરે, થાકી ગયા અમારા મિત્રો, જે હતા એમને બહાર કાઢી મુકવા, સસ્પેન્ડ કરી દેવા, ધમકીઓ આપવી, પછી શું કરે? આ લોકશાહી છે અમારા ચાવડા સાહેબે કહ્યું કે જડ મૂળમાંથી ઢાંચો બદલવાનો છે. બદલો પણ લોકશાહીના ઢાંચાને ધરમૂળથી બદલીને રાજાશાહીમાં ન કરે એટલો ખ્યાલ રાખજો. ધળમૂળથી લોકશાહીના ઢાંચાને બદલો પણ એ લોકોના હિત માટે, ગુજરાતના તમામ કાયદાના પાલન માટે આ વહીવટ પ્રજાલક્ષી ચાલે. પ્રસિદ્ધિ કે પેપરના ફોટામાં નહિ લોકો સુધી ચાલે એ બદલવાની જરૂર છે. માત્રને માત્ર હુકમશાહી, એક માણસ કહે એ સાચુ એ કરવાની માનનીય ચાવડા સાહેબ જરૂર નથી.

એની સાથે સાથે ઘણી બધી વાતો અહીંયા કરવામાં આવી. રાહતની વાતો કરવામાં આવી રાહત આપતા રહેજો. કોંગ્રેસવાળા પોસ્ટરો ચલાવતા હતા. આપણે પણ કચ્છમાં કચરાના ઢગલાના પાંચ-પાંચ વાર ટેન્ડરો પડ્યા અને એ ચૂકવ્યા પછી આજે કયાં વહીવટની વાત કરો છો. એ બધા જાણે છે પરંતુ મંત્રીશ્રી સુધી એ વાત નથી આવતી. કારણ કે બધાને ખબર છે કે આપણે જો ફરિયાદ કરીશું તો આપણે ગુનેગાર બનીશું. પરંતુ ભ્રષ્ટાચાર તો શિષ્ટાચાર બની ગયો છે. જેમ શિષ્ટાચાર કે આપણે ત્યાં આવે અને આપણે ચા પાવી પડે એની મનવાર કરવી પડે. અમારી દેશી ભાષામાં કામ કરાવવું હોય તો આપવું પડે. આ પરિસ્થિતિ થઈ ગઈ છે. છેક ઉપર સુધી આ વાત આવતી નથી. ગ્રાસ રૂટમાં જતા નથી. જ્યાં જાય ત્યાંના અધિકારીઓને લક્ષ્યાંક આપી દે કે આપણે આટલા ઉત્સવો કે સંમેલનો કરવાના છે એટલે દરેક તલાટીએ બે-બે ટ્રેકટર આપી દેવાના, વસ્તી આવી જાય તાળીયો પાડે. કારણ કે તલાટીએ કીધું છે કે જે કરવું હોય તે કરજો પણ સાહેબ બોલે એટલે તાળીયો પાડજો. એટલે તો તાળીઓનો ગડગડાટ. વસતિ બધી આવે અને પછી એના માટે ખાવા પીવાની સગવડ તલાટીઓએ કરવાની. અહીંથી સચિવને હુકમ થાય, સચિવ કલેકટરને હુકમ કરે અને કલેકટર છેક નીચે તલાટીને જણાવે. છેવટે ગ્રાસરૂટનું મોત છે. ઉપર તો ઓર્ડર જ છે. એટલે જડમૂળથી તો આ સુધારવાની જરૂર છે. સારુ કામ કરે અમે બિરદાવીએ અમને વાંધો નથી. પરંતુ કંઈ જ કરવાનું નહિ છતાં મોટી મોટી વાતો કરવાની. એટલે આ રીતે ઘણી બધી વાતો કરી.

અહીંયા ચૂંટણીની વાત કરવામાં આવી. ચૂંટણીમાં શું કર્યુ? એમાં તમે ખોટું કરતાં શીખવ્યું, બૂથ કેપ્ચરીંગ કરતાં શીખવ્યું.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આજની માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે ઊભો થયો છું. માહિતી અને પ્રસારણ વિભાગ બાબતમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય વિરોધપક્ષના નેતાએ શરૂઆત કરી ત્યારે માહિતી અને પ્રસારણ વિભાગના વિષય ઉપર ગુજરાતી પાક્ષિકને લઈને એક-બે ટીકાઓ પસાર કરી હતી. આજે એવો દિવસ છે કે આજે ગુજરાતી પાક્ષિકને લઈને હું મારી વાત આ અનુમોદન સારુ કરવા માગું છું. એ એટલા માટે કે હજુ આજે જ ગુજરાતમાં ૧૧૦.૬૪ મીટર નર્મદા બંધની હાઈટ હતી એમાં ૧૧.૨૮ મીટર એટલે કે ૧૦ ટકાનો વધારો એટલે કે ૧૨૧.૯૨ મીટરે નર્મદા પહોંચશે, ૨૬૦૦ કરોડનું આજ મહિનામાં આયોજન થયું અને માનનીય મુખ્યમંત્રીશ્રી કહેતા હતા ત્યારે રામનારાયણ વિશ્વનાથ પાઠકની ભાવ વિશ્વની વાત કરીને શરૂઆત થઈ. એ પહેલી માર્ચના ગુજરાત પાક્ષિક્માં કરશનદાસ લુહારની કવિતા છાપી છે. કવિતા છે લોકમાતા નર્મદા, આ ગુજરાતી પાક્ષિકે કે જે ગુજરાતની પાંચ કરોડની લાગણી છે, બધા પક્ષોની લાગણી છે એ પહેલી માર્ચે રજૂ કરી હતી. જ્યારે આઠમી માર્ચના રોજ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની ૭૬મી બેઠકમાં ચુકાદો આવવાનો હતો તે દિવસે કહ્યું કે-

*"નર્મદા હે નર્મદા, ગુજરાત કેરી લોકમાતા નર્મદા.*
*સરદાર સરોવર જોઈને હૈયા સૌના હસતા,*
*હે લોક માતા નર્મદા ખૂણે ખૂણે નીર તારા ફેલાશે,*
*એક દિન રણમાંય તું રેલાશે,*
*જૂની જૂની છે અહીંની વેરાન ધરતીની તરશ*
*અને ઘણાય દુષ્કાળના માઠા વરસ*
*તું હવે કાળી તરશ છિપાવશે*
*ધાન્યના ઢગલાઓ તું વરસાવશે.*
*જે કે હવડ અંધકાર છે આવતી કાલે હશે ત્યાં*
*ઝળહળાટ ઝળહળાટ, ખળખળાટ ખળખળાટ*
*નર્મદા હે નર્મદા લોકમાતા નર્મદા.*

ગઈકાલે નવમી તારીખ, આઠમીએ ચુકાદો આવ્યો તે દિવસે જ કામ કરવાની શરૂઆત કરી અને ગઈકાલે સવારે શરૂઆત કર્યા પછી માનનીય મુખ્યમંત્રીશ્રી નર્મદાની વાત લઈને આવે છે. એની સાથે સાથે ગુજરાતની પ્રજા સાથે તાલ મિલાવતું એક પાક્ષિક એ માહિતી અને પ્રસારણ વિભાગ ચલાવે છે, આજે જ્યારે વાત શરૂ કરી રહ્યો છું ત્યારે એમને અભિનંદન આપીને મારી વાત શરૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કહી રહ્યો છું કે માહિતી પ્રસારણ વિભાગ ઉપર અત્યાર સુધી બોલાયું જ નથી. જ્યારે અહીં બધા ખાતાનો સાર જેમાં સમાઈ જતો હોય, આજનો યુગ માહિતીનો યુગ છે. બધા ખાતાને લોકો સુધી પહોંચાડતું હોય, ખાતા ગમે તેટલાં મહત્ત્વના હશે તેને લોકો સુધી પહોંચાડવાનું કામ માહિતી ખાતુ કરે છે. મને થોડો સમય આપજો. બહુ સમય નહીં લઉં, માહિતી બાબત સરકારની ફરજ છે. જે માહિતી ખાતુ વર્ષોથી બજાવે છે. જે ગુજરાત પાક્ષિકની વાત કરું, ૪૧ વર્ષથી આ પાક્ષિક ચાલતું હતું અને બે વર્ષથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ તેમાં રસ લેવાની શરૂઆત કરી અને બે વર્ષમાં ૧૨,૦૦૦ કોપીએ રહેલું એ ગુજરાત ૫૦,૦૦૦ કોપીને આંબે છે અને મફત અપાતું ગુજરાત તેની ૪૬,૦૦૦ કોપી ગામડે ગામડે લોકો લવાજમ ભરીને લે છે. એટલા માટે કે રાજયની ઈમેજ લોકો સુધી પહોંચાડવાનું કામ, રાજયની ઈમેજ હિંદુસ્તાનના બીજાં રાજયો સુધી પહોંચાડવાનું કે બહાર સુધી પહોંચાડવાનું કામ જે વિભાગનું છે એ વિભાગ વિકાસના કામો લોકો સુધી પહોંચાડે છે. જન ભાગીદારીની વાત કરીએ છીએ ત્યારે આ કામો લોકો સુધી પહોંચાડવાની વાત કરીએ છીએ તેવા વિભાગની વાત આપણે કરી રહ્યા છીએ. અહીંથી હવે તો મિડિયા, એક જમાનામાં માહિતી પ્રસારણ વિભાગમાં મિડિયા એટલે પ્રિન્ટ મિડિયા જ કહેવાતું. હવે તો મિડિયામાં પ્રિન્ટ મિડિયા, ઈલેકટ્રોનિક મિડિયાનો પણ સમાવેશ થાય છે. ત્યારે વિડિયો સ્ક્રીનિંગ સુધી જવાનું છે. આજે કોઈ શહેરમાં, દિલ્હી કે મુંબઈ થતી વાત કોઈ સમાચારમાં નિહાળી શકીએ, આટલી બધી ચેનલોમાં. આ વિભાગ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી આવતીકાલ એવી કરવા માગે છે કે ડાંગમાં થતો કોઈ કાર્યક્રમ કે ભાવનગર કે જુનાગઢ જિલ્લાના ગામડાંમાં થતો કોઈ કાર્યક્રમ ગાંધીનગરમાં તેની સાથોસાથ નિહાળી શકાય. તેની સાથોસાથ જ પબ્લિકેશન આવ્યું છે. ખાસ કરીને અહીં જ્યારે વિપક્ષના નેતાએ ઉલ્લેખ કર્યો. (સમયસૂચક ઘંટડી) નહીં કહું, એક જ લીટીમાં કહું. મંત્રીશ્રી જે માગણીઓ લાવ્યા છે તે માગણીઓને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ, માહિતી અને પ્રસારણ, તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણી જ્યારે મંત્રીશ્રી લઈને આવ્યા છે તેમાં મારે કર્મયોગીની બે વાત કરવી છે. ૧૯૮૫થી હું ધારાસભ્ય તરીકે ફરજ બજાવું છું. વિરોધપક્ષના સભ્ય તરીકે પણ ફરજ બજાવી છે. આ ટ્રેઝરી બેંચમાં બેસીને મંત્રી તરીકે પણ મારી ફરજ બજાવી છે. ગુજરાતની સરકાર આ વખતે સાત કરોડમાંથી દસ કરોડ રૂપિયાની વાત કર્મયોગી માટે લઈને આવી છે. ગુજરાતનું વહીવટી તંત્ર ગુજરાતના ગામડાંના છેલ્લા માનવી સુધી પહોંચે, એ ગામડાંના વિકાસની પ્રક્રિયામાં જોડાય તો દસ કરોડ નહીં પણ વીસ કરોડ રૂપિયાની માગણી અમે રાજીખુશીથી મંજૂર કરવા માગીએ છીએ. પરંતુ કર્મયોગીમાં તાલીમ કઈ અપાય છે અને વહીવટી તંત્ર કયાં ચાલે છે તેની એક-બે વાત કરવી છે. વહીવટી તંત્રમાં અપીલો, ન્યાય આપવાની પ્રક્રિયા અને ન્યાય આપવાની પ્રક્રિયા હોય ત્યારે વહીવટી તંત્રએ તટસ્થ રીતે, નિયમ મુજબ અને સરકારી મર્યાદામાં અને પોતાની ફરજ છે તેમાં રહીને નિર્ણય કરવાનો હોય, પણ એ નિર્ણયો આ કર્મયોગીમાં થતા નથી થાય તો સરકારની કચેરીમાં બેઠેલાં માનનીય મંત્રીશ્રીઓ જે નિર્ણય કરાવે એ નિર્ણય વહીવટી તંત્ર કરે. કર્મયોગીની આ ટ્રેનિંગ છે ખરી? તેનાથી આગળ વધીને મારે કહેવું છે કે અહીં પરિસ્થિતિ એવી આવે કે જે કંઈ છે તેનો એક જ નિયમ, એક જ આધાર અને તેમાં એક પ્રમુખ તરીકે નગરપાલિકાનો પ્રમુખ હોય તેને સસ્પેન્ડ કરી દેવાનો. બીજા પક્ષનો વ્યકિત છે, એક ભૂલ કરે છે તેને ભ્રષ્ટાચાર કરવાની ચારે બાજુથી છડેચોક છૂટ આપી દેવાની. આ કર્મયોગીની તાલીમ છે? મારે કહેવું છે કે વહીવટી તંત્ર વર્ષોથી માનનીય સભ્યશ્રી ગોવાભાઈએ કહ્યું તેમ આઝાદી પછી અને ગુજરાતના વિકાસની અંદર હરપળ, હરક્ષણ જ્યારે જરૂર પડી છે ત્યારે કોઈ પણ પરિસ્થિતિને આધારે આ ગુજરાતનો કર્મચારી, નાના પટાવાળાથી માંડીને આઈ.એ.એસ. ઑફિસરો હંમેશાં વહિવટી તંત્રમાં તત્પર છે, એને તાલીમ આપવાની જરૂર નથી. તાલીમ આપવી

હોય તો તાલીમ એને આપો જે વ્યકિતઓ બે નંબરનું કામ કરવાની ફરજ પાડે છે એને બંધ કરાવો, એટલે સ્વાભાવિકપણે સ્પષ્ટ ન્યાય આપશે અને ગરીબ માણસોને, છેલ્લા માણસોને મદદ મળશે. અહીંયાં મંત્રી પરિષદ અને પ્રવાસ બતાવ્યા છે. કામની આજની યાદીમાં એમાં કહેવામાં આવ્યું છે. મારે એ કહેવું છે કે, માનનીય મંત્રીશ્રીઓ પ્રવાસ કરે, કરવો જોઈએ, ગુજરાતનો વિકાસ છે અને વિકાસની વાતમાં જવું જોઈએ. પરંતુ છેલ્લા ઘણા સમયથી મંત્રીશ્રી આવે, વિકાસની વાત જોવાની હોય પરંતુ એના કરતાં સરકીટ હાઉસમાં બેસીને રાજકીય ચર્ચા થાય, પક્ષો સાથેનું રાજકારણ ખેલાય. કોઈ મંત્રીશ્રીના કામના આધારે પ્રવાસ થાય. માનનીય મંત્રીશ્રીના પ્રવાસ થાય પણ વિકાસની પ્રક્રિયા જોઈએ તો એનું પરિણામ નથી. રાજકારણ કરવું જોઈએ અમે પણ કરતા હતા. પણ સાથેસાથે જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિની અંદર જે કામ માટે આપણે બેઠા છીએ એની વાત પણ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજું પ્રોટોકોલ બાબત કહેવું છે. એના મંત્રીશ્રી બેઠા છે એમને ખબર છે કે નહીં એ ખબર નથી, પ્રોટોકોલની બાબતમાં કહું તો ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો છે એ આ બજૅટ મંજૂર કરે છે ત્યારે આ બજૅટ મંજૂર થાય છે. ત્યારે મારે એ કહેવું છે કે, કોઈ મંત્રીશ્રી ઉદ્‌ઘાટન કરવા આવે તો જ વહિવટી તંત્રે હાજર રહેવાનું? પહેલો સવાલ એ. બીજો સવાલ - એ વિસ્તારના ધારાસભ્ય માનો કે એ વિસ્તારના વિકાસનું ઉદ્‌ઘાટન કરવા જાય તો કોઈપણ વહિવટી તંત્રના અધિકારીઓ ત્યાં હાજર રહેવા તૈયાર નથી. ધારાસભ્ય પણ આ હાઉસનો એક ભાગ જ છે. અહીં બેઠેલા મંત્રીશ્રીઓ પણ આ ૫ કરોડની જનતાના ફંડમાંથી..

**અધ્યક્ષશ્રી** : બસ, બસ, હર્ષદભાઈ વસાવા.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જે નર્મદા બંધની ઊંચાઈ ૧૧૦ મીટરની હતી એ ૧૨૧.૯૨ મીટર સુધી લઈ જવાની જે મંજૂરી મળી છે તેને હું મારા નર્મદા જિલ્લાવતી અને જે તે યોજના મારા વિસ્તારની અંદર છે. તો હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ રાજય સરકારે જ્યારે શાસનની ધૂરા સંભાળી છે ત્યારથી સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે સતત જાગૃત અને સક્રિય રહીને કામગીરી કરી છે. જેનો ખ્યાલ તમામ ક્ષેત્રોની અંદર અનેક સિદ્ધિઓ મળી છે તેના ઉપર દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી ખાતા દ્વારા હું એટલું કહેવા માગું છું કે, તેના દ્વારા તૈયાર થયેલ વેબસાઈટથી આજે આપણે તમામ પ્રકારની માહિતીઓ એકત્રિત કરી શકીએ છીએ. જે ટૂંકી અને સંક્ષિપ્ત જાહેરખબર છે એ વર્તમાનપત્ર દ્વારા થાય છે અને લાંબી અને મોટી જાહેર ખબરો છે એ વેબસાઈટ ઉપર મૂકવામાં આવે છે. આ વેબસાઈટ ઉપર લગભગ ૩૦૦૦ જેટલી જાહેરખબરો મૂકવામાં આવી છે. જેનાથી ૭ કરોડ રૂપિયા જેટલો સરકારને ફાયદો થયો છે. આજનો યુગ એ માહિતીનો યુગ છે. લોક હિતની યોજનાઓ હોય, જનહિતના નિર્ણયો હોય, લોકો ઉપયોગી માહિતી હોય એ રાજયના ખૂણેખૂણે પહોંચાડવાનું કામ આ માહિતી વિભાગ દ્વારા થાય છે. આનંદની વાત એ છે કે, ગામડાની અંદર, આદિવાસી વિસ્તારોની અંદર ટી.વી. સેટ આપવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૭૮૦ જેટલા ટી.વી. સેટ આદિવાસી વિસ્તારની અંદર આપવામાં આવ્યા છે. ખાસ અંગભૂત યોજના હેઠળ ૧૦૧ ટી.વી. સેટ આપવામાં આવ્યા છે. કુલ ૯૮૦૦ જેટલા ટી.વી. સેટ આ રાજય સરકારે આપ્યા છે. જેના થકી ટી.વી.ના માધ્યમથી જે વિસ્તાર અંતરિયાળ છે, ખાસ કરીને આદિવાસી વિસ્તારની અંદર જ્યાં માહિતી ન પહોંચતી હોય જે લોકો માહિતીથી પરિચિત ન હોય એવા ઊંડાણના વિસ્તારની અંદર, આદિવાસી વિસ્તારની અંદર આપીને આદિવાસીઓમાં જાગૃતતા લાવે છે એટલું જ નહીં પણ માહિતી ખાતા દ્વારા આદિવાસી વિસ્તારની અંદર લોકનૃત્ય, લોકમેળાઓ યોજીને આદિવાસીઓને માહિતી પહોંચાડવાનું કામ આ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. આના થકી આદિવાસીઓને ઘણા લાભ થયા છે. યોજનાઓથી માહિતગાર બન્યા છે અને આ માહિતીને કારણે આજે જાગૃતતા આવી છે. અહીં જે વિકાસની વાત થાય છે એ વિકાસની વાત એ અગાઉ પણ વિકાસની વાતો થતી હતી પણ માત્ર કાગળો ઉપર ચાલતી હતી. આજે આ જાહેર ખબરપત્રીઓ અને જાહેર બોર્ડને કારણે આજે લોકોમાં જાગૃતતા આવી છે અને આ જાગૃતતાને કારણે લોકો સુધી, દરેક ગામડે ગામડે દરેક યોજના માહિતી વિભાગ દ્વારા પહોંચી છે ત્યારે હું આ ખાતાને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવું છું. આ સમુહદર્શન યોજના કે જેના દ્વારા અંતરિયાળ વિસ્તારોની અંદર, આદિવાસી વિસ્તારો, સરહદી વિસ્તારો, દુર્ગમ વિસ્તારની અંદર ટૅલિવિઝન મારફતે જે કામગીરી કરી છે એ ખૂબ પ્રશંસનીય કામગીરી છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (સામાન્ય વહીવટ અને માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ અને માહિતી પ્રસારણ વિભાગની જે માગણીઓ લઈને આ ગૃહ સમક્ષ હું આવ્યો છું એમાં,

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સમય લંબાવીએ.

**અધ્યક્ષશ્રી** : સમય વધારો તો મને વાંધો નથી. (અંતરાય) ના એ બોલવા માટે ૨-૫ સભ્યશ્રીઓની વાત કરે છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ :** ના ના બોલવા માટે નહીં.

**અધ્યક્ષશ્રી** : એની વાત કરે છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓના જવાબ પૂરા થાય ત્યાં સુધી સમય લંબાવવા માટે વિનંતી કરુ છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે આટલો સમય તો છે જ અને છેલ્લો સભ્ય ૫ મિનિટનો ના મૂકયો હોત તો ચાલેત. (અંતરાય) ૧૦ મિનિટ લંબાવીએ છીએ.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ :** ના, ૧૦ મિનિટ એવું નહીં.

**અધ્યક્ષશ્રી** : ગૃહની બેઠકનો સમય ૨૦ મિનિટ વધારીએ છીએ.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કરેલા છે એ રચનાત્મક વિચારોને હું આવકારુ છું. સામાન્ય વહીવટ વિભાગ એ સમગ્ર વહિવટી પ્રણાલીનો પ્રાણ છે. પ્રજાલક્ષી અને પારદર્શી વહીવટ માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અનેકવિધ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી એક આગવા પ્રકારનું વિઝન ધરાવે છે અને એ વિઝન દ્વારા ગુજરાતના, દેશના અને દુનિયાના નકશામાં એક શ્રેષ્ઠતમ સ્થાન ઉપર લઈ જવા માટે અનેક પ્રકારના ભગીરથ પ્રયત્નો થયા છે. એવા સ્વરૂપે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નિકાલલક્ષી નહીં પણ ઉકેલલક્ષી અભિગમ અપનાવીને છેવાડાના માનવી સુધી પરિણામલક્ષી વહીવટને પહોંચાડવાના પ્રયત્નો આ સરકાર દ્વારા હાથ ધરાયા છે. સામાન્ય વહીવટ વિભાગની નીતિઓએ રાજયના વહીવટી તંત્રને સુદ્રઢતા અને પારદર્શકતા આપેલી છે. વિરોધ પક્ષના નેતાશ્રીએ એમના અનેક સૂચનો વ્યક્ત કર્યા છે. એમાં કેટલાંક સૂચનો માટે મારા વિચારો અહીંથી વ્યક્ત કરવાનો છું. પરંતુ સમગ્ર દેશ જ્યારે ગુજરાતના વિકાસને સ્વીકારતું હોય અને કોઈને મોતિયો આવ્યો હોય અને ગુજરાતનો વિકાસ ન દેખાય તો એમાં અમારો કોઈ દોષ હોતો નથી. જૂઠાણા કોણ ફેલાવે છે, જોરથી કોણ બોલે છે એ ચર્ચામાં હું પડવા માગતો નથી. પણ આ ગુજરાતના લોકો એ વાત હંમેશા જાણે છે કે દર ગુરુવારે નવું કોઈ જૂઠાણું બહાર પડે અને ક્યાંક કોઈકને બ્લેક મેલ કરાય. અમને વિકાસમાં રસ છે, ગુજરાતના વિકાસમાં રસ છે. ગુજરાતને શ્રેષ્ઠત્તમ રાજ્ય બનાવવામાં રસ છે. એટલા માટે વિકાસમાં રોડા નાખનારાઓને કોઈ જવાબ નથી આપતો. પરંતુ ગુજરાતના લોકોએ, ગુજરાતના મતદારોએ લોકશાહી પદ્ધતિથી ગુજરાતનો વિકાસ કઈ દિશામાં છે, કેવી દ્રષ્ટિનો છે, કેવા પ્રકારનો છે એનો જવાબ એમને આપ્યો છે.

અહીંયાંમહદ્અંશે સભ્યોએ કર્મયોગી અને ચિંતન શિબિર માટેના એમના વિચારો વ્યક્ત કર્યા છે. કર્મયોગી તાલીમ એ સમગ્ર દેશને દીવાદાંડી સમાન પુરવાર થયેલ છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં આ ગૃહના સભ્યશ્રીઓએ એવો પણ વિચાર વ્યક્ત કર્યો હતો કે કર્મયોગી તાલીમમાં સાડા બાર કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. આ આક્ષેપ વાહિયાત છે. એમાં કોઈ તથ્ય નથી. તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં રૂપિયા ૩.૭૫ કરોડનો કુલ ખર્ચ થયેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે અને સર્વેએ એ વાત સ્વીકારેલ છે કે આવતી સદી માહિતી અને જ્ઞાનની સદી હશે. જેની પાસે માહિતી હશે, જેની પાસે જ્ઞાન હશે એ જ તંદુરસ્ત હરિફાઈમાં ટકી શકવાનો છે. એની ફલસ્વરૂપે કર્મચારીઓને કર્મયોગી બનાવવા માટે અનેક તાલીમો હાથ ધરાઈ. એનો એવરેજ એક કર્મચારી દીઠ ખર્ચ રૂા. ૨૫૦ જેટલો રહેલો છે. મારા સાથી સભ્યોએ તાલીમના હકારાત્મક પરિણામો કયા પ્રકારના પ્રાપ્ત થયા એની વાત કરી છે એટલે હું એનું પુનરાવર્તન નહિ કરું. પરંતુ જે પ્રકારના આક્ષેપો વિપક્ષના મિત્રોએ બહાર રહીને કર્યા, જે પ્રકારના આક્ષેપો અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં કર્યા ત્યારે હું જરૂર કહીશ કે આ એવી સરકાર છે, આ એવા મુખ્યમંત્રીશ્રી છે કે જે પ્રમાણિકતા અને પારદર્શિતાને વરેલા છે. સામે ચાલીને વિજિલન્સ કમિશનની તપાસ માગી, વિજિલન્સ કમિશનની તપાસ કોઈ સામે ચાલીને ન માગે. આ મુખ્યમંત્રીએ અને આ સરકારે માગી અને વિજિલન્સ કમિશન સામે કોઈપણ વિપક્ષના મિત્રોએ કે કોઈપણ લોકોએ આજ સુધીમાં કોઈ અરજી કરી નથી કે કોઈ જવાબ આપ્યો નથી. સામે ચાલીને સરકારે તપાસ માગી હોય અને વિજિલન્સ કમિશને નિર્દોષતા સાબિત કરી હોય ત્યારે આવા વાહિયાત આક્ષેપો કેટલા તથ્ય વગરના છે એ જનતાએ બતાવી દીધું છે. ચિંતન શિબિર અને કર્મયોગી શિબિર માટે અમે સારું કહીએ, કર્મચારીઓ સારું કહે, લોકો સારું કહે પણ એ વાત કદાચ વિપક્ષના મિત્રો માનવા તૈયાર ન હોય, પરંતુ એક-બે બાબતો કેન્દ્રના અધિકારીઓએ આ શિબિર અને કાર્યવાહીની કયા પ્રકારે મુલવણી કરી છે એના વિચારો વ્યક્ત કરવા માગું છું. વિનિતા રાય, મેમ્બર સેક્રેટરી, એડમિનિસ્ટ્રેટીવ રિફોર્મ્સ કમિટી, ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા, એમણે ચિંતન શિબિર માટે કહ્યું છે કે, It was quite inspiring and heartening to note that this retreat was an opportunity to share experiences, identify success, note areas of concern and reflect on how this could be redressed. Most importantly what needs to be done in the future also emerge from discussion in the workshop.

માનનીય અધ્યક્ષશ્રી, કર્મયોગી શિબિર માટે એમણે જે પ્રકારે Shri S. Lakshmi Narayan, I.A.S., Secretary, Inter-State Council, Government of India, Ministry of Home Affairs, એ જે ટાંક્યું છે - "As part of my job of co-ordinating good goovernance initiatives, I had an opportunity to visit Gujarat in the month of September, ૨૦૦૫. During this visit I had noted a very novel experiment of massive training for changing mind set of government employees which is called V-governance training module. I found this to be the largest exercise of human resources development for the government employees anywhere in the country.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના વિચારો દેશના કેન્દ્ર સરકારના અધિકારીઓએ જ્યારે વ્યકત કર્યા હોય કર્મચારી કર્મયોગી બનીને જે પ્રકારે એક અલગ પ્રકારની વહીવટી ક્ષમતા આપણને પ્રાપ્ત થતી હોય ત્યારે વિપક્ષના મિત્રો આ માટે જે પ્રકારે જ્ઞાનવર્ધક કાર્યને હસી-મજાકમાં ગણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકાભિમૂખ અનેક પ્રકારના કાર્યો આ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા હાથ ધરાય છે અને એ કાર્યોના ફલસ્વરૂપે અનેક પ્રકારના વહીવટી પરિણામો આપણને પ્રાપ્ત થયા છે. વહીવટીતંત્રમાં લોકોને વિશ્વાસ બેસે એ પ્રકારનું સૌથી સબળ માધ્યમ નાગરિક અધિકારપત્રની આ સરકારમાં એક અલગ પ્રકારની અમલવારી હાથ ધરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી અને બાકીના આઈ.એ.એસ., આઈ.પી.એસ. અધિકારીઓ માટેના ટ્રેનિંગ પ્રોગ્રામની વાત કરવામાં આવી. પહેલા શિબિરો થતી હતી, કલાકો સુધી પોતાપોતાના જિલ્લાના વિચારો વ્યકત કરીને એક નાનકડી મિટિંગમાં વાત પૂરી થાય. ચિંતન શિબિર દ્વારા સ્વાયત સુખાયના અનેક પ્રકારના પ્રોજેકટો હાથ ધરાય, આ પ્રોજેકટોની અમલવારી પણ ખૂબ સારા પ્રમાણમાં પ્રાપ્ત થાય અને એ પરિણામ દ્વારા અનેક પ્રકારે વિશિષ્ટતાઓ પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે જિલ્લા કલેકટરોને, જિલ્લા વિકાસ અધિકારીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે, એ પ્રોત્સાહન દ્વારા આપણે એ કાર્યોના પરિણામો જુદા જુદા ફિલ્ડ પર અલગ પ્રકારે જોઈ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્સવો માટે અનેક વિચારો વ્યકત કર્યા. એવોર્ડ માટેની વાત છે. વિપક્ષના સાથીમિત્રોને ક્યારેય એવોર્ડની બાબત જોવી હોય તો જે તે વિભાગ પાસે આજે પણ મોજુદ છે. એ પ્રકારની કાર્યવાહી ગમે ત્યારે કરી શકશે. પરંતુ જે પ્રકારે કેન્દ્રમાં પ્રાંતના ઉત્સવના કાર્યક્રમો થતા હોય છે, જેના કારણે એક જનભાગીદારીના કાર્યક્રમો કરવાનો આયામ-વ્યાયામ ઊભો થાય છે, એ જનભાગીદારીના કાર્યને આ સરકારે અગ્રીમતા આપી છે અને એના કારણે અનેક પ્રકારની પરિણામલક્ષી કાર્યવાહી આપણને પ્રાપ્ત થાય છે, એના અન્ય ક્ષેત્રના કાર્યોમાં હું જવા માગતો નથી. ૨૦૧૦ના વર્ષમાં ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થશે, બધા સાથીમિત્રોએ સાથે મળીને વિચાર કરવો જોઈએ. ગુજરાતની અસ્મિતા માટે કમિટીની રચના કરવાની છે, તેમાં સાથે તમને બધાને પણ લેવાના છે. પરંતુ અહીંથી કેટલાક એમ.એલ.એ. મિત્રો પ્રોટોકોલ માટે વિચાર વ્યકત કરતા હોય છે ત્યારે મારે એ કહેવું છે કે અમે જ્યારે કોઈ જિલ્લામાં કાર્યક્રમ કરીએ છીએ ત્યારે એ વિચાર નથી કરતા કે એમ.પી. કે એમ.એલ.એ. કોંગ્રેસના છે કે ભા.જ.પ.ના છે એ બધાને પૂછીએ છીએ, જે આવવાના હોય એના કાર્ડમાં નામ છાપીએ છીએ. જો પહેલાથી જ ના પાડી દે તો પછી એમાં પ્રોટોકોલ કે પ્રણાલિકાનો ભંગ ક્યા પ્રકારે થાય છે એનો વિચાર કરવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના પ્રજાભિમૂખ અને પરિણામલક્ષી વહીવટની નોંધ સમગ્ર દેશભરમાં લેવામાં આવી છે એના કારણે અનેક પ્રકારના પરિણામો આપણને પ્રાપ્ત થયા છે. વિપક્ષના નેતા સાદાઈ અને કરકસરની વાત કરે. વિપક્ષના નેતાશ્રીને મારું અહીંથી એક પ્રકારનું આહવાન છે કે ભૂતકાળમાં કોઈપણ કોંગ્રેસ સરકારના ૧૦ વર્ષના શાસનમાં સાદાઈ અને કરકસર માટે જે પગલા લેવાયા હોય અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે સાદાઈ અને કરકસરના પગલા લેવાયા હોય એની જાહેરમાં કોઈપણ પ્રકારની તૂલના કરવા તૈયાર છીએ, કારણ નાની નાની બાબતની ચિંતા કરી છે અને આટલા વર્ષો સુધી શાસન ચલાવ્યું હોવા છતાં પણ કોઈ પણ પ્રકારના વેરાના વધારા અમે કર્યા નથી અને આ બધી જ બાબત નાણાની ઉપલબ્ધીઓ એ સાદાઈ અને કરકસર દ્વારા ઉપલબ્ધી પ્રાપ્ત થઈ છે. મંત્રીઓ ઈકોનોમી કલાસમાં પ્રાવસ કરે છે. આજે પણ જુદા જુદા જિલ્લાઓમાં, વિભાગોમાં અમે ગાડીઓ નવી ખરીદવાને બદલે ભાડા પદ્ધતિથી ચલાવીએ છીએ. પહેલી વખત રાજયમાં સંપત્તિ છે એ સંપત્તિનું સ્ટોક ચેકીંગ કરીને ભંગાર વગેરેનો નિકાલ કરીને જુના રેકર્ડને યોગ્ય સ્વરૂપમાં મૂકીને, વીજ બચતની ઝુંબેશ ચલાવીને, એનર્જી સેવીંગ માટેની કાર્યવાહી કરીને કોમ્પ્યુટરાઈઝેશન પદ્ધતિ અપનાવીને રજીસ્ટ્રી જેવી શાખામાં ટપાલ મેળવવા માટે કે પહોંચાડવા માટે સચિવાલયથી તાલુકા કક્ષા, ગ્રામ કક્ષા સુધી અનેક પ્રકારની બાબતો દ્વારા આ સરકારે સાદાઈ અને કરકસરની કાર્યવાહી કરી છે. અહીંથી અન્ય સભ્યોએ જે પ્રકારના પોતાના વિચારો વ્યકત કર્યા છે એમાં બાબુભાઈ શાહે કહ્યું. આયોજનની ગ્રાન્ટમાં આ વખતે ૨૫કરોડ જેટલો વધારો કરવામાં આવ્યો છે. ભા.જ.પા. સરકાર આવી ત્યાં સુધી એમ.એલ.એ.ની આયોજન ગ્રાન્ટના ૩૦લાખ હતા. ભા.જ.પા.ના શાસનમાં એમાં ૫૦લાખ કરવામાં આવ્યા છે અને જે આયોજનના કામો હાથ ધરાયેલા છે એ આયોજનના કામને પણ એક અલગ સ્વરૂપ સાથે પરિણામ પ્રાપ્ત થયું છે. ચાલુ વર્ષે જે પ્રકારના કામોનું આયોજન હતું. સપ્ટેમ્બર-૨૦૦૫ સુધીમાં

૧૫૧૭૪ કામો જિલ્લા આયોજન મંડળે પૂર્ણ કર્યા છે. એમાંથી ૯૫૨૬ના કામો હાથ ધરાઈ ગયા છે. આ પ્રકારનું જિલ્લા વહીવટીતંત્રને પણ સક્ષમ બનાવવા માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અનેકવિધ કાર્યક્રમો દ્વારા પ્રયત્નો કર્યા છે. સામાન્ય વહીવટ વિભાગ રાજય સરકારના વહીવટને એક અલગ પ્રકારની સક્ષમતા આપે છે. આગવી દ્રષ્ટિ સાથે મુખ્યમંત્રી કાર્ય કરતા હોય, ગુજરાત વિકાસ માટે નવી સક્ષમતા પ્રાપ્ત કરતું હોય. કર્મચારીને કર્મયોગી બનાવવા માટે ગુજરાતના વિકાસને સાથે જોડીને એક આગવા સ્વરૂપમાં પરિણામલક્ષી બનાવવાના હોય ત્યારે આવા સ્વરૂપે સામાન્ય વહીવટની ટીકા કરવાને બદલે જો વિપક્ષના મિત્રોએ રચનાત્મક સૂચનો કર્યા હોત તો મને અનેરો આનંદ થાત.

માહિતી અને પ્રસારણ વિભાગની પણ માગણી લઈને અહીં આવવાનો મને અવસર પ્રાપ્ત થયો છે. માહિતી પ્રદાન કરવામાં ગુજરાત સૌથી વધારે અસરકારક સાબિત થયું છે. કેટલાક મિત્રોએ ટીકાના સ્વરૂપે, કેટલાક મિત્રોએ અન્ય સ્વરૂપે લીધું. વિપક્ષના નેતાએ વસ્તી નિયંત્રણ માટેના પોતાના વિચારો વ્યકત કર્યા. આ મુખ્યમંત્રીશ્રી એવા મુખ્યમંત્રીશ્રી છે કે ગુજરાતને જયાં જયાં પીડા થતી હોય, ગુજરાતની જયાં જયાં ક્ષતિ રહેતી હોય, પ્રવાસન વર્ષ તરીકે પ્રવાસન પ્રવૃત્તિને સુધારવાની બાબત હોય, ચાહે સ્ત્રી સાક્ષરતા, કન્યા કેળવણી માટે અલગ અભિગમ અપનાવવાની બાબત હોય, વસ્તી નિયંત્રિત કરવા માટેની બાબત હોય આ બધા જ કાર્યોમાં નર્મદા સહિતના બધા કાર્યોમાં મુખ્યમંત્રીશ્રી સમગ્ર ગુજરાતના પાંચ કરોડ ગુજરાતીઓની મદદ માગીને હંમેશા કાર્યો કરે છે. વિપક્ષના મિત્રો દૂર હોય એવો એમનો અભિગમ કયારેય રહ્યો નથી. એમને અનેક વખત આહ્વાન કર્યું છે. એમાં આપણે કેટલા જોડાયા છીએ એનો વિચાર આપણે સૌએ વ્યકત કરવાનો છે. જન ભાગીદારી દ્વારા આ ગૌરવવંતા વિકાસના વ્યવસ્થાપનનું સુશાસન સ્થાપવામાં માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા અનેક પ્રકારના કાર્યો હાથ ધરાયા છે. સંદેશા વ્યવહાર, જે વધુ શકિતશાળી અને અસરકારક માધ્યમ છે. સંદેશા વ્યવહારને યોગ્ય સ્વરૂપમાં મૂકવામાં આવ્યા. સુનિલભાઈ ઓઝાએ વિચાર વ્યકત કર્યો ગુજરાતનો એક સમય એવો હતો કે 'ગુજરાત'ના ૩૦૦૦ નોંધાયેલા લવાજમવાળા ગ્રાહકો હતા. આજે ગુજરાતના લગભગ ૫૦૦૦૦ જેટલા લવાજમ ભરતા ગ્રાહકો થયા છે. આ વિશ્વસનીયતા, ક્રેડિટ આપોઆપ ઉભી થઈ નથી. એના માટે ખૂબ મહેનત દ્વારા કામ હાથ ધરાયું છે. 'ગુજરાત'નું પાક્ષિક હોય, રોજગાર સમાચાર હોય એ સરકાર અને સમાજ વચ્ચે વિકાસના સેતુરૂપ ભૂમિકા લઈને હાથ ધરાયું છે. માહિતી ખાતા દ્વારા જીસ્વાનનો ઉપયોગ મીડીયામાં ઝડપી વિકાસ સાથે કદમ મિલાવવાનું આ વિભાગનું કાર્ય છે. માહિતી ખાતાની ત્રીજી શ્રેણી છે. આ ત્રીજી શ્રેણીમાં ગુજરાતના લોકોની સ્વીકૃતિ રહી છે. એના કારણે ટી.આર.પી. રેટ ગ્રામ્ય વિસ્તારમાં ત્રીજી શ્રેણી સૌથી વિશેષ રહ્યો છે. જે બતાવે છે આ વિભાગ દ્વારા ફક્ત અહીંથી કહેવામાં આવ્યું એ મુજબ સાચી બાબત ન મૂકવી એવું નહીં, પરંતુ ગુજરાતના વિકાસ માટે થઈને લોકોને માહિતી કયા પ્રકારે આપી શકાય. ગુજરાતના વિકાસમાં માહિતી વિભાગ દ્વારા લોકોને કયા પ્રકારે જોડી શકાય, એ પ્રકારના વિચાર સાથે હંમેશા કાર્ય કરવામાં આવ્યું છે. રાજ્યની કલ્યાણલક્ષી યોજનાઓ અને ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી કરાવતા પ્રદર્શનો અનેક જગ્યાએ હાથ ધરાયા છે. આ પ્રકારના કાર્યોની સાથે સાથે માનનીય સભ્યશ્રી બાબુભાઈ શાહે વિચાર વ્યક્ત કર્યો મનોરંજન કરનો. મનોરંજન કરના ક્ષેત્રમાં સરકારે દુરોગામી પગલાં લીધાં છે. શું કરવાની જરૂરિયાત છે, એનો વિચાર કરીને મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે કમિટીની રચના કરી, એ કમિટીની રચના કર્યા પછી જે જે સૂચનો આવ્યાં એ ગૃહ સમક્ષ લાવીને કાયદામાં ફેરફાર કરીને મનોરંજન કર ઘટાડીને સામાન્ય નાગરિકનો વિચાર આ સરકારે કર્યો છે.

પ્રવાસન વર્ષને નજર સમક્ષ રાખીને લકઝુરિયસ ટેક્સ સુખ સુવિધા કરમાં રેશનલાઇઝેશન કર્યુ છે. રૂપિયા ૫૦૦ ના ટેરિફવાળી રૂમને કરમુક્તિ આપી. સામાન્ય મધ્યમવર્ગના પ્રવાસીઓને પ્રોત્સાહન આપવા માટે સરકારે સુધારો કર્યો છે. સરળીકરણ દ્વારા કરચોરી અટકાવવા માટે થઈને અને આ પ્રકારની કાર્યપદ્ધતિ દ્વારા લોકોને પ્રોત્સાહિત કરીને રાજ્યના વિકાસમાં કયા પ્રકારે જોડી શકાય, એનો પણ વિચાર આ વિભાગ દ્વારા કરવામાં આવ્યો છે. જે પ્રકારે એક્રેડિશન કાર્ડ માટેનો વિચાર વ્યક્ત કરવામાં આવ્યો. આજે પણ રાજ્યમાં ૫૬૦ જેટલા પત્રકારોને એક્રેડિશન કાર્ડ આપવામાં આવ્યા છે, એની સાથે સાથે પત્રકારો માટે જુથ વીમા યોજના ૫૦,૦૦૦ રૂપિયા સુધીની પણ વ્યવસ્થા હાથ ધરાયેલ છે. આ બધી જ બાબતો ગુજરાતના વિકાસને યોગ્ય સ્વરૂપમાં આ રાજ્યના લોકો સુધી અને દેશ અને દુનિયા સુધી મૂકી શકાય એ પ્રકારનો હંમેશા હકારાત્મક અભિગમ માહિતી અને પ્રસારણના વિભાગનો રહેલો છે. ૨૦૦૫-૦૬ ના વર્ષમાં જે પ્રકારનાં ચલચિત્ર માટેનો વિચાર અહીથી વ્યક્ત કરવામાં આવ્યો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રકારની ઘોષણા કરી હતી. ૧-૫-૨૦૦૫ થી ગુજરાતી ચલચિત્રોને સંપૂર્ણ કરમુક્તિ પ્રાપ્ત થયેલ છે, એ શ્રી બાબુભાઈ જાણે છે. આ પ્રકારનાં જૂનાં ગુજરાતી ચલચિત્રો છે, એને આ પ્રકારનો લાભ આપવામાં આવે છે અને દર વર્ષે અંદાજિત ૧૫ થી ૧૭ ગુજરાતી ચલચિત્રો બનતાં હોય છે. રાજ્ય સરકારે આ પહેલાનાં લગભગ ૨૩૦ જેટલાં ચિત્રોને કરમુક્તિનું પ્રમાણપત્ર આપેલ છે. હાલ ગુજરાતી ચલચિત્ર નિર્માતાને રૂપિયા ૫ લાખની સબસિડી આપવામાં આવે છે. ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૧૫ ગુજરાતી ચલચિત્રોને આ પ્રકારની ૭૫ લાખની સબસિડી આપવામાં આવી છે. હું એમના હાર્દ સાથે સંમત છું. આપણે સહિયારો પ્રયત્ન કરવો જોઈએ કે ગુજરાતીમાં સારી ફિલ્મ બને, એના કારણે કલા અને સંસ્કૃતિ રહેલી છે, એનો વિકાસ હાથ ધરાય. બંને વિભાગ દ્વારા જે પ્રકારના સભ્યશ્રીઓએ વિચાર વ્યક્ત કર્યો છે, જે કઈ રચનાત્મક સૂચનો થયેલ છે, એની હું નોંધ લઉં છું.

વિભાગ એમની અન્ય પ્રકારની કામગીરીમા, અમલવારીમાં જ્યાં જ્યાં આ પ્રકારનાં સૂચનનો સમાવેશ થઈ શકતો હશે ત્યાં કરશે અને જે માગણી લઈને આવ્યો છું એ આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ ગ્રાહ્ય રાખે તેવી વિનંતી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ એન્ડ ટેક્નૉલૉજી વિભાગ ઉપર જે મિત્રોશ્રી અહીયા બોલ્યા છે, એમાં ખાસ કરીને વિરોધ પક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા ઘણું બધું બોલી ગયા છે. જે ઉપસ્થિત હોત તો હું મારા વિચારો અને જે કોઈ ગુજરાતની અંદર કામો સાયન્સ એન્ડ ટેક્નૉલૉજી વિભાગ ઉપર થઈ રહ્યાં છે, એની વાત હું જરૂર પહોંચાડી શકી હોત. મિત્રોને વિનંતી છે કે ગુજરાતમાં સાયન્સ એન્ડ ટેક્નૉલૉજી ઉપર જે પ્રગતિ થઈ રહી છે અને અહી જે હું રજૂઆત કરી રહી છું, તે વાત વિરોધ પક્ષના નેતાને પહોંચાડે, કારણ કે એમને મુંબઈમાં અને પૂનામાં નૉલેજ કોરીડોર દેખાય છે, એમને આંધ્રપ્રદેશની અંદર આઈ.ટી.માં જે પ્રગતિ થયેલ છે, તે દેખાય છે, પણ આપણા ગુજરાતની અંદર આઈ.ટી. ક્ષેત્રની અંદર પ્રગતિ થઈ છે, એના માટે ગૌરવ પણ નથી અને એમને કશું દેખાતું પણ નથી. આપણા રાજ્યની અંદર સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, ઈન્ફોસિટીનો પ્રારંભ થયો છે એ એમને દેખાતું નથી. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસનો પ્રારંભ થયેલ છે અને આવડી મોટી કંપની આઈ.ટી. પાર્કના નામે ગરિમા પાર્ક નામ રાખીને કાર્યનો પ્રારંભ કરતી હોય અને ભવિષ્યમાં ૨,૦૦૦ યુવાનોને એમાંથી રોજગારી મળવાની છે એ એમને દેખાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એલ એન્ડ ટી દ્વારા સૌથી મોટો ટૅક્નૉલૉજી પાર્ક વડોદરા પાસે ઊભો થઈ રહ્યો છે. તેને નજર અંદાજ કરી રહ્યા છે. રિસર્ચ અને ડૅવલપમેન્ટ માટે આઈ.ટી. ટાસ્ક ફૉર્સની રચના કરી અને તેમાં આગળ વધી રહ્યા છીએ તે પણ વિરોધપક્ષના નેતાશ્રીને દેખાતું નથી. આજ વિધાનસભાગૃહની અંદર બે વર્ષ પહેલાં ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઑફ ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી એન્ડ કોમ્યુનિકેશન ટૅક્નૉલૉજીના નામથી આખી યુનિવર્સિટી શરૂ કરી અને તેની અંદર કેટલાય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તે યુનિવર્સિટીના દર્શન તેમને થતા નથી. તે જ રીતે નિરમા યુનિવર્સિટી જે ટૅક્નૉલૉજીની યુનિવર્સિટી છે તેમાં પાંચ હજાર કરતાં વધારે વિદ્યાર્થીઓ ટૅક્નૉલૉજીનો અભ્યાસ કરી રહ્યા છે તે તેમને દેખાતું નથી. અહીંથી નજીક ગણપત યુનિવર્સિટી બની છે અને આપણે તેને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો છે, જે ટૅક્નૉલૉજીની યુનિવર્સિટી છે એ તેમને દેખાતી નથી. એ જ રીતે સાહેબ બાયસેગ અહીંથી આપણે આગળ જઈએ ત્યારે રસ્તામાં આવે છે અને જે સેટેલાઈટ ટૅક્નૉલૉજી ઉપર કાર્યરત છે તે તેમને દેખાતું નથી. દુર્ભાગ્ય છે આપણું કે ગુજરાતમાં આટલું સુંદર કામ થઈ રહ્યું હોય અને તે આપણને દેખાતું ન હોય પરંતુ પૂનાની અંદર નૉલેજ કોરિડોર થતું હોય તે આપણને દેખાતું હોય અને તેની વાત વિરોધપક્ષના નેતાશ્રી કરે, ગુજરાત માટે સ્વાભિમાન નથી. ગુજરાતના માટે ગૌરવ કરવું નથી પણ આંધ્રનું ગૌરવ થાય છે. એમને મુંબઈ, મહારાષ્ટ્રનું ગૌરવ થાય છે. ગુજરાતનું ગૌરવ થતું નથી. એમણે સાહેબ સામ પિત્રોડાની વાત કરી. ગુજરાતમાં અને આ દેશની અંદર સામ પિત્રોડાની જેમ જ એમના જેવા વૈજ્ઞાનિકો કે જેમણે હજારો હજારો રિસર્ચ કરી અને દેશને આગળ લઈ જવા માટે પ્રયાસો કર્યા છે તેવા વૈજ્ઞાનિકોનો ઉપયોગ આ રાજય સરકાર કરી રહી છે. સાયન્સ સીટીમાં આપણે કરી રહ્યા છીએ. મી.નરકું ડાયરેકટર છે ઈસરોના, મી.ફોકડે માજી ડિરેકટર નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ એન્ડ કોમ્યુનિકેશન, મી.અભિજીત સેન ડીન છે ઈન્સ્ટિટયૂટ ઑફ પ્લાઝમા રિસર્ચના, બાલા સુબ્રહમણ્યમ નિષ્ણાત છે હૈદરાબાદની અંદર, ડો.મુખરજી નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સના ડાયરૅક્ટર છે આ બધા નિષ્ણાતોનો ઉપયોગ આઈ.ટી. ક્ષેત્રમાં આપણે કરી રહ્યા છીએ. એટલું જ નહીં ફોર્મેશન ઑફ આઈ.ટી. ટાસ્ક ફૉર્સની રચના કરવામાં આવી છે અને તેની અંદર પણ પ્રો.બી.એચ.ઝાઝૂનો ઉપયોગ કરી રહ્યા છીએ. જેઓ આઈ.આઈ.એમ.માં કામ કરે છે. શ્રી કિરણ કર્ણીક જે નાસ્કોમની અંદર કામ કરે છે તેમનો ઉપયોગ થઈ રહ્યો છે. શ્રી જયરામ ક્રિષ્ણન ઈએસસીમાં જેઓ કામ કરે છે તેમનો ઉપયોગ આપણે કરી રહ્યા છીએ. આવા આઈ.ટી. નિષ્ણાતોનો ઉપયોગ કરી ટાસ્ક ફૉર્સની રચના કરી આપણે તેમાં આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે મારા જવાબમાં મેં કહ્યું હતું પરંતુ તે મિત્રો ગેરહાજર હતા. આજે ફરીથી કહું છું કે ૨૦૦૧ થી માંડી ૨૦૦૬ સુધીની અંદર આઈ.ટી. ક્ષેત્રની અંદર ૧૯-૧૯ એવોર્ડ આ રાજય સરકારે જીત્યા છે. આ તેની કોપી છે. કોના દ્વારા, કયા ક્ષેત્રની અંદર અને કોને આ એવોર્ડ અપાયા છે તેની સંપૂર્ણ માહિતી આ કોપીની અંદર છે. ચંદ્રિકાબેન આપને જોઈતું હશે તો હું તમને પૂરી પાડીશ. આપ વાંચજો અને ગુજરાત માટે ગૌરવ અનુભવજો.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ભાઈશ્રી બલવંતસિંહજી બજેટની ચિંતા કરતા હતા. મારે એટલું જ કહેવું છે કે દરેક વિભાગની અંદર ૧ થી ૩ ટકા ખર્ચ તાલીમ સોફટવેર અને હાર્ડવેર માટે નિયત કરવામાં આવ્યા છે. દરેક વિભાગ પોતાના બજેટમાંથી તેનો ઉપયોગ કરી રહ્યો છે એટલે સ્વાભાવિક છે કે થોડી ગ્રાન્ટ ઓછી દેખાતી હશે. ડેટા સેન્ટરની સ્થાપનાનું કામ ચાલી રહ્યું છે. તેના માટે અંદાજે ૨૩૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ચાલુ વર્ષે ૨૫ લાખનો ખર્ચ પણ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાષ્ટ્રપતિશ્રી અબ્દુલ કલામજીએ કહ્યું છે કે "કોઈ દેશ બૌદ્ધિક સમાજમાં પરિવર્તિત થયો છે કે નહીં તેના નિર્ણયનો આધાર તે સમાજ માહિતી, ટેકનોલોજી, ઉદ્યોગ, કૃષિ અને આરોગ્ય સેવામાં જ્ઞાનની ઉત્પત્તિ તથા ઉપયોગ કંઈ રીતે કરે છે એના પર છે."

સમગ્ર રાષ્ટ્રની વિકાસની આગેકૂચમાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ રાજય મોખરાનું સ્થાન ધરાવે છે. રાજયમાં ફીઝીકલ રિસર્ચ લૅબૉરેટરી, પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન, સૅન્ટર ફૉર એન્વાર્યનમેન્ટ પ્લાનિંગ એન્ડ ટૅક્નૉલૉજી, ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચરલ રિસર્ચ વગેરે કાર્યરત છે.

આ વિભાગ હેઠળ ગાંધીનગર ખાતેની સરકારી કચેરીઓને કોમ્યુનિકેશન નૅટવર્કથી સાંકળતું સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નૅટવર્ક છે, જેમાં ૬૫૦૦ વોઈસ કનૅક્શન પૂરાં પાડે છે. દરરોજના આશરે ૧.૨૫ લાખ આંતરિક ફોન કોલ થાય છે, જે તદ્દન ફ્રી થાય છે, સાથે સાથે ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નૅટવર્ક (જીસ્વાન) કે જે સમગ્ર એશિયા પેસીફીકમાં પ્રથમ સ્થાન ધરાવતું ઈન્ટરનેટ નૅટવર્ક છે જેના દ્વારા તમામ ૨૫ જિલ્લાના મથકોને અને ૨૨૫ તાલુકા મથકોને વોઈસ, વીડિયો અને ડેટા સર્વિસથી સાંકળેલ છે અત્યારે ૨૫ જિલ્લાના જિલ્લા મથકોને રાજયના હેડકવાર્ટર સાથે ૪ એમબીપીએસ લીઝ લાઈનથી સાંકળેલ છે, જે વધારીને ૮ એમબીપીએસ કરવામાં આવશે. ૨૨૫ તાલુકાઓને ૨૫ જિલ્લા મથકો સાથે પણ સાંકળેલ છે. ૨૦૦૦થી વધુ સરકારી કચેરીઓને જીસ્વાન અંતર્ગત સાંકળી લેવામાં આવેલ છે, જીસ્વાનના ઉપયોગથી વર્ષમાં ૨૪૭ જેટલી વીડિયો કૉન્ફરન્સ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી ક્ષેત્રે મૂડી રોકાણ વધે તે માટે સઘન પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે, છેલ્લા બે નાણાકીય વર્ષમાં ૧૬ જેટલી કંપનીઓએ રાજયની ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી પ્રોત્સાહન યોજના અંતર્ગત રૂા. ૧૦૨૩.૦૫ લાખનું મૂડી રોકાણ કરેલ છે અને તેઓના યુનિટો અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને સુરત ખાતે સ્થાપવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ પ્રોજૅકટ હેઠળ ૪,૮૨૬ ગામોમાં ગ્રામ પંચાયતનો ડેટા બેઝ તૈયાર થઈ ગયો છે. ઈ-ગ્રામ સોફટવેર એપ્લિકેશન દ્વારા જન્મ-મરણના પ્રમાણપત્રો, જાતિ અને આવકના પ્રમાણપત્રો વગેરે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ૭૫૮ ગામોમાં ઈન્ટરનેટની સુવિધા પણ પૂરી પાડવામાં આવી છે અને ભવિષ્યમાં પણ વધુ ગામોમાં ઈન્ટરનેટની સુવિધા પૂરી પાડવામાં આવશે.

જ્ઞાનગંગા પ્રોજૅકટમાં ૪૨૧ ગામોને આવરી લેવામાં આવ્યાં છે, તેના દ્વારા ઈન્ટરનેટ કનેકટીવીટી પૂરી પાડીને ઈ-ગવર્નન્સ, શિક્ષણ, આરોગ્ય, ફોટોગ્રાફી અને મનોરંજન જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ધરા પ્રોજૅકટ હેઠળ મહેસૂલ વિભાગ દ્વારા જમીનના ૭/૧૨ અને ૮-અના દાખલા તાલુકા વડા મથકેથી ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકામાં તાજેતરમાં ગ્રામ પંચાયતની કચેરીમાંથી આ સેવાઓ પૂરી પાડવાનો સફળ પ્રયોગ થયો છે, જે બીજા ગામોમાં પણ આવરી લેવામાં આવશે.

વિજ્ઞાનના વિવિધ પ્રયોગો સામાન્ય વ્યકિત પણ સરળ રીતે સમજી શકે તે અર્થે એન્ટ્રન્સ પ્લાઝા, પ્લાનેટ અર્થ, સ્પેશ અને સંદેશાવ્યવહાર પૅવેલિયન, ઉર્જાપાર્ક, સાયન્ય હૅરીટેજ મ્યુઝિયમ તથા જિવન વિકાસ પાર્ક જેવા પ્રોજૅક્ટ્સ પ્રગતિમાં છે, આ ઉપરાંત ભૌતિકશાસ્ત્ર તથા હાઈડ્રોલીકસના વૈજ્ઞાનિક સિદ્ધાંતો પણ કામ કરતું સંપૂર્ણ કોમ્પ્યુટરરાઈઝડ મ્યુઝિકલ ફાઉન્ટેન સમગ્ર ભારતમાં સૌથી મોટો અને ખૂબ સુંદર છે. સાયન્સ સીટીની ચાલુ વર્ષે એક લાખ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી છે. પાઈલોટ ટ્રેનિંગમાં વપરાતા સીમ્યુલેટર રાઈડરનો ઉપયોગ કરી મુલાકાતીઓએ આભાસી અને રોમાંચક પ્રવાસનો લાભ લીધો છે. ત્રણ લાખથી વધુ મુલાકાતીઓએ સીમ્યુલેટર રાઈડની મુલાકાત લીધી છે. ૧૨૦૦થી વધુ દર્શકોનો સમાવેશ કરી શકતા વિશાળ એમ્ફીથીએટર ખાતે શાળા-કૉલેજના સાંસ્કૃતિક કાર્યક્રમો, સંગીત કાર્યક્રમો વગેરેનું આયોજન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૮૦ શાળાઓના ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓએ લોકપ્રિયતા માટે જે કોઈ કાર્યક્રમો થાય છે એમાં ભાગ લીધો છે. વર્ષ દરમિયાન ૭.૨૫ લાખ મુલાકાતીઓએ સાયન્સ સીટીની મુલાકાત લીધી છે. જેમાં એક લાખ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. એ ઉપરાંત વર્ષ૨૦૦૨-૦૩માં ૬૫,૦૦૦ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી છે, વર્ષ ૨૦૦૩-૦૪માં ૨.૨૫ લાખ વિદ્યાર્થીઓએ, વર્ષ ૨૦૦૪-૦૫માં ૬.૪૦ લાખ અને વર્ષ ૨૦૦૫-૦૬માં ૭.૨૫ લાખ મુલાકાતીઓએ સાયન્સ સીટીની મુલાકાત લીધી છે એ બતાવે છે કે સાયન્સ સીટીની કેટલી વધુ લોકપ્રિયતા ઊભી કરવામાં આવી છે.

બાયો-ટેકનોલોજીના ક્ષેત્રે વિશિષ્ટ પ્રગતિ થઈ શકે તે માટે રાજય સરકારે ગુજરાત સ્ટેટ બાયો ટેકનોલોજી મીશનની સ્વાયત્ત સંસ્થા તરીકે સ્થાપના કરેલ છે. જેના દ્વારા આ ક્ષેત્રમાં વિવિધ સંશોધન અને દેશ-વિદેશની નીતિઓનો અભ્યાસ કરીને તથા આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓ સાથે પરામર્શ અને સંપર્ક કરીને આ ક્ષેત્રમાં વિકાસ હાથ ધરવા કાર્યવાહી થઈ છે. બાયો-ટેકનોલોજીના ક્ષેત્રમાં વિવિધ સંશોધન અંગેના નાના-મોટા પ્રોજેકટમાં ૧૬ પ્રોજેકટો મંજૂર કરેલા હતા, જેના માટે ૧૭૧.૭૭ લાખની સહાય આપવામાં આવેલી છે. રાજયમાં તકનીકી માનવશકિત યોગ્ય કિંમતે મળી રહે તેમજ કુદરતી સ્ત્રોતનો બાયો-ટેકનોલોજી ક્ષેત્રમાં વિપુલ પ્રમાણમાં ઉપયોગ થઈ શકે તે માટે એન્વાયરમેન્ટલ બાયો-ટેકનોલોજી ક્ષેત્રે બે સેન્ટર ઓફ એકસલન્સ શરૂ કરવાનું આયોજન છે. બાયોટેક ઈન્ટરપ્રિનિયોરશીપના વિકાસ માટે બાયોટેક વેન્ચર ફંડની સ્થાપના કરવામાં આવેલી છે અને તેના કોર્પસ ફંડ માટે રૂા.૩૦૦ લાખ જીવીએફએલને સોંપવામાં આવેલ છે. બાયો-ટેકનોલોજીના ક્ષેત્રે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અંતર્ગત સાવલી

બાયોટેક પાર્કમાં માળખાકીય સુવિધાઓ ઉભી કરવાનું આયોજન રાજય સરકારે કરેલ છે. જેમાં મોડ્યુલર વેટ લેબ, પાયલોટ પ્લાન્ટ ફેસેલીટી અને તાલીમી સંસ્થાઓ ઉપલબ્ધ છે. જી.આઈ.ડી.સી. એસ્ટેટ, સાવલીમાં બાયોટેક પાર્ક માટે ૧૦૦૦ એકર જમીન નકકી કરીને રાખી છે, જેને ત્રણ તબકકામાં વિકસાવવાનું આયોજન છે. આ ઉપરાંત એગ્રો બાયોટેક પાર્ક અને મરીન બાયો-ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ વિકસાવવાનું પણ આયોજન છે. નેનો ટેકનોલોજીના ક્ષેત્રે પાંચ સેન્ટર ઓફ એકસલેન્સની ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે સ્થાપના કરવામાં આવી છે. છેલ્લાં ત્રણ વર્ષમાં રૂપિયા ૧૮૦ લાખ આ યુનિવર્સિટીઓને આપવામાં આવ્યા છે. રાજયની જુદી જુદી ઈજનેરી, ફાર્મસી તેમજ ટેકનીકલ કોલેજોમાં જુદા વિષયોના ૩૮ માઈનોર રિસર્ચ પ્રોજેકટ મંજૂર કરવામાં આવેલ છે.

રિમોટ સેન્સીંગ એન્ડ કોમ્યુનિકેશન સેકટરનું નવું નામાભિધાન ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ-ઈન્ફોર્મેટીકસ (બાયસેગ) થવા પામેલ છે. આ કચેરીની રિમોટ સેન્સીંગ અને જી.આઈ.એસ. તકનીકના ઉપયોગથી રાજયની કુદરતી સંપત્તિઓ જેવી કે જળસ્ત્રાવ પડતર જમીનના આયોજન તથા વિકાસ આચ્છાદિત વિસ્તારોનો વિકાસ, દરિયાઈ પર્યાવરણ, આપદાઓનું સંચાલન વિગેરેને આવરી લઈને સરકારશ્રીના સંબંધિત વિભાગોને જરૂરિયાત પ્રમાણેની માહિતી નકશા સ્વરૂપે પૂરી પાડવામાં આવે છે. તેમજ રાજયમાં ઈન્ટરેકટીવ દૂરવર્તી તાલીમ અને શિક્ષણ માટે ૧૦૦૦ થી વધારે કલાસરૂમોમાં ટેલી કોન્ફરન્સીંગ નેટવર્કના (વન વે વીડીઓ તથા ટુ વે ઓડિયો) ઉપયોગ માટેની સવલતો પણ પૂરી પાડે છે.

સ્પાસ્યલ અને જીઓસ્પાસ્યલ ટેકનોલોજીનો ઉપયોગ કરી રિમોટ સેન્સીંગ અને જી.આઈ.એસ. અંગે લગતી માહિતી, રાજય સરકારને તેના વિકાસલક્ષી કાર્યો માટે સરકારશ્રીના સંબંધિત વિભાગોને પૂરી પાડવામાં આવે છે. આ માટે કચેરીએ પોતાના સોફટવેર પણ વિકસાવેલ છે.

ગુજરાત સેટકોમ નેટવર્ક દ્વારા એકસ્ટેન્ડેડ - સી બેન્ડ ઉપરાંત હાલ કુ-બેન્ડની એક ચેનલ શરૂ કરવામાં આવેલ છે. તેના ઉપયોગથી દૂરદૂરના તમામ ગામો સુધી એજયુસેટનો પૂરો ઉપયોગ કરી કાર્યક્રમોનું પ્રસારણ કરાય છે. હાલ બે કલાક જીવંત અને બે કલાક પ્રી-રેકોર્ડેડ કાર્યક્રમો અપાય છે. વર્ષ ૨૦૦૬-૦૭માં ત્રણ નવી ચેનલો ઉમેરી આ કાર્યક્રમોમાં મોટા પાયે વધારો કરવામાં આવનાર છે. આ કચેરી ખાતે ઈજનેરી કોલેજના એમ.ઈ / એમ.સી.એ./ બી.ઈ./ એમ.એસ.સી.(આઈ.ટી.)ના ૧૭૦ વિદ્યાર્થીઓ રિમોટ સેન્સીંગ અને જી.આઈ.એસ.ની તાલીમ લઈ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્સ્ટીયુટ ઓફ સિસ્મોલોજીકલ રીસર્ચ (આઈ.એસ.આર.) ની કચેરી કામચલાઉ ધોરણે સેકટર-૧૮, ગાંધીનગર ખાતે ચાલે છે. આ કચેરી ખાતે ભૂકંપને લગતી જરૂરી સાધન-સામગ્રીની ખરીદી કરવામાં આવેલ છે. આ સાધન સામગ્રીના ઉપયોગ માટે વૈજ્ઞાનિકોને જરૂરી તાલીમ પણ પૂરી પાડવામાં આવેલ છે. ઉપરાંત રિસર્ચના કામો હાથ ધરવા માટે કોમ્પ્યુટર લેબની સ્થાપના કરવામાં આવેલ છે. સમગ્ર રાજયમાં જુદી જુદી ૨૨ જગ્યાઓએ સિસ્મોલોજીકલ ઓબઝરવેટ્રીસની સ્થાપના કરવામાં આવેલ છે અને તેનું વી.એસ.એ.ટી. સાથે જોડાણ કરવામાં આવેલ છે. જેનું મુખ્ય રીસીવીંગ સ્ટેશન આઈ.એસ.આર., ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

આ સંસ્થાના પોતાના મકાન બાંધકામ માટે સરકારશ્રી દ્વારા ૧૨ એકર જમીન ફાળવણી કરવામાં આવેલ છે. આ જમીન ખાતે મકાન બાંધકામ માટે જરૂરી આર્કીટેકની નિમણૂક કરવામાં આવેલ છે અને તેની ડિઝાઈનની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ફર્મેશન ટેકનોલોજી નીતિ ૩૦ જૂન, ૨૦૦૬ સુધી ચાલુ રાખવામાં આવેલ છે, તે દરમિયાન નવી આઈ.ટી. નીતિની બાબત વિચારણા હેઠળ છે. જેમાં નવા આઈ.ટી. એસ.ઈ.ઝેડ દરજ્જો આપવા માટે ભાર મૂકસવામાં આવશે. જેનાથી રાજયમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે મૂડી-રોકાણ અને રોજગારીની નવી તકો વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં ઈન્ફોસીટી અને અમદાવાદમાં જી.એન.એફ.સી. ઈન્ફો ટાવર તથા એસ્ટ્રોન પાર્ક જેવા આઈ.ટી. પાર્કમાં આઈ.ટી.ની અદ્યતન સુવિધાઓ છે. નાસકોમ દ્વારા થયેલ સુપરનાઈન અભ્યાસમાં અમદાવાદને આઈ.ટી. કંપની સ્થાપવાની દ્દષ્ટિએ બેંગ્લોર, દિલ્હી, મુંબઈ અને પૂના કરતાં પણ ઉપરના સ્થાને મુકવામાં આવેલ છે. એમ્ફેસીસ બી.પી.ઓ. જેવી કંપની કે જે દેશની ટોચની ૧૦ કંપનીઓમાંની એક છે તેણે પોતાનું કોલ સેન્ટર અમદાવાદમાં સ્થાપ્યું છે. દુનિયાની સૌથી મોટી કંપની માઈક્રોસોફટ પોતાની 'ભાષાલેબ' ઈન્ફોસીટી, ગાંધીનગરમાં સ્થાપી રહી છે. અમદાવાદ-ગાંધીનગર નજીક આંતરરાષ્ટ્રીય કક્ષાનો આઈ.ટી.પાક સ્થાપવાની કામગીરી વેગમાં છે. છેલ્લા ૬ વર્ષમાં આઈ.સી.ટી. ક્ષેત્રે રૂા. ૧૧૧૫ કરોડનું મૂડી રોકાણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગવર્નન્સના રેડીનેસ રિપોર્ટમાં ગુજરાતને આઈ.ટી. ક્ષેત્રની અંદર બીજા નંબરનું સ્થાન પ્રાપ્ત થયું છે જેના માટે આપણને સૌને ગૌરવ હોવું જોઈએ. આઈ.ટી. ક્ષેત્રની અંદર જે રીતે ગુજરાત આગળ વધી રહયું છે એના માટે આપણને સૌને ગૌરવ થવું જોઈએ અને આમાં આપના પણ જો કોઈ વિચારો હોય તો કે આપના મનની અંદર આઈ.ટી. માટે કંઈ નવું હોય અથવા તો નવી ઈન્સ્ટીટયુટ સ્થાપવાનો વિચાર આપના મનમાં આવતો હોય તો અમારું ધ્યાન ચોકકસ દોરજો આ અંગે પણ સાયન્સ અને ટેકનોલોજી વિભાગ કાર્ય કરશે. આપ સૌને મારી વિનંતી છે કે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની મારી જે દરખાસ્ત છે એને મંજૂર કરવામાં આવે.

કાપ દરખાસ્ત ક્રમાંકP: ૧, ૨, ૫, ૮, ૧૧, ૧૩, ૧૪, ૧૮, ૨૧, ૨૩, ૨૫ અને ૨૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક: ૩૦, ૩૩, ૫૩ અને ૮૯ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૧૭ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર તા.૧૬મી માર્ચ ૨૦૦૬**
**ફાલ્ગુન ૨૫, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**બી.પી.એલ. કાર્ડ માટેની આવક મર્યાદા ઘટાડવા અંગે**

***૧૬૫૪૪ શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

(૧) બી.પી.એલ. કાર્ડના લાભાર્થીઓ માટેની આવક મર્યાદા ઘટાડવામાં આવી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શું છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી ( રાજ્યકક્ષા) :**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આમાં મારો પ્રશ્ન એ છે કે, બી.પી.એલ. કાર્ડના લાભાર્થીઓની આવક મર્યાદા ઘટાડવામાં આવી હોવાની હકીકત સાચી છે, તો જવાબમાં ના,જી. આપવામાં આવ્યું છે, તો મારે એ પૂછવું છે કે, આવક મર્યાદામાં કોઈ વધારો કરેલ છે કે કેમ ? અને બીજો પ્રશ્ન મારો એ છે કે,.. (અંતરાય)

( આ તબક્કે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગૃહમાં હાજર થતાં શાસક પક્ષના સભ્યશ્રીઓએ પાટલીઓ થપથપાવી તેઓશ્રીને આવકાર્યા.)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, પ્લીઝ,

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે,

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજા હેટ્રિકમાં અમે જીત્યા છીએ, ભાજપનો હેટ્રિક વિજય થયો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, •* (XXXXXXXXXXX)

**અધ્યક્ષશ્રી .** : ચાલો, પ્લીઝ, પ્લીઝ.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઈ આજે જરા હળવા મૂડમાં છે તમે જે અમને ગુજરાત વિરોધીઓ કહો છો, એમને ગુજરાતની જનતાએ ગળે લગાડ્યા અને જેઓ ગુજરાત પ્રેમનો દાવો કરે છે એમને ગુજરાતની અંદર રિજેક્ટ કર્યા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, •* (XXXXXXXXXXX)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, હવે આ પ્રેમ વાર્તાલાપ અહીંયાં પૂરો થાય તો સારું.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, ભારત સરકારના નોર્મ્સ પ્રમાણે બી.પી.એલ. કાર્ડ ધારકો કેટલા હોવાં જોઈએ અને હાલમાં અત્યારે કેટલાં બી.પી.એલ. કાર્ડ ધારકો છે ?

**શ્રી છત્રસિંહ પું. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલાં જે પ્રશ્ન પૂછયો એ આવક મર્યાદા અંગેનો પૂછયો છે, એમાં ૧૯૯૬-૯૭માં ભારત સરકાર આયોજન પંચ દ્વારા પ્લાનિંગ કમિશનથી એનું સર્વે કરે છે અને કેટલી આવક છે એ નક્કી કરે છે એટલે તે વખતે ૧૯૯૬-૯૭માં એક વ્યકિત દીઠ ૨૫૪ રૂપિયા પ્રમાણેની આવક અને વધારેમાં વધારે ૧૧૦૦૦ રૂપિયાની આવક મર્યાદા નક્કી કરવામાં આવી હતી. હવે ૧૨-૧-૨૦૦૪થી પ્લાનિંગ કમિશને એક જે નક્કી કર્યુ છે કે સમગ્ર દેશમાં દરેક રાજયો માટે નક્કી કર્યુ છે. આમાં ગુજરાત માટે ગ્રામ્ય વિસ્તાર માટે ૩૨૪ રૂપિયા વાર્ષિક આવક વ્યકિત દીઠ છે અને શહેરી વિસ્તાર માટે ૫૦૧ રૂપિયા વાર્ષિક આવક છે એટલે આમ ગણીએ તો પાંચ માણસનું કુટુંબ હોય તો પહેલા ૧૧૦૦૦/- ની આવક મર્યાદા હતી પણ હવે ૧૯૪૪૦/- રૂપિયાની આવક મર્યાદા થઈ છે અને શહેરો માટે ૩૦,૦૦૦/- કરતાં વધારે આવક મર્યાદા થઈ છે.

---

• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો સવાલ એ છે કે, બી.પી.એલ. કાર્ડ માટે વાત કરી તો બી.પી.એલ. કાર્ડ માટે પણ આપણે નવી એક ગાઈડ-લાઈન બહાર પાડી છે અને એમાં પણ ૨૭-૧૨-૦૫ ના રોજ બી.પી.એલ. નહોતા આપતા એને પણ નવા બી.પી.એલ. કાર્ડ આપવાનું નકકી કર્યું છે અને એના નિયમો બનાવ્યા છે એમાં શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા ઉપર જણાવી એ મુજબ છે અને બીજુ ખેત મજૂર છે કે કેમ, અનુસૂચિત-જાતિ/અનુસૂચિત જનજાતિ કે પછાત વર્ગના છે કે કેમ, એક એકરથી ઓછી જમીન છે કે કેમ, ઈન્દિરા આવાસ, સરદાર આવાસ છે કે કેમ? અને ગ્રામાસભાનો ટાર્ગેટ લીધો છે એ મુજબ બી.પી.એલ. કાર્ડ નંબર ન હોય તો પણ એ ગ્રામસભાની મંજૂરી લઈ લે તો બી.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક લાગણીથી પૂછું છું કે, આજના જમાનામાં દિવસના ૫૦ રૂપિયાનું કામ કરે તો ૧૧૦૦૦/-ની આવક મર્યાદાને વટાવી જાય અને લગભગ આ આવકની માર્યાદા છે એના કારણે મોટા પાયે ગરીબ માણસોને નુકસાન થાય છે તો આવક મર્યાદા વધારવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે જ નકકી કર્યું છે અને પ્લાનિંગ કમિશનની ગાઈડ-લાઈન મુજબ ગુજરાત સરકારે નિયમોનું પાલન કરવાનું હોય છે એટલે એ નિયમ જે છે એ મુજબ મર્યાદા આપણે નકકી કરેલી છે.

**શ્રી મહેન્દ્ર ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બી.પી.એલ. કાર્ડના લાભાર્થીઓ જે છે એ અને અન્ય ગેસ કનેકશન ધારકો છે એ એક કનેકશનમાં બે બોટલ ફીલીંગ ધરાવતા હોય તો એનું કનેકશન રદ કરવાની સૂચના આપવામાં આવી છે. તો આ રાજય વ્યાપી સૂચના છે કે કોઈ ખાસ જિલ્લાને ધ્યાનમાં રાખીને અમલ થઈ રહ્યો છે? કારણ કે, એવું બની શકે કે પહેલા બે બોટલ કનેશન હોય પણ પછી એની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ હોય અને એ જે વ્યકિત છે એ બી.પી.એલ. માટે લાયક થઈ ગઈ હોય. પણ એનું બી.પી.એલ. કાર્ડ રદ કરી નાંખવામાં આવ્યું હોય છે એને ડબલ બોટલ છે એટલે તો આ માટે પુરવઠા વિભાગની સૂચના છે એ વાત સાચી છે કે કેમ? અને આ માટે ફરીથી પુન:વિચારણા કરવા માગો છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, બે બોટલ એક કનેકશનમાં હોય એનું કનેકશન રદ કરવામાં આવે છે એવું નથી. અલગ અલગ એજન્સીમાં એક જ નામે બે અથવા તેથી વધુ કનેકશનો હોય તો એક કરતાં જેની પાસે વધારે કનેકશનો હોય એના કનેકશનો રદ કરવા માટે સમગ્ર રાજયમાં ઝુંબેશ ઉપાડી છે. એટલે એક વ્યકિત ત્રણ-ચાર કે તેથી પણ વધારે કનેકશનો રાખે છે એના કનેકશનો રદ કરીએ છીએ પણ એક જ કનેકશનમાં બે બોટલ હોય તો એને રદ કરતા નથી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે,બી.પી.એલ. કાર્ડ જે લોકો પાસે હોય છે એના પરિવાર અલગ રહેવા જાય છે ત્યારે અને અલગ રેશન કાર્ડ આપવાનું થાય છે ત્યારે એના અલગ કાર્ડમાં એ.પી.એલ.નો સિક્કો મારી આપવામાં આવે છે. બી.પી.એલ નથી કરી આપવામાં આવતું તો આ બાબતમાં સરકાર કંઈ કરવા માગે છે કે કેમ? બી.પી.એલ.કાર્ડ હોય એને અલગ કાર્ડ આપવાનું થાય ત્યારે એને બી.પી.એલ. કાર્ડ કરી આપવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૨૭-૧૨-૦૫થી પરિપત્ર નવો કર્યો છે એમાં જણાવ્યું છે કે આવા બી.પી.એલ. ધારકોને અલગ કાર્ડ આપવાના થાય ત્યારે એમાં બી.પી.એલ. કાર્ડ આપવું એવો પરિપત્ર કર્યો છે. એટલે હવે બી.પી.એલ. હોય એને એ.પી.એલ.નો સિક્કો મારી આપવામાં આવે એવું નહીં થાય અને એના માટે નવી ગાઈડ-લાઈન બહાર પાડી છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વખત બી.પી.એલ.ની યાદી માટે સર્વે કરવામાં ત્રણ-ચાર વર્ષ લાગી જાય છે એવા સંજોગોમાં જે કમાનાર વ્યકિત હોય છે કુટુંબમાં એ અવસાન પામે તો એવા મૃતકનો પરિવાર ખરેખર ગરીબ બની જતો હોય છે, કેમ કે એક જ વ્યકિત કમાનાર હોય એ જતા રહેતા નેચરલ એ કુટુંબ બી.પી.એલ.ની યાદીમાં આવી જાય છે એવા કિસ્સામાં મંત્રીશ્રી કન્સીડર કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ની યાદી તૈયાર કરવાનું કામ નાગરિક પુરવઠા વિભાગ કરતું નથી. એ કામ ગ્રામ વિકાસ એજન્સી અને શહેરી વિકાસ એજન્સી કરે છે. એના આધારે નકકી કર્યા મુજબ બી.પી.એલ.ના ક્રાઈટેરીયામાં આવતા હોય તો એને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવે છે અને કાર્ડ અલગ આપતા હોઈએ છીએ. માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ એવા કોઈ કુટુંબના વ્યકિતઓ ક્રાઈટેરીયામાં આવતા હશે તો મેં કહ્યું તેમ નવા નિયમો જાહેર કર્યા છે એમાં કોઈનો વાંધો નથી એટલે એ મુજબ બી.પી.એલ. કાર્ડ આપીશું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે કે સરવેમાં ચાર પાંચ વર્ષ લાગે ખરેખર કોઈ પરિવારનું કમાનાર વ્યકિત ગુજરી જાય તો એના માટે બીજા લાભ મેળવવા માટે ત્રણ ચાર વર્ષ રાહ ન જોવી પડે એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી મુજબ જ કોર્ટમાં સ્ટે હતો અને સુપ્રીમ કોર્ટમાં ગયા આ બધાજ ટાઇમના કારણે આપણી યાદી ફાઇનલ નહોતી થતી, એકવાર બી.પી.એલ.ની યાદી

પણ જાહેર થઈ, ફરી રિવાઈઝ થઈ, ફરી પણ લોકોએ ના પાડી કે હજી બરાબર નથી, આ બધાજ કારણોસર આપણે નવેસરથી આ બી.પી.એલ. કાર્ડ આપવા માટે કોઈ વંચિત ન રહી જાય એકપણ કુટુંબ એના માટે એક પરિપત્ર બહાર પાડ્યો છે કે કોઈપણ કુટુંબની વ્યકિત હશે અને એ બી.પી.એલ. કાર્ડની પાત્રતા ધરાવતા હશે તો એમને આપણે બી.પી.એલ. કાર્ડ આપી શકીશું અને હવે બી.પી.એલ. કાર્ડ નંબર લેવાની પણ જરૂર જ નથી ગ્રામસભામાં એ મંજૂરી લઈ લે તો આપણે આપી શકીશું.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, બી.પી.એલ. યાદી સરવે કરવાનું ગ્રામ્ય વિસ્તારનું કામ ગ્રામ વિકાસ એજન્સી કરે છે શહેર વિસ્તારની જે કામગીરી છે એ શહેરી વિકાસ એજન્સી કરે છે એમ કહે છે એટલે એ કઈ એજન્સી કામ કરે છે એક અને એ કામગીરી અત્યારે ચાલુ છે કે કેમ અને શહેરી વિસ્તારમાં બી.પી.એલ. કાર્ડ જે ઈસ્યુ કર્યા એ કઈ સાલમાં છેલ્લે કર્યા અને હવે ક્યારે કરવાના છો અને હમણાં જે આ પ્રશ્ન પૂછવામાં આવ્યો જે ગોરધનભાઈએ પૂછ્યો કે ખરેખર ઘરમાં એક કમાનાર વ્યકિત હોય અને બહેન વિધવા થઈ હોય તો વિધવા બહેનને બી.પી.એલ. કાર્ડની દરેક જગ્યાએ જરૂર પડે છે એને રાષ્ટ્રીય બચત યોજનામાં જવું હોય તો એમનું બી.પી.એલ. કાર્ડ માગે છે અથવા તો એના દીકરાને પણ ક્યાંક જરૂર હોય તો ત્યાં પણ બધી જગ્યાએ બી.પી.એલ. કાર્ડ માગે છે, ઘરમાં કમાનાર કોઈ ના હોય માત્ર એકના એક વિધવા બાઈ હોય અમારા જ તાલુકાની અંદર હમણાં ૪૨૫ વિધવા બહેનોનો એક કાર્યક્રમ થયો એમાં બધી બહેનોએ એમ કહ્યું કે અમારી પાસે બીજું કંઈ છે નહિ તો અમને બી.પી.એલ. ની યાદીમાં લેવામાં આવે આ જે ગોરધનભાઈએ પ્રશ્ન પૂછ્યો કે ખરેખર જેના પરિવારમાં બીજું કોઈ હોય નહિ ઘરમાં દીકરો કે દીકરી નાના હોય તો એવા લોકોને તાત્કાલિક ધોરણે કલેકટરશ્રીને સત્તા આપીને જે તે વિસ્તારમાં આવતા હોય એમને સત્તા આપીને બી.પી.એલ. યાદીમાં તાત્કાલિક લઈ એનો જે લાભ મળતો હોય એ મળવો જોઈએ આ પ્રશ્ન મુખ્ય છે,

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી એમ ગ્રામ વિસ્તાર માટે ડી.આર.ડી.એ. એટલે કે ગ્રામ વિકાસ એજન્સી કામ કરે છે. શહેર વિસ્તારમાં શહેરી વિકાસનો જે આપણો વિભાગ છે એમાંથી આ બી.પી.એલ. ની યાદી તૈયાર કરાય છેp આ બી.પી.એલ. ની યાદી તૈયાર કરવાનું કામ અમારું નથી પણ જેમ કહ્યું તેમ વિધવા બહેનને રૅશનકાર્ડનું છે આ બધાના માટે એક નવો નિયમ બનાવ્યો છે બી.પી.એલ. નંબરની હવે જરૂર જ નથી અને બીજી એ બાબત છે કે રૅશનકાર્ડ માટે એનો આધાર લઈને કે બીજા કારણોસર આ રૅશનકાર્ડનો ઉપયોગ કરે છે તો રાજય સરકારે એક પરિપત્ર કરી દીધો છે કે આપણે માત્ર ખાદ્યના ઉપયોગ માટે જ રૅશનકાર્ડનો ઉપયોગ કરવાનો છે બાકીના માટે કોઈ ઉપયોગ નહિ કરવો અને એનો કોઈ આધાર નહિ લેવો એવી સ્પષ્ટ સૂચના આપી છે એટલે એના આધાર ઉપર જ એને પેન્શન ના મળે કે બીજી યોજનાનો લાભ ના મળે એવું બનશે નહિ એટલા માટે હવે બી.પી.એલ. નંબર પણ લેવાની જરૂર નથી તમારે બી.પી.એલ. નંબર ના હોય તો ગ્રામ સભા મળે છે એમાં એમના નામની મંજૂરી આપી દો તો તેના આધાર પર પણ આપણે બી.પી.એલ. કાર્ડ આપી શકીશું.

## ધારી તાલુકાના ગ્રામ્ય લોકોને રાંધણ ગેસ આપવામાં ગેરરીતિ

***૧૪૨૨૮ શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) ગીર પૂર્વ વન વિભાગ નીચે લીધેલ ઈકો ડૅવલપમેન્ટ યોજનામાં આવરી લીધેલ ધારી વિભાગના ગામડાંના લોકોને રાંધણ ગેસ મળેલ નથી છતાં તેમના નામે લેવાયેલ છે જેથી તેમને કેરોસીન પણ મળતું નથી. આ પ્રકારની ગેરરીતિની સરકારને જાણ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ અંગે સરકાર તપાસ કરાવવા માગે છે કે કેમ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)**

(૧) ગ્રાહક તરફથી ફરિયાદ મળેલ નથી. પરંતુ માનનીય ધારાસભ્યશ્રીએ જિલ્લા સંકલન સમિતિની તારીખ ૧૮-૨-૨૦૦૬ ની બેઠકમાં રજૂઆત કરેલ હતી.

(૨) હાલ તપાસ ચાલુ છે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન વન વિભાગના કેટલાક ગામડાઓની અંદર ઈકો ડૅવલપમેન્ટની યોજનાની અંદર ગેસ કનૅક્શનો આપવામાં આવેલ હતા આ ગેસ કનૅક્શન જે તે વખતે સ્થાનિક અધિકારીઓ દ્વારા એ યોગ્ય વ્યકિતઓને નહિ ફાળવતા બીજી વ્યકિતઓને આપી દીધા છે અને પરિણામે આજે સ્થિતિ એવી થઈ છે કે ત્યાંના રહેવાસી લોકો છે ગામડાના લોકો એમની ફરિયાદ એ છે કે અમને ગેસ પણ નથી મળ્યો અને કેરોસીન પણ મળતું નથી. આમ તો આ પ્રશ્ન વન ખાતાના અધિકારીઓની ગેરરીતિનો હશે પરંતુ પુરવઠા શાખા દ્વારા આ અંગે તપાસ કરી અને જે લોકોને ખરેખર ગેસ મળ્યો નથી એમને કેરોસીન આપવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જેમ કહે છે તેમ ગીરના વન વિસ્તારમાં જે વન વિભાગની અંદર ઈકો ડૅવલપમેન્ટની યોજના હેઠળ જે ગેસ કનૅક્શનો આપવાની યોજના તારીખ ૧-૧૨-૧૯૯૬

ની અંદર અમલમાં આવી ત્યારપછી આપણે જે કનૅક્શન આપ્યાં છે. તેમાં કુલ ધારી અને ખાંભાની વાત કરીએ તો ૧૮૨૭ ગેસ કનેકશનો આપણે આપ્યાં છે. માનનીય સભ્યશ્રીની રજૂઆત મળી તેમને ત્યાં જિલ્લા આયોજનમાં ફરિયાદ કરી તો આપણે ૪૩૩ લોકોને રેન્ડમ તે લોકોનું ચેકીંગ કર્યુ છે તો તેમાં જણાયું છે કે, ૧૮૩ કનેકશનો તો ઈસમો ધારણ કરે છે ૨૦૫ કનેકશનો આપ્યા છે પણ તે લોકો ઉપયોગ કરતા નથી અને ૩૭ કનેકશનો એવા છે કે આપણે ગેસ કનેકશનો આપી દીધા છે પણ બીજાને વેચી દીધા છે. ૨૫૦૦ રૂપિયાની આપણે સબસીડી આપવાના કારણે ૨૫૦૦ રૂપિયા મળી જાય અને ગેસ કનેકશનો વેચી દીધા છે. સભ્યશ્રીની જે વાત છે માત્ર આઠેક કનેકશનો એવા છે કે જે લોકોને ગેસ નથી અને કેરોસીન મળતું નથી એવું છે પણ એવું કોઈ મારા ધ્યાન ઉપર નથી બધાને અમે કેરોસીન આપીએ જ છીએ. જેની પાસે ગેસ નથી તે તમામને અમે કેરોસીન આપવાની વ્યવસ્થા કરેલી જ છે અને આજે અમારી પાસે કોઈ ફરિયાદ નથી કે કેરોસીન ના મળતું હોય.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે મુજબ ૨૦૫ વ્યકિતઓ એવી છે કે જેમને ગેસ આપેલ છે છતાં ઉપયોગ કરતી નથી. તો આ ૨૦૫ વ્યકિતઓ એવી છે, એવા કુટુંબો છે કે જે ખરેખર ગેસ ખરીદી શકતા ના હોય તો તેવી વ્યકિતઓની સાથે તેનું કબૂલાતનામું લઈ અને કેરોસીન મળે એવી વ્યવસ્થા કરવા માટેની જોગવાઈ ખરી કે નહીં? ૩૭ કનેકશન બીજાને આપેલાં છે તો તેમની સામે કોઈ પગલાં લેવા માગો છો કે કેમ ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ગેસ એક વખત લે એટલે તેની ઉપર સ્ટેમ્પીંગ થઈ જાય છે કે તેને આપણે પછી કેરોસીન આપતા નથી. આ ૨૦૫ મેં કહ્યું છે આપણે ગેસના કનેકશનો આપી જ દીધા છે હવે તેમને ઉપયોગ ના કરવો હોય તો ગેસના કનેકશન જમા કરાવી દેવા પડે તો આપણે કેરોસીન આપી શકીએ. પણ ગેસ રાખવો છે અને કેરાસીન પણ લેવું છે એટલે ડબલ યોજના આપણે ત્યાં નથી કે જેને બોટલ હોય છે તેને આપણે કેરોસીન આપતા નથી. એટલે બાકીના જેને પણ ગેસ કનેકશન નથી તે તમામને આજે પણ ત્યાં કેરોસીનનું વિતરણ આપણે કરીએ જ છીએ.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું છે તપાસ ચાલુ છે તો આ તપાસ ક્યારે પૂર્ણ કરવામાં આવશે અને તેનો અમલ ક્યારે કરવામાં આવશે ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, તપાસ ચાલુ છે અને ૪૩૩ ગ્રાહકોની તપાસ કરી લીધી છે માનનીય સભ્યશ્રીની ફરિયાદ મળી કે તરતજ અને તેમાંથી અમે આ તારણ કાઢી લીધું છે કે તમામને ગેસ કનેકશનો છે તેને આપણે ગેસ પૂરો પાડીએ છીએ અને કેરોસીન પણ પૂરું પાડીએ છીએ.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ગેસ હોય તેને કનેકશન આપતાં નથી તો ગાંધીનગર વિસ્તારમાં ગેસના બાટલા પંદરથી વીસ દિવસ મોડા મળે છે. હવે તેમને કેરોસીન જો એક લિટર કે બે લિટર કેરોસીન હોય તો પ્રાયમસ ઉપર તેનો ઉપયોગ કરી શકે. બીજુ કોઈ ગ્રાહક ગરીબ હોય અને તેને લાઈટ ના લીધી હોય તો તે કેરોસીનથી દીવો બાળી શકે. હવે ગેસના બાટલા છેલ્લાં દિવસોમાં પંદર દિવસ મહિનો દિવસ મળતાં નથી અને ગાંધીનગર વિસ્તારોમાં તો કયારેય મળતાં નથી તો આના માટે નીતિમાં ફેરફાર કરી અને ગાંધીનગર વિસ્તારમાં ગેસ કનૅક્શન હોય છતાં એક લિટર કે બે લિટર કેરોસીન તેને દર મહિને મળવું જોઈએ એવું માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કહે છે કે ૧૫ દિવસ સુધી ગેસ નથી મળતો ગેસની જે તંગી ઉભી થઈ પછી આખા રાજયમાં મોનીટરીંગ કરીને આજે આપણી પાસે કોઈ બેકલોગ નથી રેગ્યુલર લાવી દીધા છે અને જે વાત કરે છે કે ગેસ કનૅક્શન હોય અને બાકીનાને પણ કેરોસીન મળે તો તે શકય નથી. કેન્દ્રમાંથી ૮૬ ટકા કેરોસીન મળે છે.

## રાજકોટ જિલ્લામાં પોલીસ આવાસના કામો

***૧૬૧૫૭ શ્રી વિષ્ણુભાઈ છો. પટેલ(ઉમરેઠ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) છેલ્લાં ત્રણ નાણાકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પૈકી તા.૩૧-૧-૦૬ સુધીમાં કેલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**પોલીસ આવાસો મંત્રીશ્રી (રાજયકક્ષા) :**

(૧) રૂા.૯૧૯.૨૧ લાખ

(૨) રૂા.૯૧૯.૨૧ લાખ

**શ્રી વિષ્ણુભાઈ છો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને મંત્રીશ્રીએ જવાબ આપેલ છે તેનાથી મને સંતોષ છે.

**સુત્રાપાડા, તાલાલા અને વેરાવળ તાલુકાઓમાં કેરોસીનની ફાળવણી**

***૧૪૪૬૬ શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયમાં રેશનકાર્ડ ધારકોને કેટલા લિટર કેરોસીનની કાર્ડદીઠ ફાળવણી કરવામાં આવે છે.
(૨) સુત્રાપાડા, તાલાલા ને વેરાવળ તાલુકા માટે તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દર માસે કેટલી ફાળવણી કરવાની થતી હતી.
(૩) તે પૈકી કેટલી ફાળવણી કરવામાં આવી, અને
(૪) ઓછી ફાળવણી કરવામાં આવી હોય તો તેના કારણો શું છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧) રાજયમાં ગેસ જોડાણ વગરના કાર્ડધારકોને અમદાવાદ શહેર તથા વડોદરા શહેરમાં કાર્ડદીઠ ૧૪ લિટર, અમદાવાદ જિલ્લાના ઔડા વિસ્તારમાં ૧૧ લિટર અને તે સિવાયના તમામ જિલ્લાઓ/વિસ્તારમાં ૧૦ લિટરના પ્રમાણથી વિતરણ કરવા માટે નીચે મુજબ કેરોસીનની કાર્ડદીઠ ફાળવણી કરવામાં આવે છે.
  (અ) અમદાવાદ શહેર/વડોદરા શહેર કાર્ડદીઠ માસિક સરેરાશ ૧૨.૧૫ લિટર.
  (બ) અમદાવાદ જિલ્લા ઔડા વિસ્તાર માટે કાર્ડદીઠ માસિક સરેરાશ ૯.૫૪ લિટર.
  (ક) અન્ય તમામ જિલ્લા/વિસ્તાર માટે માસિક કાર્ડદીઠ સરેરાશ ૮.૬૭ લિટર.
(૨) અને (૩) : પત્રક-૧ સામેલ છે.
(૪) રાજયના તમામ જિલ્લાઓના નોનગેસ ધારકોના કાર્ડની સંખ્યા તેમજ નિયત કરાયેલ વિતરણ પ્રમાણને અનુલક્ષીએ સમગ્ર જરૂરિયાત સામે કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી કેરોસીનની ફાળવણી અપૂરતી છે.

**પત્રક-૧**

**સુત્રાપાડા, તાલાલા અને વરાવળ તાલુકા માટે સને ૨૦૦૪- અને ૨૦૦૫ માં દર માસે કેરોસીનની કરવાની થતી ફાળવણી અને કરવામાં આવેલ ફાળવણીની વિગત દર્શાવતું પત્રક :-**

**(જથ્થો કિ.લી.માં)**

| ક્રમ | માસનું નામ | સુત્રાપાડા | | તાલાલા | | વેરાવળ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કરવાની થતી ફાળવણી | કરવામાં આવેલ ફાળવણી | કરવાની થતી ફાળવણી | કરવામાં આવેલ ફાળવણી | કરવાની થતી ફાળવણી | કરવામાં આવેલ ફાળવણી |
| ૧ | જાન્યુઆરી-૦૪ | ૨૧૫ | ૧૯૪ | ૨૩૭ | ૨૧૩ | ૩૬૬ | ૩૨૯ |
| ૨ | ફેબ્રુઆરી-૦૪ | ૨૧૫ | ૧૯૪ | ૨૩૭ | ૨૧૩ | ૩૬૬ | ૩૨૯ |
| ૩ | માર્ચ-૦૪ | ૨૩૦ | ૨૦૨ | ૨૪૩ | ૨૧૪ | ૪૧૨ | ૩૬૩ |
| ૪ | એપ્રિલ-૦૪ | ૨૩૦ | ૧૯૬ | ૨૪૩ | ૨૦૭ | ૪૧૨ | ૩૫૦ |
| ૫ | મે-૦૪ | ૨૩૦ | ૧૯૬ | ૨૪૩ | ૨૦૭ | ૪૧૨ | ૩૫૦ |
| ૬ | જૂન-૦૪ | ૨૩૦ | ૨૦૦ | ૨૪૩ | ૨૧૧ | ૪૧૨ | ૩૫૮ |
| ૭ | જુલાઈ-૦૪ | ૨૩૦ | ૧૯૮ | ૨૪૩ | ૨૦૯ | ૪૧૨ | ૩૫૪ |
| ૮ | ઓગષ્ટ-૦૪ | ૨૨૯ | ૨૦૨ | ૨૩૯ | ૨૧૦ | ૪૦૨ | ૩૫૪ |
| ૯ | સપ્ટેમ્બર-૦૪ | ૨૩૧ | ૨૦૪ | ૨૪૧ | ૨૧૩ | ૪૦૦ | ૩૫૮ |
| ૧૦ | ઓક્ટોબર-૦૪ | ૨૩૧ | ૨૦૧ | ૨૪૧ | ૨૧૦ | ૪૦૦ | ૩૪૮ |
| ૧૧ | નવેમ્બર-૦૪ | ૨૩૧ | ૨૦૧ | ૨૪૧ | ૨૧૦ | ૪૦૦ | ૩૪૮ |
| ૧૨ | ડિસેમ્બર-૦૪ | ૨૩૧ | ૨૦૧ | ૨૪૧ | ૨૧૦ | ૪૦૦ | ૩૪૮ |
| ૧૩ | જાન્યુઆરી-૦૫ | ૨૩૧ | ૨૦૧ | ૨૪૧ | ૨૧૦ | ૪૦૦ | ૩૪૮ |
| ૧૪ | ફેબ્રુઆરી-૦૫ | ૨૩૧ | ૧૯૯ | ૨૪૮ | ૨૧૩ | ૪૦૦ | ૩૪૪ |
| ૧૫ | માર્ચ-૦૫ | ૨૩૧ | ૧૯૯ | ૨૪૮ | ૨૧૩ | ૪૦૨ | ૩૪૬ |
| ૧૬ | એપ્રિલ-૦૫ | ૨૩૧ | ૨૦૧ | ૨૪૮ | ૨૧૬ | ૪૦૨ | ૩૫૦ |
| ૧૭ | મે-૦૫ | ૨૩૧ | ૨૦૨ | ૨૪૮ | ૨૧૭ | ૪૦૨ | ૩૫૨ |
| ૧૮ | જૂન-૦૫ | ૨૩૧ | ૨૦૩ | ૨૪૮ | ૨૧૮ | ૪૦૨ | ૩૫૩ |
| ૧૯ | જુલાઈ-૦૫ | ૨૩૧ | ૨૦૪ | ૨૪૮ | ૨૧૯ | ૪૦૨ | ૩૫૪ |
| ૨૦ | ઓગષ્ટ-૦૫ | ૨૩૩ | ૨૦૪ | ૨૫૧ | ૨૨૦ | ૪૦૨ | ૩૫૨ |
| ૨૧ | સપ્ટેમ્બર-૦૫ | ૨૩૩ | ૧૯૯ | ૨૫૧ | ૨૧૫ | ૪૦૩ | ૩૪૫ |
| ૨૨ | ઓક્ટોબર-૦૫ | ૨૩૩ | ૨૦૧ | ૨૫૧ | ૨૧૬ | ૪૦૩ | ૩૪૭ |
| ૨૩ | નવેમ્બર-૦૫ | ૨૩૩ | ૨૦૦ | ૨૫૧ | ૨૧૬ | ૪૦૩ | ૩૪૬ |
| ૨૪ | ડિસેમ્બર-૦૫ | ૨૩૩ | ૧૯૮ | ૨૫૧ | ૨૧૭ | ૪૦૩ | ૩૪૩ |

**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન નંબર ૪માં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે રાજયના તમામ જિલ્લામાં નોન ગેસ ધારકોના કાર્ડની સંખ્યા તેમજ નિયત કરાયેલ વિતરણ પ્રમાણને અનુલક્ષીને સમગ્ર જરૂરિયાત સામે કેન્દ્ર સરકાર તરફથી મળતી કેરોસીનની ફાળવણી અપૂરતી છે. તો મંત્રીશ્રી ગુજરાતના

ગામડાના લોકોને કેરોસીન પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે કેન્દ્ર સરકારમાં પૂરતી ફાળવણી માટે રજૂઆત કરવા માગે છે કે કેમ? આ રજૂઆત કયારે કરવામાં આવી અને કેન્દ્ર સરકાર તરફથી શું પ્રત્યુત્તર મળેલો છે?

**શ્રી છત્રસિંહ પું. મોરી :**માનનીય સભ્યશ્રીની જે રજૂઆત છે તે મુજબ કેન્દ્ર સરકાર જે રીતે ફાળવણી કરે છે, તે મુજબ આપણી ૯૦૭૦૩ કિલોલિટરની જરૂરિયાત સામે કેન્દ્ર સરકાર આપણને ૭૮૪૪૪ કિલોલિટર ફાળવે છે. આના માટે અનેક વખતે રાજય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆતો કરી છે. એ રજૂઆતો (અંતરાય) એ જેટલી રજૂઆતો થઈ છે, તેની માહિતી હું ટેબલ ઉપર મૂકી દઈશ, અને રાજય સરકારે પૂરા પ્રયત્નો કર્યા છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ અને વડોદરા શહેરમાં કાર્ડધારકોને ૧૪ લિટર કેરોસીન આપવામાં આવે છે અને રાજયના અન્ય જિલ્લાઓમાં ૧૦ લિટર પ્રમાણે કેરોસીન આપવામાં આવે છે, તો રાજય સરકાર કેરોસીનની ફાળવણીમાં એકસૂત્રતા જળવાઈ રહે તે માટે કોઈ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પું. મોરી:** એમનું સૂચન છે અને રાજય સરકારે આ દિશામાં એક કમિટી બનાવીને નવું ફોરમ તૈયાર કરીને એની નીતિ નકકી કરીને ટૂંક સમયમાં જ એનો નિર્ણય લેવા વિચારી રહી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : મંત્રીશ્રીના જવાબમાં પ્રશ્ન ૧ ના (ક) માં જણાવ્યું છે કે અન્ય તમામ જિલ્લા/વિસ્તાર માટે માસિક કાર્ડદીઠ સરેરાશ ૮.૬૭ લિટર. હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છેલ્લા કેટલાક વખતથી કાર્ડ અલગ કરવાની કાર્યવાહી થઈ રહી છે, ત્યારે સરકાર જો ગામડામાં ૧૦ લિટરના બદલે ૮ લિટર આપતી હોય તો છેલ્લા લગભગ ૬ માસથી નવા કાર્ડધારકોને બિલકુલ કેરોસીન હજુ મળતું નથી, તો નવા કાર્ડધારકો, જે અલગ થયાં, નવા થયા એવા નવા કાર્ડધારકોને મંત્રીશ્રી કયારથી કેરોસીન આપવા માગે છે? બીજું સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં બે હપ્તે કેરોસીન આપવામાં આવે છે. પહેલા કાર્ડધારકને એમ કહેવામાં આવે કે ૫ લિટર લઈ જાઓ. પછી બીજો હપતો આવે ત્યારે આપવામાં આવશે. આમાં ઘણી વખત ૫ લિટર અપાય અને મહિનો પસાર થઈ ગયા પછીના મહિનામાં કાર્ડધારક આવે એટલે એમ કહે કે તમારું કેરોસીન જતું રહ્યું, એટલે આના બદલે એકીસાથે જ કાર્ડધારકને કેરોસીન ફાળવવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પું. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, નવા રેશન કાર્ડ આપીએ છીએ એને કેરોસીન મળતું નથી એવી કોઈ ફરિયાદ એમની પાસે હોય તો આપે. રેશન કાર્ડ અપાય એટલે બીજા જ મહિનાથી કેરોસીન આપવાની યોજના છે જ. દરેક દુકાન ઉપરથી આપવાની વ્યવસ્થા પણ થાય છે, છતાં પણ સભ્યશ્રી પાસે માહિતી હોય તો વ્યકિતગત રીતે આપશે તો તપાસ પણ કરી લઈશું. બીજો પ્રશ્ન એકીસાથે જથ્થાની વાત જે છે એમાં જથ્થો તો હોય છે, અને ફાળવણી પણ કરી લઈએ છીએ, પણ દુકાનદાર પાસે કેટલીક વખત એટલા પીપડાની વ્યવસ્થા હોતી નથી કે આયોજન હોતું નથી, એટલે બે તબકકામાં અને કેટલીક વખત તો ગ્રાહક પણ એકીસાથે લઈ જતા નથી, એટલા માટે ૧૦ લિટર માગે તો ૧૦ લિટર જ આપીએ અને ૫ માગે તો ૫ આપીએ. ૧૦ માગે અને ૫ આપીએ એવું નહીં.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : દુકાન ધારક એવું કહે કે જથ્થો ઓછો આવ્યો છે, એટલે પહેલા રાઉન્ડમાં ૫ લિટર આપીએ છીએ, પછી કેરોસીન બારોબાર કાઢી નાંખતા હોય છે. મહિનો પસાર થાય એટલે જવાબ આપે કે જતું રહ્યું છે. એટલે સવાલ એટલો જ છે કે કાર્ડધારકને ૧૦૦ કાર્ડને બદલે ૫૦ કાર્ડને ભલે આપવામાં આવે, પણ એકીસાથે આપવામાં આવે એવી કોઈ સૂચના આપવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી :**એક સાથે આપવાની યોજના છે, ૧૫ લિટર એક સાથે આપવાની યોજના નથી, છતાં કોઈ દુકાનદાર તરફથી ફરિયાદ હોય આ ગામોમાં તો આપજો તો એને સૂચના આપીને એક સાથે મળે એવી વ્યવસ્થા ગોઠવી આપીશું.

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : આપણે ત્યાં કેરોસીન ૮૫ ટકા અને ૮૬ ટકા એવું દર મહિને જુદું જુદું ફાળવાય છે. હવે જે ઓછું કેરોસીન છે છતાં પણ ૧૦ લિટરનો નિયમ છે. એટલે ૧૦ લિટર વહેંચવું એવું દુકાનદારને કહયું હોય છે. તો ૧૦ લિટરના બદલે જેટલું આવે અને જેટલા કાર્ડ હોય એ પ્રમાણે વહેંચવાની વ્યવસ્થા થાય તો બધાને મળી રહે. ગરીબ માણસો પાસે પૈસા ના હોય અને બે દિવસ પછી લેવા જાય તો કેરોસીન પૂરું થઈ ગયું હોય છે. તો એની સમકક્ષ વહેંચણી માટેની કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને આમેય વ્યવસ્થા એવી છે કે કરોસીન કેન્દ્ર સરકારમાંથી ફાળવણી થતી હોય છે એ કાર્ડ ઉપર નહીં, પરંતુ જે વસતિની સંખ્યા હોય એની ઉપર કેરોસીનની ફાળવણી કરવામાં આવે છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય મંત્રીશ્રીએ કહયું છે કે ભારત સરકાર તરફથી ફાળવણી થતી હોય છે. તો મારે જાણવું છે કે ભારત સરકાર માથાદીઠ ફાળવે છે કે કાર્ડદીઠ ફાળવે છે? આ કાર્ઠદીઠ અને માથાદીઠમાં કેટલો તફાવત હોય છે કે વસતિ આટલી છે અને કાર્ડ આટલાં છે તો એની સરેરાશ કેટલી આવે છે અને ભારત સરકારનાં ફાળવણીનાં ધોરણ શું છે અને આપણે ફાળવીએ છીએ એનાં ધોરણ શું છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય સભ્યશ્રી કહે છે એમ વસતિનું ધોરણ હોતું નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : આપ કાર્ડદીઠ ફળવાતું નથી, પરંતુ વસતિના ધોરણે ફળવાય છે એમ કહો છો એટલે.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : કાર્ડની સંખ્યા પ્રમાણે જ કેરોસીનની ફાળવણી થતી હોય છે.

**સાણંદ અને વિરમગામ તાલુકામાં રેશનકાર્ડ જુદાં કરવાની અરજીઓ**

***૧૬૯૬૭ શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સાણંદ અને વિરમગામ તાલુકામાં રેશનકાર્ડ જુદાં કરવાની કેટલી અરજીઓ જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ પડતર છે,

(૨) આ કામગીરી પૂરી કરવા માટે સરકારનું શું આયોજન છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી:**

(૧) સાણદ - શૂન્ય
વિરમગામ- ૩૨

(૨) અરજીઓનો તા. ૩-૩-૨૦૦૬ ના રોજ નિકાલ કરવામાં આવેલ છે.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માનનીય મંત્રીશ્રીને ખૂબ જ અભિનંદન છે કે બધાં જ કાર્ડ ફાળવી દીધાં છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં કોઈ કુટુંબ વિભકત થયું હોય તો એને અલગ કાર્ડ આપવા માગે છે?

**અધ્યક્ષશ્રી** : એમનું પૂછવું છે કે અલગ કુટુંબ થયું હોય તો?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : એના માટે અલગ કાર્ડ કરવા માટેનું ફોર્મ છે જ અને અને યોજના ચાલુ જ છે. એ માગણી કરે તો અલગ કાર્ડ આપવા માટે આજેય પણ તૈયાર છીએ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : આમાં સાણંદમાં જવાબ 'શૂન્ય' લખેલ છે. મારે જાણવું છે કે આવેલ બધી જ અરજીઓનો નિકાલ થઈ ગયો છે કે કેમ અને બીજો પ્રશ્ન એ છે કે બાજુના માંડલ અને દેત્રોજ તાલુકાઓમાં કોઈ પડતર પ્રશ્ન હોય તો એનો નિકાલ કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : સાણંદમાં 'શૂન્ય' એટલે અરજી નથી એવું છે અને વિરમગામની અરજીઓ હતી અને એ તમામ અરજીઓનો નિકાલ કરી દીધો છે અને બાકીના તાલુકાઓની વાત કરું તો અમદાવાદ સીટીમાં ૩૧, દસ્કોઈમાં ૩૬, માંડલમાં ૬૬, દેત્રોજમાં ૩૬, બાવળામાં ૧૬૩, ધોળકામાં ૮ અને ધંધુકામાં ૩૧૭ એમ કુલ ૬૫૭ અરજીઓ જે પડતર હતી એમાંથી મોટાભાગનાનો નિકાલ થઈ ગયો છે.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : મારે જાણવું છે કે અલગ રેશનકાર્ડ કરવા માટે કયાં કયાં ધોરણોની માગણીઓ કરવામાં આવે છે? મોટાભાગની માગણીઓ ઈલેકટ્રીક કનેકશન હોવું જોઈએ, ટેલીફોન કનેકશન હોવું જોઈએ, અથવા તો રેસિડેન્શિયલ આધાર હોવો જોઈએ તો જ અલગ કાર્ડ કરી આપવામાં આવે છે, પરંતુ જયારે કોઈપણ બે કે ત્રણ ભાઈઓ હોય અને અલગ થતા હોય તો આવા આધારો મોટેભાગે મળતા નથી અને એના કારણે આ કાર્ડ અલગ થતાં નથી એવી અનેક ફરિયાદો મળતી હોય છે તો એ ધ્યાનમાં લઈને એમાં સરળતા રહે એવી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : રેશનકાર્ડ આપવા માટે ધારાધોરણો નકકી કરવામાં આવેલ છે એમાં કુટુંબની આવક મર્યાદા નકકી કરવામાં આવે છે, ૨ હેકટર જમીન એ બી.પી.એલ.ની યાદીમાં સમાવેશ થતો હોય તો એ સુધારો કરી દીધો છે, પાકું મકાન ધરાવે છે કે નહીં, ઘરમાં ટેલિવીઝન, ફ્રીજ, મોટર સાયકલ, સ્કૂટર, સિલિંગ ફેન કે ત્રણ પૈડાંવાળું વાહન રાખે છે કે કેમ, યાંત્રિક હળ અને કાપણી કરવા માટે યાંત્રિક સાધનો રાખે છે કે કેમ, એ બધા જ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને એનો સરવે કરવામાં આવે છે. આ બી.પી.એલ કાર્ડના ક્રાયટેરિયામાં આવતું હોય અને એ.પી.એલ.ના એ મુજબ રેશનકાર્ડ આપવામાં આવે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ આવી ગયો છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં જવાબમાં કહ્યું કે અલગ રેશન કાર્ડ માટે ફોર્મ ભરીને અલગ રેશન કાર્ડ આપવામાં આવે જ છે. પણ મારા મત વિસ્તારમાં એક પણ અલગ રેશન કાર્ડ આપવામાં આવતું નથી, હજારો અરજીઓ ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારોમાં પેન્ડિંગ પડેલી છે. તો તેના માટેનાં કારણો શું છે? અને કોઈ આદેશ કરીને અલગ રેશન કાર્ડની પ્રક્રિયા તાત્કાલિક પૂરી કરીને એમને અલગ રેશન કાર્ડ આપવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પું. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલ સાણંદ અને વિરમગામનો છે, તેથી માનનીય સભ્યશ્રીએ આ સવાલ માટે અલગ નોટીસ આપવી જોઈએ, પણ એમની જે ફરિયાદ છે તેના માટે તેઓ મને રૂબરૂ મળે તો નિકાલ થઈ શકે.

**શ્રી જીતેનદ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોમાં રેશન કાર્ડ અલગ કરવા માટેની અરજીઓ આપવામાં આવે છે ત્યારે ઝોનલ ઓફિસર દ્વારા ટેકસના બિલો અથવા લાઈટ બિલો જેમના નામે હોય

તેવી વ્યકિતને જ અલગ કાર્ડ મળી શકે તેવું કહેવામાં આવે છે, એટલે જેમને રેશન કાર્ડ કાઢવાનું હોય તેના નામે ટેકસના બિલ કે લાઈટ બિલ હોવું જોઈએ તેવું કહેવામાં આવે છે જયારે અમદાવાદમાં ચાલી અને પોળમાં ભાડૂઆતો રહેતા હોય છે તેમના નામે આ ટેકસ બિલ કે લાઈટ બિલ હોતા નથી, તેથી એવા અરજદારોને રેશનકાર્ડ મળતા નથી, તેથી એમાં સુધારો કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : મેં પહેલાં જ કહ્યું છે કે નવો પરિપત્ર કરવામાં આવ્યો છે એમાં લાઈટ બિલ અને એવા જે ક્રાઈટેરિયા હતા તે કાઢી નાખવામાં આવ્યા છે, અને હવે કોઈ લાઈટ બિલના બેઈઝ ઉપર રેશન કાર્ડ નહીં મળે તેવું બનશે નહીં.

## ગાંધીધામમાં જેલ બનાવવા નાણાની ફાળવણી

***૧૫૧૪૫ ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર) : માનનીય જેલ મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,

(૧) ગાંધીધામ (ગળપાદર)માં નક્કી કરવામાં આવેલ સૂચિત જેલ બનાવવા ગત બજેટમાં કેટલી રકમ ફાળવવામાં આવેલ,
(૨) તા.૩૧-૧-૦૬ સુધી કેટલો ખર્ચ થયેલ છે, અને
(૩) હાલ કયા તબક્કામાં છે?

**જેલ મંત્રીશ્રી (રાજયકક્ષા) :**
(૧) કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.
(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં કહેવામાં આવ્યું છે કે આવી કોઈ રકમ ફાળવવામાં આવી નથી. ગાંધીધામમાં કચ્છમાં જેલની વ્યવસ્થાની બહુ તકલીફ હતી, અને તેના અનુસંધાનમાં આજથી પાંચ છ વર્ષ પહેલા ૩૫ હજાર ચોરસ મીટર જગ્યા જેલ માટે લેવામાં આવી છે. આજે પાંચ છ વર્ષ થઈ ગયા છતાં પણ આના માટે કોઈ રકમની ફાળવણી કરવામાં આવી નથી એટલે આ જેલનું કામ થઈ શકયું નથી, મારો પ્રશ્ન એ છે કે કેદીઓ છે તેને જે રીતે જેલના અભાવને લીધે સુવિધાઓ આપવી જોઈએ તે આપી શકાતી નથી. તો તેના માટે આ ૩૫ હજાર ચોરસ મીટર જગ્યા આટલા વખતથી લેવામાં આવી છે અને ખૂબ સારા લોકેશનમાં છે ત્યારે આ જેલ બનાવવા માટે કોઈ રકમ બજેટમાં ફાળવવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આવતા વર્ષના બજેટમાં આ બાબતનું આયોજન કરેલું છે.

## ટેકનિકલ શિક્ષણ સુધારણા માટે વિશ્વબેંકની સહાય

***૧૬૯૮૫ શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
(૧) ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા સુધારવા વિશ્વબેંક સહાય યોજનાનું કદ કેટલું છે, અને
(૨) તે દ્વારા ટેકનિકલ શિક્ષણમાં શું વિકાસ થશે?

**શિક્ષણ મંત્રીશ્રી :**
(૧) ટેનિકલ શિક્ષણની ગુણવત્તા સુધારવા વિશ્વબેંકની સહાય યોજનાનું કદ રૂા. ૮૬.૬૯૯ કરોડ છે.
(૨) રાજયમાં પસંદગી પામેલ ૬ (છ) સંસ્થાઓમાં હયાત અભ્યાસક્રમોનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિકાસ થશે. તેમજ નવા વિકસતા ક્ષેત્રો જેવા કે,
  ૧. બાયો મેડીકલ એન્જિનિયરીંગ,
  ૨. અર્થકવેક એન્જિનિયરીંગ,
  ૩. સીગ્નલ પ્રોસેસીંગ અને વી.એલ.એસ.આઈ.,
  ૪. નેનો ટેકનોલોજી,
  ૫. ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ મેન્યુફેકચરીંગ સીસ્ટમ લેબોરેટરી એન્ડ પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ સેન્ટર.
  ૬. સેન્ટર ફોર ઈન્ટેલીજન્સ સીસ્ટમ એન્ડ રોબેટીકસ.
  ૭. નોડલ સેન્ટર ફોર સ્ટ્રકચરલ એન્જિનિયરીંગ સોલ્યુશન
  ૮. જીઓગ્રાફીકસ ઈન્ફોરમેશન સીસ્ટમ લેબોરેટરી ડેવલપમેન્ટ વગેરેમાં રાજય કક્ષાએ ઉત્કૃષ્ટ સુવિધાઓ ઉભી થઈ શકશે.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વિશ્વ બેંક સહાય હેઠળ રાજય સરકારે જે પસંદગી કરેલી છે એ છ સંસ્થાઓ કઈ કઈ છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વ બેંક સહાયિત યોજના હેઠળ જે છ સંસ્થાઓની પસંદગી થઈ છે એમાં એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગ અમદાવાદ, સરકારી ઈજનેરી કોલેજ, ચાંદખેડા,

ગાંધીનગર. સરકારી ઈજનેરી કોલેજ, મોડાસા, ધરમસિંહ દેસાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી નડિયાદ, સરકારી પોલીટેકનીક અમદાવાદ અને S.N.S.S. GANDHI કોલેજ સુરત.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે સરકારી ઈજનેરી કોલેજ ચાંદખેડા માટે વર્લ્ડ બેંકમાંથી રકમની જોગવાઈ થઈ છે, તો મારે એ જાણવું છે કે આ સરકારી ઈજનેરી કોલેજને વર્લ્ડ બેંકમાંથી કેટલી રકમ મળી છે અને તે રકમમાંથી આ ઈજનેરી કોલેજમાં શું કાર્યવાહી કરવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ઈજનેરી કોલેજ ચાંદખેડા, ગાંધીનગરને ૨૦.૦૨૨ કરોડની સહાય પ્રાપ્ત થઈ છે. આ સંસ્થામાં નવા અભ્યાસક્રમો વિકસાવવા માટેની દરખાસ્ત છે એમાં સિગ્નલ પ્રોસેસિંગ એન્ડ વી.એલ.એસ.આઈ, બીજું નેનો ટેકનોલોજી, એમાં અત્યાર સુધી જે ખર્ચ થયો છે અને સાધનો ખરીદવાના છે એમાં ૧૩.૧૦ લાખની કિંમતના ૪ કોમ્પ્યુટર સર્વર, ૧૯.૮૦ લાખના બે ડેસ્કટોપ કોમ્પ્યુટર, ૨.૨૦ લાખની કિંમતના બે લેપટોપ કોમ્પ્યુટર. ૧.૨૦ લાખની કિંમતે ૧૨ લેસર પ્રિન્ટર, ૦૦.૪૪ લાખની કિંમતે ૦૬ ઈન્ક જેટ પ્રિન્ટર, તથા પ્રયોગશાળા માટે અદ્યતન સાધનો જેવા કે ૨.૮૦ લાખની કિંમતે ઓપ્ટીકલ/ડીજીટલ કોમ્પ્યુનીકેશન ટ્રેનર, ૬.૩૩ લાખની કિંમતે એનર્જી ઑડિટ લેબના ઉપકરણો, વગેરે સાધનોનું સંપાદન કરવામાં આવેલ છે. ઉપરાંત લાયબ્રેરીના આધુનિકરણના ભાગરૂપે ૧૧.૨૫ લાખની કિંમતે ૨૮૨૧ જેટલા પુસ્તકો તથા ૫૭.૮૦ લાખની કિંમતે ૧૪ સોફટવેર/કોમ્પ્યુટર આધારિત અધ્યયન સામગ્રીનું સંપાદન કરવામાં આવેલ છે. આ ઉપરાંત સંસ્થા ખાતે ૩૫.૭૦ લાખના ખર્ચે કેમ્પસ વાઈડ નેટવર્કીંગની સુવિધા સ્થાપિત કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

**શ્રી પંકજકુમાર વિ. દેસાઈ** : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વિશ્વબેંક સહાય યોજના હેઠળ ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, નડિયાદને કેટલી મદદ મળી અને એમાંથી શું શું કાર્યવાહી કરવામાં આવી?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટયુટને ૧૮.૫૬૨ કરોડની સહાય વિશ્વબેંક તરફથી મળશે જેમાં પાંચ પ્રકારના અભ્યાસક્રમો અને સગવડો ઊભી કરવામાં આવી રહી છે. કેમ્પસવાઈડ નેટવર્કીંગ કોમ્પ્યુટર ઈન્ફોર્મેટીક સેન્ટર, મોર્ડનાઈઝેશન ઓફ પ્રોસેસ મેઝરમેન્ટ એન્ડ સીમ્યુલેશન લેબોરેટરી, એસ્ટાબ્લીસમેન્ટ ફોર સ્માર્ટ સેન્ટર લેબોરેટરી, એસ્ટાબ્લીસમેન્ટ ઓફ ટ્રેનિંગ સેન્ટર ફોર મોબાઈલ કોમ્યુનિકેશન્સ, એડવાન્સડ કોમ્પ્યુટેશનલ સેન્ટર ફોર સિવિલ એન્જિનિયરીંગ ડિઝાઈન. આના માટે મુખ્યત્વે કુલ ૧૭ લાખની કિંમતે ૧૧ કોમ્પ્યુટર સર્વર, ૧૮.૮૦ લાખની કિંમતે ૪૫ ડેસ્ક ટોપ કોમ્પ્યુટર, ૨.૬૪ લાખની કિંમતે બે લેપ ટોપ કોમ્પ્યુટર, ૪.૪૦ લાખની કિંમતે ૭ લેસર પ્રિન્ટર, ૦૦.૫૬ લાખની કિંમતે બે ઈન્ક જેટ પ્રિન્ટર, તથા પ્રયોગશાળા માટે અદ્યતન સાધનો જેવા કે ૪.૧૫ લાખની કિંમતે સ્પેકટ્રમ એનાલાઈઝર, ૭.૬૭ લાખની કિંમતે ફાઈબર ઓપ્ટીક ટ્રેઈનર, વગેરે સાધનોનું સંપાદન કરવામાં આવેલ છે. ઉપરાંત લાઈબ્રેરીના આધુનિકરણના ભાગરૂપે ૨૧.૯૧ લાખના પુસ્તકો તથા ૮૪.૯૦ લાખની કિંમતે ૩૯ સોફટવેર/કોમ્પ્યુટર આધારિત અધ્યયન સામગ્રીનું સંપાદન કરવામાં આવેલ છે. આ ઉપરાંત વિવિધ પ્રયોગશાળાઓની મરામત/નવીનીકરણના કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : વિશ્વબેંક તરફથી જે સહાય મળી છે એના માટેની સમય મર્યાદા કેટલા વર્ષની છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : વિશ્વબેંક તરફથી ૮૬.૬૯૯ કરોડ રૂપિયાની રકમ મળી છે. એમાં મુખ્ય શરતો અને નાણાકીય બાબતોની શરતો છે એમાં ૨૦ ટકા નાણાકીય બોજો રાજય સરકારે ઉઠાવવાનો છે. એટલે ૨૦ કરોડ રાજય સરકાર આપશે. ૮૦ ટકા રકમ વિશ્વબેંક દ્વારા રીએમ્બર્સમેન્ટ થશે. ૩૦ ટકા ભારત સરકારનું અનુદાન એટલે ૨૪ કરોડ રૂપિયા ભારત સરકાર તરફથી આવશે. ૭૦ ટકા વ્યાજમુકત લોન છે. બાકીનો વ્યાજદર ૧૧.૫ ટકા અને વ્યાજની પુનઃચૂકવણી કરવાની છે એ ૧૫ વર્ષ પછી કરવાની છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : અમદાવાદ એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ નીચે શું કાર્યવાહી કરવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : એલ.ડી. એન્જિનિયરીંગ કોલેજ અમદાવાદ જેને ૩૦ કરોડની સહાય પ્રાપ્ત થઈ છે. બાયોમેડીકલ એન્જિનિયરીંગ તથા અર્થકવેક એન્જિનિયરીંગ માટે જે સાધનો જોઈએ એના માટેની કાર્યવાહી ચાલુ છે. તેમજ સંસ્થાના કેમ્પસ વાઈડ નેટવર્કીંગ અને સેન્ટર ફોર કોમ્પ્યુટર ફેસેલિટી ઊભી કરવા માટે અને સેન્ટ્રલ લાયબ્રેરી ફેસેલિટી મજબૂત કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત ૧૩ લાખની કિંમતે ચાર કોમ્પ્યુટર સર્વર, ૧૯.૫૫ લાખની કિંમતે ૪૦ ડેસ્ક ટોપ કોમ્પ્યુટર, ૧૩.૨૦ લાખની કિંમતે ૧૨ લેપ ટોપ કોમ્પ્યુટર, ૧.૫૮ લાખની કિંમતે ૧૬ લેસર પ્રિન્ટર, ૨.૪૪ લાખની કિંમતે ૨૦ ડોટ મેટ્રીક પ્રિન્ટર, તથા પ્રયોગશાળા માટે અદ્યતન સાધનો જેવા કે ૧.૨૫ લાખની કિંમતે હાઈડ્રોલીક બેંચ, ૯.૬૦ લાખની કિંમતે એ-૦ કલર સ્કેનર્સ, ૯.૯૧ લાખની કિંમતે સ્ટીમ ટર્બાઈન પ્લાન્ટ, ૧૪ લાખની કિંમતે ઈન્જેકશન ટેસ્ટ સેટ, ૩.૬૪ લાખની કિંમતે પ્રોગ્રામેબલ ફંકશન જનરેટર, ૪.૦૫ લાખની કિંમતે યુનિવર્સલ પ્રોસેસ

કેલીબ્રેટર, વગેરે સાધનોનું સંપાદન કરવામાં આવેલ છે. એ ઉપરાંત લાયબ્રેરીના આધુનિકરણ માટે ૪,૦૦૦ જેટલા પુસ્તકોનું સંપાદન કરવામાં આવી રહ્યું છે અને વિદ્યાર્થીઓ તેનો અભ્યાસ કરી રહ્યા છે.

નેશનલ શોપીંગ પદ્ધતિથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧.૭૫ લાખની કિંમતની મરામતના કામો પણ ચાલુ છે અને બાયોમેડીકલ પ્રયોગશાળાનો વિકાસ તથા અન્ય પ્રયોગશાળાના વિકાસ અને તેની મરામત તથા નવીનીકરણ કરવાનું પણ આની અંદર આયોજન છે.

**શિક્ષણ સહાયકોને નિયમિત પગાર ધોરણ**

***૧૭૯૯૪ શ્રી શિરીષકુમાર મ. શુક્લ (ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

પાંચ વર્ષ પૂરા થયા પછી શિક્ષણ સહાયકને પૂરા પગારમાં મૂકવામાં આવે છે કે કેમ?

**શિક્ષણ મંત્રીશ્રી:**

હા,જી

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અત્યાર સુધીમાં કેટલા વિદ્યા સહાયકોની નિમણૂંક કરી? તેમાંથી કેટલા વિદ્યા સહાયકો પૂરા પગારથી કન્ફર્મ થયા?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યા સહાયકોની સ્કીમ પ્રાથમિક શિક્ષણમાં છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં શિક્ષણ સહાયકની સ્કીમ છે એટલે જે પ્રશ્ન પૂછાયો છે એ શિક્ષણ સહાયકોનો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે અને તેના માટે શિક્ષણ સહાયકોની જે ૧૯૯૯માં સ્કીમ અમલમાં આવી ત્યારથી માંડીને ૨૦૦૬ સુધીમાં માધ્યમિક વિભાગમાં ૧૦,૫૬૯ શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૩,૫૭૯ શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી અને ૨,૩૮૩ સાથી સહાયકોની ભરતી કરવામાં આવી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે પાંચ વર્ષ પછી પૂરા પગારમાં મૂકવામાં આવે છે તેવા પ્રશ્નના જવાબમાં હા,જી કહ્યું છે. તેમાં મારે માનનીય મંત્રીશ્રીને એક એવું સૂચન કરવું છે કે પાંચ વર્ષ દરમ્યાન સતત એક સરખો પગાર મળે તેના બદલે મને લાગે છે કે તેમાં ક્યાંક ઈન્ક્રીમૅન્ટ ટાઈપની જોગવાઈ કરીને દર વર્ષે ૨૫૦ કે ૫૦૦ રૂપિયા વધી જાય જેથી કમસેકમ પાંચ વર્ષ સુધીનું તેનું વ્યકિતગત કુટુંબનું મેન્ટેનન્સ છે તે અઘરું ન પડે. સરકાર ભવિષ્યમાં આવો કોઈ વિચાર કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : સૂચન છે.

**પોરબંદર જિલ્લામાં પોલીસ આવાસના કામો**

***૧૭૧૫૫ શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં પોરબંદર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**પોલીસ આવાસો મંત્રીશ્રી:**

(૧) રૂા. ૩૮૬.૫૫ લાખ

(૨) રૂા. ૩૮૬.૫૫ લાખ

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા :** માનનીય અધ્યક્ષશ્રી, જે ૩૮૬ લાખના રહેણાંક અને બિન રહેણાંકના મકાનોના કામ પૂરાં કરવામાં આવ્યા છે તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આટલો ખર્ચ કરતા અને આટલા મકાનો બનાવતા ટકાવારીની દ્રષ્ટિએ રહેણાંકના મકાનોની કેટલી ઘટ છે અને બિન રહેણાંકના મકાનોની કેટલી ઘટ છે? આ ઘટ ક્યારે પૂરી કરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : પોરબંદર જિલ્લામાં ૭૩૯નું મંજૂર મહેકમ છે અને તેમાંથી ૬૩૮ હાજર મહેકમ છે. હયાત મકાનો ૪૯૪ છે. ૪૮ મકાનો બાંધકામ હેઠળ છે. હાલ પોરબંદર જિલ્લામાં સેટીસ્ફેકશન રેશિયો ૭૩ ટકા છે. ૨૦૦૬-૨૦૦૭ના અંતે લગભગ ૯૩ ટકા જેટલા લોકોને રહેણાંકના મકાનો આપીશું. ૫-૭ ટકા એટલા માટે બાકી રહે છે કે ત્યાંના સ્થાનિકો પાસે પોતાના મકાનો હોય જ છે. આમ જોવા જતાં ૧૦૦ ટકાની સિદ્ધિ આવતા વર્ષના અંત સુધીમાં મેળવી શકાશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર શહેરમાં એ ડિવિઝન પોલીસ સ્ટેશન ધરતીકંપમાં ધ્વસ્ત થઈ ગયું પછી બંધાયું નથી. એ જ પ્રમાણે બગવદર પોલીસ સ્ટેશન ૧૦૦ વર્ષ જૂનું છે. તો આ બન્ને પોલીસ સ્ટેશનના નવા બાંધકામો ક્યારે શરૂ કરવા માગે છે અને કયાં સુધીમાં પૂર્ણ કરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : બેમાંથી કયું પોલીસ સ્ટેશન લેવું એ તો પોલીસ હાઉસીંગ બોર્ડ નક્કી કરશે પણ એ પોલીસ સ્ટેશનનું મકાન આગામી નાણાંકીય વર્ષમાં પૂરું કરવાની બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે.

**રાજયમાં સેન્ટ્રલ જેલો અને સબ જેલો**

***૧૭૦૧૩ શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ સેન્ટ્રલ જેલો અને સબ જેલો કેટલી છે અને તે પૈકી કેટલી જેલો કાર્યરત છે,

(૨) બન્ને પ્રકારની જેલોમાં કેટલા કેટલા કેદીઓને રાખવાની ક્ષમતા છે, અને

(૩) હાલ કેટલા કેદીઓને બન્ને જેલોમાં રાખવામાં આવે છે?

**જેલ મંત્રીશ્રી:**

(૧) મધ્યસ્થ જેલો બે છે સબ જેલો ૧૩ છે. તે પૈકી અનુક્રમે ૨ મધ્યસ્થ જેલ અને ૧૧ (અગિયાર) સબ જેલો કાર્યરત છે.

(૨)

| અ.નં. | જેલનું નામ | ક્ષમતા |
|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧૬૭૧ |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૦૭૯૫ |
| ૩ | અમરેલી સબ જેલ | ૦૦૯૦ |
| ૪ | ભરૂચ સબ જેલ | ૦૧૬૫ |
| ૫ | મહેસાણા સબ જેલ | ૦૧૨૪ |
| ૬ | હિંમતનગર સબ જેલ | ૦૦૯૨ |
| ૭ | પાલનપુર સબ જેલ | ૦૧૨૪ |
| ૮ | સુરેન્દ્રનગર સબ જેલ | ૦૧૨૫ |
| ૯ | ગોધરા સબ જેલ | ૦૧૦૦ |
| ૧૦ | નવસારી સબ જેલ | ૦૧૦૦ |
| ૧૧ | રાજપીપળા સબ જેલ | ૦૦૬૪ |
| ૧૨ | છોટાઉદેપુર સબ જેલ | ૦૧૦૭ |
| ૧૩ | મોરબી સબ જેલ | ૦૦૭૨ |

(૩) સેન્ટ્રલ જેલોમાં-૬૦૨૮
સબ જેલોમાં-૧૬૮૧

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપેલ છે મધ્યસ્થ જેલો ૨ છે અને સબજેલો ૧૨ છે અને એની કેપેસીટી આટલી છે. મારે મંત્રીશ્રી પાસેથી પૂછવું છે કે મધ્યસ્થ જેલોની કેપેસીટી છે એનાથી વધારે આ ૨ જેલોમાં કેટલા કેદીઓ છે અને સબજેલોની જે કેપેસીટી છે એનાથી કેટલા વધારે કેદીઓ છે અને આ વધારે કેદીઓ હોય તો એના કારણે કોઈ કેદીઓ ભાગી જવાના પ્રકરણ બનેલા છે કે કેમ અને બીજું આ વધારાની ક્ષમતા ઘટાડવા માટે કોઈ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ અમદાવાદ મધ્યસ્થ જેલનો જયાં સુધી સવાલ છે ત્યાં સુધી કેદીઓ રાખવાની ક્ષમતા ૧૬૭૧ની છે એની સામે ૩૮૨૨ કેદીઓ છે અને વડોદરા મધ્યસ્થ જેલની ક્ષમતા ૭૯૫ છે. એની સામે ૨૧૨૪ છે. સમગ્ર રાજયનો સવાલ છે ત્યાં સુધી આપણ પાસે બધી જ જેલોની કેદીઓ રાખવાની ક્ષમતા ભાઈઓ, બહેનો બધું થઈ ૫૫૮૬ છે એની સામે ૨૮-૨ની સ્થિતિએ ૧૧૧૭૪ કેદીઓ આપણી પાસે જેલોમાં છે. કેદીઓનું ઓવર ક્રાઉડીંગ છે એ તો હકીકત છે એના માટે રાજય સરકારે એક લાંબા ગાળાની યોજના બનાવી છે. કેન્દ્ર સરકારના સહયોગથી કુલ ૬૫ કરોડ રૂપિયા ખર્ચ્યા છે. આગામી ૨ વર્ષની અંદર ૫૦૦૦ નવા કેદીઓ રાખવાની ક્ષમતા આપણે મેળવવાના છીએ એટલે ૫૫૦૦ + ૫૦૦૦ એટલે લગભગ અત્યારે જેટલા કેદીઓ છે એટલી ક્ષમતાને આપણે પૂરી કરી શકીશું.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત પૂછવા માગું છું કે ભાવનગરની જેલ એ શીફટ કરવાની એક દરખાસ્ત પેંન્ડિગ છે ઘણા સમયથી તો આજે એ કયા તબકકે છે અને એ જેલ મધ્યસ્થ વિસ્તારમાં આવી જાય છે તો ત્યાં ન્યાય અદાલત બેસાડવાની દરખાસ્ત હતી એ દરખાસ્ત ગૃહ વિભાગમાં કયા તબકકે છે એ આજે જાણવા માગુ છું અને કેટલા સમયમાં પૂર્ણ થશે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પેસીફીક દરખાસ્ત માટે અત્યારે મારી પાસે માહિતી નથી પરંતુ માનનીય સભ્યશ્રીને પૂરી પાડી દઈશ.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અમદાવાદની મધ્યસ્થ જેલમાં ૧૬૭૧ ની ક્ષમતા સામે ઘણા વધારે કેદીઓ છે તો મારું માનનીય મંત્રીશ્રીને એક સૂચન છે અને એ પ્રમાણે એ કરવા માગે છે કે કેમ? આ રાજયની અમદાવાદ મધ્યસ્થ જેલ એ શહેરની વચ્ચોવચ આવેલ છે અને એ શહેરની બહાર જેલને લઈ જઈ અને મોટી ક્ષમતાવાળી મધ્યસ્થ જેલ બનાવે અને એ મધ્યસ્થ જેલની અંદર એક રાષ્ટ્રીય નાનું સ્મારક કરી અને આજુબાજુ એક રાષ્ટ્રીય સ્મારક અથવા રાજયનું સ્મારક કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પોતે કહ્યા મુજબ જ આ સૂચન છે.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે અત્યારે કેપેસીટી વધારવાની વાત કરી એ કેપેસીટી વધારવા માટે કેવી રીતે શું આયોજન છે? કારણ કે કુલ ૨૫ જિલ્લાઓમાંથી ૧૩ જિલ્લાઓમાં સબજેલ સાથે એનું આયોજન છે તો બાકીના દરેક જિલ્લાઓમાં સબજેલ આપવા માગો છો કે કેમ? ૫૦૦૦થી વધુની કેપેસીટીની આજુબાજુ હોય ત્યાં કરવા માગો છો કે કેમ એ હું જાણવા માગુ છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, જે સબજેલ, જે આપણી કેપેસીટી વધારવાની બાબત છે એમાં મહેસાણા સબજેલને જિલ્લા જેલમાં રૂપાંતરીત કરવાની છે. ગોધરા સબજેલમાં ૨ બેરેક બાંધવાના છે, અમદાવાદ મધ્યસ્થ જેલમાં ૯ નવા બેરેકો બાંધવાની છે, રાજપીપળા સબજેલની અંદર ૨ બેરેક બાંધવાની, હિંમતનગર સબજેલમાં ૧ નવા બેરેક બાંધવાની છે. ભરૂચ સબજેલમાં ૨ નવી મોટી બેરેક બાંધવાની છે. રાજકોટ જિલ્લામાં ૨ નવી બેરેક બાંધવાની છે. મહેસાણા સબજેલની અંદર ૬ નવી બેરેક બાંધવાની છે. નવસારી સબજેલની અંદર ૪ નવી બેરેક મેઈનગેટ અને કંમ્પાઉન્ડ બધું કામ હાથમાં લેવાનું છે. જામનગર જિલ્લા જેલમાં ૧ નવી બેરેક બાંધવાની ,જામનગર જિલ્લા જેલમાં બીજી ૩ નવી બેરેક આવતા વર્ષે બાંધવાની છે. વડોદરા મધ્યસ્થ જેલની અંદર ૧૦ નવી બેરેકો બાંધવાની છે. મોરબી સબજેલની અંદર ૪ નવી બેરેક બાંધવાની છે. પાલનપુર સબજેલની અંદર જૂની બેરેકો તોડી ૯ નવી બેરેકો બાંધવાની છે. અમરેલી ઓપન જેલની અંદર ૧ નવી બેરેક બાંધવાની છે. પાલનપુર સબજેલની અંદર એને જિલ્લા જેલમાં ફેરવવાની કાર્યવાહી પણ હાથ ધરવાની છે. વડોદરા મધ્યસ્થ જેલમાં સ્ત્રીઓ માટે એક આવી નવી વધારાની જેલ બાંધવાનું આયોજન છે. ગોંડલ સબ જેલને આખી નવી બનાવવાનું આયોજન છે. અંડર ટ્રાયલ માટે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે એક જુદી જેલ બનાવવાનું આયોજન છે. ભુજ ખાતે પણ જિલ્લા જેલ બનાવવાનું આયોજન છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો એ બરાબર છે કે કોઈ એક જગ્યાએ સેન્ટ્રલાઈઝ વિકાસ ન થાય એ માટે જે જે જેલમાં ઓવર ક્રાઉડીંગ છે એની ટકાવારીને ધ્યાનમાં રાખીને આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું એ પ્રમાણે જેલોમાં જે એની કેપેસિટી છે એના કરતાં વધારે સંખ્યા તો છે જ. પણ આ જેલોમાં જે કેદીઓ છે એ કોઈપણ રીતે મેનેજ કરી અંદર મોબાઈલ ફોન લઈ આવે છે, ડ્રગ્ઝ લઈ આવે છે, દારૂ લઈ આવે છે અને આવી પ્રવૃત્તિઓના કારણે જેલોમાં પણ વ્યવસ્થાના પ્રશ્નો સર્જાયા છે. આ બાબતે સાબરમતી જેલ અને બીજી જેલોમાં આવી ઘટનાઓ બનેલી છે. આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ જેલોમાં થાય છે એને અટકાવવા માટે રાજય સરકાર ચિંતિત છે? એના માટે શું પગલાં લીધાં છે અને શું લેવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અર્જુનભાઈએ જે વાત કરી એ ખૂબ ચિંતાપ્રેરક વાત છે. સરકારે પણ એમાં ચિંતા કરી છે. મારે એમની માહિતી માટે કહેવું છે કે એમના શાસનમાં પાંચ વર્ષમાં જેલના કેદીઓ ભાગી જવાના બનાવો હતા એમાં ૬૫૦ ટકાનો ઘટાડો અમારા શાસનમાં થયો છે. એકાદ બનાવને મિડિયાએ હાઈ-લાઈટ કર્યો હોય પરંતુ એને અમે ગંભીરતાથી લઈએ છીએ. આના માટે એક કમિટીની રચના કરી છે. ૩૯ પગલાઓ સુધારા માટે નિર્ધારિત કર્યા છે અને સમયબદ્ધ કાર્યક્રમ નક્કી કરી આવી ઘટના ન બને એના માટે પૂરેપૂરી કાળજી લીધી છે.

## પાટણ જિલ્લામાં પોલીસ આવાસના કામો

***૧૬૧૫૪ શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં પાટણ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**પોલીસ આવાસો મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) રૂા. ૬૪૧.૨૭ લાખ.

(૨) રૂા. ૬૪૧.૨૭ લાખ.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લામાં કુલ મંજૂર મહેકમ કેટલું છે? તેની સામે હાજર અને ખાલી મકાનો કેટલાં છે? તેની સામે કુલ હયાત કેટલા છે, કેટલા બાંધકામ હેઠળ છે અને આગામી વર્ષે કેટલા મકાનો બાંધવાનું આયોજન કરેલ છે? ત્યારબાદ કેટલા મકાનોની ઘટ રહેવા પામશે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧૦૧૮ મંજૂર મહેકમ છે એની સામે ૮૭૯નું હાજર મહેકમ છે. હયાત મકાનો ૮૭૬ છે. ૭૬ મકાનો બાંધકામ હેઠળ છે એટલે ખૂબ સારી સ્થિતિ પોલીસ હાઉસીંગને લગતી પાટણ જિલ્લામાં છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાટણ જિલ્લો એ સરહદી જિલ્લો છે. સાંતલપુર, રાધનપુર, સમી એ વિસ્તારના રહેણાંક અને બિન રહેણાંક કેટલા મકાનો બાકી છે અને એને અદ્યતન સાધનો અને વાહનોની કેટલી અપૂર્તતા છે એ જણાવવા કૃપા કરશે?

**શ્રી અમિત અ. શાહ** : રહેણાંકની તો વાત કરી પરંતુ બિન રહેણાંકમાં પણ ચાણસ્મા, સમી, પાટણ, સિદ્ધપુર, ગેલાપુર વગેરે બધી જગ્યાએ પોલીસ સ્ટેશન, આઉટ પોસ્ટ અને બેરેકનું કામ હાથમાં લીધું છે. ઘણી જગ્યાએ કામો પૂરા કર્યા છે. એના માટે લગભગ પાંચેક કરોડ રૂપિયાનો ખર્ચ સરકારે કર્યો છે અને કરવાનું આયોજન પણ છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : મારા સાંતલપુર તાલુકામાં પોલીસ કર્મચારી અને અધિકારીઓના આવાસોનું કામ જે પૂર્ણ કર્યું એ બદલ અભિનંદન આપું છું. મારે જાણવું છે કે પોલીસ કર્મચારી અને અધિકારીઓને આવાસો મળે એ માટે પોલીસ મેન્યુઅલમાં કોઈ જોગવાઈ છે? અને જો જોગવાઈ હોય તો કયા કયા સંવર્ગના કર્મચારી અને અધિકારીઓને કઈ કક્ષાના આવાસો મળી શકે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય સભ્યશ્રીએ જાણવા માગ્યું છે કે પોલીસ મેન્યુઅલમાં પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને મકાન પૂરા પાડવાની જોગવાઈ છે કે નહિ? ગુજરાત પોલીસ મેન્યુઅલ ૧૯૭૫ના વોલ્યુમ-૨ ના ચેપ્ટર-૨ માં, ગુજરાત સિવિલ સર્વિસિસ રુલ્સના નિયમ ૧૯માં આ જોગવાઈ કરવામાં આવેલ છે. જુદા જુદા પ્રકારના કર્મચારી/અધિકારીઓને જુદા જુદા પ્રકારના મકાનો પૂરા પાડવામાં આવે છે. સ્વીપર હોય તો એને 'એ' પ્રકારનું જેમાં ડ્રોઈંગરૂમ, રસોડું, બાથરૂમ, સંડાસ કુલ બાંધકામ ૩૫ ચો.મીટર, કોન્સ્ટેબલ તથા હેડકોન્સ્ટેબલ અને એ.એસ.આઈ.ને 'બી' પ્રકારના ડ્રોઈંગરૂમ, બેડરૂમ, રસોડું, બાથરૂમ, સંડાસ કુલ ૪૪ ચો. મીટર, પોલીસ સબઈન્સ્પેકટર હોય તો 'સી' પ્રકારનું જેમાં ડ્રોઈંગરૂમ, બે બેડરૂમ, રસોડું, બાથરૂમ-સંડાસ કુલ ૫૮.૩૨ ચો.મીટર, પોલીસ ઈન્સ્પેકટર હોય તો 'ડી' પ્રકારનું જેમાં ડ્રોઈંગરૂમ, ડાયનિંગરૂમ, બે બેડરૂમ, બે ટોયલેટ કુલ મળીને ૬૯.૩૯, ડી.વાય.એસ.પી. 'ઈ' પ્રકારનું જેમાં ડ્રોઈંગરૂમ, ડાયનિંગરૂમ, ત્રણ બેડરૂમ, રસોડું, ટોયલેટ કુલ મળીને ૮૦ ચો.મીટરનું બાંધકામ, એસ.પી. અથવા એની ઉપરના અધિકારીઓ માટે ડ્રોઈંગરૂમ, ચાર બેડરૂમ, રસોડું, ત્રણ ટોયલેટ કુલ ૧૪૦ ચો.મીટરનું બાંધકામ પૂરું પાડવામાં આવે છે.

**શ્રી જોધાજી ગ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે અમારા પાટણ જિલ્લાની અંદર વાહનો અને સ્ટાફ કેટલો ઓછો છે? સાથે સાથે એક વાત કહેવા માગું છું કે પાટણ તાલુકો હતો ત્યારે જેલ માટે ત્રણ રૂમો તૈયાર કરવામાં આવેલ હતા. એક રૂમમાં ૧૦-૧૦ માણસો રહી શકે. હવે પાટણ જિલ્લો બન્યો એટલે એમાં ૫૦-૬૦, ૮૦-૧૦૦ માણસો રહેતા હોય એટલે ત્રણ રૂમો નાના પડે છે એટલે એમાં આ લોકોનો સમાવેશ થતો નથી તો આ રાજ્ય સરકાર રૂમો વધારવા માગે છે કે કેમ? બીજું, પાટણ જિલ્લામાં સ્ટાફ ઘ ણો ઓછો છે તો સ્ટાફ વધારવા માગો છે કે કેમ? સાધનો અને વાહનોમાં પાટણ સરહદી વિસ્તાર હોવાના કારણે સ્ટાફ ઓછો પડે છે તો એના માટે વધારવાનું સરકારનું શું આયોજન છે? એ હું જાણવા માગું છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સાધનો અને વાહનો આજની પ્રશ્નોત્તરીનો વિષય છે એ હાઉસિંગમાં આવે છે. સાધનો અને વાહનોમાં સો એ સો ટકા સાધનો અને વાહનો આપવા માટે જે નિયમો છે એ મુજબ આપેલ છે અને જે એમણે જેલની બેરેકની વાત કરી એ પાટણ જિલ્લાના પોલીસ આવાસનો પ્રશ્ન છે એટલે હાલ મારી જોડે વિગત હાથ પર નથી. માનનીય સભ્યશ્રીને હું અલગથી એ વિગત પૂરી પાડી દઈશ.

## રાજ્યમાં કેરોસીનનો પૂરતો જથ્થો ફાળવવા અંગે

***૧૬૪૨૦ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજ્યની સસ્તા અનાજની દુકાનોમાં કેરોસીનનો જથ્થો ૭૫ થી ૮૦ ટકા ફાળવવામાં આવે છે. ગામડામાં ગેસ કનેકશન ધારણ નહિ કરતાં હોવા છતાં તેમને સરકાનો નિયમ થયો હોવા છતાં પણ કેરોસીનનો જથ્થો ઓછો મળે છે તો સાચા ગેસધારકો શોધી કાઢી પૂરતા પ્રમાણમાં કેરોસીન મળી રહે તેવી યોજના વિચારી છે, અને

(૨) જો, હા, તો કચ્છ જિલ્લામાં આ યોજનાની શી વિગતો છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :**

(૧) અને (૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી ફાળવણી રાજ્યના ગેસ વગરના કાર્ડધારકોને અનુલક્ષીને થતી જરૂરિયાત સામે અપૂરતી છે. ખરેખર કેરોસીનને પાત્ર કાર્ડધારકોને પૂરતા પ્રમાણમાં કેરોસીન આપી શકાય તે માટે કચ્છ સહિત રાજ્યના તમામ જિલ્લાઓમાં ગેસ જોડાણ ધરાવતાં કાર્ડધારકોના રેશનકાર્ડોમાં ગેસ જોડાણ હોવા અંગેનું સ્ટેમ્પીંગ કરવાની અમલવારી કાર્યન્વિત છે.

કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કુલ ૩,૯૩,૨૧૬ રેશનકાર્ડ પૈકી ૭૭,૦૬૭ કાર્ડમાં સ્ટેમ્પીંગ કરાવી અલગ તારવેલ છે અને ૩,૧૬,૧૪૯ રેશનકાર્ડ કેરોસીન મેળવવાને પાત્ર છે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કચ્છ જિલ્લાની અંદર ભૂકંપ પછી રેશનકાર્ડ કેટલા વધ્યા છે અને કેટલા રેકનકાર્ડ કમી કરવામાં આવ્યા છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ભૂકંપ પછી જે વાત કરી છે એમાં આજની તારીખે ૩,૯૪,૨૩૮ કુલ કાર્ડ છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સહેજ ફરીથી આંકડો બોલી જાવ, સભ્યશ્રીઓ જાણવા માગે છે.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : કુલ ૩,૯૪,૨૩૮ રેશનકાર્ડ છે, કચ્છ જિલ્લામાં આજની તારીખે ઉપલબ્ધ છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ૩ લાખ ૯૪ હજાર જેટલા રેશનકાર્ડ છે એમાં ગેસધારક પાસે કેટલા રેશનકાર્ડ છે અને જે અમુક વિસ્તારમાં જ્યાં ગેસની કોઈ એજન્સી પણ નથી, છતાં ત્યાં કેરોસીનની અંદર જે કાપ મૂકવામાં આવ્યો છે તો એ બાબતમાં સરકાર શું કરવા માગે છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાની અંદર ગેસધારક કાર્ડ ૮૪૫૬૪ રેશનકાર્ડ છે અને માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે જ્યાં કેરોસીન માટે વિતરણ વ્યવસ્થાની એજન્સી નથી એવું કોઈ ધ્યાન પર નથી. આખા રાજ્યની અંદર ગેસ એજન્સી માટે પણ સરકારશ્રીએ જે તાલુકામાં ગેસ એજન્સી નથી તેની પણ કેન્દ્રમાં રજૂઆત કરી છે અને જે આઈ.બી.પી., એચ.બી.પી. અને એચ.પી.સી.એલ. કંપનીઓ છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે, નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જૂનાગઢ જિલ્લામાં દારૂ અંગે દરોડા

૧૫૨૫૫**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૪ તથા ૨૦૦૫ દરમ્યાન દારૂ ગેરકાયદે ગાળવા, વેચવા તથા વહન કરવાના કુલ કેટલા દરોડા જૂનાગઢ જિલ્લામાં પાડવામાં આવ્યા, | (૧) કુલ ૧૭૧૯ |
| (૨) તેમાં કેટલી રકમનો ક્યા પ્રકારનો દારૂ પકડાયો અને અસામાજિક પ્રવૃતિ કરનારા કુલ કેટલા ઈસમો હતા, અને | (૨) દેશી દારૂ રૂા. ૧૬,૬૫,૧૬૮<br>વિદેશી દારૂ રૂા. ૮૮,૭૭,૮૮૪<br>અસામાજિક પ્રવૃતિ કરનારા ૮૬૫૫ ઈસમો હતા. |
| (૩) તેમાં એકથી વધુ આ પ્રકારના ગુનામાં સંડોવાયેલ શખ્સો કેટલા હતા ? | (૩) ૭૨૫ શખ્સો. |

-------------

### રાજ્યમાં ફાજલ અધ્યાપકો

૧૭૦૧૧ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રાન્ટેડ કોલેજોમાંથી કેટલા લેક્ચરર્સ ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફાજલ થયા, | (૧) ૨૫૮ (બસો અઠ્ઠાવન) |
| (૨) ફાજલ થયેલ લેક્ચરર્સ પૈકી કેટલાને સમાવાયા, અને | (૨) ૨૪૫ (બસો પીસ્તાલીસ) |
| (૩) હવે કેટલા ફાજલ છે ? | (૩) ૧૩ (તેર) |

-------------

### રાજ્યમાં સ્વશક્તિ યોજના હેઠળ થયેલ કામગીરી

૧૬૯૯૫ **શ્રી શીવાભાઈ જે. ગોહિલ (તળાજા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વશક્તિ યોજના હેઠળ કેટલા જિલ્લાઓમાં કામગીરી ચાલી રહી છે,

(૨) આ યોજના હેઠળ કેટલી મહિલાઓને લાભ મળેલ છે, અને

(૩) જે જિલ્લાઓમાં આ યોજના અમલમાં નથી ત્યાં યોજના શરુ કરવા વિચારેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. હસ્તક છેલ્લા બે વર્ષમાં ગુજરાતના ૧૦ જીલ્લાઓમાં વિશ્વબેન્ક અને ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રીકલ્ચર ડેવલપમેન્ટ IFAD સહાયિત સ્વશક્તિ યોજના અમલમાં હતી જે તા. ૩૦-૬-૦૫ના રોજથી પૂર્ણ કરવામાં આવી છે.

(૨) ૪૪૩૨૦

(૩) આ યોજના તા. ૩૦-૬-૦૫ના રોજથી રાજ્યમાં બંધ થયેલ હોઈ, પ્રશ્ન ઉદ્દભવતો નથી.

-------------

### રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ

૧૬૬૨૭**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૦૬ સ્થિતિએ રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં પ્રાથમિક શાળાના કેટલા વર્ગખંડોની ઘટ છે, અને

(૨) ઘટતા વર્ગખંડો બનાવવા માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) નીચે મુજબ ઓરડાઓની ઘટ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઓરડાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | રાજુલા | ૧૪૫ |
| ૨ | જાફરાબાદ | ૯૫ |
| ૩ | ખાંભા | ૭૫ |
| | **કુલ :** | **૩૧૫** |

(૨) ચાલુ વર્ષે ૧૪૧ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. તાલુકાવાર આયોજન નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઓરડાની ઘટ** |
|---|---|---|
| ૧ | રાજુલા | ૭૧ |
| ૨ | જાફરાબાદ | ૪૧ |
| ૩ | ખાંભા | ૨૯ |
| | **કુલ :** | **૧૪૧** |

બાકી ઓરડાઓ તબક્કાવાર બનાવવામાં આવશે.

-------------

### રાજ્યમાં રાંધણગેસની અછત

૧૭૦૦૬ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ માસથી રાજ્યમાં ગેસના બાટલાઓની કૃત્રિમ અછત સર્જાયેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો, હા, ગ્રાહકોને સમયસર પુરવઠો મળી રહે

**જવાબ**

(૧) હા, જી.

(૨) (અ) ઓઈલ કંપનીઓના અધિકારીશ્રીઓ

| | |
|---|---|
| તે માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને | સાથે અવાર-નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ માટે બેક્લોગ ઘડાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સુચના આપી અને તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.<br>(બ) રાંધણગેસનો દુરૂપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, હોટલ/રિસ્ટોરન્ટો જેવા વ્યાપારી અને ઓધોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવેલ છે. અને કસુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે. જેના પરિણામે હાલમાં મહદઅંશે રાંધણગેસની પરિસ્થિતિ સામાન્ય છે. |
| (૩) આ અંગે કોઈ ડીલરો સામે પગલાં ભરવામાં આવ્યા છે કે કેમ? | (૩) હા, જી. |

-------------

## સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો

૧૫૯૪૮**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સ્સ્તા અનાજની દુકાનો વસ્તીના ધોરણે આપવામાં આવેલી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી કાર્યરત છે, | (૨) ૧૨૫૬ |
| (૩) કાર્યરત દુકાનોએ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના નિયમોનો ભંગ કરેલ છે કે કેમ? અને | (૩) હા, જી. |
| (૪) આવી દુકાનોના પરવાનેદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા? | (૪) કુલ ૧૫૩ દુકાનોના પરવાનેદારો સામે પગલાં લેતાં રૂા.૧,૧૩,૨૯૫ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે પરવાના ડિપોઝીટ રૂા.૩,૨૪,૨૯૨/- રાજ્યસાત કરવામા આવેલ છે તથા વગે કરેલ જથ્થાની રકમ રૂા.૪૧,૧૮,૬૧૩-૦૦ વસુલ કરવા હુકમ કરેલ છે. અને ૧૯ દુકાનદારોના પરવાના મોકુફ કરવામાં આવેલ છે. ૨૫ દુકાનોના પરવાના રદ કરવામાં આવેલ છે. ૧૨ પરવાનેદારો સામે પોલીસ કેસ કરવામાં આવેલ છે. અને ૧ પરવાનેદાર સામે અટકાયત કરવામાં આવેલ છે. |

-------------

## ભરૂચ જિલ્લામાં કેદીઓને સુવિધાઓ

૧૬૬૯૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં આવેલ જેલોમાં કેદીઓને શુધ્ધ પીવાનું પાણી શુધ્ધ આહાર અને અન્ય સુવિધાઓ પૂરતાં પ્રમાણમાં નથી તેવી કેટલી ફરિયાદો રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં ૩૧-૦૧-૦૬ સુધીમાં મળી, અને | (૧) કોઈ ફરિયાદ મળેલ નથી. |

(૨) આ જેલોમાં કેદીઓને સ્વાસ્થ્યપ્રદ ખોરાક અને અન્ય સુવિધા પૂરી પાડવા સરકારે શા પગલાં લીધા?

(૨) ખોરાક વિષયક અને આરોગ્ય વિષયક સવલતો અંગે પૂરતા પ્રમાણમાં પગલાં લીધેલ છે.

-------------

**રાજ્યની જેલોમાં કેદીઓ વચ્ચે મારામારીના બનાવો**

૧૬૪૨૪ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સન ૨૦૦૫ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જેલમાં કેદીઓ વચ્ચે મારામારીના કેટલા બનાવો કઈ કઈ જેલોમાં બનાવા પામ્યા છે,

(૨) આ અન્વયે કેટલા કેદીઓના મૃત્યુ થયા અને કેટલા ઘવાયા,

(૩) રાજ્યમાં જેલોના કથળેલા વહીવટ અંગે રાજ્ય સરકારે ક્યા પ્રકારના પગલાંઓ લેવા વિચારેલ છે, અને

**જવાબ**

(૧)

| અ.નં. | જેલનું નામ | બનાવની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧૮ |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૦૨ |
| ૩ | પાલનપુર સબ જેલ | ૦૧ |
| ૪ | નવસારી સબ જેલ | ૦૧ |

(૨) મૃત્યુ થયેલ કેદીઓ -- ૦૧
ઘવાયેલા કેદીઓ -- ૦૯

(૩) ૧. જેલમાં અધિક્ષક તરીકે આઈ.પી.એસ. અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી છે.

૨. જેલની શિસ્ત અને સલામતીને અડચણરૂપ થતાં કેદીઓને દુરના સ્થળની જેલોમાં બદલી કરવામાં આવેલ છે.

૩. જેલ ખાતાની જ્ગ્યાઓ ભરવાની પ્રક્રિયા ગતિમાં છે.

૪. ઉચ્ચ અધિકારીઓના સુપરવિઝન હેઠળ ક્માન્ડો મુકવામાં આવેલ છે.

૫. અમદાવાદ મધ્યસ્થ જેલના ત્રણ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતાં રક્ષક સંવર્ગના કર્મચારીઓની બદલીઓ કરવામાં આવેલ છે.

૬. સ્કવોર્ડ દ્વારા વારંવાર જેલમાં ઝડતી કરવામાં આવે છે.

૭. અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલમાં બાયોમેટ્રીક આયડેન્ટીફીકેશન લગાડવામાં આવી રહેલ છે. જેલની અંદર તમામ કેદીઓ અને સ્ટાફની માહિતી ફીટ કરવામાં આવશે અને કોઈ ભળતો કેદી કે વ્યક્તિ બહારથી અંદર કે અંદર થી બહાર જઈ શકશે નહીં. ઓવરક્રાઉડીંગની સમસ્યા નવી જેલો ભૂજ, અમરેલી, ગોંડલ તેમજ સુરત ખાતે બનાવવામાં આવી રહેલ છે. સબ જેલ કક્ષાની પાલનપુર અને મહેસાણા જેલોને જીલ્લા જેલોમાં રૂપાંતર કરવામાં આવી રહેલ છે. આ તમામ યોજનાઓ ૭૫ ટકા કેન્દ્ર પર્સપેકટીવ એકશન પ્લાન ૨૦૦૨-૨૦૦૭ હેઠળ હાથ ધરાયેલ છે.

૮. હાલમાં અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ૧૦૦૦ કાચા કામના કેદીઓની ક્ષમતાવાળી નવી અન્ડર

ટ્રાયલ જેલ અલગ બનાવવામાં આવી રહેલ છે. જેનું બાંધકામ ટુંક સમયમાં પૂર્ણ થનાર છે. જેથી કાચા કામના અને સજાવાળા કેદીઓને અલગ અલગ રાખવાની વ્યવસ્થા કરવામાં આવશે. જેથી કાચા અને પાકા કામના કેદીઓ વચ્ચે મારામારીના બનાવો બનતા અટકશે. આ જેલનું સંચાલન પણ અલગ અલગ અધિકારી/કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે.

૯. અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ ખાતે બાયોમેટ્રીક સીસ્ટમનો અમલ શરૂ કરવામાં આવનાર છે જેના માટે રૂા. ૪૬/- લાખની બજેટ જોગવાઈ તાજેતરમાં જ થઈ છે જેની કામગીરી એન.આઈ.સી.એસ.આઈ. દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જેથી કેદીઓની સલામતી સુદ્દઢ બનશે.

(૪) જવાબદાર સામે શાં પગલાં લીધા?

(૪) જવાબદાર અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ થતાં અટક કરી તમામને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ છે તેમજ મારામારીના બનાવ અંગે જવાબદાર કર્મચારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી ચાલુમાં છે. જવાબદાર કેદીઓ વિરૂધ્ધ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ગુન્હાઓ નોંધવામાં આવેલ છે. તેમજ જવાબદાર કેદીઓને અન્ય જેલે વહીવટી કારણોસર જેલ બદલી કરવામાં આવેલ છે.

-------------

## જુનાગઢ જિલ્લામાં રાંધણગેસના દુરુપયોગ અંગે દરોડાઓ

૧૬૧૮૩ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૩૧-૧-૦૬ સુધીમાં જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર અને માસવાર રાંધણગેસના દુસ્પયોગ માટે કુલ કેટલા દરોડાઓ પાડી કેટલા ગેસ સીલીન્ડરો જપ્ત કર્યા અને કેટલા ઈસમો સામે કાનુની કાર્યવાહી કરી,

(૨) આવા રાંધણગેસના બોટલોના દુરૂપયોગમાં કઈ કઈ ગેસ એજન્સીઓ સંડોવાયેલ છે, અને

(૩) તેમની સામે સરકારે શા પગલા લીધા?

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૩૧-૧-૦૬ સુધીમાં રાંધણગેસના દુસ્પયોગ અટકાવવા જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર અને માસવાર પાડેલ દરોડાની વિગત પત્રક-૧ અને પત્રક-૨ મુજબ

કુલ ૮૫ દરોડામાં ૧૬૦ ગેસ સીલીન્ડરો કબ્જે કર્યા તે તમામ ૮૫ કેસમાં કાર્યવાહી કરી છે.

(૨) કોઈ એજન્સી સંડોવાયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### પત્રક-૧

### જૂનાગઢ જિલ્લામાં રાંધણગેસના દુરૂપયોગ અંગે દરોડાઓ

### એલ.પી.જી.ના (દુરૂપયોગની) માહે જાન્યુઆરી-૨૦૦૫ થી માહે ડીસેમ્બર-૨૦૦૫ અને માહે જાન્યુઆરી-૨૦૦૬માં તાલુકાવાર/માસવાર પાડેલ દરોડા/તપાસની વિગત દર્શાવતું પત્રક

| તાલુકાનું નામ | જાન્યુ-૦૫ | ફેબ્રુ-૦૫ | માર્ચ-૦૫ | એપ્રિલ-૦૫ | મે-૦૫ | જુન-૦૫ | જુલાઈ-૦૫ | ઓગ.-૦૫ | સપ્ટે.-૦૫ | ઓક્ટો.-૦૫ | નવે.-૦૫ | ડીસે.-૦૫ | જાન્યુ.-૦૬ | કુલ દરોડા/તપાસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જુનાગઢ | ૩ | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | ૧૦ | ૭ | -- | -- | ૨૧ |
| કેશોદ | -- | ૧ | -- | -- | -- | -- | -- | -- | -- | ૨૮ | -- | ૪ | -- | ૩૩ |
| વંથલી | -- | -- | -- | ૧ | - | -- | -- | - | -- | -- | -- | -- | -- | ૧ |
| સુત્રાપાડા | -- | -- | -- | ૨ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | ૨ |
| તાલાલા | -- | -- | -- | -- | -- | -- | -- | -- | ૧ | -- | -- | -- | - | ૧ |
| માણાવદર | -- | -- | -- | -- | -- | -- | -- | -- | ૫ | -- | -- | ૫ | -- | ૧૦ |
| માંગરોળ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | ૬ | -- | -- | -- | ૬ |
| વેરાવળ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | ૧૧ | -- | ૧૧ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **કુલઃ** | ૩ | ૨ | -- | ૩ | -- | -- | -- | -- | ૬ | ૪૪ | ૭ | ૨૦ | -- | ૮૫ |

## પત્રક-૨

## જૂનાગઢ જિલ્લામાં રાંધણગેસના દુરૂપયોગ અંગે દરોડાઓ

## ખંડ(૧) એલ.પી.જી. નો દુરૂપયોગ અટકાવવા કરેલ તપાસમાં કબજે લીધેલ જથ્થાની અને લીધેલ પગલાંની વિગત દર્શાવતું પત્રક

| તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | ગેરરીતિ વગરની તપાસની સંખ્યા | ગેરરીતિ વાળી તપાસની સંખ્યા | કબજે કરેલ જથ્થો | | | રાજ્યસાત કરેલ જથ્થો | | | અન્ય લીધેલ પગલાંની વિગત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | જથ્થો/ સાધનનું નામ | જથ્થો | કિંમત (રૂા.) | જથ્થો/ સાધનનું નામ | જથ્થો | કિંમત (રૂા.) | |
| જુનાગઢ | ૨૧ | -- | ૨૧ | સીલીન્ડર | ૬૩ | ૬૬૯૦૪ | સીલીન્ડર | ૩ | ૨૦૨૦ | -- |
| કેશોદ | ૩૩ | -- | ૩૩ | સીલીન્ડર | ૪૧ | ૪૧૭૯૫.૭૮ | સીલીન્ડર | ૩ | ૨૫૭૩ | -- |
| વંથલી | ૧ | -- | ૧ | સીલીન્ડર | ૪ | ૩૮૧૦.૫૮ | સીલીન્ડર | ૨ | ૧૭૫૦ | -- |
| સુત્રાપાડા | ૨ | -- | ૨ | સીલીન્ડર | ૨૦ | ૨૨૦૧૧.૨૪ | સીલીન્ડર | ૫ | ૫૧૦૧.૨૪ | -- |
| તાલાલા | ૧ | -- | ૧ | સીલીન્ડર | ૫ | ૩૨૫૦ | સીલીન્ડર | -- | -- | કેસ ચલાવવાની કાર્યવાહી ચાલુ છે |
| માણાવદર | ૧૦ | -- | ૧૦ | સીલીન્ડર | ૧૨ | ૧૩૨૧૪ | સીલીન્ડર | -- | -- | કેસ ચલાવવાની કાર્યવાહી ચાલુ છે |
| માંગરોળ | ૬ | -- | ૬ | સીલીન્ડર | ૪ | ૩૯૨૯.૯૫ | સીલીન્ડર | -- | -- | કેસ ચલાવવાની કાર્યવાહી ચાલુ છે |
| વેરાવળ | ૧૧ | -- | ૧૧ | સીલીન્ડર | ૧૧ | ૧૩૪૭૫ | સીલીન્ડર | -- | -- | કેસ ચલાવવાની કાર્યવાહી ચાલુ છે |
| **કુલઃ** | **૮૫** | -- | **૮૫** | | **૧૬૦** | **૧૬૮૩૯૦.૫૫** | | **૧૩** | **૧૧૪૪૪.૨૪** | |

-------------

## સુરત શહેરમાં પોલીસ આવાસના કામો

૧૬૧૫૯ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં સુરત શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિનરહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૩૧૮.૩૨ લાખ |
| (૨) આ કામો પૈકી તા. ૩૧/૧/૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૧૦૫૮.૦૧ લાખ |

-------------

## ૧૫ ટકાથી ઓછુ પરિણામ લાવતી માધ્યમિક શાળાઓ

૧૬૫૫૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ-૧૦માં ૧૫ ટકાથી ઓછું પરિણામ લાવતી માધ્યમિક શાળાઓ કેટલી છે, અને

(૨) આ શાળાઓનું પરિણામ સુધારવા રાજ્ય સરકારે શું પ્રયત્ન કરેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **સંખ્યા** |
|---|---|
| માર્ચ-૨૦૦૪ | ૬૭૪ |
| માર્ચ-૨૦૦૫ | ૪૨૪ |

(૨) (૧) બોર્ડ દ્વારા તૈયાર થયેલ પ્રશ્નબેંકની પુસ્તિકાઓ (મફત) શાળાદીઠ બે નકલો આપી વિદ્યાર્થીઓને વધુ મહાવરો મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી.

(૨) નબળી શાળાઓ સાથે જે શાળાઓનું પરિણામ સારૂં આવેલ છે તેવી શાળાઓએ આ શાળાઓને દત્તક (પ્રેરક શાળા) તરીકે સ્વિકારી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા એકશન પ્લાન તૈયાર કરી માર્ગદર્શન આપવામાં આવ્યું.

(૩) ગુજરાતી, ગણિત અને સમાજવિદ્યા

| | |
|---|---|
| | વિષયમાં સામાન્યતઃ આવી શાળાનું પરિણામ ઓછું આવે છે. તે અંગે બોર્ડ દ્વારા આ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓનું પૃથ્થકરણ કરી વિષયવાર બાળકો કેવા પ્રકારની ક્યા પ્રશ્નમાં ક્યા ક્યા વિષયોમાં ભૂલો કરે છે. તે તરફ ધ્યાન દોરી હવે આ પ્રકારની ભૂલો ન થાય તે માટે સબંધિત શાળાઓને જાણ કરવામાં આવી. (બોર્ડના મેગેઝિન મારફ્તે)<br>(૪) શાળાઓએ વધારાના વર્ગો રજાના દિવસો દરમ્યાન તેમજ શૂન્ય તાસમાં ગોઠવી નબળા વિદ્યાર્થીઓને વધુ માર્ગદર્શન મળે તેવી વ્યવસ્થા ગોઠવવાની જાણ કરી.<br>(૫) રાત્રિ વર્ગોની વ્યવસ્થા કરી સંબંધિત વિષય શિક્ષકો મારફ્તે માર્ગદર્શન મળે તેવા પગલાં ભરવા પણ સૂચવેલ છે. |

-------------

## નવસારી જિલ્લામાં પોલીસ આવાસના કામા

૧૬૧૫૨**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) :માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાક્યિ વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિનરહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૩૨૦.૬૧ લાખ |
| (૨) આ કામો પૈકી તા. ૩૧/૧/૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૩૨૦.૬૧ લાખ |

-------------

## ડી.પી.ઈ.પી. અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં થયેલ કામો

૧૬૯૯૦ **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| ડી.પી.ઈ.પી. અંતર્ગત વર્ષ ૨૦૦૩-૦૪માં સાબરકાંઠા જિલ્લામાં કેટલા પ્રાથમિક શાળાઓના વધારાના ઓરડા, નવીન શાળા, પીવાના પાણીની સુવિધા તેમજ સંડાસ મુતરડી બાંધવામાં આવેલ છે ? | વધારાના ઓરડા | - ૮૨ |
| | નવીન શાળા | - ૪૨ |
| | પીવાના પાણીની સુવિધા | - ૫૦ |
| | સંડાસ - મુતરડી | - ૫૦ |

-------------

## ખેડા જિલ્લામાં આંગણવાડીઓને રસોઈ અને નાસ્તાના સાધનો આપવા અંગે

૧૬૪૩૩**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં ચાલતી આગંણવાડીઓમાં રસોઈ અને નાસ્તા માટેના સાધનો કેટલી આંગણવાડીઓ પાસે નથી, અને | (૧) ૫૫૬ આંગણવાડીઓમાં |
| (૨) બાકી છે તેને ક્યારે સરકાર આપવા માંગે છે? | (૨) પ્રક્રિયા ચાલુ છે. |

-------------

**ઝાલોદ અને ફતેપુરા તાલુકામાં સી.પી.એડ. કોલેજ**

૧૬૧૭૮**શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઝાલોદ અને ફતેપુરા તાલુકામાં સી.પી.એડ. કોલેજ એક પણ ન હોવાથી સરકાર આ તાલુકામાં નવી સી.પી.એડ. કોલેજ શરૂ કરવા માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. સી.પી.એડ. કોલેજોમાં જરૂરિયાત કરતાં વધુ ઉમેદવારો બહાર પડતા હોઈ, નવી સી.પી.એડ. કોલેજો ન ખોલવા સરકારશ્રીએ નીતિ-વિષયક નિર્ણય લીધેલ છે. |
| (૨) જો હા, તો ક્યારે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વડોદરા જિલ્લામાં નવા દીનદયાલ ગ્રાહક ભંડારો**

૧૬૪૨૨ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા(કરજણ):માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડેદરા જિલ્લામાં કુલ કેટલા નવા દીનદયાલ ગ્રાહક ભંડાર શરૂ કરવાનું આયોજન છે, અને | (૧) ૪૮ |
| (૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) સત્વરે પૂર્ણ કરવામાં આવશે. |

-------------

**લીંબડી તાલુકામાં સસ્તા અનાજની નવી દુકાનો**

૧૬૨૫૧**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી તાલુકામાં સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી નવી સસ્તા અનાજની દુકાનો અપાઇ છે, | (૧) ૧૭. |
| (૨) આ દુકાનદારોને કેરોસીન વેચવા અપાતું નથી તે વાત સાચી છે, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કેરોસીન ક્યારે વેચવા માટે આપવામાં આવનાર છે ? | (૩) વાજબી ભાવના દુકાનદારો દ્વારા માંગણી થયે દુકાનદારની કાર્યદક્ષતા જોઇ કેરોસીન વેચવા માટે આપવામાં આવનાર છે. |

-------------

**જિલ્લાવાર પોલીસ આવાસોના બાંધકામ અંગે**

૧૬૪૨૯ **શ્રી અમીત ચાવડા (બોરસદ) :માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં જિલ્લાવાર ક્યાં ક્યાં પોલીસ આવાસો બાંધવામાં માટે ક્યારે ક્યારે દરખાસ્તો મળી, | (૧) અને (૨) : સામેલ પત્રક મુજબ. |
| (૨) તેમાંથી કેટલી મંજૂર કરવામાં આવી, | |
| (૩) તેની પાછળ ગત ૩ વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૩) રૂા. ૧૫૬૪૩.૫૬ લાખ. |
| (૪) કેટલી દરખાસ્તો પડતર છે, અને | (૪) અને (૫) જુદા જુદા પોલીસ યુનીટોમાંથી મળેલ દરખાસ્તો તથા વહીવટી જરૂરીયાતના આધારે પોલીસ મહાનિર્દેશકશ્રી દ્વારા આવાસોના બાંધકામ માટેની અગ્રતા યાદી તૈયાર કરવામાં આવતી હોવાથી, આવી અગ્રતાયાદી તૈયાર થયા બાદ દરખાસ્તો પડતર રહેવાનો |

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

## જીલ્લાવાર પોલીસ આવાસોનાં બાંધકામ અંગે

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | જીલ્લો | દરખાસ્ત | થયેલ ક્રમ | કરવામાં આવેલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૦૨-૦૩ | અમદાવાદ શહેર | ૪૪૪ | ૩૨ | ૧૨૪.૮૧ |
| ૨ | | રાજકોટ શહેર | ૩૪૭ | ૧૨૮ | ૫૩૪.૮૫ |
| ૩ | | સુરત શહેર | ૪૦૧ | ૦ | ૦.૦૦ |
| ૪ | | વડોદરા શહેર | ૫૬૭ | ૬૪ | ૨૨૧.૩૫ |
| ૫ | | અમદાવાદ | ૨૩૧ | ૨૪ | ૮૧.૧૮ |
| ૬ | | અમરેલી | ૦ | ૪૮ | ૧૬૮.૩૮ |
| ૭ | | આણંદ | ૦ | ૧૬૦ | ૫૩૪.૦૨ |
| ૮ | | બનાસકાંઠા | ૧૯૨ | ૯૦ | ૨૭૮.૫૮ |
| ૯ | | વડોદરા | ૦ | ૨૦૮ | ૬૫૯.૧૩ |
| ૧૦ | | ભરૂચ | ૦ | ૩૨ | ૧૫૯.૮૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૧ | | ભાવનગર | ૯૬ | ૪૮ | ૧૬૫.૧૩ |
| ૧૨ | | દાહોદ | ૦ | ૪૪ | ૧૪૦.૮૫ |
| ૧૩ | | ગાંધીનગર | ૦ | ૧૨૩ | ૪૭૬.૭૪ |
| ૧૪ | | જામનગર | ૦ | ૦ | ૦.૦૦ |
| ૧૫ | | જુનાગઢ | ૪૮ | ૧૬૩ | ૬૭૯.૫૮ |
| ૧૬ | | ખેડા | ૦ | ૦ | ૦.૦૦ |
| ૧૭ | | કચ્છ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૧૮ | | મહેસાણા | ૪૮ | ૮૬ | ૨૮૭.૨૯ |
| ૧૯ | | નર્મદા | ૧૨૦ | ૦ | ૦.૦૦ |
| ૨૦ | | નવસારી | ૦ | ૬૪ | ૨૧૦.૯૧ |
| ૨૧ | | પંચમહાલ | ૪૮ | ૩૬ | ૧૧૪.૯૫ |
| ૨૨ | | પાટણ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૨૩ | | પોરબંદર | ૪૮ | ૩૧ | ૧૩૫.૬૨ |
| ૨૪ | | રાજકોટ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૨૫ | | સાબરકાંઠા | ૦ | ૬૮ | ૨૪૧.૪૫ |
| ૨૬ | | સુરત | ૦ | ૦ | ૦.૦૦ |
| ૨૭ | | સુરેન્દ્રનગર | ૦ | ૩૬ | ૧૫૩.૭૩ |
| ૨૮ | | ડાંગ | ૦ | ૩૨ | ૧૧૧.૬૭ |
| ૨૯ | | વલસાડ | ૦ | ૦ | ૦.૦૦ |
| | | **કુલ :** | **૨૫૯૦** | **૧૫૧૭** | **૫૪૮૦.૦૩** |

## જીલ્લાવાર પોલીસ આવાસોનાં બાંધકામ અંગે

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | જીલ્લો | દરખાસ્ત | થયેલ ક્રમ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૦૩-૦૪ | અમદાવાદ શહેર | ૫૫૧ | ૦ | ૦.૦૦ |
| ૨ | | રાજકોટ શહેર | ૦ | ૦ | ૦.૦૦ |
| ૩ | | સુરત શહેર | ૨૪૮ | ૨૦૦ | ૧૦૮૮.૦૧ |
| ૪ | | વડોદરા શહેર | ૨૦૮ | ૧૭૬ | ૫૯૬.૪૨ |
| ૫ | | અમદાવાદ | ૯૨ | ૧ | ૪.૫૦ |
| ૬ | | અમરેલી | ૦ | ૦ | ૦.૦૦ |
| ૭ | | આણંદ | ૨૪ | ૨૪ | ૯૨.૫૭ |
| ૮ | | બનાસકાંઠા | ૧૪૫ | ૧૧૧ | ૨૩૬.૦૫ |
| ૯ | | વડોદરા | ૦ | ૦ | ૦.૦૦ |
| ૧૦ | | ભરૂચ | ૧૦૬ | ૬૬ | ૨૩૫.૪૧ |
| ૧૧ | | ભાવનગર | ૮૦ | ૮૦ | ૨૫૮.૦૧ |
| ૧૨ | | દાહોદ | ૯૪ | ૮૨ | ૨૯૦.૮૯ |
| ૧૩ | | ગાંધીનગર | ૦ | ૦ | ૦.૦૦ |
| ૧૪ | | જામનગર | ૮૦ | ૮૦ | ૨૯૬.૫૪ |
| ૧૫ | | જુનાગઢ | ૩૨ | ૦ | ૦.૦૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૬ | | ખેડા | ૦ | ૦ | ૦.૦૦ |
| ૧૭ | | કચ્છ | ૯૬ | ૯૬ | ૩૫૬.૩૦ |
| ૧૮ | | મહેસાણા | ૩૨ | ૪૪ | ૧૮૩.૩૮ |
| ૧૯ | | નર્મદા | ૨૪ | ૦ | ૦.૦૦ |
| ૨૦ | | નવસારી | ૦ | ૦ | ૦.૦૦ |
| ૨૧ | | પંચમહાલ | ૪૯ | ૦ | ૦.૦૦ |
| ૨૨ | | પાટણ | ૦ | ૩૨ | ૧૩૩.૭૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | પોરબંદર | ૦ | ૦ | ૦.૦૦ |
| ૨૪ | રાજકોટ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૨૫ | સાબરકાંઠા | ૧૬ | ૩૨ | ૧૧૭.૩૫ |
| ૨૬ | સુરત | ૧૧૮ | ૫૨ | ૧૮૨.૨૬ |
| ૨૭ | સુરેન્દ્રનગર | ૦ | ૧ | ૪.૫૦ |
| ૨૮ | ડાંગ | ૫૦ | ૪૫ | ૧૬૮.૩૭ |
| ૨૯ | વલસાડ | ૦ | ૦ | ૦.૦૦ |
| | **કુલ :** | **૨૦૪૫** | **૧૧૨૨** | **૪૨૪૪.૩૩** |

## જીલ્લાવાર પોલીસ આવાસોનાં બાંધકામ અંગે

(રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | જીલ્લો | દરખાસ્ત | થયેલ કામ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૦૪-૦૫ | અમદાવાદ શહેર | ૯૧૮ | ૩૭૧ | ૧૩૭૦.૫૯ |
| ૨ | | રાજકોટ શહેર | ૦ | ૦ | ૦.૦૦ |
| ૩ | | સુરત શહેર | ૦ | ૩૨ | ૧૦૮.૬૭ |
| ૪ | | વડોદરા શહેર | ૬૯૩ | ૬૪ | ૨૦૭.૯૦ |
| ૫ | | અમદાવાદ | ૧૮૨ | ૧૬ | ૫૭.૦૫ |
| ૬ | | અમરેલી | ૭૪ | ૦ | ૦.૦૦ |
| ૭ | | આણંદ | ૧૧૬ | ૦ | ૦.૦૦ |
| ૮ | | બનાસકાંઠા | ૩૩૧ | ૩૨૯ | ૯૬૯.૮૧ |
| ૯ | | વડોદરા | ૦ | ૪૮ | ૧૪૨.૭૩ |
| ૧૦ | | ભરૂચ | ૩૩૨ | ૧૭૬ | ૬૧૨.૫૨ |
| ૧૧ | | ભાવનગર | ૧૭૨ | ૦ | ૦.૦૦ |
| ૧૨ | | દાહોદ | ૦ | ૧૨ | ૫૧.૫૭ |
| ૧૩ | | ગાંધીનગર | ૧૧૨ | ૫૯ | ૨૨૪.૯૩ |
| ૧૪ | | જામનગર | ૭૧ | ૦ | ૦.૦૦ |
| ૧૫ | | જુનાગઢ | ૨૯૨ | ૦ | ૦.૦૦ |
| ૧૬ | | ખેડા | ૩૧૨ | ૦ | ૦.૦૦ |
| ૧૭ | | કચ્છ | ૨૪૦ | ૧૬ | ૫૫.૬૧ |
| ૧૮ | | મહેસાણા | ૧૫૩ | ૧૨૬ | ૪૦૩.૧૫ |
| ૧૯ | | નર્મદા | ૧૩૫ | ૪૮ | ૧૫૫.૯૯ |
| ૨૦ | | નવસારી | ૧૦૪ | ૩૩ | ૧૦૯.૭૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૧ | | પંચમહાલ | ૦ | ૧૧૫ | ૪૧૦.૪૬ |
| ૨૨ | | પાટણ | ૧૮૨ | ૮૮ | ૩૦૩.૪૯ |
| ૨૩ | | પોરબંદર | ૪૮ | ૦ | ૦.૦૦ |
| ૨૪ | | રાજકોટ | ૧૪૮ | ૩૮ | ૧૨૭.૨૩ |
| ૨૫ | | સાબરકાંઠા | ૩૪ | ૨૪ | ૭૯.૬૩ |
| ૨૬ | | સુરત | ૧૨૮ | ૧૦૩ | ૩૮૦.૦૪ |
| ૨૭ | | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૦.૦૦ |
| ૨૮ | | ડાંગ | ૦ | ૧૬ | ૫૬.૫૨ |
| ૨૯ | | વલસાડ | ૩૨ | ૩૨ | ૧૦૧.૬૧ |
| | | **કુલ :** | **૪૮૦૯** | **૧૭૪૬** | **૫૯૧૯.૨૦** |

-------------

## રાજ્યમાં ગૃહરક્ષક દળનું મહેકમ

૧૫૯૪૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) :માનનીય ગૃહરક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સુરત શહેર અને જીલ્લામાં ગૃહરક્ષક દળનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે અને ભરવામાં આવેલ છે?

**જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ સુરત શહેર અને જિલ્લામાં ગૃહ રક્ષક દળનું કુલ-૧૮૦૦નું સંખ્યાબળ ફાળવવામાં આવેલ છે જે પૈકી નીચે દર્શાવ્યા મુજબ ૧૩૮૮નું સંખ્યાબળ ભરાયેલ છે.

(અ) સુરત શહેર ૪૧૭.

(બ) તે સિવાય જિલ્લાનું સંખ્યાબળ-૯૭૧.

------------

## રાજ્યમાં કોલેજોથી વંચિત આદિવાસી તાલુકાઓ

૧૬૫૪૯**શ્રી ગણપતભાઈ વે. વસાવા (માંગરોળ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના આદિવાસી વિસ્તારોમાં કેટલા તાલુકાઓ કોઇપણ વિભાગની કોલેજોથી વંચિત છે, અને | (૧) ૧૨ (બાર). |
| (૨) માંગરોળ, ઉમરપાડા, ડેડીયાપાડા, સાગબારા જેવા ૧૦૦ ટકા આદિવાસી વિસ્તારમાં સરકાર કોલેજો ખોલવા માંગે છે કે કેમ અને કેટલા સમયમાં ? | (૨) માંગણી આવ્યે, નિયમાનુસાર વિચારણા કરવામાં આવશે. |

-------------

## થરાદ ખાતે જેલના મકાનનું બાંધકામ

૧૬૧૬૦ **શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ):માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) થરાદ ગામમાં જેલ માટેનું મકાન બાંધવાની કાર્યવાહી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) સને ૨૦૦૧માં આવેલ ભુકંપમાં સબ જેલનું મકાન ક્ષતિગ્રસ્ત થયેલ જેનું સમારકામ પુર્ણ થયેલ છે. |
| (૨) કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) સબ જેલનું મરામતનું કામ પુર્ણ થયેલ છે. |

-------------

## અમદાવાદમાં કાર્ડદીઠ અપાતો કેરોસીનનો જથ્થા

૧૬૩૩૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ઘરવપરાશ માટે કાર્ડ ઉપર આપવામાં આવતાં કેરોસીનના ક્વોટામાં કેટલો કાપ ક્યારથી સરકારે મુક્યો છે, અને હાલમાં કાર્ડદીઠ કેટલું કેરોસીન ફાળવવામાં આવે છે, | (૧) અમદાવાદ શહેરના કાર્ડધારકોને કાર્ડદીઠ ૧૫ લીટરના પ્રમાણથી કેરોસીનનું વિતરણ કરવામાં આવતું હતું તેના બદલે ફેબ્રુઆરી-૦૬ ના માસથી કાર્ડદીઠ ૧૪ લીટરનું પ્રમાણ નિયત કરવામાં આવેલ છે. |
| (૨) શહેરમાં તાજેતરમાં ગેસના સીલીન્ડરોની તીવ્ર તંગી ઉભી થઈ છે ત્યારે સરકાર કેરોસીનના કાર્ડદીઠ અપાતા ક્વોટામાં વધારો કરવા માંગે છે, અને | (૨) અને (૩) : ગેસ જોડાણ ધરાવતા કાર્ડધારકોને કેરોસીન આપવામાં આવતુ ન હોઈ તથા કેન્દ્ર સરકારશ્રી દ્વારા થતી ફાળવણીમાં કોઈ વધારો થયેલ નહિ હોવાથી કેરોસીનનો ક્વોટા વધારવાનો પ્રશ્ન રહેતો નથી. હાલમાં રાંધણગેસના સીલીન્ડરોની ઉપલબ્ધિ પરિસ્થિતિ સામાન્ય છે. |
| (૩) જો હા, તો ક્યારથી ? | |

-------------

## રાજ્યમાં કન્યાઓમાં ટેકનીકલ શિક્ષણનો વ્યાપ

૧૬૯૯૯**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કન્યાઓમાં ટેકનિકલ શિક્ષણનો વ્યાપ વધારવા રાજ્ય સરકાર શું આયોજન કરવા માંગે છે ? | કન્યાઓમાં ટેકનિકલ શિક્ષણનો વ્યાપ વધારવા માટે સ્વરોજગારી માટેના અવેધિક અભ્યાસક્રમો, વ્યવસાયલક્ષી પ્રમાણપત્ર કક્ષાના અભ્યાસક્રમો અને રહેઠાણ માટે હોસ્ટેલની સુવિધામાં વધારો કરવાનું આયોજન છે. |

-------------

## રાજ્ય કક્ષાએ પ્રાથમિક શાળાઓના બાળકો માટે રમતોત્સવનું આયોજન

૧૬૨૫૫**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય કક્ષાનો પ્રાથમિક શાળાનાં બાળકોનો રમતોત્સવ યોજવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારે યોજાશે ? | (૨) ૨૦૦૫-૦૬નો રમતોત્સવ નવેમ્બર-૦૫ માસમાં યોજાઈ ગયો.<br>૨૦૦૬-૦૭નો નવેમ્બરમાં યોજાશે. |

-------------

## ભૂજ અને નખત્રાણા તાલુકાઓમાં કેરોસીનની ફાળવણી

૧૬૦૨૨**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભૂજ અને નખત્રાણા તાલુકામાં સન ૨૦૦૫માં ધોરણ કરતા કેરોસીનનો ઓછો જથ્થો ફાળવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૨) હા, જી. |
| (૨) બન્ને તાલુકાઓમાં ધોરણ અનુસાર કેટલો જથ્થો ફાળવવાનો હતો અને કેટલો જથ્થો ફાળવ્યો હતો, | (૨) નીચે મુજબ |

| અ.નં. તાલુકો | ફાળવવા પાત્ર જથ્થો કિ.લી.માં | ફાળવેલ જથ્થો કિ.લી.માં |
|---|---|---|
| ૧ ભૂજ | ૬૨૧૧ | ૫૪૪૬ |
| ૨ નખત્રાણા | ૩૫૯૫ | ૩૧૪૬ |

| | |
|---|---|
| (૩) ઓછો જથ્થો આપવાના શાં કારણો છે, અને | (૩) રાજ્યના તમામ જિલ્લાઓના નોનગેસ ધારકોના કાર્ડની સંખ્યા તેમજ નિયત કરાયેલ વિતરણ પ્રમાણને અનુલક્ષીને સમગ્ર રાજ્યની કેરોસીનની થતી જરૂરીયાત સામે કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી કેરોસીનની ફાળવણી અપૂરતી છે. |
| (૪) નિયમિત રીતે પૂરતો જથ્થો ફાળવવા શા આદેશો આપવામાં આવ્યા ? | (૪) પાત્ર કાર્ડધારકોને નિયમિત રીતે સરળતાથી પુરતું કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યાન્વિત રાખવામાં આવી છે તેમજ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પુરેપુરુ કરાવવાનું આયોજન કરેલ છે. |

-------------

## સરકાર દ્વારા અમરેલી શહેરની મ્યુનિસિપલ કન્યા શાળાનું સંચાલન

૧૫૧૪૯**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી શહેરની મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કુલનું સંચાલન રાજ્ય સરકારે ક્યારથી સંભાળેલ છે. | (૨) તા. ૪-૧૨-૨૦૦૧ થી |
| (૨) તેમાં જાન્યુઆરી-૨૦૦૬ અંતિત શૈક્ષણિક | (૨) ૨૫૩ |

| | |
|---|---|
| વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન કેટલી વિદ્યાર્થીનીઓ નોંધાયેલી છે, અને | |
| (૩) તેના સંચાલન માટે રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક કેટલું ખર્ચ કરવામાં આવે છે ? | (૩) રૂા. ૬૮,૪૦,૦૦૦/- |

-------------

## રાજ્યમાં "વિદ્યાદીપ" યોજના હેઠળ ચૂકવવાની બાકી સહાય

૧૬૬૮૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ "વિદ્યાદીપ" યોજના હેઠળ રાજ્યમાં જિલ્લાવાર કુલ કેટલા કિસ્સામાં કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને | (૧) જીલ્લાવાર ચકાસણી હેઠળના કેસોની વિગતોનું પત્રક-ક આ સાથે સામેલ છે. અને આ બાકી રહેલ ચકાસણી હેઠળના કિસ્સાઓમાં યોજનાની શરતો પરિપૂર્ણ કરતા કેસો જ મંજૂર કરવાપાત્ર થતા હોઈ, આ તબક્કે સહાય ચૂકવવણીની વિગતો મળી શકે તેમ નથી. |
| (૨) આ સહાય વિદ્યાર્થીઓના વાલીઓને સરકાર કેટલા સમયમાં ચૂકવવા માંગે છે ? | (૨) વિમા કંપની દ્વારા ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયેથી પાત્રતા ધરાવતા કેસોની ચુકવણી જેમ બને તેમ જલ્દીથી કરવામાં આવશે. |

**પત્રક--ક**

**જિલ્લાવાર સહાય ચુકવવાના બાકી કેસોની વિગતો**

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **સહાય ચુકવવાના બાકી કેસોની સંખ્યા** |
|---|---|---|
| **૧** | **૨** | **૩** |
| ૧. | અમદાવાદ | ૧૦ |
| ૨. | વડોદરા | ૧૦ |
| ૩. | રાજકોટ | ૨૧ |
| ૪ | સુરત | ૮ |
| ૫. | ખેડા | ૧૭ |
| ૬. | આણંદ | ૧૩ |
| ૭. | પંચમહાલ | ૧૯ |
| ૮. | દાહોદ | ૭ |
| ૯. | સાબરકાંઠા | ૧૨ |
| ૧૦. | જુનાગઢ | ૧૪ |
| **૧** | **૨** | **૩** |
| ૧૧. | પોરબંદર | ૪ |
| ૧૨. | મહેસાણા | ૩ |
| ૧૩. | પાટણ | ૩ |
| ૧૪. | ભાવનગર | ૨૧ |
| ૧૫. | જામનગર | ૧૧ |
| ૧૬. | અમરેલી | ૩ |
| ૧૭. | કચ્છ | ૦ |
| ૧૮. | ભરૂચ | ૦ |
| ૧૯. | નર્મદા | ૪ |
| ૨૦. | વલસાડ | ૨ |
| ૨૧. | નવસારી | ૪ |
| ૨૨. | બનાસકાંઠા | ૯ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૧૪ |
| ૨૪. | ગાંધીનગર | ૫ |
| ૨૫ | ડાંગ | ૧ |
| | **કુલ :-** | **૨૧૫** |

-------------

## અમદાવાદના પેટ્રોલ પંપો પર દરોડા

૧૬૩૨૫ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં વિવિધ પેટ્રોલ પંપો ઉપર સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ક્યા ક્યા પેટ્રોલપંપો ઉપર રેડ પાડી ભેળસેળ યુક્ત પેટ્રોલ પકડવામાં આવ્યું, અને | (૧) ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૧૦૩ પંપોની ૧૭૭ તપાસો કરી.<br>૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૮૧ પંપોની ૧૧૧ તપાસો કરી.<br>ભેળસેળનો કોઈ કેસ નથી.<br>પરંતુ બીએસઆઈ દ્વારા નક્કી કરેલ સ્ટાન્ડર્ડ મુજબ ન હોય તેવા પેટ્રોલના ૨ (બે) કિસ્સાઓ. |
| (૨) ભેળસેળવાળા પેટ્રોલના વેચાણ અંગે જવાબદારો સામે શા પગલાં લેવાયા ? | (૨) ૨ (બે)<br>૧ કેસમાં ખાતાએ આપેલ નોટિસ પાછી ખેંચી.<br>૧ કેસમાં ખાતાએ અનામત રૂા. ૨,૦૦૦/- રાજ્યસાત કરી. |

-------------

## રાજ્યમાં નશાબંધી નીતિના અમલ અંગે

૧૫૧૪૬ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં નશાબંધીનો કડક કાયદો અમલમાં હોવા છતાં રાજ્યની પોલીસના માણસો જ દારૂની ખેપ તથા બુટલેગરોને રક્ષણ આપવાની પ્રવૃત્તિઓ કરતા હોવાની હકીક્તો ખરી છે, | (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દારૂની ખેપમાં પોલીસના ૧૪ માણસો પકડાયેલ છે. બુટલેગરોને પોલીસના માણસો તરફથી રક્ષણ આપવા અંગે કોઈ હકીક્ત ધ્યાને આવેલ નથી. |
| (૨) પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન બહારથી આવતા પ્રવાસીઓને તાત્કાલીક દારૂની પરમિટો આપી દેવા માટેની શું વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, અને | (૨) પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન બહારથી આવતાં પ્રવાસીઓને તાત્કાલીક દારૂની પરમીટો આપી દેવા માટે રાજ્યની તમામ લીકર શોપના ઈન્ચાર્જ નશાબંધી અને આબકારી નાયબ નિરીક્ષકોને વિનામુલ્ય પ્રવાસીના પાસપોર્ટના આધારે પ્રવાસી પરમીટો આપવાની સત્તા આપવામાં આવેલ છે. જિલ્લા અધિક્ષકો, ક્ચેરી અધિક્ષકો, મુખ્ય કારકુનો તથા સીનીયર કારકુનોને પણ આવી સત્તાઓ આપવામાં આવેલ છે. આ ઉપરાંત અમદાવાદ ડોમેસ્ટીક એરપોર્ટ ખાતેની ગુજરાત ટુરીઝમ કોર્પોરેશન લીમીટેડની ક્ચેરીના અધિકારીઓને પણ આવી પરમીટો આપવાની સત્તા આપવામાં આવેલ છે. |
| (૩) રાજ્ય સરકાર નશાબંધીની નીતીને હળવી કરવા માંગ છે તે હકીક્ત સાચી છે ? | (૩) ના, જી. |

-------------

**અમદાવાદમાં પેટ્રોલપંપો પર તોલમાપ અંગે દરોડા**

૧૬૭૦૩**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા):માનનીય નાગરીક પુરવઠા kkk મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા પેટ્રોલ પંપો પર તોલમાપ વિભાગ દ્વારા રેડ પાડવામાં આવી, | (૧) ૧૧૭ |
| (૨) રેડ દરમ્યાન કેટલી જગ્યાઓએ તોલમાપમાં ગેરરીતિ જણાઈ, અને | (૨) ૪ પેટ્રોલ પંપમાં ગેરરીતિ જણાઈ. |
| (૩) તે અંગે શું કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ૪ એકમો પૈકી ૩ એકમો સામે ખાતાકીય રાહે નિયમાનુસાર ગુન્હો માંડવાળ કરી રૂા. ૬૦૦૦/- વસુલ કરવામાં આવેલ છે. જ્યારે ૧ એકમ સામેની કાર્યવાહી હાલ ચાલુમાં છે. |

-------------

**રાપર તાલુકામાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની સંસ્થા**

૧૬૪૨૬**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાપર તાલુકામાં ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણની કોઈ સંસ્થા નથી તે હકીકત સાચી છે ? | હા, જી. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડ આપવા અંગે**

૧૭૧૩૮**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલા બી.પી.એલ. રેશનકાર્ડ આપવાના બાકી છે, અને | (૧) શૂન્ય |
| (૨) આ કામગીરી ક્યારે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**જામનગર જિલ્લામાં કેરોસીનનો જથ્થો ફાળવવા અંગે**

૧૭૧૪૧**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય નાગરીક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| છેલ્લા ૬ માસ દરમ્યાન જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગ્રાહકોને કેટલા લિટર અને ક્યા ભાવે કેરોસીન પૂરું પાડવામાં આવેલ છે ? | પત્રકમાં સૂચવ્યા પ્રમાણે |

**પત્રક**

છેલ્લા છ માસ દરમ્યાન તાલુકાવાર વિતરણ કરાયેલ કેરોસીનની વિગત દર્શાવતું પત્રક

| અ.નં. | તાલુકાનું નામ | કેટલા કાર્ડ ધારકો (ગ્રાહકો)ને કેરોસીન વિતરણ કરવામાં આવ્યું | કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું (લિટરમાં) | પ્રતિ લિટરે ક્યા ભાવથી વિતરણ કરવામાં આવ્યું રૂા. પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જામનગર શહેર | ૬૨૩૫૫ | ૩૬૯૯૫૦૦ | ૮.૦૯ |
| ૨ | જામનગર ગ્રામ્ય | ૪૯૯૩૩ | ૨૭૪૩૭૯૦ | ૮.૭૪ થી ૮.૮૨ |
| ૩ | જોડીયા | ૧૯૫૮૯ | ૧૦૪૯૦૦૦ | ૮.૭૮ થી ૮.૮૨ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૪ | ધ્રોલ | ૧૯૭૮૭ | ૧૦૧૧૮૪૧ | ૮.૭૬ થી ૮.૭૭ |
| ૫ | લાલાપુર | ૨૨૮૮૯ | ૧૩૬૨૪૩૦ | ૮.૭૪ |
| ૬ | કાલાવાડ | ૨૯૯૦૨ | ૧૭૪૭૧૨૭ | ૮.૮૭ |
| ૭ | ખંભાળીયા | ૪૨૩૭૩ | ૨૪૬૧૦૦૦ | ૮.૭૩ થી ૮.૭૪ |
| ૮ | ભાણવડ | ૨૯૭૭૭ | ૧૫૮૪૪૦૦ | ૮.૭૮ |
| ૯ | જામજોધપુર | ૨૭૯૧૧ | ૧૪૬૧૪૧૯ | ૮.૮૩ થી ૮.૮૪ |
| ૧૦ | કલ્યાણપુર | ૩૭૯૨૧ | ૧૯૯૪૯૦૦ | ૮.૮૪ થી ૮.૮૫ |
| ૧૧ | દવારકા | ૧૯૭૮૬ | ૧૦૪૭૨૯૩ | ૮.૮૬ થી ૮.૮૮ |
|  | **કુલ........** | **૩૬૨૨૨૩** | **૨૦૧૬૨૭૦૦** |  |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પોષદોડાની પરમીટો તાજી કરવા અંગે**

૧૪૪૧૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરેન્દ્રનગર જિલ્લામાં ૧-૧-૦૫થી ૩૧-૧૨-૦૫ સુધીમાં પોષદોડા (પોપી-૧)ની કેટલી પરમીટો રીન્યુ કરવામાં આવી, | (૧) ૧૩૯૩ |
| (૨) કેટલી નવી પરમીટો આપવામાં આવી, | (૨) ૧૬૨ |
| (૩) ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલી પરમીટો રીન્યુ કરવામાં આવી, | (૩) ચોટીલા તાલુકામાં-૩૯૦ અને સાયલા તાલુકામાં-૩૧૨ |
| (૪) કેટલા સમય માટે રીન્યુ કરી છે, અને | (૩) એક વર્ષ |
| (૫) કેટલા જથ્થાની પરમીટો રીન્યુ કરી છે ? | (૫) માસિક એક કિલો |

-------------

**પડધરી, ટંકારા અને મોરબી તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ**

૧૬૯૮૨ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજકોટ જિલ્લાના પડધરી, ટંકારા અને મોરબી તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ ઓરડાઓની ઘટ છે તે વાત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તાલુકાવાર કેટલા ઓરડાઓની ઘટ છે, અને આ ઘટ રાજ્ય સરકાર ક્યારે નિવારવા માંગે છે?

(૨) (અ) નીચે મુજબ તાલુકાવાર ઘટ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઓરડાની ઘટ** |
|---|---|---|
| ૧ | પડધરી | ૧૦ |
| ૨ | ટંકારા | ૨૫ |
| ૩ | મોરબી | ૧૦૦ |
|  | **કુલ.......** | **૧૩૫** |

(બ) ૬૦ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેતા ૬૫ ઓરડાઓ તબક્કાવાર આયોજન કરી બાંધવામાં આવશે.

-------------

**ભાવનગર તાલુકામાં નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની માગણીઓ**

૧૬૧૬૩**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર તાલુકામાં નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવા કેટલી માંગણીઓ આવેલ છે, અને | (૧) શહેર વિસ્તારની પ્રાથમિક શાળાઓ અંગેની માંગણીઓ ૧૬ |

| | |
|---|---|
| | જિલ્લા શિક્ષણ સમિતિ હેઠળની ખાનગી શાળાઓની માંગણીઓ ૦૧ |
| | **કુલ...... ૧૭** |
| (૨) આ શાળાઓ શરૂ કરવા રાજ્ય સરકારનું આયોજન શું છે ? | (૨) શહેર વિસ્તારની ૫(પાંચ) પ્રાથમિક શાળાની મંજુરી આપવામાં આવી.<br>શહેર વિસ્તારની ૬(છ) ખાનગી પ્રાથમિક શાળાની માંગણી નિયમાનુસાર ન હોઈ, નામંજુર કરી.<br>૫ (પાંચ) ખાનગી પ્રાથમિક શાળાની મંજુરી અંગે તપાસણી/સુનાવણીની કાર્યવાહી ચાલુ છે.<br>જિલ્લા પંચાયત હેઠળની ૧ (એક) ખાનગી પ્રાથમિક શાળા જૂન-૦૬થી શરૂ કરવાની માંગણી હોઈ, કાર્યવાહી ચાલુ છે. |

-------------

## બારડોલી અને માંડવી તાલુકાઓમાં આંગણવાડીના મકાનો

૧૬૩૨૮ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ બારડોલી અને માંડવી તાલુકાના કેટલા આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન નથી, | (૧) બારડોલી ૬૬<br>માંડવી શૂન્ય |
| (૨) આવા આંગણવાડી કેન્દ્રોના મકાનો નહિ બનાવવાના કારણો શા છે, અને | (૨) સને ૨૦૦૬ના અંત સુધીમાં<br>૧. ભારત સરકારની ગ્રાન્ટ<br>૨. પંચાયતીની બારમાં નાણા પંચની ગ્રાન્ટ<br>૩. આદિજાતિ વિસ્તાર પેટા યોજનાની |
| (૩) આંગણવાડી કેન્દ્રોના મકાનો ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ? | (૩) ગ્રાન્ટ મેળવીને બનાવવાનું આયોજન છે. |

-------------

## રાજ્યમાં વિદ્યાસહાયકોને નિયમિત પગારમાં નિમણૂંક

૧૬૧૬૮ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં વિદ્યાસહાયકો તરીકે ભરતી થયેલા શિક્ષકોને કેટલા વરસ સુધી ફીક્સ પગારમાં નોકરી કરવાની જોગવાઈ છે, | (૧) ૨ વર્ષ અને વધુમાં વધુ ૫ વર્ષ |
| (૨) આ સમય દરમ્યાન રેગ્યુલર જગ્યાઓ જે તે જિલ્લામાં ખાલી પડે તો તેમને રેગ્યુલર પગાર ધોરણથી નિમણૂંક આપવામાં આવે છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં છેલ્લા બે વરસમાં આવા કુલ કેટલા પ્રાથમિક શિક્ષકોને રેગ્યુલર પગાર ધોરણમાં સમાવવામાં આવેલ છે ? | (૩) ૨૦૦૪-૦૫ ૧૮૫૫<br>૨૦૦૫-૦૬ ૨૩૫૭ |

-------------

## રાજ્યમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ લાભ

૧૬૮૪૫ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ રાજ્યમાં કેટલી બાલિકાઓને લાભ આપવામાં આવ્યો છે અને કેટલી બાલિકાઓ લાભથી વંચિત છે, અને | (૧) ૧,૧૧,૦૫૪ બાલિકાઓને લાભ આપવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેલ બાલિકાઓને ક્યારે આ યોજના હેઠળ આવરી લેવાશે ? | (૨) બાકી રહેતી ૯૧૮૫૯ બાલિકાઓને બેન્કમાં ખાતું ખોલાવવાની પ્રક્રિયા ચાલુ છે. |

-------------

## નર્મદા જિલ્લામાં પોલીસ આવાસના કામો

૧૬૧૫૧ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકિય વર્ષમાં નર્મદા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૨૪૫.૬૮ લાખ |
| (૨) આ કામો પૈકી તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૨૪૫.૬૮ લાખ |

-------------

## છોટા ઉદેપુરમાં પોલીસ આવાસોનું સમારકામ

૧૬૬૯૬ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૦૬ની સ્થિતિએ વડોદરા જિલ્લાના છોટાઉદેપુરમાં કેટલા પોલીસ આવાસો છે, | (૧) ૯૮ આવાસો |
| (૨) જુની પોલીસ લાઈન ખૂબ જર્જરીત હાલતમાં છે, તે સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેને મરામત કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૩) જર્જરીત ૬૫ મકાનો તોડી ૪૯ મકાનો બાંધવાનું આયોજન કરેલ છે. |

-------------

## રાજ્યમાં બી.પી.એલ. કાર્ડ ઓછા કરવા અંગે

૧૪૨૭૮**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શું રાજ્ય સરકારે બી.પી.એલ.ના કાર્ડ ધારકો ઓછા કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જે ગરીબો નવા કાર્ડ કઢાવવા માટે જાય ત્યારે તેમને એ.પી.એલ.ના કાર્ડ આપવામાં આવે છે તે હકીકત સાચી છે ? | (૨) ના, જી. |

-------------

## અમદાવાદમાં નિરાધાર વિધવાઓને સહાય

૧૪૭૯૬ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરમાં નિરાધાર વિધવા મહિલા સહાય માટે ૧ જાન્યુઆરી, ૨૦૦૫થી ૩૧ ડિસે-૨૦૦૫ સુધીમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૧૬૨. |
| (૨) આવેલ અરજીઓમાંથી કેટલી નિરાધાર વિધવા મહિલાઓને સહાય ચૂકવવામાં આવી અને કેટલી મહિલાઓને આ સહાય ચૂકવવાની બાકી છે, | (૨) ૭૯૦ નિરાધાર વિધવા મહિલાઓને સહાય ચૂકવવામાં આવી અને ૫૯ મહિલાઓને સહાય ચૂકવવાની બાકી છે. |
| (૩) આ સમય ગાળામાં આવેલ કુલ અરજીઓમાંથી કેટલી મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી અને, | (૩) આવેલ કુલ ૧૧૬૨ અરજીઓ પૈકી ૮૪૯ મંજૂર કરવામાં આવી અને ૪૫ ના-મંજૂર કરવામાં આવી. |
| (૪) ના-મંજૂર કરવાના મુખ્ય કારણો શું હતા ? | (૪) ના-મંજૂર કરવાના મુખ્ય કારણો પુખ્ત ઉંમરનો પુત્ર હોવાથી, વાર્ષિક આવક વધુ હોવાથી, અરજી સમય-મર્યાદામાં કરેલ ન હોવાથી, અરજીમાં આધાર પુરાવા રજુ કરેલ ન હોવાથી વગેરે હતા. |

-------------

## કડી તાલુકામાં નવા રેશનકાર્ડ આપવા અંગે

૧૬૫૫૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧/૦૧/૦૬ ની સ્થિતિએ કડી તાલુકામાં જુદી જુદી કક્ષાના કુલ કેટલા નવીન રેશનકાર્ડ છેલ્લા એક વર્ષમાં કાઢવામાં આવ્યા, અને | (૧) એ.પી.એલ. - ૧૮૫૬<br>અત્યોદય - ૨૪૦<br>બી.પી.એલ. - શૂન્ય. |
| (૨) લાભાર્થીમાં નામ હોવા છતાં બી.પી.એલ. કાર્ડથી વંચિત અરજદારોને બી.પી.એલ. કાર્ડ સરકાર આપવા માંગે છે કે કેમ ? | (૨) તમામ બી.પી.એલ. લાભાર્થીઓને રેશનકાર્ડ આપવામાં આવેલ છે તેથી બી.પી.એલ. કાર્ડ નહી આપવાનો પ્રશ્ન નથી. |

------------

## રાજ્યની શાળાઓમાં બોગસ પદવીધારી શિક્ષકો

૧૭૦૦૦**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બુંદેલ ખંડ યુનિવર્સિટીના બોગસ સર્ટીફીકેટના આધારે રાજ્યની શાળાઓમાં ફરજ બજાવતા ૨૫૦ જેટલા શિક્ષકો સામે કોઈ ગુનો નોંધવામાં આવ્યો છે કે કેમ, | (૧) આવા શિક્ષકોની સંખ્યા ૨૧૫ છે, તેઓની સામે ગુના નોંધવામાં આવ્યા છે. |
| (૨) જો ના, તો એના કારણો શા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પોતાની જ સંસ્થામાં પોતાના જ પરિવારના સભ્યોના બોગસ સર્ટીફીકેટના આધારે નોકરીઓમાં રાખ્યા હોય, એવી શૈક્ષણિક સંસ્થાઓ કેટલી છે, અને | (૩) ૧૧. |
| (૪) એમની સામે કાયદાકીય કોઈ ગુનો નોંધાયો છે કે કેમ ? | (૪) ના, જી. |

------------

## ગુજરાતમાં ગરબા મહોત્સવ

૧૬૯૯૬ **શ્રી જસવંતસિંહ સોલંકી (સારસા) :માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાતમાં ગરબાની કલાના પ્રચાર પ્રસાર અર્થે કોઈ મહોત્સવનું આયોજન થાય છે કે કેમ, અને

(૨) ભવિષ્યના આયોજન માટે સરકાર શું પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : જિલ્લા કક્ષાએ નવરાત્રી દરમિયાન અને રાજ્ય કક્ષાએ શરદ પૂર્ણિમાની આસપાસ દર વર્ષે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

-------------

## ભાવનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઆ

૧૬૮૩૨**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાની કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં હાલમાં પીવાના સ્વચ્છ પાણીની, શૌચાલય અને લાઈટ પંખાની વ્યવસ્થા નથી, અને

(૨) કેટલા સમયમાં કરી દેવાશે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં કુલ ૧૦૩૨ શાળાઓ પૈકી, ૫૧ શાળાઓમાં શૌચાલય, ૨૧૭ શાળાઓમાં પીવાના સ્વચ્છ પાણીની, અને ૧૨૪ શાળાઓમાં લાઈટ પંખાની વ્યવસ્થા નથી.

(૨) આગામી વર્ષોમાં જરૂરિયાતવાળી શાળાઓમાં સુવિધાઓ પુરી પાડવાનું આયોજન છે.

-------------

## રાજ્યમાં શિક્ષણ સુધારણા પંચા`

૧૬૮૪૩**શ્રી મનીષભાઈ ગીલીટવાલા (સુરત શહેર પૂર્વ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ સુધારવા માટે ક્યા ક્યા પંચોની રચના કરી હતી,

(૨) આ પંચોએ પોતાના અહેવાલો સરકારને ક્યારે સુપ્રત કર્યા અને સરકારને કઈ કઈ ભલામણો કરી હતી, અને

(૩) આ ભલામણોમાંથી કુલ કેટલી ભલામણોનું અમલીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ માટે કોઈ પંચની રચના કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## બનાસકાંઠા જિલ્લામાં "દીકરી રૂડી સાચી મૂડી" યોજના હેઠળ આવેલ અરજીઓ

૧૫૯૭૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા):માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ""દીકરી રૂડી સાચી મૂડી"" યોજના અંતર્ગત કેટલી અરજીઓ બનાસકાંઠા જિલ્લામાં આવી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રદ કરવામાં આવી અને અરજીઓ રદ કરવાનાં કારણો શું છે ?

**જવાબ**

(૧) દિકરી રૂડી સાચી મૂડી યોજના હવે કેન્દ્ર પુરસ્કૃત બાલિકા સમૃધ્ધિ યોજનામાં સમાવિષ્ટ કરી દેવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ૬૭૩૫ અરજીઓ મળેલ છે.

(૨) ૬૭૩૫.

(૩) એક પણ અરજી રદ કરવામાં આવેલ નથી.

------------

**રાજ્યમાં અનુદાનિત અને સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને મંજુરી**

૧૪૧૮૯**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રાજ્યમાં કુલ કેટલી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને મંજૂરીઓ આપવામાં આવી, અને

(૨) કેટલી સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને આ સમય ગાળામાં મંજુરી આપવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૪-૦૫ માટે ૨૮ નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડની મંજુરી આપવામાં આવી. ૨૦૦૫-૦૬માં હજુ આપવામાં આવેલ નથી.

(૨) ૨૦૦૪-૦૫ -- ૨૮૬
૨૦૦૫-૦૬ -- ૨૦૬

-------------

**ભૂજમાં સરકારી ઈજનેરી કોલેજ**

૧૬૯૯૨**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભુજમાં સરકારી ઈજનેરી કોલેજના મકાનનું બાંધકામ ક્યારે થશે અને તેને માટે કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

સરકારી ઈજનેરી, કોલેજ ભૂજનું બાંધકામ અંદાજિત રૂા. ૨૪ કરોડના ખર્ચે ૨૦૦૬-૦૭ના વર્ષમાં પુરુ થશે.

-------------

**વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ**

૧૬૫૪૫**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલા પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ છે, અને

(૨) આ ઘટ નિવારવા કરાયેલ આયોજનની વિગતો શું છે ?

**જવાબ**

(૧) ૧૦૧૨.

(૨) ૧૯૭ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. બાકી રહેતા ૮૧૫ ઓરડાઓ તબકકાવાર આયોજન કરી બાંધવામાં આવશે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ આવાસના કામો**

૧૬૧૫૮**શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ નાણાકિય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલી પોલીસ ખાતાના રહેણાંક / બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) રૂા. ૫૪૯.૦૬ લાખ.

(૨) રૂા. ૫૪૯.૦૬ લાખ.

-------------

**રાજ્યમાં પી. બી.એમ. ના કેસો**

૧૪૯૩૭ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પુરવઠા વિભાગ ધ્વારા તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કેટલા અને ક્યા ક્યા પી. બી. એમ.ના કેસ કર્યા, અને

**જવાબ**

(૧) ૧૬૪ કેસો.

| **કોમોડીટી** | **કેસોની સંખ્યા** | |
|---|---|---|
| | **૨૦૦૪** | **૨૦૦૫** |
| કેરોસીન | ૩૮ | ૬૦ |
| પેટ્રોલ-ડીઝલ | ૦૨ | ૦૭ |

| | | |
|---|---|---|
| સોલવન્ટ | ૧૬ | ૨૪ |
| ઘઉં, ચોખા, સુગર | ૦૭ | ૦૯ |
| ખાદ્યતેલ | ૦૦ | ૦૧ |
| **કુલ :** | **૬૩** | **૧૦૧** |
| **કુલ ટોટલ :** | **૧૬૪** | |

(૨) તે પૈકી કેટલા ગુન્હેગારોની અટકાયત કરી ?

(૨) ૧૬૧ ગુન્હેગારોની અટકાયત કરી.

-------------

**જૂનાગઢ જિલ્લામાં કેરોસીનની ફાળવણી**

૧૪૪૬૭ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેરોસીનનો કુલ કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો.

| અ.નં. | તાલુકાનું નામ | જથ્થો (કિ.લી.માં) |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૬૦૧૩ |
| ૨ | વિસાવદર | ૨૯૨૩ |
| ૩ | વંથલી | ૨૪૭૫ |
| ૪ | મેંદરડા | ૧૬૫૧ |
| ૫ | ભેંસાણ | ૧૭૪૪ |
| ૬ | વેરાવળ | ૪૧૮૦ |
| ૭ | સુત્રાપાડા | ૨૪૧૧ |
| ૮ | ઉના | ૬૫૭૫ |
| ૯ | તાલાલા | ૨૫૮૬ |
| **અ.નં.** | **તાલુકાનું નામ** | **જથ્થો (કિ.લી.માં)** |
| ૧૦ | માળીયા | ૩૦૫૮ |
| ૧૧ | કેશોદ | ૩૫૧૦ |
| ૧૨ | માણાવદર | ૩૫૦૩ |
| ૧૩ | માંગરોળ | ૩૫૫૬ |
| ૧૪ | કોડીનાર | ૩૫૧૩ |
| | **કુલ :** | **૪૭૬૯૮** |

(૨) આ તાલુકાઓને જરૂરિયાત કરતાં ઓછો પુરવઠો ફાળવવાનાં કારણો શું ?

(૨) રાજ્યના તમામ જિલ્લાઓનાં નોનગેસ ધારકોના કાર્ડની સંખ્યા તેમજ નિયત કરાયેલ વિતરણ પ્રમાણને અનુલક્ષીને સમગ્ર રાજ્યની કેરોસીનની થતી જરૂરીયાત સામે કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી કેરોસીનની ફાળવણી અપૂરતી છે.

-------------

**વિરમગામ અને સાણંદ તાલુકામાં સસ્તા અનાજની દુકાનો**

૧૬૯૬૮**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિરમગામ અને સાણંદ તાલુકામાં દિનદયાળ યોજના અન્વયે કેટલી દુકાનો (સસ્તા અનાજની) સન ૨૦૦૫માં ફાળવવામાં આવી, અને

(૨) બાકી રહેલી દુકાનો તા. ૩૧-૩-૦૬ સુધીમાં ચાલુ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) વિરમગામ તાલુકામાં - ૭ (સાત)
સાણંદ તાલુકામાં - ૧૧ (અગિયાર)

(૨) બાકી રહેલ દુકાનો અંગે નવેસરથી જાહેરાત પ્રસિધ્ધ કરવા જીલ્લા પુરવઠા સલાહકાર સમિતિમાં નિર્ણય થયેલ હોઈ, ફરીથી જાહેરાત પ્રસિધ્ધ કરી દુકાન

ફાળવવાની કાર્યવાહી ચાલુ છે આ કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે.

-------------

**રાજ્યમાં જિલ્લા કક્ષાએ રમતગમત સંકુલો બનાવવા અંગે**

૧૬૧૮૧ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) :માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં રમત-ગમતની પ્રવૃત્તિને વેગ મળે તે માટે જિલ્લા કક્ષાએ રમત-ગમત સંકુલ બનાવવા રાજ્ય સરકાર વિચારે છે કે કેમ, | (૨) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે આવતા દિવસોમાં ક્યા ક્યા જિલ્લાઓમાં આવા સંકુલ બનાવવા આયોજન છે, અને | (૨) ડાંગ, પંચમહાલ, નર્મદા, અમરેલી, ભુજ, જુનાગઢ, સુરેન્દ્રનગર, ખેડા, પાટણ, સાબરકાંઠા અને અમદાવાદમાં આવાં સંકુલ બનાવવાનું આયોજન છે. |
| (૩) તેની પાછળ રાજ્ય સરકાર કેટલો ખર્ચ કરવા માંગે છે ? | (૩) રૂ. ૨૧૫૯.૩૬ લાખ |

-------------

**અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ વીમા સહાય**

૧૬૬૨૮**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ કેટલી વીમા સહાય આપવામાં આવેલ છે, | (૧) રૂા. ૨,૨૫,૦૦૦ |
| (૨) હજુ કેટલાને ચુકવવાની બાકી છે, અને | (૨) બે કેસો ચકાસણી હેઠળ છે. |
| (૩) તે કેટલા સમયમાં ચુકવવામાં આવશે ? | (૩) વિમા કંપની ધ્વારા ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયેથી પાત્રતા ધરાવતા કેસોની ચૂકવણી જેમ બને તેમ જલ્દીથી કરવામાં આવશે. |

-------------

**રાજ્યની મુખ્ય જેલોમાંથી ભાગી ગયેલ કેદીઓ**

૧૭૦૧૪**શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ):માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની મધ્યસ્થ જેલોમાંથી કેટલા કેદીઓ નાસી ગયેલ, અને | (૧) ૨ (બે) |
| (૨) તે પૈકી કેટલા કેદીઓને પકડવામાં આવ્યા ? | (૨) એકપણ પકડાયેલ નથી. |

-------------

**કચ્છમાં વધારાની જિલ્લા જેલ**

૧૬૪૨૧**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા):માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છના પૂર્વ વિસ્તારમાં વધારાની જિલ્લા જેલ મંજૂર થયેલ છે તેના માટે જરૂરિયાત મુજબની જમીન મળી ગયેલ છે કે કેમ, | (૧) કચ્છ જિલ્લામાં વધારાની જિલ્લા જેલ બનાવવા માટે ગાંધીધામ નજીક ગળપાદર ખાતે કલેકટરશ્રી, કચ્છ-ભૂજ દ્વારા ૩૫૦૦૦ ચો.મી. જમીન સંપાદન કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો બાંધકામ ક્યારે શરૂ થશે, અને | (૨) કચ્છ જિલ્લાની, ભૂજ નજીક પાલારા ખાતે નવી જેલ બનાવવાનું આયોજન થયેલ છે અને કચ્છ જિલ્લામાં બે જિલ્લા જેલોની બાંધકામની યોજના |

| | |
|---|---|
| | અમલમાં મુકાતા પુનઃવિચારણા કરીને રાજ્યની અન્ય જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા અને ઓવરક્રાઉડીંગની સમસ્યા હલ કરવા સુરત ખાતે લાજપોર મુકામે અદ્યતન સુવિધાવાળી જેલ બનાવવા બાબતને પ્રાધાન્ય આપી એન્યુઅલ એક્શન પ્લાન ૨૦૦૫-૨૦૦૬માં સમાવેશ કરેલ છે. જેથી હાલમાં ગળપાદર ખાતે નવી જેલ બનાવવાની બાબત હાથ ધરેલ નથી. |
| (૩) જો ના, તો અન્ય જગ્યાએ જરૂરિયાત મુજબની જમીન મેળવવા પ્રયત્ન થયેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## રાજ્યમાં ગ્રાહક સુરક્ષા કેસોનો ભરાવો

૧૭૦૦૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ રાજ્યમાં ગ્રાહક સુરક્ષાના કેસોનો ભરાવો થયો છે તે હકીક્ત સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો પડતર કેસોનો સમયસર નિકાલ થાય તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પડતર કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે ૪ વધારાના, તથા ૩ નવા જિલ્લાઓમાં, જિલ્લા ફોરમો સ્થાપવામાં આવેલ છે, અને રાજ્ય કમિશન માટે ૩ વધારાની બેંન્ચ મંજૂર કરેલ છે. |

-------------

## સુરત જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ગ્રાન્ટ માટે અરજીઓ

૧૫૯૪૯**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ગ્રાન્ટ મેળવવા માટે અરજીઓ આવી,

(૧)

| શાળા | ગ્રાન્ટ માટે આવેલ અરજી |
|---|---|
| પ્રાથમિક શાળા | એકપણ નહી. |
| માધ્યમિક શાળા | ૮ |

(૨) તેમાં કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી ના-મંજૂર કરવામાં આવી, અને

(૨) પ્રાથમિક શાળા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
માધ્યમિક શાળા મંજૂર એકપણ નહીં.
નિર્ણય બાકી ૮.

(૩) ના-મંજુર કરવાના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, અને ભૂજની જેલોમાં કેદીઓની ક્ષમતા**

૧૬૬૯૪**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભૂજની જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા કેટલી છે,

**જવાબ**

(૧) **કેદીઓ સમાવવાની ક્ષમતા**

| અ. નં. | જેલનું નામ | ક્ષમતા |
|---|---|---|
| ૧. | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧૬૭૧ |
| ૨. | સુરત જિલ્લા જેલ | ૩૬૫ |
| ૩. | વડોદરા મધ્યસ્થ જેલ | ૭૯૫ |
| ૪. | રાજકોટ જિલ્લા જેલ | ૨૧૨ |
| ૫. | ભૂજ ખાસ જેલ | ૬૦ |

(૨) ૩૧ ડિસેમ્બર, ૨૦૦૫ની સ્થિતિએ ખંડ એકમાં જણાવેલ જેલોમાં કેટલા કેદીઓની સંખ્યા છે,

(૨)

| અ.નં. | જેલનું નામ | ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેદીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૩૭૯૨ |
| ૨ | સુરત જિલ્લા જેલ | ૧૧૦૮ |
| ૩ | વડોદરા મધ્યસ્થ જેલ | ૨૧૩૩ |
| ૪ | રાજકોટ જિલ્લા જેલ | ૬૧૪ |
| ૫ | ભૂજ ખાસ જેલ | ૯૦ |

(૩) જેલોની ક્ષમતા વધારવાના કેટલા કામો તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયા છે, અને

(૩) ૧૨ કામો

(૪) તે હાલ ક્યા તબક્કે છે ?

(૪) ૧૨ કામો પૈકી ૩ કામો પૂર્ણ થયેલ છે, ૪ કામોમાં પ્લાનીંગની કાર્યવાહી ગતિમાં છે, ૧ કામ બેરેક ફેન્સીંગ લેવલ સુધી, ૧ કામ સ્લેબ લેવલ સુધી, ૧ કામ ફાઉન્ડેશન સુધી, ૨ કામોમાં ટેન્ડરની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.

-------------

**ખેરાલુ, સતલાસણા તથા વડનગર તાલુકાઓમાં દારૂ અંગે દરોડાઓ**

૧૬૪૨૫**શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ (ખેરાલુ) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેરાલુ, સતલાસણા તથા વડનગર તાલુકામાં કુલ કેટલા દારૂના અડ્ડાઓ ઉપર દરોડા પાડવામાં આવ્યા,

**જવાબ**

(૧) ૧. ખેરાલુ -૫૨૦
૨. સતલાસણા -૩૩૯
૩. વડનગર -૩૮૯
**કુલ -૧૨૪૨ દરોડા**

(૨) આમાં કેટલો જથ્થો જાત પ્રમાણે પકડવામાં આવ્યો, અને

(૨) દેશી દારૂ -૨૩૨૨ લીટર
વિદેશી દારૂ -૧૨૫૫ બોટલ

(૩) કેટલા ઇસમોને પકડવામાં આવ્યા ?

(૩) ૧૦૦૯ ઇસમો

-------------

**રાજ્યમાં ટ્યુશનપ્રથા પરના પ્રતિબંધના અમલમાં શિથિલતા**

૧૬૧૮૪**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારે રાજ્યમાં ટ્યુશન પ્રથા પર પ્રતિબંધ ફરમાવતો પરિપત્ર ક્ર્યા બાદ તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલા શિક્ષકો સામે ટ્યુશનો કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) ૨૦૮ |
| (૨) આ પરિપત્રનો અમલ સખતાઇથી કરવામાં આવતો નથી તે હકિક્ત સાચી છે ? | (૨) ના, જી. |

-------------

**રાજ્યમાં પામોલીન તેલની આયાત**

૧૬૫૫૫**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સન ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫માં કેટલું પામોલીન તેલ આયાત કરવામાં આવ્યું, | (૧) રાજ્ય સરકાર દ્વારા જાહેર વિતરણ યોજના હેઠળ વિતરણ કરવા માટે સન ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫માં પામોલીન તેલ આયાત કરવામાં આવેલ નથી. |
| (૨) આ આયાતી પામોલીન તેલનો ઉપયોગ સીંગતેલમાં ભેળસેળમાં થાય છે કે કેમ. અને | (૨) સીંગતેલમાં આયાતી પામોલીન તેલની જ ભેળસેળ થઇ છે તેવું ખાત્રીપૂર્વક જાણી શકાય તેવી કોઇ વેજ્ઞાનિક ક્સોટી વિક્સાવવામાં આવેલ નથી. |
| (૩) જો હા,તો તે રોક્વા સરકારે શાં પગલાઓ લીધાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મધ્યાન ભોજન યોજનાના કિચન શેડ**

૧૬૯૯૧**શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| એસ.એસ.એ. અંતર્ગત શાળામાં મધ્યાહન ભોજન યોજનાના કિચન શેડ બનાવવાની ચાલુ નાણાંકીય વર્ષમાં શી જોગવાઇ કરવામાં આવેલ છે ? | એસ.એસ.એ. હેઠળ ચાલુ વર્ષે ૧૬ નવીન શાળાઓ બનાવવાનું આયોજન છે જેમાં કિચન શેડનો પણ સમાવેશ થાય છે. અને તેથી કીચન શેડ માટે અલગ જોગવાઇ કરવામાં આવતી નથી. |

-------------

**રાજ્યમાં ઇજનેરી કોલેજોના મકાનો બાંધવા અંગે**

૧૬૬૮૬**શ્રી ભુરાભાઈ કટારા (ઝાલોદ):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જુદી જુદી જગ્યાએ ૮ ઇજનેરી કોલેજોના મકાનોના બાંધકામ હાથ ધરવા મા. અને મ. વિભાગએ તા.૪-૫-૦૫ના પત્રથી દરખાસ્ત શિક્ષણ વિભાગને કરેલ છે. જેમાં દાહોદ જિલ્લાને વંચીત રાખેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## રાજ્યમાં નાગરિક સંરક્ષણની તાલીમ

૧૬૪૩૦**શ્રી અમીત ચાવડા (બોરસદ):માનનીય નાગરિક સંરક્ષણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વિકટ પરિસ્થિતિઓ માટે નાગરિક સંરક્ષણ, સ્વરક્ષણની તાલીમ આપવાની કોઇ જોગવાઇ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગત એક વર્ષમાં જિલ્લાવાર ક્યા ક્યા સ્થળોએ આવી તાલીમ આપવામાં આવેલ, અને | (૨) ૧. અમદાવાદ ૭. નલીયા<br>૨. વડોદરા ૮. ગાંધીધામ<br>૩. જામનગર ૯. સુરત<br>૪. ઓખા ૧૦. અંક્લેશ્વર<br>૫. વાડીનાર ૧૧. કાકરાપાર<br>૬. ભૂજ ૧૨. નાગરિક સંરક્ષણ તાલીમશાળા<br>આ ઉપરાંત જ્યાં નાગરિક સંરક્ષણ ક્ચેરી આવેલી નથી તેવા નીચે જણાવેલ સ્થળોએ પણ બેઝીક તાલીમ આપવામાં આવે છે.<br>૧) સિધ્ધિ વિનાયક ટ્રસ્ટ, નડિયાદ<br>૨) આઇ.ટી.આઇ., ગાંધીનગર<br>૩) ડભાસા, તાલુકા પાદરા,જિલ્લો વડોદરા<br>૪) વિસલપુર, તાલુકા દસક્રોઇ, જિલ્લો અમદાવાદ<br>૫) બાકરપુર, તાલુકા વિસનગર, જિલ્લા મહેસાણા |
| (૩) કેટલા લોકોએ ભાગ લીધેલ, તેની પાછળ કેટલો ખર્ચ થયેલ ? | (૩) કુલ-૧૬૭૮૮ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ છે અને તેની પાછળ કોઇપણ નાણાકીય ખર્ચ થયેલ નથી. |

-------------

## સુરત જિલ્લામાં યુવક મહોત્સવો

૧૫૯૪૭**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) :માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં સુરત જિલ્લામાં કેટલા યુવક મહોત્સવ યોજવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લાકક્ષા | તાલુકા કક્ષા | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૦૨ | ૧૨ | ૧૪ |
| ૨૦૦૫-૦૬ | ૦૨ | ૧૧ | ૧૩ |
| **કુલ :-** | ૦૪ | ૨૩ | ૨૭ |

(૨) સને ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ના વરસમાં જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ જિલ્લામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | જિલ્લાકક્ષા | તાલુકા કક્ષા | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૩૦,૦૦૦ | ૨૪,૦૦૦ | ૫૪,૦૦૦ |
| ૨૦૦૫-૦૬ | ૩૦,૦૦૦ | ૨૨,૦૦૦ | ૫૨,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| **કુલ :-** | ૬૦,૦૦૦ | ૪૬,૦૦૦ | ૧,૦૬,૦૦૦ |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલમાં ભેળસેળના કેસો**

૧૬૧૬૧**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલપંપમાં ભેળસેળના કુલ કેટલા કેસો પકડાયા, અને | (૧) ""શૂન્ય"" |
| (૨) પકડાયેલા પેટ્રોલપંપોના માલિકો ઉપર શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભાવનગર જેલમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા ચેકીંગ**

૧૬૨૫૭**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જેલમાં ૩૧ ડિસેમ્બર ૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા કેટલી વાર ચેકીંગ કરવામાં આવ્યું છે, | (૧) જુદા જુદા ઉચ્ચ અધિકારીઓ દ્વારા કુલ નવ વખત વીઝીટ કરવામાં આવેલ છે તથા જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીની ક્ચેરી દ્વારા નક્કી કરેલ ઝડતી સ્ક્વોર્ડ દ્વારા કુલ સાત વખત ઓચિંતુ ચેકીંગ કરવામાં આવેલ છે. |
| (૨) કોઇ ગેરરીતિ પકડાઇ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા તો, કેવા પ્રકારની ? | (૩) તમાકુ, તમાકુવાળો મસાલો, બીડી, બીડીનું બંડલ, રૂા. ૨૪૦ની ચલણી નોટો, તથા એક મોબાઇલ ફોન મળી આવેલ છે. |

-------------

**કચ્છ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષકની ખાલી જ્ગ્યાઓ**

૧૬૧૪૮ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં આવેલી કઇ કઇ માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષકની જ્ગ્યાઓ ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ ખાલી છે, | (૧) કચ્છ જિલ્લામાં આવેલી નીચે જણાવેલ માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષકની જ્ગ્યાઓ ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ ખાલી છે, |

| **ક્રમ** | **શાળાનું નામ** | **ખાલી** |
|---|---|---|
| ૧ | સ્વામી વિવેકાનંદ વિદ્યાલય, | ૧ |
| ૨ | સારસ્વતમ સંચાલિત હાઇ. મંજલ | ૧ |
| ૩ | વિનયમંદિર ઉ.બુ.હાઇ. નિલપર | ૧ |
| ૪ | શેઠ જી.ટી. હાઇસ્કુલ, માંડવી | ૧ |
| ૫ | બી.બી.એમ. હાઇસ્કુલ, બિદડા | ૨ |
| ૬ | ભાડઇ મા. શાળા, મોટી ભાડઇ | ૧ |
| ૭ | સારસ્વતમ સંચાલિત હાઇ. બાડા | ૧ |
| ૮ | શેઠ જી.ટી. મેમો. હાઇ., કોઠારા | ૧ |
| ૯ | વિવિધલક્ષી વિદ્યાલય, સઇ | ૧ |

| | | |
|---|---|---|
| ૯ | વિવિધલક્ષી વિદ્યાલય, સઇ | ૧ |
| ૧૦ | શેઠ આર.ડી.ઉ.મા.શાળા, મુન્દ્રા | ૧ |
| ૧૧ | અમીર ફેઝલ ઉ. બુ. હાઈસ્કુલ નરા | ૧ |
| ૧૨ | સારસ્વતમ સંચાલિત હાઈ., નિરોણા | ૧ |
| ૧૩ | શેઠ એન. વી. હાઈસ્કુલ, કોટડારોહા | ૧ |
| ૧૪ | કે. આર. કન્યા વિદ્યાલય, માંડવી | ૧ |
| ૧૫ | સરકારી માધ્યમિક શાળા, પાનન્ધ્રો | ૧ |
| | **કુલ :** | **૧૬** |

(૨) આ જગ્યાઓ ન ભરવાના શાં કારણો છે, અને

(૨) આ જગ્યાઓ ભરવા એન.ઓ.સી. આપવામાં આવેલ છે. અને ભરતીની કાર્યવાહી ચાલુ છે.

(૩) ખાલી રહેલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ભરતીની કાર્યવાહી ચાલુ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યના પ્રાથમિક શિક્ષકો પાસેથી કરાવાતી અન્ય કામગીરી**

૧૫૧૫૦ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ ની સ્થિતિએ પ્રાથમિક શિક્ષકો પાસેથી શિક્ષણ ઉપરાંત અન્ય કઇ કઇ કામગીરી કરાવવામાં આવેલ છે,

(૨) શિક્ષણ ઉપરાંત અન્ય કામગીરીઓ કરાવવાના કારણો શું છે, અને

(૩) તેમજ શિક્ષણ ઉપરાંત અન્ય કામગીરીનાં ભારણથી શિક્ષકોની મૂળભૂત ફરજોમાં વિક્ષેપ પડે છે કે કેમ ?

**જવાબ**

(૧) મતદાર યાદીઓ સુધારવાની કામગીરી કરાવવામાં આવી છે.

(૨) સાક્ષરતા અને અનુસાક્ષરતા તથા ચૂંટણીની કામગીરી રાષ્ટ્રીય કામગીરી હોવાના લીધે તે શિક્ષકો પાસેથી કરાવવામાં આવે છે.

(૩) ના, જી.

-------------

**રાજકોટ, જુનાગઢ અને ભાવનગર જિલ્લાઓમાં વિદેશી દારૂ પકડવા અંગે**

૧૬૬૮૮**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ):માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન રાજકોટ, જુનાગઢ અને ભાવનગર જિલ્લાના ક્યા ક્યા પોલીસ સ્ટેશનની હદમાં એક લાખ કે તેના કરતા વધારે કિંમતનો વિદેશી દારૂનો જથ્થો પકડાયો, અને

**જવાબ**

(૧) **રાજકોટ જિલ્લાના :**

૧. રાજકોટ તાલુકા
૨. પ્રદ્યુમનનગર
૩. ભાયાવદર
૪. ભાડલા
૫. મોરબી તાલુકા
૬. મોરબી પ્રોહિબીશન

**જુનાગઢ જિલ્લાના :**

૧. વેરાવળ
૨. ઉના

| | |
|---|---|
| | ૩. ભેસણ<br>૪. વેરાવળ પ્રોહિબીશન<br>**ભાવનગર જિલ્લાના**<br>૧. એ-ડિવીઝન<br>૨. બી-ડિવીઝન<br>૩. સીહોર<br>૪. ઉમરાળા<br>૫. પાલીતાણા પ્રોહિબીશન |
| (૨) તે પોલિસ સ્ટેશનોમાં ફરજ બજાવતા જવાબદાર પોલીસ અધિકારીઓ સામે સરકારે શું પગલાં લીધા ? | (૨) નિયમોનુસાર રોકડ દંડ સહિત ખાતા રાહે પગલાં લેવામાં આવેલ છે. |

-------------

## અમદાવાદમાં કેરોસીનનું કાળાબજારમાં વેચાણ

૧૬૩૨૬**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર):માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેરોસીનનું વેચાણ રેશનીંગ દુકાન મારફતે થાય છે તેના કાળાબજારમાં વેચાણ અન્વયે કેટલા ઈસમો સામે રેડ પાડી પગલાં લેવામાં આવ્યા, અને | (૧) કેરોસીન વિતરણ કરતી વાજબી ભાવની દુકાનોની કુલ ૨૨૬૧ તપાસો કરી જેમાં<br>(અ) રૂા. ૧,૪૮,૫૭૦ કિંમતના ૧૫૦૫૭ લી. કેરોસીન જથ્થો કબજે કર્યો, તે પૈકી<br>(બ) રૂા. ૧,૩૭,૫૩૪/- કિંમતનો ૧૪૩૫૮ લી. કેરોસીન જથ્થો રાજ્યસાત કર્યો.<br>(ક) રૂા. ૨,૦૭,૭૬૯/- પરવાના અનામત રાજ્યસાત કરી.<br>(ડ) આઠ પરવાના મોકુફ રાખ્યાં.<br>(ઈ) એક પરવાનો રદ કરેલ છે. |
| (૨) રેશનીંગનું કેરોસીન કાળાબજારમાં જતું અટકાવવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) રેશનીંગનું કેરોસીન કાળાબજારમાં જતું અટકાવવા સરકારે નીચે મુજબનું આયોજન કરેલ છે.<br>(અ) અમદાવાદ શહેરમાં ઝોનવાર, દુકાનદારોને કેરોસીનનો જથ્થો કેટલો મળશે તથા કઈ તારીખે, કેટલો જથ્થો વિતરણ કરવામાં આવશે. તેનો પ્રોગ્રામ નક્કી કરવામાં આવે છે.<br>(બ) સાબરમતી ઝોન કચેરીમાં દરરોજ આવક થતી કેરોસીન ટેન્કરની નોંધણી કરવામાં આવે છે.<br>(ક) દર માસની ૧ થી ૧૦ તારીખ સુધીમાં કેરોસીનનો ૬૦ ટકા જથ્થો અને ૧૧ થી ૨૨ તારીખ સુધીમાં બાકીનો જથ્થો એજન્ટવાર ઉપાડ થાય તેનું મોનીટરીંગ કરવામાં આવે છે. સમયસર જથ્થો ન ઉપાડનાર વિતરક સામે પગલાં લેવામાં આવે છે.<br>(ડ) આ દિવસો દરમ્યાન તપાસણી તંત્ર દ્વારા અચુક રીતે તપાસના રાઉન્ડ લેવામાં આવે છે.<br>(ઈ) અરજી, બાતમી અને રજુઆત સંદર્ભમાં તુર્ત તપાસણી કરવામાં આવે છે અને ક્ષતિની ગંભીરતાને ધ્યાને લઈ પરવાનો મોકુફ રાખવા, રદ કરવા તથા પોલીસ કેસ દાખલ કરવામાં આવે છે. અતિ ગંભીર કિસ્સામાં અટકાયત ધારા હેઠળ ઈસમની સામે અટકાયતનાં પગલાં લેવામાં આવે છે. |

-------------

**સાબરમતી મધ્યસ્થ જેલમાં ગેંગવોર**

**૧૫૧૪૭ શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં રાજ્યની સાબરમતી મધ્યસ્થ જેલમાં કેદીઓ વચ્ચે ગેંગવોર દરમ્યાન હત્યા થઈ ગઈ હોવાની હકીક્ત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) કેદીઓની જેલમાં સલામતી નહિ હોવાની હકીક્તમાં શું તથ્ય છે, | (૨) કોઈ તથ્ય નથી. |
| (૩) ખુંખાર કેદીઓ પાસેથી જેલના કર્મચારીઓ મોટી રકમ લઈ તેઓને સગવડો પ્રદાન કરતાં હોવાની ફરિયાદમાં શું તથ્ય છે, અને | (૩) કોઈ તથ્ય નથી. |
| (૪) રાજ્યમાં કેદીઓની સુરક્ષા માટે શું પગલાં લેવામાં આવી રહ્યા છે ? | (૪)૧. જેલની અંદર અધિક્ષકશ્રીના સંપર્ક માટે વોકીટોકી સેટ વસાવવામાં આવેલ છે.<br>૨. માથાભારે કેદીઓને ગતિવિધી ઉપર વોચ રાખવા ક્લોઝ સરકીટ કેમેરા ગોઠવવામાં આવી રહેલ છે.<br>૩. રાજ્યની બે મધ્યસ્થ જેલ અને છ જિલ્લા જેલોમાં વિડીયો કોન્ફરન્સીંગ સીસ્ટમ ગોઠવવામાં આવી છે.<br>૪. માથાભારે કેદીઓને જેલની બહાર ન કાઢવા માટે સી.આર.પી.સી. ૨૬૮ (૧) ના પ્રતિબંધાત્મક આદેશો કરવામાં આવેલ છે.<br>૫. ટાડા અને પોટાના કેદીઓના કેસો ચલાવવા માટે જેલની અંદર કોર્ટ રૂમ બનાવી કેસો ચલાવવામાં આવે છે.<br>૬. જેલોમાં ઝડતી સ્કવોર્ડની રચના કરવામાં આવેલ છે.<br>૭. અમદાવાદ અને વડોદરા મધ્યસ્થ જેલમાં બાયોમેટ્રીક આયડેન્ટીફીકેશન લગાડવામાં આવી રહેલ છે.<br>૮. ઓવરક્રાઉડીંગની સમસ્યા દુર કરવા માટે નવી જેલો ભુજ, અમરેલી, ગોંડલ તેમજ સુરત ખાતે બનાવવામાં આવી રહેલ છે. |

-------------

**અમદાવાદમાં વિદ્યાદીપ યોજના અંતર્ગત અરજીઓ**

**૧૬૭૦૪ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરમાં ૨૦૦૪-૨૦૦૫ અને ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ વિદ્યાદીપ યોજના હેઠળ કેટલી શાળા-કોલેજોની અરજી આવી, | (૧) ૨૦૦૪-૨૦૦૫ - ૩૬<br>૨૦૦૫-૨૦૦૬ - ૧૧ |
| (૨) આમાંથી વીમા એજન્સીઓ દ્વારા કેટલી મંજૂર થઈ, અને | (૨) ૨૦૦૪-૨૦૦૫ - ૨૨<br>૨૦૦૫-૨૦૦૬ - ૩ |
| (૩) બાકી રહેલ આ અરજીઓ ક્યારે મંજૂર થશે ? | (૩) વિમા કંપની દ્વારા ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયેથી પાત્રતા ધરાવતા કેસોની ચૂકવણી જેમ બને તેમ જલ્દીથી કરવામાં આવશે. |

-------------

## બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક સુરક્ષાના પડતર કેસો

૧૭૧૪૦ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ગ્રાહકોના કેટલા કેસો પડતર છે, અને | (૧) ૩૦૪ |
| (૨) આ કેસોના નિકાલ કરવા માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રમુખની જગ્યા ખાલી છે, તેનો હવાલો મહેસાણા ફોરમના પ્રમુખને સોંપીને કેસોનો ઝડપી નિકાલ કરવાનું આયોજન કરેલ છે. |

-------------

## રાજકોટ શહેરમાં પોલીસ આવાસના કામો

૧૬૧૫૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં રાજકોટ શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/ બિન રહેણાંક કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૭૫૮.૪૪ લાખ |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૭૫૮.૪૪ લાખ |

-------------

## પડધરી, ટંકારા અને મોરબી તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ

૧૬૯૮૩**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના પડધરી, ટંકારા અને મોરબી તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ શિક્ષકોની ઘટ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તાલુકાવાર કેટલા શિક્ષકોની ઘટ છે, અને આ ઘટ રાજ્ય સરકાર ક્યારે નિવારવા માંગે છે? | (૨) |

| તાલુકો | ઘટ |
|---|---|
| ટંકારા | ૦૦ |
| પડધરી | ૦૩ |
| મોરબી | ૦૭ |
| **કુલ :** | **૧૦** |

રાજકોટ જિલ્લાની ઘટ નિવારવા માટે ૬૦ શિક્ષકોની નવી જગ્યાઓ મંજુર કરવામાં આવી છે.

-------------

## ભાવનગર યુનિવર્સિટી દ્વારા શાંતિલાલ શાહ ફાર્મસી કોલેજના સંચાલન અંગે

૧૬૧૬૪**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગરની શાંતિલાલ શાહ ફાર્મસી કોલેજનું સંચાલન ભાવનગર યુનિવર્સિટી દ્વારા કરવા માટેની મંજૂરી મેળવવાની દરખાસ્ત તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કઈ કક્ષાએ પડતર છે, અને | (૧) દરખાસ્ત ગ્રાહય રાખવામાં આવેલ નથી. |

(૨) મંજૂરી આપવા રાજ્ય સરકારે શા પગલાં લીધા છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**બારડોલી અને માંડવી તાલુકાના બી. પી. એલ. કાર્ડ ધારકોને નાગરિક પુરવઠો**

૧૬૩૨૯**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને ખાંડ પૂરતા પ્રમાણમાં નથી આપવામાં આવતી તેના શાં કારણો છે, અને | (૧) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ બી.પી.એલ. કાર્ડ ધારકો માટે લેવી ખાંડનો જથ્થો રાજ્ય સરકારને દર માસે કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવે છે. કેન્દ્ર સરકાર તરફથી ફાળવવામાં આવતા લેવીખાંડના જથ્થાને રાજ્યના જિલ્લાઓના કુલ બી.પી.એલ. રેશન કાર્ડ ધારકોની જનસંખ્યા, જિલ્લાની માસિક જરૂરિયાત વગેરેને લક્ષમાં લઈ રાજ્ય સરકાર દ્વારા તેની જિલ્લાવાર ફાળવણી કરવામાં આવે છે. |
| (૨) બી.પી.એલ. ગ્રાહકોને પૂરતા પ્રમાણમાં ખાંડ મળે એ માટે સરકારે શી વિચારણા કરી છે ? | (૨) રાજ્યને લેવીખાંડની ફાળવણીનો વધુ જથ્થો મળે તે માટે અવાર નવાર કેન્દ્ર સરકારશ્રીને ઉચ્ચકક્ષાએથી રજુઆત કરવામાં આવેલ છે. |

-------------

**સુરત શહેરની જેલમાં કેદીઓ રાખવાની ક્ષમતા**

૧૬૧૭૦**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ): માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરની જેલ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કુલ કેટલા કેદીઓ રાખવાની ક્ષમતા ધરાવે છે, | (૧) ૩૬૫ |
| (૨) ક્ષમતાની સામે કુલ કેટલા કેદીઓ રાખવામાં આવેલ છે, અને | (૨) ૧૧૦૮ |
| (૩) વધેલી સંખ્યાને ધ્યાને લઇ જેલની ક્ષમતા વધારવા સરકારે શા પગલા લીધેલ કે લેવા ધારેલ છે ? | (૩) પર્સપેક્ટીવ એક્શન પ્લાન ૨૦૦૨-૨૦૦૭ અમલમાં મુકેલ છે. આ યોજના હેઠળ સુરત ( લાજપોર) મધ્યસ્થ જેલ બનાવવાની કામગીરી ચાલુમાં છે. રાજ્ય સરકાર દ્વારા કેસ કમીટીની રચના દરેક જિલ્લામાં કરેલ છે. આથી આરોપીઓના પડતર કેસોના ઝડપી નિકાલ થઇ શકે છે તેમજ નાના અને નજીવા ગુન્હાના આરોપીઓને ગુન્હાની કબુલની અરજીઓ સંબંધિત કોર્ટને મોકલવામાં આવે છે |

-------------

**પંચમહાલ જિલ્લામાં પોલીસ આવાસના કામો**

૧૬૧૫૩ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકિય વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતા રહેણાંક/બિનરહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૬૨૭.૪૮ લાખ |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૬૨૭.૪૮ લાખ |

**રાજ્યમાં સ્ત્રી-પુરુષ સાક્ષરતાનો દર**

૧૪૭૯૭**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬નાં શૈક્ષણિક વર્ષમાં ગુજરાતમાં પુરુષ અને સ્ત્રી સાક્ષરતાનો શું દર છે, | (૧) પુરુષ : ૮૦. ૫૦ %<br>સ્ત્રી : ૫૮.૬૦ %<br>(વસતિ ગણતરી-૨૦૦૧ મુજબ) |
| (૨) રાજ્યમાં કેટલા તાલુકાઓમાં સ્ત્રી સાક્ષરતા ૫૦ % કરતા ઓછી છે, અને | (૨) ૮૦ |
| (૩) સ્ત્રી સાક્ષરતા વધારવા સરકારનાં પ્રયત્નોથી વર્ષ ૨૦૦૩-૦૪ થી ૨૦૦૫-૦૬ સુધીમાં ડિસેમ્બર ૦૫ સુધીમાં કેટલા ટકા વધારો થયો ? | (૩) વસતિ ગણતરી દશ વર્ષમાં એકવાર થાય છે. વર્ષ ૨૦૦૩-૨૦૦૪ થી ડિસેમ્બર-૨૦૦૫ દરમ્યાન વસતિ ગણતરી થતી ન હોઇ, તેની માહિતી અત્યારે ઉપલબ્ધ બને નહીં. |

-------------

**કડી તાલુકામાં ગૃહ રક્ષક દળમાં ભરતી**

૧૬૫૫૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય ગૃહરક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કડી તાલુકામાં છેલ્લા ૩ વર્ષમાં કુલ કેટલા જવાનોની ભરતી ગૃહ રક્ષક દળમાં કરવામાં આવી, | (૧) વર્ષ — ભરતીની સંખ્યા<br>૨૦૦૩ — શુન્ય<br>૨૦૦૪ — ૩૭<br>૨૦૦૫ — શુન્ય |
| (૨) ગૃહ રક્ષક દળના જવાનોને દૈનિક કેટલું વેતન ચુકવવામાં આવે છે, અને | (૨) રૂા. ૫૦/- |
| (૩) વર્ષમાં સરેરાશ કેટલા દિવસ જવાનોને ફરજ સોંપવામાં આવે છે ? | (૩) પોલીસતંત્ર તરફથી માંગણી થયે બંદોબસ્તની કામગીરીમાં પોલીસને મદદરૂપ થાય એવી કામગીરી સોંપવામાં આવે છે. |

-------------

**સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીની જગા ભરવા અંગે**

૧૭૦૦૧**શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારી (સેકન્ડરી)ની જગ્યા જૂન-૨૦૦૪થી ખાલી છે, તે સરકાર જાણે છે, | (૧) હા, જી. |
| (૨) જગ્યા ન ભરવાને કારણે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ, સંચાલન અને પરિણામો પર વિપરીત અસરો પડી છે, તે સરકારના ધ્યાન પર છે, | (૨) આવી કોઇ વિપરિત અસરો ન પડે તે માટે જવાબદાર અધિકારીને હવાલો સોંપવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો આ જગ્યા સક્ષમ અધિકારીથી સરકાર ક્યારે ભરવા માંગે છે, અને | (૩) જગ્યા ભરવા સરકાર સક્રિય છે. |
| (૪) જગ્યા ન ભરવાના કારણો શા છે ? | (૪) બઢતીની પ્રક્રિયા ચાલુ હોવાથી. |

-------------

**રાજ્યમાં સ્વનિર્ભર ઈજનેરી કોલેજો બંધ કરવા અંગે**

૧૬૮૩૪**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ૩૧-૧૨-૦૫ સુધીમાં ઓલ ઈન્ડીયા ટેક્નીકલ કાઉન્સીલે પર્યાપ્ત સુવિધા નહીં હોવાથી કેટલી સેલ્ફ ફાઈનાન્સ ઈજનેરી કોલેજોને બંધ કરાવી અને કેટલી કોલેજોને નોટીસો પાઠવેલ છે, અને | (૧) (અ) એક પણ કોલેજ બંધ કરાવી નથી. (બ) બંધ કરવા માટે કોઈને નોટીસ આપેલ નથી. |
| (૨) તેમાં આગળ શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) લાગુ પડતું નથી. |

-------------

**પી.ટી.સી. થયેલ ઉમેદવારોને વિદ્યા સહાયકો તરીકે નીમવા અંગે**

૧૬૮૩૮**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પી.ટી.સી. પદવી ધારકોને વિદ્યાસહાયકોની નોકરીઓમાં લેવા રાજ્યની વડી અદાલતે હુકમ કર્યાને સારો એવો વખત વીત્યા છતાં તેમને નોકરીએ રાખવા સરકારે કોઇ કાર્યવાહી હાથ ધરેલ નથી, તે વાત સાચી છે, | (૧) રાજ્યની અદાલતે પી.ટી.સી. પદવી ધારકો તેમજ તાલીમી સ્નાતકોને વિદ્યાસહાયકોની નોકરીઓમાં લેવા હુકમ કરેલ છે. જે નીતિ હાલ અમલમાં છે. |
| (૨) જો હા, તો તેમાં શું કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો થયેલ કાર્યવાહીની વિગતો શું છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**વલસાડ જિલ્લામાં બનાવટી હુકમો દ્વારા કેદીઓ છૂટી જવા અંગે**

૧૪૧૯૦**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં જેલોમાં બનાવટી ઓર્ડરો લાવી કેટલા કેદીઓ છુટી ગયા, અને | (૧) ૩ (ત્રણ) |
| (૨) આ અંગે જવાબદારો સામે સરકારે શા પગલા લીધા ? | (૨) આ બાબતમાં પારડી પોલીસ સ્ટેશનમાં તા. ૨૦-૧૨-૨૦૦૫ના રોજ એ. બી. પટેલ, નાયબ મામલતદાર અને જેલર- સબ જેલ પારડી, તરફથી ગુનો નોંધાવેલ છે. હાલ આ ગુનાની તપાસ ચાલુ છે. |

-------------

**વડોદરામાં દારૂ પીવાની પરમિટો**

૧૬૫૪૬**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વડોદરામાં દારૂ પીવાની પરમિટ ધરાવનારની સંખ્યા કેટલી, અને | (૧) ૩૩૫૭ |
| (૨) તે પૈકી, છેલ્લા બે વર્ષમાં અપાયેલ પરવાનાની સંખ્યા કેટલી ? | (૨) ૨૧૭૨ |

-------------

## અમદાવાદ જિલ્લામાં નવોદય વિદ્યાલય

૧૬૯૬૯**શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) એ હકીક્ત સાચી છે કે અમદાવાદ જિલ્લામાં નવોદય વિદ્યાલય નથી, | (૧) હા જી, |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર ના માનવસંસાધન વિકાસ વિભાગને વિરમગામ-સાણંદ તાલુકાના પછાત વિસ્તારમાં ખોલવા માટે દરખાસ્ત કરી કાર્યવાહી કરવા માંગે છે કે કેમ, અને | (૨) ના જી, |
| (૩) જો હા, તો ક્યારે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## રાજુલા તાલુકામાં રેશનકાર્ડ માટે અરજીઓ

૧૬૬૨૯**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા):માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજુલા તાલુકામાં નવા રેશનકાર્ડ કાઢવા માટે છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ કેટલી અરજીઓ આવેલ છે, | (૧) કુલ ૩૩૬ અરજીઓ આવેલ છે. |
| (૨) તેમાંથી કેટલાને નવા રેશનકાર્ડ કાઢી આપવામાં આવેલ છે, | (૨) ૨૮૧ નવા રેશનકાર્ડ કાઢી આપવામાં આવેલ છે. જ્યારે ૩૪ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેલ અરજીઓ કેટલા સમયથી પડતર છે, અને | (૩)<br>૨૧ અરજીઓ પડતર છે જેમાં<br>૯- અરજીઓ ત્રણમાસથી નીચેના સમયગાળાની<br>૧૨- અરજીઓ ત્રણ માસથી ઉપરના સમયગાળાની<br>**૨૧ કુલ** |
| (૪) તેમને ક્યારે રેશનકાર્ડ કાઢી આપવામાં આવશે? | (૪) ચકાસણી ર્ક્યા બાદ બનતી ત્વરાએ |

-------------

## રાજ્યમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ શિષ્યવૃત્તિઓ

૧૬૬૯૦**શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા જિલ્લાવાર કુલ કેટલી કન્યાઓને છેલ્લા બે વર્ષમાં શિષ્યવૃત્તિ આપવામાં આવી, અને | (૧) ૮૯૮૨ બાલિકાઓને |
| (૨) આ યોજનાને કારણે કન્યા એનરોલમેન્ટદરમાં કુલ કેટલો વધારો થયો? | (૨) આ યોજના કન્યા જન્મના પ્રોત્સાહન માટે છે. તેમજ ગરીબી રેખાની નીચે જીવતા કુટુંબની બાલિકાઓ પુરતી મર્યાદિત છે. |

-------------

## સાબરમતી મધ્યસ્થ જેલમાં કેદીઓ વચ્ચે મારામારી

૧૬૬૯૫**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) :માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરમતી સેન્ટ્રલ જેલમાં સન ૨૦૦૫-૦૬ વર્ષમાં ૩૧-૧૨-૦૫ સુધીમાં કેદીઓ વચ્ચે મારામારીના કેટલા બનાવો નોંધાયા, | (૧) ૭ (સાત) |
| (૨) તે અન્વયે કેટલા કેદીઓના મૃત્યુ થયા અને કેટલા ઘાયલ થયા, અને | (૨) ૧ (એક) કાચા આરોપીનું મૃત્યુ થયેલ છે તથા બે કાચા આરોપીઓ ઘાયલ થયેલ છે. |
| (૩) આવા બનાવો અટકાવવા રાજ્ય સરકારે ક્યા પ્રકારના પગલાં લીધા? | (૩) (૧) જેલોમાં ઓવરક્રાઉડીંગની સમસ્યા દુર કરવા હયાત અમદાવાદ મધ્યસ્થ જેલમાં ૧૧ નવી બેરકો બાંધવામાં આવેલ છે. હયાત મધ્યસ્થ જેલની બાજુમાં આવેલ જમીન ઉપર એક હજાર કેદીઓ માટે નવી અદ્યતન અન્ડર ટ્રાયલ જેલ બનાવવામાં આવી રહેલ છે.<br>(૨) અમદાવાદ મધ્યસ્થ જેલમાં તેમજ વડોદરા મધ્યસ્થ જેલમાં અધિક્ષક તરીકે આઈ.પી.એસ. અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે.<br>(૩) જેલની શિસ્ત અને સલામતીને અડચણરૂપ થતા કેદીઓને દુરના સ્થળની જેલોમાં બદલી કરવામાં આવેલ છે.<br>(૪) ૩ (ત્રણ) વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતાં કર્મચારીઓની બદલી કરવામાં આવે છે.<br>(૫) ઝડતી સ્કવોર્ડ દ્વારા વારંવાર જેલમાં ઝડતી કરવામાં આવે છે.<br>(૬) એસ.આર.પી. તેમજ કમાન્ડોને ઉચ્ચ અધિકારીઓના સુપરવિઝન હેઠળ મુકવામાં આવેલ છે.<br>(૭) અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ ખાતે બાયોમેટ્રીક સીસ્ટમનો અમલ શરૂ કરવામાં આવનાર છે જેના માટે રૂા. ૪૬/-લાખની બજેટ જોગવાઈ તાજેતરમાં જ થઈ છે.જેની કામગીરી એન.આઈ.સી.એસ.આઈ. દ્વારા હાથ ધરવામાં આવનાર છે. જેથી કેદીઓની સલામતી સુદ્રઢ બનશે. |

-------------

## આણંદમાં જિલ્લામાં હોમગાર્ડની સંખ્યા

૧૬૪૩૧**શ્રી અમીત ચાવડા (બોરસદ) :માનનીય ગૃહરક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર હોમગાર્ડની કેટલી સંખ્યા છે, અને

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| બોરસદ | - | ૭૩૭ |
| આણંદ | - | ૩૦૨ |
| સોજીત્રા | - | ૬૮ |
| ખંભાત | - | ૧૧૧ |
| પેટલાદ | - | ૬૦ |
| આંક્લાવ | - | ૬૦ |
| ઉમરેઠ | - | ૯૨ |
| **કુલ :** | | **૧૪૩૦** |

(૨) ગત ૨ વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા લોકોને છૂટા કરવામાં આવ્યા અને કેટલાને નવી ભરતી કરવામાં આવી ?

(૨) ગત બે વર્ષમાં છુટા કર્યા.
સને ૨૦૦૪-૮૧
સને ૨૦૦૫-૧૨૨
ગત બે વર્ષમાં ભરતી કર્યા.

સને ૨૦૦૪-૭૫
સને ૨૦૦૫-૩૩

-------------

**રાજ્ય મહિલા આયોગને મળેલ ફરિયાદો**

૧૬૧૪૯**શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ):માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય મહિલા આયોગની રચના થયા પછી જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ આયોગને કુલ કેટલી ફરિયાદો મળી, | (૧) ૧૮૧ |
| (૨) તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ કર્યો, અને | (૨) ૮૦ |
| (૩) બાકી રહેલી ફરિયાદોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે? | (૩) સંબંધિત કચેરીઓનો અહેવાલ મળ્યેથી તરત ઘટિત નિકાલ કરવામાં આવશે. |

-------------

**સરકારે પ્રકાશિત કરેલ નવા અભ્યાસક્રમના પુસ્તકોમાં ભૂલો**

૧૫૧૫૧**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સરકારે તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા ધોરણના પુસ્તકોના નવા કોર્ષ બહાર પાડ્યા, | (૧) ધોરણ-૩, ધોરણ-૪, ધોરણ-૯ અને ધોરણ-૧૨ |
| (૨) આમાંથી ક્યા ક્યા ધોરણના પુસ્તકોમાં ભૂલો જોવા મળી, | (૨) ધોરણ -૯, ધોરણ-૧૨ |
| (૩) આ ભૂલો સુધારવા અંગે સરકારે શું શું પગલાં લીધા, અને | (૩) શુધ્ધિપત્રક તૈયાર કરી દરેક શાળાઓને મોકલવામાં આવેલ છે. પાઠ્યપુસ્તકના પુનર્મુદ્રણમાં ભૂલો સુધારી લેવામાં આવી છે. ઉનાળુ અને દિવાળી વેકેશનમાં શિક્ષકોની તાલીમ વર્ગોમાં ભૂલો સુધારવાના પગલાં લીધા. |
| (૪) આ પુસ્તકોની સમીક્ષા કરવા અંગે સરકારે શાં પગલાં લીધા? | (૪) બહોળા પ્રમાણમાં શિક્ષકો અને તજજ્ઞોને આમંત્રણ આપી કાર્ય શિબિરો યોજી સમીક્ષા કરાવવામાં આવે છે. તેમજ મુખ્ય વિષયના અંગ્રેજી માધ્યમના પાઠ્યપુસ્તકોની કેન્દ્રિય વિદ્યાલયના શિક્ષકો દ્વારા પણ ચકાસણી કરાવી યોગ્ય તે સૂચનો પુનઃ મુદ્રણમાં આમેજ કરવામાં આવ્યા છે. |

-------------

**રાજ્યમાં રાંધણગેસના બાટલાની અછત અંગે**

૧૬૬૮૯**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ગ્રાહકોને ગેસ સીલીન્ડર સહેલાઈથી મળતા નથી કે અછત પ્રવર્તે છે તે રાજ્ય સરકારના ધ્યાને છે કે કેમ, અને | (૧) જી, હા |

(૨) જો હા, તો તેના માટે રાજ્ય સરકારે શું પગલાં લીધાં?

(૨) (અ) ઓઈલ કંપનીઓના અધિકારીઓ સાથે અવાર નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી સમયસર ગેસ સીલીન્ડરોની પૂરતી ઉપલબ્ધિ માટે બેંક્લોગ ઘટાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલિ સુવ્યવસ્થિત કરવા સુચના આપી અને તેનું જિલ્લાઓમાં સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણગેસનો દુરૂપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, વાહનો, હોટલ, રેસ્ટોરન્ટ જેવાં વ્યાપારી અને ઔદ્યોગિક એકમોની સઘન તપાસણીઓ કરવામાં આવેલ છે અને કસૂરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------------

**અમદાવાદમાં એક્તા ગેસ એજન્સીની માન્યતા રદ કરવા અંગે**

૧૯૩૨૭**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તાજેતરમાં એક્તા ગેસ એજન્સી દ્વારા ગેરરીતિ અન્વયે ગેસ એજન્સીની માન્યતા બે માસ માટે રદ કરવામાં આવેલ છે. તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી<br>આ ગેસ એજન્સીની માન્યતા રદ કરવામાં આવી નથી-એજન્સીનો પરવાનો બે માસ માટે મોકુફ રાખવામાં આવેલ છે. |
| (૨) અગાઉ આ ગેસ એજન્સીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવેલ છે કે કેમ ? | (૨) ના. જી. |

-------------

**પોરબંદર અને ખેડા જિલ્લાઓના ગૃહરક્ષક દળના જવાનોને વેતન ન ચૂકવ્યા અંગે**

૧૫૧૪૮**શ્રી રાકેશ રાવ (માતર):માનનીય ગૃહ રક્ષકદળ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૬ ની સ્થિતિએ પોરબંદર અને ખેડા જિલ્લાઓમાં ગૃહ રક્ષકદળ ના જવાનોને છેલ્લા ૧૦ મહિના કરતા વધુ સમય થી તેમના વેતનનું ચૂક્વણું નહિ થયું હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) ના,જી. |
| (૨) ગૃહ રક્ષકદળ ના જવાનોને નિયમિત રીતે ક્યા કારણોસર ચૂક્વણું કરવામાં આવતું નથી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદમાં બી.પી.એલ. કાર્ડ માટે અરજીઓ**

૧૬૭૦૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. કાર્ડ માટે ઝોન પ્રમાણે કુલ કેટલી અરજી આવી, | (૧) ૬૮ (ઝોનવાર પત્રક સામેલ છે.) |
| (૨) કેટલી અરજી મંજૂર કરી, અને | (૨) ચકાસણી હેઠળ છે પાત્રતા મુજબ નિકાલ થશે. |
| (૩) ઝોન પ્રમાણે શહેરમાં કુલ કેટલા બી.પી.એલ. કાર્ડ ધારકો છે? | (૩) ૧,૦૪,૨૧૫ (ઝોનવાર પત્રક સામેલ છે.) |

**પત્રક**

**અમદાવાદમાં બી.પી.એલ. કાર્ડ માટે અરજીઓ** અમદાવાદ શહેર

| અ.નં. | ઝોનનું નામ | છેલ્લા બે વર્ષમાં ઝોનવાર મળેલ અરજી સંખ્યા | તે પૈકી નવા આપેલ બી.પી.એલ. કાર્ડ સંખ્યા | ઝોનના કુલ બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|
| | | | | બી.પી.એલ. કાર્ડ સંખ્યા | અંત્યોદય કાર્ડ સંખ્યા | કુલ કાર્ડ સંખ્યા |
| ૧. | અસારવા | -- | -- | ૮૫૧૧ | ૨૧૮૧ | ૧૦૬૯૨ |
| ૨. | સાબરમતી | ૩ | -- | ૮૯૩૮ | ૧૭૫૭ | ૧૦૬૯૫ |
| ૩. | રખિયાલ | ૧ | -- | ૧૨૩૯૪ | ૨૬૮૯ | ૧૫૦૮૩ |
| ૪. | કાલુપુર | ૩ | -- | ૧૯૯૨ | ૪૦૪ | ૨૩૯૬ |
| ૫. | ખાડિયા | -- | -- | ૪૫૮૮ | ૮૩૮ | ૫૪૨૬ |
| ૬. | મણિનગર | -- | -- | ૬૯૦૮ | ૧૪૪૯ | ૮૩૫૭ |
| ૭. | શહેરકોટડા | ૩ | -- | ૯૯૪૩ | ૨૧૫૧ | ૧૨૦૯૪ |
| ૮. | એલિસબ્રિજ | -- | -- | ૭૫૬૨ | ૧૪૮૩ | ૯૦૪૫ |
| ૯. | દ-કાઝીપુર | -- | -- | ૪૩૬૭ | ૯૨૨ | ૫૨૮૯ |
| ૧૦. | શાહપુર | -- | -- | ૨૩૫૧ | ૪૧૯ | ૨૭૭૦ |
| ૧૧. | જમાલપુર | ૯ | -- | ૧૨૮૦૮ | ૨૩૬૪ | ૧૫૧૭૨ |
| ૧૨. | નરોડા | ૪૯ | -- | ૫૯૬૫ | ૧૨૩૧ | ૭૧૯૬ |
| **કુલ** | | ૬૮ | -- | ૮૬૩૨૭ | **૧૭૮૮૮** | **૧૦૪૨૧૫** |

-------------

**ભાવનગર જિલ્લામાં માધ્યમિક શાળાઓ વધારવા અંગે**

૧૬૧૬૫**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ કેટલી માધ્યમિક શાળા આવેલી છે, અને

(૨) વસતી અને વિસ્તારની દ્રષ્ટિએ માધ્યમિક શાળાની આ સંખ્યા વધારવા સરકાર શું આયોજન કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૨૧૦ માધ્યમિક શાળા

(૨) જરૂરિયાત મુજબ તથા નિયમોનુસાર નવી શાળાઓની મંજુરી આપવામાં આવેલ છે તેમજ જો વર્ગ વધારાની માંગણી આવે તો નિયમોનુસાર વિચારણા કરી મંજુરી આપવામાં આવે છે.

-------------

**પંચમહાલ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગતના કામો**

૧૬૯૮૯**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર):માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૩-૦૪માં વધારાના ઓરડા, નવીન શાળા, પીવાના પાણીની સુવિધા તેમજ સંડાસ, મુતરડી કેટલી બાંધવામાં આવેલ છે ?

**જવાબ**

| | |
|---|---|
| વધારાના ઓરડા | ૫૧ |
| નવીન શાળા | ૬૪ |
| પીવાના પાણીની સુવિધા | ૪૯ |
| સંડાસ મુતરડી | ૪૯ |

-------------

**અમદાવાદમાં કેરોસીનની ફાળવણી**

૧૪૭૯૮**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં પ્રતિમાસ કુલ કેટલા જથ્થાનાં કેરોસીનની જરૂરિયાત છે,

(૨) તે સામે કુલ કેટલું કેરોસીન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રતિમાસ આપવામાં આવે છે,

**જવાબ**

(૧) અને (૨) :

(આંકડા કીલો લીટરમાં)

| અ. નં. | માસનું નામ | કેરોસીનની જરૂરિયાત | આપવામાં આવેલ કેરોસીન |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | ફેબ્રુ.-૦૫ | ૭૭૩૨ | ૬૮૧૦ |
| ૨ | માર્ચ-૦૫ | ૭૭૩૨ | ૬૮૦૮ |
| ૩ | એપ્રિલ-૦૫ | ૭૭૭૪ | ૬૮૨૨ |
| ૪ | મે-૦૫ | ૭૭૮૨ | ૬૭૬૮ |
| ૫ | જુન-૦૫ | ૭૭૮૨ | ૬૮૩૪ |
| ૬ | જલાઈ-૦૫ | ૭૭૯૨ | ૬૮૬૯ |
| ૭ | ઓગ.-૦૫ | ૭૮૦૧ | ૬૮૨૧ |
| ૮ | સપ્ટે.-૦૫ | ૭૮૦૫ | ૬૭૫૬ |
| ૯ | ઓક્ટો.-૦૫ | ૭૮૦૫ | ૬૭૫૬ |
| ૧૦ | નવે.-૦૫ | ૭૮૦૫ | ૬૮૦૬ |
| ૧૧ | ડીસે.-૦૫ | ૭૮૦૫ | ૬૭૪૩ |
| ૧૨ | જાન્યુ.-૦૫ | ૭૧૫૪ | ૬૭૩૦ |
| | **કુલ :** | **૯૨૭૬૯** | **૮૧૫૭૪** |

(૩) અમદાવાદ શહેરમાં જે કાર્ડ ધારકો ગેસ નથી ધરાવતા તેમને કેરોસીન પ્રતિમાસ કેટલું મળે છે, અને

(૩) કાર્ડદીઠ માસિક સરેરાશ ૧૩.૧૦ લીટર.

(૪) આ નિયત જથ્થામાં અમદાવાદ શહેરમાં કોઇ વધારો કરવાનું આયોજન છે કે કેમ ?

(૪) કેરોસીનને પાત્ર કાર્ડ ધારકોને નિયમિત રીતે સરળતાથી પુરતું કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યાન્વિત રાખવામાં આવી છે. તેમજ ગેસ જોડાણો ધરાવતા રેશનકાર્ડો ઉપર ગેસ જોડાણો હોવાનું સ્ટેમ્પીંગ પુરેપુરૂ કરાવવાનું આયોજન કરેલ છે. કેન્દ્ર સરકાર તરફથી હાલમાં મળતી ફાળવણી અપૂરતી હોવાથી કોઇ વધારો કરી શકાય તેમ નથી.

-------------

**કડી તાલુકામાં ખાનગી પી.ટી.સી. કોલેજો**

૧૬૫૫૨**શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કડી તાલુકામાં કેટલી ખાનગી પી.ટી.સી. કોલેજોને સરકારે મંજૂરી આપેલ છે, કઇ કઇ કોલેજને મંજૂરી આપેલ છે, અને

(૨) કેટલી કોલેજના મકાનો સરકારના અનુદાનથી બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧) મંજૂરી આપવાની કાર્યવાહી એન.સી.ટી.ઇ. ભોપાલ દ્વારા કરવામાં આવે છે.

(૨) એક પણ નહીં.

-------------

# વિશેષાધિકાર ભંગનો મુદ્દો

## અધ્યક્ષશ્રીના નિર્ણયની ટીકા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ- ૨૪૯ નીચે હું વિશેષાધિકાર ભંગની નોટિસ આપના દ્વારા આ સભાગૃહમાં.....

**અધ્યક્ષશ્રી** : હું જાણવા માગું છું કે, જેને નોટિસ આપવા માગો છો તેમને નોટિસ પહોંચી ગઈ છે ?

**શ્રી અશોક ભટ્ટ** : પહોંચી ગઈ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આપે પરવાનગી આપી નથી, આવી નોટિસ....

**અધ્યક્ષશ્રી** : આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : બીજા અનેક કિસ્સાઓમાં આવું ગૃહનું જે અવમાન થાય, ગૃહને ગેરરસ્તે દોરાય આવી અનેક નોટિસો અમે આપી છે, એમાં એકમાં પણ અમને પરવાનગી મળી નથી, આ નોટિસને આપે પરવાનગી આપી છે ખરી?

**અધ્યક્ષશ્રી** : આમાં વિશિષ્ટ સંજોગોની વાત છે, એટલે પરમીશન આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ સંજોગો જ હતા અને જે પરવાનગીઓ અમે માગી હતી, જે ગૃહમાં ગેરમાર્ગે દોરેલા હતા, સંપૂર્ણ રીતે અસત્ય માહિતીઓ રજૂ કરી હતી એના દાખલા, દલીલ અને પુરાવાઓ સાથે આપને આપી હતી છતાં આપે એક પણ કિસ્સામાં આવી પરવાનગી આપી નથી. જે બાબતો

ગૃહમાં જે રેકર્ડ ઉપર મૂકવામાં આવ્યું હોય એ રેકર્ડ સાથે આપને બતાવેલું હતું, છતાં અમારા સભ્યશ્રીઓને એક પણ વખત આવી પરવાનગી મળેલ નથી.

**અધ્યક્ષશ્રી** : જ્યાં વિશેષાધિકાર ભંગ થતો હોય એવો કેસ લાગ્યો હોય ત્યાં હંમેશા મંજૂરી આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આધાર પુરાવા સાથે મંજૂરી માગી છે.

**અધ્યક્ષશ્રી .** : એટલે જ્યાં પ્રથમ દ્રષ્ટ્રિએ વિશેષાધિકાર ભંગ થતો હોય એવું લાગ્યું હોય ત્યાં આવી મંજૂરી આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : હું તો માત્ર ધ્યાન દારું છું, આપનો અધિકાર છે કે કયાં વિશેષાધિકાર ભંગની નોટિસ મંજૂર કરવી, ન કરવી પણ મેં તો આપને એમ કહ્યું છે કે, પુરાવા સહિત અમે એમ કહ્યું છે કે, આમાં માનનીય મંત્રીશ્રી બોલ્યા છે અને ખરેખર હકીકત આ છે છતાં આવી નોટિસો આપે ધ્યાનમાં લીધી નથી, આજે આપે મંજૂરી આપી છે કે કેમ ?

**અધ્યક્ષશ્રી**: મંજૂરી આપી છે, વિશેષાધિકાર ભંગ થતો હોય એમ પ્રથમ દ્રષ્ટ્રિએ લાગે ત્યાં કાયમને માટે મંજૂરી આપી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મેં આપને એમ કહ્યું છે કે, આપે અમને નથી આપી એટલી જ વાત કરી છે.

**અધ્યક્ષશ્રી** :એમાં વિશેષાધિકાર ભંગ નહીં થતો હોય પ્રથમ દ્રષ્ટ્રિએ, માટે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : એ આપને લાગ્યું હશે, અમે તો પુરાવાઓ આપ્યા હતા.

**શ્રી અશોક ભટ્ટ** : ગુજરાત વિધાનસભા ગાંધીનગર તા. ૯-૩-૨૦૦૬ના રોજ સભાગૃહના સંચાલન દરમિયાન વિધાનસભાના સભ્યશ્રીઓ દ્વારા પ્રશ્નોત્તરી દરમિયાન સરકાર ઉપર આક્ષેપાત્મક પ્રહારો કરવામાં આવેલા જેને માનનીય અધ્યક્ષશ્રી, દ્વારા અટકાવતાં વિરોધપક્ષના સભ્યશ્રીઓ સ્પીકર સામે વેલમાં ઘૂસી ગયા હતા અને ગૃહના ગૌરવને લાંછન લાગે તેવા શબ્દો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી તેથી માનનીય સ્પીકરશ્રીએ ગૃહને વ્યવસ્થિત ચલાવી શકાય તે હેતુથી ગૃહ થોડા સમય માટે મુલતવી રાખેલ ત્યારબાદ સભાગૃહ ફરીથી શરૂ થતાં આવો વર્તાવ કરનારા છ સભ્યશ્રીઓને, સભાગૃહે સત્ર સમાપ્ત થાય ત્યાં સુધી સસ્પૅન્ડ કરેલા, આ નિર્ણય સંબંધે સ્પીકરે બજાવેલી સભાગૃહમાંની ફરજો પ્રત્યે વિરોધપક્ષના નેતાશ્રીએ પ્રેસ સમક્ષ કરેલ નિવેદનથી માનનીય અધ્યક્ષશ્રીએ તે દિવસની ગૃહની કાર્યવાહીના સંબંધે જે નિર્ણય કર્યો હતો તે નિર્ણયની ટીકા કરીને તેના ઉપર હેતુઓનું આરોપણ કર્યુ છે અને તેમ કરીને વિરોધપક્ષના નેતાશ્રીએ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની જાહેરમાં ટીકા કરીને તેમના પદની ગરિમાને લોકોની નજરમાં ઉતારી પાડવાનો ઇરાદાપૂર્વક પ્રયાસ કર્યો છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના ઉક્ત નિવેદનથી માનનીય અધ્યક્ષશ્રી તથા સભાગૃહનું અવમાન થાય છે આ બાબતમાં કૌલ-શકધરના પુસ્તકના પાના ૧૨૦ ઉપરના અવતરણો ખૂબ જ માર્ગદર્શક બને છે તેમાં "A member who protest against the ruling of the Speaker, commits the contempt of the House and the Speaker.

Sir, ૧૨૦ page....

".......The Speaker's decision is equally binding whether given in the House or in the Departmental File. He is not bound to give reason for this decision, Members cannot criticize directly or indirectly, inside or outside the House any ruling given, opinion expressed or statement made by the Speaker. If a Member desires to make a submission to the Speaker, on the floor of the House, regarding a ruling, the Speaker may permit the Member to do so after satisfying himself, that it does not unduly interfere with the proceedings of the House. The Member making such a submission cannot criticize the decisions but can seek elucidation on any point or request the Chair to consider the ruling in the light of the facts submitted by him.

Observations made by the Speaker in the House cannot be interpreted in private correspondence. He does not enter into public or press controversies regarding observations made by him from the Chair. આ એક સંસદીય પ્રણાલિકાનો આદેશ કૌલ શકધરે આપ્યો છે. એના ઉતારા સાથે રજૂ કરવા માગું છું. આ ઉપરાંત સંસદીય કાર્યવાહી અને પ્રણાલિકાના લેખોના પુસ્તક-૧ના પાન -૧૦૯ ઉપર પણ આ પ્રકારના કાર્યોને સભાગૃહનો વિશેષાધિકાર ભંગ અને અવમાન ગણવામાં આવ્યો છે. અધ્યક્ષશ્રીના ચારિત્ર્ય અને વર્તન ઉપર આક્ષેપ કરવા, તેની ટીકા કરવી તેને વિશેષાધિકાર ભંગ ગણવામાં આવે છે. તેના માટે શિક્ષા કરી શકાય છે. બીજા કોઈ વિષયની ચર્ચા દરમિયાન અધ્યક્ષશ્રીના વર્તનની ટીકા થતી નથી. અધ્યક્ષશ્રીના વર્તનની ટીકા કરવી હોય તો તે હેતુ માટે ચોકકસ પ્રસ્તાવ લાવીને જ કરી શકાય છે. આ એક ગંભીર પગલું છે. આવું પગલું હળવાશથી લેવાની હિંમત કરી શકાશે તો માનનીય વિરોધપક્ષના નેતાએ વર્તમાન પત્રમાં ગૃહની તા.૯-૩-૦૬ની

કાર્યવાહી સબંધે અધ્યક્ષશ્રી ઉપર જે ટીકાત્મક ઉલ્લેખ કર્યો છે. તેનાથી અધ્યક્ષશ્રી તથા ગૃહનો વિશેષાધિકારનો ભંગ, અવમાન કરેલ છે. તે સબંધે મારી વિધાનસભાના નિયમોના નિયમ -૨૫૦ અન્વયે વિશેષાધિકાર ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરવા વિનંતી છે. આ પત્રની સાથે પુરાવા પણ રજૂ કરું છું કારણકે કોઈપણ વિશેષાધિકાર ભંગની નોટિસ જયારે રજૂ થતી હોય ત્યારે કૌલ શકધરના જણાવ્યા પ્રમાણે અને સંસદીય ઉચ્ચ પ્રણાલિકા પ્રમાણે કયારેય પ્રાઈવેટલી અને પબ્લીકલી અધ્યક્ષના નિર્ણયની ટીકા થઈ શકતી નથી. એમણે પત્રમાં લખ્યું છે કે માનનીય અધ્યક્ષશ્રી, આપ ફરજ ચૂકયા છો. આ અધ્યક્ષશ્રીના પદની સીધી ટીકા છે. આ પત્રમાં લખ્યું છે તારીખ -૯ અને ગુરુવારનો દિવસ ગુજરાત રાજયની સ્થાપના પછી ગુજરાત વિધાનસભા માટે સૌથી કલંકિત દિવસ હતો. એમ કરીને આ આખી વાતને એમણે પ્રેસમાં મૂકી છે. મને લાગે છે કે આ આખી વાત જે રીતે મૂકી છે વિરોધપક્ષના નેતાએ માનનીય અધ્યક્ષશ્રીનું અને આ ગૃહનું અવમાન કર્યું છે માટે વિશેષાધિકાર ભંગની હું નોટિસ રજૂ કરું છું. નિયમ-૨૫૦ નીચે અને આ સભાગૃહમાં રજૂ કરીને વિશેષાધિકાર સમિતિને સોંપવા માટે વિનંતી કરું છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૯મી તારીખે ગુજરાત વિધાનસભામાં જે ઘટના બની એનું કોઈ ગૌરવ લઈ શકે તેમ નથી અને એની જે સમાજના લોકોએ નોંધ લીધી છે એનો પડઘો પણ કયાંક પડવો જોઈએ. જે શરૂઆત થઈ સંસદીય મંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે સરકાર ઉપર અમારા સભ્યશ્રીઓએ આક્ષેપ જરૂર કર્યો. સરકાર ઉપર આક્ષેપ કરવા એ અમારો અધિકાર છે, જે પ્રશ્નો ઊભો થાય એમાં સરકારની વખાણ કરવાની અપેક્ષાઓ કોઈ રાખતું હોય તો એ વધારે પડતું છે.(અંતરાય) ગાળો કોણ બોલ્યા છે, એ બધાની નજર સમક્ષ છે. આપણે કોઈ ચશ્માં પહેરીને બેસીશું તો અસત્ય એ સત્ય થઈ જવાનું નથી. આપની હાજરીમાં માનનીય મુખ્યમંત્રીશ્રી હોય કે મકાન વિભાગના મંત્રીશ્રી હોય એ શું બોલ્યા એ ગૃહના રેકૉર્ડ ઉપર છે, એટલું જ નહિ આપની હાજરીમાં ફરી પાછી મારી વીડિયોગ્રાફી થયેલ છે, એ પ્રસંગ બધો જ તટસ્થ લોકોની હાજરીમાં આપની અધ્યક્ષતામાં અમારી જોવાની તૈયારી છે. એના પછી જો નિર્ણય આવતો હોય કે અમારા સભ્યશ્રીઓ સસ્પૅન્ડ થયા એ બરાબર હતું તો કોઈ પ્રશ્ન નથી. જે રીતે તે દિવસે વ્યવહાર થયો અને ગૃહનો જે રીતે ટ્રેઝરી બૅન્ચે કબજો લઈ અને જે પ્રકારનો વ્યવહાર થયો, એનું અમને જરૂર દુ:ખ છે. માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે પત્રમાં લખ્યું, એમને અધિકાર છે પણ અમને એ રેઈઝ કરવાનો અધિકાર નથી. આ વાત ચાલી શકે નહિ, એટલે તે દિવસે જે બનાવ બન્યો અને એના પછી પણ સામાન્ય પ્રણાલિકા એવી કે માનનીય અધ્યક્ષશ્રી નેઈમ કરે અને બહુ વર્તન ખરાબ હોય તો બહાર જવાનું કહે, અથવા તો એના પછી ચેતવણી આપ્યા પછી નેઈમ કરાય, એના બદલે આ તો આની પહેલા પણ માનનીય સંસદીય મંત્રીશ્રીને વાળ્યા હતા કે નેઈમ કરવાનો અધિકાર માનનીય અધ્યક્ષશ્રીનો છે, નહિ કે સંસદીય મંત્રીશ્રીનો. આ વખતે માનનીય સંસદીય મંત્રીશ્રી નેઈમ કરવાનો પ્રસ્તાવ લઈ આવ્યા એ પ્રસ્તાવ ઉપર આશ્ચર્યજનક બાબત એ છે કે જે સભ્યશ્રીઓને નેઈમ કરવાની વાત હતી. બીજા બધાને બચાવ રજૂ કરવાની અને એને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી, તે દિવસે આ સભ્યશ્રીઓને તક આપવામાં ન આવી. માત્ર જે વાત હતી, આક્ષેપો કર્યા હતા. અધિકારો મુજબના, એ અમારા બે સભ્યશ્રીએ કર્યા હતા અને એનો અધિકાર હતો, પણ જે સભ્યશ્રીઓ બોલ્યા નહોતા, પોતાની બેઠક ઉપરથી ઊભા નહોતા થયા, એ બીજા ૪ સભ્યો જેનો ટ્રઝરી બૅન્ચને વારંવાર ડર લાગે છે, એવા સભ્યશ્રીઓને નેઈમ કરીને મોકલી આપ્યા અને આ જે માનનીય સંસદીય મંત્રીશ્રીએ આ બૅન્ચ ઉપર બેસી અને મુખ્યમંત્રીશ્રીના હાથમાંથી નિવેદન વાંચી ફાડી નાખેલ હતું. એ આ ગૃહના રેકર્ડ ઉપર છે. કેવા શબ્દપ્રયોગ થયા છે, કેવી વાતો થઈ છે એ ગૃહના રેકર્ડ ઉપર છે, પણ એ વખતે જે ઉદારતાભર્યો અનુભવ માનનીય અશોકભાઈ કરતા હતા એ ઉદારતાનો અનુભવ ન કરાવે તો વાંધો નહિ, પણ એમના તરફથી એમણે ભૂતકાળનો અનુભવ યાદ રાખ્યો હોત તો આ ઠરાવ ન લઈ આવ્યા હોત. વાત સાચી કરી કે અધ્યક્ષશ્રીનું જે રૂલિંગ છે, એની ટીકા થઈ શકે નહિ. વાત હું સ્વીકારું છું અને એટલા માટે જ અહીંયાં ગૃહમાં અમે આવીએ છીએ. એ વાત પણ સાચી છે કે વિધાનસભામાં અધ્યક્ષશ્રીની સામે અવિશ્વાસ પ્રસ્તાવ લઈ આવીને ચર્ચા કરી શકાય, એ પગલું અમે નથી ભર્યું, એટલા માટે કે અમને અધ્યક્ષશ્રીની હંમેશા જે લાગણી છે, એના ઉપર ક્યારેક ક્યારેક અમારી લાગણી ઘવાઈ હશે, પણ આખરે અમે શ્રદ્ધા રાખીને ચાલ્યા છીએ, પણ જ્યારે એમ થયું કે આ હદ બહારનો નિર્ણય ટ્રેઝરી બૅન્ચને પોતે મત ઉપર મૂકી અને નેઈમ કરીને પોતે નિર્ણય કરે છે, ત્યારે અધ્યક્ષશ્રીની પાસે રક્ષણ માગાવાનો અમારો અધિકાર છે, એટલે અવિશ્વાસ પ્રસ્તાવ સાચી વાત છે કે લાવી શકાય, પણ અમે લઈ નથી આવ્યા. માત્ર લાગણીભરી રજૂઆત કરી અને આપને આપનો નિર્ણય રિવ્યુ કરવા માટેની મેં વિનંતી કરી છે. ભલે કાયદો ન જાણતા હોય, પણ સંસદીય મંત્રીશ્રી કાયદા મંત્રીશ્રી છે. એમને પણ ખબર હશે કે કોર્ટની અંદર પણ જ્યારે કોર્ટનો નિર્ણય બરાબર ન લાગે તો તેને રિવ્યુ કરવા માટેની વાતો થઈ શકે છે અને માનનીય અધ્યક્ષશ્રી, વાતો થઈ શકે છે એટલું જ નહીં પણ કોઈ જગ્યાએ નિર્ણય કરવામાં કોર્ટે ભૂલ કરેલ છે તેના તરફ પણ અંગુલીનિર્દેશ કરી શકાય છે. મેં તો માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસની જે ઘટના હતી તેનું નિરૂપણ કરતો પત્ર આપને લખ્યો છે. મેં કોઈ નિવેદન કરેલ નથી. આજે પણ હું કહું છું કે આવું કોઈ નિવેદન કર્યુ નથી. ગૃહની અંદર પણ નથી કર્યુ અને ગૃહની બહાર પણ નથી કર્યુ. પણ અમારો અધિકાર છે, આપને પત્ર લખવાનો અધિકાર છે. આપને રૂબરૂ મળી અને અમને જે તકલીફો થઈ હોય, અમને અન્યાય થયો હોય તે બાબતની રજૂઆત અમે એક વખત નહીં પણ પચાસ વખત આપની પાસે કરેલ છે. આપે સાંભળી છે. આ વખતની ઘટના એવી ગંભીર હતી કે

તેના કારણે અમને પત્ર લખવાની ફરજ પડી અને પત્ર આપને લખ્યો છે અને તે પત્રના અનુસંધાનમાં આપ અમને બોલાવીને કહી શકો છો.

માનનીય અધ્યક્ષશ્રી, તે દિવસની સ્થિતિ આ પ્રકારે હતી અને મને એવું લાગે છે કે મારે હજી પણ મળવાની જરૂર છે, વધારે રજૂઆત કરવાની જરૂર છે તો હું આપને મળી અને મારા પક્ષની જે વાત છે તે મૂકવાનો મને અધિકાર છે. અહીંયાં જે રૂલીંગ ટાંક્યા છે, જે બુકના રેફરન્સ ટાંકયા છે તે તો માનનીય અધ્યક્ષશ્રીના ગૃહની અંદર આપેલા રૂલીંગ ઉપરની ટીકાઓ હોય તેની બાબત છે. અહીં ગૃહની અંદર જે ઘટના બની અને ગૃહની બહાર જે ઘટના બની, આપની ચેમ્બરમાં જે ઘટના બની તે બાબતે એ આપનું માત્ર ધ્યાન દોર્યું છે કે આ ઘટના આપની હાજરીમાં અહીંયાં અને ત્યાં બંને જગ્યાએ બનેલી છે. આપની ચેમ્બરની અંદર મારા સભ્યને મારી નાંખવાની ધમકી અપાય તો મારે એક પત્ર પણ આપને નહીં લખવાનો? અને પત્ર લખું તો મારી ઉપર વિશેષાધિકાર ભંગની નોટિસ લઈ આવવાની? આ બધી બાબતો છે તેનાથી દુઃખી થઈ અને મેં તો પત્ર લખ્યો છે. મને શ્રદ્ધા હતી કે આપ આ બાબતે અમને બોલાવીને અને જે પરિસ્થિતિ બની છે તેનું નિરાકરણ લઈ આવવાની કોશિશ કરશો. મેં માત્ર એક સારી પોજિટીવ અપેક્ષાથી આપને પત્ર લખ્યો હતો. પરંતુ આ પત્રનો કેટલો દૂરુપયોગ થાય તે માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી વિશેષાધિકાર ભંગની નોટિસ લઈ આવે અને મને દુઃખ છે કે અમે પણ આવા પ્રકારની કેટલીક વિશેષાધિકાર ભંગની નોટિસો આપેલ છે અને હજી પણ આપવાના છીએ. તે ભલે લઈ આવે. પણ મને અપેક્ષા ન હતી કે આ પત્રનો આવી રીતે દૂરુપયોગ થશે. હું માત્ર કહેવા એમ માગું છું કે કોલ એન્ડ શકધરની બુકનો જે રેફરન્સ આપ્યો છે તે રેફરન્સ અધ્યક્ષશ્રીએ ચેર ઉપરથી આપેલ રૂલીંગ બાબતનો છે. આપે જે રૂલીંગ આપ્યા છે તે તેની કોઈ વાત તેમાં હતી નહીં અને તે જે છે તે ઘટના જે બની આખી ઘટનાની અંદર આપની પણ જે દશા કરવામાં આવી અને તે દિવસે કે આપને પણ જે સાંભળી શકાય કે આપ કહી શકો તેવી પરિસ્થિતિમાં નહોતા રહેવા દેવામાં આવ્યા તે બાબતની જે પરિસ્થિતિ ઉભી થઈ તે બાબતનો એક પત્ર હતો. તે પત્ર જ આપને લખેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે સંસદીય કાર્યવાહીની પ્રણાલિકાઓના પુસ્તક નં. ૧૦૯ ઉપરની વાત થઈ છે તેમાં માનનીય અધ્યક્ષશ્રી તે પણ છે કે ગૃહની અંદર ચર્ચાના મુદ્દામાં અને ગૃહની અંદર આ મુદ્દો ઉઠાવ્યો હોય તો તે વાત છે. હું ફરીથી આપને કહું છું કે અમે આપણી ઉપર વિશ્વાસ રાખી અને આ પત્ર આપને લખ્યો છે અને તેની નોંધ કયાંય પત્રકાર મિત્રોએ લીધી હોય, હું તેને રોકી શકતો નથી અને આ કોઈ ખાનગી ડોકયુમેન્ટ નથી. આ પત્રની અંદર મેં માત્રને માત્ર જે ગૃહના જે સભ્યો હતા તેમની વેદનાને વાચા આપી છે. તેમાં આપની ટીકા કરવાનો અમારો કોઈ ઈરાદો ન હતો અને માત્રને માત્ર તે દિવસે જે આપની હાજરીમાં ગૃહની અંદર અને ગૃહની બહાર જે ઘટના બની તે ઘટના પછી આપના બદલે નેઈમ કરવાનો બહુમતીના જોરે નિર્ણય થયો અને તે પણ એકતરફી, કોઈ વાત સંભળાય નહીં, જેને નેઈમ કરવાની વાત છે તે નેઈમ કરનાર સભ્યોને બોલવાની પણ તક ન મળી અને તેવું તો સાહેબ દેશની કોર્ટોમાં પણ બનતું નથી. અમને અધિકાર મળવો જોઈતો હતો તેના બદલે તરત ઠરાવ મુકાઈ ગયો અને બહુમતીના જોરે જો નિર્ણય થઈ શકે તો હું તો કહું માનનીય અશોકભાઈને શું કામ આ કરવાનુ? હવે તો વિરોધપક્ષને નાબૂદ કરવાનો ઠરાવ લાવવો હોય તો લાવી શકે છે. કારણકે બહુમતી છે એમની પાસે. આપની પાસે બહુમતી છે અને એ હંમેશાં એવું ઇચ્છે છે કે, સામે પક્ષે અમારા બહુ વખાણ થાય, અમારી બહુ સારી વાત થાય, સરકારને ધન્યવાદ અપાય, માનનીય અધ્યક્ષશ્રી, ધન્યવાદ આપવા માટે અમે ચૂંટાયા નથી. વિરોધપક્ષ તરીકેની અમારી ભૂમિકા છે, સરકારની ટીકા કરવાનો અમારો અધિકાર છે અને જ્યારે પણ પ્રશ્ન ઉદ્ભવે ત્યારે અમે ટીકા કરવાના છીએ, એનાથી મારા સાથી મિત્રો નારાજ થતા હોય એ નારાજગી, મને માફ કરે, એ નારાજગી કાયમ રહેશે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કહે છે ત્યારે મને એ દુઃખ થાય છે કે, એમણે કેટલીક બાબતો સ્વીકારી, મારી પ્રિવિલેજ નોટિસનો જવાબ આપતાં એમણે જે કહ્યું, એમાં કેટલીક બાબતો એમણે સ્વીકારી કે એમણે પત્ર લખ્યો છે, પત્ર પ્રગટ કર્યો છે, પત્ર પ્રગટ કર્યો છે અને માનનીય અધ્યક્ષશ્રી, એ કહે છે કે પત્ર પ્રગટ થાય એમાં એમને જરાય નારાજગી નથી, માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય તો એ છે કે, આજે તો દિલગીરી હોવી જોઈએ, મારી મુખ્ય મુશ્કેલી આ છે, આ સરકારે કયારેય અને કોઈપણ સરકાર વિરોધપક્ષના નેતાશ્રી પાસે અપેક્ષા રાખી પણ ન શકે કે સરકારના વખાણ કરે કારણ કે કૌલ એન્ડ શકધરની અંદર કહે છે કે The Leader of Opposition must himself be a skilled Parliamentarian and familiar with the tricky situations. He should be fully conversant with the Rules of the House so that he might utilise the opportunities provided thereunder. Vigilance is his hallmark and he must therefore be in his place constantly. સાહેબ, મારે એ જ કહેવું છે કે, એ પોતાની ફરજ બજાવવા માટે વિધાનસભાના અને પાર્લામેન્ટરી સંસદીય પ્રણાલી નિયમોનું અજ્ઞાન ધરાવતા હોય અને એને કારણે જે પરિસ્થિતિ પેદા થાય એ જવાબદારી એમની પોતાની રહે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે પત્ર લખ્યો કે વિધાનસભા ગૃહની બનેલ ઘટનાઓ ઉપરાંત એમણે તે દિવસે બનેલી ઘટનાને કલંકિત કહી હોત, કાલિમા કહી હોત તો મને વાંધો ન હતો પણ પત્રમાં એમણે એમ કહ્યું કે આ કલંકિત ઘટના આપની નજર સમક્ષ બની, આપની કોઈ લાચારી કે

મજબૂરી હશે જેનાથી કલંકિત ઘટના માટે જવાબદાર એવા મુખ્ય પ્રધાન અને માર્ગ અને મકાન વિભાગના પ્રધાનને અને અન્ય સદસ્યોની સામે કોઈ પગલાં લેવાની હિમત ન કરી શક્યા, પણ તેમને ઠપકો... માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો છેને એ અધ્યક્ષશ્રીનું સીધું અપમાન છે અને આ ગૃહનું અપમાન છે, કોઈપણ દિવસે આ પ્રકારનો પત્ર લખાય નહીં, અને બીજી વસ્તુ એવી છે કે એમને જે કોઈ grievances હોય આપના નિર્ણય સામે, એ નિર્ણય અંગે આપની ચેમ્બરમાં આવીને મળી શકે છે, એમને કોઈપણ grievances હોય તો આપના નિર્ણયની આપની પરવાનગીથી આ સભાગૃહની અંદર એ ચર્ચા ઉપસ્થિત કરી શકે છે, આજે પણ આવી કોઈપણ ચર્ચાનો પ્રયત્ન પણ નથી કર્યો, એમણે આપને મળવાનો પણ પ્રયત્ન નથી કર્યો અને આપને જાહેરમાં અને આ સભાગૃહમાં જાહેરમાં અવમાન કરવાનો પ્રયત્ન કર્યો છે જેનો આજની ચર્ચા દરમિયાન પણ એમણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સ્વીકાર કર્યો છે એટલા માટે એક વાત ચોક્કસ છે અને હું પણ માનું છું કે, ચોક્કસ એમને સરકારની ટીકા કરવાનો પૂરેપૂરો અધિકાર છે, સાહેબ, એ પણ છે કે આ સભાગૃહમાં અવ્યવસ્થા પેદા કરે તો એ અવ્યવસ્થા પેદા કરે ત્યારે નિયમ ૧૫૨ નીચે મારે નેઈમ કરવાની આપને વિનંતી કરવી છે અને પછી એ મતદાન ઉપર મુકાય એ પ્રમાણે મતદાન ઉપર મુકાયું છે. માનનીય અધ્યક્ષશ્રી, એમને નિયમોમાં ૧૫૧ કે ૧૫૨ની અંદર કયાંય, જ્યારે ગૃહ અવ્યવસ્થાની અંદર હોય ત્યારે એવું નથી કે એમને એ સભ્યોને કેમ ન સાંભળ્યા, આ એવું છે જ નહીં. મારી મુશ્કેલી આ છે અને સૌથી વધારે મુશ્કેલી તો એ છે કે, વિરોધપક્ષના નેતાશ્રી એ નિયમો વાંચતા નથી, નિયમોને જાણતા નથી, નિયમોની અવજ્ઞાઓ કરે છે અને વિશેષાધિકાર ભંગની જ્યારે નોટિસ આવે ત્યારે એમ કહે છે કે સરકારની ટીકા કરવાનો અમારો અધિકાર છે, માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસ એમને એ અધિકાર છે, સરકારની ટીકા અંદર કરે, બહાર કરે, જ્યાં કરવી હોય ત્યાં કરે અને સરકારની ટીકા કરીને પરિણામો જે આવેને એ ભોગવે, એની પણ ના નથી કે એમને લોકોને લાગે ત્યારે એ ભોગવે, લોકોને લાગે ત્યારે અમારે પણ ભોગવવાના આવે, એટલે સરકારની ટીકા કરવાનો એમનો અબાધિત અધિકાર છે, એ હું સ્વીકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપની જાહેરમાં ટીકા થાય અને આપની અવજ્ઞા થાય, આપના નિયમો અને આદેશો ઉપર એ પત્ર લખે અને એ પત્ર પ્રેસને જાય. આજે પણ એ સ્વીકારે છે કે એ પત્ર એમણે આપેલો છે અને એ પત્ર પ્રગટ થયો એમાં એમને જરાય દુઃખ નથી. જે એમણે દુઃખ વ્યકત કરવું જોઈએ એ પણ કર્યું નથી, દિલગરી પણ વ્યકત કરી નથી. એટલે એમણે વારંવાર આ સભાગૃહનું અવમાન કર્યું છે માટે હું આપને વિનંતી કરું છું કે આ સમગ્ર પ્રશ્ન વિશેષાધિકાર સમિતિને સોંપવામાં આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ એવી અપેક્ષા રાખતા હોય કે પત્ર લખતા પહેલા હું એમની સલાહ લઉં. પણ એ હું નહીં લઉં. એટલા માટે કે, એમના લોકો પણ એમની સલાહ લેતા નથી. એ ઘણાંને બત્તી પકડાવે છે પણ હવે તો એ પકડવાનું પણ ઘણાં લોકોએ બંધ કરી દીધું છે. અને વિરોધપક્ષના નેતા કેવા હોવા જોઈએ ? (અંતરાય) તમને અસંસદિય લાગતો હોય તો ન પકડતા, તમે કેમ પકડો છો બત્તી? (અંતરાય) પણ એની સામે લો મંત્રીશ્રી પણ કોઈ ક્રિમિનલ કેસમાં સંડોવાયેલા ન હોવા જોઈએ, કોર્ટમાં કેસ ચાલતો ન હોવો જોઈએ, લો જાણતા હોવા જોઈએ, એટલીસ્ટ એ ગ્રેજયુએટ તો હોવા જ જોઈએ. આ પ્રકારનું પણ છે. લો સેક્રેટરી છે એમ લો મંત્રીશ્રી પણ આ પ્રકારના હોવા જોઈએ. પણ એ નથી એમાં મારો દોષ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધું જે થયેલું છે એ બધું એમના પક્ષે થયેલું છે મારે એમાં બહુ પડવું નથી અને માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી પાછું એમ કહું છું કે, તે દિવસની ઘટનામાં ચર્ચા ચાલતી હતી પોઈન્ટ ઓફ ઓર્ડરની અને એ પોઈન્ટ ઓફ ઓર્ડરનો તે દિવસે જે ચેર પર બેઠેલ ચેરપર્સન હતા એ નિર્ણય આપે એ પહેલા સીધો જ નેઈમ કરવાનો પ્રસ્તાવ એમણે મૂકી દીધો. આશ્ચર્યજનક બાબત એ છે કે, હજુ તો પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય પણ નહોતો આવ્યો અને મતદાન ઉપર મૂકાઈ ગયું. એ વાત બહુ સાચી છે કે, અશોકભાઈના લો પ્રમાણે આ બધું ચાલતું હોત તો કોર્ટોમાં પણ કોઈને સાંભળ્યા વગર એક તરફી ચૂકાદો આપવાનો હુકમ કરી શકત. પણ દેશની કોર્ટો તો બંધારણ પ્રમાણે ચાલે છે. અહીંયા એ ઈચ્છે કે મારે કોઈને સાંભળ્યા વગર ઠરાવ પસાર કરાવી દેવો છે તો એને રોકી નહીં શકાય. પણ આખા દેશની પ્રજા, રાજયની પ્રજા મોટી કોર્ટ છે અને (અંતરાય) એ પણ નક્કી થઈ ગયું છે દેશની સંસદની ચૂંટણીઓ આવી ત્યારે, એ તમારે તે દિવસે જાણી લેવું જોઈતું હતું. "ફીલગુડ" "ફીલગુડ" બહુ ચાલ્યું હતું પણ તે દિવસે નિર્ણય દેશની પ્રજાએ કર્યો અને ૨૩માંથી ૧૨ સભ્યો ત્યાં મોકલ્યા ત્યારે એમ કહેવામાં આવતું હતું કે એક પણ કોંગ્રેસી બચ્ચાને હું દેશની સંસદમાં નહીં જવા દઉં, • * (XXX) એટલે આ માનસિકતા છે એ બરાબર નથી. હું ફરી પાછું એમ કહું છું કે, મેં પત્ર આપને લખ્યો છે, કદાચ મારે ફરિયાદ હોય તો આપને કહેવાનો અધિકાર છે પણ એમાં પણ આપના નિર્ણયની કોઈ ટીકા કરી નથી. આપના નિર્ણય બાબતે જે નિર્ણય લેવાયો હતો એ બાબતે પણ કંઈ કહ્યું નથી. જે વ્યવહાર થયો આપની સાથે અને એ દિવસે ગૃહની અંદર નહીં પણ ગૃહની બહાર પણ એ બાબતની વાત મેં આપને કરી છે. હું એવું માનું છું કે, કદાચ જો મારા સભ્યશ્રીઓ વતી મેં મારી લાગણી આપની સમક્ષ વ્યકત ન કરી હોત તો હું પણ મારા પક્ષના નેતાની ફરજમાંથી ઉણો ઉતર્યો હોત. એટલે મેં એ કરી છે અને આ બાબત જે છે, એ પત્ર જે છે એ મારો પત્ર માનનીય અશોકભાઈ પાસે પહોંચી

• * (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જતો હોય, મેં તો એમને કોપી નથી આપી, મેં એમને કોપી આપી નથી. છતાં એની પાસે ડિકટો ટુ ડિકટો કોપી મળી જતી હોય તો બીજા પાસે જતા એ કદાચ રોકી શકતા હશે પણ હું કહું છું કે આમાં આપનું અવમાન કરવાનો, આપનામાં અવિશ્વાસ વ્યકત કરવાનો જો થોડો ઘણો પણ ભાવ હોત તો માનનીય અશોકભાઈએ કહ્યું એમ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાના અધિકારનો ઉપયોગ થયો હોત. અમે એવા અધિકારનો ઉપયોગ નથી કર્યો, અમે જાહેરમાં ટીકા કરવાનું પસંદ નથી કર્યું. માત્ર અમારા પક્ષની લાગણી હતી એ આપના સમક્ષ મૂકી છે અને એ લાગણી આ વખતે જ નહીં અનેક વખતે આપના સમક્ષ આવીને મૂકી છે અને લાગણીથી રજૂઆત થઈ હોય, જે આપની સાથે ચર્ચા થઈ હોય એ વારંવાર પ્રેસમાં પણ આવતું હોય છે. એટલે આમાં મને લાગે છે કે, મારા પત્રનો આવો દૂરુપયોગ થશે માનનીય સંસદિય મંત્રીશ્રી દ્વારા એ મને ખબર ન હતી. કે એનો દૂરુપયોગ કરી અને ફરી પાછા વિધાનસભાના વિરોધપક્ષના નેતાને દબાવવાનો પ્રયાસ હોય તો એ દબાવવાના પ્રયાસની અંદર હું એમના શરણે જવાનો નથી અને જે વાત છે એ અધ્યક્ષશ્રી અને વિરોધપક્ષના નેતાની વચ્ચેની વાત છે અને એ વચ્ચેની વાત હશે તો હું જરૂરથી વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રીનું ગૌરવ જાળવવા માટે બંધાયેલો છું, કમિટેડ છું અને લેટર ઓફ સ્પિરિટની અંદર હું બંધાયેલો છું અને એના માટે મારે કદાચ માનનીય અધ્યક્ષશ્રીને મળીને વાત કરવાની આવશે તો હું જરૂરથી કરવાનો છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી એની અંદર બે વાત તરફ હું બહુ ગંભીરતાથી આ ગૃહનું ધ્યાન દોરવા માટે ઊભો થયો છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એમના વક્તવ્યમાં કોઈપણ સભ્યશ્રી કે મંત્રીશ્રીની એજ્યુકેશન ક્વૉલિફિકેશનની વાત કરી એ બાબતમાં કોઈપણ ટીકાટીપ્પણ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ન કરી શકે, આ ગૃહની પ્રણાલિકા એ નથી અને જો આવી પ્રણાલિકા પાડવી હોય તો મને ખબર નથી પડતી કે આ ગૃહની ચર્ચાઓ..

**શ્રી અર્જૂનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, મેં એમ કહ્યું કે લો મિનિસ્ટર આવા હોવા જોઈએ મેં એમ નથી કહ્યું કે અશોકભાઈ આવા છે અને છતાં બંધબેસતી પાઘડી પહેરવી હોય તો મને વાંધો નથી.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી,લો મિનિસ્ટરના એજ્યુકેશન ક્વૉલિફિકેશનની કોઈ બાબતો આ ગૃહને નક્કી કરી નથી. આ બંધારણે નક્કી કરી છે. એ સ્પેસિફિક બોલ્યા છે માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે, આપ ચર્ચા જોઈ લેજો, ચર્ચાની અંદર આ વાક્યો, શબ્દો એમના દૂર થવા જોઈએ અને જ્યાંસુધી સબ જયુડીશ મેટરનો સવાલ છે એ વાત આની અંદર ઉલ્લેખ ના થઈ શકે અને જ્યારે એમણે કહ્યું જ છે ત્યારે મારે ચોક્કસ કહેવું છે માનનીય અશોકભાઈ પર થયેલો કેસ રાજકીય કિન્નાખોરીથી નોંધવામાં આવેલો કેસ છે અને એ રીતે જો અમે કેસો નોંધવાના શરૂ કર્યા હોત અમારા શાસનની અંદર તો તમે વિરોધપક્ષના એક પણ સભ્યશ્રી આજે કેસ વગરના ના રહ્યા હોત (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે બહુ .. (અંતરાય)

**શ્રી અર્જૂનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે ધમકી ના આપી શકાય અને એમનામાં જો હિંમત હોય તો કેસ કરી જૂએ મારા પર કેસ કર્યો છે મારા પોતાના પર કેસ કર્યો છે, અમારા સભ્યશ્રીઓ પર પણ કેસો કરેલા છે (અંતરાય) અમે ડરતા પણ નથી. અમે ડરતા પણ નથી.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બેસો પ્લીઝ, ચાલો આગળ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એટલી જ વાત કરી છે માનનીય અશોકભાઈ પર થયેલો કેસ રાજકીય કિન્નાખોરીથી થયેલો કેસ છે. અમે આવા કોઈ કેસ કર્યા નથી અને કરવા માગતા પણ નથી, પરંતુ એટલી તો અપેક્ષા ચોક્કસ હોય કે આ પ્રકારના રાજકીય કેસોનો ગૃહની કાર્યવાહીને ભાગ ન બનાવીએ અને જ્યાંસુધી સવાલ છે પત્રનો, પત્ર લખવામાં કોઈ વાંધો ના હોઈ શકે આપને કોઈપણ સભ્યશ્રી પોતાની લાગણી ખાનગી પત્ર દ્વારા વ્યક્ત કરી શકે છે પરંતુ પત્રની પ્રેસ પ્રસિદ્ધિ? વિરોધપક્ષના નેતા અને અધ્યક્ષશ્રી વચ્ચેનો પત્ર વ્યવહાર ખાનગી હોય અને એને પ્રેસને આપવાનો અને પ્રેસના માધ્યમથી પોતે જે અધ્યક્ષશ્રીને ના કહી શકતા હોય એ પ્રેસના માધ્યમથી કહી દેવું આ કઈ પ્રકારની પરંપરા આપણે ઊભી કરવા માગીએ છીએ અને એની અંદર જે શબ્દપ્રયોગ થયો છે અમે છાપાઓમાંથી વાંચ્યો છે એમાં જણાવેલું છે કે આપ ફરજ ચૂક્યા છો આવું નિશ્ચિતપણે ના કહી શકાય અને આ ફક્ત અધ્યક્ષશ્રીનું અવમાન નથી સમગ્ર ગૃહનું અવમાન છે, ગુજરાતની પ્રજાનું અવમાન છે અને કોઈ રીતે આપણી ઉચ્ચ સંસદીય પ્રણાલિકાઓ જોડે બંધ બેસતું નથી, અધ્યક્ષશ્રીને આ રીતે કહેવું કે આપ ફરજ ચૂક્યા છો? આવું ન ચલાવી લેવાય માનનીય અધ્યક્ષશ્રી, અને પત્ર વ્યવહાર ખાનગી રહેવો જોઈએ અને આ ખાનગી રાખવાની જવાબદારી વિરોધપક્ષના નેતાશ્રીની છે, આ પત્રને એમણે પ્રેસના માધ્યમથી પબ્લીશ કર્યો છે અને જ્યારે આ પ્રેસની અંદર આવ્યો એ વખતે આ મુદ્દો ઉપસ્થિત થયો છું, એટલે હું નિશ્ચિતપણે માનું છું કે અશોકભાઈ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એ પૂરેપૂરો ઉચિત છે અને પ્રસ્તાવને દાખલ કરવાની મંજૂરી માનનીય અધ્યક્ષશ્રીએ આપવી જોઈએ.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા નેતાશ્રીએ આપની સમક્ષ જે લાગણી વ્યક્ત કરી છે હાઉસમાં જે પરિસ્થિતિ પેદા થઈ અને આપના કોઈ પણ રૂલિંગને ચેલેન્જ ના થઈ શકે તે વાતથી અમે પૂરા વાકેફ છીએ. ફક્ત અહીંયા જે બન્યું તે પરિસ્થિતિ તેમણે પત્ર રૂપે આપની સમક્ષ લાગણી વ્યક્ત કરી છે તે વાતને ઉખેડવા જો બેસીએ તો આપની સામે ચેલેન્જ થાય કે કોઈ સભ્ય તેમનો બાકી ના રહે કેસ વગર આ જાતની પણ વાત થઈ

શકે એટલું જ નહીં હું ભૂતકાળમાં જવા માગતો નથી પરંતુ અશોકભાઈએ આ હાઉસની અંદર મુખ્યમંત્રી પાસેથી કાગળો લઈને ફાડી નાંખીને એમ કહ્યું છે અને મુખ્યમંત્રીએ એમ કહ્યું છે કે હજુ પણ ફાડવા હોય તો બીજા આપું આવા પ્રસંગો પણ અહીંયા બનેલા છે તે ભૂતકાળને હું યાદ કરાવવા માગતો નથી. પણ અમારા નેતાએ જ્યારે જે પરિસ્થિતિ અહીંયા નિર્માણ થઈ ફક્ત એક ફરિયાદ કરવાની જગ્યા છે આપની તે લાગણી જે વ્યક્ત કરી છે તે લાગણીને જો આ રીતે મૂલવવામાં આવતી હોય તો મને લાગે છે કે તે બરાબર થતું નથી અને એટલે અમે અમારા અધિકારનું આપની પાસે રક્ષણ માગીએ છીએ અને જે વાત છે તે વાતને આપ તટસ્થતાથી મૂલવો, તમે જુઓ વિડિઓ થઈ છે તેની તપાસ કરો. એટલું જ નહીં પણ આપની રૂબરૂમાં પણ કેટલી વાતો થઈ છે તે આપ પણ પોતે જાણો છો અને આપે તે દિવસે સ્પષ્ટ કહ્યું હતું કે આજના દિવસે હું ભારેમાં ભારે દુ:ખી છું. તો આ બધી પરિસ્થિતિ જે નિર્માણ થઈ છે આજે વિરોધપક્ષના નેતા ઉપર આ જાતનું આરોપણ કરીને જે જાતની દરખાસ્ત લઈ આવવામાં આવી છે આમાં મને લાગે છે આ વસ્તુમાં અમને પૂરો ન્યાય મળવો જોઈએ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિપક્ષના સાથીઓ વારંવાર અધિકારની વાત કરે છે તો અધિકારની બીજી બાજુ ફરજની પણ છે. માનનીય વિપક્ષના નેતાએ આપને પત્ર લખ્યો અને હવે જેની જાહેર ચર્ચા છે જે આપના બન્નેનાં વચ્ચેની વાત છે તેમાં આખી ઘટના વગડામાં ના બોલી શકાય એવી ગાળો બોલાઈ. મારા સાથી વિપક્ષના સભ્યો તેને કારણે ઉપસ્થિત થઈ છે તેનું કોઈ નિરૂપણ, માફી માગવી કે તેના વિશે દિલગીરી વ્યકત કરવી તેની કોઈ ચર્ચા જ નથી થતી. આમાં ગૃહે ભૂંડા બોલી જે કહી શકાય એવી ગંદી ગાળો આ ગૃહમાં ભૂતકાળમાં કયારેય બોલાઈ નથી અને ભૂતકાળની વાત નથી કરી તેમ કરીને કહેવામાં આવે છે તો મારે પણ તે જ ભાષામાં વાત કરવી છે તે વખતનો ૧૯૯૬નો હું સાક્ષી છું આ માઈકો તોડીને અધ્યક્ષશ્રી ઉપર નાંખવામાં આવેલા તે સામી પાટલીના લોકોએ જ અને આવા સંજોગોમાં અધ્યક્ષશ્રી તેમની ફરજ ચૂક્યા છે એવો પત્ર લખી અને લખીને ઇરાદાપૂર્વક પ્રેસને લીક કરવો આ ઉચિત નથી અને એ આખી ઘટના તે જ્યારે પોતે વાત કરી છે, સમાજના લોકોએ તેની નોંધ લીધી છે સાચી વાત છે સમાજના લોકોએ નોંધ લીધી છે કે વિપક્ષના નેતા થઈને અધ્યક્ષશ્રીને પત્ર લખે કે તમે ફરજ ચૂક્યા છો એવી શિખામણ આપવાની વાત અને અત્યારે પોતાના બે વખતના પ્રવચનમાં પણ ગર્ભિત ધમકી આપે છે એમ કહેવામાં આવે છે કે અમે ધાર્યુ હોત તો અવિશ્વાસની દરખાસ્ત તમારી સમક્ષ લાવી શક્યા હોત આ પણ એક ગંભીર ચિંતાનો વિષય છે. હું તેને ગર્ભિત ધમકી જ માનું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી તે અશોકભાઈએ એમ કહ્યું કે અવિશ્વાસની દરખાસ્ત લઈ આવી શક્યા હોત. મેં માત્ર એમનો રેફરન્સ આપીને વાત કરી છે કે અશોકભાઈએ જે વાત કરી છે કે અમે લઈ આવી શક્યા હોત. અમે નથી લઈ આવ્યા એટલા માટે કે અમને આપના વિવેકની અંદર, આપના નિર્ણયોની અંદર શ્રદ્ધા છે એટલા માટે નથી લઈ આવ્યા. પણ તેની પહેલાં જે અમારું દુ:ખ કે લાગણી છે તે આપની સમક્ષ પત્ર દ્વારા મેં રજૂ કરી છે. આ ગર્ભિત ધમકી નથી એવું ઈન્ટરપ્રિટેશન ખોટું કરી અને ગાળોની વાત કરે છે તો ગાળો કયાંથી બોલાઈ તેને હું હજુ ચેલેન્જ કરું છું આ વિડિઓગ્રાફીની અંદર છે. આપણે બધા જાહેરની અંદર જોઈએ અને જોઈને ખાત્રી થાય કે કોણ ગાળો બોલ્યું છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ગાળો કોણ બોલ્યું છે તે તો જે તે વખતે બધાએ સાંભળી છે અને આ પ્રકારનો વ્યવહાર પછી કોઈ પણ પ્રકારની દિલગીરી વ્યક્ત કરવાની કોઈ ચર્ચા જ નથી થતી અને અધિકારની વાત કરવામાં આવે છે આ કેવા પ્રકારનો અધિકાર? અમે લોકશાહીમાં સંપૂર્ણપણે માનીએ છીએ. કોઈ પણ પ્રકારના વાજબી આક્ષેપ માનનીય મુખ્યમંત્રીશ્રી પણ અમને કહે છે કે તમે બધા બેસીને તેમની ટીકા સાંભળો તે ટીકામાંથી આપણે કંઈક સરકાર તરીકે કહેવાનું હોય, કરવાનું હોય તો આપણે તેમનો અમલ કરીએ એવી તો અમારા માનનીય નેતાશ્રી અમને શિખામણ આપે છે. એટલે તમારી ટિપ્પણીથી, તમારા આક્ષેપોથી અમે સહેજ પણ અકળાતા નથી, અમે સહેજ પણ ડરતા નથી. તમે ચોક્કસ જિંદગી આખી આ જ કર્યા કરો એવી અમારી શુભેચ્છા છે તમને. અમને કંઈ વાંધો નથી. પણ તેની પાછળ અધિકારની પાછળ પાછી ગર્ભિત ધમકીઓ આપવી તે વાજબી નથી. માનનીય અશોકભાઈ ભટ્ટે જે કંઈ પણ મુદ્દો ઉપસ્થિત કર્યો છે તે મુદ્દાને મારું સમર્થન છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે માણસ કોર્ટમાં કેસ હારી જાય છે, ત્યારે અપ્રસ્તુત દલીલો તરફ જતા હોય છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે દલીલો અહીંયા કરી, એમને એમ લાગ્યું કે હું મારો કેસ હારી જાંઉ છું. એટલે હંમેશા જયારે કેસ હારી જાય ત્યારે અપ્રસ્તુત દલીલો, બેજવાબદાર સ્ટેટમેન્ટો અને ખોટા આક્ષેપો કરતા હોય છે. એમ કરતા કરતા કેટલાક શબ્દો જે એમના પોતાના માટે સાચા છે એવા પણ પ્રગટતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે એક બત્તી શબ્દ વાપર્યો. બત્તી શબ્દ બહુ જાણીતો છે. મને ખબર છે કે તેઓ જયારથી વિરોધપક્ષના નેતા બન્યા ત્યારથી નિયમો, પાર્લામેન્ટરી પ્રેકટીસ. એનો આધાર કયારેય લેતા નથી. હું જયારે એમના નિવેદનો જોઉં છું, ત્યારે ઘણા પત્રકારો મને આવીને કહી જાય છે કે વિરોધપક્ષના નેતાને અમે બત્તી પકડાવી અને આજે એમણે નિવેદન કર્યુ. એમને મારી આદત પડી ગઈ છે. સાહેબ, હું જે બત્તી પકડું છું, એમાંથી આગ પેદા થાય છે, એમાંથી લોકોને દીવો દેખાય છે, અને એમણે જે બત્તી પકડી, એમાંથી એમની પોતાની જ દાઢી બળતી દેખાય છે. જે કેસની વાત કરવામાં આવી એની વિગતોમાં હું નહીં ઉતરું, કારણ કે મારા સાથી મિત્ર શ્રી

અમિતભાઈએ કહ્યું છે, પરંતુ આદરણીય ચંદ્રિકાબેનને કહું કે જે પ્રકારનો કાનુનોનો દુરૂપયોગ સોલંકી સરકારની અંદર થયો હતો, વિરોધપક્ષની ઉપર, એવો દુરૂપયોગ આજે નથી થયો, એ સૌએ સ્વીકાર્યુ છે. એને પરિણામે જ ગુજરાતમાં કોંગ્રેસના પતનનું કારણ કાયદાના દુરૂપયોગથી થયેલું છે. એટલે જ હું કહું છું કે જે પ્રયત્નો થયા છે, અને એ (અંતરાય) ચિંતા ન કરતા, બાબુભાઈ. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે આ સભાગૃહની વાતને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, વિશેષાધિકાર ભંગનો મુદ્દો બન્યો છે કે નથી બન્યો, એ માટે પહેલો અહેવાલ જે વિશેષાધિકાર સમિતિએ આપેલો હતો, આદરણીય સ્વર્ગીય દિવ્યકાન્ત નાણાવટીએ અને એમણે સભાગૃહની બહાર આવા સ્ટેટમેન્ટ થઈ શકે કે નહીં, એ માટે આ રીપોર્ટમાં પાના ૨૩ ઉપર નોંધેલું છે. પાર્લામેન્ટ તથા રાજય વિધાન મંડળને અનુક્રમે ભારતના બંધારણની કલમ ૧૦૫ તથા કલમ ૧૯૪ અન્વયે બ્રિટીશ હાઉસ ઓફ કોમન્સ તરફથી વારસામાં મળેલ વિશેષાધિકારની રૂએ આ સભાગૃહની કાર્યવાહી સામે સભાગૃહની બહાર કોઈપણ સ્થળે વાંધો ઉઠાવી શકાતો નથી કે તેને પડકારી શકાતો નથી. એ પરિસ્થિતિને સમિતિ વળગી રહેવા માગે છે. એટલે ગુજરાત વિધાનસભાની વિશેષાધિકાર સમિતિએ આ અહેવાલમાં પણ કહ્યું છે કે આ સભાગૃહમાં જે કાંઈપણ નિર્ણયો થયા હોય એને બહાર પડકારી શકાતા નથી. આના કરતાં વધારે શું? મુશ્કેલી મારી આ જ છે કે મેં એમને કીધું જ નથી કે તમે આ નથી. મેં તો માત્ર એટલું જ કીધું છે કે ઓપોઝિશનના લીડર સ્કિલ હોવા જોઈએ. હું કાયદામંત્રી છું, માટે લોનો ગ્રેજયુએટ હોવો જોઈએ કે ન હોવો જોઈએ, એવું કોઈ ચોપડીમાં કહ્યું હોય તો બતાવે. પરંતુ મારે એમને કહેવું પડે છે કે ગુજરાતના મુખ્ય ન્યાયમૂર્તિએ ગુજરાતમાં ગામેગામ જાહેરસભામાં જઈનૈ કીધું છે કે આ કાયદામંત્રીશ્રીના આવ્યા પછી ગુજરાતની અંદર ન્યાયતંત્ર સબળ બન્યું છે, ન્યાયતંત્રને જોઈએ તેટલું ઈન્ફ્રાસ્ટ્રકચર મળ્યું છે. ગુજરાતની હાઈકોર્ટે પ્રગટ કરેલા અહેવાલમાં ચીફ જસ્ટિસ અને ચીફ મિનિસ્ટર્સ કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રીએ અને ગુજરાત સરકારે અને કાયદા વિભાગે શું કર્યુ એનો એક આખો અહેવાલ પ્રગટ કરીને દેશની પાસે મૂકેલો છે, અને એ પણ હું આજે એમને મોકલી આપીશ. એટલે કોણ શું કરી શકે છે તે હું આપને કહી શકું તેમ છું. એટલે હું આપને કહેવા માગું છું કે મેં ઉપસ્થિત કરેલ એકપણ મુદ્દાનો વિરોધપક્ષના નેતાશ્રી પાસે બચાવ નથી. એટલા માટે એમણે આક્ષેપાત્મક રીતે શબ્દો વાપર્યા છે. એ શબ્દો એમના મોંમાં જ શોભે, કારણ કે આ જ ભાષાથી એ ટેવાયેલા છે. એ ભાષા એમની ઓળખ છે. એટલે એ ભાષાઓ કે એ શબ્દો માટે હું ટીકા કરતો નથી. મને તો એમ હતું કે એ કોલ-શકધરનું બીજું કોઈપણ પાનું કાઢીને મને બતાવશે કે કોલ-શકધરે આમ પણ કીધું છે. હાઉસ ઓફ કોમન્સે આમ પણ કીધું છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, જેમનામાં સ્કિલ ન હોય, જેમનામાં પાર્લામેન્ટરી ટ્રીક ન હોય, એની પાસે હું વધારે આશા રાખતો નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ આ જે પ્રસ્તાવ લાવ્યા છે, એમાં બે ત્રણ વાતો ઉપર એટલા માટે જાઉં છું કે આવનાર સમય અને આવનાર પરિસ્થિતિ કદાચન છે ને આ જ પરિસ્થિતિ નિર્માણ થાય તો આખી પરિસ્થિતિ બદલાઈ જાય. અમારા માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ બહુ સાચી વાત કરી કે જે લોકો કદાચન્, ટીકાટિપ્પણ તો ઘણીબધી ઘણાબધા લેવલે થાય છે, પરંતુ બે સભ્યશ્રીઓ માત્ર કરી હતી અને બે સભ્યશ્રીઓએ જે કરી એમાં સામસામે કેટલી બધી ટીકાટિપ્પણ થઈ છે એના માટે મારી તો એક જ વિનંતી છે કે ગુજરાતમાં એનો જે પડઘો પડયો છે, પક્ષે એનો જે પડઘો પડયો છે અને જે રીતે આ થયું એનાથી આખા ગુજરાતમાં બહુ ખરાબ પડઘો પડયો છે. એટલે મારી તો વિનંતી છે કે ખરેખર આની જે વિડિયોગ્રાફીનું રેકોર્ડિંગ છે એ કોઈ તટસ્થ માણસોની રૂબરૂમાં જોવું જોઈએ કે ખરેખર આવી પ્રવૃત્તિ થઈ છે અને થઈ છે તો એમાં ખરેખર કોણ કોણ અને કેટલી હદે ગુનેગાર છે?

બીજી મારી વાત એ હતી કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી પણ એક જવાબદાર વ્યકિત છે કે જેઓ પોતાના સભ્યશ્રીઓને ન્યાય મળે એના ભાગરૂપે અહીંયાં આગળ જયારે એ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીને વાત કરતા હોય ત્યારે એની અંદર જે આ વાત ચાલતી હતી ત્યારે એક સમયે એકી સાથે આ રીતે નેઈમ કરીને, એકપણ તક આપ્યા વિના જે પ્રમાણે આ કરવામાં આવ્યું અને એમાં ૨ ના બદલે ૬ વ્યકિતઓને નેઈમ કરવામાં આવ્યા, પરંતુ માનનીય પૂંજાભાઈ તો મને ખ્યાલ છે કે અહીંયાં બેઠેલા હતા, તો આ રીતે ૬ જણને એકીસાથે આ રીતે સસ્પેન્ડ કરવામાં આવ્યા અને માનનીય અધ્યક્ષશ્રી, અમે આપની ચેમ્બરમાં આવ્યા અને ત્યાં આગળ પણ આવી વાત કરી છે ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીની ફરજ થઈ જાય છે નહીંતર કોઈપણ સભ્યશ્રી આજની તારીખમાં અહીંયાં ઉભા થઈને બોલી શકશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આ સત્ર ચાલુ થયું અને આમાં આ સત્ર પૂરું થાય ત્યાં સુધીની મુદત માટે એમને સસ્પેન્ડ કરવામાં આવે એવું તો મેં આ ત્રણ વર્ષ સુધી આવું કયાંય જોયું નથી, આ પહેલી વખત આવું જોયું છે અને આ લાગણીમાં આવીને એક માત્ર, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કોઈ કાગળ લીક કર્યો નથી. એનું માત્ર જે અર્થઘટન થાય છે એ કાગળ લીક નહીં, પરંતુ ને બિલની પરિભાષા હતી એ પરિભાષાના ભાગરૂપે આપને પત્ર લખ્યો છે એમાં હું પણ એ દિવસે એમની સાથે હતો અને અહીંથી આ થયા પછી તુરત જ આપને મળવા આવ્યા હતા, અમારા સાથી સભ્યશ્રીઓ પણ મળવા આવ્યા હતા એ વખતે અંદર માનનીય અધ્યક્ષશ્રીની ખૂરશી આગળ શું બનાવો બન્યા એ પણ આપશ્રી સારી રીતે જાણો છો અને એ રીતે જો વિશેષાધિકાર ભંગ કદાચન્ જો વિરોધપક્ષના નેતાશ્રી સામે લાવીએ તો મને એવું લાગે છે કે તો આવનાર સમય વિરોધપક્ષના નેતાશ્રી સહિત તમામ સભ્યશ્રીઓ

આ ગૃહમાં સાચી વાત નહીં કરી શકે અને એકમાત્ર એકતરફી જ વાત કરી શકે એવા સંજોગો ઉભા થશે ત્યારે મારી તો વિનંતી છે કે આજે માગણીઓનો દિવસ છે અને માગણીઓ ઉપર બોલવાનો આપણને બહુ જ ઓછો સમય મળે છે ત્યારે આવી વાત ઉપસ્થિત કરવામાં આવે અને આ સંજોગો જે ઉભા થયા છે એ તેમણે તેમના પ્રવચનમાં પણ કહયું છે માટે ગમે તે સંજોગોમાં આ પરત ખેંચી લેવી જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, બાબુભાઈ, આની બહુ ચર્ચા થઈ ગઈ છે, ઘણી ચર્ચા થઈ ગઈ છે (અંતરાય)

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો તો એક જ મુદ્દો છે કે...(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, બાબુભાઈને તેમની વાત મૂકવાની તક આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : ઘણી બધી વાતો માટે તક આપી જ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : બીજા બધા બોલ્યા છે, તો બાબુભાઈને પણ એમની વાત કરવાની તક આપવી જોઈએ. બાબુભાઈને આપ બોલવા માટેની તક આપો. (અંતરાય) હું તો માત્ર બે મિનિટ જ બોલીશ, મારે તો એક જ મિનિટ વાત કરવી છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ ત્રણવાર બોલ્યા છો, નહીં, માનનીય બાબુભાઈ, આપ કહો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના જાહેર જીવનમાં કદાચ મારા મિત્ર શ્રી અશોકભાઈને હું સૌથી વધારે ઓળખું છું કે તેમની કોઈ જોડી નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ તેમણે જે નિવેદન કર્યુ એના જવાબમાં એમણે એટલું પણ કહયું છે કે આપ આની જે વિડિયોગ્રાફી છે એ જોઈ લો અને એ સાથે આપની સાથે ચર્ચા કરવા પણ તૈયાર છીએ. એ પછી વિરોધપક્ષના નેતાશ્રી કેવા હોવા જોઈએ અને સામે કાયદા મંત્રીશ્રી કેવા હોવા જોઈએ એના માટેની પોતાની શ્રેષ્ઠતા કોણે કોણે કહી એ પણ કાયદામંત્રીશ્રી પાસેથી આપણે સાંભળી લીધું અને એ આપણે સ્વીકારીએ પણ છીએ કારણ કે કારણ કે માનનીય અશોકભાઈ પવનની સાથે વળાંક આપે એવા છે માટે બધાને સારા લાગતા હશે અને એટલે મને પણ સારા લાગે છે. પણ તેના કારણે પરિસ્થિતિમાં કોઈ ફેર પડે? આપના મારફત મારે દુ:ખ સાથે કહેવું છે કે આ ગૃહના સંસદીય મંત્રી અને ટ્રેઝરી બેચની જવાબદારી આ હાઉસ ચલાવવાની હોય છે. વારંવાર સરકાર તરફથી આડખલીઓ થાય તેનો એક દાખલો આપવો છે કે આ ગૃહમાં અતિ શોચનીય બનાવની હું યાદ દેવડાવવા માગું છું કે માનનીય હરિશ્ચંદ્રભાઈના અવસાન બાદ જયારે શોક પ્રસ્તાવ માટે આ ગૃહ મળેલું તે વખતે શોક પ્રસ્તાવને બદલે વિશ્વાસની દરખાસ્ત એમણે કરેલી, અને તે પછી તેનું કંઈ વળ્યું નહોતું અને આખરે લોકશાહીમાં જે થાય તે જ થયું. અને તે પછી પણ પોતાની સરકાર ટકાવી શકયા નહોતા. એટલે આ પ્રકારે ગૃહનો સમય બગાડવા માટે માનનીય અશોકભાઈ માહેર છે. આજે સિંચાઈ, પાણી પુરવઠા અને વાહન વ્યવહાર એવા ત્રણ અગત્યના વિષયોની ચર્ચા છે અને બિન સરકારી ઠરાવો પણ આજે ગુરુવારનો દિવસ હોવાથી લેવાના છે. ત્યારે એ માટેનો સમય કોણ લંબાવી આપશે? તેથી આ રીતે સભાગૃહનો સમય કપાઈ જાય છે તેના કારણે માનનીય સભ્યશ્રીઓને પોતાના વિચારો રજૂ કરવા હોય છે તે કરી શકતા નથી. એટલે મારે આપને નમ્ર સૂચન કરવાનું છે કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને થોડી સ્પષ્ટતા કરવાની છે, આપની પાસે આવીને ચર્ચા કરવા માગે છે તે પછી આપ આપનો જે નિર્ણય આપવો હોય તે આપો એટલી જ એમની વાત છે.

**અધ્યક્ષશ્રી** : આ ચર્ચાને અંતે મને એવું લાગે છે કે પ્રાથમિક દ્રષ્ટિએ આ વિશેષાધિકારનો ભંગ થતો હોય તેવું દેખાય છે. અને એટલા માટે હું તેની તપાસ અને અહેવાલ આપવા માટે આ દરખાસ્ત વિશેષાધિકાર સમિતિને સોંપુ છું.

(આ સમયે દરખાસ્તના સમર્થનમાં ૧૦ કરતાં વધુ સભ્યો પોતાની જગ્યાએ ઉભા થયા)

**અધ્યક્ષશ્રી** : દસ કરતાં વધારે સભ્યો થઈ જાય છે.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને થયેલ નુકસાન બાબત

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમોના નિયમ ૧૧૬ અન્વયે નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું.

"તા. ૮-૩-૦૬ ના રોજ બપોર પછી રાજયમાં થયેલ કમોસમી વરસાદના કારણે કેરીનો પાક ખરી પડયો છે. જીરૂ, કપાસ અને ઘઉંના ઉભા પાકને ભારે નુકસાન થયું છે તેમજ માર્કેટીંગ યાર્ડમાં તૈયાર પડેલ પાકના ઢગલા પલળી જવાથી ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. શિયાળુ પાકની મોસમ વખતે ત્રાટકેલ કમોસમી વરસાદથી ખેડૂતોને ભારે આર્થિક નુકસાન થયું છે ત્યારે તેમને આર્થિક પાયમાલ થતા અટકાવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં તા. ૮-૩-૨૦૦૬ના રોજ બપોર પછી રાજયમાં થયેલ કમોસમી વરસાદના કારણે ખેતી તથા બાગાયતી પાકોમાં ૧૦૦૭૭૭ હેકટરમાં રૂા. ૩૦૬૦.૮૯ લાખનું નુકસાન થયાનો પ્રાથમિક અંદાજ છે. જયારે માર્કેટીંગ યાર્ડમાં તૈયાર પડેલ ખેડૂતોના પાકના ઢગલા પલળી જવાથી રૂા. ૭૨.૧૪ લાખનું નુકસાન થયાનો અંદાજ છે.

કુદરતી પરિબળોથી પાકને થતા નુકસાન સામે ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે તે માટે કેન્દ્ર સરકારની માર્ગદર્શક સૂચના મુજબ રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના રાજયમાં અમલી છે. આ યોજના હેઠળ ડીફાઈન્ડ કરેલ તાલુકાઓમાં નિયત થયેલ પાકોને પાક વીમા હેઠળ આવરી લેવામાં આવેલ છે. આથી જે તાલુકામાં કુદરતી પરિબળોને કારણે પાકને નુકસાન થવાથી તાલુકાની સરેરાશ ઉપજ તેની થ્રેસહોલ્ડ ઉપજ કરતાં ઘટશે તો તે ઘટાડાના પ્રમાણમાં તે તાલુકાના પાક વીમાનું કવરેજ લીધેલ ખેડૂતોને યોજનાની જોગવાઈ મુજબ પાક વીમાની રકમ ભારતીય કૃષિ વીમા કંપની દ્વારા ચૂકવવામાં આવશે.

હાલમાં પ્રવર્તમાન નીતિ નિયમો મુજબ સહાય મંજૂર કરવા પાત્ર હશે તો ચુકવવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૮મી તારીખે કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ અને માવઠાને કારણે ખાસકરીને ઘઉં, કપાસ, ઈસબગુલ, કેરી વગેરે ઉભા પાકને ભારે નુકસાન થયું છે. ખેતીના પાક અને બાગાયત પાકમાં લગભગ ૧ લાખ ૭૭૭ હેકટર જેટલા પાકમાં નુકસાન થયું છે. અને તેને કારણે ૩૦૬૦.૮૯ લાખ જેટલું પાકને નુકસાન થયું છે, તેની સાથે માર્કેટયાર્ડમાં જે તૈયાર પાકના ઢગલા હતા તે પલળી જવાથી ૬૦ ટકા જેટલું નુકસાન એ ઢગલાઓને પણ થયું છે. અને એ ૭૨.૧૪ લાખ રૂપિયાનું તૈયાર પાકને એ રીતેનુકસાન થયું છે. માનનીય મંત્રીશ્રીએ પોતાના નિવેદનમાં પાક વીમાનો ઉલ્લેખ કર્યો છે. હું એમ માનું છું કે રાજય સરકાર પોતાની જવાબદારીમાંથી નીકળી જવા માગે છે. હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું અને સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે મારી જાણ મુજબ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં આ વરસાદમાં વીજળી પડવાને કારણે બે વ્યકિતઓના મૃત્યુ થયાં છે.

ચોટીલા તાલુકામાં એક વ્યકિતનું મૃત્યુ થયું છે. વરસાદની સાથે સાથે કરા પડવાથી સાત જેટલા પશુઓના પણ મૃત્યુ થયા છે અને સાત જેટલી વ્યકિતઓને ઈજા થયેલ છે. કેટલાક મકાનોને પણ નુકસાન થયેલ છે. ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વીજળી પડવાથી મૃત્યુ થયાં એના વારસદારોને વળતર આપવા માગો છો કે કેમ? એની સાથે પશુઓના મૃત્યુ થયા છે, અમુકને ઈજા થયેલ છે અને મકાનોને પણ નુકસાન થયેલ છે એના માટે રાજય સરકાર સહાય ચૂકવવા માગે છે કે કેમ? એક વાત મંત્રીશ્રીએ સ્વીકારી છે કે જે રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના છે એ યોજનમાંથી કેન્દ્ર સરકાર દ્વારા જે કંઈ નુકસાન થયું હોય એ પ્રમાણે પાક વીમાની રકમ ચૂકવવાની થશે અને મારો ત્રીજો પ્રશ્ન છે કે આની પહેલાના વરસોની પાક વીમા યોજનાની રકમ બાકી છે ત્યારે ખેડૂતોને હંમેશા કુદરતી આફતોથી નુકસાન થયું અથવા કૃત્રિમ રીતે નુકસાન થયું હોય ત્યારે પાક વીમાની રકમ સમયસર મળે તો ખેડૂતો આર્થિક રીતે પાયમાલ ન થાય. આજની તારીખે અગાઉના ૧૯૯૩-૯૪ અને ૨૦૦૪-૨૦૦૫ના કેસો પણ પડતર છે. અત્યારે કુદરતી આપત્તિ છે એની પાક વીમામાં ગણતરી કરીએ અને રાજય સરકાર બીજી સહાય ન કરે તો ખેડૂતોને આર્થિક રીતે ખૂબ જ નુકસાન થશે. અગાઉના પાક વીમાના પૈસા હજી બીજા બે-ત્રણ વર્ષ સુધી મળશે કે કેમ એ નક્કી નથી તો રાજય સરકાર આ જવાબદારીમાંથી બહાર ન નીકળી શકે, આ જવાબદારીમાંથી છટક્યા વગર ખેડૂતોને જે નુકસાન થયું છે એ નુકસાન ભરપાઈ કરવા માગે છે કે કેમ? બીજું કે ૨૦૦૪-૨૦૦૫ના વર્ષ પહેલાના પાક વીમાના પૈસા બાકી છે એના માટે શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માવઠાથી થયેલ નુકસાન અંગે ખેડૂતોની લાગણીઓનો માનનીય સભ્યશ્રીએ પડઘો પાડ્યો એમાંથી રાજય સરકાર છટકવા માગતી નથી અને છટકી શકે પણ નહિ. રાજય સરકારે નિયમ અનુસાર જે કાર્યવાહી કરવાની હોય એ પાક વીમાની રકમની ચૂકવણીમાં રાજય સરકાર ૫૦ ટકા રકમ આપે છે. આ પાક વીમાની રકમ ઝડપથી મળી જાય એના માટે રાજય સરકારે કાર્યવાહી શરૂ કરી દીધી છે. તરત જ આના અંદાજો કાઢી મોકલવા જણાવેલ છે. અમે ૧૦-૩-૨૦૦૬ના રોજ ત્રણ કલાક બેસીને ગુજરાત રાજયના કલેકટરશ્રીઓને એક વિડિયો કોન્ફરન્સમાં મેં અને અમારા અધિક મુખ્ય સચિવ, તથા કૃષિ વિભાગના ડાયરેકટરે (બાયાગત) રાજયના બધા જ કલેકટરોને આની ગંભીર નોંધ લઈને અંદાજો મોકલી આપવા માટે જણાવેલ છે. તાત્કાલિક ધોરણે પાક વીમાની રકમની જે કંઈ કાર્યવાહી ખેડૂતોને મળી શકે એના માટે બધા જ સૂચનો કરીને હુકમો પણ કર્યા છે. માનવ હાનિ અને પશુ હાનિ અને મકાનોને નુકસાન થયેલ છે આ બધું જ કામ મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ વિભાગ દ્વારા આની ઝડપથી કાર્યવાહી થાય એના માટે મારા સાથી મહેસૂલ મંત્રીશ્રીએ એના વિભાગની કામગીરી ઝડપથી શરૂ કરી છે. અગાઉની પાક વીમાની રકમ બાકી છે એની ચર્ચા માટે અલગ નોટિસ આપવી પડે. પરંતુ અગાઉની જે બાકી રકમો છે એ રકમો ખેડૂતોને વહેલી તકે મળે એના માટે જે કંઈ ચકાસણીની પ્રક્રિયા છે એ પ્રક્રિયા અત્યારે હાથ ઉપર છે. એ પણ ઝડપથી અને સમયસર મળી જાય એના માટે રાજય સરકાર પ્રયત્નશીલ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : હું ફક્ત એટલું જ જાણવા માગું છું કે મારી જાણ મુજબ જે માહિતી છે એ પ્રમાણે અમરેલી જિલ્લામાં વીજળી પડવાથી બે જણાના મૃત્યુ થયા છે અને ચોટીલા તાલુકામાં એકનું મૃત્યુ થયું છે. એની માહિતી તો જિલ્લા કક્ષાએથી ટેલિફોન દ્વારા મેળવી શકો છો. ત્યારે મારી આપને વિનંતી છે કે જે પશુઓ મૃત્યુ પામ્યા અને વ્યકિતઓ મૃત્યુ પામ્યા એમને તાત્કાલિક સહાય મળે. જે પશુઓ મૃત્યુ પામ્યા એના માલિકોને અને જે વ્યકિતઓ મૃત્યુ પામ્યા એના વારસદારોને નિશ્ચિત રકમ સહાયરૂપે આપવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : નિયમ અનુસાર સમયસર મહેસૂલ વિભાગ તરફથી સહાય મળી ગઈ હશે. જો નહિ મળી હોય તો ટૂંક સમયમાં મળી જશે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હમણાં જે કમોસમી વરસાદને કારણે ખેડૂતોને પારાવાર નુકસાન થયું તેમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે પાકવીમો તેને ચૂકવવામાં આવશે. તો દરેક જગ્યાએ તો તલાટી-મંત્રીની નોંધમાંથી જો આ લેવામાં આવે તો લગભગ ખેડૂતોએ આવો પાક નોંધાવેલો હોતો નથી. જીરૂ, કપાસ, ઘઉં, રાયડો. તો તેના આધારે લેવામાં આવશે તો ઘણાં બધા ખેડૂતો તેનાથી વંચિત રહી જશે. આમાં વીમો કયા પ્રકારનો છે, ખેડૂતોએ પ્રીમિયમ ભર્યું છે કે સરકારે આવા વીમા નીચે ખેડૂતોને આવરી લીધા છે? બીજું જે આમાં બતાવ્યું છે કે ડીફાઈન્ડ કરેલ તાલુકાઓમાં તો એ એવી કઈ કન્ડીશન છે કે આખા ગુજરાતમાં જ્યાં જ્યાં નુકસાન થયું હોય તે તમામ તાલુકાઓ આવી જાય છે કે કેમ અને પાક વીમો જેવો શબ્દ વાપરવામાં આવ્યો છે તો જે નુકસાન થયું હોય તેમાં, તો પાક વીમો હોય કે ન હોય અથવા તલાટી-મંત્રીને ત્યાં ખેડૂતે નોંધ કરાવી હોય અથવા ન પણ કરાવી હોય, તલાટી-મંત્રીઓ ન મળવાથી ઘણી વખત આવા પાકની નોંધો રહી જતી હોય છે.તો આવા ખેડૂતોને ખાસ કિસ્સા તરીકે સરકાર વળતર આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત ધિરાણ લે છે તેમાંથી પ્રીમિયમ ભરાય છે અને માની લો કે તેણે ધિરાણ ન લીધું હોય તો બેંકમાં પ્રીમિયમ જમા કરાવીને વીમો મેળવી શકે છે. એટલે જે ખેડૂતે વીમો લીધો હશે તેને જ મળશે. મને જણાવતાં આનંદ થાય છે કે અત્યાર સુધી જે પાકો હતા તેમાં રાજય સરકારના પ્રયત્નને કારણે જીરૂ, ઈસબગુલ, વરિયાળી, ડુંગળી અને લસણના પાકનો પણ સમાવેશ આ વખતે કરવામાં આવ્યો છે. આ પાકોના નુકસાન માટે આ વખતે તેનું વળતર આપવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન એ છે કે જે કમોસમી વરસાદ પડ્યો તેના કારણે ખેડૂતોને જે નુકસાન થયું તેમાં રાજય સરકારે કોઈ સહાય નિયમ મુજબની કે કોઈ ખાસ કિસ્સા તરીકે કરી છે કે કેમ? માનનીય સભ્યશ્રી એ જાણવા માગતા હતા કે ખેડૂતોને આ વખતે વધારે તકલીફ છે એટલે વધારે ચિંતાનો વિષય છે. મગફળી ૪૦૦થી ૪૫૦ રૂપિયે ૨૦ કિલો વેચાતી હતી એ આ વખતે ૩૦૦-૩૨૫માં કોઈ લેવા તૈયાર નથી. આ જ પરિસ્થિતિ ડુંગળી પકવનાર ખેડૂતોની છે. આ જ પરિસ્થિતિ બીજાં પાકો પકવનાર ખેડૂતોની છે. તો તેને કારણે તો તેમના ઉપર માર પડેલો છે. પણ વધારામાં જે પરિસ્થિતિ કમોસમી વરસાદના કારણે ઉભી થઈ તેમાં નિયમ મુજબ મળવાપાત્ર વીમાની રકમ છે, બીજી રકમો છે એ તો વીમો લીધો હશે એટલા ખેડૂતો પૂરતી મળવાની છે. પણ એ સિવાય જે નુકસાન થયું છે માનનીય મંત્રીશ્રીના જવાબ મુજબ ૩૦ કરોડ ૬૦ લાખનું નુકસાન બાગાયતી પાક અને બીજાં ખેતીના પાકોને થયું છે. જે તૈયાર માલ છે તેને ૭૪.૧૪ લાખનું નુકસાન થયું છે. તો આમાં રાજય સરકાર પોતે કોઈ જોગવાઈ કરીને આ ખેડૂતોને મદદરૂપ થવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મેં શરૂઆતમાં જ કહ્યું હતું કે રાજય સરકાર નિયમ અનુસાર જ કાર્યવાહી કરે અને કરી શકે. પાક વીમો વહેલીતકે મળે તેને માટેની કાર્યવાહી રાજય સરકાર કરશે. કોઈ ખાસ કિસ્સા તરીકે અને જ્યારે ખેડૂતોની વાત માનનીય વિરોધપક્ષના નેતા કરે છે ત્યારે આટલા વર્ષોમાં રાજય સરકારની જળસંચયની સારી કામગીરી અને ઈશ્વરની મહેરબાનીથી વરસાદ સારો પડ્યો તેના કારણે ભૂતકાળના ગત વર્ષો કરતાં ખેડૂતોની પરિસ્થિતિ આ વખતે ઘણી સારી છે. નુકસાનના આંકડાઓ સાથે હું સંમત છું. ૩૧.૩૩ લાખનું નુકસાન થયું છે. પણ ઓવરઓલ જોઈએ તો રવિ પાકનું વાવેતર ૪૪,૮૪,૪૦૮ હેકટરમાં થયેલું, તેમાંથી ૧,૦૦,૭૭૭ એટલે પર્સન્ટેજ પ્રમાણે નુકસાન જોઈએ તો ૨.૨૫ ટકાનું નુકસાન થયું છે અને તેમાં પણ રાજય સરકાર જે કોઈ નિયમ અનુસાર મળવાના નોર્મ્સ છે એ પ્રમાણે મદદ કરશે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કમોસમી વરસાદથી ખરેખર જે નુકસાન થયું છે,એ નુકસાન સરકારના ધ્યાનમાં આવ્યું છે. ધ્યાનમાં આવ્યા પછી જિલ્લા મથકે જે કલેકટરશ્રીઓને સરવે કરવાની જે સૂચના આપવામાં આવી તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે જે માર્કેટ યાર્ડોમાં જે ઢગલા અને જે હયાતી પાક પડયો હતો એમાં જે નુકસાન થયું છે એમાં મારી દ્રષ્ટિએ માર્કેટ યાર્ડની જે બોડી હોય એ સમગ્ર બોડીને સાથે રાખીને નુકસાનનો અંદાજ કાઢવામાં આવે અને ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતોના ડુંગળી, લસણના પાકને નુકસાન થયું છે એમાં ખરેખર ગામના ૫ ખેડૂત આગેવાનોને સાથે રાખે. ભલે એમાં નુકસાનનો અંદાજ તો સરકારે મોકલેલા અધિકારીઓ મુજબ જ નીકળે એમાં વાંધો નથી પણ થોડીક આપ-લે જે તે ખેડૂત સંગઠનો સાથે કરી આ પાકમાં કેટલું નુકસાન છે એનો ખરેખર સાચો અંદાજ જો મૂકવામાં આવે તો મારી દ્રષ્ટિએ થોડુંક વધારે

નુકસાન છે તો આવો સાચો અંદાજ કાઢવા માટે હજી પણ આવા અમૂક તાલુકામાં રાજય સરકાર સરવે કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, નુકસાન છે એની સાથે હું સંમત છું. એમાં કલેકટરશ્રી, ડી.ડી.ઓ. અને અમારા ખેતીવાડી અધિકારીઓ દ્વારા આ આખી વિગત મગાવી છે અને છતાં કોઈ માનનીય ધારાસભ્યશ્રી, કોઈ સભ્યશ્રીની લાગણી છે કે મારા વિસ્તારમાં જે અંદાજ મૂકવામાં આવ્યો છે એના કરતાં વધારે નુકસાન છે તો ફરી વખત આખા રાજયનો સરવે કરાવવાનો સવાલ નથી પરંતુ રજૂઆતના આધારે અમે તપાસ કરાવીશું.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા તાવ તાલુકામાં નેહડા, કુલપ અને પાટણમાં જીરુ અને ઈસબગુલનો પાક ૯૦ ટકા નિષ્ફળ ગયો છે. ૪ ઈંચ વરસાદ પડયો છે અને વાવ તાલુકામાં ઈસબગુલમાં લગભગ ૭૫ થી ૮૦ ટકા નુકસાન થયું છે. આ ૩ તાલુકામાં અધિકારીઓ મારફત તપાસ કરાવી અને એમાં કંઈ જો વીમો મળે કે નુકસાની મળે તો રાહત થાય. શિયાળુ પાક ૯૦ ટકા નિષ્ફળ ગયો છે. તો ખાસ ધ્યાન આપે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, એક વાતનો આનંદ છે કે અત્યાર સુધી ઈસબગુલ એ પાક વીમા યોજના હેઠળ હતું જ નહીં. રાજય સરકારના સતત પ્રયત્નોને કારણે ઈસબગુલ હવે પાક વીમા હેઠળ આવ્યું છે એટલે એટલી સાંત્વના તો છે. ૯૦ ટકા એમણે કહ્યું જે ૨.૨૫ ટકા નુકસાન થયું છે વાવેતર વિસ્તારના પ્રમાણમાં એમાં કયાંક ૫ ટકા પણ થયું હોય અને કયાંક ૯૦ ટકા પણ થયું હોય તો ૫ ખેતર હોય તો ૯૦ ટકા થયું હશે તો એ નુકસાનને પણ અમે પાક વીમા યોજના હેઠળ વળતર આપીશું.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો જે દેવું લે છે એના પ્રીમિયમ પહેલા કાપી લેવામાં આવે છે. ૨-૨ વર્ષથી હજી એમને વીમા મળ્યા નથી તો હું એ જાણવા માગુ છું કે આ લોકોને ક્યારે વળતર ચૂકવાશે? બહુ મોડું વળતર ચૂકવાય તો ખેડૂતોને ત્યારે જ નુકસાન થયું હોય છે ખેતીમાં અને ઉપરથી વળતર ન મળે તો હું માનનીય મંત્રીશ્રીને એ કહેવા માગું છું કે આ લોકોને ક્યારે વળતર ચૂકવવામાં આવશે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કમોસમી માવઠાનો પ્રશ્ન છે..

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે કમોસમી વરસાદ પડયો છે એના કારણ નુકસાન થયું છે તો મંત્રીશ્રીએ ખૂબ સારી વાત કરી કારણ કે વરસાદ ખૂબ હતો અને વરસાદ થવાને કારણે કૂવામાં ખૂબ પાણી હતા એટલે ખેડૂતોએ જીરુ તેમજ ડુંગળીનું વાવેતર વધારે કર્યુ હતું ત્યારે પાક વીમા બાબત મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આવો વરસાદ પડે એ તો શકયતા હોય જ નહીં એટલે એનું પ્રીમિયમ ભરવામાં ન આવ્યું હોય તો ડુંગળી, જીરું આ વસ્તુ એવી છે કે ફકત ઝાકળ આવે તો પણ બગડી જાય તો એના બદલે વરસાદ પડયો એટલે કોઈ દિવસ આ વસ્તુ થઈ શકે નહીં. જીરુ અને ડુંગળીમાં બહુ મોટુ નુકસાન થયું છે. તો સરવે કર્યા પછી મંત્રીશ્રીએ ખૂબ સારી વાત કરી પણ પ્રીમિયમ ન ભર્યુ હોય તો એનો પાક વીમો શેના આધારે સરકાર આપશે અને બીજું કે તપાસ કરવાનું કીધું છે પણ મને એવું જાણવા નથી મળ્યું કે તલાટી કમ મંત્રી કે ગ્રામ સેવકે કોઈ ગામની મુલાકાત લઈ અને આંકડા મેળવવાના પ્રયત્ન કર્યા હોય, ગયા ચોમાસામાં ખૂબ સારો વરસાદ હતો એના કારણે એટલું બધું પાણી નદીમાં આવ્યું હતું. મોટરો અને મશીનો કૂવામાં પડી ગયા હતા. મારા મત વિસ્તારમાં ચાર ખેડૂતોના કૂવા પુરાઈ ગયા હતા. મારો કહેવાનો આશય છે કે ડીપમાં જઈને તપાસ થાય તો ખેડૂતોને થોડો ન્યાય મળે. ગયા વર્ષના ખેડૂતોના પ્રશ્નો છે એમાં પણ આગળ વાત નથી ચાલી. આમાં ખેડૂતો પ્રત્યે ધ્યાન દઈ વિશેષ કાળજી લેવામાં આવે એવી વિનંતી છે. બીજું કે, વીજળી પડવાથી જે ખેડૂતોના મૃત્યું થયા છે, અગાઉ પણ આવા બનાવો બન્યા હતા એમાં એક લાખ ચૂકવવામાં આવ્યા હતા. તણાઈ જવાથી કે વીજળી પડવાથી ખેતીવાડી ખાતું તરત જ આપે છે. તો લીલીયાના આ બે કિસ્સામાં મંત્રીશ્રી તાત્કાલિક આ રકમ ચૂકવવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં જ કહ્યું કે માવઠા દરમિયાન નુકસાન થયું હશે એમાં કૃષિ નુકસાન માટે પાક વીમો ચોક્કસ આપીશું અને મૃત્યુના કિસ્સામાં મહેસૂલ વિભાગ કાર્યવાહી કરશે.

# સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૪૩૨૧ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૧-૩-૨૦૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળિયાના રાજ્યની સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાનિત શાળાઓ તરીકે મંજૂરી બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૪૩૨૧ (અગ્રતા-૬)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી નંબર ૬૪**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપત્તિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૧૧,૬૫,૦૦૦ની માગણી ક્રમાંક: ૬૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર ૬૬**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપત્તિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩,૪૩,૭૩,૬૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૦,૧૩,૪૪,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૬૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ અને ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ અને ૧૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૬૭**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠો સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૧,૩૯,૫૬,૦૦,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂા.૬,૦૬,૦૨,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**
**માગણી નંબર ૭૪**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહન સેવાને લગતી બંદરો અને વાહનવ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૩,૮૩,૯૭,૧૦,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂા.૧,૧૫,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૬–૨૦૦૭ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી ગુરૂવાર, તા.૧૬–૩–૨૦૦૬ (પાંચમો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં. ૬૪ | | | |
| ૧. | ૩૪૫૧–સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૨–નર્મદા......વિભાગ<br>રૂા.૫,૧૧,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પા.નં. ૨૦૮–૨૦૯ | ૧૦૦ | તુમારોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૨. | –– " –– | ૧૦૦ | જિલ્લાકક્ષાની કચેરીઓ | શ્રીમતી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | ભારતીબેન પટેલ |
| * ૩. | —— " —— | ૧૦૦ | તાંત્રિક મંજુરી મળી હોય તેવા કામોને સત્વરે વહીવટી મંજુરી આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪. | —— " —— | ૧૦૦ | નદીઓને એક બીજા સાથે જોડીને તેમાં કાયમી પાણી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| * ૫. | —— " —— | ૧૦૦ | ગેરરીતિ આચરનારા કોન્ટ્રાકટર સરકારી અધિકારીઓ સામે સખતાઈથી પગલાં લઈ પારદર્શક વહીવટ પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬. | —— " —— | ૧૦૦ | કોન્ટ્રાકટરોના નાણાં સમયસર છૂટા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| * ૭. | —— " —— | ૧૦૦ | જામનગર જિલ્લાના સાત તાલુકાઓ માટે નર્મદા યોજના આધારિત પીવાના પાણી માટે રૂા.૪૫૦ કરોડની યોજનાના ટેન્ડરો બે વર્ષથી બહાર પાડયા હોવા છતાં સમયસર કામ પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | —— " —— | ૧૦૦ | સૌરાષ્ટ્રના મોટા ભાગના ડેમોમાંથી કાંપનો નિકાલ કરી વહી જતાં વરસાદી પાણીનો સંગ્રહ થાય તેવું લાંબાગાળાનું આયોજન સત્વરે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. દિનેશ પરમાર (ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા, પુંજાભાઈ વંશ અને બળદેવજી ઠાકોર) |
| **<u>માગણી નં. ૬૬</u>** | | | | |
| * ૯. | ૨૭૦૧– મધ્યમ સિંચાઈ<br>૮૦– સામાન્ય<br>૦૦૧– નિદેશ અને વહીવટ<br>રૂા.૪૯,૬૬,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પા. નં. ૮૪ થી ૧૪૮ | ૧૦૦ | સિંચાઈના કામોમાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | —— " —— | ૧૦૦ | અંતરીયાળ વિસ્તારોમાં | શ્રી પરેશભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સિંચાઈની સુવિધાઓનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | વસાવા |
| ૧૧. | -- " -- | ૧૦૦ | નહેરોની સમયસર મરામત કામગીરી કરાવી ખેડૂતોને સિંચાઈ સુવિધાઓનો પૂરતો લાભ મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૧૨. | -- " -- | ૧૦૦ | સિંચાઈ યોજનાઓ માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૧૩. | -- " -- | ૧૦૦ | ઉત્તર ગુજરાતમાં સિંચાઈની સુવિધાઓ વધારવા માટેનું અસરકારક આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૧૪. | -- " -- | ૧૦૦ | દક્ષિણ ગુજરાતમાં સિંચાઈની સુવિધાઓનો યોગ્ય વિકાસ કરી ખેડૂતોને તેનો લાભા મળે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૧૫. | -- " -- | ૧૦૦ | મધ્યમ સિંચાઈ યોજનાના નકશા અને અંદાજો તૈયાર કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિત ચાવડા |
| ૧૬. | ૨૭૦૨– નાની સિંચાઈ<br>૦૧– સપાટી જળ<br>૧૦૧– તળાવો<br>રૂા.૬,૦૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પા. નં. ૧૬૦ | ૧૦૦ | ગામડાંઓમાં કુવા – તળાવો બાંધવા અને ઉંડા કરવાની કામગીરીમાં દાખવવામાં આવતી ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા |
| * ૧૭. | -- " -- | ૧૦૦ | વૈજ્ઞાનિક ઢબે કુવાઓને ઉંડા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૧૮. | -- " -- | ૧૦૦ | કૂવા–તળાવો ઉંડા કરવા માટેની મશીનરી પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૧૯. | -- " -- | ૧૦૦ | વરસાદના વહી જતાં પાણી તળાવોમાં ભરાય અને આવા તળાવોની મજબૂતી જળવાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| * ૨૦. | ૨૭૧૧–પૂર...નિકાલ<br>૦૧– પૂર નિયંત્રણ<br>૧૦૩– મુલકી બાંધકામ<br>રૂ.૧,૯૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પા. નં. ૨૦૦ થી ૨૦૩ | ૧૦૦ | પૂર નિયંત્રણની નબળી કામગીરીને સુ□ઢ બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૨૧. | –– " –– | ૧૦૦ | પૂરના પાણી ગામોમાં ફરી વળતા અટકાવવા અંગેનું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૨. | ૪૪૦૨–ભૂમિ....જોગવાઈ<br>૧૦૨– ભૂમિ સંરક્ષણ<br>રૂ.૫૩,૬૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પા. નં. ૨૧૯ થી ૨૨૧ | ૧૦૦ | સૌરાષ્ટ્રના દરિયા કિનારે આવેલ જમીનમાં અને કુવાઓના પાણીમાં વધતી જતી ખારાશ રોકવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ.ચંદ્રિકાબેન ચુડાસમા |
| | | **માગણી નં. ૬૭** | | |
| ૨૩. | –– " –– | ૧૦૦ | ટેન્ડરો આપવામાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨૪. | –– " –– | ૧૦૦ | પાણીની પાઈપોની ખરીદીમાં આચરવામાં આવતા કૌંભાડની તપાસ કરી જવાબદારીઓ સામે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૨૫. | –– " –– | ૧૦૦ | કાયમી ધોરણે ઉનાળામાં પીવાના પાણીની તંગી ધરાવતા વિસ્તારો માટે આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા |
| * ૨૬. | –– " –– | ૧૦૦ | ભૂકંપ પુનઃ વસન પ્રોજેકટ હેઠળ જામનગર શહેરને જરૂરી પાણી પુરવઠો આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭. | ૨૨૧૫–પાણી......સ્વચ્છતા<br>૦૧– પાણી પુરવઠો<br>૧૦૨–ગ્રામીણ.....કાર્યક્રમ<br>(૦૧)–ડબલ્યુ.એસ.એસ.–૬<br>પાણી..... અનુદાન<br>રૂ.૩,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (ભાગ–૧)<br>પા. નં. ૧૪ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પાઈપ લાઈન ધ્વારા અપાતા પાણીના પુરવઠામાં મૂકાતો કાપ દૂર કરી નિયમિત અને પૂરતા પ્રમાણમાં પાણી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| | | **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**<br>**માગણી નં. ૭૪** | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮. | ૨૦૪૧–વાહનો પર કર<br>૧૦૨–મોટર....નિરીક્ષણ<br>રૂા.૨૬,૬૩,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૬ થી ૮ | ૧૦૦ | બસ ડેપોમાંથી મુસાફરોને લઈ જતા ખાનગી વાહનોના ચાલકો સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૨૯. | –– " –– | ૧૦૦ | રાજયમાં કોમ્પ્યુટરરાઈઝ ચેકપોસ્ટો હોવા છતાં ટેકસની ચોરી થતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૩૦.. | ૨૦૪૧–વાહનો પર કર<br>૧૦૨–મોટર....નિરીક્ષણ<br>રૂા.૨૬,૬૩,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૬ થી ૮ | ૧૦૦ | અપૂરતા સ્ટાફને કારણે કરોડો રૂપિયાની કર વસૂલાત કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૩૧. | –– " –– | ૧૦૦ | સ્માર્ટ કાર્ડ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૨. | –– " –– | ૧૦૦ | ગેરરીતિઆચરનાર કર્મચારી/અધિકારીઓને ફરજ ઉપરથી દૂર કરવાને બદલે સારી જગ્યાએ પોસ્ટીંગ અપાતું અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| *<br>૩૩. | –– " –– | ૧૦૦ | અધિકારી/કર્મચારીઓને ચેકપોસ્ટો ઉપરે મૂકવામાં ચાલતી વ્યાપક લાગવગ નાબૂદ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૪.. | ૫૦૫૫–માર્ગ.....જોગવાઈ<br>૧૯૦–જાહેર...રોકાણ<br>રૂા.૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પા.નં. ૭૩ | ૧૦૦ | નિગમના કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવી અને તેમના હકકની રકમ ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૩૫.. | –– " –– | ૧૦૦ | બસોને દરરોજ પાણીથી ધોવામાં અને તેની અંદરથી સફાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૩૬.. | –– " –– | ૧૦૦ | કરકસરના નામે એસ.ટી. રૂટો બંધ કરવામાં આવતા ગ્રામ્ય જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭. | -- " -- | ૧૦૦ | ખાનગી વાહનો સામે સ્પર્ધાત્મક હરીફાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડાૅ. સી. જે. ચાવડા |
| ૩૮. | -- " -- | ૧૦૦ | યોગ્ય વહીવટના અભાવે નિગમને થતી ખોટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિત ચાવડા |
| ૩૯. | -- " -- | ૧૦૦ | બસોના તૂટેલા કાચ, ફાટેલી સીટો બદલી મુસાફરોને બસ મુસાફરી માટે આકર્ષવામાં તંત્રની ઉદાસીનતા | ડાૅ. અનિલ જોષીયારા |
| * ૪૦. | -- " -- | ૧૦૦ | લાંબા રુટો ઉપર સી.એન.જી. બસોનો ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભીખાભાઈ જોષી |
| * ૪૧. | -- " -- | ૧૦૦ | ખખડધજ અને ભંગાર બસોને લીધે મુસાફરોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડાૅ. દિનેશ પરમાર |
| * ૪૨. | -- " -- | ૧૦૦ | ગાંધીનગર – માણસા વાયા માણેકપુર રૂટ ઉપર રાતના સમયની બસ ચાલુ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ફારૂક શેખ |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૬૪, ૬૬, ૬૭ અને ૭૪ની માગણીઓ લઈને આવ્યા છે એના પર હું મારાં સૂચનો કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ગુજરાતની અંદર પાણી માટેની જબરજસ્ત સમસ્યા છે. આજે ગુજરાતમાં ખેતી માટેની હોય, સિંચાઈ માટેની હોય દરેક પરિસ્થિતિની અંદર આજની સ્થિતિ જુદા ટાઈપની છે તેવા સંજોગોની અંદર જ્યારે માનનીય મંત્રીશ્રી માગણી લઈને આવ્યા છે ત્યારે મારે એક વાત ચોક્કસ યાદ દેવડાવી છે કે ગુજરાતમાં નર્મદા યોજના ૧૯૪૭ થી અસ્તિત્વમાં ધીમે ધીમે હતી, પણ જ્યારે માનનીય મંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીની સરકારે સૂજલામ્ સૂફલામ્ યોજના ૬૨૩૭ કરોડ રૂપિયાની જે રીતે લઈને આવે અને મુરબ્બીશ્રી અમારા માનનીય મંત્રીશ્રી નરોત્તમ કાકાએ એક પ્રશ્નના જવાબમાં જે રીતે વર્ણન કર્યુ હતું. આ યોજના એ કેન્દ્ર સરકારની અંદર એન.ડી.એ. સરકારમાં ગુજરાતની સરકારે આવડી મોટી યોજના મૂકી ત્યારે અમે ત્યાં આગળ રજૂઆત કરેલી અને આપણા માજી વડાપ્રધાન મુરબ્બી શ્રી બાજપાયી સાહેબે પણ એને સમર્થન આપેલું ત્યારે મારે એક વાત કરવી છે કે જ્યારે આવડી મોટી યોજના માજી નાણામંત્રી મુરબ્બી શ્રી વજુભાઈ વાળા સાહેબ, આ યોજના સને ૨૦૦૪-૦૫માં એમના બજેટ પ્રવચનમાં પૂરી કરી દેવાનું વચન આપેલું અને એ યોજનાનો જે ભાગ છે એમાં દસ જિલ્લાઓ, ૪૯૦૦ ગામોને, ૩૨ યોજનાઓ દ્વારા ૧૯૪૬ કરોડનો ખર્ચે પાણી પીવાની યોજનાઓ, આ યોજનાઓમાં વાત કરેલી, મારે આજે પૂછવું છે કે, આટલું બધું પીવાનું પાણી આપવાની જ્યારે વાતો કરી ત્યારે આજની સ્થિતિએ ગુજરાત સરકારમાં કેટલા ગામડાઓને આ યોજનાના લાભાર્થે આપણે પાણી આપી શક્યા છીએ ? માત્ર ૧૪૮ જ ગામડાઓને, આ ગામડાઓ આજે પણ પાણી પીવે છે? માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭માં ૪૩૬ કરોડના ખર્ચે ડિસેમ્બર-૨૦૦૬માં ૨૦૮૪ ગામોના પીવાના પાણી માટે આયોજન કરેલું, આજની સ્થિતિએ આટલા બધા પૈસા ખર્ચાતા હોય અને એની સ્થિતિ શું છે ? એક બાજુ આપણે એમ કહેતા હોઈએ કે, ટૅન્કરોથી ચાર હજાર, તમારા વખતમાં ચાર હજાર લોકોને ટૅન્કરોથી પાણી પૂરું પાડતા હતા, આટલા બધા ગામો બાકી હોય અને આપણે બજૅટ

પ્રવચનમાં માનનીય મુખ્યમંત્રીશ્રી એમ કહે કે, માત્ર ૧૨૫ ગામોને હવે ટૅન્કરોથી બાકી રહ્યા છે. આટલી બધી યોજનાઓ બાકી હોય ત્યારે મને એ સમજાતું નથી કે, આ કઈ સ્થિતિમાં ૧૨૫ ટૅન્કરોનું બતાવે છે? એ ખરેખર વાસ્તવિકતા જુદા પ્રકારની છે.

માનનીય નરોત્તમકાકાને મારે એટલા માટે વાત યાદ દેવડાવવી છે કે, ૭૫ ટકા રકમો નાબાર્ડ બોર્ડ પાસેથી વ્યાજે લેવાની હતી, ૧૬.૮૧ ટકા રાજય સરકારે બજૅટમાં ફાળવણી કરવાની હતી અને ૮.૧૯ કેન્દ્ર સરકાર પાસેથી લાવવાના હતા, આજે ડિસૅમ્બર-૨૦૦૫ સુધીમાં ૨૩૯૨ કરોડ ઊભા કરવામાં ૩૮ ટકા રકમો રાજય સરકારે આમાં તમારું જે આયોજન હતું એ આયોજનમાં, નરોત્તમ કાકા એ દિવસે હું કહેતો હતો અને આજે પણ મારે વાત કરવી છે કે, જ્યારે આપણે કેન્દ્રની ટીકા કરતા હોઈએ, કેન્દ્ર આમાં પૈસા આપવાની વાત કરતું હોય, આજે પણ ગૌરવ સાથે કહી શકાય કે, કેન્દ્ર સરકારે આમાં ૫૧૩ કરોડ રૂપિયા આપ્યા છે. મારે આપને પૂછવું છે કે રાજય સરકારના પોતાના ભાગના પૈસા, આપણે આયોજન માટે મોટી મોટી જાહેરાતો કરીએ, મોટી મોટી વાતો કરીએ પણ ૩૮ ટકા રકમોમાં રાજય સરકારે ૧૦૪૮ કરોડ રૂપિયા જે આપવાના હતા એ આજની તારીખમાં રાજય સરકારે આ યોજનામાં આપ્યા નથી. મારે એ કહેવું છે કે, ખરેખર જો આયોજન મુજબ કામ પૂરું કરવું હોય, લોકોના પીવાના પાણીની ચિંતા કરવી હોય તો માત્ર વાતોથી નહીં, બજૅટ પ્રવચનોથી નહીં, વાસ્તવિક ભૂમિકાથી જો આ કામ કરવામાં આવે તો મને એમ લાગે છે કે, આ યોજનાનું કામ ચોક્કસ પૂરું થઈ શકે માટે રાજય સરકારને વિનંતી કરવી છે કે, એમના ભાગના પૈસા યોજનામાં જે આપવાના બાકી છે એ વહેલમાં વહેલી તકે આપે અને ગામડાઓના પીવાના પાણીનો પ્રશ્ન જલદી પૂરો કરે એવી આ તબક્કે મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વિનંતી એ કરવી છે કે, ડિસૅમ્બર-૨૦૦૫ સુધીમાં ૨૮૭ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા, આજે ૩૦૫ કરોડ રૂપિયા પણ ખર્ચ્યા વગરના છે, એક બાજુ આપણે પૈસાની બૂમો પાડીએ કે અમારી પાસે પૈસા નથી બીજી બાજુ ૩૦૫ કરોડ રૂપિયા આજે ખર્ચાયા વગરના પડ્યા છે. આજે ગામડામાં જઈને જોઈએ ત્યારે ખબર પડે કે આજે લોકો પાણીના બેડાઓની લાઈનો લગાવે છે, લોકોને કયાં સુધી પીવાનું પાણી ભરવા માટે, બે-ત્રણ કિલોમીટર સુધી જાય છે. એક બાજુ આટલા બધા પૈસા ફળવાતા હોય અને સરકારની બેદરકારીના કારણે આજે પણ પૈસા ન ખર્ચાતા હોય અને ૩૦૫ કરોડ રૂપિયા વગર વપરાયેલા આજે પણ પડ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માગણીમાં ગામોને નામ આપો તો ફાયદો થશે, કયાં બેડાંની લાઈનો લાગે છે ?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મારા મત વિસ્તારમાં આજે પણ બેડાની લાઈનો લાગે છે.

**અધ્યક્ષશ્રી** : ફાયદો થાય ગામોને, ગામોના નામો આપો. માગણીની વાત ચાલે છે એટલે કહુ છું એ ગામોના નામો આપો તો ફાયદો થાય.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આપે બહુ સાચી વાત કરી, મારે તો નરોત્તમકાકાને એટલું યાદ દેવડાવવું છે કે, વિધાનસભાના મારા મત વિસ્તારના જેટલા કાગળો મેં લખ્યા છે એટલા એ ધ્યાનપૂર્વક જોઈ લેશે તો એમને વાસ્તવિકતાનો ખ્યાલ આવી જશે કે કેટલા ગામોમાં લાઈનો લાગે છે અને આજે પણ આપણે કેટલા ગામોને ટૅન્કરોથી પાણી આપી શક્યા છીએ. ખરેખર આજની પરિસ્થિતિ જુદા પ્રકારની છે. (અંતરાય) બજેટ ઉપર, માગણી સિવાય વધારાનું હું ન બોલું. હું એકદમ પરફેકટ બોલું.

**અધ્યક્ષશ્રી .** : એ માગણી સિવાય બીજી કોઈ વાત કરતા નથી. કોઈ દિવસ નહીં.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી હતી આ યોજનામાં કેટલીક નદી ઉપર ૨૧ નદીમાં પુરના પાણી ભરી દેવાની વાત હતી. મારે પૂછવું છે કે કેટલી નદીઓમાં પાણી ભર્યા ૧૫ ટકાથી વધારે માટીકામ બાકી છે. માટીકામની મોટી મોટી લાઈન લાગે બાકીના કોન્ટ્રાકટર માટીકામ કરતા હોય છે પણ આપણને એનો વાંધો નથી. આપણે તો આ નદીમાં પાણી આવે અને કામ પૂરું થાય એ જ મહત્વનું છે. ખોરસમ-સરસ્વતિ પાઈપલાઈનનું કામ પૂરું કર્યું પણ એમાં સિંચાઈની વાત હતી, પીવાના પાણીની વાત હતી.

**અધ્યક્ષશ્રી** : નરોત્તમભાઈ, તેઓ જે મુદ્દા કહે એ નોંધી રાખો. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મારા વિસ્તારના કામ કરીને (અંતરાય) પણ નરોત્તમકાકા મારી જોડે નહીં શી ખબર કયાં ફીકસીંગ કરે છે. એ જ ખબર પડતી નથી. સિંચાઈની વાત કરતા હતા. આજે સામાન્ય દાખલો આપું કે સરસ્વતિ માટે પાઈપલાઈન નાખવામાં આવી છે એ પાઈપલાઈનમાં આજે જેતવાદર પાઈપલાઈનથી પુનાસણ ગામ મારો વિસ્તાર છે એ વિસ્તારમાં ઊંચા તળાવ ભરાય, કાયમી ધોરણે પમ્પીંગ કરીને આપે તો મુશ્કેલી રહે પણ સિંચાઈની અને પાણીની સારી સુવિધા ઉભી કરવા માટે ૧૪કરોડ ખર્ચવામાં આવે તો ચોકકસ તળાવ ભરાય તો ૫૪ તળાવમાં પાણી આપી શકીએ. મુખ્ય નહેર સુજલામ સુફલામની પાઈપલાઈનનું કામ આજે પણ બાકી રહે છે. નર્મદાનું પાણી સુજલામ સુફલામની નહેરમાં વસાવીશું. આજે પણ પાઈપલાઈનનું કામ અધૂરું છે. તો નર્મદાની આટલી મોટી યોજના કેવી રીતે પૂરી કરી શકાશે? ૨૨૯ ચેકડેમનું કામ આજની તારીખે બાકી છે. સુરેન્દ્રનગર જિલ્લાની ૧૭ નદીમાંથી ૧૬ ચેકડેમનું કામ બાકી છે. લોકો ફલોરાઈડવાળું પાણી પીવે છે. હું તો એવા વિસ્તારમાંથી આવું છું કે જેનો રેશીયો ચારથી પાંચ ફલોરાઈડમાં થતો હોય એવા ૨૭૯૧ ગામો આજે પ્રભારી એરિયામાં થતા હોય તો આ ગામમાં પ્રાયોગિકતાના ધોરણે ફલોરાઈડવાળું નહીં કરી શકે તો પરિસ્થિતિ જુદી હશે. હમણાં કહેવામાં

આવ્યું એમ આજે પણ પાટણ જિલ્લામાં ઘણા બધા કામ થયા છે. હમણાં માલજીકાકા કહેવાના છે. ચાણસ્મા અને બહુચરાજીમાં તળાવના કામો આજે પણ થયા નથી. બાકી છે. સુજલામ સુફલામ કચ્છમાં ૪૪ આડબંધ બાંધવાના હતા એમાંથી માત્ર બે આડબંધ બાંધ્યા છે. ૪૨ આડબંધ બાકી છે. ૨૦૦૬-૦૭માં ૯૮૩કરોડ ફાળવવામાં આવ્યા હતા. આજે ૨૦૦૪-૦૫માં ૯૧૫કરોડમાંથી ૩૫૦કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. યોજના મહત્વની છે એ યોજનાના ભાગરૂપે ખરેખર કચ્છ જિલ્લામાં જે છેવાડાનો જિલ્લો છે ત્યાં પાણીની સિસ્ટમ આવરી લેવાય અને વધુમાં વધુ ખર્ચ ત્યાં થાય. ચોકકસ આપણી યોજના થાય, સુજલામ સુફલામની મુખ્ય નહેરનો ખર્ચ ૪૫૯કરોડ હતો આજે ૩૪૦કરોડ ખર્ચી ચૂકયા છીએ. પણ આજે મુખ્ય સ્થિતિ છે. મુખ્ય કેનાલનું કામ છે એમાં પણ કામ બાકી છે. નર્મદામાં ચોમાસાનું વહી જતું પાણી સુજલામ સુફલામ હેઠળ ૩૩૯કરોડના ખર્ચે પાણી લિફટ કરવાનું હતું એ માત્ર ૧૪કરોડના ખર્ચે આજની તારીખે....

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે સભાગૃહ ૩-૧૫ વાગે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

## વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫

## અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને
## સભાગૃહનો સમય લંબાવવા અંગે

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું મારે ધ્યાન દોરવાનું છે કે સભાગૃહ માટે ૧૨૦ મિનિટ છે, અહીંયાં બિનસરકારી વિધેયક: ૩ છે. ૪૦-૪૦ મિનિટ મળે એટલે ૧૨૦ મિનિટ હિસાબ પૂરો થઈ જાય.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : ટાઈમ વધારો. ટાઈમ વધારવો પડે. બોલવાની ના પાડો તો રહેવા દઈએ. કાલે અમારો દોઢ કલાક • * (XXX) હતો તો વધારી આપો.

**અધ્યક્ષશ્રી** : *(XXX) એવું ન કહેવાય.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અધ્યક્ષશ્રીને વિનંતી કરું છું કે બે કલાકનો ટાઈમ વધારો અને દોલતભાઈ આજે સંજોગોવશાત હાજર પણ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : હું આમાં ઈન્ટરવીન કરું. નર્મદાનો મુદો છે. એમાં કોઈ રાજકીય અવલોકન ત્યાંથી પણ ન કરે અને અહીંયાંથી પણ ન કરે. એ મુદામાં સમય નહિ જાય, જળસંપત્તિ અને પાણી પુરવઠામાં બંનેમાં ઘણા સભ્યશ્રીઓ અહીંયાંથી અને ત્યાંથી બોલવાના છે. તો બધા જ સભ્યશ્રીઓની લાગણી એવી છે કે એમાં થોડો વધારે સમય આપો એ મુદા ઉપર બોલે. સામે બેઠેલા મિત્રોને વિનંતી કે નર્મદાના મુદા ઉપર પહેલેથી જ અમારી ઇચ્છા કહી દઈએ છીએ, એની સરકારની કોઈપણ માગણી કે બીજી કોઈ પણ બાબત હોય, અમે સ્ટેન્ડ પહેલેથી જ લીધું છે કે રાજ્ય સરકારને અમારે એમાં અમારે પૂરક બનવાનું છે, એટલે એની અંદર રાજકીય અવલોકનો કે અભિનંદનો આપવાનું ત્યાંથી શરૂઆત નહિ થાય તો અમારા તરફથી બીજી એ બાબતની અંદર રાજકીય કોમેન્ટ નહિ થાય, પણ જળસંપત્તિ બાબત છે અને પાણી પુરવઠાની બાબત છે, એમાં પૂરતો સમય બંને દંડક ચર્ચા કરીને આપો.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : તમામ સભ્યશ્રીઓને ચર્ચા માટે એક કલાક ફાળવવામાં આવે અને ત્યાર પછી મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી વધારવામાં આવે.

**શ્રી અશોક ભટ્ટ** : એક કલાક સભ્યશ્રીઓ માટે અને બાકીનો સમય જે રહે બે મંત્રીશ્રી જવાબ આપે, એટલે દોઢ કલાકની એમની માગણીનો અમે સ્વીકાર કરીએ છીએ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : બોલવા દો.

**શ્રી અશોક ભટ્ટ** : બોલવાનો વાંધો નથી. ગોવાભાઈ જોઈ લેજો. પાછળની એક મિનિટ વધારવાની ના પાડતા હતા, રૂલિંગ પાર્ટી. તમારા વિરોધપક્ષના નેતાશ્રીની વાતને સ્વીકારશો. એક કલાક ચર્ચા માટે અને બાકીનો દોઢ કલાક....

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : દિલ પહોળું રાખો.

**શ્રી અશોક ભટ્ટ** : અમારું દિલ મોટું છે, સાકડું સાકડું નથી. મારું ઓપરેશન કરાવ્યા પછી મારું દિલ ખુલ્લું થઈ ગયું છે. તમારે ઓપરેશન કરાવવાની જરૂર છે. અંદર કચરો બહુ ભરાયો છે. મારી વિનંતી છે કે હેલ્થની બાબતમાં કોઈને જરૂર ન પડી શકે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : એક કલાક સભ્યશ્રીઓને ચર્ચા માટે અને પછી મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી.

**અધ્યક્ષશ્રી** : ટોટલ બે કલાક આપણે વધારીએ છીએ.

---

• *(XXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સુજલામ્ સુફલામ્ સ્પ્રીડીંગ કેનાલની કામગીરી માટે કન્સલટન્ટ રાખવામાં આવ્યા છે અને તેમને આપણે દર મહિને ૩૧૨૦૦ રૂપિયાનો પગાર આપતા હોઈએ ત્યારે પાણીનું આયોજન કેવી રીતે કરાય, તેનું પ્લાનિંગ કેવી રીતે કરાય અને ખાસ કરીને આવી યોજનાઓ એવી લંબાવાય કે જે યોજનાઓ લાંબાગાળાની અને ફાયદાકારક હોય. આજે આપણે અધિકારીઓને આટલો મોટો પગાર ચૂકવતા હોઈએ છતાં ૩૧૨૦૦ દર મહિને પગાર કન્સલટન્ટને આપીએ છીએ તો તેમાં મારે એક વાત કરવી છે. સુજલામ્ સુફલામ્ અને સરસ્વતી નદીમાં જે પાણી નાખવામાં આવ્યું તેને આવકારું છું. સરસ્વતી નદી કિનારે માતૃગયા ધાર્મિક સ્થળ છે. તેમાં સમગ્ર ભારતની અંદરથી ત્યાં આગળ લાખો શ્રદ્ધાળું આવે છે. તેમાં આટલો મોટો ખર્ચ કરીને પાઈપલાઈન દ્વારા પાણી નાખ્યું, હમણાં પાણીની પાઈપ લાઈન ચાલુ થઈ, આપણે પાણી ધરોઈથી ફેરવી ફેરવીને ત્યાં આગળ લાવ્યા હતા. પણ હવે ત્યાં પાણી ચાલું છે. આવડું મોટું ફંકશન કર્યુ અને ફંકશન કરીને સમગ્ર ભારતની અંદર જે સ્થિતિ થઈ, જે રીતનો પ્રચાર થયો તો તેમાં માનનીય અધ્યક્ષશ્રી મારે માનનીય નરોત્તમ કાકાને એવું કહેવું છે કે અને સાહેબ હું પક્ષાપક્ષી સિવાય વાત કરું છું. તે નદીમાં કાયમ માટે પાણી ચાલું રહેવું જોઈએ અને તે જરૂરી છે. માનનીય મંત્રીશ્રીએ તેઓના જવાબમાં આપ્યું છે કે આપણે ૨૦-૨ એ નદી ખાલી કરી છે. તો સાહેબ સરસ્વતી નદી કોઈ દિવસ ખાલી થાય ખરી? તો આ નદીમાં પણી જે આવ્યું છે તે પાણી નિરંતર ચાલુ રહે તે માટે ખાસ મંત્રીશ્રીને સૂચન છે. અહીં લાખો શ્રદ્ધાળુ આવે છે. તેમાં સિદ્ધપુર નગરપાલિકાનું ગટરનું પાણી જોઈન્ટ થાય છે એટલે શ્રદ્ધાળુઓમાં અંધવિશ્વાસ પેદા થાય છે. તેમાં વહેલામાં વહેલી તકે શુદ્ધ પાણી નાંખવું જોઈએ. પાણી પુરવઠાની બાબતમાં ચિંતા થતી હોય છે., સ્વચ્છતાની ચિંતા થતી હોય છે. ૨૦૦૫-૦૬માં ૨૨૩ કરોડ રૂપિયા ફાળવ્યા હતા આ સરકારે. સરકાર આ બાબતનું ચિંતન કરે છે. ચિંતન કરતાં કરતાં કંઈ બાબતનું ચિંતન કરે છે અને તેમાં કાગળ ઉપર અને બોલવાની વાતો જુદી હોય છે. ૨૦૦૬-૦૭માં ૧૯૧ કરોડ રૂપિયા ફાળવ્યા છે એટલે છેલ્લા બે વર્ષમાં ૩૧ કરોડ રૂપિયાનો આની અંદર ઘટાડો કર્યો છે. રામરાજયની વાત કરતા હોઈએ અને ધાર્મિક સ્થળોને પીવાનું પાણી પૂરું પાડવાની વાત કરતા હોઈએ ત્યારે ૨૦૦૫-૦૬ માં ૩૦ લાખ રૂપિયાની ગ્રાન્ટનો અંદાજ કર્યો હતો. આજે આ યોજના બંધ કરી દેવામાં આવી છે. પાણી પુરવઠા માટે ઘણી બધી ચર્ચાઓ થાય, પાણી પુરવઠો સારી રીતે ચાલે તે જરૂરી છે. તેમાં ભ્રષ્ટાચારના જે ૩૫ કેસ કાગળ ઉપર થયા છે તેમાં ધારી તાલુકાના ચાવલાની આસપાસ ખાર ગામે રાજય સરકાર દ્વારા મહી યોજના આધારિત પાણી પુરવઠાની પાઈપ લાઈન માટે હલકી ગુણવત્તાની પી.વી.સી. પાઈપો નાખવામાં આવી હતી તે સરકારે ભ્રષ્ટાચાર કબૂલ કરી બદલી નાંખી છે. પણ હજી સુધી આ કેસમાં પગલાં લેવાતાં નથી. પાણી પુરવઠા બોર્ડમાં કરોડો રૂપિયાના ટેન્ડરોના નામે, કોન્ટ્રાકટોની પદ્ધતિના નામે કમાઈ લેવાની જે સાંઠગાંઠ કરવામાં આવે છે તેમાં આ જે ટેન્ડર પદ્ધતિ છે તેમાં ટેન્ડરના રૂપાંતરમાં કામ કરવામાં આવે તો સારું થાય. પણ અત્યારે ટેન્ડર પણ એમને એમ આપવામાં આવતા હોય છે. ખાસ કરીને મેરીટાઈમ બોર્ડનો અહેવાલ કેગના રિપોર્ટમાં જે ટાંકવામાં આવ્યો છે તેમાં ૧૯ જેટીમાંથી એકપણ રાખી નથી. કેગે તેના રિપોર્ટમાં ટિપ્પણી કરી છે. ૧૯ જેટી કુલ છે એમાં ૨૫૫૪ કરોડના ખર્ચમાં ૫૮૩ કરોડના જે ખર્ચ એ વિવિધ પેટે લેવામાં આવ્યો છે. આ બોર્ડે ૫૮૩ કરોડની મિલકત આજે ઓછી લગાવી છે ખરેખર આપણને એમ થાય કે કોના માટે, આવડા મોટા ૫૮૩ કરોડ રૂપિયા આપણે કઈ પદ્ધતિથી કયા ઉદ્યોગપતિને ફાયદો કરાવવામાં આવ્યો એ મને સમજાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોર્ટના હુકમો હોવા છતાં અમદાવાદની બે બૅન્કો પાસેથી પાંચ કરોડ રૂપિયા વસૂલ આજે પણ કરવામાં આવતા નથી. પીપાવાવ પ્લૉટની અંદર પાછળથી ત્રીજો હપતો આજે પણ મળ્યો નથી, બોર્ડનો હિસાબ છે એની અંદર ૨ કરોડ, ૧૭ લાખની ભૂલો આજે પણ આની અંદર મળતી નથી માટે સરકાર આ બાબતે ચિંતન કરી અને એની તપાસ કરે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક : ૬૪, ૬૬, ૬૭ અને ૭૪ લઈને આજે સભાગૃહ સમક્ષ આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો રાજય સરકારને, જળસંપત્તિ વિભાગ અને પાણી પુરવઠા વિભાગને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું, (અંતરાય) એની પણ હું વાત કરીશ. આ રાજય સરકાર પાણીની જે સમસ્યા છે એ કંઈ ફક્ત કોઈ એક પ્રદેશ પૂરતી સમસ્યા નથી હોતી, આ સમગ્ર વિશ્વની સમસ્યા છે. અને એના માટે સમગ્ર વિશ્વની અંદર જબરજસ્ત ચિંતા ચાલે છે ત્યારે હું સરકારને અભિનંદન એટલા માટે આપું છું કે એ માટે એક વ્યવસ્થિત આયોજન એ પણ કોઈ નાનુંસુંનું આયોજન નહીં પણ બહુ વિશાળ આયોજન, બહુ મોટું આયોજન અને જ્યારે કોઈ મોટું આયોજન થતું હોય ત્યારે મોટા કામોની અંદર કોઈ જગ્યાએ વિલંબ પણ થતો હોય પણ આપણી નજર સમક્ષ આપણે જોઈએ ત્યારે આપણને દેખાય કે આજે હું કચ્છ જેવા સુકા પ્રદેશમાંથી આવું છું, કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાના પાણી ઘણા બધા ગામોમાં આજે પીવા માટે મળે છે, બાકીનો વિસ્તાર બાકી પણ છે, જેનું કામ નરી આંખે જોઈ શકાય એ રીતે ચાલી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે એ પાણી આવવાથી લોકોની અંદર જે આનંદ અને ઉત્સાહ જોવા મળે છે એ અમે પ્રત્યક્ષ અનુભવ્યો છે, જે વિસ્તારમાંથી હું આવું છું એ વિસ્તારમાં સતત દુષ્કાળો પડે છે, એમાં ખાસ કરીને

લખતર અને અબડાસા તાલુકાની અંદર પાણીનો કોઈ સોર્સ નથી, ત્યાં બોરમાં પણ પાણી નથી એ વિસ્તાર માટેનું આયોજન રાજય સરકારે સુજલામ સુફલામ યોજના દ્વારા કર્યુ છે એનું કામ પણ શરૂ થયું છે અને આવા સુકા પ્રદેશમાં ભૂતકાળની અંદર જો દ્રષ્ટિપાત કરીએ તો ૭૫ ટકાથી ૮૦ ટકા ગામોમાં ટેન્કરથી પાણી આપવું પડતું હતું. એના માટે રાજય સરકારે ખૂબ સારું આયોજન કર્યું અને હવે થોડાક દિવસોમાં તો આ વિસ્તારમાં સુફલામ-સુજલામ યોજનામાંથી લખપત-અબડાસાના ગામોને પીવાનું પાણી મળશે. માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, જયારે આ આયોજન કરીએ છીએ આપણે કુકવાસથી કરી અને નેત્રા સુધીની લાઈન આપણે ખિરસરા સુધી લઈ જઈએ છીએ તો મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, ખિરસરાના સંપમાં પાણી નાંખીશું તો એનાથી લખપત તાલુકાને પાણી મળશે પણ એનાથી અબડાસા તાલુકાને પાણી નહીં મળે માટે નજીકમાં દોઢ-બે કિલોમીટર આગળ નેત્રાના સંપમાં પાણી નાંખવામાં આવે તો એની સાથે સાથે બે તાલુકાને નર્મદાનું પીવાનું પાણી મળી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે, આમાં હાલમાં ડિસ્ટ્રીબ્યુશન લાઈનોનું કોઈ આયોજન નથી તો આના માટે ડિસ્ટ્રીબ્યુશન લાઈનનું પણ આયોજન કરવામાં આવે તો બે તાલુકાના સમગ્ર ગામડાંઓને સારા પ્રમાણમાં પાણી મળી શકશે. માનનીય મંત્રીશ્રીનું સૂચન છે આટલું મારું સૂચન છે અને મને વિશ્વાસ છે કે, માનનીય મંત્રીશ્રી ચોકકસ આ સૂચન સ્વીકારશે અને માનનીય મંત્રીશ્રી આ હાઉસમાં કહે કે, આ બે તાલુકાઓ છે એ સૂકા છે, નપાણિયા છે, જયાં પાણીનો મોટો પ્રશ્ન છે એના માટે રાજય સરકાર ડિસ્ટ્રીબ્યુશનની વ્યવસ્થા કરશે. એક્ષપ્રેસ લાઈન નેત્રા વાયા વાયોર, વાયોરથી નારાયણ સરોવર. હમણા સરસ્વતી નદીની વાત થઈ, નારાયણ સરોવર એ પણ એક તીર્થસ્થાન છે એ માટે નારાયણ સરોવરનું મહત્વ છે. જેમ સરસ્વતી નદીની અંદર ગયા સ્નાન થાય છે એવી રીતે નારાયણ સરોવરમાં પણ થાય છે પણ આ વિસ્તારમાં સતત દુષ્કાળ પડવાના કારણે આ નારાયણ સરોવર ખાલીખમ થઈ ગયું છે, આની અંદર આના માટેનું પણ આયોજન થાય અને આ પવિત્ર નારાયણ સરોવરને નર્મદાના પાણીથી ભરી દેવામાં આવે એવી માનનીય મંત્રીશ્રી પાસે મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈની વાત કરું તો કચ્છ જિલ્લામાં અત્યારે વર્લ્ડ બેન્કની સહાયથી ૧૮૫ ડેમો બનાવવામાં આવ્યા એમાં મોટા ભાગના ડેમો અત્યારે પૂર્ણતાના આરે છે, પૂરા થઈ ગયા છે પણ કોઈ પણ કારણસર એક ડેમનું કામ વિલંબમાં પડયું હતું એ પણ મને ખુશી છે કે આજે એ કામ શરું થઈ ગયું છે. એજન્સી પણ ફિકસ થઈ ગઈ છે. મારે સિંચાઈ ક્ષેત્રે એક બીજી વાત પણ કરવી છે. કચ્છ એ રાજયનો ૩૩ ટકા વિસ્તાર છે અને કચ્છ માટે પાણીનો પ્રશ્ન એ અતિ વિકટ પ્રશ્ન છે એટલે રાજય સરકારે આ વિધાનસભાના ફલોર ઉપર કચ્છને વધારાનું ૧ એમ.એફ.પાણી આપવાની જાહેરાત કરી છે તો મારે રાજય સરકારને કહેવું છે કે, આપે જે આ જાહેરાત કરી છે એ પ્રમાણે કચ્છમાં એ પાણીનો સંગ્રહ કરી શકાય એ માટેનું આયોજન તાત્કાલીક થવું જોઈએ. જયારે કેનાલ આવી જશે અને પાણી આપવામાં આવશે પણ ત્યારે એ પાણીનો સંગ્રહ કરવાનું આયોજન નહીં હોય તો એ પાણીને આપણે કયાં સાચવી શકીશું? એ મોટો પ્રશ્ન છે. તો એના માટેનું આયોજન ટાઈડલ રગ્યુલેટર હેઠળ થવું જોઈએ કેમ કે, કચ્છ મોટો દરિયા કિનારો ધરાવે છે. કચ્છની અંદર ક્ષારનું આક્રમણ થઈ ગયું છે ત્યારે એની અંદર બંધારામાં અત્યારે કામોના ટેન્ડરો બહાર પાડ્યા છે, મારે રાજય સરકારને અભિનંદન આપવાં છે કે સુજલામ્-સુફલામ્ યોજનાની અંદર આ બંધારાના કામો તાત્કાલિક થાય, ઝડપથી થાય અને કચ્છની અંદર જે ક્ષારનું આક્રમણ આગળ વધી રહેલું છે એ ક્ષારનું આક્રમણ રોકાય એના માટે તંત્ર ઝડપથી કામગીરી કરે એના માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે અને બીજી અનેક નાની અને મધ્યમ કક્ષાની સિંચાઈ યોજના કચ્છની અંદર થઈ શકે તેમ છે એના માટેના અંદાજો, એના એસ્ટીમેટ્સ આ બધું તૈયાર છે તો આ નાની અને મધ્યમ કક્ષાની સિંચાઈ યોજના થઈ શકે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૬૪, ૬૬, ૬૭ અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૭૪ લઈને આવ્યા છે ત્યારે સ્વાભાવિકપણે જળ સંપત્તિ અને પાણી પુરવઠો એ એક ગામડાના નાના છેવાડાના માનવીથી અબજોપતિ ઉદ્યોગપતિની સાથે સંકળાયેલો આ વિભાગ છે અને ત્યારે એના માટે ખૂબ વાતો થાય, ખૂબ જાહેરાતો થાય, ખૂબ ચર્ચાઓ થાય એ સ્વાભાવિકપણે બહુ થાય એટલે સ્વાભાવિકપણે એના રાત્રે સ્વપ્ના આવે, એટલે મને એવું સ્વપ્નું આવ્યું કે ગુજરાતમાં હરિયાળી ક્રાંતિ થઈ ગઈ, ચારે ય બાજુ લીલાલહેર છે, બહેનો ઘેર ઘેરથી નળથી પાણી ભરે છે, એનાથી આગળ થઈને કહું તો પાણીના ધોધ વહે છે, હું તો ખૂબ રાજી થઈ, હું ખૂબ રાજી થઈ, મને આનંદ આનંદ થઈ ગયો, ઓ હો હો આવું સરસ ચિત્ર, પણ સવારે આંખો ઉઘાડી તો અહીંયા આગળ પાણીના ધોધના બદલે સૂકી ભઠ્ઠ નદીઓ પડી છે. ઘરે ઘરેથી નળથી પાણી ભરતી બહેનોને બદલે બેડાં લઈને મારી બહેનો આજે પણ પાંચ પાંચ, સાત-સાત કિલોમીટર દૂરથી પાણી ભરે છે અને માનનીય મંત્રીશ્રી એમ કહે કે ટૅન્કરોથી પાણી આપતા નથી તમે તો ટ્રેન દ્વારા પાણી આપતા હતા. મારે મંત્રીશ્રીને કહેવું છે કે રેવન્યુ મિનિસ્ટર બાજુમાં બેઠા છે, કલેકટરશ્રીઓને બોલાવો અને કેટલા જિલ્લાઓમાં અને કેટલા તાલુકાઓમાં આજે ટૅન્કરથી પાણી આપો એવી દરખાસ્તો કલેકટરશ્રીઓએ રાજય સરકારને આપી છે માત્ર આટલું આયોજન કરો અને એક વાત એ કે ટૅન્કરોથી પાણી આપવાની એક પણ માગણી ન કરી હોય તો માનનીય મંત્રીશ્રીને એ કહે એવા અભિનંદન આપવા હું તૈયાર છું. યોજનાઓની વાતો થઈ, જૂની યોજનાઓને અમારા રાજય

કક્ષાના મંત્રીશ્રી રતિભાઈ મુરબ્બી છે, અમારા વડીલ છે એ હવે આવ્યા છે એ સૌરાષ્ટમાં થોડુંક ધ્યાન આપે એવી મારી લાગણી પણ ખરી અને માગણી પણ ખરી. ત્યારે જૂની યોજનાઓ જે છે જે માનનીય પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈએ ક્યાંક ખાતમૂર્હુત કર્યા કે ક્યાંક અગાઉના મુખ્યમંત્રીશ્રીઓ અથવા તો આગેવાનોને ખાતમૂર્હુત કર્યા છે એ યોજનાઓ આજે કયાં પડી છે? એ યોજનાઓમાં કેટલી ગતિ આવી અને આ યોજનાઓ પાછળ રાજય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી એ પણ માનનીય મંત્રીશ્રી કહે મારે એમ કહેવું છે કે નવી યોજનાઓ કરીએ એનો વાંધો નથી, કરવી જોઈએ પણ જે જૂની યોજનાઓ છે એ જૂની યોજનાઓને પણ પરિપૂર્ણ કરવા માટે અને એ યોજનાઓ માટે ગ્રાન્ટ ફાળવવી જોઈએ, આગળ વધીને મારે એ કહેવું છે કે જૂની જે યોજનાઓ છે એની જાળવણી માટે સરકાર દ્વારા ક્યાંકને ક્યાંક ખર્ચ કરવામાં વાંધો નથી, યોજનાઓ છે, કેનાલ છે એ પુરાઈ ગઈ છે, ડૅમ બાંધ્યા ગામડાઓ પડી ગયા છે ત્યારે આ જે યોજનાઓની જાળવણી નહિ થાય તો આ લીલાલહેર અને સ્વપ્ન બધી વાતો માત્ર કાગળ પર જ રહેવાની અને એક વાત આ ગૃહમાં મારે કહેવું છે કે આ પાણીનો પ્રશ્ન છે, બહેન તરીકે મારે આ વિધાનસભામાં વાત કરવી છે કે, ખેત તલાવડીઓ થઈ, બોરી બંધ થયા, ચેક ડેમો થયા. પચાસ વર્ષની અંદર જે કંઈ ના થયું તે એક વર્ષની અંદર થયું. ખરેખર હું અભિનંદન આપું છું કે જે પચાસ વર્ષમાં કોંગ્રેસની સરકારે ના કર્યુ તે એક વર્ષમાં કર્યુ. પણ શું કર્યુ ? બોરી બંધો થયા, ચેક ડેમો થયા, નાની નાની ખેત તલાવડી થઈ કૃષિ રથ દ્વારા થયા પણ પચાસ વર્ષમાં કોંગ્રેસનો કાર્યકર જે નથી કરી શક્યો તે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ ભ્રષ્ટાચારની ગંગોત્રી શરૂ કરી અને મારે વચન સાથે કહેવું છે અને એ વાત એટલા માટે કરવી છે કે માનનીય મંત્રીશ્રી અને માનનીય અધ્યક્ષશ્રી આપ આ વિધાનસભાના વડા છો. મારે વિનંતી કરવી છે કે વિધાનસભાના ત્રણ સભ્યોની સમિતિની રચના કરો અને તે સમિતિની રચના કરી માનનીય મંત્રીશ્રી લિસ્ટ તૈયાર કરે. તાલુકે તાલુકે અને જિલ્લે જિલ્લે આ યોજનાઓમાં થયેલાં કામો કયા સ્ટેજે છે, અત્યારે શું પરિસ્થિતિ છે. કેટલો પાણીનો સંગ્રહ થયો અને કેટલું પાણી દરિયામાં જાય છે તેનો અહેવાલ આ વિધાનસભાની સમિતિ કરે અને વિધાનસભાના સભ્યો કરે, મને આનંદ થશે. (સમય સૂચક ઘંટડી)

મારે ઘણી વાતો કરવી છે. આપ આમ આમ ના કરો મને તકલીફ થાય છે. હું સુજલામ સુફલામની વાત નહીં કરું કેમકે સુજલામ સુફલામની વાત બલવંતસિંહ ભાઈએ કરી છે. મારે તેમાં એટલું જ કહેવું છે કે ઉત્તર ગુજરાત માટે તેના દશ જિલ્લાઓ માટે યોજના થાય. યોજના સારી થાય, યોજના કરવી પણ જોઈએ. પણ માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી છે કે ચશ્મા પહેરીએ, બરાબર પહેરીએ. અધિકારીઓ દ્વારા આડેધડ ચાલતી પ્રક્રિયા અને ખુશામતખોરીના અધિકારીઓ સરકારને કરતાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર સામે માનનીય મંત્રીશ્રીએ લાલ આંખ કરવાની જરૂર છે. પાણી પુરવઠાના મંત્રીશ્રી પણ માગણીઓ લઈને આવ્યા છે મારે એટલું જ કહેવું છે કે માનનીય મંત્રીશ્રીને એક અભિનંદન આપવા છે કે ઘેડ વિકાસ સમિતિની વર્ષો પછી મિટિંગ થઈ નહોતી. માનનીય મંત્રીશ્રીએ પોરબંદરને આંગણે ઘેડ વિસ્તારની મિટિંગ કરી. ઘેડ વિસ્તારના પ્રશ્નોને સમજવાનો પ્રયત્ન કર્યો. અમારી માગણી અને લાગણી પાંચ કરોડ રૂપિયાની હતી પણ અમને ચોકલેટ આપી દીધી કે ચોકલેટ ખાવ. ચોકલેટ તે મીઠી લાગે. પણ ૧ કરોડ ૪૯ લાખ રૂપિયાની નાની રકમ મૂકી. આ ઘેડ વિસ્તાર માટે દયાજનક પરિસ્થિતિ છે અને દરિયાનું પાણી જો બચાવવું હોય તો ઘેડ વિસ્તારની જે યોજનાઓ છે તેને માનનીય મંત્રીશ્રી કાર્યાન્વિત કરે. પીવાના પાણીની પરિસ્થિતિમાં આ વિસ્તારોમાં ટેન્ડરો નીકળે છે. કોઈ અને કોઈ કારણોસર ઘેડ વિસ્તારનું ટેન્ડર પાંચ પાંચ વખત રિજેકટ થાય અને તે યોજના ખોરંભે પડે અને વર્ષોથી મંજૂર થયેલ ગ્રાન્ટ પણ ના વપરાય તો મને લાગે છે કે દુ:ખદ છે. હું બે મિનિટમાં પૂરું કરીશ. મંત્રીશ્રીએ એમ કહ્યું કે નર્મદાનું પાણી ગામના લોકોને અને નગરપાલિકાને સસ્તું અપાય, પોસાય નહીં સાચી વાત છે. હું સહમત છું. પણ ગામડાંના માણસને પાણી ના મળે તો ઉદ્યોગપતિ જે પાણી લે છે. ઉદ્યોગપતિ કરોડો રૂપિયાનો જે ભ્રષ્ટાચાર કરીને આપણી પાસે લે છે તેનું શું ? આજે મારે કહેવું છે કે ઈન્ડિયન રેયોનની અંદર કયા અધિકારી દ્વારા કરોડો રૂપિયાના પૈસાનું વળતર અપાતું હતું અને તે બંધ થયું તેની તપાસ કરવાની કોઈ પારાશીશી છે ખરી ?

**અધ્યક્ષશ્રી** : નો, પ્લીઝ.

**શ્રી રાજેશભાઈ પાઠક (બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના પાણીદાર મંત્રી માનનીય મંત્રીશ્રી નરોત્તમકાકા જે માગણી ક્રમાંક: ૬૪, ૬૬, ૬૭, અને ૭૪ જે લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. હમણાં જ મારા અગાઉ માનનીય નરેન્દ્રસિંહે જણાવ્યું તેમ પાણીની સમસ્યા આજે વૈશ્વિક સમસ્યા બની ચૂકી છે. જે આ ધરતી ઉપર પાણીને કુલ જથ્થો છે તેના ૯૬ ટકા જથ્થો મહાસાગરોમાં સંગ્રહાયેલો છે. તેનો અર્થ એ કે ૯૬ ટકા જથ્થો ખારા પાણીનો છે. જે ૪ ટકા જથ્થો બાકી રહ્યો, એમાંના ૩ ટકા ઉત્તર ધ્રૃવ અને દક્ષિણ ધ્રુવમાં બરફ રૂપે સંગ્રહાયેલો છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય રાજેશભાઈ, મુદ્દા ઉપર આવો, આપણી પાસે સમય નથી.

**શ્રી રાજેશભાઈ પાઠક** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત વનડાઉનમાં બેટીંગ મળી છે, હું તો સાતમા આઠમા ક્રમનો ખેલાડી છું. શરૂઆતમાં જ મેન્ડેટરી ઓવર ન આપો. માનનીય અધ્યક્ષશ્રી, ૧ ટકા પાણીનો જથ્થો રહ્યો, એમાં પણ ૨૫ ટકા જેટલું પાણી ડેમ, સરોવર અને તળાવોમાં રહ્યું છે અને બાકીનું ૭૫ ટકા પાણી ભૂગર્ભ જળમાં સંગ્રહાયેલું છે. આ ૧ ટકા પાણીનો ઉપયોગ સમગ્ર માનવજાત અને સમગ્ર દુનિયાની વિવિધ જાતિ અને

પ્રજાતિઓ માટે ઉપયોગ કરવાનો છે. એનું ચોકકસપણે વ્યવસ્થિત આયોજન ન થાય તો દેશમાં પાણીની તકલીફ ઉભી થવાની છે. આ બિહામણું ચિત્ર છે. ગુજરાત સરકાર આ પાણીની સમસ્યાને નીપટવા માટે જે પ્રયત્નો કરી રહેલ છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. ગુજરાતની કુલ ૧૯૬ લાખ હેકટર જમીન પૈકી ૧૨૫ લાખ હેકટર જમીન ખેતીલાયક છે. આજે આપણી પાસે જે કોઈ યોજનાઓ છે, તે બધી યોજનાઓ મેળવીએ તો ૬૫ લાખ હેકટર જમીનને સિંચાઈ હેઠળ આવરી શકાય. બાકીની ૬૦ લાખ હેકટર જમીન વરસાદી ખેતી ઉપર આધારિત છે. હમણાં વિરોધપક્ષના સભ્ય માનનીય ડો.ચંદ્રિકાબેન ચુડાસમા વાત કરતા હતા, કોંગ્રેસની વાત કરતા હતા. ૧૯૪૭માં નર્મદા ડેમની વાત થઈ હતી. ૧૯૬૯માં ટ્રિબ્યુનલે મંજૂરી આપી અને ૧૯૭૯માં કામ શરું થયું. જે કામ શરું થયું એની થોડી વાત મારે સભાગૃહ સમક્ષ મૂકવી છે. જે નર્મદા ડેમની વાત છે તે ૧૩૧૮૦ કરોડની યોજના એ વખતની હતી. અત્યારે એનું જે કામ થયું, આ સભાગૃહ સમક્ષ મૂકવાની આપની પાસેથી રજા લઉં છું. ૯૦ મીટરની ઉંચાઈ પછી ૧૭/૫/૨૦૦૨ માં ૯૫ મીટર માટે મંજૂરી મળી. ૧૪/૫/૨૦૦૩ માં ૯૫ થી ૧૦૦ મીટર માટેની મંજૂરી મળી અને ત્યારબાદ ૪/૭/૨૦૦૩ના રોજ બાકીની મંજૂરી મળી અને ૧૬/૩/૨૦૦૪ના રોજ ૧૧૦ મીટરની અને હમણાં જ આ સરકારના અને આ મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોના કારણે જે પુનઃવસવાટ અને પુનઃવસનની કામગીરી યોગ્ય રીતે થઈ, એના કારણે ૧૨૧ મીટરની ઉંચાઈએ લઈ જવાની જે મંજૂરી મળી તે ગુજરાતના અહોભાગ્ય છે. એટલા માટે હું આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

આ સરકારે બીજી સુજલામ્ સુફલામ્ યોજના શરુ કરી. ૩૩૭ કિલોમીટર લાંબી યોજના, એમાંથી ૩૬ કિલોમીટર જેટલી કેનાલો, મારા મત વિસ્તાર કે જેનું હું પ્રતિનિધિત્વ કરું છું તે બાલાસિનોર અને વીરપુર તાલુકામાંથી પસાર થાય છે. સાહેબ, ખેડા જિલ્લાનું નામ આવે એટલે સામાન્યપણે એવી કલ્પના હોય કે ખેડા જિલ્લો તો બહુ લીલો, હરિયાળી હોય. ચારે તરફ ધોધ અને ખેડા જિલ્લાના ખેડૂતોને નહેરમાંથી પાણી મળે, પણ મારા વિસ્તારની વાત આખી જુદી છે. બાલાસિનોર અને વીરપુર છે ત્યાં પાણીની વ્યવસ્થા શુન્ય. મારે લાખ લાખ અભિનંદન આપવાં છે આ સરકારને, માનનીય નરોત્તમકાકાને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને કે આ સુજલામ્ સુફલામ્ યોજનાનો પ્રથમ વખત વિચાર કર્યો. અગાઉની સરકારોએ વિચાર તો ઘણા કરેલા, પણ એને મૂર્તિમંત કરવાનું કામ આ સરકારે કર્યુ છે. આ યોજનાના પરિણામે મારા મત વિસ્તારની લગભગ ૧૧ લાખ હેકટર જેટલી જમીનને આડકતરો સિંચાઈનો લાભ મળવાનો છે. આ સુજલામ્ સુફલામ્ યોજના મારા વીરપુર તાલુકામાંથી પ્રવેશ કરે છે અને કપડવંજમાંથી થઈ સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થવાની છે. આ સુજલામ્ સુફલામ્ યોજનાની કેનાલો માટે મારે થોડા ઘણાં સૂચનો કરવાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કેનાલ ૪૧૬૩૦ મીટરની સાંકળ છે. ત્યાં કાસવાણી નજીક કોતરમાં છોડવા માટે એક એસ્કેપ મૂકવા માટે હું મંત્રીશ્રીને સૂચન કરું છું. બીજું એક સૂચન છે. ૪૯૨૯૦ મીટરે ખેનપુર નજીક ભમરીયા અમારું નાની સિંચાઈનું તળાવ છે, એમાં એસ્કેપ મૂકીને એમાં આ સુજલામ્ સુફલામ્ કેનાલમાંથી પાણી ભરી શકાય તેવી સ્થિતિ છે. ત્રીજું એક સૂચન છે કે ૬૯ હજાર મીટરે ભાસલા લુહારના મુવાડા તાબે એક તળાવ છે ભમરીયા, દ ાોવડીયા. એ તળાવમાં પણ આ સિંચાઈનું સુજલામ્ સુફલામ્ યોજનાનું પાણી નાંખવામાં આવે તો મારા વિસ્તારને સિંચાઈનો લાભ મળી શકે. એ સિવાય આ સરકારે જે સરદાર પટેલ સહભાગી જળસિંચય યોજના શરુ કરી છે.એ યોજનાના ૧,૧૦,૦૦૦ ચેકડેમ બન્યા છે. (સમય સૂચક ઘંટડી) સાહેબ, ૫ મિનિટ. આ ૧૩૦ જેટલા ચેકડેમ મારા મત વિસ્તારમાં બનેલા છે. આ ૧૩૦ ચેકડેમોમાં બાકીનું કામ ચાલે છે,આનું પેમેન્ટ યોગ્ય સમયે મળે છે, પરંતુ એમાં પણ કાંઈક થોડીક સરળતા લવાય તો ખેડૂતો જે આમાં કામ કરે છે તેમને ઝડપથી નાણાં મળી રહે.

માનનીય અધ્યક્ષશ્રી, તળાવો ઉંડાં કરવામાં ૯૦:૧૦ ની યોજના છે એમાં મારા વિસ્તારમાં પણ આ યોજનાને પ્રાધાન્ય આપીને કામો થાય એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પાણી પુરવઠા યોજનાની વાત કરું તો મારા વિસ્તારમાં પીવાના પાણીની ખૂબજ સમસ્યા હતી. મારો વિસ્તાર પથ્થરવાળો અને ડુંગરાળ વિસ્તાર છે, ત્યાં આગળ ખેરોલી, નમનાર અને વરોડા જેવી યોજનાઓ થતાં મારા વિસ્તારમાં આજે પાણી મળતું થયું છે, પરંતુ એમાં ૨૨૪ જેટલાં ગામોને પાણી આપવાની યોજના હતી એમાંથી ૧૮૦ જેટલાં ગામોને પાણી ઉપલબ્ધ થાય છે જયારે બાકીનાં ગામો જે ટેઈલનાં ગામો છે ત્યાં સુધી પાણી પહોંચતું નથી. તો એના માટેનાં જે કાંઈ ટેકનીકલ કારણો હોય, એના હાઈટના કે ડુંગરાળ પ્રદેશના જે કાંઈ પ્રોબલમ હોય એ સોલ્વ કરીને એની પુનઃ સમીક્ષા કરીને આ ત્રણ યોજનાઓ છે એને અપગ્રેડ કરવાની વાત થાય તો છેવાડાના માનવી સુધી આ પાણી મળી રહે એવી મારી વિનંતી છે.

આ સિવાય મારે ત્યાં સિંચાઈનાં તળાવો છે. બાલાસિનોર તાલુકાનાં ત્રણ તળાવો છે એ ધુમડીયા, જેસોલી અને ભમરીયા એ નાની સિંચાઈ હસ્તકનાં તળાવો છે એને પણ ઉંડાં કરવાનું આયોજન વિચારાય અને વીરપુર તાલુકાના કોયડા, ખાટા અને ડેભારી આ જે ત્રણ નાના ચેકડેમો છે એ પણ ઉંડા કરવાનું વિચારી શકાય તો મારા વિસ્તારના ખેડૂતો આપનો આભાર માનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુજલામ્ સુફલામ્ યોજનાની નહેરથી અમારા વિસ્તારના ખેડૂતોમાં કેટલો આનંદ છે એ જો માનનીય ચંદ્રિકાબેન અને માનનીય સભ્યશ્રી બલવંતસિંહ મારી સાથે મારા વિસ્તારમાં આવે તો હું

તેમને બતાવવા માગું છું. અમારી સરકારે આ યોજનામાં જે કામ કર્યુ છે એ અમારી નજર સમક્ષ એમને જોવા મળશે.

માનનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ માટેની મહેસૂલની ૩૪૩ કરોડ અને મૂડી ખર્ચ માટેની ૧૦૧૩ કરોડ રૂપિયાની માગણીઓ તેમજ પાણી પુરવઠાની ૧૩૯ કરોડ રૂપિયાની મહેસૂલી ખર્ચ માટેની અને મૂડી ખર્ચ માટેની ૬૦૬ કરોડ રૂપિયાની માગણીઓ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩૮૩ કરોડ અને મૂડી ખર્ચ માટેની ૧૧૫ કરોડ રૂપિયાની માગણીઓ અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસરને લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૧૧ કરોડની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે અગાઉ કરેલ વાતો હું દોહરાવવા માગતો નથી, પરંતુ આ બજેટમાં સરહદી વિસ્તાર એવા અમારા કચ્છની જે અવગણના કરવામાં આવેલ છે એ માટેની વાત આપશ્રી મારફતે ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથીદાર નરેન્દ્રસિંહ જાડેજાએ કહયું કે કચ્છ એ રાજયનો ખૂબ મોટો વિસ્તાર છે અને ત્યાં પણ વરસાદ પડે છે અને ત્યાં પાણીને સાચવવા માટેની વ્યવસ્થા ના થાય તો આ વરસાદનું પાણી રણ મારફતે દરિયામાં સમાઈ જાય એવી પરિસ્થિતિ છે. નર્મદાનું પાણી આવવાનું છે, ક્ષાર નિયંત્રણ કામ થવાનું છે અને એ રીતે એને આગળ ધરીને હયાત યોજનાઓ છે એની કામગીરી વર્ષોથી આગળ વધે નહીં (અંતરાય) અને અમારી તરફ કિન્નાખોરી રાખવામાં આવે એનું શું કારણ છે એની પણ માનનીય મંત્રીશ્રી જરાક તપાસ કરે. એમના સચિવ અનેક ઈજનેરોના હકક ડુબાડીને પોતાની વગથી આગળ આવેલા સચિવ છે અને અત્યારે પણ એ વજનદાર સચિવ છે. એનો અર્થ એ ન થાય કે કચ્છને તેમના તરફથી અન્યાય કરાય. આ અધિકારી તરફથી સરહદી વિસ્તારના કેન્દ્ર સરકાર તરફથી આવેલા પૈસા બે બે વર્ષથી નાણા વિભાગે આપ્યા પછી પણ ના આપવાનો દાખલો અને એના કારણે કચ્છમાં કોઈ કોન્ટ્રાકટર કામ કરવા માટે આવતા નથી. સરહદી વિસ્તારમાં પૈસા નહીં મળવાથી અમારે ત્યાં મંજૂર થયેલ રકમોના કોન્ટ્રેકટ લેવા કોઈ આવતું નથી. અગાઉ ૪ કરોડ રૂપિયાનાં કામ થયાં હતાં એના માત્ર ૧ કરોડ ૬૮ લાખ રૂપિયાના કોન્ટ્રાકટ આપી શકયા છે. સરવે થયેલ જે કાંઈ સિંચાઈ યોજનાઓ હોય એમાંથી એકપણ રૂપિયો આ વખતના બજેટમાં ફાળવેલ નથી. લાકડાવાંડ, બીબ્બર, ધાવડા, ખારોડા, પ્યાકા, લોદ્રાણી, કિડીયાનગર અને જતાવીરા આ નાની સિંચાઈ યોજનાઓનો વર્ષોથી બજેટમાં સમાવેશ થાય છે, પરંતુ તેના માટે રકમની ફાળવણી થાય તો કામ થાય, સ્પેશિયલ રિપેરીંગની ગ્રાન્ટ, આટલો મોટો વિસ્તાર, અછતમાં થયેલાં કામો, તેને સલામત તબક્કે લાવવા માટેની ક્ષમતા વધારવા માટેની માગણી, અને વર્ષે દસ કરોડ રૂપિયા આપે તો પણ ઓછા પડે તેવી સ્થિતિમાં તેના બદલે ૫૦ લાખ રૂપિયા ફાળવવાની વાત છે તેના તરફ માનનીય મંત્રીશ્રીનું આપના મારફત ધ્યાન દોરું છું. આ સિંચાઈ માટેની સૂઝલામ સૂફલામ યોજના, આ ધારાસભાની રચના થઈ તેના પહેલા ગઈ ધારાસભામાં બજેટમાં આવી ગઈ હતી. ૨૩૦૦ કરોડની યોજનામાંથી આ ચોથા બજેટ વખતે માત્ર ૫૩૦ કરોડ જ ખર્ચાયા છે, ૫૩૦ કરોડ ખર્ચાયા છે તો નાણાની જોગવાઈ શા માટે થતી નથી? આપણે મોટી મોટી બડાશો મારીએ, પ્રચાર કરીએ ચાર પાઈપ લાઈનમાં પાણી લઈ જવાનું પાંચમી પાઈપ લાઈન વધારવાની છે અને એક મિલિયન એકર ફૂટને પાણી પહોંચાડવાની વાત છે એ કયારે લઈ જશો? અમે તેના માટે ખર્ચ કરવાની અનુમતિ આપીએ છીએ તો પછી ખર્ચ શા માટે કરી શકતા નથી? કારણ કે નાણાની જોગવાઈ થતી નથી. જયારે આ તરંગી યોજના આવી, પ્લાનિંગ કમિશન પાસે મંજૂરી મેળવવામાં નહોતી આવી, જુદી જુદી યોજનાઓને ભેગી કરી અને આ સૂઝલામ સુફલામ નામ આપી દીધું. ૨૩૦૦ કરોડની યોજના આવી ત્યારે સૂઝલામ સૂફલામ નામ નહોતું આપ્યું. દરિયામાં વહી જતું માત્ર ૩ મિલિયન એકર ફીટ નર્મદાનું પાણી છે તેના માટેની યોજના હતી, ત્યારે પણ મેં કહેલું કે આ કચ્છનું પાણી છે, દરિયામાં વહી જતું તમામ પાણી કચ્છને આપવામાં આવે. અને તેના માટે તે વખતના માનનીય શ્રી ચીમનભાઈ પટેલે આ ગૃહમાં પણ કહેલું. પણ આ પૈસા દેશ આખાના પૈસા પોતે લઈ આવશે તેવો દેખાવ ઉભો કર્યો, જયપ્રકાશ નારાયણના નામે જે નાણા ઉપલબ્ધ થવાના હતા દરેક ગ્રામિણ યોજનાના એમાંથી ચાર હજાર કરોડ રૂપિયા સૂઝલામ સૂફલામ માટે ગુજરાતને મળવાના છે. પણ કયાંથી મળી શકે? પ્લાનિંગ કમિશનની અનુમતિ મળી શકી નહોતી. તેથી પીવાના પાણીની આ યોજનાને જો કાર્યાન્વિત કરવી હોય તો તેના માટે મારી પણ કંઈક તૈયારી હતી. કારણ કે હું તે સમિતિનો ચેરમેન હતો. મને ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકારે તો આવીને પાઈપ લાઈનને માળીયા ઉપર મુકી દીધી હતી. ત્યાંથી ઉતારી કાર્યરત કરી અને બોટાદમાં ૧૭મી ડિસેમ્બર,૧૯૯૭ ના દિવસે ખાત મૂહુર્ત કરેલું અને તેની પહેલા રાજકોટની કેબિનેટ વખતે સૌરાષ્ટ્ર કચ્છને ૪૭૦૦ કરોડ રૂપિયાની ફેઈઝ વન, ટુ અને થ્રી ની જાહેરાત કરેલ તેની શું હાલત થઈ છે? જામનગરમાં આજે પણ આ યોજના પૂર્ણ થઈ નથી. કારણ કે જે કોન્ટ્રાકટરને કામ આપેલું તેમણે પાઈપ સપ્લાઈ કર્યા નહીં અને માત્ર ૯ કરોડ રૂપિયાની ડિપોઝીટ છે તે જતી કરી. ટેન્ડરમાં પાછા તેને જ કામ મળ્યું અને ૧૨૫ કરોડ રૂપિયા તેમની પાસેથી વસૂલ કરવાનું કામ ચાલી રહયું છે. સૌરાષ્ટ્રની જે અધૂરી પડેલી યોજના છે કેટલાક અમારા મિત્રો હાજર નથી. અમરેલીની ખાંભા જૂથ યોજના, અમરેલીની રાયડી જૂથ યોજના, ભાવનગરની ગારિયાધાર અને મહુવા, એમાં ૧૦૬ માંથી માત્ર ૧૫ ગામોને

પાણી મળે અને પ્રજાકીય પ્રતિનિધિઓને સંતોષ આપી દઈએ, ૩૧-૧૨-૨૦૦૨માં આ યોજના મંજૂર કરી અને ૨૦૦૪માં પૂરી કરવાની હતી. અને હજુ ૨૦૦૬ના વર્ષમાં પૂરી કરવાની તૈયારી નથી. આ ઢીલે શા માટે થાય છે? ટેન્ડર ઉંચા ભાવે મંજૂર કરી દઈએ, ઓન લાઈન ટેન્ડર મંજૂર કરી દઈએ અને ઉંચા ભાવ આવે તો રી ટેન્ડરીંગ કરી શકાય, પણ ઉંચા ભાવે આપીએ અને સમયસર કામ કરવાનું છે તેવા બહાને મલ્ટી નેશનલ કંપનીઓને ૪૦૦-૫૦૦ કરોડના કામો આપી દેવા, કામો પૂરાં ન થાય, હાથ અધ્ધર કરી દે, અને તેમને બ્લેકલીસ્ટ પણ ન કરવામાં આવે, માત્ર ટોકન ડિપોઝીટ જપ્ત કરવામાં આવે અને પછી નવા ટેન્ડરમાં તેમને એલાઉ કરીએ, ભાવ વધારો આપી દઈએ અને દસ કરોડ રૂપિયાની ટેન્ડર ડિપોઝીટ વસૂલ કર્યા પછી ૧૨૫ કરોડ રૂપિયાનો ભાવ વધારો તેમને જ આપવાના દાખલા પણ રેકોર્ડ ઉપર મોજુદ છે, હું આપના મારફત માનનીય નરોતમભાઈનું ધ્યાન દોરું છું, એમના પ્રત્યે અમને માન છે. કારણ કે એમની ટ્રાન્સપરન્સી છે જયાં સાચી વાત લાગે ત્યાં અધિકારી અને ઈજનેરને કહે છે, એટલા માટે આ જે ચાલી રહ્યું છે અને રાજયને કરોડો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે અને પીવાનું પાણી સમયસર આપી શકાતું નથી.

**અધ્યક્ષશ્રી** : બસ, આપનો સમય પૂરો થયો છે. માનનીય મોહનભાઈ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ.

**અધ્યક્ષશ્રી** : ના, એમાં નહીં ચાલી શકે. ચાલો મોહનભાઈ શરૂ કરો.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગની માગણી નંબર ૬૪,૬૬ અને ૬૭ તથા બંદરો અને વાહનવ્યવહાર મંત્રીશ્રી માગણી નંબર ૭૪ લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કામો કર્યા છે એમાં ૧૯ હજાર ગામોમાં પાણી આ સરકારે પહોંચાડયા છે. અગાઉ કોંગ્રેસ સરકારે મચ્છુ-૨ ડેમની અંદર કચ્છને માટે પાણી રિઝર્વ રાખવાનું નક્કી કર્યુ હતું એ મચ્છુ-૨નું પાણી તમે કચ્છ સુધી લઈ જઈ શક્યા નહોતા. કારણ કે તમને ખબર નહોતી કે આ રાજય સરકારમાં જે અધિકારીઓ બેઠા છે એમનામાં આટલી ક્ષમતા હશે. આ જ અધિકારીઓએ નર્મદાનું પાણી કચ્છ સુધી પહોંચાડયું છે. તમારો ભ્રમ હતો તમને વિચાર આવ્યો કે એક મકાનની અંદર ઉંદર અને બિલાડી પેસી ગયા છે. એને બહાર કઈ રીતે કાઢવા. તજજ્ઞોને બોલાવ્યા એણે કહ્યું કે પહેલા એક નાનુ કાણું પાડો એટલે ઉંદર બહાર નીકળી જશે અને બીજું મોટુ કાણું પાડો એટલે બિલાડી નીકળી જશે. પરંતુ એમને ખબર નહોતી કે દરવાજો ખોલી નાખીએ એટલે બંને નીકળી જશે. આ કોંગ્રેસ સરકારને એટલી ખબર નહોતી કે કચ્છને પાઈપ લાઈન દ્વારા નર્મદાનું પાણી આપવું હોય તો શું કરવું પડે. અમે પહેલા માળિયા સુધી કેનાલ કરી અને ત્યાંથી પાણી પાઈપ લાઈન દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્રમાં નાખ્યું છે. એ જ રીતે કેનાલ અમે વલ્લભીપુર સુધી લઈ ગયા ત્યાંથી પાઈપ લાઈન દ્વારા અમે ભાવનગર અને અમરેલીને પાણી આપ્યું છે. આ વિચાર તમને તે દિવસે ન આવ્યો કે આ એકજ વસ્તુમાં બે કામ થઈ શકે.

હમણાં માનનીય બળવંતસિંહભાઈ કહેતા હતા કે તમે કેટ કેટલા કામો કર્યા? આ સરકારે પાણી પુરવઠા માટે ૪૯૭૮ કરોડ રૂપિયાના કામો કર્યા છે. આ સરકારે ૮૨૮૩ ગામો માટે ૩૭૨ જૂથ યોજનાઓ કરીને પાણી આપવાનું કાર્ય પૂર્ણ કરેલ છે. ફેઝ-૨માં ૨૯૦૬ ગામો માટે ૬૯ જૂથ યોજના બનાવીને ૮૬૪ કરોડના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

માનનીય બળવંતસિંહભાઈ ઉત્તર ગુજરાતની વાત કરતા હતા. ઉત્તર ગુજરાત માટે અગાઉ પણ મેં આ હાઉસમાં વાત કરી હતી કે ત્યાંના યુવાનો યુવાનીમાં વૃદ્ધ થઈ જાય છે. કારણ એ છે કે ફલોરાઈડવાળું પાણી પીવાના લીધે હાડકાંના સાંધા જલાઈ જાય છે. ઉત્તર ગુજરાતના ૫૯૬ ગામો માટે ૩૧૦ કરોડ રૂપિયાની યોજના બનાવીને આ ગામોમાં નર્મદાના નીર પહોંચાડયા છે. એ જ રીતે ભારતીય જનતા પાર્ટીની સરકાર સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ૮૨૧૫ ગામો અને ૧૩૫ શહેરોને નર્મદાના પાણી બે થી ત્રણ વર્ષમાં મળી રહે એના માટે ૧૩૩૪ કિલોમીટર પાઈપ લાઈન નાખવાની છે.

સિંચાઈ માટે ૧ લાખ ૧૦ હજાર ચેકડેમો અને બોરીબંધ બાંધ્યા છે એમાંથી ૫૩૭૦૦ બંધો લોકભાગીદારીથી બાંધવામાં આવ્યા છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારને યાદ આવે કે જેમાં જેનું મન ભરાયું હોય એનામાં મારા પણાનો ભાવ પેદા થાય છે. સરકારે લોકોને ભાગીદાર બનાવીને એનામાં મારાપણાનો ભાવ ઊભો કર્યો અને આ યોજના બનાવી છે. સન ૨૦૦૫-૨૦૦૬માં ૮૦:૨૦ની યોજના બનાવી જેમાં મોટી મોટી નદીઓની અંદર આડબંધ બાંધ્યા અને માનનીય સભ્યશ્રી બાબુભાઈને ખબર હશે કે કચ્છમાં જાય ત્યારે જોતા હશે કે મચ્છુ નદીમાં છેક સુધી પાણી ભરાયું છે. એ જ રીતે ડેમી નદીની અંદર છેક ૬૫ કિલોમીટર સુધી પાણી ભરાયું છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારની દેન છે. તમને તો એકજ વિચાર આવે કે આપણે કાપ દરખાસ્ત કેવી રીતે લાવવી. માનનીય ચંદ્રિકાબહેને વાત કરી. એમને સ્વપ્નું આવ્યું. માણસે દિવસે જોયું હોય એ રાત્રે સ્વપ્નામાં આવે. આ મનોવૈજ્ઞાનિક વાત છે. હમણાં બહેને વાત કરી કે આની તપાસ સમિતિ નીમવી પડે. મારા બહેન જાહેર હિસાબ સમિતિના ચેરમેન છે તેથી એ તપાસ કરી શકે એમાં સમિતિ નીમવાની કોઈ જરૂર નથી.

અહીંયા કાપ દરખાસ્ત લાવ્યા કે એસ.ટી. નિગમના કર્મચારીઓના પ્રશ્નોનો નિકાલ લાવતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧-૨૦૦૬ના રોજ નિગમના તમામ અધિકારીઓના સંચાલક મંડળની મિટિંગ બોલાવી તેના ૫૦ પ્રશ્નો રજૂ કર્યા. તેમાંથી ૪૨ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને મંત્રીશ્રીએ. બલવંતસિંહભાઈ કાપ દરખાસ્ત લાવ્યા. કરકસરમાં એસ.ટી.ના રૂટો બંધ કર્યા. તેમાં વાત કરવી છે. જાન્યુઆરી-૨૦૦૫માં ૪૦,૪૬૮ રૂટ ચાલતા હતા. તે જાન્યુઆરી-૨૦૦૬માં ૪૧,૬૧૦ એટલે કે ૧,૧૪૨ રૂટ નવા વધાર્યા. શિડ્યુલની વાત કરું તો જાન્યુઆરી-૨૦૦૫માં ૬,૬૫૯ શિડ્યુલ હતી તે જાન્યુઆરી- ૨૦૦૬માં ૬૮૪૭ એટલે ૧૮૮ શિડ્યુલ વધાર્યા.

હું બે-પાંચ સૂચન કરવા માગું છું. આપના દ્વારા મંત્રીશ્રીને મારે સૂચન કરવું છે કે જે હયાત ચેકડેમો, નદીઓ, ડૅમ છે. અત્યારે ફલો પદ્ધતિથી પાણી આપવામાં આવે છે. જો તેને ૮૦-૨૦માં લિફ્ટ ઈરીગેશન કરવામાં આવે તો હયાતના કમાન્ડ એરિયા કરતાં ડબલ પિયત થઈ શકે. જે હયાત ડૅમો તૈયાર થઈ ગયા છે અને કેનાલના કામો બાકી છે તાત્કાલિક લિફ્ટ ઈરીગેશનમાં પૂર્ણ કરવામાં આવે તો તાત્કાલિક પિયત થઈ શકે. અછતના તળાવો બનાવેલા પડ્યા છે. આ અછતના તળાવોને વેસ્ટ વીયર જો ૮૦-૨૦માં બાંધવામાં આવે તો પાણીનો સંગ્રહ થઈ શકે. તો ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જે એરિયામાં નર્મદાના પાણી જવાના નથી તે એરિયામાં વધુમાં વધુ ૮૦-૨૦નો લાભ આપવામાં આવે અને વધારેમાં વધારે ચેકડેમ બનાવીને પાણી રોકવામાં આવે એવું મારું સૂચન છે. હાલમાં સૌરાષ્ટ્રમાં ડૅમોમાં સહકારી મંડળી દ્વારા લિફ્ટ ઈરીગેશન ડૅમમાંથી પાણી ઉપાડીને પિયત કરવામાં આવે છે. આમાં વધારેમાં વધારે લિફ્ટ ઈરીગેશન મંડળીઓને મંજૂરી આપીને વધુમાં વધુ સિંચાઈ થાય અને પાણીનો બગાડ ન થાય એવું મારું સૂચન છે. મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું. વધુમાં વધુ સિંચાઈના કામો થાય છે અને થવાના છે એટલું કહીને વિરમું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૬૪, ૬૬, ૬૭, ૭૪ લઈને આવ્યા છે, તેમાં મારાં સૂચનો કરું છું. જેઠાભાઈ, આજે હું બિલકૂલ બોલ્યો નથી. શાંતિથી સાંભળો તો સારું છે. તમે માત્ર હાકોટા જ કર્યા છે. કર્યું કશું નથી. મિત્રો જે વાત કરે છે. શરૂઆતમાં નર્મદાની વાત કરે છે. એ નર્મદા કોંગ્રેસની સરકારે ભવિષ્ય માટે જોઈને કર્યું હતું કે ભવિષ્યમાં આ સંજોગ આવશે અને તેમનું શાસન આવશે અને નદીઓ સૂકાઈ જશે. તે દિવસે નર્મદાની જરૂર પડશે માટે નર્મદાનું અસ્તિત્વ ઉપર લાવ્યા હતા અને બનાવી હતી અને ધીમે ધીમે એ નર્મદા બની છે. તેમાં તમે થપથપાઈ નહીં કરો. ઉંચાઈ વધી છે તેમાં પુન:વસવાટ માટે જ્યાં જ્યાં પુન:વસવાટની જેમ જેમ સગવડ થતી ગઈ, નર્મદા ઓથોરિટી તેની ઉંચાઈ વધારતી ગઈ. તેમાં તમે મોટી ધાડ મારી નથી. કોંગ્રેસે આ ન કર્યું અને તે કર્યું, મોહનભાઈએ કહ્યું, મચ્છુ ડૅમમાં કાણાં પાડ્યા. મોહનભાઈ, આ મચ્છુ ડૅમ કોણે બનાવ્યો? તમે માત્ર બોરીબંધો સિવાય કોઈ બંધ બનાવ્યા છે ખરા? એક મોટો બંધ બાંધ્યો કે ડૅમ મોટો બનાવ્યો છે? આ બોરીબંધો કર્યા અને ખેત તલાવડીઓ કરી. તેમાં મોટી સિંચાઈ થતી નથી. એ તો અમે કર્યું હતું અને તેમાં આજ ભોગવી રહ્યા છો. અત્યારે તો નદીઓ સુકાઈ ગઈ. કેમ સુકાઈ ગઈ એ આપણે તપાસવાનું છે. એટલું જ નહીં, જે જે ડૅમોની વાત થઈ, આ જે બધા મિત્રોએ વાત કરી, ચંદ્રિકાબેને રતિભાઈને કહ્યું સૌરાષ્ટ્ર જોજો. અમારે તો બે મંત્રીઓ ઉત્તર ગુજરાતના છે પણ ખબર નહીં લમણાં વાળતા નથી. આવજો દક્ષિણ, આવજો સૌરાષ્ટ્ર. કંઈક તો જૂઓ. તમારી જન્મભૂમિ છે. બન્નેની. ૧૯૯૫ની સાલમાં આ જ વિધાનસભામાં કહ્યું હતું કે દાંતીવાડા અને સીપુ ડૅમમાં પાણી નાખીશું. એ વખતે કેશુભાઈ સાહેબ મુખ્યમંત્રી હતા. ત્યારે પણ તેમણે એ જ કહ્યું હતું કે પાણી નાખીશું. હજુ તો એનું એ. દર વખતે એલ.એ.કયુ. કરું છું અને નરોત્તમભાઈ કહે કે જોગવાઈ છે અને થશે. તો જે કામ છે તે આ છે.

ડીસાની વાત કરું તો ૮૯-૯૦માં એક જૂથ યોજના છે. મોટી વાવ-થરાદની. ત્યાં લગભગ ૩૫ થી ૩૭ બોર છે જે ૨૪ કલાક ચાલે છે, ૪નું સેકશન છે જે ખેડૂત મિત્રો છે એમને ખબર પડે કે ૪નું સેકશન હોય અને ૩૬ બોર હોય તો આખી નદી ચાલતી હોય. મારી હાજરીમાં એ વખતે સરકારે કમિટમૅન્ટ કર્યુ હતું કે આ નદીની અંદર અમે આ જૂથ યોજનાના બોર બનાવીએ છીએ. અહીં મોટો ૧૦કરોડના ખર્ચે ચેકડેમ બનાવીશું અને આ નદી કાયમી અહીં ભરેલી રહેશે એટલે આ વિસ્તારના તળ સચવાઈ રહેશે. આ મુરત હજુ નથી આવ્યું, હજુ અમે એમને રાડ કરી રહ્યા છીએ. પાણી બધા જ ઉંડા જતા રહ્યા, આ પીવાનું પાણી છે આપવું જોઈએ એનો અમારાથી વિરોધ ના થઈ શકે પણ જ્યાં પાણી આપવા માટે જોગવાઈ કરી હતી એમાં કશું જ નહીં, એના પછી પણ ૧૯૯૫-૯૬માં પણ મેં રજૂઆત કરી હતી કે તમે દાંતીવાડા ડેમનું ડેડવોટર છે જે જમીનમાં પડ્યું રહે છે એને ખેંચવાથી આજુબાજુની જમીનને અસર નથી થતી એવું ડેડ વોટર ત્યાંથી લઈને ડીસાના ટાંકામાં નાખો તો આ જૂથ યોજનાને પાણી સારું મળે અને ત્યાંના ડીસાના ૩૨ બોર બંધ કરાય તો ત્યાંનું તળિયું સચવાઈ રહે પરંતુ એનું હજી ૧૦ વર્ષથી પણ મુરત નથી આવ્યું જે વાસ્તવિક વાત છે સીધી ખેડૂત અને ગરીબને પીવાના પાણીને લગતી વાત છે પરંતુ કશું જ નહીં એના પછી વિઠુદર જૂથ યોજના અમારા ડીસામાં જે બની એની સાથે આગડોલ જૂથ યોજના બની માત્ર જૂથ યોજના નામની જ, તંબુ ઉભા છે, કોઈ લોકો પાણી પીતું નથી. એક એક બોરની પાછળ ૫-૫, ૭-૭ લાખ રૂપિયા ખર્ચ થાય છે. કેટલાય ગામો, ગણી ગણીને હું કાકાને બતાવું અને સમય હોય તો મારી સાથે આવે કે ૬-૬ મહિનાથી બોર ઉભા છે. એમાંથી પાણી જ નથી નીકળતું, લાઈટના થાંભલા છે. કાંતો મોટર ૪૫ની કોલમની મૂકે અને કહે

કે તમારા માથાદીઠ ગણતા ૧૦ની મોટર જ પાણી પૂરું પાડે,અરે નીચેથી પાણી કાઢવા મોટી મોટર જ જોઈએ. ટાંકુ માથાદીઠ ગણો, લેવલ ન ગણો પણ કોઈ સમજવા તૈયાર નહીં, કહે કે અમે ટેકનિકલ તો હવે મંત્રીશ્રી કહે એ સાચું એ રીતના બોર ઉભા છે અને એમાંથી પાણી હજી સુધી નીકળ્યું નથી. પીધું નથી. જેટલા કહે એટલા ગામમાં ગણી ગણીને બતાવું, ફ્લૉરાઇડવાળું કીધું કે કેટલા ક્ષારવાળું લોકો પાણી પીતા હતા, અત્યારે તો ક્ષારવાળું પાણી પણ નથી મળતું. કોઈ જગ્યાએ ટૅન્કરની વાત કરી, અમારી સરકારે દુષ્કાળ વખતે બળદગાડામાં પણ પાણી આપ્યું હતું, જ્યાં ટ્રૅક્ટર નહોતા જઈ શકતા ધોરા હતા પણ લોકોને પાણી પીવડાવ્યું, હું એમને એ પૂછું છું કે આજે જ્યાં ટૅન્કર જતા હતા ત્યાં તમે અને તમારા વિભાગ, તમારી સરકારે એ લોકોને પાણી નથી આપ્યું અને જ્યાં ટૅન્કરો બંધ છે ત્યાં શું એ આકાશમાંથી પાણી પીવે છે? નીચે તો છે જ નહીં, કયાંથી પાણી પીવે છે? પરંતુ કોઈ સાંભળતું જ નથી. શું કરે? થાકીને બીચારી વસ્તી હિજરત કરી ગઈ ત્યાંથી બીજા ગામમાં ગઈ અને જ્યાં પાણી હતું ત્યાં આગળ વસ્યા, ભલે ગમે તેટલી વાતો કરે પણ આ પરિસ્થિતિ આજે થઈ રહી છે,

એસ.ટી. બસોની વાત કરું એ પણ આજે બીમાર છે. તમે આજે જોવો, રસ્તેથી નીકળતા હશો અને જોશો ગાડીમાંથી તો ક્યાંકને ક્યાંક ૨-૫ બસ ઉભી હશે અને તમે પૂછો કે શું થયું? તો કહે કે પંચર થયું, તો કોઈ કહે કે ટાયર તૂટી ગયું, કોઈકનું એન્જિન તૂટી ગયું હોય આ કઈ જાતનો વિભાગ છે? એસ.ટી. એ ગામડાની સુવિધાઓ માટે છે. નફો કરવા માટેનું સાધન નથી, નુકસાન કરીને પણ જરૂરિયાતમંદ ગરીબ માણસની સુવિધા માટે આખું એસ.ટી. તંત્ર છે. તો એના માટે આ બધી સુવિધાઓ હોવી જોઈએ એ કશું જ નથી. ટાયર પણ તૂટેલા છે અને કેટલીયે ગાડીઓ બગડેલી પડી છે. કારણ, મંત્રીશ્રી સુધી આ વાત આવે નહીં, માત્ર કાગળ જ આવે કે આટલું આમાં થયું, આટલું આમાં થયું, આટલું આમાં થયું. એટલે મંત્રીશ્રી આંકડા વિધાનસભામાં બોલી જાય કે અમે આટલું કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, વાસ્તવમાં કેટલા રૂટો બંધ થયા, તમે ૫ વર્ષ પહેલાના ગામડાના રૂટ કાઢો તો કેટલા ગામડાના રૂટ બંધ થઈ ગયા. મોંઘાભાવના સાધન લઈને ભણવા ન જઈ શકે એવા ગરીબ વિદ્યાર્થીઓ બસમાં બેસીને ભણવા જતા, એસ.ટી.માં આવતા હતા. આજે એસ.ટી. તંત્રે ટોટલ રૂટો બંધ કરી દીધા છે કે જ્યાં રોડ છે ત્યાં બસ માટે પૂછીએ તો કહે કે બસ પૂરી ભરાતી નથી, પેસેન્જર માટે નહીં પણ ગરીબ વિદ્યાર્થીઓને ભણવા માટેનું સાધન છે. એની સાથેસાથે એમણે બી.ઓ.ટી. એસ.ટી. સ્ટૅન્ડ ઉભું કરવા માટેની એક સ્કીમ બનાવી, બી.ઓ.ટી. એવું ઉભું કર્યુ કે જ્યાં પછાત વિસ્તાર છે, જગ્યા ન હોય અને જંગલ હોય તો બી.ઓ.ટી. બરાબર છે પણ એમણે પહેલા જ સ્કીમ ડીસામાં કરી, ડીસામાં ફૂટના ૪,૦૦૦ ભાવ છે ત્યાં બી.ઓ.ટી. લઈને મૂકી દીધા કે એસ.ટી. છાપરું બનાવી આપશે ૫૫ લાખનું અને આ બધી જમીનમાં ૨૦૦ દુકાનો તમે બનાવો અને તમે વેચો. ૨૦કરોડ રૂપિયાની આ જગ્યા. ૨૦ કરોડની આ દુકાનો છૂ કરી ગયો આ કોન્ટ્રાકટર, ત્યાં એક પણ ટાયર નથી, એ સ્ટૅન્ડની અંદર બેસવા માટે બાંકડા નથી.એની ચિંતા નથી પરંતુ બી.ઓ.ટી. સ્કીમના નામે આ બધું જ કરી ગયા અને મને વિશ્વાસ છે કે મંત્રીશ્રી તપાસ કરશે તો હું આમંત્રણ આપું છું કે ડીસાના સ્ટેન્ડની જાત તપાસ કરો. તમે કાગળો નહિ પણ જાત તપાસ કરો અને ખોટું નીકળે તો આ હાઉસમાં માફી માગીશ. આ ખરેખર ખોટું થયું છે. સરકાર નહિ, નિગમ નહિ માત્ર કોન્ટ્રાક્ટર કરોડો રૂપિયા લઈ જાય અને સાથો સાથ કહ્યું કે ૫૦ બાકડા તો મૂક તો કહે ન મળે અને આજે એની એરકન્ડીશન્ડ ઓફિસ રોડની વચ્ચોવચ કરીને બેઠો છે. આ લોકશાહી છે કે રાજાશાહી? બટાકા સંશોધન વિજ્ઞાનની જમીન હતી એ જમીન આપી છે અને આ પરિસ્થિતિમાં મૂકી દીધું છે. એનો એક રૂપિયો ડિવિઝને કે સરકારે લીધો નથી. માત્ર કોન્ટ્રાક્ટર લઈ ગયો. બધું ભાડે આપી દેવાનું? આ આંધળું તંત્ર છે. આની તપાસ થવી જોઈએ અને યોગ્ય પગલાં લેવાં જોઈએ.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પોતાની માગણી નંબર ૬૪, ૬૬, ૬૭ અને ૭૪ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેને અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળસંપત્તિ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું બિરદાવું છું અને ખરેખર જે સુંદર કામ સિંચાઈ, જળસંપત્તિ તેમજ પાણી પુરવઠામાં થયું છે એ બદલ હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ઘણા વર્ષોથી, ૩૦ વર્ષ પહેલા અમારી શેત્રુંજી યોજના બનેલી. ૧૦ થી ૧૫ વર્ષ પહેલા એની એક કેનાલ મહુવાથી માલણ નદી સુધી લઈ જવાનું આયોજન થયું હતું. પરંતુ કોઈ કારણોસર એ કામ આગળ વધતું ન હતું. જ્યારથી માનનીય નરોત્તમભાઈના હાથમાં આ વિભાગ સોંપાયો ત્યારથી એમના પ્રયત્નો અને સહકારના લીધે છેલ્લે આ શેત્રુંજી જમણા કાંઠાના પાણી મહુવાની માલણ નદીમાં પહોંચે એ પ્રકારની વ્યવસ્થા થઈ ગઈ છે. એક વખત મહુવા સૌરાષ્ટ્રનું કાશ્મીર કહેવાતું એ આપ સૌ જાણો છો. પરંતુ ક્ષારના પ્રવેશના કારણે છેલ્લા ૨૫ વર્ષમાં મહુવાની હરિયાળી છે એ લગભગ નષ્ટ થઈ ગઈ હતી. ૧૦ વર્ષ પહેલાની સ્થિતિ એવી હતી કે નાળિયેરીના ફળ નાના થઈ ગયા હતા, એનું પાણી ઓછું થઈ ગયું હતું અને પાણી ખારું બની ગયું હતું. એવું લાગતું હતું કે હવે પછી કદાચ આ હરિયાળી કદી પાછી નહિ આવે. ૧૪૦૦ એકરનું ફાર્મ જે જુનાગઢ યુનિવર્સિટી નીચે આવે છે એમાં અનેક નાળિયેરીના વૃક્ષો ઉપર રિસર્ચ થઈ રહ્યું છે એ મરી પરવારી ગયેલ હતું. એવા સંજોગોમાં ૧૯૯૮માં એ વખતના મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ અને ત્યારે માનનીય નીતિનભાઈ સિંચાઈનો હવાલો સંભાળતા હતા એ વખતે અમારી ક્ષાર નિયંત્રણની ૨૦ કરોડ રૂપિયાની યોજના અમલમાં આવી અને એ યોજના બહુ ઝડપથી પૂર્ણ કરવામાં આવી અને

એના કારણે આજે નેશનલ હાઈવે નંબર ૮-ઈ છે દ્વારકા અને સોમનાથને જોડે છે. આ રોડ ઉપરથી મહુવાથી નીકળવાનું થાય ત્યારે જોશો તો મહુવા પહેલાં જેવું લીલું હતું એવું જ લીલું દેખાવાનો ચોક્કસ અહેસાસ થશે એવો મને વિશ્વાસ છે. હવે પછીની એની બાજુની યોજના, નીકોલ પૂર્ણ થઈ અને એના ખૂબ સારા પરિણામો ખેડૂતોને મળી રહ્યા છે. આજુબાજુના ગામડામાં ૧૦ થી ૧૫ કિલોમિટર સુધી ક્ષારનો પ્રવેશ થઈ ગયો હતો એના બદલે પાણી વાપરવા જેવું અને કેટલીક જગ્યાએ પીવા જેવું બની ગયું છે. માલણ બંધારાની યોજના નીકોલને અડીને આવેલ છે. માલણના કિનારા ઉપર ૩૦૦ જેટલા મહુવાના નાળિયેરીના બગીચાઓ આવેલા છે. નીકોલ બંધારાથી આને ફાયદો થયો છે. પણ માલણ બંધારા પૂરો થશે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી પણ કરવા માગું છું કે આ યોજના વહેલી તકે થાય તો સારું. આમ તો નિયમ અનુસાર વર્ક પિરિયડ અનુસાર પૂર્ણ થશે પણ જો વહેલી પૂરી કરવામાં આવે તો મહુવાને ફરી પાછું હરિયાળું કાશ્મીર બનાવી શકાય એવી શક્યતા છે. આટલું આ મારું સૂચન છે.

ક્ષાર નિયંત્રણમાં ૧૯૭૮માં ઉચ્ચ કક્ષાની સમિતિ નં.ર એ ભલામણ કરી હતી. અને પછી ૨૦ વર્ષ એટલે કે ૧૯૯૮ માં એનું કામ શરૂ થયું. મહુવામાં એ વખતે ઘણા બધા ધુરંધર નેતાઓ હતા, એ ચર્ચામાં પડવું મને ફાવતું નથી અને ટેવ નથી એટલે નથી ઊતરતો. પરંતુ માનનીય આપણા ચુદ્રિકાબહેન જે વાત કરતા હતા, એમને સ્વપ્ન આવ્યું અને બધું હરિયાળું દેખાયું તો મને લાગે છે કે કદાચ એમને મહુવા જ દેખાયું હશે. સાથે સાથે હું કહું છું કે ગીતાજીના ૧૮ માં અધ્યાયમાં વિશ્વરૂપ દર્શનનો યોગ છે. વિરાટ દર્શન એની અંદર અર્જુનને બરાબર દેખાતું નથી ત્યારે એ અર્જુનને કૃષ્ણ ભગવાન કહે છે કે 'તુ તારા આ જળના નેત્રોથી નહિ જોઈ શકે, હું દિવ્ય દ્રષ્ટિ તને આપું ઈશ્વર યોગ જો મુજબ' એટલે કે તારી આ દ્રષ્ટિએ તો તુ નહિ જોઈ શકે એટલે દિવ્ય દ્રષ્ટિ આપે છે, આપવાની સાથે જ તેને વાસ્તવિકતા દેખાય છે અને પછી ખરેખર અર્જુનને સાચું દર્શન થયું. એટલે ડો. ચંદ્રિકાબહેનને સ્વપ્નની અંદર થોડીવાર માટે દિવ્ય દ્રષ્ટિ મળી ગઈ લાગે છે ત્યારે એમને સાચા દર્શન થતા હશે. આપણે આશા રાખીએ કે આ દિવ્ય દ્રષ્ટિ છે એ ટકી રહે, જેથી કરીને વાસ્તવિકતાના દર્શન થતા રહે. અમારે એક મેડિકલનું પુસ્તક 'કે.દાસ' બહુ જાણીતું છે. સૌથી પહેલા મેડિકલનો વિદ્યાર્થી વોર્ડમાં જાય ત્યારે એને બધું ભણાવવામાં આવે કે શું જોવાનું, કેમ જોવાનું અને પછી ઘણી બધી ભૂલો કરે એટલે મેઈન પ્રોફેસર ડૉકટર એ બધું એને શિખવાડે ત્યારે પણ એમાં એક વાક્ય ખાસ ભારપૂર્વક કહેવામાં આવે અને આ બૂકમાં ભારપૂર્વક લખ્યું છે કે, What the mind does not know, eyes cannot see. એટલે મનની અંદરની જે વાત હોય નહિ, વિચારમાં હોય નહિ તો આંખથી જોઈ શકાતી નથી. એટલે એવી દ્રષ્ટિ હોય મનની અંદર એવી લાગણી હોય, સારું જોવાની ભાવના હોય તો આપણે બધું સારું જોઈ શકીએ છે.

હવે એક-બે સૂચનો સાથે મારી વાત પૂરી કરીશ. પાણી પુરવઠાની બાબતમાં વિરોધપક્ષના સભ્યશ્રી બાબુભાઈએ જે વાત કરી, એમાં મહુવાનો ઉલ્લેખ કર્યો તો મહુવામાં ૨૦૦૨થી નર્મદાનું પાણી મહુવાનગર આખું પીવે છે. આપણા ગુજરાતના ગામડામાં તળાજા વિસ્તાર જે જાણીતો છે, બોરડા તરફની જે બોરડા યોજના છે એ પૂર્ણ થઈ ગઈ છે અને એના ગામડાને પાણી મળવા લાગ્યું છે. પરંતુ મહુવા અને ગારિયાધારની યોજના ૧૦૬ ગામમાંથી ૧૫ ગામને પાણી મળે છે. એમણે જે વાત કહી છે એ સત્ય હકીકત છે અને એ બાબતમાં માનનીય મંત્રીશ્રીને સૂચન ખાસ કે આ ત્રણ ત્રણ વર્ષથી ટેન્ડર બહાર પડ્યા હોવા છતાં પણ પી.વી.સી. પાઈપની કવોલિટીની અંદર કોઈક તકલીફ પડવાને કારણે એના ટેન્ડરનું કામ રોકવામાં આવ્યું ત્યાર પછી આજ સુધી એને બ્લેકલિસ્ટ નથી કર્યા અને એના પાસે કામ પણ નથી કરાવ્યું, પણ એ ટેન્ડર આપવામાં આવે, આ તો અમારા વિસ્તારના ગામડાનું સદ્‌ભાગ્ય છે કે ભગવાનની કૃપાથી વરસાદ સારો થયો એટલે આ ગામડાની કોઈ ફરિયાદ નથી, પણ આવતા વર્ષની અંદર, આ ચાલુ વર્ષમાં કામ પૂર્ણ કરવામાં આવે એવું સૂચન છે.

વાહન વ્યવહાર વિભાગની અંદર એક નાનું એવું સૂચન છે કે ઘણા બધા સુધારાઓ અને કાપદરખાસ્તો છે એમાં એવું અમને કોઈપણ જોવામાં ના મળી કે જેમાં રીફલેકટર માટે કાંઈ હાઈલાઈટ કરવામાં આવ્યું હોય, રીફલેકટરના અભાવે ઊંટગાડી, બસ, ટ્રક વગેરે હોય એમાં રીફલેકટરના અભાવે કેટલાય યુવાન જીવો આ રીતે ખતમ થાય છે. આપણે સૌ એના સાક્ષી છીએ અને આ બહુ નાની એવી બાબતને માત્ર એક ગંભીરતાપૂર્વક સૂચવવામાં આવે અને એનો અમલ કરવામાં આવે તો ઘણી જિંદગી બચી જાય એટલું કહીને વિરમું છું, આભાર.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા વિભાગની માગણી ક્રમાંક ૬૪, ૬૬, ૬૭ અને ૭૪ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમૃદ્ધ ગુજરાતમાં વર્ષો પહેલા પાણીની કોઈ જરૂરિયાત નહોતી. તમામ નદીઓ લગભગ હોળી સુધી વહેતી હતી, પણ કાળક્રમે કોણ જાણે કેમ થોડાક વર્ષોથી નદીમાં પાણી સુકાઈ ગયાં, છતાં પણ અગાઉની સરકારોએ આવી પાણીની સારી પરિસ્થિતિ હોવા છતાં પણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં મોટા ડેમો બનાવ્યાં, એટલું આગોતરું આયોજન કર્યુ, પણ એના પછીનું જે કામ હતું કેનાલો બનાવવાનું અને આવી સૂજલામ્ સૂફલામ્ જેવી યોજના બનાવી. યોજનામાં જે વિસ્તારમાં પાણી નથી મળવાનું એ વિસ્તારને પાણી મળી શકે.કોણ જાણે કેમ સરકારે જાહેરાત કરી, અમને પણ ઉત્તર ગુજરાતને એમ હતું કે, પાણી મળશે. અહીંયા જે બે વર્ષ પહેલાં નરોત્તમભાઈએ વાત કરેલી કે તમને, અમરસિંહભાઈ તે વખતે જીવતા હતા તો અમરસિંહભાઈ આખી

ગાડી સાથે જતા રહે એટલી મોટી કેનાલોમાં પાણી મળવાનું છે પણ એ હજુ સુધી પાણી મળ્યું નથી અને ઉત્તર ગુજરાતના અમારા તાલુકાઓ ભીલોડા, મેઘરજ અને ખેડબ્રહમા માટે તો કોઈ યોજના જ નથી, પીવાના પાણી માટે ખૂબ મુશ્કેલી છે પાણીના તળ અત્યારે ખૂબ ઊંડા ગયા છે પાણીમાં ક્ષાર ઘણો બધો આવે છે એના કારણે ઘણા બધા રોગો થાય છે છતાં પણ સરકાર દર વખતે કાગળ ઉપર યોજનાઓ બનાવે છે પણ એનું કોઈ અમલીકરણ થતું નથી, બજેટરી જોગવાઈ નથી થતી અને ખેડૂતોને સિંચાઈનું પાણી મળી રહે એના માટે દર વખતે નરોત્તમભાઈને વાતો કરીએ છીએ કે, હવે કાંઈ કરવું પડશે, હવે અમે તળાવો ભરી આપીશું, યોજનાઓ કરીશું, ચેક ડૅમો કરીશું પણ મારે કહેવું છે કે, ચેક ડૅમો માટે પણ નરોત્તમભાઈ અધિકારીઓને મોકલે, અધિકારીઓને લઈને અમે આખો દિવસ ફરીએ યોજનાઓ બનાવીએ ગઈ સાલ પણ વાત કરી હતી કે તમારી આ ચોમાસા પહેલા ચેક ડૅમો થઈ જશે, અમે પણ મંત્રીને મળીએ, સચિવને મળીએ પણ આજની તારીખ સુધી કોઈ હાથમતી ઉપર ચેક ડૅમ બન્યો નથી. ફક્ત ને ફક્ત વાતો થાય છે જે થોડા ઘણા ચેક ડૅમો બનાવ્યા ખેડૂતોએ એના પૈસા પણ મળતા નથી. છેલ્લા બે વર્ષોથી આની આ મુશ્કેલી છે, એનું કારણ છે વર્ષો સુધી અધિકારીઓ ત્યાં જ રહે છે પાણી પુરવઠાની ઓફિસોમાં અને સરદાર પટેલ જળ સંચય યોજના હેઠળ જે કામગીરી થાય છે એમાં અધિકારીઓ વર્ષોથી રહે છે ડૅપ્યુટી ઈજનેર એ પોતે પ્રાયોજકો થઈ જાય છે એમના દ્વારા જ ચેક ડૅમો થઈ જાય છે એમના જ બીલો પાસ થાય છે, ખરેખર ખેડૂતોના કોઈ બીલો પાસ થતા નથી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આમાં તપાસ કરાવે કે કેટલા વર્ષોથી જૂના અધિકારીઓ છે એ પોતે ચેક ડૅમો બનાવે છે આ જાતની વાત છે અને અત્યારે ચેક ડૅમો માટે જે પૈસા ફાળવેલ છે એ પૈસા પણ ખૂબ ઓછા ફાળવેલા છે, પૂરક માગણીમાં એક વાત આવી હતી કે, પંચમહાલ અને દાહોદ જિલ્લા માટે ટ્રાયબલ એરિયા માટે ૩૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા, આટલી મોટી રકમ એક જિલ્લા માટે ફાળવીએ એના કરતાં જુદા જુદા જિલ્લાઓમાં ટ્રાયબલ વિસ્તારોમાં ફાળવવામાં આવે તો ઘણી બધી યોજનાઓ બની શકે. બધા વિસ્તારો માટે બધા વિસ્તારો માટે બને (અંતરાય) આ જે સુજલામ સુફલામ યોજના બનાવવાની છે એનાથી સરકારનું કહેવું છે કે, ૨૬૯૪ મેગાવોટ વીજળી બચવાની છે ૧૦૯૧ કરોડની કૃષિ વિષયક વીજળી માટે જે સબસિડી આપવાના હતા એ બચવાની છે એક હજાર કરોડના નવા ટ્યૂબવેલોના સંદર્ભમાં મરામતનો ખર્ચો એ પણ બચવાનો છે અને પાંચસો કરોડ રૂપિયાની પાણીની યોજના બનવાની એ પણ બચવાની આટલો મોટો ખર્ચો જ્યારે બચવાનો હોય ત્યારે મારે મંત્રીશ્રીને વિનંતી છે કે, આ ઉત્તર ગુજરાતના વિસ્તારો છે જ્યાં પાણી જ નથી મળવાનું એવા વિસ્તારોના ખેડૂતોને પાણી મળી શકે એના માટે પાણી કુવાઓમાંથી કાઢવા માટે વીજળી મફત આપો એટલું કરી આપો તો ઉત્તર ગુજરાતના ખેડૂતોને શાંતિ થશે, સરકાર સાથે પરામર્શ કરીને પાણીનું એ કરે, ટપક પદ્ધતિમાં અમારા વિસ્તારને કોઈ પ્રાયોરિટી નથી મારા વિસ્તારમાં એક પણ માણસ ટપક પદ્ધતિ થતી નથી ( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઈ કોમ્પેન્સેટરી યોજના કરી આવા વિસ્તારોના ખેડૂતોને પાણી આપવું જોઈએ. ( અંતરાય) ગ્રાન્ટ જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, સરકારે હમણાં સુધારેલી જે સહભાગી જળ સંચય યોજના કરી છે એમાં ગયા વખતે ૧૩૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા અને આ વખતે ૭૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે એટલે ૫૫ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યા છે આમાં પણ અમને અન્યાય થઈ રહ્યો છે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજનામાં ઓછા પૈસા ફાળવ્યા છે ત્યારે જે વિસ્તારો સુકા છે એમને પાણીની યોજનાઓનો લાભ મળે એ માટે નરોત્તમભાઈ વ્યવસ્થા કરે એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી.માં પણ ગામડાઓમાં એસ.ટી. એ બંધ હાલતમાં છે અને એસ.ટી.નું દેવું દિવસે ને દિવસે વધતું જાય છે એક સમય એવો હતો કે, એસ.ટી.માં નફો થતો હતો, આજે પાંચસો કરોડની ખોટ નીચે આવી ગઈ છે, ૯૫ ટકા ગામડાઓ એસ.ટી.થી કવર હતા આજે એ પરિસ્થિતિ નથી. અને જે કાંઈ તમે નવી એસ.ટી., સી.એન.જી. બસોની વાત કરો છો એ મોટા શહેરો માટે છે. ગામડાં માટે નથી. મારી વિનંતી છે કે સારી બસો ગામડાં માટે આપવી જોઈએ. શહેર પુરતી સીમિત ન રાખો. આર.ટી.ઓ.માં કોમ્પ્યુટરાઈઝેશન થયું એનાથી જરૂર ફાયદો થયો છે. હજી થોડી ફોલ્ડરીયા પદ્ધતિ છે એ દૂર કરવાની જરૂર છે. તેનાથી હજી સરકારની આવક વધુ થાય તેમ છે. ઈન્સ્ટ્રકટરની જગ્યા પૂરવામાં આવે તો સરકારને ફાયદો થાય તેમ છે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં.૬૪, ૬૬, ૬૮ અને ૭૪ લાવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું. જો આ રાજય માટે ખરેખર કોઈ ચિંતાનો વિષય હોય, સમગ્ર ગૃહના સભ્યો માટે પણ ચિંતાનો વિષય હોય તો એ પાણીનો વિષય છે. ગંભીરમાં ગંભીર આ રાજય માટે પાણીનો વિષય છે અને પાણીના વિષય માટે જે આ ૧૦ વર્ષની અંદર અને છેલ્લા ૩-૪ વર્ષમાં પાણીના ચેકડેમ બનાવવામાં આવ્યા છે, મધ્યમ કક્ષાના ડેમ બનાવવામાં આવ્યા છે. જેના કારણે આજે આપણે એમ કહીએ છીએ કે સૌરાષ્ટ્રમાં જે ચેકડેમ બન્યા છે અને હમણાં સાથી સભ્યો સુજલામ સુફલામ યોજનાની વાત કરતા હતા. મારે તો આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને વિભાગના મંત્રીશ્રીને ધન્યવાદ આપવા છે. ધન્યવાદ એટલા માટે આપવા છે કે સુજલામ સુફલામથી સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૦૭ ચેકડેમનું આયોજન ૨૦૦૪-૦૫માં કરવામાં આવ્યું. એમાં ૨૮ પેકેજ બનાવવામાં આવ્યા જેમાંથી આજે ૭૮ ચેકડેમનું કામ ચાલુ છે. એમાંથી ૪૦ થી ૪૫ ચેકડેમ પૂરા થઈ ગયા. એક વર્ષની અંદર સુરેન્દ્રનગર જિલ્લામાં ૮૫ કરોડના ખર્ચે ૧૦૭ ચેકડેમ અને આ ચેકડેમમાંથી સુરેન્દ્રનગર જિલ્લાના એક ધારાસભ્ય તરીકે આ ગૃહમાં હું કહું છું અને જાહેર મંચમાં કહું છું કે કોઈ સભ્યને મારી સાથે આ ચેકડેમ

જોવા માટે આવવું હોય તો મારી વિઝિટ લેવા માટે તૈયારી છે. સુરેન્દ્રનગર જિલ્લાને આ લાભ મળ્યો છે એના માટે ધન્યવાદ. આજે બળવંતસિંહભાઈએ કહ્યું હતું કે સુજલામ સુફલામ આમ છે. આ ચેકડેમની મેં ૮ દિવસ પહેલા વિઝિટ લીધી. હું જોવા ગયો તો કામગીરી પુર જોશમાં ચાલે છે. આમાંથી ૫૮ ચેકડેમ ટાંકીથી માળિયા બ્રાન્ચ નીચે બારમાસી ચેકડેમ બનાવવાના છે. બ્રામણી-૨ બારમાસી બની રહ્યા છે. નર્મદાના ફળની વાત કરે છે. નર્મદાના ફળ મારા તાલુકો ચાખી રહ્યો છે. મારા તાલુકાના કાંઠાના ગામોમાં આજે પણ પાણી ચાલુ છે. ધમધોકાર જાય છે. એમાંથી ખેડૂત પાણી પાય છે. ગોવાભાઈને જોવા આવવું હોય તો હજી આવે. બીટી.કપાસ કેટલો ઉતરે છે એ જોવા આવવાના છે. હજી આવ્યા નથી. બાબુભાઈ દેકારો કરે. પીવાનું પાણી ન આવે એટલે બાબુભાઈ દેકારો કરે છે. વચમાંથી ખેડૂત લઈ લે છે. તો આ લાભ તો કાયદેસરનો ૪-૬ મહિનામાં મળવાનો છે. આ મારા તાલુકામાં ૧૦૭ ચેકડેમ, નર્મદાની સુવિધા જેના કારણે મીની ગુજરાત બની રહ્યું છે. આ બે વર્ષની અંદર રાજય સરકારે કર્યું છે. એટલે બે દિવસ પહેલા પરિણામ જોયા. સવારના ૧૭ જણા આવ્યા છે. આ પરિણામ આવ્યા ૨૮ નગરપાલિકામાંથી ૨૩ નગરપાલિકા અમને આવી. સવારના ૧૭ જણા બેઠા છે. અત્યારે બે-ચાર વધ્યા. મંત્રીશ્રીને ધન્યવાદ દેવાના છે કે આજે હળવદ તાલુકો, મૂળી તાલુકો, ધ્રાંગધ્રા તાલુકો, પાટડી તાલુકો એમાં નર્મદા આધારિત પીવાના પાણીની યોજના બાબુભાઈ એમ કહે છે કે એ તો એમને એમ પડી છે. બાબુભાઈ તમારે જોવી હોય તો આ બુક જોઈ લ્યો, આની અંદર કઈ કઈ યોજના બની? કઈ કઈ ચાલુ છે? મારી સાથે જોવા આવો. આજે હું સમજું છું. આ રાજ્ય માટે પીવાના પાણીનો ગંભીર વિષય હતો. આજે ભૂગર્ભ તળના પાણી દિવસે દિવસે નીચે જઈ રહ્યા હતા અને નીચે ગયા પછી કયારેય પાણી પીવાલાયક નહોતું. એ પાણી માણસને પીવાલાયક બનાવ્યું. લૅબોરેટરી બતાવે છે અને એ આજે ગામે ગામ, હળવદ તાલુકાના ૬૮ ગામો, હળવદ શહેર આજે બે મહિનામાં નર્મદાના પાણી પીવા માટે આવશે. આ યોજના છે. લોકોની સુવિધા માટેની યોજના છે. આજે પીવાના પાણીની યોજના એકેએક જગ્યાએ સુરેન્દ્રનગર જિલ્લો, સમગ્ર જિલ્લામાં આજે લીંબડીમાં પીવાના પાણી માટે કેટલી મુશ્કેલી હતી. આજે તમે એકે એક તાલુકો જોઈ લ્યો. પાટડી, દસાડા એની અંદર પાણી જમીનમાં ખારું આવે, આજે આશીર્વાદ મળી રહ્યા છે, ૨૧ સીટો આપી. વિરોધપક્ષ જ નહિ. આ એનું પરિણામ છે. સરકારની કામગીરીનું પરિણામ છે. આજે એકેએક જગ્યાએ આપણે જોઈ રહ્યા છીએ.

મારે એક આંકડો આપવાનો છે.એસ.ટી.ની માગણી છે, ત્યારે એકેએક ચેકપોસ્ટ ઉપર આજે બે-ત્રણ, ચાર વર્ષ પહેલાં આવકનો આંકડો જોઈ લ્યો. ચેકપોસ્ટ ઉપર આજે એ આંકડાની આવક વધી છે. સાથી સભ્યો કહે છે કે વાહન વધ્યાં છે. વાહનોની ટકાવારી કાઢી નાખો. આવક વધી છે. પહેલા ચેકપોસ્ટ ઉપર ઉઘરાવવાનું ચાલતું હતું. આજે સરકારની અંદર કરોડો રૂપિયાની આવક વધી છે, જેના કારણે રાજ્ય સરકાર એકેએક કામ પાછળ કરોડો રૂપિયા વાપરી રહી છે. ફરીથી હું ૧૦૭ ચેકડેમ માટે દિલથી કહું છું. ધન્યવાદ આપું છું. મુખ્યમંત્રીશ્રીને અને આ વિભાગના મંત્રીશ્રીને ધન્યવાદ આપું છું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને અછતની અંદર થયેલ તળાવ છે, એને સેઈફ સ્ટેજે લઈ જવા માટે અપૂરતી રકમ ફાળવવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં આખા ગુજરાતના બધા જિલ્લાઓને સેઈફ સ્ટેજની છેલ્લા ૨ વર્ષમાં ગ્રાન્ટ ફાળવી છે, જ્યારે રાજકોટ જિલ્લાને એકપણ પૈસા ફાળવ્યા નથી. રાજકોટ જિલ્લાના મોહનભાઈના ધ્યાન ઉપર મૂકું છું કે એ રાજકોટ જિલ્લાના ધારાસભ્ય સામે બેઠા છે. સૌથી મહત્વની વાત એ છે કે પાણી પુરવઠાની અંદર ઘણાં ગામડામાં ડીપ બોર થવાના કારણે ખારા પાણી ઉપર આવ્યા છે, એટલે રાજ્ય સરકારે ડીપ બોર થાય છે એ બંધ કરાવવા માટેની જોગવાઈ કરવી જોઈએ. બીજી વાત જે ખાસ કરીને ડેમની જાળવણી અને કેનાલની મરામત માટે રકમ જે ફાળવવામાં આવે છે, તે અપુરતી ફાળવવામાં આવે છે, જેની પુરતી રકમની ફાળવણી થવી જોઈએ. બીજું રાજકોટ જિલ્લામાં જસદણની બાજુમાં કરણુકી ડેમ બે વર્ષ પહેલાં પૂરો થયો છે, એના ગેટ ચડાવવામાં આવતા નથી અને કેનાલનું કામ કરવામાં આવતું નથી. લીંબાણી ડેમ તૂટી ગયો છે. ગઢડા અને જસદણ વચ્ચેનું કામ અતિ નબળું થયું છે. રિપોર્ટ કહે છે કે કોઈ તપાસ કરવામાં આવતી નથી કે સિંચાઈ વિભાગના અધિકારી ઉપર પગલાં લેવામાં આવતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જે હેન્ડપંપ ગ્રામ્ય વિસ્તારમાં છે તેના રીપેરીંગ માટેની અસંખ્ય ફરિયાદો કરવામાં આવે છે. પણ સાહેબ તે રીપેરીંગના માલસામાનના અભાવે તે સમયસર રિપેર થતા નથી. બીજું સાહેબ સ્વજલધારાની યોજનાની વાત કરું તો છેલ્લા એક વર્ષથી તેની અમલવારી થઈ છે. રાજકોટ જિલ્લામાં તેની અમલવારી હજુ પણ થતી નથી. બીજું પાણી પુરવઠા વિભાગ મારફતે ખાસ અંગભૂત યોજના હેઠળ પાણી પુરવઠાના કામો થાય છે. તેમાં પૈસા વણ વપરાયેલા પછી પાછા જમા થઈ જાય છે અને તેના લીધે પાણી પુરવઠાના કામો થતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારની વાત કરું તો મારે બે સૂચન કરવાં છે તેમાં પણ ખાસ કરીને વિકલાંગોને એસ.ટી. બસમાં મફત પાસની સુવિદ્યા આપવામાં આવે છે. ત્યારે મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે અત્યારે ખાસ કરીને ખાનગી ટ્રાવેલ્સો અને ખાનગી ગાડીઓ અસ્તિત્વમાં આવી છે. અને આપણું એસ.ટી.તંત્ર પડી ભાંગ્યું છે તો તેમાં ગ્રામ્ય વિસ્તારમાં આ જે અપંગ લોકો છે, વિકલાંગો છે તેમને ખાનગી વાહનવાળા બેસાડે તેવી જોગવાઈ કરવી જોઈએ. કારણકે તેમને પરમીટ આપણે જ આપીએ છીએ, આર.ટી.ઓ જ મંજૂરી આપે છે.

વિકલાંગોને આ જોગવાઈ નીચે ખાનગી વાહનોમાં બેસીને તે પાસનો ઉપયોગ થઈ શકે તેવી જોગવાઈ થવી જોઈએ. બીજું કે અત્યારે એસ.ટી. તંત્ર પડી ભાંગ્યું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં અસંખ્ય માલવાહક વાહનો પસાર થાય છે અને તે લોકો પેસેન્જર બેસાડે છે અને તેમાં અસંખ્ય અકસ્માતો થાય છે. આ માટે શહેરી વિસ્તારો જ નહીં પરંતુ ગ્રામ્ય વિસ્તારમાં એસ.ટી.ની સુવિધા થાય તેવી જોગવાઈ કરવી જોઈએ. બીજું કે આર.ટી.ઓ. મારફતે વાહનોનું પાસિંગ કરવામાં આવે છે, વાહનો કન્ડમ હાલતમાં હોવા છતાં તેનું પાસિંગ કરવામાં આવે છે તેના કારણે ઘણા બધા અકસ્માત થાય છે. તેમાં નીતિ નિયમોને આધીન પાસિંગ કરવામાં આવતું નથી. તો આ દિશામાં જે ધોરણો છે તેનો અમલ થાય અને તેની કાર્યવાહી થાય તેવી જોગવાઈ કરવી જોઈએ. બીજું કે ડ્રીપ ઈરીગેશનની વાત કરી છે. તેમાં દોઢ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. બે કંપનીઓ મારફતે ૧૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની વાત છે તેમાં કેટલો ખર્ચ કર્યો તેની વાત કરવી છે. બીજું કે જળસંપત્તિ નિગમ છે તેના મારફતે જે કાર્યવાહી થાય છે તે અતિ નબળી થાય છે અને તેમાં જે ગેરરીતિ થાય છે તેની તપાસ થવી જોઈએ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા સંપૂર્ણ જળ ક્રાંતિ સમગ્ર રાજયમાં થાય તે પ્રકારના અગાઉ ન વિચારાયેલ તેવી કામગીરીનું આયોજન કર્યુ છે અને તેમાંય ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ખેડૂતોને કોઈપણ હિસાબે સિંચાઈનું પાણી ઉપલબ્ધ થાય તે માટે અગાઉ ન વિચારાયેલ હોય તેવા નવા નવા અભિગમ હાથ ધરેલા છે. લોક ભાગીદારીના ચેકડેમ હોય, મોટી નદીઓ ઉપર ચેકડેમ બાંધવાના હોય, પૂરના દરિયામાં વહી જતાં પાણી બચાવી જુદા જુદા નપાણિયાં વિસ્તારોમાં પહોંચાડવા માટેની હોય, સુજલામ્ સુફલામ યોજના હોય, દમણગંગા, સાબરમતી,....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપે વીસ મિનિટમાં પૂરું કરવાનું છે. ફકત વીસ મિનિટ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અડધો કલાક ઓછામાં ઓછો જોઈએ. તેમનો સમય મને આપજો. પાણી પહોંચાવડા માટે સુજલામ્ સુફલામ્ યોજના હોય, દમણગંગા, સાબરમતી, ચોરવાડ વગેરે નદીઓને લિંક કરવાની યોજના હોય, નર્મદા આધારિત જુદી જુદી નદીઓ જોડવી, તેમાં કટીંગ કેનાલો કરીને જુદા જુદા ખેડૂતોને આ કામગીરીમાં આવરવા, સિરીઝ ઑફ ચેકડેમ બનાવી પાણી ભરવા, કચ્છ જેવામાં ટાઈડલ રેગ્યુલેટર કરીને ૪૪ બંધારાની યોજના કરીને તમામ કામગીરીને જળક્રાંતિની દિશામાં લઈ જવા માટે સરકાર પ્રયત્નો કરી રહી છે. ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ યોજના દ્વારા કામગીરી પૂર્ણ કરવી, સૌરાષ્ટ્રમાં પેટા શાખાઓને નદીઓનાં પૂરના એક મિલીયન એકર ફીટના પાણીના વહન માટે મોટી કરવી, કચ્છની બ્રાન્ચ કેનાલને મોટી કરીને એક મિલીયન એકર ફીટ પાણી પહોંડવા વ્યવસ્થા કરવી. આ બધી કામગીરી વિભાગે હાથમાં લીધી છે. પાણીને માત્ર જળાશયોમાં સંગ્રહ કરવાને બદલે ભૂગર્ભના જળસંગ્રહ માટે કામો કરવા અને એને કર્યા પછી ખેડૂતોના ઉપયોગમાં એ આવે એ પ્રકારની કામગીરી કરવા માટે નદીઓને ફરી જીવંત કરવી, સાબરમતી, સરસ્વતી, ખારી, રૂપેણ જેવી સૂકી નદીઓને તેના રેતાળ પટ્ટને રિચાર્જ કરી નવપલ્લવિત કરવી, એ આ સરકારનો અભિગમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મલ્ટીપરપઝ કલ્પસર યોજના માટે પણ સરકાર મજબૂત અને મક્કમતાથી આગળ વધી રહી છે. લોકોનો સહકાર, ખેડૂતોનો સહકાર, એનજીઓની અન્ય સંસ્થાઓનો સહકાર, ઉદ્યોગ ગૃહોનો સહકાર મળવાને કારણે ગુજરાત રાજય સંપૂર્ણ જળ ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે.. આજે આગામી ૨૦૦૬-૦૭ના સમગ્ર બજૅટમાં આ સરકારે પ્રથમવાર ચાલીશ ટકા ફક્ત પાણી પુરવઠા વિભાગ માટે વાપર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રો જાણીબૂઝીને ઘણી ટીકાઓ કરે છે. એમના મનમાં, હું આ બધા જ મિત્રોના હૃદયને વાંચું છું અને મળું છું, હું એમને સમજું પણ છું. મારી સામે ઘણા મિત્રોએ ટીકાટીપ્પણી કરવા માટેનો પ્રયત્ન કર્યો છે પણ એમને ખબર છે અને એમને વિશ્વાસ છે કે આવતી કાલે એમના ગામ સુધી અમારા પાણીનો રેલો પહોંચવાનો છે અને એ આવ્યા પહેલાં કાગારોળ કરવાની જે પદ્ધતિ છે એ પદ્ધતિ વિપક્ષે ટકાવી રાખી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા ઉપર જાઉં એ પહેલાં જશદણ ગામને યાદ કરું, ભૂલી ન જાઉં એટલા માટે કે આખા ગુજરાતમાં સૌથી દુઃખી તાલુકો હતો એ જશદણ તાલુકો હતો, જેને પીવાનું એક બુંદ પાણી ન હતું, એના સો ગામોની અંદર રૂપિયા સો કરોડનું ખર્ચ કરીને પાણી આપ્યા પછી પણ માનનીય સભ્યશ્રી આજે હેન્ડપંપના વાસણ ખોળે છે.

સમગ્ર રાજયમાં જળસંચયની કામગીરીને અમે પ્રાધાન્ય આપ્યું છે. રૂફ વોટર હાર્વેસ્ટિંગ, તળાવ ખોદવા-ઊંડા કરવા, ખેત તલાવડી બનાવવી, હયાત કૉઝવેને ચેકડેમમાં ઉપયોગ કરવો, નવા ચેકડેમો બનાવવા, અરે, બોરી બંધ બાંધીને પણ એક વર્ષ ચાલે તેવા બંધો પણ બાંધવા, બોરી બંધ એ પરમેનન્ટ સ્ટ્રકચર નથી પણ અમારી કલ્પના છે કે એક વર્ષ પણ પાણી રોકે અને એને રિચાર્જ કરી શકાય એ પાણી ભૂગર્ભમાં ઊતરે તો એ પાણી દરિયામાં જવાને બદલે વધારે કીમતી છે અને એમાં એક પણ પૈસાનો ખર્ચ કરવામાં આવતો નથી. બોરી પણ મફત લાવવામાં આવે છે અને એમાં લોકોની મદદ લેવામાં આવે છે અને આડબંધ બાંધીને, ૩૫ હજાર ચેકડેમો બાંધીને જે જે કર્યુ, એ તૂટી ગયા એની કાગારોળ કરવાની શું જરૂર છે? કારણ કે અમે જાણીએ છીએ કે બોરી બંધ એ સારા વરસાદમાં તણાઈ કે તૂટી જાય એને માટે માનનીય ગોવાભાઈ, ટીકાટીપ્પણી ન હોઈ શકે. આપને હું આમંત્રણ આપું છું કે

બોરીબંધનું કામ કરવા માટે આપ આવો, આપને એક સીજન માટે પાણી મળી રહેશે. (અંતરાય) બનાસ નદીમાં પ્રવાહ ભારે છે એટલે ત્યાં અમે નથી બનાવતા, એ તમને ખબર નહીં હોય.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને વધારેને વધારે સિંચાઇનો લાભ મળી શકે એ માટે લિફ્ટ ઈરીગેશનનો કન્સેપ્ટ પણ અમારી સરકારે સ્વીકાર્યો છે. જેના કારણે હાલનો સિંચાઇનો વિસ્તાર બમણો થશે. ખેડૂતોના સિંચાઇના પ્રશ્નો ઉકેલવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે અને યુદ્ધના ધોરણે જળક્રાંતિની દિશામાં ગુજરાતને લઈને રહેશે. ચેકડેમો ચોમાસા દરમિયાન વરસાદના પાણી ભરાવાથી આસપાસના વિસ્તારમાં ભૂગર્ભના જળ ઊંચા આવ્યા છે. અમારા માપ પ્રમાણે પાંચ થી સાત મીટર સિંચાઈના પાણી ભૂગર્ભમાં ઊંચા મળ્યા છે. એક ચેમડેમથી આઠ થી દશ હેકટર જમીનમાં સિંચાઈ આડકતરી રીતે થઈ શકે છે તો અમારી પાસે આ સાલ ૭૭૦૦૦ ચેકડેમ તમામ અલગ અલગ વિભાગોમાં થઈને તૈયાર થયા છે. ૫ લાખ ૩૦ હજાર હેકટર જમીન ઉપર સિંચાઈ અમે કરી શક્યા છીએ અને એની આવક ખેડૂતોના ઘર સુધી ગઈ છે. લગભગ આઠ લાખ હેકટર સુધીની સિંચાઈ પણ અમારી જોડે એની ગણતરી આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તળાવો ઊંડા કરવાની બાબતમાં પણ આ સરકારે પ્રાયોરિટી આપી છે. આ વર્ષે પણ અમે તળાવો ઊંડા કરવાની દિશામાં આગળ વધવાના છીએ. બે વર્ષમાં ૯૫૦ તળાવો અને અત્યાર સુધીમાં ૧૭૦૦ તળાવો અમારા વખતમાં ઊંડા થયા છે. આઠ કૉઝવેને અમે ચેકડેમમાં ફેરવી દીધા છે અને ૬૦:૪૦ની યોજનાને બદલે ૮૦:૨૦ની યોજના કરીને, લોકોની સાથે રહીને વધુમાં વધુ ચેકડેમો બંધાય અને લોકોને વધુ લાભ મળે એવી વ્યવસ્થા પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુફલામ-સુજલામ યોજના છે એના પણ વિશિષ્ઠ લાભ છે અને એ લાભ માટે જે આખી ગણતરી છે એ હું આપને જણાવવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, સુફલામ-સુજલામ યોજનાની બાબતમાં દ ણાં લોકોએ ઘણી વખતે આટલી સારી મોટી યોજના સૂકા વિસ્તાર માટે, નપાણિયા વિસ્તાર માટે આપવાની છે ત્યારે ટીકા કરી છે અને એના માટેના બજેટની ચિંતા કરી છે. ગયા વખતે બજેટ વખતે કહ્યું હતું કે, એ વખતની કેન્દ્ર સરકાર સાથે જે કોઈ વાતચીત અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીની થઈ એના પરિણામે ૪૩૦૦ કરોડ રૂપિયા કેન્દ્રમાંથી મળશે એના આધાર ઉપર જલદીમાં જલદી ગુજરાતે પોતાની શકિત ઉપર આ યોજના પૂર્ણ કરવાની દિશામાં, ખૂબ જલદી પૂર્ણ કરવાનું આયોજન કર્યું હતું . ૩૯૦૦ કરોડ રૂપિયા સરકારે પોતાના ખભા ઉપર બીજા વિભાગો પાસેથી લઈને આ સરકારે બજેટ ફાળવ્યું છે. બાકીનું બજેટ ફાળવીને આ યોજના પૂર્ણ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે હિસાબ આપવો છે કે આ સુફલામ-સુજલામ યોજનામાં શું ચાલે છે? એની વિગતે વાત કરવી છે. ૩૩૭ કિલોમીટર લાંબી કેનાલ કડાણા ડેમમાંથી બનાસ નદી સુધીની ૮૫ ટકા ખોદી છે, છ કરોડ ઘન મીટર માટી હતી એમાંથી પાંચ કરોડ ઘન મીટર માટી ખોદી નાંખી છે આમ ૮૫ ટકા કેનાલ ખોદી નાંખવામાં આવી છે. ૨૧ નદી ઉપર મોટા સ્ટ્રકચરોનું કામ આગળ ધપી રહ્યું છે. સાબરમતી નદીની કલ્પના કરો, એ નદીમાં ૪૦ કરોડ રૂપિયાનું સ્ટ્રકચર બાંધવાનું છે એ ૬ કે ૮ મહિનામાં પૂરું કરવાનું હોય ત્યારે આ દસ વર્ષના બદલે એક વર્ષમાં પૂરું થતું હોય ત્યારે એમાં ૨૧ નદીઓ વચ્ચે આવે છે, ૭ રેલવે ક્રોસીંગ આવે છે, ૫૮૬ નાના મોટા સ્ટ્રકચરો બનાવવા પડશે મોટા રસ્તાઓ અને ગામોના રસ્તાઓના, બે નેશનલ હાઈવે આવે છે ૨૯ સ્ટેટ હાઈવે વચ્ચે આવે છે. ૧૦ હજાર ખેડૂતોની જમીન લીધી છે એની સાથે લેન્ડ એકવીઝેશન કરી ૨૩૨ ગામોમાંથી કેનાલ પસાર થાય છે, ૪૦૦૦ હેકટર જમીન સંપાદન કરી છે. આ બધી એક જ વર્ષમાં થયેલ કામગીરી હોય છતાં જયારે કોઈ ટીકા કરે ત્યારે એમ લાગે છે કે, ઉત્તર ગુજરાતના મોટા દસ જિલ્લાઓને પાણી આપવાની દિશામાં આગળ વધી રહ્યાં છીએ ત્યારે એને એન્કરેજ કરવાના બદલે ટીકા કરે છે અને એમ કહે છે કે સહકાર આપવા તૈયાર છીએ. કેવો સહકાર આપ આપવાના છો? આવી મોટી અને સારી પાણી આપવાની યોજનાને સહકાર ન આપી શકતા હોય ત્યારે મારે મારા મિત્ર માનનીય બલવંતસિંહને યાદ અપાવવું છે કે, (અંતરાય) એમના અવાજથી મારો અવાજ દબાવી નહીં શકાય. ઉત્તર ગુજરાતના ૯ ડેમો અને આજુબાજુના તળાવો ભરવા માટે સુફલામ-સુજલામ યોજનાની કેનાલો જીવંત કરવા માટે ૧૪ પાઈપ લાઈનોનું આયોજન કર્યું, આ આયોજન કર્યા પછી (અંતરાય) આ પાઈપ લાઈન ન જોઈ શકતા હોય તો અહીંયા બેસીને વાત કરવામાં વાંધો નથી. પણ આવો મારી સાથે અને જુઓ. ૪૩૦૦ કરોડ રૂપિયાની યોજનામાં પાઈપ લાઈનો દ્વારા પીવાના પાણીની યોજના, કેનાલો ખોદવાની યોજના, ચેક ડેમોની યોજના આ બધું સંકલિત કરીને ટાઈડલ રેગ્યુલેટર ચાલુ કરીને કચ્છમાં ૬૩૩૭ કરોડ રૂપિયાની સંકલિત યોજના કરી છે એ યોજનાના ઘટકોને અલગ અલગ સમજવાના બદલે, ઘણાં મિત્રોને લાગુ પડે છે પણ જેમને લાગુ નથી પડતું એમણે એ દિશા તરફ જોવાની જરૂર નથી. કચ્છમાં ટાઈડલ રેગ્યુલેટરી શરું થઈ ગઈ છે અને એના અમે લાઈનોના કામો પૂરા કરીશું. (અંતરાય) માનનીય બાબુભાઈ, એ હું પાણી પુરવઠાનો જવાબ આપીશ ત્યારે કહીશ. ૨ લાઈનોના કામો પૂરા કર્યા છે, એક કામ પ્રગતિમાં છે. હાથમતી-ગુહાઈનું કામ પ્રગતિમાં છે. નર્મદા કેનાલથી સુફલામ-સુજલામ કેનાલ સુધી આ પાઈપ લાઈનો નાંખવાનું કામ પ્રગતિમાં છે અને બાકીની ૬ લાઈનો બીજા તબકકામાં હાથમાં લઈશું. પંચમહાલ અને દાહોદમાં સુફલામ સુજલામ યોજના હાથમાં લઈ હાઈલેવલ કેનાલનું કામ પણ કરી રહ્યાં છીએ. આદિવાસી વિસ્તાર માટે કલ્પના કરો? 'વિચાર આવ્યો હતો અમને, અમે જ વિચાર્યું હતું, માનનીય ચીમનભાઈ પટેલ

વખતે અમે ઘણું વિચારી રાખ્યું હતું.' આ વાત હું સાંભળતો આવ્યો છું. પણ કોઈ અમલ તમે કર્યો હોય એવું મેં જોયું નથી. ડાબા કાંઠાની હાઈ લેવલ કેનાલ આદિવાસીઓને આપવા માટે અમારી સરકારે આ કામ હાથમાં લીધું છે અને એ પૂરું થવાની દિશામાં જઈ રહ્યા છીએ. પાનમ હાઈ લેવલ કેનાલ, જેના દ્વારા આ જે વિસ્તારોમાં તમે જોઈ ન શકો સાડા ત્રણ કિલોમીટરની લંબાઈના પહાડમાં ટનલ બનાવીને આદિવાસીઓ માટે પાણી લઈ જવાનું આ સરકારે કામ હાથ ધર્યુ છે, એ પણ સુજલામ્-સુફલામ્ યોજનાનો એક ભાગ છે. કડાણા હાઈ લેવલ કેનાલ ભૂતકાળમાં મારા મિત્રોએ વિચારી હતી. સૌરાષ્ટ્રના વિસ્તારોને એક મિલિયન એકર ફીટ પાણી આપવાની વાત આવે ત્યારે ઘણા મિત્રોને ખ્યાલ ન હોય અને એટલા માટે સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલની સાઇઝ આપણે મોટી કરી રાખી છે અને વલ્લભીપુર અને અન્ય છ બ્રાન્ચીસ છે એની અંદર પણ જ્યાં પાણી વહેવાનું છે એ સાઇઝને પણ મોટી કરવાનું કામ આપણે હાથ પર લેવડાવ્યું છે, એના માટે સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઓછાં, અનિયમિત અને અપૂરતા વરસાદને અનુલક્ષીને દક્ષિણ ગુજરાતની નદીઓના પુરના પાણી સૌરાષ્ટ્ર વિસ્તારમાં વહેવડાવીને સંગ્રહ કરવા વાપકોઝ દ્વારા અભ્યાસ અહેવાલ મેળવ્યો છે એના આધારે ત્યાં આપણે એક મિલિયન એકર ફીટ પાણી આપી શકીશું અને વધારાના પાણીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ફાળવવામાં આવેલ તેના સંગ્રહની સાથે આ વિસ્તારની નદીઓ, જળાશયોમાં આ પાણીનો સંગ્રહ કરવાની વ્યવસ્થા અમે અત્યારે કરી રહ્યા છીએ. સુરેન્દ્રનગરમાં ૧૦૭ ચેકડેમ જે બંધાયા છે એ પણ પાણીનો સંગ્રહ કરવા માટે આ એક મિલિયન એકર ફીટ પાણીને એમાં વહેવડાવવાનો પણ એક ભાગ છે. હું ભૂલી ના જાઉં એટલે મારા મિત્ર બલવંતસિંહને મારે એક જવાબ આપવો છે કારણકે મારા મિત્રે એક ઉલ્લેખ કર્યો હતો, નહિ બોલવું જોઈતું હતું કદાચ કયા ખ્યાલથી ઉલ્લેખ કર્યો હશે એનો મને ખ્યાલ નથી પણ એમણે એમ કહ્યું કે પાઈપ દ્વારા જે પંપીગ કરવામાં આવે છે પાણીનું, ખાસ કરીને સિદ્ધપુરમાં ૨૪ રૂપિયે લિટર પાણીનું પંપીંગ કરવામાં આવે છે એવો ઉલ્લેખ કર્યો છે મારે એમનું ધ્યાન દોરવું છે કે આપને કદાચ ખ્યાલ નહિ હશે પણ આ જે પાણીનું પંપીંગ થાય છે એ એક પૈસામાં ૧૦ લિટર થાય છે તમે જે ૨૪ રૂપિયા કહ્યાને એ એક પૈસામાં ૧૦ લિટર પંપીંગ થાય છે, પણ ૨૪ રૂપિયામાં તો ૨૭૨૭૩ લિટર પાણીનું પંપીંગ થઈ શકે છે આપે ગણવું હોય તો મારી સાથે આવી શકો છો. • *(XXX) આ વિરોધપક્ષના દંડક માટે બરાબર નથી.

**અધ્યક્ષશ્રી .** : *(XXX) આ શબ્દો આપણે કાઢી નાંખીએ છીએ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રેકર્ડ પર છે અને (અંતરાય) જવાબદારીપૂર્વક હું બોલ્યો છું, ખેતીવાડી બાબતમાં એમને મારે જવાબ આપવો છે., સરસ્વતી નદીમાં જે પાણી ભરવામાં આવે છે એ ત્યાં સિંચાઈ માટે જે ખેડૂતો પાણી વાપરે છે, એનો વીજળીનો દર આપણે ગણીએ તો એક વખત પાણી ભરવાનો ફક્ત પાંચ લાખ રૂપિયા ખર્ચ થાય છે અને એક મહિનામાં બે વખત ભરવાનું આવે તો દશ લાખ રૂપિયાનો ખર્ચ થાય અને એને રિચાર્જીગ થતાં સમગ્ર વિસ્તારની અંદર ખેડૂતોને પાણી મળે છે એની કિંમત ખેડૂતોના ખેતરમાં પાણી આવે એટલે કેટલી એ બલવંતસિંહજી પણ ગણી શકત.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયાની ખારાશને અટકાવવા માટેનો અમારો પ્રયત્ન છે અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારની ખારાશની સમસ્યા દૂર કરવા ૫૯ યોજનાઓના કામો આગામી વર્ષમાં હાથ ધરવાનું અમારું આયોજન છે. જેમાં બંધારા, વિસ્તારણ નહેરોની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, માલણબંધારા, બેડબંધારા, સોમનાથ બંધારા, કર્લી-કીન્દ્રી વિસ્તરણ નહેર, નોલી-મેઘલ સ્પેન્ડીંગ ચેનાલના કામો પ્રગતિમાં છે, જ્યારે ઓઝત-મધુવંતી વિસ્તરણ નહેરના કામો પણ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે., ૫૯ યોજનાઓ પૂરી થયેથી ૧૨૭ મિલિયન ઘનફૂટ મીઠા પાણીનો સંગ્રહ થવાથી ૬૫૬૦૦ હેકટર વિસ્તારમાં રિચાર્જ તથા સિંચાઈનો લાભ થશે. રૂપિયા ૩૭૭ કરોડના આ કામો નાબાર્ડ અને બારમા નાણાપંચની સહાયથી હાથ ધરવામાં આવશે. દક્ષિણ ગુજરાતમાં ઉદવાડા ગામે તેમજ કોસંબા ગામે દરિયાઇ ધોવાણના કામો પ્રગતિમાં છે. નાબાર્ડ સહાય હેઠળ ભરતી નિયંત્રણ અને દરિયાઇ ધોવાણના ૧૫ કામો રૂપિયા ૮૧ કરોડનાં હાથ ધરવાનું આયોજન કર્યુ છે. દક્ષિણ ગુજરાતમાં ઉકાઈ હાઈ લેવલ કેનાલનું કામ પુરજોશથી ચાલુ છે. આ કેનાલ પૂર્ણ થતાં લગભગ ૧૬ હજાર હેકટર આદિવાસી વિસ્તારોને વ્યારા અને સોનગઢના વિસ્તારોમાં સિંચાઈ માટેનો લાભ ખેડૂતોને મળશે. ગુજરાત સરકારે પાણીને કરકસરયુકત વાપરાવું જોઈએ. સરકારી અધિકારીઓ દ્વારા ઘણી વખત પાણીની કરકસર ના કરી શકવાના કારણે આપણને પાણીનો વ્યય થતો હોય એવી ફરિયાદો મળી છે. તેને આધારે ગુજરાત સરકાર જ PIM - Participatory Irrigation Managementનું કામ ધરોઈના વિસ્તારને પાઈલોટ પ્રોજૅકટ તરીકે લઈને અમે કર્યુ. જ્યાં ૧૬ હજારથી વધારે સિંચાઈ થતી નહોતી આજે અમે ૪૦ હજાર હેકટર ઉપર સિંચાઈ કરીએ છીએ કારણકે ખેડૂતોને સહભાગી બનાવ્યા છે. નદીઓનું આંતર જોડાણનું કામ પણ અમે ચાલુ કર્યુ છે. રાજય સરકાર છેલ્લાં ચાર વર્ષથી અવિરતપણે સાબરમતી નદીને નર્મદાના પાણીથી છલોછલ ભરી શકયા છીએ. ભારત સરકારની નેશનલ વોટર ડેવલપમેન્ટ એજન્સીના પરામર્શમાં આંતર નદી જોડાણ યોજનાના એક ભાગરૂપે બાર તાપી નર્મદા લિંક કેનાલ એન.ડબલ્યુ.ડી.એચ. દ્વારા સૂચિત કર્યુ છે. મહી નદી ઉપર પણ દરિયામાં વહી જતાં પાણી ઉપર એક મહી વિયર બાંધ્યો છે અને તેના આધારે ૮૦ મિલિયન ઘન

• *(XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાં કાઢી નાંખવામાં આવ્યા છે.

મીટર જેટલું પાણીનો સંગ્રહ થશે અને પીક અપ વિયરનું બાંધકામ પ્રગતિ હેઠળ છે. આ ચોમાસાં પહેલાં પૂરું થતાં છેક બરોડાના ફ્રેન્ચ વેલ છે ત્યાં સુધી પાણી ભરાઈ રહેશે. આ વર્ષે વરસાદ આવવાના કારણે કાંસમાં કાંસની અંદર પાણી વહી શક્યા નહોતા. આ વર્ષે ૧૦ કરોડ રૂપિયા ફાળવીને અમે જે વિસ્તારો દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં કાંસની મુશ્કેલી ઉભી થઈ હતી તેને અમે કામ તેનાં debris દૂર કરવા માટેનું કામ અમે હાથમાં લીધું છે. કરજણ યોજના વર્ષોથી ડિફેકટીવ રીતે સહન કરી રહી છે. કરજણ યોજનામાં ૪૦ હજાર હેકટર સિંચાઈ થઈ શકે એટલું પાણી હોવા છતાં ૧૦ હજાર હેકટર ઉપર સિંચાઈ થાય છે તે આપણા સૌના માટે એક ચિંતાનો વિષય છે તેને પણ અમે પ્રાયોરીટી આપીને આ બે વર્ષમાં આ યોજનાનું રીનોવેશન અમે કરી રહ્યાં છીએ. નર્મદા નદી ઉપર ભરૂચ નજીક એક બેરેજ બાંધવાની પણ એક કલ્પના આ સરકારની છે. સાબરકાંઠાના અત્યંત પછાત વિસ્તારની કાળજી રાખી જાંજવા પનાઈ જળસંપત્તિ યોજના પણ હાથ ધરવામાં આવશે. ઉપરોકત સિંચાઈ યોજનાઓ ઉપરાંત મધ્યમ સિંચાઈ યોજનાઓ જેવી કે આજી-૪, ભાદર-૨, ડેમી-૩, ગુંદા, લીંબડી ભોગાવો-૨, મચ્છુ-૩, ઓઝત-૨, ઉંડ-૨ વર્તુ-૨, કોલિયારી, ગોમા, વારાણસી, સાબરમતી પીક અપ વિયર વટામણ ચોકડી, સાબરમતી પીક અપ વિયર ઈન્દ્રોડા અને સંત સરોવર આ બધી જ યોજનાઓ અમે હાથમાં લીધી છે અને તબક્કાવાર અમે પૂરી કરીશું. કલ્પસર યોજના દ્વારા પણ ગુજરાતને પાણીની સિંચાઈ આપવા માટે અમારી કટિબધ્ધતા છે. મારે પાણી પુરવઠા વિભાગની પણ માગણી છે અને તેની પણ મારે રજૂઆત કરવાની છે. નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ હેઠળ પાણી પુરવઠા પ્રભાગની મારી માગણીઓ ગૃહ સમક્ષ હું રજૂ કરવા માટે ઉભો થયો છું. પીવાના પાણીની સમસ્યાના ઉકેલ પર અમે આમૂલ પરિવર્તન કર્યુ છે. ભૂગર્ભ જળ પર આધાર ન રાખતાં હવે સરફેસ વોટર પર યોજનાઓનું મોટા પાયે અમલીકરણ અમે હાથ ધર્યુ છે. ભૂગર્ભ જળને ટકાવી રાખવા હયાત સોર્સને રીચાર્જ કરવાના અમે સક્રિય પ્રયાસ શરૂ કર્યા છે. સિંચાઈ વિભાગ દ્વારા થતું રિચાર્જીંગનો પણ લાભ અમને ઘણો મળી રહ્યો છે. ૧-૪-૯૭ની સ્થિતિએ ગુજરાતના ૮૨૭૫ ગામ ફળિયામાં પીવાના પાણી ઉપલબ્ધ ના હતા. આજની તારીખે તે ૮૨૭૫ માંથી ૩૬ સિવાયના તમામ ગામોમાં પાણી પીવા માટેની વ્યવસ્થા અમે આપી શક્યા છીએ. ૨૦૦૩-૦૪માં ફરી સર્વે થયો. ગુજરાતની સ્થિતિ એવી છે કે ભૂગર્ભમાં પાણી બગડતાં જાય છે અને તેને પહોંચી વળવા માટે સરકારે ફરી વખત સર્વે કર્યો. ભારત નિર્માણ કાર્યક્રમ હેઠળ આ અમે આયોજન બનાવ્યું. કેન્દ્ર સરકાર ઘણી વખત એમ કહે છે કે દરેક ગામને અમે પાણી સપ્લાય કરીશું. મને બહુ ઉત્સાહ આવે. એમને મારે સામું જોઈને ઉત્સાહ આવે એમ મને કેન્દ્ર સરકાર બોલે તેમાં બહુ ઉત્સાહ આવે છે. એટલે હમણાં હું કૉન્ફરન્સમાં ગયો હતો. ભારત નિર્માણ કાર્યક્રમમાં. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે તમારે ત્યાં કેટલા દુ:ખ પડ્યા છે અને શું કરવા માગો છો? તો એવોના કરેલા સર્વેના આધારે તેમણે જાહેર કર્યુ કે ૨-૩ વર્ષમાં આપણે આ બધુ દુ:ખ દૂર કરી દઈએ. એમણે આપ્યું કે માનનીય અધ્યક્ષશ્રી, ભારત નિર્માણ કાર્યક્રમ હેઠળ પીવાના પાણીની મુશ્કેલીવાળા ગામોને કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે ૫૦ ટકા નાણા ભારત સરકાર આપશે. રાજ્ય સરકારે ઉપરોકત કામગીરી પુર્ણ કરવા માટે બાકી રહેતા ૫૦ ટકા નાણા આપવાની તૈયારી બતાવી છે. એમના સરવે પ્રમાણે ગુજરાતમાં હજુ પણ ગામડાઓમાં પાણીનો પ્રોબ્લેમ ઉભો થવાનો છે. એ સંજોગોમાં ૧૯૨૨ કરોડની યોજના અમે ૩ વર્ષમાં પુર્ણ કરવાનું એક આયોજન એમને આપ્યું છે. મને વિશ્વાસ છે અને હું આશા રાખું છું કે વિપક્ષના મિત્રો પણ મને મદદ કરશે કે ગુજરાતને પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા માટે ૧૯૨૨ કરોડનું ૨૦૦૮-૦૯ સુધીનો કાર્યક્રમ આપ્યો છે એને મંજૂરી અપાવે અને એને આધારે લગભગ ઘણા બધા ગામોને આપણે કવર કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીની યોજનાઓમાં સુજલામ્ સુફલામ્ યોજના પણ પીવાના પાણીની યોજનાનો એક ભાગ છે. અને એ યોજનાને અમે એટલા માટે મૂકી હતી કે ત્વરીત રીતે કામ હાથ ધરવાનું હતું અને બજેટની ફાળવણીની પ્રાયોરિટી એમને મળે. ૧૦ જિલ્લાના ૪૯૦૪ ગામોને અમે આવરી લીધા હતા અને ૩૨ યોજના દ્વારા પીવાનું પાણી આપવાની યોજના હતી. ૧૯૪૬ કરોડની આ યોજના, એમાં મારે આપને અમે જે ૩૨ યોજના બનાવી હતી, જે એમાં લેવામાં આવી હતી. એ પૈકી ૪૯૦૪ ગામોમાં ૧૯૪૬ કરોડ રૂપિયા એમાં ફાળવ્યા હતા. ૧૦ જિલ્લામાં. એ જિલ્લા પૈકી જે કામગીરી અમે હાથ પર લીધી છે એ (અંતરાય) પાણી આવે તે પહેલા બૂમો પાડવાનો અર્થ નથી. પાણી નથી આવવાનું એ કલ્પના છોડી દો. અમે કામો અધૂરાં મૂકવાના નથી એની તમને ખબર છે. પાઈપમાં પાણી આવે તે પહેલા શરૂઆત કરો કે નથી આવ્યું, નથી આવ્યું, તે યોગ્ય નહીં. અમે કામો હાથ પર લીધા છે. મહેસાણા જિલ્લા માટે ૨ યોજનામાં ૪૧૨ ગામોને જોડી રહ્યા છીએ. ૨૧૬ કરોડની યોજના છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૩ યોજનામાં ૪૨૪ ગામોને જોડી રહ્યા છીએ. ૨૫૩ કરોડની યોજના છે. અમદાવાદ જિલ્લામાં ૪ યોજનામાં ૩૬૯ ગામોને જોડી રહ્યા છીએ. ૨૬૮ કરોડની યોજના છે. ગાંધીનગર જિલ્લો ભલે તમારી પાસે રહ્યો. એમાં ૨૨૪ ગામોને પાણી આપી રહ્યા છીએ. ૯૭ કરોડ ૪૨ લાખની યોજના છે. પાટણ જિલ્લામાં ૧ યોજના છે. ૨૫૬ ગામોને આવરી લીધા છે અને ૫૧.૧૩ કરોડની યોજના છે. સાબરકાંઠા જિલ્લામાં ૧ યોજના હાથમાં લીધી છે અને ૨૭૧ ગામો છે. ૯૫ કરોડ ૬૨ લાખની યોજના છે. બનાસકાંઠામાં ૩ યોજના હાથમાં લીધી છે અને માનનીય ગોવાભાઈ, ૪૬૩ ગામોને જોડી રહ્યા છીએ. ૯૮ કરોડ ૨૦ લાખની ફાળવણી કરીને ૮૯ ટકા કામ પૂરું થયું છે. હું ટકાવારી પણ આપું છું. ૮૯ ટકા કામ પુર્ણ થયું છે. હું આ ગૃહમાં જાહેર કરું છું. પંચમહાલમાં ૧ યોજના અને ૨૬૮ ગામોમાં ૬૫ કરોડ રૂપિયા, દાહોદમાં ૧ યોજના ૧૦૩ ગામો અને ૪૪ કરોડ ૩૭ લાખ રૂપિયા, કચ્છમાં ૧

યોજના અને ૧૦૮ કરોડ રૂપિયા. ૨૭૯૦ ગામોને જોડીને આ કામ હાથમાં લીધું છે. આખા ૧૦ જિલ્લાના ૬૯ ટકા કામો પૂરાં થયાં છે. બાકીના ૨૧૧૪ ગામો બાકી રહ્યા છે. એને પણ નાણાકીય વ્યવસ્થા કરીને હાથમાં લેવાના છીએ.

આદિજાતિ વિસ્તારોમાં જે યોજનાઓ છે તે આપના ધ્યાન ઉપર મૂકીશ. પંચમહાલમાં મીની પાણી પુરવઠાની યોજના ૨૦૦૬-૦૭ માં અને બીજી ૨૦૦ ની. ૫૨૮ ગામ ફળિયાને આવરી લીધાં છે. ૪૪ જૂથ યોજનાઓ કાર્યરત છે. ૮૨૪ ગામ ફળિયાને આવરી લેતી ૨૧ યોજના, જૂથ યોજના પ્રગતિ હેઠળ છે. ૧૭૬ ગામફળિયાને હાલ પાણી આપવામાં આવે છે. ૧,૫૧,૬૨૧ હેન્ડપંપોમાં, આદિજાતિ વિસ્તારોમાં ૧,૫૧,૬૨૦ હેન્ડપંપો અમે મેન્ટેઈન કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૬૬ લાખ ૭૫ હજાર આદિવાસી ભાઈબહેનોને ૪૪ જૂથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા આપણે પાણી આપ્યું છે એની વાત કરવી છે. એમાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજના....

**અધ્યક્ષશ્રી** : હવે આપણી પાસે ફકત પાંચ જ મિનિટ છે અને વાહન વ્યવહાર મંત્રીશ્રીનો જવાબ બાકી છે. તો માનનીય નરોત્તમભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય અમીતભાઈ, આપ પ્રવચન ચાલુ કરો.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહાર વિભાગની માગણીઓ લઈને આવ્યો છું એની ઉપર બહુ ઓછા સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યકત કર્યા છે. વિરોધપક્ષમાંથી પણ એકાદ બે રાજકીય ટીપ્પણીને બાદ કરતાં બીજા કોઈએ કશું કહયું નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું મુદ્દા ઉપર જ આવું છું. હું બહુ ઝડપથી મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ એ રાજયની રેવન્યુની કરોડરજ્જુ સમાન છે. આ વિભાગની કામગીરી ઉપર રાજયની આવકો અને રાજયના વિકાસનાં કામો પણ અવલંબિત છે. મારે કેટલાક આંકડાઓ સાથે વાત કરવી છે કે ૧૯૯૧-૯૨ માં વાહનવ્યવહાર ખાતાની કુલ આવક ૨૦૧ કરોડ રૂપિયાની હતી એની સામે ૨૦૦૨-૦૩ માં ૮૧૧ કરોડ રૂપિયા સુધી પહોંચી છે, ૧૯૯૩-૯૪ માં ૧૮૮ કરોડ રૂપિયા હતી એની સામે ૨૦૦૩-૦૪ માં ૧૧૦૬ કરોડ રૂપિયા, અને ૧૯૯૪-૯૫ માં ૨૬૭ કરોડ રૂપિયા હતી એની સામે ૨૦૦૪-૦૫ માં ૧૨૨૪ કરોડ રૂપિયાએ પહોંચી છે, આમ આવકમાં છ ગણો વધારો નોંધાયો છે અને એ આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયો છે એ વાત સ્વીકાર્યા વિના કાંઈ ચાલી શકે તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક ચેક પોસ્ટોની પણ વાત કરવી છે કે ૧૯૯૨-૯૩ માં ચેક પોસ્ટની આવક ૭ કરોડ રૂપિયા હતી આખા રાજયની એ ૨૦૦૨-૦૩ માં ૨૪૮ કરોડ રૂપિયાની થઈ છે, ૧૯૯૩-૯૪ માં ૮ કરોડ રૂપિયાની હતી અને ૨૦૦૩-૦૪ માં ૨૯૦ કરોડ રૂપિયા થઈ છે અને ૧૯૯૪-૯૫ માં ૧૪ કરોડ રૂપિયા હતી એ ૨૦૦૪-૦૫ માં ૩૨૨ કરોડ રૂપિયા થઈ છે. આ રીતે આવકમાં વધારો થયો છે એ જ દર્શાવે છે કે વહીવટ કેવો સુધર્યો છે?

મોટર ઈન્સપેકટર વાહન દીઠ માયાદીઠ આવક ૨૦૦૨-૦૩ માં ૬.૫૭ કરોડ, ૨૦૦૩-૦૪ માં ૧૦ કરોડ ૬૫ લાખ એટલે કે ૪૦ ટકાનો વધારો થયો છે. ૨૦૦૪-૦૫ માં ૧૧.૮૪ કરોડ રૂપિયા અને બીજા રાજયોની સરખામણીએ આ આવક રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ૧.૮૬, ૪.૪૬ અને ૨.૪૫ કરોડની છે એની સામે આપણા રાજયની ૧૧ કરોડ થઈ છે

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પાસે સમયની મર્યાદા છે એટલે ઝડપથી વાત કરું તો જેમ વાહન વ્યવહાર વિભાગમાં આવક વધી છે એમ એસ.ટી.ની ખાદ્યમાં પણ ઘટાડો થયો છે. એસ.ટી.ની જે નાની મોટી રજૂઆતો થઈ અને એ ગયા વર્ષે કરી હોત તો મારે પ્રામાણિકપણે એનો સ્વીકાર કરવો પડત, પરંતુ હું ગૃહને એક વાત કરવા માગું છું કે ગયા વર્ષે ૧૫૦ કરોડ રૂપિયા વધુ ખર્ચીને રાજય સરકારે ૧૧૦૦ નવી બસો રોડ ઉપર મૂકી હતી અને એના પરિણામે આ તંત્ર ઘણું સુધર્યુ છે અને આ વર્ષે પણ આ સીલસીલો અટકવાનો નથી અને આપણે બીજી ૧૧૦૦ બસો રોડ ઉપર મૂકવાના છીએ. એટલે ગામડાંમાં પણ દરેક જગ્યાએ સારી બસો પહોંચશે એની મને ખાતરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય વાતો કરવી એક વાત છે, પરંતુ એને સ્પિરીટથી સ્વીકારવી એ બીજી વાત છે. અનિલભાઈ, એ જ કહું છું કે આ ૧૧૦૦ બસોને આપણે તાલુકાથી પણ અંદરના રૂટોમાં પણ મૂકવાના છીએ અને તાલુકામાં પણ સેન્ટરદીઠ એ વહેંચવાના છીએ એટલે ગામડાંમાં પણ આ બસો મળી રહેશે. સી.એન.જી. બસો મૂકી છે, બાયો ફયુઅલવાળી બસો રોડ ઉપર મૂકી છે, બીજા ઘણા સુધારા કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જુદા જુદા પ્રશ્નોમાં આ વિભાગના બધા સુધારા અને વિગતો મેં ગૃહના ધ્યાન ઉપર મૂકી છે. સમયની ટાંચને ધ્યાનમાં રાખીને હું લાગણી વ્યકત કરું છું કે ધીરે ધીરે ધીરે અમારું તંત્ર સુધારાની દિશામાં ગતિ કરી રહેલ છે, એની આવક વધી છે અને ખોટ ઘટી છે અને એસ.ટી.ના બેડામાં પણ નવી બસોનો ઉમેરો થયો છે ત્યારે વિરોધપક્ષના બધા જ માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે તેઓ પોતાની કાપ દરખાસ્તો પાછી ખેંચીને તંત્રનો સહયોગ કરે.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧,૨,૪,૬,૮,૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨,૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક:૬૪, ૬૬, ૬૭ અને ૭૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

# બિન સરકારી વિધેયકો

**સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૧૬**
**ગુજરાત સામાજિક સુરક્ષા વિધેયક, ૨૦૦૩**
**વરિષ્ટ, નાગરિકો, વિધવા અને નિરાધાર મહિલાઓ આશ્રિત બાળકો, અશકત વ્યકિતઓને પેન્શનના રૂપમાં સહાય પૂરી પાડવાના હેતુથી ગુજરાત સામાજિક સુરક્ષા ફંડની સ્થાપના માટે અનેએવા બીજા સામાજિક સુરક્ષા પગલાં પૂરા પાડવા માટે તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**સચિવશ્રી** : સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૦૩નું ગુજરાત સામાજિક સુરક્ષા વિધેયક.૨૦૦૩

**અધ્યક્ષશ્રી** : વિધેયક ક્રમાંક: ૧૬ માનનીય દોલતભાઈ પરમાર (થોડીવાર બાદ) ... માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૨**
**ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૨૦૦૫**
**રાજય હેઠળની જગાઓ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પૂરતા પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર (રાજકોટ રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૦૫નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૦૫નું (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સર્વ પ્રથમ ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રીશ્રી આદરણીય કેશુભાઈ પટેલ, આદરણીય શંકરસિંહજી વાઘેલાનો આભાર માનીશ કે તેઓની સરકાર દરમિયાન આ રાજયમાં આટલા સુંદર રસ્તાઓ બનાવ્યા, જેના કારણે હું રાજકોટથી સવા બે વાગે નીકળી અને અત્યારે અહીં મારા વિધેયક માટે પહોંચી શકયો.

**(સભાપતિ શ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને)**

આમ તો આઝાદી પૂર્વેથી જ હિન્દુ સમાજનું અંગ ગણાતો એવો દલિત સમાજ, આદિવાસી સમાજ અને ઓ.બી.સી. સમાજે કાયમ છેવાડાના માનવી તરીકે એમનું જીવન વિતાવ્યું છે. આ સમાજના ગરીબ વર્ગના લોકોને માનવીય જીવન જીવવા માટે એ સમયના ક્રાંતિકારીઓ, પેરીયાર રામશ્વામીજી, જયોતિબા ફૂલે, વિર મેઘમાયા જેવા અનેક ક્રાંતિકારી મહાનુભાવોએ આ સમાજને મનુષ્ય જેવું જીવન આપવા માટે કાર્ય કર્યુ છે.છતાં પણ આ સમાજને મનુષ્યનું જીવન જીવવા માટે હક્કો આપવામાં આવતા નહોતા. એવા સમયમાં દલિત સમાજમાં એક નવા સૂર્યનો ઉદય થયો. અને આ સમાજમાં ડોકટર બાબા સાહેબ આંબેડકર જેવા મહાન વિભૂતિએ જન્મ લીધો. એવું કહેવાય છે કે -

**"અગર જો ભીમ દલિતો મેં પૈદા ન હોતા, દલિતો કા દુનિયા મેં ગુજારા ન હોતા,**
**"યું હીં ડૂબ જાતી દલિતો કી નૈયા, અગર જો ભીમ ને ઉગારા ન હોતા."**

આ મહાન માનવીએ તે સમયે તે સમાજમાં કદાચ જન્મ ન લીધો હોત તો આજે દલિતો, આદિવાસીઓ, ઓ.બી.સી. અને તમામ સ્ત્રી જાતિઓ, જેઓ આજે મનુષ્ય જેવું થોડું ઘણું જીવન જીવે છે તે જીવી શકયા ન હોત. બંધારણના આધાર ઉપર, આ સમાજને બંધારણમાં અધિકારો મળ્યા, કયાંક રાજકીય અધિકારો મળ્યા, કયાંક શૈક્ષણિક અધિકારો મળ્યા, કયાંક સામાજિક અધિકારો મળ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, દલિત, આદિવાસી અને ઓ.બી.સી. સમાજને એમના અધિકારોથી વંચિત કેમ રાખવા એના માટે વારંવાર પ્રયત્નો થયા છે. ૧૯૮૨-૮૪ના  અનામત આંદોલનને આપણે સૌ જાણીએ છીએ. અનામત આંદોલનના મુખ્ય સૂત્રાધારોમાંથી ઘણા લોકો આજે માનનીય મંત્રીશ્રી પણ છે. તમામ ક્ષેત્રે આજે આ સમાજને અન્યાય થતો આવ્યો છે. આ સમાજ માટે કામ કરવા માટેની ઘણી જરૂરિયાતો છે. આદરણીય  પંડિત દીનદયાળ ઉપાધ્યાયની વિચારધારાને લઈને ભારતીય જનતા પાર્ટી ૧૯૯૫માં જ્યારે સત્તાનું સુકાન સંભાળ્યું ત્યારે આ સમાજને એમને પણ ન્યાય મળશે તેવી આશા હતી અને એ આશા આદરણીય કેશુભાઈ પટેલ સરકારે પૂર્ણ કરીને આ દલિત આદિવાસી  અને સામાજિક શૈક્ષણિક ક્ષેત્રે  એક મહત્ત્વ મળવા માંડયું. દલિતોના વિકાસ માટે ઘણી યોજનાઓ આદરણીય કેશુભાઈ પટેલની સરકારમાં આવી. દલિતોના અધિકારીઓને પ્રમોશનો આપવામાં આવ્યા.  આદરણીય

ફકીરભાઈ વાઘેલાએ રોસ્ટર એકટ અમલમાં લાવશે તેવી ખાતરી હાઉસમાં આપી હતી. પણ ગરીબોની કમનસીબી કે આદરણીય કેશુભાઈ પટેલની સરકાર આ રાજયમાં ન રહી અને ત્યારપછી દિવસે ને દિવસે દલિતો ઉપર અત્યાચારો વધ્યા છે. દલિતોના અધિકારીઓને આદિવાસી સમાજના અધિકારીઓને તથા ઓ.બી.સી. સમાજના અધિકારીઓને કેમ કરીને સત્તાથી વંચિત રાખવામાં આવે, એમને પ્રમોશન કેવી રીતે ન આપવું. હું આદરણીય રમણભાઈનો આભાર માનીશ કે આવી સ્થિતિમાં દલિત સમાજ માટે આદિવાસી સમાજ માટે કામ કરી રહ્યા છે. કદાચ આ સ્થિતિ જે અત્યારે વર્તમાન ગુજરાતની સ્થિતિ છે એમાં બીજા મંત્રીશ્રીઓ કામ કરી ન શક્યા હોત પરંતુ આ સમાજ માટે ઘણું કામ કરવાની જરૂર છે. હજી ઘણું બધું ખૂટે છે. એમાં માત્ર રોસ્ટર એકટનું બિલ છે આ રોસ્ટર દલિત સમાજ આદિવાસી સમાજના કર્મચારીઓ માટેની વાત છે. આ સમાજના કર્મચારીઓને તેમના વિભાગોમાં તેમને પ્રમોશન ન આપવું તેમને બઢતી ન આપવી એ અમારા અધિકારી, અધિકારી ન થઈ જાય તેવી માનસિકતાવાળા અધિકારીઓને પ્રોત્સાહન મળતું હોય તેવું મને લાગે છે.

હું જી.ઈ.બી.ની વાત કરુ તો જી.ઈ.બી.માં ડેટા બેંક દાખલ કરીને દલિત સમાજને ગરીબોને શોષિત લોકોને નોકરીમાંથી કેમ વંચિત રાખવામાં આવે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. અમારા તમામ દલિત ધારાસભ્યશ્રીઓએ, આદિવાસી ધારાસભ્યોના પ્રયત્નોના કારણે જે ૧૫૦૦ એપ્રેન્ટિસોને અન્યાય થઈ રહ્યો હતો એનો ત્યાગ કરીને ન્યાય આપવો પડ્યો છે. એવું ઘણા વિભાગોમાં દલિત સમાજનો વિકાસ, દલિત સમાજના અધિકારીઓ કર્મચારીઓને રૂધી રાખવા માટેની યેનકેન પ્રકારે પ્રયત્નો થયા છે. આજે પણ દલિત સમાજને આદિવાસી સમાજને કે ઓ.બી.સી. સમાજના કર્મચારીઓ કલાસ-૧ અધિકારી સુધી જઈ શકે છે. પરંતુ એનાથી ઉપર એમને પ્રમોશન મળતું નથી. આ હિંદુ સમાજનો મોટો વર્ગ છે આ વર્ગ પાછળ રહી જશે તો આ રાજયનો વિકાસ અટકી જશે. કોઈ રાજયનો વિકાસ અટકી જાય તો દેશનો વિકાસ અટકી જાય. સમાજના છેવાડાના તમામ માનવી સુધી એના અધિકારો મળે એના માટે તમામે પ્રયત્નશીલ રહેવું પડશે. જો આમાં આપણે કયાંય ચૂક કરીશું તો આજે જે અધિકારીઓ છે તેને પ્રમોશન નહીં મળે, બેકલોગની જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ ભરવામાં નહીં આવે. તેની નોકરી પછી તેના બાળકોની નોકરી માટેનો કોઈ વિકલ્પ નથી. જે વ્યકિત અવસાન પામ્યા છે તેના વારસદારને રહેમરાહે નોકરી આપવાની છે. એ રહેમરાહે નોકરીમાં પહેલાં એવું હતું કે અનુસૂચિત જાતિ, આદિવાસી કે ઓ.બી.સી.ના સમાજના કે અન્ય ગરીબ વર્ગ, રહેમરાહે નોકરીમાં તમામ ગરીબ વર્ગના લોકો આવતા હોય છે. તો તેને નોકરી આપવામાં આવતી. અત્યારે સ્થિતિ એવી છે કે એસ.એસ.સી. પાસ હોવા જોઈએ. કૉમ્પ્યુટર આવડતું હોવું જોઈએ. સામાન્ય ગરીબ ઘરનો માણસ કૉમ્પ્યુટર કયાંથી જાણતો હોય? એસ.એસ.સી. પાસ કયાંથી હોય? કોઈને કોઈ કારણસર ગરીબ સમાજની પ્રગતિને રૂંધવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જે પ્રયત્નો લોકો કરી રહ્યા છે એ લોકો એ નથી જાણતા કે આ સમાજ માટે, આ રાજય માટે કે આ રાષ્ટ્ર માટે બહુ ખોટું કામ કરી રહ્યા છે. જેને નોકરી મળવાની નથી, રોજી-રોટી મળવાની નથી એ કાં તો આત્મહત્યાના રસ્તા તરફ વળશે અથવા તો એ અસામાજિક પ્રવૃત્તિ તરફ વળશે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે લઘુમતી સમાજના, મુસ્લિમ સમાજના ૨૨-૨૨ વર્ષના યુવાનો આજે આતંકવાદ તરફ વળ્યા છે. એ લોકોના ઘરની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોય છે. જો આ સ્થિતિ, આપણે જો આ સમાજ પ્રત્યે ધ્યાન નહીં આપીએ તો હું જોઈ રહ્યો છું કે આવતા પાંચ-દસ વર્ષમાં આ ગરીબ સમાજના લોકો કાં તો એ આત્મહત્યા કરશે અથવા તો અસામાજિક પ્રવૃત્તિ તરફ વળશે. આ જવાબદારી આપણી છે. આ જવાબદારીથી આપણે ભાગીશું તો કદાચ આપણે રૂમમાં દરવાજો બંધ કરીને બેસી જઈશું તો એમ લાગશે કે બહાર કશું નથી થતું, પણ ઈમાનદારીપૂર્વક જોઈશું તો ચોક્કસપણે લાગશે કે આ સમાજ દિવસે ને દિવસે પાછળ પડતો જાય છે. દિવસે દિવસે ગરીબ થતો જાય છે. ગરીબીના મૂળમાં જો કોઈ હોય તો આપણાં સૌની ઉદાસીનતા છે.

મારા થોડા સૂચનો છે. એક તો જે રીતે પહેલાં જે જગ્યાઓ ખાલી જગ્યાઓ આધારિત ભરવામાં આવતી હતી તેના કારણે અત્યારે જગ્યાઓ આધારિત ભરતી કરવામાં આવે છે. તેને ફરીથી ખાલી જગ્યા આધારિત કરવામાં આવે. ક્લાસ-૧ સુધીના પ્રમોશન આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ, જનજાતિ અને ઓ.બી.સી.ના લોકોને તેને એથી પણ ઉપર પ્રમોશન આપવામાં આવે કે જેથી કરીને નિર્ણય લેવાવાળા લોકો તેની નબળી માનસિકતાને કારણે આ લોકોને અન્યાય કરતા હોય છે. જો આ લોકો પણ ત્યાં બેઠાં હોય તો તેમને અન્યાય ન થાય. માનનીય અધ્યક્ષશ્રી, જે સમયે ભરતી કરવામાં આવતી હોય, એની સમિતિ બનાવવામાં આવતી હોય એ સમિતિમાં પણ અનુસૂચિત જાતિના અધિકારીઓ હોય અથવા રીટાયર્ડ જજને રાખવામાં આવે તો આપણે આ લોકોને ન્યાય આપી શકીએ. અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિએ અત્યાર સુધીમાં જેટલી ભલામણો કરી છે એ ભલામણો ઉપર એક પણ અધિકારી પર પગલાં લેવામાં આવ્યા નથી. આ બહુ દુ:ખદ ઘટના છે. અનુસૂચિત જાતિ કમિટીએ જે ભલામણ કરી છે એ ભલામણો ઉપર ધ્યાન આપવામાં આવે અને જવાબદાર લોકો ઉપર પગલાં લેવામાં આવે તો આ અત્યાચાર, આ અન્યાય અટકી શકે તેમ છે. મેં કહ્યું તેમ જી.ઈ.બી.માં, એવી રીતે વાહન વ્યવહાર વિભાગમાં જોઈએ તો અનુસૂચિત જાતિના લોકો નાની-નાની નોકરીઓ ઉપર હોય છે. કોઈને કોઈ ખોટા કારણો બતાવીને તેના વિરુદ્ધ તપાસો ઉભી કરવામાં આવે છે.અને એનું કોઈ સાંભળતું નથી. અનુસૂચિત જાતિના ધારાસભ્યને જ્યારે સાંભળવામાં ન આવતા હોય, ગૃહમાં બોલવા દેવામાં ન આવતા હોય તો આ ગરીબ માણસોનું તો કયાંથી સાંભળવાના? પરંતુ કબીરે એક બહુ સરસ વાત કરી છે,

તુલસી હાય ગરીબ કી કભી ન ખાલી જાય, મુયે ઢોર કી ચામ સે લોહા ભસ્મ હો જાયે,
કોઈ એમ માનતું હોય કે હું પૂર્ણ છું, મારો કયારેય પણ નાશ નથી થવાનો તો એ માણસનો ભ્રમ છે. જે માણસ આવ્યો છે એનું જવાનું નકકી જ છે. એ દરમિયાનના પિરિયડમાં કુદરતે રાજકીય જીવન જેવું સરસ મજાનું જીવન આપ્યું હોય, સામાજીક પ્રવૃત્તિ કરવા માટે જ્યારે કુદરતે ૫ કરોડમાંથી માત્ર આપણને નકકી કર્યા હોય એવા સમયમાં આપણે માનવતાની વાત કરીએ, માનવતા ન ભૂલીયે અને ગરીબ લોકોના ઉદ્ધાર માટે કંઈ કામ કરીશું તો કદાચ આવનારી પેઢી એક સારા માણસ તરીકે, એક સારી વ્યકિત તરીકે માનપૂર્વક બોલાવશે અને નહીં તો આપણે જાણીએ છીએ કે જે પ્રમાણે સદ્દામ હુસેન હિટલર આવી તાનાશાહીઓની જે સ્થિતિઓ થઈ છે એવી સ્થિતિ આપણી ન થાય એનું ધ્યાન રાખી અને ગરીબ પ્રજા અને ગરીબ વર્ગના લોકો પ્રત્યે આપણે લાગણી રાખીએ, એના ઉદ્ધાર તરફ આપણે આગળ ચાલીએ આજ મારી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થ પરમારને અભિનંદન આપુ છું કે સમાજની અંદર જેના હક્કો ઉપર તરાપ મરાતી આવી છે એવા વર્ગના લોકો માટે એવા અધિકારીઓ, એવા કર્મચારીઓ માટે અને એવા યુવાનો માટે આ ગુજરાત અનુસૂચિત જાતી અને અનુસૂચિત આદિજાતી માટે જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગ્યાઓ અનામત રાખવા બાબતનું વિધેયક લઈને આવ્યા છે. આ જે ખાલી જગ્યાઓ રખાય છે કે અનામત રખાય છે એ કોઈ દયાનો ભાવ નથી પણ બંધારણ ઘડતી વખતે સમાજની અંદર એટલો જ જાગૃત વર્ગ હતો, જે ૧૦ થી ૧૫ ટકા એ માત્ર જાગૃત વર્ગ છે એજ બધી જગ્યા ઉપર આવી અને માત્ર ૧૦ થી ૧૫ ટકા લોકો જ માત્ર આ દેશનું પ્રતિનિધિત્વ ન કરે અને સમાજની અંદર વિવિધ તબક્કે સમાજના તમામ વર્ગોનું રિપ્રેઝન્ટેશન રહે, સત્તાની ભાગીદારી રહે, એ સત્તાની અંદર ભાગીદારી રાખવા માટે આ અનામત રાખવામાં આવી છે. લોકો એને જૂદી દ્રષ્ટિએ જૂવે છે એને કે આને રોજગારી આપવા માટે આ વ્યવસ્થા કરી છે. રોજગારી તો અનેક ક્ષેત્રોમાં આપી શકીએ છીએ પરંતુ એમણે દરેક તબક્કે સમાજની અંદર એ ભાગીદાર બને, વ્યવસ્થાની અંદર ભાગીદાર બનાવાય એટલા માટે આ વ્યવસ્થા ઉભી કરી પણ સમય એવો આવ્યો કે કેવી રીતે ભાગીદાર ન બનાવી શકાય એની જૂદી જૂદી વ્યવસ્થા સ્થાપિત હિતો કાયમ ઘડતા આવ્યા છે, એના ભાગરૂપે એવું કહેવાય કે કોઈ અધિકારી કે કોઈ સંચાલક ચાલુ નોકરી ઉપર હોય તો એમને એના સી.આર. યોગ્ય રીતે ન લખાય કે જેથી આગળનું પ્રમોશન ન મળે, મારે દુ:ખ સાથે હમણાંનો નિર્ણય પણ કહેવો છે કે ગુજરાત એડમીનીસ્ટ્રેટીવ સર્વિસીસની અંદર અત્યાર સુધી પ્રમોશન મેળવવા માટે ગુડ લખેલું હોય તો જ આગળનું પ્રમોશન મળવું જોઈએ પણ હવે વેરીગુડ કે આઉટસ્ટેન્ડિંગ જરૂરી થઈ ગયું પણ આ તો જે કંમ્પેરીટીવ માપદંડ છે એ લખવાવાળાની મુનસફી ઉપર જ છે કે મારે ગુડ લખવું, વેરીગુડ લખવું કે આઉટ સ્ટેન્ડિંગ લખવું એમ કરીને એની જે આગળની પ્રગતિ છે એ રુંધવામાં આવે, એના ભરતીના નિયમો એવા બનાવવામાં આવે કે જેના કારણે ભરતીની પ્રક્રિયાની અંદર પહેલી જ ભરતી વખતે એને કયાંય સ્થાન ન મળે,

સરકારી પરીક્ષાઓ લેવાય ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન કે બીજી કોઈ ત્યારે નિયમો એવા બનાવાય કે એને અંગ્રેજી આવડવું જોઈએ. કમ્પ્યુટર આવડતું હોવું જોઈએ. જે વિદ્યાર્થીઓ ગામડામાં ભણે છે એના માટે સમજી વિચારીને એ કમ્પ્યુટર ન શીખે, એ અંગ્રેજી ન શીખે જેથી એ સર્વિસમાં ન આવે એવી સ્થાપિત હિતો વ્યવસ્થા ગોઠવતા હોય છે. જ્યારે એમ થયું કે હવે આ સમજનો બહુ મોટો વર્ગ એસ.ટી., એસ.સી, ઓ.બી.સી.નો આ બધો વર્ગ સરકારી નોકરીઓમાં આવવા માંડ્યો છે અને વ્યવસ્થામાં ગોઠવાવા માંડ્યા છે એટલે નક્કી થયું કે સરકારી નોકરી ઓછી કરી નાખો. ખાનગી કોન્ટ્રાક્ટ સિસ્ટમ કરી નાખો એટલે સ્થાપિત હિતોનું જ કામ થાય. શિક્ષણ અને બીજામાં સ્થાપિત હિતો બેઠા હોય છે અને એ આખું તંત્ર ખાનગીકરણ છે એ મૂડીવાડીઓ અને સ્થાપિત હિતોના હાથમાં આવ્યું છે. એ ક્યાં તો મામા-માસીના, પોતાના સમાજના, કોઈ પૈસાવાળાને લઈને આ લોકોના હક્ક ઉપર તરાપ મારતા હોય છે. આપના મારફત મારે યુ.પી.એ. સરકારને અભિનંદન આપવા છે કે જેમણે આ ખાનગી સંસ્થાઓમાં આ વર્ગ માટેના બંધારણમાં સુધારા લઈ આવી. બધા પક્ષોએ ફરજિયાત આવવું પડ્યું અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત ફરજિયાત બનાવી છે. ગુજરાત સરકારે પણ જલદીથી ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ માટે એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. ને અનામત આપવાની છે એ જલદીથી વ્યવસ્થા કરે એવી આપના મારફત વિનંતી કરું છું. આ બિલ માત્ર બનાવવાથી કે પાસ થવાથી અર્થ સરવાનો નથી. આખરે સમાજમાં જે જે પ્રવૃત્તિઓ, વૈધાનિક પ્રવૃત્તિઓ, આર્થિક પ્રવૃત્તિઓ, સામાજિક પ્રવૃત્તિઓ થાય છે એમાં સમાજના છેવાડાના વર્ગને પાર્ટીશિપેટ કર્યા વગર છૂટકો નથી. જ્યાં જ્યાં પાર્ટીશિપેટ નથી ક્ર્યા ત્યાં નકસલવાદ ઊભો થયો છે. સમાજમાં અસમાનતા આવી છે અને એનાથી લોહીની નદીઓ વહી છે. ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રનો જે જમીન સુધારણાનો કાયદો પહેલા સૌરાષ્ટ્ર રાજ્ય લઈ આવ્યું એના કારણે ખેડે તેની જમીન આવ્યું અને તેના અધિકાર મળ્યા. એના કારણે ગુજરાત કે સૌરાષ્ટ્ર જમીન ધારાની બાબતમાં બિહાર પછીનું સ્થાન ધરાવતું હતું એ આખા દેશમાં જમીન સુધારણામાં નંબર વન આવ્યું. આજે ગુજરાત પાસે ૨૦ લાખ હેકટર જમીન છે એ જમીન જે ખેડૂત, ખેતમજૂર, ગરીબ લોકો, પછાત વર્ગના લોકો આજે જમીનના ટુકડાની રાહ જોઈને બેઠા છે. એના માટે એક-બે એકર જમીન નહિ અપાય તો આ કાયદો પણ સમાજમાં જે લોહિયાળ જંગ થવાનો છે એને રોકી શકવાનો નથી. સામાજિક ન્યાય

દરેક ક્ષેત્રમાં હોવો જોઈએ. એ સામાજિક ન્યાય અંદરથી નહિ વિચારીએ, દેખાડવા માટે નહિ પણ અંદરથી નહિ વિચારીએ તો આવનારા દિવસોમાં પરિણામો સારા નહિ આવે. અહીંયા સરકારી અધિકારીઓ જે નોકરી કરતા હોય છે એને દબાણ કરાવી, પ્રેસર કરાવી ખોટા કામો કરાવાય અને સસ્પેન્ડ કોણ? એનું લિસ્ટ જોજો કોણ સસ્પેન્ડ થાય છે? એસ.ટી., એસ.સી., ઓ.બી.સી. માઈનોરિટિ આ નોકરિયાત વર્ગના લોકોને સહન કરવાનો વારો આવે છે. આજે બિલકીશ બાનુ કેસમાં જેલમાં કોણ ગયું? આદિવાસી અધિકારીઓ ગયા. કોણ ખબર પૂછવા ગયું છે? બીજા કેસોમાં ગયા એની ખબર પૂછવા કોણ ગયું છે? જે લોકોને મતો જોઈતા હતા એ અહીંયા બેઠા અને જે નિર્દોષ લોકો હતા એની હત્યાઓ થઈ. જેને ઉશ્કેરવામાં આવ્યા હતા એ લોકો કોણ હતા? એસ.ટી., ઓ.બી.સી. અને માઈનોરિટીના લોકો હતા એમને જેલમાં મોકલ્યા. લોકોને ખબર પડી ગઈ છે. (અંતરાય) હું મૂળ વાત પર આવું છું. બિલ ઉપર જ છું. નહિ ગમતી વાત આવે એટલે બંધ થઈ જવાનું એવું નહિ. એની તૈયારી રાખવી પડશે. હું સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી આવું છું. મને ખબર છે કે યુનિવર્સિટીમાં રોસ્ટર સિસ્ટમ નથી.
<#FN/SST૧૭૪૦-BH.DOC/FN#>
એટલે શું થાય કે સમાજશાસ્ત્રના એસ.ટી., એસ.સી., ઓ.બી.સી.ના વિદ્યાર્થી મળે તો સમાજશાસ્ત્ર વિષયની જે જગ્યા છે એ કોઈ દિવસ અનામત ના રખાય, પણ કોની રખાય? તો કહે કે ફિઝિક્સની અંદર એટમિક એનર્જીનો વિષય છે એ અનામત રાખે. એટલે ત્યાં કોઈ દિવસ ના મળે, એટલે આ જગ્યા વીસ-વીસ વર્ષ સુધી અનામત રાખે. વળી, પાછી બે-ત્રણ વખત જાહેરાત આપે ખાલી જગ્યા ભરવાની અને આજે યુનિવસિર્ટીઓ જે ૨૨ ટકા એસ.ટી., એસ.સી.ના અને બાકીના ૪૯ ટકા, ટોટલ ૪૯ ટકાની જગ્યા આજે માંડ ૧૦ થી ૧૫ ટકા અનામત જગ્યા ભરાય છે. આવી રીતે વહીવટી જગ્યા યુનિવસિર્ટી, બોર્ડ-કોરપોરેશનમાં છે ત્યાં આખું લિસ્ટ જોઈશું તો આ પ્રકારે, આ જગ્યા ઉપર યોગ્ય ઉમેદવાર આવે નહિ અને આવે તો એને ગમે તે રીતે બહાર કાઢે અને આ પ્રકારની માનસિકતા રખાય છે, એમાંથી જો છુટવું હોય તો આ પ્રકારના બિલો લઈ આવી અને એને રક્ષણ આપવું જોઈએ. હું આ બિલને સમર્થન કરું છું.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સિધ્ધાર્થભાઈ જે બિલ લઈને આવ્યાં છે તે બિલના અનુસંધાને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની નોકરી માટેની સેવામાં જગ્યા, ખાલી જગ્યા, અનામત રાખવા માટેની વાત શ્રી સિધ્ધાર્થભાઈ લઈને આવ્યાં છે. સ્વાભાવિક રીતે એમની લાગણી દલિત સમાજ, આદિવાસી સમાજ માટે જન્મજાત રીતે હોય એવું હું માનું છું અને એટલે એમની લાગણીનો ઉપયોગ કરીને કોઈ રાજકીય તીર મારવા માગતા હોય તે વધારે પડતું છે. ભાઈશ્રી અર્જુનભાઈ હમણાં એના અનુસંધાનમાં અભિનંદન આપવાની વાત કરતા હતા. અભિનંદન આપવાનો અધિકાર અમને પણ છે, પણ અભિનંદન આપતા પહેલા આપે વિચાર કરવો જોઈતો હતો કે તમે અભિનંદન આપવાને પાત્ર છો કે કેમ? કારણ કે આ રાજ્યમાં ૧૦ વર્ષનું શાસન ભારતીય જનતા પાર્ટીનું થાય છે. ૪૫ - ૪૫ વર્ષ આ દેશની અંદર જેમણે રાજ કર્યુ (અંતરાય) સાંભળવાની તૈયારી રાખો, તમે નહિ સાંભળો તો નહિ ચાલે. તમને ગમતું જ બોલવાનું? માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે હું પણ એક દલિત છું અને દલિત હોવાને નાતે મને પણ કહેવાનો અધિકાર છે કે આઝાદીના ૫૦ વર્ષ, હું કાંઈ કહેવતનો ઉપયોગ નહિ કરું, કારણ કે, એમાં પાછું સંસદીય અને અસંસદીય આવે. હું આપને આ ગૃહ મારફત કહેવા માગું છું કે આ દેશ અને આ રાજ્યની અંદર દલિત, આદિવાસી, ગરીબ, પછાત, લઘુમતિઓની વાતો કરીને ૫૦ - ૫૦ વર્ષ સુધી એમને જે કરવાની તક મળી હતી, એ તકનો એમણે ઉપયોગ ના કર્યો અને આ તકને મતબેંકમાં ફેરવી નાખીને માત્ર આશ્વાસન અને ઠાલા આશ્વાસનોના આધારે આ સમાજને ટકાવી રાખવો અને તે પણ એક મતના આધારે, માનવીના આધારે નહિ, મતબેંકના આધારે સત્તા ટકાવી રાખવાનો એક પાયો હોય (અંતરાય) છાતી પર હાથ રાખીને બોલું છું. માનનીય બલવંતસિંહ, આ જે બોલું છું એ હું માનનીય સિધ્ધાર્થભાઈની લાગણીમાં જ બોલું છું. એ લાગણીમાં તમારી સામે બોલું છું કે આપને તક મળી હતી, અર્જુનભાઈ આપને ફરિયાદ કરવાનો વખત જ ન આવત. જો આ દેશ અને આ રાજ્યોને બંધનકર્તા એવો રોસ્ટર એકટનો કેન્દ્ર સરકાર ક્યારે વિચાર કરશે? અને છેલ્લે અત્યારે કેન્દ્ર સરકારમાં રોસ્ટર એકટનું બિલ પડ્યું છે. રાજયને પણ માર્ગદર્શન આપશે, યુ.પી.એ. સરકારને કોણ રોકે છે? કોણ રોકે છે? વિચાર કરોને, શરૂઆત તો તમારાથી કરો અને આમેય આ રાજયમાં, આ દેશમાં મોટાભાઈ તરીકે વટ પાડીએ છીએ, આ દેશની આઝાદી લાવ્યા, દલિત, ગરીબોને અમે ઊંચે લાવી દીધા, ગરીબી હટાવીશું, આ કરીશું, તે કરીશું. શું ભલું કર્યુ સમાજનું? કયાંથી તમે ભલું કર્યુ સમાજનું? અરે, સિધ્ધાર્થભાઈ બોલે ત્યાં સુધી તો અમને વાંધો નથી પણ અર્જુનભાઈ આપને સીધેસીધો પૂછવા માગું છું કે, સુપ્રીમ કોર્ટે શાહ સબરવાલ કેસના અનુસંધાને ચૂકાદો આપ્યો, પ્રમોશન, અનામત પ્રથા, નોકરીઓ અંગેનો, માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના અને આ દેશના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના કર્મચારીઓને નુકસાન કરતો ચુકાદો હતો અને એક ચુકાદો એવો આપ્યો હતો કે, સુપ્રીમ કોર્ટ શાહબાનુના કેસમાં, મને કહેવા દો, રાતોરાત સંસદમાં નિર્ણય કરાવીને આખો કાયદો બનાવ્યો અને શાહબાનુના કેસમાં આવો નિર્ણય કર્યો તો સબરવાલના કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી આપે તો ઘણો સમય રાજ કર્યુ, કોંગ્રેસે પરંતુ આ દેશની અંદર અટલજીના નેતૃત્વમાં ભા.જ.પ.ની એન.ડી.એ.ની

સરકારે આ ચુકાદાઓ પૈકીના મોટાભાગના ચુકાદાઓને બીલમાં લાવીને દલિત સમાજનું, આદિવાસી સમાજના હિતોનું રક્ષણ કર્યુ, મારે કહેવું પડશે.

**સભાપતિશ્રી** : એક મિનિટમાં પુરું કરો.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : થોડી વાર સમય આપો સાહેબ, અને બેકલોગને, અમે અને સિધ્ધાર્થભાઈ, માનનીય અધ્યક્ષશ્રી, ભા.જ.પ. એસ.સી. મોરચાનું કામ કરીએ છીએ એટલે અમે બેકલોગની જગ્યાને શું કહેતા ? " કૉન્ગી લોગ" કહેતા અમે, કારણ કે, આ બેકલોગ એટલે દલિતોની જગ્યાઓ ન ભરવી, એસ.ટી.ની જગ્યાઓ ન ભરવી. ભા.જ.પ.ની આ રાજયમાં સરકાર આવી એ પહેલાં આ જગ્યાઓ ભરતાં તમને કોણ રોકતું હતું, ના ભરી આપે પરંતુ હું એ ગૌરવ સાથે કહેવા જઈ રહ્યો છું કે તબક્કાવાર આ રાજયમાં બેકલોગની જગ્યાઓ ભરાઈ છે અને હમણાં જ માનનીય સિધ્ધાર્થભાઈએ જીઈબીની વાત કરી, અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના અધ્યક્ષ તરીકે તે વખતે હું કામ કરતો હતો, જીઈબીની ડેટાબેન્ક પદ્ધતિ અમારા ધ્યાન ઉપર આવી, અમારી સરકાર હતી અને અમને ખબર પડી કે આ એક એવું કામ થઈ ગયું છે કે, જેનાથી દલિત, આદિવાસી અને બક્ષીપંચના લોકોને અન્યાય થાય છે એમને નોકરી નથી મળતી. માનનીય અધ્યક્ષશ્રી, અમે જે ભૂલ કરી હતી અથવા તો અમે જે જોયું હતું, જે અન્યાયકર્તા હતું એ અમે અમારા હાથે સુધારીને અમે અમારા સમાજને ન્યાય આપી શક્યા એટલે ન્યાય આપવાની જ્યારે તક મળે છે ત્યારે અમે તકનો ઉપયોગ કરીએ છીએ. સમાજની પડખે ઊભા રહેવાનો જ્યારે વખત આવે છે ત્યારે અમે સમાજની પડખે ઊભા રહીએ છીએ. એ ભા.જ.પ.ની કોઈપણ વ્યકિતને ગમે, ના ગમે એના માટે નહીં, અમે પહેલાં દલિત છીએ અને પહેલા દલિત તરીકેનો અમારો પહેલો રોલ અમે અમારા સમાજના હિતોના રક્ષણ કર્તા તરીકે બનીને ઊભા રહીએ છીએ ત્યારે હું સિધ્ધાર્થભાઈને વિનંતી કરુ છું કે, આપણે બધા સાથે મળીએ, કોઈ •* (રાજકીય હાથા બન્યા વગર) સમાજને ઉપયોગી એવો રોલ, સુચનાત્મક, ઉપયોગી, આ રાજય સરકારને અનુમોદન કરીએ અને એવી રીતે.

**સભાપતિશ્રી** : સિધ્ધાર્થભાઈ આપને તક મળશે,

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું સિધ્ધાર્થભાઈ.

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આખું ગુજરાત, આખો દલિત સમાજ જોઈ રહ્યો છે હાથા કોણ બની રહ્યું છે, સિદ્ધાર્થ પરમાર કયારેય કોઈનો હાથો ન બને, ૨૧૫૭ દલિતોએ ગુજરાતમાં આત્મ-હત્યાઓ કરી છે મારા મિત્રશ્રીને મારે વિનંતી કરવી છે કે, સ્વમાનના ભોગે રાજકારણ ન થાય.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, બે ભાઈઓ સામા સામા આવ્યા છે ત્યારે હું ગૃહને અને સિધ્ધાર્થભાઈને વિનંતી કરું,( સમય સૂચક ઘંટડી) ગૃહ બે મિનિટ આપશે, સિધ્ધાર્થભાઈએ જે શબ્દોની વાત કરી એ શબ્દો હું પાછા ખેંચું છું એમની લાગણી દુભાવવાનો મને કોઈ અધિકાર નથી, એક ભાઈ તરીકે મેં એમને મારી માત્ર લાગણી વ્યક્ત કરી છે, એમની સામે કોઈ આક્ષેપ કર્યો નથી, મારે એમની સાથે કોઈ મતભેદ નથી, મારા સારા મિત્ર છે અને સમાજને ઉપયોગી બને એવી વિનંતી છે.

**સભાપતિશ્રી .** : શ્રી આઈ.કે.જાડેજા.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ જે વિધેયક લઈને આવ્યા છે અને ગૃહના સભ્યશ્રીઓએ એમના વિચારો વ્યકત કર્યા છે. (અંતરાય)

**સભાપતિશ્રી** : વિરોધપક્ષના નેતાશ્રીને પણ પૂરતો સમય આપ્યો છે અને પ્રભારી સભ્યશ્રીને પણ પૂરતો સમય આપ્યો છે. મારે ૫-૫૭ વાગે પૂરું કરવું છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વંચિતોના વિકાસને વરેલી સરકાર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રકારની સ્થિતિ વંચિતોના વિકાસ માટે દલિત સમાજ, આદિવાસી સમાજ, બક્ષીપંચ સમાજના ખૂણે ખૂણે પહોંચીને કયા પ્રકારે ગરીબી રેખામાંથી બહાર લાવી શકાય એ માટે અનેક પ્રયત્નો આ સરકારે હાથ ધર્યા છે. શ્રી સિદ્ધાર્થભાઈએ લાગણી વ્યકત કરી. વિરોધપક્ષના નેતાએ ઉપર કદાચ મીઠું ભભરાવીને થોડી વધારે પીડા થાય એ પ્રકારના વિચારો વ્યકત કર્યા. મારા મિત્ર ઈશ્વરભાઈએ કહ્યું બેકલોગ નહીં, આ કોંગીલોગ છે. ભા.જ.પા.ની સરકાર સત્તા ઉપર આવી એ પહેલા જેણે વર્ષો સુધી રાજય કર્યું એ લોકોએ કેરી ફોરવર્ડ બંધ કર્યું હતું. interchangability બંધ કર્યું હતું. આ બધી સ્થિતિમાં સુધારો જો કોઈએ કર્યો હોય તો ભા.જ.પા. સરકારે, વંચિતોના વિકાસને વરેલી સરકારે કર્યો છે એટલું જ નહીં પણ કેન્દ્રમાં આદરણીય અટલબિહારી બાજપાઈજીની સરકાર આવી ત્યારે, અનામત માટેના બંધારણીય સુધારા ઘણા લાંબા ગાળા પછી અટલજીના શાસનમાં બે જેટલા સુધારા કરાવી વંચિતોના વિકાસ માટે અનેક પ્રકારના નીતિ વિષયક નિર્ણયો જે તે સમયે કેન્દ્ર સરકારે કરેલા છે. અનામત અંગેની નીતિમાં રાજય સરકાર મહદ અંશે ભારત સરકારની નીતિ અને સૂચનાઓને અનુસરે છે. ભારત સરકારે આવો કોઈ રોસ્ટર અનામત અધિનિયમ હજુ સુધી બહાર પાડયો નથી. ગુજરાતમાં કાયદા સિવાય નિયમથી પણ રોસ્ટરનો અમલ બરાબર થાય એ પ્રકારના અનેક પ્રયત્નો આ રાજય સરકારે કર્યા છે. ભારત સરકારે પણ

• * ( **) માનનીય સભ્યશ્રી દ્વારા આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

રોસ્ટર અધિનિયમના અમલ માટે રોસ્ટર અધિનિયમ દાખલ કરવાને બદલે ભરતી નિયમોમાં આ અંગે જોગવાઈ તા.૨૧-૯-૧૯૭૧ અને તા.૭-૩-૧૯૭૮ ના ઑફિસ મેમોરેન્ડમથી કરેલ છે. આ પ્રકારની ગતિ વિધિ મહદઅંશે બધા રાજયોમાં આજે પણ ચાલી રહી છે. સભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી કે સાચા અર્થમાં દલિત સમાજ, આદિવાસી સમાજ, બક્ષીપંચ સમાજના ભાઈઓને, એમના કુટુંબને નોકરીમાં યોગ્ય તકો પ્રાપ્ત થાય, યોગ્ય લાભ પ્રાપ્ત થાય એ માટે સરકારે પ્રયત્ન કરવો એ હાર્દ સાથે હું સંમત છું. સરકારની ફરજ છે, સરકારની કાર્યવાહી છે એટલા માટે સમાજ કલ્યાણ વિભાગના સંયુકત સચિવ કક્ષાના અધિકારીના નિયંત્રણ હેઠળ અનામત નીતિના અસરકારક અમલ માટે રોસ્ટર સેલ કાર્યરત છે. સમાજ કલ્યાણ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મંત્રીમંડળની પણ પેટા કમિટી બની છે. ઈશ્વરભાઈએ ઉલ્લેખ કર્યો એ મુજબ ગૃહના સન્માનનીય સભ્યોની બનેલી સમિતિ દ્વારા અવારનવાર બેઠક યોજી અનામત નીતિની અસરકારક દેખરેખની કાર્યવાહી કરવામાં આવે છે. હાલમાં રાજય સરકારે સેવાની શરતો માટે કોઈ કાયદો બનાવેલ નથી પરંતુ તે બંધારણની કલમ ૩૦૯ના પરંતુક હેઠળ સંચાલિત થાય છે. અને દેશના મહદઅંશે રાજયોમાં આ પ્રકારની પ્રથા અમલમાં રહેલી છે. અત્યારે આ પ્રકારનો કાયદો ન હોવાછતાં પણ અનામત નીતિનો કડક અને ચુસ્ત અમલ કરવા સરકાર કટિબદ્ધ છે. એ માટે જે કોઈ સૂચના બહાર પાડવા માટે જો કોઈ કાર્યવાહી કરવી પડે, એના માટે જે ક્ષતિ રહેતી હોય એને સુધારવી પડે, એના માટે સતત પ્રયત્નો કરતી આવી છે.

બેકલોગની જગ્યાઓ ભરવા માટે સરકારની કરકસરની નીતિ સંદર્ભે નાણા વિભાગની પૂર્વ મંજૂરી જે બાકીના વિભાગોમાં અને જે પ્રકારના કાર્યો માટે લેવી પડે છે, આ સરકારે એવી જોગવાઈ કરી છે કે આ પ્રકારની બેકલોગની જગ્યા ભરવા માટે કોઈપણ પ્રકારની મંજૂરી લેવાની રહેશે નહીં, એને જોગવાઈમાંથી મુક્તિ આપવામાં આવેલ છે. અનામત નીતિના પાયામાં મહદઅંશે રાજ્ય સરકાર ભારત સરકારની નીતિને અનુસરે છે. ભારત સરકારે અત્યારે બાકીના કોઈ ફેરફાર આ પ્રકારના વિચાર્યા નથી. ભવિષ્યમાં ફેરફાર હશે તો રાજ્ય સરકાર તે પ્રકારના ફેરફાર વિચારશે, પરંતુ અત્યારે જે પ્રકારની વિપક્ષના નેતાએ વાત કરી, મારે રાજકીય કોઈ બાબતનો ઉલ્લેખ કરવો નથી, પરંતુ જે પ્રકારના વંચિતોના વિકાસ માટેની કાર્યવાહી આ રાજ્ય સરકારે કરી છે. પહેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી હોય સૌથી વધારે અનામત જગ્યાએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો વિજયી થઈને આવ્યા. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને છેલ્લે હમણાં ૨૮ નગરપાલિકાની ચૂંટણી ચાહે દક્ષિણ ગુજરાત હોય, સૌરાષ્ટ્ર હોય, કચ્છ હોય અનામતની જેટલી જગ્યા છે, એમાંથી ૭૫ થી ૮૦ ટકાથી વધારે જગ્યા ઉપર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજયી થઈને આવ્યા, જે બતાવે છે કે આ સરકાર વંચિતોના વિકાસને વરેલી સરકાર છે અને છેવાડાના વ્યક્તિ સુધી વિકાસની સાચી પ્રક્રિયાને પહોંચાડીને એ દિશામાં અનેક પ્રકારની કાર્યવાહી કરવા માગે છે. અનામત બેકલોગ અને કેરી ફૉરવર્ડ જગ્યા ભરવા માટે અનામતની જગ્યા ૫૦ ટકા કરતા વધવી જોઈએ નહિ, તેવી મર્યાદા લાગુ પડશે નહિ અને તેવી જોગવાઈ આ સરકાર દ્વારા ૧૯-૧-૨૦૦૫ ના રોજ કરવામાં આવી, જેના કારણે બાકીની બધી બાબતોમાં અનેક પ્રકારના લાભો આ પ્રકારની જોગવાઈના કારણે પ્રાપ્ત થયા છે. ભારત સરકારમાં પણ જ્યારે રૉસ્ટર અધિનિયમ ઘડાયેલ નથી, ત્યારે પરિપત્ર દ્વારા, સૂચનાઓ દ્વારા અનેક બાબતની અમલવારી હાથ ધરવામાં આવી છે. રૉસ્ટર અનામતની નીતિઓનો અમલ અને નિયંત્રણ હાલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગમાં જે પ્રમાણે કાર્યરીતિ રહેલ છે. બેકલોગની જગ્યાની સમીક્ષા માનનીય મંત્રીશ્રીના અધ્યક્ષપણા નીચે વારંવાર મંત્રીમંડળની પેટા સમિતિ કરે છે. હું ચોક્કસ પણે ઉલ્લેખ કરીશ કે તા. ૩૧-૧-૨૦૦૫ ની સ્થિતિએ રાજ્ય સરકારે પણ ૨૧૨ બેકલોગની જગ્યા ભરી છે, જે બતાવે છે કે આ સરકાર ચોક્કસ તે દિશામાં જવા માગે છે. આમ સઘળી વિગતો ધ્યાને લઈએ તો રૉસ્ટર અનામત અંગે કાયદો ન હોવા છતાં પણ અનામત વર્ગના કર્મચારીઓને તેમના હક્ક પ્રાપ્ત થાય તે માટે રાજ્ય સરકાર સતર્ક છે અને હાલની જે પ્રકારની નીતિ છે, એનો ચુસ્તપણે અમલ કરીને આ પ્રકારના અનામત વર્ગના કર્મચારીઓને હંમેશા ન્યાય મળે, યોગ્ય સ્થાન મળે એ પ્રકારની કાર્યવાહી કરવા માગે છે અને એટલા માટે થઈને સિદ્ધાર્થભાઈ જે વિધેયક લઈને આવ્યા છે, એ વિધેયકનો હાર્દ રાજ્ય સરકારની જે કઈ ગતિવિધિ છે, રાજ્ય સરકારની જે કઈ કાર્યપદ્ધતિ છે, એમાં સમાઈ ગયેલ છે,એટલા માટે સિદ્ધાર્થભાઈને વિનંતી કરીશ કે સમગ્ર દેશની અંદર ભારત સરકારની સૂચનાઓ મુજબની આ પ્રકારની અમલવારી કરતી હોય, ગુજરાતની આ સરકાર વંચિતોના વિકાસને વરેલી આ સરકાર એક સારી રીતે અસરકારક ભૂમિકા અદા કરીને આ પ્રકારની અનામત પ્રથાને યોગ્ય સ્વરૂપમાં અમલ કરતી હોય ત્યારે એમનું વિધેયક પાછુ ખેંચે તેવી હું એમને અપીલ કરું છું.

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે સમાજમાંથી આવું છું, એ સમાજના એક ભાગ લઈને હું આ વિધાનસભામાં બેઠો છું. મારી વિધાનસભા અનામત ન હોત તો હું ધારાસભ્ય ન હોત. મુરબ્બીશ્રી આઈ.કે. જાડેજા સાહેબ જે બોલ્યા ખરેખર એ દિશામાં કામ થયું હોત અને થાતું હોત તો મને ઘણો આનંદ થયો હોત. મેં પહેલા જે કહ્યું આદરણીય કેશુભાઈ પટેલની સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ દલિત સમાજને ઘણું બધું મળ્યું છે, પરંતુ કમનસીબે એમની સરકાર ઉથલી જતા ઘણું બધું મળવાનું બાકી રહી ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઈનું ખરાબ લગાડવાની કે કોઈને નુકસાન થાય તેવી મારી ઈચ્છા નથી પરંતુ જયારે ગરીબ માણસ વધારે ગરીબ બનતો હોય, દલિત વધારેમાં વધારે દલિત બનતો હોય ત્યારે મારો રાજકીય સ્વાર્થ એકબાજુ મૂકીને, મારી રાજકીય મહાત્વાકાંક્ષા એકબાજુ મૂકીને પણ મારા હ્દયનો અવાજ સાંભળી મારે બોલવું

મારા માટે જરૂરી હતું. માનનીય મંત્રીશ્રી દલિતોના ઉદ્ધારની વિકાસની વાત કરે છે ત્યારે આજે પણ સુરેન્દ્રનગર જિલ્લામાં દલિતોને અલગ ભણાવવામાં આવે છે, દલિતોને અલગ બેસાડવામાં આવે છે. ઘણા મુદ્દા છે કે જેના કારણે દલિતો ઉપર અત્યાચાર થવાના બનાવો વધ્યા છે. હું બીજી ટીકા ટિપ્પણીમાં પડવા માગતો નથી. બીજું રોસ્ટર એકટની વાત કરી, માનનીય મંત્રીશ્રી રોસ્ટર એકટ અમલમાં લાવવાની ખાતરી આપતા હોય તો ચોકકસપણે હું મારું બિલ પાછું ખેંચું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સન ૨૦૦૪નું ગુજરાત વિધેયક ક્રમાંક-૨૮**
**ગુજરાત દફનભૂમિ જાળવવા અને નિભાવવા બાબત વિધેયક, ૨૦૦૪**
**ગુજરાત રાજયમાં અમૂક દફનભૂમિ જાળવવા અને નિભાવવા માટે જોગવાઈ કરવા બાબત વિધેયક**

**સચિવશ્રી** : સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૮-સન ૨૦૦૪નું ગુજરાત દફનભૂમિ જાળવવા અને નિભાવવા બાબત વિધેયક.

**અધ્યક્ષશ્રી** : વિધેયક ક્રમાંકઃ ૨૮માનનીય સાબીરભાઈ ખેડાવાળા (થોડીવાર બાદ) ... માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સન ૨૦૦૩નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૭**
**ગુજરાત માર્ગ અને પુલ વિકાસ વિધેયક, ૨૦૦૩**
**ગુજરાત રાજયમાં માર્ગો અને પુલોના આંતરમાળખાની ગુણવત્તા સુધારવા માટે ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડની સ્થાપના કરવા અને તેની સાથે સકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક**

**સચિવશ્રી** : સન ૨૦૦૩નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૦૩નું ગુજરાત માર્ગ અને પુલ વિકાસ બોર્ડ વિધેયક .

**અધ્યક્ષશ્રી** : વિધેયક ક્રમાંકઃ ૧૭ માનનીય દોલતભાઈ પરમાર (થોડીવાર બાદ) ... માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સભાગૃહનું કામકાજ સાંજના ના ૬.૦૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા.૧૭મી માર્ચ ૨૦૦૬ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **કાંતિલાલ ધ. કચોરિયા** | | |
| | ડાંગ જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૨૪ |
| | બાાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. રેશાકાર્ડ આપવા અંગે | ૩૧૩ |
| **અંબાલાલ આ. રોહિત** | | |
| | આતંક્વાદ વિરોધી દળ સાથેની ઝપાઝપીમાં માર્યા ગયેલ કુખ્યાત ગુનેગાર શોરાબુદ્દીન | ૧૯૦ |
| | ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણવિધેયક-૨૦૦૩ને કેન્દ્ર સરકારની મંજૂરી માટેમોકલી આપવા અંગે | ૧૬૬ |
| | રાજ્યમાં ક્ન્યાઓમાં ટેક્નીક્લ શિક્ષણનો વ્યાપ | ૩૦૯ |
| **અતુલ કે.પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૫ |
| | સુરત જિલ્લામાં પંચાયત ઘર બનાવવા અંગે | ૧૦૦ |
| **અનિલ જોષીયારા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૮ |
| | રાજ્યના ડેમોમાં આદિવાસી જિલ્લાઓમાં માછીમારીનું કામ | ૯૯ |
| | રાજ્યની પ્રાથમિક શાળાઓમાં બી.એસ.સી.બી.એડ. શિક્ષકોની ભરતી | ૫૩ |
| | રાજ્યની શાળાઓમાં બોગસ પદવીધારી શિક્ષકો | ૩૧૭ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૪૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વીજ સબસ્ટેશનો | ૨૧૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં દારૂ પીવાના કેસો | ૪૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં પેટ્રોલ ડીઝલમાં ભેળસેળ | ૨૭ |
| **અનિલકુમાર મો.પટેલ** | | |
| | બારડોલી અને માંડવી તાલુકા માટે બારમા નાણાંપંચમાં કરવામાં આવેલ જોગવાઈ | ૧૨૧ |
| | બારડોલી અને માંડવી તાલુકાના બી. પી. એલ. કાર્ડ ધારકોને નાગરિક પુરવઠો | ૩૩૧ |
| | બારડોલી અને માંડવી તાલુકાઓમાં આંગણવાડીના મકાનો | ૩૧૫ |
| | બારડોલી અને માંડવી તાલુકાઓમાં રાંધણગેસની ઉપલબ્ધતા | ૪૪ |
| | બારડોલી તાલુકામાં એસ.જી.આર. યોજના હેઠળ થયેલ કામો | ૧૩૪ |
| | સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીની જગા ભરવા અંગે | ૩૩૨ |
| | સુરત જિલ્લાની પ્રાથમિક શાળાઓમાંપગાર કેન્દ્રોમાં કારકુનો અને પટાવાળાનીભરતી | ૧ |
| | સુરત જિલ્લામાં વિદ્યાસહાયકોની ભરતી | ૩૨ |
| **અનિલભાઇ ત્રિ. પટેલ** | | |
| | ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના | ૨૫૪ |
| **અમિત અ. ચાવડા** | | |
| | રાજયમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા | ૫ |
| **અમિત અ. શાહ** | | |
| | ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણવિધેયક-૨૦૦૩ને કેન્દ્ર સરકારની મંજૂરી માટેમોકલી આપવા અંગે | ૧૭૦ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અમિત અ. શાહ** | | |
| | બંદરો અને વાહનવ્યવહાર વિભાગની અધિસૂચના | ૫૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૭૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૫૨ |
| | માહિતીના અધિકાર બાબતના અધિનિયમની ગૃહ વિભાગની અધિસૂચના | ૫૬ |
| | સન ૨૦૦૩-૦૪નો રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો વાર્ષિક વહિવટી અહેવાલ | ૫૬ |
| **અમીત ચાવડા** | | |
| | આણંદમાં જિલ્લામાં હોમગાર્ડની સંખ્યા | ૩૩૫ |
| | જિલ્લાવાર પોલીસ આવાસોના બાંધકામ અંગે | ૩૦૬ |
| | રાજ્યમાં નાગરિક સંરક્ષણની તાલીમ | ૩૨૫ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** | | |
| | ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૨૦૦૫ | ૩૭૮ |
| | પ્રશ્નોત્તરીકાળના બનાવ અંગે | ૧૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૫૭ |
| **અશોક ભટ્ટ** | | |
| | અધ્યક્ષશ્રીના નિર્ણયની ટીકા અંગે | ૩૩૯ |
| | સભ્યશ્રીઓને નેઈમ કરવા બાબતનો પ્રસ્તાવ | ૧૪૨ |
| **આનંદીબેન મ. પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૪૭ |
| | તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૪૩૨૧ના અનુસંધાને વધારાની માહિતી | ૩૫૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૫૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૮૨ |
| | સન ૨૦૦૪-૨૦૦૫નો સ્પૉર્ટસ ઓથોરિટી ઑફ ગુજરાતનો વાર્ષિક અહેવાલ | ૫૬ |
| **આર. સી. પટેલ** | | |
| | નવસારી જિલ્લામાં કેરોસીનની ફાળવણી | ૩૮ |
| | રાજ્યમાં પશુ આરોગ્ય મેળાઓ | ૧૦૦ |
| **ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** | | |
| | ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૨૦૦૫ | ૩૮૦ |
| | તા. ૨૬-૯-૨૦૦૫ની ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળની અધિસૂચના | ૧૪૭ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૫૪ |
| **ઇશ્વરસિંહ ઠા. પટેલ** | | |
| | કચ્છ જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૨૪ |
| | ગેરકાયદેસરના દસ્તાવેજો અનેપાસપોર્ટના આધારે લોકોને વિદેશ મોકલવાના કોભાંડ પકડી પાડવા અંગ | ૨૪૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ઇશ્વરસિંહ ઠા. પટેલ** | |
| ભરૂચ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં કર્મચારીઓની ઘટ | ૨૪૦ |
| ભરૂચ જિલ્લામાં રદ થયેલ સહકારી મંડળીઓ | ૧૦૮ |
| **ઈશ્વરભાઈ ધ. મકવાણા** | |
| ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૨૦૦૫ | ૩૭૯ |
| **કનુભાઇ કળસરિયા** | |
| ખેડા જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૧૪ |
| યાત્રાધામોની સુરક્ષા માટે લેવાયેલ પગલાં | ૧૯૮ |
| **કનુભાઇ મે. ભાલાળા** | |
| જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ વિસાવદર તથા ભેસાણ તાલુકાના ગામડા | ૨૨૯ |
| નવસારી જિલ્લામાં પોલીસ આવાસના કામા | ૩૦૫ |
| વરસાદ ખેંચાવાના સંજોગોમાં ખેડૂતોને ૮ કલાક કરતા વધારે વીજળી આપવા અંગે | ૧૯૬ |
| **કનુભાઈ કળસરિયા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૭ |
| **કાંતિભાઈ ભા. તડવી** | |
| નવલખી બંદરના વિકાસ માટે પર્યાપ્ત રકમ | ૨૩૮ |
| મોરબીની પ્રજા અને ઉદ્યોગો માટે ગેસ સપ્લાય કરવા અંગે | ૨૦૯ |
| વાહન વ્યવહાર ખાતાની છેલ્લા ત્રણ વર્ષની આવક | ૨૧૭ |
| **કાંતિભાઈ રા. લકુમ** | |
| બાવળા ખાતે પોલીસ આવાસો | ૪ |
| **કાંતિલાલ ધ. કચોરિયા** | |
| પાલનપુર શહેરના પોલીસ સ્ટેશનની ઈમારતની મરામત અંગે | ૧૮૮ |
| બનાસકાંઠા જિલ્લામાં ગ્રાહક સુરક્ષાના પડતર કેસો | ૩૩૦ |
| મહેસાણા જિલ્લામાં પોલિસ આવાસના કામો | ૨૦ |
| ભાડાના મકાનમાં કાર્યરત પોલીસ સ્ટેશન અને પોલીસ ચોકીઓ | ૨૨૨ |
| **કાળુભાઇ વી. વીરાણી** | |
| તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ નવા ક્નેક્શન આપવા બાબત | ૨૧૨ |
| **કાળુભાઇ હી. માલીવાડ** | |
| નર્મદા જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૩૧૬ |
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને થયેલ નુકસાન બાબત | ૩૪૭ |
| બી.ટી. કપાસનું નક્લી બિયારણ | ૧૨૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૭૦ |
| રાજકોટ જિલ્લામાં રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | ૫૫ |
| રાજકોટ, જુનાગઢ અને ભાવનગર જિલ્લાઓમાં વિદેશી દારૂ પકડવા અંગે | ૩૨૭ |
| રાજ્યમાં "વિદ્યાદીપ" યોજના હેઠળ ચૂક્વવાની બાકી સહાય | ૩૧૧ |
| રાજ્યમાં બોગસ ડિગ્રી વડે શિક્ષક્ની નોકરી મેળવવાના કિસ્સા | ૪૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| રાજ્યમાં રાંધણગેસના બાટલાની અછત અંગે | ૩૩૬ |
| રાજ્યમાં સ્વનિર્ભર બી.એડ. અને પી.ટી.સી. કોલેજો માટે ના-વાંધા પ્રમાણપત્ર | ૨૯ |
| સહકાર વિભાગમાં ધારાસભ્યશ્રીઓ દ્વારા રજૂઆત | ૧૦૧ |
| **કેશુભાઈ હી. નાકરાણી** | |
| ગારીયાધાર તાલુકાને સિંચાઈ માટે નર્મદા આધારિત સૌરાષ્ટ્ર કેનાલમાંથી પાણી આપવા બાબત | ૨૧૧ |
| ભાવનગર જિલ્લામાં ખેડૂતોના અક્સ્માતે મૃત્યુ વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૩૨ |
| શામળાજી ચેક પોસ્ટની આવક | ૨૩૯ |
| શિહોર અને ગારીયાધાર તાલુકામાં સો ચોરસવારના પ્લોટો | ૧૧૫ |
| શિહોર પોલીસ સ્ટેશનની હદમાં વિદેશી દારૂ પકડવા અંગે | ૨૮ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| રાજ્યમાં કોલેજોથી વંચિત આદિવાસી તાલુકાઓ | ૩૦૯ |
| **ગોપાલભાઈ ગા. ધુઆ** | |
| કચ્છ જિલ્લામાં પેટ્રોલપંપો દ્વારા પેટ્રોલમાં ભેળસેળ | ૪૫ |
| કચ્છના રક્ષિત સ્મારકોનું મરામત અને પુનઃ નિર્માણ કાર્ય | ૩૩ |
| કચ્છમાં વધારાની જિલ્લા જેલ | ૩૨૧ |
| કચ્છ જિલ્લામાં બક્ષીપંચના લાભાર્થીઓની મકાન સહાયની અરજીઓ | ૧૧૭ |
| ભૂકંપ બાદ કચ્છ જિલ્લામાં સ્થપાયેલ ઉદ્યોગો | ૧૯૪ |
| રાજ્યમાં બક્ષીપંચની જાતિની બાલવાડીઓના કર્મચારીઓના વેતન | ૧૩૩ |
| **ગોપાલભાઈ ગા. ધુઆ** | |
| કચ્છ જિલ્લાની જૂથ ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્ત | ૯૦ |
| કચ્છ જિલ્લામાં કેરોસીનની ફાળવણી | ૮ |
| રાજ્યમાં કેરોસીનનો પૂરતો જથ્થો ફાળવવા અંગે | ૨૯૮ |
| **ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** | |
| રાજ્યમાં બોગસ ડિગ્રી વડે શિક્ષકની નોકરી મેળવવાના કિસ્સા | ૪૪ |
| રાજ્યમાં ટપક સિંચાઈ પધ્ધતિના ઉપયોગ માટે સ્થપાયેલ કંપની | ૨૪૪ |
| અમદાવાદ શહેરમાં સમૂહ લગ્ન યોજના હેઠળ યુગલોને લાભ | ૧૦૭ |
| અમદાવાદ જિલ્લામાં અક્સ્માતે મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓને જૂથ વીમા સહાય | ૩૧ |
| અમદાવાદ શહેરમાં પ્રાથમિક શાળાના બાળકોને ગણવેશ | ૧૨૫ |
| અમદાવાદમાં કેરોસીનની ફાળવણી | ૩૩૮ |
| અમદાવાદમાં ગેસ સીલીન્ડરોની તંગી | ૫૫ |
| અમદાવાદમાં નિરાધાર વિધવાઓને સહાય | ૩૧૭ |
| ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણવિધેયક-૨૦૦૩ને કેન્દ્ર સરકારની મંજૂરી માટેમોકલી આપવા અંગે | ૧૬૯ |
| રાજ્યમાં સ્ત્રી-પુરુષ સાક્ષરતાનો દર | ૩૩૨ |
| રાજ્યનું કુલ દેવું | ૨૨૧ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીના પ્રસ્તાવ અંગે | ૧૪૫ |
| સનદી સેવાઓ માટે આપવામાં આવતી તાલીમ | ૧૭૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ગોવાભાઈ હ. રબારી** | |
| કેન્દ્ર સરકારના નાણાપંચ દ્વારા રાજ્યને ફાળવાયેલ રકમ | ૨૦૫ |
| ડીસા ખાતેની બક્ષીપંચની નિવાસી શાળા પુનઃ ચાલુ કરવા | ૧૦૨ |
| બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ | ૧૦ |
| બનાસકાંઠા જિલ્લામાં એક કરતાં વધુ સહકારી મંડળીઓ ચાલુ કરવા અંગે | ૧૨૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૬ |
| **ગોવિંદભાઈ વ. પરમાર** | |
| ઉર્જા ખાતાના અવસાન પામેલ કર્મચારીના આશ્રિતોને રહેમરાહે નોકરી | ૧૯૦ |
| જૂનાગઢ જિલ્લામાં કેરોસીનની ફાળવણી | ૩૨૦ |
| જૂનાગઢ જિલ્લામાં નિરાધાર વિધવા સહાયના પડતર કેસો | ૫૧ |
| જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ બનાવવા અંગે | ૩૭ |
| જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જગાઓ | ૨૩ |
| જૂનાગઢ જિલ્લામાં માછીમારના કુટુંબીજનોને આર્થિક સહાય | ૯૯ |
| ડાંગ-આહવા જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૨૨૭ |
| સુત્રાપાડા, તાલાલા અને વેરાવળ તાલુકાઓમાં કેરોસીનની ફાળવણી | ૨૯૦ |
| **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** | |
| ગોળ કોલા ઉપર હાઇકોર્ટનો નિર્દેશ | ૧૩૯ |
| જુનાગઢ જિલ્લામાં રાંધણગેસના દુરુપયોગ અંગે દરોડાઓ | ૩૦૩ |
| જૂનાગઢ જિલ્લામાં ખેડૂતોને પાક વીમાની ચૂકવવાની બાકી રકમ | ૧૩૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૧ |
| રાજ્યમાં ટ્યુશનપ્રથા પરના પ્રતિબંધના અમલમાં શિથિલતા | ૩૨૪ |
| રાજ્યમાં મૂડીરોકાણના અભ્યાસ માટે આંતરરાષ્ટ્રીય ડેલીગેશનોએ લીધેલ રાજ્યની મુલાકાત | ૨૩૨ |
| રાજ્યમાંથી ડુંગળીની નિકાસો વધારવા કોલ્ડ સ્ટોરેજ | ૧૧૨ |
| લાંચ લેતા પકડાયેલ પોલીસ કર્મી / અધિકારીઓ | ૨૦૨ |
| **છબીલદાસ ના. પટેલ** | |
| અનુસૂચિત જાતિઓના ખેડૂતો પાસેથી ખેતીની જમીન પચાવી પાડવાની ફરીયાદો | ૨૪૬ |
| કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની નહેરોના કામમાં થયેલ પ્રગતિ | ૨૨૭ |
| કચ્છ જિલ્લામાં પેટ્રોલપંપો પર દરોડાઓ | ૧૮ |
| કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાની ઘટ | ૩૫ |
| નર્મદા યોજના હેઠળ કચ્છ જિલ્લાને પાણીની ફાળવણી | ૧૯૧ |
| પંચાયત વિભાગમાં રહેમરાહે નોકરીના કેસો | ૧૩૦ |
| રાજ્યના જળાશયોમાં મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિ પર પ્રતિબંધ | ૧૧૨ |
| રાજ્યમાં ગ્રાહક સુરક્ષા કેસોનો ભરાવો | ૩૨૨ |
| રાજ્યમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ શિષ્યવૃત્તિઓ | ૩૩૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **છબીલદાસ ના. પટેલ** | |
| રાજ્યમાં રાંધણગેસની અછત | ૩૦૦ |
| ાજ્યમાં ખેતીવાડી એન્જીનીયરીંગ કોલેજને મંજૂરી | ૧૩૯ |
| **જગદીશ ઠાકોર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૬૯ |
| ગાંધીનગર જિલ્લાના તાલુકાવાર મોટા અને મધ્યમ કદના ઓદ્યોગિક એકમો | ૧૮૮ |
| ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ | ૩૨ |
| ગાંધીનગર જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બૉન્ડ યોજનાનો અમલ | ૨ |
| ગાંધીનગર જિલ્લામાં એસ.જી.આર. યોજનાના કામોને મંજૂરી | ૯૮ |
| નર્મદા યોજનાના વિસ્થાપિતોનું પુનઃવસન | ૨૨૩ |
| બોર્ડ / નિગમના કર્મચારીઓને ૫૦% ટકા મોંઘવારી ભથ્થાના મર્જરનો લાભ આપવા અંગે | ૨૪૫ |
| **જયંતિલાલ ૨ા. કવાડિયા** | |
| નડીયાદના એસ.આર.પી. ગૃપ-૭ના કર્મચારી- અધિકારીઓના આરોગ્યની તપાસ | ૨૨૮ |
| પોરબંદર જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૨૯૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૯ |
| રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની બદલીઓ | ૧૭ |
| રાજ્યમાં ખેડૂતોના પાક વીમાની બાકી રકમ | ૧૩૬ |
| રાજ્યમાં જિલ્લા કક્ષાએ રમતગમત સંકુલો બનાવવા અંગે | ૩૨૧ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ફીમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ | ૧૨૪ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા-આધારિત માળીયા બ્રાન્ચ ઉપર ખેતી માટે પાણી આપવાનું આયોજન | ૨૪૬ |
| સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુના | ૧૮૫ |
| હળવદ અને મૂળી તાલુકામાં ગોચરની જમીન ઉપર દબાણ | ૧૦૪ |
| **જયદ્રથસિંહજી ચં. પરમાર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૭ |
| અમદાવાદ શહેરમાં યોજાયેલ લોકદરબાર | ૨૦૫ |
| સુરત શહેરમાં પોલીસ આવાસના કામો | ૩૦૪ |
| **જસવંતસિંહ સોલંકી** | |
| ગુજરાતમાં ગરબા મહોત્સવ | ૩૧૮ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | |
| કપરાડા તાલુકામાં જનપરી કેરોસીન યોજનાના સબડીલરની નિમણૂંક | ૫૫ |
| રોજગાર સમાચારના અંકોની છપામણી | ૨૩૩ |
| રાજ્યમાં અનુદાનિત અને સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને મંજુરી | ૩૧૯ |
| વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે મંજુરી | ૨૦૬ |
| વલસાડ જિલ્લામાં નિવાસી શાળામાં ફાળવેલ ગ્રાન્ટ | ૧૧૯ |
| વલસાડ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો અને વર્ગોની ઘટ | ૪૩ |
| વલસાડ જિલ્લામાં બનાવટી હુકમો દ્વારા કેદીઓ છૂટી જવા અંગે | ૩૩૩ |
| વલસાડ જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ | ૨૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જીતુભાઈ હ. ચૌધરી** | |
| વલસાડ જિલ્લામાં સોઇલ હેલ્થકાર્ડ આપવા પાછળ ખર્ચ | ૯૯ |
| **જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** | |
| આંતકવાદ વિરોધી દળે કરેલ કુખ્યાત ગુનેગાર બાબાખાનની ધરપકડ અંગે | ૧૯૬ |
| ટેકનિકલ શિક્ષણ સુધારણા માટે વિશ્વબેંકની સહાય | ૨૯૩ |
| **જીતેન્દ્રભાઈ બા. પટેલ** | |
| ૧૫ ટકાથી ઓછુ પરિણામ લાવતી માધ્યમિક શાળાઓ | ૩૦૪ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૬૦ |
| અમદાવાદ જિલ્લામાં રાંધણગેસની હોમ ડીલીવરી | ૪૦ |
| અમદાવાદમાં એપરલ પાર્ક બનાવવા અંગે | ૧૮૨ |
| રાજ્યની એસ.ટી. બસોને સી.એન.જી. થી કાર્યરત કરવા બાબત | ૨૪૬ |
| રાજ્યમાં થયેલ વીજ ઉત્પાદન | ૨૨૭ |
| રાજ્યમાં પામોલીન તેલની આયાત | ૩૨૪ |
| રાજ્યમાં બોગસ ડિગ્રી ધારકોને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક | ૨૫ |
| **જીતેન્દ્રસુખડીઆ** | |
| સભ્યશ્રીઓને નેઈમ કરવા બાબતનો પ્રસ્તાવ | ૧૪૨ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | |
| જૂનાગઢ જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના | ૧૯૭ |
| **જેસાભાઈ ભા. બારડ** | |
| ઇજનેરી કોલેજો અને પોલિટેકનિકો શરૂ કરવા અંગ | ૩૫ |
| ઉચ્ચ શિક્ષણમાં સુધારણા માટે રચાયેલ સમિતિની ભલામણોનો અમલ | ૧૭ |
| કલ્પસર યોજના માટે કરવામાં આવેલ જોગવાઈ | ૨૩૨ |
| કલ્પસર યોજનાની સર્વેની કામગીરી | ૨૪૮ |
| રાજ્ય મહિલા આયોગની રચના અને કામગીરી | ૪૮ |
| રાજ્યમાં વિક્સતી જાતિ માટે મકાન બાંધકામ પેટે સહાય | ૯૪ |
| સિમેન્ટ કંપનીઓ પાસેથી લેવાની થતી વેચાણવેરાની બાકી રકમ | ૨૦૩ |
| **જોધાજી ગ. ઠાકોર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૮૦ |
| **ટપુભાઈ લીંબાસિયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૫ |
| કલ્પસર યોજનાનો અહેવાલ અને યોજના પાછળ થયેલ ખર્ચ | ૨૧૦ |
| કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય | ૧૨૩ |
| ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન ધ્વારા તેલ તેમજ ગેસના કુવાઓનું સંશોધન | ૨૩૮ |
| રાજ્યમાં નોંધાયેલ વિકલાંગોની સંખ્યા | ૧૦૨ |
| **દિનેશ પરમાર** | |
| ડી.પી.ઈ.પી. અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં થયેલ કામો | ૩૦૫ |
| ડૉ. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુ સાથે થયેલ ચેડા અને કસુરવારોની ધરપકડ | ૨૩૭ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **દિનેશ પરમાર** | | |
| | રાજ્યમાં ફડચામાં ગયેલ ઓદ્યોગિક સહકારી મંડળીઓની બાકી વસુલાત | ૨૦૮ |
| | સંસદીય બાબતોના મંત્રીશ્રીના પ્રસ્તાવ અંગે | ૧૪૪ |
| | સભ્યશ્રીઓને નેઈમ કરવા બાબતનો પ્રસ્તાવ | ૧૪૨ |
| **દિપસિંહ શં. રાઠોડ** | | |
| | ઓ.એન.જી.સી.ના કાચા તેલની ચોરીનું કૌભાંડ પકડવા અંગે | ૨૦૧ |
| | સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મધ્યાન ભોજન યોજનાના ક્ચિન શેડ | ૩૨૪ |
| **દિલુભા ટે. ચુડાસમા** | | |
| | બી.પી.એલ. કાર્ડ માટેની આવક મર્યાદા ઘટાડવા અંગે | ૨૮૬ |
| | ભૂજમાં સરકારી ઈજનેરી કોલેજ | ૩૧૯ |
| | વડોદરામાં દારૂ પીવાની પરમિટો | ૩૩૩ |
| **દોલતભાઈ પરમાર** | | |
| | પગાર વિસંગતતા સમિતિની ભલામણો અને અમલ | ૨૪૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના ખેડૂતને જમીન ખરીદવા સહાય | ૧૨૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વાહન અક્સ્માત | ૨૫૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુના | ૨૧૮ |
| | રાજ્યમાં મેડીક્લ કોલેજોમાં અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ | ૧૦૯ |
| **ધનરાજભાઈ કેલા** | | |
| | રાજયમાં સેન્ટ્રલ જેલો અને સબ જેલો | ૨૯૬ |
| | રાજ્યની મુખ્ય જેલોમાંથી ભાગી ગયેલ કેદીઓ | ૩૨૧ |
| | લખતર તાલુકામાં આર.ટી.ઓ. અને ટ્રાફિક શાખા દ્વારા ખેડૂતોના ટ્રૅક્ટરો ડીટેઈન કરવા અંગે | ૧૭૪ |
| | વડાપ્રધાન રોજગાર યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ અરજીઓ | ૧૭૯ |
| | વઢવાણ તાલુકામાંથી મળેલ બિનવારસી લાશો | ૨૪૫ |
| | એસ.જી.આર. યોજનાનો ગ્રાન્ટનો હપ્તો ચૂકવવા અંગે | ૧૧૭ |
| | સુરેન્દ્રનગર જિલ્લાની જેલોમાં કેદીઓ રાખવાની ક્ષમતા | ૧૪ |
| | સુરેન્દ્રનગર જિલ્લાની બી.પી.એલ. યાદી પ્રસિધ્ધ કરવા અંગે | ૯૬ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ગોવંશ અને અન્ય પ્રાણીઓને ગેરકાયદેસર ક્તલખાને લઈ જતા પકડવા અંગે | ૨૨૩ |
| **ધનસુખભાઈ ના. પટેલ** | | |
| | જુદા જુદા પ્રકારની લીઝથી રાજ્યને થયેલ આવક | ૧૮૬ |
| | રાજ્યમાં ગ્રામ વિકાસના કામો પાછળ ખર્ચ | ૧૨૬ |
| | રાજ્યમાં પછાત જ્ઞાતિના વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે સાયક્લ | ૧૦૮ |
| | પંચાયત વિભાગમાં રહેમરાહે આશ્રિતોને નોકરીના કેસો | ૧૩૭ |
| | સુરત જિલ્લામાં યુવક મહોત્સવો | ૩૨૫ |
| | રાજ્યમાં ગૃહરક્ષક દળનું મહેક્મ | ૩૦૮ |
| **ધીરૂભાઈ હ. ગજેરા** | | |
| | નર્મદા યોજના માટે સાથી રાજ્યો પાસેથી લેવાની થતી રક્મ | ૨૧૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ધીરૂભાઈ હ. ગજેરા** | |
| રાજ્યની ચેક પોસ્ટ ઉપરના અધિકારીઓ સામે થયેલ નાણાકીય ભ્રષ્ટાચારની ફરિયાદો | ૨૪૧ |
| સુરત જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ગ્રાન્ટ માટે અરજીઓ | ૩૨૨ |
| સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો | ૩૦૧ |
| **નટવરસિંહ ફૂ. ઠાકોર** | |
| ખેડા અને આણંદ જિલ્લાની જેલોમાં ક્ષમતા કરતા વધુ કેદીઓ | ૫૪ |
| ખેડા અને આણંદ જિલ્લામાં પકડાયેલ દારૂ | ૪૩ |
| ખેડા અને આણંદ જિલ્લામાં રેશનકાર્ડ ધારકોને ફાળવેલ કેરોસીન | ૨૭ |
| ખેડા જિલ્લા પંચાયતોના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૧૦૭ |
| ખેડા જિલ્લામાં આંગણવાડીઓને રસોઈ અને નાસ્તાના સાધનો આપવા અંગે | ૩૦૫ |
| ગુજરાત દિપોત્સવી અંક છપાવવા પાછળ થયેલ ખર્ચ | ૨૨૧ |
| મંત્રી મંડળના મંત્રીશ્રીઓ માટે આવતા અખબારો સામાયિકોના ખર્ચ | ૧૭૬ |
| રાજ્યમાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશના બદલે રોકડ રકમ | ૧૨૪ |
| **નરેન્દ્રભાઈ મોદી** | |
| નર્મદા બંધની ઉંચાઈ વધારવા અંગે | ૧૪૫ |
| **નરેન્દ્રસિંહ મા. જાડેજા** | |
| અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે પકડેલ પાયરેટેડ સોફટવેર બનાવવાનું કૌભાંડ | ૧૮૧ |
| ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણવિધેયક-૨૦૦૩ને કેન્દ્ર સરકારની મંજૂરી માટેમોકલી આપવા અંગે | ૧૬૮ |
| ભૂજમાં સરકારી ઈજનેરી કોલેજ | ૩૧૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૦ |
| **નરેશકુમાર મી.કનોડિયા** | |
| વડોદરા જિલ્લામાં નવા દીનદયાલ ગ્રાહક ભંડારો | ૩૦૬ |
| **નરોત્તમભાઈ ત્રિ. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૮૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૭૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૫૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૫૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૫૧ |
| **નારાયણભાઈ લ. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૬૪ |
| કેદીઓ માટે ઈલેકટ્રોનિક વિડીયો લીન્ક સીસ્ટમ ધ્વારા કોર્ટમાં રજૂ કરવા અંગે | ૩૨ |
| જિલ્લા કુટિર ઉદ્યોગ ધ્વારા મહેસાણા જિલ્લાના બેરોજગારોને આપવામાં આવેલ લોન | ૨૨૯ |
| નવસારી જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના | ૨૪૭ |
| મહેસાણા જિલ્લાની તાલુકાવાર વેચાણવેરાની આવક | ૧૯૬ |
| મહેસાણા જિલ્લાની માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને અનુદાનિત કરવા અંગે | ૧૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **નીમાબેન બી. આચાર્ય** | |
| ગાંધીધામ રમતગમત સંકુલ માટે નાણાની ફાળવણી | ૨૧ |
| ગાંધીધામમાં જેલ બનાવવા નાણાની ફાળવણી | ૨૯૩ |
| **પરેશભાઈ ધી. ધાનાણી** | |
| ખાદ્યતેલમાં વિટામીન "એ" અને "ડી" ભેળવવા અંગે | ૩૭ |
| ખેતીવાડીના વિજ જોડાણો પુનઃ ચાલુ કરવા મળેલ અરજીઓ | ૨૩૬ |
| રાજ્ય સરકાર દ્વારા વિવિધ માધ્યમો દ્વારા આપવામાં આવેલ જાહેરાતનો ખર્ચ | ૨૦૭ |
| રાજ્યના પ્રાથમિક શિક્ષકો પાસેથી કરાવાતી અન્ય કામગીરી | ૩૨૭ |
| રાજ્યમાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ | ૧૧૮ |
| રાજ્યમાં જિલ્લાવાર સહકારી મંડળીઓ | ૯૬ |
| રાજ્યમાં પી. બી. એમ. ના કેસો | ૨૨ |
| સરકાર દ્વારા અમરેલી શહેરની મ્યુનિસિપલ કન્યા શાળાનું સંચાલન | ૩૧૦ |
| સરકારે પ્રકાશિત કરેલ નવા અભ્યાસક્રમના પુસ્તકોમાં ભૂલો | ૩૩૬ |
| **પુંજાભાઈ ભી. વંશ** | |
| રાજ્યમાં સ્થપાયેલ નવા પાવર સ્ટેશનો | ૨૪૮ |
| અમદાવાદ શહેરમાં સમૂહ લગ્ન યોજના હેઠળ યુગલોને લાભ | ૧૦૮ |
| રાજ્યમાં ફડચામાં ગયેલ ઓદ્યોગિક સહકારી મંડળીઓની બાકી વસુલાત | ૨૦૭ |
| જૂનાગઢ જિલ્લામાં કેરોસીનની ફાળવણી | ૪૯ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૬૩ |
| માછીમારોને સેલ્સટેક્ષ મુક્ત ડીઝલની રકમની ચૂકવણી | ૧૨૬ |
| ઉના તાલુકામાં નવી સસ્તા અનાજની દુકાનો શરૂ કરવા અંગે | ૩૬ |
| જૂનાગઢ જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વર્ગો વધારવા અંગે | ૧૮ |
| સીમેન્ટ કંપનીઓ પાસે વેચાણવેરાની બાકી રકમ | ૨૩૬ |
| **પોપટભાઈ સ. જીંજરિયા** | |
| ચોટીલા અને સાયલા તાલુકામાં વૃધ્ધાવસ્થા સહાય | ૧૨૯ |
| ચોટીલા અને સાયલા તાલુકામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૧૧ |
| રાજકોટ શહેરમાં પોલીસ આવાસના કામો | ૩૩૦ |
| સાયલા, હળવદ અને મુળી તાલુકાની કાર્બોસેલ ખાણોની ઓચીંતી તપાસ | ૨૪૭ |
| અનુસૂચિત જાતિ માટે આશ્રમશાળાઓને મંજૂરી | ૧૩૯ |
| પોષના ડોડાની પરમીટો એક વર્ષને બદલે ત્રણ વર્ષની કરવા બાબત | ૧૫ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં પોષદોડાની પરમીટો તાજી કરવા અંગે | ૩૧૪ |
| થાનગઢ પોલીસ સ્ટેશનમાં ખૂન, લૂંટ, ધાડ અને બળાત્કારના નોંધાયેલ કેસો | ૨૦૧ |
| ચોટીલા અને સાયલા તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની સંખ્યા | ૩૩ |
| થાનગઢ પોલીસ સ્ટેશન હેઠળ નોંધાયેલ જુગારખાના કેસા | ૨૩૧ |
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૬૭ |
| અનુસૂચિત જાતિ માટેની બાલવાડી, છાત્રાલય અને આશ્રમશાળાઓ ફાળવવા અંગે | ૧૨૩ |
| અમદાવાદ શહેરમાં નિરાધાર વૃધ્ધોને ચૂકવેલ સહાય | ૧૦૩ |
| અમદાવાદમાં કાર્ડદીઠ અપાતો કેરોસીનનો જથ્થા | ૩૦૯ |
| અમદાવાદમાં પોલીસ આવાસો | ૩૯ |
| અમદાવાદમાંથી દારૂ પકડવા અંગે | ૫૨ |
| ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણવિધેયક-૨૦૦૩ને કેન્દ્ર સરકારની મંજૂરી માટેમોકલી આપવા અંગે | ૧૬૭ |
| રાજ્યમાં ""વેટ"" નો અમલ | ૨૦૪ |
| રાજ્યમાં રાંધણગેસના બાટલાની તંગી | ૨૫ |
| **પ્રવિણભાઈ ટી. મારુ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૮૨ |
| અમદાવાદ ભાવનગર હાઈવે ઉપર નોંધાયેલ અકસ્માતો | ૨૩૧ |
| ઉમરાળા તાલુકા વિકાસ અધિકારી સામે ફરિયાદ | ૧૧૭ |
| ભાવનગર જિલ્લામાં સહકારી મંડળીઓની માન્યતા | ૧૩૩ |
| ભાવનગરમાં એસ.જી.આર. યોજના અન્વયે ઘઉંનો જથ્થો ન આપવા અંગે | ૯૫ |
| **પ્રવિણભાઈ મો. માકડિયા** | |
| ભાવનગર જિલ્લામાં હેલ્મેટ પહેર્યા વિના વાહન ચલાવવા અંગે દંડની વસુલાત | ૨૦૦ |
| બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખનો પ્રસ્તાવ | ૫૭ |
| બિનસરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત | ૫૭ |
| રાજ્યમાં ટ્યુશનીયા અધ્યાપકો સામે ઝુંબેશ | ૪૧ |
| રાજ્યમાં રાંધણગેસના ગેરકાયદે વપરાશ સામે સરકારની ઝુંબેશ | ૨૬ |
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | |
| ટાડામાં સંડોવાયેલ લતીફ ગેંગના આરોપીઓને પકડવા અંગે | ૨૩૮ |
| તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ માંડલ તાલુકાની અરજીઓ | ૨૧૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૬૮ |
| **ફતેસિંહ વ. ચૌહાણ** | |
| નેશનલ રીસોર્સ સેન્ટર તરીકે જાહેર થયેલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી અંગે | ૧૮૯ |
| પોલીસ દળના આધુનિકરણ માટે થયેલ ખર્ચ | ૨૨૩ |
| રાજ્યમાં એસ.જી.આર. યોજના દ્વારા માનવદિન રોજગાર | ૯૪ |
| સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ ખર્ચ | ૧૧૬ |
| **બચુભાઈ ખાબડ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૦ |
| દાહોદ જિલ્લાને નર્મદાનું પાણી પિયત વિસ્તારમાં આપવા બાબત | ૨૦૯ |
| **બલવંતસિંહ ચં. રાજપૂત** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૫૭ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **બલવંતસિંહ ચં. રાજપૂત** | | |
| | અધ્યક્ષશ્રીના નિર્ણયની ટીકા અંગે | ૩૪૬ |
| | જનસંપર્ક કાર્યક્રમ હેઠળ મળેલ ફરિયાદો | ૨૪૨ |
| | ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન સહાય | ૮૮ |
| | ધોળકા તેલ ક્ષેત્રમાંથી મેળવેલ પેટ્રોલિયમ | ૨૫૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૬૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૫૭ |
| | રાજ્યમાં જાહેર પુસ્તકાલયો | ૪૧ |
| | રાજ્યમાં કન્યા કેળવણી | ૨૬ |
| | રાજ્યમાં ઓદ્યોગિક મૂડીરોકાણો માટે થયેલા એમ.ઓ.યુ. | ૨૧૭ |
| | રાજ્યમાં બી.પી.એલ. કાર્ડ ઓછા કરવા અંગે | ૩૧૬ |
| **બળદેવજી ચં. ઠાકોર** | | |
| | કડી તાલુકાના ઓદ્યોગિક એકમો દ્વારા કરવામાં આવતી કરચોરી | ૨૧૯ |
| | કડી તાલુકામાં ખાનગી પી.ટી.સી. કોલેજો | ૩૩૮ |
| | કડી તાલુકામાં ગોચર જમીનમાં દબાણ અંગે ફરિયાદ | ૧૧૪ |
| | કડી તાલુકામાં ગૃહ રક્ષક દળમાં ભરતી | ૩૩૨ |
| | કડી તાલુકામાં નર્મદા કેનાલના પાણીમાં ડૂબી જવાથી થયેલ મૃત્યુના કિસ્સા | ૨૫૨ |
| | કડી તાલુકામાં નવા રેશનકાર્ડ આપવા અંગે | ૩૧૭ |
| | કડી તાલુકામાં રેતી માટે આપવામાં આવેલ લીઝની પરમીટ | ૨૪૩ |
| | મહેસાણા જિલ્લામાં બિયારણ વૃધ્ધિ કેન્દ્રો | ૧૩૧ |
| | મહેસાણા જિલ્લામાં રાંધણગેસના વિક્રેતાઓ | ૩૦ |
| **બાબુભાઈ મે. શાહ** | | |
| | અધ્યક્ષશ્રીના નિર્ણયની ટીકા અંગે | ૩૪૭ |
| | ભચાઉ તાલુકાની ભૂકંપથી ધ્વસ્ત થયેલ પ્રાથમિક શાળાના ઓરડા બનાવવા અંગે | ૨૦ |
| | ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી વીજ સંપાદન અને વિતરણ | ૨૫૦ |
| | ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ વિવિધ ગુના | ૨૧૩ |
| | રાજ્યના વેચાણવેરા કમિશ્નરની કચેરીનાકોર્પોરેટ વિભાગ તરફથી અપાયેલ કારણદર્શક નોટિસ | ૨૪૦ |
| | કચ્છ જિલ્લામાં કૃષિ ખાતાની વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી રહેતી જગ્યાઓ અંગે | ૧૨૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૬૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૪ |
| | ભૂજની ઇજનેરી કોલેજ કે પોલિટેક્નિકના પ્રિન્સિપાલની ભૂજ ઉપરાંત ગાંધીનગર કામગીરી બજાવવા બાબત | ૩૬ |
| | ખેડૂત ખાતેદારને અકસ્માત વીમા યોજનાનો લાભ | ૧૦૦ |
| **બાલુભાઈ તંતી** | | |
| | અમદાવાદ શહેરમાં નિરાધાર વૃધ્ધોને ચૂકવેલ સહાય | ૧૦૩ |
| | અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોને પ્રશિક્ષણ | ૨૪ |
| | ખેતીવાડી ગ્રામ વિકાસની કામગીરિમાં વિપરિત અસર | ૧૨૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **બાલુભાઈ તંતી** | |
| ગુજરાતમાં મોલાસીસના પરવાના આપવા અંગે | ૩૯ |
| ધારી અને બગસરા તાલુકામાં પોલીસ કોન્સ્ટેબલ, પી.આઇ. અને પી. એસ. આઇ.ની ખાલી જગ્યાઓ | ૧૮૭ |
| ધારી તાલુકાના ગ્રામ્ય લોકોને રાંધણ ગેસ આપવામાં ગેરરીતિ | ૨૮૮ |
| ધારી-બગસરા તાલુકાના વિજચોરીના કેસો | ૨૨૦ |
| સાબરકાંઠા જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૩૧૯ |
| **ભરત બારોટ** | |
| સન ૨૦૦૪-૦૫નો ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૧૪૬ |
| **ભરતભાઈ પંડયા** | |
| ધોલેરા બંદરનો વિકાસ | ૧૯૮ |
| **ભવાનભાઈ જી. ભરવાડ** | |
| ગાંધીનગર શહેરની સ્વનિર્ભર હાઇસ્કુલોમાં કન્યાઓ પાસેથી લેવાતી ફી | ૫૧ |
| મોટા ઉદ્યોગોની દ્રષ્ટિએ ગુજરાતનો ક્રમ | ૨૩૩ |
| રાજ્યમાં નવા લઘુ ઉદ્યોગોની સ્થાપના | ૨૦૪ |
| રાજ્યમાં ર્ડા. આંબેડકર ભવન બાંધવાનું આયોજન | ૧૩૮ |
| રાજ્યમાં મેડીકલ કોલેજોમાં અનુસૂચિતજાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ | ૧૦૯ |
| રાજ્યમાં રાંધણગેસની તંગી નિવારવાનાં પગલાં | ૨૧ |
| લીંબડી તાલુકામાં સસ્તા અનાજની નવી દુકાનો | ૩૦૬ |
| સમાજ કલ્યાણ હસ્તકની વર્ગ-૧ અને વર્ગ- ૨ની બઢતીથી ભરવાની જગાઓ | ૧૨૮ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ | ૩૭ |
| **ભારતીબેન ન. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૪ |
| **ભાવનાબેન હે.ચપટવાલા** | |
| પોલીસ દળને અસરકારક બનાવવા જુદા જુદા સંવર્ગમાં ભરતી કરવા અંગે | ૨૧૧ |
| રાજ્યના માન. મુખ્યમંત્રીને ઈ-મેઈલથી ધમકી આપનાર ગુન્હેગારને પકડવા બાબત | ૨૪૯ |
| રાજ્યમાં વિદ્યાસહાયકોને નિયમિત પગારમાં નિમણૂંક | ૩૧૫ |
| શાળાઓમાં નોકરી મેળવતા શિક્ષકોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી | ૪૬ |
| એસ.ટી. નિગમની બસો સી.એન.જી. કરવા અંગે | ૨૩૯ |
| સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કૉમ્પ્યુટર વર્ગો | ૧૩ |
| સુરત જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ખાલી જગ્યાઓ | ૩૪ |
| સુરત શહેરની જેલમાં કેદીઓ રાખવાની ક્ષમતા | ૩૩૧ |
| **ભીખાભાઇ ગ.જોષી** | |
| જૂનાગઢ જિલ્લામાં નવા પોલીસ આવાસો બાંધવા અંગે | ૧૫ |
| જૂનાગઢ જિલ્લામાં એસ.જી.આર. યોજના હેઠળ રસ્તાઓ | ૧૦૮ |
| **ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** | |
| કમોસમી વરસાદને કારણે ખેતીના પાકને થયેલ નુકસાન બાબત | ૩૪૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** | |
| સન ૨૦૦૪-૦૫નો ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૧૪૬ |
| **ભુરાભાઈ જે. કટારા** | |
| ઓ.એન.જી.સી. દ્વારા એસ.આર.પી. બટાલીયોનીની માગણી | ૧૯૯ |
| ઝાલોદ અને ફતેપુરા તાલુકામાં સી.પી.એડ. કોલેજ | ૩૦૬ |
| રાજ્ય અનામત પોલીસ દળની સ્ટ્રેન્થ વધારવા અંગે | ૨૩૧ |
| રાજ્યમાં ઇજનેરી કોલેજોના મકાનો બાંધવા અંગે | ૩૨૪ |
| **મનસુખભાઈ લ. માંડવિયા** | |
| પાલીતાણા ગ્રામપંચાયત જુદી પાડવાની દરખાસ્ત | ૧૧૧ |
| પાલીતાણા તાલુકાના ઠાડચ ગામે ૬૬. કે.વી.નું વીજ મથક સ્થાપવા અંગે | ૨૩૦ |
| પાલીતાણા તાલુકામાં ખેતી માટે વીજ ક્નેક્શન ન આપ્યા હોય તેવા ગામો | ૧૯૬ |
| ભાવનગર જેલમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા ચેકીંગ | ૩૨૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૩ |
| રાજ્ય કક્ષાએ પ્રાથમિક શાળાઓના બાળકો માટે રમતોત્સવનું આયોજન | ૩૧૦ |
| **મનહરલાલ મ. મકવાણા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૬ |
| સરકારી છાત્રાલય તેમજ સંસ્થાઓના છાત્રાલયોમાં નિભાવ ખર્ચનો તફાવત | ૯૯ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં એસ.જી.આર. યોજના અન્વયે રોડના કામો | ૧૨૦ |
| **મનીષ ન. ગીલીટવાલા** | |
| રાજ્યમાં શિક્ષણ સુધારણા પંચા | ૩૧૮ |
| હજીરા ઓદ્યોગિક ગૃહોની વેચાણવેરાની બાકી રકમ અંગે | ૧૮૭ |
| **મહેન્દ્ર શાં. ત્રિવેદી** | |
| ભાવનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઆ | ૩૧૮ |
| રાજ્યમાં સ્વનિર્ભર ઈજનેરી કોલેજો બંધ કરવા અંગે | ૩૩૩ |
| **મહેશભાઈ સો. ભુરિયા** | |
| આણંદ જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના | ૨૧૮ |
| રાજ્યમાં બાલિકા સમૃધ્ધિ યોજના હેઠળ લાભ | ૩૧૬ |
| **માધાભાઈ લા. બોરીચા** | |
| ગ્રામ પંચાયતોને પોતાના પંચાયત ઘર | ૧૦૨ |
| જિલ્લા કક્ષાએ રમત-ગમત પ્રવૃત્તિને વેગ આપવા અંગે | ૩૨ |
| જુનાગઢ જિલ્લામાં વારસાઇથી વાજબી ભાવની દુકાન મેળવવા અંગે | ૧૪ |
| જૂનાગઢ જિલ્લામાં ઓદ્યોગિક રોકાણની દરખાસ્તો | ૧૯૨ |
| જૂનાગઢ જિલ્લામાં દારૂ અંગે દરોડા | ૨૯૯ |
| રાજ્યમાં મત્સ્ય બંદરો ઉપર વધેલું ભારણ | ૧૨૩ |
| **માધુભાઈ જે. ભોયે** | |
| ડાંગ અને વલસાડ જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જ્યાઓ | ૧૨૯ |
| ડાંગ અને વલસાડ જિલ્લામાં નિરાધાર વિધવાઓને સહાય | ૨૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **માધુભાઈ જે. ભોયે** | |
| ડાંગ જિલ્લાના વઘઇ ચેકપોસ્ટની આવક | ૨૧૩ |
| ડાંગ જિલ્લામાં ખૂન, લૂંટફાટ અને ચોરીના બનાવો | ૨૪૦ |
| ડાંગ જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનો | ૪૨ |
| ડાંગ જિલ્લામાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ અને ખર્ચ | ૫૩ |
| રાજ્યમાં નવા બનાવેલ માર્કેટયાર્ડ | ૧૧૨ |
| **માયાબેન સુ. કોડનાની** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૫૬ |
| અમદાવાદ શહેરમાં યોજાયેલ લોક દરબાર | ૨૧૬ |
| અમદાવાદમાં આંગણવાડીઓ | ૪૭ |
| અમદાવાદમાં કાર્ડદીઠ કેરોસીનનો જથ્થો | ૩૪ |
| અમદાવાદમાં બી.પી.એલ. કાર્ડ માટે અરજીઓ | ૩૩૭ |
| અમદાવાદમાં વિદ્યાદીપ યોજના અંતર્ગત અરજીઓ | ૩૨૯ |
| કન્યા કેળવણી નિધિ દ્વારા થયેલ પ્રવૃત્તિઓ | ૧૭ |
| કૃષિ ક્ષેત્રે બાયો ટેક્નોલોજીનો વ્યાપ વધારવા આયોજન | ૧૨૫ |
| રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા અને માંગ | ૨૪૧ |
| રાજ્યમાં નશાબંધી નીતિના અમલ અંગે | ૩૧૨ |
| **માલજીભાઈ દે. દેસાઈ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૬૫ |
| રાજ્યમાં પછાતવર્ગોની જનસંખ્યા પ્રમાણે છાત્રાલયો | ૯૫ |
| **મુકેશ ભૈ. ગઢવી** | |
| પી.ટી.સી. થયેલ ઉમેદવારોને વિદ્યા સહાયકો તરીકે નીમવા અંગે | ૩૩૩ |
| બક્ષીપંચના છાત્રાલયોમાં પ્રવેશ આપવાની નીતિ | ૧૧૬ |
| બનાસકાંઠા જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ આપવા અંગે | ૩૪ |
| બનાસકાંઠા જિલ્લામાં "દીકરી રૂડી સાચી મૂડી" યોજના હેઠળ આવેલ અરજીઓ | ૩૧૮ |
| બનાસકાંઠા જિલ્લામાં વાજબી ભાવની દુકાનોની ફાળવણીમાં અન્યાય થયા અંગે | ૪૭ |
| ગોકુલ ગ્રામ યોજના હેઠળ સુવિધાઓ પૂર્ણ કરવાનું આયોજન | ૯૪ |
| દાંતા અને અમીરગઢ તાલુકાઓની મુખ્ય મથકોએ રાંધણ ગેસ વિતરણ વ્યવસ્થા | ૧૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૪ |
| લાંચ રુશ્વતના છટકામાં રંગે હાથ પકડાયેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ ઉપરના કર્મચારી/અધિકારીઓને ફરજ મોકૂફી હેઠળ મુકવા બાબત | ૨૦૯ |
| **મોહંમદફારુક હુ. શેખ** | |
| અમદાવાદ શહેરના સેક્સ ક્યોર ક્લીનીકમાં ચાલતી વેશ્યાવૃત્તિ | ૨૫૩ |
| અમદાવાદના પેટ્રોલ પંપો પર દરોડા | ૩૧૨ |
| અમદાવાદમાં એક્તા ગેસ એજન્સીની માન્યતા રદ કરવા અંગે | ૩૩૭ |
| અમદાવાદમાં કેરોસીનનું કાળાબજારમાં વેચાણ | ૩૨૮ |
| પાયરસી કેસેટોના ગેરકાયદેસર વેચાણ અંગે પાડવામાં આવેલ દરોડા | ૨૪૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મોહંમદફારુક હુ. શેખ** | |
| લઘુમતિ સમાજના મદ્દેસાઓ ઉપર પાડવામાં આવેલ દરોડા | ૨૨૦ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | |
| પડધરી, ટંકારા અને મોરબી તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ | ૩૧૪ |
| પડધરી, ટંકારા અને મોરબી તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ | ૩૩૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૫ |
| રાજકોટ જિલ્લાના ઉદ્યોગોને સબસીડી ચૂકવવા અંગે | ૨૪૧ |
| એસ. ટી. નિગમની સેવાઓ અસરકારક બનાવવા નવી બસોની ખરીદી | ૨૧૭ |
| **મોહનભાઈ ધ. ઢોડિયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૮૨ |
| **યોગેશભાઈ ના. પટેલ** | |
| ગુજરાત સંગઠિત ગુના નિયંત્રણવિધેયક-૨૦૦૩ને કેન્દ્ર સરકારની મંજૂરી માટેમોકલી આપવા અંગે | ૧૭૦ |
| **રણછોડભાઈ ચ. ફળદુ** | |
| જામનગર જિલ્લામાં કેરોસીનનો જથ્થો ફાળવવા અંગે | ૩૧૩ |
| **રણજિતસંહ ન. ચાવડા** | |
| પંચવટી તરીકે જાહેર કરેલ ગામો | ૮૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૬૨ |
| **રમણલાલ ઈ. વોરા** | |
| સન ૧૯૯૬-૯૭ થી ૨૦૦૦-૦૧ના ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના વાર્ષિક અહેવાલો | ૧૪૬ |
| **રમીલાબેન બે.બારા** | |
| અમદાવાદ શહેરમાં નોંધાયેલ ખૂનની કોશિષના ગુના | ૨૦૪ |
| **રમીલાબેન રા.દેસાઈ** | |
| ખેરાલુ, સતલાસણા તથા વડનગર તાલુકાઓમાં દારૂ અંગે દરોડાઓ | ૩૨૩ |
| નર્મદા યોજનાની મુખ્ય કેનાલ કડી પાસે તૂટી જવા બાબત | ૨૫૧ |
| બક્ષીપંચના પ્રમાણપત્રો મેળવવામાં વિદ્યાર્થીઓને પડતી હાલાકી | ૧૧૫ |
| મહેસાણા જિલ્લાની આંગણવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવા અંગે | ૩૧ |
| મહેસાણા જિલ્લામાં ""કુંવરબાઇનું મામેરું"" યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૪૦ |
| મહેસાણા જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ | ૧૩૨ |
| માનવ અધિકાર પંચની રચના અને અમલ | ૨૧૮ |
| રાજ્યની જેલોમાં કેદીઓ વચ્ચે મારામારીના બનાવો | ૩૦૨ |
| સી.એન.જી. રીક્ષાઓને અપૂરતું ઈંધણ મળવા બાબત | ૨૪૨ |
| **રશીદા ઈ. પટેલ** | |
| અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, અને ભૂજની જેલોમાં કેદીઓની ક્ષમતા | ૩૨૩ |
| નર્મદા યોજનાની ભરૂચ જિલ્લાની નહેરોના કામ બાબત | ૨૪૭ |
| ભરુચ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વર્ગખંડોની ઘટ | ૪૫ |
| ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના મીઠા ઉદ્યોગને ચૂકવાયેલ સહાય | ૧૯૮ |
| ભરૂચ જિલ્લામાં કેદીઓને સુવિધાઓ | ૩૦૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **રશીદા ઈ. પટેલ** | | |
| | ભરૂચ જિલ્લામાં નિરાધાર વિધવાઓને પેન્શન સહાય | ૩૩ |
| | ભરૂચ જિલ્લામાં પશુ દવાખાનામાં ખાલી જગ્યાઓ | ૧૧૩ |
| | ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના મકાનની મરામત | ૩ |
| | ભરૂચ જિલ્લામાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ગણવેશ પેટે સહાય | ૧૩૧ |
| | રાજ્યમાં થયેલ વિજ ઉત્પાદન અને માંગ | ૨૩૦ |
| | સાબરમતી મધ્યસ્થ જેલમાં કેદીઓ વચ્ચે મારામારી | ૩૩૫ |
| **રાકેશ રાવ** | | |
| | ટોલટેક્ષ ઉઘરાવતા બુથોના કર્મચારીઓ ધ્વારા ધારાસભ્યો ઉપર થયેલ હુમલા | ૨૪૮ |
| | પોરબંદર અને ખેડા જિલ્લાઓના ગૃહરક્ષક દળના જવાનોને વેતન ન ચૂકવ્યા અંગે | ૩૩૭ |
| | પોલીસ કર્મચારીઓ દ્વારા અંદરો અંદર કર્મચારીઓ સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કરતી રાજ્ય સરકારને મળેલ અરજીઓ | ૨૧૦ |
| | રાજ્યમાં સ્ત્રીઓમાં ઘટતો શિક્ષણ દર | ૪૦ |
| | રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓ સાથે શારીરિક છેડછાડના બનાવો | ૫૩ |
| | રાજ્યમાં નશાબંધી નીતિના અમલ અંગે | ૩૧૨ |
| | શિક્ષણ વિભાગના નિવૃત નાયબ નિયામક સામે ફરિયાદો છતાં પુનઃ નિમણૂંક | ૨૫ |
| | સમાજ સુરક્ષા વિભાગ ધ્વારા વિક્લાંગોને ઓળખપત્રો | ૧૧૦ |
| | સાબરમતી મધ્યસ્થ જેલમાં ગેંગવોર | ૩૨૯ |
| | સુરત પોલીસ ધ્વારા નાગરિક્ને ગોંધી રાખી ત્રાસ ગુજારવા બાબત | ૨૩૮ |
| **રાજેન્દ્રસિંહ ઘી. પરમાર** | | |
| | રાજ્યને પેટ્રોકેપીટલ બનાવવા બાબત | ૧૯૩ |
| | વેચાણવેરાની આવક્નો લક્ષ્યાંક | ૨૨૮ |
| **રાજેશભાઈ પાઠક** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૩૬૨ |
| **લક્ષ્મણભાઈ બા. પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૮ |
| | અનુસૂચિત જાતિ અને બંક્ષીપંચની આશ્રમ શાળાઓમાં ગેરરીતિની ફરિયાદો | ૧૨૨ |
| | બારડોલી તાલુકામાં એસ.જી.આર. યોજના હેઠળ થયેલ કામો | ૧૩૬ |
| | રાજ્યમાં પશુ આરોગ્ય મેળાઓ | ૧૦૧ |
| **વજુભાઈ પ. ડોડિયા** | | |
| | અમદાવાદ જિલ્લામાં નવોદય વિદ્યાલય | ૩૩૪ |
| | સાણંદ અને વિરમગામ તાલુકામા રેશનકાર્ડ જુદાં કરવાની અરજીઓ | ૨૯૨ |
| | વિરમગામ ખાતે મોટા ઉદ્યોગો દ્વારા થયેલ મૂડી રોકાણ | ૨૧૪ |
| | વિરમગામ અને સાણંદ તાલુકામાં સસ્તા અનાજની દુકાનો | ૩૨૦ |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૯ |
| **વસુબેન ન. ત્રિવેદી** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **વિષ્ણુભાઈ છો. પટેલ** | |
| મહેસાણા જિલ્લામાં ખૂનની કોશિશના નોંધાયેલ ગુના | ૧૯૦ |
| રાજકોટ જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૨૮૯ |
| **વેચાતભાઈ હ. બારિયા** | |
| અમદાવાદના એસ.આર.પી. ગૃપ-૨ના કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૨૧૮ |
| પાટણ જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૨૯૭ |
| રાજ્યમાં બક્ષીપંચ જાતિના લોકોને મકાન સહાય | ૯૫ |
| વડોદરા જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડા બાંધવા અંગે | ૧૮ |
| **શંકરભાઈ લ. ચૌધરી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૫૨ |
| **શંકરભાઈ વી. રાઠવા** | |
| અમદાવાદ ગ્રામ્યમાં નોંધાયેલ ખૂનની કોશિશના ગુના | ૨૨૮ |
| છોટા ઉદેપુરમાં પોલીસ આવાસોનું સમારકામ | ૩૧૬ |
| પંચમહાલ જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૩૩૧ |
| પંચમહાલ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગતના કામો | ૩૩૮ |
| વડોદરા જિલ્લામાં ફાળવેલ ટી.વી. સેટ | ૧૯૩ |
| **શિરીષકુમાર મ. શુકલ** | |
| સાબરકાંઠા જિલ્લામાં નોંધાયેલ ખૂનના ગુના | ૧૯૩ |
| **શિરીષકુમાર મ. શુક્લ** | |
| શિક્ષણ સહાયકોને નિયમિત પગાર ધોરણ | ૨૯૫ |
| **શીવજીભાઈ ક. આહીર** | |
| કચ્છ જિલ્લાની માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષકની ખાલી જગ્યાઓ | ૩૨૬ |
| કચ્છ જિલ્લામાં ભૂતિયા રેશનકાર્ડ નાબુદી ઝુંબેશ | ૩૬ |
| કચ્છ જિલ્લામાં માધ્યમિક શિક્ષકોની ખાલી જગાઓ | ૨૧ |
| કચ્છી સાહિત્ય અકાદમીમાં સભ્યોની નિમણૂંક બાબત | ૫૦ |
| ગોવંશ પ્રાણીઓની કતલ તથા કતલખાના સંબંધમાં મળેલ ફરિયાદો | ૧૮૮ |
| પછાતવર્ગ કલ્યાણ માટેની બંધ યોજનાઓ પુનઃ ચાલુ કરવાની કામગીરી | ૧૨૯ |
| ભૂજ અને નખત્રાણા તાલુકાઓમાં કેરોસીનની ફાળવણી | ૩૧૦ |
| રાજ્ય મહિલા આયોગને મળેલ ફરિયાદો | ૩૩૬ |
| રાજ્યના ખેડૂત ખાતેદારોને અકસ્માત યોજનાનો લાભ | ૧૧૧ |
| વાહન વ્યવહાર વિભાગની ચેકપોસ્ટો ઉપરની ઘટી રહેલ આવક બાબત | ૨૨૨ |
| **શીવાભાઈ જે. ગોહિલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૭૨ |
| રાજ્યમાં સ્વશક્તિ યોજના હેઠળ થયેલ કામગીરી | ૩૦૦ |
| **સિદ્ધાર્થ મા. પરમાર** | |
| ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગ્યાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૨૦૦૫ | ૩૭૬ |
| વાયબ્રન્ટ ગુજરાત કાર્યક્રમ હેઠળ થયેલ એમ.ઓ.યુ. | ૧૯૫ |
| **સી. જે. ચાવડા** | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **સી. જે. ચાવડા** | | |
| | કંપનીઓ પાસેથી વિદ્યુત વેચાણથી લેવા અંગે | ૨૩૪ |
| | ગાંધીનગર જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીની સંખ્યા | ૧૧૪ |
| | ગાંધીનગર તાલુકામાં વિદેશી દારૂ અંગે દરોડા અને કેસો | ૨૩ |
| | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરીક્ષા અને સંસ્થાના વહીવટ ખર્ચ | ૨૦૭ |
| | જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ ગાંધીનગર જિલ્લાના ગામો | ૨૪૮ |
| | પશુ સારવાર અને કૃત્રિમ બીજદાનના દરમાં વધારો | ૧૩૧ |
| | રાજ્યમાં પી. બી.એમ. ના કેસો | ૩૧૯ |
| | રાજ્યમાં ફાજલ અધ્યાપકો | ૨૯૯ |
| | સ્વનિર્ભર ઇજનેરી કોલેજોમાં ફીનું ધોરણ | ૩૮ |
| **સુનીલ બા. ઓઝા** | | |
| | ભાવનગર ખાતે રમતગમત સંકુલ બાંધવા અંગે | ૩૩ |
| | ભાવનગર જિલ્લામાં માધ્યમિક શાળાઓ વધારવા અંગે | ૩૩૮ |
| | ભાવનગર જિલ્લામાં વોટરશેડની પૂર્ણ થયેલ યોજનાઓ | ૧૧૦ |
| | ભાવનગર તાલુકામાં નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની માગણીઓ | ૩૧૪ |
| | ભાવનગર તાલુકામાં સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં રિપેરિંગ કામ | ૯ |
| | ભાવનગર બંદર ખાતે કેપીટલ ડ્રેજીંગ કરવાનું આયોજન | ૨૦૬ |
| | ભાવનગર યુનિવર્સિટી દ્વારા શાંતિલાલ શાહ ફાર્મસી કોલેજના સંચાલન અંગે | ૩૩૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૬ |
| | રાજ્યમાં ખંડ સમયના વ્યાખ્યાતાઓને પૂર્ણ સમય માટે નીમવા અંગે | ૪૬ |
| **સૌરભ પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૧૫૮ |
| | સન ૨૦૦૩ના ઈલેક્ટ્રિસિટી અધિનિયમ અન્વયેના જાહેરનામા અને અધિસૂચના | ૨૫૩ |
| | સન ૨૦૦૪-૦૫નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ | ૨૫૩ |
| **હરેશકુમાર ઈ. ભટ્ટ** | | |
| | ઓ.એન.જી.સી. દ્વારા એસ.આર.પી. બટાલીયોનીની માગણી | ૨૦૦ |
| **હર્ષદભાઈ ચુ. વસાવા** | | |
| | કચ્છ જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૧૭૮ |
| | જામનગર જિલ્લામાં પોલીસ આવાસોના કામો | ૧૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૨૭૮ |
| **હીરાભાઈ ઓ. સોલંકી** | | |
| | અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ વીમા સહાય | ૩૨૧ |
| | જૂનાગઢ જિલ્લામાં પોલીસ આવાસના કામો | ૨૭ |
| | રાજુલા તાલુકામાં રેશનકાર્ડ માટે અરજીઓ | ૩૩૪ |
| | રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ | ૩૦૦ |
| | રાજ્યના પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન | ૧૯૭ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **હેમાજી દ. રાજપૂત** | | |
| | કેન્દ્રના બારમાં નાણા પંચ ધ્વારા રાજ્યને ફાળવેલ રકમ | ૨૩૨ |
| | થરાદ ખાતે જેલના મકાનનું બાંધકામ | ૩૦૯ |
| | થરાદ તાલુકામાં નાથવાદી ભટક્તી જાતિના લોકોને મકાનો આપવાની કાર્યવાહી | ૯૫ |
| | થરાદ તાલુકામાં નાથવાદી ભટકતી જાતિના લોકોને મકાનો આપવાની કાર્યવાહી | ૯૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં પેટ્રોલમાં ભેળસેળના કેસો | ૩૨૬ |
| | વાવ થરાદમાં મીઠુ લેવા જતી ટ્રકોને રાત્રીના સમયે રોકી રાખવા અંગે | ૨૦૧ |
| **. વસુબેન ન. ત્રિવેદી** | | |
| | દાહોદ જિલ્લામાં પોલીસ આવાસોના કામો | ૧૬ |